Maariful Quran
Part - 6

Jehangir G. Hakim
1-Rabi-ul-Akhir-1436
Thursday
22-January-2015

પ્રકરણ (૧૨)

સૂરએ યૂસુફ (અલૈ.)

સૂરએ યૂસુફ (અલૈ.) મક્કામાં નાઝિલ થઈ અને તેની ૧૧૧ આયતો તથા ૧૨ રુકૂઅ્ છે.

આયતો : (સૂરએ યૂસુફ : આયત નં. ૧ થી ૬)

(آیاتها ۱۱۱) (۱۲ سورة يوسف مكية ۵۳) (ركوعاتها ۱۲)

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ○

الٓرٰ تِلْكَ اٰيٰتُ الْكِتٰبِ الْمُبِيْنِ ① اِنَّآ اَنْزَلْنٰهُ قُرْءٰنًا عَرَبِيًّا لَّعَلَّكُمْ تَعْقِلُوْنَ ② نَحْنُ
نَقُصُّ عَلَيْكَ اَحْسَنَ الْقَصَصِ بِمَآ اَوْحَيْنَآ اِلَيْكَ هٰذَا الْقُرْاٰنَ ۖ وَاِنْ كُنْتَ مِنْ قَبْلِهٖ
لَمِنَ الْغٰفِلِيْنَ ③ اِذْ قَالَ يُوْسُفُ لِاَبِيْهِ يٰٓاَبَتِ اِنِّيْ رَاَيْتُ اَحَدَ عَشَرَ كَوْكَبًا
وَّالشَّمْسَ وَالْقَمَرَ رَاَيْتُهُمْ لِيْ سٰجِدِيْنَ ④ قَالَ يٰبُنَيَّ لَا تَقْصُصْ رُءْيَاكَ عَلٰٓى اِخْوَتِكَ
فَيَكِيْدُوْا لَكَ كَيْدًا ۭ اِنَّ الشَّيْطٰنَ لِلْاِنْسَانِ عَدُوٌّ مُّبِيْنٌ ⑤ وَكَذٰلِكَ يَجْتَبِيْكَ رَبُّكَ
وَيُعَلِّمُكَ مِنْ تَاْوِيْلِ الْاَحَادِيْثِ وَيُتِمُّ نِعْمَتَهٗ عَلَيْكَ وَعَلٰٓى اٰلِ يَعْقُوْبَ كَمَآ
اَتَمَّهَا عَلٰٓى اَبَوَيْكَ مِنْ قَبْلُ اِبْرٰهِيْمَ وَاِسْحٰقَ ۭ اِنَّ رَبَّكَ عَلِيْمٌ حَكِيْمٌ ⑥ ع

તરજુમો :

અલ્લાહના નામથી શરૂ કરું છું જે ઘણો જ દયાળુ અને કૃપાળુ છે.

અલિફ-લામ-રા; આ રોશન કિતાબની આયતો છે. (૧) અમે તેને ઉતાર્યું છે અરબી ભાષાનું કુર્આન જેથી તમે સમજી લો. (૨) અમે વર્ણન કરીએ છીએ તમારી પાસે ઘણા સારા (કિસ્સાનું) વર્ણન એટલા માટે કે અમે તમારા તરફ આ કુર્આન મોકલ્યું અને એથી પહેલાં તમે અલબત્ત બેખબરોમાંથી

VISIT…

LANZAROTE

Caliente.COM

હતા. (૩) જે વખતે યૂસુફ (અલૈ.)એ પોતાના પિતાને કહ્યું, હે પિતાજી ! મેં સ્વપ્નમાં જોયા અગિયાર તારાઓને અને સૂરજને અને ચાંદને; મેં તેમને પોતાના માટે સિજ્દહ કરતા જોયા. (૪) કહ્યું, હે દિકરા ! પોતાનું સ્વપ્ન પોતાના ભાઈઓ સામે વર્ણન કરીશ નહીં પછી તેઓ તારા માટે કોઈ પ્રપંચ રચશે, અલબત્ત શયતાન માનવનો ઉઘાડો દુશ્મન છે. (૫) અને એ જ પ્રમાણે તને તારો રબ્બ ચૂંટી લેશે અને તને વાતોને ઠેકાણે લગાવવાનું (સ્વપ્નની તા'બીરનું જ્ઞાન) શિખવાડશે અને તારા ઉપર પોતાનું ઈનામ પૂરું કરશે અને યાકૂબ (અલૈ.)ના ઘર ઉપર, જેમકે આનાથી પહેલાં તારા બે બાપદાદાઓ ઉપર પૂરું કર્યું છે ઈબ્રાહીમ (અલૈ.) અને ઈસ્હાક (અલૈ.) ઉપર, અલબત્ત તારો પરવરદિગાર સઘળું જાણનાર હિકમતવાળો છે. (૬)

તફસીર :

અલિફ-લામ-રા (આ હુરૂફે મુકત્તઅહનો અર્થ અલ્લાહને ખબર છે), આ આયતો એક રોશન કિતાબની છે (જેના શબ્દો અને અર્થો-ભાવાર્થો બિલકુલ સ્પષ્ટ છે), અમે તે કુર્આનને અરબી ભાષામાં ઉતાર્યું છે જેથી તમે (અરબી ભાષા ધરાવનાર હોવાના કારણે અન્યો કરતા પહેલાં) સમજો, (ત્યારબાદ તમારા થકી અન્ય લોકો પણ સમજે) અમે જે આ કુર્આનને આપની પાસે મોકલ્યું છે તેના દ્વારા અમે આપને એક ઘણો ઉત્તમ કિસ્સો વર્ણન કરીએ છીએ અને તેનાથી પહેલાં તમે (આ કિસ્સાથી) બિલકુલ બેખબર હતા, (કારણ કે ન તો તમે કોઈ કિતાબ પઢી હતી અને ન જ કોઈ શિક્ષક પાસે કંઈ શીખ્યા હતા અને આ કિસ્સાની કોઈ એવી શોહરત પણ ન હતી કે સામાન્ય જનતા તેને જાણતી હોય. કિસ્સાની શરૂઆતનો) તે સમય વર્ણન કરવાપાત્ર છે જ્યારે કે યૂસુફ (અલૈ.)એ પોતાના પિતા (હઝરત યાકૂબ અલૈ.)ને કહ્યું કે અબ્બાજાન, મેં (સ્વપ્નમાં) અગિયાર તારાઓ અને સૂર્ય તથા ચંદ્ર જોયા છે, તેમને પોતાની સામે સિજ્દહ કરતા જોયા છે, તેમણે (જવાબમાં) ફરમાવ્યું કે બેટા ! પોતાના આ સ્વપ્નને પોતાના ભાઈઓની સામે વર્ણન ન કરીશ, (કારણ કે તેઓ નુબુવ્વતના કુટુંબમાં હોવાના કારણે આ સ્વપ્નની તા'બીર જાણે છે કે અગિયાર તારાઓ અગિયાર ભાઈઓ છે અને સૂર્ય પિતા તથા ચંદ્ર માં છે અને સિજ્દહ કરવાનો ભાવાર્થ તે બધાનું તમારા માટે આજ્ઞાપાલક

અને ફરમાંબરદાર હોવું છે) તો તે તમારા માટે (ત્રાસ આપવા) કોઈ ખાસ યોજના કરશે (એટલે કે ભાઈઓમાંથી મોટા ભાગના; કારણ કે તેમાંના દશ ભાઈઓ "અલ્લાતી–બાપ શરીક" હતા તેમનાથી ભય હતો, ફક્ત એક ભાઈ સગો ભાઈ બિનયામીન હતો જેનાથી વિરોધનો કોઈ ખતરો ન હતો પરંતુ એ સંભાવના હતી કે કદાચ તેમના મોઢેથી વાત નીકળી જાય) બેશક ! શયતાન મનુષ્યનો ઉઘાડો દુશ્મન છે (એટલા માટે ભાઈઓના દિલોમાં વસવસો નાંખશે) અને (જે પ્રમાણે અલ્લાહ તઆલા તમને આ ઈજ્જત આપશે કે બધા તમારા તાબે'દાર અને આજ્ઞાપાલક બનશે) એવી જ રીતે તમારો પરવરદિગાર તમને (બીજી પ્રતિષ્ઠા અને ઈજ્જત આપવા નુબુવ્વત માટે પણ) ચૂંટી કાઢશે અને તમને સ્વપ્નની તા'બીરનું જ્ઞાન આપશે અને (બીજી નેઅ્મતો આપીને પણ) તમારા ઉપર અને યાકૂબ (અલૈ.)ની અવલાદ ઉપર પોતાનું ઈનામ પૂર્ણ કરશે જેમકે તે આ અગાઉ તમારા દાદા ઈબ્રાહીમ અને ઈસ્હાક (અલૈ.) ઉપર પોતાનું ઈનામ પૂર્ણ કરી ચૂક્યો છે, ખરેખર તમારો પરવરદિગાર સર્વજ્ઞ (અને) મહાન હિકમતવાળો છે.

મસ્અલા અને બોધપાઠ :

સૂરએ યૂસુફની ચાર આયતો સિવાય એ સંપૂર્ણ મક્કી સૂરહ છે. આ સૂરતમાં હઝરત યૂસુફ (અલૈ.)નો કિસ્સો સાતત્યપૂર્વક અને ક્રમબદ્ધ વર્ણન થયો છે અને આ કિસ્સો ફક્ત આ જ સૂરતમાં આવ્યો છે. સમગ્ર કુર્આનમાં બીજીવાર તેનું ક્યાંય વર્ણન થયું નથી. આ વિશિષ્ટતા માત્ર હઝરત યૂસુફ (અલૈ.)ના કિસ્સાની જ છે નહિતર તમામ અંબિયા (અલૈ.)ના કિસ્સાઓ અને ઘટનાઓ સમગ્ર કુર્આનમાં અમુક ખાસ હિકમત હેઠળ ટૂંકા–ટૂંકા વિભાગોમાં લાવવામાં આવ્યા છે અને વારંવાર લાવવામાં આવ્યા છે.

હકીકત એ છે કે વિશ્વના ઈતિહાસ તથા ભૂતકાળના અનુભવોમાં મનુષ્ય માટે આવનારા જીવનમાં મોટો બોધપાઠ હોય છે જેના કુદરતી પ્રભાવનો રંગ મનુષ્યના હૃદય અને દિમાગ ઉપર સામાન્ય તા'લીમ કરતા વધારે ઊંડો પડતો હોય છે અને તે પણ ઓછી મહેનતે ! એટલા માટે કુર્આને કરીમ જે સમગ્ર વિશ્વની કોમો માટે અંતિમ હિદાયતનામા (માર્ગદર્શિકા) તરીકે મોકલવામાં

આવ્યું તેમાં સમગ્ર વિશ્વની કોમોના ઈતિહાસનો તે ચૂંટી કાઢેલો ભાગ લેવામાં આવ્યો છે જે માનવીના વર્તમાન અને ભવિષ્યની સુધારણા માટે અકસીર નુસ્ખો છે, પરંતુ કુર્આને કરીમે વિશ્વના ઈતિહાસના તે વિભાગોને પણ પોતાના ખાસ અને અજોડ અંદાજમાં એ પ્રમાણે લીધા છે કે તેને પઢનાર એવી અનુભૂતિ નથી કરી શકતો કે આ કોઈ ઐતિહાસિક પુસ્તક છે બલકે, દરેક સ્થળે જે કિસ્સાનો કોઈ ટૂકડો બોધપાઠ અને શિખામણ માટે જરૂરી સમજવામાં આવ્યો ફક્ત એટલો જ ભાગ ત્યાં વર્ણન કરવામાં આવ્યો છે, પછી કોઈ અન્ય સ્થળે આ વિભાગની આવશ્યકતા સમજવામાં આવી તો ફરી તેનું પુનરાવર્તન કરવામાં આવ્યું, એટલા માટે આ કિસ્સાઓના વર્ણનમાં ઘટનાઓનો ક્રમ સાચવવામાં આવ્યો નથી બલકે, અમુક જગ્યાએ કિસ્સાના શરૂઆતનો ભાગ પાછળથી અને અંતનો ભાગ પ્રથમ વર્ણન કરવામાં આવ્યો છે. આ જ ખાસ કુર્આનિક શૈલીમાં એ આગવી હિદાયત છે કે દુનિયાના ઈતિહાસને અને ભૂતકાળમાં બનેલ ઘટનાઓને યાદ રાખવાનો કોઈ હેતુ નથી બલકે, માનવ માટે દરેક કિસ્સા અને ખબરથી કોઈ બોધપાઠ અને નસીહત ગ્રહણ કરવાનો હેતુ હોવો જોઈએ.

આથી અમુક સંશોધનકાર લોકોએ ફરમાવ્યું છે મનુષ્યના કલામમાં જે બે પ્રકાર ખબર અને બોધપાઠ પ્રખ્યાત છે તે બંને પ્રકારોમાંથી મૂળ હેતુ તો બોધપાઠનો જ છે. ખબર (ઈન્ફૉર્મેશન) પોતાના ખબર સ્વરૂપમાં કોઈ હેતુ નથી હોતી બલકે, બુદ્ધિશાળી માનવીનો મકસદ દરેક ખબર અને ઘટનાને સાંભળવા અને જોવા પાછળ માત્ર પોતાના વર્તમાનની અને પોતાની કર્મોની સુધારણા હોવો જોઈએ.

હઝરત યૂસુફ (અલૈ.)ના કિસ્સાને ક્રમબદ્ધ વર્ણન કરવાની એક હિકમત એ પણ હોઈ શકે છે કે ઈતિહાસ લેખન પણ એક આગવી કળા છે, તેમાં એ કળાના નિષ્ણાતો માટે ખાસ માર્ગદર્શન છે કે વર્ણનમાં ન તો એટલું ટૂંકાણ હોવું જોઈએ કે પૂરી વાત ન સમજી શકાય અને ન જ એટલું લંબાણ હોવું જોઈએ કે તેને વાંચવું અથવા યાદ રાખવું મુશ્કેલ બની જાય, કુર્આનના આ કિસ્સાના ઉલ્લેખથી આ બાબતો સ્પષ્ટ થઈ જાય છે.

બીજું કારણ એ પણ હોઈ શકે છે કે અમુક રિવાયતોમાં છે કે યહૂદીઓએ રસૂલે કરીમ ﷺને અજમાવવા માટે કહ્યું હતું કે જો તમે સાચા નબી છો તો અમને

બતાવો કે યાકૂબ (અલૈ.)ની અવલાદ સિરીયાથી મિસ્ર કેમ ચાલી ગઈ ? અને યૂસુફ (અલૈ.)ની ઘટના શું હતી ? તેના જવાબમાં વહી દ્વારા આ સમગ્ર કિસ્સો નાઝિલ કરવામાં આવ્યો જે રસૂલે કરીમ ﷺનો મોઅ્જિઝો અને આપ ﷺની નુબુવ્વતની મોટી ગવાહી હતી કે રસૂલે કરીમ ﷺ ઉમ્મી હતા અને જિંદગી આખી મક્કામાં જ વિતાવી, કોઈ સ્થળે શિક્ષણ પ્રાપ્ત કર્યું નહિ અને ન જ કોઈ પુસ્તક વાંચ્યું, પછી તે બધી જ ઘટનાઓ જે તવરાતમાં ઉપસ્થિત હતી સાચી–સાચી વર્ણન કરી બતાવી બલકે અમુક એવી વાતો પણ બતાવી જેનું વર્ણન તવરાતમાં ન હતું અને તેના સંદર્ભમાં ઘણા બધા હુકમો અને માર્ગદર્શનો છે જેનો આગળ ઉલ્લેખ થશે.

સૌથી પહેલી આયતમાં શબ્દ الٓرٰ (અલિફ–લામ–રા) "મુકત્તઆતે કુર્આનિય્યહ"માંથી છે જેના વિશે જમહૂર સલફ સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.)નો એ ફેંસલો છે કે આ શબ્દ સંબોધન કરનાર અને જેને સંબોધન કરવામાં આવ્યું છે તે એટલે કે અલ્લાહ તઆલા અને રસૂલે કરીમ ﷺ વચ્ચે એક રહસ્ય છે જેને કોઈ ત્રીજો વ્યક્તિ નથી સમજી શકતો અને ન જ તેના માટે યોગ્ય છે કે તેણે તેની તહકીકમાં મંડી પડવું જોઈએ.

تِلْكَ اٰيٰتُ الْكِتٰبِ الْمُبِيْنِ એટલે કે, આ આયતો એ કિતાબની છે જે હલાલના અને હરામના હુકમોમાં અને દરેક કાર્યની સીમાઓ તથા શરતો બતાવીને મનુષ્યને જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં એક મધ્યમમાર્ગી અને સીધી જિંદગીની વ્યવસ્થા બખ્શે છે જેને નાઝિલ કરવાનો વાયદો તવરાતમાં જોવા મળે છે અને યહૂદીઓ તેનાથી વાકેફ છે.

اِنَّآ اَنْزَلْنٰهُ قُرْءٰنًا عَرَبِيًّا لَّعَلَّكُمْ تَعْقِلُوْنَ એટલે કે, અમે નાઝિલ કર્યું આ કુર્આનને અરબી ભાષામાં જેથી તમે સમજબૂઝ પ્રાપ્ત કરો.

તેમાં એ તરફ ઈશારો છે કે હઝરત યૂસુફ (અલૈ.)ના કિસ્સાનો પ્રશ્ન કરનાર અરબના યહૂદીઓ હતા. અલ્લાહ તઆલાએ તેમની ભાષામાં જ આ કિસ્સો નાઝિલ કરી દીધો જેથી તેઓ ચિંતન કરે અને રસૂલે કરીમ ﷺની સત્યતા અને હક્કાનિય્યત ઉપર ઈમાન લઈ આવે અને આ કિસ્સામાં જે હુકમો અને હિદાયતો છે તેને પોતાના માટે પોતાના માર્ગની મશાલ બનાવે.

આથી આ સ્થળે શબ્દ لَعَلَّ (લઅલ્લ) "કદાચ"ના અર્થમાં લાવવામાં આવ્યો છે કારણ કે તે લોકો કે જેમને સંબોધન કરવામાં આવી રહ્યું છે તેમની પરિસ્થિતિની જાણ હતી કે આવી સ્પષ્ટ અને ખુલ્લી આયતો સામે આવ્યા પછી પણ તેમના સત્ય સ્વીકારવાનું અનુમાન શંકાસ્પદ હતું.

نَحْنُ نَقُصُّ عَلَيْكَ اَحْسَنَ الْقَصَصِ بِمَآاَوْحَيْنَآ اِلَيْكَ هٰذَا الْقُرْاٰنَ وَاِنْ كُنْتَ مِنْ قَبْلِهٖ لَمِنَ الْغٰفِلِيْنَ

"અમે તમારા ઉપર ઘણા ઉત્તમ કિસ્સાઓ વર્ણન કરીએ છીએ, અમે તમારા તરફ આ કુર્આન વહી દ્વારા મોકલ્યું અને ખરેખર તમે તેના પહેલાં બધી ઘટનાઓથી અલબત્ત બેખબરોમાંથી હતા."

તેમાં યહૂદીઓને ઢંઢોળવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે કે જે રીતે તમે અમારા રસૂલ ﷺની અજમાયશ કરવા ઈચ્છી તેમાં પણ રસૂલે કરીમ ﷺની વિશેષતા સ્પષ્ટ રીતે જાહેર થઈ ગઈ કારણ કે તેઓ આ અગાઉ ઉમ્મી અને વિશ્વના ઈતિહાસથી નાવાકેફ હતા, હવે આ જાણકારીનું કોઈ માધ્યમ અલ્લાહ તઆલાની તા'લીમ વિના અને નુબુવ્વતની વહી વિના અન્ય કંઈ નથી હોઈ શકતું.

اِذْ قَالَ يُوْسُفُ لِاَبِيْهِ يٰٓاَبَتِ اِنِّىْ رَاَيْتُ اَحَدَ عَشَرَ كَوْكَبًا وَّالشَّمْسَ وَالْقَمَرَ رَاَيْتُهُمْ لِىْ سٰجِدِيْنَ ۝

"યૂસુફ (અલૈ.)એ પોતાના પિતાને કહ્યું કે, હે અબ્બાજાન ! મેં સ્વપ્નમાં અગિયાર તારાઓ અને સૂર્ય તથા ચંદ્રને જોયા છે અને એવું જોયું છે કે તેઓ મને સિજ્દહ કરી રહ્યા છે."

આ હઝરત યૂસુફ (અલૈ.)નું સ્વપ્ન હતું જેની તા'બીર વિશે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.) ફરમાવે છે કે તે તારાઓથી ભાવાર્થ હઝરત યૂસુફ (અલૈ.)ના અગિયાર ભાઈઓ તથા સૂર્ય અને ચંદ્રનો ભાવાર્થ માતા અને પિતા છે.

કુર્તુબીમાં છે કે, હઝરત યૂસુફ (અલૈ.)ની માતા જો કે આ ઘટના અગાઉ મૃત્યુ પામી ચૂક્યા હતા પરંતુ તેમની માસી તેમના પિતાના નિકાહમાં આવી

ચૂક્યા હતા. માસી પોતે પણ માં ની જગ્યાએ સમજવામાં આવે છે ખાસ કરીને જ્યારે કે તે પિતાના નિકાહમાં આવી જાય તો પ્રચલિત બોલચાલમાં તેમને માં જ કહેવામાં આવે છે.

قَالَ يٰبُنَىَّ لَاتَقْصُصْ رُءْيَاكَ عَلٰٓى اِخْوَتِكَ فَيَكِيْدُوْا لَكَ كَيْدًا، اِنَّ الشَّيْطٰنَ لِلْاِنْسَانِ عَدُوٌّ مُّبِيْنٌ

"બેટા ! તમે પોતાનું આ સ્વપ્ન પોતાના ભાઈઓને કહેશો નહીં, એવું ન થાય કે તેઓ આ સ્વપ્ન સાંભળીને તમારું ઉચ્ચ કક્ષાનું સ્થાન જાણી લઈ તમને હલાક કરવાની કોઈ યોજના ઘડે, કારણ કે શયતાન મનુષ્યનો ઉઘાડો દુશ્મન છે, તે દુનિયાના હોદ્દા અને માલ-દોલત ખાતર માનવીને આવા કામોમાં સપડાવી દે છે."

આ આયતોમાં અમુક મસ્અલાઓ વર્ણનપાત્ર છે.

સ્વપ્નની હકીકત અને દરજ્જાઓ તથા તેના પ્રકારો :

સ્વપ્નની હકીકત અને તેનાથી જાણ થનાર ઘટનાઓ અને ખબરોનો દરજ્જો અને તેનું શું સ્થાન છે ? તફસીરે મઝહરીમાં હઝરત કાઝી ષનાઉલ્લાહ (રહ.)એ ફરમાવ્યું કે, સ્વપ્નની હકીકત એ છે કે માણસનો નફ્સ જે સમયે ઊંઘમાં અથવા બેહોશીના કારણે જાહેર બદનની સભાનતાથી ફારેગ થઈ જાય છે તો તેને તેની વૈચારિક શક્તિના માર્ગના અમુક સ્વરૂપો જોવા મળે છે તેનું નામ ખ્વાબ અથવા સ્વપ્ન છે, પછી તેમાં એક-બે પ્રકાર તો બિલકુલ ગલત છે જેની કોઈ હકીકત કે વાસ્તવિકતા નથી હોતી અને એક પોતાના પ્રકારના આધારે સત્ય છે પરંતુ તે સાચા પ્રકારમાં પણ અમુક બાબતો સામેલ થઈ જવાથી તે ફાસિદ અને બિનભરોસાપાત્ર બની જાય છે.

તેની વિગત એવી છે કે, સ્વપ્નમાં જે મનુષ્ય વિવિધ સ્વરૂપો અને ઘટનાઓ જુએ છે ક્યારેક તો એવી હોય છે કે જાગતાની હાલતમાં જે રીતે માણસ જોતો રહેતો હોય છે તે જ સ્વપ્નમાં પણ તેને દષ્ટિગોચર થાય છે અને ક્યારેક એવું પણ થાય છે કે શયતાન.... અમુક સ્વરૂપો અને ઘટનાઓ મગજમાં નાંખી દે છે, ક્યારેક ખુશ કરનારા તો ક્યારેક બિહામણા; આ બંને પ્રકાર બાતિલ છે જેની

ન તો કોઈ હકીકત કે વાસ્તવિકતા છે અને ન જ તેની કોઈ વાસ્તવિક તા'બીર થઈ શકે છે, તેમાં પહેલા પ્રકારને "હદીષુન્નફ્સ" અને બીજા પ્રકારને "તસ્વીલે શયતાની" કહેવામાં આવે છે.

ત્રીજો પ્રકાર જે સાચો અને હક છે તે અલ્લાહ તઆલા તરફથી એક પ્રકારનું ઈલ્હામ હોય છે જે પોતાના બંદાને ખબરદાર કરવા માટે અથવા ખુશખબરી આપવા માટે કરવામાં આવે છે. અલ્લાહ તઆલા પોતાના ગયૂબના ખજાનાઓમાંથી અમુક વસ્તુઓ તેના દિલ અને દિમાગમાં નાંખી દે છે.

એક હદીષમાં રસૂલે કરીમ ﷺનો ઈરશાદ છે કે, મો'મિનનું સ્વપ્ન એક કલામ છે જેમાં તે પોતાના પરવરદિગાર સાથે વાતચીતની પ્રતિષ્ઠા પ્રાપ્ત કરે છે. આ હદીષ તબરાનીએ સહીહ સનદથી રિવાયત કરી છે. *(મઝહરી)*

તેની તહકીક સૂફીઓએ વર્ણન કર્યા પ્રમાણે એ છે કે, જગતમાં જેટલી વસ્તુઓ અસ્તિત્વમાં આવનારી છે તેના અસ્તિત્વથી પહેલા દરેક વસ્તુનું એક ખાસ સ્વરૂપ "આલમે મિષાલ" (અગોચર જગત એટલે કે એવું વિશ્વ કે જ્યાં દરેક સજીવ-નિર્જીવ પદાર્થ માનવે બનાવેલી વ્યાખ્યા આધારે ભૌતિક અસ્તિત્વમાં નથી પરંતુ તેનું એક ચોક્કસ સ્વરૂપ અને આકાર તથા માળખું ઉપસ્થિત છે તે)માં હોય છે અને તે "આલમે મિષાલ"માં જે પ્રમાણે વસ્તુઓ તથા હકીકતો અને શકલો તથા સૂરતો હોય છે તે પ્રમાણે સ્વપ્નની તા'બીરમાં પણ વિવિધ સ્વરૂપો અને ખાસ સૂરતો હોય છે. સ્વપ્નમાં જ્યારે મનુષ્યનું શરીર જાહેર સભાનતાથી ફારેગ હોય છે તો અમુક સમયે તેનો સંબંધ "આલમે મિષાલ" સાથે જોડાઈ જાય છે. ત્યાં જે મખ્લૂકની શકલો હોય છે તે તેને નજરે પડી જાય છે પછી આ સ્વરૂપો અને ચહેરાઓ આલમે ગયૂબમાંથી બતાવવામાં આવે છે. અમુક સમયે તેમાં પણ એવા ફાંટાઓ ઉપસ્થિત થઈ જાય છે કે, અસલ વાસ્તવિકતા સાથે અમુક કલ્પના આધારિત અસત્ય સામેલ થઈ જાય છે એટલા માટે તા'બીર કરનારાઓને પણ તેની તા'બીર સમજવી ખૂબ મુશ્કેલ થઈ જાય છે અને અમુક સમયે આવા સ્વપ્નો બધા જ ફાંટાઓથી પાક-સાફ રહે છે તો તે અસલ હકીકત હોય છે પરંતુ તેમાં પણ અમુક સ્વપ્ન તા'બીરના મોહતાજ હોય છે કારણ કે, તેમાં વાસ્તવિક હકીકત સ્પષ્ટ નથી હોતી, આવા સ્વરૂપમાં પણ જો તા'બીર ખોટી થઈ જાય તો ઘટના અલગ પ્રકારની થઈ જાય છે એટલા માટે આવા સ્વરૂપમાં ફક્ત તે

જ સ્વપ્ન અલ્લાહ તરફથી ઈલ્હામ અને સાચા તથા વાસ્તવિકતા આધારિત ગણાશે જે અલ્લાહ તરફથી હોય અને તેમાં કોઈ આડા-અવળા ફાંટાઓ સામેલ ન થયા હોય અને તેની તા'બીર પણ સાચી કરવામાં આવી હોય.

અંબિયા (અલૈ.)ના બધા જ સ્વપ્ન એવા હોય છે એટલા માટે તે સ્વપ્ન પણ વહીનો દરજ્જો ધરાવે છે. સામાન્ય મુસલમાનોના સ્વપ્નમાં દરેક પ્રકારની સંભાવના રહે છે એટલા માટે તે કોઈના માટે હુજ્જત અથવા દલીલ નથી હોતા, તેમના સ્વપ્નમાં ક્યારેક પોતાના સ્વાભાવગત કાલ્પનિક સ્વરૂપોની મિલાવટ થઈ જાય છે અને અમુક સમયે ગુનાહોનો અંધકાર અને તેની નહૂસત સાચા સ્વપ્ન ઉપર છવાયને તેને બિનભરોસાપાત્ર બનાવી દે છે કે અમુક સમયે સાચી તા'બીર પણ સજમાં નથી આવતી.

સ્વપ્નના આ ત્રણ પ્રકારો જે ઉપર વર્ણન કરવામાં આવ્યા છે એ જ વિગત વિશે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું છે કે સ્વપ્નના ત્રણ પ્રકારો છે, એક પ્રકાર શયતાની છે જેમાં શયતાન તરફથી અમુક સ્વરૂપો દિમાગમાં આવે છે, બીજું જે વ્યક્તિ પોતાના જાગવાની હાલતમાં જે જોતો રહે છે તે જ સ્વરૂપો સ્વપ્નમાં સામે આવી જાય છે, ત્રીજો પ્રકાર જે સાચો અને સત્ય છે તે નુબુવ્વતના વિભાગોમાંથી ૪૬મો વિભાગ છે એટલે કે તે અલ્લાહ તઆલા તરફથી ઈલ્હામ છે.

સ્વપ્નમાં નુબુવ્વતનો વિભાગ હોવાનો અર્થ અને તેનો ખુલાસો :

આ પ્રકાર જે સત્ય અને સાચો છે અને નબી ﷺની સહીહ હદીષોમાં નુબુવ્વતનો એક ભાગ ઠરાવવામાં આવ્યો છે તે બાબતે હદીષની વિવિધ રિવાયતો આવી છે, અમુકમાં ૪૦મો ભાગ અને અમુકમાં ૪૬મો ભાગ બતાવ્યો છે અને અમુક રિવાયતોમાં ૪૯ અને ૫૦ તથા ૭૦ મો ભાગ હોવાનું પણ નકલ થયું છે. આ બધી રિવાયતો તફસીરે કુર્તુબીમાં ભેગી કરીને ઇબ્ને અબ્દુલ બર્રની તહકીક એવી નકલ કરવામાં આવી છે કે તેમાં કોઈ વિરોધાભાસ નથી બલકે, દરેક રિવાયત પોતાની જગ્યાએ સાચી અને સહીહ છે અને વિભાગોની સંખ્યાનો આ વિરોધાભાસ સ્વપ્ન જોનારની વિવિધ પરિસ્થિતિઓની બીના ઉપર છે, જે વ્યક્તિ સચ્ચાઈ, અમાનત, પ્રામાણિકતા અને ઈમાનની શ્રેષ્ઠતા સાથે જોડાયેલ છે તેનું સ્વપ્ન નુબુવ્વતનો ચાલીસમો ભાગ થશે અને જે આ ખાસિયતોમાં થોડો ઓછો છે

તેનો ૪૬ મો અથવા ૫૦ મો ભાગ હશે અને જે હજુ વધારે ઓછો છે તેનું સ્વપ્ન નુબુવ્વતનો ૭૦મો ભાગ હશે.

અત્રે આ વાત ધ્યાન આપવા યોગ્ય છે કે સાચા સ્વપ્નને નુબુવ્વતનો ભાગ કહેવાનો શું ભાવાર્થ છે ? તફસીરે મઝહરીમાં તેનો ખુલાસો એવો વર્ણન કરવામાં આવ્યો છે કે, રસૂલે કરીમ ﷺ ઉપર નુબુવ્વત અને વહીનો ક્રમ ૨૩ વર્ષ સુધી સતત ચાલુ રહ્યો, તેમાંથી પ્રથમ છ મહિનામાં આ વહી સ્વપ્નના સ્વરૂપે આવતી રહી બાકી ૪૫ છ માસિકોમાં હઝરત જિબ્રઈલ (અલૈ.) સંદેશો પહોંચાડવાના સ્વરૂપે આવ્યા આ હિસાબે તે સાચા સ્વપ્ન "વહીએ નુબુવ્વત"નો ૪૬ મો ભાગ થયો અને જે રિવાયતોમાં ઓછી અથવા વત્તી સંખ્યા ઉપસ્થિત છે તે લગભગના સ્વરૂપમાં કહેવામાં આવ્યું છે અથવા તો સનદના આધારે તેને રદ કરવામાં આવ્યું છે.

ઈમામ કુર્તુબી (રહ.)એ ફરમાવ્યું કે, તે નુબુવ્વતનો ભાગ હોવાનો ભાવાર્થ એ છે કે સ્વપ્નમાં અમુક સમયે મનુષ્ય એવી વસ્તુઓ જુએ છે જે તેની શક્તિમાં નથી હોતી, જેમકે તે જુએ છે કે તે આસમાનમાં ઊડી રહ્યો છે અથવા કોઈ એવી અદૃષ્ય વસ્તુ જુએ જેનું જ્ઞાન પ્રાપ્ત કરવું તેની શક્તિમાં ન હતું તો તેનું માધ્યમ અલ્લાહના ઈલ્હામની મદદ સિવાય અન્ય કંઈ નથી હોઈ શકતું જે વાસ્તવમાં નુબુવ્વતની ખાસિયત છે એટલા માટે તેને નુબુવ્વતનો એક ભાગ ઠરાવવામાં આવ્યો.

કાદિયાની દજ્જાલની એક ધોકાબાજીનો રદિયો :

અત્રે અમુક લોકોને એક ખૂબ મોટી નફ્સની ધોકાબાજી થઈ ગઈ છે કે આ નુબુવ્વતનો ભાગ દુનિયામાં બાકી અને ચાલુ રહેવાથી નુબુવ્વત બાકી રહી છે અને ચાલી રહી છે એવું સમજી બેઠા, જે કુર્આને કરીમની કતઈ નુસૂસ તથા અનેક સહીહ હદીષો વિરુદ્ધ અને સમગ્ર ઉમ્મતના સામૂહિક અકીદએ ખત્મે નુબુવ્વતથી વિપરીત છે અને એવું નથી સમજતા કે કોઈ વસ્તુનો એક ભાગ મોજૂદ હોવાથી તે વસ્તુનું અસ્તિત્વમાં હોવું જરૂરી નથી હોતું, જો કોઈ વ્યક્તિનો એક નખ અથવા એક વાળ ક્યાંક મોજૂદ હોય તો કોઈ વ્યક્તિ એ નથી કહી શકતો કે અહીંયાં તે વ્યક્તિ મોજૂદ છે. મશીનના ઘણા બધા સ્પેર પાર્ટ્સમાંથી જો કોઈની પાસે એક સ્પેર પાર્ટ અથવા એક સ્ક્રુ મોજૂદ છે અને તે કહેવા લાગે કે મારી પાસે ફલાણી

મશીન મોજૂદ છે તો દુનિયાભરના મનુષ્યો તેને યા તો જૂઠો સમજશે અથવા તો મૂર્ખ.

સાચા સ્વપ્ન હદીષના ખુલાસા પ્રમાણે નિઃશંક ! નુબુવ્વતનો ભાગ છે પરંતુ તે આપમેળે નુબુવ્વત નથી, નુબુવ્વત તો ખાતમુલ અંબિયા ﷺ ઉપર સમાપ્ત થઈ ચૂકી છે.

સહીહ બુખારીમાં છે કે રસૂલ ﷺએ ફરમાવ્યું لَمْ يَبْقَ مِنَ النُّبُوَّةِ اِلَّا الْمُبَشِّرَاتُ એટલે કે, હવે પછી નુબુવ્વતનો કોઈ ભાગ مُبَشِّرَاتٌ (મુબશ્શિરાત) સિવાય બાકી રહેશે નહીં. સહાબા (રદિ.)એ વિનંતી કરી કે "મુબશ્શિરાત"નો શું ભાવાર્થ છે ? તો ફરમાવ્યું કે, "સાચા સ્વપ્ન"; જેનાથી સાબિત થયું કે નુબુવ્વત કોઈ પ્રકારની કોઈપણ સ્વરૂપમાં બાકી નથી ફક્ત તેનો નાનો ભાગ બાકી છે જેને "મુબશ્શિરાત" અથવા "સાચા સ્વપ્ન" કહેવામાં આવે છે.

ક્યારેક કાફિર અને ફાસિક વ્યક્તિનું સ્વપ્ન પણ સાચું થઈ શકે છે:

એ વાત પણ કુર્આન અને હદીષથી સાબિત છે તથા અનુભવોથી ખબર છે કે સાચા સ્વપ્ન અમુક સમયે ફાસિક-ફાજિર બલકે કાફિર લોકોને પણ આવી શકે છે. સૂરએ યૂસુફમાં જ હઝરત યૂસુફ (અલૈ.)ના જેલના બે સાથીઓના સ્વપ્ન અને તેમનું સાચું હોવું તથા એ પ્રમાણે મિસ્રના રાજાનું સ્વપ્નું અને તેનું સાચું હોવું કુર્આને કરીમમાં ઉપસ્થિત છે જ્યારે કે આ ત્રણે વ્યક્તિઓ મુસલમાન ન હતા. હદીષમાં કિસ્રાનું સ્વપ્ન વર્ણન થયું છે જે તેણે રસૂલે કરીમ ﷺની બઅ્ષત વિશે જોયું હતું તે સ્વપ્ન સાચું થયું જ્યારે કે કિસ્રા મુસલમાન ન હતો. રસૂલે કરીમ ﷺના ફોઈ આતિકાએ કુફ્રની હાલતમાં રસૂલે કરીમ ﷺ વિશે સાચું સ્વપ્ન જોયું હતું, વળી કાફિર રાજા બુખ્તે નસરના જે સ્વપ્નની તા'બીર હઝરત દાનિયાલ (અલૈ.)એ આપી તે સ્વપ્ન પણ સાચું હતું.

એનાથી જાણ થાય છે કે ફક્ત એટલી વાત કે કોઈ સાચું સ્વપ્ન દેખાય અને ઘટના તેના પ્રમાણે બની જાય તો તે નેક અને સાલિહ મુસલમાન હોવાની દલીલ નથી બની શકતું, હા ! એ સાચું છે કે અલ્લાહની ટેવ એ જ છે કે સાચા અને નેક લોકોના સ્વપ્ન મોટે ભાગે સાચા હોય છે અને ફાસિક તથા દુરાચારી લોકોના સ્વપ્ન મોટે ભાગે મનેચ્છાઓ અથવા "હદીષુન્નફ્સ" કે "તસ્વીલે શયતાની" પ્રકારના બાતિલ સ્વપ્ન હોય છે પરંતુ ક્યારેક તેનાથી વિરુદ્ધ પણ થઈ જતું હોય છે.

અલબત્ત, સાચા સ્વપ્ન સામાન્ય ઉમ્મત માટે હદીષના ખુલાસા પ્રમાણે એક ખુશખબરી અથવા ચેતવણીથી વધારે કોઈ સ્થાન ધરાવતું નથી, પોતે સ્વપ્ન જોનાર માટે પણ કોઈ મા'મલામાં હુજ્જત કે દલીલ નથી, અમુક નાવાકેફ લોકો આવા સ્વપ્ન જોઈને જાત–જાતની ભ્રમણાઓમાં સપડાઈ જાય છે, કોઈ તેને પોતાના વલી હોવાની દલીલ સમજી બેસે છે તો કોઈ તેનાથી પ્રાપ્ત થનારી વાતોને શરીઅતના હુકમનો દરજ્જો આપવા માંડે છે; આ બધી વસ્તુઓ પાયાવિહોણી બેબુનિયાદ વાતો છે ખાસ કરીને જ્યારે કે એ પણ જાણ થઈ ચૂકી છે કે સાચા સ્વપ્નાઓમાં પણ મોટે ભાગે મહેચ્છાઓ આધારિત કે શયતાન પ્રેરિત આમ બંને પ્રકારની કલ્પનાઓની ભેળસેળની સંભાવનાઓ રહેલી છે.

સ્વપ્નનું દરેક વ્યક્તિની સામે વર્ણન કરવું યોગ્ય નથી :

મસ્અલો :

આયત قَالَ يٰبُنَيَّ... હઝરત યાકૂબ (અલૈ.)એ હઝરત યૂસુફ (અલૈ.)ને પોતાનું સ્વપ્ન પોતાના ભાઈઓ સામે વર્ણન કરવાની મનાઈ કરી તેનાથી જાણ થાય છે કે સ્વપ્ન એવા વ્યક્તિની સામે વર્ણન ન કરવું જોઈએ જે તેનો ભલું ઈચ્છનાર અથવા હમદર્દ ન હોય અને ન જ એવા વ્યક્તિની સામે કે જે સ્વપ્નની તા'બીર જોવાનો નિષ્ણાત ન હોય.

જામેઅ્ તિરમિઝીમાં છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, સાચું સ્વપ્ન નુબુવ્વતના ચાલીસ ભાગોમાંથી એક ભાગ છે અને સ્વપ્ન અધ્ધર રહે છે જ્યાં સુધી તે કોઈની સામે વર્ણન કરવામાં ન આવે, જ્યારે વર્ણન કરવામાં આવે અને સાંભળનાર તેની કોઈ તા'બીર આપી દે તો તે તા'બીર પ્રમાણે થઈ જાય છે, એટલા માટે સ્વપ્નને કોઈની સામે વર્ણન ન કરે તે વ્યક્તિ સિવાય કે જે આલિમ (વિદ્વાન) અને બુદ્ધિશાળી હોય અથવા ઓછામાં ઓછો તેનો દોસ્ત કે તેનું ભલું ઈચ્છનાર હોય.

વળી તિરમિઝી અને ઈબ્ને માજહમાં છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, "સ્વપ્ન ત્રણ પ્રકારના હોય છે, એક અલ્લાહ તરફથી ખુશખબરી, બીજું નફસાની વિચારો (મહેચ્છાઓ), ત્રીજું શયતાની કલ્પનાઓ, આથી જે કોઈ વ્યક્તિ સ્વપ્ન જુએ અને તેને સારું લાગતું હોય તો જો તે ઈચ્છે તો લોકોને વર્ણન કરી આપે અને જો તેમાં કોઈ ખરાબ વાત નજરે પડે તો કોઈને ન કહે બલકે

ઊઠીને નમાઝ પઢી લે.'' સહીહ મુસ્લિમની હદીષમાં પણ છે કે ખરાબ સ્વપ્ન જુએ તો ડાબી બાજુ ત્રણ વખતે ફૂંક મારી દે અને અલ્લાહ પાસે તેની બુરાઈથી પનાહ (શરણ) માંગે અને કોઈને વર્ણન ન કરે તો એ સ્વપ્ન તેને કોઈ નુકસાન પહોંચાડશે નહીં કારણ એ છે કે અમુક સ્વપ્ન તો શયતાની કલ્પનાઓ હોય છે, તે આવી પ્રવૃત્તિ કરવાથી દૂર થઈ જશે અને જો સાચું સ્વપ્ન છે તો આવી પ્રવૃત્તિ દ્વારા તેની બુરાઈ દૂર થઈ જવાની પણ આશા છે.

મસ્અલો :

સ્વપ્નની તા'બીર સ્વપ્ન ઉપર અવલંબિત રહેવાનો અર્થ તફસીરે મઝહરીમાં એ ઉલ્લેખ થયો છે કે અમુક તકદીરી બાબતો "તકદીરે મુબરમ" છે એટલે કે સચોટ રીતે નક્કી નથી હોતી બલકે, તે મુઅલ્લક (અધ્ધર) એટલે કે મુલતવી હોય છે કે ફલાણુ કામ થઈ ગયું તો આ મુસીબત ટળી જશે અને ન થયું તો પડી જશે જેને "કઝા–એ–મુઅલ્લક" કહેવામાં આવે છે. આવા સ્વરૂપમાં ખરાબ તા'બીર આપવાથી મા'મલો ખરાબ અને સારી તા'બીર આપવાથી મા'મલો સારો થઈ જાય છે, એટલા માટે તિરમિઝીની પ્રસ્તુત હદીષમાં એવા વ્યક્તિને સ્વપ્ન વર્ણન કરવાની મનાઈ કરવામાં આવી છે જે બુદ્ધિશાળી ન હોય અથવા તો તેનું ભલું ઈચ્છનાર કે હમદર્દ ન હોય અને એ કારણ પણ હોઈ શકે છે કે સ્વપ્નની કોઈ બુરી તા'બીર સાંભળીને તે વ્યક્તિના દિલમાં એવો વિચાર ઘર કરી જશે કે હવે મારા ઉપર મુસીબત પડવાની છે અને હદીષમાં છે કે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું, اَنَا عِنْدَ ظَنِّ عَبْدِىْ بِىْ એટલે કે, "બંદો મારા વિશે જેવું અનુમાન કરે છે હું તેના હકમાં તેવો જ થઈ જાઉં છું." જ્યારે અલ્લાહ તઆલા તરફથી મુસીબત આવવા ઉપર વિશ્વાસ થઈ જાય તો અલ્લાહની ટેવ પ્રમાણે તેના ઉપર મુસીબત આવવી આવશ્યક થઈ ગઈ.

મસ્અલો :

આ આયતથી એ જાણ થઈ કે જે સ્વપ્નમાં કોઈ વાત તકલીફની અથવા મુસીબતની નજરે પડે તો કોઈને તેનો ઉલ્લેખ ન કરે, હદીષની રિવાયતોથી જાણ થાય છે કે આ મનાઈ ફક્ત લાગણી અને હમદર્દીની બીના ઉપર છે શરઈ રીતે હરામ નથી, આથી જો કોઈની સામે વર્ણન કરી દીધું તો કોઈ ગુનોહ નથી કારણ કે સહીહ હદીષોમાં છે કે ગઝ્વએ ઉહદના સમયે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે,

મેં સ્વપ્નમાં જોયું છે કે મારી તલવાર "ઝુલ્ફિકાર" તૂટી ગઈ અને જોયું કે અમુક ગાયો ઝબહ થઈ રહી છે, જેની તા'બીર હઝરત હમ્ઝા (રદિ.)ની શહાદત અને ઘણા બધા મુસલમાનોની શહાદત છે પરંતુ આપ ﷺએ આ સ્વપ્નને સહાબા (રદિ.) સામે વર્ણન કરી દીધું હતું. *(કુર્તુબી)*

આ આયતથી એ પણ જાણ થઈ કે, મુસલમાને બીજાઓની બુરાઈથી બચવા માટે તેમની કોઈ ખરાબ ટેવ અથવા નિય્યતની જાહેરાત કરી દેવી જાઇઝ છે, એ ગીબતમાં સામેલ નથી. દાખલા તરીકે કોઈ વ્યક્તિને જાણ થઈ જાય કે ફલાણો વ્યક્તિ કોઈ બીજા વ્યક્તિના ઘરમાં ચોરી કરવાની અથવા તેની હત્યા કરવાની યોજના બનાવી રહ્યો છે તો તેણે તે વ્યક્તિને તેની ખબર આપી દેવી જોઈએ, આ ગીબત અથવા હરામમાં સામેલ નથી જેમકે, હઝરત યાકૂબ (અલૈ.)એ હઝરત યૂસુફ (અલૈ.) સામે એ બાબતની જાહેરાત કરી દીધી હતી કે ભાઈઓથી તેમને જાનનો ખતરો છે.

મસ્અલો :

આ જ આયતથી એ પણ જાણ થઈ કે જે વ્યક્તિ વિશે એવી શક્યતા હોય કે તે અમારી ખુશહાલી અને નેઅ્મતોનું વર્ણન સાંભળશે તો તેને ઈર્ષ્યા થશે અને નુકસાન પહોંચાડવાનું વિચારશે તો તેની સામે પોતાની નેઅ્મત, દોલત અથવા ઈજ્જત વગેરેનું વર્ણન ન કરે. રસૂલે કરીમ ﷺનો ઈરશાદ છે કે,

"પોતાના મકસદને સફળ બનાવવા માટે તેને ગુપ્ત રાખીને મદદ પ્રાપ્ત કરો કારણ કે દુનિયામાં દરેક નેઅ્મતવાળા વ્યક્તિની ઈર્ષ્યા કરવામાં આવે છે."

મસ્અલો :

આ આયત અને ત્યાર પછીની આયતોથી જેમાં હઝરત યૂસુફ (અલૈ.)ની હત્યા કરવાનો અથવા કૂવામાં નાંખવાનો મશવરો અને તેના ઉપર અમલ કરવાની ઘટના ઉપસ્થિત છે તેનાથી એ પણ સ્પષ્ટ થઈ ગયું કે હઝરત યૂસુફ (અલૈ.)ના ભાઈ અલ્લાહના નબી અને પયગમ્બર ન હતા નહિતર હઝરત યૂસુફ (અલૈ.)ની હત્યાનો સલાહ–મશવરો અને પછી તેમને પતાવી દેવાની યોજનાઓ અને પિતાની નાફરમાનીનો અમલ તેમણે ન કર્યો હોત, કારણ કે અંબિયા (અલૈ.) બધા જ ગુનાહોથી પાક હોવું અને માસૂમ હોવું જરૂરી છે. તબરીની કિતાબમાં જે તેમને

અંબિયા (અલૈ.) કહેવામાં આવ્યા છે તે સાચું નથી. (કુર્તુબી)

છઠ્ઠી આયતમાં અલ્લાહ તઆલાએ હઝરત યૂસુફ (અલૈ.)ને અમુક ઈનામો અર્પણ કરવાનો વાયદો કર્યો છે, પ્રથમ كَذٰلِكَ يَجْتَبِيْكَ رَبُّكَ એટલે કે અલ્લાહ તઆલા પોતાના ઈનામો અને અહેસાનો માટે આપને ચૂંટી લેશે જે મિસ્રની બાદશાહત તથા ઈજ્જત અને દોલત મળવાથી જાહેર થયા, બીજું وَيُعَلِّمُكَ مِنْ تَاْوِيْلِ الْاَحَادِيْثِ તેમાં "અહાદીષ"નો ભાવાર્થ લોકોના સ્વપ્ન છે, અર્થ એ છે કે અલ્લાહ તઆલા આપને સ્વપ્નની તા'બીરનું જ્ઞાન શિખવાડશે, તેનાથી એ પણ જાણ થઈ કે સ્વપ્નની તા'બીર એક આગવું જ્ઞાન છે જે અલ્લાહ તઆલા અમુક-અમુકને અર્પણ કરી આપે છે દરેક વ્યક્તિ તે બાબતે સક્ષમ નથી હોતો.

મસ્અલો :

તફસીરે કુર્તુબીમાં છે કે શદાદ બિન અલહાદે ફરમાવ્યું કે, હઝરત યૂસુફ (અલૈ.)ના આ સ્વપ્નની તા'બીર ચાલીસ વર્ષ પછી જાહેર થઈ, આથી જાણ થઈ કે તા'બીરનું તરત જ જાહેર થઈ જવું જરૂરી નથી.

ત્રીજો વાયદો وَيُتِمُّ نِعْمَتَهٗ عَلَيْكَ એટલે કે, અલ્લાહ તઆલા રસૂલે કરીમ ﷺ ઉપર પોતાની નેઅ્મત પૂરી કરી આપશે, તેમાં નુબુવ્વત આપવા તરફ ઈશારો છે અને તે જ ઈશારો પાછળના વાક્યોમાં પણ છે. كَمَآ اَتَمَّهَا عَلٰٓى اَبَوَيْكَ مِنْ قَبْلُ اِبْرٰهِيْمَ وَاِسْحٰقَ એટલે કે, જે પ્રમાણે અમે નુબુવ્વતની નેઅ્મત તમારા બાપ-દાદા હઝરત ઈબ્રાહીમ અને હઝરત ઈસ્હાક (અલૈ.) ઉપર આપનાથી પહેલાં પૂર્ણ કરી ચૂક્યા છે તેમાં એ તરફ પણ ઈશારો થઈ ગયો કે, સ્વપ્નની તા'બીરનું જ્ઞાન જે પ્રમાણે હઝરત યૂસુફ (અલૈ.)ને આપવામાં આવ્યું એ જ પ્રમાણે હઝરત ઈબ્રાહીમ (અલૈ.) અને હઝરત ઈસ્હાક (અલૈ.)ને પણ શિખવાડવામાં આવ્યું હતું.

અંતિમ આયતમાં ફરમાવ્યું, اِنَّ رَبَّكَ عَلِيْمٌ حَكِيْمٌ ط એટલે કે, તમારો પરવરદિગાર સઘળું જાણનાર અને મહાન હિકમતવાળો છે એટલા માટે નહિ કે કોઈને કોઈ કળા શિખવાડવી મુશ્કેલ છે અને ન જ હિકમતની રૂએ એ કે તે કળા દરેક વ્યક્તિને જ શિખવાડે છે બલકે, પોતાની હિકમત હેઠળ ચૂંટી કાઢીને કોઈ કોઈને આ નેઅ્મત અર્પણ કરી આપે છે.

આયતો : (સૂરએ યૂસુફ : આયત નં. ૭ થી ૨૦)

لَقَدْ كَانَ فِىْ يُوْسُفَ وَاِخْوَتِهٖۤ اٰيٰتٌ لِّلسَّآئِلِيْنَ ﴿٧﴾ اِذْ قَالُوْا لَيُوْسُفُ وَاَخُوْهُ
اَحَبُّ اِلٰۤى اَبِيْنَا مِنَّا وَنَحْنُ عُصْبَةٌ ؕ اِنَّ اَبَانَا لَفِىْ ضَلٰلٍ مُّبِيْنِ ﴿٨﴾ اقْتُلُوْا يُوْسُفَ
اَوِ اطْرَحُوْهُ اَرْضًا يَّخْلُ لَكُمْ وَجْهُ اَبِيْكُمْ وَتَكُوْنُوْا مِنْۢ بَعْدِهٖ قَوْمًا
صٰلِحِيْنَ ﴿٩﴾ قَالَ قَآئِلٌ مِّنْهُمْ لَا تَقْتُلُوْا يُوْسُفَ وَاَلْقُوْهُ فِىْ غَيٰبَتِ الْجُبِّ يَلْتَقِطْهُ
بَعْضُ السَّيَّارَةِ اِنْ كُنْتُمْ فٰعِلِيْنَ ﴿١٠﴾ قَالُوْا يٰۤاَبَانَا مَا لَكَ لَا تَاْمَنَّا عَلٰى يُوْسُفَ وَ
اِنَّا لَهٗ لَنٰصِحُوْنَ ﴿١١﴾ اَرْسِلْهُ مَعَنَا غَدًا يَّرْتَعْ وَيَلْعَبْ وَاِنَّا لَهٗ لَحٰفِظُوْنَ ﴿١٢﴾
قَالَ اِنِّىْ لَيَحْزُنُنِىْۤ اَنْ تَذْهَبُوْا بِهٖ وَاَخَافُ اَنْ يَّاْكُلَهُ الذِّئْبُ وَاَنْتُمْ عَنْهُ
غٰفِلُوْنَ ﴿١٣﴾ قَالُوْا لَئِنْ اَكَلَهُ الذِّئْبُ وَنَحْنُ عُصْبَةٌ اِنَّاۤ اِذًا لَّخٰسِرُوْنَ ﴿١٤﴾ فَلَمَّا
ذَهَبُوْا بِهٖ وَاَجْمَعُوْۤا اَنْ يَّجْعَلُوْهُ فِىْ غَيٰبَتِ الْجُبِّ ۚ وَاَوْحَيْنَاۤ اِلَيْهِ لَتُنَبِّئَنَّهُمْ
بِاَمْرِهِمْ هٰذَا وَهُمْ لَا يَشْعُرُوْنَ ﴿١٥﴾ وَجَآءُوْۤ اَبَاهُمْ عِشَآءً يَّبْكُوْنَ ﴿١٦﴾ قَالُوْا
يٰۤاَبَانَاۤ اِنَّا ذَهَبْنَا نَسْتَبِقُ وَتَرَكْنَا يُوْسُفَ عِنْدَ مَتَاعِنَا فَاَكَلَهُ الذِّئْبُ ۚ وَمَاۤ اَنْتَ
بِمُؤْمِنٍ لَّنَا وَلَوْ كُنَّا صٰدِقِيْنَ ﴿١٧﴾ وَجَآءُوْ عَلٰى قَمِيْصِهٖ بِدَمٍ كَذِبٍ ؕ قَالَ بَلْ سَوَّلَتْ
لَكُمْ اَنْفُسُكُمْ اَمْرًا ؕ فَصَبْرٌ جَمِيْلٌ ؕ وَاللّٰهُ الْمُسْتَعَانُ عَلٰى مَا تَصِفُوْنَ ﴿١٨﴾ وَجَآءَتْ
سَيَّارَةٌ فَاَرْسَلُوْا وَارِدَهُمْ فَاَدْلٰى دَلْوَهٗ ؕ قَالَ يٰبُشْرٰى هٰذَا غُلٰمٌ ؕ وَ
اَسَرُّوْهُ بِضَاعَةً ؕ وَاللّٰهُ عَلِيْمٌۢ بِمَا يَعْمَلُوْنَ ﴿١٩﴾ وَشَرَوْهُ بِثَمَنٍۢ بَخْسٍ دَرَاهِمَ
مَعْدُوْدَةٍ ۚ وَكَانُوْا فِيْهِ مِنَ الزّٰهِدِيْنَ ﴿٢٠﴾

તરજુમો :

અલબત્ત, યૂસુફ (અલૈ.)ના કિસ્સામાં અને તેમના ભાઈઓના કિસ્સામાં

પૂછનારાઓ માટે નિશાનીઓ છે. (૭) જ્યારે (પરસ્પર) કહેવા લાગ્યા અલબત્ત, યૂસુફ (અલૈ.) અને તેનો ભાઈ આપણા બાપને આપણાથી વધારે વહાલા છે અને આપણે તેમનાથી વધારે તાકાતવાળા છે અલબત્ત આપણો બાપ ઉઘાડી ભૂલ ઉપર છે. (૮) યૂસુફ (અલૈ.)ને મારી નાંખો અથવા કોઈ પ્રદેશમાં ફેંકી દો કે તમારા પિતાનું ધ્યાન માત્ર તમારા ઉપર રહે અને ત્યાર પછી નેક બની રહેજો. (૯) તેમનામાંના એક કહેનારાએ કહ્યું, યૂસુફ (અલૈ.)ને મારી ન નાંખો અને તેને અવાવરું કૂવામાં ફેંકી દો કે તેને કોઈ મુસાફર ઉઠાવી લઈ જાય જો તમારે કરવું જ છે તો. (૧૦) બોલ્યા, હે પિતાજી ! શું વાત છે કે તમે અમારો યૂસુફ (અલૈ.) વિશે ભરોસો નથી કરતા અને અમે તો તેના શુભચિંતક છીએ. (૧૧) તેને કાલે અમારી સાથે મોકલો કે ખૂબ ખાય અને રમે(-કૂદે) અને અમે તો તેના રખેવાળ છીએ. (૧૨) બોલ્યા, મને એનાથી ચિંતા (ગમ) થાય છે કે તમે તેને લઈ જાઓ અને એનાથી ડરું છું કે તેને વરૂ ખાઈ જાય અને તમે એનાથી બેખબર રહો. (૧૩) બોલ્યા, જો તેને વરૂ ખાઈ ગયો અને અમે એક બળવાન જૂથ ! તો તો અમે બધું જ કંઈ ગુમાવી દીધું. (૧૪) પછી જ્યારે તેને લઈને ચાલ્યા અને સહમતી સાધી કે તેને અવાવરું કૂવામાં ફેંકી દઈએ અને અમે તેમને (હઝરત યૂસુફ અલૈ.ને) ઈશારો કરી દીધો કે તમે તેમનું આ કૃત્ય તેમને યાદ અપાવશો અને તેઓ તમને ઓળખશે નહીં. (૧૫) અને (બધા ભાઈઓ) પોતાના પિતાની પાસે અંધારું થયે રડતા(-રડતા) આવ્યા. (૧૬) કહેવા લાગ્યા, હે પિતાજી ! અમે (એકબીજાથી) આગળ નીકળવા માટે દોડવા લાગ્યા અને યૂસુફ (અલૈ.)ને પોતાના સામાનની પાસે છોડ્યા, પછી તેને વરૂ ખાઈ ગયો અને તમે અમારું કહ્યું માનવાના નથી અને ભલે અમે સાચા હોય. (૧૭) અને તેમના કુરતા ઉપર ખોટું(-ખોટું) લોહી લગાવી લાવ્યા હતા; બોલ્યા, આવું કદાપિ નથી બલકે તમને તમારા નફ્સે એક વાત બનાવી આપી છે, હવે (મારા માટે) સબ્ર જ ઉત્તમ છે અને હું એ વાત ઉપર અલ્લાહથી જ મદદ માંગું છું જે તમે જાહેર કરો છો. (૧૮) અને એક કાફલો આવ્યો પછી પોતાનો પાણી ભરી લાવનારો મોકલ્યો, તેણે પોતાની ડોલ લટકાવી; કહેવા લાગ્યો, કેવી ખુશીની વાત છે આ એક છોકરો છે ! અને તેને

વેપારનો માલ સમજીને સંતાડી દીધો અને અલ્લાહ સારી પેઠે જાણે છે જે કંઈ તેઓ કરે છે. (૧૯) અને તેમના ભાઈ નજીવી કિંમતના ગણતરીના અમુક દિરહમોમાં વેચી આવ્યા અને તેનાથી બેઝાર થઈ રહ્યા હતા. (૨૦)

તફસીર :

યૂસુફ (અલૈ.)ના અને તેમના (અલ્લાતી-બાપ શરીક સાવકા) ભાઈઓના કિસ્સામાં (અલ્લાહની કુદરત અને રસૂલે કરીમ ﷺની નુબુવ્વતની) દલીલો મોજૂદ છે તે લોકો માટે જેઓ (આપ ﷺને આ કિસ્સા વિશે) પૂછે છે, (કારણ કે યૂસુફ અલૈ.ને આવી નિઃસહાયતા તથા લાચારીએથી હુકૂમત સુધી પહોંચાડી દેવું એ અલ્લાહનું જ કામ હતું જેનાથી મુસલમાનોને બોધપાઠ અને ઈમાનની શક્તિ પ્રાપ્ત થશે અને યહૂદીઓ જેમણે રસૂલે કરીમ ﷺને કસોટી માટે આ ઘટના વિશે પૂછ્યું હતું તેમના માટે તેમાં નુબુવ્વતની દલીલ મળી શકે છે), તે સમય વર્ણન કરવાપાત્ર છે જ્યારે કે તે (અલ્લાતી) ભાઈઓએ (પરસ્પર સલાહ-મશ્વરા સ્વરૂપે) એવી વાતચીત કરી કે (આ શું વાત થઈ કે) યૂસુફ (અલૈ.) અને તેમના (સગા) ભાઈ (બિનયામીન) આપણા બાપને વધારે પ્યારા છે જ્યારે કે (તેઓ બંને નાની ઉંમરના કારણે તેમની સેવા કરવા લાયક પણ નથી અને) આપણે એક મજબૂત જમાઅત છે (કે પોતાની શક્તિ અને સંખ્યામાં વધારે હોવાના કારણે તેમની દરેક પ્રકારે સેવા પણ કરી શકીએ છીએ) ખરેખર, આપણા બાપ ઉઘાડી ભૂલમાં છે (એટલા માટે એવી યોજના કરવામાં આવે કે તે બંનેમાં પણ વધારે પ્રિય યૂસુફ અલૈ. છે, તેમને કોઈપણ રીતે તેમની પાસેથી હટાવવા જોઈએ, જેનું સ્વરૂપ એ છે કે) યા તો યૂસુફને કતલ કરી નાંખો અથવા તેને કોઈ (દૂર-સુદૂરના) પ્રદેશમાં નાંખી આવો તો (પછી) તમારા બાપનું વલણ ફક્ત તમારા તરફ થઈ જશે અને તમારા બધા કામો બની જશે, તેમનામાંથી એક કહેનારાએ કહ્યું કે યૂસુફને કતલ ન કરો (કે તે ઘણો મોટો અપરાધ છે) અને તેમને કોઈ અંધારા કૂવામાં ફેંકી દો (જેમાં એટલું પાણી ન હોય કે જેમાં ડૂબવાનો ભય હોય, કારણ કે તે પણ હત્યા કરવાનું જ એક સ્વરૂપ ગણાશે અને તે કૂવો વસ્તી અથવા માર્ગથી પણ ખૂબ દૂર ન હોય), જેથી કોઈ રસ્તે ચાલતો મુસાફર કાઢી લઈ જશે જો તમારે (આ કામ) કરવું જ છે (તો આ પ્રમાણે કરો, સૌ આ સલાહ ઉપર સહમત થઈ ગયા અને) બધાએ (મળીને પોતાના બાપને) કહ્યું કે હે

અમારા બાપ ! શું કારણ છે કે યૂસુફના વિશે તમે અમારો ભરોસો નથી કરતા ? (કે ક્યારેય ક્યાંય પણ તેને અમારી સાથે નથી મોકલતા) જ્યારે કે અમે તેના (હૃદયપૂર્વક) ભલું ઈચ્છનારા છે, તમે તેને કાલે અમારી સાથે (જંગલમાં) મોકલો કે જરા તે ખાય, રમે અને અમે તેની સંપૂર્ણ હિફાઝત કરીશું. યાકૂબ (અલૈ.)એ ફરમાવ્યું કે (મને તમારી સાથે મોકલવાથી બે વસ્તુઓ રોકે છે, એક ભય અને બીજી દિલગીરી) મને એ વાત રંજમાં નાંખે છે કે તેને તમે (મારી નજરો સામેથી) લઈ જાઓ અને (ડર એ છે કે) મને એ સંદેહ છે કે તેને કોઈ વરૂ ખાઈ જાય અને તમે (પોતાની પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત રહી) તેનાથી બેખબર થઈ જાઓ, (કારણ કે એ જંગલમાં વરૂઓ ઘણા હતા) તેઓ બોલ્યા, જો તેને વરૂ ખાઈ જાય અને અમારી એક બળવાન જમાઅત (ઉપસ્થિત) હોય તો અમે બિલકુલ જ ગયા-ગુઝર્યા થયા (મતલબ કહી-સાંભળીને હઝરત યાકૂબ અલૈ. પાસેથી તેમને લઈને ચાલ્યા) તો જ્યારે તેમને (પોતાની સાથે જંગલમાં) લઈ ગયા અને (પોતાની યોજના પ્રમાણે) સૌએ પાકો ઈરાદો કરી લીધો કે તેમને કોઈ અંધારા કૂવામાં નાંખી દઈએ (પછી એ યોજના ઉપર અમલ પણ કરી લીધો) અને (તે વખતે યૂસુફ અલૈ.ને તસલ્લી આપવા માટે) અમે તેમની પાસે વહી મોકલી કે (તમે ચિંતા ન કરો, અમે તમને અહીંયાંથી છુટકારો અપાવીને મહાન રુત્બા અને દરજ્જામાં પહોંચાડીશું અને એક દિવસ એવો હશે કે) તમે તે લોકોને આ વાત જણાવશો અને તેઓ તમને (એ કારણ કે અનઅપેક્ષિત રીતે બાદશાહના સ્વરૂપમાં જોશે ત્યારે) ઓળખશે પણ નહીં. (એટલા માટે ઘટના એ જ પ્રમાણે બની કે તેમના ભાઈઓ મિસ્ર પહોંચ્યા અને હઝરત યૂસુફ અલૈ.એ તેમને બતાવ્યું, هَلْ عَلِمْتُمْ مَا فَعَلْتُمْ بِيُوسُفَ "શું તમને ખબર છે કે તમે યૂસુફ અલૈ. સાથે શું કર્યું ?" હઝરત યૂસુફ અલૈ.ની તો આ ઘટના બની) અને (આ બાજુ) તે લોકો પોતાના બાપની પાસે ઈશાના સમયે રડતાં-રડતાં આવ્યા (અને જ્યારે બાપે તેમને રડવાનું કારણ પૂછ્યું તો) કહેવા લાગ્યા, હે અમારા પિતા ! અમે સૌ તો પરસ્પર દોડવામાં (કે કોણ આગળ નીકળી જાય છે ?) ભાગી ગયા અને યૂસુફને અમે (એવા સ્થળે કે જ્યાં વરૂ આવવાનું અનુમાન ન હતું) પોતાના સામાન પાસે છોડ્યા, બસ (અચાનક) એક વરૂ (આવ્યું અને) તેમને ખાઈ ગયું અને તમે તો અમારા કહ્યા ઉપર યકીન કરવાના નથી ભલે અમે કેટલાય સાચા હોય અને

(જ્યારે યાકૂબ અલૈ.ની પાસે આવતા હતા ત્યારે) યૂસુફ (અલૈ.)ના ખમીસ ઉપર ખોટું-ખોટું લોહી પણ લગાવી લાવ્યા હતા (કે જેથી કોઈ જાનવરના લોહીને એક ખમીસ ઉપર પોતાના નિવેદનના પ્રમાણ તરીકે રજુ કરે), યાકૂબ (અલૈ.)એ (જોયું કે હઝરત ઈબ્ને અબ્બાસ રદિ.ની રિવાયત પ્રમાણે કુર્તો તો ક્યાંયથી ફાટેલો નથી તો) ફરમાવ્યું, (યૂસુફ અલૈ.ને વરૂએ નથી ખાધા) બલકે તમે પોતાના દિલથી એક વાત ઘડી કાઢી છે, બસ સબ્ર કરવી જ મારા માટે ઉત્તમ છે જેમાં શિકાયતનું નામ સુદ્ધાં નહીં હોય ("સબ્રે જમીલ"ની આ તફસીલ છે કે તેમાં સબ્રની સાથે શિકાયતનો એક શબ્દ સુદ્ધાં મુખે ન આવે. તબરીએ એક મરફૂઅ્ હદીષના હવાલાથી આ વર્ણન કર્યું છે) અને જે વાતો તમે બનાવો છો તેમાં અલ્લાહ જ મદદ કરે (કે તે સમયે મને તેના ઉપર સબ્ર આવી જાય અને તમારું જૂઠ હવે પછી ખુલી જાય, અલબત્ત હઝરત યાકૂબ અલૈ. સબ્ર કરીને બેસી રહ્યા) અને (હઝરત યૂસુફ અલૈ.ની એ ઘટના બની કે અચાનક તે બાજુથી) એક કાફલો આવી નીકળ્યો (જે મિસ્‌ર જઈ રહ્યો હતો) અને તેમણે પોતાનો માણસ પાણી લાવવા માટે (અહીંયાં કૂવા ઉપર) મોકલ્યો અને તેણે પોતાની ડોલ નાંખી (યૂસુફ અલૈ.એ ડોલને પકડી લીધી, જ્યારે ડોલ બહાર આવી અને યુસૂફ અલૈ.ને જોયા તો ખુશ થઈને) કહેવા લાગ્યો, ઘણી ખુશીની વાત છે ! આ તો ઘણો સારો છોકરો નીકળી આવ્યો (કાફલાવાળાઓને ખબર થઈ તો તેઓ પણ ખુશ થયા) અને તેમને (વેપારનો) માલ ઠરાવીને (એ વિચારે) છુપાવી લીધા (કે કોઈ દા'વેદાર ઊભો ન થઈ જાય, ત્યાર પછી તેને મિસ્‌ર લઈ જઈને મોટી કિંમત ઉપર વેચી દઈશું) અને અલ્લાહને તેમની બધી પ્રવૃત્તિઓની જાણ હતી (અને આ બાજુ તે ભાઈઓ પણ આસપાસ ભટક્યા કરતા હતા અને કૂવામાં હઝરત યૂસુફ અલૈ.ની ખબર રાખતા હતા, બલકે કંઈ ખાવા પણ પહોંચાડતા રહેતા હતા જેનો હેતુ એ હતો કે તેઓ મરી ન જાય અને કોઈ આવીને તેમને બીજા દેશમાં લઈ જાય અને યાકૂબ અલૈ.ને ખબર ન થાય, તે દિવસે જ્યારે યૂસુફ અલૈ.ને કૂવામાં ન જોયા અને પાસે જ એક કાફલાનો પડાવ જોયો તો શોધવા માટે ત્યાં પહોંચ્યા અને યૂસુફ અલૈ.નો પતો લાગી ગયો તો કાફલાવાળાઓને કહ્યું કે આ અમારો ગુલામ છે, નાસીને આવ્યો હતો અને હવે અમે તેને રાખવા નથી ઈચ્છતા) અને (આ વાત બનાવીને) તેમણે ઘણી જ ઓછી કિંમત ઉપર (કાફલાવાળાઓને) વેચી નાંખ્યા, એટલે કે

ગણતરીના અમુક દિરહમોમાં અને (કારણ એ હતું કે) આ લોકો કંઈ તેમની કદર કરનારા તો હતા જ નહીં (કે તેમને ઉત્તમ માલ સમજીને મોટી કિંમત લઈ વેચી નાંખે બલકે તેમનો હેતુ તો તેમને અહીંયાંથી કાઢી મૂકવાનો જ હતો).

મસ્અલા અને બોધપાઠ :

સૂરએ યૂસુફની પ્રસ્તુત આયતોમાંથી પ્રથમ આયતમાં એ બાબત ઉપર ખબરદાર કરવામાં આવ્યા છે કે, આ સૂરતમાં આવનાર કિસ્સાઓ હઝરત યૂસુફ (અલૈ.)નો ફક્ત એક કિસ્સો ન સમજવામાં આવે બલકે, તેમાં સવાલ કરનારાઓ અને સંશોધન કરનારાઓ માટે અલ્લાહ તઆલાની સંપૂર્ણ કુદરતની મોટી નિશાનીઓ અને માર્ગદર્શનો છે.

તેનો ભાવાર્થ એ પણ હોઈ શકે છે કે જે યહૂદીઓએ નબીએ કરીમ ﷺની કસોટી માટે રસૂલે કરીમ ﷺને પૂછયું હતું તેમના માટે તેમાં મોટી નિશાનીઓ છે. રિવાયત એ છે કે જ્યારે રસૂલે કરીમ ﷺ મક્કએ મુઅજ્જમહમાં સ્થાયી હતા અને આપ ﷺની ખબર મદીનહ તય્યિબહ પહોંચી તો અહીંયાંના યહૂદીઓએ પોતાના અમુક માણસોને એ કામ માટે મક્કએ મુઅજ્જમહ મોકલ્યા કે તેઓ ત્યાં જઈને રસૂલે કરીમ ﷺની કસોટી કરે, એટલા માટે આ સવાલ એક સંદિગ્ધ શૈલીમાં એ પ્રમાણે કરવામાં આવ્યો કે જો તમે અલ્લાહના સાચા નબી છો તો એ બતાવો કે તે કયા પયગમ્બર છે જેમનો એક પુત્ર સિરીયાથી મિસ્ર ચાલ્યો ગયો અને તેમના બાપ તેમના ગમમાં રડતાં-રડતાં નાબીના (અંધ) થઈ ગયા.

આ ઘટના યહૂદીઓએ એટલા માટે પસંદ કરી હતી કે ન તો આ ઘટના તે વખતે એટલી બધી પ્રખ્યાત હતી અને ન જ મક્કામાં કોઈ આ કિસ્સાથી વાકેફ હતું અને તે સમયે મક્કામાં અહલે કિતાબમાંથી કોઈપણ ન હતું કે જેની પાસેથી તવરાત અને ઈન્જીલના સંદર્ભથી આ કિસ્સાનો કોઈ ભાગ જાણી શકાય, તેમના આ સવાલ ઉપર જ સંપૂર્ણ સૂરએ યૂસુફ નાઝિલ થઈ, જેમાં હઝરત યાકૂબ (અલૈ.) અને હઝરત યૂસુફ (અલૈ.)નો સંપૂર્ણ કિસ્સો ઉપસ્થિત છે અને એટલી વિગતે આવ્યો છે કે તવરાત અને ઈન્જીલમાં પણ આટલા વિસ્તારથી નથી આવ્યો, એટલા માટે તેનું વર્ણન કરવું રસૂલે કરીમ ﷺનો ઉઘાડો મોઅ્જિઝો હતો.

આ આયતનો એ ભાવાર્થ પણ હોઈ શકે છે કે સવાલને બાજુએ રાખીને યહૂદીઓ માટે આ ઘટના એવી બાબત ઉપર આધારિત છે કે એમાં અલ્લાહ તઆલાની સંપૂર્ણ કુદરતની મોટી નિશાનીઓ અને સંશોધન કરનારાઓ માટે મહાન માર્ગદર્શનો તથા હુકમો અને મસ્અલાઓ મોજૂદ છે કે જે બાળકને પોતાના ભાઈઓએ હલાકતના અંધારા ખાડામાં ફેંકી દીધો હતો અલ્લાહ તઆલાની કુદરતે તેને ક્યાંથી–ક્યાં પહોંચાડી દીધો અને કેવી રીતે તેની સુરક્ષા કરી અને પોતાના ખાસ બંદાઓને પોતાના હુકમોની પાબંદીનો કેટલો ઘટ્ટ રંગ અર્પણ કર્યો કે યુવાનીના કાળમાં જ તેમને અય્યાશીની અતિસુંદર તક મળે છે પરંતુ તેઓ અલ્લાહ તઆલાના ડરથી પોતાના નફ્સની મનેચ્છાઓ ઉપર કાબૂ પ્રાપ્ત કરે છે અને બિલકુલ સાફ–સુથરા થઈને આ બલાથી નીકળી જાય છે અને જે વ્યક્તિ નેકી અને તકવો અપનાવે છે અલ્લાહ તઆલા તેને પોતાના વિરોધીઓના મુકાબલામાં કેવી રીતે ઇજ્જત બખ્શે છે અને વિરોધીઓને પોતાના કદમોમાં કેવી રીતે લાવી ફેંકે છે ! આ બધા બોધપાઠ અને નસીહતો અલ્લાહની કુદરતની મહાન નિશાનીઓ છે જેની દરેક સંશોધનકાર અને ચિંતન કરનારને જાણ થઈ શકે છે.

(કુર્તુબી અને મઝહરી)

આ આયતમાં હઝરત યૂસુફ (અલૈ.)ના ભાઈઓનું વર્ણન છે, તેમની ઘટના એવી છે કે હઝરત યાકૂબ (અલૈ.)ના હઝરત યૂસુફ (અલૈ.) સહિત બાર પુત્રો હતો, તેમાંથી દરેક પુત્ર અવલાદવાળા થયા અને બધાના કુટુંબોનો વિસ્તાર થયો કારણ કે, હઝરત યાકૂબ (અલૈ.)નો લકબ "ઈસ્રાઈલ" પણ હતો એટલા માટે આ બધા બાર કુટુંબો "બની ઈસ્રાઈલ" કહેવાયા.

આ બાર પુત્રોમાં દશ મોટા પુત્રો હઝરત યાકૂબ (અલૈ.)ની પ્રથમ પત્ની મોહતરમા હઝરત લય્યા બિન્તે લય્યાનના પેટમાં હતા અને તેમના ઈન્તેકાલ પછી હઝરત યાકૂબ (અલૈ.)એ લય્યાની બહેન રાહિલ સાથે નિકાહ કરી લીધા. તેમના પેટથી બે દિકરાઓ હઝરત યૂસુફ (અલૈ.) અને બિનયામીન પેદા થયા એટલા માટે હઝરત યૂસુફ (અલૈ.)ના સગા ભાઈ ફક્ત બિનયામીન હતા, બાકી દશ ભાઈઓ "અલ્લાતી" એટલે કે બાપ શરીક સાવકા ભાઈઓ હતા, હઝરત યૂસુફ (અલૈ.)ની વાલિદહ રાહિલનો ઈન્તેકાલ પણ તેમના બાળપણમાં જ બિનયામીનના જન્મની સાથે જ થઈ ગયો હતો. *(કુર્તુબી)*

બીજી આયતમાં હઝરત યૂસુફ (અલૈ.)નો કિસ્સો શરૂ થાય છે કે હઝરત યૂસુફ (અલૈ.)ના ભાઈઓએ હઝરત યાકૂબ (અલૈ.)ને ખૂબ અસામાન્ય મહોબ્બત કરતા જોયા અને આવો પ્રેમ તેમના મોટા ભાઈઓને નસીબ થયો ન હતો, એટલા માટે તેમને ઈર્ષ્યા થઈ અને એ પણ શક્ય છે કે કોઈ રીતે તેમને હઝરત યૂસુફ (અલૈ.)ના સ્વપ્નની પણ કદાચ જાણ થઈ ગઈ હોય જેમાં તેમણે એવું અનુભવ્યું હોય કે તેઓ ઘણી મોટી શાનવાળા થવાના છે અને એટલા માટે ઈર્ષ્યા થઈ હોય અને પરસ્પર વાતચીત કરી કે આપણે જોઈ રહ્યા છીએ કે આપણા વાલિદ સાહબ આપણા કરતા હઝરત યૂસુફ (અલૈ.) અને તેના સગા ભાઈ બિયામીનને વધારે મહોબ્બત કરે છે, જ્યારે કે આપણે દશ છે અને તેમનાથી મોટા છે, ઘરના કામકાજ સંભાળવાની આપણામાં વધારે શક્તિ છે અને આ બંને નાના બાળકો છે જેઓ કંઈ કામ કરી શકતા નથી, આપણા પિતાએ આ બાબતનો વિચાર કરવો જોઈએ અને આપણી સાથે વધારે મહોબ્બત રાખવી જોઈએ પરંતુ તેઓ ઉઘાડો અન્યાય કરી રહ્યા છે, એટલા માટે યા તો આપણે યૂસુફને કતલ કરી નાંખો અથવા કોઈ દૂર-સુદૂરના પ્રદેશમાં ફેંકી આવીએ કે જ્યાંથી તેઓ પાછા ન આવી શકે.

આ આયતમાં ભાઈઓએ પોતાના માટે શબ્દ عُصْبَةٌ (ઉસ્બહ)નો ઉપયોગ કર્યો છે, આ શબ્દ અરબી ભાષામાં પાંચથી લઈને દશ સુધીના સમૂહ માટે બોલવામાં આવે છે અને પોતાના પિતા વિશે જે આ કહ્યું કે اِنَّ اَبَانَا لَفِىْ ضَلٰلٍ مُّبِيْنٍ તેમાં શબ્દ ضَلٰلٍ (દલાલિન)નો શાબ્દિક અર્થ "માર્ગ ભટકવું" છે પરંતુ અહીંયાં તેનો ભાવાર્થ દીની ગુમરાહી નથી નહિતર એવો ખ્યાલ કરવાથી આ બધા કાફિર થઈ ગયા હોત કારણ કે, હઝરત યાકૂબ (અલૈ.) અલ્લાહ તઆલાના નેક પયગમ્બર અને નબી છે અને તેમની શા'નમાં આવો વિચાર લાવવો કતઈ કુફ્ર છે.

યૂસુફ (અલૈ.)ના ભાઈઓ વિશે પોતે કુર્આને કરીમમાં ઉપસ્થિત છે કે, પાછળથી તેમણે પોતાના ગુનાહનો સ્વીકાર કરીને પિતાને મગફિરતની દુઆની દરખાસ્ત કરી જેને તેમના વાલિદ સાહબે કબૂલ કર્યું એનાથી જાહેર થાય છે કે આ બધાની ભૂલ મા'ફ થઈ હતી. આ બધું એવા સ્વરૂપમાં જ હોઈ શકે છે કે તેઓ મુસલમાન હોય નહિતર કાફિરના હકમાં મગફિરતની દુઆ જાઈઝ નથી, એટલા માટે આ ભાઈઓના નબીઓ હોવામાં તો ઉલમાનો મતભેદ છે પરંતુ મુસલમાન હોવામાં કોઈને મતભેદ નથી, એનાથી જાણ થઈ કે શબ્દ ضَلٰلٍ (દલાલિન) આ

જગ્યાએ એ અર્થમાં બોલવામાં આવ્યો છે કે ભાઈઓના હકોમાં સમાનતા નથી કરતા.

ત્રીજી આયતમાં એ વર્ણન છે કે તે ભાઈઓમાં મશ્વરો થયો, અમુકે એવી સલાહ આપી કે આપણે યૂસુફની હત્યા કરી નાંખીએ, અમુકે કહ્યું કે કોઈ અવાવરુ કૂવાની ઊંડાઈમાં નાંખી દઈએ તેથી તેમનો કાંટો નીકળી જાય અને તમારા બાપનું સંપૂર્ણ ધ્યાન તમારા તરફ થઈ જાય, રહ્યો એ ગુનોહ કે જે તેને કતલ કરવાનો અથવા કૂવામાં નાંખવાનો થશે પાછળથી તેની તવબહ કરીને નેક બની શકાય છે. આયતના વાક્ય وَتَكُونُوا مِنۢ بَعۡدِهِۦ قَوۡمٗا صَٰلِحِينَ નો આ અર્થ પણ વર્ણન કરવામાં આવ્યો છે અને એ ભાવાર્થ પણ હોઈ શકે છે કે, હઝરત યૂસુફ (અલૈ.)ની હત્યા પછી તમારી હાલત સારી થઈ જશે કારણ કે, બાપના ધ્યાનનું કેન્દ્ર ખતમ થઈ જશે અથવા તો હત્યા પછી બાપ પાસે મા'ફી–સાફી કરીને તમે ફરી હતા તેવા થઈ જશો.

આ તે બાબતની દલીલ છે કે હઝરત યૂસુફ (અલૈ.)ના ભાઈઓ અંબિયા ન હતા કારણ કે, તેમણે આ ઘટનામાં ઘણો જ મોટો કબીરહ ગુનોહ કર્યો હતો એક બેગુનાહ અને નિર્દોષની હત્યા કરવાનો ઈરાદો કર્યો તથા બાપની નાફરમાની કરી અને તેમને ત્રાસ આપ્યો તથા કરારનો ભંગ કર્યો, પછી જૂઠી સાજિસ અને ષડયંત્ર કરવું વગેરે બાબતો અંબિયા (અલૈ.)થી નુબુવ્વત પહેલાં પણ જમહૂર અકીદહ પ્રમાણે ક્યારેય નથી થઈ શકતું.

ચોથી આયતમાં છે કે આ જ ભાઈઓમાંથી એકે આ સમગ્ર વાતચીત સાંભળીને કહ્યું કે યૂસુફની હત્યા ન કરો, જો કંઈ કરવું જ હોય તો કૂવાની ઊંડાઈમાં એવી જગ્યાએ નાંખી દો જ્યાં તે જીવતો રહે અને માર્ગે ચાલતા મુસાફર જ્યારે આ કૂવા ઉપર આવે તો તે તેને ઉઠાવીને લઈ જાય, આ પ્રમાણે તેમનો હેતુ પણ પૂર્ણ થઈ જશે અને તેમને લઈને તમારે કોઈ દૂરના સ્થળે પણ જવું નહિ પડે કોઈ કાફલો આવશે તે પોતે પોતાની સાથે કોઈ દૂરના સ્થળે પહોંચાડી દેશે.

આ સલાહ આપનાર તેમનો મોટો ભાઈ યહૂદા હતો અને અમુક રિવાયતોમાં છે કે રૂબેલ સૌથી મોટો ભાઈ હતો, તેણે જ આ સલાહ આપી અને આ તે વ્યક્તિ છે જેનું વર્ણન આગળ આવે છે કે જ્યારે મિસ્રમાં હઝરત યૂસુફ

(અલૈ.)ના નાના ભાઈ બિનયામીનને રોકી લેવામાં આવ્યા તો તેણે કહ્યું કે હું જઈને પિતાને શું મોઢું બતાવીશ એટલા માટે હું કનૂઆન જતો નથી.

આ આયતમાં غَيَابَةِ الْجُبِّ ફરમાવ્યું છે. غَيَابَه (ગયાબહ) દરેક તે વસ્તુને કહે છે જે કોઈ વસ્તુને છુપાવી લે અને ગાયબ કરી દે, એટલા માટે કબ્રને પણ "ગયાબહ" કહેવામાં આવે છે અને جُبّ (જુબ્બ) એવા કૂવાને કહેવામાં આવે છે જે ચારે બાજુ થાળું (હવાડો) બનાવ્યા વિનાનો હોય છે.

يَلْتَقِطْهُ بَعْضُ السَّيَّارَةِ માં શબ્દ يَلْتَقِطْهُ (યલ તકિતહુ) એ શબ્દ اِلْتِقَاط (ઈલ્તિકાત) لُقْطَهُ (લુક્તહ)થી બન્યો છે. "લુક્તહ" તે રસ્તે રઝળતી અથવા પડી ગયેલી વસ્તુને કહે છે જે કોઈને વિના મહેનતે અને વણમાંગ્યે મળી જાય, જો તે નિર્જીવ વસ્તુ હોય તો તેને لُقْطَهُ (લુક્તહ) કહે છે અને જો તે સજીવ વસ્તુ હોય તો ફુક્હાની પરિભાષામાં لَقِيْط (લકીત) કહેવામાં આવે છે. માનવીને લકીત તે જ સમયે કહેવામાં આવશે જ્યારે કે તે નાનું બાળક હોય, સમજદાર અને પુખ્ત વયનો ન હોય, કુર્તુબીએ આ શબ્દ દ્વારા દલીલ કરી છે કે જે સમયે હઝરત યૂસુફ (અલૈ.)ને કૂવામાં નાંખવામાં આવ્યા હતા ત્યારે તેઓ નાના બાળક હતા, વળી હઝરત યાકૂબ (અલૈ.)નું આવું સૂચન કરવું પણ તેમના બાળક હોવા તરફ ઈશારો છે કે, મને ડર છે કે તેને કોઈ વરૂ ખાઈ જશે કારણ કે, વરૂ બાળકો ઉપર જ હુમલો કરવાનું મોટે ભાગે અનુમાન હોય છે. ઈબ્ને જરીર, ઈબ્નુલ મુંઝિર, ઈબ્ને અબી શયબાની રિવાયતમાં છે કે તે સમયે હઝરત યૂસુફ (અલૈ.)ની ઉંમર સાત વર્ષની હતી. *(મઝહરી)*

ઈમામ કુર્તુબીએ આ સ્થળે لُقْطَهُ (લુક્તહ) અને لَقِيْط (લકીત)માં શરઈ હુકમોની વિગત આપી છે જેની ચર્ચાની અત્રે સંભાવના નથી. અલબત્ત, તેના વિશે એક સૈદ્ધાંતિક વાત એ સમજી લેવી જોઈએ કે ઈસ્લામી શાસન વ્યવસ્થામાં લોકોના પ્રાણ અને માલની સુરક્ષા, માર્ગો અને સડકોની સફાઈ વગેરે ફક્ત સરકારી વિભાગોની જવાબદારી બનાવવામાં નથી આવી બલકે, દરેક વ્યક્તિને તેનો જવાબદાર ઠરાવાયો છે. માર્ગો અને સડકો ઉપર ઊભા થઈને અથવા પોતાનો કોઈ માલ-સામાન નાંખીને વટેમાર્ગુઓ અને રસ્તે ચાલનારાઓ માટે સંકડાશ પેદા કરવા ઉપર હદીષમાં સખત ચેતવણીઓ આવેલી છે. ફરમાવ્યું કે,

"જે વ્યક્તિ મુસલમાનોનો માર્ગ સાંકડો કરી દે તેનો જિહાદ સ્વીકાર્ય નથી." એ જ પ્રમાણે જો માર્ગમાં એવી કોઈ વસ્તુ પડી છે જેનાથી અન્યોને તકલીફ પહોંચવાનો ભય છે, જેમકે કાંટા અથવા કાચના ટૂકડા અથવા પથ્થર વગેરે તેને માર્ગમાંથી હટાવવું ફક્ત મ્યુનિસીપાલિટીની જવાબદારી નથી બનાવી બલકે, દરેક મુસલમાનને પ્રોત્સાહિત કરવાની શૈલીમાં તેના જવાબદાર ઠરાવ્યા છે અને આવું કરનાર માટે મોટું વળતર અને સવાબનો વાયદો કરવામાં આવ્યો છે.

આ જ સિદ્ધાંતો ઉપર કોઈ વ્યક્તિની ખોવાયેલ ચીજવસ્તુ કોઈને મળી જાય તો તેની શરઈ જવાબદારી ફક્ત એટલી જ નથી કે તેને ચોરી ન લે બલકે, એ પણ તેની જવાબદારી છે કે તેને સુરક્ષિત રીતે ઉઠાવીને મૂકી દે અને જાહેરાત કરીને માલિકને શોધે અને જો તે મળી જાય અને નિશાનીઓ વગેરે વર્ણન કરવાથી સંતોષ થઈ જાય કે આ ચીજવસ્તુ તેની જ છે તો તેને આપી દે અને જાહેરાત તથા શોધખોળ કરવા છતાં માલિકનો પત્તો ન લાગે એવા સમયે જો માલના સ્વરૂપ પ્રમાણે એવો અંદાજો થઈ જાય કે હવે તેનો માલિક તેને નહિ શોધે તે સમયે જો તે પોતે ગરીબ અને મુફિલસ છે તો પોતાના માટે ઉપયોગ કરે નહિતર મિસ્કીનો ઉપર સદકહ કરી દે અને દરેક સ્વરૂપમાં આ વસ્તુ માલિક તરફથી સદકહ થયેલી ઠરાવવામાં આવશે, તેનો સવાબ તેના માલિકને મળશે જેમકે આસમાની બયતુલ માલમાં તેના માલિકના નામે આ વસ્તુ જમા કરી લેવામાં આવી.

આ છે જાહેર સેવા અને પરસ્પર સહાયતાના તે સિદ્ધાંતો જેની જવાબદારી ઈસ્લામી સમાજના દરેક નાગરિક ઉપર લાગુ પાડવામાં આવી છે. અફસોસ ! મુસલમાન પોતાના દીનને સમજે અને તેના ઉપર અમલ કરવા લાગે તો દુનિયાની આંખો ખુલી જાય કે સરકારના મોટા-મોટા વિભાગો કરોડો રૂપિયા ખર્ચીને જે કાર્ય નથી કરી શકતા તે આવી સરળતા સાથે કેવી સંપૂર્ણ શાન-બાન સાથે પૂર્ણ થઈ જાય છે.

પાંચમી અને છઠ્ઠી આયતમાં છે કે તે ભાઈઓએ પોતાના બાપ સામે આ દરખાસ્ત આ શબ્દોમાં રજુ કરી હતી કે, "હે અબ્બાજાન ! આ શું વાત છે કે તમને યૂસુફ વિશે અમારા ઉપર ભરોસો નથી જ્યારે કે અમે તેના સંપૂર્ણ ભલુ ઈચ્છનાર અને હમદર્દ છે. કાલે તમે તેને અમારી સાથે (ફરવા-રમવા) મોકલી આપો કે તે

પણ સ્વતંત્રતાથી ખાઈ-પીએ અને રમે અને અમે બધા તેનું સંપૂર્ણ રક્ષણ કરીશું.''

ભાઈઓની આ દરખાસ્તથી જ એ જાણ થાય છે કે તેઓ ક્યારેક આનાથી પહેલાં આવી દરખાસ્ત કરી ચૂક્યા હતા જેનો તેમના પિતાએ સ્વીકાર કર્યો ન હતો એટલા માટે આ વખતે જરા તાકીદપૂર્વક આગ્રહ કરીને પિતાને સંતોષ અપાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

આ આયતમાં હઝરત યાકૂબ (અલૈ.) પાસેથી રમવા-ફરવા અને સ્વતંત્રતાથી ખાવા-પીવાની પરવાનગી માંગવામાં આવી છે. હઝરત યાકૂબ (અલૈ.)એ તેની કોઈ મનાઈ ન કરી ફક્ત હઝરત યૂસુફ (અલૈ.)ને તેમની સાથે મોકલવામાં થોડા ખચકાટની અનુભૂતિની જાહેરાત કરી જે આગલી આયતમાં આવશે, એનાથી જાણ થઈ કે ફરવા-રમવા અને કૂદવાની જાઇઝ મર્યાદાઓની અંદર તે જાઇઝ અને મુબાહ છે. સહીહ હદીષોથી પણ તે જાઇઝ હોવાની જાણ થાય છે પરંતુ એ શરત છે કે આ ખેલ-કૂદમાં શરીઅતની હદો ઓળંગવામાં ન આવે અને કોઈ નાજાઇઝ કૃત્યની તેમાં મિલાવટ ન હોય. *(કુર્તુબી વગેરે)*

હઝરત યૂસુફ (અલૈ.)ના ભાઈઓએ જ્યારે પિતાને આ દરખાસ્ત કરી કે યૂસુફને કાલે અમારી સાથે ફરવા માટે મોકલી આપજો તો હઝરત યાકૂબ (અલૈ.)એ ફરમાવ્યું કે, તેને મોકલવું હું બે કારણોથી પસંદ નથી કરતો, પ્રથમ તો તે મારી આંખોથી દૂર જાય તેનાથી મને ચેન નથી પડતું, બીજું એવો ભય છે કે ક્યાંક એવું ન થાય કે તમારી બેદરકારીના કારણે તેને વરૂ ફાડી ખાય.

હઝરત યાકૂબ (અલૈ.)ને વરૂનો ભય તો એ કારણે થયો કે કન્‌આનમાં વરૂઓની ઘણી મોટી સંખ્યા હતી અથવા એ કારણે કે તેમણે સ્વપ્નમાં જોયું હતું કે તેઓ કોઈ પહાડી ઉપર છે અને યૂસુફ (અલૈ.)ની તેની તળેટીમાં નીચે છે, અચાનક દશ વરૂઓએ તેમને ઘેરી લીધા અને તેમના ઉપર હુમલો કરવા ઇચ્છયું, એક વરૂએ જ તેમનું રક્ષણ કરીને તેમને છોડાવ્યા પછી હઝરત યૂસુફ (અલૈ.) જમીનની અંદર સંતાઈ ગયા.

જેની તા'બીર પાછળથી એ પ્રમાણે જાહેર થઈ કે દશ વરૂઓ આ દશ ભાઈઓ હતા અને જે વરૂએ તેમની હત્યા થવાથી બચાવ્યા તે તેમનો મોટો ભાઈ

યહૂદા હતો અને જમીનમાં સંતાઈ જવું કૂવાની ઊંડાઈની તા'બીર હતું.

હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)થી એક રિવાયતમાં નકલ થયું છે કે, હઝરત યાકૂબ (અલૈ.)ને આ સ્વપ્નની બીના ઉપર પોતે તેમના ભાઈઓથી ડર હતો અને તેમને જ વરૂઓ કહ્યા હતા પરંતુ મસ્લિહત ખાતર સંપૂર્ણ વાત જાહેર કરી ન હતી. *(કુર્તુબી)*

ભાઈઓએ હઝરત યાકૂબ (અલૈ.)ની આ વાત સાંભળીને કહ્યું કે આપનો આ ડર અને ભય આશ્ચર્યજનક છે, અમે દશ વ્યક્તિઓનો મજબૂત સમૂહ તેની સુરક્ષા માટે મોજૂદ છે, જો અમારા બધાના હોવા છતાં તેમને વરૂ ફાડી ખાય તો અમારું અસ્તિત્વ જ બેકાર થઈ ગયું અને પછી અમારાથી અન્ય કોઈ કામની શું આશા રાખી શકાય છે ?

હઝરત યાકૂબ (અલૈ.)એ પોતાની પયગમ્બરી શાનથી અવલાદ સામે એ વાતને ન ખોલી કે મને ભય તમારાથી જ છે કે પ્રથમ તો તેનાથી બધી અવલાદના દિલો તૂટી ગયા હોત, બીજું કે બાપનું આવું કહ્યા પછી ભય એ હતો કે ભાઈઓની દુશ્મની આવું કહેવાથી વધી ગઈ હોત; તે સમયે છોડી પણ દે તો અન્ય કોઈ સમયે કોઈ બીજા બહાને કતલ કરી નાંખશે એટલા માટે પરવાનગી આપી દીધી પરંતુ ભાઈઓ પાસેથી સંપૂર્ણ વચન અને કરાર લીધો કે તેને કોઈ તકલીફ ન પહોંચવા દે અને મોટા ભાઈ રૂબેલ અથવા યહૂદાને ખાસ કરીને સોંપ્યા કે તમે તેમની ભૂખ અને તરસ તથા બીજી જરૂરિયાતોની સંપૂર્ણ રીતે ખબર રાખજો અને તેને જલદી પાછો લાવજો. ભાઈઓએ પિતા સામે હઝરત યૂસુફ (અલૈ.)ને પોતાના ખભા ઉપર ઉઠાવી લીધા અને વારાફરતી બધા ઉઠાવતા રહ્યા, અમુક અંતર સુધી હઝરત યાકૂબ (અલૈ.) પણ તેમને વળાવવા માટે બહાર નીકળ્યા.

કુર્તુબીએ ઐતિહાસિક રિવાયતોના હવાલાથી વર્ણન કર્યું છે કે જ્યારે આ લોકો હઝરત યાકૂબ (અલૈ.)ની નજરોથી ઓજલ થઈ ગયા તે સમયે હઝરત યૂસુફ (અલૈ.) જે ભાઈના ખભા ઉપર હતા તેમણે તેમને નીચે પટકી દીધા, હઝરત યૂસુફ (અલૈ.) પગપાળા ચાલવા લાગ્યા પરંતુ તેમની ઉંમર નાની હતી, તેમની સાથે દોડવાથી લાચાર હતા તો બીજા ભાઈનું શરણ લીધું તેણે પણ કોઈ હમદર્દી ન બતાવી તો ત્રીજા અને ચોથા દરેક ભાઈને મદદ માટે કહ્યું પરંતુ બધાએ

આ જવાબ આપ્યો કે તેં જે અગિયાર તારાઓ અને ચાંદ-સૂરજને પોતાને સિજ્દહ કરતા જોયા હતા તેમને બોલાવ તે તારી સહાય કરશે !

કુર્તુબીએ આ જ કારણે ફરમાવ્યું છે કે એનાથી જાણ થઈ કે ભાઈઓને કોઈપણ રીતે હઝરત યૂસુફ (અલૈ.)ના સ્વપ્નની જાણ થઈ ગઈ હતી અને તે સ્વપ્ન જ તેમના ક્રોધિત થવાનું કારણ બન્યું હતું.

અંતે હઝરત યૂસુફ (અલૈ.)એ યહૂદાને કહ્યું કે તમે મારા મોટા ભાઈ છો તમે મારી નિર્બળતા અને બાળપણ ઉપર તથા પોતાના પિતાની વૃદ્ધાવસ્થા ઉપર રહમ કરો અને તેમને તે વચન યાદ અપાવ્યું કે જે તેમણે પોતાના પિતાને આપ્યું હતું, તમે કેટલા જલદી તે વચન અને કરારને ભૂલાવી દીધો ? આ સાંભળીને યહૂદાને દયા આવી અને તેણે કહ્યું, જ્યાં સુધી હું જીવું છું આ ભાઈઓ તને કંઈ તકલીફ પહોંચાડી શકશે નહીં.

યહૂદાના દિલમાં અલ્લાહ તઆલાએ દયા અને સાચા અમલની તવફીક નાંખી દીધી તો યહૂદાએ પોતાના બીજા ભાઈઓને સંબોધીને કહ્યું કે, આ નિર્દોષને કતલ કરવું જઘન્ય અપરાધ છે, અલ્લાહથી ડરો અને આ બાળકને તેના પિતા પાસે પહોંચાડી આપો અલબત્ત, તેનાથી એ વચન લો કે બાપથી તમારી કોઈ ફરિયાદ ન કરે.

ભાઈઓએ જવાબ આપ્યો કે અમે જાણીએ છીએ કે તમારો શું મતલબ છે તમે એ ઈચ્છો છો કે બાપના દિલમાં પોતાનો મરતબો અમારા બધા કરતા વધારે કરી લો ? એટલા માટે સાંભળી લો કે જો તમે અમારા ઈરાદામાં ચંચૂપાત કર્યો તો અમે તમારી પણ હત્યા કરી નાંખીશું, યહૂદાએ જોયું કે નવ ભાઈઓના મુકાબલામાં પોતે એકલા કશું નહીં કરી શકે, જેથી કહ્યું કે સારું ! જો તમે એવું નક્કી જ કરી ચૂક્યા છો કે આ બાળકને ખોઈ જ નાંખવો છે તો મારી વાત સાંભળો; અહીંયાં નજીકમાં જ એક પુરાણો કૂવો છે જેમાં ઘણા બધા ઝાડી-ઝાંખડા ફૂટી નીકળ્યા છે, સાપ-વીંછી અને જાત-જાતના ઝેરી જાનવરો તેમાં રહે છે, તમે તેને કૂવામાં નાંખી દો જો કોઈ સાપ વગેરે તેને ડસીને મારી નાંખે તો તમારો હેતુ સરી જશે અને તમે પોતાના હાથે તેનું લોહી વહાવવાથી મુક્ત રહેશો અને જો તે જીવંત પણ રહેશે તો કોઈ કાફલો કદાચ અહીંયાં આવે અને

પાણી માટે કૂવામાં ડોલ નાંખે અને આ નીકળી આવે તો તેને પોતાની સાથે કોઈ બીજા પ્રદેશમાં પહોંચાડી દે, આ સ્વરૂપમાં પણ તમારો હેતુ પ્રાપ્ત થઈ જશે.

આ વાત ઉપર બધા ભાઈઓમાં સહમતી થઈ ગઈ જેનું વર્ણન પ્રસ્તુત આયતમાંથી ત્રીજી આયતમાં આ પ્રમાણે આવ્યું છે. فَلَمَّا ذَهَبُوا بِهٖ وَاَجْمَعُوْٓا اَنْ يَّجْعَلُوْهُ فِيْ غَيٰبَتِ الْجُبِّ وَاَوْحَيْنَآ اِلَيْهِ لَتُنَبِّئَنَّهُمْ بِاَمْرِهِمْ هٰذَا وَهُمْ لَا يَشْعُرُوْنَ એટલે કે, જ્યારે આ ભાઈ યૂસુફ (અલૈ.)ને જંગલમાં લઈ ગયા અને એ વાત ઉપર બધા સહમત થઈ ગયા કે તેમને કૂવાની ઊંડાઈમાં નાંખી દઈએ ત્યારે અલ્લાહ તઆલાએ હઝરત યૂસુફ (અલૈ.)ને વહી દ્વારા સૂચના આપી કે એક દિવસ એવો આવશે જ્યારે તમે પોતાના ભાઈઓને તેમના આ કરતૂતની જાણકારી આપશો અને તેઓ તે સમયે કંઈ જ જાણતા નહીં હોય.

આ સ્થળે શબ્દ وَاَوْحَيْنَا (વ-અવહયના) فَلَمَّا ذَهَبُوْا (ફલમ્મા ઝહબૂ)નો જવાબ છે, શબ્દ وَاوْ (વાવ) આ સ્થળે વધારે છે. (કુર્તુબી) ભાવાર્થ એ છે કે ભાઈઓએ મળીને કૂવામાં નાંખવાનો ઈરાદો કરી જ લીધો તો અલ્લાહ તઆલાએ હઝરત યૂસુફ (અલૈ.)ને સંતોષ આપવા માટે વહી મોકલી જેમાં કોઈ આવનારા યુગમાં ભાઈઓથી મુલાકાત કરવાની તેમને ખુશખબરી આપવામાં આવી છે કે તે સમયે તમે પોતાના તે ભાઈઓ કરતા વધારે માલદાર અને ઊંચા રુત્બાવાળા હશો જેના કારણે તમે તેમના આ અત્યાચાર ઉપર હિસાબ માંગશો અને તેઓ બધા આ બાબતથી બેખબર હશે.

ઈમામ કુર્તુબીએ ફરમાવ્યું કે તેના બે સ્વરૂપો હોઈ શકે છે, એક એ કે આ વહી તેમને કૂવામાં નાંખ્યા પછી તેમને સંતોષ અને અહીંયાંથી છુટકારાની ખુશખબરી આપવા માટે આવી હોય અને બીજું એ કે કૂવામાં નાંખતા પહેલાં જ અલ્લાહ તઆલાએ હઝરત યૂસુફ (અલૈ.) સાથે બનનારી ઘટનાઓની વહી દ્વારા સૂચના આપી દીધી હોય જેમાં એ પણ બતાવી દીધું કે તમારી હત્યા નહીં થાય અને તમે સલામત રહેશો અને એવી પરિસ્થિતિ આવશે કે તમને આ તમારા ભાઈઓની પકડ કરવાનો મોકો મળશે જ્યારે કે તેઓ તમને ઓળખશે પણ નહીં કે તમે તેમના ભાઈ યૂસુફ છો.

આ વહી હઝરત યૂસુફ (અલૈ.) ઉપર બાળપણમાં જ નાઝિલ થઈ.

તફસીરે મઝહરીમાં છે કે આ વહી નુબુવ્વત ન હતી કારણ કે, નુબુવ્વત ચાલીસ વર્ષની ઉંમરમાં અર્પણ થાય છે, બલકે આ વહી એવી જ હતી જેમકે હઝરત મૂસા (અલૈ.)ની વાલિદહને વહી દ્વારા જાણ કરવામાં આવી હતી, હઝરત યૂસુફ (અલૈ.) ઉપર નુબુવ્વતની વહીનો ક્રમ મિસ્‌ર પહોંચ્યા પછી અને યુવાન થયા પછી શરૂ થયો જેમકે ઈરશાદ છે وَلَمَّا بَلَغَ اَشُدَّهٗۤ اٰتَيْنٰهُ حُكْمًا وَّعِلْمًا અને ઈબ્ને જરીર તથા ઈબ્ને હાતિમ વગેરેએ તેને અપવાદ સ્વરૂપે નુબુવ્વતની વહી જ ઠરાવી છે જેમકે હઝરત ઈસા (અલૈ.)ને બાળપણમાં જ નુબુવ્વત અર્પણ કરવામાં આવી.

(મઝહરી)

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)એ ફરમાવ્યું કે મિસ્‌ર પહોંચ્યા પછી અલ્લાહ તબારક વ તઆલાએ હઝરત યૂસુફ (અલૈ.)ને વહી દ્વારા એ વાતની મનાઈ કરી હતી કે તેઓ પોતાના હાલ-ચાલની ખબર પોતાના ઘરવાળાઓને પહોંચાડે. (કુર્તુબી) એ જ કારણ હતું કે હઝરત યૂસુફ (અલૈ.) જેવા પયગમ્બરને જેલમાંથી છુટકારો અને મિસ્‌ર દેશની હુકૂમત મળ્યા પછી પણ કોઈ એવું સ્વરૂપ ન કાઢ્યું જેના દ્વારા તેઓ પોતાના વૃદ્ધ પિતાને પોતે સહી-સલામત હોવાની ખબર પહોંચાડી તેમને સંતોષિત કરે.

અલ્લાહ જલ્લ શા'નુહૂની હિકમતોને કોણ જાણી શકે છે જે આ પરિસ્થિતિઓમાં ગુપ્ત હતી, કદાચ એ પણ મંજૂર હોય કે હઝરત યાકૂબ (અલૈ.)ને ગયરૂલ્લાહ સાથે આટલી મહોબ્બત નાપસંદ હોવાની જાણકારી આપવામાં આવી હોય અને એ કે ભાઈઓને હઝરત યૂસુફ (અલૈ.) સામે જરૂરિયાતમંદ બનીને રજુ કરી તેમની આ પ્રવૃત્તિની એક સજા તેમને આપવાનો હેતુ હોય.

ઈમામ કુર્તુબી વગેરે મુફસ્સિરોએ આ સ્થળે હઝરત યૂસુફ (અલૈ.)ને કૂવામાં નાંખવાની ઘટના એ વર્ણન કરી છે કે, જ્યારે તેમને કૂવામાં નાંખવા લાગ્યા ત્યારે તેઓ કૂવાની પાળી સાથે ચિપકી ગયા, ભાઈઓએ તેમનો કૂરતો કાઢીને તેમના હાથ બાંધી દીધા તે સમયે ફરી હઝરત યૂસુફ (અલૈ.)એ ભાઈઓને દયાની દરખાસ્ત કરી પરંતુ એ જવાબ મળ્યો કે અગિયાર તારાઓ જે તને સિજ્દહ કરે છે તેને બોલાવ તે તારી મદદ કરશે, પછી એક ડોલમાં નાંખીને કૂવામાં લટકાવી દીધા, જ્યારે અડધે સુધી પહોંચ્યા તો ડોલનું દોરડું કાપી નાંખ્યું, અલ્લાહ

તઆલાએ પોતાના પયગમ્બર હઝરત યૂસુફ (અલૈ.)ની હિફાઝત કરી, પાણીમાં પડવાના કારણે તેમને કોઈ ઈજા ન થઈ અને નજીકમાં જ એક પથ્થરની શીલા દેખાઈ તેઓ સહી-સલામત તેના ઉપર બેસી ગયા. અમુક રિવાયતોમાં છે કે હઝરત જિબ્રઈલ (અલૈ.)ને હુકમ થયો અને તેમણે તેમને તે પથ્થરની શીલા ઉપર બેસાડી દીધા.

હઝરત યૂસુફ (અલૈ.) ત્રણ દિવસ કૂવામાં રહ્યા, તેમનો ભાઈ યહૂદા બીજા ભાઈઓથી સંતાઈને દરરોજ તેમની પાસે ખાવા-પાણી લાવતો અને ડોલ દ્વારા તેમને પહોંચાડી દેતો હતો.

وَجَآءُوْٓا اَبَاهُمْ عِشَآءً يَّبْكُوْنَ એટલે કે, ઈશાના સમયે આ ભાઈઓ રડતા-રડતા પોતાના પિતા પાસે પહોંચ્યા, હઝરત યાકૂબ (અલૈ.) તેમનો રડવાનો અવાજ સાંભળી બહાર આવ્યા અને પૂછ્યું, શું ઘટના બની છે ? શું તમારી બકરીઓ કે અનાજ ઉપર કોઈએ હુમલો કર્યો છે ? અને યૂસુફ ક્યાં છે ? તો ભાઈઓએ કહ્યું, يَآاَبَانَا اِنَّاذَهَبْنَا نَسْتَبِقُ وَتَرَكْنَا يُوْسُفَ عِنْدَ مَتَاعِنَا فَاَكَلَهُ الذِّئْبُ وَمَآاَنْتَ بِمُؤْمِنٍ لَّنَا وَلَوْ كُنَّاصَادِقِيْنَ એટલે કે, અમે પરસ્પર દોડ લગાવી અને યૂસુફને પોતાના સામાન પાસે છોડ્યા હતા તે દરમિયાન યૂસુફને વરૂએ ફાડી ખાધો અને અમે ગમે એટલા સાચા હોય તમને અમારો વિશ્વાસ આવશે જ નહીં.

ઈબ્ને અરબીએ અહકામુલ કુર્આનમાં ફરમાવ્યું છે કે પરસ્પર હરિફાઈ (દોડવાનું) શરીઅતમાં સારી અને જાઈઝ ટેવ છે જે યુદ્ધ અને જિહાદમાં કામ આવે છે, એટલા માટે રસૂલે કરીમ ﷺએ પોતે પણ હરિફાઈ કર્યાનું સહીહ હદીષોથી સાબિત થયેલ છે અને ઘોડાની હરિફાઈ કરાવવી (એટલે કે ઘોડાદોડ) પણ સાબિત છે, સહાબએ કિરામ (રદિ.)થી સલમા બિન અકુઅ્એ એક વ્યક્તિ સાથે દોડમાં હરિફાઈ લગાવી તો સલમા જીતી ગયા.

પ્રસ્તુત આયત અને તેની રિવાયતોથી અસલ ઘોડાદોડનું જાઈઝ હોવાનું સાબિત છે અને ઘોડાદોડ ઉપરાંત દોડમાં તિરંદાજી વગેરે નિશાનબાજીમાં પરસ્પર મુકાબલો અને હરિફાઈ પણ જાઈઝ છે, પરંતુ આપસમાં હાર-જીતની કોઈ રકમ શરત તરીકે ઠરાવવી જુગાર અને કિમાર છે જેને કુર્આને કરીમે હરામ ઠરાવ્યું છે, આજકાલ ઘોડાદોડ (રેસ)ના જેટલા સ્વરૂપો પ્રચલિત છે તેમાં

કોઈપણ જુગાર અથવા કિમારથી ખાલી નથી એટલા માટે બધા હરામ છે અને જાઈઝ નથી.

પાછલી આયતોમાં વર્ણન હતું કે હઝરત યૂસુફ (અલૈ.)ના ભાઈઓએ પરસ્પર સલાહ-મશ્વરા પછી અંતે એક અવાવરુ કૂવામાં તેમને નાંખી દીધા અને પિતાને આવીને એવું કહ્યું કે તેમને વરૂએ ફાડી ખાધા, પ્રસ્તુત આયતોમાં આગળનો કિસ્સો આ પ્રમાણે વર્ણન થયો છે.

وَجَآءُوْا عَلٰى قَمِيْصِهٖ بِدَمٍ كَذِبٍ એટલે કે, યૂસુફ (અલૈ.)ના ભાઈ યૂસુફ (અલૈ.)ના કુરતા ઉપર ખોટું લોહી લગાવીને લાવ્યા હતા જેથી પિતાને વરૂએ ફાડી ખાધા હોવાનો ભરોસો અપાવી શકાય.

પરંતુ અલ્લાહ તઆલાએ તેમને જૂઠા જાહેર કરવા માટે તેમને એનાથી ગાફેલ કરી દીધા કે કુરતા ઉપર લોહી લગાવવાની સાથે-સાથે તે કુરતાને ફાડી પણ નાંખ્યો હોત કે જેનાથી વરૂએ ફાડી ખાધાનું સાબિત થાય પરંતુ તેમણે સહી-સલામત કુરતા ઉપર બકરીના બચ્ચાનું લોહી લગાવીને બાપને ધોકો આપવા ઈચ્છયું, હઝરત યાકૂબ (અલૈ.)એ કુરતો સહી-સલામત જોઈને કહ્યું, મારા દિકરાઓ ! આ વરૂ કેટલો બુદ્ધિશાળી અને હિકમતવાળો હતો કે યૂસુફને એવી રીતે ફાડી ખાધો કે કુરતો કોઈ જગ્યાએથી ફાટયો પણ નહીં !

એ જ પ્રમાણે હઝરત યાકૂબ (અલૈ.) ઉપર તેમની બનાવટનું રહસ્ય ખુલી ગયું અને ફરમાવ્યું, بَلْ سَوَّلَتْ لَكُمْ اَنْفُسُكُمْ اَمْرًا فَصَبْرٌ جَمِيْلٌ، وَاللّٰهُ الْمُسْتَعَانُ عَلٰى مَا تَصِفُوْنَ યૂસુફને વરૂએ નથી ખાધો બલકે તમારા નફ્સે એક વાત ઘડી કાઢી છે હવે મારા માટે ઉત્તમ એ જ છે કે સબ્ર કરું અને જે કંઈ તમે કહો છો તેના ઉપર અલ્લાહથી મદદ માંગું.

મસ્અલો :

હઝરત યાકૂબ (અલૈ.)એ કુરતો સહી-સલામત હોવાથી હઝરત યુસૂફ (અલૈ.)ના ભાઈઓના જૂઠા હોવાની દલીલ કરી છે, એનાથી જાણ થાય છે કે ન્યાયાધીશ અથવા શાસનકર્તાએ પક્ષકારોના દા'વા અને દલીલોની સાથે-સાથે પરિસ્થિતિ અને સાંયોગિક પુરાવાઓ ઉપર પણ દૃષ્ટિ રાખવી જોઈએ. *(કુર્તુબી)*

માવરડી (રહ.)એ કહ્યું છે કે યૂસુફ (અલૈ.)નું પહેરણ (કુરતો) પણ એક

અજાયબી છે, ત્રણ મહત્ત્વની મહાન ઘટનાઓ આ પહેરણ એટલે કે આ કુરતા સાથે જોડાયેલ છે.

પ્રથમ ઘટના : પિતાને ધોકામાં નાંખવા માટે કુરતો લોહીવાળો કરવો અને કુરતાની ગવાહીથી યૂસુફ (અલૈ.)ના ભાઈઓનું જૂઠું સાબિત થવું.

બીજી ઘટના : ઝુલેખાંની છે જેમાં પણ હઝરત યૂસુફ (અલૈ.)નો કુરતો જ ગવાહી સ્વરૂપે રજૂ થયો છે.

ત્રીજી ઘટના : હઝરત યાકૂબ (અલૈ.)ની આંખોની રોશની પાછી આવવાની બની છે તેમાં પણ તેમના કુરતાને જ આ પ્રતિષ્ઠા મળી હોવાનું સાબિત થાય છે.

મસ્અલો :

અમુક ઉલમાએ ફરમાવ્યું છે કે હઝરત યાકૂબ (અલૈ.)એ જે વાત પોતાના પુત્રોને તે સમયે કહી હતી, بَلْ سَوَّلَتْ لَكُمْ اَنْفُسُكُمْ اَمْرًا એટલે કે, તમારા નફ્સે એક વાત બનાવી છે આ જ વાત તે સમયે પણ કહી જ્યારે કે મિસ્રમાં હઝરત યૂસુફ (અલૈ.)ના સગા ભાઈ બિનયામીન એક ચોરીના આક્ષેપમાં પકડવામાં આવ્યા અને તેમના ભાઈઓએ હઝરત યાકૂબ (અલૈ.)ને એ ખબર આપી તો તેમણે ફરમા:વ્યું, بَلْ سَوَّلَتْ لَكُمْ اَنْفُسُكُمْ અત્રે વિચાર કરવાની બાબત એ છે કે હઝરત યાકુબ (અલૈ.)એ આ બંને બાબતો પોતાના અભિપ્રાય પ્રમાણે કહી હતી, તેમાં પ્રથમ વાત સાચી હતી અને બીજી વાત સાચી ન હતી કારણ કે, તેમાં ભાઈઓનો વાંક ન હતો. એનાથી જાણ થાય છે કે અભિપ્રાયની ભૂલ પયગમ્બરોથી પણ શરૂઆતમાં થઈ શકે છે જો કે પાછળથી તેમને ઈલાહી વહી દ્વારા આ ભૂલ ઉપર કાયમ રહેવા દેવામાં આવતા નથી.

વળી, કુર્તુબીમાં છે કે એનાથી સાબિત થયું કે અભિપ્રાયની ભૂલ મોટા મહાન લોકોથી પણ થઈ શકે છે એટલા માટે દરેક સલાહ-મશ્વરો આપનારે પોતાની સલાહની મર્યાદાને જાણવી જોઈએ અને તેના ઉપર એવો હઠાગ્રહ ન કરવો જોઈએ કે અન્યોની વાત સાંભળવા કે માનવા જ તૈયાર ન થાય.

وَجَآءَتْ سَيَّارَةٌ فَاَرْسَلُوْا وَارِدَهُمْ فَاَدْلٰى دَلْوَهٗ તેમાં سَيَّارَةٌ (સય્યારાહ)નો અર્થ "કાફલો" અને وَارِدٌ (વારિદ)નો ભાવાર્થ તે લોકો છે જેઓ કાફલામાં

આગળ-આગળ રહે છે, કાફલાની જરૂરિયાનો પાણી વગેરેની વ્યવસ્થા કરવાની તેમની જવાબદારી હોય છે, اِدْلَاءٌ (ઈદ્લાઉન)નો અર્થ કૂવામાં ડોલ નાંખવાનો છે મતલબ એ છે કે અચાનક એક કાફલો આ ભૂમિ ઉપરથી પસાર થયો. તફસીરે કુર્તુબીમાં છે કે આ કાફલો સિરીયાથી મિસ્ર જઈ રહ્યો હતો, માર્ગ ભૂલીને તેઓ આ વસ્તી વગરના જંગલમાં પહોંચી ગયા અને પાણી લાવનારાઓને કૂવા ઉપર મોકલ્યા.

લોકોની નજરમાં આ એક અચાનક ઘટેલી ઘટના હતી કે સિરીયાનો કાફલો માર્ગ ભૂલીને અહીંયાં પહોંચ્યો અને તેમને અવાવરુ કૂવાથી પાલો પડયો પરંતુ સૃષ્ટિનું રહસ્ય જાણનાર જાણે છે કે આ બધી ઘટનાઓ એક સમવાયી અને મજબૂત વ્યવસ્થાપનતંત્રની જોડાયેલી કડીઓ છે. હઝરત યૂસુફ (અલૈ.)ને પેદા કરનાર અને તેની સુરક્ષા કરનાર જ કાફલાને માર્ગથી હટાવીને અહીંયાં લાવે છે અને તેમના માણસોને અવાવરુ કૂવા ઉપર મોકલે છે, આ જ હાલત છે તે તમામ ઘટનાઓ અને કિસ્સાઓની જેને સામાન્ય માણસ અચાનક ઘટેલ ઘટનાઓ સમજે છે અને ફિલસૂફી ડહોળનારાઓ તેને અચાનક ઘટેલી ઘટનાઓ કહ્યા કરે છે જે વાસ્તવમાં તેઓના સૃષ્ટિના વ્યવસ્થાપનતંત્રથી અજાણ હોવા ઉપર આધારિત હોવાની દલીલ છે નહિતર "તકૂવીનિયાત"ના સિલસિલામાં કોઈ અચાનક કે અનાયાસે થતી ઘટનાને સ્થાન નથી હોતું, હક્ક સુબ્હાનહુ વ તઆલાની શા'ન فَعَّالٌ لِّمَا يُرِيْدُ (૮૫:૧૬) છે જે ગુપ્ત હિકમતો હેઠળ આવી પરિસ્થિતિઓ પેદા કરી દે છે કે જાહેર પરિસ્થિતિઓ આધારે તેની જોડાયેલ કડીઓ સમજમાં નથી આવતી એટલા માટે મનુષ્ય તેને અચાનક ઘટેલ ઘટનાઓ ઠરાવે છે.

ખૈર, તે માણસનું નામ માલિક બિન ડુબર બતાવવામાં આવે છે, તે કૂવા ઉપર પહોંચ્યો, ડોલ નાંખી અને યૂસુફ (અલૈ.)એ કુદરતની મદદના પ્રત્યક્ષ દર્શન કર્યા, તેમણે ડોલનું દોરડું પકડી લીધું, પાણી વિના ડોલ સાથે એક એવી હસ્તીનો ચહેરો સામે આવ્યો જેની ભવિષ્યમાં ઘટનાર મહાન પ્રતિષ્ઠા અને મોટા દરજ્જાને જો ભૂલી જવામાં આવે છતાં મોજૂદ હાલતમાં પણ પોતાના અત્યંત સ્વરૂપવાન બૌદ્ધિક તેજસ્વીતા સાથે ઉપસ્થિત હતા જે તેમની મહાનતા માટે કંઈ ઓછું ન હતું. એક આશ્ચર્યજનક કૂવાની ઊંડાઈમાંથી મળનાર આ નાનકડા સ્વરૂપવાન અને તેજસ્વી બુદ્ધિવાન બાળકને જોઈને તે પોકારી ઉઠયો, يٰبُشْرٰى هٰذَا غُلَامٌ અરે,

ઘણી મોટી ખુશીની વાત છે, આ તો ઘણો સારો છોકરો નીકળી આવ્યો છે ! સહીહ મુસ્લિમમાં શબે મેઅ્‌રાજની હદીષમાં છે કે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે, હું હઝરત યૂસુફ (અલૈ.)ને મળ્યો તો જોયું કે અલ્લાહ તઆલાએ સમગ્ર દુનિયાના રૂપ અને ખુબસૂરતીમાંથી તેમને અડધે-અડધું અર્પણ કર્યું છે અને બાકી અડધું આખી દુનિયામાં વહેંચ્યું છે.

وَاَسَرُّوْهُ بِضَاعَةً એટલે કે, "છુપાવી લીધા તેને એક વેપારનો માલ સમજીને." ભાવાર્થ એ છે કે શરૂમાં તો માલિક બિન ડુબર આ છોકરાને જોઈને આશ્ચર્યથી પોકારી ઉઠ્યો પછી ઘટના ઉપર વિચાર કરીને એવું નક્કી કર્યું કે તેની ચર્ચા કરવામાં ન આવે, તેને સંતાડી રાખવામાં આવે જેથી તેને વેચીને રકમ પ્રાપ્ત કરી શકાય, જો સમગ્ર કાફલામાં તેની ચર્ચા થઈ ગઈ તો આખો કાફલો તેમાં ભાગીદાર બની જશે.

એ અર્થ પણ હોઈ શકે છે કે હઝરત યૂસુફ (અલૈ.)ના ભાઈઓએ હકીકતને છુપાવીને તેમને એક વેપારનો માલ બનાવી લીધા જેમકે અમુક રિવાયતોમાં છે કે યહૂદા દરરોજ હઝરત યૂસુફ (અલૈ.)ને કૂવામાં ખાવા પહોંચાડવા માટે જતો હતો, ત્રીજા દિવસે જ્યારે તેમને કૂવામાં ન જોયા તો પાછા આવીને ભાઈઓને ઘટના જણાવી. આ બધા ભાઈઓ ભેગા થઈને ત્યાં પહોંચ્યા અને તહકીક કરી તો કાફલાવાળાઓ પાસેથી હઝરત યૂસુફ (અલૈ.) મળી આવ્યા. તેમણે કહ્યું કે આ છોકરો અમારો ગુલામ છે, નાસીને અહીંયાં આવી ગયો છે તમે ઘણું ખરાબ કર્યું કે તેને પોતાના કબ્જામાં રાખ્યો, માલિક બિન ડુબર અને તેના સાથીઓ ગભરાઈ ગયા કે અમને ચોર સમજવામાં આવશે એટલા માટે ભાઈઓ પાસેથી તેમને ખરીદવાની વાતચીત કરવા લાગ્યા.

જો આવું જ હોય તો આ આયતનો ભાવાર્થ એ થયો કે યૂસુફ (અલૈ.)ના ભાઈઓએ હઝરત યૂસુફ (અલૈ.)ને પોતે જ વેપારનો માલ બનાવીને તેમને વેચી દીધા હોય. وَاللّٰهُ عَلِيْمٌۢ بِمَا يَعْمَلُوْنَ એટલે કે, અલ્લાહ તઆલાને તેમની બધી પ્રવૃત્તિઓની જાણકારી હતી.

મતલબ એ છે કે અલ્લાહ તઆલા શા'નુહૂને બધી ખબર હતી કે હઝરત યૂસુફ (અલૈ.)ના ભાઈઓ શું કરવાના છે અને તેમની પાસેથી ખરીદનારો કાફલો

શું કરશે ? અને તે બાબત ઉપર સંપૂર્ણ કાબૂ ધરાવતો હતો કે તે સૌની યોજનાઓને માટીમાં મિલાવી આપે પરંતુ તક્વીની હિકમતો હેઠળ અલ્લાહ તઆલાએ આ યોજનાઓ ચાલવા દીધી.

ઈબ્ને કષીર (રહ.)એ ફરમાવ્યું છે કે આ વાકયમાં રસૂલે કરીમ ﷺ માટે પણ એ માર્ગદર્શન છે કે, તમારી કોમ જે કંઈ તમારી સાથે કરી રહી છે અથવા કરશે તે બધું અમારા જ્ઞાન અને કાબૂ બહાર નથી, જો હું ઈચ્છું તો એક પળમાં બધું બદલી નાંખું પરંતુ હિકમતનો તકાદો એ જ છે કે તે લોકો તે વખતે ભલે પોતાનું જોર અજમાવી લે અંતે આપ ﷺને તેમના ઉપર વિજયી કરીને સત્યને વિજયી બનાવવામાં આવશે જેમકે હઝરત યૂસુફ (અલૈ.) સાથે કરવામાં આવ્યું.

وَشَرَوْهُ بِثَمَنٍ بَخْسٍ دَرَاهِمَ مَعْدُوْدَةٍ શબ્દ شِرَا (શિરા) અરબી ભાષામાં ખરીદ અને વેચાણ બંને માટે ઉપયોગ થાય છે, અત્રે પણ બંને અર્થની સંભાવના છે. ઝમીર (સંબોધન) જો યૂસુફ (અલૈ.)ના ભાઈઓ તરફ કરવામાં આવે તો વેચવાનો અર્થ થશે અને કાફલાવાળાઓ તરફ કરવામાં આવે તો ખરીદવાનો અર્થ થશે, મતલબ એ છે કે "વેચી નાંખ્યા યૂસુફ (અલૈ.)ને" અથવા "ખરીદી લીધા કાફલાવાળાઓએ યૂસુફ (અલૈ.)ને ઘણી થોડી કિંમત ઉપર એટલે કે ગણતરીના અમુક દિરહમોના બદલામાં."

કુર્તુબીએ ફરમાવ્યું કે અરબ વેપારીઓની એ ટેવ હતી કે મોટી રકમોના વ્યવહારમાં વજન કર્યા કરતા હતા અને નાની રકમો જે ચાલીસથી વધારે ન હોય તે મા'મલો ગણતરીથી કર્યા કરતા હતા, એટલા માટે دَرَاهِمَ (દરાહિમ)ની સાથે مَعْدُوْدَةٍ (મઅ્દૂદહ)ના શબ્દએ એ બતાવી દીધું કે દિરહમોની સંખ્યા ચાલીસથી ઓછી હતી. ઈબ્ને કષીરે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદની રિવાયત લખી છે કે વીસ દિરહમમાં સોદો થયો અને દશ ભાઈઓએ બે-બે દિરહમ અંદર-અંદર વહેંચી લીધા, દિરહમોની સંખ્યા વિશે બાવીસ અથવા ચાલીસ દિરહમ હોવાનું પણ વિવિધ રિવાયતોમાં નકલ થયું છે. *(ઈબ્ને કષીર)*

وَكَانُوْا فِيْهِ مِنَ الزَّاهِدِيْنَ માં زَاهِدِيْنَ (ઝાહિદીન) એ زَاهِدْ (ઝાહિદ)નું બહુવચન છે જે زُهْدْ (ઝુહ્દ)થી બને છે, "ઝુહ્દ"નો શાબ્દિક અર્થ "બેધ્યાનપણુ" અથવા તો "આકર્ષણ ન ઉપજવું" થાય છે, રૂઢિપ્રયોગમાં

દુનિયાના માલ અને દોલતથી લગાવ ન હોવાને કહેવામાં આવે છે. આયતનો ભાવાર્થ એ છે કે હઝરત યુસૂફ (અલૈ.)ના ભાઈઓ આ વ્યવહારમાં વાસ્તવમાં માલના ઈચ્છુક ન હતા તેમનો મૂળ હેતુ તો હઝરત યુસૂફ (અલૈ.)ને બાપથી જુદા કરવાનો હતો એટલા માટે થોડા દિરહમોમાં મા'મલો કરી લીધો.

આયતો : (સૂરએ યૂસુફ : આયત નં. ૨૧-૨૨-૨૩)

وَقَالَ الَّذِى اشْتَرٰىهُ مِنْ مِّصْرَ لِامْرَاَتِهٖٓ اَكْرِمِىْ مَثْوٰىهُ عَسٰٓى اَنْ يَّنْفَعَنَآ اَوْ نَتَّخِذَهٗ
وَلَدًا ؕ وَكَذٰلِكَ مَكَّنَّا لِيُوْسُفَ فِى الْاَرْضِ ۡ وَلِنُعَلِّمَهٗ مِنْ تَاْوِيْلِ الْاَحَادِيْثِ ؕ وَاللّٰهُ غَالِبٌ
عَلٰٓى اَمْرِهٖ وَلٰكِنَّ اَكْثَرَ النَّاسِ لَا يَعْلَمُوْنَ ﴿٢١﴾ وَلَمَّا بَلَغَ اَشُدَّهٗٓ اٰتَيْنٰهُ حُكْمًا وَّعِلْمًا ؕ وَ
كَذٰلِكَ نَجْزِى الْمُحْسِنِيْنَ ﴿٢٢﴾ وَرَاوَدَتْهُ الَّتِىْ هُوَ فِىْ بَيْتِهَا عَنْ نَّفْسِهٖ وَغَلَّقَتِ الْاَبْوَابَ
وَقَالَتْ هَيْتَ لَكَ ؕ قَالَ مَعَاذَ اللّٰهِ اِنَّهٗ رَبِّىْٓ اَحْسَنَ مَثْوَاىَ ؕ اِنَّهٗ لَا يُفْلِحُ الظّٰلِمُوْنَ ﴿٢٣﴾

તરજુમો :

અને મિસ્રના જે વ્યકિતએ તેમને ખરીદયા તેણે પોતાની પત્નીને કહ્યું, તેને માન-સન્માનથી રાખો કદાચ આપણા કામ આવે અથવા આપણે તેને દિકરો બનાવી લઈએ અને એ જ પ્રમાણે અમે યૂસુફ (અલૈ.)ને તે પ્રદેશમાં જગ્યા આપી અને એટલા માટે કે તેમને વાતોને ઠેકાણા ઉપર બેસાડવાનું કંઈક (જ્ઞાન) શિખવાડીએ અને અલ્લાહ પોતાના કાર્યમાં છવાયેલો રહે છે અને પરંતુ ઘણા લોકો જાણતા નથી. (૨૧) અને જ્યારે પોતાની યુવાનીએ પહોંચી ગયા અમે તેમને હિકમત (Wisdom) અને જ્ઞાન અર્પણ કર્યું અને અમે નેકીઓવાળાઓને એવો જ બદલો આપીએ છીએ. (૨૨) અને તેમને તે સ્ત્રીએ ફોસલાવ્યા જેના ઘરમાં તેઓ હતા પોતાના જીવને કાબૂમાં રાખવાથી અને દરવાજા બંધ કરી દીધા અને બોલી, જલદી આવો ! તેમણે (હઝરત યૂસુફ અલૈ.એ) કહ્યું, અલ્લાહની પનાહ ! તે અઝીઝ (ગવર્નર) મારો માલિક છે, મને સારી રીતે રાખ્યો છે, બેશક ! તે લોકો ભલાઈ નથી પામતા જેઓ અન્યાયી હોય છે. (૨૩)

તફસીર :

(કાફલાવાળા હઝરત યૂસુફ અલૈ.ને તેમના ભાઈઓ પાસેથી ખરીદીને મિસ્ર લઈ ગયા અને ત્યાં અઝીઝે મિસ્ર-મિસ્રના વહીવટદારને વેચી દીધા) અને જે વ્યક્તિએ તેમને મિસ્રમાં ખરીદ્યા હતા (એટલે કે અઝીઝ) તેણે (પોતાના ઘરે લાવીને પોતાની પત્નીને સોંપ્યા અને) પોતાની પત્નીને કહ્યું કે તેને માન-સન્માનથી રાખજે કદાચ શક્ય છે કે (મોટો થઈને) આપણા કામ લાગે અથવા આપણે તેને બેટો બનાવી લઈએ (એ પ્રખ્યાત છે કે એવું એટલા માટે કહ્યું કે તેને સંતાન ન હતા) અને અમે (જે પ્રમાણે યૂસુફ અલૈ.ને પોતાની ખાસ કૃપા વડે અંધારા કૂવામાંથી છુટકારો અપાવ્યો) એ જ પ્રમાણે યૂસુફ (અલૈ.)ને આ ભૂમિ (મિસ્ર)માં ખૂબ શક્તિ આપી (તેનો ભાવાર્થ સલતનત છે) અને (આ છુટકારો એ હેતુથી પણ હતો કે) જેથી અમે તેને સ્વપ્નની તા'બીર આપવાનું બતાવીએ (મતલબ એ હતો કે છુટકારો અપાવવાનો મકસદ તેમને જાહેર અને ગુપ્ત દોલતથી માલા-માલ કરવાનો હતો) અને અલ્લાહ તઆલા પોતાના (ઇચ્છિત) કાર્યો ઉપર છવાયેલો (છે અને સંપૂર્ણ કાબૂ ધરાવે) છે, (જે ઇચ્છે કરે છે) પરંતુ ઘણા લોકો જાણતા નથી. (કારણ કે તેમનામાં ઈમાન અને વિશ્વાસ ઓછો હોય છે, આ વિષય ઘટના વર્ણવતી વખતે વચ્ચે એટલા માટે લાવવામાં આવ્યો છે કે હઝરત યૂસુફ અલૈ.ની ઉપસ્થિત પરિસ્થિતિ દેખીતું છે કે ગુલામ બનીને રહેવાની છે અને દેખીતી રીતે તે કોઈ સારી પરિસ્થિતિ ન કહેવાય, પરંતુ અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે આ હાલત અમુક દિવસ એક માધ્યમ સ્વરૂપે છે, અસલ મકસદ તેમને ઊંચું સ્થાન અર્પણ કરવાનો છે અને તેનું માધ્યમ અઝીઝે મિસ્ર અને તેના ઘરમાં પાલન-પોષણ પામવાને બનાવવામાં આવ્યું, કારણ કે અમીર ઉમરાવોના ઘરમાં પાલન-પોષણ પામવાથી કેળવણી અને અનુભવ વધતો રહે છે તથા રાજકાજનું જ્ઞાન પણ થાય છે, તેનો જ સંદર્ભ આગળ આ રીતે છે) અને જ્યારે તેઓ પોતાની યુવાની (એટલે કે પોતાની યુવાનીમાં અત્યંત સ્વરૂપવાન અને યુવાનીના જોમ)માં પહોંચ્યા અમે તેમને હિકમત અને જ્ઞાન અર્પણ કર્યું (તેનો ભાવાર્થ નુબુવ્વતનું જ્ઞાન અર્પણ કરવાનો છે અને કૂવામાં નાંખવાના સમયે જે તેમના તરફ વહી મોકલવાનું વર્ણન પ્રથમ આવી ચૂક્યું છે તે નુબુવ્વતની વહી ન હતી બલકે એવી વહી હતી જેમકે હઝરત મૂસા અલૈ.ની

વાલિદહને વહી મોકલવામાં આવી હતી) અને અમે નેક લોકોને આ જ પ્રમાણે બદલો આપતા રહીએ છીએ (જે કિસ્સો હઝરત યૂસુફ અલૈ. ઉપર તોહમત લગાવવાનો આગળ વર્ણન થશે તેનાથી પ્રથમ આ વાક્યમાં એ બતાવવામાં આવ્યું કે તે નર્યો આક્ષેપ અને જૂઠી તોહમત હતી, કારણ કે જેને અલ્લાહ તઆલા તરફથી જ્ઞાન અને હિકમત અર્પણ થાય તેનાથી એવું કામ થઈ જ નથી શકતું. આગળ આ તોહમતના કિસ્સાને વર્ણન કરવામાં આવ્યો છે કે હઝરત યૂસુફ અલૈ. અઝીઝે મિસ્રના ઘરમાં આરામ અને રાહત સાથે રહેવા લાગ્યા) અને (તે જ દરમિયાન આ દુર્ઘટના બની કે) જે સ્ત્રીના ઘરમાં હઝરત યૂસુફ (અલૈ.) રહેતા હતા તે (તેમના ઉપર લલચાઈ ગઈ અને) તેમનાથી પોતાનો મતલબ પ્રાપ્ત કરવા માટે તેમને ફોસલાવવા લાગી અને (ઘરના) બધા દરવાજાઓ બંધ કરી દીધા અને (તેમને) કહેવા લાગી, આવી જાઓ ! તમોને જ કહું છું, યુસૂફ (અલૈ.)એ કહ્યું (કે પ્રથમ તો આ પોતે જ મોટો ગુનોહ છે), અલ્લાહ બચાવે ! (બીજું) તે (એટલે કે તારો પતિ) મારો માલિક (અને ઘણો સારો અહેસાન કરનારો) છે કે મને કેવી સારી રીતે રાખ્યો (તો શું હું તેની ઈજ્જતમાં હાથ નાંખું ?) આવા હક ફરામોશ લોકો સફળ થતા નથી (બલકે મોટે ભાગે તો દુનિયામાં જ ઝલીલ અને પરેશાન થાય છે નહિતર આખિરતમાં તો અઝાબ થવો તો ચોક્કસ બાબત છે).

મસ્અલા અને બોધપાઠ :

પાછલી આયતોમાં હઝરત યૂસુફ (અલૈ.)ની ઘટનાની શરૂઆતનો ઉલ્લેખ થઈ ચૂક્યો છે કે કાફલાવાળાઓએ જ્યારે તેમને કૂવામાંથી કાઢી લીધા તો હઝરત યૂસુફ (અલૈ.)ના ભાઈઓએ તેમને પોતાનો ભાગી છૂટેલો ગુલામ બતાવી થોડા દિરહમોમાં તેમની સાથે સોદો કરી લીધો. પ્રથમ તો એટલા માટે કે તેમને આ મહાન હસ્તીની કદરની ખબર ન હતી, બીજું એટલા માટે કે તેમનો મૂળ હેતુ તેનાથી પૈસા કમાવવાનો ન હતો બલકે પિતાથી દૂર કરી દેવાનો હતો, એટલા માટે ફક્ત વેચી દેવાને જ પૂરતું ન સમજ્યું કારણ કે એ ભય હતો કે કદાચ કાફલાવાળાઓ તેમને અહીંયાં ન છોડી જાય અને તેઓ ફરીવાર કોઈ રીતે પિતા પાસે પહોંચીને અમારી સાજિશનો પર્દાફાશ ન કરી દે એટલા માટે તફસીરના ઈમામ મુજાહિદ (રહ.)ની રિવાયત પ્રમાણે આ લોકો તે રાહ જોતા રહ્યા કે આ કાફલો તેમને લઈને મિસ્ર માટે રવાના થઈ જાય અને જ્યારે કાફલો રવાના થયો

તો અમુક દૂર સુધી કાફલાની સાથે ચાલ્યા અને તે લોકોને કહ્યું કે જુઓ ! તેને નાસી છુટવાની આદત છે ખુલ્લો ન છોડજો બલકે બાંધીને રાખજો, આ મહાનતમ્ હસ્તીની કદર અને કિંમતથી નાવાકેફ કાફલાવાળા તેમને એ જ પ્રમાણે મિસ્ર સુધી લઈ ગયા. *(તફસીરે ઈબ્ને કષીર)*

પ્રસ્તુત આયતોમાં ત્યાર પછીની ઘટના આ પ્રમાણે વર્ણન થઈ છે, કુર્આનની સંક્ષિપ્ત વર્ણનશૈલીની સાથે કિસ્સાના જેટલા પણ વિભાગો છે આપમેળે સમજમાં આવી શકે છે, તેને વિસ્તૃત રીતે વર્ણન કરવાની આવશ્યકતા સમજવામાં નથી આવી, દાખલા તરીકે કાફલો વિવિધ પડાવોથી પસાર થઈ મિસ્ર સુધી પહોંચ્યો અને ત્યાં જઈને હઝરત યૂસુફ (અલૈ.)ને વેચ્યા વગેરે...વગેરે.... બલકે બધી વિગતોનું વર્ણન અહીંયાંથી શરૂ થાય છે.

وَقَالَ الَّذِی اشْتَرٰهُ مِنْ مِّصْرَ لِامْرَاَتِهٖٓ اَكْرِمِیْ مَثْوٰهُ એટલે કે, "તે વ્યક્તિએ પોતાની પત્નીને કહ્યું જેણે હઝરત યૂસુફ (અલૈ.)ને મિસ્રમાં ખરીદયા કે યૂસુફ (અલૈ.)ના રહેવા-સહેવાનો સારો બંદોબસ્ત કરો."

મતલબ એ છે કે કાફલાવાળાઓએ તેમને મિસ્ર જઈને વેચવાની જાહેરાત કરી તો તફસીરે કુર્તુબીમાં છે કે લોકોએ બઢી-ચઢીને કિંમતો લગાવવાની શરૂઆત કરી એટલે સુધી કે યૂસુફ (અલૈ.)ના વજન બરાબર સોનું અને એટલું જ મુશ્ક અને એટલા જ વજનનું રેશમી કપડું કિંમતમાં લાગી ગયું.

આ દોલત અલ્લાહ તઆલાએ અઝીઝે મિસ્રના નસીબમાં લખી હતી, તેણે આ બધી વસ્તુઓની કિંમત અદા કરીને હઝરત યૂસુફ (અલૈ.)ને ખરીદી લીધા.

જેમકે કુર્આનના અગાઉના ઈરશાદોથી જાણ થઈ ચૂકી છે કે આ બધું કંઈ કોઈ અચાનક ઘટતી ઘટનાઓ ન હતી બલકે, રબ્બુલ ઈજ્જતની બનાવેલ એક મજબૂત યોજનાના વિભાગો હતા. મિસ્રમાં હઝરત યૂસુફ (અલૈ.)ને ખરીદવા માટે તે દેશના મોટા-મોટા ઈજ્જતવાળા લોકોને અલ્લાહે નક્કી કરી રાખ્યા હતા. ઈબ્ને કષીરે ફરમાવ્યું છે કે તે વ્યક્તિ જેણે મિસ્રમાં હઝરત યૂસુફ (અલૈ.)ને ખરીદયા તે મિસ્રનો નાણામંત્રી હતો જેનું નામ કિત્ફીર અથવા ઈત્ફીર બતાવવામાં આવે છે અને મિસ્રનો રાજા તે યુગમાં અમાલિકા કોમનો એક

વ્યક્તિ રય્યાન બિન ઉસયદ હતો જેણે પાછળથી હઝરત યૂસુફ (અલૈ.)ના હાથે ઈસ્લામ સ્વીકાર્યો અને મુસલમાન થઈને હઝરત યૂસુફ (અલૈ.)ની હયાતીમાં જ વફાત પામ્યો. (મઝહરી) અને અઝીઝે મિસ્ર જેમણે હઝરત યૂસુફ (અલૈ.)ને ખરીદયા હતા તેમની પત્નીનું નામ રાઈલ અથવા ઝુલૈખાં બતાવવામાં આવે છે. અઝીઝે મિસ્ર કિત્ફીરે હઝરત યૂસુફ (અલૈ.) વિશે પોતાની પત્નીને એ સૂચના આપી હતી કે તેમને રહેવા-સહેવાનું સારું ઠેકાણું આપે, સામાન્ય ગુલામોની જેમ ન રાખે અને તેમની જરૂરિયાતોની સારી વ્યવસ્થા કરે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.)એ ફરમાવ્યું કે, દુનિયામાં ત્રણ વ્યક્તિઓ ખૂબ બુદ્ધિશાળી અને સચોટ અનુમાનશક્તિવાળા સાબિત થયા છે. પ્રથમ અઝીઝે મિસ્ર જેણે હઝરત યૂસુફ (અલૈ.)ના તેજસ્વીપણાને પોતાના અનુમાનથી જાણીને પત્નીને આ સૂચના આપી. બીજા હઝરત શુઅયૂબ (અલૈ.)ની તે પુત્રી જેમણે હઝરત મૂસા (અલૈ.) વિશે પોતાના પિતાને કહ્યું, يَاأَبَتِ اسْتَأْجِرْهُ إِنَّ خَيْرَ مَنِ اسْتَأْجَرْتَ الْقَوِيُّ الْأَمِينُ એટલે કે, "હે અબ્બાજાન ! તેમને નોકર તરીકે રાખી લો એટલા માટે કે ઉત્તમ નોકર તે વ્યક્તિ છે જે મજબૂત પણ હોય અને અમાનતદાર પણ." ત્રીજા હઝરત સિદ્દીકે અકબર (રદિ.) છે જેમણે પોતાના પછી.... હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)ને ખિલાફત માટે ચૂંટી કાઢયા.

(ઈબ્ને કષીર)

وَكَذَٰلِكَ مَكَّنَّا لِيُوسُفَ فِي الْأَرْضِ એટલે કે, "આ પ્રમાણે અમે યૂસુફ (અલૈ.)ને તે પ્રદેશની હુકૂમત આપી દીધી." તેમાં આવનાર ઘટનાની ખુશખબરી એ છે કે યુસૂફ (અલૈ.) જે અઝીઝે મિસ્રના ઘરમાં તે સમયે ગુલામની હેસિયતથી દાખલ થયા છે, ઘણા જ જલદી તેઓ મિસ્રના સૌથી મોટા વ્યક્તિ થશે અને હુકૂમત તથા સત્તા તેમને પ્રાપ્ત થશે.

وَلِنُعَلِّمَهُ مِنْ تَأْوِيلِ الْأَحَادِيثِ અહીંયાં શરૂઆતમાં શબ્દ واؤ (વાવ)ને જો عَطْف (અત્ફ-Conjunctive) તરીકે માનવામાં આવે તો એક વાક્ય આ અર્થમાં સુષુપ્ત સમજવામાં આવશે જેનો અર્થ છે કે "અમે યૂસુફ (અલૈ.)ને પ્રદેશની હુકૂમત એટલા માટે આપી કે તેઓ દુનિયામાં ન્યાય અને ઈન્સાફ દ્વારા શાંતિ અને સલામતી સ્થાપિત કરે અને પ્રદેશના નિવાસીઓની રાહતની વ્યવસ્થા કરે અને એટલા માટે કે અમે તેમને વાતોને ઠેકાણે લગાવવાનું શિખવાડીએ."

વાતોને ઠેકાણે લગાડવું એક એવો સામાન્ય ભાવાર્થ ધરાવે છે જેમાં ઈલાહી વહીને સમજવી અને તે પ્રમાણે અમલ કરવો પણ સામેલ છે અને તમામ આવશ્યક જ્ઞાનં પ્રાપ્ત કરવું પણ તથા સ્વપ્નની સાચી તા'બીર કરવી પણ સામેલ છે.

وَاللّٰهُ غَالِبٌ عَلٰى اَمْرِهٖ એટલે કે, અલ્લાહ તઆલા છવાયેલો અને સર્વશક્તિમાન છે પોતાના કાર્યો ઉપર; જે તેનો ઈરાદો હોય છે વિશ્વનો બધો જ જાહેર સામાન તે પ્રમાણે થતો ચાલ્યો જાય છે. જેમકે એક હદીષમાં છે કે રસૂલે કરીમ ﷺનો ઈરશાદ છે કે, "જ્યારે અલ્લાહ તઆલા કોઈ કાર્યનો ઈરાદો કરે છે તો દુનિયાનો બધો જ સામાન તેના માટે તૈયાર કરી દે છે." وَلٰكِنَّ اَكْثَرَ النَّاسِ لَا يَعْلَمُوْنَ "પરંતુ મોટા ભાગના લોકો આ હકીકતને સમજતા નથી." અને જાહેર સામાનને જ બધું કંઈ સમજીને તેની ફિકર-ચિંતામાં લાગી જાય છે જ્યારે કે "મુસબ્બીબુલ અસબાબ" એટલે કે તમામ કાર્યકારણનો રચયિતા અને સર્વશક્તિમાન તરફ ધ્યાન નથી આપતા.

وَلَمَّا بَلَغَ اَشُدَّهٗ اٰتَيْنٰهُ حُكْمًا وَّعِلْمًا એટલે કે, "જ્યારે હઝરત યૂસુફ (અલૈ.) પોતાની સંપૂર્ણ તાકાત અને યુવાની ઉપર પહોંચી ગયા તો અમે તેમને હિકમત અને જ્ઞાન આપી દીધું."

આ શક્તિ અને યુવાની કઈ ઉંમરમાં પ્રાપ્ત થઈ તે વિશે મુફસ્સિરોના વિવિધ નિવેદનો છે. હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.), મુજાહિદ (રહ.), કતાદહ (રહ.) વગેરેએ ફરમાવ્યું કે, ૩૩ વર્ષની ઉંમર હતી. જહ્હાક (રહ.)એ વીસ વર્ષ અને હસન બસરી (રહ.)એ ચાલીસ વર્ષની બતાવી છે, જો કે એ બાબત ઉપર બધા સહમત છે કે હિકમત અને જ્ઞાન અર્પણ કરવાનો ભાવાર્થ આ સ્થળે નુબુવ્વત અર્પણ કરવાનો છે, તેનાથી એ પણ જાણ થઈ ગઈ કે હઝરત યૂસુફ (અલૈ.)ની નુબુવ્વત મિસ્ર પહોંચ્યા પછી લાંબા સમય બાદ મળી છે અને કૂવાના ઊંડાણમાં જે વહી તેમને મોકલવામાં આવી હતી તે નુબુવ્વતની વહી ન હતી બલકે, તે ભાવાર્થમાં શાબ્દિક વહી હતી જે ગયૂર અંબિયાને પણ મોકલવામાં આવે છે, જેમકે હઝરત મૂસા (અલૈ.)ની વાલિદહ અને હઝરત મરયમ (અલૈ.) વિશે નકલ થયું છે.

وَكَذٰلِكَ نَجْزِى الْمُحْسِنِيْنَ "અને અમે આ જ પ્રમાણે બદલો આપતા

રહીએ છીએ નેક કામ કરનારાઓને.'' મતલબ એ છે કે નાશ થવાથી છુટકારો અપાવીને હુકૂમત અને સન્માન સુધી પહોંચવું હઝરત યૂસુફ (અલૈ.)ની ભલાઈની વૃત્તિ, નૈતિકતા, અલ્લાહનો ડર અને નેક કાર્યોનું પરિણામ હતું. આ તેમની સાથે ખાસ નથી જે પણ આવા કર્મો કરશે અમારા ઈનામો આ જ પ્રમાણે મેળવશે.

وَرَاوَدَتۡهُ الَّتِىۡ هُوَ فِىۡ بَيۡتِهَا عَنۡ نَّفۡسِهٖ وَغَلَّقَتِ الۡاَبۡوَابَ وَقَالَتۡ هَيۡتَ لَكَ

એટલે કે, ''જે સ્ત્રીના ઘરમાં હઝરત યૂસુફ (અલૈ.) રહેતા હતા તે તેમના ઉપર મોહી પડી અને તેમનાથી પોતાનો મતલબ પ્રાપ્ત કરવા માટે તેમને ફોસલાવા લાગી અને ઘરના બધા જ દરવાજા બંધ કરી દીધા અને તેમને કહેવા લાગી, જલદી આવો ! તમને જ કહું છું.''

પ્રથમ આયતથી જાણ થઈ ચૂકી છે કે આ પત્ની અઝીઝે મિસ્રની પત્ની હતી પરંતુ આ સ્થળે કુર્આને કરીમે અઝીઝની પત્ની માટે ટૂંકો શબ્દ છોડીને اَلَّتِىۡ هُوَ بَيۡتِهَا ના શબ્દો અપનાવ્યા છે, તેમાં ઈશારો એ તરફ છે કે હઝરત યૂસુફ (અલૈ.) માટે ગુનાહથી બચવાની મુશ્કેલીઓમાં આ બાબતે વિશેષ વધારો કર્યો હતો કે તેઓ આ જ સ્ત્રીના ઘરમાં તેના જ શરણમાં રહેતા હતા, તેના આમંત્રણને ઉપેક્ષિત કરવું સરળ ન હતું.

ગુનાહથી બચવાનો મજબૂત તરીકો પોતે અલ્લાહ તઆલાની પનાહ (શરણ) માંગવાનો છે :

તેનું જાહેર કારણ એ થયું કે હઝરત યૂસુફ (અલૈ.)એ જ્યારે પોતાને બધી રીતે ઘેરાયેલા જોયા તો પયગમ્બરી અંદાજમાં સૌથી પહેલાં અલ્લાહની પનાહ માંગી, قَالَ مَعَاذَ اللّٰهِ ફક્ત પોતાના ઈરાદા અને મજબૂત મનોબળનો ભરોસો ન કર્યો અને એ દેખીતું છે કે જેને અલ્લાહ તઆલાનું શરણ મળી જાય તેને કોણ સીધા માર્ગેથી ભટકાવી શકે છે. ત્યારબાદ પોતાની પયગમ્બરી હિકમત અને શિખામણ સાથે પોતે ઝુલેખાંને એ નસીહત આપવાની શરૂ કરી કે તે પણ અલ્લાહથી ડરે અને પોતાના ઈરાદાને છોડી દે. ફરમાવ્યું, اِنَّهٗ رَبِّىۡۤ اَحۡسَنَ مَثۡوَاىَ، اِنَّهٗ لَا يُفۡلِحُ الظّٰلِمُوۡنَ ''તે મારો ભરણપોષણ કરનાર છે, તેણે મને આરામની જગ્યા આપી, સારી રીતે સમજી લો કે જુલમ કરનાર સફળતા પામતા નથી.''

દેખીતી રીતે એનો ભાવાર્થ એ છે કે તારા પતિ અઝીઝે મિસ્રએ મારું

ભરણપોષણ કર્યું અને મને રહેવાનું સારું ઠેકાણું આપ્યું, તે મારો ઉપકારક છે, હું તેની ઈજ્જત ઉપર કઈ રીતે હાથ નાંખી શકું ! આ તો ઘણો મોટો જુલમ છે ! અને જુલમ કરનારા સફળતા પામતા નથી. આ સંદર્ભે પોતે ઝુલેખાંને પણ આ શિખામણ આપી કે જ્યારે હું તારા પતિના અમુક દિવસના ભરણપોષણનો આટલો હક ઓળખું છું તો તારે તો મારાથી વધારે તેને ઓળખવો જોઈએ.

આ સ્થળે હઝરત યૂસુફ (અલૈ.)એ અઝીઝે મિસ્રને પોતાનો رَبّ (રબ્બ) કહ્યો છે, જ્યારે કે આ શબ્દ અલ્લાહ તઆલા સિવાય કોઈ અન્ય માટે ઉપયોગ કરવો જાઇઝ નથી. કારણ એ છે કે આવા શબ્દો શિર્કનું કારણ અને મુશ્રિકો સાથે સામ્યતા જન્માવવાનું માધ્યમ હોય છે એટલા માટે શરીઅતે મુહમ્મદિય્યહ ﷺમાં આવા શબ્દોનો ઉપયોગ કરવો પણ પ્રતિબંધિત ઠરાવવામાં આવ્યો. સહીહ મુસ્લિમની હદીષમાં છે કે કોઈ ગુલામ પોતાના માલિકને પોતાનો "રબ્બ" ન કહે અને કોઈ માલિક પોતાના ગુલામને પોતાનો "બંદો" ન કહે પરંતુ આ વિશેષતા શરીઅતે મુહમ્મદિય્યહ ﷺની છે જેમાં શિર્કની મનાઈની સાથે એવી વસ્તુઓની પણ મનાઈ કરવામાં આવી છે જેમાં શિર્કનું માધ્યમ બનવાની સંભાવના હોય, અગાઉ થઈ ચૂકેલા અંબિયા (અલૈ.)ની શરીઅતોમાં શિર્કથી તો ખૂબ કઠોર રીતે રોકવામાં આવ્યા છે પરંતુ તેના કારણો અને માધ્યમો ઉપર કોઈ પાબંદી ન હતી. આ જ કારણે પાછલી શરીઅતોમાં સજીવના ચિત્રો બનાવવાની પણ મનાઈ ન હતી પરંતુ શરીઅતે મુહમ્મદિય્યહ ﷺ કારણ કે કયામત સુધી લાગુ પાડવામાં આવી છે એટલા માટે શિર્કથી સંપૂર્ણ રીતે સુરક્ષિત કરવા માટે શિર્કના માધ્યમો એવા સજીવના ચિત્ર દોરવા અને એવા શબ્દોથી પણ રોકવામાં આવ્યા જે શિર્કનું કારણ બની શકે છે અલબત્ત હઝરત યૂસુફ (અલૈ.)નું اِنَّهٗ رَبِّىْ કહેવું પોતાના સ્થળે યોગ્ય હતું.

એ પણ હોઈ શકે છે કે, اِنَّهٗ (ઇન્નહુ)ની ઝમીર અલ્લાહ તઆલા તરફ થતી હોય, તેને જ પોતાનો "રબ્બ" ફરમાવ્યો અને સારું ઠેકાણું પણ વાસ્તવમાં તેણે જ આપ્યું અને તેની નાફરમાની સૌથી મોટો અત્યાચાર છે અને અત્યાચાર કરનારાઓ કામિયાબ થતા નથી.

અમુક મુફસ્સિરો સિદ્દી અને ઈબ્ને ઈસ્હાક વગેરેએ નકલ કર્યું છે કે એકાંતમાં ઝુલેખાંએ હઝરત યૂસુફ (અલૈ.)ને પોતાના તરફ આકર્ષવા માટે

શરૂઆતમાં તેમની ખૂબસૂરતીના વખાણ કરવાના શરૂ કર્યા. કહ્યું કે, તમારા વાળ કેટલા સુંદર છે ! હઝરતયૂસુફ (અલૈ.)એ કહ્યું કે આ વાળ મોત પછી સૌ પ્રથમ મારા શરીરથી અલગ થઈ જશે, પછી કહ્યું કે તમારી આંખો કેટલી સુંદર છે ! હઝરત યૂસુફ (અલૈ.)એ ફરમાવ્યું, મોત પછી આ બધું પાણી બનીને મારા ચહેરા ઉપર વહી જશે, પછી કહ્યું તમારો ચહેરો કેટલો સુંદર છે ! તો હઝરત યૂસુફ (અલૈ.)એ ફરમાવ્યું કે આ બધું માટીનો ખોરાક છે. અલ્લાહ તઆલાએ આખિરતની ચિંતા હઝરત યૂસુફ (અલૈ.) ઉપર એ પ્રમાણે છવાઈ નાંખી હતી કે નવયુવાનીના સમયમાં દુનિયાની બધી જ લિજ્જતો તેમની સામે ફિક્કી થઈ ગઈ. સાચું છે કે આખિરતની ચિંતા જ તે વસ્તુ છે જે મનુષ્યને દરેક સ્થળે દરેક બુરાઈથી સુરક્ષિત રાખે છે. اَللّٰهُمَّ ارْزُقْنَا اِيَّاهُ અલ્લાહુમ્મ અરઝુકના ઈય્યાહુ. અલ્લાહ અમને એની તવફીક અતા ફરમાવે. આમીન.

આયત : (સૂરએ યૂસુફ : આયત નં. ૨૪)

وَلَقَدْ هَمَّتْ بِهٖ ۚ وَهَمَّ بِهَا لَوْلَآ اَنْ رَّاٰ بُرْهَانَ رَبِّهٖ ۭ كَذٰلِكَ لِنَصْرِفَ عَنْهُ السُّوْۗءَ وَالْفَحْشَاۗءَ ۭ اِنَّهٗ مِنْ عِبَادِنَا الْمُخْلَصِيْنَ ﴿۲۴﴾

તરજુમો :

અને અલબત્ત, તે સ્ત્રીએ તેમની ફિકર (ઈચ્છા) કરી અને તેમણે સ્ત્રીની ફિકર કરી જો તેમણે પોતાના પરવરદિગારની કુદરત (દલીલ)ને ન જોઈ હોત, એવું જ થયું જેથી અમે તેમનાથી બુરાઈ અને બેહયાઈ હટાવી દઈએ, અલબત્ત તે અમારા મુખ્લિસ (નિખાલસ) બંદાઓમાંથી છે. (૨૪)

તફસીર :

અને આ સ્ત્રીના દિલમાં તેમનો વિચાર (પાકા ઈરાદા અને નિર્ધારના સ્વરૂપમાં) દૃઢ થઈ રહ્યો હતો અને તેમને પણ તે સ્ત્રીનો કંઈક-કંઈક વિચાર (સ્વાભાવિક પ્રકૃતિની રૂએ) થઈ રહ્યો હતો, (જે અધિકારથી બહાર છે જેમકે ગરમીના રોઝાઓમાં પાણી તરફ મનુષ્યનો સ્વભાવ અકર્ષાય છે, જો કે રોઝો તોડવાનો વસવસો સુદ્ધાં નથી આવતો, અલબત્ત) જો પોતાના પરવરદિગારની

દલીલને (એટલે કે આ પ્રવૃત્તિ ગુનોહ હોવાની દલીલને જે શરીઅતનો હુકમ છે) તેમણે ન જોઈ હોત (એટલે કે તેમને શરીઅતનું જ્ઞાન તેના ઉપર અમલ કરવાની શક્તિ સાથે પ્રાપ્ત ન થયું હોત) તો વધારે વિચાર આવી જવો અજાયબ ન હતું (કારણ કે તેના માટે બધા જ સાધનો અને પ્રેરક તત્ત્વો મજબૂત સ્વરૂપે ભેગા થઈ ગયા હતા પરંતુ) અમે એ જ પ્રમાણે તેમને ઈલ્મ આપ્યું કે જેથી અમે તેમને સગીરહ-કબીરહ ગુનાહોથી દૂર રાખીએ (એટલે કે ઈરાદાથી પણ બચાવી લઈએ અને કૃત્યથી પણ, કારણ કે) તે અમારા મુખ્લિસ (ચૂંટી કાઢવામાં આવેલા) બંદાઓમાંથી હતા.

મસ્અલા અને બોધપાઠ :

પાછલી આયતમાં હઝરત યૂસુફ (અલૈ.)ની મહાન કસોટી અને અજમાયશનો ઉલ્લેખ હતો કે અઝીઝે મિસ્રની સ્ત્રીએ ઘરના દરવાજા બંધ કરીને તેમને ગુનાહ તરફ આમંત્રણ આપવાનો પ્રયત્ન કર્યો અને પોતાના તરફ આકર્ષિત કરવા અને ગુનાહમાં સંડોવવાનો બધો જ માહોલ અનુકૂળ કરી દીધો પરંતુ અલ્લાહ રબ્બુલ ઈજ્જતે તે નવયુવાન નેક વ્યક્તિને આવી સખત પરીક્ષામાં પણ મજબૂત મનોબળ ઉપર કાયમ રાખ્યા. તેની વધારે વિગત આ આયતમાં છે કે ઝુલેખાં તો ગુનાહના વિચારમાં લાગેલી જ હતી. હઝરત યૂસુફ (અલૈ.)ના દિલમાં પણ માનવીય પ્રકૃતિના તકાદાથી અમુક-અમુક અનિચ્છાવર્તી આકર્ષણ પેદા થવા લાગ્યું પરંતુ અલ્લાહ તઆલાએ બિલકુલ તે જ સમયે પોતાની દલીલ (બુરહાન) હઝરત યૂસુફ (અલૈ.) સામે ઉપસ્થિત કરી દીધી જેના કારણે તે અનિચ્છાવર્તી આકર્ષણ આગળ વધવાના બદલે બિલકુલ સમાપ્ત થઈ ગયું અને તેઓ પીછો છોડાવીને નાઠા.

આ આયતમાં શબ્દ هَمّ (હમ્મ)નો અર્થ "વિચાર" અથવા "ઈચ્છા" થાય છે જે બંને એટલે કે ઝુલેખાં અને યૂસુફ (અલૈ.) તરફ જોડી શકાય છે. وَلَقَدْ هَمَّتْ بِهٖ وَهَمَّ بِهَا અને એ પણ જાણ થાય છે કે ઝુલેખાંનો هَمّ (હમ્મ) એટલે કે, ઈચ્છા ગુનાહની હતી તેનાથી હઝરત યૂસુફ (અલૈ.) વિશે પણ આવો જ ખ્યાલ અને ગુમાન થઈ શકતું હતું અને એવું ઈજ્માએ ઉમ્મત દ્વારા શા'ને નુબુવ્વત અને રિસાલતની વિરોધી બાબત છે કારણ કે, જમહૂર ઉમ્મત એ બાબત ઉપર સહમત છે કે અંબિયા (અલૈ.) સગીરહ અને કબીરહ દરેક પ્રકારના ગુનાહોથી માસૂમ

હોય છે. કબીરહ ગુનાહ ન તો જાણીબુઝીને થઈ શકે છે અને ન જ ભૂલથી અથવા અજાણતાના માર્ગે. અલબત્ત, સગીરહ ગુનાહ ભૂલ અથવા અજાણતામાં થવાની સંભાવના હોય છે પરંતુ અંબિયા (અલૈ.)ને તેના ઉપર પણ કાયમ રહેવા દેવામાં આવતા નથી બલકે, જાણકારી આપીને તેમને તે ગુનાહોથી હટાવી દેવામાં આવે છે.

(મુસામરહ)

مَسْئَلَةُ عِصْمَتْ (મસ્લ-એ-ઈસ્મત) "ચારિત્ર્યની પવિત્રતા" કુર્આન અને સુન્નતથી સાબિત કરવા ઉપરાંત તાર્કિક અને બૌદ્ધિક રીતે પણ એટલા માટે જરૂરી છે કે, જો અંબિયા (અલૈ.)થી ગુનાહ થવાની શક્યતા કે સંભાવના રહેતી હોય તો તેમના લાવેલ દીન અને વહી ઉપર ભરોસો કરવાનો કોઈ માર્ગ નથી રહેતો અને તેમની બઅ્ષત તથા તેમના ઉપર કિતાબ નાઝિલ કરવાનો કોઈ લાભ બાકી નથી રહેતો એટલા માટે અલ્લાહ તઆલાએ પોતાના દરેક પયગમ્બરને બધા જ ગુનાહોથી માસૂમ રાખ્યા છે.

આથી સામૂહિક રીતે એ તો નક્કી થઈ ગયું કે હઝરત યૂસુફ (અલૈ.)ને જે વિચાર પેદા થયો તે ગુનાહના દરજ્જાનો વિચાર ન હતો, તેની વિગત એ છે કે અરબી ભાષામાં શબ્દ هَمّ (હમ્મ) બે અર્થ માટે બોલવામાં આવે છે. એક, "કોઈ કામનો ઈરાદો અથવા તે કામ કરી લેવાનો નિર્ધાર કરવો" અને બીજું, "ફક્ત દિલમાં ભ્રમ અથવા અનિચ્છાવર્તી ભ્રમણા પેદા થવી." પ્રથમ સ્વરૂપ ગુનાહમાં સામેલ છે અને પકડ કરવાપાત્ર છે, હા ! જો ઈરાદો અને નિર્ધાર કર્યા પછી માત્ર અલ્લાહ તઆલાના ડરથી કોઈ વ્યક્તિ આ ગુનાહને પોતાના અધિકારથી પોતે છોડી દે તો હદીષમાં છે કે અલ્લાહ તઆલા તેના ગુનાહની જગ્યાએ તેના નામ-એ-આ'માલમા એક નેકી લખી લે છે અને બીજું સ્વરૂપ કે માત્ર અનિચ્છાવર્તી ભ્રમણા કે વિચાર આવી જવો કે આ પ્રવૃત્તિનો ઈરાદો બિલકુલ નથી માત્ર વસવસો છે જેમકે ગરમીના રોઝાઓમાં ઠંડા પાણી તરફ સ્વાભાવિક રીતે માનવની પ્રકૃતિ અનિચ્છાએ આકર્ષિત થઈ જાય છે જ્યારે કે રોઝામાં તે પાણી પીવાનો ઈરાદો તો દૂર બલકે કલ્પના પણ નથી હોતી, આ પ્રકારના વસવસા અને ભ્રમ ન તો મનુષ્યના અધિકારમાં છે અને ન જ તેના ઉપર કોઈ પકડ છે અને ન તો તે ગુનાહ છે.

સહીહ બુખારીની હદીષમાં છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે,

અલ્લાહ તઆલાએ મારી ઉમ્મત માટે ગુનાહોના વસવસા અને ભ્રમને મા'ફ કરી દીધા છે જ્યારે કે તે તેના ઉપર અમલ ન કરે. (કુર્તુબી) અને સહીહૈનમાં હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત નકલ થઈ છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, અલ્લાહ તઆલા ફરિશ્તાઓને ફરમાવે છે કે મારો બંદો જ્યારે કોઈ નેકીનો ઈરાદો કરે તો માત્ર ઈરાદો કરવાના કારણે તેના નામ-એ-આ'માલમાં એક નેકી લખી દો અને જ્યારે તે આ નેકી ઉપર અમલ કરી લે તો દશ નેકીઓ લખી દો અને જો બંદો કોઈ ગુનાહનો ઈરાદો કરે પછી અલ્લાહના ડરથી છોડી દે તો ગુનાહના બદલે તેના નામ-એ-આ'માલમાં એક નેકી લખી દો અને જો તે ગુનોહ કરી જ લે તો ફક્ત એક જ ગુનોહ લખો. *(ઈબ્ને કષીર)*

તફસીરે કુર્તુબીમાં શબ્દ هَمّ (હમ્મ)ને બંને અર્થો માટે ઉપયોગ થવાનું અરબના રૂઢિપ્રયોગો તથા શેરો (શાયરી-કાવ્ય)ની ગવાહીઓથી સાબિત કર્યું છે.

આથી જાણ થઈ કે જો કે આયતમાં શબ્દ هَمّ (હમ્મ) ઝુલેખાં અને હઝરત યૂસુફ (અલૈ.) બંને માટે કહેવામાં આવ્યો પરંતુ તે બંનેના હમ્મ એટલે તે વિચારમાં ઘણો જ તફાવત હતો. પ્રથમ ગુનાહમાં સામેલ છે અને બીજો અનિચ્છાવર્તી ભ્રમની હેસિયત ધરાવે છે જે ગુનાહમાં સામેલ નથી, કુર્આને કરીમની વર્ણનશૈલી પણ પોતે આ બાબતની સાક્ષી છે કારણ કે, બંનેના હમ્મ અને વિચાર જો એક જ પ્રકારના હોત તો આ સ્થળે "સેગ-એ-તષ્નિય્યહ" (બે-વચન) તરીકે بِصِيغَةُ تَثْنِيَة وَلَقَدْ هَمَّا કહેવામાં આવ્યું હોત જે ટૂંકું પણ હતું પરંતુ તેને છોડીને બંનેના "હમ્મ" અને વિચારને અલગ-અલગ ફરમાવ્યું અને هَمَّتْ بِهٖ وَهَمَّ بِهَا કહ્યું. તથા ઝુલેખાંના "હમ્મ" અને વિચારની સાથે તાકીદનો શબ્દ لَقَدْ (લકદ્)નો ઉમેરો કર્યો. હઝરત યૂસુફ (અલૈ.)ના હમ્મની સાથે لَامْ (લામ) અને قَدْ (કદ)ની તાકીદ નથી, જેનાથી જાણ થાય છે કે આ ખાસ વર્ણનશૈલી દ્વારા અહીંયાં એવું બતાવવાનો હેતુ છે કે ઝુલેખાંનું "હમ્મ" કેવું અને કેવા પ્રકારનું હતું જ્યારે કે હઝરત યૂસુફ (અલૈ.)નું "હમ્મ" તેનાથી અલગ પ્રકારનું હતું.

સહીહ મુસ્લિમમાં એક હદીષમાં છે કે, જે વખતે હઝરત યૂસુફ (અલૈ.)ને આ ભ્રમણા ઉપસ્થિત થઈ તો ફરિશ્તાઓએ અલ્લાહ જલ્લ શા'નુહૂને વિનંતી કરી કે આપનો આ મુખ્લિસ બંદો ગુનાહના વિચારમાં છે જ્યારે કે તે તેનો વબાલ સારી

રીતે જાણે છે. અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે રાહ જુઓ, જો તે આ ગુનોહ કરી લે તો જેવો કર્યો છે તેવો તેના નામ-એ-આ'માલમાં લખી દો અને જો તે તેને છોડી દે તો ગુનાહના બદલે તેના નામ-એ-આ'માલમાં નેકી નોંધી લો કારણ કે, તેણે ફક્ત મારા ડરથી પોતાની ઈચ્છાને છોડી છે (જે ઘણી જ મોટી નેકી છે). *(કુર્તુબી)*

ખુલાસો એ છે કે હઝરત યૂસુફ (અલૈ.)ના દિલમાં જે વિચાર અથવા આકર્ષણ પેદા થયું તે ફક્ત અનિચ્છાવર્તી વસવસાના દરજ્જામાં હતું જે ગુનાહમાં સામેલ નથી, પછી આ વસવસો કે ભ્રમ વિરુદ્ધ અમલ કરવાથી અલ્લાહ તઆલા સમીપ તેમનો દરજ્જો વધારે બુલંદ થઈ ગયો.

અમુક મુફસ્સિરોએ આ સ્થળે એ પણ ફરમાવ્યું છે કે સંબોધનમાં ક્રમફેર થયો છે. لَوْ لَآ اَنْ رَّاٰ بُرْهَانَ رَبِّهٖ જે પાછળથી વર્ણન થયું છે તે વાસ્તવમાં અગ્ર સ્થાને છે અને આયતનો અર્થ એ થાય છે કે, "હઝરત યૂસુફ (અલૈ.)ને પણ વિચાર પેદા થઈ ગયો હોત જો અલ્લાહ તઆલાની દલીલ અને બુરહાન (સાબિતી) ન જોઈ લીધું હોત." પરંતુ અલ્લાહ તઆલાની દલીલ અને સાબિતી જોવાના કારણે તેઓ આ هَمَّ (હમ્મ) અથવા વિચારથી પણ બચી ગયા, લખાણ આ પ્રમાણે પણ યોગ્ય છે પરંતુ અમુક લોકોએ આ ક્રમફેરને ભાષાકીય નિયમો અને કાયદાઓ વિરુદ્ધ ઠરાવ્યું છે અને એ આધારે પણ પ્રથમ તફસીર વધારે પ્રચલિત છે કે તેમાં હઝરત યૂસુફ (અલૈ.)ના તકવાની શા'ન તથા તેમની પવિત્રતા વિશેષ બુલંદ થઈ જાય છે કે માનવ સ્વાભાવગત તકાદાઓ અને પ્રકૃતિ છતાં તેઓ ગુનાહથી સુરક્ષિત રહ્યા.

ત્યારબાદ જે ઈરશાદ ફરમાવ્યો, لَوْ لَآ اَنْ رَّاٰ بُرْهَانَ رَبِّهٖ તેનું અહીંયાં સૈદ્ધાંતિક (પૂરક) વાક્ય સુષુપ્ત છે અને અર્થ એ છે કે, "જો તેઓએ પોતાના પરવરદિગારની સાબિતી અને દલીલને ન જોઈ હોત તો એવા વિચારમાં લાગેલા રહ્યા હોત." પરંતુ અલ્લાહની નિશાની અને સાબિતી જોઈ લેવાના કારણે તે અનિચ્છાવર્તી વિચાર અને વસવસો (ભ્રમ) પણ દિલમાંથી નીકળી ગયો.

કુર્આને કરીમે એ સ્પષ્ટ નથી કર્યું કે તે بُرْهَانَ رَبِّى (બુરહાને રબ્બી) "અલ્લાહની સાબિતી અથવા દલીલ" હઝરત યૂસુફ (અલૈ.)ની સામે શું વસ્તુ હતી ? એટલા માટે તે બાબતે મુફસ્સિરોના વિવિધ નિવેદનો નોંધાયા છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.), મુજાહિદ (રહ.), સઈદ બિન ઝુબૈર (રદિ.),

મુહમ્મદ બિન સિરીન (રહ.), હસન બસરી (રહ.) વગેરે મુફસ્સિરોનું નિવેદન છે કે અલ્લાહ તઆલાએ મોઅ્જિઝા સ્વરૂપે તેમને એકાંતમાં હઝરત યાકૂબ (અલૈ.)નો ચહેરો એ પ્રમાણે સામે કરી દીધો કે તેઓ પોતાની આંગળી દાંતોમાં દબાવીને તેમને ચેતવી રહ્યા છે અને અમુક મુફસ્સિરોએ ફરમાવ્યું કે અઝીઝે મિસ્રનો ચહેરો તેમની સામે કરી દેવામાં આવ્યો, અમુકે કહ્યું કે હઝરત યૂસુફ (અલૈ.)ની નજર છત તરફ ઊઠી તો તેમાં આ કુર્આનની આયત લખેલી જોઈ, لَا تَقْرَبُوا الزِّنَا إِنَّهُ كَانَ فَاحِشَةً ط .... وَسَآءَ سَبِيْلًا એટલે કે, "વ્યભિચારની પાસે પણ ન ભટકો કારણ કે તે ઘણી જ બેહયાઈ (અને અલ્લાહના ક્રોધનું કારણ અને સમાજ માટે) ઘણો જ ખરાબ માર્ગ છે." અમુક મુફસ્સિરોએ ફરમાવ્યું કે, ઝુલેખાંના મકાનમાં એક મૂર્તિ હતી તેણે આ મૂર્તિ ઉપર પડદો નાંખ્યો તો હઝરત યુસૂફ (અલૈ.)એ કારણ પૂછ્યું. તેણે કહ્યું કે આ મારો મઅ્બૂદ છે તેની સામે ગુનોહ કરવાની મારી હિંમત નથી. હઝરત યૂસુફ (અલૈ.)એ કહ્યું કે, મારો મઅ્બૂદ તેનાથી વધારે હયા (શરમ)નો હકદાર છે તેની નજરને કોઈ પડદો રોકી શકતો નથી અને અમુક લોકોએ ફરમાવ્યું છે કે હઝરત યૂસુફ (અલૈ.)ની નુબુવ્વત અને અલ્લાહનો પરિચય તથા તેની મઅ્રિફત પોતે જ "બુરહાને રબ્બી" હતું.

તફસીરના ઈમામ ઈબ્ને જરીર (રહ.)એ તે બધા જ નિવેદનો નકલ કરીને જે વાત ફરમાવી છે તે બધા સંશોધનકારો સમીપ ખૂબ પસંદ કરવામાં આવી છે અને ચોખ્ખી છે, તે એ છે કે જેટલી વાત કુર્આને કરીમે બતાવી દીધી છે બસ તેને પૂરતું સમજવામાં આવે, એટલે એ કે હઝરત યૂસુફ (અલૈ.)એ કોઈ એવી વસ્તુ જોઈ જેનાથી તેમના દિલમાંથી વસવસો જતો રહ્યો, આ વસ્તુ શું હતી તે નક્કી કરવામાં તે બધી જ સંભાવનાઓ હોઈ શકે છે જે મુફસ્સિરોએ વર્ણન કરી છે પરંતુ ચોક્કસ રીતે કોઈ એકને નક્કી કરી શકાય નહીં. *(ઈબ્ને કસીર)*

كَذٰلِكَ لِنَصْرِفَ عَنْهُ السُّوْٓءَ وَالْفَحْشَآءَ ط إِنَّهُ مِنْ عِبَادِنَا الْمُخْلَصِيْنَ એટલે કે, અમે હઝરત યૂસુફ (અલૈ.)ને આ બુરહાન એટલા માટે બતાવ્યું કે તેમનાથી બુરાઈ અને બેહયાઈને હટાવી દઈએ. બુરાઈનો ભાવાર્થ સગીરહ ગુનાહ અને બેહયાઈનો ભાવાર્થ કબીરહ ગુનાહ છે. *(મઝહરી)*

અત્રે આ વાત ધ્યાનપાત્ર છે કે બુરાઈ અને બેહયાઈ (નિર્લજ્જતા)ને હઝરત યુસૂફ (અલૈ.)થી હટાવી દેવાનું વર્ણન ફરમાવવામાં આવ્યું. હઝરત યૂસુફ

(અલૈ.)ને બુરાઈ અને બેહયાઈથી હટાવવાનું નથી કહ્યું, જેમાં ઈશારો એ છે કે હઝરત યૂસુફ (અલૈ.) તો પોતાની નુબુવ્વતની શા'નના કારણે આ ગુનાહથી પોતે જ હટેલા હતા પરંતુ બુરાઈ અને બેહયાઈએ તેમને ઘેરી લીધા હતા. "અમે તેના જાળને તોડી નાંખ્યું." કુર્આને કરીમના આ શબ્દો પણ એ બાબતના સાક્ષી છે કે હઝરત યૂસુફ (અલૈ.) કોઈ મા'મૂલી ગુનાહમાં પણ સપડાયા ન હતા અને તેમના દિલમાં જે વિચાર પેદા થયો હતો તે ગુનાહમાં સામેલ ન હતો નહિતર અહીંયાં તેને આ રીતે વર્ણન કરવામાં આવ્યો હોત કે, "અમે યૂસુફ (અલૈ.)ને ગુનાહથી બચાવી લીધા." અને આવું ન કહ્યું હોત કે "અમે ગુનાહને તેમનાથી હટાવી દીધા."

કારણ કે, હઝરત યૂસુફ (અલૈ.) અમારા મુખ્લિસ બંદાઓમાંથી છે. શબ્દ مُخْلَصِيْنَ (મુખ્લસીન) આ સ્થળે بِفَتْحِ لَامْ (બિ-ફત્હેલામ -લામ ઉપર જબર) સાથે مُخْلَصْ (મુખ્લસ)નું બહુવચન છે જેનો અર્થ "ચૂંટી કાઢેલા" છે. ભાવાર્થ એ છે કે હઝરત યૂસુફ (અલૈ.) અલ્લાહ તઆલાના તે બંદાઓમાંથી છે જેમને અલ્લાહ તઆલાએ પોતાની રિસાલત અને મખ્લૂકની સુધારણા માટે ચૂંટી કાઢયા છે, આવા લોકો ઉપર અલ્લાહ તઆલાની સુરક્ષાનો પહેરો હોય છે કે તેઓ કોઈ બુરાઈમાં સપડાઈ ન જાય. પોતે શયતાને પણ પોતાના નિવેદનમાં... તેનો સ્વીકાર કર્યો કે અલ્લાહ તઆલાના ચૂંટી કાઢેલા બંદાઓ ઉપર તેનું જોર ચાલતું નથી. તેણે કહ્યું, فَبِعِزَّتِكَ لَاُغْوِ يَنَّهُمْ اَجْمَعِيْنَ اِلَّا عِبَادَكَ مِنْهُمُ الْمُخْلَصِيْنَ એટલે કે, "કસમ છે તારી ઈજ્જત અને શક્તિની કે હું આ બધા મનુષ્યોને ગુમરાહ કરીશ માત્ર તે બંદાઓ સિવાય કે જેને તેં ચૂંટી કાઢયા છે." (૧૫:૪૦)

અમુક કિરાઅતોમાં પણ આ શબ્દ بِكَسْرِ لَامْ (બ-કસરે લામ -લામ નીચે જેર) مُخْلِصِيْنَ (મુખ્લિસીન) પણ આવ્યું છે અને مُخْلِصْ (મુખ્લિસ)નો અર્થ એ છે કે જે અલ્લાહ તઆલાની ઈબાદત અને ફરમાંબરદારી ઈખ્લાસ સાથે કરે, તેમાં દુનિયાની કોઈ મહેચ્છા, સ્વાર્થ, નામના, હોદ્દો વગેરેની લાલચ કે દખલગીરી ન હોય. આ સ્વરૂપમાં આયતનો ભાવાર્થ એ થશે કે જે વ્યક્તિ પણ પોતાના કર્મો અને ઈબાદતમાં મુખ્લિસ હોય અલ્લાહ તઆલા ગુનાહોથી બચવામાં તેની મદદ કરે છે.

આ આયતમાં અલ્લાહ તઆલાએ બે શબ્દો سُوْءْ (સુઅ્) અને فَحْشَاءْ

(ફહ્શા)નો ઉપયોગ કર્યો છે. "સુઅ્"નો શાબ્દિક અર્થ "બુરાઈ" થાય છે અને તેનો ભાવાર્થ સગીરહ ગુનાહ છે અને "ફહ્શા"નો અર્થ "બેહયાઈ" છે તેનો ભાવાર્થ કબીરહ ગુનાહ છે. આથી જાણ થઈ કે અલ્લાહ તઆલાએ હઝરત યુસૂફ (અલૈ.)ને કબીરહ અને સગીરહ બંને ગુનાહોથી સુરક્ષિત રાખ્યા.

આથી એ પણ સ્પષ્ટ થઈ ગયું કે હઝરત હઝરત યૂસુફ (અલૈ.) તરફ કુર્આનમાં જે هَمّ (હમ્મ) એટલે કે "વિચાર"ને જોડવામાં આવ્યો છે તે ફક્ત અનિચ્છાવર્તી વસવસા (ભ્રમ)ના દરજ્જામાં હતું જે ન તો કબીરહ ગુનાહમાં સામેલ છે અને ન જ સગીરહમાં, બલકે મા'ફ છે.

આયતો : (સૂરએ યુસૂફ : આયત નં. ૨૫ થી ૨૯)

وَاسْتَبَقَا الْبَابَ وَقَدَّتْ قَمِيصَهُ مِنْ دُبُرٍ وَّأَلْفَيَا سَيِّدَهَا لَدَا الْبَابِ ۚ قَالَتْ مَا جَزَآءُ
مَنْ أَرَادَ بِأَهْلِكَ سُوٓءًا إِلَّآ أَنْ يُّسْجَنَ أَوْ عَذَابٌ أَلِيمٌ ﴿٢٥﴾ قَالَ هِيَ رَاوَدَتْنِي عَنْ
نَّفْسِي وَشَهِدَ شَاهِدٌ مِّنْ أَهْلِهَا ۚ إِنْ كَانَ قَمِيصُهُ قُدَّ مِنْ قُبُلٍ فَصَدَقَتْ وَهُوَ مِنَ
الْكٰذِبِينَ ﴿٢٦﴾ وَإِنْ كَانَ قَمِيصُهُ قُدَّ مِنْ دُبُرٍ فَكَذَبَتْ وَهُوَ مِنَ الصّٰدِقِينَ ﴿٢٧﴾ فَلَمَّا رَاٰ
قَمِيصَهُ قُدَّ مِنْ دُبُرٍ قَالَ إِنَّهُ مِنْ كَيْدِكُنَّ ۖ إِنَّ كَيْدَكُنَّ عَظِيمٌ ﴿٢٨﴾ يُوسُفُ أَعْرِضْ
عَنْ هٰذَا ۜ وَاسْتَغْفِرِي لِذَنْۢبِكِ ۖ إِنَّكِ كُنْتِ مِنَ الْخٰطِئِينَ ﴿٢٩﴾ ع

તરજુમો :

અને બંને દરવાજા તરફ દોડયા અને સ્ત્રીએ તેમનો કુરતો પાછળથી ફાડી નાંખ્યો અને બંને સ્ત્રીના પતિને દરવાજાની પાસે મળી ગયા; તે બોલી, એવા વ્યક્તિની બીજી કોઈ સજા નથી જે તારા ઘરમાં બુરાઈ ઈચ્છે પરંતુ એ જ કે કેદમાં નાંખવામાં આવે અથવા કષ્ટદાયક અઝાબ. (૨૫) (યૂસુફ અલૈ.) બોલ્યા, તેણે જ મારાથી ઈચ્છા કરી કે હું મારા જીવને કાબૂમાં ન રાખું અને સ્ત્રીના લોકોમાંથી એક ગવાહે ગવાહી આપી, જો તેમનો કુરતો આગળથી ફાટેલો છે તો સ્ત્રી સાચી છે અને તેઓ જૂઠા છે. (૨૬) અને જો તેમનો કુરતો

પાછળથી ફાટેલો છે તો આ જૂઠી છે અને તેઓ સાચા છે. (૨૭) પછી જ્યારે (અઝીઝે) તેમનો કુરતો પાછળથી ફાટેલો જોયો, કહ્યું, બેશક ! આ તમો ઓરતોનો એક ફરેબ (પ્રપંચ) છે અલબત્ત તમારો ફરેબ મોટો છે. (૨૮) (હે યૂસુફ !) આ વાતને જવા દે અને (હે સ્ત્રી !) તું પોતાનો ગુનાહ મા'ફ કરાવ, બેશક ! તું જ ગુનેહગાર હતી. (૨૯)

તફસીર :

(અને જ્યારે આ સ્ત્રીએ ફરી તે જ આગ્રહ કયા તા યૂસુફ અલૈ. ત્યાંથી જીવ બચાવીને નાઠા અને તેણી તેમને પકડવા પાછળ દોડી) અને તે બંને આગળ–પાછળ દરવાજા તરફ દોડ્યા અને (દોડીને જ્યારે તેમને પકડવા ગઈ તો) એ સ્ત્રીએ તેમનું પહેરણ પાછળથી ફાડી નાંખ્યું (એટલે કે તે કુરતો પકડીને ખેંચવા ગઈ અને યૂસુફ અલૈ. આગળ તરફ દોડવા ગયા તો પહેરણ ફાટી ગયું પરંતુ યુસૂફ અલૈ. દરવાજાની બહાર નીકળી ગયા) અને (સ્ત્રી પણ સાથે હતી તો) બંનેએ (અચાનક) તે સ્ત્રીનો પતિ દરવાજા પાસે (ઊભેલો) જોયો, સ્ત્રી (પતિને જોઈને ઝટપટ એક ચાલબાજી અને બહાનાબાજી કરવા માંડી અને) બોલી કે જે વ્યક્તિ તારી પત્ની સાથે બદ્કારીનો ઈરાદો કરે તેની સજા એના સિવાય બીજી શું (હોઈ શકે) છે કે તેને જેલમાં મોકલી આપવામાં આવે અથવા અન્ય કોઈ દર્દનાક સજા થાય. (જેમકે શારીરિક ત્રાસ આપવામાં આવે) યૂસુફ (અલૈ.)એ કહ્યું, (કે જે મારા ઉપર આક્ષેપ લગાવવાનો ઈશારો કરી રહી છે તે બિલકુલ જૂઠી છે, બલકે હકીકત તેનાથી બિલકુલ ઊલટી છે કે) એ જ મને પોતાનો હેતુ સિદ્ધ કરવા ફોસલાવતી હતી અને (આ મોકા ઉપર) આ ઓરતના કુટુંબમાંથી એક ગવાહે (જે દૂધ પીતું બાળક હતું તે હઝરત યૂસુફ અલૈ.ના મોઅ્જિઝાથી બોલી ઉઠ્યું અને હઝરત યૂસુફ અલૈ.ની સચ્ચાઈ ઉપર) ગવાહી આપી, (આ બાળકનું બોલવું જ હઝરત યૂસુફ અલૈ.નો મોઅ્જિઝો હતો, તેના ઉપર બીજો મોઅ્જિઝો એ થયો કે આ દૂધ પીતા બાળકે એક યોગ્ય નિશાની બતાવીને બુદ્ધિપૂર્વકનો ફૈસલો પણ કર્યો અને કહ્યું) કે તેમનો કુરતો (જુઓ, ક્યાંથી ફાટયો છે ?) જો આગળથી ફાટયો છે તો સ્ત્રી સાચી છે અને આ જૂઠા છે અને જો તે કુરતો પાછળથી ફાટયો છે તો સ્ત્રી જૂઠી છે અને આ સાચા છે, બસ જ્યારે (અઝીઝે) તેમનો કુરતો પાછળથી ફાટેલો જોયો (તો સ્ત્રીને) કહેવા લાગ્યો કે આ તમારી સ્ત્રીઓની ચાલાકી છે, બેશક !

તમારી ચાલાકીઓ પણ ગઝબની હોય છે, (પછી હઝરત યૂસુફ અલૈ. તરફ ધ્યાન આપીને કહેવા લાગ્યા) હે યૂસુફ (અલૈ.) ! આ વાતને જવા દે (એટલે કે તેની ચર્ચા અથવા વિચાર ન કર) અને (સ્ત્રીથી કહ્યું કે) હે ઓરત ! તું (યૂસુફ પાસે) પોતાના કુસૂરની મા'ફી માંગ, બેશક ! તું જ ઉઘાડી કુસૂરવાર છે.

મસ્અલા અને બોધપાઠ :

આ અગાઉની આયતોમાં એ વર્ણન આવ્યું હતું કે જે સમયે અઝીઝે મિસ્રની પત્ની હઝરત યૂસુફ (અલૈ.)ને ગુનાહમાં સંડોવવાના પ્રયત્નમાં પ્રવૃત્ત હતી અને હઝરત યૂસુફ (અલૈ.) તેનાથી બચી રહ્યા હતા પરંતુ સ્વાભાવિક અને અનિચ્છાવર્તી વસવસાઓની ખેંચ-તાણ પણ હતી તો અલ્લાહ તઆલાએ પોતાના ચૂંટી કાઢેલા પયગમ્બરની મદદ માટે કોઈ એવી વસ્તુ મોઅ્જિઝા સ્વરૂપે સામે કરી દીધી જેણે દિલમાંથી તે અનિચ્છાવર્તી વિચાર પણ કાઢી નાંખ્યો ભલે, તે વસ્તુ પોતાના પિતા હઝરત યાકૂબ (અલૈ.)નો ચહેરો હોય અથવા અલ્લાહની વહીની કોઈ આયત હોય.

પ્રસ્તુત આયતમાં એ બતાવવામાં આવ્યું છે કે યૂસુફ (અલૈ.) એકાંતમાં તે જ અલ્લાહની દલીલ (બુરહાને રબ્બી)ના પ્રત્યક્ષ દર્શન કરતાની સાથે જ ત્યાંથી નાસવા માંડ્યા અને બહાર નીકળવા માટે દરવાજા તરફ દોડ્યા, અઝીઝની પત્ની તેમને પકડવા માટે પાછળ દોડી અને હઝરત યૂસુફ (અલૈ.)નો કુરતો પકડી તેમને બહાર જવાથી રોકવા લાગી, તેઓ પોતાના પાકા નિર્ધાર પ્રમાણે ન રોકાયા અને આ ખેંચ-તાણમાં કુરતો પાછળથી ફાટી ગયો પરંતુ હઝરત યૂસુફ (અલૈ.) દરવાજાની બહાર નીકળી આવ્યા અને તેમની પાછળ ઝુલેખાં પણ બહાર આવી. ઐતિહાસિક રિવાયતોમાં ઉલ્લેખ છે કે દરવાજા ઉપર તાળું મારી દીધું હતું, હઝરત યૂસુફ (અલૈ.) જ્યારે દોડીને દરવાજા ઉપર પહોંચ્યા તો આ તાળું આપોઆપ ખુલીને નીચે પડી ગયું.

જ્યારે તેઓ બંને દરવાજાની બહાર આવ્યા તો જોયું કે અઝીઝે મિસ્ર સામે ઊભો છે તો તેની પત્ની ભોંઠી પડી ગઈ અને વાત એવી બનાવી કે આક્ષેપ અને તોહમત હઝરત યૂસુફ (અલૈ.) ઉપર નાંખવા માટે કહ્યું કે જે વ્યક્તિ તારી પત્ની સાથે ખરાબ કામનો ઈરાદો કરે તેની સજા તેના સિવાય બીજી શું હોઈ શકે

છે કે તેને જેલમાં નાંખવામાં આવે અથવા કોઈ બીજી શારીરિક સખત શિક્ષા આપવામાં આવે.

હઝરત યૂસુફ (અલૈ.) પોતાની પયગમ્બરી શરાફતની બીના ઉપર લગભગ આ રહસ્યનો પર્દાફાશ ન કરત પરંતુ જ્યારે સ્ત્રીએ પોતે જ પહેલ કરીને હઝરત યૂસુફ (અલૈ.) ઉપર તોહમત લગાવવાનો ઈશારો કર્યો તો મજબૂર થઈને તેમણે હકીકતની જાહેરાત કરી કે, هِيَ رَاوَدَتْنِي عَنْ نَّفْسِي એટલે કે, એ જ મારાથી પોતાનો હેતુ સિદ્ધ કરવા માટે મને ફોસલાવી રહી હતી.

ઘટના ઘણી નાજુક હતી અને અઝીઝે મિસ્ર માટે તેનો ફેંસલો ઘણો મુશ્કેલ હતો કે આ બેમાંથી કોને સાચું સમજવામાં આવે ? સાક્ષીઓ અને સાબિતીઓરૂપે કોઈ સ્થળ ઉપર હાજર ન હતું પરંતુ અલ્લાહ જલ્લ શા'નુહૂ જે રીતે પોતાના બરગુઝીદહ (ચૂંટી કાઢેલા) બંદાઓને ગુનાહોથી બચાવી લે છે અને તેમને માસૂમ અને સુરક્ષિત રાખે છે એ જ પ્રમાણે દુનિયામાં પણ તેમને અપમાનથી બચાવવાની વ્યવસ્થા મોઅ્જિઝા સ્વરૂપે કરી આપે છે અને મોટે ભાગે આવી તકે એવા નાના બાળકોથી કામ લેવામાં આવે છે જે સ્વાભાવિક રીતે બોલવા કે વાતચીત કરવાના પાત્ર પણ નથી હોતા, પરંતુ મોઅ્જિઝા સ્વરૂપે તેમને બોલવાની શકિત અર્પણ કરીને પોતાના મકબૂલ બંદાઓની નિર્દોષતાને જાહેર કરવામાં આવે છે જેમકે હઝરત મરયમ (અલૈ.) ઉપર જ્યારે લોકો તોહમત લગાવવા માંડ્યા તો ફક્ત એક દિવસના બાળક હઝરત ઈસા (અલૈ.)ને અલ્લાહ તઆલાએ બોલવાની શક્તિ આપીને તેમના મુખેથી પોતાની વાલિદહની પવિત્રતાની જાહેરાત કરી દીધી અને અલ્લાહની કુદરતનો આ એક ખાસ કરિશ્મો સામે કરી દીધો. બની ઈસ્રાઈલના એક બુઝુર્ગ ઝુરૈઝ ઉપર આ જ પ્રમાણે એક તોહમત એક મોટા ષડયંત્ર હેઠળ લગાવવામાં આવી તો નવજાત શીશુએ તેમની નિર્દોષતા માટે ગવાહી આપી. હઝરત મૂસા (અલૈ.) ઉપર ફિરઔનને શંકા ગઈ તો ફિરઔનની પત્નીના વાળ ઓઢનારી સ્ત્રીની નાની છોકરીને બોલવાની શક્તિ અર્પણ કરી અને તેણે હઝરત મૂસા (અલૈ.)ને બાળપણમાં ફિરઔનથી બચાવ્યા.

ઠીક એ જ પ્રમાણે હઝરત યૂસુફ (અલૈ.)ની ઘટનામાં પણ હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.) અને હઝરત અબૂ હુરયરહ (રદિ.)ની રિવાયત પ્રમાણે એક નાના બાળકને બોલવાની શક્તિ અર્પણ કરી અને તે પણ ખૂબ બુદ્ધિપૂર્વક અને

હિકમતભર્યા અંદાજમાં. આ નાનું બાળક તે ઘરના ઘોડિયામાં અંદર પડ્યું હતું, કોઈને એ કલ્પના પણ થઈ શકતી ન હતી કે તે તેમની હરકતોને જોઈ કે સમજી શકે છે અને પછી તેણે કેવા અંદાજમાં વર્ણન કરી ! કાદિરે મુતલક સર્વશક્તિમાન અલ્લાહ તઆલા પોતાની આજ્ઞાપાલનમાં સંઘર્ષ કરનારની શા'ન જાહેર કરવા માટે દુનિયાને બતાવે છે કે આ સૃષ્ટિનો અણુએ અણુ અને કણે કણ તેની ગુપ્ત પૉલીસ છે જે અપરાધીને સારી રીતે ઓળખે છે અને તેના ગુનાહોનો રેકૉર્ડ પણ રાખે છે અને આવશ્યકતા પ્રમાણે તેને જાહેર પણ કરે છે. મેદાને હશ્રમાં હિસાબ-કિતાબના સમયે માનવી પોતાની દુનિયાની જૂની આદત પ્રમાણે જ્યારે પોતાના ગુનાહોનો સ્વીકાર કરવાથી ઈન્કાર કરશે તો તેના જ હાથ-પગ અને ચામડી તથા ભીંતો-દરવાજા તેના વિરુદ્ધ ગવાહ બનીને ઊભા કરી દેવામાં આવશે, તે તેની એક-એક પ્રવૃત્તિને મહશરની મોટી ભીડ સામે ખોલીને મૂકી દેશે, તે સમયે મનુષ્યને જાણ થશે કે હાથ અને પગ તથા ઘરના દરવાજા અને ભીંતો વગેરે મારી સુરક્ષા વ્યવસ્થામાં લાગેલા કોઈપણ મારા ન હતા બલકે, એ બધા અલ્લાહ રબ્બુલ ઈજ્જતના ખુફીયા કારીન્દા (જાસૂસ) હતા.

ખુલાસો એ છે કે નાનું બાળક જે પારણામાં દેખીતી રીતે દુનિયાની દરેક વસ્તુથી બેખબર અને અજાણ પડ્યું હતું, યૂસુફ (અલૈ.)ના મોઅ્જિઝા સ્વરૂપે બિલકુલ તે જ સમયે એ રીતે બોલી ઊઠયું જ્યારે કે અઝીઝે મિસ્ર આ ઘટનાની અસમંજસમાં પડી ગયો હતો.

પછી આ બાળક જો ફક્ત એટલું જ બોલ્યું હોત કે હઝરત યૂસુફ (અલૈ.) નિર્દોષ છે અને ઝુલેખાં કુસૂરવાર છે તો આ પણ એક મોઅ્જિઝાના સ્વરૂપે હઝરત યૂસુફ (અલૈ.)ના હકમાં તેમના નિર્દોષ હોવાની એક મોટી સાક્ષી ગણાઈ હોત પરંતુ અલ્લાહ તબારક વ તઆલાએ આ બાળકની જીભ ઉપર એક અત્યંત તાર્કિક અને બુદ્ધિપૂર્વકની વાત કહેવડાવી કે હઝરત યૂસુફ (અલૈ.)ના કુરતાને જુઓ, જો તે આગળથી ફાટેલો છે ત્યારે તો ઝુલેખાંનું કહેવું સાચું છે અને હઝરત યૂસુફ (અલૈ.) જૂઠા હોઈ શકે છે અને જો તે પાછળથી ફાટેલો છે તો તેમાં એ સિવાય કોઈ બીજી શક્યતા જ નથી કે હઝરત યૂસુફ (અલૈ.) ત્યાંથી નાસી રહ્યા હતા અને ઝુલેખાં તેમને રોકી રાખવા ઈચ્છતી હતી.

આ એક એવી વાત હતી કે બાળકને બોલવાની શક્તિની પ્રતિષ્ઠા ઉપરાંત

તે દરેકને સમજમાં આવી શકે એવી વાત હતી અને જ્યારે જોવામાં આવ્યું કે નિશાની પ્રમાણે કુરતો પાછળથી ફાટેલો હોવાનું સાબિત થઈ ગયું ત્યારે હઝરત યૂસુફ (અલૈ.) નિર્દોષ હોવાની જાહેર નિશાની પણ સામે આવી ગઈ.

હઝરત યૂસુફ (અલૈ.)ના ગવાહની જે તફસીર અમે વર્ણન કરી છે તે એક નાનું બાળક હતું જેને અલ્લાહ તઆલાએ મોઅ્જિઝા સ્વરૂપે બોલવાની શક્તિ અર્પણ કરી હતી, આ બાબત રસૂલે કરીમ ﷺની એક હદીષથી પણ સાબિત છે જેને ઈમામ અહમદ (રહ.)એ પોતાની મુસ્નદમાં અને ઈબ્ને હિબ્બાન (રહ.)એ પોતાની કિતાબ "સહીહ"માં અને હાકિમ (રહ.)એ મુસ્તદરકમાં નકલ કરીને હદીષને સાચી ઠરાવી છે. એ હદીષમાં ઈશારો છે કે અલ્લાહ તઆલાએ ચાર બાળકોને પારણામાં જ બોલવાની શક્તિ આપી હતી, આ ચાર તે જ છે જેનો હમણા ઉપર ઉલ્લેખ થયો છે. (મઝહરી) અને અમુક રિવાયતોમાં ગવાહની બીજી તફસીરો પણ નકલ કરવામાં આવી છે પરંતુ ઈબ્ને જરીર અને ઈબ્ને કષીર વગેરે ઈમામોની તફસીરમાં પ્રથમ તફસીરને જ "રાજેહ" (અગ્રક્રમે) અને પ્રચલિત ઠરાવી છે.

હુક્મો અને મસ્અલાઓ :

પ્રસ્તુત આયતોમાંથી અમુક મહત્ત્વના મસ્અલાઓ અને હુકમો સાબિત થાય છે.

(૧) فَاسْتَبَقَا الْبَابَ આયતથી એ જાણ થઈ કે જે સ્થળે ગુનાહમાં સંડોવાઈ જવાનો ભય હોય તે સ્થળ જ છોડી દેવું જોઈએ જેમકે હઝરત યૂસુફ (અલૈ.) ત્યાંથી નાસી છૂટ્યા હતા, આ તેની સાબિતી છે.

(૨) અલ્લાહના હુકમોના આજ્ઞાપાલનમાં મનુષ્ય માટે આવશ્યક છે કે પોતાનાથી બનતી શક્તિ વડે પ્રયત્નોમાં ત્રુટી કે ઉણપ ન રાખે ભલે, તેનું પરિણામ જાહેરમાં કંઈ પણ આવતું નજરે ન પડે, પરિણામ અલ્લાહ તઆલાના હાથમાં હોય છે. મનુષ્યનું કામ પોતાની મહેનત અને શક્તિને અલ્લાહના માર્ગમાં ખર્ચ કરી પોતાની બંદગીની સાબિતી આપવાની છે જેમકે હઝરત યૂસુફ (અલૈ.)એ દરવાજા બંધ હોવા છતાં અને ઐતિહાસિક રિવાયતો પ્રમાણે તાળું લગાવી દીધેલ હોવા છતાં દરવાજા તરફ દોડવામાં પોતાની

સંપૂર્ણ શક્તિ ખર્ચી હતી. આવી પરિસ્થિતિમાં અલ્લાહ જલ્લ શા'નુહૂ તરફથી મદદ અને સહાયતાનો જાત અનુભવ થતો હોય છે કે બંદો જ્યારે પોતાનાથી બનતો સંપૂર્ણ પ્રયત્ન કરી લેતો હોય છે ત્યારે અલ્લાહ તઆલા સફળતાના સાધનો પણ ઊભા કરી દે છે. મવલાના રૂમી (રહ.)એ એ જ વિષયને આ પ્રમાણે કહ્યો છે.

گرچہ رخنہ نیست عالم را پدید ؛ خیرہ یوسف وار می باید دوید

આવી પરિસ્થિતિમાં જો જાહેર સફળતા પ્રાપ્ત ન પણ થાય તો બંદા માટે આ નિષ્ફળતા પણ સફળતાથી ઓછી નથી.

گر مرادت را مذاق شکرست ؛ نامرادی نے مرادِ دلبرست

એક બુઝુર્ગ આલિમ જેલમાં હતા, જુમ્આના દિવસે પોતાની શક્તિ પ્રમાણે ગુસ્લ (સ્નાન) કરતા અને પોતાના કપડાં ધોઈ લેતા, પછી જુમ્આ માટે તૈયાર થઈને જેલખાનાના દરવાજા સુધી જતા ત્યાં પહોંચીને વિનંતી કરતા કે યા અલ્લાહ! મારી શક્તિમાં આટલું છે આગળ તારો અધિકાર છે. અલ્લાહ તઆલાની સર્વત્ર છવાયેલી રહમતથી તે કંઈ દૂર ન હતું કે તેમની કરામતથી જેલખાનાના દરવાજા ખુલી જાય અને તેઓ જુમ્આની નમાઝ અદા કરી લે પરંતુ તેની પોતાની હિકમતથી આ બુઝુર્ગને તેણે તે ઉચ્ચ સ્થાન અતા ફરમાવ્યું જેના ઉપર હજારો કરામતો કુરબાન છે કે તેમના આ અમલના કારણે જેલના દરવાજા ન ખુલ્યા પરંતુ તે છતાં તેમણે પોતાના કામમાં હિંમત ન હારી, દરેક જુમ્આના દિવસે સતત આ જ પ્રવૃત્તિ કરતા રહ્યા, આ જ તે ધૈર્ય અને ઈસ્તિકામત (અડગતા) છે જેને સૂફી બુઝુર્ગોએ કરામત કરતા ઉચ્ચ કક્ષાનું ફરમાવ્યું છે.

(૩) આથી સાબિત થાય છે કે કોઈ વ્યક્તિ ઉપર કોઈ ખોટી તોહમત કે આક્ષેપ હોય તો પોતાની સફાઈ રજુ કરવી અંબિયા (અલૈ.)ની સુન્નત છે, આ કોઈ તવક્કુલ અથવા બુઝુર્ગી નથી કે તે સમયે ચૂપ રહીને પોતાની જાતને ગુનેહગાર ઠરાવી લે.

(૪) તેમાં "ગવાહ"નો મસ્અલો છે, આ શબ્દ જ્યારે સામાન્ય ફિક્હી બાબતો અને મુકદમાઓમાં બોલવામાં આવે છે તો તેનાથી તે વ્યક્તિ ભાવાર્થ

તરીકે હોય છે કે જે વિવાદાસ્પદ ઘટના વિશે પોતાની આંખે જોયેલી હકીકત વર્ણન કરે. આ આયતમાં જેને ગવાહ "શાહિદ"ના શબ્દથી ઓળખાવવામાં આવ્યો છે તેણે ઘટના વિશે પોતાનો કોઈ નજરે જોયેલો અહેવાલ વર્ણન નથી કર્યો, બલકે ફેંસલો કરવાના એક સ્વરૂપ તરફ ઈશારો કર્યો, તેને પારિભાષિક અર્થમાં "શાહિદ" કહી શકાય નહીં.

પરંતુ દેખીતું છે કે આ બધી પરિભાષાઓ પાછળના ઉલમા અને ફુકહાએ પરસ્પર સમજવા સમજાવવા માટે અપનાવી છે, આ પરિભાષા કુર્આને હકીમની નથી અને ન જ તે તેનું પાબંદ છે, કુર્આને કરીમે અત્રે આ વ્યક્તિને "શાહિદ" એ અર્થના આધારે કહ્યો છે કે જે પ્રમાણે ગવાહના વર્ણનથી ઘટના સમજવી સરળ થઈ જાય છે અને કોઈ એક પક્ષ સત્ય ઉપર હોવાનું સાબિત થઈ જાય છે, આ બાળકના વર્ણનથી પણ એ જ લાભ પ્રાપ્ત થઈ ગયો કે અસલ તો આ મોઅ્જિઝા સ્વરૂપેની તેની બોલવાની શક્તિ જ હઝરત યૂસુફ (અલૈ.) નિર્દોષ હોવાની ગવાહી તરીકે પૂરતી હતી, પછી તેણે જે નિશાનીઓ બતાવી તેનો ખુલાસો પણ અંતે હઝરત યૂસુફ (અલૈ.)ના જ નિર્દોષ હોવાની સાબિતી છે, એટલા માટે એ કહેવું સાચું છે કે તેણે હઝરત યૂસુફ (અલૈ.)ના પક્ષમાં ગવાહી આપી જ્યારે કે તેણે હઝરત યૂસુફ (અલૈ.)ને સાચા નથી કહ્યા બલકે બંને શક્યતાનો ઉલ્લેખ કર્યો છે અને ઝુલેખાં સાચી હોવાનું એક એવા સ્વરૂપમાં પણ કાલ્પનિક રીતે સ્વીકાર્યું હતું કે જેમાં તેનું સાચું હોવું ચોક્કસ ન હતું બલકે, બીજી શક્યતા પણ ઉપસ્થિત હતી કારણ કે કુરતાનું આગળથી ફાટવું બંને સ્વરૂપોમાં શક્ય છે અને હઝરત યૂસુફ (અલૈ.)નું સાચા હોવું ફક્ત એવા સ્વરૂપમાં સ્વીકાર્યું હતું કે જેમાં તેના સિવાય કોઈ બીજી શક્યતા જ નથી હોઈ શકતી પરંતુ અંતે પરિણામ એ જ સાંયોગિક પુરાવો હતો કે હઝરત યૂસુફ (અલૈ.) નિર્દોષ સાબિત થયા.

(૫) તેમાં એવું છે કે મુકદ્દમાઓ અને મહત્ત્વના ફેંસલાઓમાં સાંયોગિક પુરાવાઓ અને નિશાનીઓથી કામ લઈ શકાય છે જેમકે આ ગવાહે કુરતાને પાછળથી ફાટવાને એ બાબતની નિશાની ઠરાવી કે હઝરત યૂસુફ (અલૈ.) નાસી રહ્યા હતા અને ઝુલેખાં તેમને પકડી રહી હતી. આ ઘટનામાં આટલી વાત ઉપર તો બધા જ ફુક્હાની સહમતી છે કે ઘટનાની વાસ્તવિકતા ઓળખવામાં નિશાનીઓ અને સાંયોગિક પુરાવાઓથી અવશ્ય કામ લેવામાં આવે જેમકે

અહીંયાં કરવામાં આવ્યું છે પરંતુ ફક્ત સાંયોગિક પુરાવાઓ અને નિશાનીઓને પૂરતી સાબિતીનો દરજ્જો આપી શકાય નહીં, હઝરત યૂસુફ (અલૈ.)ની ઘટનામાં પણ વાસ્તવમાં નિર્દોષ હોવાની સાબિતી તો આ બાળકનું મોઅ્જિઝા સ્વરૂપે બોલી પડવું છે. સાંયોગિક પુરાવા અને નિશાની જેનો ઉલ્લેખ થયો છે તેનાથી આ ઘટનાનું સમર્થન થઈ ગયું.

અલબત્ત, અહીંયાં સુધી એ સાબિત થયું કે જ્યારે ઝુલેખાંએ હઝરત યૂસુફ (અલૈ.) ઉપર તોહમત લગાવી તો અલ્લાહ તઆલાએ એક નાના બાળકને અસ્વાભાવિક રીતે બોલવાની શક્તિ આપી અને તેની જીભે એ તર્કયુક્ત હિકમતભર્યો ફેંસલો જાહેર થયો કે હઝરત યૂસુફ (અલૈ.)ના કુરતાને જૂઓ, જો તે પાછળથી ફાટેલો છે તો તે એ બાબતની સ્પષ્ટ નિશાની છે કે તેઓ નાસી રહ્યા હતા અને ઝુલેખાં પકડી રહી હતી અને હઝરત યૂસુફ (અલૈ.) નિર્દોષ છે.

પ્રસ્તુત આયતોમાંથી અંતિમ બે આયતોમાં એ વર્ણન થયું છે કે અઝીઝે મિસ્ર બાળકના આ પ્રમાણે બોલવાથી જ સમજી ચૂક્યો હતો કે હઝરત યૂસુફ (અલૈ.)ની નિર્દોષતા જાહેર કરવા માટે આ અસ્વાભાવિક સ્વરૂપ સામે આવ્યું છે કે નાનું બાળક પ્રકૃતિ વિરુદ્ધ બોલી ઉઠ્યું, ત્યારબાદ તેના કહેવા પ્રમાણે જ્યારે એ જોયું કે હઝરત યૂસુફ (અલૈ.)નો કુરતો પણ પાછળથી ફાટેલો છે ત્યારે તેને વિશ્વાસ થઈ ગયો કે વાંક ઝુલેખાંનો છે અને હઝરત યૂસુફ (અલૈ.) નિર્દોષ છે, પછી પ્રથમ તેણે ઝુલેખાંને સંબોધીને કહ્યું, اِنَّهٗ مِنْ كَيْدِكُنَّ એટલે કે, આ બધી તમારી ચાલબાજીઓ છે કે પોતાની ભૂલ બીજાના માથે થોપવા માંગો છો, પછી કહ્યું કે સ્ત્રીઓની ચાલબાજીઓ ઘણી ગજબની હોય છે, તેને સમજવું અને તેમાંથી નીકળવું સરળ નથી હોતું કારણ કે, તેમનું જાહેર ખૂબ નમ્ર અને નાજુક તથા કમજોર હોય છે, જોનારને તેમની વાતનો વિશ્વાસ જલદી આવી જાય છે પરંતુ અક્કલ અને પ્રમાણિકતાની ઉણપના કારણે ઘણા વખતે તે ફરેબ અને ધોકો હોય છે.

(મઝહરી)

તફસીરે કુર્તુબીમાં હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, "સ્ત્રીઓની ચાલબાજીઓ અને ધોકો શયતાનની ચાલબાજીઓ અને ધોકાથી વધીને હોય છે કારણ કે અલ્લાહ તઆલાએ શયતાનની ચાલબાજી વિશે તો એ ફરમાવ્યું કે તે કમજોર છે, اِنَّ كَيْدَ الشَّيْطٰنِ

كَانَ ضَعِيفًا (૪:૭૬) અને સ્ત્રીઓની ચાલબાજી વિશે આ ફરમાવ્યું, اِنَّ كَيْدَكُنَّ عَظِيْمٌ એટલે કે તમારી ચાલબાજીઓ ઘણી મોટી હોય છે.'' એ દેખીતું છે કે તેનો ભાવાર્થ બધી સ્ત્રીઓ નથી બલકે માત્ર તે જ છે જે આ પ્રમાણેના ધોકા અને ફરેબમાં સંડોવાયેલી હોય. અઝીઝે મિસ્રએ ઝૂલેખાંને તેની ભૂલ બતાવ્યા પછી હઝરત યૂસુફ (અલૈ.)ને કહ્યું, يُوْسُفُ اَعْرِضْ عَنْ هٰذَا એટલે કે, હે યૂસુફ ! તમે આ વાત જવા દો અને કોઈને ન કહો જેથી ફજેતી ન થાય, પછી ઝૂલેખાંને સંબોધીને કહ્યું, وَاسْتَغْفِرِىْ لِذَنْۢبِكِ اِنَّكِ كُنْتِ مِنَ الْخٰطِئِيْنَ એટલે કે, ઉઘાડી ભૂલ ખરેખર તમારી જ છે તમે પોતાની ભૂલની મા'ફી માંગો, તેનાથી જાહેર રીતે એ ભાવાર્થ છે કે તે પોતાના પતિથી મા'ફી માંગે અને એ અર્થ પણ હોઈ શકે છે કે હઝરત યૂસુફ (અલૈ.)ની મા'ફી માંગે કે પોતે ભૂલ કરી અને તોહમત તેમના માથા ઉપર નાંખી દીધી.

ખુલાસો :

અત્રે આ વાત વિચાર કરવાપાત્ર છે કે પતિની સામે પોતાની પત્નીની આવી ખયાનત અને બેહયાઈ (નિર્લજ્જતા) સાબિત થઈ ગયા પછી પણ તે ઉશ્કેરાયો નહીં અને સંપૂર્ણ શાંતિ અને સંતોષથી વાત કરવી મનુષ્યનો સ્વભાવ અને પ્રકૃતિ જોતા આશ્ચર્યજનક ઘટના છે. ઈમામ કુર્તુબી (રહ.)એ ફરમાવ્યું છે કે એ કારણ પણ હોઈ શકે છે કે અઝીઝે મિસ્ર કોઈ નફ્ફટ માણસ હોય અને એ પણ શક્ય છે કે જે પ્રમાણે અલ્લાહ તઆલાએ જે રીતે હઝરત યૂસુફ (અલૈ.)ને ગુનાહથી અને પછી ફજેતીથી બચાવવાની અસ્વાભાવિક વ્યવસ્થા કરી એ જ વ્યવસ્થાનો એક ભાગ એ પણ હતો કે તેણે અઝીઝે મિસ્રને ગુસ્સે થવા કે ઉશ્કેરાવા ન દીધો નહિતર સામાન્ય ટેવ અને મનુષ્યની પ્રકૃતિ આવી પરિસ્થિતિ ઉપર તહકીક કે હકીકત જાણ્યા વિના જ હાથ ઉઠાવી દે છે અને મુખેથી ગાળો ભાંડવી તો આવી પરિસ્થિતિમાં સામાન્ય બાબત છે. જો સામાન્ય મનુષ્યની પ્રકૃતિ પ્રમાણે અઝીઝે મિસ્ર ઉશ્કેરાઈ ગયો હોત તો શક્ય છે કે તેના હાથ અથવા જીભથી હઝરત યૂસુફ (અલૈ.)ની શાન વિરુદ્ધ કોઈ વાત ચોક્કસ નીકળી હોત પરંતુ આ અલ્લાહની કુદરતનો ચમત્કાર છે કે આજ્ઞાપાલન ઉપર કાયમ રહેનારની ડગલેને પગલે કોઈપણ રીતે હિફાઝત થાય છે.

فَتَبٰرَكَ اللّٰهُ اَحْسَنُ الْخٰلِقِيْنَ

આગળની આયતોમાં બીજી ઘટના બની છે જે પાછળની ઘટના સાથે જ જોડાયેલી છે, તે એ કે આ ઘટના છુપાવવા છતાં દરબારી લોકોની સ્ત્રીઓમાં ફેલાઈ ગઈ અને સ્ત્રીઓએ અઝીઝની પત્નીને મ્હેણા-ટોણા મારવાની શરૂઆત કરી. અમુક મુફસ્સિરોએ નોંધ્યું છે કે આ પાંચ સ્ત્રીઓ અઝીઝે મિસ્રના નજીકના અધિકારીઓની પત્નીઓ હતી. *(કુર્તુબી, મઝહરી)*

આ સ્ત્રીઓ અંદર-અંદર કહેવા લાગી કે જૂઓ, કેટલી આશ્ચર્ય અને અફસોસની વાત છે કે અઝીઝે મિસ્રની પત્ની આટલો મોટો હોદ્દો હોવા છતાં પોતાના નવયુવાન ગુલામ ઉપર આશિક થઈ ગઈ અને તેની પાસેથી પોતાની ઈચ્છાની પૂર્તિ ચાહે છે, અમે તો તેને મોટી ગુમરાહી ઉપર સમજીએ છીએ. આયતમાં શબ્દ فَتٰهَا (ફતાહા) કહેવામાં આવ્યું છે, فَتًى (ફતા)નો અર્થ નવયુવાન થાય છે અને સામાન્ય રીતે બોલચાલની ભાષામાં નોકર અથવા ગુલામ જ્યારે નાનો હોય તો ગુલામ માટે કહેવામાં આવે છે. યુવાન હોય તો છોકરાને فَتًى (ફતા) અને છોકરીને فَتَاةٌ (ફતાતુન) કહેવામાં આવે છે. તેમાં હઝરત યૂસુફ (અલૈ.)ને ઝૂલેખાંનો ગુલામ યા તો એ કારણે કહેવામાં આવ્યા છે કે પતિની વસ્તુને સ્વાભાવિક રીતે પત્નીની વસ્તુ પણ કહેવામાં આવે છે અથવા તો એટલા માટે કે ઝૂલેખાંએ હઝરત યૂસુફ (અલૈ.)ને પોતાના પતિ પાસેથી ભેટ અથવા ઈનામ સ્વરૂપે લઈ લીધા હતા. *(કુર્તુબી)*

આયતો : (સૂરએ યૂસુફ : આયત નં. ૩૦ થી ૩૫)

وَقَالَ نِسْوَةٌ فِي الْمَدِينَةِ امْرَاَتُ الْعَزِيزِ تُرَاوِدُ فَتٰهَا عَنْ نَّفْسِهٖ ۚ قَدْ شَغَفَهَا حُبًّا ؕ
اِنَّا لَنَرٰىهَا فِيْ ضَلٰلٍ مُّبِيْنٍ ﴿۳۰﴾ فَلَمَّا سَمِعَتْ بِمَكْرِهِنَّ اَرْسَلَتْ اِلَيْهِنَّ وَاَعْتَدَتْ
لَهُنَّ مُتَّكَاً وَّاٰتَتْ كُلَّ وَاحِدَةٍ مِّنْهُنَّ سِكِّيْنًا وَّقَالَتِ اخْرُجْ عَلَيْهِنَّ ۚ فَلَمَّا رَاَيْنَهٗۤ
اَكْبَرْنَهٗ وَقَطَّعْنَ اَيْدِيَهُنَّ وَقُلْنَ حَاشَ لِلّٰهِ مَا هٰذَا بَشَرًا ؕ اِنْ هٰذَاۤ اِلَّا مَلَكٌ
كَرِيْمٌ ﴿۳۱﴾ قَالَتْ فَذٰلِكُنَّ الَّذِيْ لُمْتُنَّنِيْ فِيْهِ ؕ وَلَقَدْ رَاوَدْتُّهٗ عَنْ نَّفْسِهٖ فَاسْتَعْصَمَ ؕ
وَلَئِنْ لَّمْ يَفْعَلْ مَاۤ اٰمُرُهٗ لَيُسْجَنَنَّ وَلَيَكُوْنًا مِّنَ الصّٰغِرِيْنَ ﴿۳۲﴾ قَالَ رَبِّ السِّجْنُ اَحَبُّ

إِلَيَّ مِمَّا يَدْعُونَنِي إِلَيْهِ ۖ وَإِلَّا تَصْرِفْ عَنِّي كَيْدَهُنَّ أَصْبُ إِلَيْهِنَّ وَأَكُن مِّنَ الْجَاهِلِينَ ﴿٣٣﴾

فَاسْتَجَابَ لَهُ رَبُّهُ فَصَرَفَ عَنْهُ كَيْدَهُنَّ ۚ إِنَّهُ هُوَ السَّمِيعُ الْعَلِيمُ ﴿٣٤﴾ ثُمَّ بَدَا لَهُم مِّن

بَعْدِ مَا رَأَوُا الْآيَاتِ لَيَسْجُنُنَّهُ حَتَّىٰ حِينٍ ﴿٣٥﴾

તરજુમો :

અને સ્ત્રીઓ કહેવા લાગી આ શહેરમાં અઝીઝ (ગવર્નર)ની પત્ની પોતાના ગુલામથી ખ્વાહિશ કરે છે તેના નફસને, એનું દિલ તેની મહોબ્બતમાં જકડાઈ ગયું, અમે તો તેને ઉઘાડી ભૂલ ઉપર જોઈ રહ્યા છીએ. (૩૦) પછી જ્યારે તેણે તેમનો ફરેબ (પ્રપંચ) સાંભળ્યો; તેમને બોલાવી મંગાવી અને તેમના માટે એક મજલિસ તૈયાર કરી અને તેમને દરેકના હાથમાં એક ચાકુ આપ્યું અને બોલી, (યૂસુફ !) એમની સામે નીકળી આવ ! બસ જ્યારે તેમને જોયા દંગ રહી ગઈ અને પોતાના હાથ કાપી નાંખ્યા અને કહેવા લાગી હાશા લિલ્લાહ (Oh God) ! આ વ્યક્તિ માનવી નથી આ તો કોઈ બુઝુર્ગ ફરિશ્તો છે. (૩૧) તે બોલી, આ તે જ છે કે જેના માટે તમે મને મહેણું માર્યું હતું અને મેં તેનાથી તેનું મન લેવા ઈચ્છયું હતું, પછી તેણે કાબૂમાં રાખ્યું અને બેશક ! જો એવું નહીં કરે જે હું કહું છું તો જેલમાં જશે અને અપમાનિત થશે. (૩૨) (યૂસુફ અલૈ.) બોલ્યા, હે પરવરદિગાર ! મને જેલ પસંદ છે એ વાતથી કે જેના તરફ આ મને બોલાવે છે અને જો તું મારાથી તેમનો પ્રપંચ દૂર નહીં કરે તો હું તેમના તરફ ઢળી જઈશ અને અક્કલવિહોણો બની જઈશ. (૩૩) બસ, તેમના પરવરદિગારે તેમની દુઆ કબૂલ કરી લીધી, પછી તેમનાથી તેમનો પ્રપંચ દૂર કર્યો; અલબત્ત તે જ સઘળું સાંભળનારો સર્વજ્ઞ છે. (૩૪) પછી લોકોની સમજમાં આ નિશાનીઓ જોવાથી એવું આવ્યું કે તેમને એક સમય સુધી જેલમાં રાખવામાં આવે. (૩૫)

તફસીર :

અને અમુક સ્ત્રીઓએ કે જેઓ શહેરમાં રહેતી હતી એવી વાત કહી કે અઝીઝની પત્ની પોતાના ગુલામને તેનાથી પોતાનો (નાજાઈઝ) હેતુ પ્રાપ્ત કરવા માટે ફોસલાવે છે (કે તે કેટલી નીચ હરકત છે કે પોતાના ગુલામ ઉપર આશિક

થઈ ગઈ છે), તે ગુલામનો એક ઇશ્ક તેના દિલમાં જગ્યા પકડી ચૂક્યો છે, અમે તો તેને ઉઘાડી ભૂલમાં જોઈ રહ્યા છે, બસ જયારે તે સ્ત્રીને આ સ્ત્રીઓની બદ્‌ગોઈ(ની ખબર) સાંભળી તો કોઈના દ્વારા તેમને બોલાવી મંગાવી (કે તમારી દા'વત છે) અને તેમના માટે ગાદી–તકિયા લગાવ્યા અને (જ્યારે તે આવી અને તેમની સામે વિવિધ પ્રકારના ભોજન અને ફળો હાજર કર્યા જેમાં અમુક વસ્તુઓ છરીથી કાપીને ખાવાની હતી એટલા માટે) દરેકને તેમનામાંથી એક–એક છરી (પણ) આપી દીધી (જે જાહેરમાં તો ફળ કાપવાનું બહાનું હતું અને હકીકતમાં અસલ હેતુ જે આગળ આવે છે તે હતો કે તેણીઓ હોશ ખોઈને પોતાના હાથોને ઘાયલ કરી લેશે) અને (આ બધો સામાન તૈયાર કરીને હઝરત યુસૂફ અલૈ.ને જે કોઈ બીજા મકાનમાં હતા) કહ્યું કે જરા તેમની સામે તો આવી જાઓ (હઝરત યુસૂફ અલૈ. એવું સમજ્યા કે કોઈ સાચો હેતુ હશે બહાર આવી ગયા), બસ સ્ત્રીઓએ જ્યારે તેમને જોયા તો (તેમના રૂપથી) દંગ રહી ગઈ અને (આશ્ચર્યમાં હોશ ખોઈને) પોતાના હાથ કાપી નાંખ્યા (એટલે કે છરીથી ફળો કાપી રહી હતી પરંતુ જ્યારે હઝરત યૂસુફ અલૈ.ને જોયા તો એટલી બધી પ્રભાવિત અને આકર્ષિત થઈ ગઈ કે ચાકૂ હાથ ઉપર ચાલી ગયા) અને કહેવા લાગી અરે ! આ વ્યક્તિ માણસ કદાપિ નથી, આ તો કોઈ મહાન ફરિશ્તો છે, તે સ્ત્રી બોલી (જોઈ લો !) તે વ્યક્તિ આ જ છે જેના વિશે તમે મને બુરું–ભલું કહેતી હતી (કે પોતાના ગુલામ ઉપર મોહી પડી છે) અને હકીકતમાં મેં તેનાથી પોતાનો હેતુ પૂર્ણ કરવાની ઈચ્છા કરી હતી પરંતુ આ પાક–સાફ રહ્યો અને (પછી હઝરત યૂસુફ અલૈ.ને ધમકાવવા માટે તેમને સંભળાવ્યું કે) જો હવે પછી મારું કહ્યું નહીં માનશે (જેમકે અત્યાર સુધી નથી માન્યું) તો બેશક ! જેલખાનામાં મોકલી દેવામાં આવશે અને બેઇજ્જત પણ થશે. (તે સ્ત્રીઓ પણ હઝરત યૂસુફ અલૈ.ને કહેવા લાગી કે તમારા માટે પોતાની ઉપકારક સ્ત્રીની આવી ઉપેક્ષા કરવી યોગ્ય નથી કે જે તેણી કહે તમારે તેને માની લેવું જોઈએ) યૂસુફ (અલૈ.)એ (આ વાતો સાંભળી કે આ તો બધી જ તેની તરફેણ કરવા લાગી છે તો અલ્લાહ તઆલા પાસે) દુઆ માંગી કે હે મારા પરવરદિગાર ! જે (નાજાઇઝ) કામ તરફ આ સ્ત્રીઓ મને બોલાવી રહી છે તેનાથી જેલખાનામાં જવું જ મને વધારે પસંદ છે અને જો તું તેમના દાવપેચને મારાથી દૂર કરીશ નહીં તો હું તેમના તરફ ઢળી જઈશ અને નાદાનીનું કામ કરી

બેસીશ, બસ તેમની દુઆને તેમના પરવરદિગારે કબૂલ કરી અને તે સ્ત્રીઓના દાવપેચને તેમનાથી દૂર રાખ્યા, બેશક ! તે (દુઆઓને) ખૂબ સાંભળનારો (અને તેમના અહેવાલને) ખૂબ જાણનારો છે, (પછી હઝરત યૂસુફ અલૈ.ની પવિત્રતાની) વિવિધ નિશાનીઓ જોઈ લીધા પછી, (જેનાથી તેમને પોતે તો વિશ્વાસ થઈ ગયો પરંતુ લોકોમાં ચર્ચા થવા લાગી હતી તેને દૂર કરવાના હેતુથી) તે લોકોને (એટલે કે અઝીઝ અને તેના સંબંધીઓને) એ જ યોગ્ય જણાયું કે તેમને એક સમય સુધી જેલમાં રાખે.

મસ્અલા અને બોધપાઠ :

فَلَمَّا سَمِعَتْ بِمَكْرِهِنَّ اَرْسَلَتْ اِلَيْهِنَّ એટલે કે, જ્યારે ઝૂલેખાંએ તે સ્ત્રીઓના ફરેબની ચર્ચા સાંભળી તો તેણે તેમને ખાવાની દા'વત ઉપર બોલાવી મંગાવી.

અહીંયાં આ સ્ત્રીઓના વર્ણન કરવાને ઝૂલેખાંએ مَكْر (મક્ર) "ધોકાબાજી" કહી છે જ્યારે કે દેખીતી રીતે તેમણે કોઈ ધોકો કર્યો ન હતો પરંતુ કારણ કે છાની-છાની તેની બુરાઈ કરતી હતી એટલા માટે તેને ધોકાબાજીથી ઓળખાવ્યું છે.

وَاَعْتَدَتْ لَهُنَّ مُتَّكَاً એટલે કે, તેમના માટે ગાદી-તકિયાની મજલિસ સજાવવામાં આવી وَاٰتَتْ كُلَّ وَاحِدَةٍ مِّنْهُنَّ سِكِّيْنًا એટલે કે, જ્યારે આ સ્ત્રીઓ આવી ગઈ અને તેમની સામે વિવિધ પ્રકારના ભોજન અને ફળો હાજર કરવામાં આવ્યા જેમાં અમુક વસ્તુઓ ચાકૂથી છોલવાની હતી, એટલા માટે દરેકને એક-એક તેજ ચાકૂ પણ આપ્યું હતું જેનો જાહેર હેતુ તો ફળ છોલવાનો હતો પરંતુ દિલમાં આ વાત ગુપ્ત હતી જે આગળ આવે છે કે આ સ્ત્રીઓ હઝરત યૂસુફ (અલૈ.)ને જોઈને હોશ ખોઈ બેસશે અને ચાકૂથી પોતાના હાથ જખ્મી કરી લેશે.

وَقَالَتِ اخْرُجْ عَلَيْهِنَّ એટલે આ બધો સામાન સરખો કર્યા પછી હઝરત યૂસુફ (અલૈ.)થી કે જેઓ તે વખતે કોઈ બીજા મકાનમાં હતા. ઝૂલેખાંએ કહ્યું કે જરા બહાર આવી જાઓ ! હઝરત યૂસુફ (અલૈ.)ને કારણ કે તેની ખરાબ નિય્યતની ખબર ન હતી એટલા માટે તેઓ આ મજલિસમાં બહાર તશરીફ લઈ આવ્યા.

فَلَمَّا رَاَيۡنَهٗۤ اَكۡبَرۡنَهٗ وَقَطَّعۡنَ اَيۡدِيَهُنَّ وَقُلۡنَ حَاشَ لِلّٰهِ مَا هٰذَا بَشَرًا ؕ اِنۡ هٰذَاۤ اِلَّا مَلَكٌ كَرِيۡمٌ એટલે કે, તે સ્ત્રીઓએ જ્યારે હઝરત યૂસુફ (અલૈ.)ને જોયા તો તેમની ખૂબસૂરતીથી દંગ રહી ગઈ અને પોતાના હાથ કાપી નાંખ્યા, એટલે કે ફળ કાપતી વખતે જ્યારે આ આશ્ચર્યજનક ઘટના સામે આવી તો છરી હાથ ઉપર ચાલી ગઈ જેમકે અન્યત્ર વિચાર જવાથી મોટેભાગે આવું થતું હોય છે અને કહેવા લાગી, અલ્લાહની પનાહ ! આ વ્યક્તિ મનુષ્ય કદાપિ નથી હોઈ શકતો, આ તો કોઈ મહાન ફરિશ્તો છે. મતલબ એ હતો કે આવો રોશન અને નૂરાની ચહેરો તો ફરિશ્તાઓનો જ હોઈ શકે છે.

قَالَتۡ فَذٰلِكُنَّ الَّذِىۡ لُمۡتُنَّنِىۡ فِيۡهِ ؕ وَلَقَدۡ رَاوَدْتُّهٗ عَنۡ نَّفۡسِهٖ فَاسۡتَعۡصَمَ ؕ وَلَئِنۡ لَّمۡ يَفۡعَلۡ مَاۤ اٰمُرُهٗ لَيُسۡجَنَنَّ وَلَيَكُوۡنًا مِّنَ الصّٰغِرِيۡنَ તે સ્ત્રી બોલી કે જોયું ! તે વ્યક્તિ આ જ છે જેના વિશે તમે મને બૂરું-ભલું કહેતી હતી અને વાસ્તવમાં મેં જ તેનાથી પોતાનો મતલબ પ્રાપ્ત કરવાની ઇચ્છા કરી હતી પરંતુ એ પાક-સાફ રહ્યો અને હવે પછી એ મારું કહેવું નહીં માને તો બેશક ! જેલખાને મોકલી દેવામાં આવશે અને બેઇજ્જત પણ થશે.

આ સ્ત્રીએ જ્યારે આ જોયું કે મારું રહસ્ય આ સ્ત્રીઓ સામે ખુલી ચૂક્યું છે એટલા માટે તેમની સામે જ હઝરત યૂસુફ (અલૈ.)ને ડરાવવા-ધમકાવવા માંડી, અમુક મુફસ્સિરોએ વર્ણન કર્યું છે કે તે સમયે આ બધી સ્ત્રીઓ પણ હઝરત યૂસુફ (અલૈ.)ને કહેવા લાગી કે આ સ્ત્રી તમારી ઉપકારક છે તેના વિરુદ્ધ ન જવું જોઈએ.

કુર્આને કરીમના અમુક શબ્દો જે આગળ આવશે તેમાં પણ આ વાતનું સમર્થન થાય છે. દાખલા તરીકે, يَدۡعُوۡنَنِىۡ અને كَيۡدَهُنَّ જેમાં અમુક સ્ત્રીઓનું નિવેદન બહુવાચક સર્વનામથી વર્ણન કરવામાં આવ્યું છે.

હઝરત યૂસુફ (અલૈ.)એ જ્યારે એ જોયું કે આ સ્ત્રીઓ તો તેનું જ સમર્થન અને તરફેણ કરી રહી છે અને જ્યારે તેમની ચાલબાજીઓથી બચવા માટેનું કોઈ જાહેર સ્વરૂપ બાકી ન રહ્યું તો પછી અલ્લાહ જલ્લ શા'નુહૂના શરણમાં ગયા અને બારગાહે રબ્બુલ ઇજ્જતમાં વિનંતી કરી, رَبِّ السِّجۡنُ اَحَبُّ اِلَىَّ مِمَّا يَدۡعُوۡنَنِىۡۤ اِلَيۡهِ‌ ۚ وَاِلَّا تَصۡرِفۡ عَنِّىۡ كَيۡدَهُنَّ اَصۡبُ اِلَيۡهِنَّ وَاَكُنۡ مِّنَ الۡجٰهِلِيۡنَ એટલે કે, "હે મારા

પાલનહાર ! આ સ્ત્રીઓ મને જે કામ તરફ આમંત્રણ આપે છે તેનાથી તો મને જેલખાનું વધારે પસંદ છે અને જો તું જ તેમના દાવપેચને મારાથી દૂર નહીં કરે તો શક્ય છે કે હું તેમના તરફ ઢળી જાઉં અને નાદાનીનું કામ કરી બેસું.'' હઝરત યૂસુફ (અલૈ.)નું આ ફરમાવવું કે જેલખાનું મને પસંદ છે તે કોઈ જેલ કે કેદની તમન્ના ન હતી બલકે, ગુનાહના મુકાબલામાં આ દુનિયાની મુસીબતને સહેલી સમજવાની જાહેરાત હતી અને અમુક રિવાયતોમાં છે કે જ્યારે હઝરત યૂસુફ (અલૈ.)ને જેલમાં બંધ કરવામાં આવ્યા ત્યારે અલ્લાહ તઆલા તરફથી વહી આવી, તમે જેલમાં પોતાની જાતને પોતે જ નાંખ્યા છે કારણ કે, તમે કહ્યું હતું, اَلسِّجْنُ اَحَبُّ اِلَيَّ એટલે કે, ''તેના કરતા મને જેલખાનું વધારે પસંદ છે.'' અને જો તમે અલ્લાહ પાસે સહૂલત માંગી હોત તો આપને સંપૂર્ણ સહૂલત મળી ગઈ હોત, તેનાથી જાણ થાય છે કે કોઈ મોટી મુસીબતથી બચવા માટે દુઆમાં એવું કહેવું કે આના કરતાં તો આ બહેતર છે કે ફલાણી નાની મુસીબતમાં મને સંડોવી દેવામાં આવે, આવું કહેવું યોગ્ય નથી બલકે, અલ્લાહ તઆલા પાસે દરેક મુસીબત અને બલાના સમયે આફિયત (રાહત) અને સહૂલત જ માંગવી જોઈએ, એટલા માટે રસૂલે કરીમ ﷺએ સબ્રની દુઆ માંગવાથી એક વ્યક્તિને મનાઈ કરી અને ફરમાવ્યું કે, ''સબ્ર તો બલા અને મુસીબત ઉપર હોય છે, તું અલ્લાહ તઆલા પાસે સબ્રની દુઆ માંગવાના બદલે આફિયતની દુઆ માંગ.'' (તિરમિઝી) અને રસૂલે કરીમ ﷺના કાકા હઝરત અબ્બાસ (રદિ.)એ વિનંતી કરી કે મને કોઈ દુઆની તાકીદ કરી આપો તો આપ ﷺએ ફરમાવ્યું કે, ''પોતાના પરવરદિગારની પાસે આફિયત (સહૂલત)ની દુઆ માંગ્યા કરો.'' હઝરત અબ્બાસ (રદિ.)એ ફરમાવ્યું કે અમુક સમય પછી ફરીવાર મેં આપ ﷺને દુઆ માટે તાકીદ કરવાનો સવાલ કર્યો તો ફરમાવ્યું કે, ''અલ્લાહ તઆલા પાસે દુનિયા અને આખિરતની આફિયત માંગ્યા કરો.'' *(તિરમિઝી અજ તબરાની)*

હઝરત યૂસુફ (અલૈ.)નું એવું કહેવું કે ''જો તું તેમની ચાલબાજીઓને દૂર નહીં કરે તો શક્ય છે કે હું તેમના તરફ ઢળી જાઉં.'' એ નુબુવ્વતની પાકીઝગીના ખિલાફ નથી કારણ કે, ઈસ્મત (પાકીઝગી)નો અર્થ જ એ છે કે અલ્લાહ તઆલા કોઈ વ્યક્તિને ગુનાહથી બચાવવાની તકૂવીની રીતે વ્યવસ્થા કરીને તેને ગુનાહથી બચાવી લે અને જો કે નુબુવ્વતના તકાદાના કારણે આ મકસદ પ્રથમથી જ પ્રાપ્ત

હતો પરંતુ તો પણ ડર અને અદબના કારણે તેઓ આ દુઆ કરવા મજબૂર થઈ ગયા, એનાથી એ પણ જાણ થઈ કે કોઈ વ્યક્તિ અલ્લાહ તઆલાની મદદ અને સહાયતા વિના ગુનાહથી બચી નથી શકતો અને એ પણ જાણ થઈ કે દરેક ગુનાહનું કામ જહાલતથી જ થાય છે, ઈલ્મનો તકાદો ગુનાહોથી બચવાનો છે.

(કુર્તુબી)

فَاسْتَجَابَ لَهُ رَبُّهُ فَصَرَفَ عَنْهُ كَيْدَهُنَّ إِنَّهُ هُوَ السَّمِيعُ الْعَلِيمُ એટલે કે, "તેમની દુઆ તેમના પરવરદિગારે કબૂલ કરી લીધી અને તે સ્ત્રીઓની ચાલબાજીઓ અને હીલાથી તેમને દૂર રાખ્યા, બેશક ! તે સઘળું સાંભળનારો અને બધું જ જાણનારો છે."

અલ્લાહ તઆલાએ તે સ્ત્રીઓના ફરેબથી બચાવવા માટે એ સામાન તૈયાર કર્યો કે, અઝીઝે મિસ્ર અને તેના મિત્રોને જો કે હઝરત યૂસુફ (અલૈ.)ની મોટાઈ અને તેમના તકવા તથા પવિત્રતાની ખુલ્લી નિશાનીઓ જોઈને તેમની પવિત્રતાનો વિશ્વાસ થઈ ચૂક્યો હતો પરંતુ શહેરમાં આ ઘટનાની ચર્ચા થવા લાગી એટલા માટે તે મા'મલો રફે-દફે કરવા માટે તેને તેમાં જ ભલાઈ દેખાઈ કે અમુક મુદ્દત સુધી હઝરત યૂસુફ (અલૈ.)ને જેલમાં બંધ કરી દેવામા આવે જેથી પોતાના ઘરમાં એ વિશે શંકાની પણ કોઈ તક બાકી ન રહે અને લોકોના મુખે પણ આ ચર્ચા બંધ થઈ જાય. ثُمَّ بَدَا لَهُمْ مِنْ بَعْدِ مَا رَأَوُا الْآيَاتِ لَيَسْجُنُنَّهُ حَتَّى حِينٍ એટલે કે, ફરી અઝીઝ અને તેના સલાહકારોએ એમાં જ ભલાઈ સમજી કે અમુક સમયના માટે હઝરત યૂસુફ (અલૈ.)ને કેદમાં રાખવામાં આવે એટલા માટે તેમને જેલખાનામાં મોકલી આપવામાં આવ્યા.

આયતો : (સૂરએ યૂસુફ : આયત નં. ૩૬ થી ૪૨)

وَدَخَلَ مَعَهُ السِّجْنَ فَتَيَانِ ۖ قَالَ أَحَدُهُمَا إِنِّي أَرَانِي أَعْصِرُ خَمْرًا ۖ وَقَالَ الْآخَرُ
إِنِّي أَرَانِي أَحْمِلُ فَوْقَ رَأْسِي خُبْزًا تَأْكُلُ الطَّيْرُ مِنْهُ ۖ نَبِّئْنَا بِتَأْوِيلِهِ ۖ إِنَّا نَرَاكَ
مِنَ الْمُحْسِنِينَ ﴿٣٦﴾ قَالَ لَا يَأْتِيكُمَا طَعَامٌ تُرْزَقَانِهِ إِلَّا نَبَّأْتُكُمَا بِتَأْوِيلِهِ قَبْلَ

أَن يَأْتِيَكُمَا ۚ ذَٰلِكُمَا مِمَّا عَلَّمَنِي رَبِّي ۚ إِنِّي تَرَكْتُ مِلَّةَ قَوْمٍ لَّا يُؤْمِنُونَ بِاللَّهِ وَهُم
بِالْآخِرَةِ هُمْ كَافِرُونَ ﴿٣٧﴾ وَاتَّبَعْتُ مِلَّةَ آبَائِي إِبْرَاهِيمَ وَإِسْحَاقَ وَيَعْقُوبَ ۚ مَا
كَانَ لَنَا أَن نُّشْرِكَ بِاللَّهِ مِن شَيْءٍ ۚ ذَٰلِكَ مِن فَضْلِ اللَّهِ عَلَيْنَا وَعَلَى النَّاسِ
وَلَٰكِنَّ أَكْثَرَ النَّاسِ لَا يَشْكُرُونَ ﴿٣٨﴾ يَا صَاحِبَيِ السِّجْنِ أَأَرْبَابٌ مُّتَفَرِّقُونَ خَيْرٌ أَمِ اللَّهُ
الْوَاحِدُ الْقَهَّارُ ﴿٣٩﴾ مَا تَعْبُدُونَ مِن دُونِهِ إِلَّا أَسْمَاءً سَمَّيْتُمُوهَا أَنتُمْ وَآبَاؤُكُم مَّا أَنزَلَ
اللَّهُ بِهَا مِن سُلْطَانٍ ۚ إِنِ الْحُكْمُ إِلَّا لِلَّهِ ۚ أَمَرَ أَلَّا تَعْبُدُوا إِلَّا إِيَّاهُ ۚ ذَٰلِكَ الدِّينُ الْقَيِّمُ
وَلَٰكِنَّ أَكْثَرَ النَّاسِ لَا يَعْلَمُونَ ﴿٤٠﴾ يَا صَاحِبَيِ السِّجْنِ أَمَّا أَحَدُكُمَا فَيَسْقِي رَبَّهُ خَمْرًا ۖ
وَأَمَّا الْآخَرُ فَيُصْلَبُ فَتَأْكُلُ الطَّيْرُ مِن رَّأْسِهِ ۚ قُضِيَ الْأَمْرُ الَّذِي فِيهِ
تَسْتَفْتِيَانِ ﴿٤١﴾ وَقَالَ لِلَّذِي ظَنَّ أَنَّهُ نَاجٍ مِّنْهُمَا اذْكُرْنِي عِندَ رَبِّكَ فَأَنسَاهُ الشَّيْطَانُ
ذِكْرَ رَبِّهِ فَلَبِثَ فِي السِّجْنِ بِضْعَ سِنِينَ ﴿٤٢﴾

તરજુમો :

અને તેમની સાથે બે યુવાનો જેલમાં દાખલ થયા, તેમનામાંનો એક કહેવા લાગ્યો, હું જોઉં છું કે હું દારૂ નિચોવું છું અને બીજાએ કહ્યું કે હું જોઉં છું કે પોતાના માથા ઉપર રોટલીઓ ઉઠાવી રહ્યો છું કે તેમાંથી પક્ષીઓ ખાય છે, અમને એની તા'બીર બતાવ, અમે તમને ભલાઈવાળા જોઈ રહ્યા છે. (૩૬) બોલ્યા, તમારું ખાવા આવવા પામશે નહીં જે દરરોજ તમને મળે છે પરંતુ હું તમને તેના આવવાથી પહેલાં તેની તા'બીર બતાવી ચૂકીશ, આ જ્ઞાન છે કે મને મારા પરવરદિગારે શિખવ્યું છે, મેં તે કોમનો દીન છોડી દીધો કે અલ્લાહ ઉપર ઈમાન નથી લાવતા અને તે લોકો આખિરતના ઈન્કારી છે. (૩૭) અને મેં પોતાના બાપદાદાઓનો દીન પકડયો ઈબ્રાહીમ (અલૈ.) અને ઈસ્હાક (અલૈ.) અને યાકૂબ (અલૈ.)નો, અમારું કામ નથી કે કોઈ વસ્તુને અલ્લાહનો ભાગીદાર કરીએ, આ અમારા ઉપર અલ્લાહની કૃપા છે અને

બધા લોકો ઉપર પરંતુ ઘણા લોકો અહેસાન માનતા નથી. (૩૮) હે જેલખાનાના સાથીઓ ! ભલા કેટલાય અલગ-અલગ મઅ્બૂદો સારા અથવા અલ્લાહ એકલો મહાબળવાન !? (૩૯) કંઈ પૂજતા નથી સિવાય એ કે માત્ર નામ છે જે તમે અને તમારા બાપદાદાઓએ રાખી લીધા છે, અલ્લાહે તેની કોઈ સનદ ઉતારી નથી, અલ્લાહના સિવાય કોઈની હુકૂમત નથી, તેણે ફરમાવી દીધું કે બંદગી ન કરો પરંતુ તેની જ, આ જ છે સીધો માર્ગ, પરંતુ ઘણા લોકો જાણતા નથી. (૪૦) હે જેલખાનાના સાથીઓ ! તમારા બંનેમાં એક તે છે બસ પોતાના માલિકને શરાબ પીવાડશે અને બીજો તે છે જે શૂળીએ ચઢાવવામાં આવશે, પછી પક્ષીઓ તેના માથામાંથી ખાશે; તે કામનો ફેંસલો થઈ ચૂક્યો જેની તહકીક તમે ઈચ્છતા હતા. (૪૧) અને તેને (યૂસુફ અલૈ.એ) કહી દીધું જેના વિશે અનુમાન કર્યું હતું કે બંનેમાંથી એ બચશે કે પોતાના માલિકની પાસે મારું વર્ણન કરજે, બસ તેને શયતાને પોતાના માલિકથી વર્ણન કરવાનું ભૂલાવી દીધું, પછી (યૂસુફ અલૈ.) કેદમાં કેટલાય વર્ષો રહ્યા. (૪૨)

તફસીર :

અને યૂસુફ (અલૈ.)ની સાથે (એટલે કે, તે સમયે) અન્ય બે (બાદશાહના) ગુલામ જેલખાનામાં દાખલ થયા (જેમાંથી એક દારૂ પીરસનારો હતો અને બીજો રોટી પકવનારો બાવરચી-રસોઈયો હતો અને તેમને જેલમાં બંધ કરવાનું કારણ એ હતું કે તેમના વિશે એવી શંકા હતી કે તેમણે ખાવા અને શરાબમાં ઝેર ભેળવીને બાદશાહને આપ્યું છે, તેમના મુકદમાની તપાસ ચાલી રહી હતી એટલા માટે તેમને જેલમાં બંધ કરી દીધા, તેમણે જ્યારે હઝરત યૂસુફ અલૈ.માં બુઝુર્ગીના ચિહ્નો જોયા તો) તેમાંથી એકે (હઝરત યૂસુફ અલૈ.ને) કહ્યું કે, હું પોતાને સ્વપ્નમાં જોઉં છું કે (જેમકે) શરાબ (બનાવવા માટે દ્રાક્ષનો લુમખો) નિચોવી રહ્યો છું (અને બાદશાહને તે શરાબ પીવાડી રહ્યો છું) અને બીજાએ કહ્યું કે હું પોતાને એવી રીતે જોઉં છું કે (જેમકે) પોતાના માથા ઉપર રોટલીઓ લઈ જાઉં છું (અને) તેમાંથી પક્ષીઓ (તોડી-તોડીને) ખાય છે અને આ સ્વપ્નની (જે અમે બંનેએ જોયું છે) તા'બીર બતાવો, તમે અમને નેક વ્યક્તિ લાગો છો, યૂસુફ (અલૈ.)એ (જ્યારે એ જોયું કે આ લોકો ભરોસાથી મારા તરફ ઢળ્યા છે તો ઈચ્છ્યું કે સૌ પ્રથમ તેમને

ઈમાનની દા'વત આપવામાં આવે, એટલા માટે પ્રથમ પોતાના નબી હોવાને એક મોઅ્જિઝાથી સાબિત કરવા માટે) ફરમાવ્યું, (જુઓ) જે ખાવા તમારી પાસે આવે છે જે તમારા ખાવા માટે (જેલખાનામાં) મળે છે હું તેના આવવાથી પહેલાં તેની હકીકત તમને બતાવી આપું છું (કે ફલાણી વસ્તુ આવશે અને તે આવી-આવી હશે અને) આ બતાવી દેવું તે જ્ઞાનના કારણે છે જે મને મારા પરવરદિગારે શિખવાડ્યું છે (એટલે કે મને વહી દ્વારા જાણ થઈ જાય છે તો આ એક મોઅ્જિઝો છે જે નુબુવ્વતની દલીલ છે અને તે વખતે આ મોઅ્જિઝો ખાસ સ્વરૂપે એટલા માટે યોગ્ય હતો કે જે ઘટનામાં કેદીઓએ તા'બીર માટે તેમને પૂછ્યું હતું તે ઘટના પણ ખાવા સંબંધિત હતી, નુબુવ્વતની દલીલ આપ્યા પછી તવહીદની દલીલનો વિષય વર્ણન કર્યો કે) મેં તો તે લોકોનો ધર્મ (પ્રથમથી જ) છોડી દીધો છે જેઓ અલ્લાહ ઉપર ઈમાન નથી લાવ્યા અને તે લોકો આખિરતના પણ ઈન્કારી છે અને મેં પોતાના તે (વડીલ) બાપ-દાદાના ધર્મને અપનાવી રાખ્યો છે ઈબ્રાહીમનો અને ઈસ્હાકનો અને યાકૂબ (અલૈ.)નો (અને આ ધર્મનો મહત્ત્વનો સિદ્ધાંત એ છે કે) અમારા માટે કોઈપણ રીતે યોગ્ય નથી કે અલ્લાહની સાથે કોઈ વસ્તુને (ઈબાદત માટે) ભાગીદાર ઠરાવીએ, આ (તવહીદનો અકીદહ) અમારા ઉપર અને (અન્ય) લોકો ઉપર (પણ) અલ્લાહ તઆલાની એક કૃપા છે (કે તેના કારણે દુનિયા અને આખિરતની સફળતા પ્રાપ્ત થાય છે) પરંતુ ઘણા લોકો (આ નેઅ્મતનો) શુક્ર (અદા) કરતા નથી (અને તવહીદને અપનાવતા નથી), હે જેલખાનાના સાથીઓ ! (જરા સોચી-વિચારીને બતાવો કે ઈબાદત માટે) અલગ-અલગ મઅ્બૂદો સારા છે અથવા એક જ મઅ્બૂદે બરહક જે સૌથી બળવાન છે તે સારો ? તમે લોકો તો અલ્લાહને છોડીને ફક્ત અમુક બેહકીકત નામોની ઈબાદત કરો છો જેને તમે અને તમારા બાપ-દાદાઓએ (પોતે જ) ઠરાવી લીધા છે, અલ્લાહ તઆલાએ તો તેમની (મઅ્બૂદ હોવાની) કોઈ દલીલ (બૌદ્ધિક અથવા આકાશી) મોકલી નથી (અને) હુકમ માત્ર અલ્લાહનો જ છે, તેણે હુકમ આપ્યો છે કે તેના સિવાય અન્ય કોઈ વસ્તુની ઈબાદત ન કરો, આ જ (તવહીદ અને ઈબાદત માત્ર અલ્લાહ તઆલા માટે ખાસ કરતો) સીધો તરીકો છે પરંતુ ઘણા લોકો જાણતા નથી (ઈમાનની દા'વત અને તબ્લીગ પછી હવે તેમના સ્વપ્નની તા'બીર બતાવે છે કે) હે જેલખાનાના સાથીઓ ! તમારામાંથી એક તો

(ગુનાહથી છુટકારો પામી) પોતાના માલિકને (અગાઉ પ્રમાણે) શરાબ પીવાડ્યા કરશે અને બીજો (ગુનેહગાર ઠરીને) સૂળીએ ચઢાવી દેવામાં આવશે અને તેના માથાને પક્ષીઓ (તોડી-તોડીને) ખાશે અને જે વિષયમાં તમે પૂછતા હતા તે આવી જ રીતે નક્કી થઈ ચૂક્યું છે (એટલા માટે મા'મલાની તહકીક અને તપાસ પછી એવું જ થયું કે એક નિર્દોષ સાબિત થયો અને બીજો ગુનેહગાર, બંનેને જેલખાનામાંથી બોલાવવામાં આવ્યા, એકને છુટકારા માટે અને બીજાને સજા આપવા માટે) અને (જ્યારે તેઓ જેલખાનામાંથી જવા લાગ્યા તો) જે વ્યક્તિ ઉપર છુટકારાનું અનુમાન હતું તેને યૂસુફ (અલૈ.)એ ફરમાવ્યું કે પોતાના માલિકની સામે મારું પણ વર્ણન કરજે (કે એક નિર્દોષ વ્યક્તિ જેલમાં છે અને તેણે કહેવાનો વાયદો કરી લીધો), પછી તેને પોતાના માલિકથી (યૂસુફ અલૈ.નું) વર્ણન કરવાનું શયતાને ભૂલાવી દીધું, (તે કારણે) જેલખાનામાં હજુપણ અમુક વર્ષો તેમને રહેવાનું થયું.

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતોમાં હઝરત યૂસુફ (અલૈ.)ના કિસ્સાની એક મહત્ત્વની ઘટના પ્રસ્તુત છે. આ વાત આપણે વારંવાર જાણી ચૂક્યા છે કે કુર્આને કરીમ ન તો કોઈ ઇતિહાસનું પુસ્તક છે અને ન જ કોઈ કિસ્સા-કહાણીઓનું પુસ્તક છે, તેમાં જે ઐતિહાસિક ઘટનાઓ અથવા કિસ્સા-કહાણીઓનું વર્ણન કરવામાં આવે છે તેનો હેતુ માત્ર મનુષ્યને બોધપાઠ અને શિખામણ આપવાનો હોય છે તથા તેમાં જીવનના વિવિધ ક્ષેત્રો માટે મહત્ત્વનું માગદર્શન અને સૂચનાઓ હોય છે. સમગ્ર કુર્આન અને અનેક અંબિયા (અલૈ.)ના કિસ્સાઓમાં માત્ર એક જ કિસ્સો હઝરત યૂસુફ (અલૈ.)નો એવો છે જેને કુર્આને કરીમે સાતત્ય સાથે ક્રમબદ્ધ વર્ણવ્યો છે નહિતર દરેક સ્થળે યોગ્ય ઐતિહાસિક ઘટનાઓના અમુક મહત્ત્વના વિભાગનું વર્ણન કરવાને પૂરતું સમજવામાં આવ્યું છે.

હઝરત યૂસુફ (અલૈ.)ના કિસ્સાને પ્રથમથી અંત સુધી જોઈએ તો તેમાં સેંકડો બોધપાઠ અને નસીહતોની તકો તથા મનુષ્યની જિંદગીના વિવિધ તબક્કાઓ માટે મહત્ત્વના માર્ગદર્શનો જોવા મળે છે. આ ઘટના પણ ઘણા બધા માર્ગદર્શન પોતાના પાલવમાં સમેટીને શિખામણ માટે ઉપલબ્ધ કરાવે છે.

ઘટના એમ બની કે હઝરત યૂસુફ (અલૈ.)ની પવિત્રતા અને તેમની

સ્વચ્છતા બિલકુલ સ્પષ્ટ થઈ ગઈ હોવા છતાં અઝીઝે મિસ્ર અને તેની પત્નીએ બદનામીની ચર્ચા શાંત પાડવા માટે અમુક સમય માટે હઝરત યૂસુફ (અલૈ.)ને જેલખાનામાં મોકલી આપવાનો ફેંસલો કર્યો જે વાસ્તવમાં હઝરત યૂસુફ (અલૈ.)ની દુઆ અને તેમની તમન્નાની પૂર્ણતા હતી કારણ કે, અઝીઝે મિસ્રના ઘરમાં રહીને ઈસ્મત બચાવવી એક સખત મુશ્કેલ કામ બની ચૂક્યું હતું.

હઝરત યૂસુફ (અલૈ.) જેલખાનામાં પહોંચ્યા તો સાથે જ બે આરોપી કેદીઓ પણ જેલખાનામાં પ્રવેશ્યા, તેમનામાંથી એક રાજાને દારૂ પીરસનારો (સાકી) હતો અને બીજો રસોઈયો હતો. ઈબ્ને કષીરે તફસીરના ઈમામોના હવાલાથી લખ્યું છે કે આ બંને એ આરોપ હેઠળ પકડવામાં આવ્યા હતા કે તેમણે રાજાને ભોજન વગેરેમાં ઝેર આપવાનો પ્રયત્ન કર્યો હતો, તેમનો મુકદ્દમો તપાસ હેઠળ હતો એટલા માટે તે બંનેને જેલખાનામાં રાખવામાં આવ્યા હતા.

હઝરત યૂસુફ (અલૈ.) જેલખાનામાં દાખલ થયા તો પોતાની પયગમ્બર તરીકેની વર્તણૂક, અખ્લાક, દયા અને લાગણીના કારણે બધા કેદીઓની ખબરગીરી કરતા હતા અને તેમને હૂંફ આપ્યા કરતા હતા, જે બીમાર થઈ ગયા હોય તેમની બીમારપુરસી અને સેવા કરતા, જેઓ દિલગીર અને પરેશાન થઈ જાય તેમને સાંત્વના આપતા હતા, ધૈર્યની પ્રેરણા અને પ્રોત્સાહન આપતા તથા છુટકારાની આશાથી તેમના દિલને હૂંફ અને સંતોષ આપતા હતા, પોતે તકલીફ ઉઠાવીને અન્યોને આરામ આપવાની ચિંતા કરતા અને રાતભર અલ્લાહ તઆલાની ઈબાદતમાં મશ્ગૂલ રહેતા હતા. તેમની આ પરિસ્થિતિ જોઈને જેલના બધા કેદીઓ તેમની મોટાઈ અને આધ્યાત્મિકતામાં વિશ્વાસ ધરાવતા થઈ ગયા હતા, જેલનો જેલર પણ તેમનાથી પ્રભાવિત હતો, તેણે કહ્યું, જો મારા અધિકારમાં હોત તો મેં તમને ક્યારનાય છોડી મૂક્યા હોત, હવે હું એટલું જ કરી શકું છું કે અહીંયાં આપને કોઈ તકલીફ ન પહોંચે.

અમુક આશ્ચર્યજનક હેરત પમાડે એવી ઘટનાઓ :

જેલના જેલર સામે કેદીઓમાંથી અમુકે હઝરત યૂસુફ (અલૈ.)માં પોતાની આસ્થા અને મહોબ્બતની જાહેરાત કરી કે અમને તેમનાથી ઘણી મહોબ્બત છે ત્યારે હઝરત યૂસુફ (અલૈ.)એ ફરમાવ્યું કે અલ્લાહના વાસ્તે મારાથી મહોબ્બત ન

કરો કારણ કે, જ્યારે પણ કોઈએ મારાથી મહોબ્બત કરી છે તો મારા ઉપર આફત આવી પડી છે, બાળપણમાં મારી ફોઈને મારાથી મહોબ્બત હતી તેના પરિણામમાં મારા ઉપર ચોરીનો આક્ષેપ લાગ્યો, પછી મારા પિતાએ મારાથી મહોબ્બત કરી તો હું મારા ભાઈઓના હાથે કૂવામાં કેદ થવાથી લઈ પછી ગુલામી અને દેશ નિકાલ જેવી આફતમાં સપડાયો, અઝીઝની પત્નીએ મારાથી મહોબ્બત કરી તો હું જેલખાનામાં પહોંચી ગયો. *(ઈબ્ને કષીર, મઝહરી)*

આ બે કેદીઓ જે હઝરત યૂસુફ (અલૈ.) સાથે જેલખાનામાં ગયા હતા એક દિવસે તેમણે કહ્યું કે, તમે અમને ઘણા નેક અને ભલા માણસ લાગો છો એટલા માટે તમને અમે પોતાના સ્વપ્નની તા'બીર પૂછવા ઈચ્છીએ છીએ. હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.) અને બીજા અમુક તફસીરના ઈમામો ફરમાવે છે કે "આ સ્વપ્ન તેમણે વાસ્તવમાં જોયું હતું." હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ (રદિ.)એ ફરમાવ્યું કે "સ્વપ્ન કંઈ ન હતું ફક્ત હઝરત યૂસુફ (અલૈ.)ની મોટાઈ અને તેમની સચ્ચાઈની કસોટી કરવા માટે સ્વપ્ન ઉપજાવી કાઢયું હતું."

જે હોય તે; તેમાં એક શાહી સાકી (એટલે કે બાદશાહનો દારૂ પીરસનારો) હતો, તેણે કહ્યું કે મેં સ્વપ્નમાં જોયું કે હું દ્રાક્ષનો શરાબ કાઢી રહ્યો છું અને બીજો રસોઈયો હતો, તેણે કહ્યું કે મેં જોયું કે મારા માથા ઉપર રોટીઓનો ટોપલો છે તેમાંથી પક્ષીઓ તોડી-તોડીને ખાઈ રહ્યા છે અને દરખાસ્ત કરી કે અમને બંનેને અમારા સ્વપ્નની તા'બીર બતાવો.

હઝરત યૂસુફ (અલૈ.)ને સ્વપ્નની તા'બીર પૂછવામાં આવે છે પરંતુ તેઓ પોતાની પયગમ્બર તરીકેની શૈલીથી આ સવાલના જવાબ પહેલાં ઈમાનની તબ્લીગ અને તેના તરફ આમંત્રણનું કામ શરૂ કરે છે અને દા'વતના સિદ્ધાંતો હેઠળ હિકમત તથા સમજદારીથી કામ લઈને સૌ પ્રથમ તે લોકોના દિલોમાં પોતાનો ભરોસો પેદા કરવા માટે પોતાના તે મોઅ્જિઝાનું વર્ણન કર્યું કે તમારા માટે તમારા ઘેરથી અથવા અન્ય કોઈ સ્થળેથી જે ખાવા આવે છે તેના આવવાથી પહેલાં હું તમને બતાવી આપું છું કે તે કયા પ્રકારનું ભોજન છે ? કેવું અને કેટલું છે? અને કયા સમયે આવશે ? અને તે બરાબર તે જ પ્રમાણે આવે છે. ذَٰلِكُمَا مِمَّا عَلَّمَنِي رَبِّي અને આ કોઈ "રમલ" કે "જફર"ની કળા અથવા કોઈ

જ્યોતિષશાસ્ત્ર વગેરેના પ્રપંચો નથી બલકે, મારો પરવરદિગાર વહી દ્વારા મને બતાવી આપે છે એટલા માટે હું તમને બતાવી આપું. આ એક ખુલ્લો મોઅ્જિઝો હતો જે નુબુવ્વતની દલીલ અને ભરોસો કરવા માટેનું સૌથી મોટું કારણ હતું ત્યારબાદ પ્રથમ કુફ્રની બુરાઈ અને કુફ્રના અપમાનથી પોતાની બેઝારી અને અલગતા વર્ણન કરી અને પછી એ પણ બતાવ્યું કે હું નુબુવ્વતના ખાનદાનનો એક વ્યક્તિ છું અને તેમના જ સત્ય ધર્મનો પાબંદ છું, મારા બાપ-દાદાઓ ઈબ્રાહીમ અને ઈસ્હાક અને યાકૂબ (અલૈ.) છે. આ ખાનદાની પ્રતિષ્ઠા પણ મનુષ્યના સ્વભાવમાં ભરોસો પેદા કરવાનું માધ્યમ હોય છે, ત્યાર પછી ફરમાવ્યું કે અમારા માટે આ કોઈપણ રીતે જાઇઝ નથી કે અમે અલ્લાહ તઆલાની સાથે કોઈને પણ તેના મઅ્બૂદ હોવામાં ભાગીદાર ઠરાવીએ, પછી ફરમાવ્યું કે આ દીને હકની તવફીક અમારા ઉપર અને બધા લોકો ઉપર અલ્લાહ તઆલાની કૃપા છે કે તેણે સમજદારી અર્પણ કરી અને સત્યને કબૂલ કરવું અમારા માટે સરળ કરી દીધું પરંતુ ઘણા લોકો હજુપણ આ નેઅ્મતની કદ્ર અને શુક્ર નથી કરતા, પછી તેમણે કેદીઓને સવાલ કર્યો કે વારુ, તમે જ બતાવો કે મનુષ્ય માટે ઘણા બધા ખુદા અને મઅ્બૂદ હોય તે સારું છે અથવા તો માત્ર તે એક એવા અલ્લાહનો બંદો બને કે જે સર્વશક્તિમાન અને દરેક વસ્તુ ઉપર છવાયેલો છે ? ત્યારબાદ મૂર્તિપૂજાની બુરાઈ એક બીજી પદ્ધતિ દ્વારા એ પ્રમાણે બતાવી કે તમે અને તમારા બાપદાદાઓ અમુક મૂર્તિઓને પોતાનો પરવરદિગાર સમજી બેઠા તો આ તો ફક્ત નામ માત્રના જ છે જે તમે ઘડી લીધા છે, ન તેમની પોતાની કોઈ ખાસિયત એ પાત્રતા ધરાવે છે કે તેમને કોઈ મા'મૂલી શક્તિ અને તાકાતના માલિક સમજવામાં આવે કારણ કે તે બધા જ નિર્જીવ અને જડ છે. આ વાત તો આપણી આંખો દ્વારા સાબિત થઈ ચૂકી છે અને બીજો માર્ગ તેમના સાચા મઅ્બૂદ હોવાનો એ હોઈ શકતો હતો કે અલ્લાહ તઆલા તેમની પૂજાપાઠ માટે હુકમ નાઝિલ ફરમાવે તો ભલે બુદ્ધિ કે તર્ક તેમની ખુદાઈનો સ્વીકાર ન કરતી હોત પરંતુ અલ્લાહ તઆલાના હુકમના કારણે આપણે તે બુદ્ધિ કે તર્કના અભિપ્રાયને છોડીને અલ્લાહના હુકમની તા'બેદારી કરવી પડી હોત પરંતુ અહીંયાં તો એવું પણ કશું નથી કારણ કે, હક તઆલાએ તેમની ઈબાદત માટેની કોઈ સાબિતી કે દલીલ નાઝિલ નથી ફરમાવી બલકે, તેણે તો એ જ બતાવ્યું છે કે હુકમો અને હુકૂમત

માત્ર અલ્લાહ સિવાય કોઈનો હક કે અધિકાર નથી અને તેણે એ હુકમ આપ્યો છે કે તેના સિવાય કોઈની ઈબાદત ન કરો, આ જ તે દીને કય્યિમ (સત્ય-સીધો માર્ગ) છે જે મારા બાપદાદાઓને અલ્લાહ તઆલા તરફથી અર્પણ થયો પરંતુ મોટા ભાગના લોકો આ હકીકતને જાણતા નથી.

હઝરત યૂસુફ (અલૈ.) પોતાની તબ્લીગ અને દા'વત પછી તે લોકોના સ્વપ્નો તરફ કેન્દ્રિત થયા અને ફરમાવ્યું કે, તમારામાંથી એક તો છૂટી જશે અને પછી પોતાની નોકરી ઉપર પાછો નિમણૂક પામી રાજાને શરાબ પીવાડશે અને બીજા ઉપર ગુનોહ સાબિત થશે અને તેને સૂળીએ ચઢાવી દેવામાં આવશે તથા જાનવર તેના શરીરનું માંસ તોડી-તોડીને ખાશે.

પયગમ્બર તરીકેની લાગણીનું એક આશ્ચર્યજનક ઉદાહરણ :

ઈબ્ને કષીર (રહ.)એ ફરમાવ્યું કે જો કે આ બંનેનું સ્વપ્ન અલગ- અલગ હતું અને દરેકની તા'બીર નક્કી હતી અને આ પણ નક્કી હતું કે, શાહી સાકી છૂટીને પોતાની નોકરી ઉપર ફરી નિમણૂક પામશે અને રસોઈયાને સૂળીએ ચઢાવવામાં આવશે પરંતુ પયગમ્બર તરીકેની લાગણી અને પ્રેમના કારણે તેમણે નક્કી કરીને ન બતાવ્યું કે તમારામાંથી ફલાણાને સૂળીએ ચઢાવવામાં આવશે જેથી તે, તે જ સમયે દિલગીર ન થઈ જાય બલકે મોઘમ રીતે એવું કહ્યું કે તમારામાંથી એક છૂટી જશે અને બીજાને સૂળીએ ચઢાવવામાં આવશે.

અંતે ફરમાવ્યું કે મેં તમારા સ્વપ્નની તા'બીર જે આપી છે તે ફક્ત અટકળ અને અનુમાન નથી બલકે આ અલ્લાહ તઆલાનો ફેંસલો છે જે ટળી શકતો નથી. જે તફસીરકારોએ આ લોકોના સ્વપ્નને ખોટું અને બનાવટી કહ્યું છે તેમણે એ પણ ફરમાવ્યું છે કે, જ્યારે હઝરત યૂસુફ (અલૈ.)એ સ્વપ્નની તા'બીર બતાવી તો તે બંને બોલી ઊઠયા કે અમે તો કોઈ સ્વપ્ન નથી જોયું માત્ર વાત ઉપજાવી કાઢી હતી એટલા માટે તેમની આ વાત ઉપર હઝરત યૂસુફ (અલૈ.)એ ફરમાવ્યું, قُضِيَ الْأَمْرُ الَّذِي فِيهِ تَسْتَفْتِيَانِ ભલે તમે આ સ્વપ્ન જોયું અથવા નથી જોયું પણ હવે ઘટના એવી જ બનશે જે વર્ણન કરવામાં આવી છે. મકસદ એ છે કે જૂઠું સ્વપ્ન ઉપજાવી કાઢવાનો જે ગુનોહ તમે કર્યો હતો હવે તેની સજા એ જ છે જે સ્વપ્નની તા'બીર તરીકે વર્ણન કરવામાં આવી.

પછી જે વ્યક્તિ વિશે હઝરત યૂસુફ (અલૈ.) સ્વપ્નની તા'બીર દ્વારા એ સમજતા હતા કે તે છૂટીને સ્વતંત્ર થઈ જશે તેને કહ્યું કે, જ્યારે તમે જેલમાંથી આઝાદ થઈને છૂટી જાઓ અને શાહી દરબારમાં પહોંચો તો પોતાના રાજા પાસે મારું પણ વર્ણન કરજો કે એક બેગુનાહ (નિર્દોષ) જેલમાં પડ્યો છે પરંતુ તે વ્યક્તિને આઝાદ થયા પછી હઝરત યૂસુફ (અલૈ.)ની આ વાત યાદ ન રહી જેના પરિણામે હઝરત યૂસુફ (અલૈ.)ની આઝાદી અને છુટકારામાં મોડું થયું અને આ ઘટના પછી અમુક વર્ષો તેઓ વધારે જેલમાં રહ્યા.

અત્રે કુર્આનમાં શબ્દ بِضۡعَ سِنِيۡنَ (બિઢ્-અ સિનીન) આવ્યો છે, આ શબ્દ ત્રણથી લઈને નવ સુધીની સંખ્યા માટે બોલવામાં આવે છે, અમુક મુફસ્સિરોએ ફરમાવ્યું કે આ ઘટના પછી સાત વર્ષો વધારે જેલમાં રહેવું પડ્યું.

હુક્મો અને મસ્અલાઓ :

પ્રસ્તુત આયતોમાં ઘણા બધા હુકમો, મસ્અલાઓ, ખુલાસાઓ, માર્ગદર્શનો અને સૂચનાઓ પ્રાપ્ત થાય છે તેમાં વિચાર કરો.

(૧) મસ્અલો :

હઝરત યૂસુફ (અલૈ.) જેલમાં મોકલવામાં આવ્યા જે અપરાધીઓ અને બદ્‌માશોની વસ્તી હોય છે પરંતુ હઝરત યૂસુફ (અલૈ.) તેમની સાથે પણ સારી વર્તણૂક અને સારા વ્યવહારથી તે મા'મલો કરતા હતા કે જેનાથી તે બધા તેમનું માન રાખતા થઈ ગયા, એનાથી જાણ થાય છે કે સુધારક માટે જરૂરી છે કે અપરાધીઓ અને મુજરીમો સાથે પણ હમદર્દી અને ભલાઈનો મા'મલો કરીને તેમને પોતાની તરફેણમાં આકર્ષિત કરી લે, કોઈપણ પગલે નફરતની જાહેરાત ન થવા દે.

(૨) મસ્અલો :

આયતના શબ્દ اِنَّا نَرٰىكَ مِنَ الۡمُحۡسِنِيۡنَ થી એ જાણ થઈ કે સ્વપ્નની તા'બીર એવા જ લોકોને પૂછવી જોઈએ જે નેક અને ભલો માણસ હોય તથા તેમની હમદર્દી ઉપર ભરોસો હોય.

(૩) મસ્અલો :

એ પણ જાણ થઈ કે સત્યનું આમંત્રણ આપનારા અને મખ્લૂકની

સુધારણા અને સેવા કરનારા લોકોની શૈલી અને રીત-ભાત એવી હોવી જોઈએ કે, પ્રથમ પોતાની સદ્‌વર્તણૂક તથા જ્ઞાન અને તેના ઉપર અમલની વિશેષતાઓ દ્વારા અલ્લાહની મખ્લૂક ઉપર પોતાનો વિશ્વાસ સ્થાપિત કરે ભલે, તેમાં તેમને પોતાની અમુક વિશેતાઓની જાહેરાત પણ કરવી પડે જેમકે હઝરત યૂસુફ (અલૈ.)એ આ તકે પોતાના મોઅ્‌જિઝાનું પણ વર્ણન કર્યું અને પોતે નુબુવ્વતના કુટુંબના એક વ્યક્તિ હોવાનું પણ જાહેર કર્યું. આ વિશેષતાની જાહેરાત જો મખ્લૂકની સુધારણાની નિય્યતથી હોય અને તેમાં પોતાની વ્યક્તિગત મોટાઈ સાબિત કરવા માટે ન હોય તો આ તે "તઝ્‌કિય્યએ નફ્‌સ" (પવિત્રતાની જાહેરાત) નથી જેની મનાઈ કુર્આને કરીમમાં આવી છે. فَلَا تُزَكُّوْا اَنْفُسَكُمْ એટલે કે, "પોતાના નફ્‌સની પવિત્રતાની જાહેરાત ન કરો." *(તફ્‌સીરે મઝહરી)*

(૪) મસ્અલો :

પ્રચાર અને તબ્લીગનો એક મહત્ત્વનો સિદ્ધાંત એ પણ બતાવવામાં આવ્યો છે કે પ્રચારક અને સુધારકની મહત્ત્વની ફરજ એ છે કે દરેક સમયે, દરેક પરિસ્થિતિમાં પોતાના પ્રચારના કાર્યને અને તબ્લીગને બધા કાર્યોથી અગ્રસ્થાને રાખે, કોઈ તેની પાસે કોઈ અન્ય કામ માટે આવે ત્યારે પણ તે પોતાના અસલી કામને ન ભૂલે, જેમકે હઝરત યૂસુફ (અલૈ.)ની પાસે આ કેદીઓ સ્વપ્નની તા'બીર પૂછવા માટે આવ્યા હતા ત્યારે હઝરત યૂસુફ (અલૈ.)એ સ્વપ્નની તા'બીરનો જવાબ આપતા પહેલાં દા'વતો તબ્લીગ દ્વારા તેમને હિદાયત અને સત્યની ભેટ અર્પણ કરી, એવું ન સમજો કે દા'વત અને તબ્લીગ કોઈ જલ્સા અથવા કોઈ મિમ્બર અથવા કોઈ સ્ટેજ ઉપર જ થઈ શકે છે બલકે, વ્યક્તિગત મુલાકાતો, વ્યક્તિગત ચર્ચા અને વાતચીત દ્વારા આ કાર્ય વધારે અસરકારક અને પ્રભાવી હોય છે.

(૫) મસ્અલો :

આ બાબત પણ તે જ સુધારણા અને દોરવણી વિશે છે કે હિકમતની સાથે એવી વાત કહેવામાં આવે જે શ્રોતાના દિલમાં ઘર કરી જાય જેમકે, હઝરત યૂસુફ (અલૈ.)એ તેમને એ બતાવ્યું કે મને જે કંઈ વિશેષતા પ્રાપ્ત થઈ તે એનું જ પરિણામ છે કે મેં કુફ્રની મિલ્લતને છોડીને ઈસ્લામ ધર્મ અપનાવ્યો અને કુફ્ર અને શિર્કની ખરાબીઓને દિલ ઉપર અસર કરે એવા અંદાજમાં વર્ણન કરી.

(૬) મસ્અલો :

તેનાથી એ સાબિત થયું કે જે મા'મલો સાંભળનાર માટે તકલીફ આપનાર અને તેને નાપસંદ હોય અને તેની જાહેરાત જરૂરી જ હોય તો શ્રોતા સામે જ્યાં સુધી શક્ય હોય એવા અંદાજથી વર્ણન કરવામાં આવે કે તેને ઓછામાં ઓછી તકલીફ પહોંચે જેમકે, સ્વપ્નની તા'બીરમાં એક વ્યક્તિનું સૂળીએ ચઢવું નક્કી હતું પરંતુ હઝરત યૂસુફ (અલૈ.)એ તેને મોઘમ રાખ્યું અને નક્કી કરીને ન બતાવ્યું કે સૂળી ઉપર કોણ ચઢશે ? *(ઈબ્ને કષીર, મઝહરી)*

(૭) મસ્અલો :

હઝરત યૂસુફ (અલૈ.)એ જેલમાંથી છુટવા માટે તે કેદીને કહ્યું કે જ્યારે રાજા પાસે જાય તો મારું પણ વર્ણન કરજે કે એક નિર્દોષ જેલમાં છે. તેનાથી જાણ થઈ કે કોઈ મુસીબતમાંથી છુટકારો મેળવવા માટે કોઈ વ્યક્તિના પ્રયત્નને માધ્યમ બનાવવું તવક્કુલની વિરોધી બાબત નથી.

(૮) મસ્અલો :

અલ્લાહ જલ્લ શા'નુહૂને પોતાના ચૂંટી કાઢેલા પયગમ્બરો માટે દરેક જાઈઝ પ્રયત્ન પણ પસંદ નથી કે કોઈ વ્યક્તિને તેમના છુટકારાનું માધ્યમ બનાવે, તેમના અને અલ્લાહ તઆલા દરમિયાન કોઈ માધ્યમ ન હોવું જ અંબિયા (અલૈ.)નું વાસ્તવિક સ્થાન છે, કદાચ એટલા માટે જ આ કેદી હઝરત યૂસુફ (અલૈ.)નો સંદેશ કહેવાનો ભૂલી ગયો અને તેમને અમુક વધારે વર્ષો જેલમાં રહેવું પડ્યું. એક હદીષમાં પણ રસૂલે કરીમ ﷺએ આ બાબત તરફ જ ઈશારો કર્યો છે.

આયતો : (સૂરએ યૂસુફ : આયત નં. ૪૩ થી ૫૦)

وَقَالَ الْمَلِكُ إِنِّىٓ أَرَىٰ سَبْعَ بَقَرَٰتٍ سِمَانٍ يَأْكُلُهُنَّ سَبْعٌ عِجَافٌ وَسَبْعَ سُنۢبُلَٰتٍ

خُضْرٍ وَأُخَرَ يَابِسَٰتٍ ۖ يَٰٓأَيُّهَا الْمَلَأُ أَفْتُونِى فِى رُءْيَٰىَ إِن كُنتُمْ لِلرُّءْيَا تَعْبُرُونَ ﴿٤٣﴾

قَالُوٓا أَضْغَٰثُ أَحْلَٰمٍ ۖ وَمَا نَحْنُ بِتَأْوِيلِ الْأَحْلَٰمِ بِعَٰلِمِينَ ﴿٤٤﴾ وَقَالَ الَّذِى نَجَا مِنْهُمَا

وَادَّكَرَ بَعْدَ اُمَّةٍ اَنَا اُنَبِّئُكُمْ بِتَاْوِيْلِهٖ فَاَرْسِلُوْنِ ﴿٤٥﴾ يُوْسُفُ اَيُّهَا الصِّدِّيْقُ
اَفْتِنَا فِيْ سَبْعِ بَقَرٰتٍ سِمَانٍ يَّاْكُلُهُنَّ سَبْعٌ عِجَافٌ وَّسَبْعِ سُنْۢبُلٰتٍ خُضْرٍ
وَّاُخَرَ يٰبِسٰتٍ ۙ لَّعَلِّيْٓ اَرْجِعُ اِلَى النَّاسِ لَعَلَّهُمْ يَعْلَمُوْنَ ﴿٤٦﴾ قَالَ تَزْرَعُوْنَ سَبْعَ
سِنِيْنَ دَاَبًا ۚ فَمَا حَصَدْتُّمْ فَذَرُوْهُ فِيْ سُنْۢبُلِهٖٓ اِلَّا قَلِيْلًا مِّمَّا تَاْكُلُوْنَ ﴿٤٧﴾
ثُمَّ يَاْتِيْ مِنْۢ بَعْدِ ذٰلِكَ سَبْعٌ شِدَادٌ يَّاْكُلْنَ مَا قَدَّمْتُمْ لَهُنَّ اِلَّا قَلِيْلًا مِّمَّا
تُحْصِنُوْنَ ﴿٤٨﴾ ثُمَّ يَاْتِيْ مِنْۢ بَعْدِ ذٰلِكَ عَامٌ فِيْهِ يُغَاثُ النَّاسُ وَفِيْهِ يَعْصِرُوْنَ ﴿٤٩﴾ ع
وَقَالَ الْمَلِكُ ائْتُوْنِيْ بِهٖ ۚ فَلَمَّا جَآءَهُ الرَّسُوْلُ قَالَ ارْجِعْ اِلٰى رَبِّكَ فَسْئَلْهُ مَا بَالُ
النِّسْوَةِ الّٰتِيْ قَطَّعْنَ اَيْدِيَهُنَّ ۭ اِنَّ رَبِّيْ بِكَيْدِهِنَّ عَلِيْمٌ ﴿٥٠﴾

તરજુમો :

અને બાદશાહે કહ્યું, હું સ્વપ્નમાં જોઉં છું સાત તગડી ગાયો તેમને સાત દુબળી ગાયો ખાય છે અને સાત લીલી ડૂંડીઓ અને બીજી સુક્કી; હે દરબારીઓ ! મને મારા સ્વપ્નની તા'બીર કહો જો તમે સ્વપ્નની તા'બીર આપનારા હોવ. (૪૩) બોલ્યા, આ કાલ્પનિક સ્વપ્ન છે અને અમને આવા સ્વપ્નોની તા'બીર ખબર નથી. (૪૪) અને તે બોલ્યો જે તે બંનેમાંથી બચી ગયો હતો અને એક મુદ્દત પછી તેને યાદ આવી ગયું, હું તમને તેની તા'બીર બતાવું બસ તમે મને મોકલો. (૪૫) જઈને કહ્યું, હે યૂસુફ ! હે સાચા ! અમને આ સ્વપ્નમાં હુકમ આપ સાત ગાયો તગડી તેને સાત દુબળી ગાયો ખાય અને સાત લીલી ડૂંડીઓ અને બીજી સુક્કી જેથી લોકોની પાસે લઈ જાઉં જેથી તેમને ખબર થાય. (૪૬) કહ્યું, તમે સાત વર્ષ બરાબર ખેતી કરજો, બસ જે કાપો તેને તેની ડૂંડીઓમાં રહેવા દેજો પરંતુ થોડું જ જે તમે ખાઓ. (૪૭) ફરી તેના પછી સાત વર્ષો સખ્તીના (દુકાળના) આવશે તે ખાઈ જશે જે તમે તેના માટે રહેવા દીધું હતું પરંતુ થોડું જ જે બિયારણ માટે બચાવી રાખશો. (૪૮) ત્યાર પછી એક વર્ષ આવશે તેમાં લોકો ઉપર વરસાદ વરસસે અને તેમાં રસ

નિચોવશો. (૪૯) અને બાદશાહે કહ્યું, તેને મારી પાસે લઈ આવો, પછી જ્યારે તેમની પાસે મોકલેલો વ્યક્તિ આવ્યો તેને (યૂસુફ અલૈ.એ) કહ્યું, પોતાના માલિકની પાસે પાછો જા અને તેને પૂછ તે સ્ત્રીઓની શું હકીકત છે જેમણે પોતાના હાથ કાપ્યા હતા ? મારો પરવરદિગાર તો બેશક તેમનો બધો પ્રપંચ જાણે છે. (૫૦)

તફસીર :

અને (મિસ્રના) બાદશાહે (પણ એક સ્વપ્ન જોયું અને દરબારીઓને ભેગા કરીને તેમને) કહ્યું કે હું (સ્વપ્નમાં શું) જોઉં છું કે સાત ગાયો તાજી-માજી છે જેને સાત દુબળી ગાયો ખાઈ ગઈ અને સાત લીલી કંટીઓ છે, તે ઉપરાંત સાત બીજી છે જે સુક્કી છે (અને સુક્કી કંટીઓ-ડૂંડીઓએ એ જ પ્રમાણે તે સાત લીલી કંટીઓની ઉપર લપેટાઈને તેને પણ સુક્કી કરી દીધી), હે દરબારીઓ ! જો તમે (સ્વપ્નની) તા'બીર જોતા હોય તો મારા આ સ્વપ્ન વિશે મને જવાબ આપો, તે લોકો કહેવા લાગ્યા કે (પ્રથમ તો આ કોઈ સ્વપ્ન જ નથી જેનાથી આપ ચિંતામાં પડી જાઓ) આમ જ પરેશાન (કરનાર કાલ્પનિક) વિચારો છે અને (બીજું) અમે લોકો (રાજ્ય વહીવટના નિષ્ણાતો છે) સ્વપ્નની તા'બીરનું જ્ઞાન ધરાવતા નથી (તે જવાબ એટલા માટે આપ્યો કે પ્રથમ જવાબથી બાદશાહના દિલમાંથી પરેશાની અને વસવસો દૂર કરવો હતો અને બીજા જવાબથી પોતાની લાચારી જાહેર કરવી હતી, ખુલાસો એ છે કે પ્રથમ તો આવું સ્વપ્ન તા'બીરપાત્ર જ નથી અને બીજું અમે આ કળાના નિષ્ણાત નથી, દરબારીઓએ એવું કહ્યું પરંતુ) અને તે (પેલા) બે કેદીઓમાંથી જે છૂટી ગયો હતો (તે મજલિસમાં હાજર હતો) તેણે કહ્યું, અને એક મુદ્દત પછી તેને (હઝરત યૂસુફ અલૈ.ની વસિય્યતનો) ખ્યાલ આવ્યો (તે બોલ્યો), હું તેની તા'બીરની ખબર લાવી આપું છું તમે લોકો મને જરા જવાની રજા આપો (એટલા માટે દરબારમાંથી રજા લઈને તે જેલખાનામાં હઝરત યૂસુફ અલૈ. પાસે પહોંચ્યો અને જઈને કહ્યું), હે યૂસુફ ! હે સત્યવાદી ! તમે અમને આ (સ્વપ્ન)નો જવાબ (એટલે કે તા'બીર) આપો કે સાત ગાયો તાજી-માજી છે તેને સાત દુબળી ગાયો ખાઈ ગઈ અને સાત લીલી કંટીઓ છે અને તે ઉપરાંત (સાત) સુક્કી પણ છે (કે આ સુક્કી કંટીઓના લપેટાઈ જવાથી તે લીલી કંટીઓ પણ સુકાઈ ગઈ, તમે આ સ્વપ્નની તા'બીર બતાવો) જેથી હું (જેમણે મને મોકલ્યો છે) તે લોકોની

પાસે પાછો વળીને જાઉં (અને વર્ણન કરું) જેથી (તેની તા'બીર અને આપની હાલતની) તેમને પણ જાણ થઈ જાય (કે તા'બીર ઉપર અમલ કરે અને આપના છુટકારાનું કોઈ સ્વરૂપ સામે આવે), તેમણે કહ્યું કે (આ સાત તાજી-માજી માતેલી ગાયો અને સાત લીલી કંટીઓનો અર્થ જમીનનું ઉત્પાદન અને વરસાદના વર્ષો છે, બસ) તમે સાત વર્ષો સતત (ખૂબ) અનાજ વાવજો પછી જે પાક લણો તેને કંટીઓમાં જ રહેવા દેજો (જેથી તે સડી ન જાય) હા ! પરંતુ થોડું જે તમારા ખાવા માટે છે (તે કંટીઓમાંથી કાઢવું જ પડશે), પછી તે (સાત વર્ષ) બાદ સાત વર્ષ એવા સખત (અને દુકાળના) આવશે કે જે આ (બધા જ) સંગ્રહને ખાઈ જશે જેને તમે તે વર્ષો માટે ભેગો કરી રાખ્યો હશે, હા ! પરંતુ થોડું જે (બિયારણ માટે) છોડી રાખ્યું હશે (અલબત્ત તે બચી જશે અને આ સુક્કી કંટીઓ અને દુબળી ગાયોથી તે સાત વર્ષો તરફ ઈશારો છે) ત્યારબાદ એ (સાત વર્ષ) પછી એક વર્ષ એવું આવશે જેમાં લોકો માટે ખૂબ વરસાદ થશે અને તેમાં (દ્રાક્ષ એટલી બધી પાકશે કે લોકો તેમાંથી તેનો) રસ નીચોવશે, (અને શરાબમાં પીશે, મતલબ કે તે વ્યક્તિ તા'બીર લઈને દરબારમાં પહોંચ્યો) અને (જઈને વર્ણન કર્યું) રાજાએ (જ્યારે આ સાંભળ્યું તો તે હઝરત યૂસુફ અલૈ.ના જ્ઞાન અને બુદ્ધિનો આસ્થાવાન બની ગયો અને) હુકમ આપ્યો કે તેને મારી પાસે લઈ આવો, (એટલા માટે અહીંયાંથી સંદેશાવાહક ગયો) પછી જ્યારે તેમની પાસે સંદેશાવાહક પહોંચ્યો (અને સંદેશ પહોંચાડ્યો ત્યારે) તેમણે ફરમાવ્યું કે (જ્યાં સુધી મને આ તોહમતથી મુક્ત કરવામાં નહીં આવે અને મારા બેકુસૂર હોવાનું સાબિત ન થઈ જાય હું આવીશ નહીં) તું પોતાની સરકાર પાસે પાછો જા, પછી તેમને પૂછ કે (કંઈ તમને ખબર છે) તે સ્ત્રીઓની શું હાલત છે જેમણે પોતાના હાથ કાપી લીધા હતા ? (મતલબ એ હતો કે તેમને બોલાવીને આ ઘટનાની તપાસ કરો જેના કારણે મને જેલ થઈ અને સ્ત્રીઓની હાલતથી ભાવાર્થ તેમના યૂસુફ અલૈ.ની હાલતથી વાકેફ હોવા અથવા ન હોવાનો છે. હઝરત યૂસુફ અલૈ.એ તે ઓરતોનું વર્ણન કદાચ એટલા માટે કર્યું કે, તેમની સામે ઝુલેખાંએ એકરાર કર્યો હતો وَلَقَدْ رَاوَدْتُّهُ عَنْ نَّفْسِهٖ فَاسْتَعْصَمَ) મારો પરવરદિગાર તે ઓરતોના સમૂહના ફરેબને ખૂબ સારી પેઠે જાણે છે (એટલે કે અલ્લાહને તો ખબર જ છે કે ઝુલેખાંની મારા ઉપર તોહમત લગાવવી એક ચાલબાજી હતી પરંતુ લોકોમાં પણ તેની જાહેરાત થઈ

જવી યોગ્ય છે એટલા માટે બાદશાહે તે સ્ત્રીઓને હાજર કરી).

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતોમાં એ વર્ણન છે કે પછી અલ્લાહ તઆલાએ હઝરત યૂસુફ (અલૈ.)ના છૂટકારા માટે ગયૂબના પડદામાં એક સ્વરૂપ એ પેદા કર્યુ કે મિસ્રના બાદશાહે એક સ્વપ્ન જોયું જેનાથી તે પરેશાન થઈ ગયો, પોતાના રાજ્યના જ્ઞાનીઓ અને જ્યોતિષીઓને ભેગા કરીને સ્વપ્નની તા'બીર પૂછી તે સ્વપ્ન કોઈની સમજમાં ન આવ્યું, સૌએ આ જવાબ આપ્યો કે اَضْغَاثُ اَحْلَامٍ وَمَا نَحْنُ بِتَاْوِيْلِ الْاَحْلَامِ بِعٰلِمِيْنَ અહીંયાં اَضْغَاثُ (અદ્ગાસ) એ ضِغْثٌ (દિગ્સ)નું બહુવચન છે જે એવી પોટલીને કહેવામાં આવે છે જેમાં વિવિધ પ્રકારનો ઘાસચારો ભેગો કર્યો હોય, ભાવાર્થ એ હતો કે આ સ્વપ્ન ભેળસેળીયું છે જેમાં કલ્પનાઓ વગેરે પણ સામેલ છે અને અમે એવા સ્વપ્નની તા'બીર જાણતા નથી, કોઈ સાચું સ્વપ્નું હોત તો તા'બીર વર્ણન કરી આપત.

આ ઘટના જોઈને એક લાંબા સમય પછી તે જેલખાનેથી છૂટેલા કેદીને હઝરત યૂસુફ (અલૈ.)ની વાત યાદ આવી અને તેણે આગળ વધીને કહ્યું કે હું તમારા સ્વપ્નની તા'બીર બતાવી શકીશ, તે સમયે તેણે હઝરત યૂસુફ (અલૈ.)ની વિશેષતાઓ તથા સ્વપ્નની તા'બીરમાં તેમનું સચોટ અને નિષ્ણાત હોવું, વળી તેમનું મઝલૂમ થઈને કેદ ભોગવવી વગેરે ઘટનાનું વર્ણન કરીને એવું ઈચ્છયું કે મને જેલખાનામાં તેમને મળવાની પરવાનગી આપવામાં આવે, બાદશાહે તેની વ્યવસ્થા કરી, તે હઝરત યૂસુફ (અલૈ.)ની પાસે હાજર થયો. કુર્આને કરીમે આ બધા ઘટનાક્રમને માત્ર એક શબ્દ فَاَرْسِلُوْنِ (ફ-અરસિલૂનિ) ફરમાવીને વર્ણન કરી દીધું છે જેનો અર્થ એ છે કે, "મને મોકલી આપો." હઝરત યૂસુફ (અલૈ.)ના વર્ણન ઉપર સરકારી મંજૂરી અને જેલખાના સુધી પહોંચવું આ બધો ઘટનાક્રમ આપમેળે સમજમાં આવી જાય છે એટલા માટે તેના ખુલાસાની આવશ્યકતા સમજવામાં નથી આવી આથી આ વર્ણન શરૂ કર્યું.

يُوْسُفُ اَيُّهَا الصِّدِّيْقُ એટલે કે, તે વ્યક્તિએ જેલખાનામાં પહોંચીને હઝરત યૂસુફ (અલૈ.)ને ઘટનાની જાણકારી આપવાનું આ પ્રમાણે શરૂ કર્યું કે, પ્રથમ હઝરત યૂસુફ (અલૈ.)ને "સિદ્દીક" કહ્યા એટલે કે કરની અને કથનીમાં સાચા

હોવાનો ઈકરાર કર્યો, પછી દરખાસ્ત કરી કે મને એક સ્વપ્નની તા'બીર બતાવો. સ્વપ્ન એ છે કે બાદશાહે એવું જોયું છે કે સાત માતેલી ગાયો તંદુરસ્ત છે અને બીજી સાત દુબળી ગાયો તેને ખાઈ રહી છે વળી, એ પણ જોયું કે સાત ઘઉંની ડૂંડીઓ ભરેલી અને લીલી છે અને સાત સુક્કી પણ છે.

તે વ્યક્તિએ સ્વપ્ન વર્ણન કર્યા પછી કહ્યું, لَعَلِّیۡۤ اَرۡجِعُ اِلَی النَّاسِ لَعَلَّهُمۡ یَعۡلَمُوۡنَ એટલે કે, તમે તા'બીર બતાવશો તો શક્ય છે કે હું તે લોકો પાસે જાઉં અને તેમને તા'બીર બતાવું અને શક્ય છે કે તેઓ આ પ્રમાણે તમારી કળા અને કુશળતાથી વાકેફ થઈ જાય.

તફસીરે મઝહરીમાં છે કે ઘટનાઓનું જે સ્વરૂપ "આલમે મિષાલ"માં હોય છે તે જ મનુષ્યને સ્વપ્નમાં દેખાય છે, આ દુનિયામાં તે સ્વરૂપોનો ખાસ અર્થ હોય છે. સ્વપ્નની તા'બીરની કળાનો બધો આધાર તેની જાણકારી ઉપર છે કે ફલાણા મિષાલી સ્વરૂપથી આ દુનિયામાં શું ભાવાર્થ હોય છે. અલ્લાહ તઆલાએ હઝરત યૂસુફ (અલૈ.)ને આ કળા સંપૂર્ણ અર્પણ કરી હતી, તેમણે સ્વપ્ન સાંભળીને સમજી લીધું કે સાત તાજી-માજી રૂષ્ટ-પુષ્ટ ગાયો અને સાત લીલી ભરેલી ડૂંડીઓથી ભાવાર્થ એ છે કે પ્રથમ સાત વર્ષોમાં જમીનનું ઉત્પાદન અને પાક સ્વાભાવિક રીતે પુષ્કળ થશે કારણ કે, બળદને જમીન ખેડવા અને અનાજ ઉગાડવામાં ખાસ દખલગીરી છે એ જ પ્રમાણે સાત દુબળી-પાતળી ગાયો અને સાત સુક્કી ડૂંડીઓનો ભાવાર્થ એ છે કે પ્રથમ સાત વર્ષો પછી સતત સાત વર્ષો સુધી સખત દુકાળ પડશે અને સાત કમજોર ગાયો દ્વારા સાત માતેલી ગાયોને ખાઈ જવાનો ભાવાર્થ એ છે કે સાત વર્ષોમાં જે કંઈ અનાજનો સંગ્રહ ભેગો થશે તે બધો આ દુષ્કાળના વર્ષોમાં ખર્ચ થઈ જશે પરંતુ બિયારણ માટે થોડું અનાજ બચી જશે.

બાદશાહના સ્વપ્નમાં તો દેખીતી રીતે એ જ જાણ થઈ હતી કે સાત વર્ષો સારું ઉત્પાદન થશે અને સાત વર્ષો દુષ્કાળ પડશે પરંતુ હઝરત યૂસુફ (અલૈ.)એ એક વસ્તુ આ પણ ઉમેરીને વર્ણન કરી કે, દુષ્કાળના સાત વર્ષો પછી એક વર્ષ ખૂબ વરસાદ પડશે અને સારું ઉત્પાદન થશે, તેનું જ્ઞાન હઝરત યૂસુફ (અલૈ.)ને યા તો એટલે થયું કે જ્યારે દુકાળના વર્ષ કુલ સાત જ છે તો આઠમાં વર્ષે વરસાદ અને સારું ઉત્પાદન થશે અને હઝરત કતાદહ (રહ.)એ ફરમાવ્યું કે, અલ્લાહ

તઆલાએ વહી દ્વારા હઝરત યૂસુફ (અલૈ.)ને એ બાબતની જાણકારી આપી દીધી હતી જેથી સ્વપ્નની તા'બીરથી પણ કંઈક વધારે ખબર તેમને પહોંચી, જેનાથી હઝરત યૂસુફ (અલૈ.)ની કુશળતા અને વિશેષતા જાહેર થઈ અને તે તેમના છુટકારાનું કારણ બન્યું. એનાથી વિશેષ એ પણ થયું કે હઝરત યૂસુફ (અલૈ.) ફક્ત તા'બીર કહીને ચૂપ ન રહ્યા બલકે તેની સાથે એક ખૂબ જ હિકમતભરી અને લાગણીસભર સલાહ પણ આપી, તે એ કે પ્રથમ સાત વર્ષોમાં જે વધારે ઉત્પાદન થાય તેને ઘઉંની ડૂંડીઓમાં જ સુરક્ષિત રાખજો જેથી ઘઉં સડી ન જાય. આ અનુભવની વાત છે કે જ્યાં સુધી અનાજને ડૂંડીઓની અંદર રહેવા દેવામાં આવે તો અનાજ સડતું નથી.

ثُمَّ يَاْتِىۡ سَبۡعٌ شِدَادٌ يَّاۡكُلۡنَ مَاقَدَّمۡتُمۡ لَهُنَّ એટલે કે, પ્રથમ સાત વર્ષો પછી બીજા સાત વર્ષો સખત દુકાળગ્રસ્ત અને સુક્કા આવશે જે પાછલા ભેગા કરેલા સંગ્રહને ખાઈ જશે. સ્વપ્નમાં કારણ કે એવું જોયું હતું કે અશક્ત અને દુબળી ગાયો મજબૂત અને તાજી ગાયોને ખાઈ ગઈ, એટલા માટે સ્વપ્નની તા'બીરમાં તેના યોગ્ય એ જ ફરમાવ્યું કે દુકાળના પાછલા વર્ષોનો ભેગો કરેલો સંગ્રહ ખાઈ જશે જો કે વર્ષો તો કોઈ ખાવાની વસ્તુ નથી, ભાવાર્થ એ છે કે મનુષ્ય અને જાનવરો દુષ્કાળના વર્ષોમાં પાછળનો સંગ્રહ કરેલો જથ્થો ખાઈ જશે.

આ કિસ્સાનો ઘટનાક્રમ જાહેર છે કે એ વ્યક્તિ હઝરત યૂસુફ (અલૈ.) પાસેથી સ્વપ્નની તા'બીર જાણીને પાછો ફર્યો અને રાજાને ખબર આપી, તે તેનાથી સંતોષ પામ્યો તથા હઝરત યૂસુફ (અલૈ.)ની કળા અને કુશળતાનો આસ્થાવાન બની ગયો, પછી કુર્આને કરીમે આ બધી વસ્તુઓનું વર્ણન કરવાની જરૂરત નથી સમજી કારણ કે, આ બધી બાબતો ઘટનાક્રમ વડે આપમેળે સમજાઈ જાય છે ત્યારબાદ આગળ આ ઘટનાનું આ રીતે વર્ણન છે.

وَقَالَ الۡمَلِكُ ائۡتُوۡنِىۡ بِهٖ એટલે કે, બાદશાહે હુકમ આપ્યો કે હઝરત યૂસુફ (અલૈ.)ને જેલખાનામાંથી કાઢવામાં આવે અને દરબારમાં લાવવામાં આવે તેથી બાદશાહનો કોઈ સંદેશાવાહક બાદશાહનો આ સંદેશ લઈને જેલખાને પહોંચ્યો.

દેખીતું છે કે મોકો હતો કે હઝરત યૂસુફ (અલૈ.) જેલખાનાની લાંબી મુદતથી તંગ આવી ચૂક્યા હતા અને છુટકારો ઇચ્છતા હતા, જ્યારે બાદશાહનો

સંદેશ તેમને બોલાવવા માટે પહોંચ્યો તો તરત તૈયાર થઈને સાથે થઈ ગયા હોત પરંતુ અલ્લાહ તઆલા પોતાના રસૂલોને જે ઉચ્ચ સ્થાન અર્પણ કરે છે તે અન્ય લોકોની સમજમાં આવતું નથી, તેમણે સંદેશાવાહકને આ જવાબ આપ્યો.

قَالَ ارۡجِعۡ اِلٰی رَبِّکَ فَسۡـَٔلۡهُ مَا بَالُ النِّسۡوَةِ الّٰتِیۡ قَطَّعۡنَ اَیۡدِیَهُنَّ اِنَّ رَبِّیۡ بِکَیۡدِهِنَّ عَلِیۡمٌ ۝ એટલે કે, હઝરત યૂસુફ (અલૈ.)એ કાસિદને કહ્યું કે તમે પોતાના બાદશાહ પાસે પાછા જઈને પહેલાં એ પૂછો કે તમારી સમીપ તે સ્ત્રીઓનો મા'મલો કેવો છે જેમણે પોતાના હાથ કાપી લીધા હતા ? શું આ ઘટનામાં તેઓ મને શંકાસ્પદ સમજે છે અને મને દોષી ઠરાવે છે ?

અત્રે આ વાત વિચાર માંગી લે છે કે તે વખતે હઝરત યૂસુફ (અલૈ.)એ તે સ્ત્રીઓનું વર્ણન કર્યું જેમણે પોતાના હાથ કાપી નાંખ્યા હતા, અઝીઝનું પત્નીનું નામ ન લીધું જે મૂળ કારણ હતું, તેમાં તે હકની રિઆયત હતી કે જે અઝીઝના ઘરમાં પાલન-પોષણ પામ્યા હતા અને દરેક શરીફ મનુષ્ય માટે આ બાબત લિહાજ કરવાપાત્ર હોય છે. *(કુર્તુબી)*

એક વાત એ પણ છે કે અસલ મકસદ પોતાના છુટકારાની સાબિતીનો હતો અને તે આ સ્ત્રીઓ દ્વારા જ થઈ શકતું હતું અને તેમાં સ્ત્રીઓની પણ કોઈ વધારે ફજેતી ન હતી, જો તેઓ સાચી વાતનો સ્વીકાર પણ કરી લે તો ફક્ત સલાહ આપવાની અપરાધી ઠરતી હતી, તેનાથી વિપરીત અઝીઝની પત્ની કે તેને તહકીક અને તપાસ કરવાનું નિશાન બનાવવામાં આવે તો તેનાથી વધારે ફજેતી થવાનો ડર હતો અને તેની સાથે જ હઝરત યૂસુફ (અલૈ.)એ ફરમાવ્યું, اِنَّ رَبِّیۡ بِکَیۡدِهِنَّ عَلِیۡمٌ એટલે કે, મારો પરવરદિગાર તો તે જૂઠ અને ફરેબને સારી પેઠે જાણે જ છે, હું ઈચ્છું છું કે બાદશાહ પણ આ હકીકત અને ઘટનાથી વાકેફ થઈ જાય જેમાં એક બારીકાઈભરી શૈલી વડે પોતાના છુટકારાની જાહેરાત પણ છે.

આ સ્થળે સહીહ બુખારી અને જામેઅ્ તિરમિઝીમાં હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રસૂલે કરીમ ﷺની એક હદીષનો આ ઈરશાદ નકલ થયો છે કે, "જો હું એટલો સમય જેલમાં રહ્યો હોત કે જેટલું હઝરત યૂસુફ (અલૈ.) રહ્યા છે અને પછી મને છુટકારા માટે બોલાવવામાં આવ્યો હોત તો હું તરત સ્વીકાર લેત."

ઈમામ તબરીની રિવાયતમાં એવા શબ્દો છે કે હઝરત યૂસુફ (અલૈ.)ના

ધૈર્ય અને સહનશીલતા તથા તેમના અખ્લાકની ઉચ્ચતા આશ્ચર્યજનક છે, જ્યારે તેમને જેલમાં રાજાના સ્વપ્નની તા'બીર પૂછવામાં આવી જો હું તેમની જગ્યાએ હોત તો તા'બીર બતાવવામાં એ શરત લગાવત કે પહેલાં મને જેલમાંથી બહાર કાઢો પછી તા'બીર બતાવીશ, પછી જ્યારે સંદેશાવાહક છુટકારાનો સંદેશ લાવ્યો જો હું તેમની જગ્યાએ હોત તો તરત જેલના દરવાજા તરફ ચાલી પડત. *(કુર્તુબી)*

આ હદીષમાં એ વાત વિચાર કરવાપાત્ર છે કે આ હદીષનો હેતુ હઝરત યૂસુફ (અલૈ.)ના ધૈર્ય, સહનશીલતા અને તેમના ઉચ્ચ અખ્લાકના વખાણ અને પ્રસંશા કરવાનો છે, પરંતુ તેના મુકાબલામાં જે પરિસ્થિતિને રસૂલે કરીમ ﷺએ પોતાના તરફ સંબંધ કરીને ફરમાવી કે, "હું હોત તો મોડું ન કરત" જો તેનો મતલબ એ છે કે રસૂલે કરીમ ﷺ હઝરત યૂસુફ (અલૈ.)ની આ કાર્યપદ્ધતિ (વર્તણૂક)ને શ્રેષ્ઠ ફરમાવી રહ્યા છે અને પોતાની શા'નમાં એવું કહી રહ્યા છે કે હું હોત તો આટલો શ્રેષ્ઠ અમલ ન કરવા પામત બલકે, તેના મુકાબલામાં ઊતરતી કક્ષાને અપનાવી લેત જે દેખીતી રીતે અફઝલુલ અંબિયા ﷺની પ્રતિષ્ઠા અને શા'નમાં યોગ્ય નથી જેથી તેના જવાબમાં એ પણ કહી શકાય છે કે રસૂલે કરીમ ﷺ નિઃસંદેહ તમામ અંબિયા (અલૈ.)માં અફઝલ (સૌથી શ્રેષ્ઠ) છે પરંતુ કોઈ વિભાગીય પ્રવૃત્તિ (જૂઝવી અમલ)માં કોઈ અન્ય પયગમ્બરની અફઝલિયત તેની વિરોધાભાસી નથી.

તદુપરાંત જેમકે તફસીરે કુર્તુબીમાં ફરમાવવામાં આવ્યું છે કે એ પણ હોઈ શકે છે કે હઝરત યૂસુફ (અલૈ.)ની કાર્યપદ્ધતિ (વર્તણૂક)માં તેમની સબ્ર, સહનશીલતા અને ઉચ્ચ અખ્લાકની મહાન સાબિતી છે અને તે પોતાની જગ્યાએ પ્રસંશાપાત્ર છે પરંતુ રસૂલે કરીમ ﷺએ જે કાર્યપદ્ધતિને પોતાના તરફ જોડી ઉમ્મતની તા'લીમ અને અવામની ભલાઈના માટે તે જ યોગ્ય અને શ્રેષ્ઠ છે કારણ કે, બાદશાહોના મિઝાજ (સ્વભાવ)નો કોઈ ભરોસો નથી હોતો, આવા મોકા ઉપર શરતો કરવી અથવા મોડું કરવું સામાન્ય લોકો માટે યોગ્ય નથી હોતું, સંભવ છે કે બાદશાહનો અભિપ્રાય બદલાઈ જાય અને પછી આ જેલની મુસીબત એ જ પ્રમાણે કાયમ રહે. હઝરત યૂસુફ (અલૈ.)ને તો રસૂલ હોવાના કારણે અલ્લાહ તઆલા તરફથી એ જાણ પણ થઈ શકે છે કે તેમાં મોડું કરવાથી કંઈ નુકસાન નહીં થાય પરંતુ અન્યોને તો આ દરજ્જો પ્રાપ્ત નથી હોતો, રહમતુલ્લિલ આલમીન

ﷺના મિઝાજ અને સ્વભાવમાં સામાન્ય મખ્લૂકની ભલાઈનું મહત્ત્વ વધારે હતું એટલા માટે તેમની તા'લીમ માટે ફરમાવ્યું કે મને મોકો મળ્યો હોત તો હું મોડું ન કરત. વલ્લાહુ અઅ્લમુ.

આયતો : (સૂરએ યૂસુફ : આયત નં. ૫૧-૫૨)

قَالَ مَا خَطْبُكُنَّ إِذْ رَاوَدتُّنَّ يُوسُفَ عَن نَّفْسِهِۦ ۚ قُلْنَ حَاشَ لِلَّهِ مَا عَلِمْنَا عَلَيْهِ مِن سُوٓءٍ ۚ قَالَتِ ٱمْرَأَتُ ٱلْعَزِيزِ ٱلْـَٔـٰنَ حَصْحَصَ ٱلْحَقُّ أَنَا۠ رَاوَدتُّهُۥ عَن نَّفْسِهِۦ وَإِنَّهُۥ لَمِنَ ٱلصَّـٰدِقِينَ ﴿٥١﴾ ذَٰلِكَ لِيَعْلَمَ أَنِّى لَمْ أَخُنْهُ بِٱلْغَيْبِ وَأَنَّ ٱللَّهَ لَا يَهْدِى كَيْدَ ٱلْخَآئِنِينَ ﴿٥٢﴾

તરજુમો :

બાદશાહે તે સ્ત્રીઓને કહ્યું, તમારી શું હકીકત છે જ્યારે તમે યૂસુફને તેના નફસની હિફાઝતથી ફોસલાવ્યો ? તેઓ બોલી, હાશા લિલ્લાહ (Oh God)! અમને તેના ઉપર કંઈ બુરાઈ ખબર નથી; અઝીઝ (ગવર્નર)ની પત્ની બોલી, હવે સાચી વાત ખુલી ગઈ, મેં તેને તેના નફસથી ફોસલાવ્યો હતો અને તે સાચો છે. (૫૧) યૂસુફ (અલૈ.)એ કહ્યું, આ એટલા માટે કે અઝીઝ (ગવર્નર) જાણી લે કે મેં છુપાઈને તેની ચોરી નથી કરી અને એ કે અલ્લાહ દગાબાજોનો પ્રપંચ ચલાવતો નથી. (૫૨)

તફસીર :

કહ્યું કે તમારી શું ઘટના છે ? જ્યારે તમે યૂસુફ (અલૈ.)થી પોતાના મતલબની ઇચ્છા કરી ? (એટલે કે એકે ઇચ્છા કરી અને બાકીની સ્ત્રીઓએ તેની મદદ કરી, એટલા માટે કોઈ કાર્યમાં મદદગારી કરવી પણ તે કાર્ય કરવા સમાન જ છે, તે સમયે તમે શું જોયું ? કદાચ બાદશાહે આ રીતે એટલા માટે કહ્યું કે અપરાધી સાંભળી લે કે રાજાને એટલી વાત તો ખબર છે જ કે કોઈ સ્ત્રીએ તેને પોતાનો મતલબ પૂરો કરવાની વાત કરી હતી કદાચ તેના નામની પણ જાણ હોઈ શકે છે, આવી હાલતમાં ઇન્કાર ચાલી નહીં શકે. બસ, આ પ્રમાણે અપરાધી પોતે

સ્વીકાર કરી લે) સ્ત્રીઓએ જવાબ આપ્યો કે હાશે લિલ્લાહ ! અમે તેમનામાં પણ બુરાઈની વાત જાણી નથી (તે બિલકુલ પાક-સાફ છે, કદાચ સ્ત્રીઓએ ઝુલેખાંનો તે સ્વીકાર એટલા માટે જાહેર ન કર્યો હોય કે હેતુ હઝરત યૂસુફ અલૈ.ની પવિત્રતાની સાબિતી હતી અને તે હેતુ પૂર્ણ થઈ ગયો અથવા ઝુલેખાં હાજર હોવાથી કદાચ શરમ આડે આવી હોય કે તેનું નામ લે). અઝીઝની પત્ની (કે જે હાજર હતી) કહેવા લાગી કે હવે તો સત્ય વાત (બધા ઉપર) જાહેર થઈ જ ગઈ (હવે છુપાવવું બેકાર છે સાચું એ જ છે કે) મેં જ તેનાથી પોતાની મતલબની ઈચ્છા કરી હતી (ન કે તેમણે જેમકે મેં આક્ષેપ લગાવી દીધો હતો ...مَاجَزَاءُ مَنْ) અને બેશક ! તે જ સાચા છે (અને કદાચ આ બાબતનો સ્વીકાર કરી લેવો મજબૂરીની હાલતમાં ઝુલેખાં સામે ઉપસ્થિત થયું હોય, મતલબ કે બધા જ સ્વરૂપમાં મુકદમો અને જાહેરાત તથા હઝરત યૂસુફ અલૈ.ના નિર્દોષ હોવાની સાબિતી વગેરે બધી જ બાબતો તેમની પાસે કહેવડાવી, તે સમયે હઝરત) યૂસુફ (અલૈ.)એ ફરમાવ્યું કે આ બધો એહતેમામ (જે મેં કર્યો) ફક્ત એ કારણે હતો જેથી અઝીઝને (વધારે) વિશ્વાસની સાથે જાણ થઈ જાય કે મેં તેની ગેરહાજરીમાં તેની આબરૂ ઉપર હાથ નથી નાંખ્યો અને એ (પણ જાણ થઈ જાય) કે અલ્લાહ ખયાનત કરનારના ફરેબને ચાલવા નથી દેતો. (એટલા માટે ઝુલેખાંએ અઝીઝની સેવામાં ખયાનત કરી હતી કે બીજા ઉપર દાનત બગાડી, અલ્લાહે તેની પોલ ખોલી નાંખી બસ મારો હેતુ આ હતો).

મસ્અલા અને બોધપાઠ :

હઝરત યૂસુફ (અલૈ.)ને જ્યારે શાહી સંદેશાવાહક છુટકારાનો સંદેશ લઈને બોલાવવા માટે આવ્યો અને તેમણે ખબરીને એવો જવાબ આપ્યો કે પ્રથમ તે સ્ત્રીઓથી મારા મા'મલાની તહકીક કરો જેમણે પોતાના હાથ કાપી લીધા હતા. તેમાં ઘણી બધી હિકમતો સમાયેલી હતી, અલ્લાહ તઆલા પોતાના અંબિયા (અલૈ.)ને જે પ્રમાણે સંપૂર્ણ દીને કામિલ અર્પણ કરે છે એવી જ એમની બુદ્ધિ પણ પૂર્ણ કક્ષાની હોય છે અને વ્યવહાર અને પરિસ્થિતિની સમજ પણ સંપૂર્ણ અર્પણ કરે છે. હઝરત યૂસુફ (અલૈ.)એ શાહી પયગામથી એ અંદાજો કરી લીધો કે બાદશાહે મિસ્ર મને કોઈ પ્રતિષ્ઠા બખ્શશે, તે સમયે અક્કલમંદીનો તકાદો એ જ હતો કે જે ખરાબ કૃત્યની મારા ઉપર તોહમત લગાવવામાં આવી છે

અને જે કારણે મને જેલમાં નાંખવામાં આવ્યો હતો તેની હકીકત બાદશાહ અને બધા જ લોકો સામે સંપૂર્ણ રીતે ખુલ્લી અને સ્પષ્ટ થઈ જાય અને હું તેમાં નિર્દોષ છું એવી કોઈને શંકા ન રહે નહિતર તેનું પરિણામ એ આવશે કે શાહી પ્રતિષ્ઠાથી લોકોની જીભ તો બંધ થઈ જશે પરંતુ તેમના દિલોમાં એ વિચારો ખટકતા રહેશે કે આ તે જ વ્યક્તિ છે કે જેણે પોતાના માલિકની પત્ની ઉપર હાથ નાંખ્યો હતો અને એવી પરિસ્થિતિનું પેદા થઈ જવું પણ શાહી દરબારમાં કોઈ મોટી વાત નથી કે કોઈ સમયે બાદશાહ પણ લોકોના આવા વિચારોથી પ્રભાવિત થઈ જાય, એટલા માટે છુટકારા પહેલાં આ ઘટનાની સફાઈ અને તહકીક જરૂરી સમજી અને પ્રસ્તુત બે આયતોમાંથી બીજી આયતમાં પોતે હઝરત યૂસુફ (અલૈ.)એ પોતાની આ પ્રવૃત્તિ દ્વારા છુટકારામાં મોડું કરવાની બે હિકમતો વર્ણવી છે.

પ્રથમ એ કે, ذٰلِكَ لِيَعْلَمَ اَنِّىْ لَمْ اَخُنْهُ بِالْغَيْبِ એટલે કે, આ મોડું મેં એટલા માટે કર્યું કે અઝીઝે મિસ્રને વિશ્વાસ થઈ જાય કે મેં તેની ગેરહાજરીમાં તેના હકમાં કોઈ ખયાનત નથી કરી.

અઝીઝે મિસ્રને વિશ્વાસ અપાવવાની વધારે ચિંતા એટલા માટે થઈ કે એ ઘણી જ ખરાબ પરિસ્થિતિ હશે કે અઝીઝે મિસ્રના દિલમાં મારા માટે શંકા રહે અને પછી શાહી પ્રતિષ્ઠાના કારણે તે કશું બોલી ન શકે તો તેને મારી પ્રતિષ્ઠા અને ઈજ્જત પણ સખત નાપસંદ પડશે અને તેના ઉપર પાછું મૌન રહેવું પડે તો તેના કારણે તે વધારે તકલીફમાં રહેશે, તે કારણ કે એક સમય સુધી માલિક સ્વરૂપે રહી ચૂક્યો હતો એટલા માટે હઝરત યૂસુફ (અલૈ.)ના પવિત્ર સ્વભાવે તેને તકલીફ પહોંચવાને પણ પસંદ ન કર્યું. એ પણ જાહેર હતું કે જ્યારે અઝીઝે મિસ્રને તેઓ નિર્દોષ હોવાનો વિશ્વાસ થઈ જશે તો અન્ય લોકોની જીભ આપોઆપ બંધ થઈ જશે.

બીજી હિકમત આ ઈરશાદ ફરમાવી, وَاَنَّ اللّٰهَ لَا يَهْدِىْ كَيْدَ الْخَآئِنِيْنَ એટલે કે, આ તપાસ એટલા માટે કરાવી કે લોકોને જાણ થઈ જાય કે અલ્લાહ તઆલા ખયાનત કરનારાઓના પ્રપંચોને ચાલવા દેતો નથી.

તેના બે અર્થ હોઈ શકે છે, એક એ કે તપાસ દ્વારા ખયાનત કરનારની ખયાનત જાહેર થાય અને બધા લોકો તેની જાણકારી પ્રાપ્ત કરી લે અને ખયાનત

કરનારનો અંજામ અંતે અપમાન હોય છે જેથી હવે પછી ભવિષ્યમાં બધા લોકો આવા કૃત્યોથી બચવાની કાળજી રાખે, બીજો એ અર્થ પણ હોઈ શકે છે કે જો આ જ શંકાની પરિસ્થિતિમાં હઝરત યૂસુફ (અલૈ.)ને શાહી માન-મરતબો મળી જાય તો જોનારાઓને એવો વિચાર પણ આવી શકતો હતો કે આવા ખયાનત કરનારાઓને મોટા-મોટા હોદ્દાઓ મળી શકે છે એટલા માટે તેમની આસ્થા અને શ્રદ્ધામાં પણ ફરક પડ્યો હોત અને ખયાનતની બુરાઈ દિલમાંથી નીકળી ગઈ હોત, મતલબ કે ઉપરોક્ત હિકમતોને નજર સમક્ષ રાખી હઝરત યૂસુફ (અલૈ.)એ મુક્તિનો સંદેશ મળતાની સાથે તરત જ જેલમાંથી બહાર આવવાનું પસંદ ન કર્યું બલકે, શાહી અંદાજથી ઘટનાની તપાસની માંગણી કરી.

પ્રસ્તુત પ્રથમ આયતમાં આ પ્રમાણે તપાસનો ખુલાસો ઉપસ્થિત છે. قَالَ مَا خَطْبُكُنَّ اِذْ رَاوَدْتُّنَّ يُوْسُفَ عَنْ نَّفْسِهٖ એટલે કે, બાદશાહે તે સ્ત્રીઓને કે જેમણે પોતાના હાથ કાપી નાંખ્યા હતા હાજર કરીને પ્રશ્ન કર્યો કે ઘટના શું છે જ્યારે યૂસુફથી તમે પોતાના મતલબની ઇચ્છા કરી ? બાદશાહના આ પ્રશ્નથી જાણ થઈ કે તેને પોતાની રીતે એ બાબતનો વિશ્વાસ થઈ ગયો હતો કે હઝરત યૂસુફ (અલૈ.)નો દોષ નથી આ સ્ત્રીઓનો જ કુસૂર છે, એટલા માટે એવું કહ્યું કે તમે તેમની પાસેથી પોતાના મતલબની ઇચ્છા કરી ત્યારબાદ સ્ત્રીઓનો જવાબ આ પ્રમાણે હતો.

قُلْنَ حَاشَ لِلّٰهِ مَا عَلِمْنَا عَلَيْهِ مِنْ سُوْٓءٍ ؕ قَالَتِ امْرَاَتُ الْعَزِيْزِ الْئٰنَ حَصْحَصَ الْحَقُّ ؗ
اَنَا رَاوَدْتُّهٗ عَنْ نَّفْسِهٖ وَاِنَّهٗ لَمِنَ الصّٰدِقِيْنَ ؕ

એટલે કે, બધી સ્ત્રીઓએ કહ્યું, حَاشَ لِلّٰهِ! "(હાશ લિલ્લાહ !) અમે તેમનામાં લેશમાત્ર બુરાઈની કોઈ વાત જોઈ ન હતી, અઝીઝની પત્ની કહેવા લાગી કે હવે તો સત્ય વાત જાહેર જ થઈ ગઈ છે, મેં જ તેમનાથી પોતાના મતલબની ઇચ્છા કરી હતી અને બેશક ! તેઓ જ સાચા છે."

હઝરત યૂસુફ (અલૈ.)ની તપાસમાં હઝરત યૂસુફ (અલૈ.)એ તપાસની બાબતમાં અઝીઝે મિસ્રની પત્નીનું નામ લીધું ન હતું પરંતુ અલ્લાહ જલ્લ શા'નુહૂ જ્યારે કોઈને ઇજ્જત અને પ્રતિષ્ઠા અર્પણ કરે છે તો આપમેળે લોકોના મોંઢા તેની સચ્ચાઈ અને સફાઈ માટે ખુલી જાય છે. આ તકે અઝીઝની પત્નીએ

સત્યની જાહેરાતનું એ'લાન પોતાની જાતે કરી દીધું. અહીંયાં સુધી જે પરિસ્થિતિઓ અને ઘટનાઓ હઝરત યૂસુફ (અલૈ.) વિશે તમે સાંભળી તેમાં ઘણા બધા લાભો અને મસ્અલાઓ તથા માનવજીવન માટે મહત્ત્વના માર્ગદર્શન જોવા મળે છે.

(૯) મસ્અલો :

અલ્લાહ તઆલા પોતાના ખાસ અને ચૂંટી કાઢેલા બંદાઓના હેતુઓને પૂર્ણ કરવા માટે પોતે જ અદષ્ય યોજનાઓ વડે વ્યવસ્થા કરે છે, તેમને કોઈ મખ્લૂકના અહેસાનમંદ બનાવવા પસંદ કરતા નથી, એ જ કારણ છે કે હઝરત યૂસુફ (અલૈ.)એ જે મુક્ત થનાર કેદીને કહ્યું હતું કે બાદશાહને મારો ઉલ્લેખ કરજે તો તેણે તે ભુલાવી દીધું હતું અને પછી જયારે ગયૂબના પડદામાંથી એક યોજના એવી બનાવવામાં આવી જેમાં હઝરત યૂસુફ (અલૈ.) કોઈના પણ અહેસાનમંદ ન થાય અને સંપૂર્ણ ઈજ્જત અને શા'નની સાથે જેલમાંથી મુક્તિનો હેતુ પણ પૂર્ણ થઈ જાય.

તેનો સામાન એ કર્યો કે મિસ્રના રાજાને એક પરેશાન કરી મૂકનાર સ્વપ્ન બતાવ્યું જેની તા'બીરથી તેના દરબારીઓ તથા જ્ઞાનીઓ અને વિષયના નિષ્ણાતો લાચાર થઈ ગયા, એ જ પ્રમાણે જરૂરતમંદ થઈને હઝરત યૂસુફ (અલૈ.) પાસે જવું પડ્યું. *(ઈબ્ને કષીર)*

(૧૦) મસ્અલો :

તેમાં નેક અખ્લાકની તા'લીમ છે કે મુક્ત થનાર કેદીએ હઝરત યૂસુફ (અલૈ.)નું એટલું કામ પણ ન કર્યું કે રાજા સામે તેમનું વર્ણન કરે અને તેથી તેમને વધારે સાત વર્ષો કેદની મુસીબતમાં પસાર કરવા પડ્યા. હવે, સાત વર્ષો પછી જ્યારે તે કેદી પોતાનો સ્વાર્થ એટલે કે સ્વપ્નની તા'બીર લેવા માટે હાજર થયો તો સામાન્ય માનવ પ્રકૃતિનો તકાદો એ હતો કે તેને બુરું-ભલું કહ્યું હોત, તેના ઉપર ગુસ્સે થયા હોત અથવા કહ્યું હોત કે તારાથી મારું આટલું કામ પણ ન થઈ શક્યું?! પરંતુ હઝરત યૂસુફ (અલૈ.)એ પોતાની પયગમ્બર તરીકેની સદ્‌વર્તણૂક જાહેર કરી કે તેની નીંદા તો શું આ ઘટનાનો ઉલ્લેખ સુદ્ધાં ન કર્યો.

(ઈબ્ને કષીર અને કુર્તુબી)

(૧૧) મસ્અલો :

તેમાં વાત એમ છે કે જે પ્રમાણે હઝરત અંબિયા (અલૈ.) અને ઉમ્મતના ઉલમાની એ ફરજ છે કે તેઓ લોકોની આખિરત દુરુસ્ત કરવાની ચિંતા કરે અને તેમને એવા કામોથી બચાવે જે આખિરતમાં અઝાબ બનશે, એ જ પ્રમાણે તેમણે મુસલમાનોની સામાજિક અને આર્થિક સ્થિતિ ઉપર પણ દષ્ટિ રાખવી જોઈએ કે તેઓ પરેશાન ન થાય જેમકે, હઝરત યૂસુફ (અલૈ.)એ આ તકે માત્ર સ્વપ્નની તા'બીર બતાવી આપવાને પૂરતું ન સમજ્યું બલકે હિકમતભર્યા અંદાજમાં ભલું ઇચ્છીને એવી સલાહ પણ આપી કે ઉત્પાદનના બધા જ ઘઉંને કંટીઓ (ડૂંડીઓ)ની અંદર રહેવા દેવામાં આવે અને ખપ પ્રમાણે સાફ કરી અનાજ કાઢવામાં આવે, જેથી દુષ્કાળના છેલ્લા વર્ષ સુધી તે ખરાબ ન થાય.

(૧૨) મસ્અલો :

જે શાસક અથવા જેમનું અનુસરણ કરવામાં આવે છે તેવા "મુક્તદા" લોકોએ એની પણ ફિકર કરવી જોઈએ કે તેના તરફથી લોકોમાં બદ્ગુમાની (પૂર્વગ્રહ) પેદા ન થાય જો કે, ભલે આ પૂર્વગ્રહ બિલકુલ ખોટો કેમ ન હોય તેનાથી પણ બચવાની યુક્તિ કરવી જોઈએ કારણ કે, પૂર્વગ્રહ ભલે કોઈ અજ્ઞાનતા અથવા નાદાનીના કારણે હોય અંતે તે દીની પ્રચાર અને પ્રસારના કામમાં દખલગીરી ઊભી કરે છે, લોકોમાં તેની વાતનું વજન નથી રહેતું. *(કુર્તુબી)*

રસૂલે કરીમ ﷺનો ઈરશાદ છે કે, "તોહમત (આક્ષેપ)ના સ્થળોથી પણ બચો." એટલે કે, એવી પરિસ્થિતિ અને એવા સ્થળોથી પણ પોતાને બચાવો જેમાં કોઈને તમારા ઉપર તોહમત લગાવવાની તક મળે, આ હુકમ તો આમ મુસલમાનો માટે છે, ખાસ-ખાસ લોકો અને ઉલમાએ તેમાં બેવડી કાળજી રાખવી જરૂરી છે, પોતે રસૂલે કરીમ ﷺ કે જેઓ બધી જ ત્રુટીઓ અને ગુનાહોથી માસૂમ છે રસૂલે કરીમ ﷺએ પણ તેની કાળજી લીધી છે. એક વખતે પવિત્ર પત્નીઓમાંથી એક પત્ની રસૂલે કરીમ ﷺની સાથે મદીનાની એક ગલીમાંથી પસાર થઈ રહ્યા હતા, કોઈ સહાબી (રદિ.) સામે આવી ગયા તો આપ ﷺએ દૂરથી જ બતાવ્યું કે મારી સાથે ફલાણી પત્ની છે, આ એટલા માટે કહ્યું કે જોનારને કોઈ અજાણી અન્ય સ્ત્રી હોવાની શંકા ન થાય. આ તકે હઝરત યૂસુફ

(અલૈ.)ની જેલથી મુક્તિ અને શાહી આમંત્રણનો સંદેશ મળવા છતાં મુક્તિ પહેલાં તેમણે એવો પ્રયત્ન કર્યો કે લોકોની શંકાઓ દૂર થઈ જાય.

(૧૩) મસ્અલો :

તેમાં એ વાત પણ છે કે જે વ્યક્તિના હકો કોઈના માથે હોય અને આ રૂપે તે સન્માનપાત્ર હોય જો ટાળી ન શકાય એવી પરિસ્થિતિમાં તેના વિરુદ્ધ કોઈ કાર્યવાહી કરવી પણ પડે તો તેમાં પણ બનતા પ્રયત્ને તેના સન્માન અને હકોનો ખ્યાલ રાખવો શરાફતનો તકાદો છે જેમકે, હઝરત યૂસુફ (અલૈ.)એ પોતાની નિર્દોષતા પૂરવાર કરવા વિશેના મા'મલાની તપાસ માટે અઝીઝ અથવા અઝીઝની પત્નીનું નામ લેવાના બદલે તે સ્ત્રીઓનું વર્ણન કર્યું જેમનાથી પોતાના હાથ ઘાયલ થયા હતા. (કુર્તુબી) કારણ કે મકસદ આ રીતે પણ પ્રાપ્ત થઈ શકતો હતો.

(૧૪) મસ્અલો :

સદ્વર્તણૂકની તા'લીમ એ છે કે જે લોકોના હાથે સાત વર્ષો અથવા બાર વર્ષો જેલખાનાની પીડા વેઠવી પડી હતી, જેલમુક્તિના સમયે તેમનાથી કોઈ બદલો લેવો તો શું એટલું પણ બરદાસ્ત ન કર્યું કે તેમને કોઈ મા'મૂલી તકલીફ પહોંચે જેમકે, આયત لِيَعْلَمَ اَنِّىْ لَمْ اَخُنْهُ بِالْغَيْبِ માં તેનો ઉલ્લેખ છે.

પારહ તેર (૧૩)

આયતો : (સૂરએ યૂસુફ : આયત નં. ૫૩ થી ૫૭)

١٣ وَمَآ اُبَرِّئُ نَفْسِىْ ۚ اِنَّ النَّفْسَ لَاَمَّارَةٌۢ بِالسُّوْٓءِ اِلَّا مَا رَحِمَ رَبِّىْ ؕ اِنَّ رَبِّىْ
غَفُوْرٌ رَّحِيْمٌ ﴿۵۳﴾ وَقَالَ الْمَلِكُ ائْتُوْنِىْ بِهٖٓ اَسْتَخْلِصْهُ لِنَفْسِىْ ۚ فَلَمَّا كَلَّمَهٗ قَالَ اِنَّكَ
الْيَوْمَ لَدَيْنَا مَكِيْنٌ اَمِيْنٌ ﴿۵۴﴾ قَالَ اجْعَلْنِىْ عَلٰى خَزَآئِنِ الْاَرْضِ ۚ اِنِّىْ حَفِيْظٌ عَلِيْمٌ ﴿۵۵﴾
وَكَذٰلِكَ مَكَّنَّا لِيُوْسُفَ فِى الْاَرْضِ ۚ يَتَبَوَّاُ مِنْهَا حَيْثُ يَشَآءُ ؕ نُصِيْبُ بِرَحْمَتِنَا
مَنْ نَّشَآءُ وَلَا نُضِيْعُ اَجْرَ الْمُحْسِنِيْنَ ﴿۵۶﴾ وَلَاَجْرُ الْاٰخِرَةِ خَيْرٌ لِّلَّذِيْنَ اٰمَنُوْا وَكَانُوْا
يَتَّقُوْنَ ﴿۵۷﴾ ع ٨

તરજુમો :

અને હું પોતાના નફસને પાક નથી કહેતો, બેશક ! નફ્સ તો બુરાઈ શિખવાડે છે પરંતુ જે મારા પરવરદિગારે રહમ કરી દીધી, બેશક ! મારો પરવરદિગાર મહાન બખ્શનારો મહેરબાન છે. (૫૩) અને બાદશાહે કહ્યું, તેને મારી પાસે લઈ આવો, હું તેને મારા કામમાં ખાસ કરી લઉં, પછી જ્યારે વાતચીત કરી, તેમને કહ્યું, ખરેખર તેં આજથી અમારી પાસે ભરોસાપાત્ર થઈને સ્થાન પામ્યું. (૫૪) (યૂસુફ અલૈ.એ) કહ્યું, મને દેશના ખજાનાઓ (નાણાખાતા) ઉપર નિમણૂંક આપો, હું દેખરેખ રાખનારો ખૂબ જાણનારો છું. (૫૫) અને આ રીતે અમે યૂસુફ (અલૈ.)ને શક્તિ આપી આ પ્રદેશમાં સ્થાન મેળવતા હતા જ્યાં તેમાં ઈચ્છતા; અમે જેને ચાહીએ પોતાની રહમત પહોંચાડી આપીએ છીએ અને અમે ભલાઈવાળાઓનો બદલો બરબાદ નથી કરતા. (૫૬) અને આખિરતનો સવાબ તેમના માટે ઉત્તમ છે જેઓ ઈમાન લાવ્યા અને બચેલા રહ્યા. (૫૭)

તફસીર :

અને હું પોતાના નફ્સને (પણ તેની માનવપ્રકૃતિના આધારે) મુક્ત (અને પવિત્ર) નથી બતાવતો (કારણ કે) નફ્સ તો (દરેકનો) ખરાબ વાત જ બતાવે છે માત્ર તે (નફ્સ)ના સિવાય જેના ઉપર મારો પરવરદિગાર કૃપા કરે (અને તેમાં બુરાઈનો અંશ ન રાખે જેમકે અંબિયા અલૈ.ના નફ્સ مُطْمَئِنَّة "મુત્મઈન્નહ" હોય છે જેમાં હઝરત યૂસુફ અલૈ.નો નફ્સ પણ સામેલ છે. એનો ખુલાસો એ થયો કે મારી પવિત્રતા અને ઈસ્મત મારી વ્યક્તિગત વિશેષતા નથી બલકે તે અલ્લાહની રહમત અને ઈલાહી ઈનામોની અસર છે એટલા માટે મારો નફ્સ મને બુરાઈનો હુકમ નથી આપતો, નહિતર જેમકે અન્યોના નફ્સ હોય છે એવો જ મારો નફ્સ પણ હોત) નિઃશંક ! મારો પરવરદિગાર મહાન મા'ફ કરનારો મોટી રહમતવાળો છે. (એટલે કે ઉપર જે નફ્સના બે પ્રકારો બતાવવામાં આવ્યા ૧. اَمَّارَة "અમ્મારહ" અને ૨. مُطْمَئِنَّة "મુત્મઈન્નહ" બસ, અમ્મારહમાં જો તવ્બહ કરી લે તો તેને મા'ફી મળી જાય છે અને તવબહના દરજ્જામાં તે لَوَّامَة "લવ્વામહ" કહેવાય છે અને જે મુત્મઈન્નહ છે તેની પોતાની આગવી કોઈ વિશેષતા નથી

બલકે તે અલ્લાહના ઈનામ અને રહમતની અસર છે બસ, અમ્મારહના લવ્વામહ બનવાથી અલ્લાહની મા'ફીની સિફત જાહેર થાય છે અને મુત્મઈન્નહમાં અલ્લાહની કૃપાની સિફત.

આ સઘળો વિષય હઝરત યૂસુફ અલૈ.ના નિવેદનનો હતો, બાકી એ બાબત કે પોતાની સફાઈ રજુ કરવાની રીત છુટકારા પછી પણ શક્ય હતી પછી કેદમાંથી મુક્તિ પહેલાં આવું બધું કરવાને અગ્રિમતા કેમ આપી ? તેનું કારણ એ હોઈ શકે છે કે જેટલો વિશ્વાસ આ ક્રમમાં હોઈ શકે છે તેના કરતાં અન્ય કોઈ બાબતમાં આવો વિશ્વાસ આવી શકતો નથી, કારણ કે આવી નાજુક પરિસ્થિતિમાં પણ તેઓ નિર્દોષ સાબિત થયા વિના છુટવા નથી માંગતા એવું બાદશાહ અને અઝીઝ સમજી શકે, જ્યારે કે આવી કષ્ટદાયક પરિસ્થિતિમાં કેદી માટે મુક્તિ જ એક અંતિમ ઈચ્છા હોય છે; માટે જાણ થઈ કે તેમને પોતાની નિર્દોષતા પૂરવાર થવાનો અને છુટકારાનો સંપૂર્ણ વિશ્વાસ છે એટલા માટે તે સાબિત થઈ જવાનો પૂરો સંતોષ છે અને દેખીતું છે કે આવો સંપૂર્ણ વિશ્વાસ નિર્દોષ વ્યક્તિને જ થઈ શકે છે, ન કે કોઈ ગુનાહમાં સંડોવાયેલા વ્યક્તિને. આ બધી વાતો બાદશાહે સાંભળી) અને (એ સાંભળીને) બાદશાહે કહ્યું કે તેમને મારી પાસે લાવો, હું તેમને ખાસ પોતાના (કામ) માટે રાખીશ (અને અઝીઝ પાસેથી તેને લઈ લઈશ કે તે તેના હાથ હેઠળ ન રહે, એટલા માટે લોકો તેમને બાદશાહ પાસે લાવ્યા) બસ, જ્યારે બાદશાહે તેમની સાથે વાતચીત કરી (અને વાતોથી જ્યારે તેમની વધારે કાર્યકુશળતા અને વિશેષતાઓ જાહેર થઈ) તો બાદશાહે (તેમને) કહ્યું કે તમે અમારા નજીક આજ(થી) મોટા ઈજ્જતદાર અને ભરોસાપાત્ર છો. (ત્યારબાદ તે સ્વપ્નની તા'બીરનો ઉલ્લેખ થયો અને બાદશાહે કહ્યું કે આટલા મોટા દુષ્કાળની વ્યવસ્થા ઘણું ભારે કામ છે, આ વ્યવસ્થા કોને સોંપવામાં આવે ?) યૂસુફ (અલૈ.)એ ફરમાવ્યું કે દેશના ખજાનાઓ ઉપર મને નિયુક્ત કરી દો (તેનું) રક્ષણ (પણ) કરીશ અને (આવક-જાવકની વ્યવસ્થા અને તેનો હિસાબ-કિતાબ પણ વ્યવસ્થિત પદ્ધતિથી રાખવા માટે હું) સારી રીતે વાકેફ છું (તેમને કોઈ ખાસ હોદો આપવાની જગ્યાએ પોતાના બધા જ અધિકારો દરેક પ્રકારે આપી દીધા તો પછી જાણે હકીકતમાં બાદશાહ તે જ થઈ ગયા, ભલે તે બાદશાહ નામનો રહ્યો અને તેઓ અઝીઝના હોદ્દાથી મશ્હૂર થઈ ગયા, એટલા

માટે ઈરશાદ છે) અને અમે આવી (આશ્ચર્યજનક) રીતે યૂસુફ (અલૈ.)ને (મિસ્ર) પ્રદેશમાં અધિકારવાળા બનાવી દીધા અને તેમાં જ્યાં ઈચ્છ્યું રહ્યા–સહ્યા (જેમકે બાદશાહોને સ્વતંત્રતા હોય છે, એટલે કે એક સમય તે હતો કે તેઓ કૂવામાં કેદ હતા પછી અઝીઝની ગુલામીમાં રહ્યા, પછી જેલખાને ગયા અને આજે આ પ્રમાણે સ્વતંત્રતા અને આવા અધિકાર અર્પણ થયા, વાત એમ છે કે) અમે જેના ઉપર ઈચ્છીએ પોતાની ઈનાયત (કૃપા) કેન્દ્રિત કરી આપીએ અને અમે નેકી કરનારાઓનો બદલો વ્યર્થ જવા દેતા નથી (એટલે કે દુનિયામાં પણ નેકીનો બદલો મળે છે કે પવિત્ર જિંદગી અર્પણ થાય છે, ભલે માલદાર બનાવીને જેમકે હઝરત યૂસુફ અલૈ. માટે હતું અથવા તો માલદારી વિના જ સંતોષવૃત્તિ અને અલ્લાહની ખૂશ્નુદી અર્પણ કરીને કે જેનાથી આનંદમય જીવન પ્રાપ્ત થાય છે, આ તો આજે દુનિયામાં બદલો મળ્યો) અને આખિરતનો બદલો તેનાથી વધીને છે ઈમાન અને તકવાવાળાઓ માટે.

મસ્અલા અને બોધપાઠ :

પોતાની જાતની પવિત્રતાનું વર્ણન કરવું યોગ્ય નથી પરંતુ અમુક પરિસ્થિતિઓમાં જાઇઝ છે :

આ પહેલાં આવી ચૂકેલી આયતમાં હઝરત યૂસુફ (અલૈ.)નું એ નિવેદન પ્રસ્તુત હતું કે જે આક્ષેપ મારા ઉપર થોપવામાં આવ્યો હતો તેની સફાઈ અને ઘટનાની સંપૂર્ણ તપાસથી પહેલાં હું કેદમાંથી મુક્ત થવાનું પસંદ કરતો નથી કારણ કે, અઝીઝે મિસ્ર અને બાદશાહને સંપૂર્ણ વિશ્વાસ થઈ જાય કે મેં કોઈ ખયાનત કરી ન હતી બલકે, આક્ષેપ બિલકુલ જૂઠો હતો, તેમાં કારણ કે પોતાની નિર્દોષતા અને પવિત્રતાનું વર્ણન એક ટાળી ન શકાય એવું આવશ્યક થઈ રહ્યું હતું જે દેખીતી રીતે પોતાના નફ્સની પવિત્રતા અને પાકીની જાહેરાત છે અને અલ્લાહ તઆલાને એ પસંદ નથી જેમકે, કુર્આન મજીદમાં ઈરશાદ છે, اَلَمْ تَرَ اِلَى الَّذِيْنَ يُزَكُّوْنَ اَنْفُسَهُمْ بَلِ اللّٰهُ يُزَكِّىْ مَنْ يَّشَآءُ એટલે કે, "શું તમે નથી જોયા તે લોકોને જેઓ પોતાની જાતને પવિત્ર કહે છે ? બલકે અલ્લાહ તઆલાનો હક છે કે તે જેને ચાહે પવિત્ર ઠરાવે." (૪:૪૯) અને સૂરએ નજ્મમાં પણ આ જ વિષયની એક આયત છે. فَلَا تُزَكُّوْٓا اَنْفُسَكُمْ هُوَ اَعْلَمُ بِمَنِ اتَّقٰى એટલે કે, "તમે પોતાના

નફ્સની પવિત્રતાના દા'વેદાર ન બનો અલ્લાહ તઆલા સારી પેઠે જાણે છે કે કોણ વાસ્તવમાં અલ્લાહથી ડરનાર (મુત્તકી) છે.'' (૫૩:૩૨)

એટલા માટે પ્રસ્તુત આયતમાં હઝરત યૂસુફ (અલૈ.)એ પોતાની મુક્તિની જાહેરાતની સાથે જ એ વાસ્તવિકતાની જાહેરાત કરી દીધી કે મારું આવું કહેવું મારા તકવા અને પવિત્રતાને જતાવવા માટે નથી પરંતુ હકીકત એ છે કે જ્યારે મનુષ્યનો નફ્સ જેનો ઢાંચો આગ-પાણી અને હવાથી બન્યો છે તે તો પોતાની પ્રકૃતિથી દરેક વ્યક્તિને ખરાબ કામ તરફ જ આકર્ષિત કરતો રહે છે તે સિવાય કે જેમના ઉપર મારો પરવરદિગાર પોતાની રહમત ફરમાવે અને તેના નફ્સને બુરા તકાદાઓથી પવિત્ર કરી આપે જેમકે, અંબિયા (અલૈ.)નો નફ્સ હોય છે અને એવા જ નફ્સને કુર્આનમાં ''નફ્સે મુત્મઈન્નહ''નો લકબ આપવામાં આવ્યો છે. ખુલાસો એ થયો કે આવી મહાન કસોટીના સમયે મારું બચી જવું એ કોઈ મારી વ્યક્તિગત વિશેષતા ન હતી બલકે, અલ્લાહ તઆલાની જ રહમત અને તેની જ સહાયતાનું પરિણામ હતું, જો તે મારા નફ્સમાંથી નાપાક ઈચ્છાઓ ન કાઢી નાંખે તો હું પણ એવો જ થઈ જાઉં જેમકે સામાન્ય માનવી હોય છે કે જેઓ નફ્સની ઈચ્છાઓથી પરાજિત અને તેના ગુલામ થઈ જાય છે.

અમુક રિવાયતોમાં છે કે હઝરત યૂસુફ (અલૈ.)એ આ વાક્યો એટલા માટે કહ્યા કે એક પ્રકારનો વિચાર તો તેમના દિલમાં પણ પેદા થઈ જ ગયો હતો જો કે તે અનિચ્છાવર્તી ભ્રમણા માત્ર હતો પરંતુ નુબુવ્વતની શા'ન સમક્ષ તે પણ એક લગ્ઝિશ અને બુરાઈ જ હતી એટલા માટે તેમણે જાહેરાત કરી કે હું મારા નફ્સને પણ બિલકુલ જ પવિત્ર અને મુક્ત સમજતો નથી.

મનુષ્યના નફ્સ (Self)ની ત્રણ હાલતો :

આ આયતમાં આ મસ્અલો ધ્યાન ખેંચે છે કે તેમાં દરેક માનવીના નફ્સને أَمَّارَةٌ بِالسُّوءِ (અમ્મારતુન બિસ્સૂઈ) એટલે કે, ''બુરા કામોનો હુકમ કરનારો'' કહ્યો છે જેમકે, એક હદીષમાં છે કે ''રસૂલે કરીમ ﷺએ સહાબએ કિરામ (રદિ.)ને સવાલ કર્યો કે એવા મિત્ર વિશે તમારો શું વિચાર છે જેની હાલત એવી હોય કે જો તમે તેની ઈજ્જત અને સન્માન કરો, ખાવું ખવડાવો, કપડાં પહેરાવો તો તો તે તમને બલા અને મુસીબતમાં નાંખી દે અને જો તમે તેમનું અપમાન કરો,

ભૂખા-નાગા રાખો તો તમારી સાથે ભલાઈનો વર્તાવ કરે ? સહાબએ કિરામ (રદિ.)એ વિનંતી કરી કે યા રસૂલુલ્લાહ ﷺ ! તેનાથી વધારે ખરાબ મિત્ર તો આ જગતમાં કોઈ નથી હોઈ શકતો. આપ ﷺએ ફરમાવ્યું, કસમ છે તે હસ્તીનો જેના કબ્જામાં મારો પ્રાણ છે કે તમારા નફ્સ જે તમારા સરાણે છે તે એવો જ મિત્ર છે !" (કુર્તુબી) અને એક હદીષમાં છે કે, તમારો સૌથી મોટો દુશ્મન તમારો નફ્સ છે જે તમને ખરાબ કામોમાં સપડાવીને અપમાનિત અને બેઈજ્જત પણ કરે છે અને જાત-જાતની મુસીબતોમાં સપડાવી દે છે.

અલબત્ત, પ્રસ્તુત આયતથી અને હદીષની તે રિવાયતોથી જાણ થાય છે કે મનુષ્યનો નફ્સ ખરાબ કામોનો જ આગ્રહ સેવે છે પરંતુ સૂરએ કિયામહમાં આ જ મનુષ્યના નફ્સને "લવ્વામહ"નો લકબ આપીને તેને એ સન્માન બખ્શ્યું છે કે અલ્લાહ રબ્બુલ ઈજ્જતે તેની કસમ ખાધી છે لَآ اُقْسِمُ بِيَوْمِ الْقِيٰمَةِ وَلَآ اُقْسِمُ بِالنَّفْسِ اللَّوَّامَةِ (૭૫:૧-૨) અને સૂરએ ફજ્રમાં આ જ મનુષ્યના નફ્સને مُطْمَئِنَّةُ (મુત્મઈન્નહ)નો લકબ આપીને જન્નતની ખુશખબરી સંભળાવી છે, يٰٓاَيَّتُهَا النَّفْسُ الْمُطْمَئِنَّةُ ارْجِعِىٓ اِلٰى رَبِّكِ (૮૯:૨૭-૨૮) એ જ પ્રમાણે મનુષ્યના નફ્સને એક સ્થળે اَمَّارَةٌ بِالسُّوْٓءِ (અમ્મારતુન બિસ્સૂઈ) કહેવામાં આવ્યું છે અને બીજા સ્થળે لَوَّامَةُ (લવ્વામહ) અને ત્રીજા સ્થળે مُطْمَئِنَّةُ (મુત્મઈન્નહ) કહેવામાં આવ્યું છે.

તેનો ખુલાસો એ છે કે દરેક મનુષ્યનો નફ્સ પોતાની પ્રકૃતિમાં اَمَّارَةٌ بِالسُّوْٓءِ છે એટલે કે તે ખરાબ કામોનો જ આગ્રહ કરે છે પરંતુ જ્યારે માનવી આખિરત અને અલ્લાહના ડરથી આ તકાદાઓને પૂરા ન કરે તો તેનો નફ્સ "લવ્વામહ" બની જાય છે, એટલે કે ખરાબ કામો ઉપર તેની નીંદા કરનારો અને તેનાથી તવબહ કરનારો; જેમકે સામાન્ય નેક લોકોના નફ્સ હોય છે અને જ્યારે કોઈ માનવી નફ્સની વિરુદ્ધ સંઘર્ષ કરતાં-કરતાં પોતાના નફ્સને એવી પરિસ્થિતિમાં પહોંચાડી દે કે ખરાબ કામોનો તકાદો કે આગ્રહ તેમાં બાકી જ ન રહે તો તે "નફ્સે મુત્મઈન્નહ" બની જાય છે, ઉમ્મતના નેક લોકોને આ સ્થાન "મુજાહિદા" (સંઘર્ષ) અને "રિયાઝત" (સતત અલ્લાહની યાદ)થી પ્રાપ્ત થઈ શકે છે અને તો પણ એવી પરિસ્થિતિનું હંમેશા બાકી રહેવું ચોક્કસ નથી હોતું, જો કે અંબિયા (અલૈ.)ને આવા જ નફ્સે મુત્મઈન્નહ કોઈપણ પ્રકારના આગોતરા શ્રમ-સંઘર્ષો વિના પ્રાપ્ત થઈ જાય છે અને તે હંમેશા એક જ પરિસ્થિતિમાં રહે છે. આ પ્રમાણે

નફ્સની ત્રણ પરિસ્થિતિઓના આધારે ત્રણ પ્રકારના કૃત્યો તેની સાથે જોડવામાં આવ્યા છે.

إِنَّ رَبِّي لَغَفُورٌ رَّحِيمٌ અંતિમ આયતમાં ફરમાવ્યું કે, મારો પરવરદિગાર મા'ફ કરનારો અને અત્યંત કૃપાળુ છે. શબ્દ غَفُوْرٌ (ગફૂર) એ તરફ ઈશારો કરે છે કે, "નફ્સે અમ્મારહ બિસ્સૂઈ" જ્યારે પોતાની ભૂલો ઉપર પસ્તાવો કરીને તવબહ કરે અને "નફ્સે લવ્વામહ" બની જાય તો અલ્લાહ તઆલા મા'ફી આપનાર તરીકે ઘણો મોટો છે અને તે મા'ફ કરી દેશે અને શબ્દ "રહીમ"માં એવો ઈશારો જોવા મળે છે કે જ્યારે વ્યક્તિને "નફ્સે મુત્મઈન્નહ" નસીબ થાય તો તે પણ અલ્લાહ તઆલાની રહમતનું જ પરિણામ છે.

وَقَالَ الْمَلِكُ ائْتُونِي.... એટલે કે, મિસ્રના બાદશાહે જ્યારે હઝરત યૂસુફ (અલૈ.)ના કહેવા પ્રમાણે સ્ત્રીઓથી ઘટનાની તપાસ કરી અને ઝૂલેખાં તથા અન્ય સ્ત્રીઓએ ઘટનાની વાસ્તવિકતાનો સ્વીકાર કરી લીધો તો બાદશાહે હુકમ આપ્યો કે હઝરત યૂસુફ (અલૈ.)ને મારી પાસે લાવવામાં આવે જેથી હું તેમને મારો ખાસ સલાહકાર બનાવી લઉં, હુકમ પ્રમાણે હઝરત યૂસુફ (અલૈ.)ને ઈજ્જત અને માન-સન્માન સાથે જેલખાનામાંથી દરબારમાં લાવવામાં આવ્યા અને પરસ્પર વાતચીત પછી હઝરત યૂસુફ (અલૈ.)ની આવડત અને બૌદ્ધિક ક્ષમતાઓનો સંપૂર્ણ અંદાજો થઈ ગયો ત્યારે બાદશાહે કહ્યું કે આજે તમે અમારા સમીપ પ્રિય અને ભરોસાપાત્ર વ્યક્તિ છો.

ઈમામ બગવી (રહ.)એ નકલ કર્યું છે કે જ્યારે બાદશાહનો સંદેશાવાહક જેલમાં હઝરત યૂસુફ (અલૈ.)ની પાસે બીજીવાર પહોંચ્યો અને બાદશાહનું આમંત્રણ તેમને પહોંચાડ્યું ત્યારે હઝરત યૂસુફ (અલૈ.)એ બધા જેલવાળાઓ માટે દુઆ કરી, ગુસ્લ કર્યું અને નવા કપડાં પહેર્યા, જ્યારે શાહી દરબારમાં પહોંચ્યા ત્યારે આ દુઆ કરી, حَسْبِيْ رَبِّيْ مِنْ دُنْيَایَ وَحَسْبِيْ رَبِّيْ مِنْ خَلْقِهٖ عَزَّ جَارُهٗ وَجَلَّ ثَنَائُهٗ وَلَآ اِلٰهَ غَيْرُهٗ એટલે કે, "મારી દુનિયા માટે મારો પરવરદિગાર મને પૂરતો છે અને સમગ્ર મખ્લૂકના બદલે મારો પરવરદિગાર મારા માટે પૂરતો છે, જે કોઈ તેની શરણ-પનાહમાં આવી ગયો તે બિલકુલ સુરક્ષિત છે, તેના સિવાય કોઈ મઅ્બૂદ નથી."

જયારે દરબારમાં પહોંચ્યા તો પછી અલ્લાહ તઆલા સમક્ષ રજુ થઈને આ પ્રમાણે દુઆ કરી અને અરબી ભાષામાં સલામ કરી اَلسَّلَامُ عَلَيْكُمْ وَرَحْمَةُ اللّٰهِ (અસ્સલામુ અલયકુમ વરહમતુલ્લાહિ વબરકાતુહ) અને બાદશાહ માટે ઈબ્રાની (હિબ્રુ) ભાષામાં દુઆ કરી. બાદશાહ જો કે ઘણી બધી ભાષાઓ જાણતો હતો પરંતુ અરબી અને ઈબ્રાની ભાષાથી વાકેફ ન હતો. હઝરત યૂસુફ (અલૈ.)એ બતાવ્યું કે સલામ અરબી ભાષામાં કરવામાં આવી છે અને દુઆ ઈબ્રાની ભાષામાં.

આ રિવાયતમાં એ પણ છે કે બાદશાહે હઝરત યૂસુફ (અલૈ.) સાથે વિવિધ ભાષાઓમાં વાતચીત કરી, હઝરત યૂસુફ (અલૈ.)એ તેમને તે જ ભાષામાં જવાબ આપ્યો તથા અરબી અને ઈબ્રાની આ બે ભાષાઓ એનાથી વધારાની સંભળાવી કે આ ભાષાઓથી બાદશાહ વાકેફ ન હતો. આ ઘટનાએ બાદશાહના દિલમાં હઝરત યૂસુફ (અલૈ.) પ્રત્યે અસામાન્ય માન-મોભો વધારી દીધો.

પછી મિસ્રના બાદશાહે કહ્યું, હું ઈચ્છું છું કે હું આપનાથી પોતાના સ્વપ્નની તા'બીર કોઈ માધ્યમ વિના સીધે-સીધી સાંભળવા ઈચ્છું છું. હઝરત યૂસુફ (અલૈ.)એ પ્રથમ તેના સ્વપ્નની એવી વિગતો બતાવી જે હજુ સુધી બાદશાહે પણ કોઈને વર્ણન કરી ન હતી, પછી તા'બીર બતાવી.

મિસ્રના બાદશાહે કહ્યું કે મને તા'બીરથી વધારે એ બાબતનું આશ્ચર્ય છે કે, સ્વપ્નની આ વિગતો તમને કઈ રીતે જાણ થઈ ? ત્યારબાદ મિસ્રના બાદશાહે સલાહ માંગી કે હવે મારે શું કરવું જોઈએ ? ત્યારે હઝરત યૂસુફ (અલૈ.)એ મશ્વરો આપ્યો કે પ્રથમ સાત વર્ષો જેમાં ખૂબ વરસાદ થશે તેમાં તમે વધારેથી વધારે ખેતી કરાવીને અનાજ ઉગાડવાની વ્યવસ્થા કરો અને બધા લોકોને સૂચના આપો કે પોત-પોતાની જમીનોમાં વધારેથી વધારે ખેતી કરે અને જેટલું અનાજ પ્રાપ્ત થાય તેમાંથી પાંચમો ભાગ પોતાની પાસે સંગ્રહ કરતા રહે.

એ જ પ્રમાણે મિસ્રના લોકો પાસે દુષ્કાળના સાત વર્ષો માટે સંગ્રહ ભેગો થઈ જશે અને તમે તેમના માટે નચિંત થઈ જશો. સરકારને જેટલા પ્રમાણમાં સરકારી અનાજ મહેસૂલ દ્વારા અથવા સરકારી જમીન દ્વારા પ્રાપ્ત થાય તેને બહારના લોકો માટે ભેગું કરી રાખો કારણ કે, આ દુકાળ દૂર-સુદૂર સુધી ફેલાઈ

જશે, બહારના લોકો તે સમયે તમારા મોહતાજ હશે એવા વખતે તમે અનાજ આપીને અલ્લાહની મખ્લૂકની મદદ કરજો અને નજીવી કિંમત પણ રાખજો તો સરકારી ખજાનામાં એટલો માલ ભેગો થઈ જશે જે તેના અગાઉ ક્યારેય ભેગો થયો ન હતો. મિસ્રનો બાદશાહ આ સલાહથી બેહદ ખુશ અને સંતોષિત થઈ ગયો પરંતુ કહેવા લાગ્યો કે આ મહાન યોજનાની વ્યવસ્થા અને વહીવટ કેવી રીતે થશે અને કોણ કરશે ? ત્યારે હઝરત યૂસુફ (અલૈ.)એ ફરમાવ્યું,

اِجْعَلْنِیْ عَلٰی خَزَآئِنِ الْاَرْضِ اِنِّیْ حَفِیْظٌ عَلِیْمٌ એટલે કે, દેશના ખજાના (જેમાં જમીનના પાકનું ઉત્પાદન પણ સામેલ છે) તમે મને સોંપી દો, હું તેની સુરક્ષા પણ સંપૂર્ણ રીતે કરી શકું છું અને ખર્ચ કરવાની જગ્યાઓ અને ખર્ચ કરવાના પ્રમાણના અંદાજાથી પણ સંપૂર્ણપણે વાકેફ છું. *(કુર્તુબી અને મઝહરી)*

આ બે શબ્દોમાં હઝરત યૂસુફ (અલૈ.)એ તે બધી જ ખાસિયતો ભેગી કરી દીધી જે એક વઝીરે ખજાના (નાણા-મહેસૂલ મંત્રી)માં હોવી જોઈએ કારણ કે, પ્રથમ જરૂરિયાત તો ખજાનાના અમાનતદાર માટે એ હોય છે કે તે સરકારી માલને વ્યર્થ વેડફાવા ન દે બલકે, સંપૂર્ણ હિફાઝતથી તેને ભેગો કરે, પછી ગેરહકદાર લોકો ઉપર અને જે ખોટા ખર્ચાઓ થઈ રહ્યા છે તેના ઉપર ખર્ચ ન થવા દે અને બીજી જરૂરિયાત તેની એ છે કે જ્યાં જે પ્રમાણે ખર્ચ કરવાની આવશ્યકતા છે ત્યાં કોઈ કમી કે ઉણપ ન રાખે અને જરૂરિયાતના પ્રમાણ કરતા વધારે ખર્ચ ન કરે. શબ્દ حَـــفِيْظٌ (હફીઝ) પ્રથમ જરૂરિયાત પૂરી કરવાની જામીનગીરી છે અને શબ્દ عَلِيْمٌ (અલીમ) બીજી જરૂરિયાતની.

મિસ્રનો બાદશાહ જો કે હઝરત યૂસુફ (અલૈ.)ના હુન્નર-ઈમાનદારી અને અકલમંદી-બુદ્ધિ ક્ષમતાઓનો પ્રશંસક હતો અને તેમની કુશાગ્ર બુદ્ધિનો પૂરેપૂરો આસ્થાવાન થઈ ચૂક્યો હતો પરંતુ સીધે-સીધો ખજાનાના મંત્રાલયનો હોદ્દો તેમને સોંપ્યો નહિ બલકે એક વર્ષ સુધી તેમને સન્માનનીય મહેમાન તરીકે રાખ્યા.

વર્ષ પૂરું થયા પછી તેમને ફક્ત ખજાનાનું મંત્રાલય જ નહિ બલકે સમગ્ર દેશનો વહીવટ સોંપી દીધો, કદાચ હેતુ એ હતો કે જ્યાં સુધી ઘરમાં રાખીને તેમની વર્તણૂક, ટેવો વગેરેનો અનુભવ ન થઈ જાય આટલો મોટો હોદ્દો સોંપવો યોગ્ય

નથી જેમકે સા'દી સીરાઝી (રહ.)એ ફરમાવ્યું છે,

چو یوسف کسے در صلاح و تمیز ؛ بیک سال باید کہ گردد عزیز

અમુક વિવરણકારોએ લખ્યું છે કે તે જ સમયગાળામાં ઝૂલેખાંના પતિ કિતફીરનો ઈન્તેકાલ થઈ ગયો તો મિસ્રના રાજાએ હઝરત યૂસુફ (અલૈ.) સાથે તેમની શાદી કરાવી દીધી, તે વખતે હઝરત યૂસુફ (અલૈ.)એ તેમને ફરમાવ્યું કે શું આ સ્વરૂપ તેનાથી ઉત્તમ નથી જે તું ઈચ્છતી હતી ? ઝૂલેખાંએ પોતાની ભૂલનો સ્વીકાર કરી પોતાનો બચાવ કર્યો.

અલ્લાહ જલ્લ શા'નુહૂએ ઘણી જ ઈજ્જત અને સન્માન સાથે તેમની ઈચ્છા પૂર્ણ કરી તથા ખૂબ રાહત અને આરામ સાથે જીવન પસાર કર્યું, ઐતિહાસિક રિવાયતો પ્રમાણે બે પુત્રો પણ પેદા થયા હતા જેમનું નામ ઈફરાઈમ અને મનશા હતું.

અમુક રિવાયતોમાં છે કે શાદી પછી હઝરત યૂસુફ (અલૈ.)ના દિલમાં ઝૂલૈખાંની મહોબ્બત અલ્લાહ જલ્લ શા'નુહૂએ તેનાથી વધારે પેદા કરી દીધી જેટલી ઝૂલૈખાંને હઝરત યૂસુફ (અલૈ.) સાથે હતી, અહીંયાં સુધી કે એક વખતે હઝરત યૂસુફ (અલૈ.)એ તેમને શિકાયત કરી કે તેનું શું કારણ છે કે તમે મારી સાથે હવે એટલી મહોબ્બત નથી રાખતા જેટલી પહેલાં હતી, ઝૂલૈખાંએ કહ્યું આપના માધ્યમથી અને આપના પ્રતાપે મને અલ્લાહ તઆલાની મહોબ્બત પ્રાપ્ત થઈ ગઈ છે, તેની સામે બધા જ સંબંધો અને વિચારો ગૌણ બની ગયા છે. આ ઘટના અમુક બીજી વિગતો સાથે તફસીરે કુર્તુબી અને મઝહરીમાં વર્ણન થઈ છે.

હઝરત યૂસુફ (અલૈ.)ના કિસ્સાના સંદર્ભમાં જે સામાન્ય મનુષ્યો માટે ઘણી બધી શિખામણ, બોધપાઠ, માર્ગદર્શન તથા તા'લીમ આવી છે તેમાંથી અમુકનું વર્ણન અગાઉ થઈ ચૂક્યું છે, પ્રસ્તુત આયતોમાં અન્ય મસ્અલાઓ અને માર્ગદર્શનો નીચે પ્રમાણે છે.

(૧) મસ્અલો :

હઝરત યૂસુફ (અલૈ.)નું નિવેદન وَمَآ اُبَرِّئُ نَفۡسِیۡ માં નેક અને મુત્તકી

પરહેઝગાર બંદાઓ માટે એ માર્ગદર્શન છે કે જ્યારે તેમને કોઈ ગુનાહથી બચવાની તવફીક થઈ જાય ત્યારે તે તેના ઉપર ગર્વ ન કરે અને તેના મુકાબલામાં ગુનેહગારોને તુચ્છ ન સમજે બલકે, ઈરશાદે યૂસુફી (હઝરત યૂસુફ અલૈ.ના નિવેદનો) પ્રમાણે એ વાતને પોતાના દિલમાં જમાવી રાખે કે તેમાં અમારી કોઈ વ્યક્તિગત વિશેષતા નથી બલકે અલ્લાહ તઆલાની કૃપા છે કે તેણે "નફ્સે અમ્મારહ"ને અમારા ઉપર ગાલિબ ન થવા દીધો નહિતર દરેક મનુષ્યનો નફ્સ તેની પ્રકૃતિના આધારે બુરા કૃત્યો તરફ જ ખેંચે છે.

સરકારનો કોઈ હોદ્દો પોતે માંગવો જાઇઝ નથી પરંતુ અમુક શરતો સાથે પરવાનગી છે :

(૨) મસ્અલો :

اِجْعَلْنِىْ عَلٰى خَزَائِنِ الْاَرْضِ થી એ જાણ થઈ કે કોઈ સરકારી હોદ્દો અથવા જવાબદારીની માંગણી કરવી અમુક સ્વરૂપોમાં જાઇઝ છે, જેમકે હઝરત યૂસુફ (અલૈ.)એ પ્રદેશના ખજાનાની વઝારતની વ્યવસ્થા અને વહીવટની જવાબદારી માંગી હતી.

પરંતુ તેમાં એ વિગત છે કે જ્યારે કોઈ ખાસ હોદ્દા વિશે એ જાણ હોય કે કોઈ બીજો વ્યક્તિ તેના કરતા સારી વ્યવસ્થા નથી કરી શકતો અને પોતાના વિશે એ અંદાજો હોય કે હોદ્દાનું કામ સારી રીતે પૂર્ણ કરી શકીશ અને કોઈ ગુનાહમાં સંડોવાવાનો કોઈ ભય ન હોય તો આવા સ્વરૂપમાં હોદ્દાની પોતે માંગણી કરવી પણ જાઇઝ છે એ શરતે કે હોદ્દા અને માલની મહોબ્બત તેનું કારણ ન હોય, બલકે અલ્લાહની મખ્લૂકની સાચી સેવા અને ન્યાય સાથે તેમના હકો ઓળખવાનો હેતુ હોય, જેમકે હઝરત યૂસુફ (અલૈ.) સામે ફક્ત આ જ હેતુ હતો અને જ્યાં આ સ્વરૂપ ન હોય તો હદીષમાં રસૂલે કરીમ ﷺએ હુકૂમતના કોઈ હોદ્દાની જાતે માંગણી કરવાથી રોક્યા છે અને જેણે પોતે કોઈ હોદ્દાની દરખાસ્ત કરી તેમને હોદ્દો કે પદ આપ્યા નથી.

સહીહ મુસ્લિમની એક હદીષમાં છે કે રસૂલે કરીમ ﷺએ હઝરત અબ્દુર્રહમાન બિન સમુરહ (રદિ.)ને ફરમાવ્યું કે, ક્યારેય કોઈ (પ્રાંતની) સુબેદારીની માંગણી ન કરો કારણ કે, જો તમે પોતે સવાલ કરીને સુબેદારીનું પદ

પ્રાપ્ત પણ કરી લીધું તો અલ્લાહ તઆલાનું સમર્થન નહિ હોય કે જેના દ્વારા તમે ભૂલો અને ત્રુટીઓથી બચી શકો અને જો દરખાસ્ત કર્યા વિના અને માંગણી વિના તમને કોઈ પદ કે હોદ્દો મળી ગયો તો અલ્લાહ તઆલા તરફથી તમને મદદ અને સમર્થન થશે જેના કારણે તમે આ હોદ્દાના સંપૂર્ણ હકો પૂરા કરી શકશો.

એ જ પ્રમાણે સહીહ મુસ્લિમની એક બીજી હદીષમાં છે કે, એક વ્યક્તિએ રસૂલે કરીમ ﷺને કોઈ હોદ્દાની દરખાસ્ત કરી, રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું, إِنَّا لَنْ نَّسْتَعْمِلَ عَلٰى عَمَلِنَا مَنْ أَرَادَهٗ એટલે કે, "અમે પોતાનો હોદ્દો કોઈ એવા વ્યક્તિને નથી આપ્યા કરતા જે પોતે તેની માંગણી કરે."

હઝરત યૂસુફ (અલૈ.)એ જે પદની પ્રાપ્તિ માટે માંગણી કરી તે ખાસ હિકમત ઉપર આધારિત હતી :

પરંતુ હઝરત યૂસુફ (અલૈ.)ની ઘટના જૂદી છે કારણ કે તેઓ જાણતા હતા કે મિસ્રનો બાદશાહ કાફિર છે, તેના અધિકારીઓ અને સ્ટાફ પણ બધો એવો જ છે અને દેશ ઉપર એક ભયંકર દુષ્કાળ આવવાનો છે, તે સમયે સ્વાર્થી લોકો અલ્લાહની સામાન્ય મખ્લૂક ઉપર દયા કરશે નહીં અને લાખો મનુષ્યો ભૂખે મરી જશે. કોઈ એવો બીજો વ્યક્તિ ઉપસ્થિત ન હતો જે ગરીબોના હકોમાં ન્યાય કરી શકે એટલા માટે પોતે આ હોદ્દાની દરખાસ્ત કરી, જો કે તેની સાથે તેમને પોતાની કેટલીક કુશળતા અને વિશેષતાઓની જાહેરાત આવશ્યકતા મુજબ કરવી પડી જેથી બાદશાહ સંતોષિત થઈને હોદ્દો તેમને સોંપી આપે.

જો આજે પણ કોઈ વ્યક્તિ એવી અનુભૂતિ કરે કે હુકૂમતનું કોઈ પદ અથવા હોદ્દો એવો છે જેની ફરજને કોઈ બીજો વ્યક્તિ સાચી રીતે પૂર્ણ કરનારો ઉપસ્થિત નથી અને તેને પોતે એવી ખાતરી છે કે તે સાચી પદ્ધતિથી તેને પૂર્ણ કરી શકે છે તો તેના માટે જાઈઝ છે, બલકે વાજિબ છે કે તે હોદ્દા કે પદને પ્રાપ્ત કરવાની દરખાસ્ત પોતે કરે પરંતુ પોતાની પ્રતિષ્ઠા અને માલ માટે નહિ બલકે મખ્લૂકની સેવા માટે; જેનો સંબંધ દિલની નિય્યત અને ઈરાદા સાથે છે જેને અલ્લાહ તઆલા સારી પેઠે જાણે છે. *(કુર્તુબી)*

ખુલફાએ રાશિદીન (રહ.)એ ખિલાફતની જવાબદારી આ જ કારણે ઉઠાવી લીધી હતી કે તેઓ જાણતા હતા કે તે સમયે કોઈ બીજો આ જવાબદારીને

સાચી રીતે પૂર્ણ કરી શકશે નહીં. સહાબએ કિરામ (રદિ.)માંથી હઝરત અલી (રદિ.) અને હઝરત મુઆવિયા (રદિ.) તથા હઝરત હુસૈન (રદિ.) અને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબૈર (રદિ.) વચ્ચે જે મતભેદો ઉપસ્થિત થયા તે બધા એ જ કારણે હતા કે તેમનામાં દરેક એવું વિચારતા હતા કે આ સમયે ખિલાફતની ફરજ હું સામા પક્ષ કરતા વધારે હિકમત અને શક્તિ સાથે સંપૂર્ણ રીતે અદા કરી શકીશ, ઈજ્જત અને માલની ઈચ્છા કોઈનો અસલી હેતુ ન હતો.

શું કોઈ કાફિરે હુકૂમતના હોદ્દાનો સ્વીકાર કરવો જાઇઝ છે ?

(૩) મસ્અલો :

ત્રીજો મસ્અલો એ છે કે હઝરત યૂસુફ (અલૈ.)એ મિસ્રના બાદશાહની નોકરીનો સ્વીકાર કરી લીધો જ્યારે કે તે કાફિર હતો એનાથી જાણ થઈ કે કાફિર અથવા ફાસિક શાસકની હુકૂમતનો હોદ્દો અમુક ખાસ સંજોગોમાં સ્વીકારવો જાઇઝ છે.

પરંતુ ઈમામ જસ્સાસ (રહ.)એ આયતે કરીમા فَلَنْ اَكُوْنَ ظَهِيْرًا لِّلْمُجْرِمِيْنَ હેઠળ લખ્યું છે કે, આ આયતની રૂએ જાલિમો અને કાફિરોની મદદ અથવા સમર્થન કરવું જાઇઝ નથી અને દેખીતું છે કે તેમની હુકૂમતનો હોદ્દો અથવા પદ સ્વીકારવું એ તેમની પ્રવૃત્તિમાં ભાગીદાર થવું અથવા તેમની મદદ કરવું ગણાશે અને આવી મદદ કે ભાગીદારીને કુર્આને કરીમે ઘણી બધી આયતોમાં હરામ ઠરાવ્યું છે.

હઝરત યૂસુફ (અલૈ.)એ જે આ નોકરી પણ સ્વીકારી અને પોતે જ દરખાસ્ત કરીને પ્રાપ્ત કરી તેનું ખાસ કારણ તફસીરના ઈમામ મુજાહિદ (રહ.)એ એ ઠરાવ્યું છે કે મિસ્રનો બાદશાહ તે સમયે મુસલમાન થઈ ચૂક્યો હતો પરંતુ કુર્આન અને સુન્નતમાં એના વિશે કોઈ દલીલ ઉપસ્થિત નથી એટલા માટે આમ મુફસ્સિરોએ તેનું કારણ એ ઠરાવ્યું છે કે હઝરત યૂસુફ (અલૈ.)ને મિસ્રના બાદશાહ બાબતે એ જાણ થઈ ચૂકી હતી કે તે તેમના કામમાં દખલગીરી કરશે નહીં અને કોઈ શરીઅત વિરુદ્ધ કાયદો લાગુ પાડવા માટે તેમને મજબૂર કરશે નહીં બલકે, તેમને સંપૂર્ણ અધિકારો આપશે જેના દ્વારા તે પોતાની વિવેકબુદ્ધિ પ્રમાણે હક અને સત્ય કાયદા-કાનૂન ઉપર અમલ કરી શકશે, આવા સંપૂર્ણ

અધિકારની સાથે કે કોઈ શરીઅત વિરુદ્ધ કાયદા ઉપર મજબૂર ન હોય અને કોઈ કાફિર અથવા જાલિમની નોકરી સ્વીકારે તો જો કે આ કાફિર અને જાલિમની સાથે સહકાર કરવાની સૂગ (કબાહત) છતાં પણ ઉપસ્થિત છે પરંતુ જે પરિસ્થિતિમાં તેને સત્તા સ્થાનેથી હટાવવાની શક્તિ ન હોય અને તેનો હોદ્દો કે પદ સ્વીકાર ન કરવાના સ્વરૂપમાં અલ્લાહની મખ્લૂકના હકો વ્યર્થ અને બરબાદ થઈ જવાના અથવા જુલમ અને અત્યાચાર થવાનો મજબૂત સંદેહ હોય તો મજબૂરી હેઠળ આવા સહકારની છૂટ હઝરત યૂસુફ (અલૈ.)ના અમલથી સાબિત થઈ જાય છે જેમાં પોતે કોઈ શરીઅત વિરુદ્ધ કાર્ય ન કરવું પડતું હોય, કારણ કે વાસ્તવમાં એ તેના ગુનાહમાં મદદગારી ગણાશે નહિ. જો તે એક દૂરના માધ્યમ સ્વરૂપે હોય તો એનાથી પણ તેની મદદ કરવું ગણાય જાય પરંતુ આવા દુર્ગામી કારણો વિશે પ્રસ્તુત પરિસ્થિતિઓમાં શરીઅતમાં ગુંજાઇશ છે, જેની વિગત ફુકહાઓએ વર્ણન કરી છે. સલફે સાલિહીન (પુરોગામી વિદ્વાનો), સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.)માંથી ઘણા લોકો વિશે આવી જ પરિસ્થિતિઓ અને સંજોગોમાં અત્યાચારી અને જાલિમ સત્તાધીશોના હોદ્દાઓ સ્વીકાર કર્યાનું સાબિત છે. *(કુર્તુબી અને મઝહરી)*

અલ્લામહ માવરડી (રહ.)એ શરઈ રાજકાજ વિશે પોતાની કિતાબમાં નકલ કર્યું છે કે અમુક લોકોએ હઝરત યૂસુફ (અલૈ.)ના આ અમલના કારણે કાફિર અને જાલિમ સત્તાધીશોનો હોદ્દો એ શરત સાથે સ્વીકાર કરવાનું જાઇઝ ઠરાવ્યું છે કે, પોતે તેમાં કોઈ શરીઅત વિરુદ્ધ કાર્ય ન કરવું પડતું હોય અને અમુક લોકોએ આ શરત સાથે પણ તેને એટલા માટે જાઇઝ નથી રાખ્યું કે તેમાં પણ જાલિમો અને અત્યાચારીઓ મજબૂત થાય છે અને તેમનું સમર્થન થાય છે, આ લોકો હઝરત યૂસુફ (અલૈ.)કામનો વિવિધ રીતે ખુલાસો વર્ણન કરે છે જેનો ખુલાસો એ છે કે આ અમલ હઝરત યૂસુફ (અલૈ.)ની વ્યક્તિગત જાત અથવા તેમની શરીઅત સાથે ખાસ હતો, હવે તે અન્યો માટે જાઇઝ નથી પરંતુ જમહૂર ઉલમા અને ફુકહાએ પ્રથમ અભિપ્રાયને જ અપનાવીને તેને જાઇઝ ઠરાવ્યું છે.

(કુર્તુબી)

તફસીરે બહરે મુહીતમાં છે કે જ્યાં એવી જાણ થાય કે વિદ્વાનો અને નેક લોકો જો આ હોદ્દાનો સ્વીકાર નહીં કરે તો લોકોના હકો બરબાદ થઈ જશે, ન્યાય નહિ થઈ શકે ત્યાં આ હોદ્દાઓ કે પદો સ્વીકાર કરી લેવા જાઇઝ બલકે સવાબનું

કામ છે એ શરતે કે આવા હોદ્દાઓ કે પદોમાં તેને પોતે કોઈ શરીઅત વિરુદ્ધ કાર્યો કરવાની મજબૂરી ઉપસ્થિત ન થાય.

(૪) મસ્અલો :

હઝરત યૂસુફ (અલૈ.)ના નિવેદન حَفِيظٌ عَلِيمٌ થી એ સાબિત થાય છે કે આવશ્યકતાની તકે પોતાની કોઈ કાર્યકુશળતા અથવા વિશિષ્ટ પ્રકારની કુનેહ કે આવડતનું વર્ણન કરવું એ "તઝ્કિય્યએ નફ્સ" એટલે કે, પોતાની પવિત્રતા બતાવવાની બાબતમાં સામેલ નથી જેની કુર્આને કરીમમાં મનાઈ આવી છે એ શરતે કે આવું વર્ણન કરવું અભિમાન અથવા ગર્વ અને ફખ્ર તથા મોટાઈ બતાવવાના હેતુથી ન હોય.

وَكَذٰلِكَ مَكَّنَّا لِيُوسُفَ فِي الْاَرْضِ يَتَبَوَّاُ مِنْهَا حَيْثُ يَشَآءُ نُصِيبُ بِرَحْمَتِنَا مَنْ نَّشَآءُ وَلَا نُضِيعُ اَجْرَ الْمُحْسِنِينَ એટલે કે, જે પ્રમાણે અમે હઝરત યૂસુફ (અલૈ.)ને મિસ્રના બાદશાહના દરબારમાં ઈજ્જત, માન-પાન અને હોદ્દો એનાયત કર્યો એ જ પ્રમાણે અમે તેમને આખા મિસ્રમાં સંપૂર્ણ સત્તા અર્પણ કરી કે તેની જમીનમાં જે રીતે ચાહે હુકમો લાગુ પાડે અમે જેને ઇચ્છીએ છીએ પોતાની રહમતો અને નેઅ્મતોની નવાઝિશ કરતા રહીએ છીએ અને અમે નેક કાર્ય કરનારના બદલાને ક્યારેય વ્યર્થ જવા દેતા નથી.

તેની વિગત અને ખુલાસો એ છે કે મિસ્રના બાદશાહે એક વર્ષ અનુભવ કર્યા પછી દરબારમાં એક ઉત્સવ મનાવ્યો જેમાં બધા જ અધિકારીઓ, હોદ્દેદારો તથા સત્તાધીશોને ભેગા કર્યા અને હઝરત યૂસુફ (અલૈ.)ના માથા ઉપર તાજ મૂકીને તેમને મજલિસમાં લાવવામાં આવ્યા અને માત્ર ખજાનાની જવાબદારી નહીં બલકે સમગ્ર હુકૂમતનો વહીવટ તેમને સોંપીને પોતે એકાંતવાસી થઈ ગયા.

(કુર્તુબી અને મઝહરી વગેરે)

હઝરત યૂસુફ (અલૈ.)એ રાજકારભારને એવી રીતે સંભાળ્યો કે કોઈને કોઈ શિકાયત બાકી ન રહી, સમગ્ર દેશ તેમનો ચાહક બની ગયો અને પૂરા પ્રદેશમાં શાંતિ, પ્રગતિ અને સમૃદ્ધિ સર્વસામાન્ય થઈ ગઈ. પોતે હઝરત યૂસુફ (અલૈ.)ને પણ સરકારની આ બધી જ જવાબદારીઓમાં કોઈ મુશ્કેલી અથવા રંજ કે તકલીફ ન પડી.

તફસીરના ઈમામ હઝરત મુજાહિદ (રહ.)એ ફરમાવ્યું કે, હઝરત યૂસુફ (અલૈ.) સમક્ષ કારણ કે આ બધી જાહોજલાલી અને હોદ્દાથી માત્ર અલ્લાહ તઆલાના હુકમોનો રિવાજ અને તેના દીનની સ્થાપના કરવાનો હેતુ હતો એટલા માટે તેઓ કોઈપણ સમયે તેનાથી બેદરકાર કે ગાફેલ રહ્યા નહીં, તેમણે મિસ્રના બાદશાહને ઈસ્લામ અને ઈમાનનું આમંત્રણ આપ્યું, એટલે સુધી કે સતત દા'વતના પ્રયત્નનું આ પરિણામ જાહેર થયું કે મિસ્રનો બાદશાહ પણ મુસલમાન થઈ ગયો.

وَلَاَجْرُ الْاٰخِرَةِ خَيْرٌ لِّلَّذِيْنَ اٰمَنُوْا وَكَانُوْا يَتَّقُوْنَ એટલે કે, "આખિરતનો સવાબ અને બદલો આ દુનિયાની નેઅ્મતોથી અનેકઘણો વધીને છે તે લોકો માટે જેઓ મો'મિન થયા અને જેમણે તકવો તથા પરહેઝગારી અપનાવી."

મતલબ એ છે કે દુનિયાની દોલત અને સલ્તનત અને હુકૂમતનું સ્વરૂપ તો અર્પણ થઈ ગયું હતું તેની સાથે આખિરતના ઉચ્ચ કક્ષાના દરજ્જાઓ તેમના માટે તૈયાર છે, તેની સાથે એ પણ બતાવ્યું કે આ દરજ્જાઓ દુનિયા અને આખિરતમાં હઝરત યૂસુફ (અલૈ.)ની આગવી વિશેષતા કે ખાસિયત નથી બલકે, તે સર્વસામાન્ય ઈનામ છે દરેક તે વ્યક્તિના માટે જે ઈમાન અને તકવો તથા પરહેઝગારી અપનાવી લે છે.

હઝરત યૂસુફ (અલૈ.)એ પોતાની હુકૂમતના સમયકાળમાં સામાન્ય જનતાને રાહત પહોંચાડવા માટે તે કામો કર્યા જેનો દાખલો મળવો મુશ્કેલ છે. જ્યારે સ્વપ્નની તા'બીર પ્રમાણે સાત વર્ષો ખુશહાલીમાં પસાર થઈ ગયા અને દુષ્કાળ શરૂ થયો તો હઝરત યૂસુફ (અલૈ.)એ પેટ ભરીને ખાવાનું પણ છોડી દીધું, લોકોએ કહ્યું કે મિસ્ર દેશના બધા જ ખજાના તમારા કબ્જામાં છે અને તમે ભૂખા રહો છો ? તો ફરમાવ્યું કે, હું આ એટલા માટે કરું છું કે જેથી સામાન્ય લોકોની ભૂખનો અહેસાસ અને અનુભૂતિ મારા દિલમાંથી અદષ્ય ન થઈ જાય અને શાહી રસોઈયાઓને પણ હુકમ આપ્યો હતો કે દિવસમાં ફક્ત એક વખતે બપોરનું જમવાનું બનાવે જેથી શાહી મહેલના બધા જ લોકો પણ સામાન્ય જનતાની ભૂખનો અમુક હિસ્સો અનુભવી શકે.

આયતો : (સૂરએ યૂસુફ : આયત નં. ૫૮ થી ૬૨)

وَجَآءَ اِخْوَةُ يُوْسُفَ فَدَخَلُوْا عَلَيْهِ فَعَرَفَهُمْ وَهُمْ لَهٗ مُنْكِرُوْنَ ﴿٥٨﴾ وَلَمَّا جَهَّزَهُمْ
بِجَهَازِهِمْ قَالَ ائْتُوْنِيْ بِاَخٍ لَّكُمْ مِّنْ اَبِيْكُمْ ۚ اَلَا تَرَوْنَ اَنِّيْٓ اُوْفِي الْكَيْلَ
وَاَنَا خَيْرُ الْمُنْزِلِيْنَ ﴿٥٩﴾ فَاِنْ لَّمْ تَاْتُوْنِيْ بِهٖ فَلَا كَيْلَ لَكُمْ عِنْدِيْ وَلَا تَقْرَبُوْنِ ﴿٦٠﴾
قَالُوْا سَنُرَاوِدُ عَنْهُ اَبَاهُ وَاِنَّا لَفٰعِلُوْنَ ﴿٦١﴾ وَقَالَ لِفِتْيٰنِهِ اجْعَلُوْا بِضَاعَتَهُمْ فِيْ
رِحَالِهِمْ لَعَلَّهُمْ يَعْرِفُوْنَهَآ اِذَا انْقَلَبُوْٓا اِلٰٓى اَهْلِهِمْ لَعَلَّهُمْ يَرْجِعُوْنَ ﴿٦٢﴾

તરજુમો :

અને યૂસુફ (અલૈ.)ના ભાઈઓ આવ્યા પછી તેમની પાસે દાખલ થયા તો તેમણે (હઝરત યૂસુફ અલૈ.એ) તેમને ઓળખી લીધા અને તેઓએ તેમને ન ઓળખ્યા. (૫૮) અને જ્યારે તેમને તેમનો સામાન તૈયાર કરી દીધો, કહ્યું, મારી પાસે એક ભાઈ લઈ આવજો જે તમારા પિતા તરફથી છે, તમે જોતા નથી કે હું માપ પૂરેપૂરું આપું છું અને મહેમાનોને સારી રીતે ઉતારો આપું છું! (૫૯) પછી જો તેને મારી પાસે ન લાવ્યા તો તમારા માટે મારી પાસે ભરતી નથી અને મારી પાસે આવશો નહીં. (૬૦) બોલ્યા, અમે તેના પિતાથી ઈચ્છા કરીશું અને અમારે આ કામ કરવાનું છે. (૬૧) અને પોતાના સેવકોને કહી આપ્યું, તેમની પુંજી તેમના સામાનમાં મૂકી દો કદાચ તેને ઓળખે જ્યારે પોતાના ઘરે પાછા જાય, કદાચ તેઓ ફરી આવે. (૬૨)

તફસીર :

(મતલબ કે હઝરત યૂસુફ અલૈ.એ સત્તા પ્રાપ્ત કર્યા પછી અનાજની વાવણી કરાવવાનું અને તેનો સંગ્રહ કરાવવાનું શરૂ કર્યું, એટલે સુધી કે દૂર-સુદૂરથી આ ખબર સાંભળીને મિસ્ર રાજ્ય તરફ અનાજ ખરીદવા માટે લોકોના ટોળે-ટોળાં આવવાના શરૂ થઈ ગયા) અને (કન્આનમાં પણ દુકાળ પડ્યો હતો) યૂસુફ (અલૈ.)ના ભાઈ (પણ બિનયામીન સિવાય અનાજ લેવા મિસ્રમાં) આવ્યા, પછી યૂસુફ (અલૈ.)ની પાસે પહોંચ્યા, અલબત્ત યૂસુફ

(અલૈ.)એ (તો) તેમને ઓળખી લીધા અને તેમણે યૂસુફ (અલૈ.)ને ન ઓળખ્યા (કારણ કે તે ભાઈઓમાં ઘણો ઓછો બદલાવ આવ્યો હતો, વળી હઝરત યૂસુફ અલૈ.ને તેમના આવવાનું પાકું અનુમાન પણ હતું વળી, આવનારા મહેમાનોને પૂછી પણ લેતા હતા કે તમે કોણ છો ? ક્યાંથી આવો છો ? વળી, ઓળખીતા લોકોને થોડી ઘણી નિશાનીઓથી મોટે ભાગે ઓળખી જ લેવાતા હોય છે, જો કે હઝરત યૂસુફ અલૈ. વાલીદે મુહતરમ અને ભાઈથી જુદાઈના સમયે ઘણી નાની ઉંમરના હતા, તેમનામાં વધારે બદલાવ આવી ગયો હતો એટલા માટે તેમના ભાઈઓને આ યૂસુફ અલૈ. જ છે એવી ભાગ્યે જ કલ્પના થઈ શકતી હતી, વળી સત્તાધિકારીથી કોઈ પૂછી પણ નથી શકતું કે તમે કોણ છો ? હઝરત યૂસુફ અલૈ.નો નિયમ હતો કે દરેક વ્યક્તિને તેની જરૂરિયાત મુજબ અનાજ નજીવી કિંમતમાં વેચતા હતા, એટલા માટે તેમને પણ જ્યારે એક વ્યક્તિ દીઠ એક-એક ઊંટ પર લાદી શકાય એટલું અનાજ કિંમત આપીને મળવા લાગ્યું તો તેમણે કહ્યું કે અમારો એક બાપ શરીક અલ્લાતી ભાઈ હજુ બાકી છે તેને અમારા બાપે એ કારણે અમારી સાથે નથી મોકલ્યો કે તેમનો એક પુત્ર ખોવાઈ ગયો હતો, એટલા માટે તેમણે તેને પોતાની તસલ્લી ખાતર પાસે રાખી લીધો છે, તેના ભાગનું પણ એક ઊંટ-ભાર અનાજ આપી દેવામાં આવે. હઝરત યૂસુફ અલૈ.એ ફરમાવ્યું કે એ નિયમ વિરુદ્ધ છે જો તેનો ભાગ જોઈતો હોય તો તે પોતે આવીને લઈ જાય, મતલબ કે ફક્ત તેમના ભાગનું અનાજ તેમને આપી દીધું) અને જ્યારે યૂસુફ (અલૈ.)એ (આ અનાજનો) સામાન તૈયાર કરી દીધો તો (જતી વખતે) ફરમાવ્યું કે (જો આ અનાજ વપરાય જાય અને હજુપણ આવવાનો ઈરાદો કરો તો) પોતાના અલ્લાતી ભાઈને પણ (સાથે) લાવજો (જેથી તેનો ભાગ પણ આપી શકાય) તમે જોતા નથી કે હું સંપૂર્ણ માપતોલ કરી આપું છું અને હું સૌથી વધારે મહેમાન નવાજી કરું છું ! (બસ, જો તમારો તે ભાઈ આવશે તો તેને પણ પૂરો હિસ્સો આપીશું અને તેની ખૂબ મહેમાન નવાજી કરીશ જેવી રીતે કે તમે પોતાની સાથે થયેલો વ્યવહાર જોયો, મતલબ કે આવવામાં તો લાભ જ લાભ છે) અને જો તમે (ફરીવાર આવ્યા અને) તેને મારી પાસે ન લાવ્યા તો (હું સમજીશ કે તમે મને ધોકો આપીને વધારે અનાજ લેવા ઈચ્છતા હતા તો એ સજામાં) ન તો મારી પાસે તમારા નામનું અનાજ હશે અને ન જ તમે મારી પાસે આવજો. (બસ, તેને ન

લાવવામાં તમારું નુકસાન જ થશે, તમારા ભાગનું અનાજ પણ નહીં મળે) તેઓ બોલ્યા, (જૂઓ !) અમે (બધા જ પ્રયત્નો કરીને) તેના બાપથી તેને માંગીશું અને અમે આ કામને (એટલે કે દરખાસ્ત અને પ્રયત્નને) અવશ્ય કરીશું (આગળ પિતાના અધિકારમાં છે) અને (જ્યારે ત્યાંથી બિલકુલ ચાલવા લાગ્યા તો) યૂસુફ (અલૈ.)એ પોતાના નોકરોને કહી આપ્યું કે તેમની જમા પુંજી (જેના બદલામાં તેમણે અનાજ ખરીદ્યું છે તે)ને (તેમના જ) માલ-સામાનમાં (છુપાવીને) મૂકી આપો જેથી જ્યારે પોતાના ઘરે જાય તો તેમને (જ્યારે તે સામાન પાછો) મળે તો કદાચ (આ અહેસાન અને ભલાઈ જોઈને) ફરી બીજીવાર આવે (કારણ કે હઝરત યૂસુફ અલૈ.ને તેમનું બીજીવાર આવવું અને પોતાના ભાઈને સાથે લાવવું મંજૂર હતું એટલા માટે કોઈપણ રીતે તેની યુક્તિ કરી, પ્રથમ વાયદો કર્યો કે જો તેને સાથે લાવશો તો તેને પણ ભાગ મળશે અને બીજી ધમકી સંભળાવી કે જો નહીં લાવો તો પોતાનો ભાગ પણ નહીં મળે અને ત્રીજું જે પૈસા રોકડ સિવાય બીજી કંઈ વસ્તુ હતી તે પણ તેમને પરત આપી દીધી બે વિચારથી, એક એ કે તે અહેસાન અને ભલાઈ સમજીને ફરીવાર આવશે અને બીજું એટલા માટે કે કદાચ જો તેમની પાસે હવે વધારે પૈસા ન હોય અને એટલા માટે ફરીવાર ન આવી શકે અને જો આ પૈસા હશે તો ફરીવાર પાછા આવી શકે છે).

મસ્અલા અને બોધપાઠ :

પાછળની આયતોમાં હઝરત યૂસુફ (અલૈ.)ને મિસ્રની સંપૂર્ણ સત્તા અલ્લાહ તઆલાની કૃપાથી પ્રાપ્ત થઈ જવાનું વર્ણન હતું. પ્રસ્તુત આયતોમાં હઝરત યૂસુફ (અલૈ.)ના ભાઈઓ અનાજ લેવા માટે મિસ્ર આવ્યા તેનું વર્ણન છે અને એ પણ ગૌણ સ્વરૂપે આવી ગયું કે દશ ભાઈઓ મિસ્ર આવ્યા હતા, હઝરત યૂસુફ (અલૈ.)ના સગા નાના ભાઈ બિનયામીન સાથે ન હતા.

વચ્ચેના કિસ્સાની વિગત કુર્આને કરીમે એટલા માટે નથી આપી કે ઘટનાક્રમથી તે આપોઆપ સમજમાં આવી જાય છે.

ઈબ્ને કષીર (રહ.)એ તફસીરના ઈમામોમાંથી સુદ્દી અને મુહમ્મદ ઈબ્ને ઈસ્હાક વગેરેના હવાલાથી જે વિગત વર્ણન કરી છે તે જો ઐતિહાસિક અથવા તો ઈસરાઈલી રિવાયતોમાંથી લેવામાં આવી હોય તો પણ એટલા માટે સ્વીકાર્ય છે કે કુર્આનની નુસૂસમાં તેનો ઈશારો મોજૂદ છે.

તે લોકોએ ફરમાવ્યું કે હઝરત યૂસુફ (અલૈ.)એ મિસ્ર પ્રદેશનું પ્રધાનપદ પ્રાપ્ત કર્યા પછી સાત વર્ષ સ્વપ્નની તા'બીર પ્રમાણે પૂરા પ્રદેશ માટે ખૂબ રાહત અને સારા ઉત્પાદનના વર્ષો હતા અને તેમાં સારો પાક થયો અને વધારેથી વધારે અનાજનું ઉત્પાદન કરવાનો અને સંગ્રહ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો ત્યારબાદ એ જ સ્વપ્નનો બીજો ભાગ સામે આવ્યો કે સખત દુષ્કાળ પડ્યો, તે સાત વર્ષો સુધી સતત ચાલુ રહ્યો, તે સમયે હઝરત યૂસુફ (અલૈ.) કારણ કે પ્રથમથી જ જાણતા હતા કે આ દુકાળ સાત વર્ષો સુધી સતત એકધારો ચાલશે એટલા માટે દુકાળના શરૂઆતના વર્ષોમાં દેશમાં ઉપસ્થિત સંગ્રહને ખૂબ કાળજીથી ભેગો કરાવી લીધો અને સંપૂર્ણ સુરક્ષા સાથે મૂકી દીધો.

મિસ્રના નિવાસીઓની પાસે તેમની જરૂરિયાત મુજબનું અનાજ પ્રથમથી જમા કરાવી દેવામાં આવ્યું હતું, હવે જ્યારે દુકાળ ખૂબ વ્યાપક પ્રમાણમાં પડ્યો તો આજુબાજુથી લોકો સમેટાઈને મિસ્ર આવવા લાગ્યા ત્યારે હઝરત યૂસુફ (અલૈ.)એ એક ખાસ નિયમ પ્રમાણે અનાજ વેચવાનું શરૂ કર્યું કે એક ઊંટ જેટલું અનાજ ઉઠાવી શકે છે એક વ્યક્તિને તેટલું અનાજ મળશે, તેનાથી વધારે મળશે નહિ. જેનું માપ કુર્તુબીએ એક وَسَــــقٌ (વસક) એટલે કે ૬૦ સાઅ્ લખ્યું છે જે આપણા વજન પ્રમાણે ૨૧૦ શેર એટલે કે પાંચ મણથી કંઈક વધારે થાય છે.

અને આ કામની એટલી કાળજી કરવામાં આવતી કે અનાજનું વેચાણ તેઓ પોતાની દેખરેખ હેઠળ જ કરાવતા હતા, જ્યારે આ દુકાળ માત્ર મિસ્રમાં ન રહ્યો બલકે વ્યાપક પ્રમાણમાં દૂર-સુદૂરના પ્રદેશોમાં ફેલાઈ ગયો ત્યારે કનૂઆનની ભૂમિ કે જે ફલસ્તીનનો એક હિસ્સો છે અને હઝરત યાકૂબ (અલૈ.)નું વતન છે અને આજની તારીખે પણ આ શહેર ખલીલના નામથી એક રોનકવાળા શહેર સ્વરૂપે મોજૂદ છે, અહીંયાં જ હઝરત ઈબ્રાહીમ, હઝરત ઈસ્હાક, હઝરત યાકૂબ અને હઝરત યુસૂફ (અલૈ.)ની મઝારો આવેલી છે, આ ભૂ ભાગ પણ આ દુકાળના મારથી ન બચી શક્યો અને હઝરત યાકૂબ (અલૈ.)ના કુટુંબમાં તેનાથી બેચેની પેદા થઈ, સાથે-સાથે મિસ્ર વિશે એ બાબત પ્રખ્યાત થઈ ચૂકી હતી કે ત્યાં કિંમત આપીને અનાજ મળી જાય છે, હઝરત યાકૂબ (અલૈ.) સુધી પણ આ ખબર પહોંચી કે કોઈ ઘણો જ નેક અને રહમદિલ માણસ છે તે બધા અલ્લાહના બંદાઓને અનાજ આપે છે, તેમણે પોતાના પુત્રોને કહ્યું કે તમે પણ જાઓ અને

મિસ્રથી અનાજ લઈ આવો.

કારણ કે આ ખબર પડી ચૂકી હતી કે એક વ્યક્તિને એક ઊંટના વજન જેટલા અનાજથી વધારે આપવામાં આવતું નથી, એટલા માટે બધાજ પુત્રોને મોકલવાની યોજના બનાવી પરંતુ સૌથી નાના ભાઈ બિનયામીનને કે જેઓ હઝરત યૂસુફ (અલૈ.)ના સગા ભાઈ હતા અને હઝરત યૂસુફ (અલૈ.)ના ગુમ થયા પછી હઝરત યાકૂબ (અલૈ.)ની મહોબ્બત અને લાગણી તેમની સાથે વધારે બંધાઈ ગઈ હતી તેમને પોતાની પાસે પોતાની સાંત્વના માટે અને ખબરગીરી કરવા માટે રોકી લીધા.

દશ ભાઈ કન્આનથી મુસાફરી કરીને મિસ્ર પહોંચ્યા, હઝરત યૂસુફ (અલૈ.) શાહી કપડાં પહેરી રાજાના તખ્ત ઉપર તાજના માલિકની હેસિયતરૂપે સામે આવ્યા અને ભાઈઓએ તેમને બાળપણમાં સાત વર્ષની ઉંમરમાં કાફલાવાળાઓના હાથે વેચી દીધા હતા તે વખતે તેમને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)ની રિવાયત પ્રમાણે ચાલીસ વર્ષો થઈ ચૂક્યા હતા.

(કુર્તુબી, મઝહરી)

દેખીતું છે કે આટલી મુદતમાં વ્યક્તિનો હુલિયો, ચહેરો-મ્હોરો પણ અમુક હદે બદલાઈ જાય છે અને કદાચ આ બાબતે તેમને ભ્રમ કે કલ્પના પણ થઈ શકતી ન હતી કે જે બાળકને ગુલામ બનાવીને વેચી દેવામાં આવ્યો હતો તે કોઈ દેશનો પ્રધાન અથવા રાજા બની શકે છે, એટલા માટે ભાઈઓએ હઝરત યૂસુફ (અલૈ.)ને ન ઓળખ્યા પરંતુ હઝરત યૂસુફ (અલૈ.)એ તેમને ઓળખી લીધો. પ્રસ્તુત આયતમાં فَعَرَفَهُمْ وَهُمْ لَهُ مُنكِرُونَ નો આ જ ભાવાર્થ છે, અરબી ભાષામાં ઈન્કારનો મૂળ અર્થ અજનબી સમજવું જ થાય છે એટલા માટે مُنكِرُونَ (મુન્કીરુન)નો અર્થ નાવાકેફ અને અજાણ થયો.

હઝરત યૂસુફ (અલૈ.)ને ઓળખવા વિશે ઈબ્ને કષીરે સુદ્દીના હવાલાથી એ પણ વર્ણન કર્યું છે કે જ્યારે આ દશ ભાઈઓ દરબારમાં પહોંચ્યા તો હઝરત યૂસુફ (અલૈ.)એ વધારે સંતોષ ખાતર તેમને એવા સવાલ કર્યા જેવી રીતે કે શંકાસ્પદ લોકો વિશે કરવામાં આવે છે, જેથી તેઓ સંપૂર્ણ હકીકત ચોખ્ખે-ચોખ્ખી ખોલી-ખોલીને વર્ણન કરી આપે. પ્રથમ તેમને એ પૂછવામાં

આવ્યું કે તમે લોકો મિસ્રના રહેનારા છો કે નહીં ? તમારી ભાષા તો ઈબ્રાની (હિબ્રુ) છે તમે અહીંયાં કઈ રીતે પહોંચી ગયા ? તેમણે વિનંતી કરી કે અમારા દેશમાં ભીંસણ દુષ્કાળ પડયો છે અને અમે તમારા વખાણ સાંભળ્યા એટલા માટે અનાજ મેળવવા માટે આવ્યા છે. હઝરત યૂસુફ (અલૈ.)એ ફરીવાર પૂછ્યું કે અમને એ કેવી રીતે સંતોષ થાય કે તમે સાચું કહી રહ્યા છો ? અને તમે કોઈ દુશ્મનના જાસૂસ વગેરે નથી ? તે ભાઈઓએ વિનંતી કરી કે અલ્લાહની પનાહ ! અમે એવા કદાપિ નથી હોઈ શકતા, અમે તો અલ્લાહના રસૂલ હઝરત યાકૂબ (અલૈ.)ના પુત્રો છે જેઓ કનૂઆનમાં રહે છે.

હઝરત યૂસુફ (અલૈ.)ના આ સવાલોનો પૂરો મકસદ એ જ હતો કે તેઓ જરા ખોલી–ખોલીને સ્પષ્ટ રીતે સંપૂર્ણ વિગત વર્ણન કરે, ત્યારબાદ હઝરત યૂસુફ (અલૈ.)એ પૂછ્યું કે તમારા પિતાને તમારા સિવાય કોઈ અન્ય અવલાદ પણ છે ? તો તેમણે બતાવ્યું કે અમે બાર ભાઈ હતા, તેમાંથી એક નાનો ભાઈ જંગલમાં ગુમ થઈ ગયો અને અમારા પિતાને તેની સાથે સૌથી વધુ મહોબ્બત હતી, ત્યારબાદ તે તેના નાના સગા ભાઈની સાથે વધારે મહોબ્બત કરવા લાગ્યા અને એટલા જ માટે આ સમયે પણ તેને મુસાફરીમાં અમારી સાથે નથી મોકલ્યો જેથી તે તેમની તસલ્લીનું કારણ બને.

હઝરત યૂસુફ (અલૈ.)એ આ વાતો સાંભળીને હુકમ આપ્યો કે તેમને શાહી મહેમાન સ્વરૂપે ઉતારો આપવામાં આવે અને નિયમ પ્રમાણે અનાજ પણ આપવામાં આવે.

અનાજની વહેંચણીમાં હઝરત યૂસુફ (અલૈ.)એ એ કાયદો બનાવ્યો હતો કે એક વખતે કોઈ એક વ્યક્તિને એક ઊંટ જેટલું વજન ઉઠાવી શકે તેનાથી વધારે આપતા ન હતા પરંતુ જ્યારે હિસાબ પ્રમાણે તે પૂર્ણ થઈ જાય તો ફરી બીજીવાર આપી દેતા હતા.

ભાઈઓની સંપૂર્ણ વિગતો જાણી લીધા બાદ તેમના દિલમાં એ વિચાર આવવો સ્વાભાવિક હતો કે તેઓ ફરીવાર પણ આવશે, એટલા માટે એક વ્યવસ્થા જાહેર રીતે એ કરી કે પોતે તે ભાઈઓને કહ્યું, ائْتُونِي بِأَخٍ لَّكُم مِّنْ أَبِيكُمْ أَلَا تَرَوْنَ أَنِّي أُوفِي الْكَيْلَ وَأَنَا خَيْرُ الْمُنزِلِينَ એટલે કે, જ્યારે તમે ફરીવાર આવો તો તમારા

બાપ શરીક સાવકા ભાઈને પણ સાથે લેતા આવજો, તમે જોઈ રહ્યા છો કે હું કેવી રીતે પૂરે-પૂરું અનાજ આપું છું અને કેવી રીતે મહેમાન નવાજી કરું છું !

અને પછી એક ધમકી પણ આપી, فَاِنۡ لَّمۡ تَاۡتُوۡنِىۡ بِهٖ فَلَا كَيۡلَ لَكُمۡ عِنۡدِىۡ وَلَا تَقۡرَبُوۡنِ એટલે કે, જો તમે પોતાની સાથે તે પોતાના ભાઈને સાથે ન લાવ્યા તો પછી હું તમારામાંથી કોઈને પણ અનાજ નહીં આપું. (કારણ કે હું સમજીશ કે તમે મારાથી જૂઠું બોલ્યા હતા) એ જ પ્રમાણે તમે મારી પાસે ન આવજો.

બીજી વ્યવસ્થા ગુપ્ત રીતે એ કરી કે જે રોકડ અથવા ઘરેણા વગેરે ભાઈઓએ અનાજની કિંમત તરીકે આપ્યા હતા તેના વિશે પોતાના સેવકોને હુકમ આપી દીધો કે તેને સંતાડીને તેમના જ સામાનમાં એ રીતે બાંધી આપો કે અત્યારે તેમને તેની ખબર ન થાય, જેથી તે લોકો જ્યારે ઘરે પહોંચીને સામાન ખોલે તો પોતાની રોકડ અને ઘરેણાને જૂએ કે તેમને પાછા મળ્યા છે તો શક્ય છે કે તેઓ ફરીવાર અનાજ લેવા માટે આવી શકે છે.

ઈબ્ને કષીરે હઝરત યૂસુફ (અલૈ.)ના આ કાર્યમાં ઘણી બધી સંભાવનાઓ વર્ણન કરી છે, એક એ કે હઝરત યૂસુફ (અલૈ.)ને આ વિચાર આવ્યો કે કદાચ તેમની પાસે આ રોકડ અને ઘરેણા સિવાય અન્ય કંઈ હશે જ નહીં તો બીજીવાર અનાજ લેવા માટે નહીં આવી શકે, બીજી એ પણ શક્યતા છે કે પોતાના પિતા અને ભાઈઓ પાસેથી અનાજની કિંમત લેવું પસંદ ન કર્યું એટલા માટે તેમણે શાહી ખજાનામાં આ કિંમત પોતાના તરફથી જમા કરાવી દીધી અને તેમની રકમ તેમને પાછી આપી દીધી અને એક સંભાવના એ પણ છે કે તેઓ જાણતા હતા કે જ્યારે આ સામાન તેમની પાસે પાછો જશે અને પિતાને તેની જાણ થશે તો તેઓ અલ્લાહના રસૂલ છે, તેઓ આ પાછા આપેલ સામાનને મિસ્રના હુકૂમતના ખજાનાની અમાનત સમજીને તેને અવશ્ય પાછો મોકલાવશે એટલા માટે ભાઈઓનું બીજીવાર આવવું વધારે ચોક્કસ થઈ જશે.

અલબત્ત, હઝરત યૂસુફ (અલૈ.)એ આ બધી વ્યવસ્થા એટલા માટે કરી કે હવે પછી પણ ભાઈઓના આવવાનો ક્રમ ચાલુ રહે અને તેઓ પોતાના સગા નાના ભાઈ બિનયામીનને સાથે લાવે તો તેની મુલાકાત પણ થઈ જાય.

મસ્અલા અને ફાયદા :

હઝરત યૂસુફ (અલૈ.)ના આ કિસ્સાથી એ બાબત જાઈઝ હોવાની જાણ થઈ કે જ્યારે કોઈ પ્રદેશની પરિસ્થિતિ એટલી ખરાબ થઈ જાય કે સરકાર વ્યવસ્થા અને વહીવટ સ્થાપિત ન કરે તો ઘણા બધા લોકો પોતાની જીવન-જરૂરી ચીજ-વસ્તુઓથી વંચિત થઈ જાય, એવા સંજોગોમાં સરકાર આવી ચીજ-વસ્તુઓને પોતાના તા'બા હેઠળ અને કંટ્રોલમાં લઈ શકે છે તથા અનાજ વગેરેની યોગ્ય કિંમત નક્કી કરી શકે છે. ઉમ્મતના ફુકહાએ તેની વિગતવાર છણાવટ કરી છે.

હઝરત યૂસુફ (અલૈ.)ની પોતાની હાલતની પિતાને જાણકારી ન આપવી એ અલ્લાહના હુકમના કારણે હતું :

હઝરત યૂસુફ (અલૈ.)ની આ ઘટનામાં એક બીજી બાબત અત્યંત આશ્ચર્યજનક એ છે કે એક બાજુ તો તેમના વાલિદ પયગમ્બર હઝરત યાકૂબ (અલૈ.)ને તેમના ગુમાવવાનો એટલો બધો આઘાત લાગ્યો હતો કે રડતાં-રડતાં તેઓ આંધળા થઈ ગયા હતા અને બીજી બાજુ હઝરત યૂસુફ (અલૈ.) જે પોતે પણ નબી અને રસૂલ છે બાપની સાથે સ્વાભાવિક અને માનવ-લાગણીની રૂએ મહોબ્બત હોવા ઉપરાંત તેમના હકોથી પણ સંપૂર્ણ રીતે જાણકાર છે પરંતુ ચાલીસ વર્ષોના લાંબા સમય સુધી એક વખતે પણ ક્યારેય એ વિચાર ન આવ્યો કે મારા પિતા મારી જુદાઈથી બેચેન છે, પોતાની સારા-ભલાની ખબર કોઈ માધ્યમ દ્વારા તેમના સુધી પહોંચાડી આપે, ખબર પહોંચાડી આપવી તો તેમના માટે કોઈ અઘરી બાબત ન હતી જ્યારે કે તેઓ ગુલામીના સ્વરૂપમાં મિસ્ર પહોંચી ગયા હતા ત્યારબાદ અઝીઝે મિસ્રના ઘરમાં તેમને દરેક પ્રકારની સ્વતંત્રતા અને રાહત તથા સહૂલત પણ હતી, તે સમયે કોઈના દ્વારા ઘર સુધી પત્ર અથવા ખબર પહોંચાડી દેવું કોઈ મુશ્કેલ કાર્ય ન હતું એ જ પ્રમાણે જેલની જિંદગીમાં પણ દુનિયા જાણે છે કે બધી ખબરો આમથી તેમ પહોંચાડી જ શકાય છે, ખાસ કરીને જ્યારે અલ્લાહ તઆલાએ જેલમાંથી ઇજ્જત અને માન-સન્માન સાથે મુક્તિ આપી અને મિસ્ર દેશની સત્તા તેમના હાથમાં આવી એવા સમયે તો સામે ચાલીને પોતે પિતાની સેવામાં હાજર થવું તે સૌથી પહેલું કામ હોવું જોઈતું

હતું અને એ કંઈ મસ્લિહતના ખિલાફ કારણ હોત તો ઓછામાં ઓછું એક સંદેશાવાહકને પણ મોકલીને વાલિદને સંતોષ અપાવવો એ તેમના માટે મા'મૂલી વાત હતી.

પરંતુ અલ્લાહના પયગમ્બર હઝરત યૂસુફ (અલૈ.)થી ક્યાંય એવું નકલ નથી થયું કે તેમણે એવો ઈરાદો પણ કર્યો હોય, બલકે જ્યારે તેમના ભાઈઓ અનાજ લેવા માટે આવ્યા તો તેમને પણ વાસ્તવિક ઘટનાની જાહેરાત કર્યા વિના જ રવાના કરી દીધા.

આ બધી પરિસ્થિતિઓ કોઈ સામાન્ય વ્યક્તિ માટે પણ કલ્પનાની બહાર છે, અલ્લાહના ચૂંટી કાઢેલા રસૂલ કઈ રીતે આવી પરિસ્થિતિ સહન કરી ગયા ?!

આ આશ્ચર્યજનક મૌનનો હંમેશા આ જ જવાબ દિલમાં આવ્યા કરતો હતો કે કદાચ અલ્લાહ તઆલાએ પોતાની ઉચ્ચ કક્ષાની હિકમત હેઠળ હઝરત યૂસુફ (અલૈ.)ને તે જાહેરાત કરવાથી રોકી રાખ્યા હશે, તફસીરે કુર્તુબીમાં તેનો ખુલાસો મળી ગયો કે અલ્લાહ તઆલાએ વહી દ્વારા હઝરત યૂસુફ (અલૈ.)ને અટકાવી દીધા હતા કે તેઓ પોતાના ઘરે પોતાના વિશેની કોઈ ખબર ન મોકલે.

અલ્લાહ તઆલાની હિકમતોને તે જ જાણે છે મનુષ્ય તેનો તાગ મેળવી શકતો નથી, ક્યારેક કોઈ વસ્તુ કોઈની સમજમાં આવી પણ જાય છે. અત્રે જાહેર સ્વરૂપે અસલ હિકમત તે કસોટીની પૂર્ણતા કરવાની લાગે છે જે હઝરત યાકૂબ (અલૈ.)ની લેવામાં આવી રહી હતી અને એ જ કારણ હતું કે આ ઘટનાની શરૂઆતમાં જ જ્યારે હઝરત યાકૂબ (અલૈ.)ને અંદાજો થઈ ગયો હતો કે હઝરત યૂસુફ (અલૈ.)ને વરૂએ ફાડી નથી ખાધા બલકે, તેમના ભાઈઓએ જ કોઈ શરારત કરી છે ત્યારે તેનો સ્વાભાવિક તકાદો એ જ હતો કે તે જ સમયે સ્થળ ઉપર પહોંચીને તેની તપાસ કરી હોત પરંતુ અલ્લાહ તઆલાએ તેમનું ધ્યાન તે તરફ જવા જ ન દીધું અને ત્યારબાદ એક લાંબા સમય સુધી ભાઈઓને એવું જ કહ્યું કે "જાઓ ! યૂસુફ અને તેના ભાઈને શોધી લાવો." જ્યારે અલ્લાહ તઆલા કોઈ કામ કરવા ઈચ્છે છે તો તેના બધા જ કારણો અને સબબો આ પ્રકારે એકઠા કરી આપે છે.

આયતો : (સૂરએ યૂસુફ : આયત નં. ૬૩ થી ૬૬)

فَلَمَّا رَجَعُوْٓا اِلٰٓى اَبِيْهِمْ قَالُوْا يٰٓاَبَانَا مُنِعَ مِنَّا الْكَيْلُ فَاَرْسِلْ مَعَنَآ اَخَانَا نَكْتَلْ وَاِنَّا
لَهٗ لَحٰفِظُوْنَ ﴿٦٣﴾ قَالَ هَلْ اٰمَنُكُمْ عَلَيْهِ اِلَّا كَمَآ اَمِنْتُكُمْ عَلٰٓى اَخِيْهِ مِنْ قَبْلُ ؕ
فَاللّٰهُ خَيْرٌ حٰفِظًا ۪ وَّهُوَ اَرْحَمُ الرّٰحِمِيْنَ ﴿٦٤﴾ وَلَمَّا فَتَحُوْا مَتَاعَهُمْ وَجَدُوْا بِضَاعَتَهُمْ رُدَّتْ
اِلَيْهِمْ ؕ قَالُوْا يٰٓاَبَانَا مَا نَبْغِيْ ؕ هٰذِهٖ بِضَاعَتُنَا رُدَّتْ اِلَيْنَا ۚ وَنَمِيْرُ اَهْلَنَا وَنَحْفَظُ اَخَانَا
وَنَزْدَادُ كَيْلَ بَعِيْرٍ ؕ ذٰلِكَ كَيْلٌ يَّسِيْرٌ ﴿٦٥﴾ قَالَ لَنْ اُرْسِلَهٗ مَعَكُمْ حَتّٰى تُؤْتُوْنِ مَوْثِقًا
مِّنَ اللّٰهِ لَتَاْتُنَّنِيْ بِهٖٓ اِلَّآ اَنْ يُّحَاطَ بِكُمْ ۚ فَلَمَّآ اٰتَوْهُ مَوْثِقَهُمْ قَالَ اللّٰهُ عَلٰى مَا نَقُوْلُ وَكِيْلٌ ﴿٦٦﴾

તરજુમો :

પછી જ્યારે પોતાના બાપની પાસે પહોંચ્યા, કહ્યું, હે પિતાજી ! અમારી ભરતી રોકી દેવામાં આવી, બસ અમારી સાથે અમારા ભાઈને મોકલો કે ભરતી લઈ આવીએ અને અમે તેના રખેવાળ છીએ. (૬૩) કહ્યું, હું તમારો એના વિશે શું ભરોસો કરું પરંતુ એવો જ જેવો ભરોસો આનાથી પહેલાં તેના ભાઈ વિશે કર્યો હતો ! બસ, અલ્લાહ જ સારો રક્ષક છે અને તે જ બધા મહેરબાનોથી મહેરબાન છે. (૬૪) અને જ્યારે પોતાની બાંધેલી વસ્તુ ખોલી તો પોતાની પુંજી જોઈ કે તેમને પાછી આપી દેવામાં આવી હતી, બોલ્યા, હે પિતાજી ! અમારે બીજું શું જોઈએ ! આ અમારી પુંજી અમને પાછી આપવામાં આવી છે, હવે જઈએ તો અમે પોતાના ઘર માટે પુરવઠો લાવીએ અને પોતાના ભાઈનું રક્ષણ કરીશું અને એક ઊંટની ભરતી વધારે લઈએ, તે ભરતી સહેલી છે. (૬૫) કહ્યું, કદાપિ તેને તમારી સાથે મોકલીશ નહીં એટલે સુધી કે મને અલ્લાહનું વચન આપો અલબત્ત તેને મારી પાસે પહોંચાડી આપશો પરંતુ એ કે બધા ઘેરી લેવામાં આવો, પછી જ્યારે તેમને સૌએ વચન આપ્યું, બોલ્યા, અલ્લાહ આપણી વાતો ઉપર દેખરેખ રાખનાર છે. (૬૬)

તફસીર :

બસ, જ્યારે પાછા ફરીને પોતાના પિતા (હઝરત યાકૂબ અલૈ.) પાસે પહોંચ્યા, કહેવા લાગ્યા, હે અમારા બાપ ! (અમારી ઘણી મહેમાન નવાઝી અને ખાતરદારી કરવામાં આવી તથા અનાજ પણ મળ્યું પરંતુ બિનયામીનના ભાગનું અનાજ ન મળ્યું બલકે બિનયામીન સાથે નહીં આવે તો હવે પછી) અમારા માટે અનાજનો (સદંતર) પ્રતિબંધ કરી દેવામાં આવશે બસ (આવી પરિસ્થિતિમાં જરૂરી છે કે) તમે અમારા ભાઈ (બિનયામીન)ને અમારી સાથે મોકલી આપો જેથી (ફરીવાર અનાજ લાવવા માટે જે બાબત અવરોધરૂપે છે તે દૂર થઈ જાય અને) અમે (ફરીવાર) અનાજ લાવી શકીએ અને (જો તેને મોકલવામાં તમને કોઈ સંદેહ જ અવરોધ છે તો તેના વિશે અમારી વિનંતી છે કે) અમે તેની સંપૂર્ણ હિફાઝત કરીશું, તેમણે (હઝરત યાકૂબ અલૈ.એ) ફરમાવ્યું કે બસ (રહેવા દો !) હું તેના વિશે પણ તમારો તેવો જ ભરોસો કરું છું જેમકે તેનાથી અગાઉ તેના ભાઈ (હઝરત યૂસુફ અલૈ.) વિશે હું તમારો ભરોસો કરી ચૂક્યો છું, (એટલે કે દિલ તો મારું ગવાહી નથી આપતું પરંતુ તમે કહો છો કે તેના વિના હવે પછી અનાજ મળશે નહીં અને સ્વાભાવિક રીતે જિંદગીનો આધાર અનાજ ઉપર છે અને જીવ બચાવવો ફરજ છે) બસ, (જો લઈ જ જતા હોય તો) અલ્લાહ(ને સોંપું છું કે તે જ) સૌથી મોટો દેખરેખ રાખનાર છે (મારા દેખરેખ રાખવાથી શું થવાનું છે) અને તે બધા મહેરબાનોથી વધારે મહેરબાન છે (મારી મહોબ્બત અને લાગણીથી શું થવાનું હતું ?) અને (આ વાતચીત પછી) જ્યારે તેમણે પોતાનો સામાન ખોલ્યો તો (તેમાં) તેમની જમા પુંજી (પણ) મળી કે તેમને જ પરત કરવામાં આવી, કહેવા લાગ્યા કે હે વાલિદ સાહબ ! (લો) આ અમારે શું જોઈએ ? આ અમારી જમા પુંજી પણ અમને પાછી આપવામાં આવી છે (આટલો દયાળુ બાદશાહ છે અને તેનાથી વધારે કયા ઈનામની રાહ જોઈએ ? આ ઈનામ પૂરતું છે અને તેનો તકાદો પણ એ જ છે કે આવા દયાળુ બાદશાહની પાસે ફરી એકવાર જઈએ અને તે બિનયામીનને સાથે લઈ જવા ઉપર મોકૂફ છે, એટલા માટે પરવાનગી આપી દો કે અમે તેને સાથે લઈ જઈએ) અને પોતાના ઘરવાળાઓ માટે (બીજો વધારે) પૂરવઠો લાવીશું અને પોતાના ભાઈની ખૂબ હિફાઝત કરીશું અને એક ઊંટની ભરતી અનાજ બીજું વધારે લાવીશું. (કારણ કે જેટલા પ્રમાણમાં અત્યારે લાવ્યા

છે) આ તો થોડું જ અનાજ છે (અને જલદી જ પૂરું થઈ જશે, પછી વધારે જરૂરત પડશે અને આ અનાજ મળવું બિનયામીનને લઈ જવા ઉપર મોકૂફ છે) તેમણે (હઝરત યાકૂબ અલૈ.એ) ફરમાવ્યું કે, (આવી પરિસ્થિતિમાં હું તેને મોકલવાથી ઈન્કાર નથી કરતો પરંતુ) જ્યાં સુધી તમે લોકો હિફાઝતની કસમ ન ખાઓ (તે સમયે મજબૂરી હતી એટલા માટે બધાએ તેની કસમ ખાધી) બસ, જ્યારે તેઓ કસમ ખાઈને પોતાના બાપને વચન આપી ચૂક્યા તો તેમણે ફરમાવ્યું કે આપણે બધા જે વાતચીત કરી રહ્યા છે તે બધું અલ્લાહના હવાલે છે (એટલે કે તે જ આપણા વચન અને કોલ–કરારનો ગવાહ છે, તે બધું જ સાંભળી રહ્યો છે અને તે જ આ વચનને પૂર્ણ કરી શકે છે, અલબત્ત આવું કહેવાના બે હેતુઓ હતા, પ્રથમ એ કે તેમને પોતાનું વચન યાદ રાખવાની તાકીદ અને ચેતવણી કે અલ્લાહને હરપળે હાજર સમજજો અને બીજો હેતુ એ કે આ તદ્બીર અપનાવ્યા પછી બધું અલ્લાહના તકદીરના ભરોસે છોડવું કે જે તવક્કુલની રૂહ છે અને ત્યારબાદ બિનયામીનને સાથે લઈ જવાની પરવાનગી આપી દીધી, મતલબ કે તેઓ બધા ફરી એકવાર મિસ્ર જવા માટે બિનયામીનને લઈને તૈયાર થઈ ગયા).

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતોમાં ઘટનાનો બાકીનો ભાગ આ પ્રમાણે પ્રસ્તુત છે કે, જ્યારે હઝરત યૂસુફ (અલૈ.)ના ભાઈઓ મિસ્રથી અનાજ લઈને ઘરે પાછા આવ્યા તો મિસ્રની ઘટનાનું વર્ણન પોતાના પિતાથી કરીને એ પણ બતાવ્યું કે મિસ્રના સત્તાધીશે હવે પછી અમને અનાજ આપવા માટે એ શરત કરી આપી છે કે પોતાના નાના ભાઈને સાથે લાવશો તો જ અનાજ મળશે નહિતર નહીં મળે એટલા માટે તમે હવે પછી બિનયામીનને પણ અમારી સાથે મોકલી આપો જેથી અમને હવે પછી અનાજ મળી શકે અને અમે આ ભાઈની સંપૂર્ણ સુરક્ષા કરનારા છે તેને કોઈપણ પ્રકારની તકલીફ પડવા નહીં દઈએ.

તેમના પિતાએ ફરમાવ્યું કે શું એ વિશે હું તમારા ઉપર એવો જ ભરોસો કરું જેવો કે આ અગાઉ તેના ભાઈ યૂસુફ વિશે કર્યો હતો, જેનો હેતુ જાહેર હતો કે હવે મને તમારી વાતનો શું ભરોસો હોઈ શકે છે ? એક વખતે તમારા ઉપર ભરોસો કરીને મુસીબત ઉઠાવી ચૂક્યો છું, તમે તે વખતે પણ હિફાઝતના આ જ શબ્દો બોલ્યા હતા.

આ તો તેમની વાતનો જવાબ હતો પરંતુ પછી કુટુંબની જરૂરિયાતને નજર સમક્ષ રાખી પયગમ્બર તરીકેના અલ્લાહના ભરોસા પ્રમાણે વાસ્તવિક પરિસ્થિતિને સામે રાખી એવું નક્કી કર્યું કે લાભ અથવા નુકસાન પહોંચાડવું બંદાના હાથમાં નથી જ્યાં સુધી કે અલ્લાહ તઆલાની ઈચ્છા અને ઈરાદો ન હોય અને જ્યાં સુધી તેનો ઈરાદો ન હોય તેને કોઈ ટાળી શકતું નથી, એટલા માટે મખ્લૂક ઉપર ભરોસો કરવો પણ ખોટું છે અને તેની શિકાયત ઉપર કોઈ મા'મલાનો આધાર રાખવો પણ અયોગ્ય છે.

એટલા માટે ફરમાવ્યું, فَاللّٰهُ خَيْرٌ حَافِظًا એટલે કે, તમારી સુરક્ષાનું પરિણામ પહેલાં પણ જોઈ ચૂક્યો છું હવે તો હું અલ્લાહ તઆલાની જ હિફાઝત ઉપર ભરોસો કરું છું وَهُوَ اَرْحَمُ الرّٰحِمِيْنَ અને તે સૌથી વધારે કૃપા કરનાર છે, તેનાથી જ આશા છે કે તે મારી કમજોરી અને ઉપસ્થિત દિલગીરી (રંજ—ગમ) ઉપર દયા કરી મને બમણો આઘાત નહીં પહોંચાડે.

ખુલાસો એ છે કે હઝરત યાકૂબ (અલૈ.)એ જાહેર પરિસ્થિતિઓ અને પોતાની અવલાદના વચન અને કરાર ઉપર ભરોસો ન કર્યો પરંતુ અલ્લાહ તઆલાના ભરોસા ઉપર નાના દિકરાને પણ સાથે મોકલવા માટે તૈયાર થઈ ગયા. وَلَمَّا فَتَحُوْا مَتَاعَهُمْ وَجَدُوْا بِضَاعَتَهُمْ رُدَّتْ اِلَيْهِمْ قَالُوْا يٰۤاَبَانَا مَا نَبْغِىْ هٰذِهٖ بِضَاعَتُنَا رُدَّتْ اِلَيْنَا وَنَمِيْرُ اَهْلَنَا وَنَحْفَظُ اَخَانَا وَنَزْدَادُ كَيْلَ بَعِيْرٍ ذٰلِكَ كَيْلٌ يَّسِيْرٌ

અત્યાર સુધી તો હઝરત યૂસુફ (અલૈ.)ના ભાઈઓ દ્વારા આ શરૂઆતની વાતચીત તથા મુસાફરીના અહેવાલ વર્ણન કરવાના વિષયમાં વાત થઈ રહી હતી હજુ તો સામાન ખોલ્યો ન હતો, ત્યારબાદ જ્યારે સામાન ખોલ્યો અને જ્યારે જોયું કે તેમની રકમ—પુંજી તેમને પાછી આપવામાં આવી છે એટલા માટે رُدَّتْ اِلَيْنَا કહ્યું, એટલે કે આ અમારી પુંજી અમને પાછી આપવામાં આવી છે અને ફરી સન્માનનીય પિતાને વિનંતી કરી કે, مَا نَبْغِىْ એટલે કે, અમને બીજું વધારે શું જોઈએ કે અનાજ પણ આવી ગયું અને તેની કિંમત પણ પાછી મળી ગઈ, હવે તો અમે અવશ્ય ફરીવાર પોતાના ભાઈઓને સાથે લઈને સંતોષપૂર્વક જવા ઈચ્છીએ છીએ કારણ કે, આ વ્યવહારથી જાણ થઈ કે મિસ્રના સત્તાધીશ અમારા ઉપર ઘણા મહેરબાન છે એટલા માટે કોઈ શંકા નથી અને પોતાના કુટુંબ માટે અનાજ લાવીશું અને ભાઈનું રક્ષણ પણ કરીશું અને તેના ભાગનું અનાજ પણ આ વખતે

વધારે મળી જશે કારણ કે, અમે જે કંઈ લાવ્યા છે તે અમારા ખર્ચ કરવાના હિસાબે ઘણું ઓછું છે, અમુક દિવસમાં પૂરું થઈ જશે.

હઝરત યૂસુફ (અલૈ.)ના ભાઈઓએ જે આ વાકય مَانَبۡغِى કહ્યું તેનો એક જાહેર ભાવાર્થ તો એ પણ થાય છે જે હમણા બતાવવામાં આવ્યો કે અમને તેનાથી વધારે બીજું શું જોઈએ ? અને આ વાકયમાં શબ્દ مَا (મા)ને નકારનારના અર્થમાં લેવામાં આવે તો એ ભાવાર્થ થઈ શકે છે કે હઝરત યાકૂબ (અલૈ.)ના પુત્રોએ પોતાના પિતાને વિનંતી કરી કે હવે તો અમારી પાસે અનાજ લાવવા માટેની કિંમત પણ ઉપલબ્ધ છે, અમે તમારી પાસે કંઈ જ માંગતા નથી ફક્ત બિનયામીનને અમારી સાથે મોકલી આપો.

તેમના પિતાએ આ બધી વાતચીત સાંભળીને જવાબ આપ્યો, لَنۡ اُرۡسِلَهٗ مَعَكُمۡ حَتّٰى تُؤۡتُوۡنِ مَوۡثِقًا مِّنَ اللّٰهِ لَتَاۡتُنَّنِىۡ بِهٖۤ એટલે કે, હું બિનયામીનને તમારી સાથે ત્યાં સુધી નહીં મોકલું જ્યાં સુધી તમે અલ્લાહની કસમ અને એ કરાર અને વચન મને ન આપો કે તમે તેને અવશ્ય પોતાની સાથે પાછો લાવશો પરંતુ હકીકતભરી નજરો સામે એ વાત હંમેશા રહે છે કે મનુષ્ય તો બીચારો છે, ભલે તેની જાહેર શક્તિ અને બળ ગમે તેટલું હોય તો પણ તે દરેક વસ્તુમાં મજબૂર અને અલ્લાહ જલ્લ શા'નુહૂની શક્તિ સામે લાચાર છે, તે કોઈ વ્યક્તિને હિફાઝતની સાથે પાછો લાવવાનું વચન અને કરાર શું કરી શકવાનો છે ? કારણ કે તેનો તેના ઉપર સંપૂર્ણ કાબૂ નથી હોતો એટલા માટે આ વચનમાં એક વધારો પણ કર્યો, اِلَّاۤ اَنۡ يُّحَاطَ بِكُمۡ એટલે કે, માત્ર એ સ્વરૂપ સિવાય કે તમે બધા કોઈના ઘેરામાં આવી જાઓ. તફસીરના ઈમામ મુજાહિદ (રહ.)એ તેનો ભાવાર્થ એ વર્ણન કર્યો છે કે તમારા બધાનો નાશ થઈ જાય અને કતાદહ (રહ.)એ ફરમાવ્યું છે કે, તેનો ભાવાર્થ એ છે કે, "તમે બિલકુલ લાચાર અને પરાજિત થઈ જાઓ."

فَلَمَّاۤ اٰتَوۡهُ مَوۡثِقَهُمۡ قَالَ اللّٰهُ عَلٰى مَا نَقُوۡلُ وَكِيۡلٌ એટલે કે, જ્યારે તેમના પુત્રોએ માંગણી પ્રમાણે કોલ-કરાર કરી વચન આપ્યું, એટલે કે બધાએ કસમો ખાઈ લીધી અને પિતાને સંતોષ અપાવવા માટે ઘણું મજબૂત વચન આપ્યું તો હઝરત યાકૂબ (અલૈ.)એ ફરમાવ્યું કે, બિનયામીનની હિફાઝત માટે સોગંદ દેવા અથવા સોગંદ લેવાનું જે કાર્ય આપણે કરી રહ્યા છે તે બધા મા'મલાનો ભરોસો

એકમાત્ર અલ્લાહ ઉપર જ છે, તેની જ તવફીકથી કોઈ વ્યક્તિ કોઈની સુરક્ષા કરી શકે છે અને પોતાના વચનને પૂરું કરી શકે છે નહિતર મનુષ્ય લાચાર છે, તેના કાબૂમાં કોઈ બાબત નથી હોતી.

માર્ગદર્શન અને મસ્અલાઓ :

પ્રસ્તુત આયતોમાં માનવી માટે ઘણી બધી હિદાયતો (માર્ગદર્શનો) અને હુકમો છે તેને યાદ રાખવું જોઈએ, જે નીચે પ્રમાણે છે.

અવલાદથી ગુનાહ અથવા ભૂલ થઈ જાય તો સંબંધ કાપી નાંખવાના બદલે તેમની સુધારણાની ચિંતા કરવી જોઈએ :

(૧) હઝરત યૂસુફ (અલૈ.)ના ભાઈઓથી જે ભૂલ પહેલા વખતે થઈ તે ઘણી જ સખત અને ગુનાહે કબીરહ હતી, દાખલા તરીકે પ્રથમ જૂઠું બોલીને પોતાના પિતાને એ વાત ઉપર રાજી કર્યા કે તેઓ હઝરત યૂસુફ (અલૈ.)ને પોતાની સાથે ઘુમવા-ફરવા માટે મોકલી આપે. બીજું, પિતાને વચન આપીને તેનો ભંગ કર્યો. ત્રીજું, નાના માસુમ ભાઈ સાથે બેરહમી અને બેદર્દીથી કઠોર વ્યવહાર કર્યો. ચોથું, કમજોર પિતાનું ખૂબ દિલ દુખાવ્યું. પાંચમું, એક નિર્દોષ વ્યક્તિની હત્યા કરવાની યોજના બનાવી. છટ્ઠું, એક આઝાદ માનવીને જબરદસ્તી અને નિર્દયતાપૂર્વક વેચી દીધો.

આ બધા અત્યંત ધૃણાસ્પદ અને જઘન્ય અપરાધો છે જ્યારે હઝરત યાકૂબ (અલૈ.) સામે એ બાબત સ્પષ્ટ થઈ ગઈ કે આ ભાઈઓ જૂઠું બોલી રહ્યા છે અને તેઓએ જાણીબૂઝીને હઝરત યૂસુફ (અલૈ.)ને ખોઈ નાંખ્યા છે તો તેનો તકાદો દેખીતી રીતે એ હતો કે તેઓએ આ પુત્રો સાથે સંબંધ કાપી નાંખ્યો હોત અથવા તેમને કાઢી મૂક્યા હોત પરંતુ હઝરત યાકૂબ (અલૈ.)એ એવું ન કર્યું બલકે તેઓ પહેલાંની જેમ જ પિતાની સેવામાં જ રહ્યા, એટલે સુધી કે તેમણે તેમને જ મિસ્રથી અનાજ લાવવા માટે મોકલ્યા અને તેનાથી વિશેષ એ કે તેમના નાના ભાઈ વિશે પિતા પાસે વિનંતી કરવાનો મોકો મળ્યો અને અંતે તેમની વાત માની નાના પુત્રને પણ તેમના હવાલે કરી દીધો.

આ ઘટનાથી જાણ થઈ કે સંતાનોથી કોઈ ગુનોહ અથવા ભૂલ થઈ જાય તો પિતાએ તેમની કેળવણી કરીને તે ભૂલ સુધારવાની ચિંતા કરવી જોઈએ અને

જ્યાં સુધી સુધરવાની આશા હોય સંબંધ કાપવો ન જોઈએ જેમકે, હઝરત યાકૂબ (અલૈ.)એ એવું જ કર્યું અને અંતે આ બધા પુત્રોને પોતાની ભૂલો ઉપર પસ્તાવો થયો અને તેમણે ગુનાહોથી તવબહ કરી. હા ! જો સંતાનોના સુધરવાથી બિલકુલ જ નિરાશા સાંપડે અને તેમની સાથે સંબંધ કાયમ રાખવામાં અન્યોના દીનમાં પણ નુકસાન થવાનો ભય ઉપસ્થિત થાય તો એવા સમયે સંબંધ કાપી નાંખવું વધુ યોગ્ય છે.

(૨) બીજું માર્ગદર્શન ભલાઈભરી વર્તણૂક અને એક સારા વ્યવહાર વિશે છે જે અહીંયાં હઝરત યાકૂબ (અલૈ.)એ જાહેર કરી કે પોતાના પુત્રોના આટલા ભયંકર અપરાધો છતાં તેમની સાથે એવી વર્તણૂક અને વ્યવહાર કર્યો કે તેઓ ફરી એકવાર નાના પુત્રને સાથે લઈ જવાની દરખાસ્ત કરવાની હિંમત કરી શક્યા.

(૩) ત્રીજું માર્ગદર્શન એ મળે છે કે એવી પરિસ્થિતિમાં સુધારણાનો હેતુ ભૂલ કરનારને બતાવી દેવો પણ યોગ્ય છે કે તમારી વર્તણૂકનો તકાદો તો એ હતો કે તમારી વાત માનવામાં ન આવે પરંતુ અમે તેનાથી દરગુજર કરીએ છીએ જેથી તે હવે પછી શરમાઈને તેનાથી સંપૂર્ણ રીતે તવબહ કરનાર થઈ જાય જેમકે, હઝરત યાકૂબ (અલૈ.)એ તેમને એ વાત યાદ અપાવી અને જતાવ્યું કે બિનયામીન વિશે પણ હું તમારો એવો જ ભરોસો અને સંતોષ કરી લઉં જેમકે યૂસુફ વિશે મેં કર્યો હતો ? પરંતુ જ્યારે આવું યાદ અપાવી જતાવ્યા પછી તેમની પરિસ્થિતિ લક્ષમાં રાખીને અફસોસ અને પસ્તાવો થયાનું અનુમાન કરી અલ્લાહ ઉપર તવક્કુલ કર્યો અને નાના પુત્રને તેમના હવાલે કરી દીધો.

(૪) ચોથું માર્ગદર્શન એ છે કે કોઈ મનુષ્યએ કરેલ હિફાઝત અને સુરક્ષાના વાયદા ઉપર વાસ્તવિક રીતે ભરોસો કરવો ભૂલ છે, અસલ ભરોસો તો માત્ર અલ્લાહ ઉપર જ હોવો જોઈએ કે તે જ વાસ્તવિક કાર્યસાધક અને મુસબ્બિબુલ અસ્બાબ (કાર્ય–કારણનો માલિક) છે. કારણો ઉપલબ્ધ કરાવવા પછી તેમાં અસર પેદા કરવી બધું તેના જ કાબૂમાં છે એટલા માટે જ હઝરત યાકૂબ (અલૈ.)એ ફરમાવ્યું, فَاللّٰهُ خَيْرٌ حَافِظًا

કઅ્બ બિન અહ્બારનું નિવેદન છે કે એ વખતે કારણ કે હઝરત યાકૂબ (અલૈ.)એ ફક્ત સંતાનોના કહેવા ઉપર ભરોસો ન કર્યો બલકે, સમગ્ર મા'મલો

અલ્લાહને સોંપ્યો એટલા માટે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું, કસમ છે મારી ઈજ્જત અને જલાલની ! કે હવે હું તમારા બંને પુત્રોને તમારી પાસે પરત મોકલી આપીશ.

(૫) જો બીજા વ્યક્તિનો માલ અથવા વસ્તુ પોતાના સામાનમાં નીકળે અને સો ટકા વિશ્વાસ અને સાંયોગિક પુરાવાઓ તેની ગવાહી આપતા હોય કે તેનો હેતુ જાણીબૂઝીને આવું કરવાનો છે અને અમને આપવા માટે જ તેણે આ વસ્તુ અમારા સામાનમાં બાંધી આપી છે તો તેને પોતાના માટે રાખી લેવી અને તેમાંથી પોતાના માટે ખર્ચ કરવો જાઈઝ છે જેમકે, આ પુંજી જે હઝરત યૂસુફ (અલૈ.)ના ભાઈઓના સામાનમાંથી નીકળી હતી અને સો ટકા વિશ્વાસ અને સંજોગો એ બાબતના સાક્ષી હતા કે કોઈ ભૂલના કારણે આવું નથી કર્યું બલકે જાણીબૂઝીને આ કિંમત તેમને પાછી આપવામાં આવી છે, એટલા માટે હઝરત યાકૂબ (અલૈ.)એ આ રકમ પરત કરવાની સૂચના ન આપી પરંતુ જ્યાં એવી શંકા ઉપસ્થિત થઈ જાય કે કદાચ આ ભૂલથી અમારી પાસે આવી ગયું છે ત્યારે માલિકને પૂછતાછ અને તપાસ કર્યા વિના તેનો ઉપયોગ કરવો જાઈઝ નથી.

(૬) કોઈ વ્યક્તિને એવી કસમ આપવી ન જોઈએ કે જેનું પૂરું કરવું બિલકુલ તેના કાબૂમાં ન હોય જેમકે, હઝરત યાકૂબ (અલૈ.)એ બિનયામીનને સહી–સલામત પરત લાવવાની કસમ ખવડાવી તો તેમાં એ પરિસ્થિતિનો અપવાદ બતાવી દેવામાં આવ્યો કે તેઓ બિલકુલ લાચાર અને મજબૂર થઈ જાય અથવા પોતે પણ બધા હલાકતમાં પડી જાય.

એટલા માટે રસૂલે કરીમ ﷺએ જ્યારે સહાબા (રદિ.) પાસેથી પોતાની આજ્ઞાપાલનનું વચન અને કરાર લીધો તો પોતે તેમાં પોતાની ક્ષમતા અને સામર્થ્યની શરત લગાવી દીધી, એટલે કે જ્યાં સુધી અમારી શક્તિ અને સમર્થતામાં સામેલ છે અમે આપનું સંપૂર્ણ અનુસરણ કરીશું.

(૭) તેમાં વાત એમ છે કે હઝરત યૂસુફ (અલૈ.)ના ભાઈઓ પાસેથી કરાર અને વચન લેવું કે તેઓ બિનયામીનને પરત લાવશે, તેનાથી જાણ થાય છે કે કોઈ વ્યક્તિની જામિનગીરી (કફાલત) જાઈઝ છે, એટલે કે કોઈ મુકદમામાં કોઈ વ્યક્તિને મુકદમાની તારીખે જામિનગીરી આપવી બરાબર છે.

આ મસ્આલામાં ઈમામ માલિક (રહ.)નો મતભેદ છે, તેઓ ફક્ત આર્થિક ચીજોની જામિનગીરીને જાઇઝ ગણે છે, કોઈ વ્યક્તિની જાતની જામિનગીરીને જાઇઝ નથી ગણતા.

આયતો : (સૂરએ યૂસુફ : આયત નં. ૬૭-૬૮-૬૯)

وَقَالَ يٰبَنِيَّ لَا تَدْخُلُوْا مِنْۢ بَابٍ وَّاحِدٍ وَّادْخُلُوْا مِنْ اَبْوَابٍ مُّتَفَرِّقَةٍ ؕ وَمَاۤ اُغْنِيْ عَنْكُمْ مِّنَ
اللّٰهِ مِنْ شَيْءٍ ؕ اِنِ الْحُكْمُ اِلَّا لِلّٰهِ ؕ عَلَيْهِ تَوَكَّلْتُ ۚ وَعَلَيْهِ فَلْيَتَوَكَّلِ الْمُتَوَكِّلُوْنَ ﴿۶۷﴾
وَلَمَّا دَخَلُوْا مِنْ حَيْثُ اَمَرَهُمْ اَبُوْهُمْ ؕ مَا كَانَ يُغْنِيْ عَنْهُمْ مِّنَ اللّٰهِ مِنْ شَيْءٍ اِلَّا حَاجَةً
فِيْ نَفْسِ يَعْقُوْبَ قَضٰىهَا ؕ وَاِنَّهٗ لَذُوْ عِلْمٍ لِّمَا عَلَّمْنٰهُ وَلٰكِنَّ اَكْثَرَ النَّاسِ لَا يَعْلَمُوْنَ ﴿۶۸﴾ ع
وَلَمَّا دَخَلُوْا عَلٰى يُوْسُفَ اٰوٰۤى اِلَيْهِ اَخَاهُ قَالَ اِنِّيْۤ اَنَا اَخُوْكَ فَلَا تَبْتَىِٕسْ بِمَا كَانُوْا
يَعْمَلُوْنَ ﴿۶۹﴾

તરજુમો :

અને કહ્યું, હે દિકરાઓ ! એક દરવાજેથી દાખલ ન થજો અને જુદા-જુદા કેટલાયે દરવાજાઓએથી દાખલ થજો અને હું તમને અલ્લાહની કોઈ વાતથી બચાવી શકતો નથી, અલ્લાહના સિવાય કોઈનો હુકમ નથી, એના જ ઉપર મને ભરોસો છે અને એના જ ઉપર ભરોસો કરનારાઓનો ભરોસો હોવો જોઈએ. (૬૭) અને જ્યારે દાખલ થયા જ્યાંથી તેમના બાપે કહ્યું હતું, અલ્લાહની કોઈ વાતથી કંઈ બચાવી શકતા ન હતા પરંતુ યાકૂબ (અલૈ.)ના મનમાં એક ઈચ્છા હતી બસ પૂરી કરી ચૂક્યા અને તે તો જાણતો હતો જે કંઈ અમે તેને શિખવાડ્યું પરંતુ ઘણા લોકો જાણતા નથી. (૬૮) અને જ્યારે યૂસુફ (અલૈ.)ની પાસે દાખલ થયા તો પોતાની પાસે પોતાના ભાઈને રાખ્યો, કહ્યું, ખરેખર હું તારો ભાઈ છું, બસ તે કામોથી દિલગીર થઈશ નહીં જે તેમણે કર્યા છે. (૬૯)

તફસીર :

અને (જતી વખતે હઝરત) યાકૂબ (અલૈ.)એ (તેમને) ફરમાવ્યું કે હે મારા દિકરાઓ ! (જ્યારે મિસ્રમાં પહોંચો તો) સૌ એક જ દરવાજેથી પ્રવેશશો નહીં બલકે ભિન્ન-ભિન્ન પ્રવેશદ્વારોએથી દાખલ થજો અને (આ ફક્ત એક જાહેર યુક્તિ છે અમુક અણગમતી બાબતોથી બચવાની, દાખલા તરીકે ખરાબ નજર વગેરેથી નહિતર) અલ્લાહ તઆલાના હુકમને તમારા ઉપરથી હું ટાળી નથી શકતો, હુકમ તો બસ અલ્લાહનો જ (ચાલે) છે (તે છતાં જાહેર યુક્તિને કારણે આવું કહ્યું છે બાકી દિલથી તો) તેના જ ઉપર ભરોસો રાખું છું અને તેના જ ઉપર ભરોસો રાખનારાઓએ ભરોસો રાખવો જોઈએ. (એટલે કે તમે પણ તેના જ ઉપર ભરોસો રાખો અને કોઈ તદ્બીર કે યોજનાઓ ઉપર દૃષ્ટિ ન નાંખો, મતલબ કે બધા રજા લઈને ચાલ્યા) અને જ્યારે (મિસ્ર પહોંચીને) જે પ્રમાણે તેમના બાપે કહ્યું હતું એ જ પ્રમાણે (શહેરની) અંદર દાખલ થયા તો બાપના અરમાન પૂરા થઈ ગયા (નહિતર), તેમના બાપનો તેનાથી (એટલે કે આ યુક્તિ બતાવવાથી) અલ્લાહ તઆલાનો હુકમ ટાળવાનો હેતુ ન હતો (જેથી તેમના ઉપર કોઈ પ્રકારનો આક્ષેપ અથવા આ યુક્તિ લાભકારક ન હોવાથી તેમના ઉપર શંકા અવશ્ય થઈ હોત એટલા માટે પોતે તેમણે ફરમાવ્યું .....مَآ اُغۡنِیۡ عَنۡكُمۡ) પરંતુ યાકૂબ (અલૈ.)ના મનમાં (યુક્તિ સ્વરૂપે) એક અરમાન (થયું) હતું જેને તેમણે જાહેર કરી દીધું અને તેઓ નિઃશંક ઘણા મોટા જાણકાર હતા, આ એ કારણે કે અમે તેમને જ્ઞાન આપ્યું હતું (તેઓ જ્ઞાનના વિરુદ્ધ યુક્તિને અકીદહની દૃષ્ટિએ ચોક્કસ અસરકારક હોવાનું ક્યારેય સમજતા ન હતા માત્ર તેમણે પોતાના નિવેદનના કારણે એક યુક્તિ કરી હતી જે શરીઅતની દૃષ્ટિએ પણ માન્ય છે) પરંતુ મોટા ભાગના લોકો તેનું જ્ઞાન ધરાવતા નથી (બલકે પોતાની અજ્ઞાનતાથી યોજનાઓ અને યુક્તિઓને સાચે-સાચી અસરકારક હોવાની માન્યતા ધરાવી લે છે) અને જ્યારે એ લોકો (એટલે કે યૂસુફ અલૈ.ના ભાઈઓ) યૂસુફ (અલૈ.)ની પાસે પહોંચ્યા (અને બિનયામીનને રજુ કરીને કહ્યું કે, અમે આપના હુકમ પ્રમાણે તેને લાવ્યા છીએ ત્યારે) તેમણે પોતાના ભાઈને પોતાની પાસે બોલાવી લીધા (અને એકાંતમાં તેમનાથી) કહ્યું કે હું તારો ભાઈ (યૂસુફ) છું, બસ આ લોકો જે કંઈ (ખરાબ વર્તન) કરતા રહ્યા છે તેનાથી દિલગીર ન થા (કારણ કે હવે તો

અલ્લાહે આપણી મુલાકાત કરાવી દીધી છે, હવે બધો ગમ ભૂલી જવો જોઈએ. હઝરત યૂસુફ અલૈ. સાથે તો ભાઈઓએ કરેલું ખરાબ વર્તન દેખીતું છે કે ખૂબ જાણીતું છે, રહી વાત બિનયામીન સાથે તેમના ભાઈઓના ખરાબ વર્તણૂકની, અલબત્ત કદાચ તેમને પણ કોઈ ત્રાસ આપ્યો હોય કે ન પણ આપ્યો હોય પરંતુ યૂસુફ અલૈ.ની જુદાઈ તેમના માટે કોઈ મોટી તકલીફથી ઓછી ન હતી, પછી બંને ભાઈઓએ મશ્વરો કર્યો કે કોઈ એવું સ્વરૂપ હોય કે બિનયામીન યૂસુફ અલૈ. પાસે રહે, કારણ કે આમ જ રહેવા દેવામાં તો બીજા ભાઈઓએ વચન અને કરારના કારણે આગ્રહ કર્યો હોત અને વાદ-વિવાદ થવો નક્કી હતો અને કદાચ બિનયામીનને રાખવાનું રહસ્ય પણ ખૂલી જાય અને જો વાત ગુપ્ત રહી તો યાકૂબ અલૈ.નો ગમ વધી જશે કે વિના કારણે બિનયામીનને કેમ તેમની પાસે રહેવા દીધા અથવા રાખવામાં આવ્યા. હઝરત યૂસુફ અલૈ.એ ફરમાવ્યું કે એક યુક્તિ તો છે પરંતુ તેમાં તમારી થોડી બદનામી છે, બિનયામીને કહ્યું મને કોઈ પરવા નથી, મતલબ કે આ યુક્તિ અમલમાં મૂકવામાં આવી અને સૌને અનાજ આપીને રવાના કરવાનો સામાન તૈયાર કરવામાં આવ્યો).

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતોમાં હઝરત યૂસુફ (અલૈ.)ના ભાઈઓનું નાના ભાઈ બિનયામીનને સાથે લઈને બીજી વખતે મિસ્રની મુસાફરીએ રવાના થવાનું વર્ણન છે, તે સમયે હઝરત યાકૂબ (અલૈ.)એ તેમને મિસ્રના શહેરમાં દાખલ થવા માટે એક ખાસ વસિય્યત એ કરી કે હવે તમે અગિયાર ભાઈઓ ત્યાં જઈ જ રહ્યા છો તો શહેરના એક જ દરવાજેથી બધા પ્રવેશ ન કરજો બલકે, શહેરની હદ પાસે પહોંચીને વિવિધ પ્રવેશદ્વારોએથી શહેરમાં દાખલ થજો.

આ વસિય્યતનું કારણ એ સંદેહ હતો કે આ બધા નવયુવાનો અને તંદુરસ્ત તથા કદાવર અને ખૂબસૂરત છે તથા પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવે છે, એવું ન થાય કે જ્યારે લોકોને જાણ થાય કે આ એક જ બાપની અવલાદ અને ભાઈઓ છે તો કોઈની ખરાબ નજર લાગી જાય જેનાથી તેમને કોઈ તકલીફ પહોંચે અથવા સામૂહિક સ્વરૂપે ભેગા દાખલ થવામાં અમુક લોકો ઈર્ષ્યા કરવા લાગે અને તેમને કોઈ તકલીફ પહોંચાડે.

હઝરત યાકૂબ (અલૈ.)એ તેમને આ વસિય્યત પ્રથમ વખતે નથી કરી, આ

બીજી મુસાફરીના સમયે જ કરી હતી, તેનું કારણ કદાચ એ છે કે પ્રથમ વખતે તો આ લોકો મિસ્રમાં મુસાફર તરીકે અને જરૂરિયાતમંદ તરીકે પ્રવેશ પામ્યા હતા, ન તો કોઈ તેમને ઓળખતું હતું અને ન જ તેમની પરિસ્થિતિ ઉપર કોઈનું વધારે ધ્યાન આપવાનો ભય હતો, પરંતુ પ્રથમ મુસાફરીમાં જ મિસ્રના બાદશાહે તેમની અસાધારણ ઈજ્જત કરી જેનાથી સામાન્ય દરબારીઓ અને શહેરના લોકોમાં તેમની ઓળખ થઈ ગઈ તો હવે એ ભય મજબૂત બની ગયો કે કોઈની નજર લાગી જાય અને બધાને એક શક્તિશાળી સમૂહ સમજીને અમુક લોકો ઈર્ષ્યા કરવા લાગે અને વળી આ વખતે બિનયામીન નાનો ભાઈ સાથે હોવું પણ પિતા માટે વધારે ધ્યાન દેવાનું કારણ બન્યું.

ખરાબ નજર લાગવી અને તેની ખરાબ અસર થવી સત્ય હકીકત છે:

એનાથી જાણ થઈ કે મનુષ્યની નજર લાગી જવી અને તેનાથી કોઈ બીજા પ્રાણી અથવા માણસને તકલીફ થઈ જવી અથવા નુકસાન પહોંચવું સત્ય હકીકત છે, ફક્ત અજ્ઞાનતાપૂર્ણ ભ્રમ, કલ્પના કે વહેમ નથી એટલા માટે હઝરત યાકૂબ (અલૈ.)ને તેની ચિંતા થઈ.

રસૂલે કરીમ ﷺએ પણ તેનું સમર્થન કર્યું છે, એક હદીષમાં છે કે ખરાબ નજર એક મનુષ્યને કબરમાં અને ઊંટને હાંડી-વાસણ (તાંસડી)માં ધકેલી દે છે, એટલા માટે રસૂલે કરીમ ﷺએ જે વસ્તુઓથી પનાહ માંગી અને ઉમ્મતને પનાહ માંગવાની તાકીદ કરી છે તેમાં مِنْ كُلِّ عَيْنٍ لَّامَّةٍ પણ ઉપસ્થિત છે એટલે કે, "હું પનાહ માંગું છું ખરાબ નજરથી." *(કુર્તુબી)*

સહાબએ કિરામ (રદિ.)માં અબૂ સહલ બિન હુનૈફની ઘટના ઘણી પ્રખ્યાત છે કે તેમણે એક વખતે ગુસ્લ કરી નવા કપડાં પહેર્યાં તો તેમના રૂપાળા તંદુરસ્ત શરીર ઉપર આમીર બિન રબીઆની નજર પડી ગઈ અને તેમની જીભેથી નીકળ્યું કે મેં આજ દિન સુધી આટલું ખૂબસૂરત શરીર કોઈનું જોયું નથી, આવું કહેવું જ હતું કે તરત સહલ બિન હુનૈફને સખત તાવ ચઢી ગયો. રસૂલે કરીમ ﷺને જ્યારે તેની જાણ થઈ તો આપ ﷺએ ઈલાજ બતાવ્યો અને આમીર બિન રબીઆને હુકમ આપ્યો કે તે વુઝૂ કરે અને વુઝૂનું પાણી કોઈ વાસણમાં ભેગું કરે અને આ પાણી સહલ બિન હુનૈફના શરીર ઉપર નાંખવામાં

આવે, એટલા માટે એવું જ કરવામાં આવ્યું ત્યારે તરત તાવ ઊતરી ગયો અને તે બિલકુલ તંદુરસ્ત થઈને જે મિશન માટે રસૂલે કરીમ ﷺ સાથે જઈ રહ્યા હતા તેના ઉપર રવાના થઈ ગયા. આ ઘટનામાં રસૂલે કરીમ ﷺએ આમીર બિન રબીઆને આ તાકીદ પણ કરી,

عَلَامَ يَقْتُلُ اَحَدُكُمْ اَخَاهُ، اَلَّا بَرَّكْتَ، اِنَّ الْعَيْنَ حَقٌّ

"કોઈ વ્યક્તિ પોતાના ભાઈને શા માટે કતલ કરે છે ? તમે એવું કેમ ન કર્યું જ્યારે તેનું શરીર સારું લાગ્યું તો બરકતની દુઆ કરી લીધી હોત ! નજરની અસર થવી સત્ય છે."

આ હદીષથી એ પણ જાણ થઈ કે જ્યારે કોઈ વ્યક્તિને કોઈ બીજાના પ્રાણ અને માલમાં કોઈ સારી વાત આશ્ચર્યજનક લાગે તો તેણે તેના માટે દુઆ કરી લેવી જોઈએ કે અલ્લાહ તઆલા તેમાં બરકત અતા ફરમાવે, અમુક રિવાયતોમાં છે કે, مَاشَاءَ اللّٰهُ لَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ (માશાઅલ્લાહુ લા કુવ્વત ઈલ્લા બિલ્લાહ) કહે, તેનાથી ખરાબ નજરની અસર જતી રહે છે અને એ પણ જાણ થઈ કે કોઈની ખરાબ નજર કોઈને લાગી જાય તો જેની નજર લાગી છે તે વ્યક્તિના હાથ-પગ અને ચહેરો ધોયેલું પાણી નજર લાગનારના શરીર ઉપર નાંખવાથી તેની ખરાબ અસર દૂર થઈ જાય છે.

કુર્તુબીએ ફરમાવ્યું કે અહલે સુન્નત વલ જમાઅતના ઉલમાની આ બાબતે સહમતી છે કે ખરાબ નજર લાગી જવી અને તેનાથી નુકસાન પહોંચવું સત્ય છે.

હઝરત યાકૂબ (અલૈ.)એ એક બાજુ ખરાબ નજર અથવા ઈર્ષ્યાના ભયે પોતાની અવલાદને એ વસિય્યત કરી કે બધા મળીને એક જ દરવાજેથી શહેરમાં દાખલ ન થજો, બીજી બાજુ એક વાસ્તવિકતાની જાહેરાત પણ જરૂરી સમજી જેનાથી ગફલત કરવાની બીનાએ આવી ઘટનાઓમાં ઘણા બધા સામાન્ય લોકો અજ્ઞાનતાપૂર્ણ વિચારો અને વહેમોનો શિકાર બની જાય છે, તે એ કે ખરાબ નજરની અસર કોઈ વ્યક્તિની જાન અને માલમાં એક પ્રકારનું મેસ્મેરિઝમ છે અને તે એવું છે જેમકે ખરાબ દવા અથવા ખરાબ ખોરાક માણસને બીમારી કરી દે છે, ગરમી-શરદીની સખ્તી બીમારીઓ પેદા કરે છે એ જ પ્રમાણે ખરાબ નજર

અથવા મેસ્મેરિઝમનો ખરાબ પ્રભાવ પણ આ જ સ્વાભાવિક કારણોમાંથી છે કે નજર અથવા વિચારની શક્તિથી તેમાં અસર જાહેર થઈ જાય છે, તેની પોતાની કોઈ સાચી અસર હોતી નથી બલકે, આ બધું દુનિયાના સ્વાભાવિક કારણો અલ્લાહ જલ્લ શા'નુહૂની સંપૂર્ણ કુદરત અને તેની ઈચ્છા તથા ઈરાદાના તા'બે છે, અલ્લાહની તકદીરના મુકાબલામાં ન તો કોઈ વસ્તુ ફાયદાકારક થઈ શકે છે અને ન જ નુકસાનકારક યુક્તિની કોઈ અસર ઉપસ્થિત થઈ શકે છે, એટલા માટે ફરમાવ્યું, وَمَا أُغْنِي عَنكُم مِّنَ اللَّهِ مِن شَيْءٍ إِنِ الْحُكْمُ إِلَّا لِلَّهِ عَلَيْهِ تَوَكَّلْتُ وَعَلَيْهِ فَلْيَتَوَكَّلِ الْمُتَوَكِّلُونَ એટલે કે, ખરાબ નજરથી બચવાની જે તદ્બીર (યુક્તિ) મેં બતાવી છે હું જાણું છું કે તે અલ્લાહ તઆલાંની ઈચ્છા અને ઈરાદાને ટાળી નથી શકતી, હુકમ તો માત્ર અલ્લાહનો જ ચાલે છે અલબત્ત, મનુષ્યને જાહેર તદ્બીર કરવાનો હુકમ છે એટલા માટે આ વસિય્યત કરવામાં આવી પરંતુ મારો ભરોસો આ તદ્બીર ઉપર નથી બલકે અલ્લાહ ઉપર જ ભરોસો છે અને દરેક વ્યક્તિ માટે એ જરૂરી છે કે તેના જ ઉપર ભરોસો અને વિશ્વાસ કરે, ભૌતિક માધ્યમો અને યુક્તિઓ ઉપર ભરોસો ન કરે.

હઝરત યાકૂબ (અલૈ.)એ જે વાસ્તવિકતાની જાહેરાત કરી સંજોગોવસાત્ થયું પણ એમ જ ! આ મુસાફરીમાં બિનયામીનને હિફાઝતથી પાછા લાવવાની બધી યોજનાઓ પૂર્ણ કર્યા છતાં બધી વસ્તુઓ નિષ્ફળ ગઈ અને બિનયામીનને મિસ્રમાં રોકી લેવામાં આવ્યા જેના પરિણામે હઝરત યાકૂબ (અલૈ.)ને એક બીજો સખત આઘાત લાગ્યો, આ તદ્બીર કે યોજનાનું નિષ્ફળ થવું જે આગલી આયતમાં વર્ણન થયું છે તેનો મકસદ એ જ છે કે તેના અસલી હેતુના આધારે યોજના નિષ્ફળ થઈ ગઈ જો કે, ખરાબ નજર અથવા ઈર્ષ્યા વગેરેથી બચવાની યુક્તિ સફળ થઈ કારણ કે, આ મુસાફરીમાં એવી કોઈ ઘટના બની નહીં પરંતુ અલ્લાહની તકદીર દ્વારા જે ઘટના ઉપસ્થિત થવાની હતી તે તરફ હઝરત યાકૂબ (અલૈ.)નું ધ્યાન ગયું નહીં અને ન જ તેના માટે કોઈ યોજના કરી શક્યા પરંતુ આ જાહેર નિષ્ફળતા છતાં તેમના ભરોસાની બરકતથી આ બીજો આઘાત પહેલા આઘાતનો ઈલાજ સાબિત થયો અને ખૂબ આફિયત તથા માન-સન્માન સાથે હઝરત યૂસુફ (અલૈ.) અને બિનયામીન બંને સાથે અંતે મુલાકાત નસીબ થઈ.

આ જ વિષયનું વર્ણન ત્યાર પછીની આયતમાં આ રીતે આવ્યું કે પુત્રોએ

પિતાના હુકમનું પાલન કર્યું, શહેરના વિવિધ પ્રવેશદ્વારોએથી મિસ્રમાં પ્રવેશ્યા તો બાપના અરમાન પૂરા થયા, તેમની આ યુક્તિ અલ્લાહના કોઈ હુકમને ટાળી શકતી ન હતી પરંતુ હઝરત યાકૂબ (અલૈ.)નો બાપ તરીકેની લાગણીનો તકાદો એ જ હતો જે તેમણે પૂરો કર્યો.

આયતના અંતે હઝરત યાકૂબ (અલૈ.)ના વખાણ આ શબ્દોમાં કરવામાં આવ્યા છે. اِنَّهٗ لَذُوْعِلْمٍ لِّمَا عَلَّمْنٰهُ وَلٰكِنَّ اَكْثَرَ النَّاسِ لَا يَعْلَمُوْنَ હઝરત યાકૂબ (અલૈ.) મહાજ્ઞાની હતા કારણ કે તેમને અમે જ્ઞાન આપ્યું હતું, મતલબ એ છે કે સામાન્ય લોકોની જેમ તેમનું જ્ઞાન પુસ્તકીયું અથવા તો ઔપચારિક રીતે પ્રાપ્ત કરેલ ન હતું બલકે પ્રત્યક્ષ સ્વરૂપે અલ્લાહ તઆલાએ અર્પણ કરેલું વહીનું જ્ઞાન હતું, એટલા માટે તેમણે જાહેર યુક્તિ જે શરઈ રીતે માન્ય અને યોગ્ય છે તે તો કરી લીધી પરંતુ તેના ઉપર ભરોસો ન કર્યો પરંતુ મોટા ભાગના લોકો એ વાતની વાસ્તવિકતાને જાણતા નથી અને અજ્ઞાનતાથી હઝરત યાકૂબ (અલૈ.) વિશે એવી શંકામાં પડી જાય છે કે આવી તદ્‌બીરો કે યુક્તિઓ કરવી પયગમ્બરની પ્રતિષ્ઠા માટે યોગ્ય ન હતી.

અમુક વિવરણકાર લોકોએ નોંધ્યું છે કે પ્રથમ શબ્દ "ઈલ્મ" છે, ઈલ્મનો ભાવાર્થ "ઈલ્મ"ના તકાદાઓ ઉપર અમલ કરવાનો છે અને અર્થ એ છે કે અમે જે જ્ઞાન તેમને અર્પણ કર્યું તેઓ તેના ઉપર કાર્યરત હતા અને તેના પાબંદ હતા, એટલા માટે જાહેર તદ્‌બીરો ઉપર તેમણે ભરોસો ન કર્યો બલકે ભરોસો અને વિશ્વાસ માત્ર અલ્લાહ તઆલાનો જ કર્યો.

فَلَمَّا دَخَلُوْا عَلٰى يُوْسُفَ اٰوٰٓى اِلَيْهِ اَخَاهُ قَالَ اِنِّيْٓ اَنَا اَخُوْكَ فَلَا تَبْتَئِسْ بِمَا كَانُوْا يَعْمَلُوْنَ એટલે કે જ્યારે મિસ્ર પહોંચ્યા પછી આ બધા ભાઈઓ હઝરત યૂસુફ (અલૈ.)ના દરબારમાં હાજર થયા તો તેમણે જોયું કે તેઓ વાયદા પ્રમાણે તેમના સગા ભાઈને પણ સાથે લઈ આવ્યા છે ત્યારે હઝરત યૂસુફ (અલૈ.)એ પોતાના સગા ભાઈ બિનયામીનને ખાસ પોતાની પાસે થોભાવ્યા. તફસીરના ઈમામ કતાદહ (રહ.)એ ફરમાવ્યું કે આ બધા ભાઈઓના ઉતારાની હઝરત યૂસુફ (અલૈ.)એ એવી વ્યવસ્થા કરી હતી કે બે-બેને એક-એક રૂમમાં ઉતારો આપ્યો અને બિનયામીન એકલા રહી ગયા તો તેમને પોતાની સાથે રોકાવા માટે કહ્યું, જ્યારે એકાંતની તક મળી તો હઝરત યૂસુફ (અલૈ.)એ પોતાના સગાભાઈ ઉપર આ રહસ્ય ખોલી નાંખ્યું અને બતાવી દીધું કે હું તમારો સગો ભાઈ યૂસુફ છું

હવે તમે કોઈ ચિંતા ન કરો અને જે કંઈ આ ભાઈઓએ અત્યાર સુધી કર્યું છે તેનાથી પરેશાન ન થાઓ.

હુકમો અને મસ્અલાઓ :

પ્રસ્તુત બે આયતોમાં અમુક મસ્અલાઓ અને હુકમોની જાણ થાય છે.

(૧) ખરાબ નજર લાગી જવી સત્ય છે તેનાથી બચવાની તદ્‌બીર (યુક્તિ) કરવી એ જ પ્રમાણે શરીઅતમાં માન્ય છે જેવી રીતે કે ખરાબ ભોજન અને ખરાબ પ્રવૃત્તિથી બચવાની તદ્‌બીર કરવી માન્ય છે.

(૨) લોકોની ઈર્ષ્યાથી બચવા માટે પોતાની ખાસ નેઅ્મતો અને ગુણોને અન્ય લોકોથી છુપાવવું દુરુસ્ત છે.

(૩) ખરાબ અસરોથી બચવા માટે જાહેર અને ભૌતિક યોજનાઓ કરવી તવક્કુલ અને નબીઓની પ્રતિષ્ઠાની વિરોધી બાબત નથી.

(૪) જ્યારે એક વ્યક્તિથી અન્ય કોઈ વ્યક્તિને કોઈ તકલીફ પહોંચવાનો ભય હોય તો ઉત્તમ એ જ છે કે તેનાથી તેને ચેતવી આપે અને તે ભયથી બચવાની સંપૂર્ણ શક્ય એટલી યોજના બતાવી દે, જેમકે હઝરત યાકૂબ (અલૈ.)એ કર્યું.

(૫) જ્યારે કોઈ વ્યક્તિને અન્ય કોઈ વ્યક્તિની વિશેષતા અથવા નેઅ્મત આશ્ચર્યજનક અને નવાઈ ઉપજાવે એવી લાગે અને ભય હોય કે તેને ખરાબ નજર લાગી જશે તો તેના ઉપર વાજિબ છે કે તેને જોઈને بَارَكَ اللّٰهُ یا مَاشَاءَ اللّٰه (બારકલ્લાહ અથવા માશાઅલ્લાહ) કહે, જેથી અન્યોને તકલીફ ન પહોંચે.

(૬) ખરાબ નજરથી બચવા માટે દરેક શક્ય યોજના કરવી જાઇઝ છે, તેમાં એક એ પણ છે કે કોઈ દુઆ અથવા તાવીઝ વગેરેનો ઈલાજ પણ કરવામાં આવે જેમકે, રસૂલે કરીમ ﷺએ હઝરત જાફર બિન અબી તા'લીબના બે પુત્રોને અશક્ત અને દુર્બળ જોઈને તેમને પરવાનગી આપી કે તાવીઝ વગેરે દ્વારા તેમનો ઈલાજ કરવામાં આવે.

(૭) બુદ્ધિશાળી મુસલમાનનું કામ એ છે કે દરેક કાર્યમાં મૂળ ભરોસો તો અલ્લાહ ઉપર જ રાખે પરંતુ જાહેર અને ભૌતિક કારણો પણ ઉપેક્ષિત ન કરે, જે પ્રમાણે જાઇઝ માધ્યમો પોતાના મકસદની પ્રાપ્તિ માટે તેના અધિકારમાં હોય તેણે તેને અપનાવવામાં ઉણપ ન રાખવી જોઈએ, જેમકે હઝરત યાકૂબ (અલૈ.)એ કર્યું અને રસૂલે કરીમ ﷺએ પણ તેની તા'લીમ આપી છે. રૉમના એક

બુદ્ધિશાળીએ કહ્યું છે કે, بر توکل زانوے اشتر بہ بند એટલે કે, આ જ પયગમ્બરની પદ્ધતિનો અને રસૂલોની સુન્નતનો ભરોસો છે.

(૮) અત્રે એક સવાલ એ ઉપસ્થિત થાય છે કે હઝરત યૂસુફ (અલૈ.)એ પોતાના નાના ભાઈને બોલાવવા માટે તો પ્રયત્ન અને તાકીદ કરી અને જ્યારે તે આવી ગયા તો તેમના ઉપર પોતાનું રહસ્ય જાહેર કરી દીધું પરંતુ પોતાના આદરણીય પિતાને બોલાવવાની ચિંતા ન કરી અને ન જ તેમને પોતાની ખયૂર-ખબરની જાણકારી આપવા વિશે પગલાં ભર્યા, તેનું કારણ એ જ છે જે અગાઉ વર્ણન કરવામાં આવ્યું કે આ સમગ્ર ચાલીસ વર્ષોના સમયમાં ઘણી બધી તકો હતી કે પોતાના પિતાને પોતાના સારા-ભલાના સમાચાર આપી શકાયા હોત પરંતુ આ જે કંઈ થયું તે અલ્લાહની કુદરત અને વહીના ઈશારાથી જ થયું, હજુ સુધી અલ્લાહ તઆલા તરફથી તેમને પરવાનગી ન મળી હોય કે પોતાના પિતાને પરિસ્થિતિની જાણકારી આપવામાં આવે કારણ કે, હજુ તેમની બીજી કસોટી બિનયામીનથી જુદાઈની પણ બાકી હતી, તેને પૂર્ણ થવા માટે જ આ સ્વરૂપો પેદા થયા.

આયતો : (સૂરએ યૂસુફ : આયત નં. ૭૦ થી ૭૬)

فَلَمَّا جَهَّزَهُمْ بِجَهَازِهِمْ جَعَلَ السِّقَايَةَ فِي رَحْلِ اَخِيهِ ثُمَّ اَذَّنَ مُؤَذِّنٌ اَيَّتُهَا الْعِيرُ
اِنَّكُمْ لَسٰرِقُونَ ﴿٧٠﴾ قَالُوا وَاَقْبَلُوا عَلَيْهِمْ مَّاذَا تَفْقِدُونَ ﴿٧١﴾ قَالُوا نَفْقِدُ صُوَاعَ الْمَلِكِ
وَلِمَنْ جَآءَ بِهٖ حِمْلُ بَعِيرٍ وَّاَنَا بِهٖ زَعِيمٌ ﴿٧٢﴾ قَالُوا تَاللّٰهِ لَقَدْ عَلِمْتُمْ مَّا جِئْنَا لِنُفْسِدَ
فِي الْاَرْضِ وَمَا كُنَّا سٰرِقِينَ ﴿٧٣﴾ قَالُوا فَمَا جَزَآؤُهٗ اِنْ كُنْتُمْ كٰذِبِينَ ﴿٧٤﴾ قَالُوا
جَزَآؤُهٗ مَنْ وُّجِدَ فِي رَحْلِهٖ فَهُوَ جَزَآؤُهٗ ۚ كَذٰلِكَ نَجْزِي الظّٰلِمِينَ ﴿٧٥﴾ فَبَدَ
اَ بِاَوْعِيَتِهِمْ قَبْلَ وِعَآءِ اَخِيهِ ثُمَّ اسْتَخْرَجَهَا مِنْ وِّعَآءِ اَخِيهِ ۚ كَذٰلِكَ كِدْنَا لِيُوسُفَ ۖ
مَا كَانَ لِيَاْخُذَ اَخَاهُ فِي دِينِ الْمَلِكِ اِلَّا اَنْ يَّشَآءَ اللّٰهُ ۚ نَرْفَعُ دَرَجٰتٍ مَّنْ نَّشَآءُ ۗ
وَفَوْقَ كُلِّ ذِي عِلْمٍ عَلِيمٌ ﴿٧٦﴾

તરજુમો :

પછી જ્યારે તેમના માટે તેમનો સામાન તૈયાર કરી દીધો, પીવાનો પ્યાલો પોતાના ભાઈના સામાનમાં મૂકી દીધો, પછી પોકારનારાએ પોકાર્યું, હે કાફલાવાળાઓ ! ખરેખર તમે તો ચોર છો. (૭૦) તેમના તરફ મોઢું કરી કહેવા લાગ્યા, તમારી શું વસ્તુ ગુમ થઈ ગઈ છે ? (૭૧) બોલ્યા, અમને બાદશાહનું માપલું (વાસણ) મળતું નથી અને જે કોઈ તેને લાવે તેને એક ઊંટના ભાર (જેટલું) મળે અને હું તેનો જામીન છું. (૭૨) બોલ્યા, અલ્લાહની કસમ ! તમને ખબર છે અમે પ્રદેશમાં ફસાદ કરવા નથી આવ્યા અને ન જ અમે ક્યારેય ચોર હતા. (૭૩) બોલ્યા, પછી શું સજા છે એની જો તમે જૂઠા નીકળો ? (૭૪) કહેવા લાગ્યા, તેની સજા એ છે કે જેના સામાનમાંથી હાથ લાગે તે જ એના બદલામાં જાય, અમે જાલિમોને આવી જ સજા આપીએ છીએ. (૭૫) પછી યૂસુફ (અલૈ.)એ પોતાના ભાઈના પોટલાથી પહેલાં તેમના પોટલાંઓ જોવાનું શરૂ કર્યું, અંતે તે વાસણ પોતાના ભાઈના પોટલામાંથી નીકળ્યું, આમ અમે યૂસુફ (અલૈ.)ને યુક્તિ બતાવી, તે પોતાના ભાઈને તે બાદશાહના ધર્મ પ્રમાણે કદી લઈ શકતા ન હતા પરંતુ અલ્લાહ જે ઈચ્છે; અમે જેના ઈચ્છીએ દરજ્જાઓ બુલંદ કરીએ છીએ અને દરેક જાણકારથી ઉપર એક જાણકાર છે. (૭૬)

તફસીર :

પછી જ્યારે યૂસુફ (અલૈ.)એ તેમનો સામાન (અનાજ અને રવાના થવાનો) તૈયાર કરી દીધો તો (પોતે અથવા કોઈ ભરોસાપાત્ર વ્યક્તિ દ્વારા) પાણી પીવાનું વાસણ (કે તે જ અનાજ આપવાનું માપ હતું) પોતાના ભાઈના સામાનમાં મૂકી દીધું, પછી (જ્યારે આ લોકો ચાલવા લાગ્યા તો હઝરત યૂસુફ અલૈ.ના હુકમથી પાછળથી) એક પોકારનારાએ પોકાર્યું કે હે કાફલાવાળાઓ ! તમે જરૂર ચોર છો, તેઓ તે (શોધખોળ કરનાર) તરફ ધ્યાન આપીને કહેવા લાગ્યા કે તમારી શું વસ્તુ ખોવાઈ ગઈ છે ? (કે જેની ચોરીની અમારા ઉપર શંકા કરો છો?) તેમણે કહ્યું કે અમને બાદશાહનો પ્યાલો નથી મળતો (તે ગૂમ થયો છે) અને જે વ્યક્તિ તેને (લાવીને) હાજર કરે તેને એક ઊંટ જેટલું (અનાજ ઈનામમાં

ખજાનામાંથી) મળશે (અને અથવા એ કે જો પોતે ચોર પણ માલ આપી દે તો મા'ફી પછી એટલું ઇનામ સ્વરૂપે મળે) અને હું તે અપાવવાની જવાબદારી લઉં છું (અને આ એ'લાન અને ઇનામનો વાયદો હઝરત યૂસુફ અલૈ.ના હુકમથી હશે) આ લોકો કહેવા લાગ્યા કે ખરેખર તમે સારી પેઠે જાણો છો કે અમે આ દેશમાં ફસાદ ફેલાવવા (કે જેમાં ચોરી પણ સામેલ છે) નથી આવ્યા અને અમે લોકો ચોરી કરનારા નથી (એટલે કે અમારો એ ધંધો નથી), તે (શોધનારા) લોકોએ કહ્યું, વારુ, જો તમે જૂઠા નીકળ્યા તો (અને તમારી ઉપર ચોરી સાબિત થઈ ગઈ હોય તો) તે (ચોર)ની શું સજા છે ? તેમણે (હઝરત યાકૂબ અલૈ.ની શરીઅત પ્રમાણે) જવાબ આપ્યો કે તેની સજા એ છે કે તે જે વ્યક્તિના સામાનમાંથી મળે બસ તે જ પોતાની સજાથી (એટલે કે ચોરીના બદલામાં પોતે તે ચોરને તે ચોરી થયેલી વસ્તુનો માલિક પોતાનો ગુલામ બનાવી લે) અમે લોકો જાલિમો (એટલે કે ચોરો)ને આ જ પ્રમાણે સજા આપીએ છીએ. (એટલે કે અમારી શરીઅતમાં આ જ મસ્અલો અને અમલ છે, મતલબ કે આ વાત નક્કી થયા પછી માલ—સામાન ઉતારી દેવામાં આવ્યો) પછી (તલાશીના સમયે) યૂસુફ (અલૈ.)એ (પોતે અથવા કોઈ ભરોસાપાત્ર વ્યક્તિ દ્વારા) પોતાના ભાઈના (સામાનના) પોટલાંની તલાશી પહેલાં શરૂઆત બીજા ભાઈઓના (સામાનના) પોટલાંઓથી કરી (એટલે કે તલાશી લીધી અને અંતે) તે (વાસણ)ને પોતાના ભાઈના (સામાનના) પોટલાંમાંથી કાઢયું, અમે યૂસુફ (અલૈ.) માટે આ જ પ્રમાણે (બિનયામીનને પોતાની પાસે રાખવાની) યુક્તિ કરી (આ યુક્તિનું કારણ એ થયું કે હઝરત) યૂસુફ (અલૈ.) પોતાના ભાઈને આ (મિસ્રના) બાદશાહના કાયદા પ્રમાણે લઈ શકતા ન હતા (કારણ કે તેમના કાયદામાં અમુક દંડ અથવા હળવી શિક્ષા હતી (رَوَى الطَّبْرَانِى عَنْ مَعْمَرٍ وَالْاَوَّلُ فِى رُوْحِ الْمَعَانِى) પરંતુ એ છે કે અલ્લાહ તઆલાને જ મંજૂર હતું (એટલા માટે યૂસુફ અલૈ.ના દિલમાં આ યુક્તિ આવી અને તે લોકોના મોઢેથી જ આ ફત્વો નીકળ્યો અને આ ઉપસ્થિત ઘટનાક્રમથી તદ્બીર અને યોજના સફળ થઈ અને કારણ કે વાસ્તવમાં આ ગુલામ બનાવવાના હેતુથી ન હતું બલકે, બિનયામીને ખુશી—ખુશી ગુલામી અપનાવી હતી એટલા માટે اِسْتِرْقَاقِ حُرٌ "આઝાદ વ્યક્તિને ગુલામ બનાવવા"ની શંકા ન થઈ શકે અને જો કે યૂસુફ અલૈ. ઘણા મોટા જ્ઞાની અને બુદ્ધિશાળી હતા પરંતુ તો પણ અમારી

પાસેથી યુક્તિ શિખવાના મોહતાજ હતા, બલકે) અમે જેને ઇચ્છીએ છીએ (જ્ઞાનમાં) ખાસ દરજ્જાઓ સુધી પહોંચાડી આપીએ છીએ અને બધા જ જ્ઞાનવાળાઓથી વધીને એક મોટો જાણકાર છે. (એટલે કે અલ્લાહ તઆલા; જ્યારે કે મખ્લૂકનું જ્ઞાન અધૂરું ઠરે છે અને સર્જનહારનું જ્ઞાન સંપૂર્ણ તો દેખીતું છે કે દરેક મખ્લૂક પોતાના જ્ઞાન અને યુક્તિમાં પોતાના સર્જનહારની મોહતાજ છે એટલા માટે كِدْنَا અને اِلَّآ اَنْ يَّشَآءَ اللّٰهُ કહેવામાં આવ્યું, જેનો ખુલાસો એ છે કે જ્યારે તેમના સામાનમાંથી વાસણ મળ્યું અને બિનયામીનને રોકી લેવામાં આવ્યા તો તેઓ બધા ખૂબ લજ્જિત થયા).

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતોમાં એ વર્ણન છે કે હઝરત યૂસુફ (અલૈ.)એ પોતાના સગા ભાઈ બિનયામીનને પોતાની પાસે રોકી લેવા માટે એ યુક્તિ અને યોજના અપનાવી કે જ્યારે આ બધા ભાઈઓને નિયમ પ્રમાણે અનાજ આપી દેવામાં આવ્યું તો પછી દરેક ભાઈનું અનાજ એક આગવા ઊંટ ઉપર અલગ-અલગ દરેકના નામ સાથે લાદવામાં આવ્યું.

બિનયામીન માટે જે અનાજ ઊંટ ઉપર લાદયું હતું તેમાં એક વાસણ સંતાડી દેવામાં આવ્યું, આ વાસણને કુર્આને કરીમે એક સ્થળે શબ્દ سِقَايَةُ (સિકાયહ) અને બીજા સ્થળે صُوَاعَ الْمَلِكِ (સુવાઅલ મલિકી)ના શબ્દોથી ઓળખાવ્યું છે. "સિકાયહ"નો અર્થ "પાણી પીવાનું વાસણ" અને "સુવાઅ" પણ એ જ પ્રમાણેના વાસણને કહેવામાં આવે છે, તેને "મલિક" એટલે કે રાજા સાથે જોડીને એટલી વાત જાણ થઈ કે આ વાસણ કોઈ ખાસ કિંમતી અને મોઘું હશે. અમુક રિવાયતોમાં છે આ વાસણ કિંમતી હિરાજડિત હતું, અમુકમાં છે કે સોનાનું હતું અને અમુકે ચાંદીનું કહ્યું છે, જે કંઈ પણ હોય આ વાસણ જે બિનયામીનના સામાનમાં સંતાડવામાં આવ્યું હતું તે ખૂબ કિંમતી હોવા ઉપરાંત મિસ્રના બાદશાહનું કોઈ ખાસ વાસણ હશે, કદાચ યા તો બાદશાહ તેનો પોતે ઉપયોગ કરતો હોય અથવા એ કે બાદશાહે પોતે તે વાસણને અનાજ માપવાનું માપ બનાવ્યું હોય.

ثُمَّ اَذَّنَ مُؤَذِّنٌ اَيَّتُهَا الْعِيْرُ اِنَّكُمْ لَسَارِقُوْنَ એટલે કે, થોડીવાર પછી એક

પોકારનારાએ પોકાર્યું કે હે કાફલાવાળા ! તમે ચોર છો.

અત્રે શબ્દ ثُمَّ (ષુમ્મ)થી જાણ થાય છે કે આ પોકારનારાએ તરત જ નથી પોકાર્યું, બલકે થોડો સમય પસાર થવા દીધો એટલે સુધી કે કાફલો રવાના થઈ ગયો ત્યારબાદ પોકાર કરવામાં આવ્યો, જેથી કોઈને આ બનાવટી યુક્તિની જાણ ન થાય, મતલબ કે તે પોકારનારાએ યૂસુફ (અલૈ.)ના ભાઈઓના કાફલાને ચોર ઠરાવ્યો.

قَالُوْا وَاَقْبَلُوْا عَلَيْهِمْ مَّاذَا تَفْقِدُوْنَ એટલે કે, હઝરત યૂસુફ (અલૈ.)ના ભાઈઓ પોકારનાર તરફ ધ્યાન આપી કહેવા માંડયા કે તમે અમને ચોર બનાવી રહ્યા છો ? એ તો કહો કે તમારી કઈ વસ્તુ ખોવાઈ ગઈ છે ? قَالُوْا نَفْقِدُ صُوَاعَ الْمَلِكِ وَلِمَنْ جَآءَ بِهٖ حِمْلُ بَعِيْرٍ وَّاَنَا بِهٖ زَعِيْمٌ પોકારનારાએ કહ્યું કે, બાદશાહનો "સુવાઅ" એટલે કે વાસણ ગુમ થઈ ગયું છે અને જે વ્યક્તિ તેને ગમે ત્યાંથી શોધી લાવશે તેને એક ઊંટ ઉપર લાદેલા વજન જેટલું અનાજ ઇનામમાં મળશે અને તેના માટે હું જવાબદાર છું.

અત્રે એક પ્રશ્ન તો એ ઉપસ્થિત થાય છે કે હઝરત યૂસુફ (અલૈ.)એ પોતાની પાસે બિનયામીનને રોકી લેવા માટે આ હીલો શા માટે કર્યો ? જ્યારે કે તેમને ખબર હતી કે તેમના વાલિદ સાહબ ઉપર તેમની પોતાની જુદાઈનો આઘાત અસહ્ય હતો, હવે બીજા ભાઈને રોકીને તેનો આઘાત આપવાનું કઈ રીતે પસંદ કર્યું ?

બીજો પ્રશ્ન તેનાથી વધારે અગત્યનો એ છે કે બેગુનાહ ભાઈઓ ઉપર ચોરીનો આરોપ મૂકવો અને તેના માટે આવી બનાવટી યુક્તિ કરવી કે તેમના સામાનમાં ગુપ્ત રીતે કોઈ વસ્તુ મૂકી દીધી અને પછી જાહેરમાં તેમનું અપમાન જાહેર થયું, આ બધું કામ નાજાઈઝ છે, અલ્લાહના નબી હઝરત યૂસુફ (અલૈ.)એ આવું બધું કરવું કેમ પસંદ કર્યું ?

અમુક તફસીરકારો કુર્તુબી વગેરેએ વર્ણન કર્યું છે કે જ્યારે બિનયામીને હઝરત યૂસુફ (અલૈ.)ને ઓળખી લીધા અને તેઓ સંતોષ પામી ગયા તો ભાઈને એ દરખાસ્ત કરી કે હવે મને આ ભાઈઓની સાથે પાછા ન મોકલો, મને પોતાની પાસે રાખો. હઝરત યૂસુફ (અલૈ.)એ પ્રથમ તો એ જ કારણ રજુ કર્યું કે જો તમે

અહીંયાં રોકાઈ ગયા તો પિતાને વધારે આઘાત લાગશે અને બીજું, પોતાની પાસે તમને રોકી રાખવાનું એના સિવાય કોઈ સ્વરૂપ પણ નથી કે હું તમારા ઉપર ચોરીનો આક્ષેપ લગાવું અને એ આરોપમાં પકડીને પોતાની પાસે રાખી લઉં, બિનયામીન તે ભાઈઓની વર્તણૂક અને વ્યવહારથી એટલા બધા દુઃખી અને ત્રાસી ગયા હતા કે આ બધી વાતો માટે તેઓ તૈયાર થઈ ગયા.

પરંતુ જો આ ઘટના સાચી હોય તો પણ પિતાના દિલને દુઃખ પહોંચાડવું અને બધા ભાઈઓની ફજેતી કરવી અને તેમને ચોર કહેવું ફક્ત બિનયામીનના રાજી થઈ જવાથી તો જાઇઝ નથી થઈ શકતું ! અને અમુક લોકોનો એવો ખુલાસો કરવો કે પોકારનારનું તેમને ચોર કહેવું હઝરત યૂસુફ (અલૈ.)ના જ્ઞાન અને પરવાનગીથી નહિ હોય, તે એક દલીલ વિનાનો દા'વો અને ઘટનાક્રમના આધારે જોડ વિનાની વાત લાગે છે, એ જ પ્રમાણે એવી તા'વીલ કરવી કે તે ભાઈઓએ હઝરત યૂસુફ (અલૈ.)ને વાલિદ પાસેથી ચોરી લીધા અને તેમને વેચી દીધા હતા એટલા માટે તેમને ચોર કહેવામાં આવ્યા, આ પણ એક તા'વીલ જ છે એટલા માટે આ બધા સવાલોનો સાચો જવાબ એ જ છે જે કુર્તુબી અને મઝહરી વગેરેએ આપ્યો છે કે આ ઘટનામાં જે કંઈ કરવામાં આવ્યું છે અને કહેવામાં આવ્યું છે તે ન તો બિનયામીનની ઈચ્છાનું પરિણામ હતું અને ન જ હઝરત યૂસુફ (અલૈ.)ની પોતાની યુક્તિ હતી બલકે આ બધા કામ અલ્લાહના હુકમથી તેની ઉચ્ચ કક્ષાની હિકમતના પરિણામ સ્વરૂપે હતા, જેમાં હઝરત યાકૂબ (અલૈ.)ની કસોટી અને પરીક્ષાની પૂર્ણતા થઈ રહી હતી. આ જવાબ તરફ પોતે કુર્આને કરીમમાં આ આયતમાં ઈશારો મોજૂદ છે. كَذٰلِكَ كِدْنَا لِيُوْسُفَ એટલે કે, અમે આ રીતે તદ્‌બીર કરી (હઝરત) યૂસુફ (અલૈ.) માટે પોતાના ભાઈને રોકવાની.

આ આયતમાં સ્પષ્ટ રીતે આ હીલા અને યુક્તિને અલ્લાહ તઆલાએ પોતાની સાથે જોડી દીધું છે કે આ બધા કામ જ્યારે અલ્લાહ તઆલાના હુકમથી થયા તો તેને નાજાઇઝ કહેવાનો કોઈ અર્થ નથી રહેતો, તેનું ઉદાહરણ એવું જ ગણાશે જેમકે હઝરત મૂસા (અલૈ.) અને ખિઝર (અલૈ.)ની ઘટનામાં નાવડીનું તોડી નાંખવું, છોકરાની હત્યા કરવી વગેરે જે જાહેરમાં તો ગુનાહ હતા એટલે હઝરત મૂસા (અલૈ.)એ તેના ઉપર વાંધો ઉઠાવ્યો હતો, પરંતુ હઝરત ખિઝર (અલૈ.) આ બધા કામો અલ્લાહના હુકમથી તેની ખાસ મસ્લિહત હેઠળ કરી રહ્યા

હતા, એટલા માટે તેમના માટે એનો કોઈ ગુનોહ ન હતો. قَالُوْا تَاللّٰهِ لَقَدْ عَلِمْتُمْ مَّا جِئْنَا لِنُفْسِدَ فِى الْاَرْضِ وَمَا كُنَّا سَارِقِيْنَ એટલે કે, જ્યારે શાહી એ'લાન કરનારાએ યૂસુફ (અલૈ.)ના ભાઈઓ ઉપર ચોરીનો આરોપ લાગાવ્યો તો તેમણે કહ્યું, રાજકારભારના લોકો પણ અમારી પરિસ્થિતિથી વાકેફ છે કે અમે કોઈ ફસાદ કરવા માટે અત્રે અહીંયાં નથી આવ્યા, ન જ અમે ચોર છે.

قَالُوْا فَمَا جَزَآؤُهٗ اِنْ كُنْتُمْ كٰذِبِيْنَ એટલે કે, શાહી નોકરોએ કહ્યું કે જો તમારૂં જૂઠ સાબિત થઈ જાય તો બતાવો ચોરની શું સજા છે ? قَالُوْا جَزَآؤُهٗ مَنْ وُّجِدَ فِىْ رَحْلِهٖ فَهُوَ جَزَآؤُهٗ كَذٰلِكَ نَجْزِى الظّٰلِمِيْنَ એટલે કે, યૂસુફ (અલૈ.)ના ભાઈઓએ કહ્યું કે, જે ભાઈના સામાનમાંથી ચોરીનો માલ નીકળે તે વ્યક્તિ પોતે જ તેનો બદલો છે, અમે ચોરોની આ જ પ્રમાણે સજા આપતા રહીએ છીએ.

અર્થ એ છે કે હઝરત યાકૂબ (અલૈ.)ની શરીઅતમાં ચોરની સજા એ છે કે જે વ્યક્તિનો સામાન ચોર્યો હોય તે વ્યક્તિ ચોરને પોતાનો ગુલામ બનાવીને રાખે, સરકારી કર્મચારીઓએ આ પ્રમાણે પોતે જ યૂસુફ (અલૈ.)ના ભાઈઓ પાસેથી યાકૂબ (અલૈ.)ની શરીઅત પ્રમાણે ચોરની સજા જાણી તેમને તેના પાબંદ બનાવી લીધા કે બિનયામીનના સામાનમાંથી ચોરીનો માલ મળે તો તે પોતાના જ ફૈસલા પ્રમાણે બિનયામીનને હઝરત યૂસુફ (અલૈ.)ને સોંપી દેવા મજબૂર થઈ જાય.

فَبَدَاَ بِاَوْعِيَتِهِمْ قَبْلَ وِعَآءِ اَخِيْهِ એટલે કે, સરકારી તપાસ કરનારાઓએ પ્રથમ અસલ યોજના (સાજિસ) ઉપર પડદો નાંખવા માટે સૌથી પહેલા બધા ભાઈઓના સામાનની તલાસી લીધી અને પહેલો બિનયામીનનો સામાન ન ખોલ્યો જેથી તેમને કોઈ શંકા ન જાય.

ثُمَّ اسْتَخْرَجَهَا مِنْ وِّعَآءِ اَخِيْهِ એટલે કે, અંતે બિનયામીનનો સામાન ખોલવામાં આવ્યો તો તેમાંથી રાજાનું વાસણ નીકળી આવ્યું, તે સમયે તો બધા ભાઈઓની ગરદનો શરમથી ઝૂકી ગઈ અને બિનયામીનને બુરૂં-ભલું કહેવા લાગ્યા કે તેં અમારૂં મોઢું કાળું કરી નાંખ્યું, كَذٰلِكَ كِدْنَا لِيُوْسُفَ مَا كَانَ لِيَاْخُذَ اَخَاهُ فِىْ دِيْنِ الْمَلِكِ اِلَّا اَنْ يَّشَآءَ اللّٰهُ એટલે કે, આ રીતે અમે યૂસુફ (અલૈ.) માટે તદ્દબીર કરી, તે પોતાના ભાઈને મિસ્રના રાજાના કાયદા પ્રમાણે ગિરફતાર કરી શકતા ન હતા કારણ કે, મિસ્રના કાયદામાં ચોરની એ સજા હતી કે તેને શારીરિક

મારપીટની સજા આપવામાં આવે અને ચોરીના માલથી બેઘણી કિંમત વસૂલ કરીને છોડી દેવામાં આવે પરંતુ તેમણે અહીંયાં યૂસુફ (અલૈ.)ના ભાઈઓ પાસેથી જ ચોરની સજાનો હુકમ યાકૂબ (અલૈ.)ની શરીઅત પ્રમાણે પૂછી લીધો હતો અને તેની રૂએ બિનયામીનને પોતાની પાસે રોકી લેવું યોગ્ય થઈ ગયું, આ જ પ્રમાણે અલ્લાહ તઆલાની હિકમત અને તેની ઇચ્છાથી હઝરત યૂસુફ (અલૈ.)ની આ ઇચ્છા પણ પૂર્ણ થઈ.

نَرۡفَعُ دَرَجٰتٍ مَّنۡ نَّشَآءُ وَفَوۡقَ كُلِّ ذِىۡ عِلۡمٍ عَلِيۡمٌ એટલે કે, અમે જેને ઇચ્છીએ છીએ તેના દરજ્જાઓ બુલંદ કરી આપીએ છીએ જેમકે, આ ઘટનામાં હઝરત યૂસુફ (અલૈ.)ના દરજ્જાઓ તેમના ભાઈઓના મુકાબલામાં બુલંદ કરવામાં આવ્યા અને દરેક જ્ઞાનવાળાઓના ઉપર તેનાથી વધારે જ્ઞાનવાળો મોજૂદ છે.

મતલબ એ થયો કે મખ્લૂકમાં અમે જ્ઞાનના આધારે અમુકને અમુક ઉપર શ્રેષ્ઠતા બખ્શી છે, મોટાથી મોટા જ્ઞાનીના મુકાબલામાં કોઈ તેનાથી વધારે જ્ઞાન રાખનારો મોજૂદ હોય છે અને જો કોઈ વ્યક્તિ એવો છે કે સમગ્ર સૃષ્ટિમાં તેનાથી વધારે જ્ઞાન ધરાવનાર કોઈ જ નથી તો પછી અલ્લાહ રબ્બુલ ઇજ્જતનું જ્ઞાન તો સૌથી ઉચ્ચ અને ઉપરવટ છે.

હુકમો અને મસ્અલાઓ :

પ્રસ્તુત આયતોથી અમુક હુકમો અને મસ્અલાઓ પ્રાપ્ત થાય છે.

(૧) આયત وَلِمَنۡ جَآءَ بِهٖ حِمۡلُ بَعِيۡرٍ થી સાબિત થયું કે કોઈ નક્કી કામ કરવા ઉપર કોઈ વળતર અથવા ઇનામ નક્કી કરીને જાહેર એ'લાન કરવું કે જે વ્યક્તિ આ કામ કરી લે તેને આ પ્રમાણે ઇનામ અથવા વળતર મળશે, જેમકે રીઢા ગુનેહગારોને પકડવા અથવા ખોવાયેલી વસ્તુ મેળવવા માટે આ પ્રકારની ઇનામી જાહેરાતોનો સામાન્ય રીતે રિવાજ છે, જો કે આ પ્રકારના વ્યવહારો ઉપર ફિક્હી ઇજારાની વ્યાખ્યા સાબિત નથી થતી પરંતુ આ આયતની રૂએ તે જાઇઝ હોવાનું સાબિત થાય છે. *(કુર્તુબી)*

(૨) اَنَا بِهٖ زَعِيۡمٌ થી જાણ થઈ કે જે વ્યક્તિ કોઈ બીજા વ્યક્તિ તરફથી માલના હકનો જામિન બની શકે છે તો એવા સ્વરૂપમાં જમહૂર ઉમ્મતના ફુક્હાનો

અભિપ્રાય એ છે કે, હકદારને અધિકાર હોય છે કે તે પોતાનો માલ મૂળ દેવાદાર પાસેથી અથવા તો જામિન પાસેથી જેની પાસેથી પણ ઈચ્છે વસૂલ કરી શકે છે, હા ! જો જામિન પાસેથી વસૂલ કરવામાં આવે તો જામિનને અધિકાર હશે કે જેટલો માલ તેની પાસેથી લેણદારે લીધો છે તે પ્રમાણેનો માલ તે મૂળ દેવાદાર પાસેથી વસૂલ કરે. *(કુર્તુબી, ખિલાફન લિ માલિક)*

(૩) كَذٰلِكَ كِدْنَا لِيُوْسُفَ થી જાણ થઈ કે કોઈ શરઈ મસ્લિહતની બીનાએ વ્યવહારના સ્વરૂપમાં કોઈ એવું પરિવર્તન અપનાવવું જેનાથી હુકમ બદલાઈ જાય, જેને ફુકહાની પરિભાષામાં "હીલ-એ-શરઈય્યહ" કહેવામાં આવે છે એ શરઈ રૂએ જાઇઝ છે, શરત એ છે કે તેનાથી શરીઅતના હુકમોનો ભંગ થતો ન હોય નહિતર આવા હીલા ફુકહાના સર્વાનુમતે હરામ છે જેમકે ઝકાતથી બચવા માટે કોઈ હીલો કરવો અથવા રમઝાન પહેલાં કોઈ અનાવશ્યક બિનજરૂરી મુસાફરી ફક્ત એટલા માટે કરવી કે રોઝા ન રાખવાની શક્યતા નીકળી આવે, આવું કરવું સર્વાનુમતે હરામ છે, એટલા માટે જ હીલા કરવાના કારણે અમુક કોમો ઉપર અલ્લાહનો અઝાબ આવ્યો છે અને રસૂલે કરીમ ﷺએ આવા હીલાઓ કરવાની મનાઈ ફરમાવી છે તથા ઉમ્મત તેને સર્વાનુમતે હરામ ગણે છે, તેના ઉપર અમલ કરવાથી કોઈ કાર્ય જાઇઝ નથી થઈ જતું બલકે, બમણો ગુનોહ લાગુ પડે છે, એક તો અસલ નાજાઇઝ કામનો અને બીજું આ નાજાઇઝ હીલો કરવાનો જે એક સ્વરૂપે અલ્લાહ અને તેના રસૂલે કરીમ ﷺ સાથે ચાલબાજી કરવા સમાન છે, એ જ પ્રમાણેના હીલાઓ નાજાઇઝ હોવા ઈમામ બુખારી (રહ.)એ "કિતાબુલ હીલ"માં સાબિત કર્યું છે.

આયતો : (સૂરએ યૂસુફ : આયત નં. ૭૭ થી ૮૨)

قَالُوْٓا اِنْ يَّسْرِقْ فَقَدْ سَرَقَ اَخٌ لَّهٗ مِنْ قَبْلُ ۚ فَاَسَرَّهَا يُوْسُفُ فِيْ نَفْسِهٖ وَلَمْ يُبْدِهَا لَهُمْ ۚ
قَالَ اَنْتُمْ شَرٌّ مَّكَانًا ۚ وَاللّٰهُ اَعْلَمُ بِمَا تَصِفُوْنَ ﴿٧٧﴾ قَالُوْا يٰٓاَيُّهَا الْعَزِيْزُ اِنَّ لَهٗٓ اَبًا شَيْخًا
كَبِيْرًا فَخُذْ اَحَدَنَا مَكَانَهٗ ۚ اِنَّا نَرٰىكَ مِنَ الْمُحْسِنِيْنَ ﴿٧٨﴾ قَالَ مَعَاذَ اللّٰهِ اَنْ نَّاْخُذَ اِلَّا
مَنْ وَّجَدْنَا مَتَاعَنَا عِنْدَهٗٓ ۙ اِنَّآ اِذًا لَّظٰلِمُوْنَ ﴿٧٩﴾ ع فَلَمَّا اسْتَيْـَٔسُوْا مِنْهُ خَلَصُوْا نَجِيًّا ۖ قَالَ

كَبِيرُهُمْ اَلَمْ تَعْلَمُوٓا اَنَّ اَبَاكُمْ قَدْ اَخَذَ عَلَيْكُمْ مَّوْثِقًا مِّنَ اللّٰهِ وَمِنْ قَبْلُ مَا فَرَّطْتُّمْ فِيْ
يُوْسُفَ ۚ فَلَنْ اَبْرَحَ الْاَرْضَ حَتّٰى يَاْذَنَ لِيْٓ اَبِيْٓ اَوْ يَحْكُمَ اللّٰهُ لِيْ ۚ وَهُوَ خَيْرُ الْحٰكِمِيْنَ ﴿٨٠﴾
اِرْجِعُوْٓا اِلٰٓى اَبِيْكُمْ فَقُوْلُوْا يٰٓاَبَانَآ اِنَّ ابْنَكَ سَرَقَ ۚ وَمَا شَهِدْنَآ اِلَّا بِمَا عَلِمْنَا وَمَا كُنَّا لِلْغَيْبِ
حٰفِظِيْنَ ﴿٨١﴾ وَسْـَٔلِ الْقَرْيَةَ الَّتِيْ كُنَّا فِيْهَا وَالْعِيْرَ الَّتِيْٓ اَقْبَلْنَا فِيْهَا ۭ وَاِنَّا لَصٰدِقُوْنَ ﴿٨٢﴾

તરજુમો :

કહેવા લાગ્યા, જો તેણે ચોર્યું તો તેના ભાઈએ પણ આનાથી પહેલાં ચોરી કરી હતી, ત્યારે યૂસુફ (અલૈ.)એ પોતાના મનમાં ધીમેથી કહ્યું અને તેમને ન જતાવ્યું, મનમાં કહ્યું કે તમે દરજ્જામાં બદ્તર છો અને અલ્લાહ સારી પેઠે જાણે છે જે તમે વર્ણન કરો છો. (૭૭) કહેવા લાગ્યા, હે અઝીઝ (ગવર્નર) ! તેનો મોટી ઉંમરનો ઘણો ઘરડો એક બાપ છે, બસ અમારામાંથી એકને તેની જગ્યાએ રાખી લે, અમે તમને ઉપકાર કરનારા ભાળીએ છીએ. (૭૮) બોલ્યા, અલ્લાહ શરણ આપે કે અમે કોઈ (બીજા)ને પકડીએ પરંતુ (એના બદલે) જેની પાસે અમે પોતાની વસ્તુ મેળવી, તો તો અમે જરૂર અન્યાયી થયા. (૭૯) પછી જ્યારે એનાથી નિરાશ થયા મશ્વરો કરવા એકાંતમાં બેઠા, તેમનો મોટો બોલ્યો, શું તમને ખબર નથી તમારા પિતાએ તમારાથી અલ્લાહનું વચન લીધું છે અને પહેલાં યૂસુફ (અલૈ.) વિશે એક ભૂલ કરી ચૂક્યા છો, બસ હું તો કદાપિ આ પ્રદેશમાંથી હટીશ નહીં જ્યાં સુધી કે મને મારો બાપ હુકમ આપે અથવા અલ્લાહ મારો કજિયો ઉકેલી દે અને તે જ સૌથી ઉત્તમ ઉકેલ કરનારો છે. (૮૦) પછી પોતાના પિતાની પાસે જાઓ અને કહો, હે પિતાજી ! તમારા પુત્રએ તો ચોરી કરી અને અમે તે જ કહ્યું હતું જે અમને ખબર હતી અને અમને ગયૂબની વાતનું જ્ઞાન ન હતું. (૮૧) અને તે વસ્તીથી પૂછી લો જેમાં અમે હતા અને તે કાફલાથી જેમાં અમે આવ્યા છે અને બેશક અમે સાચું કહીએ છીએ. (૮૨)

તફસીર :

કહેવા લાગ્યા કે જો તેણે ચોરી કરી તો (નવાઈની વાત નથી કારણ કે)

તેનો એક ભાઈ (હતો તે) પણ (આ જ પ્રમાણે) આનાથી પહેલાં ચોરી કરી ચૂક્યો છે (જેનો કિસ્સો દૂર્રે મન્થૂરમાં આ પ્રમાણે લખ્યો છે કે હઝરત યૂસુફ અલૈ.નું તેમના ફોઈ પાલન-પોષણ કરતા હતા, જ્યારે તેઓ સમજણા થયા હઝરત યાકૂબ અલૈ.એ તેમને ઘરે લાવવા ઈચ્છયું પરંતુ તેમની ફોઈ તેમને ઘણી જ ચાહતી હતી, તેણે તેમને પોતાની પાસે રાખી લેવા ચાહ્યું એટલા માટે તેમની કમ્મરમાં એક پٹکا (પટકા) કપડાંની અંદર બાંધીને એવી જાહેરાત કરી દીધી, پٹکا (પટકા) ગુમ થઈ ગયો અને બધે શોધખોળ કરી ત્યારે તેમની કમ્મરમાંથી નીકળ્યો, તે સમયની શરીઅતના કાયદા પ્રમાણે તેમને પોતાની ફોઈના કબ્જામાં રહેવું પડ્યું એટલે સુધી કે તેમની ફોઈ મૃત્યુ પામી, પછી હઝરત યાકૂબ અલૈ.. પાસે આવી ગયા.... અને શક્ય છે કે આ ચોરીની ઘટનાનું સ્વરૂપ હઝરત યૂસુફ અલૈ.ની રજામંદીથી થયું હતું, એટલા માટે અહીંયાં પણ આઝાદને ગુલામ બનાવવાની ઘટના બની નથી અને દરેક રીતે સાંયોગિક પુરાવા તથા હઝરત યૂસુફ અલૈ.ની વર્તણૂક અને વ્યવહારમાં થોડું ચિંતન કરવાથી તેઓ નિર્દોષ હોવાની આપને ચોક્કસ જાણ થઈ જશે પરંતુ બિનયામીન ઉપર ભાઈઓનો જે ગુસ્સો હતો તેમાં આવી વાત પણ કહી આપી) બસ, યૂસુફ (અલૈ.)એ આ વાતને (કે જે આગળ આવે છે) પોતાના દિલમાં ગુપ્ત રાખી અને તેને તેમની સામે (મુખેથી) જાહેર ન કરી, (એટલે કે દિલમાં) એવું કહ્યું કે આ (ચોરીના) દરજ્જામાં તમે તો તેનાથી પણ વધારે ખરાબ છો (એટલે કે અમે બંને ભાઈઓ ઉપર તો ચોરી સાબિત નથી થઈ અને તમે તો એટલું મોટું કામ કર્યું કે કોઈ તો માલ ગાયબ કરે પણ તમે તો એક માણસને ગાયબ કરી દીધો કે મને બાપથી જુદાઈ કરાવી આપી અને દેખીતું છે કે કોઈ વ્યક્તિની ચોરી માલની ચોરી કરતા વધારે મોટો અપરાધ છે) અને જે કંઈ તમે (અમારા બંને ભાઈઓ વિશે) વર્ણન કરી રહ્યા છો (કે અમે ચોર છે) તે(ની હકીકત)ની અલ્લાહને જ સારી પેઠે ખબર છે (કે અમે ચોર નથી, જ્યારે ભાઈઓએ જોયું કે તેમણે બિનયામીનને પકડી લીધા અને તેના ઉપર કબ્જો કરી લીધો ત્યારે હવે ખુશામત કરી) કહેવા લાગ્યા હે અઝીઝ ! એ (બિનયામીન)ના એક ઘણા જ ઘરડા બાપ છે (અને તે તેને ખૂબ પ્રેમ કરે છે, તેના ગમમાં અલ્લાહને ખબર તેમની શું હાલત થશે ? અને અમારી સાથે તેના જેવી મહોબ્બત નથી) બસ, તમે (એવું કરો કે) એના બદલે અમારામાંથી કોઈ એકને

રાખી લો (અને તેને પોતાનો ગુલામ બનાવી લો) અમે તમને નેક સ્વભાવના જોયા છે (આશા છે કે તમે આ દરખાસ્ત મંજૂર કરી લેશો, હઝરત) યૂસુફ (અલૈ.)એ કહ્યું, આવી (અન્યાયી) વાતથી અલ્લાહ બચાવે કે જેની પાસે અમે પોતાની વસ્તુ મેળવી છે તેના સિવાય કોઈ બીજાને પકડીને રાખી લઈએ. (જો અમે એવું કરીએ તો) આવી પરિસ્થિતિમાં તો અમે મોટા અન્યાયી સમજવામાં આવીશું (કે કોઈ આઝાદ વ્યક્તિને ગુલામ બનાવી લેવું અને ગુલામો જેવો વ્યવહાર કરવો તેની રજામંદીથી પણ હરામ છે) પછી જ્યારે તેમને યૂસુફ (અલૈ.)થી તો (તેમના આ સ્પષ્ટ જવાબના કારણે) બિલકુલ આશા ન રહી (કે તેઓ બિનયામીનને પાછો આપશે) ત્યારે (આ સ્થળેથી) અલગ થઈને પરસ્પર મશ્વરો કરવા લાગ્યા (કે શું કરવું જોઈએ ? પછી જ્યારે બહુમતી ભાઈઓની એવી સલાહ આવી કે મજબૂરી છે, સૌએ પાછા જવું જોઈએ) પરંતુ તેમનામાં જે સૌથી મોટો હતો તેણે કહ્યું કે (તમે બધા પાછા જવાની સલાહ તો આપો છો પરંતુ) શું તમને જાણ નથી કે આપણા બાપ ખુદાના સોગંદ લેવડાવીને પાકું વચન લઈ ચૂક્યા છે (કે તમે તેને પોતાની સાથે પાછો લાવશો પરંતુ જો ઘરે જઈશું તો મજબૂરી છે બસ આપણા બધા પાસે તો ઘર જ નથી કે કોઈ યોજનાની શક્યતા ઊભી થાય, આપણે બધા તો ઘેરાયેલા નથી કે કોઈ યુક્તિ ન કરી શકાય એટલા માટે આપણે કોઈ યુક્તિ કરવી જોઈએ) અને તેનાથી પહેલાં યૂસુફના વિશે કેટલી મોટી ભૂલ કરી ચૂક્યા છે (કે તેમની સાથે જે કંઈ વર્તાવ થયો તેનાથી બાપના હક બિલકુલ બરબાદ થઈ ગયા, બસ તે બુરાઈ જ શરમાવા માટે શું ઓછી છે ? જે એક નવી શરમ સાથે લઈને તેમની પાસે જઈએ ?) બસ, હું તો આ ભૂમીથી હટીશ નહીં એટલે સુધી કે મારો બાપ મને (હાજરી માટે) પરવાનગી ન આપી દે અથવા અલ્લાહ તઆલા આ મુશ્કેલીને હલ કરી દે અને તે જ ખૂબ હલ કરનારો છે (એટલે કોઈ તદ્બીરથી બિનયામીન છૂટી જાય, મતલબ હું યા તો તેને લઈને આવીશ અથવા તો મને બોલાવશે તો આવીશ, બસ મને અહીંયાં છોડી દો અને) તમે પોતાના બાપની પાસે જાઓ અને (પાછા જઈને તેમને) કહો કે હે બાપ ! આપના પુત્ર (બિનયામીન)એ ચોરી કરી (એટલા માટે પકડાયો છે) અને અમે તો તે જ વર્ણન કરીએ છીએ જે અમને (સાબિતી સાથે) જાણ થયું છે અને અમે (કોલ-કરાર આપવાના સમયે) ગયૂબની વાતોના જાણકાર ન હતા (કે તે ચોરી કરશે નહિતર

અમે ક્યારેય વચન ન આપ્યું હોત) અને (જો અમારા કહેવાનો વિશ્વાસ ન હોય તો) તે વસ્તી (એટલે કે મિસ્ર)વાળાઓને (કોઈ પોતાના ભરોસાપાત્ર વ્યક્તિ મારફતે) પૂછી મંગાવો જ્યાં અમે (તે સમયે) મોજૂદ હતા (જ્યારે ચોરીની વસ્તુ પ્રાપ્ત કરવામાં આવી) અને તે કાફલાવાળાઓને પૂછી લો જેમાં અમે સામેલ થઈને (અહીંયાં) આવ્યા છે (અને વધારે જાણવા માટે કન્આનની આજુબાજુના લોકો પણ અનાજ લેવા માટે આવ્યા હશે તેમને પૂછી લો) અને યકીન કરો અમે બિલકુલ સાચું કહીએ છીએ. (એટલા માટે બધાએ મોટા ભાઈને ત્યાં છોડી દીધો અને પોતે આવીને સઘળી હકીકત વર્ણન કરી).

મસ્અલા અને બોધપાઠ :

આનાથી અગાઉની આયતોમાં આવ્યું હતું કે મિસ્રમાં હઝરત યૂસુફ (અલૈ.)ના સગા ભાઈ બિનયામીનના સામાનમાં એક શાહી વાસણ છુપાવીને અને પછી તેમના સામાનમાંથી યુક્તિપૂર્વક કાઢીને તેમના ઉપર ચોરીનો આરોપ મૂકવામાં આવ્યો હતો.

પ્રસ્તુત આયતોમાંથી પ્રથમ આયતમાં એ છે કે જ્યારે હઝરત યૂસુફ (અલૈ.)ના ભાઈઓની સામે બિનયામીનના સામાનમાંથી ચોરીની વસ્તુ નીકળી તો શરમના માર્યા તેમની આંખો ઝૂકી ગઈ અને તેઓ ચિડાઈને કહેવા લાગ્યા, اِنْ يَّسْرِقْ فَقَدْ سَرَقَ اَخٌ لَّهٗ مِنْ قَبْلُ એટલે કે, જો તેણે ચોરી કરી તો કોઈ મોટી નવાઈની વાત નથી, તેનો એક ભાઈ હતો તેણે પણ આ જ પ્રમાણે તેનાથી પહેલાં ચોરી કરી હતી મતલબ એ હતો કે આ અમારો સગો ભાઈ નથી, બાપ શરીક (બાપીકો) અલ્લાતી ભાઈ છે, તેનો એક સગો ભાઈ હતો તેણે પણ ચોરી કરી હતી.

હઝરત યૂસુફ (અલૈ.)ના ભાઈઓએ તે વખતે પોતે હઝરત યૂસુફ (અલૈ.) ઉપર પણ ચોરીનો આરોપ લગાવી દીધો જેમાં એક ઘટના તરફ ઈશારો છે જે હઝરત યૂસુફ (અલૈ.)ના બાળપણમાં બની હતી, જેમાં ઠીક એ જ પ્રમાણે જેમકે અહીંયાં બિનયામીન ઉપર ચોરીનો આરોપ લગાવવાનું કાવતરૂ કરવામાં આવ્યું છે તે સમયે હઝરત યૂસુફ (અલૈ.) ઉપર તેમની જાણ બહાર આવી જ યુક્તિ કરવામાં આવી હતી અને આ બધા ભાઈઓને તે સારી પેઠે જાણ પણ હતી કે

હઝરત યૂસુફ (અલૈ.) તે આરોપથી બિલકુલ મુક્ત છે પરંતુ તે સમયે બિનયામીન ઉપર ગુસ્સાના કારણે તેમણે આ ઘટનાને પણ ચોરી ઠરાવીને તેનો આરોપ તેમના ભાઈ હઝરત યૂસુફ (અલૈ.) ઉપર લગાવી દીધો.

એ ઘટના શું હતી તેમાં વિવિધ રિવાયતો છે. ઈબ્ને કષીર (રહ.)એ મુહમ્મદ ઈબ્ને ઈસ્હાક અને મુજાહિદ (રહ.) જેવા તફસીરના ઈમામોથી નકલ કર્યું છે કે, હઝરત યૂસુફ (અલૈ.)ના જન્મના થોડા જ સમય પછી બિનયામીન પેદા થયા તો આ જન્મ જ તેમની માતાનું મોતનું કારણ બની ગઈ, હઝરત યૂસુફ (અલૈ.) અને બિનયામીન બંને ભાઈઓ માતા વિનાના થઈ ગયા તો તેમની કેળવણી અને ઉછેર તેમની ફોઈની ગોદમાં થયો. અલ્લાહ તઆલાએ હઝરત યૂસુફ (અલૈ.)ને બાળપણમાં જ કંઈ એવી શા'ન અર્પણ કરી હતી કે જે કોઈપણ તેમને જોતું તે તેમને બેહદ મહોબ્બત કરવા લાગતું હતું, ફોઈની પણ એવી જ પરિસ્થિતિ હતી કે કોઈ પણ સમયે તેમને પોતાની નજરોથી ગાયબ કરવા શક્તિમાન ન હતા, બીજી બાજુ તેમના પિતા હઝરત યાકૂબ (અલૈ.)ની પણ કંઈ આવી જ હાલત હતી પરંતુ ઘણા નાના હોવાના કારણે એ વાતની આવશ્યકતા હતી કે તેમને કોઈ સ્ત્રીની દેખરેખ હેઠળ રાખવામાં આવે એટલા માટે ફોઈના હવાલે કરવામાં આવ્યા હતા, હવે જ્યારે કે તેઓ ચાલવા-ફરવાના યોગ્ય થઈ ગયા તો હઝરત યાકૂબ (અલૈ.)એ ઈરાદો કર્યો કે હઝરત યૂસુફ (અલૈ.)ને પોતાની સાથે રાખે, ફોઈને કહ્યું તો તેમણે આનાકાની કરી, પછી જ્યારે વધારે આગ્રહ કર્યો તો મજબૂર થઈને હઝરત યૂસુફ (અલૈ.)ને તેમના વાલિદના હવાલે કરી દીધા, પરંતુ એક યુક્તિ તેમને પાછા લેવાની એ કરી કે કોઈની પાસે એક જૂનો કમરપટો હતો જે હઝરત ઈસ્હાક (અલૈ.)ના તરફથી તેમને પહોંચ્યો હતો અને તેની ખૂબ કદર-કિંમત સમજવામાં આવતી હતી, આ કમરપટો ફોઈએ હઝરત યૂસુફ (અલૈ.)ના કપડાની નીચે કમર ઉપર બાંધી દીધો.

હઝરત યૂસુફ (અલૈ.)ના ગયા પછી એ જાહેરાત કરી કે મારો કમરપટો ચોરી થઈ ગયો છે, પછી તલાશી લેવામાં આવી તો તે હઝરત યૂસુફ (અલૈ.) પાસેથી નીકળ્યો, હઝરત યાકૂબ (અલૈ.)ની શરીઅતના હુકમ પ્રમાણે હવે ફોઈને આ અધિકાર થઈ ગયો હતો કે હઝરત યૂસુફ (અલૈ.)ને પોતાના ગુલામ બનાવીને રાખે, હઝરત યાકૂબ (અલૈ.)એ એ જોયું કે જ્યારે શરીઅતના હુકમ આધારે ફોઈ

હઝરત યૂસુફ (અલૈ.)ની માલિક બની ગઈ તો તેમના હવાલે કરી દીધા અને જ્યાં સુધી ફોઈ જીવતા રહ્યા હઝરત યૂસુફ (અલૈ.) તેમની જ કેળવણી હેઠળ રહ્યા.

ઘટના આ હતી જેમાં ચોરીનો આક્ષેપ હઝરત યૂસુફ (અલૈ.) ઉપર લાગ્યો અને પછી દરેક વ્યક્તિ ઉપર વાસ્તવિકતા જાહેર થઈ ગઈ કે, હઝરત યૂસુફ (અલૈ.) ચોરીની મા'મૂલી શંકાથી પણ મુક્ત છે, ફોઈએ જ તેમની મહોબ્બતના કારણે આવી યુક્તિ કરી તેમને ફસાવ્યા હતા, ભાઈઓને પણ આ હકીકતની ખબર હતી તેની બીના ઉપર કોઈપણ રીતે યોગ્ય ન હતું કે તેમના તરફ ચોરીનો ઈલ્ઝામ લગાવવામાં આવે પરંતુ તેમના હકમાં ભાઈઓએ જે અતિરેક અને ખોટો વ્યવહાર અત્યાર સુધી અપનાવી રાખ્યો હતો આ પણ તેનો જ એક અંતિમ ભાગ હતો.

فَاَسَرَّهَا يُوْسُفُ فِىْ نَفْسِهٖ وَلَمْ يُبْدِهَا لَهُمْ એટલે કે, હઝરત યૂસુફ (અલૈ.)ના ભાઈઓની આ વાત સાંભળીને તેમણે દિલમાં રાખી કે આ લોકો હજુ સુધી પણ મારી પાછળ પડ્યા છે કે ચોરીનો આક્ષેપ લગાવી રહ્યા છે પરંતુ તેની જાહેરાત ભાઈઓ ઉપર ન થવા દીધી કે, હઝરત યૂસુફ (અલૈ.)એ તેમની આ વાત સાંભળી છે અને તેની કંઈ અસર થઈ છે.

قَالَ اَنْتُمْ شَرٌّ مَّكَانًا وَّاللّٰهُ اَعْلَمُ بِمَا تَصِفُوْنَ હઝરત યૂસુફ (અલૈ.)એ (પોતાના દિલમાં) કહ્યું કે તમે લોકો ખરાબ દરજ્જા અને ખરાબ પરિસ્થિતિમાં છો કે ભાઈ ઉપર ચોરીનો આરોપ જાણીબૂજીને લગાવો છો અને ફરમાવ્યું કે અલ્લાહ તઆલા જ સઘળું જાણનારો છે કે જે કંઈ તમે કરી રહ્યા છો તે સાચું છે કે ખોટું ? પ્રથમ વાક્ય તો દિલમાં કહેવામાં આવ્યું છે અને બીજું વાક્ય શક્ય છે કે ભાઈઓના જવાબરૂપે જાહેરમાં કહી દીધું હોય.

قَالُوْا يٰۤاَيُّهَا الْعَزِيْزُ اِنَّ لَهٗۤ اَبًا شَيْخًا كَبِيْرًا فَخُذْ اَحَدَنَا مَكَانَهٗ اِنَّا نَرٰىكَ مِنَ الْمُحْسِنِيْنَ હઝરત યૂસુફ (અલૈ.)ના ભાઈઓએ જ્યારે જોયું કે કોઈ વાત ચાલશે નહીં અને બિનયામીનને અહીંયાં છોડ્યા સિવાય કોઈ વિકલ્પ નથી તો તેમણે અઝીઝે મિસ્રની ખુશામત શરૂ કરી અને એ દરખાસ્ત કરી કે તેમના પિતા ખૂબ ઘરડા માણસ છે અને ખૂબ કમજોર છે (બિનયામીનની જુદાઈ તેમનાથી સહન નહીં થાય) એટલા માટે તમે તેના બદલે અમારામાંથી કોઈને પકડી લો, આ

દરખાસ્ત તમને અમે એ આશાએ કરી રહ્યા છે કે અમે એવી અનુભૂતિ કરીએ છીએ કે તમે મહાન અહેસાન કરનારા છો અથવા એ કે તમે આનાથી પહેલાં પણ અમારી સાથે અહેસાનનો વર્તાવ કર્યો છે.

قَالَ مَعَاذَ اللّٰهِ اَنْ نَّاْخُذَ اِلَّا مَنْ وَّجَدْنَا مَتَاعَنَا عِنْدَهٗٓ اِنَّآ اِذًا لَّظٰلِمُوْنَ، હઝરત યૂસુફ (અલૈ.)એ પોતાના ભાઈઓની દરખાસ્તનો જવાબ નિયમ પ્રમાણે એ આપ્યો કે, એ વાત તો અમારા અધિકાર ક્ષેત્રમાં નથી કે જેને ઈચ્છીએ પકડી લઈએ બલકે, જેની પાસેથી ચોરીનો માલ મળ્યો હોય જો તેના સિવાય બીજા કોઈને પકડી લઈએ તો તમારા જ ફત્વા-ફેંસલા પ્રમાણે અમે જાલિમ ઠરીશું કારણ કે તમે જ એ કહ્યું છે કે જેની પાસેથી ચોરીનો માલ નીકળે તે જ ચોરીનો બદલો છે.

فَلَمَّا اسْتَيْئَسُوْا مِنْهُ خَلَصُوْا نَجِيًّا એટલે કે, જ્યારે હઝરત યૂસુફ (અલૈ.)ના ભાઈઓ બિનયામીનની મુક્તિથી નિરાશ થઈ ગયા તો પરસ્પર સલાહ-મશ્વરો કરવા માટે એક અલગ સ્થળે ભેગા થયા.

قَالَ كَبِيْرُهُمْ.... તેમના મોટા ભાઈએ કહ્યું કે તમને એ ખબર નથી કે તમારા બાપે તમારાથી બિનયામીનને પાછો લાવવાનો પાકો કરાર લીધો હતો અને એ કે તમે આનાથી પહેલા પણ યૂસુફ (અલૈ.)ના મા'મલામાં એક ભૂલ કરી ચૂક્યા છો એટલા માટે હું તો હવે મિસ્રની ભૂમિને તે સમય સુધી નહીં છોડું જ્યાં સુધી મારા પિતા પોતે જ મને અહીંયાંથી પાછા જવાનો હુકમ ન આપે અથવા અલ્લાહ તઆલા તરફથી વહી દ્વારા મને અહીંયાંથી હુકમ થાય અને અલ્લાહ તઆલા જ ઉત્તમ હુકમ કરનારો છે.

આ મોટા ભાઈ કે જેમણે આ પ્રકારની વાતચીત કરી હોવાનું વર્ણન થયું છે અમુકના કહેવા પ્રમાણે તે યહૂદા હતા અને એ જો કે ઉંમરમાં સૌથી મોટા નથી પરંતુ જ્ઞાન અને બુદ્ધિમાં મોટા હતા અને અમુક મુફસ્સિરોએ કહ્યું છે કે તે રૂબેલ છે જે ઉંમરમાં સૌથી મોટા છે અને હઝરત યૂસુફ (અલૈ.)ને કતલ ન કરવાની સલાહ તેમણે જ આપી હતી, અમુકનું કહેવું છે કે મોટો ભાઈ શમઊન છે જે હોદ્દા અને મરતબાના આધારે બધા ભાઈઓમાં મોટા સમજવામાં આવતા હતા.

اِرْجِعُوْٓا اِلٰٓى اَبِيْكُمْ એટલે કે, મોટા ભાઈએ કહ્યું કે હું તો અહીંયાં જ રહીશ,

તમે બધા ભાઈઓ પિતા પાસે પાછા જાઓ અને તેમને બતાવો કે તમારા પુત્રએ ચોરી કરી અને અમે જે કંઈ કરી રહ્યા છે તે પોતાની આંખોથી જોયેલી પરિસ્થિતિ છે કે ચોરીનો સામાન તેના સામાનમાંથી અમારી સામે મળ્યો.

وَمَا كُنَّا لِلْغَيْبِ حٰفِظِيْنَ એટલે કે, અમે જે આપને વચન આપ્યું હતું કે બિનયામીનને અમે અવશ્ય પાછો લાવીશું એ વચન જાહેર પરિસ્થિતિના આધારે આપ્યું હતું અદૃષ્ય બાબતો અમે જાણતા ન હતા કે તે ચોરી કરીને ગિરફતાર થશે અને અમે મજબૂર થઈ જઈશું. આ વાક્યનો એ ભાવાર્થ પણ હોઈ શકે છે કે અમે બિનયામીનનું સંપૂર્ણ રક્ષણ કર્યું અને કાળજી રાખી કે કોઈ કામ એવું ન થઈ જાય જેના કારણે તે તકલીફમાં પડે પરંતુ અમારી આ કોશીશ જાહેર પરિસ્થિતિઓની હદ સુધી હોઈ શકતી હતી, અમારી નજરોથી અદૃષ્ય રીતે અજાણતામાં તેનાથી આ કામ થઈ જશે અમને તેનું જ્ઞાન ન હતું.

હઝરત યૂસુફ (અલૈ.)ના ભાઈઓ પોતાના પિતાને એક દગો આપી ચૂક્યા હતા અને તેઓ જાણતા હતા કે અમારા પ્રસ્તુત વર્ણનથી પિતાને કદાપિ સંતોષ નહીં થાય અને તેઓ અમારી વાત ઉપર ક્યારેય વિશ્વાસ નહીં કરે, એટલા માટે વધારે તાકીદ માટે કહ્યું કે તમને અમારો વિશ્વાસ ન આવે તો તમે તે શહેરના લોકોથી તહકીક કરી લો જે શહેરમાં અમે હતા, એટલે કે મિસ્ર શહેર અને તમે તે કાફલાવાળાઓથી પણ તહકીક કરી શકો છો જે અમારી સાથે મિસ્રથી કન્આન આવ્યો છે અને અમે આ વાતમાં બિલકુલ સાચા છે.

તફસીરે મઝહરીમાં આ સ્થળે આ સવાલને દોહરાવવામાં આવ્યો છે કે હઝરત યૂસુફ (અલૈ.)એ પિતા સાથે આ પ્રમાણે વ્યવહાર કઈ રીતે કર્યો ? પોતે પોતાની હાલતની પણ જાણકારી ન આપી અને નાના ભાઈને પણ પોતાની પાસે રોકી લીધા જ્યારે કે વારંવાર આ ભાઈ મિસ્ર આવતા રહ્યા તે છતાં તેમને પોતાનું રહસ્ય ન બતાવ્યું કે પિતાને ખબર પણ ન મોકલી, આ બધી વાતોનો જવાબ તફસીરે મઝહરીમાં આ જ આપવામાં આવ્યો છે. اِنَّهٗ عَمِلَ ذٰلِكَ بِاَمْرِ اللّٰهِ تَعَالٰى لِيَزِيْدَ فِىْ بَلَاءِ يَعْقُوْبَ એટલે કે, હઝરત યૂસુફ (અલૈ.)એ આ બધું કામ અલ્લાહ તઆલાના હુકમથી કર્યું જેની ઇચ્છા હઝરત યાકૂબ (અલૈ.)ની કસોટી અને તકલીફની પૂર્ણતા કરવાની હતી.

હુકમો અને મસ્અલાઓ :

وَمَا شَهِدْنَا اِلَّا بِمَا عَلِمْنَا થી સાબિત થયું કે, મનુષ્ય જ્યારે કોઈનાથી કોઈ વ્યવહાર અને કરાર કરે છે તો તે જાહેર પરિસ્થિતિ ઉપર આધારિત હોય છે, એવી વસ્તુઓ ઉપર તે હાવી નથી હોતો કે જે કોઈની જાણમાં નથી. હઝરત યૂસુફ (અલૈ.)ના ભાઈઓએ પિતા સાથે બિનયામીનની હિફાઝતનો જે વાયદો કર્યો હતો તે પોતાના અધિકાર અને શક્તિની હદ સુધી મર્યાદિત હતો અને આ ચોરીના આરોપનો જ્યારે મા'મલો આવી ગયો અને તેમને પકડવામાં આવ્યા તેનાથી આ કરાર ઉપર કોઈ અસર નથી પડતો.

બીજો મસ્અલો તફસીરે કુર્તુબીમાં આ આયતથી એ સંપાદન કરવામાં આવ્યો છે કે આ વાક્યથી સાબિત થયું કે ગવાહીનો આધાર જાણકારી ઉપર છે, જાણકારી ભલે કોઈપણ પદ્ધતિથી પ્રાપ્ત થાય તે પ્રમાણે ગવાહી આપી શકાય છે, એટલા માટે કોઈ ઘટનાની ગવાહી જે રીતે તેને પોતાની આંખોએ જોઈ હોય આપી શકાય છે, એ જ પ્રમાણે કોઈ ભરોસાપાત્ર અને સાચા વ્યક્તિ પાસેથી સાંભળીને પણ આપી શકાય છે, શરત એ છે કે અસલ ઘટનાને ન છુપાવે, તેને વર્ણન કરી આપે કે મેં આ ઘટના નજરે નથી જોઈ પરંતુ ફલાણા સાચા વ્યક્તિ પાસેથી સાંભળી છે, આ જ સિદ્ધાંતની બીનાએ ફુકહાએ માલિકીયહે આંધળાની ગવાહીને પણ જાઇઝ ઠરાવી છે.

મસ્અલો :

પ્રસ્તુત આયતોથી એ પણ સાબિત થયું કે જો કોઈ વ્યક્તિ સાચો છે અને સન્માર્ગ ઉપર છે પરંતુ પરિસ્થિતિ એવી છે કે જોનારાને તે ખોટા માર્ગે અથવા ગુનાહમાં હોવાની શંકા ઉદ્દભવે તો તેની શંકાને દૂર કરવી જોઈએ, જેથી જોનાર બદ્‌ગુમાની (પૂર્વગ્રહ)ના ગુનાહમાં ન સપડાય, જેમકે બિનયામીનની ઘટનામાં અગાઉ બની ચૂકેલા હઝરત યૂસુફ (અલૈ.)ના કિસ્સાના કારણે આરોપ અને શંકાનો મોકો ઉપસ્થિત થઈ ગયો હતો એટલા માટે તેમની સફાઈ માટે વસ્તીવાળાઓની ગવાહી અને કાફલાવાળાઓની ગવાહી રજુ કરવામાં આવી.

રસૂલે કરીમ ﷺએ પોતાના કર્મોથી પણ તેની તાકીદ ફરમાવી છે, જ્યારે આપ ﷺ હઝરત સફીય્યહ (રદિ.) ઉમ્મુલ મુઅ્મિનીનની સાથે મસ્જિદની એક

ગલીમાંથી પસાર થઈ રહ્યા હતા તો તે ગલીના સામે છેડે બે વ્યક્તિઓ દેખાયા તો રસૂલે કરીમ ﷺએ સામેથી ફરમાવ્યું કે, મારી સાથે સફિય્યહ બિન્તે હુય્ય છે. આ બંને વ્યક્તિઓએ વિનંતી કરી, યા રસૂલુલ્લાહ ﷺ! શું તમારા વિશે કોઈને કોઈ બદ્‌ગુમાની થઈ શકે છે ? ત્યારે ફરમાવ્યું કે, હા ! શયતાન માણસની રગ-રગમાં પ્રવેશતો રહે છે, બની શકે છે કે કોઈના દિલમાં શંકા નાંખી દે.

(બુખારી અને મુસ્લિમ, કુર્તુબી)

આયતો : (સૂરએ યૂસુફ : આયત નં. ૮૩ થી ૮૭)

قَالَ بَلْ سَوَّلَتْ لَكُمْ اَنْفُسُكُمْ اَمْرًا ؕ فَصَبْرٌ جَمِيْلٌ ؕ عَسَى اللّٰهُ اَنْ يَّاْتِيَنِيْ بِهِمْ جَمِيْعًا ؕ
اِنَّهٗ هُوَ الْعَلِيْمُ الْحَكِيْمُ ﴿۸۳﴾ وَتَوَلّٰى عَنْهُمْ وَقَالَ يٰۤاَسَفٰى عَلٰى يُوْسُفَ وَابْيَضَّتْ عَيْنٰهُ
مِنَ الْحُزْنِ فَهُوَ كَظِيْمٌ ﴿۸۴﴾ قَالُوْا تَاللّٰهِ تَفْتَؤُا تَذْكُرُ يُوْسُفَ حَتّٰى تَكُوْنَ حَرَضًا اَوْ تَكُوْنَ
مِنَ الْهٰلِكِيْنَ ﴿۸۵﴾ قَالَ اِنَّمَاۤ اَشْكُوْا بَثِّيْ وَحُزْنِيْۤ اِلَى اللّٰهِ وَاَعْلَمُ مِنَ اللّٰهِ مَا لَا
تَعْلَمُوْنَ ﴿۸۶﴾ يٰبَنِيَّ اذْهَبُوْا فَتَحَسَّسُوْا مِنْ يُّوْسُفَ وَاَخِيْهِ وَلَا تَايْــَٔسُوْا مِنْ رَّوْحِ اللّٰهِ ؕ
اِنَّهٗ لَا يَايْــَٔسُ مِنْ رَّوْحِ اللّٰهِ اِلَّا الْقَوْمُ الْكٰفِرُوْنَ ﴿۸۷﴾

તરજુમો :

(યાકૂબ અલૈ.) બોલ્યા, કંઈ નથી; તમારા નફસે એક વાત બનાવી લીધી છે, હવે સબ્ર જ ઉત્તમ છે, કદાચ અલ્લાહ તે સૌને મારી પાસે લઈ આવે, તે જ સઘળું જાણનાર હિકમતોવાળો છે. (૮૩) અને તેમની પાસેથી પાછા ફર્યા અને બોલ્યા, હાય અફસોસ યૂસુફ (અલૈ.) ઉપર ! અને તેમની આંખો ગમથી સફેદ થઈ ગઈ, બસ તેઓ પોતાને રૂંધી રહ્યા હતા. (૮૪) કહેવા લાગ્યા, અલ્લાહની કસમ ! તમે યૂસુફ (અલૈ.)ની યાદને છોડવાના નથી જ્યાં સુધી કે ઓગળી જાઓ અથવા મુરદા થઈ જાઓ. (૮૫) બોલ્યા, હું તો મારી બેચેની અને ગમ અલ્લાહની સામે ખોલું છું અને અલ્લાહના તરફથી હું જાણું છું જે તમે નથી જાણતા. (૮૬) હે દિકરાઓ ! જાઓ અને યૂસુફ (અલૈ.)ની

શોધખોળ કરો અને તેના ભાઈની અને અલ્લાહની રહમત (ફૈઝ)થી નાઉમ્મીદ ન થાઓ, બેશક ! અલ્લાહની રહમત (ફૈઝ)થી નાઉમ્મીદ નથી થતા પરંતુ તે જ લોકો જેઓ કાફિર છે. (૮૭)

તફસીર :

(હઝરત) યાકૂબ (અલૈ. હઝરત યૂસુફ અલૈ.ના મા'મલામાં આ બધા પુત્રોથી ધોકો ખાઈ ચૂક્યા હતા, તો તે ભૂતકાળ ઉપર અનુમાન કરીને) ફરમાવવા લાગ્યા, (કે બિનયામીન ચોરીમાં સંડોવાયો નથી) બલકે તમે પોતાના દિલથી એક વાત ઘડી કાઢી છે, બસ (ખૈર, ભૂતકાળની જેમ) સબ્ર જ કરીશ જેમાં ફરિયાદનું નામ નહિ હોય (મને) અલ્લાહથી ઉમ્મીદ છે કે એમને (એટલે કે યૂસુફ અલૈ. અને બિનયામીન અને જે મોટો ભાઈ હવે મિસ્રમાં રહી ગયો છે તેમને) મારા સુધી પહોંચાડી આપે (કારણ કે), તે (દરેક પ્રકારની પરિસ્થિતિને) ખૂબ સારી પેઠે જાણે છે (એટલા માટે તેને બધાની ખબર છે કે તેઓ ક્યાં-ક્યાં અને કઈ-કઈ હાલતમા છે ? અને તે) મહાન હિકમતવાળો છે (જ્યારે મુલાકાત કરાવવા ઈચ્છશે હજારો માધ્યમો અને તદ્બીરો દુરુસ્ત કરી આપશે) અને (આ જવાબ આપીને એ કારણે કે તેમને ખૂબ દુઃખ થયું હતું) તેમણે બીજી તરફ ચહેરો કરી દીધો અને (તે જુનો ગમ તેમનો તાજો થઈ ગયો હોવાના કારણે હઝરત યૂસુફ અલૈ.ને યાદ કરીને) કહેવા લાગ્યા, હાય યૂસુફ ! અફસોસ ! અને ગમથી (રડતાં-રડતાં) તેમની આંખો સફેદ પડી ગઈ (કારણ કે વધારે રડવાથી આંખોની રોશની ઓછી થઈ જાય છે અથવા તો બિલકુલ અંધાપો આવી જાય છે) અને તે (ગમથી મનમાંને મનમાં) રુંધાયા કરતા હતા (કારણ કે સખત ગમની સાથે જ્યારે ધૈર્ય હોય છે જેમકે સબ્ર કરનારાઓની શા'ન હોય છે તો એક પ્રકારની મનમાં રુંધાવાની કેફિયત પેદા થાય છે) પુત્રો કહેવા લાગ્યા, ખરેખર ! (એવું લાગે છે કે) તમે હંમેશા-હંમેશ યૂસુફની યાદગીરીમાં લાગેલા રહેશો એટલે સુધી કે ગળાઈ (દુબળા પડી) જશો અથવા પ્રાણ ખોઈ બેસશો (તો પોતાના ગમથી શું લાભ ?) યાકૂબ (અલૈ.)એ ફરમાવ્યું, (તમારી સાથે મારા રડવાની શું ચર્ચા !) હું તો પોતાના રંજ-ગમ ફક્ત અલ્લાહ સામે ખોલું છું (તમને કંઈ જ નથી કહેતો) અને અલ્લાહની વાતો જેટલી હું જાણું છું તમે નથી જાણતા (વાતોનો ભાવાર્થ અત્રે યા તો અલ્લાહની રહમત અથવા કૃપા છે અથવા તો તે ઈલ્હામ છે જે સૌને ફરી

પાછા મળવા વિશે સીધે-સીધું થયું હતું અથવા તો સ્વપ્ન દ્વારા હઝરત યૂસુફ અલૈ. માટે છે કે જેની તા'બીર હજુ સુધી જાહેર થઈ ન હતી અને તે અવશ્ય બનવાનું જ હતું) હે મારા દિકરાઓ ! (હું મારો ગમ માત્ર અલ્લાહના દરબારમાં રજુ કરું છું અને તે તમામ કાર્ય-કારણનો માલિક છે પરંતુ એક જાહેર તદ્બીર તમે પણ કરો, એકવાર ફરી મુસાફરીમાં) જાઓ અને યૂસુફ તથા તેના ભાઈની શોધખોળ કરો (એટલે કે એ ફિકર અને યુક્તિ શોધો જેનાથી યૂસુફનું કોઈ નિશાન મળે અને બિનયામીનની મુક્તિ થાય) અને અલ્લાહ તઆલાની રહમતથી નિરાશ ન થાઓ, બેશક ! અલ્લાહની રહમતથી તે જ લોકો નિરાશ થાય છે જેઓ કાફિર છે.

મસ્અલા અને બોધપાઠ :

હઝરત યાકૂબ (અલૈ.)ના નાના દિકરા બિનયામીનની મિસ્રમાં ધરપકડ પછી તેમના ભાઈઓ વતન પરત આવ્યા અને હઝરત યાકૂબ (અલૈ.)ને આખી ઘટના કહી સંભળાવી અને વિશ્વાસ અપાવવાનો પ્રયત્ન કર્યો કે અમે આ ઘટનામાં બિલકુલ સાચા છે, આ વાતનું સમર્થન અને ખરાઈ તમે મિસ્રના લોકોથી પણ કરી શકો છો અને જે કાફલો અમારી સાથે મિસ્રથી કન્આન આવ્યો છે તેમનાથી પણ જાણકારી પ્રાપ્ત કરી શકો છો કે બિનયામીનની ચોરી પકડાઈ ગઈ એટલા માટે તેની ધરપકડ થઈ. આ અગાઉ હઝરત યાકૂબ (અલૈ.) સામે હઝરત યૂસુફ (અલૈ.) વિશે આ પુત્રોનું જૂઠ અને ફરેબ સાબિત થઈ ચૂક્યું હતું એટલા માટે આ સમયે પણ તેમને વિશ્વાસ ન થયો, જો કે હકીકતમાં તે સમયે તેમણે કોઈ જૂઠી વાત બનાવી ન હતી આથી આ મોકા ઉપર પણ તેમણે એ જ શબ્દો કહ્યા જે હઝરત યૂસુફ (અલૈ.)ના ગુમ થવાના સમયે કહ્યા હતા. بَلْ سَوَّلَتْ لَكُمْ اَنفُسُكُمْ اَمْرًا، فَصَبْرٌ جَمِيلٌ એટલે કે, આ વાતો જે તમે કહી રહ્યા છો તે સાચી નથી, તમે પોતે જ કોઈ વાત ઘડી કાઢી છે પરંતુ હું હજુ પણ સબ્ર જ કરું છું જે મારા માટે ઉત્તમ છે.

કુર્તુબીએ તેનું એ પરિણામ કાઢયું છે કે મુજ્તહિદ પોતાની વાત જે ઈજ્તિહાદથી કહે છે તેમાં ભૂલ થઈ શકે છે બલકે, એટલે સુધી કે પયગમ્બર પણ જે વાત પોતાના ઈજ્તિહાદથી કહે તેમાં પણ શરૂઆતમાં ગલતી થઈ જવાની શક્યતા છે, જેમકે આ મા'મલામાં બન્યું હતું કે પુત્રોના સાચને જૂઠું ઠરાવવામાં

આવ્યું પરંતુ અંબિયા (અલૈ.)ની ખાસિયત એ હોય છે કે તેમને અલ્લાહ તરફથી પોતાની ભૂલ ઉપર ચેતવી દેવામાં આવે છે અને તે ભૂલ સુધારી લેવામાં આવે છે અને પરિણામે તેઓ સત્ય પામી લે છે.

અહીંયાં એ પણ શક્ય છે કે હઝરત યાકૂબ (અલૈ.)ના દિમાગમાં વાત બનાવવા (ઉપજાવી કાઢવા)નો ભાવાર્થ તે વાત બનાવવાનો હોય જે મિસ્રૂરમાં બનાવવામાં આવી કે એક ખાસ હેતુ માટે ચોરીનું સ્વરૂપ ઊભું કરીને બિનયામીનને પકડવામાં આવ્યા જેનું પરિણામ ભવિષ્યમાં ઉત્તમ સ્વરૂપે ખુલવાનું હતું. આ આયતના આગલા વાક્યમાં એ તરફ પણ ઈશારો હોઈ શકે છે જેમાં ફરમાવ્યું, عَسَى اللّٰهُ اَنْ يَّاْتِيَنِىْ بِهِمْ جَمِيْعًا ط એટલે કે, નિકટમાં છે કે અલ્લાહ તઆલા તે બધાની મારી સાથે મુલાકાત કરાવી આપે.

ખુલાસો એ છે કે હઝરત યાકૂબ (અલૈ.)એ આ વખતે પોતાના પુત્રોની વાતને સ્વીકારી નહીં તેનો હેતુ એ હતો કે વાસ્તવમાં ચોરી થઈ જ ન હતી અને ન જ બિનયામીન પકડાયા છે પરંતુ વાત કંઈ બીજી જ છે અને તેઓ પોતાની જગ્યાએ સાચા હતા પરંતુ પુત્રોએ પોતાની જાણકારી પ્રમાણે જે કંઈ કહ્યું હતું તે પણ કંઈ ખોટું ન હતું.

وَتَوَلّٰى عَنْهُمْ وَقَالَ يٰاَسَفٰى عَلٰى يُوْسُفَ وَابْيَضَّتْ عَيْنَاهُ مِنَ الْحُزْنِ فَهُوَ كَظِيْمٌ ط
એટલે કે, હઝરત યાકૂબ (અલૈ.)એ તે બીજા આઘાત પછી પુત્રો સાથે આ વિશે વાતચીત કરવાનું છોડીને પોતાના પરવરદિગાર સામે કરગરવાનું શરૂ કર્યું અને ફરમાવ્યું કે મને સખત રંજ અને ગમ છે યૂસુફનો અને તે રંજ અને ગમમાં રડતાં-રડતાં તેમની આંખો સફેદ થઈ ગઈ, એટલે કે તેમની દૃષ્ટિ જતી રહી અને ખૂબ કમજોર થઈ ગયા. તફસીરના ઈમામ મુકાતિલ (રહ.) ફરમાવે છે કે આવી પરિસ્થિતિ હઝરત યાકૂબ (અલૈ.) ઉપર છ વર્ષો સુધી રહી કે તેમની જોવાની શક્તિ લગભગ ક્ષીણ થઈ ચૂકી હતી. فَهُوَ كَظِيْمٌ એટલે કે, પછી તેઓ મૌન થઈ ગયા, કોઈનાથી પોતાનું દુઃખ કહેતા ન હતા. كَظِيْمٌ (કઝીમ) એ كَظْمٌ (કઝ્મ)થી બને છે જેનો અર્થ "બંધ થઈ જવું" અથવા "ભરાઈ જવું" થાય છે. ભાવાર્થ એ છે કે ગમ અને રંજથી તેમનું દિલ ભરાઈ ગયું અને તેમની જીભ બંધ થઈ ગઈ કે કોઈને પોતાનો રંજ-ગમ વર્ણન કરતા ન હતા.

એટલા માટે كَظْم (કઝ્મ)નો અર્થ "ગુસ્સાને પી જવા"નો પણ થાય છે, ગુસ્સો દિલમાં ભરેલો હોવા છતાં ઝુબાન અથવા હાથ કોઈ વસ્તુ ગુસ્સાના તકાદા પ્રમાણે પ્રવૃત્તિ ન કરે તો હદીષમાં છે, وَمَنْ يَّكْظِمِ الْغَيْظَ يَاْجُرْهُ اللّٰهُ એટલે કે, "જે વ્યક્તિ પોતાના ગુસ્સાને પી જાય અને તેના તકાદા ઉપર અમલ કરવાની શક્તિ હોવા છતાં તેના ઉપર અમલ ન કરે અલ્લાહ તઆલા તેને મહાન બદલો આપશે."

એક હદીષમાં છે કે "હશ્રના દિવસે અલ્લાહ તઆલા એકત્રિત લોકો સામે જાહેરમાં એવા (ઉપરોક્ત પ્રમાણે ગુસ્સાને પી જનારા) લોકોને સામે લાવીને જન્નતી નેઅ્મતોનો અધિકાર આપશે કે જે ઇચ્છે તે લઈ લે."

ઈમામ ઈબ્ને જરીર (રહ.)એ આ સ્થળે એક હદીષ નકલ કરી છે કે, મુસીબતના સમયે اِنَّا لِلّٰهِ وَاِنَّآ اِلَيْهِ رَاجِعُوْنَ (ઈન્નાલિલ્લાહી વઈન્ના ઈલયહિ રાજીઊન) પઢવાનું પ્રોત્સાહન અને તાકીદ આ ઉમ્મતની વિશેષતાઓમાંથી છે કે આ વાક્ય મનુષ્યને રંજ-ગમ અને તકલીફથી મુક્તિ અપાવવા માટે ઘણું અસરકારક છે ખાસ કરીને ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺને; આથી જાણ થાય છે કે તે સખત અને ઊંડા આઘાત અને ગમના સમયે હઝરત યાકૂબ (અલૈ.)એ આ વાક્યના બદલે يٰٓاَسَفٰى عَلٰى يُوْسُفَ ફરમાવ્યું, બયહકીએ શોઅ્બુલ ઈમાનમાં પણ આ હદીષ ઈબ્ને અબ્બાસ (રદિ.) દ્વારા નકલ કરી છે.

હઝરત યાકૂબ (અલૈ.)ને આટલી બેપનાહ મહોબ્બત હઝરત યૂસુફ (અલૈ.) સાથે કેમ હતી ? :

આ સ્થળે હઝરત યાકૂબ (અલૈ.)ની હઝરત યૂસુફ (અલૈ.) સાથે આવી અસામાન્ય અને બેપનાહ મહોબ્બત તથા તેમની જુદાઈના ગમ ઉપર આટલા આઘાત અને તેમની જુદાઈના સમગ્ર સમયમાં જે અમુક રિવાયતોના આધારે ચાલીસ વર્ષ અને અમુક રિવાયતોના આધારે એંસી વર્ષ બતાવવામાં આવે છે, કેમ સતત રડતા રહ્યા એટલે સુધી કે તેમણે દૃષ્ટિ પણ ગુમાવી દીધી ! દેખીતી રીતે આ બાબત તેમની પયગમ્બર તરીકેની શા'નના યોગ્ય નથી કે અવલાદ સાથે આટલી મહોબ્બત કરે જ્યારે કુર્આને કરીમે અવલાદને ફિત્નો ઠરાવ્યો છે, ઈરશાદ છે, اِنَّمَآ اَمْوَالُكُمْ وَاَوْلَادُكُمْ فِتْنَةٌ એટલે કે, "તમારો માલ અને અવલાદ ફિત્નો અને

કસોટી છે." અને અંબિયા (અલૈ.)ની શા'ન કુર્આને કરીમે આ બતાવી છે કે, إِنَّا أَخْلَصْنٰهُم بِخَالِصَةٍ ذِكْرَى الدَّارِ એટલે કે, "અમે અંબિયા (અલૈ.)ને એક ખાસ સિફત સાથે ખાસ કરી લીધા છે, તે સિફત આ છે કે આખિરતના ઘરની યાદ." માલિક બિન દીનાર (રહ.)એ તેનો ભાવાર્થ એ વર્ણન કર્યો છે કે અમે તેમના દિલોમાંથી દુનિયાની મહોબ્બત કાઢી નાંખી અને ફક્ત આખિરતની મહોબ્બતથી તેમના દિલો ભરી દીધા, તેમની અંતિમ દષ્ટિ કોઈ વસ્તુના લેવા અથવા છોડવામાં ફક્ત આખિરત હોય છે.

આ બધી બાબતોથી આ મજબૂત શંકા એ સ્વરૂપે સામે આવી શકે છે કે હઝરત યાકૂબ (અલૈ.)નું અવલાદની મહોબ્બતમાં આટલું બધું ઓત-પ્રોત થઈ જવું કેવી રીતે યોગ્ય છે ?

હઝરત કાઝી ષનાઉલ્લાહ (રહ.)એ તફસીરે મઝહરીમાં આ શંકાનું વર્ણન કરીને હઝરત મુજદ્દિદે અલફે ષાની (રહ.)ના એક ખાસ સંશોધનનો હવાલો આપ્યો છે જેનો ખુલાસો આ પ્રમાણે છે કે, નિઃશંક ! દુનિયા અને દુનિયાના પદાર્થોની મહોબ્બત ટીકાપાત્ર છે, કુર્આન અને હદીષની અનેક નુસૂસ (આયતો) આ બાબતે સાક્ષી છે પરંતુ દુનિયામાં જે વસ્તુઓ આખિરત સાથે સંબંધ ધરાવે છે તેનો પ્રેમ વાસ્તવમાં આખિરતની મહોબ્બતમાં સામેલ છે. હઝરત યૂસુફ (અલૈ.)ની વિશેષતા અને ગુણ માત્ર ખૂબસૂરતી ન હતી બલકે પયગમ્બર તરીકેની પવિત્રતા તથા સારું ચારિત્ર પણ હતું. આ બધી વિશેષતાઓના કારણે તેમની સાથેનો પ્રેમ કોઈ દુનિયવી વસ્તુનો પ્રેમ ન હતો બલકે, વાસ્તવમાં આખિરતની જ મહોબ્બત હતી. (انتهى)

અત્રે એ વાત પણ ધ્યાનપાત્ર છે કે આ પ્રેમ જો કે વાસ્તવમાં દુનિયાનો પ્રેમ ન હતો પરંતુ તેમાં પણ એક પ્રકારનું દુનિયવી સ્વરૂપ દેખાતું હતું એટલા માટે આ મહોબ્બત હઝરત યાકૂબ (અલૈ.) માટે કસોટી અને આજમાઈશનું માધ્યમ બની ગયું અને ચાલીસ વર્ષોની જુદાઈનો અસહ્ય આઘાત સહન કરવો પડયો અને આ ઘટનાના પ્રથમથી અંત સુધીના વિભાગો એ બાબતની સાક્ષી આપે છે કે અલ્લાહ તઆલા તરફથી કંઈ એવો ઘટનાક્રમ બનતો ચાલ્યો ગયો કે આઘાત લાંબાથી લાંબો થતો ગયો નહિતર ઘટનાની શરૂઆતમાં આટલો ગાઢ પ્રેમ કરનાર પિતા માટે એ શક્ય ન હતું કે તેઓ પુત્રોની વાત સાંભળીને ઘરમાં

બેસી રહ્યા હોત બલકે, સ્થળ ઉપર પહોંચીને તેની સ્થળ તપાસ અવશ્ય કરી હોત અને તે સમયે તેમને જાણ થઈ ગઈ હોત, પરંતુ અલ્લાહ તઆલા તરફથી જ આવા સ્વરૂપો બનતા ચાલ્યા ગયા કે તે સમયે તેમને એ બાબતનું ધ્યાન ન રહ્યું, ત્યારબાદ હઝરત યૂસુફ (અલૈ.)ને વહી દ્વારા પોતાની હાલતની પિતાને ખબર મોકલવાથી અટકાવી દેવામાં આવ્યા એટલે સુધી કે મિસ્રની સત્તા અને શાસન પ્રાપ્ત થયા પછી પણ તેમણે કોઈ એવો પ્રયત્ન ન કર્યો અને તેનાથી પણ વધારે ધૈર્યની કસોટી કરતી એ ઘટનાઓ બની જે વારંવાર તેમના ભાઈઓના મિસ્ર જવા વિશે ઉપસ્થિત થતી રહી, તે સમયે પણ તેમના ભાઈઓ સામે પણ આ બાબતની જાહેરાત ન કરી અને ન જ પિતાને ખબર પહોંચાડવાનો પ્રયત્ન કર્યો બલકે, બીજા ભાઈને પણ પોતાની પાસે એક યુક્તિ દ્વારા રોકીને પિતાના આઘાતને બમણો કરી દીધો. આ બધી વસ્તુઓ હઝરત યૂસુફ (અલૈ.) જેવા બરગુઝીદહ પયગમ્બર દ્વારા ત્યાં સુધી શક્ય ન હતી જ્યાં સુધી કે તેમને વહી દ્વારા આવું કરવાથી અટકાવી દેવામાં ન આવ્યા હોય, એટલા જ માટે કુર્તુબી વગેરે તફસીરકારોએ હઝરત યૂસુફ (અલૈ.)ની આ બધી પ્રવૃત્તિઓને અલ્લાહની વહી દ્વારા હુકમ મળ્યો હોવાનું ઠરાવ્યું છે અને كَذٰلِكَ كِدْنَا لِيُوْسُفَ ના કુર્આનના ઈરશાદમાં પણ એ જ તરફ ઈશારો જોવા મળે છે.... વલ્લાહુ અઅ્લમુ.

قَالُوْا تَاللّٰهِ تَفْتَؤُا تَذْكُرُ يُوْسُفَ એટલે કે, પુત્રોએ પિતાને આ સખત આઘાત અને રંજો-ગમમાં વિલાપ કરતા અને તેના ઉપર ધૈર્ય કરીને મનમાંને મનમાં ઘૂંટાતા જોઈને કહેવા લાગ્યા કે, ખરેખર તમે તો યૂસુફ (અલૈ.)ને હંમેશા યાદ જ કરતા રહેશો એટલે સુધી કે તમે બીમાર પડી જશો અથવા મૃત્યુ પામનારાઓમાં સામેલ થઈ જશો. (અંતે દરેક આઘાત અને ગમની કોઈ મર્યાદા અને સીમા હોય છે, દિવસો પસાર થતા મનુષ્ય બધું ભૂલી જાય છે પરંતુ તમે આટલો લાંબો સમય પસાર થયા પછી પણ એ જ પ્રથમ દિવસ પ્રમાણે વિલાપ કરો છો અને તમારો ગમ એ જ પ્રમાણે હજુ તાજો છે).

હઝરત યાકૂબ અલયહિસ્સલામે પુત્રોની વાત સાંભળીને ફરમાવ્યું, اِنَّمَآ اَشْكُوْا بَثِّيْ وَحُزْنِيْٓ اِلَى اللّٰهِ એટલે કે, હું તો પોતાની ફરિયાદ અને રંજ-ગમની જાહેરાત તમારી અથવા અન્ય કોઈની સમક્ષ નથી કરતો બલકે, અલ્લાહ જલ્લ શા'નુહૂની પવિત્ર જાત સામે કરું છું એટલા માટે મને મારી હાલત ઉપર છોડી દો

અને સાથે જ એ પણ જાહેર કર્યું કે મારું આ યાદ કરવું વ્યર્થ જશે નહીં, હું મારા અલ્લાહ તઆલા તરફથી તે વસ્તુ જાણું છું જેની તમને ખબર નથી, એટલે કે અલ્લાહ તઆલાએ મને વાયદો કર્યો છે કે ફરીવાર મને તે બધા સાથે મુલાકાત કરાવશે.

يَٰبَنِىَّ ٱذْهَبُوا۟ فَتَحَسَّسُوا۟ مِن يُوسُفَ وَأَخِيهِ એટલે કે, હે મારા દિકારાઓ ! જાઓ, યૂસુફ અને તેના ભાઈને શોધી કાઢો અને અલ્લાહની કૃપાથી હતાશ ન થાઓ, કારણ કે તેની રહમતથી કાફિરો સિવાય કોઈ નિરાશ (હતાશ) થતું નથી.

હઝરત યાકૂબ (અલૈ.)એ આટલી મુદ્દત પછી પોતાના દિકરાઓને હુકમ આપ્યો કે, જાઓ ! યૂસુફ અને તેના ભાઈને શોધો અને તેમના મળવાથી નિરાશ ન થાઓ, આનાથી પહેલા આ પ્રમાણે તેમણે ક્યારેય હુકમ આપ્યો ન હતો. આ બધી બાબતો અલ્લાહની તકદીરના તા'બા હેઠળ હતી, આનાથી પહેલાં તેમની મુલાકાત તેમના નસીબમાં ન હતી એટલા માટે એવું કોઈ પણ કામ કરવામાં ન આવ્યું અને હવે મુલાકાતનો સમય આવી ચૂક્યો હતો એટલા માટે અલ્લાહ તઆલાએ તેની યોગ્ય તદ્દબીર દિલમાં નાંખી.

અને બંનેને શોધવાની દિશા મિસ્રને જ ઠરાવવામાં આવી જે બિનયામીનના માટે તો ચોક્કસ અને યોગ્ય હતી પરંતુ હઝરત યૂસુફ (અલૈ.)ને મિસ્રમાં શોધખોળ કરવાનું જાહેર પરિસ્થિતિ અનુસાર કોઈ ઔચિત્ય (કારણ) ન હતું પરંતુ અલ્લાહ તઆલા જ્યારે કોઈ કાર્યનો નિર્ધાર કરી લે છે તો તે કાર્યના યોગ્ય કારણો અને સામાન એકઠો કરી દે છે, એટલા માટે આ વખતે શોધખોળ માટે પુત્રોને ફરી એકવાર મિસ્ર જવાની સૂચના આપી. અમુક વિદ્વાનોએ નોંધ્યું છે કે હઝરત યાકૂબ (અલૈ.)એ પ્રથમ વખતે અઝીઝે મિસ્રના તે વ્યવહારથી કે તેમની પુંજી પણ તેમના સામાનમાં પાછી મૂકી દીધી હતી એ દિશાએ અનુમાન થઈ ગયું હતું કે આ સત્તાધીશ કોઈ ઘણો જ શરીફ, દયાળુ છે બલકે કદાચ હઝરત યૂસુફ (અલૈ.) જ છે.

હુકમો અને મસ્અલાઓ :

ઈમામ કુર્તુબી (રહ.)એ ફરમાવ્યું કે હઝરત યાકૂબ (અલૈ.)ની ઘટનાથી સાબિત થયું કે દરેક મુસલમાન ઉપર વાજિબ છે કે જ્યારે તેના ઉપર કોઈ

મુસીબત અથવા તકલીફ પોતાની જાત અથવા પોતાની અવલાદ કે માલ વિશે ઉપસ્થિત થાય તો તેનો ઈલાજ "સબ્રે જમીલ" અને અલ્લાહ તઆલાના ફૈસલા ઉપર રાજી થઈને કરે અને હઝરત યાકૂબ (અલૈ.) તથા અન્ય નબીઓનું અનુસરણ કરે.

હઝરત હસન બસરી (રહ.)એ ફરમાવ્યું કે, અલ્લાહ તઆલા નજીક મનુષ્ય જે પ્રમાણે મુસીબતના ઘૂંટ પી જાય છે તે બધામાં બે ઘૂંટ વધારે પ્રિય છે, એક, મુસીબત ઉપર સબ્ર (ધૈર્ય) અને બીજો, ગુસ્સાને પી જવો.

હદીષમાં હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે નબીએ કરીમ ﷺનો ઈરશાદ છે, مَنْ بَثَّ لَمْ يَصْبِرْ એટલે કે, જે વ્યક્તિ પોતાની મુસીબત સૌની સામે વર્ણન કરતો ફરે તેણે સબ્ર નથી કરી.

હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)એ ફરમાવ્યું કે, "અલ્લાહ તઆલાએ હઝરત યાકૂબ (અલૈ.)ને આ સબ્ર ઉપર શહીદોનો સવાબ અર્પણ કર્યો અને આ ઉમ્મતમાં પણ જે વ્યક્તિ મુસીબત ઉપર સબ્ર કરશે તેને આવો જ બદલો મળશે."

ઈમામ કુર્તુબી (રહ.)એ હઝરત યાકૂબ (અલૈ.)ની આ કઠોર કસોટીનું એક કારણ એ પણ વર્ણન કર્યું છે જે અમુક રિવાયતોમાં આવ્યું છે કે એક દિવસે હઝરત યાકૂબ (અલૈ.) તહજ્જુદની નમાઝ પઢી રહ્યા હતા અને હઝરત યૂસુફ (અલૈ.) તેમની સામે સૂઈ રહ્યા હતા, અચાનક હઝરત યૂસુફ (અલૈ.)ના નસકોરા બોલાવવા (ખર્રાટા)નો અવાજ નીકળી ગયો આથી તેમનું ધ્યાન હઝરત યૂસુફ (અલૈ.) તરફ ચાલ્યું ગયું, પછી બીજી અને ત્રીજી વખતે આવું જ થયું ત્યારે અલ્લાહ તઆલાએ ફરિશ્તાઓને ફરમાવ્યું, જુઓ ! આ મારો દોસ્ત અને પ્રિય બંદો મને સંબોધન અને વિનંતી કરવાની વચ્ચે મારા સિવાય અન્યની તરફ ધ્યાન આપી રહ્યો છે, કસમ છે મારી ઈજ્જત અને જલાલની કે હું તેની બંને આંખો કાઢી લઈશ જેનાથી મારાથી ગયૂર તરફ ધ્યાન આપ્યું છે અને જેના તરફ ધ્યાન આપ્યું છે તેને તેનાથી એક લાંબા સમય સુધી જુદા કરી આપીશ.

બુખારીની એક હદીષમાં હઝરત આયશા (રદિ.)ની રિવાયતમાં આવ્યું છે કે તેમણે રસૂલે કરીમ ﷺને પૂછ્યું કે, નમાઝમાં કોઈ બીજી તરફ જોવું કેવું છે ? ત્યારે આપ ﷺએ ફરમાવ્યું કે, તેના દ્વારા શયતાન બંદાની નમાઝને ઊંચકી લે છે. અલ્લાહ બચાવે...

આયતો : (સૂરએ યૂસુફ : આયત નં. ૮૮ થી ૯૨)

فَلَمَّا دَخَلُوا عَلَيْهِ قَالُوا يَا أَيُّهَا الْعَزِيزُ مَسَّنَا وَأَهْلَنَا الضُّرُّ وَجِئْنَا بِبِضَاعَةٍ مُزْجَاةٍ
فَأَوْفِ لَنَا الْكَيْلَ وَتَصَدَّقْ عَلَيْنَا ۖ إِنَّ اللَّهَ يَجْزِي الْمُتَصَدِّقِينَ ﴿٨٨﴾ قَالَ هَلْ
عَلِمْتُمْ مَا فَعَلْتُمْ بِيُوسُفَ وَأَخِيهِ إِذْ أَنْتُمْ جَاهِلُونَ ﴿٨٩﴾ قَالُوا أَإِنَّكَ لَأَنْتَ يُوسُفُ ۖ
قَالَ أَنَا يُوسُفُ وَهَٰذَا أَخِي ۖ قَدْ مَنَّ اللَّهُ عَلَيْنَا ۖ إِنَّهُ مَنْ يَتَّقِ وَيَصْبِرْ فَإِنَّ اللَّهَ لَا
يُضِيعُ أَجْرَ الْمُحْسِنِينَ ﴿٩٠﴾ قَالُوا تَاللَّهِ لَقَدْ آثَرَكَ اللَّهُ عَلَيْنَا وَإِنْ كُنَّا لَخَاطِئِينَ ﴿٩١﴾
قَالَ لَا تَثْرِيبَ عَلَيْكُمُ الْيَوْمَ ۖ يَغْفِرُ اللَّهُ لَكُمْ ۖ وَهُوَ أَرْحَمُ الرَّاحِمِينَ ﴿٩٢﴾

તરજુમો :

પછી જ્યારે તેમની પાસે દાખલ થયા, બોલ્યા, હે અઝીઝ (ગવર્નર) ! અમારા ઉપર અને અમારા ઘર ઉપર કઠણાઈ પડી અને અમે અધૂરી પુંજી લાવ્યા છે, બસ અમને ભરતી પૂરેપૂરી આપ અને અમારા ઉપર ખયરાત કર, અલ્લાહ ખયરાત કરનારાઓને બદલો આપે છે. (૮૮) (યૂસુફ અલૈ.એ કહ્યું) કંઈ તમને ખબર છે કે તમે યૂસુફ (અલૈ.) સાથે શું કર્યું અને તેના ભાઈની સાથે; જ્યારે તમને સમજ ન હતી ? (૮૯) બોલ્યા, એ સાચું ! તું જ યૂસુફ છે ? કહ્યું, હું યૂસુફ છું અને આ મારો ભાઈ છે, અલ્લાહે અમારા ઉપર અહેસાન કર્યું, અલબત્ત જે કોઈ ડરે છે અને સબ્ર કરે છે તો અલ્લાહ નેકીઓવાળાનો હક બરબાદ નથી કરતો. (૯૦) બોલ્યા, અલ્લાહની કસમ ! અલબત્ત અલ્લાહે તમને અમારા કરતાં પસંદ કર્યા અને અમે ખતાકાર હતા. (૯૧) કહ્યું, આજે તમારા ઉપર કોઈ આક્ષેપ નથી, અલ્લાહ તમને મા'ફ કરે અને તે સૌ મહેરબાનોથી વધારે મહેરબાન છે. (૯૨)

તફસીર :

પછી (હઝરત યાકૂબ અલૈ.ના હુકમ પ્રમાણે જે તેમણે ફરમાવ્યો હતો, تَحَسَّسُوا مِنْ يُوسُفَ وَأَخِيهِ મિસ્ર ચાલવા માંડ્યા, કારણ કે બિનયામીનને મિસ્રમાં જ છોડી આવ્યા હતા, એવો વિચાર થયો હશે કે જેનું ઠેકાણું ખબર છે

પ્રથમ તેને પાછા લાવવાની કોઈ યોજના બનાવીએ અથવા બાદશાહ પાસે માંગીએ પછી યૂસુફ અલૈ.ની શોધખોળ કરીશું, મતલબ કે મિસ્ર પહોંચીને) જ્યારે યૂસુફ (અલૈ.)ની પાસે (જેને તેઓ અઝીઝ સમજી રહ્યા હતા) પહોંચ્યા, (અને અનાજની પણ જરૂરિયાત હતી, બસ એ વિચાર આવ્યો કે અનાજના બહાને અઝીઝે મિસ્ર પાસે જઈએ અને તેને ખરીદવાના બહાને ખુશામતની વાતો કરીએ, જ્યારે તેના સ્વભાવમાં નમ્રતા દેખાય અને તે ખુશમિઝાજ લાગે તો બિનયામીનની દરખાસ્ત કરીએ, એટલા માટે પ્રથમ અનાજ લેવાની વાતચીત શરૂ કરી અને) કહેવા લાગ્યા, હે અઝીઝ ! અમને અને અમારા ઘરવાળાઓને (દુષ્કાળના કારણે) ઘણી તકલીફ પહોંચી રહી છે અને (કારણ કે અમને નાદારીએ ઘેરી લીધા છે એટલા માટે અનાજ ખરીદવા માટે પૂરતા નાણા પણ ઉપલબ્ધ નથી થયા) અમે જે કંઈ નકામી વસ્તુ લાવ્યા છે બસ તમે (તેના નકામી હોવા તરફ ધ્યાન ન આપીને) પૂરતું અનાજ આપી દો (અને આ નકામા હોવાથી અનાજના પ્રમાણમાં કોઈ કમી ન કરજો) અને (અમારો કોઈ હક નથી બલકે) અમને ખયરાત (સમજીને) આપી દો, બેશક ! અલ્લાહ તઆલા ખયરાત આપનારાઓને (ભલે હકીકતમાં ખયરાત આપે અથવા તો સહૂલત કરી આપે તે પણ ખયરાતમાં જ સામેલ છે) સારો બદલો આપે છે, (જો મો'મિન છે તો આખિરતમાં પણ નહીં તો દુનિયામાં જ બદલો મળે છે) યૂસુફ (અલૈ.)એ (જ્યારે તેમના આવા કાકલૂદીભર્યા શબ્દો સાંભળ્યા તો તેમનાથી રહી ન શકાયું અને તેમણે એવો ઈરાદો કર્યો કે હવે હું તેમની સામે જાહેર થઈ જાઉં અને કોઈ આશ્ચર્યની વાત નથી કે કદાચ ! દિલની રોશનીથી જાણી લીધું હોય કે હવે આ વખતે તેઓ શોધવા માટે આવ્યા છે તો હવે જુદાઈનો સમયગાળો પૂર્ણ થયો છે, કદાચ આ તેમના ઉપર કશ્ફ થઈ ગયો હોય, બસ ઓળખ છતી કરવા સ્વરૂપે) ફરમાવ્યું, (કહો) તે પણ તમને યાદ છે જે કંઈ તમે યૂસુફ અને તેના ભાઈની સાથે (વર્તન) કર્યું હતું જ્યારે કે તમારી અજ્ઞાનતાનો સમય હતો ? (અને તમારામાં સારા-નરસાની સમજ ન હતી, આવું સાંભળીને પ્રથમ તો તેઓ આશ્ચર્યચકિત્ થઈ ગયા કે અઝીઝે મિસ્રને યૂસુફના કિસ્સાથી શું લેવા-દેવા ? આ બાજુ તે શરૂઆતના સમયના સ્વપ્નની શક્યતા પ્રમાણે એવી સંભાવના પણ દેખાતી હતી કે હઝરત યૂસુફ અલૈ. કોઈ મોટા હોદ્દા ઉપર પહોંચ્યા હોય અને અમારે સૌને તેમની સામે શરમથી ગરદન

ઝૂકાવવી પડે એટલા માટે આ વાતચીતમાં તેમને સંદેહ થયો અને વિચાર કર્યો તો તેમને કંઈ ઓળખ છતી થતી ચાલી અને વધારે પાકું કરવા માટે) કહેવા લાગ્યા, શું ખરેખર તમે જ યૂસુફ છો ? તેમણે કહ્યું, (હા !) હું યૂસુફ છું અને આ (બિનયામીન) મારો (સગો) ભાઈ છે. (આ વાક્ય એટલા માટે વધારી દીધું કે, પોતાના યૂસુફ હોવાની તેમને પાકી ખાતરી થઈ જાય અથવા તેમની શોધખોળમાં તેઓની સફળતાની ખુશખબરી માટે હોય શકે છે, એટલા માટે કહ્યું જેને તમે શોધવા નીકળ્યા છે તે અમે બંને એક જ સ્થળે ભેગા છીએ). અમારા ઉપર અલ્લાહ તઆલાએ ઉપકાર કર્યો (કે અમને બંનેને પ્રથમ સબ્ર અને તકવાની તવફીક અર્પણ કરી, પછી તેની બરકતથી અમારી તકલીફને રાહતથી અને અમારી જુદાઈને મિલનથી અને અમારી તંગીને આર્થિક છૂટછાટ અને હોદ્દામાં ફેરવી દીધી) ખરેખર, જે વ્યક્તિ ગુનાહોથી બચે છે અને (મુસીબતો ઉપર) સબ્ર કરે છે તો અલ્લાહ તઆલા એવા નેક કામ કરનારાઓનો બદલો વ્યર્થ જવા દેતો નથી, તે (બધા જ પાછલા કિસ્સાઓને યાદ કરીને પસ્તાયા અને મા'ફી સ્વરૂપે) કહેવા લાગ્યા, ખરેખર કોઈ શંકા નથી, તમને તો અલ્લાહ તઆલાએ અમારા ઉપર શ્રેષ્ઠતા અર્પણ કરી છે (અને તમે તેના લાયક જ હતા) અને અમે (જે કંઈ કર્યું) બેશક ! (તેમાં) ખતાકાર હતા (અલ્લાહના વાસ્તે મા'ફ કરી આપો) યૂસુફ (અલૈ.)એ ફરમાવ્યું, નહીં ! આજે તમારા ઉપર (મારા તરફથી) કોઈ આક્ષેપ નથી (એટલા માટે નચિંત થઈ જાઓ, મારું દિલ સાફ થઈ ગયું છે) અલ્લાહ તઆલા તમારી ભૂલ મા'ફ કરે અને તે બધા મહેરબાનોથી વધારે મહેરબાન છે (તવબહ કરનારનો કુસૂર મા'ફ કરી આપે છે, આ દુઆથી એ પણ અર્થ થઈ ગયો કે મેં પણ તમને મા'ફ કરી આપ્યા).

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતોમાં હઝરત યૂસુફ (અલૈ.) અને તેમના ભાઈઓનો બાકીનો કિસ્સો ઉપસ્થિત છે કે તેમના પિતા હઝરત યાકૂબ (અલૈ.)એ તેમને એ હુકમ આપ્યો કે, જાઓ ! યૂસુફ અને તેના ભાઈને શોધી લાવો તો તેમણે ત્રીજી વખતે મિસ્રની મુસાફરી કરી કારણ કે બિનયામીન ત્યાં હોવાની તો તેમને ખબર જ હતી એટલા માટે પ્રથમ કોશીશ તેમની મુક્તિ માટે કરવાની હતી અને યૂસુફ (અલૈ.) મિસ્રમાં હોવાની તેમને ખબર ન હતી, પરંતુ જ્યારે કોઈ કામનો સમય આવી

જાય છે તો મનુષ્યની યોજનાઓ અજાણતામાં જ સાચી થતી જાય છે, જેમકે એક હદીષમાં છે કે જ્યારે અલ્લાહ તઆલા કોઈ કામનો ઈરાદો ફરમાવી લે છે તો તેના સબબો આપમેળે ભેગા કરી આપે છે, એટલા માટે હઝરત યૂસુફ (અલૈ.)ની શોધખોળ માટે પણ અજાણતામાં જ મિસ્રની મુસાફરી યોગ્ય હતી અને અનાજની પણ જરૂરત હતી અને એ વાત પણ હતી કે અનાજ માંગવાના બહાને અઝીઝે મિસ્રની મુલાકાત થશે અને તેમની પાસેથી પોતાના ભાઈ બિનયામીનની મુક્તિ માટે વિનંતી અને કાકલૂદી કરી શકીશું.

فَلَمَّا دَخَلُوا عَلَيْهِ قَالُوا الآيَة એટલે કે, જ્યારે યૂસુફના ભાઈઓ પિતાના હુકમ પ્રમાણે મિસ્ર પહોંચ્યા અને અઝીઝે મિસ્રને મળ્યા તો ખુશામત સાથે વાતચીત શરૂ કરી અને પોતાની અંતિમ કક્ષાની લાચારી અને વંચિતતાને જાહેર કરી કહ્યું, હે અઝીઝ ! અમને અમારા ઘરવાળાઓને દુષ્કાળના કારણે સખત તકલીફ પહોંચી રહી છે એટલે સુધી કે હવે અમારી પાસે અનાજ ખરીદવા માટે પૂરતી કિંમત પણ ઉપલબ્ધ નથી, અમે મજબૂર થઈને અમુક નકામી વસ્તુઓ અનાજ ખરીદવા માટે લાવ્યા છે, તમારી ઉદારતાથી આ નકામી વસ્તુનો સ્વીકાર કરી લો અને તેના બદલામાં પૂરતું એટલું જ અનાજ આપો જેટલું કે સારી કિંમતી વસ્તુઓના બદલામાં આપવામાં આવે છે, એ દેખીતું છે કે અમારો કાંઈ હક નથી તમે અમને ખયરાત સમજીને આપી દો, નિઃશંક ! અલ્લાહ તઆલા ખયરાત આપનારાઓને સારો બદલો આપે છે.

આ નકામી વસ્તુઓ શું હતી ? કુર્આન અને હદીષમાં તેનો કોઈ ખુલાસો જોવા મળતો નથી, એના વિશે તફસીરકારોના વિવિધ નિવેદનો નોંધાયા છે. અમુકે કહ્યું કે ખોટા દિરહમો હતા જે બજારમાં ચાલી શકે તેમ ન હતા, અમુકે કહ્યું કે અમુક ઘરવખરીનો સામાન હતો. આ શબ્દ مُزْجَاة નો તરજુમો છે જેનો મૂળ અર્થ એવી વસ્તુઓનો થાય છે જે પોતે ન ચાલી શકે બલકે તેને જબરદસ્તી ચલાવવામાં આવે.

હઝરત યૂસુફ (અલૈ.)એ જ્યારે ભાઈઓની આ અત્યંત કાકલૂદીભરી વિનંતીના શબ્દો સાંભળ્યા અને તેમની અત્યંત ખરાબ હાલત જોઈ તો સ્વાભાવિક રીતે હવે વાસ્તવિકતા જાહેર કરવા મજબૂર થઈ રહ્યા હતા અને ઘટનાક્રમની ગતિથી એ અંદાજો થઈ ગયો હતો કે હઝરત યૂસુફ (અલૈ.) ઉપર જે પોતાની

હાલતની જાહેરાત કરવાનું બંધન અલ્લાહ તઆલા તરફથી હતું હવે તેના સમાપ્ત થવાનો સમય આવી ચૂક્યો હતો. તફસીરે કુર્તુબી અને મઝહરીમાં ઈબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત નકલ થઈ છે કે આ તકે હઝરત યાકૂબ (અલૈ.)એ અઝીઝે મિસ્ર (હઝરત યૂસુફ અલૈ.)ના નામ એક પત્ર લખ્યો હતો જેનો વિષય આ હતો.

"યાકૂબ સફીઅલ્લાહ ઈબ્ને ઈસ્હાક ઝબીહુલ્લાહ ઈબ્ને ઈબ્રાહીમ ખલીલુલ્લાહ તરફથી અઝીઝે મિસ્રની સેવામાં ! અમ્મા બાદ, અમારું પુરું કુટુંબ બલાઓ અને કસોટીઓમાં પ્રખ્યાત છે, મારા દાદા ઈબ્રાહીમ ખલીલુલ્લાહની નમરૂદની આગથી પરીક્ષા લેવામાં આવી, પછી મારા પિતા ઈસ્હાકની કઠોર કસોટી કરવામાં આવી, પછી મારા એક પુત્ર દ્વારા મારી પરીક્ષા લેવામાં આવી જે મને સૌથી વધારે પ્રિય હતો એટલે સુધી કે તેની જુદાઈમાં મારી દૃષ્ટિ જતી રહી ત્યારબાદ તેનો એક નાનો ભાઈ મારા ગમની સાંત્વનાનો સામાન હતો જેને તમે ચોરીના આરોપમાં પકડી લીધો અને હું બતાવું છું કે અમે અંબિયા (અલૈ.)ની અવલાદ છે, ન તો અમે ક્યારેય ચોરી કરી છે અને ન જ અમારી અવલાદમાં કોઈ ચોર પેદા થયો. વસ્સલામ."

હઝરત યૂસુફ (અલૈ.)એ જ્યારે આ પત્ર વાંચ્યો તો કાંપી ઊઠયા અને અનાયાસે (બેકાબૂ થઈ) રડવા લાગ્યા અને પોતાના રહસ્યને ખોલી નાંખ્યું. આ પરિચય અને ઓળખ સ્વરૂપે ભાઈઓને એ સવાલ કર્યો કે તમને કંઈ એ પણ યાદ છે કે તમે યૂસુફ અને તેના ભાઈની સાથે શું-શું વર્તાવ કર્યો હતો જ્યારે કે તે તમારી જહાલતકાળનો સમય હતો ? તમારામાં સારા-નરસાની સમજ ન હતી અને તેના પરિણામથી ગાફેલ અને બેદરકાર હતા !

હઝરત યૂસુફ (અલૈ.)ના ભાઈઓએ જ્યારે આ સવાલ સાંભળ્યો તો ચક્કર ખાઈ ગયા કે અઝીઝે મિસ્રને યૂસુફના કિસ્સાથી શું લેવા-દેવા ? પછી તે બાજુ પણ ધ્યાન ગયું કે યૂસુફે જે સ્વપ્ન બાળપણમાં જોયું હતું, તેની તા'બીર પણ આ જ હતી કે તેમને કોઈ ઉચ્ચ હોદ્દો પ્રાપ્ત થશે અને અમારે બધાને તેમની સામે ઝૂકવું પડશે, ક્યાંક આ અઝીઝે મિસ્ર પોતે જ યૂસુફ ન હોય ! પછી જ્યારે વધારે વિચાર અને ધ્યાન આપ્યું તો અમુક નિશાનીઓથી ઓળખી લીધા અને વધારે તહકીક અને પાકું કરવા માટે તેમને કહ્યું,

اَئِنَّكَ لَاَنْتَ يُوْسُفُ શું ખરેખર તમે જ યૂસુફ (અલૈ.) છો ? ત્યારે હઝરત યૂસુફ (અલૈ.)એ ફરમાવ્યું કે, હા ! હું જ યૂસુફ છું અને આ બિનયામીન મારો સગો ભાઈ છે, ભાઈનો ઉલ્લેખ એટલા માટે વધારી દીધો કે તેમને સારી રીતે પાકો વિશ્વાસ થઈ જાય, વળી એટલા માટે પણ કે તેમના ઉપર તે સમયે પોતાના હેતુની સંપૂર્ણ સફળતા જાહેર થઈ જાય કે જે બે ભાઈઓને શોધવા તમે નીકળ્યા હતા તે બંને એક જ સ્થળે એક જ સમયે તમને મળી ગયા, પછી ફરમાવ્યું,

قَدْ مَنَّ اللّٰهُ عَلَيْنَا ؕ اِنَّهٗ مَنْ يَّتَّقِ وَيَصْبِرْ فَاِنَّ اللّٰهَ لَا يُضِيْعُ اَجْرَ الْمُحْسِنِيْنَ ؕ

એટલે કે, અલ્લાહ તઆલાએ અમારા ઉપર મોટું અહેસાન અને કૃપા કરી કે, પ્રથમ અમને બંનેને સબ્ર અને તકવાના બે ગુણ અર્પણ કર્યા જે સંપૂર્ણ સફળતા અને દરેક મુસીબતનું સુરક્ષા કવચ છે, પછી અમારી તકલીફને રાહતથી, અમારી જુદાઈને મિલનથી, માલ અને હોદ્દાની વંચિતતાને તેની છૂટછાટથી પરિવર્તિત કરી દીધી, બેશક ! જે વ્યક્તિ ગુનાહોથી બચે છે અને મુસીબતમાં સબ્ર કરે છે તો અલ્લાહ તઆલા એવા નેક કામ કરનારાઓના સારા બદલાને વ્યર્થ જવા દેતો નથી.

હવે, હઝરત યૂસુફ (અલૈ.)ના ભાઈઓ પાસે પોતાના ગુનાહ અને ભૂલનો એકરાર કરવા સિવાય અને હઝરત યૂસુફ (અલૈ.)ની શ્રેષ્ઠતા તથા તેમની બુઝૂર્ગીનો સ્વીકાર કરવા સિવાય કોઈ છૂટકો ન હતો. સૌએ એકીસાથે કહ્યું, تَاللّٰهِ لَقَدْ اٰثَرَكَ اللّٰهُ عَلَيْنَا وَاِنْ كُنَّا لَخٰطِئِيْنَ ખરેખર, અલ્લાહ તઆલાએ તમને અમારા બધા ઉપર શ્રેષ્ઠતા અને ઉચ્ચતા અર્પી છે અને તમે તેના જ હકદાર હતા અને અમે જે કંઈ કર્યું બેશક ! અમે તેમાં ખતાવાર (ભૂલ ઉપર) હતા, અલ્લાહના વાસ્તે મા'ફ કરી આપો, હઝરત યૂસુફ (અલૈ.)એ જવાબમાં પોતાની પયગમ્બર તરીકેની શાન પ્રમાણે ફરમાવ્યું,

لَا تَثْرِيْبَ عَلَيْكُمْ એટલે કે, મેં તમારી પાસેથી તમારા અત્યાચારનો બદલો નથી લીધો, આજે તમારી કોઈ નીંદા પણ નથી કરતું, આ રીતે પોતાના તરફથી મા'ફીની ખુશખબરી પણ સંભળાવી દીધી અને પછી અલ્લાહ તઆલા પાસે દુઆ કરી, يَغْفِرُ اللّٰهُ لَكُمْ وَهُوَ اَرْحَمُ الرّٰحِمِيْنَ એટલે કે, અલ્લાહ તઆલા તમારી ભૂલોને મા'ફ કરે તે બધા મહેરબાનોથી વધારે મહેરબાન છે.

પછી ફરમાવ્યું, اِذْهَبُوْا بِقَمِيْصِىْ هٰذَا فَاَلْقُوْهُ عَلٰى وَجْهِ اَبِىْ يَاْتِ بَصِيْرًا ، وَاْتُوْنِىْ بِاَهْلِكُمْ اَجْمَعِيْنَ એટલે કે, મારો આ કુરતો લઈને જાઓ અને તેને મારા પિતાના ચહેરા ઉપર નાંખી દો તેનાથી તેમની દૃષ્ટિ રોશન થઈ જશે જેનાથી તેઓ અહીંયાં પધારી શકશે અને પોતાના બાકીના ઘરવાળાઓને પણ મારી પાસે લઈ આવો જેથી બધા મળીએ અને ખુશ થઈએ અને અલ્લાહ તઆલાની આપેલી નેઅ્મતોથી લાભ ઉઠાવીએ અને શુક્ર કરીએ (ઉપકાર માનીએ).

હુકમો અને માર્ગદર્શનો :

પ્રસ્તુત આયતોથી ઘણા બધા હુકમો અને મસ્અલાઓ તથા માનવજીવન માટે મહત્ત્વના માર્ગદર્શન પ્રાપ્ત થાય છે.

પ્રથમ શબ્દ تَصَدَّقْ عَلَيْنَا (તસદ્દક અલયના)થી એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે હઝરત યૂસુફ (અલૈ.)ના ભાઈઓ અંબિયા (અલૈ.)ની અવલાદ છે, તેમના માટે સદકહ અને ખયરાત કઈ રીતે હલાલ હતું ? બીજું, જો સદકહ હલાલ પણ હોય તો સવાલ કરવો કઈ રીતે જાઇઝ હતો ? હઝરત યૂસુફ (અલૈ.)ના ભાઈઓ જો નબીઓ ન પણ હોય તે છતાં પણ હઝરત યૂસુફ (અલૈ.) તો પયગમ્બર હતા તેમણે આ ભૂલની તેમને કેમ જાણ ન કરી ?

તેનો સ્પષ્ટ જવાબ એ છે કે, અહીંયાં શબ્દ "સદકહ"થી વાસ્તવિક સદકહ ભાવાર્થ તરીકે નથી બલકે, વ્યવહારમાં સરળતા કરવાને "સદકહ" અને "ખયરાત" કરવાથી ઓળખાવવામાં આવ્યું છે, કારણ કે મફત અનાજનો સવાલ તો તેમણે કર્યો જ ન હતો બલકે અમુક નકામી ચીજ-વસ્તુઓ રજુ કરી હતી અને દરખાસ્તનો હેતુ એ હતો કે તેમને ઓછી કિંમતે ભાવમાં સહૂલત કરી સ્વીકારી લેવામાં આવે, તે ઉપરાંત એવું પણ હોઈ શકે છે કે અંબિયા (અલૈ.)ની અવલાદ માટે સદકહ અને ખયરાત હરામ હોવું માત્ર ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺ માટેનો ખાસ હુકમ હોય જેમકે, તફસીરના ઈમામ મુજાહિદ (રહ.)નું પણ એ જ નિવેદન છે.

(બયાનુલ કુર્આન)

اِنَّ اللّٰهَ يَجْزِى الْمُتَصَدِّقِيْنَ થી જાણ થઈ કે અલ્લાહ તઆલા સદકહ અને અને ખયરાત કરનારાઓને સારો બદલો આપે છે પરંતુ તેની વિગત એ છે કે સદકહ અને ખયરાતનો એક બદલો તો સર્વસામાન્ય છે કે દરેક મો'મિન અને

કાફિરને દુનિયામાં જ મળે છે તે બલા ટળવાના સ્વરૂપે છે તથા મુસીબતો દૂર થવી વગેરે છે અને એક બદલો આખિરતની સાથે ખાસ છે એટલે કે જન્નત; અને ફક્ત તે ઈમાનવાળાઓનો હિસ્સો છે. અત્રે અઝીઝે મિસ્રને સંબોધન થયું છે અને હઝરત યૂસુફ (અલૈ.)ના ભાઈઓને હજુ સુધી એ ખબર ન હતી કે તેઓ મો'મિન છે કે નહીં ? એટલા માટે તેમણે એવું સર્વસામાન્ય વાક્ય કહ્યું જેમાં દુનિયા અને આખિરત બંનેનો બદલો સામેલ છે. *(બયાનુલ કુર્આન)*

તદુપરાંત દેખીતી રીતે આ જગ્યાએ મોકો એવો પણ છે કે આ સંબોધન અઝીઝે મિસ્ર (હઝરત યૂસુફ અલૈ.)ને હતું એટલા માટે આ વાક્યમાં પણ સંબોધનના આજ્ઞા સ્વરૂપે જ એવું કહેવામાં આવ્યું હોત કે તમને અલ્લાહ તઆલા સારો બદલો આપે પરંતુ તેમનું મો'મિન હોવું હજુ સુધી તેમને જાણ ન હતી, એટલા માટે તેમણે સામાન્ય વિષય અપનાવ્યો અને ખાસ સ્વરૂપે તેમને બદલો મળવાનું વર્ણન ન કર્યું. *(કુર્તુબી)*

قَدْ مَنَّ اللّٰهُ عَلَيْنَا થી સાબિત થયું કે જ્યારે માનવી કોઈ તકલીફ અથવા મુસીબતમાં સપડાય છે અને અલ્લાહ તઆલા તેને તેનાથી છુટકારો આપી પોતાની નેઅ્મતથી નવાઝે તો હવે તેણે પોતાની પાછલી તકલીફોનું વર્ણન કરવાને બદલે અલ્લાહ તઆલાના તે ઈનામ અને અહેસાનનું જ વર્ણન કરવું જોઈએ જે હવે તેને પ્રાપ્ત થયું છે, મુસીબતથી છુટકારો અને અલ્લાહના ઈનામ પ્રાપ્ત કર્યા પછી પણ પાછલી તકલીફોના અને મુસીબતોના રોદણા રડતાં રહેવું એ નાશુક્રી છે, આ જ નાશુક્રીને કુર્આને કરીમે كَنُوْد (કનૂદ) કહ્યું છે. اِنَّ الْاِنْسَانَ لِرَبِّهٖ لَكَنُوْد તેમાં "કનૂદ" તે વ્યક્તિને કહે છે જે અહેસાન યાદ ન રાખે, ફક્ત તકલીફો અને મુસીબતોને યાદ રાખે.

આથી હઝરત યૂસુફ (અલૈ.)ના ભાઈઓની પ્રવૃત્તિથી લાંબા સમય સુધી જે મુસીબતો વેઠવી પડી હતી તેનું તે સમયે કોઈ વર્ણન કર્યું નહીં, બલકે અલ્લાહ જલ્લ શા'નુહૂના ઈનામોનો જ ઉલ્લેખ કર્યો.

સબ્ર (ધૈર્ય) અને તકવા (અલ્લાહનો ડર) દરેક મુસીબતનો ઇલાજ છે:

اِنَّهٗ مَنْ يَّتَّقِ وَيَصْبِرْ થી જાણ થઈ કે તકવા એટલે કે ગુનાહોથી બચવું અને તકલીફો ઉપર સબ્ર અને ધીરજ ધરવી તથા મક્કમ રહેવું, આ બે લક્ષણો એવા છે

જે મનુષ્યને દરેક મુસીબતોથી અને બલાઓથી છુટકારો અપાવે છે. કુર્આને કરીમે ઘણા બધા ઠેકાણે આ બે લક્ષણો ઉપર મનુષ્યની સફળતા અને કામિયાબીનો આધાર રાખ્યો છે. ઈરશાદ છે, وَاِنْ تَصْبِرُوْا وَتَتَّقُوْا لَا يَضُرُّكُمْ كَيْدُهُمْ شَيْئًا એટલે કે, જો તમે સબ્ર અને તકવો અપનાવી લો તો દુશ્મનોની વિરોધી યુક્તિઓ તમારું કોઈ નુકસાન પહોંચાડી શકશે નહીં. (૩:૧૨૦)

અત્રે દેખીતી રીતે એ દા'વો થતો હોવાની જાણ થાય છે કે હઝરત યૂસુફ (અલૈ.) પોતાના મુત્તકી અને સબ્ર કરનારા હોવાની જાહેરાત કરી રહ્યા છે કે, અમારા સબ્ર અને તકવાના કારણે અમને મુસીબત અને મુશ્કેલીઓથી છુટકારો પ્રાપ્ત થયો અને ઉચ્ચ કક્ષાના દરજ્જાઓ મળ્યા પરંતુ કોઈનો પોતાના તકવાનો દા'વો કરવો કુર્આનની નસ (સ્પષ્ટ દલીલ) દ્વારા મનાઈ કરવામાં આવી છે. فَلَا تُزَكُّوْٓا اَنْفُسَكُمْ هُوَ اَعْلَمُ بِمَنِ اتَّقٰى એટલે કે, "પોતાની પવિત્રતા ન જતાવો અલ્લાહ જ જાણે છે કે કોણ મુત્તકી છે." (૫૩:૩૨) પરંતુ અત્રે વાસ્તવમાં દા'વો નથી બલકે, નેઅ્મતોની જાહેરાત અને અલ્લાહ તઆલાના ઉપકારોનો ઉલ્લેખ છે કે તેણે પ્રથમ અમને સબ્ર અને તકવાની તવકફીનું ઇનામ અર્પણ કર્યું પછી તેના દ્વારા બધા જ પ્રકારની નેઅ્મતો અર્પણ કરી.

لَا تَثْرِيْبَ عَلَيْكُمُ الْيَوْمَ એટલે કે, આજે તમારા ઉપર કોઈ મલામત નથી, આ ઉચ્ચ કક્ષાના દયાયુક્ત વ્યવહારનું ઉચ્ચ સ્થાન છે કે જાલિમને ફક્ત મા'ફ જ નથી કર્યા બલકે એ પણ જાહેર કરી દીધું કે આજે તમારા ઉપર કોઈ મલામત (ટીકા-નીંદા) પણ નથી.

આયતો : (સૂરએ યૂસુફ : આયત નં. ૯૩ થી ૧૦૦)

اِذْهَبُوْا بِقَمِيْصِيْ هٰذَا فَاَلْقُوْهُ عَلٰى وَجْهِ اَبِيْ يَاْتِ بَصِيْرًا ۚ وَاْتُوْنِيْ بِاَهْلِكُمْ اَجْمَعِيْنَ ﴿۹۳﴾ ع
وَلَمَّا فَصَلَتِ الْعِيْرُ قَالَ اَبُوْهُمْ اِنِّيْ لَاَجِدُ رِيْحَ يُوْسُفَ لَوْلَآ اَنْ تُفَنِّدُوْنِ ﴿۹۴﴾ قَالُوْا
تَاللّٰهِ اِنَّكَ لَفِيْ ضَلٰلِكَ الْقَدِيْمِ ﴿۹۵﴾ فَلَمَّآ اَنْ جَآءَ الْبَشِيْرُ اَلْقٰىهُ عَلٰى وَجْهِهٖ فَارْتَدَّ
بَصِيْرًا ۚ قَالَ اَلَمْ اَقُلْ لَّكُمْ ۚ اِنِّيْٓ اَعْلَمُ مِنَ اللّٰهِ مَا لَا تَعْلَمُوْنَ ﴿۹۶﴾ قَالُوْا يٰٓاَبَانَا

اسْتَغْفِرْ لَنَا ذُنُوبَنَآ إِنَّا كُنَّا خَٰطِـِٔينَ ﴿٩٧﴾ قَالَ سَوْفَ أَسْتَغْفِرُ لَكُمْ رَبِّىٓ ۖ إِنَّهُۥ هُوَ
ٱلْغَفُورُ ٱلرَّحِيمُ ﴿٩٨﴾ فَلَمَّا دَخَلُوا۟ عَلَىٰ يُوسُفَ ءَاوَىٰٓ إِلَيْهِ أَبَوَيْهِ وَقَالَ ٱدْخُلُوا۟ مِصْرَ إِن
شَآءَ ٱللَّهُ ءَامِنِينَ ﴿٩٩﴾ وَرَفَعَ أَبَوَيْهِ عَلَى ٱلْعَرْشِ وَخَرُّوا۟ لَهُۥ سُجَّدًا ۖ وَقَالَ يَٰٓأَبَتِ
هَٰذَا تَأْوِيلُ رُءْيَٰىَ مِن قَبْلُ قَدْ جَعَلَهَا رَبِّى حَقًّا ۖ وَقَدْ أَحْسَنَ بِىٓ إِذْ أَخْرَجَنِى مِنَ
ٱلسِّجْنِ وَجَآءَ بِكُم مِّنَ ٱلْبَدْوِ مِنۢ بَعْدِ أَن نَّزَغَ ٱلشَّيْطَٰنُ بَيْنِى وَبَيْنَ إِخْوَتِىٓ ۚ إِنَّ رَبِّى
لَطِيفٌ لِّمَا يَشَآءُ ۚ إِنَّهُۥ هُوَ ٱلْعَلِيمُ ٱلْحَكِيمُ ﴿١٠٠﴾

તરજુમો :

આ મારો કુરતો લઈ જાઓ અને તેને મારા બાપના મોઢાં ઉપર નાંખો કે આંખોથી દેખતા (થઈને) ચાલ્યા આવે અને મારી પાસે પોતાના બધા ઘરવાળાઓને લઈ આવો. (૯૩) અને જ્યારે કાફલો અલગ થયો, તેમના બાપે કહ્યું, હું યૂસુફ (અલૈ.)ની ગંધ પામું છું, જો મને એવું ન કહો કે ઘરડો બહેકી ગયો. (૯૪) લોકો બોલ્યા, અલ્લાહની કસમ ! તમે તો પોતાની તે જ જૂની ભૂલમાં છો. (૯૫) પછી જ્યારે ખુશખબરીવાળો પહોંચ્યો, તેણે તે કુરતો તેમના મોઢાં ઉપર નાંખ્યો, પછી ફરી પાછા દેખતા થઈ ગયા; બોલ્યા, મેં તમને એ ન કહ્યું હતું કે હું અલ્લાહના તરફથી જાણું છું જે તમે નથી જાણતા. (૯૬) બોલ્યા, હે પિતાજી ! અમારા ગુનાહોને મા'ફ કરાવ, બેશક ! અમે ખતાકાર હતા. (૯૭) કહ્યું, થોભો ! તમને પોતાના પરવરદિગારથી બખ્શાવીશ, તે જ છે બખ્શનારો મહેરબાન. (૯૮) પછી જ્યારે યૂસુફ (અલૈ.)ની પાસે દાખલ થયા, પોતાના માતા-પિતાને પોતાની પાસે જગ્યા આપી અને કહ્યું, અલ્લાહે ઈચ્છયું તો મિસ્રમાં ઈત્મિનાનથી (સંતોષપૂર્વક) દાખલ થાઓ. (૯૯) અને પોતાના માતા-પિતાને તખ્ત ઉપર ઊંચા બેસાડ્યા અને સૌ તેમની આગળ સિજ્દહમાં પડ્યા અને કહ્યું, હે પિતાજી ! આ તા'વીલ (તા'બીર) છે મારા પ્રથમ સ્વપ્નની, તેને મારા પરવરદિગારે સાચું કરી દીધું અને તેણે મારા ઉપર ઈનામ કર્યું જ્યારે મને જેલખાનેથી

કાઢયો અને તમને ગામડેથી લઈ આવ્યો એ પછી કે શયતાન મારા અને મારા ભાઈઓમાં ઝઘડો નાંખી ચૂક્યો હતો, મારો પરવરદિગાર તદ્બીરથી કરે છે જે ઈચ્છે છે; બેશક ! તે જ છે સઘળું જાણનાર હિકમતવાળો. (૧૦૦)

તફસીર :

હવે તમે (મારા બાપને જઈને ખુશખબરી આપો અને ખુશખબરીની સાથે) મારો આ કુરતો (પણ) લેતા જાઓ અને તેને મારા પિતાના ચહેરા ઉપર નાંખી દો, (તેનાથી) તેમની આંખો રોશન થઈ જશે (અને અહીંયાં પધારશે) અને પોતાના (બાકી) ઘરવાળાઓને (પણ) સૌને મારી પાસે લઈ આવો (કે બધા મળીએ અને ખુશ થઈએ, કારણ કે અત્યારની પરિસ્થિતિમાં મારું ત્યાં જવું મુશ્કેલ છે એટલા માટે ઘરવાળા જ અહીંયાં ચાલ્યા આવે) અને જ્યારે (યૂસુફ અલૈ. સાથે વાતચીત થઈ ચૂકી અને તેમના કહ્યા પ્રમાણે કુરતો લઈને ચાલવાની તૈયારી કરી અને) કાફલો (મિસ્ર શહેરથી) ચાલ્યો, (જેમાં આ લોકો પણ હતા) તો તેમના પિતાએ (પાસેવાળાઓને) કહેવાનું શરૂ કર્યું કે જો તમે મને ઘડપણમાં બહેકેલી વાતો કરનારો ન સમજો તો એક વાત કહું કે મને તો યૂસુફ (અલૈ.)ની સુગંધ આવી રહી છે (મોઅ્જિઝો ઈચ્છાવર્તી નથી હોતો એટલા માટે પ્રથમ તેની જાણ ન થઈ), તે (પાસેવાળા) કહેવા લાગ્યા, ખરેખર તમે તો પોતાના તે જ ખોટા ભ્રમમાં પડેલા છો (કે યૂસુફ જીવતો છે અને મળશે, એ જ વિચાર છવાયેલો હોવાના કારણે હવે તેની ખૂશ્બુનો ભ્રમ થઈ ગયો છે ન તો વાસ્તવમાં કોઈ સુગંધ છે અને ન જ કંઈ બીજું છે, હઝરત યાકૂબ અલૈ. મૌન રહ્યા) બસ, જ્યારે (યૂસુફ અલૈ. સહી–સલામત હોવાની) ખુશખબરી લાવનાર (કુરતા સાથે અહીંયાં) આવી પહોંચ્યો તો (આવતાંની સાથે જ) તેણે તે કુરતો તેમના મોઢા ઉપર નાંખી દીધો બસ, (આંખોને લાગતાની સાથે જ તેની ખૂશ્બુ મગજમાં પહોંચી અને) તરત જ તેમની આંખો ખુલી ગઈ (અને તેમને સમગ્ર ઘટના કહી સંભળાવી), તેમણે (બેટાઓને) કહ્યું, હું તમને કહેતો ન હતો કે અલ્લાહની વાતોને જેટલી હું જાણું છું તેટલી તમે નથી જાણતા (અને એટલા માટે મેં તમને યૂસુફની શોધખોળ માટે મોકલ્યા હતા, જૂઓ ! અંતે અલ્લાહ તઆલાએ મારી આશા સાચી કરી બતાવી, તેમનું આ નિવેદન આનાથી ઉપરના એક રુકૂઅ્માં આવી ચૂક્યું છે, તે સમયે) બધા પુત્રોએ કહ્યું કે હે અમારા બાપ ! અમારા માટે (અલ્લાહ પાસે) અમારા

ગુનાહોની મા'ફી કરાવો (અમે જે કંઈ તમને હઝરત યૂસુફ અલૈ. વિશે તકલીફ આપી) અમે બેશક ! ખતાવાર હતા, (મતલબ એ છે કે તમે પણ અમને મા'ફ કરી આપો કારણ કે સ્વાભાવિક રીતે કોઈના માટે મા'ફી તે જ માંગે છે.જે પોતે પણ એનાથી હિસાબ લેવા નથી ઈચ્છતો) યાકૂબ (અલૈ.)એ ફરમાવ્યું, જલદી જ તમારા માટે પોતાના પરવરદિગારથી મા'ફીની દુઆ કરીશ બેશક ! તે મહાન મા'ફ કરનાર મોટો દયાળુ છે (અને તેનાથી તેમનું મા'ફ કરી દેવું પણ જાણ થઈ ગયું, તે "જલદી" કહેવાનો અર્થ એ છે કે તહજ્જુદનો સમય આવવા દો કે જે કબૂલિયતની ઘડી હોય છે -કઝા ફિ દૂર્રે મન્થૂર, મર્ફુઅન. -મતલબ કે મિસ્ર જવા માટે બધા તૈયાર થઈને ચાલવા માંડયા અને હઝરત યૂસુફ અલૈ. તેમની ખબર સાંભળીને તેમના સ્વાગત માટે મિસ્રની બહાર તશરીફ લાવ્યા અને બહાર જ મુલાકાતની વ્યવસ્થા કરવામાં આવી) પછી જ્યારે સૌ યૂસુફ (અલૈ.)ની પાસે પહોંચ્યા તો તેમણે (બધાને મળીને) પોતાના માતા-પિતાને પોતાની પાસે (સન્માનનીય) જગ્યા આપી અને (વાતચીતથી ફારેગ થઈને) કહ્યું, બધા મિસ્રમાં ચાલો (અને) ઈન્શાઅલ્લાહ ! (ત્યાં) અમન-ચેનથી રહો (જુદાઈનો ગમ અને દુષ્કાળની વિટંબળાઓ બધી દૂર થઈ ગઈ, મતલબ કે બધા મિસ્ર પહોંચ્યા) અને (ત્યાં પહોંચીને સન્માનથી) પોતાના માતા-પિતાને (શાહી) તખ્ત ઉપર ઊંચા બેસાડયા અને (તે સમયે બધાના દિલો ઉપર હઝરત યૂસુફ અલૈ.ની એવી ઈજ્જત અને સન્માન છવાઈ ગયું કે) સૌ તેમની સામે સિજ્દહમાં પડી ગયા અને (આ હાલત જોઈને) તેઓ કહેવા લાગ્યા, હે બાપ ! આ છે મારા સ્વપ્નની તા'બીર જે શરૂઆતના સમયમાં જોયું હતું (કે સૂર્ય, ચંદ્ર અને અગિયાર તારાઓ મને સિજ્દહ કરે છે), મારા પરવરદિગારે એ (સ્વપ્ન)ને સાચું કરી બતાવ્યું (એટલે કે તે સાચું હોવું જાહેર કરી બતાવ્યું) અને (આ સન્માન ઉપરાંત મારા પરવરદિગારે અન્ય ઈનામો પણ આપ્યા, એટલા માટે) મારી સાથે (એક) તે સમયે અહેસાન કર્યું જે સમયે મને જેલખાનામાંથી કાઢયો (અને તે સમયે રાજા સુધી પહોંચાડયો) અને (બીજું ઈનામ એ આપ્યું કે) શયતાને મારા અને મારા ભાઈઓ દરમિયાન વિવાદ કરાવી દીધો હતો (જેનો તકાદો એ હતો કે, સમગ્ર જિંદગી ક્યારેય ભેગા ન થઈએ પરંતુ અલ્લાહ તઆલાએ કૃપા કરી અને) એ છતાં તમને સૌને (જેમાં મારા ભાઈઓ પણ છે) બહારથી (અહીંયાં) લઈ આવ્યા (અને બધાને ભેગા કરી

દીધા) નિઃશંક ! મારો પરવરદિગાર જે ઇચ્છે છે તેની ઉત્તમ યોજના કરે છે, નિઃશંક ! તે સર્વજ્ઞ અને મહાન હિકમતવાળો છે (પોતાના જ્ઞાન અને હિકમતથી બધા કાર્યોની યોજના સારી રીતે પૂર્ણ કરી આપે છે).

મસ્અલા અને બોધપાઠ :

હઝરત યૂસુફ (અલૈ.)ના કિસ્સા વિશે પાછલી આયતોથી એ જાણી ચૂક્યા છે કે જ્યારે અલ્લાહ તઆલાના હુકમથી એનો સમય આવ્યો કે હઝરત યૂસુફ (અલૈ.) પોતાનું રહસ્ય પોતાના ભાઈઓ ઉપર જાહેર કરી દે ત્યારે તેમણે હકીકત જાહેર કરી દીધી અને તેમના ભાઈઓએ તેમની મા'ફી માંગી, હઝરત યૂસુફ (અલૈ.)એ ન જ માત્ર મા'ફ કરી દીધું બલકે ભૂતકાળની ઘટનાઓ ઉપર તેમની કોઈ ટીકા કરવાનું પણ પસંદ ન કર્યું, તેમના માટે અલ્લાહ તઆલા પાસે દુઆ કરી અને હવે પિતાથી મુલાકાતની ચિંતા કરી. પરિસ્થિતિ અનુસાર એ યોગ્ય સમજવામાં આવ્યું કે વાલિદ સાહેબને જ સમગ્ર કુટુંબ સાથે અહીંયાં જ બોલાવી લઈએ પરંતુ જાણ થઈ ચૂકી હતી કે તેમની આંખોની રોશની જુદાઈના ગમમાં જતી રહી છે એટલા માટે સૌ પ્રથમ એની ચિંતા થઈ એટલે ભાઈઓને કહ્યું,

اِذْهَبُوْا بِقَمِيْصِىْ هٰذَا فَاَلْقُوْهُ عَلٰى وَجْهِ اَبِىْ يَاْتِ بَصِيْرًا એટલે કે, તમે મારો આ કુરતો લઈ જાઓ અને મારા વાલિદના ચહેરા ઉપર નાંખી દો તો તેમની આંખોની રોશની પાછી આવી જશે. એ દેખીતું છે કે કોઈના કુરતાને ચહેરા ઉપર નાંખી દેવાથી દૃષ્ટિ પાછી આવી જવામાં કોઈ દેખીતું ભૌતિક કારણ હોઈ શકતું નથી બલકે આ એક મોઅ્જિઝો હતો, જે હઝરત યૂસુફ (અલૈ.)એ અલ્લાહના હુકમથી જાહેર કર્યો અને અલ્લાહના હુકમથી તેમણે જાણ થઈ ગઈ હતી કે જ્યારે તેમનું પહેરણ પોતાના પિતાના ચહેરા ઉપર નાંખવામાં આવશે તો અલ્લાહ તઆલા તેમની દૃષ્ટિ પાછી આપશે.

જહ્હાક તથા મુજાહિદ (રહ.) વગેરે તફસીરના ઈમામોએ નોંધ્યું છે કે, આ તેમના પહેરણની વિશેષતા હતી કારણ કે તે સામાન્ય કપડાંઓ જેવું ન હતું બલકે, હઝરત ઈબ્રાહીમ (અલૈ.) માટે જન્નતમાંથી તે સમયે લાવવામાં આવ્યું હતું જ્યારે તેમને નગ્ન કરીને નમરૂદે આગમાં નાંખ્યા હતા, પછી આ જન્નતનો લિબાસ હંમેશા હઝરત ઈબ્રાહીમ (અલૈ.) પાસે સુરક્ષિત રહ્યો અને તેમની વફાત

પછી હઝરત ઈસ્હાક (અલૈ.) પાસે રહ્યો અને તેમની વફાત પછી હઝરત યાકૂબ (અલૈ.)ને મળ્યો, તેમણે તેને એક ખૂબ બરકતવાળી વસ્તુ સ્વરૂપે એક નળીમાં નાંખીને હઝરત યૂસુફ (અલૈ.)ના ગળામાં તાવીજ બનાવીને નાંખી દીધો હતો જેથી તે ખરાબ નજરથી સુરક્ષિત રહે. હઝરત યૂસુફ (અલૈ.)ના ભાઈઓએ જ્યારે તેમનો કુરતો તેમના પિતાને ધોકો આપવા માટે ઉતારી લીધો અને તેમને નગ્ન કરીને કુવામાં નાંખી દેવામાં આવ્યા અને હઝરત જિબ્રઈલ અમીન (અલૈ.) તશરીફ લાવ્યા તો ગળામાંની નળી ખોલીને આ કુરતો બહાર કાઢયો અને હઝરત યૂસુફ (અલૈ.)ને પહેરાવી દીધો અને આ તેમની પાસે ત્યારથી બરાબર સુરક્ષિત રહ્યો હતો. તે સમયે પણ હઝરત જિબ્રઈલ (અલૈ.)એ એ મશ્વરો આપ્યો હતો કે આ જન્નતનો પહેરવેશ છે, તેની ખાસિયત એ છે કે આંધળાના ચહેરા ઉપર નાંખી દેવાથી તેની આંખોની રોશની પાછી આવી જાય છે અને ફરમાવ્યું કે તેને પોતાના પિતાની પાસે મોકલી આપો તો તેમની દૃષ્ટિ પાછી આવી જશે.

હઝરત મુજદ્દીદ અલ્ફે ષાની (રહ.)નું સંશોધન એ છે કે હઝરત યૂસુફ (અલૈ.)ની ખુબસૂરતી અને રૂપ-રંગ અને તેમનું અસ્તિત્વ પોતે જ એક જન્નતની વસ્તુ હતી, એટલા માટે તેમના શરીરને અડકનાર દરેક કુરતામાં તે ખાસિયત હોઈ શકે છે. *(મઝહરી)*

وَأْتُونِي بِأَهْلِكُمْ أَجْمَعِينَ એટલે કે, તમે બધા ભાઈઓ પોતાના ઘરવાળાઓને મારી પાસે મિસ્ર લઈ આવો. અસલ હેતુ તો પિતાને બોલાવવાનો હતો પરંતુ અહીંયાં માત્ર પિતાના બદલે સમગ્ર કુટુંબ લાવવાનું વર્ણન કર્યું, કદાચ એટલા માટે કે પિતાને અહીંયાં લાવવા માટે કહેવું અદબ અને શિષ્ટાચારના ખિલાફ સમજવામાં આવ્યું હોત અને એ વિશ્વાસ હતો કે જ્યારે પિતાની આંખોની રોશની પાછી આવશે અને અહીંયાં આવવાથી કોઈ અવરોધ બાકી નહીં રહે તો તેઓ પોતે જ અહીંયાં અવશ્ય આવશે. કુર્તુબીએ એક રિવાયત નકલ કરી છે કે હઝરત યૂસુફ (અલૈ.)ના ભાઈઓને યહૂદાએ કહ્યું કે આ કુરતો હું લઈ જઈશ કારણ કે, તેમના કુરતા ઉપર ખોટું લોહી લગાવીને હું જ લઈ ગયો હતો જેનાથી વાલિદ સાહબને ખૂબ આઘાત લાગ્યો હતો હવે તે આઘાતનો ઈલાજ (ભરપાઈ) પણ મારા જ હાથે થવો જોઈએ.

وَلَمَّا فَصَلَتِ الْعِيرُ એટલે કે, જ્યારે કાફલો શહેરથી બહાર નીકળ્યો હતો

ત્યારે હઝરત યાકૂબ (અલૈ.)એ પોતાની પાસેવાળાઓને કહ્યું કે જો તમે મને મૂર્ખ ન કહો તો હું તમને એક વાત બતાવું કે મને યૂસુફની ખુશ્બૂ આવી રહી છે, મિસ્ર શહેરથી કન્આન સુધી હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)ની રિવાયત પ્રમાણે આઠ દિવસની મુસાફરીનો માર્ગ હતો અને હઝરત હસન (રદિ.)એ ફરમાવ્યું કે, "એંસી (૮૦) ફરસખ" એટલે કે લગભગ ૨૫૦ માઈલનું અંતર હતું. અલ્લાહ તઆલાએ આટલા દૂરથી હઝરત યૂસુફ (અલૈ.)ના પહેરણ દ્વારા હઝરત યૂસુફ (અલૈ.)ની ખુશ્બૂ હઝરત યાકૂબ (અલૈ.)ના દિમાગ સુધી પહોંચાડી દીધી અને આ એક અજાયબી છે કે જ્યારે હઝરત યૂસુફ (અલૈ.) પોતાના વતન કન્આનના જ એક કૂવામાં ત્રણ દિવસ સુધી પડ્યા રહ્યા તે સમયે તેમને આ સુગંધ ન અનુભવાઈ. એનાથી જાણ થાય છે કે કોઈ મોઅ્જિઝો પયગમ્બરના પોતાના અધિકારમાં નથી હોતો બલકે વાસ્તવમાં મોઅ્જિઝો પયગમ્બરની પોતાની પ્રવૃત્તિ કે કાર્ય પણ નથી હોતું, બલકે તે સીધે-સીધું અલ્લાહનું કાર્ય હોય છે, જ્યારે અલ્લાહ તઆલા ઈરાદો ફરમાવે છે તો મોઅ્જિઝો જાહેર કરી આપે છે અને જ્યારે અલ્લાહનો હુકમ નથી હોતો તો ખૂબ નજીકની ચીજ પણ ખૂબ દૂર થઈ જાય છે.

قَالُوْا تَاللّٰهِ اِنَّكَ لَفِىْ ضَلٰلِكَ الْقَدِيْمِ એટલે કે, ઉપસ્થિત માણસોએ હઝરત યાકૂબ (અલૈ.)ની વાત સાંભળીને કહ્યું કે, ખરેખર તમે તો પોતાના તે જ જૂના ખોટા વિચારના ભ્રમમાં છો કે યૂસુફ જીવતો છે અને તે ફરી મળશે.

فَلَمَّآ اَنْ جَآءَ الْبَشِيْرُ એટલે કે, જ્યારે આ ખુશખબરી આપનારો કન્આન પહોંચ્યો અને હઝરત યૂસુફ (અલૈ.)નું ખમીસ (કુરતો) યાકૂબ (અલૈ.)ના ચહેરા ઉપર નાંખ્યું તો તરત જ તેમની દૃષ્ટિ પાછી આવી, ખુશખબરી આપનાર તે જ હઝરત યૂસુફ (અલૈ.)નો ભાઈ યહૂદા હતો જે તેમનું ખમીસ મિસ્રથી લાવ્યો હતો.

قَالَ اَلَمْ اَقُلْ لَّكُمْ اِنِّىْٓ اَعْلَمُ مِنَ اللّٰهِ مَالَا تَعْلَمُوْنَ એટલે કે, શું હું કહી રહ્યો ન હતો કે મને અલ્લાહ તઆલા તરફથી તે જ્ઞાન પ્રાપ્ત થયું છે જેની તમને લોકોને ખબર નથી કે યૂસુફ જીવંત છે અને તે ફરી મળશે !

قَالُوْا يٰٓاَبَانَا اسْتَغْفِرْ لَنَا ذُنُوْبَنَآ اِنَّا كُنَّا خٰطِئِيْنَ હવે જ્યારે કે, વાસ્તવિક

પરિસ્થિતિ સ્પષ્ટ થઈને સામે આવી ગઈ તો યૂસુફ (અલૈ.)ના ભાઈઓએ પિતાથી પોતાની ભૂલની મા'ફી એ શા'નથી માંગી કે પિતાને દરખાસ્ત કરી કે અમારા માટે અલ્લાહ તઆલા પાસે મા'ફીની દુઆ કરો અને એ દેખીતું છે કે જે વ્યક્તિ અલ્લાહ પાસે તેમની ભૂલો મા'ફ કરાવવાની દરખાસ્ત કરશે તે પોતે પણ તેમની ભૂલો મા'ફ કરી ચૂક્યો હશે.

قَالَ سَوْفَ اَسْتَغْفِرُ لَكُمْ رَبِّى એટલે કે, યાકૂબ (અલૈ.)એ ફરમાવ્યું કે હું જલદી જ તમારા માટે અલ્લાહ તઆલા પાસે મા'ફીની દુઆ કરીશ.

અત્રે, હઝરત યાકૂબ (અલૈ.)એ તરત જ દુઆ કરવાના બદલે વાયદો કર્યો કે નિકટમાં જ દુઆ કરીશ તેનું કારણ સામાન્ય વિવરણકારોએ એ નોંધ્યું છે કે તેનો હેતુ એ હતો કે કાળજીપૂર્વક રાત્રિના અંતિમ સમયે દુઆ કરવામાં આવે કારણ કે, તે સમયે કરવામાં આવેલી દુઆ મોટે ભાગે કબૂલ કરવામાં આવે છે, જેમકે સહીહ બુખારી અને મુસ્લિમની હદીષમાં છે કે અલ્લાહ તઆલા દરેક રાત્રિના અંતિમ ત્રીજા ભાગમાં જમીનની પાસેના આસમાન ઉપર નાઝિલ થાય છે અને આ એ'લાન કરે છે કે કોણ છે જે મારાથી દુઆ માંગે તો હું તેની દુઆ કબૂલ કરી લઉં ? કોણ છે જે મારી પાસે મા'ફી માંગે અને હું તેને મા'ફ કરી દઉં ?

فَلَمَّا دَخَلُوْا عَلَيْهِ અમુક રિવાયતોમાં છે કે હઝરત યૂસુફ (અલૈ.)એ તે સમયે પોતાના ભાઈઓની સાથે ૨૦૦ ઊંટો ઉપર લાદેલો ઘણો બધો સામાન, વસ્ત્રો અને બીજી ઘણી જરૂરિયાતની વસ્તુઓ મોકલી હતી જેથી સમગ્ર કુટુંબ મિસ્ર આવવા માટે સારી તૈયારી કરી શકે, તે પ્રમાણે હઝરત યાકૂબ (અલૈ.) અને તેમની અવલાદ તથા બધા જ સંબંધીઓ મિસ્ર આવવા માટે તૈયાર થઈને નીકળ્યા, એક રિવાયત પ્રમાણે તેમની સંખ્યા ૭૨ અને બીજી રિવાયતમાં ૯૩ વ્યક્તિઓ (પુરુષો અને સ્ત્રીઓ) ઉપર આધારિત હતી.

બીજી બાજુ જ્યારે મિસ્ર પહોંચવાનો સમય નજીક આવ્યો તો હઝરત યૂસુફ (અલૈ.) અને મિસ્રના લોકો સ્વાગત માટે બહાર તશરીફ લાવ્યા અને ચાર હજાર સૈનિકો તેમની સાથે સલામી આપવા માટે નીકળ્યા, જ્યારે આ લોકો મિસ્રમાં હઝરત યૂસુફ (અલૈ.)ના મકાનમાં દાખલ થયા તો તેમણે પોતાના માતા-પિતાને પોતાની પાસે થોભાવ્યા.

અહીંયાં માતા-પિતાનું વર્ણન છે, જ્યારે કે હઝરત યૂસુફ (અલૈ.)ની વાલિદહનો ઈન્તેકાલ તેમના બાળપણમાં જ થઈ ચૂક્યો હતો પરંતુ ત્યારબાદ હઝરત યાકૂબ (અલૈ.)એ તેમની જ બહેન લય્યા સાથે નિકાહ કરી લીધા હતા જે હઝરત યૂસુફ (અલૈ.)ના માસી હોવાના સ્વરૂપે માં સમાન જ હતા અને પિતાના નિકાહમાં હોવાના સ્વરૂપે પણ માં કહેવાડવાના જ હકદાર હતા.

(આ ખુલાસો એ રિવાયત પ્રમાણે છે જેમાં કહેવામાં આવ્યું છે કે હઝરત યૂસુફ અલૈ.ના વાલિદહ બિનયામીનના જન્મ સમયે ઈન્તેકાલ કરી ગયા હતા. એ જ બીનાએ અહીંયાં લેખકનું આ લખાણ આગળના પેજ નં. ૧૭ અને ૧૮ ઉર્દૂ જિલ્દ પાંચના લખાણથી વિરોધાભાસી જાણ થાય છે, જેમાં હઝરત યૂસુફ અલૈ.ના વાલિદહ રાહિલ ઠરાવવામાં આવ્યા છે પરંતુ વાસ્તવમાં એના વિશે કોઈ પ્રમાણભૂત રિવાયત ઉપસ્થિત નથી, ઈસ્રાઈલી રિવાયતો છે અને તેમાં પણ વિરોધાભાસ છે, પોતે રૂહુલ મઆનીના લેખકે લખ્યું છે કે યહૂદીઓ હઝરત યૂસુફ અલૈ.ની વાલિદહના બિનયામીનના જન્મ સમયે ઈન્તેકાલ કરી જવાની માન્યતા ધરાવતા નથી, જો આ રિવાયતને લેવામાં આવે તો કોઈ શંકા બાકી રહેતી નથી અને આ સ્વરૂપમાં وَرَفَعَ اَبَوَيْهِ માં હઝરત યૂસુફ અલૈ.ના સગા વાલિદહ ભાવાર્થ તરીકે હોઈ શકે છે. ઈબ્ને જરીર અને ઈબ્ને કષીર રહ. તેને જ વધારે પ્રચલિત હોવાનું ઠરાવે છે. એટલા માટે ઈબ્ને કષીર રહ. તેના ઉપર ચર્ચા કરતા ફરમાવે છે, وَظَاهِرُ الْقُرْاٰنِ يَدُلُّ عَلٰى سِيَاقِهَا -મુહમ્મદ તકી ઉસ્માની).

وَقَالَ ادْخُلُوْا مِصْرَ اِنْ شَآءَ اللّٰهُ اٰمِنِيْنَ હઝરત યૂસુફ (અલૈ.)એ બધા કુટુંબના લોકોને કહ્યું, તમે બધા મિસૂરમાં અલ્લાહના હુકમથી નચિંત અને ભયમુક્ત થઈને પ્રવેશ કરો. મતલબ એ હતો કે બીજા દેશમાં દાખલ થનાર મુસાફરો ઉપર જે બંધનો સ્વાભાવિક રીતે હોય છે તમે બધા તે બંધનો અને પાબંદીઓથી બાકાત છો.

وَرَفَعَ اَبَوَيْهِ عَلَى الْعَرْشِ એટલે કે, હઝરત યૂસુફ (અલૈ.)એ પોતાના માતા-પિતાને પોતાના શાહી તખ્ત ઉપર બેસાડયા.

وَخَرُّوْا لَهٗ سُجَّدًا એટલે કે, માતા-પિતા અને બધા ભાઈઓએ હઝરત

યૂસુફ (અલૈ.)ની સામે સિજ્દહ કર્યો. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)એ ફરમાવ્યું કે, આ "સિજ્દએ શુક્ર" અલ્લાહ તઆલા માટે કરવામાં આવ્યો હતો હઝરત યૂસુફ (અલૈ.) માટે ન હતો અને અમુક લોકોએ કહ્યું છે કે "સિજ્દએ ઈબાદત" તો દરેક પયગમ્બરની શરીઅતમાં ગયરુલ્લાહ માટે તો હરામ જ હતો પરંતુ "સિજ્દએ તઅ્ઝીમ" (સન્માન માટે સિજ્દહ) અગાઉ થઈ ચૂકેલા અંબિયા (અલૈ.)ની શરીઅતોમાં જાઇઝ હતો જે શરીઅતે મુહમ્મદી ﷺમાં શિર્કનું પ્રવેશદ્વાર હોવાના કારણે પ્રતિબંધિત થઈ ગયો છે, જેમકે સહીહૈનની હદીષમાં પ્રસ્તુત છે કે "કોઈ પણ ગયરુલ્લાહ માટે સિજ્દહ હલાલ નથી."

وَقَالَ يَـٰٓأَبَتِ هَـٰذَا تَأْوِيلُ رُءْيَـٰىَ હઝરત યૂસુફ (અલૈ.)ની સામે જ્યારે માં-બાપ અને અગિયાર ભાઈઓએ એકી વખતે સિજ્દહ કર્યો ત્યારે તેમને તેમના બાળપણનું સ્વપ્ન યાદ આવી ગયું અને કહ્યું કે, અબ્બાજાન ! આ મારા તે સ્વપ્નની તા'બીર છે જે મેં બાળપણમાં જોયું હતું કે સૂર્ય અને ચંદ્ર તથા અગિયાર તારાઓ મને સિજ્દહ કરી રહ્યા છે, અલ્લાહ તઆલાનો શુક્ર છે જેણે મને આ સ્વપ્નની સચ્ચાઈને આંખોથી બતાવી દીધી.

હુક્મો અને મસ્અલાઓ :

(૧) હઝરત યાકૂબ (અલૈ.)એ પોતાના પુત્રોની મા'ફીની દરખાસ્ત અને મગફિરતની દુઆ માટે એવું કહ્યું કે હું ઘણો જ જલદી તમારા માટે મા'ફીની દુઆ કરીશ અને તરત દુઆ ન કરી.

એ મોડું કરવાનું એક કારણ અમુક લોકોએ એવું પણ વર્ણન કર્યું છે કે તેમને મંજૂર હતું કે હઝરત યૂસુફ (અલૈ.)ને મળીને પ્રથમ એ તહકીક કરી લેવામાં આવે કે તેમણે તેમની ભૂલ મા'ફ કરી છે કે નહીં ? કારણ કે જ્યાં સુધી મઝલૂમ મા'ફી ન આપે અલ્લાહના ત્યાં મા'ફી નથી થતી, આવી પરિસ્થિતિમાં મા'ફીની દુઆ કરવી યોગ્ય ન હતી.

આ વાત પોતાની જગ્યાએ બિલકુલ સાચી અને સૈદ્ધાંતિક છે કે બંદાઓના હકોની તવબહ તેના વિના નથી થઈ શકતી જ્યાં સુધી કે જેનો હક છે તે પોતાનો હક વસૂલ ન કરી લે અથવા મા'ફ ન કરી આપે, ફક્ત મૌખિક તવબહ અને

ઈસ્તિગફાર પૂરતો નથી.

(૨) હઝરત સુફિયાન થૌરી (રહ.)ની રિવાયત છે કે, જ્યારે યહૂદા હઝરત યૂસુફ (અલૈ.)નું પહેરણ લઈને આવ્યા અને હઝરત યાકૂબ (અલૈ.)ના ચહેરા ઉપર નાંખ્યું તો તેમણે પૂછ્યું કે, યૂસુફ કેવા છે ? તો તેમણે બતાવ્યું કે તેઓ મિસ્રના બાદશાહ છે. હઝરત યાકૂબ (અલૈ.)એ પૂછ્યું કે, હું એ નથી પૂછતો કે તેઓ બાદશાહ છે કે ફકીર ! હું એ પૂછું છું કે તેઓ ઈમાન અને અમલના આધારે કઈ પરિસ્થિતિમાં છે ? ત્યારે તેમણે તેમના તકવા અને પવિત્રતાની પરિસ્થિતિ બતાવી. આ છે અંબિયા (અલૈ.)ની મહોબ્બત અને અવલાદ સાથેનો સંબંધ ! શારીરિક સહૂલત અને રાહત કરતાં વધારે તેમની આધ્યાત્મિક પરિસ્થિતિની ફિકર કરે છે, દરેક મુસલમાનોએ તેમનું અનુસરણ કરવું જોઈએ.

(૩) હઝરત હસન (રહ.)થી રિવાયત છે કે જ્યારે ખુશખબરી આપનાર હઝરત યૂસુફ (અલૈ.)નું પહેરણ લઈને પહોંચ્યા ત્યારે હઝરત યાકૂબ (અલૈ.) એવું ઈચ્છતા હતા કે તેને કંઈક ઈનામ આપે પરંતુ પરિસ્થિતિ અનુકૂળ ન હતી, એટલા માટે દિલગીરી વ્યક્ત કરી કે અમારા ઘરમાં સાત દિવસથી રોટી પકાવી નથી, એટલા માટે હું કોઈ ભૌતિક ઈનામ તો નથી આપી શકતો પરંતુ એ દુઆ આપું છું કે અલ્લાહ તઆલા તમારા ઉપર મોતની સકરાતને સરળ કરે. કુર્તુબી (રહ.)એ ફરમાવ્યું કે આ દુઆ તેમના માટે સૌથી ઉત્તમ ઈનામ હતું.

(૪) આ ઘટનાથી એ પણ જાણ થાય છે કે ખુશખબરી આપનારને ઈનામ આપવું અંબિયા (અલૈ.)ની સુન્નત છે, સહાબએ કિરામ (રદિ.)માં હઝરત કઅ્બ બિન માલિકનો કિસ્સો મશ્હૂર છે કે ગઝ્વએ તબૂકમાં ભાગ ન લેવાના કારણે તેમના ઉપર જ્યારે "ઈતાબ" (ક્રોધ) થયો અને પાછળથી તવબહ કબૂલ કરવામાં આવી ત્યારે જે વ્યક્તિ તવબહ કબૂલ કરવાની ખુશખબરી લાવ્યો હતો તેને પોતાના કપડાંની જોડી ઉતારીને પહેરાવી દીધી.

વળી, તેનાથી એ પણ સાબિત થયું કે ખુશીના પ્રસંગે ખુશીની જાહેરાત માટે દોસ્તો વગેરેની દા'વત કરવી પણ સુન્નત છે, હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)એ જ્યારે સૂરએ બકરહ પઢીને પૂર્ણ કરી ત્યારે તેની ખુશીમાં એક ઊંટ ઝબહ કરીને લોકોને ખવડાવ્યું.

(૫) હઝરત યાકૂબ (અલૈ.)ના પુત્રો સામે જ્યારે ઘટનાની વાસ્તવિકતા જાહેર થઈ ગઈ ત્યાર પછી પોતાના પિતા અને ભાઈની તેમણે મા'ફી માંગી, તેનાથી જાણ થાય છે કે જે વ્યક્તિના હાથ અથવા જીભથી કોઈ વ્યક્તિને પીડા પહોંચી છે અથવા તેનો કોઈ હક તેના માથે બાકી રહી ગયો છે તેના ઉપર જરૂરી છે કે તરત તેના હકને અદા કરે અથવા તેને મા'ફ કરાવી લે.

સહીહ બુખારીમાં હઝરત અબૂ હુરયરહ (રદિ.)ની રિવાયતથી નકલ થયું છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, જે વ્યક્તિને જિમ્મે કોઈ અન્ય વ્યક્તિનો આર્થિક હક વાજિબ હોય અથવા તેણે કોઈ ઈજા હાથ અથવા જીભથી પહોંચાડી હોય તેણે આજે જ તેને અદા કરી દેવું જોઈએ અથવા મા'ફી માંગીને તેનાથી મુક્તિ પ્રાપ્ત કરવી જોઈએ તે પહેલાં કે કયામતનો દિવસ આવી જાય, ત્યાં કોઈની પાસે કોઈ માલ હક અદા કરવા માટે ન હશે એટલા માટે તેના નેક કર્મો મઝલૂમને આપી દેવામાં આવશે અને તે ખાલી હાથે રહી જશે અને જો તેના નેક કર્મો પણ નહિ હોય તો હકદારના જે ગુનાહ છે તે તેના માથા ઉપર નાંખી દેવામાં આવશે. وَالْعِيَاذُ بِاللّٰهِ تَعَالٰى

હઝરત યૂસુફ (અલૈ.)ના ધૈર્ય અને શુક્રનો દરજ્જો :

ત્યારબાદ હઝરત યૂસુફ (અલૈ.)એ માતા-પિતા સામે પોતાની આપવીતી વર્ણન કરવાની શરૂઆત કરી, અહીંયાં એક ક્ષણ થોભીને વિચાર કરો કે આજે જો કોઈને આટલા દુ:ખો અને પીડાનો સામનો કરવો પડે જેટલો કે હઝરત યૂસુફ (અલૈ.) ઉપર પડ્યા તો માતા-પિતાથી આટલી લાંબી જુદાઈ અને નિરાશા પછી મિલનનો પ્રસંગ હોય ત્યારે તે માતા-પિતા સામે આપવીતી શું વર્ણન કરે ? બલકે કેટલો રડશે, કકળશે અને રડાવશે અને કેટલાય દિવસ-રાત પોતાના દુ:ખડાઓની દાસ્તાનો સંભળાવવામાં ખર્ચ કરશે પરંતુ અહીંયાં બંને પક્ષે અલ્લાહના રસૂલ અને પયગમ્બરો છે, તેમની મિલનની રીત-ભાત તો જૂઓ ! હઝરત યાકૂબ (અલૈ.)ના જુદા થયેલા અતિપ્રિય પુત્ર હજારો તકલીફો સહન કર્યા પછી જ્યારે પિતાને મળે છે ત્યારે શું કહે છે ? وَقَدْ اَحْسَنَ بِيْۤ اِذْ اَخْرَجَنِيْ مِنَ السِّجْنِ وَجَآءَ بِكُمْ مِّنَ الْبَدْوِ مِنْۢ بَعْدِ اَنْ نَّزَغَ الشَّيْطٰنُ بَيْنِيْ وَبَيْنَ اِخْوَتِيْ એટલે કે, "અલ્લાહ તઆલાએ મારા ઉપર અહેસાન કર્યું જ્યારે કે મને જેલખાનામાંથી

કાઢવામાં આવ્યો અને આપને બહારગામથી અહીંયાં લઈ આવ્યો તે પછી કે શયતાને મારા અને મારા ભાઈઓ વચ્ચે ફસાદ નંખાવી દીધો હતો.''

હઝરત યૂસુફ (અલૈ.)ના દુઃખડાઓ ક્રમવાર ત્રણ બાબતોમાં વહેંચાયેલા છે; પ્રથમ, ભાઈઓનો જુલમ અને જબરદસ્તી; બીજું, માતા–પિતાથી લાંબી જુદાઈ; ત્રીજું, કેદખાનાની તકલીફો. અલ્લાહ તઆલાના આ ચૂંટી કાઢેલા પયગમ્બરે પોતાના વર્ણનમાં પ્રથમ તો ઘટનાક્રમ બદલીને જેલખાનાની વાતથી શરૂઆત કરી અને તેમાં કેદમાં દાખલ થવાની અથવા ત્યાંની તકલીફોનું નામ સુદ્ધાં ન લીધું બલકે, જેલખાનામાંથી નીકળવાનું વર્ણન અલ્લાહના શુક્ર સાથે કર્યું, જેલખાનેથી છુટકારો અને તેના ઉપર અલ્લાહના શુક્રના સંદર્ભમાં એ પણ બતાવ્યું કે હું કોઈ સમયે જેલખાનામાં પણ રહ્યો છું.

અત્રે એ વાત પણ ધ્યાન આપવાપાત્ર છે કે હઝરત યૂસુફ (અલૈ.)એ જેલખાનેથી નીકળવાનું વર્ણન કર્યું ભાઈઓએ કે જેમણે તેમને કૂવામાં નાંખી દીધા હતા તેનું એ સ્વરૂપે પણ વર્ણન ન કર્યું કે અલ્લાહ તઆલાએ મને એ કૂવામાંથી કાઢયો, કારણ એ છે કે ભાઈઓની ભૂલ તેઓ પ્રથમથી જ મા'ફ કરી ચૂકયા હતા અને ફરમાવી ચૂકયા હતા لَا تَثْرِيْبَ عَلَيْكُمُ الْيَوْمَ એટલા માટે, એ યોગ્ય પણ ન સમજ્યું કે હવે તે કૂવાનો કોઈપણ રીતે ઉલ્લેખ થાય જેથી ભાઈઓ શરમ ન અનુભવે. *(કુર્તુબી)*

ત્યારબાદ માતા–પિતાની લાંબી અને ધૈર્યયુક્ત (સબ્રભરી) જુદાઈ અને તેના અનુભવોનું વર્ણન કરવું હતું ત્યારે એ બધી વાતોને છોડીને તેના અંતિમ પરિણામ તથા માતા–પિતાના મિલનનું વર્ણન અલ્લાહ તઆલાના શુક્ર સાથે કર્યું કે, આપને بَدْوٍ (બદ્વ) એટલે કે ગામડેથી મિસ્ર શહેર સુધી પહોંચાડી દીધા જેમાં તે નેઅ્મત તરફ પણ ઈશારો છે કે હઝરત યાકૂબ (અલૈ.)નું વતન ગામડામાં હતું જ્યાં આર્થિક ઉપાર્જનની સરળતા ઓછી હોય છે, અલ્લાહ તઆલાએ ત્યાંથી તેમને શહેરમાં શાહી સન્માનમાં પહોંચાડી દીધા.

હવે, પ્રથમ વાત એ રહી કે ભાઈઓનો જુલમ અને જબરદસ્તી; બસ, તેને પણ શયતાનના હવાલે કરીને એવી જાહેરાત કરી દીધી કે મારા ભાઈઓ તો એવા ન હતા કે આવું કામ કરે પરંતુ શયતાને તેમને ધોકામાં નાંખીને આવી રીતે ફસાદ કરાવી દીધો.

આ છે નુબુવ્વતની શા'ન ! મુસીબતો અને તકલીફો ઉપર ફક્ત સબ્ર (ધૈર્ય) જ ન કરે બલકે દરેક સ્થળે અલ્લાહ તઆલાનો ઉપકાર માનવાનું પાસું શોધી લે છે, એટલા માટે તેમની કોઈ પરિસ્થિતિ એવી નથી હોતી કે જેમાં તેઓ અલ્લાહ તઆલાના શુક્રગુઝાર અને ઉપકાર માનનાર ન હોય ! તેનાથી વિપરીત સામાન્ય માણસો કે તેમની પરિસ્થિતિ એવી હોય છે કે અલ્લાહ તઆલાની હજારો નેઅ્મતો વરસતી રહે તો પણ કોઈનો ઉલ્લેખ ન કરે અને જો કોઈ સમયે કોઈ મુસીબત આવી પડે તો તેને જીવન-પર્યંત ગાતા રહે. કુર્આનમાં એની જ ફરિયાદ કરવામાં આવી છે. اِنَّ الْاِنْسَانَ لِرَبِّهٖ لَكَنُوْد એટલે કે, "નિઃશંક ! મનુષ્ય પોતાના પરવરદિગારનો ઘણો જ નાશુક્રો છે."

હઝરત યૂસુફ (અલૈ.)એ મુસીબતની દાસ્તાન માત્ર ત્રણ શબ્દોમાં ટૂંકાવીને ફરમાવ્યું, اِنَّ رَبِّىْ لَطِيْفٌ لِّمَا يَشَآءُ اِنَّهٗ هُوَ الْعَلِيْمُ الْحَكِيْمُ ط એટલે કે, "મારો પરવરદિગાર જે ઈચ્છે છે તેની યોજના સુંદર રીતે પૂર્ણ કરે છે નિઃશંક ! તે સર્વજ્ઞ અને મહાન હિકમતવાળો છે."

આયત : (સૂરએ યૂસુફ : આયત નં. ૧૦૧)

رَبِّ قَدْ اٰتَيْتَنِىْ مِنَ الْمُلْكِ وَعَلَّمْتَنِىْ مِنْ تَاْوِيْلِ الْاَحَادِيْثِ ۚ فَاطِرَ السَّمٰوٰتِ وَ
الْاَرْضِ ۟ اَنْتَ وَلِىّٖ فِى الدُّنْيَا وَالْاٰخِرَةِ ۚ تَوَفَّنِىْ مُسْلِمًا وَّ اَلْحِقْنِىْ بِالصّٰلِحِيْنَ ﴿١٠١﴾

તરજુમો :

હે પરવરદિગાર ! તેં મને અમુક હુકૂમત આપી અને મને વાતોનું પરિણામ કાઢવાનું અમુક શીખવ્યું, હે આસમાનો અને જમીનના પેદા કરનાર ! તું જ મારો દુનિયામાં અને આખિરતમાં કાર્યસાધક છે, મને ઈસ્લામ ઉપર મોત આપ અને મને સાલિહીન (નેકીઓવાળા)માં મેળવી આપ. (૧૦૧)

તફસીર :

(ત્યારબાદ બધા સુખેથી રહેવા લાગ્યા એટલે સુધી કે હઝરત યાકૂબ અલૈ.ની ઉમ્ર પૂર્ણ થવાના આરે પહોંચી અને તેમની વફાત પછી તેમની વસિય્યત પ્રમાણે તેમને સિરીયામાં લઈ જઈને પોતાના વડીલોની પાસે દફન કરવામાં

આવ્યા, પછી હઝરત યૂસુફ અલૈ.ને પણ આખિરતનો શોખ પેદા થયો અને તેમણે દુઆ કરી કે) હે મારા પરવરદિગાર ! તેં મને (દરેક પ્રકારની નેઅ્મતો આપી, જાહેર પણ અને ગુપ્ત પણ, દાખલા તરીકે) બાદશાહતનો મોટો હિસ્સો આપ્યો અને (ગુપ્ત રીતે પણ, દાખલા તરીકે) મને સ્વપ્નની તા'બીર આપવાનું શિક્ષણ આપ્યું (જે મહાન જ્ઞાન છે, ખાસ કરીને જ્યારે કે તે સાચું હોય જે વહી ઉપર અવલંબિત છે, તેનું અસ્તિત્વ નુબુવ્વતની નિશાનીમાંથી છે), હે આસમાનો અને જમીનના સર્જનહાર ! તું જ મારો કાર્યસાધક છે દુનિયામાં પણ અને આખિરતમાં પણ (બસ, જે રીતે દુનિયામાં મારા સઘળા કામ બનાવી આપ્યા અને બાદશાહત આપી, જ્ઞાન આપ્યું એ જ પ્રમાણે આખિરતના કામ પણ બનાવી આપ કે) મને ફરમાંબરદારીની હાલતમાં દુનિયાથી ઉઠાવજે અને ખાસ નેક બંદાઓમાં સામેલ કરી આપજે (એટલે કે મારા વડીલોની સાથે કે જેઓ અંબિયાઓ થયા છે તેમનામાં મને પણ પહોંચાડી આપજે).

મસ્અલા અને બોધપાઠ :

પાછલી આયતોમાં તો વાલિદ સાહબને સંબોધન હતું ત્યારબાદ જ્યારે કે માતા-પિતા અને ભાઈઓનું મિલન થવાથી એક મહત્ત્વનો મકસદ પૂર્ણ થઈને સંતોષ થયો ત્યારે અલ્લાહ તઆલાની બારગાહમાં સીધે-સીધી તા'રીફ અને વખાણ સાથે આ દુઆમાં મશ્ગૂલ થઈ ગયા અને ફરમાવ્યું. رَبِّ قَدْ اٰتَیْتَنِیْ مِنَ الْمُلْکِ وَعَلَّمْتَنِیْ مِنْ تَاْوِیْلِ الْاَحَادِیْثِ ۚ فَاطِرَ السَّمٰوٰتِ وَالْاَرْضِ ۟ اَنْتَ وَلِیّٖ فِی الدُّنْیَا وَالْاٰخِرَةِ ۚ تَوَفَّنِیْ مُسْلِمًا وَّاَلْحِقْنِیْ بِالصّٰلِحِیْنَ ؕ "હે મારા પરવરદિગાર ! તેં મને એક પ્રદેશ(નો સત્તાધિકાર) અર્પણ કર્યો અને મને વાતોનું પરિણામ કાઢવાનું શિખવાડ્યું, હે આસમાનો અને પૃથ્વીને પેદા કરનાર ! તું મારો દુનિયામાં અને આખિરતમાં કાર્યસાધક છે; મને ઈસ્લામ (ફરમાંબરદારી) ઉપર મોત આપ અને મને પૂર્ણ નેક લોકોમાં મિલાવી દે." સંપૂર્ણ (કામિલ) નેક બંદાઓ માત્ર અંબિયા (અલૈ.) જ હોઈ શકે છે જેઓ દરેક પ્રકારના ગુનાહોથી માસુમ હોય છે. *(મઝહરી)*

આ દુઆમાં સારી મોત-સારા અંત વિશેની દુઆ ધ્યાન આપવાપાત્ર છે કે, અલ્લાહ તઆલાના સ્વીકૃત (મકબૂલ) બંદાઓનો રંગ એવો હોય છે કે તેમને દુનિયા અને આખિરતના કેટલાય ઊંચા દરજ્જાઓ પ્રાપ્ત થઈ જાય અને કેટલાય મોટા હોદાઓ કે પદો તેમના કદમોમાં આવી પડે તેઓ કોઈપણ સમયે તેનાથી

અભિમાન કરતા નથી બલકે, દરેક સમયે તેમને એવો ભય સતાવતો રહે છે કે ક્યાંક આ પરિસ્થિતિ ઓછી અથવા સમાપ્ત ન થઈ જાય ! એટલા માટે તેઓ દુઆ માંગતા રહે છે કે અલ્લાહ તઆલાની આપેલી જાહેર અને ગુપ્ત નેઅ્મતો મોત સુધી યથાવત્ રહે બલકે તેમાં વધારો થતો રહે.

અહીંયાં સુધી હઝરત યૂસુફ (અલૈ.)નો આશ્ચર્યજનક કિસ્સો અને તેના સંદર્ભમાં કરવામાં આવેલા માર્ગદર્શનનો ક્રમ જે કુર્આને કરીમમાં ઉપસ્થિત છે પૂર્ણ થયો, ત્યારબાદનો કિસ્સો કુર્આને કરીમ અથવા કોઈ પ્રખ્યાત રિવાયતોમાં નકલ થયો નથી, મોટા ભાગના તફસીરના ઉલમાઓએ ઐતિહાસિક અથવા ઈસ્રાઈલી રિવાયતોના હવાલાઓથી નકલ કર્યું છે.

તફસીરે ઈબ્ને કષીરમાં હઝરત હસન (રહ.)ની રિવાયતથી નકલ થયું છે કે હઝરત યૂસુફ (અલૈ.)ને જે સમયે ભાઈઓએ કૂવામાં નાંખ્યા હતા તો તેમની ઉંમર સાત વર્ષની હતી, પછી એંસી વર્ષ સુધી પિતાથી ગાયબ રહ્યા અને માતા–પિતાની મુલાકાત પછી ૨૩ વર્ષો જીવંત રહ્યા અને ૧૨૦ વર્ષની ઉંમરમાં વફાત પામ્યા.

મુહમ્મદ બિન ઈસ્હાકે ફરમાવ્યું કે, અહલે કિતાબની રિવાયતોમાં છે કે હઝરત યૂસુફ (અલૈ.) અને હઝરત યાકૂબ (અલૈ.)ની જુદાઈનો સમયગાળો ચાલીસ વર્ષનો હતો, ત્યારબાદ હઝરત યાકૂબ (અલૈ.) મિસ્ર ગયા અને મિસ્ર ગયા પછી સત્તર વર્ષ સુધી જીવ્યા અને ત્યારબાદ તેમની વફાત થઈ.

તફસીરે કુર્તુબીમાં ઈતિહાસકારોના હવાલાથી ઉલ્લેખ છે કે, મિસ્રમાં ૨૪ વર્ષ રહ્યા પછી હઝરત યાકૂબ (અલૈ.)ની વફાત થઈ અને વફાત પહેલાં હઝરત યૂસુફ (અલૈ.)ને એ વસિય્યત કરી હતી કે મારી મય્યિતને મારા વતન (લઈ જઈ) મોકલી મારા પિતા ઈસ્હાક (અલૈ.)ની પાસે મને દફન કરવામાં આવે.

સઈદ બિન ઝુબૈર (રદિ.)એ ફરમાવ્યું કે, હઝરત યાકૂબ (અલૈ.)ને સાગના લાકડાના તાબૂતમાં મૂકીને બયતુલ મુકદ્દસ તરફ રવાના કરવામાં આવ્યું એ કારણે સામાન્ય યહૂદીઓમાં એ રિવાજ ચાલી પડ્યો કે પોતાના મુરદાઓને દૂર–દૂરથી બયતુલ મુકદ્દસ લઈ જઈને દફન કરે છે, હઝરત યાકૂબ (અલૈ.)ની ઉંમર તેમની વફાત સમયે ૧૪૭ વર્ષની હતી.

હઝરત અબ્દુલ્લાહ ઇબ્ને મસઊદ (રદિ.)એ ફરમાવ્યું કે, હઝરત યાકૂબ (અલૈ.) પોતાની અવલાદ સહિત જ્યારે મિસ્રમાં દાખલ થયા તો તેમની સંખ્યા ૯૩ પુરુષ અને સ્ત્રીઓ ઉપર આધારિત હતી અને જ્યારે યાકૂબ (અલૈ.)ની આ અવલાદ એટલે કે બની ઇસ્રાઈલ હઝરત મૂસા (અલૈ.) સાથે મિસ્રથી નીકળ્યા ત્યારે તેમની સંખ્યા છ લાખ સિત્તેર હજાર હતી. *(કુર્તુબી વ ઇબ્ને કષીર)*

આ પહેલાં વર્ણન થઈ ચૂક્યું છે કે, અગાઉના અઝીઝે મિસ્રના ઇન્તેકાલ પછી હઝરત યૂસુફ (અલૈ.)ની શાદી મિસ્રના બાદશાહે ઝૂલેખાં સાથે કરાવી દીધી હતી.

તવરાત અને અહલે કિતાબના ઇતિહાસમાં છે કે તેનાથી હઝરત યૂસુફ (અલૈ.)ને બે પુત્રો ઇફરાઈમ અને મનશા અને એક પુત્રી રહમત બિન્તે યૂસુફ પેદા થયા. રહમતના નિકાહ હઝરત ઐયૂબ (અલૈ.)ની સાથે થયા અને ઇફરાઈમની અવલાદમાં હઝરત યૂશઅ્ બિન નૂન પેદા થયા જે હઝરત મૂસા (અલૈ.)ના સાથી હતા. *(મઝહરી)*

હઝરત યૂસુફ (અલૈ.)નો ઇન્તેકાલ ૧૨૦ વર્ષની ઉંમરમાં થયો અને નાઈલ નદીના કિનારે દફન કરવામાં આવ્યા.

ઇબ્ને ઇસ્હાકે હઝરત ઉરવહ ઇબ્ને ઝુબૈર (રદિ.)થી રિવાયત નકલ કરી છે કે જ્યારે હઝરત મૂસા (અલૈ.)ને હુકમ થયો કે બની ઇસ્રાઈલને સાથે લઈને મિસ્રથી નીકળી જાઓ ત્યારે અલ્લાહ તઆલાએ વહી દ્વારા તેમને હુકમ આપ્યો કે હઝરત યૂસુફ (અલૈ.)ની લાશને મિસ્રમાં ન છોડો, તેને પોતાની સાથે લઈને સિરીયા ચાલ્યા જાઓ અને તેમના બાપ-દાદાની પાસે દફન કરો. આ હુકમ પ્રમાણે હઝરત મૂસા (અલૈ.)એ શોધખોળ કરીને તેમની કબર શોધી કાઢી જે એક સંગે મરમરના તાબૂતમાં હતી, તેને પોતાની સાથે કન્આનની ભૂમી ફલસ્તિનમાં લઈ ગયા અને હઝરત ઇસ્હાક અને હઝરત યાકૂબ (અલૈ.)ની સાથે દફન કર્યા. *(મઝહરી)*

હઝરત યૂસુફ (અલૈ.) પછી અમાલિકા કોમના ફિરઔનોએ મિસ્ર ઉપર કબ્જો કરી લીધો અને બની ઇસ્રાઈલ તેમની રાજસત્તામાં રહીને હઝરત યૂસુફ (અલૈ.)ના દીન ઉપર કાયમ રહ્યા પરંતુ તેમને વિદેશી સમજીને અનેક પ્રકારની

પીડાઓ અને ત્રાસ આપવામાં આવ્યો, એટલે સુધી કે હઝરત મૂસા (અલૈ.)એ તેમને અલ્લાહ તઆલાની મદદ દ્વારા આ અઝાબમાંથી બહાર કાઢયા. *(મઝહરી)*

માર્ગદર્શન અને હુકમો :

પ્રસ્તુત આયતોથી તો એક મસ્અલો એ જણાય છે કે માતા-પિતાનું સન્માન અને ઈજ્જત કરવી વાજિબ છે જેમકે હઝરત યૂસુફ (અલૈ.)ના કિસ્સાથી સાબિત થયું, બીજા મસ્અલા વિશે એ જાણ થઈ કે હઝરત યૂસુફ (અલૈ.)ની શરીઅતમાં "સિજ્દએ તા'ઝીમી" (માન-સન્માન ખાતર કરવામાં આવતો સિજ્દહ) જાઇઝ હતો, એટલા માટે માતા અને ભાઈઓએ તેમને સિજ્દહ કર્યો પરંતુ શરીઅતે મુહમ્મદિય્યહ ﷺ માટે સિજ્દહને ખાસ ઈબાદતની નિશાની ઠરાવવામાં આવી અને તેને ગયરુલ્લાહ માટે હરામ ઠરાવવામાં આવ્યો. કુર્આને મજીદમાં ફરમાવ્યું, لَا تَسْجُدُوْا لِلشَّمْسِ وَلَا لِلْقَمَرِ (૪૧:૩૭) અને હદીષમાં છે કે હઝરત મઆઝ (રદિ.) જ્યારે સિરીયા ગયા અને ત્યાં જોયું કે નસારા પોતાના વડીલોને સિજ્દહ કરે છે ત્યારે પાછા આવીને રસૂલે કરીમ ﷺની સામે સિજ્દહ કરવા લાગ્યા, આપ ﷺએ મનાઈ કરી અને કહ્યું કે "જો કોઈનો સિજ્દહ કરવો હું જાઇઝ સમજતો હોત તો સ્ત્રીને કહ્યું હોત કે તે પોતાના પતિને સિજ્દહ કર્યા કરે." એ જ પ્રમાણે હઝરત સલમાન ફારસી (રદિ.)એ રસૂલે કરીમ ﷺને સિજ્દહ કરવા ઇચ્છ્યું તો આપ ﷺએ કહ્યું, لَا تَسْجُدْ لِيْ يَا سَلْمَانُ وَاسْجُدْ لِلْحَيِّ الَّذِيْ لَا يَمُوْتُ એટલે કે, "હે સલમાન ! મને સિજ્દહ ન કરો બલકે સિજ્દહ ફક્ત તે જાતને કરો જે હય્યુ અને કય્યુમ છે જેનો ક્યારેય અંત નથી." *(ઇબ્ને કષીર)*

આથી જાણ થઈ કે જ્યારે રસૂલુલ્લાહ ﷺ માટે સિજ્દએ તઅ્ઝીમી જાઇઝ નથી તો અન્ય કોઈ બુઝૂર્ગ અથવા પીર માટે કેવી રીતે જાઇઝ હોઈ શકે છે?!

هٰذَا تَاوِيْلُ رُؤْيَايَ થી જાણ થઈ કે સ્વપ્નની તા'બીર અમુક સમયે લાંબા સમય પછી જાહેર થાય છે જેમકે આ ઘટનામાં ૪૦ અથવા ૮૦ વર્ષ પછી જાહેર થઈ. *(ઇબ્ને જરીર અને ઇબ્ને કષીર)*

قَدْ اَحْسَنَ بِيْ થી સાબિત થાય છે કે જે વ્યક્તિ કોઈ બીમારી અથવા મુસીબતમાં ફસાયો હોય પછી તેમાંથી તેનો છુટકારો થઈ જાય તો પયગમ્બરી સુન્નત એ જ છે કે તે છુટકારા ઉપર અલ્લાહનો શુક્ર અદા કરે તથા બીમારી અને

મુસીબતનું વર્ણન કરવાનું ભૂલી જાય.

اِنَّ رَبِّىْ لَطِيْفٌ لِّمَا يَشَآءُ થી જાણ થાય છે કે અલ્લાહ તઆલા જે કામનો ઈરાદો કરે છે તેના માટે એવી બારીક અને ગુપ્ત યોજનાઓ તથા સાધનો ઉત્પન્ન કરે છે કે જેની કોઈ કલ્પના અને ભ્રમ સુદ્ધાં નથી થઈ શકતો.

تَوَفَّنِىْ مُسْلِمًا માં હઝરત યૂસુફ (અલૈ.)એ ઈમાન અને ઈસ્લામ ઉપર મોતની દુઆ માંગી છે, એનાથી જાણ થાય છે કે અમુક ખાસ સંજોગોમાં મોતની દુઆ કરવાની મનાઈ નથી અને સહીહ હદીષોમાં મોતની તમન્ના કરવાની જે મનાઈ કરવામાં આવી છે તેનો ખુલાસો એ છે કે દુનિયાની તકલીફોથી ગભરાઈને હિંમત હારી જઈ બેસબ્રીથી મોત માંગવામાં આવે તે દુરુસ્ત નથી, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, "કોઈ વ્યક્તિ કોઈ મુસીબતના કારણે મોતની તમન્ના ન કરે, જો કહેવું જ હોય તો એવું કહે કે, યા અલ્લાહ ! જ્યાં સુધી મારા માટે જિંદગી ઉત્તમ છે તે સમય સુધી જીવંત રાખ અને જ્યારે મોત બહેતર હોય તો મને મોત આપી દે."

આયતો : (સૂરએ યૂસુફ : આયત નં. ૧૦૨ થી ૧૦૯)

ذٰلِكَ مِنْ اَنْۢبَآءِ الْغَيْبِ نُوْحِيْهِ اِلَيْكَ ۚ وَمَا كُنْتَ لَدَيْهِمْ اِذْ اَجْمَعُوْٓا اَمْرَهُمْ وَهُمْ
يَمْكُرُوْنَ ﴿١٠٢﴾ وَمَآ اَكْثَرُ النَّاسِ وَلَوْ حَرَصْتَ بِمُؤْمِنِيْنَ ﴿١٠٣﴾ وَمَا تَسْـَٔلُهُمْ عَلَيْهِ مِنْ اَجْرٍ ؕ
اِنْ هُوَ اِلَّا ذِكْرٌ لِّلْعٰلَمِيْنَ ﴿١٠٤﴾ ع وَكَاَيِّنْ مِّنْ اٰيَةٍ فِى السَّمٰوٰتِ وَالْاَرْضِ يَمُرُّوْنَ عَلَيْهَا وَهُمْ عَنْهَا
مُعْرِضُوْنَ ﴿١٠٥﴾ وَمَا يُؤْمِنُ اَكْثَرُهُمْ بِاللّٰهِ اِلَّا وَهُمْ مُّشْرِكُوْنَ ﴿١٠٦﴾ اَفَاَمِنُوْٓا اَنْ تَاْتِيَهُمْ غَاشِيَةٌ
مِّنْ عَذَابِ اللّٰهِ اَوْ تَاْتِيَهُمُ السَّاعَةُ بَغْتَةً وَّهُمْ لَا يَشْعُرُوْنَ ﴿١٠٧﴾ قُلْ هٰذِهٖ سَبِيْلِيْٓ اَدْعُوْٓا
اِلَى اللّٰهِ ۣ عَلٰى بَصِيْرَةٍ اَنَا وَمَنِ اتَّبَعَنِيْ ؕ وَسُبْحٰنَ اللّٰهِ وَمَآ اَنَا مِنَ الْمُشْرِكِيْنَ ﴿١٠٨﴾
وَمَآ اَرْسَلْنَا مِنْ قَبْلِكَ اِلَّا رِجَالًا نُّوْحِيْٓ اِلَيْهِمْ مِّنْ اَهْلِ الْقُرٰى ؕ اَفَلَمْ يَسِيْرُوْا فِى الْاَرْضِ
فَيَنْظُرُوْا كَيْفَ كَانَ عَاقِبَةُ الَّذِيْنَ مِنْ قَبْلِهِمْ ؕ وَلَدَارُ الْاٰخِرَةِ خَيْرٌ لِّلَّذِيْنَ اتَّقَوْا ؕ
اَفَلَا تَعْقِلُوْنَ ﴿١٠٩﴾

તરજુમો :

(હે મુહમ્મદ ﷺ !) આ ગયૂબની ખબરો છે, અમે તમારી પાસે મોકલીએ છીએ અને તમે તેમની પાસે ન હતા જ્યારે તેઓ પોતાનું કામ ઠરાવવા લાગ્યા અને ચાલબાઝી કરવા લાગ્યા. (૧૦૨) અને ઘણા લોકો વિશ્વાસ કરનારા નથી ભલે તમે કેટલુંય ઈચ્છો. (૧૦૩) અને તમે આના ઉપર તેમની પાસેથી કંઈ બદલો માંગતા નથી, આ તો બીજું કંઈ નથી પરંતુ સમગ્ર વિશ્વને નસીહત છે. (૧૦૪) અને ઉત્તમ નિશાનીઓ છે આસમાનો અને જમીનમાં જેના ઉપર તેમનું જવું-આવવું રહે છે અને તેઓ એના ઉપર ધ્યાન નથી કરતા. (૧૦૫) અને ઘણા લોકો અલ્લાહ ઉપર ઈમાન નથી લાવતા પરંતુ સાથે જ શરીક પણ કરે છે. (૧૦૬) શું એનાથી નીડર થઈ ગયા કે તેમને એક આફત અલ્લાહના અઝાબની આવી ઢાંકી લે અથવા કયામત અચાનક આવી પહોંચે અને તેમને ખબર ન હોય ? (૧૦૭) કહી આપો ! આ મારો માર્ગ છે, અલ્લાહ તરફ બોલાવું છું સમજીબૂઝીને હું અને જે મારી સાથે છે અને અલ્લાહ પવિત્ર છે અને હું ભાગીદાર બનાવનારાઓમાં નથી. (૧૦૮) અને અમે તમારા પહેલાં જેટલા મોકલ્યા તે સૌ પુરુષ જ હતા કે અમે તેમને વહી મોકલતા હતા, વસ્તીઓમાં રહેનારા, બસ શું તે લોકોએ પ્રદેશની મુસાફરી નથી કરી કે જોઈ લીધું હોત તે લોકોનો કેવો અંજામ થયો જેઓ તેમનાથી અગાઉ હતા અને આખિરતનું ઘર તો બચનારાઓ માટે ઉત્તમ છે, શું હજુપણ નથી સમજતા ? (૧૦૯)

તફસીર :

આ કિસ્સો (જે ઉપર વર્ણન કરવામાં આવ્યો તમારા માટે) ગયૂબની ખબરોમાંથી છે, (કારણ કે તમારી પાસે કોઈ જાહેર માધ્યમ તેને જાણવાનું નથી, ફક્ત) અમે (જ) વહી દ્વારા તમને આ કિસ્સો બતાવીએ છીએ અને (એ દેખીતું છે કે) તમે તે (યૂસુફ અલૈ.ના ભાઈઓ)ની પાસે તે સમયે ઉપસ્થિત ન હતા જ્યારે કે તેમણે પોતાનો ઈરાદો (હઝરત યૂસુફ અલૈ.ને કૂવામાં નાંખવાનો) પાકો કરી લીધો હતો અને તે (તેના વિશે) યોજના કરી રહ્યા હતા (કે આ લોકો આપ ﷺને એવું કહે કે તેમને અમસ્તા જ લઈ જાય وَغَيْرُ ذٰلِكَ અને એ જ પ્રમાણે આ વાત

યકીની છે કે તમને કોઈએ આ કિસ્સો સંભળાવ્યો પણ નથી અને આપે સાંભળ્યો પણ નથી, બસ આ સ્પષ્ટ દલીલ છે નુબુવ્વતની અને સાહિબે વહી હોવાની) અને (નુબુવ્વતની દલીલ કાયમ થઈ હોવા છતાં પણ) ઘણા લોકો ઈમાન નથી લાવતા, બસ તમારું કેટલુંય દિલ ચાહે અને (તેમનું ઈમાન ન લાવવાથી આપ ﷺનું કોઈ જ નુકસાન નથી. કારણ કે) તમે તેમની પાસેથી આ (કુર્આન) ઉપર કોઈ વળતર તો ઈચ્છતા નથી (જેમાં એ સંભાવના હોય કે જો આ લોકો કુર્આનનો સ્વીકાર ન કરશે તો તમને વળતર નહિ મળે), આ (કુર્આન) તો માત્ર સમગ્ર વિશ્વોના માટે એક નસીહત છે (જે નહિ માને તેનું જ નુકસાન થશે) અને (જે પ્રમાણે આ લોકો નુબુવ્વતના ઈન્કારી છે એ જ પ્રમાણે દલીલો હોવા છતાં તેઓ તવહીદના પણ ઈન્કારી છે એટલા માટે) ઘણી બધી નિશાનીઓ છે (કે જે તવહીદ ઉપર દલીલ સ્વરૂપે છે) આસમાનોમાં (જેમકે તારામંડળો વગેરે) અને પૃથ્વીમાં (જેમકે જીવસૃષ્ટિ વગેરે) જેના ઉપરથી તેઓ પસાર થતા રહે છે (એટલે કે તેનો જાત અનુભવ કરતા રહે છે) અને તે તેના તરફ (લેશમાત્ર) ધ્યાન આપતા નથી (એટલે કે તેનાથી દલીલ પકડતા નથી) અને ઘણા લોકો જે અલ્લાહને માને છે તે એવી રીતે કે સાથે શિર્ક પણ કરતા જાય છે (બસ, તવહીદ વિના અલ્લાહની માન્યતા તેને ન માનવા સમાન જ છે જેથી આ લોકો અલ્લાહની સાથે પણ કુફ્ર કરે છે અને નુબુવ્વતની સાથે પણ કુફ્ર કરે છે) બસ શું (અલ્લાહના અને તેના રસૂલના ઈન્કારી થઈને) પછી પણ એ વાતથી સંતોષ પામીને બેઠા છો કે તેના ઉપર અલ્લાહના અઝાબની કોઈ એવી આફત આવી પડે જે તેમના ઉપર છવાઈ જાય અથવા તેમના ઉપર અચાનક કયામત આવી જાય અને તેમને (પ્રથમથી) ખબર પણ ન થાય (મતલબ એ છે કે કુફ્રના કારણે ભલે દુનિયામાં જ કોઈ અઝાબ નાઝિલ થઈ જાય અથવા કયામતના દિવસે તે અઝાબ આવીને રહે તેમણે ડરવું જોઈએ અને કુફ્રને છોડી દેવું જોઈએ) તમે કહી આપો કે હું અલ્લાહ તરફ એ પ્રમાણે બોલાવું છું કે હું (તવહીદ અને પોતાના અલ્લાહ તરફથી પ્રચારક હોવાની) દલીલ ઉપર કાયમ છું, હું પણ અને મારા સાથીઓ પણ (એટલે કે મારી પાસે પણ દલીલ છે તવહીદ અને રિસાલતની અને મારી સાથેવાળાઓ પણ દલીલની સાથે મારા ઉપર ઈમાન લાવ્યા છે, હું વિના દલીલની વાત તરફ કોઈને બોલાવતો નથી, દલીલ સાંભળો અને સમજો. બસ, કહેવાનો ખુલાસો એ છે કે

અલ્લાહ એકમાત્ર છે અને હું તેનો નબી છું) અને અલ્લાહ (શિર્કથી) પવિત્ર છે અને હું (આ તરીકાનો સ્વીકાર કરું છું અને) મુશ્રિકોમાંથી નથી અને (આ જે નુબુવ્વત ઉપર શંકા કરો છો કે નબી ફરિશ્તો હોવો જોઈએ ફક્ત અર્થહીન, વ્યર્થ અને બેકાર વાતો છે કારણ કે) અમે તમારા અગાઉ વિવિધ વસ્તીવાળાઓમાંથી જેટલા (રસૂલ) મોકલ્યા બધા પુરુષો જ હતા જેમની પાસે અમે વહી મોકલતા હતા (કોઈપણ ફરિશ્તો ન હતો જેમને તેમણે ન માન્યા અને આવી જ ખોટી શંકાઓ કરતા રહ્યા તેમને સજાઓ આપવામાં આવી, એ જ પ્રમાણે આ લોકોને પણ સજા આપવામાં આવશે ભલે દુનિયામાં અથવા આખિરતમાં અને આ લોકો જેઓ નચિંત થઈ ગયા છે) તો શું આ લોકો પ્રદેશમાં (ક્યાંય) હરતા-ફરતા નથી કે (પોતાની આંખોથી) જોઈ લે કે તે લોકોનો કેવો (બુરો) અંજામ થયો જેઓ તેમનાથી અગાઉ (કાફિર) થઈ ગુજર્યા છે અને (યાદ રાખો કે દુનિયાની મહોબ્બતમાં મદ્હોશ થઈને તમે કુફ્રને અપનાવ્યું છે તો આ દુનિયા નષ્ટ થનાર છે અને તુચ્છ પણ છે) અલબત્ત, આખિરતની દુનિયા તે લોકો માટે ખૂબ સફળતાની વસ્તુ છે જેઓ (શિર્ક વગેરેથી) બચેલા રહે છે (અને તવહીદ તથા આજ્ઞાપાલન અપનાવે છે) તો શું તમે આટલું પણ નથી સમજતા ? (કે આ નષ્ટ થનાર તુચ્છ વસ્તુ સારી છે કે સદા કાયમ રહેનાર આખિરત ?)

મસ્અલા અને બોધપાઠ :

આ આયતોમાં હઝરત યૂસુફ (અલૈ.)નો સંપૂર્ણ કિસ્સો વર્ણન કર્યા પછી પ્રથમ નબીએ કરીમ ﷺને સંબોધન છે.

ذٰلِكَ مِنْ اَنْۢبَآءِ الْغَيْبِ نُوْحِيْهِ اِلَيْكَ એટલે કે, આ કિસ્સો ગયૂબની તે ખબરોમાંથી છે જે અમે વહી દ્વારા તમને બતાવીએ છીએ, તમે હઝરત યૂસુફ (અલૈ.)ના ભાઈઓ પાસે મોજૂદ ન હતા જ્યારે કે તેઓ હઝરત યૂસુફ (અલૈ.)ને કૂવામાં નાંખવાનું નક્કી કરી ચૂક્યા હતા અને તેના માટે યોજનાઓ ઘડી રહ્યા હતા.

આ જાહેરાતનો અર્થ એ છે કે હઝરત યૂસુફ (અલૈ.)ના આ કિસ્સાને સંપૂર્ણ વિગત સાથે સાચે-સાચો વર્ણન કરી આપવો રસૂલે કરીમ ﷺની નુબુવ્વત અને વહીની સ્પષ્ટ દલીલ છે કારણ કે, આ કિસ્સો રસૂલે કરીમ ﷺના યુગથી

હજારો વર્ષ પહેલાંનો છે, ન તો આપ ﷺ ત્યાં ઉપસ્થિત હતા કે તેને જોઈને તેઓ તેને વર્ણન કરે અને ન જ આપ ﷺએ કોઈની પાસેથી તેનું શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું, યા તો ઈતિહાસની કિતાબો જોઈને અથવા કોઈની પાસેથી સાંભળીને વર્ણન કરી લીધું હોય એવું પણ નથી બન્યું, એટલા માટે માત્ર અલ્લાહની વહી સિવાય તેને જાણવાનો અન્ય કોઈ માર્ગ નથી.

કુર્આને કરીમે આ સ્થળે ફક્ત એટલી વાત ઉપર બસ કર્યું છે કે તમે ત્યાં મોજૂદ ન હતા, કોઈ બીજા વ્યક્તિ અથવા પુસ્તક દ્વારા તેનું જ્ઞાન પ્રાપ્ત ન કરવાનું વર્ણન એટલા માટે આવશ્યક સમજવામાં ન આવ્યું હતું કે સમગ્ર અરબ જગત જાણતું હતું કે રસૂલે કરીમ ﷺ ઉમ્મી છે, આપ ﷺ કોઈની પાસેથી લખવાનું-પઢવાનું નથી શીખ્યા અને એ પણ બધાને જાણ હતી કે રસૂલે કરીમ ﷺની સમગ્ર જિંદગી મક્કએ મુઅજ્જમહમાં પસાર થઈ છે, સિરીયા દેશની મુસાફરી પોતાના કાકા અબૂ તાલીબની સાથે કરી હતી જેમાં માર્ગમાંથી જ પાછા આવી ગયા હતા, બીજી મુસાફરી વેપાર માટે કરી તેમાં પણ અમુક દિવસો કામ કર્યા પછી પરત આવી ગયા, આ મુસાફરીમાં પણ કોઈ વિદ્વાન સાથે મુલકાત થવાની અથવા કોઈ શૈક્ષણિક સંસ્થાથી સંબંધ હોવાની કોઈ શક્યતા ન હતી એટલા માટે આ સ્થળે તેનું વર્ણન કરવાની આવશ્યકતા સમજવામાં નથી આવી અને કુર્આને કરીમમાં અન્ય સ્થળે એવું પણ વર્ણન થયું છે, مَا كُنْتَ تَعْلَمُهَآ اَنْتَ وَلَا قَوْمُكَ مِنْ قَبْلِ هٰذَا એટલે, કુર્આનના નાઝિલ થતા પહેલાં આ ઘટનાને આપ ﷺ જાણતા ન હતા અને ન જ આપ ﷺની કોમ તેને જાણતી હતી. (૧૧:૪૯)

ઈમામ બગવી (રહ.)એ ફરમાવ્યું કે યહૂદીઓ અને કુરૈશીઓએ મળીને રસૂલે કરીમ ﷺની કસોટી માટે એ પ્રશ્ન કર્યો હતો કે જો તમે પોતાના નુબુવ્વતના દા'વામાં સાચા છો તો હઝરત યૂસુફ (અલૈ.)નો કિસ્સો બતાવો કે શું અને કેવી રીતે બન્યું ? જ્યારે રસૂલે કરીમ ﷺએ અલ્લાહની વહી દ્વારા આ બધું બતાવી આપ્યું અને તો પણ તેઓ પોતાના કુફ્ર અને ઈન્કાર ઉપર મક્કમ રહ્યા તો રસૂલે કરીમ ﷺને આઘાત લાગ્યો, તેના ઉપર આગલી આયતમાં ફરમાવવામાં આવ્યું કે તમારી નુબુવ્વત અને રિસાલતની નિશાનીઓ સ્પષ્ટ થઈ ગયા પછી પણ ઘણા લોકો ઈમાન લાવશે નહીં ભલે તમે કેટલાય પ્રયત્નો કરો, મતલબ એ છે કે રસૂલે કરીમ ﷺનું કામ તબ્લીગ અને સુધારણાનો પ્રયત્ન છે તેને સફળ બનાવવો ન તો

તમારા અધિકારમાં છે અને ન જ તમારી જવાબદારી છે એટલા માટે તમને તેનાથી કોઈ રંજ કે ગમ ન થવો જોઈએ, ત્યારબાદ ફરમાવ્યું,

وَمَا تَسْـَٔلُهُمْ عَلَيْهِ مِنْ اَجْرٍ اِنْ هُوَ اِلَّا ذِكْرٌ لِّلْعٰلَمِيْنَ એટલે કે, તમે તેમને જે કંઈ તબ્લીગ કરવાના અને સીધા માર્ગ ઉપર લાવવાના પ્રયત્નો કરો છો તેના ઉપર તે લોકો પાસેથી કોઈ વળતર તો માંગતા નથી જેના કારણે તેમને સાંભળવા અને માનવામાં કોઈ મુશ્કેલી થાય, બલકે તમારું કલામ તો ફક્ત ભલાઈ અને નસીહત છે સમગ્ર દુનિયાવાળાઓ માટે, તેમાં તે તરફ પણ ઈશારો જોવા મળે છે કે જ્યારે આ પ્રયત્નથી તમારો કોઈ દુનિયાનો લાભ નથી બલકે આખિરતનો સવાબ અને કોમની ભલાઈ છે તો તે હેતુ તમને પ્રાપ્ત થઈ ચૂક્યો પછી આપ ﷺ શા માટે ગમગીન (દિલગીર) થાઓ છો !

وَكَاَيِّنْ مِّنْ اٰيَةٍ فِى السَّمٰوٰتِ وَالْاَرْضِ يَمُرُّوْنَ عَلَيْهَا وَهُمْ عَنْهَا مُعْرِضُوْنَ એટલે કે, આ લોકો ફક્ત એટલું જ નહીં કે કોઈ શિખામણ આપનારની શિખામણને જીદ અથવા હઠધર્મીના કારણે નથી સાંભળતા, બલકે તેમની હાલત તો એવી છે કે અલ્લાહ તઆલાની સંપૂર્ણ કુદરતની જે ખુલ્લમ-ખુલ્લી નિશાનીઓ આસમાનો અને પૃથ્વી ઉપર દરેક સમયે દૃષ્ટિ સમક્ષ રહે છે તેના ઉપર પણ તેઓ બેધ્યાન રહે છે અને બેદરકારીથી પસાર થઈ જાય છે, બિલકુલ દૃષ્ટિપાત કરતા નથી કે કોની કુદરત અને મોટાઈની આ નિશાનીઓ છે ? આસમાન અને પૃથ્વીમાં અલ્લાહ તઆલાની ખુદાઈ અને હિકમત તથા કુદરતની અસંખ્ય નિશાનીઓ ઉપસ્થિત છે, તેમાંથી એ પણ છે કે જે પાછલી કોમો ઉપર અઝાબ આવ્યો અને તેમને ઊલટાવી દેવામાં આવી અથવા બરબાદ કરવામાં આવી તે વસ્તીઓ ઉપર તેમની નજર તો પડે છે પરંતુ તેનાથી કોઈ બોધપાઠ ગ્રહણ કરતા નથી.

આ વર્ણન તો એવા લોકોનું હતું જેઓ અલ્લાહ તઆલાના અસ્તિત્વ તથા તેની હિકમત અને કુદરતની જ માન્યતા ધરાવતા ન હતા, આગળ એવા લોકોનો ઉલ્લેખ છે જેઓ અલ્લાહ તઆલાને તો માને છે પરંતુ તેની ખુદાઈમાં અન્ય વસ્તુઓને ભાગીદાર ઠરાવે છે, ફરમાવ્યું,

وَمَا يُؤْمِنُ اَكْثَرُهُمْ بِاللّٰهِ اِلَّا وَهُمْ مُّشْرِكُوْنَ એટલે કે, તેમાં જે લોકો

અલ્લાહ તઆલા ઉપર ઈમાન પણ લાવે છે તો તે પણ શિર્કની સાથે ! એટલે કે અલ્લાહ તઆલાના જ્ઞાન અને કુદરત વગેરે સિફતોમાં અન્યોને ભાગીદાર ઠરાવે છે જે ઉઘાડો અત્યાચાર અને અજ્ઞાનતા છે.

ઈબ્ને કષીર (રહ.)એ ફરમાવ્યું કે, આ આયતના મફહૂમ (સમજવામાં આવતા અર્થ)માં તે મુસલમાનો પણ સામેલ છે જે ઈમાન હોવા છતાં વિવિધ પ્રકારના શિર્કમાં સંડોવાયા છે. મુસ્નદે અહમદમાં છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, "મને તમારા ઉપર જે વસ્તુનો ભય છે તેમાં સૌથી વધારે ખતરનાક "શિર્કે અસગર" (નાનું શિર્ક) છે. સહાબએ કિરામ (રદિ.)ના પૂછવાથી ફરમાવ્યું, "રિયા" (દેખાડો) શિર્કે અસગર છે." એ જ પ્રમાણે એક હદીષમાં ગયરુલ્લાહ (અલ્લાહ સિવાય અન્ય)ની કસમ ખાવાને શિર્ક ફરમાવ્યું છે. (ઈબ્ને કષીર, અનલ તિરમિઝી) અલ્લાહ તઆલા સિવાય કોઈ બીજાના નામની નિયાઝ માનવી પણ ફુક્હાની સહમતીથી તેમાં જ સામેલ છે, ત્યારબાદ તેમાં બેદરકારી અને અજ્ઞાનતા જાહેર થવા ઉપર અફસોસ અને આશ્ચર્ય છે કે આ લોકો પોતાના ઈન્કાર અને બળવાખોરી છતાં એ વાતથી કેવી રીતે નચિંત થઈ ગયા કે શક્ય છે કે તેમના ઉપર અલ્લાહ તઆલા તરફથી કોઈ અઝાબની દુર્ઘટના આવી પડે અથવા અચાનક તેમના ઉપર કયામત આવી જાય કે તેના માટે તેઓ તૈયાર ન હોય !

قُلْ هٰذِهٖ سَبِيْلِيْۤ اَدْعُوْۤا اِلَى اللّٰهِ عَلٰى بَصِيْرَةٍ اَنَا وَمَنِ اتَّبَعَنِيْ وَسُبْحٰنَ اللّٰهِ وَمَآ اَنَا مِنَ الْمُشْرِكِيْنَ એટલે કે, આપ ﷺ તે લોકોને કહી આપો કે (તમે માનો અથવા ન માનો) મારો તો આ જ તરીકો અને કાર્ય છે કે લોકોને બસીરત અને યકીનની સાથે અલ્લાહ તરફ દા'વત આપતો રહું, હું પણ અને જે લોકો મારું અનુસરણ કરનારા છે તે લોકો પણ.

મતલબ એ છે કે મારી આ દા'વત કોઈ ઉપરછલ્લી બાબત ઉપર આધારિત નથી બલકે સમગ્ર તર્ક અને બુદ્ધિ તથા હિકમતનો નિચોડ-ફળ છે, આ આમંત્રણ અને બસીરત (સમજદારી)માં રસૂલે કરીમ ﷺએ પોતાના અનુયાયીઓ અને આજ્ઞાપાલકોને પણ સામેલ ફરમાવ્યા છે. હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)એ ફરમાવ્યું કે તેનો ભાવાર્થ સહાબએ કિરામ (રદિ.) છે જે રિસાલતના જ્ઞાનના ખજાના અને અલ્લાહ સુબ્હાનહુ વ તઆલાના સૈનિકો છે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.)એ ફરમાવ્યું કે, "રસૂલુલ્લાહ ﷺના સહાબા આ બધી જ ઉમ્મતના શ્રેષ્ઠ લોકોમાંથી છે જેમના દિલ પવિત્ર અને તેમનું જ્ઞાન ખૂબ ઊંડું છે, તેમનામાં તકલ્લુફ (ઔપચારિકતા)નું નામ સુદ્ધાં નથી, અલ્લાહ તઆલાએ તેમને પોતાના રસૂલુલ્લાહ ﷺના સંગાથ અને સેવા માટે ચૂંટી લીધા છે, તમે તેમના અખ્લાક અને ટેવો તથા તરીકાઓને શીખો કારણ કે તેઓ જ સીધા માર્ગ ઉપર છે."

એ પણ ભાવાર્થ હોઈ શકે છે કે مَنِ اتَّبَعَنِي (મનિત્તબઅની) દરેક તે વ્યક્તિ માટે સામાન્ય હોય કે જે કયામત સુધી રસૂલે કરીમ ﷺની દા'વતને ઉમ્મત સુધી પહોંચાડવાની સેવામાં પ્રવૃત્ત હોય. કલ્બી અને ઈબ્ને ઝૈદે ફરમાવ્યું કે આ આયતથી એ પણ જાણ થાય છે કે જે વ્યકિત રસૂલે કરીમ ﷺના અનુસરણનો દા'વો કરે છે તેના ઉપર જરૂરી છે કે આપ ﷺની દા'વતને લોકોમાં ફેલાવે અને કુર્આનના શિક્ષણને આમ કરે (સર્વત્ર ફેલાવે). *(મઝહરી)*

سُبْحٰنَ اللّٰهِ وَمَآ اَنَا مِنَ الْمُشْرِكِيْنَ એટલે કે, "અલ્લાહ શિર્કથી પાક છે અને હું શિર્ક કરનારાઓમાંથી નથી." ઉપરોક્ત એવું વર્ણન આવ્યું હતું કે મોટા ભાગના લોકો જ્યારે અલ્લાહ ઉપર ઈમાન પણ લાવે છે તો તેની સાથે-સાથે નાનું અથવા મોટું શિર્ક ભેળસેળ કરે છે એટલા માટે શિર્કથી પોતે બિલકુલ મુક્ત હોવાની જાહેરાત કરી. ખુલાસો એ છે કે મારા આમંત્રણનો હેતુ આ નથી કે હું લોકોને પોતાના બંદા બનાવું પરંતુ હું પોતે પણ અલ્લાહનો જ બંદો છું અને તેની જ બંદગી તરફ આમંત્રણ આપું છું અલબત્ત, "દાઈ" (આમંત્રણ આપનાર નબી અને રસૂલ) તરીકે મારા ઉપર ઈમાન લાવવું ફરજ છે.

આના ઉપર જે મક્કાના મુશિરકોએ શંકા રજુ કરી હતી કે અલ્લાહ તઆલાના રસૂલ અને સંદેશાવાહક તો મનુષ્ય નહિ બલકે ફરિશ્તા હોવા જોઈએ તેનો જવાબ આગલી આયતમાં આ રીતે આપવામાં આવ્યો.

وَمَآ اَرْسَلْنَا مِنْ قَبْلِكَ اِلَّا رِجَالًا نُّوْحِيْٓ اِلَيْهِمْ مِّنْ اَهْلِ الْقُرٰى એટલે કે, તેમનો એ વિચાર પાયા વગરનો છે કે અલ્લાહના રસૂલ અને પયગમ્બર ફરિશ્તા હોવા જોઈએ મનુષ્ય નથી હોઈ શકતો, બલકે ઘટના તેનાથી વિપરીત છે કે માનવી માટે અલ્લાહનો રસૂલ માનવી જ થતો ચાલ્યો આવ્યો છે અલબત્ત,

સામાન્ય માનવો કરતા તેને એ વિશેષતા પ્રાપ્ત થતી હોય છે કે તેને અલ્લાહ તબારક વ તઆલા તરફથી સીધે-સીધી વહી અને પયગામ (સંદેશો) આવે છે અને તે કોઈની કોશીશ અથવા કર્મોનું પરિણામ નથી હોતું. અલ્લાહ તઆલા પોતે જ પોતાના બંદાઓમાંથી જેને યોગ્ય સમજે છે આ કાર્ય માટે નિયુક્ત કરી દે છે અને તેની નિયુક્તિ એવી ખાસ સિફતો અને વિશેષતાઓના આધારે હોય છે જે સામાન્ય માણસોમાં હોતી નથી.

આગળ તે લોકોને ચેતવણી છે જેઓ અલ્લાહ તરફના "દાઈ" અને રસૂલના માર્ગદર્શનનો વિરોધ કરીને અલ્લાહના અઝાબને આમંત્રણ આપે છે. ફરમાવ્યું,

اَفَلَمْ يَسِيْرُوْا فِى الْاَرْضِ فَيَنْظُرُوْا كَيْفَ كَانَ عَاقِبَةُ الَّذِيْنَ مِنْ قَبْلِهِمْ وَلَدَارُ الْاٰخِرَةِ خَيْرٌ لِّلَّذِيْنَ اتَّقَوْا اَفَلَا تَعْقِلُوْنَ એટલે કે, શું આ લોકો જમીનમાં હરતા ફરતા નથી કે તેઓ પાછલી કોમોની હાલતોને નજરે જુએ કે રસૂલોના ઈન્કારે તેમને કેવા ખરાબ પરિણામમાં સપડાવી દીધા ? પરંતુ આ લોકો દુનિયાના જાહેર શણગાર તથા સહૂલતમાં મસ્ત થઈને આખિરતને ભૂલાવી બેઠા છે જ્યારે કે પરહેઝગારો-સંયમી લોકો માટે આખિરત આ દુનિયાથી અનેક ઘણી વધારે ઉત્તમ છે, શું આ લોકોમાં એટલી પણ બુદ્ધિ નથી કે દુનિયાની અમુક દિવસની રાહતને આખિરતની કાયમી અને સંપૂર્ણ નેઅ્મતો તથા રાહતો ઉપર અગ્રિમતા આપે છે !

હુકમો અને માર્ગદર્શન :

"ગય્બની ખબરો" (અદષ્ય બાબતોની જાણકારી) અને "ઇલ્મે ગય્બ" (અદષ્ય બાબતોના જ્ઞાન)માં તફાવત :

ذٰلِكَ مِنْ اَنْۢبَآءِ الْغَيْبِ نُوْحِيْهِ اِلَيْكَ "આ સર્વકાંઈ ગય્બની ખબરોમાંથી છે જે અમે આપ ﷺને વહી દ્વારા બતાવીએ છીએ." (૩:૪૪) આ જ વિષય લગભગ આ જ શબ્દો સાથે સૂરએ આલિ ઈમ્રાનની આયત નં. ૪૩માં હઝરત મરયમના કિસ્સામાં આવ્યો છે. ذٰلِكَ مِنْ اَنْۢبَآءِ الْغَيْبِ نُوْحِيْهِ اِلَيْكَ અને સૂરએ હૂદની આયત નં. ૪૮માં નૂહ (અલૈ.)ની ઘટના વિશે આવ્યો છે. تِلْكَ مِنْ اَنْۢبَآءِ الْغَيْبِ نُوْحِيْهَآ اِلَيْكَ (૧૧:૪૯)

આ આયતોથી એક વાત તો એ જાણ થઈ કે અલ્લાહ તઆલા પોતાના અંબિયા (અલૈ.)ને ઘણી બધી ગયૂબની ખબરોની વહી દ્વારા જાણકારી આપી દે છે, ખાસ કરીને આપણા સય્યિદુર્રસૂલ ﷺને આ ગયૂબની ખબરોનો ખાસ ભાગ અર્પણ કરવામાં આવ્યો છે જે બધા જ અગાઉના અંબિયા (અલૈ.)થી વધારે છે, એ જ કારણ છે કે આપ ﷺએ ઉમ્મતને કયામત સુધી થનાર ઘણી બધી ઘટનાઓની વિગતવાર અથવા ટૂંકમાં ખબરો આપી દીધી છે, હદીષની કિતાબોમાં "કિતાબુલ ફિતન"ની બધી જ હદીષો તેનાથી ભરી પડી છે.

સામાન્ય જનતા કારણ કે ગયૂબનું જ્ઞાન ફક્ત તેને જ સમજે છે કે કોઈ વ્યક્તિ ગયૂબની ખબરો (અદષ્ય બાબતો)થી કોઈપણ રીતે વાકેફ થઈ જાય અને આ ગુણ રસૂલે કરીમ ﷺમાં પૂર્ણ કક્ષાએ મોજૂદ છે, એટલા માટે તેઓ એવું ધારે છે કે રસૂલે કરીમ ﷺ "આલિમુલ ગયૂબ" હતા પરંતુ કુર્આને કરીમે સ્પષ્ટ શબ્દોમાં જાહેરાત કરી છે, لَا يَعْلَمُ مَنْ فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ الْغَيْبَ اِلَّا اللّٰهُ (૨૭:૬૫) જેનાથી જાણ થાય છે કે "આલિમુલ ગયૂબ" અલ્લાહ તઆલા સિવાય અન્ય કોઈ હોઈ જ નથી શકતું. "ઈલ્મે ગયૂબ" અલ્લાહ જલ્લ શા'નુહૂની ખાસ સિફત છે તેમાં કોઈ રસૂલ અથવા ફરિશ્તાને સામેલ સમજવું તેમને અલ્લાહની સમકક્ષ બનાવવા સમાન અને ઈસાઈઓની પ્રવૃત્તિ છે જેઓ રસૂલને અલ્લાહનો બેટો અને ખુદાઈમાં ભાગીદાર ઠરાવે છે. કુર્આને કરીમની પ્રસ્તુત આયતોથી ઘટનાની સંપૂર્ણ હકીકત સ્પષ્ટ થઈ ગઈ કે "ઈલ્મે ગયૂબ" તો માત્ર અલ્લાહ તઆલાની જ ખાસ સિફત છે અને "આલિમુલ ગયૂબ" માત્ર અલ્લાહ જલ્લ શા'નુહૂ જ છે અલબત્ત, ગયૂબની ઘણી બધી ખબરો અલ્લાહ તઆલાએ પોતાના રસૂલોને વહી દ્વારા બતાવી આપી છે, આ કુર્આનની પરિભાષામાં "ઈલ્મે ગયૂબ" કહેવાતું નથી અને સામાન્ય જનતા કારણ કે આ બારીક તફાવતને સમજતી નથી બલકે ગયૂબની ખબરોને જ "ઈલ્મે ગયૂબ" કહેવા માંડે છે અને જ્યારે કુર્આની પરિભાષા પ્રમાણે ગયરુલ્લાહ માટે "ઈલ્મે ગયૂબ"ના નકારનું વર્ણન કરવામાં આવે છે તો તેનો વિરોધ કરવા માંડે છે જેની હકીકત એથી વધારે નથી કે

اختلافِ خلق از نام اوفتاد ؛ چوں بمعنی رفت آرام اوفتاد

وَمَآ اَرْسَلْنَا مِنْ قَبْلِكَ اِلَّا رِجَالًا نُّوْحِيْٓ اِلَيْهِمْ مِّنْ اَهْلِ الْقُرٰى આ આયતમાં

અલ્લાહ તઆલાએ રસૂલો વિશે શબ્દ رِجَالًا (રિજાલન)નો ઉપયોગ કર્યો છે, એનાથી જાણ થઈ કે રસૂલો હંમેશા પુરુષ જ હોય છે સ્ત્રી નબી અથવા રસૂલ નથી હોઈ શકતી.

ઈમામ ઈબ્ને કષીર (રહ.)એ જમહૂર ઉલમાનો એ જ અભિપ્રાય નકલ કર્યો છે કે અલ્લાહ તઆલાએ કોઈ સ્ત્રીને નબી અથવા રસૂલ નથી બનાવી, અમુક ઉલમાએ અમુક સ્ત્રીઓ વિશે નબી હોવાનો સ્વીકાર કર્યો છે, દાખલા તરીકે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ના પવિત્ર પત્ની બીબી સારહ અને હઝરત મૂસા (અલૈ.)ના વાલિદહ તથા હઝરત ઈસા (અલૈ.)ના વાલિદહ હઝરત મરયમ; કારણ કે આ ત્રણે સ્ત્રીઓ વિશે કુર્આને કરીમમાં એવા શબ્દો મોજૂદ છે જેમાં એવું સમજાય છે કે અલ્લાહના હુકમથી ફરિશ્તાઓએ તેમની સાથે વાતચીત કરી અને ખુશખબરી સંભળાવી અથવા તો પોતે તેમને અલ્લાહની વહીથી જાણ થઈ પરંતુ જમહૂર ઉલમાના મતે આ આયતોથી આ ત્રણે સ્ત્રીઓની પ્રતિષ્ઠા અને મોટાઈ તથા અલ્લાહ તઆલા નજીક તેમનો મહાન દરજ્જો હોવાનું તો સાબિત થાય છે પરંતુ તેઓ ફરમાવે છે કે માત્ર આ શબ્દો તેમની નુબુવ્વત અને રિસાલતની સાબિતી માટે પૂરતા નથી.

આ જ આયતમાં اَهْلِ الْقُرٰى (અહ્‌લિલ્ કુરા)થી જાણ થાય છે કે અલ્લાહ તઆલા પોતાના રસૂલ સામાન્ય રીતે શહેરો અને કસ્બાઓના રહેનારાઓમાંથી મોકલે છે ગામડાં અને જંગલના નિવાસીઓમાંથી રસૂલો થતા નથી, કારણ કે સામાન્યતઃ (પ્રાચીન સમયના) ગામડાં અને જંગલના નિવાસીઓ કઠોર સ્વભાવના તથા બુદ્ધિ અને સમજદારીમાં ઓછા હતા. *(ઈબ્ને કષીર, કુર્તુબી વગેરે)*

આયતો : (સૂરએ યૂસુફ : આયત નં. ૧૧૦-૧૧૧)

حَتّٰۤى اِذَا اسْتَيْـَٔسَ الرُّسُلُ وَظَنُّوْۤا اَنَّهُمْ قَدْ كُذِبُوْا جَآءَهُمْ نَصْرُنَا ۙ فَنُجِّىَ
مَنْ نَّشَآءُ ؕ وَلَا يُرَدُّ بَاْسُنَا عَنِ الْقَوْمِ الْمُجْرِمِيْنَ ﴿١١٠﴾ لَقَدْ كَانَ فِىْ قَصَصِهِمْ عِبْرَةٌ
لِّاُولِى الْاَلْبَابِ ؕ مَا كَانَ حَدِيْثًا يُّفْتَرٰى وَلٰكِنْ تَصْدِيْقَ الَّذِىْ بَيْنَ يَدَيْهِ
وَتَفْصِيْلَ كُلِّ شَىْءٍ وَّهُدًى وَّرَحْمَةً لِّقَوْمٍ يُّؤْمِنُوْنَ ﴿١١١﴾ ع

તરજુમો :

એટલે સુધી કે જ્યારે રસૂલ નાઉમ્મીદ થવા લાગ્યા અને ખયાલ કરવા લાગ્યા કે તેમને જૂઠું કહેવામાં આવ્યું હતું (ત્યારે) તેમને અમારી મદદ પહોંચી, પછી જેમને અમે ઈચ્છ્યું બચાવી દીધા અને અમારો અઝાબ ગુનેહગાર કોમથી ટળતો નથી. (૧૧૦) અલબત્ત બુદ્ધિશાળીઓએ તેમના અહેવાલથી પોતાની હાલતનું અનુમાન કરવાનું છે; (આ) કંઈ બનાવેલી વાત નથી પરંતુ એ કલામ પ્રમાણે છે જે આનાથી અગાઉ છે અને દરેક વસ્તુનું વર્ણન અને હિદાયત અને રહમત તે લોકોને માટે જેઓ ઈમાન લાવે છે. (૧૧૧)

તફસીર :

(જો તમે કાફિરો ઉપર અઝાબનું મોડું થવાથી તેના ન આવવાની શંકામાં પડ્યા હોય તો તે તમારી ભૂલ છે, એટલા માટે કે અમે અગાઉ થઈ ચૂકેલી ઉમ્મતોના કાફિરોને પણ લાંબી-લાંબી મહોલતો આપી હતી) એટલે સુધી કે (આ લાંબી મુદત થવાના કારણે) પયગમ્બર (એ વાતથી) માયૂસ થઈ ગયા (કે અમે અલ્લાહ તરફથી કાફિરો ઉપર અઝાબ આવવાનો જે વખત પોતાના અનુમાન અને અંદાજાથી નક્કી કરી લીધો હતો તે સમયમાં કાફિરો ઉપર અઝાબ આવીને અમારો વિજય-સરસાઈ અને સચ્ચાઈ જાહેર થઈ જશે) અને તેઓ (પયગમ્બરો)ને તીવ્ર ધારણા એવી થઈ ગઈ હતી કે (અલ્લાહના વાયદાનો સમય નક્કી કરવામાં) અમારી સમજ પ્રમાણે અમે ભૂલ કરી (કે ફક્ત અંદાજાથી અને અનુમાન લગાવી અલ્લાહની મદદ જલદી આવી જવાની ઈચ્છાથી અઝાબનો સમય નજીક હોવાનું નક્કી કરી લીધું જ્યારે કે વાયદો બેમુદતી છે, આવી માયૂસીની હાલતમાં) તેમને અમારી મદદ પહોંચી (તે મદદ એ કે કાફિરો ઉપર અઝાબ આવ્યો) પછી (તે અઝાબથી) અમે જેને ઈચ્છ્યું તેને બચાવી લેવામાં આવ્યા (તેનો ભાવાર્થ મો'મિનોને બચાવી લેવામાં આવ્યા) અને (આ અઝાબમાં કાફિરોનો નાશ કરવામાં આવ્યો કારણ કે) અમારો અઝાબ અપરાધી લોકો ઉપરથી હટતો નથી (બલકે તેમના ઉપર અવશ્ય આવે છે ભલે મોડેથી તો મોડેથી! બસ આ મક્કાના કાફિરો પણ એ ધોકામાં ન રહે) તેઓના (એટલે કે અગાઉના અંબિયા અલૈ. અને આગલી ઉમ્મતોના) કિસ્સામાં સમજદાર લોકો

માટે (મોટી) ઈબ્રત છે, (તેનાથી ઈબ્રત અને શિખામણ પ્રાપ્ત કરે છે કે આજ્ઞાપાલનનું આવું પરિણામ છે અને ગુનાહોનું આવું પરિણામ છે) આ કુર્આન (જેમાં આ કિસ્સાઓ છે) કોઈ ઘડી કાઢેલી વાત નથી (કે તેમાં શિખામણ ન હોય) બલકે તેનાથી અગાઉ જે આસમાની કિતાબો (નાઝિલ) થઈ ચૂકી છે આ તેની તસ્દીક (ખરાઈ) કરનાર છે અને દરેક (જરૂરી) વાતોની છણાવટ કરનાર છે અને ઈમાનવાળાઓ માટે હિદાયત તથા રહમતનું માધ્યમ છે (બસ, આવી કિતાબમાં જે શિખામણના વિષયો હોય તેનાથી શિખામણ પ્રાપ્ત કરવી જરૂરી છે).

મસ્અલા અને બોધપાઠ :

પાછલી આયતોમાં અંબિયા (અલૈ.)ને મોકલવાનું અને સત્યની દા'વત આપવાનું વર્ણન હતું અને અંબિયા (અલૈ.) વિશે અમુક શંકાઓનો જવાબ આપવામાં આવ્યો હતો, પ્રસ્તુત આયતોમાંથી પ્રથમ આયતમાં એ બાબતે ચેતવણી આપવામાં આવી છે કે આ લોકો અંબિયા (અલૈ.)ના વિરોધ કરવાના ખરાબ પરિણામ ઉપર દષ્ટિપાત કરતા નથી, જો તેઓ જરા પણ વિચાર કરે અને પોતાની આજુબાજુના શહેરો અને સ્થળોના ઈતિહાસ ઉપર નજર નાંખે તો તેમને જાણ થઈ જશે કે અંબિયા (અલૈ.)નો વિરોધ કરનારનું ખરાબ પરિણામ આ દુનિયામાં પણ કેટલું કઠોર આવ્યું છે, જેમકે કોમે લૂત (અલૈ.)ની વસ્તીને ઊલટાવી દેવામાં આવી હતી, કોમે આદ અને ષમૂદને જાત-જાતના અઝાબો દ્વારા નેસ્ત-નાબૂદ કરી નાંખવામાં આવી હતી અને આખિરતનો અઝાબ તેનાથી પણ વધારે કઠોર છે.

બીજી આયતમાં માર્ગદર્શન આપવામાં આવ્યું છે કે દુનિયાની તકલીફો અને રાહતો તો અંતે અમુક દિવસની છે, અસલ ચિંતા આખિરતની હોવી જોઈએ જ્યાં કાયમી ધોરણે રહેવાનું છે અને ત્યાંની રંજ અથવા રાહત પણ કાયમી છે તથા ફરમાવ્યું કે આખિરતની દુરુસ્તી તકવા ઉપર અવલંબિત છે જેનો અર્થ એ છે કે શરીઅતના બધા જ હુકમોની પાબંદી કરવામાં આવે.

આ આયતમાં અગાઉ થઈ ચૂકેલા રસૂલો અને તેમની ઉમ્મતોની હાલતોથી હાજર (વર્તમાન) લોકોને ખબરદાર કરવામાં આવે છે, એટલા માટે આગલી આયતમાં તેમની એક શંકા અને સંદેહ દૂર કરવામાં આવ્યો, તે એ કે

ઘણા લોકો રસૂલે કરીમ ﷺ દ્વારા અલ્લાહના અઝાબથી ડરાવવાનું વર્ણન તો લાંબા સમયથી સાંભળી રહ્યા હતા અને કોઈ અઝાબ આવતો દેખાતો ન હતો, એનાથી તેમની હિંમત વધી રહી હતી કે કોઈ અઝાબ જો આવવાનો હોત તો અત્યાર સુધી આવી ચૂક્યો હોત, એટલા માટે ફરમાવવામાં આવ્યું કે અલ્લાહ જલ્લ શા'નુહૂ પોતાની રહમત અને પૂર્ણ કક્ષાની હિકમત વડે અમુક સમયે અપરાધી કોમોને મહોલત આપતો રહે છે અને આ મહોલત અમુક સમયે ઘણી લાંબી પણ થઈ જાય છે જેના કારણે બળવાખોરો (બદમાશો)ની હિંમત વધી જાય છે અને પયગમ્બરોને એક પ્રકારે પરેશાની થવા લાગે છે. ઈરશાદ ફરમાવ્યો,

حَتّٰۤی اِذَا اسۡتَایۡـَٔسَ الرُّسُلُ وَظَنُّوۡۤا اَنَّهُمۡ قَدۡ كُذِبُوۡا جَآءَهُمۡ نَصۡرُنَا فَنُجِّیَ مَنۡ نَّشَآءُ وَلَا یُرَدُّ بَاۡسُنَا عَنِ الۡقَوۡمِ الۡمُجۡرِمِیۡنَ ط એટલે કે, પાછલી ઉમ્મતોના નાફરમાનોને લાંબી-લાંબી મહોલતો આપવામાં આવી એટલે સુધી કે લાંબા સમય સુધી તેમના ઉપર અઝાબ ન આવવાથી પયગમ્બર એ વિચાર કરીને માયૂસ થઈ ગયા કે અલ્લાહ તઆલાના અઝાબના વાયદાનો જે સમય અમે પોતાના અંદાજાથી પોતાના દિમાગોમાં નક્કી કરી રાખ્યો હતો તે સમય સુધીમાં કાફિરો ઉપર અઝાબ આવશે નહીં અને સત્યની સર્વોપરીતા જાહેર થશે નહીં અને તે પયગમ્બરોને એવું પાકું અનુમાન થઈ ગયું કે અલ્લાહનો આ વાયદો અમારા અંદાજાથી નક્કી કરવામાં અમારી સમજે ભૂલ કરી છે કે અલ્લાહ તઆલાએ તો કોઈ નક્કી સમય બતાવ્યો ન હતો, અમે અમુક ચોક્કસ નિશાનીઓથી નક્કી કરી લીધો હતો. એવી જ માયૂસીની હાલતમાં તેમને અમારી મદદ પહોંચી, તે એ કે વાયદા પ્રમાણે કાફિરો ઉપર અઝાબ આવ્યો, પછી તે અઝાબથી અમે જેને ઈચ્છયું તેમને બચાવી લેવામાં આવ્યા. તેનો ભાવાર્થ એ છે કે અંબિયા (અલૈ.)ને માનનારા મો'મિનોને બચાવી લેવામાં આવ્યા અને કાફિરોનો નાશ થઈ ગયો કારણ કે અમારો અઝાબ અપરાધી લોકો ઉપરથી હટતો નથી, બલકે તે અવશ્ય આવીને જ રહે છે એટલા માટે મક્કાના કાફિરોએ અઝાબમાં મોડું થવાથી ધોકામાં ન રહેવું જોઈએ.

આ આયતમાં શબ્દ كُذِبُوۡا (કુઝીબૂ) મશ્હૂર કિરાઅત પ્રમાણે પઢવામાં આવ્યો છે અને તેની તફસીર જે અમે અપનાવી છે તે જ સૌથી વધારે સાચી અને ડાઘરહિત છે કે શબ્દ كُذِبُوۡا (કુઝીબૂ)નો ખુલાસો "પોતાનું અનુમાન અને

ધારણાનું ખોટું હોવું" થાય છે જે એક પ્રકારની ઈજ્તિહાદી ભૂલ છે અને અંબિયા (અલૈ.)થી એવી કોઈ ઈજ્તિહાદી ભૂલ થઈ શકે છે, અંબિયા (અલૈ.) અને બીજા મુજ્તહિદોમાં ફરક છે કે અંબિયા (અલૈ.)થી જ્યારે કોઈ ઈજ્તિહાદી ભૂલ થઈ જાય છે ત્યારે અલ્લાહ તઆલા તેમને તે ભૂલ ઉપર કાયમ રહેવા દેતા નથી, બલકે તેમને જાણ કરીને હકીકત ખોલી નાંખવામાં આવે છે, બીજા મુજ્તહિદોને એ સ્થાન પ્રાપ્ત નથી. રસૂલે કરીમ ﷺનો "સુલહે હુદૈબિય્યહ"નો કિસ્સો આ વિષય માટે પૂરતો સાક્ષી છે, કારણ કે કુર્આને કરીમમાં પ્રસ્તુત છે કે આ ઘટનાની બુનિયાદ રસૂલે કરીમ ﷺનું સ્વપ્ન છે જે આપ ﷺએ જોયું કે આપ ﷺ સહાબા (રદિ.) સાથે બયતુલ્લાહનો તવાફ કરી રહ્યા છે અને અંબિયા (અલૈ.)નું સ્વપ્ન પણ વહીના હુકમમાં હોય છે, એટલા માટે આ ઘટના બનવી ચોક્કસ થઈ ગયું પરંતુ સ્વપ્નમાં તેનો કોઈ ખાસ સમય અને મુદત બતાવવામાં આવી ન હતી, રસૂલે કરીમ ﷺએ પોતાના અંદાજાથી એવું ધારી લીધું હતું કે એવું આ જ વર્ષે થશે, એટલા માટે સહાબએ કિરામ (રદિ.)માં આવું એ'લાન કરીને તેમની મોટી સંખ્યા લઈને ઉમરહ માટે મક્કએ મુઅજ્જમહ રવાના થઈ ગયા પરંતુ મક્કાના કુરૈશીઓએ વિરોધ કર્યો અને તે સમયે તવાફ અને ઉમરહની નોબત ન આવી, બલકે તેની પૂર્ણતા બે વર્ષ પછી સન હિજરી આઠમાં મક્કા વિજય (ફત્હે મક્કા) સ્વરૂપે સામે આવી અને આ ઘટનાથી જાણ થઈ કે જે સ્વપ્ન રસૂલે કરીમ ﷺએ જોયું હતું તે સત્ય અને ચોક્કસ હતું પરંતુ તેનો સમય જે નિશાનીઓ અને અંદાજાથી રસૂલે કરીમ ﷺએ નક્કી કર્યો હતો તેમાં ભૂલ થઈ પરંતુ આ ભૂલને તે જ સમયે દૂર કરી આપવામાં આવી.

એ જ પ્રમાણે પ્રસ્તુત આયતમાં قَدْ كُذِبُوْا (કદ કુઝીબૂ)નો પણ એ જ અર્થ સમજવામાં આવે છે કે કાફિરો ઉપર અઝાબ આવવામાં મોડું થયું અને જે સમયે અંબિયા (અલૈ.)એ પોતાના અંદાજાથી પોતાના દિમાગમાં નક્કી કરી રાખ્યો હતો તે સમયે અઝાબ ન આવ્યો ત્યારે તેમને એવી ધારણા બંધાઈ ગઈ કે અમે સમય નક્કી કરવામાં ભૂલ કરી છે. આ તફસીર હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)થી નકલ થઈ છે અને અલ્લામહ તય્યબીએ કહ્યું કે આ રિવાયત સાચી છે કારણ કે સહીહ બુખારીમાં વર્ણન કરવામાં આવી છે. *(મઝહરી)*

અમુક કિરાઅતોમાં આ શબ્દ ذَال (ઝાલ) ઉપર તશ્દીદ સાથે قَدْ كُذِّبُوْا

(કદ કુઝિઝબૂ) પણ આવ્યો છે જેનું ક્રિયાપદ تَــكْــذِيْــب (તકઝીબ) છે, આ સ્વરૂપમાં અર્થ એ થશે કે અંબિયા (અલૈ.)એ જે અંદાજાથી અઝાબનો સમય નક્કી કરી રાખ્યો હતો તે સમય ઉપર અઝાબ ન આવવાથી તેમને એવો ભય ઉત્પન્ન થઈ ગયો કે હવે જે મુસલમાન છે તેઓ પણ અમારી "તકઝીબ" કરવા (જૂઠાડવા) ન લાગે કે જે કંઈ અમે કહ્યું હતું તે પૂરું થયું નથી, એવી હાલતમાં અલ્લાહ તઆલાએ પોતાનો વાયદો પૂરો કરી બતાવ્યો અને ઈન્કારીઓ ઉપર અઝાબ આવી પડ્યો તથા મો'મિનોને તેનાથી છુટકારો મળ્યો, એ જ પ્રમાણે તેમની સર્વોપરીતા જાહેર થઈ ગઈ.

لَقَدْ كَانَ فِىْ قَصَصِهِمْ عِبْرَةٌ لِّاُولِى الْاَلْبَابِ ط એટલે કે, આ લોકોના કિસ્સાઓમાં બુદ્ધિશાળીઓ માટે મોટી ઈબ્રત (શિખામણ) છે.

તેનો ભાવાર્થ બધા અંબિયા (અલૈ.)ના કિસ્સાઓ જે કુર્આનમાં પ્રસ્તુત છે તે પણ હોઈ શકે છે અને ખાસ હઝરત યૂસુફ (અલૈ.)નો કિસ્સો જે આ સૂરતમાં વર્ણન થયો છે તે પણ, કારણ કે આ ઘટનામાં એ વાત સંપૂર્ણ રીતે સ્પષ્ટ થઈને સામે આવી ગઈ કે અલ્લાહ તઆલાના આજ્ઞાપાલક બંદાઓનું કઈ કઈ રીતે મદદ અને સમર્થન થાય છે કે કૂવામાંથી કાઢીને બાદશાહતના તખ્ત ઉપર તથા બદનામીમાંથી છુટકારો આપીને માન-સન્માન અને પ્રતિષ્ઠાની પરાકાષ્ઠાએ પહોંચાડી દેવામાં આવે છે અને ષડયંત્રો તથા ચાલબાજીઓ કરનારનું પરિણામ ઝિલ્લત અને અપમાન જ હોય છે.

مَا كَانَ حَدِيْثًا يُّفْتَرٰى وَلٰكِنْ تَصْدِيْقَ الَّذِىْ بَيْنَ يَدَيْهِ એટલે કે, આ કિસ્સો કોઈ ઘડી કાઢેલી વાર્તા નથી બલકે ખરાઈ છે તે કિતાબોની જે આનાથી પહેલાં નાઝિલ થઈ ચૂકી છે, કારણ કે તવરાત અને ઈન્જીલમાં પણ યૂસુફ (અલૈ.)નો કિસ્સો વર્ણન થયો છે અને હઝરત વહબ બિન મુનબ્બિહ ફરમાવે છે કે જેટલી આસમાની કિતાબો અને સહીફાઓ નાઝિલ થયા છે તે હઝરત યૂસુફ (અલૈ.)ના કિસ્સાથી ખાલી નથી. *(મઝહરી)*

وَتَفْصِيْلَ كُلِّ شَىْءٍ وَّهُدًى وَّرَحْمَةً لِّقَوْمٍ يُّؤْمِنُوْنَ ط એટલે કે, "આ કુર્આન વિગત (સ્પષ્ટતા) છે દરેક વસ્તુની." ભાવાર્થ એ છે કે કુર્આને કરીમમાં દરેક એવી વસ્તુની સ્પષ્ટતા મોજૂદ છે જેની દીનમાં માનવીને જરૂરત છે; ઈબાદતો,

વ્યવહાર, આચાર-વિચાર, સામાજિકતા, સરકાર, રાજકરણ વગેરે માનવ જિંદગીની દરેક વ્યક્તિગત અથવા સામૂહિક પરિસ્થિતિ વિશેના હુકમો અને માર્ગદર્શનો તેમાં મોજૂદ છે અને ફરમાવ્યું કે, "આ કુર્આન હિદાયત અને રહમત છે ઈમાન લાવનારાઓ માટે." તેમાં ઈમાન લાવનારાઓનો એટલા માટે નિશ્ચિત સ્વરૂપે ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે તેનો નફો ઈમાનવાળાઓને જ પહોંચી શકે, કાફિરો માટે પણ જો કે કુર્આન હિદાયત અને રહમત જ છે પરંતુ તેમની પોતાની કુફ્રની દુષ્ટતા અને નાફરમાનીના કારણે આ રહમત અને હિદાયત તેમના માટે વબાલ બની ગઈ.

શૈખ અબૂ મન્સૂરે ફરમાવ્યું કે સંપૂર્ણ સૂરએ યૂસુફ અને તેમાં વર્ણન કરવામાં આવેલ હઝરત યૂસુફ (અલૈ.)ના કિસ્સાથી રસૂલે કરીમ ﷺને તસલ્લી (સાંત્વના) આપવાનો હેતુ છે કે આપ ﷺને જે કંઈ પીડાઓ અને ત્રાસ પોતાની કોમના હાથે પહોંચી રહ્યો છે અગાઉના અંબિયા (અલૈ.)ને પણ આવો જ ત્રાસ પહોંચતો રહ્યો પરંતુ પરિણામે અલ્લાહ તઆલાએ પોતાના પયગમ્બરોને સર્વોપરી બનાવ્યા અને આપ ﷺની સાથે પણ એવો જ મા'મલો થવાનો છે.

સૂરએ યૂસુફ પૂર્ણ થઈ, અલ્હમ્દુલિલ્લાહ !



તારીખ : ૨૮ રમઝાન હિજરી સન ૧૪૩૦ બ મુતાબિક ૧૯ સપ્ટેમ્બર ૨૦૦૯

પ્રકરણ : (૧૩)

સૂરએ રઅ્દ

સૂરએ રઅ્દ મક્કામાં નાઝિલ થઈ અને તેમાં ૪૩ આયતો છે અને ૬ રુકૂઅ્ છે.

આયતો : (સૂરએ રઅ્દ : આયત નં. ૧ થી ૪)

ایاتها ٤٣ ۝ ١٣ سُوْرَةُ الرَّعْدِ مَدَنِيَّةٌ ٩٦ ۝ رکوعاتها ٦

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِیْمِ ○

الٓمّٓرٰ ۚ تِلْكَ اٰیٰتُ الْكِتٰبِ ؕ وَالَّذِیْۤ اُنْزِلَ اِلَیْكَ مِنْ رَّبِّكَ الْحَقُّ وَلٰكِنَّ اَكْثَرَ النَّاسِ لَا
یُؤْمِنُوْنَ ﴿١﴾ اَللّٰهُ الَّذِیْ رَفَعَ السَّمٰوٰتِ بِغَیْرِ عَمَدٍ تَرَوْنَهَا ثُمَّ اسْتَوٰی عَلَی الْعَرْشِ
وَسَخَّرَ الشَّمْسَ وَالْقَمَرَ ؕ كُلٌّ یَّجْرِیْ لِاَجَلٍ مُّسَمًّی ؕ یُدَبِّرُ الْاَمْرَ یُفَصِّلُ الْاٰیٰتِ لَعَلَّكُمْ
بِلِقَآءِ رَبِّكُمْ تُوْقِنُوْنَ ﴿٢﴾ وَهُوَ الَّذِیْ مَدَّ الْاَرْضَ وَجَعَلَ فِیْهَا رَوَاسِیَ وَاَنْهٰرًا ؕ
وَمِنْ كُلِّ الثَّمَرٰتِ جَعَلَ فِیْهَا زَوْجَیْنِ اثْنَیْنِ یُغْشِی الَّیْلَ النَّهَارَ ؕ اِنَّ فِیْ ذٰلِكَ
لَاٰیٰتٍ لِّقَوْمٍ یَّتَفَكَّرُوْنَ ﴿٣﴾ وَفِی الْاَرْضِ قِطَعٌ مُّتَجٰوِرٰتٌ وَّجَنّٰتٌ مِّنْ اَعْنَابٍ
وَّزَرْعٌ وَّنَخِیْلٌ صِنْوَانٌ وَّغَیْرُ صِنْوَانٍ یُّسْقٰی بِمَآءٍ وَّاحِدٍ ۟ وَنُفَضِّلُ بَعْضَهَا عَلٰی
بَعْضٍ فِی الْاُكُلِ ؕ اِنَّ فِیْ ذٰلِكَ لَاٰیٰتٍ لِّقَوْمٍ یَّعْقِلُوْنَ ﴿٤﴾

તરજુમો :

અલ્લાહના નામથી શરૂ કરું છું જે ઘણો જ દયાળુ અને કૃપાળુ છે.

અલિફ-લામ-મીમ-રા; આ આયતો છે કિતાબની અને જે કંઈ તમારા ઉપર તમારા પરવરદિગાર તરફથી ઊતર્યું બસ સત્ય છે પરંતુ ઘણા લોકો

માનતા નથી. (૧) અલ્લાહ તે છે જેણે વિના થાંભલાએ આસમાન બનાવ્યા તમે તેને જુઓ છો, પછી અર્શ ઉપર કાયમ થયો અને સૂરજ અને ચંદ્રને કામે લગાવી દીધા દરેક નિશ્ચિત સમય ઉપર ચાલે છે, કાર્યની તદ્બીર (આયોજન) કરે છે, નિશાનીઓ જાહેર કરે છે કે કદાચ તમે પોતાના પરવરદિગારથી મળવાનું યકીન કરો. (૨) અને તે જ છે જેણે જમીન ફેલાવી અને તેમાં ભાર (પર્વતો) રાખ્યા અને નદીઓ અને એમાં દરેક મેવા (ફળ-ફ્રુટ)ના જોડાંઓ બે-બે પ્રકારે રાખ્યા, દિવસ ઉપર રાતને ઢાંકે છે, તેમાં તેમના માટે નિશાનીઓ છે કે જેઓ ચિંતન કરે છે. (૩) અને જમીનમાં વિવિધ ટૂકડાં (ખેતરો) છે એકબીજા સાથે જોડાયેલા અને દ્રાક્ષના બગીચાઓ છે અને ખેતીઓ અને ખજૂરો છે એકનું મૂળ બીજા સાથે મળેલું અને અમુક મળેલું ન હોય એવું, તેમને પાણી પણ એક જ આપવામાં આવે છે અને અમે છીએ કે તેમાંથી એકને બીજાથી મેવાઓમાં વધારી દઈએ છીએ, આ વસ્તુઓમાં નિશાનીઓ છે તેમના માટે જેઓ ચિંતન કરે છે. (૪)

તફસીર :

અલિફ-લામ-મીમ-રા; (તેનો અર્થ અલ્લાહ તઆલાને ખબર છે) આ (જે તમે સાંભળી રહ્યા છો) આયતો છે એક મહાન કિતાબ (એટલે કે કુર્આન)ની અને જે કંઈ તમારા ઉપર તમારા પરવરદિગાર તરફથી નાઝિલ કરવામાં આવે છે એ બિલકુલ સત્ય છે અને (તેનો તકાદો એ હતો કે સૌએ જ ઈમાન લાવવું જોઈએ) પરંતુ ઘણા બધા લોકો ઈમાન લાવતા નથી (આયતની ગોઠવણી : ઉપર કુર્આનની હકીકતનો વિષય હતો આગળ તવહીદનો વિષય છે જે કુર્આનનો એક મહાન હેતુ અને મકસદ છે) અલ્લાહ એવો (સર્વશક્તિમાન) છે કે તેણે આસમાનોને વિના થાંભલાઓએ ઊંચું ઊભું કરી દીધું એટલા માટે તમે તે (આસમાનો)ને (એ જ પ્રમાણે) જોઈ રહ્યા છો, પછી અર્શ ઉપર (જે એક તખ્ત છે જેની હકીકત અલ્લાહને ખબર છે) કાયમ (સ્થાપિત) થયો (એ પ્રમાણે કે જે તેની શા'નના લાયક છે) અને સૂર્ય અને ચંદ્રને કામે લગાડ્યા (આ) દરેક (સૂર્ય, ચંદ્ર અને અવકાશી પદાર્થો પોતાની નિશ્ચિત ભ્રમણ કક્ષામાં) એક નિશ્ચિત સમય ઉપર ગતિ કરતા રહે છે (એટલા માટે સૂર્ય પોતાની ભ્રમણ કક્ષામાં એક વર્ષમાં પરિક્રમણ કરે છે અને ચંદ્ર પૃથ્વીની આસપાસ પોતાની કક્ષામાં પરિભ્રમણ કરે

છે), તે જ (અલ્લાહ) દરેક કાર્યની (કે જે વિશ્વમાં ઉપસ્થિત થતા રહે છે) યોજના ઘડે છે (તદ્‌બીર કરે છે અને) દલીલો (તકવીની અને શરઈ)ને ચોખ્ખે-ચોખ્ખી વર્ણન કરે છે જેથી તમે પોતાના પરવરદિગારની પાસે જવાનું (એટલે કે કયામતનું) યકીન કરી લો (તેની સંભાવના તો એ પ્રમાણે છે કે જ્યારે અલ્લાહ તઆલા આટલી મહાન વસ્તુઓનું સર્જન કરવા ઉપર શકિતમાન છે તો મૃત શરીરને જીવંત કરવું કોઈ મોટી વાત નથી, તેના ઉપર પણ તે કાબૂ ધરાવે છે અને તેના અસ્તિત્વમાં આવવાનો વિશ્વાસ એ પ્રમાણે સાચી ખબર છે જે રીતે એક શક્ય વસ્તુની ખબર આપવામાં આવતી હોય છે, એ જ પ્રમાણે આ ખબર પણ કોઈપણ પ્રકારની શંકા વિના બિલકુલ સાચી છે) અને તે એવો છે કે તેણે જમીનને ફેલાવી દીધી અને એ (જમીન)માં પહાડો અને નહેરો પેદા કરી અને તેમાં દરેક પ્રકારના ફળોના બે-બે પ્રકારો તૈયાર કર્યા (દાખલા તરીકે ખાટું-મીઠું, નાનું-મોટું, કોઈનો કેવો રંગ તો કોઈનો બીજો વગેરે અને) રાત્રિ(ના અંધકાર)થી દિવસ(ના પ્રકાશ)ને ઢાંકી આપે છે, (એટલે કે રાત્રિના અંધકારથી દિવસના પ્રકાશને છુપાવી દે છે અને તેને દૂર કરી દે છે) આ (પ્રસ્તુત) કાર્યોમાં ચિંતન કરનાર (અને સમજનાર) માટે (તવહીદની) દલીલો (મોજૂદ) છે (આ પ્રકારનું વર્ણન બીજા સિપારાના ચોથા રુકૂઅ્‌ની શરૂઆતમાં આવી ચૂકયું છે) અને (એ જ પ્રમાણે બીજી પણ તવહીદની દલીલો છે જેમકે) જમીનમાં પાસે-પાસે વિવિધ ટૂકડાંઓ (ખેતરો) છે (જે પાસે-પાસે હોવા છતાં વિવિધ પ્રકારની માટી અને વિવિધ પ્રકારની ફળદ્રુપતા ધરાવે છે) અને દ્રાક્ષના બગીચાઓ છે અને (વિવિધ) ખેતીઓ છે અને ખજૂરી(ના ઝાડો) છે જેમાં અમુક તો એવા છે કે એક થડ ઉપર જઈ બે થડો થઈ જાય છે અને અમુકમાં બે થડો નથી થતા, (બલકે મૂળિયાંથી ડાળીઓ સુધી એક જ થડ હોય છે અને) સૌને એક જ પ્રકારનું પાણી સીંચવામાં આવે છે અને (તે છતાં તેમાં પણ) અમે એકને બીજા ઉપર શ્રેષ્ઠતા આપીએ છીએ અને આ (પ્રસ્તુત) બાબતોમાં (પણ) સમજદારો માટે (તવહીદને સમજવાની) દલીલો (મોજૂદ) છે.

મસ્અલા અને બોધપાઠ :

આ સૂરત મક્કી છે અને તેની કુલ ૪૩ આયતો છે. આ સૂરતમાં પણ કુર્આન મજીદનું સત્ય કલામ હોવાનું વર્ણન તથા તવહીદ અને રિસાલતનું બયાન

અને તેમાં ઉપજાવી કાઢવામાં આવતી શંકાઓનો જવાબ ઉપસ્થિત છે.

"الٓمّٓرٰ" (અલિફ-લામ-મીમ-રા) આ શબ્દો "હુરૂફે મુકત્તઅહ" છે જેનો અર્થ અલ્લાહ તઆલાને ખબર છે, ઉમ્મતને તેનો અર્થ બતાવવામાં નથી આવ્યો, સામાન્ય ઉમ્મતે તેના સંશોધનમાં પડવું યોગ્ય નથી.

રસૂલે કરીમ ﷺની હદીષ પણ કુર્આનની જેમ જ અલ્લાહની વહી છે

પ્રથમ આયતમાં કુર્આને કરીમ અલ્લાહનું કલામ હોવાનું અને તે સત્ય હોવાનું વર્ણન છે كِتَابُ (કિતાબ)નો ભાવાર્થ કુર્આન શરીફ છે અને وَالَّذِىْ اُنْزِلَ اِلَيْكَ مِنْ رَّبِّكَ થી પણ બની શકે છે કે "કુર્આન" જ ભાવાર્થ તરીકે હોય પરંતુ واؤ (વાવ) حُرُفِ عَطَف (હુરૂફે અત્ફ) દેખીતી રીતે એવું ઇચ્છે છે કે કિતાબ અને اَلَّذِىْ اُنْزِلَ اِلَيْكَ બે વસ્તુઓ અલગ-અલગ હોય, આવા સ્વરૂપમાં "કિતાબ"નો ભાવાર્થ "કુર્આન" અને اَلَّذِىْ اُنْزِلَ اِلَيْكَનો ભાવાર્થ તે વહી હોય જે કુર્આન ઉપરાંત રસૂલે કરીમ ﷺ ઉપર આવી છે, કારણ કે એમાં તો કોઈ શંકા નથી કે રસૂલે કરીમ ﷺ ઉપર આવનાર વહી ફકત કુર્આન સુધી મર્યાદિત નથી, પોતે કુર્આનમાં છે કે وَمَا يَنْطِقُ عَنِ الْهَوٰى اِنْ هُوَ اِلَّا وَحْىٌ يُّوْحٰى (૫૩:૩) એટલે કે, રસૂલે કરીમ ﷺ જે કંઈ કહે છે તે કોઈ પોતાના તરફથી નથી કહેતા બલકે એક વહી હોય છે જે અલ્લાહ તઆલા તરફથી તેમને મોકલવામાં આવે છે, આથી સાબિત થાય છે કે રસૂલે કરીમ ﷺ જે કુર્આન ઉપરાંત અન્ય હુકમો આપે છે તે પણ અલ્લાહ તરફથી જ નાઝિલ થયેલા છે, ફરક માત્ર એ છે કે કુર્આનની તિલાવત કરવામાં આવે છે અને તે હુકમોની તિલાવત કરવામાં આવતી નથી અને આ ફરકનું કારણ એ છે કે, કુર્આનના અર્થો અને શબ્દો બંને અલ્લાહ તબારક વ તઆલા તરફથી હોય છે અને કુર્આન ઉપરાંત જે હદીષ અથવા આપ ﷺના હુકમો હોય છે તેનો અર્થ પણ જો કે અલ્લાહ તઆલા તરફથી જ નાઝિલ થયેલ છે પરંતુ શબ્દો અલ્લાહ તઆલાના નથી હોતા એટલા માટે નમાઝમાં તેની તિલાવત કરી શકાતી નથી.

આ આયતનો અર્થ એ થશે કે આ કુર્આન અને જે કંઈ હુકમો આપ ﷺ ઉપર નાઝિલ કરવામાં આવે છે તે બધા સત્ય છે જેમાં કોઈ શંકા અથવા સંદેહની સંભાવના નથી પરંતુ મોટા ભાગના લોકો ચિંતન અને મનન ન કરવાના કારણે

તેના ઉપર ઈમાન લાવતા નથી.

બીજી આયતમાં અલ્લાહ તઆલાના અસ્તિત્વ અને તેની તવહીદની દલીલો ઉપસ્થિત છે કે તેની સૃષ્ટિ (મખ્લૂક) અને તેના સર્જનમાં થોડો વિચાર કરો અને ચિંતન કરો તો સ્વીકાર કરવો પડશે કે આ બધી સૃષ્ટિનો રચયિતા (સર્જનહાર) કોઈ એવી હસ્તી છે જે સર્વશક્તિમાન છે અને બધી જ મખ્લૂક -સમગ્ર કાઈનાત તેના કબ્જામાં છે.

ઈરશાદ ફરમાવ્યો, اَللّٰهُ الَّذِىْ رَفَعَ السَّمٰوٰتِ بِغَيْرِ عَمَدٍ تَرَوْنَهَا એટલે કે, અલ્લાહ તઆલા એવો છે જેણે આસમાનોને આટલા મોટા વિશાળ અને ઊંચા ઉઠાવ્યા કોઈ થાંભલા વિના, જેમકે તમે તે આસમાનોને આ જ પરિસ્થિતિમાં જોઈ રહ્યા છો.

આસમાનને નિહાળવું :

સામાન્ય રીતે એવું કહેવામાં આવે છે કે આ નીલવર્ણનો રંગ જે આપણને ઉપર દેખાય રહ્યો છે તે આસમાનનો રંગ છે પરંતુ ફિલોસોફરો કહે છે કે આ રંગ પ્રકાશ અને અંધારાના પરાવર્તનના સિદ્ધાંતોના કારણે અનુભવાય છે, કારણ કે નીચે તારાઓનો પ્રકાશ અને તેના ઉપર અંધારું છે તો બહારથી નીલવર્ણ દેખાય છે, જેમકે ઊંડા પાણી ઉપર પ્રકાશ પડે છે તો તે નીલા રંગનું દેખાય છે. કુર્આને કરીમની અમુક આયતો એવી છે, જેમાં આસમાનને જોવાનું વર્ણન છે, જેમકે આ જ પ્રસ્તુત આયતમાં تَرَوْنَهَا (તરવનહા)ના શબ્દો છે અને બીજી આયતમાં وَاِلَى السَّمَآءِ كَيْفَ رُفِعَتْ (૮૮:૧૮)ના શબ્દો છે, ફિલોસોફરોનું આ સંશોધન આ આયતોનો નકાર કરતું નથી, કારણ કે એવું શક્ય છે કે આસમાનનો રંગ પણ નીલવર્ણ હોય અથવા કોઈ બીજો રંગ હોય પરંતુ વચ્ચે પ્રકાશ અને અંધારાના પરાવર્તનના કારણે તે નીલા (ભૂરા) રંગનું દેખાતું હોય છે, તેનાથી ઈન્કારની કોઈ દલીલ નથી કે આ અવકાશના રંગમાં આસમાનનો રંગ પણ સામેલ હોય અને એ પણ શક્ય છે કે કુર્આને કરીમે જ્યાં આસમાનને જોવાનું વર્ણન કર્યું છે તે મોઘમ સ્વરૂપે હોય કે આસમાનનું અસ્તિત્વ એવી ચોક્કસ દલીલોથી સાબિત છે કે જાણે તેને જોઈ જ લીધું.

(રૂહુલ મઆની)

ત્યાર પછી ફરમાવ્યું, ثُمَّ اسْتَوٰى عَلَى الْعَرْشِ એટલે કે, પછી અર્શ જે

સલ્તનતના તખ્ત સમાન હોઈ શકે છે; કાયમ થયો અને એ રીતે બિરાજમાન થયો જે તેની શા''નના લાયક છે. આ બિરાજવાનું સ્વરૂપ કોઈ નથી સમજી શકતું, એટલો વિશ્વાસ રાખવો પૂરતો છે કે જે પ્રમાણે સ્થાપિત થવાની અલ્લાહની શા'ન છે તે અત્રે ભાવાર્થ તરીકે છે.

وَسَخَّرَ الشَّمْسَ وَالْقَمَرَ كُلٌّ يَّجْرِىْ لِاَجَلٍ مُّسَمًّى એટલે કે, અલ્લાહ તઆલાએ સૂર્ય અને ચંદ્રને કામે લગાડયા અને હુકમના આધીન કર્યા છે તેમાંથી દરેક એક નિશ્ચિત કક્ષામાં ગતિ કરે છે.

مُسَخَّرٌ (મુસખ્ખર) કામે લગાડવાનો ભાવાર્થ એ છે કે સૂર્ય અને ચંદ્રને જે જે કામે લગાડયા છે તે બરાબર તેમાં પ્રવૃત્ત છે, હજારો વર્ષો પસાર થયા પરંતુ ન તો ક્યારેય તેમની ગતિમાં વધારો કે ઘટાડો થાય છે અને ન જ તેઓ થાકી જાય છે અથવા ન જ ક્યારેય પોતાના નક્કી કાર્યથી વિરુદ્ધ અન્ય પ્રવૃત્તિમાં લાગી જાય છે તથા નિશ્ચિત સમયમર્યાદામાં ગતિ કરવાનો એ અર્થ પણ હોઈ શકે છે કે સંપૂર્ણ વિશ્વ માટે જે અંતિમ સમય કયામત નિશ્ચિત છે બધા તેના જ તરફ ગતિ કરી રહ્યા છે, તે મંઝિલે પહોંચીને તેમનું આ સમગ્ર વ્યવસ્થાપનતંત્ર નષ્ટ થઈ જશે.

એ અર્થ પણ હોઈ શકે છે કે હક્ક સુબ્હાનહુ વ તઆલાએ દરેક ગ્રહો માટે એક ખાસ ગતિ અને ખાસ કક્ષા નક્કી કરી આપી છે કે હંમેશા પોતાની ભ્રમણ કક્ષામાં પોતાની નિશ્ચિત ગતિ સાથે ભ્રમણ કરે છે, ચાંદ પોતાની કક્ષામાં પોતાની ગતિ નિશ્ચિત સમયમાં પૂરી કરે છે એ જ રીતે સૂર્ય એક વર્ષમાં પોતાની ભ્રમણ કક્ષામાં પરિક્રમણ પૂર્ણ કરે છે.

આ ગ્રહો અને અવકાશી પદાર્થોનું વિસ્મયકારી અસ્તિત્વ એક ખાસ વ્યવસ્થાપનતંત્ર ઉપર અને ખાસ ગતિ અને કક્ષાઓ સાથે હજારો વર્ષોથી એકધારું સમાન રીતે આ જ પ્રમાણે ચાલતું રહે છે, તેમાં ન તો કોઈ મશીનરી કે યંત્ર ઘસાઈ છે કે તૂટે છે અને ન જ તેને ઊંજણની કે ગ્રીસીંગની જરૂર પડે છે, માણસના ઉદ્યોગોમાં આટલી વિજ્ઞાનની પ્રગતિની પરાકાષ્ઠા પછી પણ આ અવકાશી પદાર્થોનું અનુકરણ તો શું તેનો એક હજારમો ભાગ પણ મળવો અશક્ય છે, કુદરતનું આ વિસ્મયકારી વ્યવસ્થાપનતંત્ર ઊંચા અવાજે પોકારી રહ્યું છે કે તેને બનાવનાર અને ચલાવનાર કોઈ એવી હસ્તી અવશ્ય છે જે મનુષ્યની બૌદ્ધિક ક્ષમતા અને તેની કલ્પનાથી પણ ઉપરવટ છે.

દરેક વસ્તુની યોજના વાસ્તવમાં અલ્લાહ તઆલાનું જ કાર્ય છે મનુષ્યની યોજના તો નામ પૂરતી હોય છે :

يُدَبِّرُ الْأَمْرَ એટલે કે, અલ્લાહ તઆલા જ દરેક કામની યોજના કરે છે, મનુષ્ય જે પોતાની યોજનાઓ ઉપર ગર્વ કરે છે થોડી દષ્ટિ ઘુમાવીને જૂએ તો જાણ થશે કે તેની યોજના ન તો કોઈ વસ્તુને ઉત્પન્ન કરી શકે છે અને ન જ તેને બનાવી શકે છે, તેની સમગ્ર યોજનાઓનો ખુલાસો એનાથી વિશેષ કાંઈ નથી કે અલ્લાહ સુબ્હાનહુ વ તઆલાની પેદા કરેલી વસ્તુઓને લાભકારી ઉપયોગના સ્વરૂપમાં પરિવર્તિત કરી લે અને સમજી લે, વિશ્વના બધા જ પદાર્થોના ઉપયોગની વ્યવસ્થાપન એ તેની શકિત બહારની વસ્તુ છે, કારણ કે મનુષ્ય પોતાના દરેક કાર્યમાં અન્ય હજારો માનવો, પ્રાણીઓ અને અન્ય સૃષ્ટિના અંશો (મખ્લૂક)નો મોહતાજ (અને પરવશ) છે જેને પોતાની યોજના પ્રમાણે તે કામમાં લગાડી શકતો નથી, અલ્લાહની કુદરતે જ દરેક વસ્તુની કડી બીજી વસ્તુ સાથે એવી રીતે જોડી છે કે દરેક વસ્તુનું એક સમવાયીતંત્ર સ્થાપિત થાય છે અને એકબીજા તરફ આપોઆપ આકર્ષાય છે, તમારે મકાન બનાવવાની આવશ્યકતા ઊભી થાય છે તો નકશો બનાવનાર આર્કિટેક્ટથી લઈને રંગ-રોગન કરનાર સુધી સેંકડો માણસો પોતાની શકિત અને પોતાની કળા લઈને આપની સેવા માટે તૈયાર નજરે પડે છે, બાંધકામનો સામાન જે અનેક દુકાનોમાં વિખરાયેલો પડયો છે બધો જ આપને તૈયાર મળી જાય છે, શું આપની શક્તિમાં એ હતું કે પોતાના માલ અથવા યોજનાના બળ વડે આ બધી વસ્તુઓ આપમેળે બનાવી લો ? અને બધા માણસોને પોતાની સેવા માટે હાજર કરી લો ? તમે તો શું મોટામાં મોટી સરકાર પણ કાયદાના બળે આવી વ્યવસ્થા સ્થાપિત નથી કરી શકતી, નિઃશંક ! આ યોજના અને વિશ્વના વ્યવસ્થાપનતંત્રની સ્થાપના માત્ર અને માત્ર હય્યુ અને કય્યુમ અલ્લાહ રબ્બુલ ઈજ્જતનું જ કામ છે, મનુષ્ય જો તેને પોતાની યોજના ઠરાવે તો તે જહાલત સિવાય બીજું શું હોઈ શકે છે !?

يُفَصِّلُ الْاٰيٰتِ એટલે કે, તે પોતાની આયતોને છણાવટથી વર્ણન કરે છે, તેનો ભાવાર્થ કુર્આનની આયતો પણ હોઈ શકે છે જેને અલ્લાહ તઆલાએ વિગતપૂર્વક ઉતારી છે, પછી નબીએ કરીમ ﷺ દ્વારા તેનો વધારે ખુલાસો અને વિવરણ સમજાવ્યું છે.

અને આ આયતોથી એ આયતો પણ ભાવાર્થ તરીકે હોઈ શકે છે કે, અલ્લાહ તબારક વ તઆલાની કુદરતની જે અસંખ્ય નિશાનીઓ અને દલીલો આકાશ અને પૃથ્વી તથા પોતે મનુષ્યના અસ્તિત્વમાં ઉપસ્થિત છે તે પણ હોઈ શકે છે, જે ઘણી જ વિગતપૂર્વક દરેક સમયે દરેક સ્થળે મનુષ્યની દષ્ટિ સામે ઉપલબ્ધ છે.

لَعَلَّكُمْ بِلِقَآءِ رَبِّكُمْ تُوْقِنُوْنَ ط એટલે કે, આ બધી સૃષ્ટિ અને તેના વિસ્મયકારી વ્યવસ્થાપનતંત્ર અને યોજનાઓ અલ્લાહ તઆલાએ એટલા માટે સ્થાપિત કરી છે કે તમે તેમાં ચિંતન કરો ત્યારે તમને આખિરત અને કયામતનો વિશ્વાસ થઈ જશે, કારણ કે આ આશ્ચર્યજનક વ્યવસ્થાપનતંત્રમાં અને વિશ્વની ઉત્પત્તિ ઉપર દષ્ટિ કર્યા પછી એ શંકા મૂળેથી નહીં રહે કે આખિરતમાં મનુષ્યને કઈ રીતે પુનઃસજીવન કરવામાં આવશે અને અવશ્ય તેને અલ્લાહની કુદરતથી બાકાત નહીં સમજે અને જ્યારે એવું અલ્લાહની કુદરતમાં શક્ય હોવાની જાણ થઈ જાય અને જ્યારે એક એવી હસ્તીએ તેની ખબર આપી કે જેના મુખેથી સમગ્ર જિંદગી કોઈ જૂઠ નથી નીકળ્યું તો તે (આખિરત) ઘટવામાં અને સાબિત થવામાં શું શંકા બાકી હોઈ શકે છે ?

وَهُوَ الَّذِىْ مَدَّ الْاَرْضَ وَجَعَلَ فِيْهَا رَوَاسِىَ وَاَنْهٰرًا ط એટલે કે, "અને તે જ એ જાત છે જેણે જમીનને ફેલાવી અને તેમાં વજનદાર પહાડો અને નહેરો (નદીઓ) બનાવી."

જમીનને ફેલાવવાના શબ્દથી તેની ગોળ સપાટીનો નકાર થતો નથી, કારણ કે ગોળ વસ્તુ જ્યારે ખૂબ મોટા વિસ્તારમાં હોય તો તેનો દરેક ભાગ અલગ-અલગ એક ફેલાયેલી સપાટી જ દષ્ટિગોચર થાય છે અને કુર્આને કરીમનું સંબોધન સામાન્ય લોકોની પોતાની એવી જ દષ્ટિ પ્રમાણે હોય છે જેમકે એક જાહેર રીતે જોનાર તેની ફેલાયેલી સપાટીને જ જૂએ છે, એટલા માટે તેને ફેલાવવાથી ઓળખાવવામાં આવ્યું છે, પછી તેનું સમતોલપણું જાળવી રાખવા માટે અને વળી અન્ય ઘણા બધા ફાયદાઓ માટે તેના ઉપર ઊંચા-ઊંચા વજનદાર પહાડો સ્થાપી દીધા જે એક બાજુ તો પૃથ્વીના સમતોલપણાને સ્થાપિત રાખે છે અને બીજી બાજુ સમગ્ર મખ્લૂકને પાણી પહોંચાડવાની વ્યવસ્થા કરે છે,

પાણીનો ઘણો મોટો જથ્થો તેના શિખરો ઉપર બરફ સ્વરૂપે મૂકી દેવામાં આવે છે જેના માટે ન તો કોઈ હોજ કે ટાંકી બનાવવાની આવશ્યકતા છે અને ન જ નાપાક થવાની સંભાવના કે સડી જવાની શક્યતા છે ! પછી તેને પૃથ્વી નીચેની એક કુદરતી પાઈપલાઈન દ્વારા સમગ્ર દુનિયામાં ફેલાવવામાં આવે છે. તેનાથી જ ક્યાંક તો ખુલ્લી નદીઓ અને નહેરો નીકળે છે અને અમુક સ્થળે પૃથ્વીના ભૂગર્ભમાં સંગ્રહ થઈ કૂવાઓ દ્વારા અથવા પાણીના ભૂગર્ભ સ્ત્રોતોના વહેણમાંથી પાણી પ્રાપ્ત કરવામાં આવે છે.

وَمِنْ كُلِّ الثَّمَرٰتِ جَعَلَ فِيْهَا زَوْجَيْنِ اثْنَيْنِ એટલે કે, "પછી તે જમીનમાંથી અનેક પ્રકારના ફળો કાઢયા અને દરેક ફળ બે-બે પ્રકારના પેદા કર્યા." નાના-મોટા, લાલ-સફેદ, ખાટા-મીઠા અને એ પણ શક્ય છે કે તેનાથી નર-માદા ફળો ભાવાર્થ તરીકે હોય અને ફક્ત બે ન હોય બલકે અનેક પ્રકારના અને ભાત-ભાતના ફળો ભાવાર્થ તરીકે હોય જેની સંખ્યા ઓછામાં ઓછી બે તો હોય જ એટલા માટે નર-માદા اِثْنَيْنِ (ઈસ્નૈન)થી ઓળખાવવામાં આવ્યા અને તે પણ નર-માદાના ભાવાર્થમાં હોઈ શકે છે, જેમકે ઘણા બધા વૃક્ષો વિશે અનુભવસિદ્ધ સાબિત થયેલ બાબત છે કે તેમનામાં નર-માદા હોય છે, જેમકે ખજૂર, પપૈયા વગેરે અન્ય વૃક્ષોમાં પણ આ જ સંભાવના છે ભલે હજુ સુધી સંશોધનો અન્ય વૃક્ષો સુધી ન પહોંચ્યા હોય.

يُغْشِى الَّيْلَ النَّهَارَ એટલે કે, "અલ્લાહ તઆલા જ ઢાંકી દે છે રાતને દિવસ ઉપર." ભાવાર્થ એ છે કે દિવસના પ્રકાશ પછી રાત લઈ આવે છે, જેમકે કોઈ પ્રકાશિત વસ્તુને કોઈ પડદામાં ઢાંકી દેવામાં આવે.

اِنَّ فِىْ ذٰلِكَ لَاٰيٰتٍ لِّقَوْمٍ يَّتَفَكَّرُوْنَ ط નિઃશંક ! આ સમગ્ર સૃષ્ટિની ઉત્પત્તિ અને તેના આયોજન તથા વ્યવસ્થાપનતંત્રમાં ચિંતન કરનારાઓ માટે અલ્લાહ જલ્લ શા'નુહૂની સંપૂર્ણ કુદરતની ઘણી બધી નિશાનીઓ ઉપલબ્ધ છે.

وَفِى الْاَرْضِ قِطَعٌ مُّتَجٰوِرٰتٌ وَّجَنّٰتٌ مِّنْ اَعْنَابٍ وَّزَرْعٌ وَّنَخِيْلٌ صِنْوَانٌ وَّغَيْرُ صِنْوَانٍ يُّسْقٰى بِمَآءٍ وَّاحِدٍ وَّنُفَضِّلُ بَعْضَهَا عَلٰى بَعْضٍ فِى الْاُكُلِ એટલે કે, ત્યારબાદ જમીનમાં ઘણા બધા ટૂકડા પરસ્પર જોડાયેલા હોવા છતાં પ્રકૃતિ અને વિશેષતામાં વિવિધ પ્રકારના છે, કોઈ ક્ષારવાળી જમીન છે તો કોઈ પોચી, કોઈ

કઠણ છે તો કોઈ ખેતી લાયક, કોઈ બગીચા લાયક; અને આ ટૂકડાઓમાં દ્રાક્ષના બગીચા છે અને ખેતી છે અને ખજૂરના ઝાડો છે જેમાં અમુક એવા છે કે એક થડ ઉપર જઈને બે થડો થઈ જાય છે, જેમકે સામાન્ય ઝાડો અને અમુકમાં એક જ થડ રહે છે જેમકે ખજૂરી વગેરે.

અને આ બધા ફળો જો કે એક જ જમીનમાં પેદા થાય છે, એક જ પાણીથી સીંચવામાં આવે છે, એક જ સૂર્યના કિરણો અને વિવિધ પ્રકારની હવાઓ અને પર્યાવરણો બધા માટે સરખું જ હોય છે પરંતુ તે છતાં પણ તેના રંગ અને સ્વાદ વિવિધ પ્રકારના અને નાના-મોટાનો ઉઘાડો તફાવત હોય છે.

તેમનામાં એક પ્રકારની સમાનતા હોવા છતાં ભાત-ભાતની વિવિધતા એ વાતની મજબૂત અને સ્પષ્ટ દલીલ છે કે આ બધો કારોબાર કોઈ હકીમ અને આયોજનકર્તાના ફરમાનના આધીન કાર્યરત છે અને આ ફક્ત ઉત્પત્તિ વિશેની ઉત્ક્રાંતિવાદની થિયરી નથી જેમકે અમુક જાહિલો સમજે છે, કારણ કે જો આ માત્ર ભૌતિક પદાર્થોની ઉત્પત્તિની તબક્કાવાર ઉત્ક્રાંતિ હોત તો પછી આ તત્ત્વો સરખા હોવા છતાં તેમનામાં વિવિધતા કેમ હોય છે ? એક જ જમીનમાંથી, એક જ ૠતુમાં, એક જ પ્રકારનું ફળ નીકળે છે, બીજી ૠતુમાં એ જ પ્રમાણે એક જ વૃક્ષની એક જ ડાળ ઉપર નાના-મોટા અથવા જુદા-જુદા સ્વાદ ધરાવતા ફળો કેમ પેદા થાય છે ?

اِنَّ فِىْ ذٰلِكَ لَاٰيٰتٍ لِّقَوْمٍ يَّعْقِلُوْنَ એમાં કોઈ શંકા નથી કે અલ્લાહ તઆલાની કુદરત અને શ્રેષ્ઠતા અને તેની વહદાનિયત (એકમાત્ર હોવાની) દલીલ કરનારી ઘણી બધી નિશાનીઓ ઉપસ્થિત છે બુદ્ધિશાળીઓ માટે; તેમાં એક ઈશારો એ છે કે જે લોકો આ વસ્તુઓમાં ચિંતન નથી કરતા તે બુદ્ધિશાળી નથી, ભલે દુનિયામાં તેમને કેટલાય બુદ્ધિશાળી સમજવામાં આવતા હોય !

આયતો : (સૂરએ રઅ્દ : આયત નં. ૫ થી ૮)

وَإِنْ تَعْجَبْ فَعَجَبٌ قَوْلُهُمْ أَإِذَا كُنَّا تُرَابًا أَإِنَّا لَفِي خَلْقٍ جَدِيدٍ ۗ أُولَٰئِكَ
الَّذِينَ كَفَرُوا بِرَبِّهِمْ ۖ وَأُولَٰئِكَ الْأَغْلَالُ فِي أَعْنَاقِهِمْ ۖ وَأُولَٰئِكَ أَصْحَابُ النَّارِ ۖ
هُمْ فِيهَا خَالِدُونَ (٥) وَيَسْتَعْجِلُونَكَ بِالسَّيِّئَةِ قَبْلَ الْحَسَنَةِ وَقَدْ خَلَتْ مِنْ قَبْلِهِمُ
الْمَثُلَاتُ ۗ وَإِنَّ رَبَّكَ لَذُو مَغْفِرَةٍ لِلنَّاسِ عَلَىٰ ظُلْمِهِمْ ۖ وَإِنَّ رَبَّكَ لَشَدِيدُ الْعِقَابِ (٦)
وَيَقُولُ الَّذِينَ كَفَرُوا لَوْلَا أُنْزِلَ عَلَيْهِ آيَةٌ مِنْ رَبِّهِ ۗ إِنَّمَا أَنْتَ مُنْذِرٌ ۖ وَلِكُلِّ قَوْمٍ
هَادٍ (٧) اللَّهُ يَعْلَمُ مَا تَحْمِلُ كُلُّ أُنْثَىٰ وَمَا تَغِيضُ الْأَرْحَامُ وَمَا تَزْدَادُ ۖ وَكُلُّ شَيْءٍ
عِنْدَهُ بِمِقْدَارٍ (٨)

તરજુમો :

અને જો તમે અચંબાની વાત ચાહો તો તેમનું કહેવું અજબ છે કે શું જ્યારે અમે માટી બની ગયા તો શું નવેસરથી બનાવવામાં આવીશું ? તેઓ જ છે જેઓ પોતાના પરવરદિગારથી ઈન્કારી થઈ ગયા અને તેઓ જ છે કે તેમની ગરદનોમાં તોક (બેડી) છે અને તેઓ દોઝખવાળા છે, તેઓ હંમેશા એમાં જ રહેશે. (૫) અને તમારી પાસે બુરાઈને ભલાઈથી પહેલાં ઉતાવળે માંગે છે અને તેમનાથી પહેલાં ઘણા અઝાબ પસાર થઈ ચૂક્યા છે અને તમારો પરવરદિગાર લોકોને તેમના જુલમ છતાં મા'ફ પણ કરે છે અને તમારા પરવરદિગારનો અઝાબ પણ કઠોર છે. (૬) અને કાફિર કહે છે, તેના ઉપર તેના પરવરદિગાર તરફથી કોઈ નિશાની કેમ ન ઊતરી ? તમારું કામ તો ડર સંભળાવી દેવું છે અને દરેક કોમ માટે માર્ગ બતાવનાર થયો છે. (૭) અલ્લાહ જાણે છે જે દરેક માદા પેટ (ગર્ભ)માં રાખે છે અને જે પેટ સંકોરાય છે અને વધે છે અને દરેક વસ્તુનો તેના ત્યાં અંદાજો છે. (૮)

તફસીર :

અને (હે મુહમ્મદ ﷺ !) જો તમને (તે લોકોના કયામતના ઈન્કારથી)

આશ્ચર્ય થાય તો (ખરેખર) તેમનું આ નિવેદન અજબનું જ છે કે જ્યારે અમે (મૃત્યુ પામીને) માટી થઈ જઈશું શું (માટી બન્યા પછી પણ) અમે નવેસરથી (કયામતમાં) ફરીવાર પેદા થઈશું ? (આશ્ચર્ય કરવા લાયક આ વાત એટલા માટે છે કે જે જાત આવી પ્રસ્તુત વસ્તુઓના સર્જન માટે પ્રથમ વખતે શક્તિ ધરાવે છે તેના માટે ફરીવાર પેદા કરવું શું મુશ્કેલ છે ? અને એ જ તેનો જવાબ છે તેમની ફરીવાર પેદા થવાની અશક્યતાનો અને તેમના નુબુવ્વતના ઈન્કારનો પણ; આગળ તેમના માટે ચેતવણી છે કે) આ તે લોકો છે કે જેમણે પોતાના પરવરદિગારની સાથે કુફ્ર કર્યું (કારણ કે ફરીવાર પેદા કરવાના ઈન્કારથી અલ્લાહની કુદરતનો ઈન્કાર કર્યો અને કયામતનો ઈન્કાર કરવો એ નુબુવ્વતના ઈન્કાર કરવા સમાન છે) અને આવા લોકોની ગરદનોમાં (દોઝખમાં) તોક નાંખવામાં આવશે અને આવા લોકો દોઝખી છે (અને) તેઓ તેમાં હંમેશા રહેશે અને આ લોકો રાહત(ની મુદ્દત પૂર્ણ થવા)થી પહેલાં તમારી પાસે મુસીબત (નાઝિલ થવા)નો તકાદો કરે છે (કે જો તમે નબી હોય તો જાઓ અઝાબને લઈ આવો, જેનાથી જાણ થાય છે કે તેઓ આ અઝાબ આવવાનું ઘણું અશક્ય સમજતા હતા) જ્યારે કે તેમનાથી અગાઉ (અન્ય કાફિરો ઉપર) અઝાબની ઘટનાઓ પસાર થઈ ચૂકી છે (તો તેમના ઉપર આ અઝાબ આવી જવો કોઈ અસંભવ વાત નથી) અને (અલ્લાહ તઆલાનું મહાકૃપાળુ અને મહાદયાળુ હોવાનું સાંભળીને આ લોકો મગરૂર ન થઈ જાય કે હવે તેમને અઝાબ નહીં થાય, કારણ કે તે ફક્ત ગફૂરો રહીમ જ નથી અને વળી બધાના માટે ગફૂરો રહીમ નથી બલકે બે બાબતો પોત-પોતાના મોકા ઉપર જાહેર થાય છે, એટલે કે) એ વાત પણ નિશ્ચિત છે કે તમારો પરવરદિગાર લોકોની ભૂલો છતાં તેમની (એક ખાસ દરજ્જાની) વ્યર્થ પ્રવૃત્તિઓ કરવા છતાં મા'ફ કરી આપે છે અને એ વાત પણ નિશ્ચિત છે કે તમારો પરવરદિગાર સખત સજા (પણ) આપે છે (એટલે કે તેમાં બંને ખાસિયતો છે અને દરેક લક્ષણ જાહેર થવાની શરતો અને કારણો છે, અલબત્ત તેમણે વિના કારણે પોતાને રહમત અને મા'ફીના હકદાર કેવી રીતે સમજી લીધા ? બલકે તેમના કુફ્રના કારણે તેમના માટે અલ્લાહ કઠોર સજા આપનાર પણ છે) અને આ કાફિરો (નુબુવ્વતના ઈન્કાર કરવાના હેતુસર) એવું (પણ) કહે છે કે તેમના ઉપર ખાસ મોઅ્જિઝો (જે અમે ઇચ્છીએ છીએ) કેમ નાઝિલ કરવામાં ન આવ્યો ? (અને

આ વાંધો ફક્ત મૂર્ખાઈ છે, કારણ કે આપ ﷺ મોઅ્જિઝાના માલિક નથી બલકે) તમે તો ફક્ત (કાફિરોને અલ્લાહના અઝાબથી) ડરાવનાર (એટલે કે નબી) છો (અને નબી માટે કોઈપણ એક મોઅ્જિઝો હોવો જરૂરી છે તે જાહેર થઈ ચૂક્યો, કોઈ ખાસ મોઅ્જિઝાની મૂળેથી આવશ્યકતા નથી) અને (તમે કોઈ અનોખા નબી નથી બલકે) દરેક કોમ માટે (પાછલી ઉમ્મતોમાં) માર્ગદર્શકો થતા ચાલ્યા આવ્યા છે (તેમનામાં પણ આ જ કાયદો ચાલ્યો આવે છે કે નુબુવ્વતના દા'વા માટે કોઈ એક દલીલ પૂરતી ઠરાવવામાં આવી, કોઈ ખાસ દલીલની વ્યવસ્થા માંગણી મુજબ કરવામાં નથી આવી) અલ્લાહ તઆલાને બધી ખબર રહે છે જે કંઈ કોઈ સ્ત્રીના ગર્ભમાં રહે છે અને જે કંઈ ગર્ભમાં વધઘટ થાય છે અને દરેક વસ્તુ અલ્લાહ સમીપ એક ખાસ અંદાજાથી છે.

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતોમાંથી પ્રથમ ત્રણ આયતોમાં કાફિરોની શંકાનો જવાબ આપવામાં આવ્યો છે જે નુબુવ્વત વિશે હતો અને તેની સાથે ઇન્કારીઓ માટે અઝાબની ધમકીનો પણ ઉલ્લેખ થયો છે.

તેમની શંકાઓ ત્રણ પ્રકારની હતી; એક એ કે આ લોકો મૃત્યુ પછી પુનઃસજીવન થવાને અને મહશરમાં હિસાબ-કિતાબને અશક્ય અને તર્કહીન સમજતા હતા, આ જ બીનાએ આખિરતની ખબર આપનાર અંબિયા (અલૈ.)ને જૂઠાડતા હતા અને તેમની નુબુવ્વતનો ઇન્કાર કરતા હતા, જેમકે કુર્આને કરીમે તેમની આ શંકા આ આયતમાં વર્ણન કરી છે, هَلْ نَدُلُّكُمْ عَلٰى رَجُلٍ يُّنَبِّئُكُمْ اِذَا مُزِّقْتُمْ كُلَّ مُمَزَّقٍ اِنَّكُمْ لَفِىْ خَلْقٍ جَدِيْدٍ (૩૪:૭) તેમાં અંબિયા (અલૈ.)ની ઠેકડી ઉડાવવા માટે તેઓ કહે છે કે આવો, અમે તમને એવો વ્યક્તિ બતાવીએ જે તમને એવું બતાવે છે કે જ્યારે તમે મૃત્યુ પછી ક્ષત-વિક્ષત (કણ-કણ) થઈ જશો અને તમારી માટીના રજકણો પણ સમગ્ર દુનિયામાં ફેલાઈ જશે અને એવા સમયે તમે પુનઃ સજીવન કરવામાં આવશો.

મૃત્યુ પછી પુનઃ જીવીત થવાની સાબિતી :

પ્રસ્તુત આયતોમાંથી પ્રથમ આયતમાં તેમની એ શંકાનો જવાબ આપવામાં આવ્યો, وَاِنْ تَعْجَبْ فَعَجَبٌ قَوْلُهُمْ ءَاِذَا كُنَّا تُرٰبًا ءَاِنَّا لَفِىْ خَلْقٍ جَدِيْدٍ

તેમાં રસૂલે કરીમ ﷺને સંબોધન છે કે જો તમને એના ઉપર આશ્ચર્ય થાય છે કે આ કાફિરો તમારા ખુલ્લા મોઅ્જિઝાઓ અને તમારી નુબુવ્વત ઉપર અલ્લાહ તઆલાની સ્પષ્ટ નિશાનીઓ જોવા છતાં તમારી નુબુવ્વતનો ઈન્કાર કરે છે અને એવા નિર્જીવ પથ્થરોને માને છે જેમાં ન તો જીવન છે અને ન જ સમજદારી, તેઓ પોતે પોતાના લાભ અને નુકસાન ઉપર પણ કાબૂ ધરાવતા નથી તો પછી તેઓ બીજાઓને શું નફો કે લાભ પહોંચાડી શકવાના છે ?

પરંતુ એનાથી વધારે આશ્ચર્યની વાત તો એ છે કે તેઓ એવું કહે છે કે શું એવું બની શકે છે કે જ્યારે અમે મૃત્યુ પામી માટી થઈ જઈશું તો અમને પુનઃ સજીવન કરવામાં આવશે ? કુર્આને આ આશ્ચર્યનું કારણ ખુલાસાવાર વર્ણન નથી કર્યું કારણ કે પાછલી આયતોમાં અલ્લાહ જલ્લ શા'નુહૂની કુદરતના વિસ્મયકારી નજારાઓ વર્ણન કરીને એ બાબતને સાબિત કરવામાં આવી છે કે તે એવો સર્વશક્તિમાન છે જે સમગ્ર સૃષ્ટિને અસ્તિત્વમાં લાવ્યો અને પછી દરેક વસ્તુના અસ્તિત્વમાં કેવી-કેવી હિકમતો મૂકી કે મનુષ્ય તેનો તાગ મેળવવાથી અશક્ત છે અને તેના ગૂઢ રહસ્યો સુધી પહોંચી પણ નથી શકતો અને એ દેખીતું છે કે જે હસ્તી પ્રથમ વખતે બિલકુલ અસ્તિત્વમાં ન હોય એવી એક વસ્તુને અસ્તિત્વમાં લાવી શકે છે તો તેનું બીજીવાર પેદા કરી દેવું કોઈ મુશ્કેલ કામ નથી, માનવી પણ કોઈ નવી વસ્તુ બનાવવા ઇચ્છે છે તો પ્રથમ વખતે તેને મુશ્કેલી પડે છે અને જો તે એ જ વસ્તુને બીજીવાર બનાવવા ઇચ્છે તો તેના માટે તે સરળ થઈ જાય છે.

માટે આશ્ચર્યની વાત એ છે કે આ લોકો એને માનતા જ નથી કે પ્રથમ વખતે સમગ્ર સૃષ્ટિને અસંખ્ય હિકમતો સાથે તેણે જ પેદા કરી છે પછી ફરીવાર પેદા કરવું કેવી રીતે અશક્ય અને બુદ્ધિથી વિપરીત સમજવામાં આવી શકે છે ?!

કદાચ આ ઈન્કારીઓ સમીપ સૌથી મોટો સંદેહ એ છે કે મૃત્યુ થયા પછી અને માટી બની ગયા પછી મનુષ્યના શરીરના અવશેષો અને રજકણો સમગ્ર દુનિયામાં વિખરાઈ જાય છે, હવાઓ તેને ક્યાંથી-ક્યાં થઈ જાય છે અને બીજા કારણો અથવા માધ્યમોથી પણ તે અવશેષો સમગ્ર વિશ્વમાં ફેલાઈ જાય છે, પછી કયામતના દિવસે તે બધા અવશેષો કઈ રીતે એકત્રિત કરવામાં આવશે અને પછી તેમને એકત્રિત કરીને પુનઃ સજીવન કઈ રીતે કરવામાં આવશે ?

પરંતુ તેઓ એ નિહાળતા નથી કે હાલના સમયે જે અસ્તિત્વ તેમને પ્રાપ્ત થયું છે તેમાં શું સમગ્ર દુનિયાના અવશેષો એકત્રિત નથી થયા ? દુનિયાની પૂર્વ અને પશ્ચિમની વસ્તુઓ, પાણી અને હવા દ્વારા આવેલા અણુઓ મનુષ્યના ખોરાકમાં સામેલ થઈને તેના શરીરનો ભાગ બને છે, આ બીચારાને ઘણા વખતે તેની ખબર પણ નથી પડતી કે એક કોળિયો જે મોઢા સુધી લઈ જઈ રહ્યો છે તેમાં કેટલા અવશેષો આફ્રિકાના, કેટલા અમેરિકાના અને કેટલા પૂર્વના દેશોના છે તો જે જાતે પોતાની પૂર્ણ કક્ષાની હિકમતો અને કર્મોની યોજનાઓ હેઠળ હાલમાં વિવિધ માધ્યમો દ્વારા એક-એક મનુષ્ય અને પ્રાણીઓના અસ્તિત્વને સમગ્ર દુનિયાના વિખરાયેલા અણુઓ ભેગા કરીને ઊભા કરી દીધા છે કાલે તેના માટે તે કેવી રીતે મુશ્કેલ હશે કે તે બધા અવશેષોને ભેગા કરી નાંખે ! જ્યારે કે દુનિયાની બધી શક્તિઓ હવા અને પાણી તથા અન્ય તમામ શક્તિઓ સમગ્ર તેના હુકમના તા'બે તથા તેના જ આધીન પ્રવૃત્ત છે, તેના ઈશારાઓ ઉપર હવા પોતાનામાં રહેલા અને પાણી પોતાનામાં તથા પર્યાવરણ પોતાનામાં રહેલા બધા જ અવશેષોને ભેગા કરી આપે તેમાં શું સંદેહ છે ?

વાસ્તવિકતા એ છે કે તેમણે અલ્લાહ તઆલાની શક્તિ અને કદર ઓળખી જ નથી, તેની કુદરતને પોતાની શક્તિ ઉપર અનુમાનિત કરે છે, જ્યારે કે આસમાન અને પૃથ્વી તથા સમગ્ર વિશ્વની બધી જ વસ્તુઓ પોત-પોતાની ક્ષમતા પ્રમાણે સંવેદનશીલતા ધરાવે છે અને અલ્લાહ તઆલાના હુકમના તા'બે જ કાર્યરત છે.

خاک وباد وآب وآتش زنده اند : بامن وتو مرده باحق زنده اند

ખુલાસો એ છે કે ખુલ્લી નિશાનીઓ જોયા છતાં જે પ્રમાણે તેમનું નુબુવ્વતનું ઈન્કાર કરવું અજબ છે અને તેનાથી વધારે આશ્ચર્યજનક વાત એ છે કે કયામતમાં પુનઃ સજીવન થવાની વાતનો અને હશ્રના દિવસનો તેઓ ઈન્કાર કરી રહ્યા છે ?!

ત્યારબાદ આ માથાભારે ઈન્કારીઓની સજાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે આ લોકો માત્ર રસૂલે કરીમ ﷺનો જ ઈન્કાર નથી કરતા બલકે વાસ્તવમાં પોતાના પરવરદિગારનો જ ઈન્કાર કરી રહ્યા છે, તેમની સજા એ હશે કે તેમની

ગરદનોમાં "તોક" (Shackles–બેડીઓ) નાંખવામાં આવશે અને તેઓ હંમેશા–હંમેશા દોઝખમાં રહેશે.

ઈન્કારીઓની બીજી શંકા એ હતી કે જો તમે ખરેખર અલ્લાહના નબી અને રસૂલ છે તો નબીનો વિરોધ કરવાના કારણે જે અઝાબની ધમકીઓ તમે સંભળાવો છો તે અઝાબ કેમ નથી આવતો ? તેનો જવાબ બીજી આયતમાં આ આપવામાં આવ્યો, وَيَسْتَعْجِلُوْنَكَ بِالسَّيِّئَةِ قَبْلَ الْحَسَنَةِ وَقَدْ خَلَتْ مِنْ قَبْلِهِمُ الْمَثُلٰتُ وَاِنَّ رَبَّكَ لَذُوْمَغْفِرَةٍ لِّلنَّاسِ عَلٰى ظُلْمِهِمْ ج وَاِنَّ رَبَّكَ لَشَدِيْدُ الْعِقَابِ ط એટલે કે, આ લોકો હંમેશા રાહતની મુદ્દત પૂર્ણ થતા પહેલાં તમારી પાસે મુસીબત નાઝિલ થવાનો તકાદો કરે છે (કે જો તમે નબી છો તો તાત્કાલિક અઝાબ મંગાવી લો, જેનાથી જાણ થાય છે કે આ લોકો અઝાબ આવવાનું ઘણું છેટું અને અશક્ય સમજતા હતા) જ્યારે કે તેમનાથી પહેલાં અન્ય કાફિરો ઉપર ઘણી બધી અઝાબની ઘટનાઓ પસાર થઈ ચૂકી છે જેને બધા લોકો નિહાળી ચૂક્યા છે તો તેમના ઉપર અઝાબ આવી જવો કોઈ દૂરની વાત નથી, અહીંયાં શબ્દ مَثُلٰت (મષુલાત) ઉપયોગ થયો છે જે مَثُلَة (મષુલહ)નું બહુવચન છે, જેનો અર્થ એ છે કે એવી સજા જે મનુષ્યને સૌની સામે અપમાનિત કરે અને બીજાઓ માટે બોધપાઠનું માધ્યમ બને.

ત્યારબાદ ફરમાવ્યું કે બેશક ! આપ ﷺનો પરવરદિગાર લોકોની ગુનાહો અને નાફરમાનીઓ છતાં મહાન મગફિરત (મા'ફ) કરનાર અને રહમતવાળો (કૃપાળુ) પણ છે અને જે લોકો તેની મગફિરત અને રહમતથી લાભ ન ઉઠાવે, પોતાની શરારત અને નાફરમાની ઉપર મક્કમ રહે તેમના માટે સખત અઝાબ આપનારો પણ છે, એટલા માટે અલ્લાહ તઆલાના મહાકૃપાળુ અને મહાદયાળુ હોવા વિશે કોઈ ગેરસમજમાં ન પડી જાય કે અમારા ઉપર અઝાબ આવી જ નથી શકતો.

ત્રીજી શંકા આ કાફિરોની એ હતી કે જો કે રસૂલે કરીમ ﷺના ઘણા બધા મોઅ્જિઝાઓ અમે જોઈ ચૂક્યા છે પરંતુ જે ખાસ–ખાસ પ્રકારના મોઅ્જિઝાઓની અમે માંગણી કરી છે તે કેમ જાહેર નથી કરતા ? તેનો જવાબ ત્રીજી આયતમાં આપવામાં આવ્યો છે.

يَقُولُ الَّذِينَ كَفَرُوا لَوْلَآ اُنْزِلَ عَلَيْهِ اٰيَةٌ مِّنْ رَّبِّهٖ ط اِنَّمَآ اَنْتَ مُنْذِرٌ وَّلِكُلِّ قَوْمٍ هَادٍ ط
એટલે કે, આ કાફિરો તમારી નુબુવ્વત ઉપર વાંધો ઉઠાવવા માટે એવું કહે છે કે તેમના ઉપર ખાસ મોઅ્જિઝો જેની અમે માંગણી કરીએ છીએ તે કેમ નાઝિલ કરવામાં ન આવ્યો ? બસ, તેનો જવાબ સ્પષ્ટ છે કે મોઅ્જિઝો જાહેર કરવો પયગમ્બર અને નબીના અધિકારમાં નથી હોતું, બલકે સીધે-સીધું તે અલ્લાહ તઆલાનું કાર્ય હોય છે, તે પોતાની હિકમતથી જે સમયે જે પ્રમાણેનો મોઅ્જિઝો જાહેર કરવાનું પસંદ કરે છે તેને જાહેર કરી આપે છે, તે કોઈની માંગણી અને ઈચ્છાનો બંધાયેલો નથી એટલા માટે ફરમાવ્યું, اِنَّمَآ اَنْتَ مُنْذِرٌ એટલે કે, તમે કાફિરોને અલ્લાહના અઝાબથી ફક્ત ડરાવનારા છો મોઅ્જિઝા જાહેર કરવા તમારું કામ નથી.

وَلِكُلِّ قَوْمٍ هَادٍ એટલે કે, દરેક કોમ માટે પાછલી ઉમ્મતોમાં "હાદી" (માર્ગદર્શકો) થતા ચાલ્યા આવે છે તમે કોઈ અનોખા નબી નથી, બધા જ અંબિયા (અલૈ.)નું કાર્ય એ હતું કે તેઓ કોમનું માર્ગદર્શન કરે અને અલ્લાહના અઝાબથી ડરાવે, મોઅ્જિઝાઓ જાહેર કરવા કોઈના અધિકારમાં નથી, અલ્લાહ તઆલા જ્યારે અને જે સમયે મોઅ્જિઝો જાહેર કરવાનું પસંદ કરે છે તે સમયે જાહેર કરી આપે છે.

શું દરેક કોમ અને દેશમાં નબી આવવા જરૂરી છે ? :

આ આયતમાં જે એ ઈરશાદ છે કે દરેક કોમ માટે એક હાદી છે તેનાથી સાબિત થયું કે કોઈ કોમ, કોઈ દેશ કે કોઈ ખૂણો અલ્લાહ તઆલા તરફથી દા'વત આપનાર અને માર્ગદર્શન આપનારથી ખાલી નથી હોઈ શકતો, તે ભલે કોઈ નબી હોય અથવા તેમના નાયબ કે જે નબીની દા'વતનો પ્રચાર કરનારા અને ફેલાવનારા હોય, જેમકે સૂરએ યાસીનમાં નબી તરફથી કોઈ કોમ તરફ પ્રથમ બે વ્યક્તિઓને દા'વત અને માર્ગદર્શન માટે મોકલવાનું વર્ણન છે, જે પોતે નબી ન હતા અને પછી ત્રીજા વ્યક્તિને તેમનું સમર્થન અને મદદ માટે મોકલવું પણ પ્રસ્તુત છે.

એટલા માટે આ આયતથી એ જરૂરી નથી થતું કે ભારતમાં પણ કોઈ નબી અથવા રસૂલ પેદા થયા હોય, અલબત્ત નબીની દા'વત પહોંચાડનાર અને

તેને ફેલાવનાર ઉલમાનું અત્રે મોટા પ્રમાણમાં આવવું સાબિત થયેલ છે અને વળી અહીંયાં અસંખ્ય એવા માર્ગદર્શકોનું પેદા થવું પણ દરેક વ્યક્તિને ખબર છે.

અહીંયાં સુધી ત્રણ આયતોમાં નુબુવ્વતના ઈન્કાર કરનારાઓની શંકાઓનો જવાબ હતો, ચોથી આયતમાં ફરી તે જ તવહીદનો વિષય પ્રસ્તુત છે જેનું વર્ણન આ સૂરતની શરૂઆતમાં આવી રહ્યું છે, ઈરશાદ છે, اَللّٰهُ يَعۡلَمُ مَا تَحۡمِلُ كُلُّ اُنۡثٰى وَمَا تَغِيۡضُ الۡاَرۡحَامُ وَمَا تَزۡدَادُ وَكُلُّ شَىۡءٍ عِنۡدَهٗ بِمِقۡدَارٍ ط એટલે કે, અલ્લાહ તઆલાને બધી ખબર રહે છે જે કંઈ કોઈ સ્ત્રીના ગર્ભમાં રહે છે, પુત્ર હોય કે પુત્રી, ખૂબસૂરત હોય કે બદ્દશકલ, નેક હોય કે ખરાબ અને જે કંઈ તે ઓરતોના ગર્ભાશયમાં વધ-ઘટ થાય છે, ક્યારેક એક બાળક પેદા થાય છે તો ક્યારેક બે, ક્યારેક જલદી પેદા થાય છે તો ક્યારેક મોડેથી.

આ આયતમાં અલ્લાહ તઆલાની એક ખાસ સિફતનું વર્ણન છે કે તે આલિમુલ ગયૂબ (અદૃષ્ય બાબતોનો જાણકાર) છે, સમગ્ર સૃષ્ટિ અને તેના સર્જન (મખ્લૂક)ના અણુએ અણુથી વાકેફ છે અને દરેક અણુની બદલાતી પરિસ્થિતિઓથી જ્ઞાત (વાકેફ) છે, તેની સાથે જ મનુષ્યના સર્જનના દરેક તબક્કા અને દરેક પરિવર્તનો તથા ખાસિયતોથી સંપૂર્ણ રીતે વાકેફ હોવાનું વર્ણન છે કે ગર્ભનું ચોક્કસ અને સાચું જ્ઞાન ફક્ત તેને જ હોય છે કે તે પુત્ર છે કે પુત્રી અથવા બંને અથવા કંઈ નથી અથવા ફક્ત પાણી અને હવા છે. નિશાનીઓ અને અનુમાનથી કોઈ હકીમ અથવા ડૉક્ટર જે કંઈ આ બાબતમાં પોતાનો અભિપ્રાય આપે છે તેનું મહત્ત્વ એક શક્યતા અને અંદાજાથી વધીને કંઈ નથી હોતું, અમુક વખતે ઘટના તેમના અભિપ્રાયથી વિપરીત પણ બને છે, એક્ષરેની મશીનરી (જેમકે સોનોગ્રાફી) વગેરે પણ આ વાસ્તવિકતા (સો ટકા) સત્ય પુરવાર કરી શકતું નથી, તેનું ચોક્કસ અને સાચું જ્ઞાન માત્ર અલ્લાહ જલ્લ શા'નુહૂને જ હોઈ શકે છે, તેનું જ વર્ણન એક બીજી આયતમાં આ પ્રમાણે છે. وَيَعۡلَمُ مَا فِى الۡاَرۡحَامِ "અલ્લાહ તઆલા જ જાણે છે જે કંઈ ગર્ભાશયોમાં છે."(૩૧:૩૪) (કદાચ મૅડીકલ ઉપકરણોથી ગર્ભ પરીક્ષણ કરી જાતી વિશે જાણી પણ શકાતું હોય પરંતુ તો પણ બીજી બધી બાબતો જેમકે તે બાળક ખૂબસૂરત થશે કે બદ્દસૂરત ? લાંબું થશે કે ટૂંકું ? રંગે કેવું હશે ? સ્વભાવે કેવું હશે ? કેટલું જીવશે ? કેવી-કેવી પ્રવૃત્તિઓ કરશે ? સમાજ માટે લાભદાયક છે કે હાનિકારક ? એ જ પ્રમાણે

શાદી, તેની પેઢી, તેનો વંશ વેલો, તેની રોજી, તેની આર્થિક પરિસ્થિતિ; મતલબ કે માનવ જીવનને સ્પર્શતી દરેક બાબતો માતાના ગર્ભાશયમાં રહેલા ગર્ભની ફક્ત જાતિ પરીક્ષણ કરવાથી જાણી નથી શકાતી, જ્યારે કે અલ્લાહ તઆલાને તે ગર્ભમાં પોષણ પામતા બાળક વિશે માત્ર તે પુત્ર કે પુત્રી હોવાનું જ જ્ઞાન નથી, બલકે તેની માતાના ગર્ભમાં સ્થાપનાથી લઈને તેના જન્મ અને જન્મથી લઈને મૃત્યુ સુધીની દરેક પરિસ્થિતિની પૂરે-પૂરી જાણકારી હોય છે, જે જાણકારી મેળવવા માટે મૅડીકલ સાયન્સ તો શું સમગ્ર દુનિયાના વૈજ્ઞાનિકો મળીને પણ માત્ર એક વ્યક્તિ વિશેની આવી જાણકારી આખી પૃથ્વીમાં યંત્રો બિછાવીને પણ ક્યારેય કરી શકે એમ નથી ! બીજું કે ગર્ભના પ્રાથમિક તબક્કામાં એટલે કે માતાના ઉદરમાં જ્યારે ગર્ભ રોપાય છે તેના શરૂઆતના તબક્કામાં કોઈપણ પ્રકારે ગર્ભ પરીક્ષણ દ્વારા પણ જાણી નથી શકાતું કે તે બાળક પુત્ર હશે કે પુત્રી; આમ ગર્ભ પરિપક્વ થયા પછી જ આજનું વિજ્ઞાન આવી જાણકારી પ્રાપ્ત કરી શકે છે માટે શરૂઆતના ગર્ભાધાનના તબક્કામાં પણ પુત્ર કે પુત્રીનું હોવું જાણી શકાતું નથી, આથી આ બાબત પણ પ્રસ્તુત વિષયની વિરોધાભાસી નથી. -અનુવાદક)

શબ્દ تَغِيْض (તગીઝ) અરબી ભાષામાં "ઓછું હોવું" અથવા "સુક્કુ હોવું"ના અર્થમાં આવે છે, પ્રસ્તુત આયતના અર્થમાં تَزْدَادُ (તઝ્દાદુ)નો શબ્દ નક્કી કરવામાં આવ્યો કે આ સ્થળે અર્થ "ઓછું હોવાનો" છે, ભાવાર્થ એ છે કે માતાના ગર્ભાશયમાં જે કંઈ વધ-ઘટ થાય છે તેનું સાચું જ્ઞાન પણ માત્ર અલ્લાહ તઆલાને જ છે, તેની વધ-ઘટનો ભાવાર્થ એ પણ હોઈ શકે છે કે પેદા થનાર બાળકોની સંખ્યામાં ઓછું-વધતું હોય, એટલે કે ગર્ભમાં માત્ર એક બાળક છે અથવા વધારે અને એ પણ હોઈ શકે છે કે જન્મના સમયની વધ-ઘટ ભાવાર્થ તરીકે હોય કે આ ગર્ભ કેટલા મહિના, કેટલા દિવસ અને કેટલા કલાકોમાં પેદા થઈને એક મનુષ્યનું જાહેર સ્વરૂપ અસ્તિત્વમાં આવશે તેનું ચોક્કસ જ્ઞાન પણ અલ્લાહ રબ્બુલ ઈજ્જત સિવાય કોઈને પણ હોઈ શકતું નથી.

તફસીરના ઈમામ મુજાહિદ (રહ.)એ ફરમાવ્યું કે, ગર્ભ ધારણ કર્યો હોય તેવા સમયમાં જે લોહી સ્ત્રીને આવી (રક્તસ્ત્રાવ થઈ) જાય છે તે ગર્ભ કદની તંદુરસ્તીમાં ઉણપ હોવાનું કારણ બને છે. تَغِيْضُ الْاَرْحَامُ (તગીઝુલ અરહામ)નો

ભાવાર્થ આ જ ઉણપ છે અને વાસ્તવિકતા એ છે કે જેટલા પ્રકારો ઉણપ (ખોડખાંપણ)ના છે તે બધા જ આ આયતના શબ્દોમાં સમાયેલા છે એટલા માટે તેમાં કોઈ વિરોધાભાસ નથી.

كُلُّ شَيْءٍ عِنْدَهٗ بِمِقْدَارٍ ؕ એટલે કે, અલ્લાહ તઆલા સમીપ દરેક વસ્તુનો એક ખાસ અંદાજો અને માપદંડ નક્કી છે, ન તો તેમાં કમી થઈ શકે છે અને ન જ વધારો. બાળકની બધી જ પરિસ્થિતિઓ પણ તેમાં સામેલ છે, એટલે કે તેની દરેક વસ્તુ અલ્લાહ સમીપ નક્કી છે કે કેટલા દિવસ બાળક ગર્ભમાં રહેશે ? પછી કેટલા દિવસ સુધી દુનિયામાં જીવંત રહેશે ? કેટલી રોજી તેને પ્રાપ્ત થશે ? વગેરે...વગેરે અલ્લાહ જલ્લ શા'નુહૂનું આ અજોડ જ્ઞાન તેની તવહીદની સ્પષ્ટ દલીલ છે.

આયતો : (સૂરએ રઅ્દ : આયત નં. ૯ થી ૧૫)

عٰلِمُ الْغَيْبِ وَالشَّهَادَةِ الْكَبِيْرُ الْمُتَعَالِ ﴿٩﴾ سَوَآءٌ مِّنْكُمْ مَّنْ اَسَرَّ الْقَوْلَ وَمَنْ جَهَرَ بِهٖ وَمَنْ هُوَ
مُسْتَخْفٍۭ بِالَّيْلِ وَسَارِبٌۢ بِالنَّهَارِ ﴿١٠﴾ لَهٗ مُعَقِّبٰتٌ مِّنْۢ بَيْنِ يَدَيْهِ وَمِنْ خَلْفِهٖ
يَحْفَظُوْنَهٗ مِنْ اَمْرِ اللّٰهِ ؕ اِنَّ اللّٰهَ لَا يُغَيِّرُ مَا بِقَوْمٍ حَتّٰى يُغَيِّرُوْا مَا بِاَنْفُسِهِمْ ؕ وَاِذَآ
اَرَادَ اللّٰهُ بِقَوْمٍ سُوْٓءًا فَلَا مَرَدَّ لَهٗ ۚ وَمَا لَهُمْ مِّنْ دُوْنِهٖ مِنْ وَّالٍ ﴿١١﴾ هُوَ الَّذِيْ يُرِيْكُمُ
الْبَرْقَ خَوْفًا وَّطَمَعًا وَّيُنْشِئُ السَّحَابَ الثِّقَالَ ﴿١٢﴾ ۚ وَيُسَبِّحُ الرَّعْدُ بِحَمْدِهٖ وَالْمَلٰٓئِكَةُ
مِنْ خِيْفَتِهٖ ۚ وَيُرْسِلُ الصَّوَاعِقَ فَيُصِيْبُ بِهَا مَنْ يَّشَآءُ وَهُمْ يُجَادِلُوْنَ فِي اللّٰهِ ۚ وَ
هُوَ شَدِيْدُ الْمِحَالِ ﴿١٣﴾ ؕ لَهٗ دَعْوَةُ الْحَقِّ ؕ وَالَّذِيْنَ يَدْعُوْنَ مِنْ دُوْنِهٖ لَا يَسْتَجِيْبُوْنَ
لَهُمْ بِشَيْءٍ اِلَّا كَبَاسِطِ كَفَّيْهِ اِلَى الْمَآءِ لِيَبْلُغَ فَاهُ وَمَا هُوَ بِبَالِغِهٖ ؕ وَمَا دُعَآءُ الْكٰفِرِيْنَ اِلَّا
فِيْ ضَلٰلٍ ﴿١٤﴾ وَلِلّٰهِ يَسْجُدُ مَنْ فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ طَوْعًا وَّكَرْهًا وَّظِلٰلُهُمْ بِالْغُدُوِّ
وَالْاٰصَالِ ﴿١٥﴾ السجدة

السجدة ٣

તરજુમો :

છુપા અને જાહેરનો જાણનાર અને સૌથી મોટો સર્વોપરી. (૯) સરખા છે તમારામાંથી જે ધીમે વાત કહે અથવા પોકારીને (મોટેથી) અને જે રાતમાં છુપાઈ રહ્યું છે અને જે દિવસે ગલીઓમાં ફરે છે. (૧૦) તેના પહેરેદારો છે બંદાની આગળથી અને પાછળથી તેની રખેવાળી કરે છે અલ્લાહના હુકમથી, અલ્લાહ કોઈ કોમની હાલતને નથી બદલતો જ્યાં સુધી (કે) જે તેમના નફ્સ (દિલો)માં છે તે ન બદલે અને જ્યારે અલ્લાહ કોઈ કોમ ઉપર આફત ઈચ્છે છે પછી તે ટળતી નથી અને તેમનો તેના સિવાય કોઈ મદદગાર નથી. (૧૧) તે જ છે તમને ડર અને આશા માટે વીજળી બતાવે છે અને ભારે વાદળ ઉઠાવે છે. (૧૨) અને ગર્જનાર (રઅ્દ) તેની ખુબીઓ વર્ણન કરે છે અને બધા ફરિશ્તા તેના ડરથી અને કડકતી વીજળીઓ મોકલે છે, પછી જેના ઉપર ઈચ્છે નાંખે છે અને આ લોકો અલ્લાહની વાતમાં ઝઘડે છે અને તેની પકડ સખત છે. (૧૩) તેને જ પોકારવું સાચું છે અને જે લોકોને કે તેના સિવાય પોકારે છે તે તેમના કંઈપણ કામ આવતા નથી પરંતુ જેમકે કોઈએ બંને હાથ પાણી તરફ ફેલાવી દીધા કે તેના મોઢાં સુધી આવી પહોંચે અને તે કદાપિ તેના સુધી પહોંચશે નહીં અને કાફિરોની જેટલી પોકાર છે સઘળી ગુમરાહી છે. (૧૪) અને અલ્લાહને સિજ્દહ કરે છે જે કંઈ આસમાનોમાં છે અને જમીનમાં ખુશીથી કે લાચારીથી (અનિચ્છાએ) અને તેમના પડછાયા સવાર અને સાંજ! (૧૫)

તફસીર :

તે તમામ ગુપ્ત અને જાહેર વસ્તુઓને જાણનારો છે, સૌથી મોટો (અને) સર્વોપરી છે, તમારામાંથી જે વ્યક્તિ કોઈ વાત ધીમેથી (છાના-છાના) કહો અને જે પોકારીને કહો અને જે વ્યક્તિ રાતમાં ક્યાંક સંતાઈ જાય અને જે દિવસમાં હરે-ફરે આ બધું (અલ્લાહના જ્ઞાનમાં) સરખું છે, (એટલે કે સૌને સમાન રીતે જાણે છે જેમકે તમારામાંથી દરેક વ્યક્તિને જાણે છે અને દરેકની સુરક્ષા પણ કરે છે એટલા માટે તમારામાંથી) દરેક વ્યક્તિ(ની સુરક્ષા) માટે અમુક ફરિશ્તાઓ (નક્કી) છે જેની બદલી થતી રહે છે, અમુક તેની આગળ અને અમુક તેની

પાછળ, તે અલ્લાહના હુકમથી (ઘણી બધી બલાઓથી) તેની હિફાઝત કરે છે (અને તેને કોઈ એવું ન સમજે કે જ્યારે ફરિશ્તા અમારા ચોકીદાર છે તો પછી અમે જે ઈચ્છીએ કરીએ, ગુનાહો કરીએ અથવા કુફ્ર, કોઈ રીતે અઝાબ આવશે જ નહીં, આવું સમજવું ખોટું છે કારણ કે) ખરેખર અલ્લાહ તઆલા (શરૂઆતમાં તો કોઈને અઝાબ આપતો નથી કારણ કે એ તેની ટેવ છે કે) કોઈ કોમની (સારી) હાલતમાં ફેરબદલ નથી કરતો જ્યાં સુધી કે લોકો પોતે પોતાની (ક્ષમતા અને સામર્થ્યથી) હાલતને બદલી નથી નાંખતા (પરંતુ તેની સાથે એ પણ છે કે જ્યારે તેઓ પોતાની ક્ષમતામાં ખલેલ ઉત્પન્ન કરવા લાગે છે તો પછી અલ્લાહ તઆલા તરફથી મુસીબત અને ક્રોધ નક્કી કરવામાં આવે છે) અને જ્યારે અલ્લાહ તઆલા કોઈ કોમ ઉપર મુસીબત નાંખવાનું નક્કી કરી લે છે તો પછી તેના ટળવાનું કોઈ સ્વરૂપ હોતું નથી (તે થઈને જ રહે છે) અને (એવા સમયે) અલ્લાહના સિવાય કોઈ (જેમની સુરક્ષાનો તેમને ભરોસો છે) તેમનો મદદગાર નથી રહેતો, (એટલે સુધી કે ફરિશ્તાઓ પણ તેમનું રક્ષણ નથી કરતા અને જો કોઈ તેમનું રક્ષણ કરવા ઈચ્છે તો તે પણ તેમના કામ લાગતું નથી) તે એવો (મહાન) છે કે તમને (વરસાદના સમયે ચમકતી) વીજળી બતાવે છે જેનાથી (તેના પડવાનો) ભય પણ હોય છે અને (તેનાથી વરસાદની) આશા પણ હોય છે અને તે વાદળોને (પણ) ઉઠાવે છે જે પાણીથી ભરેલા હોય છે અને <u>રઅ્દ</u> (ફરિશ્તો) તેના વખાણની સાથે તેની પવિત્રતા વર્ણન કરે છે અને (બીજા) ફરિશ્તા પણ તેના ડરથી (તેના વખાણ અને પવિત્રતા વર્ણન કરે છે); અને તે (જમીન તરફ) વીજળીઓ મોકલે છે પછી જેના ઉપર ઈચ્છે નાંખી દે છે અને તે લોકો અલ્લાહ વિશે (એટલે કે તેની તવહીદમાં તે છતાં કે તે આવો સર્વોચ્ચ અને મહાન છે) ઝઘડે છે જ્યારે કે તે ઘણો જ સખત પકડવાળો છે (કે તેનાથી જ ડરવું જોઈએ પરંતુ આ લોકો ડરતા નથી અને તેની સાથે ભાગીદાર ઠરાવે છે અને તે એવો દુઆઓને કબૂલ કરનારો છે કે) સાચું પોકારવું તેના જ માટે ખાસ છે (કારણ કે એને કબૂલ કરવાની શક્તિ તેની જ છે) અને અલ્લાહના સિવાય જેને આ લોકો (જરૂરતો અને પોતાની મુસીબતોમાં) પોકારે છે તેઓ (શક્તિ ન હોવાના કારણે) તેમની દરખાસ્તને એથી વધારે મંજૂર નથી કરી શકતા (જાણે કે) જેટલું પાણી તે વ્યક્તિની દરખાસ્તને મંજૂર કરે છે જેણે પોતાના બંને હાથ પાણી તરફ ફેલાવેલા હોય છે (અને તેને ઈશારાથી પોતાના

તરફ બોલાવી રહ્યો હોય) જેથી તે (પાણી) તેના મોઢાં સુધી (ઊડીને) આવી જાય અને તે (પોતે) તેના મોઢાં સુધી (માત્ર ઈશારાથી કોઈપણ રીતે) આવવાનું નથી (બસ, જે પ્રમાણે પાણી તેની દરખાસ્ત કબૂલ કરવાથી લાચાર છે એ જ પ્રમાણે તેમના મઅ્બૂદો પણ લાચાર છે એટલા માટે) કાફિરોની (તેમને) દરખાસ્ત કરવી માત્ર બિનઅસરકારક છે અને અલ્લાહ તઆલા (એવો સર્વશક્તિમાન છે કે તેની) સામે જ બધા આજ્ઞાપાલક બનેલ છે, જેટલું કંઈ આસમાનોમાં છે અને જે કંઈ જમીનમાં છે (અમુક) ખુશીથી અને (અમુક) મજબૂરીથી (ખુશીથી એ કે સ્વેચ્છાએ આપમેળે ઈબાદત કરે છે અને મજબૂરીથી એ ભાવાર્થ છે કે અલ્લાહ તઆલા જે મખ્લૂકમાં જે ફેરફાર કરવા ઈચ્છે છે તે તેનો વિરોધ નથી કરી શકતી) અને તે (જમીનવાળાઓ)ના પડછાયા પણ (આજ્ઞાપાલક છે) સવાર અને સાંજના સમયમાં (એટલે કે પડછાયાને જેટલો ઈચ્છે વધારે, જેટલો ઈચ્છે ઘટાડે અને સવાર અને સાંજના સમયે પડછાયા લાંબા હોય છે અને તેના ઘટવા-વધવાને વધારે સ્પષ્ટ રીતે જોઈ શકાય છે એટલા માટે આ ખાસિયત વર્ણન થઈ નહિતર પડછાયા પણ આ અર્થમાં દરેક રીતે આજ્ઞાપાલક છે).

મસ્અલા અને બોધપાઠ :

પાછલી આયતોથી અલ્લાહ જલ્લ શા'નુહૂની ખાસ મહત્ત્વપૂર્ણ અને પરિપૂર્ણ સિફતનો ક્રમ ચાલી રહ્યો છે જે વાસ્તવમાં તવહીદની દલીલો છે, આ આયતમાં પણ ફરમાવ્યું,

عَالِمُ الْغَيْبِ وَالشَّهَادَةِ الْكَبِيرُ الْمُتَعَالِ માં غَيْب (ગયૂબ)નો ભાવાર્થ તે વસ્તુ છે જે મનુષ્યની સભાનતા (ઈન્દ્રિય જ્ઞાન-ચેતાતંત્રો)થી ગાયબ છે, એટલે કે ન જ આંખોથી તેને જોઈ શકે અને ન તો કાનોથી તેને સાંભળી શકે તથા ન તો નાક તેને સુંઘી શકે અને ન જ જીભથી તેને ચાખી શકે તથા ન જ હાથથી સ્પર્શ કરીને જાણી શકે.

شَهَادَتْ (શહાદત) ગયૂબનો વિરુદ્ધાર્થી શબ્દ છે અને તે એવી વસ્તુઓ છે કે જેને મનુષ્યની પ્રસ્તુત પાંચ ઈન્દ્રિયો દ્વારા જાણી શકાય છે, ભાવાર્થ એ છે કે અલ્લાહ તઆલાની ખાસ પરિપૂર્ણતાની સિફત એ છે કે તે દરેક ગયૂબને એ પ્રમાણે જાણે છે જેવી રીતે કે દષ્ટિ સમક્ષ હાજર અને મોજૂદ વસ્તુને જાણી શકાય છે.

اَلْكَبِيرُ (અલ કબીર)નો અર્થ "સૌથી મોટો" અને مُتَعَالِ (મુતઆલ)નો

અર્થ "સર્વોચ્ચ" અને "સર્વોપરી" થાય છે, આ બંને શબ્દોનો ભાવાર્થ એ છે કે તે મખ્લૂકની ખાસિયતોથી સર્વોચ્ચ, ઉપરવટ તથા સર્વોપરી છે, કાફિરો અને મુશ્રિકો અલ્લાહ તઆલા માટે ગૌણ સ્વરૂપે મોટાઈ અને સર્વોચ્ચ હોવાનો સ્વીકાર તો કરે છે પરંતુ પોતાની અધૂરી સમજ વડે અલ્લાહ તઆલાને પણ સામાન્ય મનુષ્યો ઉપર અનુમાનિત કરીને અલ્લાહ તઆલા માટે એવી સિફતો અને લક્ષણો સાબિત કરે છે કે જે તેની શા'ન અને મરતબાથી જોજનો દૂર હોય છે, જેમકે યહૂદી, નસારાએ અલ્લાહ તઆલાનો બેટો હોવાની માન્યતા ધરાવી, કોઈએ અલ્લાહ માટે માનવોની જેમ શરીર અને અવયવો હોવાની માન્યતા રાખી, કોઈએ તેને દિશા અને સ્થળમાં મર્યાદિત સમજ્યો જ્યારે કે આ બધી જ પરિસ્થિતિઓ અને ખાસિયતોથી અલ્લાહ તઆલા ઉપરવટ અને સર્વોપરી છે, કુર્આને કરીમ તેની વર્ણન કરેલ સિફતોથી બેઝારી જાહેર કરવા માટે વારંવાર ફરમાવે છે, سُبْحَانَ اللّٰهِ عَمَّا يَصِفُوْنَ એટલે કે, "પાક (પવિત્ર) છે અલ્લાહ તે સિફતોથી જે આ લોકો વર્ણન કરે છે."

પ્રથમ વાક્યમાં عَالِمُ الْغَيْبِ وَالشَّهَادَةِ અને તેનાથી પહેલી આયત اَللّٰهُ يَعْلَمُ مَا تَحْمِلُ كُلُّ اُنْثٰى માં અલ્લાહ જલ્લ શા'નુહૂના પૂર્ણ જ્ઞાનની ખાસિયત અને લક્ષણનું વર્ણન હતું, બીજા વાક્યમાં اَلْكَبِيْرُ الْمُتَعَالِ માં અલ્લાહની પૂર્ણ શક્તિ અને તેની ઉચ્ચતાનું વર્ણન છે કે તેની શક્તિ અને તાકાત મનુષ્યની કલ્પનાથી ઉપરવટ છે, ત્યાર પછીની આયતમાં પણ આ જ પૂર્ણ જ્ઞાનની અને પૂર્ણ કુદરતની વિશિષ્ટતાને એક ખાસ શૈલીમાં વર્ણન કરી. سَوَآءٌ مِّنْكُمْ مَّنْ اَسَرَّ الْقَوْلَ وَمَنْ جَهَرَ بِهٖ وَمَنْ هُوَ مُسْتَخْفٍۢ بِالَّيْلِ وَسَارِبٌۢ بِالنَّهَارِ

اَسَرَّ الْقَوْلَ માં اِسْرَارٌ (ઈસ્રાર)નો અર્થ "ગુપ્ત વાતચીત" અને جَهْر (જહ્ર)નો અર્થ "ખુલ્લમ-ખુલ્લી વાતચીત"નો થાય છે, જે વાતચીત મનુષ્ય કોઈ બીજા વ્યક્તિને સંભળાવવા કરે છે તેને جَهْر (જહ્ર) કહે છે અને જે પોતે પોતાને સંભળાવવા માટે કહે છે તેને سِرّ (સિર્ર) કહે છે, مُسْتَخْفٍ (મુસ્તખફિન)નો અર્થ "સંતાઈ જનાર" અને سَارِبٌ (સારિબ)નો અર્થ "આઝાદી અને બેફિકરીથી માર્ગ ઉપર હરનાર-ફરનાર" થાય છે.

આયતનો ભાવાર્થ એ છે કે અલ્લાહ જલ્લ શા'નુહૂનું જ્ઞાન સર્વત્ર છવાયેલું હોવાના કારણે તેના સમીપ ગુપ્ત વાતચીત કરનાર અથવા મોટા અવાજે વાતચીત

કરનાર બંને એકસમાન છે, તે બંનેની વાતને સરખી રીતે સાંભળે અને જાણે છે, એ જ પ્રમાણે જે વ્યક્તિ રાતના અંધારાઓમાં સંતાયેલો હોય છે અને જે દિવસના પ્રકાશમાં ખુલ્લા માર્ગ ઉપર ચાલી રહ્યો છે આ બંને તેના જ્ઞાન અને શક્તિના આધારે એકસમાન છે, બંનેની આંતરિક અને બાહ્ય બધી પરિસ્થિતિઓને સમાન રીતે જાણે છે અને બંને ઉપર તેની કુદરત એકસમાન રીતે છવાયેલી છે, કોઈ તેની શક્તિ અને કુદરતથી બાકાત નથી, તેનો વધારે ખુલાસો આગલી આયતમાં આ પ્રમાણે છે, لَهٗ مُعَقِّبٰتٌ مِّنْ بَيْنِ يَدَيْهِ وَمِنْ خَلْفِهٖ يَحْفَظُوْنَهٗ مِنْ اَمْرِ اللّٰهِ ط

مُعَقِّبٰتٌ (મુઅક્કિબાત) એ مُعَقِّبَةٌ (મુઅક્કિબહ)નું બહુવચન છે, આ તે જૂથ અથવા વર્ગને કહેવામાં આવે છે જે બીજા ગૃપ અથવા જૂથની સાથે પાછળથી જોડાઈને આવે, તેને "મુઅક્કિબહ" અથવા "મુતઅક્કિબહ" કહેવામાં આવે છે, مِنْ بَيْنِ يَدَيْهِ નો શાબ્દિક અર્થ "બંને હાથની વચ્ચે હોવું" થાય છે, તેનો ભાવાર્થ વ્યક્તિની સામેની દિશા અથવા વિસ્તાર થાય છે. وَمِنْ خَلْفِهٖ (વમિન ખલ્ફિહી) "પાછળની દિશા અથવા વિસ્તાર" مِنْ اَمْرِ اللّٰهِ (મિન અમ્રિલ્લાહ)માં مِنْ (મિન) باءِ سببیت (કારણદર્શક)ના અર્થ માટે છે તે بِاَمْرِ اللّٰهِ ના અર્થમાં આવ્યું છે, અમુક કિરાઅતોમાં આ શબ્દ بِاَمْرِ اللّٰهِ થી નકલ થયો છે. *(રૂહુલ મઆની)*

આયતનો ભાવાર્થ એ છે કે જે વ્યક્તિ ભલે પોતાની વાતચીતને સંતાડે અથવા જાહેર કરવા ઇચ્છે, એ જ પ્રમાણે પોતાના ચાલવા-ફરવાને ગુપ્ત રાખવા ઇચ્છે અથવા ખુલ્લા (પ્રકાશિત) માર્ગો અને સડકો ઉપર ફરે, આ બધા મનુષ્યો માટે અલ્લાહ તરફથી ફરિશ્તાઓની જમાઅત નક્કી છે જે તેમની આગળ અને પાછળથી તેમને ઘેરી રાખતા હોય છે જેમની સેવા અને ફરજ બદલાતી રહે છે અને તે વારાફરતી આવતા રહે છે, તેમને એ કામની જવાબદારી સોંપવામાં આવી છે કે તેઓ અલ્લાહ તઆલાના હુકમથી માનવોનું રક્ષણ કરે.

સહીહ બુખારીની હદીષમાં છે કે ફરિશ્તાઓની બે જમાઅતો સુરક્ષા માટે નક્કી છે, એક રાત માટે અને બીજી દિવસ માટે અને આ બંને જમાઅતો સવાર અને અસરની નમાઝોમાં ભેગી થાય છે, સવારની નમાઝ પછી રાતના ચોકીદારો રવાના થઈ જાય છે અને દિવસના ચોકીદારો કામ સંભાળી લે છે અને અસરની નમાઝ પછી તેઓ રવાના થઈ જાય છે અને રાતના ફરિશ્તા ડ્યુટી માટે લાગી જાય છે.

અબૂ દાવુદની એક હદીષમાં હઝરત અલી (રદિ.)ની હદીષ નકલ થઈ છે કે દરેક મનુષ્યની સાથે અમુક રક્ષણ કરનારા ફરિશ્તાઓ મોજૂદ છે જે તેનું રક્ષણ કરતા રહે છે કે તેમના ઉપર કોઈ દિવાલ વગેરે પડી ન જાય અથવા તેઓ કોઈ ખાડા કે ગુફામાં ગબડી ન પડે અથવા કોઈ પશુ કે માણસ તેને તકલીફ ન પહોંચાડે, અલબત્ત અલ્લાહનો હુકમ જ્યારે કોઈ મનુષ્યને બલા અને મુસીબતમાં નાંખવાનો લાગુ થઈ જાય છે તો રક્ષણ કરનાર ફરિશ્તાઓ ત્યાંથી હટી જાય છે.

(રૂહુલ મઆની)

ઈબ્ને જરીરની એક હદીષ હઝરત ઉસ્માન ગની (રદિ.)થી રિવાયત થઈ છે, તેનાથી એ જાણ થાય છે કે આ ચોકીદાર ફરિશ્તાઓનું કાર્ય માત્ર દુનિયાની તકલીફો અને મુસીબતોથી સુરક્ષા કરવાનું નથી બલકે તે મનુષ્યોને ગુનાહોથી બચાવવા અને સુરક્ષિત રાખવાનો પણ પ્રયત્ન કરતા રહે છે, મનુષ્યના દિલમાં નેકી અને અલ્લાહના ડરની ભાવના જાગૃત કરતા રહે છે જેના દ્વારા તે ગુનાહથી બચે છે અને જો તો પણ તે ફરિશ્તાઓના ઈલ્હામથી ગફલત વર્તીને ગુનાહમાં સંડોવાઈ જાય તો તે એવી દુઆ અને પ્રયત્ન કરે છે કે આ વ્યક્તિ જલદી તવબહ કરીને ગુનાહોથી પવિત્ર થઈ જાય, પછી જો તેઓ કોઈ રીતે ચેતી નથી જતા ત્યારે તે તેના નામ–એ–આ'માલમાં ગુનાહનું કાર્ય લખી લે છે.

ખુલાસો એ છે કે આ ચોકીદાર ફરિશ્તાઓ દીન અને દુનિયા બંનેની મુસીબતો અને આફતોથી મનુષ્યને સૂતાં–જાગતા સુરક્ષા કરતા રહે છે. હઝરત કઅ્બ બિન અહ્બાર (રદિ.) ફરમાવે છે કે જો મનુષ્ય ઉપરથી આ અલ્લાહના પેહરેદારોની હિફાઝત હટાવી દેવામાં આવે તો જિન્નાત તેમની જિંદગી વબાલ બનાવી દે પરંતુ આ બધા સુરક્ષાના પહેરા તે જ સમય સુધી કાર્યરત રહે છે જ્યાં સુધી કે અલ્લાહની તકદીર તેમની સુરક્ષાની પરવાનગી આપે છે અને જ્યારે અલ્લાહ તઆલા જ કોઈ બંદાને બલામાં સપડાવવાનું ઈચ્છે તો આ સુરક્ષાના પેહરા હટી જાય છે, તેનું વર્ણન આગલી આયતમાં આ પ્રમાણે કરવામાં આવ્યું.

إِنَّ اللّٰهَ لَا يُغَيِّرُ مَا بِقَوْمٍ حَتّٰى يُغَيِّرُوا مَا بِأَنْفُسِهِمْ وَإِذَا أَرَادَ اللّٰهُ بِقَوْمٍ سُوْٓءًا فَلَا مَرَدَّ لَهٗ وَمَا لَهُمْ مِّنْ دُوْنِهٖ مِنْ وَّالٍ એટલે કે, અલ્લાહ તઆલા કોઈ કોમની સલામતી અને સારી હાલતને આફત અને મુસીબતમાં તે સમય સુધી પરિવર્તિત કરતો નથી જ્યાં સુધી તે કોમ પોતે જ પોતાના અમલો અને અહેવાલોને બુરાઈ અને ફસાદમાં

પરિવર્તિત ન કરી લે અને તે જ્યારે પોતાની પરિસ્થિતિને બળવો અને આજ્ઞાઓનું ઉલ્લંઘન કરવામાં બદલી નાંખે છે તો અલ્લાહ તઆલા પણ પોતાની પદ્ધતિ બદલી નાંખે છે અને એ દેખીતું છે કે જ્યારે અલ્લાહ તઆલા જ કોઈનું બુરું ઈચ્છે અને અઝાબ આપવા ઈચ્છે તો પછી ન તો કોઈ તેને ટાળી શકે છે અને ન જ કોઈ રબ્બાની હુકમના વિરુદ્ધ તેમને મદદ પહોંચાડી શકે છે.

ખુલાસો એ છે કે અલ્લાહ જલ્લ શા'નુહૂ તરફથી મનુષ્યની સુરક્ષા માટે પહેરો લાગેલો રહે છે પરંતુ જ્યારે કોઈ કોમ અલ્લાહ તઆલાની નેઅ્મતોનો શુક્ર અને તેનું આજ્ઞાપાલન છોડીને દુષ્ટ આચરણ તથા બળવાખોરી અપનાવી લે તો અલ્લાહ તઆલા પણ પોતાની સુરક્ષાનો પહેરો ઉઠાવી લે છે, પછી અલ્લાહ તઆલાનો ક્રોધ અને અઝાબ તેમના ઉપર આવે છે અને તેનાથી બચવાનું કોઈ સ્વરૂપ બાકી નથી રહેતું.

આ ખુલાસાથી જાણ થઈ કે પ્રસ્તુત આયતમાં પરિસ્થિતિના પરિવર્તનનો ભાવાર્થ એ છે કે જ્યારે કોઈ કોમ આજ્ઞાપાલન અને અલ્લાહનો આભાર અને ઉપકાર માનવાનું છોડીને પોતાની પરિસ્થિતિમાં ખરાબ પરિવર્તન ઉત્પન્ન કરી લે ત્યારે અલ્લાહ તઆલા પણ પોતાની રહમત અને સુરક્ષાની પદ્ધતિને બદલી નાંખે છે.

આ આયતનો જે સામાન્ય રીતે એ અર્થ વર્ણન કરવામાં આવે છે કે કોઈ કોમમાં સારી ક્રાંતિ તે સમય સુધી નથી આવતી જ્યાં સુધી તે પોતે સારી ક્રાંતિ અને પરિવર્તન માટે પોતાની હાલતને ઠીકઠાક ન કરી લે, આ જ ભાવાર્થમાં આ શે'ર પણ ખૂબ પ્રખ્યાત છે.

خدا نے آج تک اُس قوم کی حالت نہیں بدلی نہ ہو جسکو خیال آپ اپنی حالت کے بدلنے کا

ખુદાને આજ તક ઉસ કોમ કી હાલત નહીં બદલી,
ન હો જિસકો ખયાલ આપ અપની હાલત કે બદલને કા.

આ વાત એક હદ સુધી જો કે સાચી છે પરંતુ પ્રસ્તુત આયતનો એ ભાવાર્થ નથી અને તેનું સાચું હોવું પણ એક સામાન્ય કાયદા હેઠળ છે કે જે વ્યક્તિ પોતે પોતાની પરિસ્થિતિની સુધારણાનો ઈરાદો નથી કરતો અલ્લાહ તઆલા તરફથી પણ તેની મદદ અને સહાયતાનો કોઈ વાયદો નથી, બલકે આ વાયદો પણ એવી જ હાલતમાં છે જ્યારે કોઈ પોતે જ પોતાની સુધારણાની ફિકર-ચિંતા કરે, જેમકે

આયતે કરીમા وَالَّذِيْنَ جَاهَدُوْا فِيْنَا لَنَهْدِيَنَّهُمْ سُبُلَنَا (૨૯:૬૯) થી જાણ થાય છે કે અલ્લાહ તરફથી હિદાયતના માર્ગ ત્યારે જ ખુલે છે જયારે પોતે પોતાનામાં હિદાયતની તલબ ઉપસ્થિત હોય પરંતુ અલ્લાહના ઈનામો આ કાયદાના બંધાયેલા નથી, ઘણા વખતે એ વિના પણ અલ્લાહના ઈનામ અર્પણ થઈ જાય છે.

دادِ حق را قابلیت شرط نیست بلکہ شرطِ قابلیت دادہست

પોતે આપણું અસ્તિત્વ અને તેમાં બેશુમાર નેઅ્મતો ન તો આપણા પ્રયત્નતોનું પરિણામ છે અને ન જ આપણે તેની ક્યારેય દુઆ માંગી હતી કે અમને આવું અસ્તિત્વ અર્પણ કરવામાં આવે જેના આંખ, નાક, કાન અને બધા જ શારીરિક અવયવો તંદુરસ્ત હોય, આ બધી નેઅ્મતો વિના માંગે જ મળી ગઈ છે.

ما نبودیم وتقاضا ما نبود لطفِ تو نا گفتہء ما می شنود

અલબત્ત, ઈનામોનો હક અને વાયદો પોતાના પ્રયત્ન વિના પ્રાપ્ત થતો નથી અને કોઈ કોમનું પ્રયત્ન અથવા આચરણ વિના ઈનામોની રાહ જોતા રહેવું પોતાની જાતને છેતરવા સમાન છે.

هُوَ الَّذِىْ يُرِيْكُمُ الْبَرْقَ خَوْفًا وَّطَمَعًا وَّيُنْشِىءُ السَّحَابَ الثِّقَالَ એટલે કે, અલ્લાહ તઆલાની જ જાત પવિત્ર છે જે તમને વીજળીના કડાકા બતાવે છે, તે મનુષ્ય માટે ડર પણ બની શકે છે કે જે જગ્યાએ પડી જાય સર્વ કાંઈ રાખ કરી નાંખે અને આશા પણ હોય છે કે વીજળીના ચમકારા પછી વરસાદ આવશે જે મનુષ્ય અને પ્રાણીઓની જિંદગીનો આધાર છે અને તે જ પવિત્ર હસ્તી છે જેણે મોટા–મોટા ભારે વાદળો મહાસાગરોની બાષ્પથી બનાવીને ઉઠાવ્યા છે અને પછી તે પાણી ભરેલા વાદળોને અવકાશમાં ઘણા ઝડપથી આમથી તેમ લઈ જાય છે અને પોતાના હુકમ અનુસાર જે જમીન ઉપર ઇચ્છે છે વરસાવે છે.

وَيُسَبِّحُ الرَّعْدُ بِحَمْدِهٖ وَالْمَلٰٓئِكَةُ مِنْ خِيْفَتِهٖ એટલે કે, "તસ્બીહ પઢે છે "રઅ્દ" અલ્લાહ તઆલાના વખાણ અને શુક્રની અને તસ્બીહ પઢે છે ફરિશ્તાઓ તેના ડરથી." رَعْدُ (રઅ્દ) રૂઢિપ્રયોગ અને મહાવરામાં "વાદળની ગર્જના"ને કહેવામાં આવે છે જે વાદળોના પરસ્પર ટકરાવથી પેદા થાય છે, તેની તસ્બીહ પઢવાનો ભાવાર્થ તે જ તસ્બીહ છે જેના વિશે કુર્આને કરીમની એક બીજી આયતમાં આવ્યું છે કે જમીન અને આસમાનમાં કોઈ વસ્તુ એવી નથી જે અલ્લાહ

તઆલાની તસ્બીહ (વખાણ) ન કરતી હોય પરંતુ આ તસ્બીહ સામાન્ય લોકો સાંભળી નથી શકતા.

અમુક હદીષની રિવાયતોમાં છે કે, "રઅ્દ" તે ફરિશ્તાનું નામ છે જે વરસાદ વરસાવવા માટે નિયુક્ત કરવામાં આવ્યો છે, આ અર્થના આધારે તેનું તસ્બીહ પઢવું દેખીતું છે.

وَيُرْسِلُ الصَّوَاعِقَ فَيُصِيبُ بِهَا مَنْ يَّشَآءُ માં صَوَاعِقَ (સવાઈક) એ صَاعِقَةُ (સાઈકહ)નું બહુવચન છે, જમીન ઉપર પડનારી વીજળીને "સાઈકહ" કહેવામાં આવે છે. આયતનો ભાવાર્થ એ છે કે અલ્લાહ તઆલા જ આ વીજળીઓને જમીન ઉપર મોકલે છે, તેના દ્વારા જેને ઈચ્છે છે સળગાવી દે છે.

وَهُمْ يُجَادِلُوْنَ فِى اللّٰهِ وَهُوَ شَدِيْدُ الْمِحَالِ માં શબ્દ مِحَالُ (મિહાલિ) મ "મીમ"ના કસ્ર (સુષુપ્ત રાખવા) સાથે "હીલા" અથવા "યોજના"ના અર્થમાં છે અને "અઝાબ" તથા "ક્રોધ"ના અર્થમાં પણ તથા "શક્તિ"ના અર્થમાં પણ. આયતનો ભાવાર્થ એ છે કે આ લોકો અલ્લાહ તઆલાની તવહીદ વિશે પરસ્પર ઝઘડા અને વિવાદમાં પડેલા છે જ્યારે કે અલ્લાહ તઆલા મહાન મજબૂત તદ્બીર (યોજના) કરનારો છે જેની સામે કોઈનું કંઈ જ ચાલતું નથી.

આયતો : (સૂરએ રઅ્દ : આયત નં. ૧૬-૧૭)

قُلْ مَنْ رَّبُّ السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ قُلِ اللّٰهُ ؕ قُلْ اَفَاتَّخَذْتُمْ مِّنْ دُوْنِهٖۤ اَوْلِيَآءَ لَا يَمْلِكُوْنَ
لِاَنْفُسِهِمْ نَفْعًا وَّلَا ضَرًّا ؕ قُلْ هَلْ يَسْتَوِى الْاَعْمٰى وَالْبَصِيْرُ ۙ اَمْ هَلْ تَسْتَوِى الظُّلُمٰتُ
وَالنُّوْرُ ۚ اَمْ جَعَلُوْا لِلّٰهِ شُرَكَآءَ خَلَقُوْا كَخَلْقِهٖ فَتَشَابَهَ الْخَلْقُ عَلَيْهِمْ ؕ قُلِ اللّٰهُ
خَالِقُ كُلِّ شَىْءٍ وَّهُوَ الْوَاحِدُ الْقَهَّارُ ﴿۱۶﴾ اَنْزَلَ مِنَ السَّمَآءِ مَآءً فَسَالَتْ اَوْدِيَةٌۢ
بِقَدَرِهَا فَاحْتَمَلَ السَّيْلُ زَبَدًا رَّابِيًا ؕ وَمِمَّا يُوْقِدُوْنَ عَلَيْهِ فِى النَّارِ ابْتِغَآءَ حِلْيَةٍ
اَوْ مَتَاعٍ زَبَدٌ مِّثْلُهٗ ؕ كَذٰلِكَ يَضْرِبُ اللّٰهُ الْحَقَّ وَالْبَاطِلَ ۬ؕ فَاَمَّا الزَّبَدُ فَيَذْهَبُ
جُفَآءً ۚ وَاَمَّا مَا يَنْفَعُ النَّاسَ فَيَمْكُثُ فِى الْاَرْضِ ؕ كَذٰلِكَ يَضْرِبُ اللّٰهُ الْاَمْثَالَ ﴿۱۷﴾

તરજુમો :

પૂછો, આસમાનો અને જમીનનો પરવરદિગાર કોણ છે ? કહી આપો, અલ્લાહ; કહો, પછી શું તમે તેના સિવાય એવા હિમાયતી પકડયા છે જે પોતાના ભલા અને બુરાના માલિક નથી ? કહો, શું આંધળો અને દેખતો સરખા હોય છે અથવા શું અંધારુ અને અજવાળું સરખું છે ? શું તેમણે અલ્લાહના માટે ભાગીદાર ઠરાવ્યા છે કે તેમણે કંઈ પેદા કર્યું છે જેવું અલ્લાહે પેદા કર્યું પછી તેમના સમીપ (બંનેનું) સર્જન એકસરખું (મુશ્તબહ) થઈ ગયું ? કહો, અલ્લાહ દરેક વસ્તુનો પેદા કરનારો છે અને તે જ વાહિદ (એકલો છે) મહાબળવાન છે. (૧૬) તેણે આસમાનેથી પાણી ઉતાર્યું, પછી (નદી-)નાળા (Wadis) પોત-પોતાના પ્રમાણમાં વહેવા લાગ્યા, પછી તે વહેણ ફૂલેલું ફીણ ઉપર લઈ આવ્યું અને જે વસ્તુને આગમાં તપાવે છે ઘરેણા બનાવવા માટે અથવા સામાન બનાવવા માટે એમાં પણ એવું જ ફીણ (મેલ) હોય છે, આ રીતે અલ્લાહ સત્ય અને અસત્યને વર્ણન કરે છે; બસ તે ફીણ તો સુકાઈને જતું રહે છે અને તે જે લોકોના કામ આવે છે બસ જમીનમાં બાકી રહે છે, આ પ્રમાણે અલ્લાહ ઉદાહરણો વર્ણન કરે છે. (૧૭)

તફસીર :

આપ (ﷺ તેમને એવું) કહી આપો કે આસમાનો અને જમીનનો પરવરદિગાર (એટલે કે સર્જનહાર અને સુરક્ષા કરનાર હંમેશા મોજૂદ) કોણ છે ? (અને કારણ કે તેનો જવાબ નક્કી જ છે એટલા માટે જવાબ પણ) તમે (જ) કહી આપો કે અલ્લાહ છે, (પછી) તમે એ કહો કે શું (આ તવહીદની દલીલો સાંભળી) છતાં પણ તમે અલ્લાહના સિવાય અન્યને મદદગાર (એટલે કે મઅ્બૂદ) ઠરાવી રાખ્યા છે જે (અશક્ત હોવાના કારણે) પોતે જ પોતાની જાતનો લાભ અથવા નુકસાનનો પણ અધિકાર ધરાવતા નથી ? (અને શિર્કના રદિયા અને તવહીદની સત્યતા પુરવાર કર્યા પછી તવહીદની માન્યતા ધરાવનાર તથા શિર્ક કરનાર તથા પોતે શિર્ક અને તવહીદ વચ્ચે તફાવત જાહેર કરવા માટે) તમે એ (પણ) કહી આપો કે શું આંધળો અને દૃષ્ટિવાળો સમાન હોઈ શકે છે ? (આ ઉદાહરણ મુશ્રિકો અને તવહીદની માન્યતા ધરાવનારાઓ માટેનું છે) અથવા

ક્યારેય અંધારુ અને અજવાળું સમાન હોઈ શકે છે ? (આ ઉદાહરણ શિર્ક અને તવહીદનું છે) અથવા તેમણે અલ્લાહના એવા ભાગીદાર ઠરાવી રાખ્યા છે કે તેમણે પણ (કોઈ વસ્તુનું) સર્જન કર્યું છે જેમકે અલ્લાહ (તેમના સ્વીકાર પ્રમાણે પણ) સર્જન કરે છે ? પછી (આ કારણે) તેમને (બંનેનું) પેદા કરવું એકસમાન લાગે છે ? (અને એથી દલીલ કરી હોય કે જ્યારે બંને સરખા સર્જક છે તો બંને સરખા મઅ્બૂદ પણ થશે તે વિશે પણ) તમે કહી આપો કે અલ્લાહ જ દરેક વસ્તુનો સર્જક છે અને તે જ (પોતાની જાત અને પરિપૂર્ણ લક્ષણોમાં) એકમાત્ર છે (અને બધી મખ્લૂક ઉપર) ગાલિબ છે, અલ્લાહ તઆલાએ આસમાનથી પાણી વરસાવ્યું, પછી (તે પાણીથી) નાળાંઓ પોતાના પ્રમાણમાં (પાણી ભરીને) વહે છે (એટલે કે નાના ઝરણામાં થોડું પાણી અને મોટી નદીઓમાં વધારે પાણી) પછી તે વહેતું (પાણી) ફૂલેલા ફીણને વહાવી લાવ્યું જે તે (પાણી)ની (સપાટી) ઉપર (આવી રહ્યું) છે (એક મેલ તો આ પ્રકારનો છે) અને જે વસ્તુઓને આગની અંદર (નાંખીને) ઘરેણા અથવા અન્ય સામાન (વાસણો વગેરે) બનાવવાના હેતુથી તપાવવામાં આવે છે તેમાં પણ એવો જ મેલ (ફીણ ઉપર આવી જાય) છે, (બસ આ બે ઉદાહરણો તે બાબતો છે એક કામની વસ્તુ કે અસલ પાણી અને ચોખ્ખો માલ અને ધાતુ છે તથા બીજી નકામી વસ્તુ જેમકે ફીણ અને ધાતુનો મેલ વગેરે છે, મતલબ કે) અલ્લાહ તઆલા સત્ય (એટલે કે તવહીદ અને ઈમાન વગેરે) અને બાતિલ (એટલે કે કુફ્ર અને શિર્ક વગેરે)નું આ જ પ્રમાણે ઉદાહરણ વર્ણન કરે છે (જેની પૂર્ણતા આગલા વિષયથી થઈ જાય છે) બસ, (આ બંને પ્રસ્તુત ઉદાહરણોમાં) જે મેલ હતો તે તો ફેંકી દેવામાં આવે છે અને જે વસ્તુ લોકો માટે લાભદાયી છે તે દુનિયામાં (લાભ પહોંચાડવાની સાથે) બાકી રહે છે (અને જે રીતે સત્ય અને અસત્યને ઉદાહરણ આપી વર્ણન કરવામાં આવ્યું), અલ્લાહ તઆલા એ જ પ્રમાણે (દરેક જરૂરી બાબતમાં) ઉદાહરણો વર્ણન કરે છે.

મસ્અલા અને બોધપાઠ :

આ બંને ઉદાહરણોનો ખુલાસો એ છે કે જે રીતે મેલ અને કચરો અમુક અસલી વસ્તુઓની ઉપર તરી આવે છે પરંતુ અંતે તે ફેંકી દેવામાં આવે છે અને અસલી વસ્તુ જ બાકી રહી જાય છે, એ જ પ્રમાણે બાતિલ (અસત્ય) ભલે અમુક

દિવસ સત્ય ઉપર છવાયેલું કે ગાલિબ નજરે પડે પરંતુ અંતે બાતિલ પરાજિત અને નષ્ટ થઈ જનાર છે અને સત્ય જ બાકી અને કાયમ રહે છે.

(કઝા ફિલ જલાલૈન)

આયતો : (સૂરએ રઅ્દ : આયત નં. ૧૮ થી ૨૪)

لِلَّذِينَ اسْتَجَابُوا لِرَبِّهِمُ الْحُسْنَىٰ ۚ وَالَّذِينَ لَمْ يَسْتَجِيبُوا لَهُ لَوْ أَنَّ لَهُمْ مَا فِي الْأَرْضِ
جَمِيعًا وَمِثْلَهُ مَعَهُ لَافْتَدَوْا بِهِ ۚ أُولَٰئِكَ لَهُمْ سُوءُ الْحِسَابِ ۖ وَمَأْوَاهُمْ جَهَنَّمُ ۖ
وَبِئْسَ الْمِهَادُ ﴿١٨﴾ أَفَمَنْ يَعْلَمُ أَنَّمَا أُنْزِلَ إِلَيْكَ مِنْ رَبِّكَ الْحَقُّ كَمَنْ هُوَ أَعْمَىٰ ۚ إِنَّمَا يَتَذَكَّرُ
أُولُو الْأَلْبَابِ ﴿١٩﴾ الَّذِينَ يُوفُونَ بِعَهْدِ اللَّهِ وَلَا يَنْقُضُونَ الْمِيثَاقَ ﴿٢٠﴾ وَالَّذِينَ يَصِلُونَ مَا
أَمَرَ اللَّهُ بِهِ أَنْ يُوصَلَ وَيَخْشَوْنَ رَبَّهُمْ وَيَخَافُونَ سُوءَ الْحِسَابِ ﴿٢١﴾ وَالَّذِينَ صَبَرُوا
ابْتِغَاءَ وَجْهِ رَبِّهِمْ وَأَقَامُوا الصَّلَاةَ وَأَنْفَقُوا مِمَّا رَزَقْنَاهُمْ سِرًّا وَعَلَانِيَةً وَيَدْرَءُونَ
بِالْحَسَنَةِ السَّيِّئَةَ أُولَٰئِكَ لَهُمْ عُقْبَى الدَّارِ ﴿٢٢﴾ جَنَّاتُ عَدْنٍ يَدْخُلُونَهَا وَمَنْ صَلَحَ مِنْ
آبَائِهِمْ وَأَزْوَاجِهِمْ وَذُرِّيَّاتِهِمْ ۖ وَالْمَلَائِكَةُ يَدْخُلُونَ عَلَيْهِمْ مِنْ كُلِّ بَابٍ ﴿٢٣﴾ سَلَامٌ عَلَيْكُمْ
بِمَا صَبَرْتُمْ ۚ فَنِعْمَ عُقْبَى الدَّارِ ﴿٢٤﴾

તરજુમો :

જેમણે પોતાના પરવરદિગારનો હુકમ માન્યો તેમના માટે ભલાઈ છે અને જેમણે તેનો હુકમ ન માન્યો જો તેમની પાસે જે કંઈ જમીનમાં છે તે સઘળું હોય અને એટલું જ તેની સાથે તો તે સઘળું પોતાના બદલામાં આપી દે (છતાં પણ) તે લોકો માટે બુરો હિસાબ છે અને તેમનું ઠેકાણું દોઝખ છે અને તે આરામનું ખરાબ ઠેકાણું છે. (૧૮) ભલા ! જે વ્યક્તિ જાણે છે કે જે કંઈ તમારા ઉપર તમારા પરવરદિગાર તરફથી ઊતર્યું સત્ય છે, એના સમાન હોઈ શકે છે કે જે આંધળો હોય ! સમજે તે જ છે જેમને બુદ્ધિ છે. (૧૯) તે

લોકો જેઓ અલ્લાહના કરારને પૂરો કરે છે અને તે કરારને તોડતા નથી. (૨૦) અને તે લોકો જેઓ જોડે છે જેને અલ્લાહે જોડવાનું ફરમાવ્યું અને પોતાના પરવરદિગારથી ડરે છે અને બુરા હિસાબનો ખૌફ રાખે છે. (૨૧) અને તે લોકો જેમણે સબ્ર કરી પોતાના પરવરદિગારની ખુશીને અને નમાઝ કાયમ રાખી અને અમારા આપેલામાંથી ખર્ચ કર્યો છુપો અને જાહેર અને બુરાઈના મુકાબલામાં ભલાઈ કરે છે તે લોકો માટે જ આખિરતનું ઘર છે. (૨૨) રહેવાના બગીચા છે તેમાં દાખલ થશે અને જે તેમના બાપદાદાઓમાં નેક થયા અને પત્નીઓમાં અને અવલાદમાં અને તેમની પાસે ફરિશ્તા દરેક દરવાજાએથી આવશે. (૨૩) કહેશે, તમારા ઉપર સલામતી એના બદલામાં કે તમે સબ્ર કરી, બસ આકિબત (આખિરત)નું ઘર ઘણું સારું મળ્યું. (૨૪)

તફસીર :

જે લોકોએ પોતાના પરવરદિગારનું કહેવું માની લીધું (અને તવહીદ તથા આજ્ઞાપાલન અપનાવી લીધું) તેમના માટે સારો બદલો (એટલે કે જન્નત નક્કી) છે અને જે લોકોએ તેનું કહ્યું ન માન્યું (અને કુફ્ર તથા ગુનાહ ઉપર કાયમ રહ્યા) તેમની પાસે (કયામતના દિવસે) જો સમગ્ર દુનિયાભરની વસ્તુઓ (મોજૂદ) હોય અને (બલકે) તેની સાથે જ તેના બરાબર અન્ય પણ (માલ-દોલત) હોય તો બધી પોતાના છુટકારા માટે આપી દે (છતાં પણ) તે લોકોનો સખત હિસાબ થશે (જેને બીજી આયતમાં "હિસાબે અસીર" કહેવામાં આવ્યું છે) અને તેમનું ઠેકાણું (હંમેશા માટે) દોઝખ છે અને તે ઘણું ખરાબ ઠેકાણું છે, જે વ્યક્તિ એવો વિશ્વાસ રાખતો હોય કે જે કંઈ તમારા પરવરદિગાર તરફથી તમારા ઉપર નાઝિલ થયું છે તે બધું સત્ય છે (તો) શું એવો વ્યક્તિ એના જેવો હોઈ શકે છે જે (આ જ્ઞાનથી) આંધળો છે ? (એટલે કે કાફિર અને મો'મિન સમાન નથી) બસ, શિખામણ તો સમજદાર લોકો જ સ્વીકાર કરે છે (અને) આ (સમજદાર) લોકો એવા છે કે અલ્લાહે જે કંઈ તેમની સાથે કરાર કર્યો તેને પૂરો કરે છે અને (તે) કરારને તોડતા નથી અને તેઓ એવા છે કે અલ્લાહે જે સંબંધોને સ્થાપિત કરવાનો હુકમ આપ્યો છે તેને કાયમ રાખે છે અને પોતાના પરવરદિગારથી ડરે છે અને સખત અઝાબનો ભય રાખે છે (જે કાફિરોની સાથે ખાસ હશે, એટલા માટે કુફ્રથી બચે છે) અને આ લોકો એવા છે કે પોતાના પરવરદિગારની ખુશીના તલબગાર રહીને (સત્ય દીન

ઉપર) મજબૂત રહે છે અને નમાઝની પાબંદી રાખે છે અને જે કંઈ અમે તેમને રોજી આપી છે તેમાંથી છાનાં-છાનાં પણ અને જાહેર રીતે પણ (જેવી તક હોય છે) ખર્ચ કરતા રહે છે અને (લોકોની) ગેરવર્તણૂકને (જે તેમની સાથે કરવામાં આવે છે) સારી વર્તણૂકથી ટાળી આપે છે (એટલે કે કોઈ તેમની સાથે ખરાબ વર્તણૂક કરે તો કંઈ માઠું લગાડતા નથી બલકે તેની સાથે સારો વર્તાવ કરે છે) તે દુનિયામાં (એટલે કે આખિરતમાં) તે લોકો માટે સારું પરિણામ છે, એટલે કે હંમેશા રહેનારી જન્નતમાં તે લોકો પણ દાખલ થશે અને તેમના માં-બાપ અને પત્ની અને અવલાદમાં જે (જન્નતના) લાયક (મો'મિન) હશે (ભલે તેઓ તેમના દરજ્જાના ન પણ હોય) તે પણ (જન્નતમાં તેમની બરકતથી તેમના દરજ્જાઓમાં) દાખલ થશે અને ફરિશ્તા તેમની પાસે દરેક (દિશાઓના) દરવાજાએથી આવતા હશે (અને એવું કહેતા હશે) કે તમે (દરેક આફત અને ભયથી) સહી-સલામત રહેશો એ કારણે કે તમે (સત્ય દીન ઉપર) મજબૂત રહ્યા હતા, બસ આ દુનિયામાં તમારું પરિણામ ઘણું સારું છે.

મસ્અલા અને બોધપાઠ :

પાછલી આયતોમાં સત્ય અને અસત્યને ઉદાહરણો દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું હતું, પ્રસ્તુત આયતોમાં સત્ય અને અસત્ય ઉપર આચરણ કરનાર લોકોની નિશાનીઓ, તેમના ગુણ-લક્ષણો, તેમના સારા અને ખરાબ આચરણો અને તેના બદલા તથા સજાનું વર્ણન છે.

પ્રથમ આયતમાં અલ્લાહના હુકમોનું અનુસરણ અને આજ્ઞાપાલન કરનારાઓ માટે સારા બદલાનું અને નાફરમાની કરનારાઓ માટે સખત અઝાબનું વર્ણન છે.

બીજી આયતમાં આ બંનેનું ઉદાહરણ દષ્ટિવાળા અને આંધાળાથી આપવામાં આવ્યું છે અને તેના અંતે ફરમાવ્યું, إِنَّمَا يَتَذَكَّرُ أُولُو الْأَلْبَابِ એટલે કે, "જો કે એ વાત સ્પષ્ટ છે પરંતુ તેને તે જ સમજી શકે છે જેઓ બુદ્ધિશાળી છે." જેની બુદ્ધિ ગફલત અને ગુનાહોથી બેકાર થઈ ગઈ છે તે આટલા મોટા મહાન તફાવતને પણ સમજતા નથી.

ત્રીજી આયતથી આ બંને વર્ગોના ખાસ-ખાસ અમલો અને નિશાનીઓનું

વર્ણન શરૂ થયું છે, પ્રથમ અલ્લાહના હુકમને માનનારાઓની ખાસિયતો આ વર્ણન કરવામાં આવી છે, اَلَّذِيْنَ يُوْفُوْنَ بِعَهْدِ اللّٰهِ એટલે કે, "આ તે લોકો છે જેઓ અલ્લાહ તઆલા સાથે કરેલા કરારને પૂરો કરે છે." તેનો ભાવાર્થ તે તમામ વચનો અને કરારો છે જે અલ્લાહ તઆલાએ પોતાના બંદાઓ પાસેથી લીધા છે, જેમાં બધાની પાસેથી સૌથી પ્રથમ કરાર અલ્લાહ જ તેનો પરવરદિગાર હોવાના સ્વીકારનો છે, આ કરાર અઝલમાં બધી જ રૂહોને હાજર કરીને લેવામાં આવ્યો હતો. اَلَسْتُ بِرَبِّكُمْ એટલે કે, "શું હું તમારો રબ્બ નથી ?" જેના જવાબમાં સૌએ એકી અવાજે કહ્યું હતું, بَلٰى (બલા) "હા ! કેમ નહીં ! તું જ અવશ્ય અમારો રબ્બ છે." એ જ પ્રમાણે બધા જ અલ્લાહના હુકમોના અનુસરણ તથા બધા જ ફરજોની અદાયગી અને નાજાઈઝ વસ્તુઓથી બચવાની અલ્લાહ તબારક વ તઆલા તરફથી બંદાઓને વસિય્યત કરવામાં આવી હતી તેનો સ્વીકાર કુર્આન શરીફની વિવિધ આયતોમાં ઉલ્લેખાયો છે.

બીજી સિફત وَلَا يَنْقُضُوْنَ الْمِيْثَاقَ છે, એટલે કે "તેઓ કોઈ કરાર અને વચનનો ભંગ કરતા નથી." તેમાં તે કરાર અને વચન પણ સામેલ છે જે અલ્લાહ અને બંદાઓ વચ્ચે છે, જેનું વર્ણન હમણા પ્રથમ વાક્યમાં عَهْدُ اللّٰهِ (અહ્દુલ્લાહિ)ના શબ્દોમાં કરવામાં આવ્યું છે અને તે કરાર પણ જે ઉમ્મતના લોકો પોતાના નબી અથવા રસૂલ સાથે કરે છે અને તે કરાર પણ જે એક વ્યક્તિ બીજા વ્યક્તિ સાથે કરે છે.

અબૂ દાવુદે હઝરત ઔફ બિન માલિક (રદિ.)ની રિવાયતથી આ હદીષ નકલ કરી છે કે, રસૂલે કરીમ ﷺએ સહાબએ કિરામ (રદિ.) પાસેથી એ કરાર ઉપર બયૂઅત લીધી હતી કે અલ્લાહ તઆલાની સાથે કોઈને ભાગીદાર કરશે નહીં અને પાંચ વખતની નમાઝ પાબંદીથી અદા કરશે અને પોતાના અમીરનું અનુસરણ કરશે અને કોઈ વ્યક્તિ પાસે કોઈ વસ્તુનો સવાલ નહીં કરે.

જે લોકો આ બયૂઅતમાં સામેલ હતા તેમની હાલત આ કરારમાં એવી હતી કે જો ઘોડા ઉપર સવારીના સમયે તેમના હાથમાંથી કોરડો પડી જાય તો કોઈ વ્યક્તિને એવું કહેતા ન હતા કે આ કોરડો આપી દો બલકે પોતે સવારી ઉપરથી ઊતરીને તેને ઉઠાવી લેતા હતા.

આ સહાબએ કિરામ (રદિ.)ના દિલોમાં રસૂલે કરીમ ﷺની મહોબ્બત અને સન્માન તથા આજ્ઞાપાલન કરવાની ભાવનાનો અસર હતો, નહિતર એ દેખીતું હતું કે આપ ﷺનો હેતુ આવો સવાલ કરવાથી મનાઈ કરવાનો ન હતો, જેમકે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.) એક સમયે મસ્જિદમાં દાખલ થઈ રહ્યા હતા, જોયું કે રસૂલે કરીમ ﷺ ખુત્બો આપી રહ્યા છે અને અચાનક તેમના મસ્જિદમાં દાખલ થવાના સમયે આપ ﷺની જીભ મુબારકથી આ વાક્યો નીકળ્યા કે બેસી જાઓ; હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.) જાણતા હતા કે તેનો એ મતલબ નથી કે સડક ઉપર અથવા અયોગ્ય સ્થળે કોઈ છે તો તે ત્યાં જ બેસી જાય પરંતુ આજ્ઞાપાલન કરવાની ભાવનાએ તેમના કદમ આગળ વધવા ન દીધા અને તેઓ દરવાજાની બહાર જ જ્યાં અવાજ કાને પડ્યો તે જ જગ્યાએ બેસી ગયા.

ત્રીજી સિફત અલ્લાહ તઆલાએ આજ્ઞાપાલક લોકોની આ બતાવી છે કે, وَالَّذِيْنَ يَصِلُوْنَ مَآ اَمَرَ اللّٰهُ بِهٖٓ اَنْ يُّوْصَلَ એટલે કે, તે લોકો એવા છે કે અલ્લાહ તઆલાએ જે સંબંધોને કાયમ રાખવાનો હુકમ આપ્યો છે તેને કાયમ રાખે છે. તેની પ્રખ્યાત તફસીર તો એ જ છે કે સગાં–વહાલાંઓ સાથે સંબંધો કાયમ રાખવા અને તેના તકાદાઓ ઉપર અમલ કરવાનો અલ્લાહ તઆલાએ જે હુકમ આપ્યો છે આ લોકો તે સંબંધોને કાયમ રાખે છે, અમુક વિવરણકાર લોકોએ ફરમાવ્યું કે તેનો ભાવાર્થ એ છે કે આ લોકો ઈમાનની સાથે નેક અમલને અથવા રસૂલે કરીમ ﷺ અને કુર્આન ઉપર ઈમાનની સાથે પાછલા અંબિયા (અલૈ.) અને તેમની કિતાબો ઉપર પણ ઈમાન જોડી રાખે છે.

ચોથી સિફત આ વર્ણન કરી, وَيَخْشَوْنَ رَبَّهُمْ એટલે કે, “આ લોકો પોતાના પરવરદિગારથી ડરે છે.” અહીંયાં 'ખૌફ'ના બદલે خَشْيَةُ (ખશ્યહ)નો શબ્દ ઉપયોગ કરવામાં તે તરફ ઈશારો છે કે અલ્લાહ તઆલાથી તેમનો ખૌફ એ કક્ષાનો નથી જે પ્રમાણે કે કોઈ હિંસક પ્રાણી અથવા ઝેરીલા જાનવર કે દુષ્ટ વ્યક્તિનો ડર હોય છે, બલકે એવો ડર હોય છે જેમકે અવલાદને માં–બાપનો, વિદ્યાર્થીને શિક્ષકનો ડર સ્વાભાવિક હોય છે કે તેમનો ઈરાદો કોઈને નુકસાન પહોંચાડવાનો નથી હોતો, આમ એ કક્ષાનો ડર નથી હોતો બલકે સન્માન અને મહોબ્બતના કારણે એવો ડર હોય છે કે ક્યાંક અમારા કોઈ નિવેદન અથવા

પ્રવૃત્તિથી અમે અલ્લાહ તઆલા નજીક નાપસંદ અથવા નીંદાપાત્ર ન બની જઈએ, એટલા માટે વખાણના સ્થળે જ્યાં કંઈ પણ અલ્લાહ તઆલાના ડરનું વર્ણન છે મોટે ભાગે ત્યાં આ જ શબ્દ "ખશિય્યત"નો ઉપયોગ થયો છે, કારણ કે "ખશિય્યત" એવા ડરને કહેવામાં આવે છે જે સન્માન અને મહોબ્બતના કારણે પેદા થાય છે તેથી આગલા વાક્યમાં જ્યાં હિસાબની કઠોરતાનો ડર વર્ણન કરવામાં આવ્યો છે ત્યાં "ખશિય્યત"નો શબ્દ નથી આવ્યો બલકે "ખૌફ" શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ઈરશાદ છે,

وَيَخَافُوْنَ سُوْٓءَ الْحِسَابِ એટલે કે, "આ લોકો ખરાબ હિસાબથી ડરે છે." "ખરાબ હિસાબ"નો ભાવાર્થ હિસાબમાં સખ્તી અને કડકાઈ છે, હઝરત આયશા સિદ્દીકા (રદિ.) ફરમાવે છે કે મનુષ્યનો છુટકારો તો અલ્લાહની રહમતથી થઈ શકે છે કે અમલોના હિસાબના સમયે મોટે ભાગે દરગુજર અને મા'ફીથી કામ લેવામાં આવે નહિતર જે વ્યક્તિ પાસેથી પણ પૂરેપૂરો કણે-કણનો જો હિસાબ લેવામાં આવ્યો તો તેના માટે અઝાબથી બચવું શક્ય નથી, કારણ કે એવો કોણ છે જેનાથી કોઈ ગુનોહ અથવા ભૂલ ક્યારેય ન થઈ હોય ? આ હિસાબની સખ્તી અને કઠોરતાનો ડર નેક અને ફરમાંબરદાર લોકોની પાંચમી ખાસિયત છે.

છઠ્ઠી સિફત આ વર્ણન કરી, وَالَّذِيْنَ صَبَرُوا ابْتِغَاءَ وَجْهِ رَبِّهِمْ એટલે કે, "તે લોકો માત્ર અલ્લાહ તઆલાની ખુશ્નૂદી માટે સબ્ર કરે છે (ધૈર્ય ધરે છે)."

"સબ્ર"નો અર્થ અરબી ભાષામાં તેના સમજવામાં આવતા અર્થના આધારે ઘણો સામાન્ય છે જે ઉર્દૂ ભાષામાં પણ સમજવામાં આવે છે કે કોઈ મુસીબત અને તકલીફ ઉપર સબ્ર કરે, ધૈર્ય દાખવે, કારણ કે તેનો મૂળ અર્થ સ્વભાવ વિરુદ્ધ વસ્તુઓથી પરેશાન ન થવાનો છે બલકે મક્કમતાથી પોતાના કાર્યો ઉપર અડીખમ રહે અને લાગેલો રહે એટલા માટે તેના બે પ્રકાર વર્ણન કરવામાં આવે છે, એક صَبْرٌ عَلَى الطَّاعَةِ (સબ્ર અલત્તાઅહ) એટલે કે, અલ્લાહ તઆલાના હુકમો પૂરા કરવામાં મક્કમ અને અડગ રહે અને બીજું, صَبْرٌ عَنِ الْمَعْصِيَةِ (સબ્ર અનલ્ મઅ્શિય્યહ) એટલે કે, ગુનાહોથી બચવા ઉપર મક્કમ અને અડગ રહેવું.

સબ્રની સાથે ابْتِغَاءَ وَجْهِ رَبِّهِمْ ની શરત મૂકીને એ બતાવ્યું કે સદંતર સબ્ર કોઈ શ્રેષ્ઠતાની વસ્તુ નથી, કારણ કે ક્યારેક કોઈ સમયે તો બેસબ્રા અને અધીરા વ્યક્તિને પણ પરિણામે એક સમય પછી સબ્ર આવી જ જાય છે જે અનિચ્છાવર્તી

સબ્ર હોય છે, તેની કોઈ ખાસ ફઝીલત કે શ્રેષ્ઠતા નથી અને ન જ એવી અનિચ્છાવર્તી પરિસ્થિતિનો અલ્લાહ તઆલા કોઈને હુકમ આપે છે, એટલા માટે હદીષમાં રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, اَلصَّبْرُ عِنْدَ الصَّدْمَةِ الْاُوْلٰى એટલે કે, અસલી અને ભરોસાપાત્ર સબ્ર તો તે જ છે જે શરૂઆતના આઘાતના સમયે અપનાવવામાં આવે, નહિતર પાછળથી તો કોઈને કોઈ સમયે પરિસ્થિતિ અનુસાર સંજોગોને વશ થઈને મનુષ્યને સબ્ર આવી જ જાય છે, બલકે વખાણવા લાયક અને પ્રશંષાપાત્ર તે જ સબ્ર છે જે પોતાની સ્વેચ્છાએ અપનાવે અને સ્વભાવ વિરુદ્ધ પ્રવૃત્તિઓને સહન કરે, ભલે તે ફરજો અને વાજિબો અદા કરવામાં હોય અથવા હરામ કે મકરૂહ વસ્તુઓથી બચવા માટે હોય.

એટલા માટે જો કોઈ વ્યક્તિ ચોરીની નિય્યતથી કોઈના મકાનમાં દાખલ થઈ ગયો પરંતુ ત્યાં ચોરીનો મોકો ન મળ્યો, સબ્ર કરીને પાછો આવી ગયો તો આ અનિચ્છાવર્તી ગેરઈખ્તિયારી સબ્ર કોઈ વખાણ કે પ્રસંશાપાત્ર નથી, સવાબ તો તેને ત્યારે જ મળે કે તે આ ગુનાહથી બચવા માટે અલ્લાહથી ડરે અને તેની ખુશ્નૂદી પ્રાપ્ત કરવાના કારણે સબ્ર કરે.

સાતમી સિફત اَقَامُوا الصَّلٰوةَ છે, "ઈકામતે સલાહ"નો અર્થ નમાઝને સંપૂર્ણ અદબો અને શરતો સાથે ખુશૂઅ્ અને ખુઝૂઅ્ (એકાગ્રતા) સહિત અદા કરવી, માત્ર નમાઝ પઢવી તેનો ભાવાર્થ નથી, એટલા માટે કુર્આને કરીમમાં સામાન્યપણે નમાઝનો હુકમ "ઈકામતે સલાહ"ના શબ્દથી આપવામાં આવ્યો છે.

આઠમી સિફત وَاَنْفَقُوْا مِمَّا رَزَقْنٰهُمْ سِرًّا وَّعَلَانِيَةً છે એટલે કે, "તે લોકો અલ્લાહની આપેલી રોજીમાંથી કંઈક અલ્લાહના નામ ઉપર પણ ખર્ચ કરે છે." તેમાં ઈશારો કરવામાં આવ્યો કે તમારાથી જે માલ ઝકાત વગેરે સ્વરૂપે અલ્લાહ તઆલા માંગણી કરે છે તે કંઈ તમારી પાસે નથી માંગતો, બલકે પોતાની જ આપેલી રોજીમાંથી આપેલો હિસ્સો અને તે પણ માત્ર અઢી ટકા જેવું નાનું પ્રમાણ આપની પાસેથી માંગવામાં આવે છે જેને આપવામાં સ્વાભાવિક રીતે આપને કોઈ આનાકાની ન હોવી જોઈએ.

માલને અલ્લાહ તઆલાના માર્ગમાં ખર્ચ કરવાની સાથે ગુપ્ત અને જાહેરની શરતથી જાણ થાય છે કે સદકહ અને ખયરાતમાં દરેક સ્થળે ગુપ્ત રીતે

આપવું સુન્નત નથી, બલકે અમુક સમયે તેની જાહેરાત પણ યોગ્ય અને ખરી હોય છે, એટલા માટે ઉલમાએ ફરમાવ્યું કે ઝકાત અને વાજિબ સદકહની જાહેરાત અને એ'લાન યોગ્ય અને ઉત્તમ છે તેને ગુપ્ત રાખવું યોગ્ય નથી જેથી અન્ય લોકોને પણ તેની પ્રેરણા અને પ્રોત્સાહન મળે, અલબત્ત નફલી સદકહને ગુપ્ત રીતે આપવા ઉત્તમ અને શ્રેષ્ઠ છે, જે હદીષોમાં ગુપ્ત રીતે આપવાની ફઝીલત (શ્રેષ્ઠતા) વર્ણવવામાં આવી છે તે નફ્લ સદકાઓના સંદર્ભમાં છે.

નવમી સિફત يَدْرَءُوْنَ بِالْحَسَنَةِ السَّيِّئَةَ છે. એટલે કે, "આ લોકો બુરાઈને ભલાઈથી, દુશ્મનીને દોસ્તીથી, જુલ્મને મા'ફીથી દૂર કરે છે." બુરાઈનો જવાબ બુરાઈથી નથી આપતા અને અમુક લોકોએ તેનો ભાવાર્થ એ પણ વર્ણન કર્યો છે કે ગુનાહને નેકીથી દૂર કરે છે, એટલે કે જો કોઈ સમયે કોઈ ભૂલ અથવા ગુનોહ થઈ જાય છે તો તેના પછી આજ્ઞાપાલન અને ઈબાદત વધારે પ્રમાણમાં કરવાની એટલી કાળજી લે છે કે તેના પાછલા ગુનાહો દૂર થઈ જાય છે. હદીષમાં છે કે રસૂલે કરીમ ﷺએ હઝરત મઆઝ (રદિ.)ને વસિય્યત કરી કે, "બુરાઈ પછી નેકી કરી લો તો તે બુરાઈને મિટાવી દેશે." ભાવાર્થ એ છે કે તે બુરાઈ અને ગુનાહ ઉપર પસ્તાવો કરીને તવબહ કરી લીધી અને તેની પાછળ નેક અમલ કર્યો તો આ નેક અમલ પાછલા ગુનાહોને મિટાવી દેશે પરંતુ પસ્તાવા અને તવબહ સિવાય ગુનાહ પછી કોઈ નેક અમલ કરી લેવો ગુનાહની મા'ફી માટે પૂરતું નથી હોતું.

અલ્લાહ જલ્લ શા'નુહૂના આજ્ઞાપાલકોની આ ખાસિયતો વર્ણન કર્યા પછી તેમના સારા વળતરનું આ પ્રમાણે વર્ણન કરે છે, اُولٰٓئِكَ لَهُمْ عُقْبَى الدَّارِ આ આયતમાં دَارٌ (દાર)નો ભાવાર્થ "દારે આખિરત" (આખિરતનું ઘર) એટલે કે, "આખિરતની સફળતા" તે જ લોકો માટે છે અને અમુક લોકોએ ફરમાવ્યું કે આ સ્થળે "દાર"નો ભાવાર્થ "દારે દુનિયા" છે અને તેનો ભાવાર્થ એ છે કે નેક લોકોને જો કે દુનિયામાં તકલીફો પણ પડતી હોય છે પરંતુ અંતે દુનિયામાં પણ સફળતા તેમના જ હિસ્સામાં આવે છે.

આગળ આ જ عُقْبَى الدَّارِ (ઉકબદાર) એટલે કે, "આખિરતના ઘરની સફળતા"નું વર્ણન છે કે તે جَنّٰتُ عَدْنٍ (જન્નાતુ અદ્નિન) હશે જેમાં તેઓ પ્રવેશ પામશે. عَدْنٍ (અદ્ન)નો અર્થ સ્થાપિત થવું અથવા ટકી રહેવું છે, ભાવાર્થ એ છે કે તેમને તે જન્નતોમાંથી ક્યારેય બહાર કાઢવામાં નહીં આવે, બલકે તેમાં તેમને

કાયમી ધોરણે હંમેશા-હંમેશ માટે રાખવામાં આવશે અને અમુક લોકોએ ફરમાવ્યું કે, "અદ્દન" જન્નતના મધ્ય ભાગનું નામ છે જે જન્નતના સ્થળોમાં પણ ઉચ્ચ કક્ષાનું છે.

ત્યારબાદ તે લોકો માટે એક બીજું ઈનામ એ વર્ણન કરવામાં આવ્યું કે આ રબ્બાની ઈનામ ફક્ત તે લોકો સુધી મર્યાદિત નહિ હોય, બલકે તેમના બાપ-દાદાઓ, તેમની પત્નીઓ અને સંતાનોને પણ તેમાં હિસ્સો મળશે, શરત આ છે કે તેઓ સાલિહ (નેક) હોય જેની નાનામાં નાની કક્ષા એ છે કે તેઓ મુસલમાન હોય, તેનો ભાવાર્થ એ છે કે તે લોકોના બાપ-દાદાઓ અને તેમની પત્નીઓના પોતાના અમલો જો કે તે સ્થાન સુધી પહોંચવા પાત્ર ન હતા પરંતુ અલ્લાહના સ્વીકૃત બંદાઓની બરકત અને તેમના સન્માનના કારણે તેમને પણ ઉચ્ચ કક્ષાએ પહોંચાડી દેવામાં આવશે.

ત્યારબાદ આખિરતના ઘરમાં તેમની સફળતાનો વિશેષ ઉલ્લેખ એ છે કે ફરિશ્તાઓ દરેક દરવાજેથી તેમને સલામ કરતા-કરતા પ્રવેશ કરે છે અને કહે છે કે, તમારા ધૈર્યના કારણે સઘળી તકલીફોથી સલામતી છે અને આ કેવું સારું પરિણામ છે આખિરતના ઘરનું !

આયતો : (સૂરએ રઅ્દ : આયત નં. ૨૫ થી ૩૦)

وَالَّذِيْنَ يَنْقُضُوْنَ عَهْدَ اللّٰهِ مِنْ بَعْدِ مِيْثَاقِهٖ وَيَقْطَعُوْنَ مَآ اَمَرَ اللّٰهُ بِهٖٓ اَنْ يُّوْصَلَ

وَيُفْسِدُوْنَ فِي الْاَرْضِ ۙ اُولٰٓئِكَ لَهُمُ اللَّعْنَةُ وَلَهُمْ سُوْٓءُ الدَّارِ ﴿٢٥﴾ اَللّٰهُ يَبْسُطُ الرِّزْقَ لِمَنْ يَّشَآءُ

وَيَقْدِرُ ۭ وَفَرِحُوْا بِالْحَيٰوةِ الدُّنْيَا ۭ وَمَا الْحَيٰوةُ الدُّنْيَا فِي الْاٰخِرَةِ اِلَّا مَتَاعٌ ﴿٢٦﴾ ع

وَيَقُوْلُ الَّذِيْنَ كَفَرُوْا لَوْلَآ اُنْزِلَ عَلَيْهِ اٰيَةٌ مِّنْ رَّبِّهٖ ۭ قُلْ اِنَّ اللّٰهَ يُضِلُّ مَنْ يَّشَآءُ

وَيَهْدِيْٓ اِلَيْهِ مَنْ اَنَابَ ﴿٢٧﴾ اَلَّذِيْنَ اٰمَنُوْا وَتَطْمَىِٕنُّ قُلُوْبُهُمْ بِذِكْرِ اللّٰهِ ۭ اَلَا بِذِكْرِ اللّٰهِ

تَطْمَىِٕنُّ الْقُلُوْبُ ﴿٢٨﴾ اَلَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ طُوْبٰى لَهُمْ وَحُسْنُ مَاٰبٍ ﴿٢٩﴾ كَذٰلِكَ

اَرْسَلْنٰكَ فِيْٓ اُمَّةٍ قَدْ خَلَتْ مِنْ قَبْلِهَآ اُمَمٌ لِّتَتْلُوَا۟ عَلَيْهِمُ الَّذِيْٓ اَوْحَيْنَآ اِلَيْكَ

وَهُمْ يَكْفُرُوْنَ بِالرَّحْمٰنِ ۭ قُلْ هُوَ رَبِّيْ لَآ اِلٰهَ اِلَّا هُوَ ۚ عَلَيْهِ تَوَكَّلْتُ وَاِلَيْهِ مَتَابِ ﴿٣٠﴾

તરજુમો :

અને જે લોકો અલ્લાહનો કરાર મજબૂત કર્યા પછી તોડે છે અને તે વસ્તુને કાપી નાંખે છે જેને અલ્લાહે જોડવાનું ફરમાવ્યું અને એવા લોકો પ્રદેશમાં ફસાદ કરે છે તેમના માટે લા'નત (ફિટકાર) છે અને તેમના માટે બુરું ઘર છે. (૨૫) અને અલ્લાહ જેને ચાહે રોજી વિસ્તારી આપે છે અને તંગ કરે છે અને દુનિયાની જિંદગી ઉપર મોહી પડયા છે અને આખિરતની આગળ દુનિયાની જિંદગી કંઈ નથી પરંતુ તુચ્છ (માલ-)મત્તા. (૨૬) અને કાફિર કહે છે, કેમ તેના ઉપર તેના પરવરદિગાર તરફથી કોઈ નિશાની ન ઊતરી ? કહી આપો, અલ્લાહ જેને ચાહે ગુમરાહ કરે છે અને પોતાના તરફ માર્ગ બતાવે છે તેને જે રુજૂઅ્ (શરણે) થયો. (૨૭) તે લોકો જેઓ ઈમાન લાવ્યા અને તેમના દિલ અલ્લાહની યાદથી ઈત્મિનાન પામે છે, સાંભળો છો ! અલ્લાહની યાદથી જ દિલ ઈત્મિનાન (સંતોષ) પામે છે. (૨૮) જે લોકો ઈમાન લાવ્યા અને સારા કામ કર્યા તેમના માટે ખુશહાલી છે અને સારું ઠેકાણું. (૨૯) એ જ રીતે અમે તમને એક ઉમ્મતમાં મોકલ્યા કે એના પહેલાં ઘણી ઉમ્મતો ગુઝરી ચૂકી છે જેથી તમે તેમને સંભળાવી આપો જે હુકમ અમે તમને મોકલ્યો અને તેઓ રહમાનથી ઈન્કારી થાય છે, તમે કહી આપો ! તે જ મારો રબ્બ છે, તેના સિવાય કોઈની બંદગી નથી, એના જ ઉપર મેં ભરોસો કર્યો છે અને તેના જ તરફ રુજૂઅ્ કરીને (શરણે થઈને) આવું છું. (૩૦)

તફસીર :

અને જેઓ અલ્લાહ તઆલાના કરારોને તેને પાકા કર્યા પછી તોડી નાંખે છે અને અલ્લાહ તઆલા જે બાબતોને જોડી રાખવાનો હુકમ ફરમાવે છે તેને કાપી નાંખે છે અને દુનિયામાં ફસાદ કરે છે એવા લોકો ઉપર લા'નત થશે અને તેમના માટે આ દુનિયામાં ખરાબી હશે, (એટલે કે જાહેર દોલત અને ખુશહાલીને જોઈને એવા ધોકામાં ન પડવું જોઈએ કે આ લોકો અલ્લાહની કૃપા મેળવી રહ્યા છે, કારણ કે રોજીની હાલત તો એવી છે કે) અલ્લાહ જેને ઇચ્છે વધારે રોજી આપે છે (અને જેના માટે ઇચ્છે) તંગી કરી આપે છે (રહમત અને ક્રોધનું તે માપદંડ નથી) અને આ (કાફિર) લોકો દુનિયાની જિંદગી (અને તેની અય્યાશીઓ અને

આનંદ-પ્રમોદ) ઉપર ઈતરાય(ને ઘમંડ કરે) છે અને (આ તેમનું ઈતરાવું બિલકુલ વ્યર્થ અને ખોટું છે, કારણ કે) આ દુનિયાની જિંદગી (અને તેની અય્યાશીઓ અને રાહતો) આખિરતના મુકાબલામાં એક તુચ્છ સામાન સિવાય બીજું કંઈ પણ નથી અને આ કાફિર લોકો (તમારી નુબુવ્વતમાં વાંધો ઉઠાવવા અને મહેણા મારવા માટે એવું) કહે છે કે તે (પયગમ્બર)ના ઉપર કોઈ મોઅ્જિઝો (અમારી ફરમાઈશ અને માંગણી મુજબના મોઅ્જિઝાઓમાંથી) તેના પરવરદિગાર તરફથી કેમ નાઝિલ કરવામાં નથી આવ્યો ? તમે કહી આપો કે વાસ્તવમાં (તમારી આ વાહિયાત માંગણીઓથી સ્પષ્ટ રીતે જાણ થાય છે કે) અલ્લાહ તઆલા જેને ચાહે ગુમરાહ કરી આપે છે (કારણની જાણ થવી દેખીતું છે કે પૂરતા મોઅ્જિઝા હોવા છતાં અને તે મોઅ્જિઝાઓમાં પણ સૌથી ઉચ્ચ કક્ષાનો મોઅ્જિઝો કુર્આન પણ ઉપસ્થિત છે તે છતાં આ લોકો વ્યર્થ વાતો કરે છે, જેનાથી જાણ થાય છે કે તેમની કિસ્મતમાં જ) ગુમરાહી લખી છે અને (જે પ્રમાણે આ નપાવટ-માથાભારે લોકોને કુર્આન જે મહાન મોઅ્જિઝો છે હિદાયત માટે પૂરતો ન થયો અને ગુમરાહી જ તેમના નસીબમાં આવી એ જ પ્રમાણે) જે વ્યક્તિ તેના તરફ કેન્દ્રિત થઈ જાય છે (અને સત્યનો તલબગાર હોય છે જેનું સ્વરૂપ આગળ આવે છે ..اَلَّذِيْنَ آمَنُوْا وَتَطْمَئِنُّ અલ્લાહ તઆલા) તેને પોતાના તરફ (પહોંચાડી દેવા માટે) માર્ગદર્શન કરી આપે છે (અને ગુમરાહીથી બચાવી લે છે, તેનો ભાવાર્થ) તે લોકો છે જેઓ ઈમાન લાવ્યા અને અલ્લાહના ઝિક્રથી (અને આ ઝિક્ર માટે કુર્આન સૌથી મોટું એકમ છે) તેમના દિલોને સંતોષ થાય છે, (જેની સૌથી મોટી બાબત ઈમાન છે, એટલે કે તેઓ કુર્આનની પ્રતિષ્ઠાને નુબુવ્વતની ઉચ્ચ કક્ષાની દલીલ માટે પૂરતી સમજે છે અને વાહિયાત ફરમાઈશો કે માંગણીઓ કરતા નથી, પછી અલ્લાહની યાદ અને આજ્ઞાપાલનમાં તેમને એવું આકર્ષણ જન્મે છે કે દુનિયાની જિંદગીના સામાન વડે કાફિરોને એવું આકર્ષણ અને રાહત મળતી નથી અને) સારી પેઠે સમજી લો કે અલ્લાહના ઝિક્ર(ની આવી જ ખાસિયત છે કે તેના)થી દિલને સંતોષ થઈ જાય છે (એટલે કે જે કક્ષાનો ઝિક્ર હશે એ જ કક્ષાનો સંતોષ પ્રાપ્ત થશે, એટલા માટે કુર્આનથી ઈમાનનો અને નેક અમલોથી આજ્ઞાપાલનનો ખૂબ મજબૂત સંબંધ અને અલ્લાહ તરફનું ધ્યાન પ્રાપ્ત થાય છે, મતલબ કે) જે લોકો ઈમાન લાવ્યા અને નેક કામો કર્યા (જેનું વર્ણન

ઉપર થયું) તેમના માટે (દુનિયામાં) ખુશહાલી અને (આખિરતમાં) નેક પરિણામ છે (જેને બીજી આયતમાં .... فَلَنُحْيِيَنَّهٗ حَيٰوةً طَيِّبَةً وَّلَنَجْزِيَنَّهُمْ اَجْرَهُمْ થી ઓળખાવવામાં આવ્યું છે, એ જ પ્રમાણે) અમે તમને એક એવી ઉમ્મતના રસૂલ બનાવીને મોકલ્યા છે કે તે (ઉમ્મત)થી પહેલાં અન્ય ઘણી ઉમ્મતો ગુજરી ચૂકી છે (અને તમને તેમના તરફ એટલા માટે રસૂલ બનાવીને મોકલ્યા છે) જેથી તેમને તે કિતાબ પઢીને સંભળાવો જે અમે તમારી પાસે વહી દ્વારા મોકલી છે અને (તેમણે આ ઉચ્ચ કક્ષાની નેઅ્મતની કદર કરવી જોઈતી હતી અને તે કિતાબ ઉપર કે તે મોઅ્જિઝો છે એવું માનીને ઈમાન લઈ આવ્યા હોત પરંતુ) તે લોકો આટલા મોટા રહમતવાળાની નાકદરી કરે છે (અને કુર્આન ઉપર ઈમાન નથી લાવતા), તમે કહી આપો કે (તમારા ઈમાન ન લાવવાથી મને કોઈ નુકસાન નથી કારણ કે તમે વધારેમાં વધારે મારો વિરોધ કરશો, બસ તેનાથી મને એટલા માટે ભય નથી કે) તે મારો પરવરદિગાર (અને નિગેહબાન) છે, તેના સિવાય કોઈ ઈબાદતના લાયક નથી (બસ તો તે જરૂર બધી જ સિફતોમાં સંપૂર્ણ અને કામિલ છે અને હિફાઝત માટે પૂરતો છે એટલા માટે) મેં તેના જ ઉપર ભરોસો કરી લીધો અને તેની જ પાસે મારે જવાનું છે. (ખુલાસો એ કે મારી સુરક્ષા માટે તો અલ્લાહ તઆલા પૂરતો છે તમે વિરોધ કરીને મારું કંઈ જ બગાડી શકવાના નથી, અલબત્ત તેમાં તમારું જ નુકસાન છે).

મસ્અલા અને બોધપાઠ :

રુકૂઅ્ની શરૂઆતમાં કુલ મનુષ્યજાતિના બે પ્રકારો બતાવાવમાં આવ્યા હતા કે તેમાં અમુક લોકો અલ્લાહ તઆલાના ફરમાંબરદાર છે અને અમુક નાફરમાન, પછી ફરમાંબરદાર આજ્ઞાપાલક બંદાઓના અમુક લક્ષણો અને નિશાનીઓનો ઉલ્લેખ થયો અને આખિરતમાં તેમના માટે શ્રેષ્ઠ બદલાનું વર્ણન થયું.

હવે બીજા પ્રકારની નિશાનીઓ અને સિફતો તથા તેમની સજાનો ઉલ્લેખ આ આયતોમાં છે તેમાં તે શરારતખોર અને અવજ્ઞાકારી નાફરમાન બંદાઓની એક ટેવ તો આ બતાવી, اَلَّذِيْنَ يَنْقُضُوْنَ عَهْدَ اللّٰهِ مِنْۢ بَعْدِ مِيْثَاقِهٖ એટલે કે, ''આ લોકો અલ્લાહ તઆલાનો કરાર પાકો કર્યા પછી તોડી નાંખે છે.'' અલ્લાહ

તઆલાના કરારમાં એ કરાર એ પણ સામેલ છે જે અઝલમાં અલ્લાહ તઆલાના પરવરદિગાર હોવાનો અને તેની તવહીદનો અને તેના એકમાત્ર હોવા વિશેનો કરાર બધી જ પેદા થનારી રૂહો પાસેથી લેવામાં આવ્યો હતો જેને કાફિરો અને મુશ્રિકોએ દુનિયામાં આવીને તોડી નાંખ્યો અને અલ્લાહ સા઼થે સેંકડો, હજારો પરવરદિગાર અને મઅ્બૂદો બનાવી બેઠા.

અને તે તમામ કરારો પણ તેમાં સામેલ છે જેની પાબંદી عَهْدِ لَاۤ اِلٰهَ اِلَّا اللّٰهُ ના સંદર્ભમાં મનુષ્ય ઉપર જરૂરી થઈ જાય છે, કારણ કે કલિમએ તય્યિબહ لَاۤ اِلٰـهَ اِلَّا اللّٰـهُ مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰهِ (લા ઈલાહા ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ) વાસ્તવમાં એક મહાન કરારનો વિષય છે જેના હેઠળ અલ્લાહ તઆલા અને તેના રસૂલ ﷺના બતાવેલા તમામ હુકમોની પાબંદી અને જે વસ્તુઓથી રોકવામાં આવ્યા તેનાથી બચવાનો કરાર પણ સામેલ છે, એટલા માટે જ્યારે કોઈ મનુષ્ય અલ્લાહના કોઈ હુકમ અથવા રસૂલના કોઈ હુકમથી વિમુખ થાય છે તો તે આ ઈમાનના કરારનો ભંગ કરે છે.

બીજી ટેવ આ નાફરમાન બંદાઓની આ બતાવવામાં આવી.

وَيَقْطَعُوْنَ مَاۤ اَمَرَ اللّٰهُ بِهٖۤ اَنْ يُّوْصَلَ એટલે કે, “આ લોકો તે સંબંધોને કાપી નાંખે છે જેને કાયમ કરવાનો અલ્લાહ તઆલાએ હુકમ આપ્યો હતો.” તેમાં મનુષ્યના તે સંબંધો પણ સામેલ છે જે તેને અલ્લાહ જલ્લ શા'નુહૂ અને રસૂલુલ્લાહ ﷺ સાથે છે. આ સંબંધો કાપવા તેને જ કહેવાય છે કે તે તેમના હુકમોનો વિરોધ કરે અને સગાઈ–સંબંધો તથા અન્ય સંબંધો પણ તેમાં સામેલ છે જેને કાયમ રાખવાનો અને જેમના હકો અદા કરવાનો કુર્આને કરીમે અનેક ઠેકાણે હુકમ આપ્યો છે.

અલ્લાહ તઆલાની નાફરમાની કરનારા આવા હકો અને સંબંધોને પણ તોડી નાંખે છે, દાખલા તરીકે માં–બાપ, ભાઈ–બહેન, પાડોશી અને અન્ય સંબંધીઓના જે હકો અલ્લાહ તઆલા અને તેના રસૂલ ﷺએ મનુષ્યો ઉપર લગાવ્યા છે આ લોકો તેને અદા કરતા નથી.

ત્રીજી ટેવ આ બતાવી છે,

وَيُفْسِدُوْنَ فِى الْاَرْضِ એટલે કે, આ લોકો જમીનમાં ફસાદ મચાવે છે

અને આ ત્રીજી ખસલત વાસ્તવમાં પ્રથમ બે ટેવોનું જ પરિણામ છે કે જે લોકો અલ્લાહ તઆલા અને બંદાઓના કરારની પરવા નથી કરતા અને કોઈના હકો અને સંબંધોની આણ નથી વર્તતા, દેખીતું છે કે તેમના આચરણ અને પ્રવૃત્તિઓ અન્ય લોકો માટે નુકસાનકારક હોવાથી ત્રાસનું કારણ બનશે, લડાઈ-ઝઘડા, ખૂનામરકીનું બજાર ગરમ થશે અને આ જ બાબત પૃથ્વી ઉપર સૌથી મોટો ફસાદ અને અરાજકતા છે.

બળવાખોરો અને અવજ્ઞાકારી બંદાઓની આ ત્રણ ખસલતો બતાવ્યા પછી તેમની આ સજા બતાવવામાં આવી છે. أُولَٰئِكَ لَهُمُ اللَّعْنَةُ وَلَهُمْ سُوءُ الدَّارِ એટલે કે, "તેમના માટે લા'નત છે અને બુરું ઠેકાણું છે." લા'નતનો અર્થ અલ્લાહ તઆલાની રહમતથી દૂર થવું અને વંચિત થવું થાય છે અને દેખીતું છે કે તેની રહમતથી દૂર થવું બધા જ અઝાબોમાંથી સૌથી મોટો અઝાબ છે અને બધી મુસીબતોમાં સૌથી મોટી મુસીબત છે.

હુકમો અને માર્ગદર્શન :

પ્રસ્તુત આયતોમાં મનુષ્યની જિંદગીના વિવિધ ક્ષેત્રો વિશે ખાસ-ખાસ હુકમો અને માર્ગદર્શનો આવ્યા છે, અમુકમાં ખુલ્લમ-ખુલ્લા અને અમુકમાં ઈશારાઓથી દાખલા તરીકે,

(૧) الَّذِينَ يُوفُونَ بِعَهْدِ اللَّهِ وَلَا يَنْقُضُونَ الْمِيثَاقَ થી સાબિત થયું કે જે કરારો કોઈની સાથે કરી લેવામાં આવે તેની પાબંદી ફરજ છે અને તેનો વિરોધ કરવો હરામ છે, ભલે તે કરાર અલ્લાહ અને રસૂલ ﷺ સાથે હોય જેમકે ઈમાનનો કરાર અથવા તો કોઈ મખ્લૂકમાંથી કોઈની સાથે હોય, ભલે મુસલમાન સાથે હોય અથવા કાફિર સાથે; કરાર તોડવો અને તેનો ભંગ કરવો દરેક રીતે હરામ છે.

(૨) وَالَّذِينَ يَصِلُونَ مَا أَمَرَ اللَّهُ بِهِ أَنْ يُوصَلَ થી જાણ થાય છે કે ઈસ્લામની તા'લીમ સન્યાસીપણાની જેમ સંબંધો છોડવાની નથી, બલકે આવશ્યકતા સંબંધો સ્થાપિત કરવાની અને ટકાવી રાખવાની છે અને તે સંબંધોના હકો અદા કરવા જરૂરી ઠરાવવામાં આવ્યું છે, માં-બાપના હકો, સંતાનો, પત્ની અને બહેન-ભાઈના હકો, અન્ય સગાં-વહાલાં અને પાડોશીઓના હકો અલ્લાહ

તઆલાએ દરેક મુનષ્ય ઉપર જરૂરી ઠરાવ્યા છે તેને ઉપેક્ષિત કરીને નફલ ઈબાદતમાં અને કોઈ દીની સેવામાં લાગી જવું પણ જાઇઝ નથી તો પછી બીજા કામોમાં લાગીને તેને ભૂલાવી દેવું તો કેવી રીતે જાઇઝ થશે ?!

સીલારહમી (સદ્‌વ્યવહાર) અને સગાં-વહાલાંઓના સંબંધોને કાયમ રાખવા અને તેમની ખૈર-ખબર રાખવી તથા તેમના હકોની તાકીદ કુર્આને કરીમમાં અનેક આયતોમાં આવી છે.

બુખારી અને મુસ્લિમની હદીષમાં હઝરત અનસ (રદિ.)ની રિવાયત પ્રસ્તુત છે કે, "રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે જે વ્યક્તિ એવું ઈચ્છતો હોય કે અલ્લાહ તઆલા તેની રોજીમાં વધારો કરે અને કાર્યોમાં બરકત અતા ફરમાવે તો તેણે સીલારહમી કરવી જોઈએ અને સીલારહમીનો અર્થ એ જ છે કે જેની સાથે સગાઈના ખાસ સંબંધો છે તેમની ખૈર-ખબર રાખે અને પોતાની શક્તિ અનુસાર મદદ તથા સહાયતા કરે."

હઝરત અબૂ ઐયુબ અન્સારી (રદિ.) ફરમાવે છે કે, "એક ગામડિયો અરબ રસૂલે કરીમ ﷺના મકાન ઉપર હાજર થયો અને સવાલ કર્યો કે મને એ બતાવી આપો કે તે કયો અમલ છે જે મને જન્નતની નજીક અને જહન્નમથી દૂર કરી આપે ? રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે અલ્લાહ તઆલાની ઈબાદત કરો અને તેની સાથે કોઈને ભાગીદાર ન ઠરાવો અને નમાઝ કાયમ કરો, ઝકાત અદા કરો અને સીલારહમી કરો." *(બગવી)*

સહીહ બુખારીમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.)એ ફરમાવ્યું કે, "રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે સીલારહમી એટલી બાબતનું નામ નથી કે તમે બીજા સંબંધીના અહેસાનનો બદલો અદા કરો અને તેણે તમારી સાથે કોઈ અહેસાન કર્યું છે તો તમે પણ અહેસાન કરો, બલકે અસલ સીલારહમી એ છે કે તમારા સગાં-વહાલાં તમારા હકો અદા ન કરે, તમારાથી સંબંધ ન રાખે તે છતાં પણ તમે માત્ર અલ્લાહ માટે તેમની સાથે સંબંધ કાયમ રાખો અને તેમના ઉપર અહેસાન કરો."

સગાં-વહાલાંઓના હકો અદા કરવા અને તેમની સાથે સંબંધો નિભાવવાના વિચારથી જ રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, પોતાના

પેઢીનામાઓને સુરક્ષિત રાખો જેના દ્વારા તમારી પોતાની સગાઈઓ સુરક્ષિત રહી શકે અને તમે તેમના હકો અદા કરી શકો, પછી ઈરશાદ ફરમાવ્યો કે સીલારહમીના ફાયદાઓ એ છે કે તેનાથી પરસ્પર મહોબ્બત પેદા થાય છે અને માલમાં બરકત તથા વધારો થાય છે તથા જિંદગીમાં બરકત થાય છે. (આ હદીષ તિરમિઝીએ રિવાયત કરી છે.)

સહીહ મુસ્લિમમાં એક હદીષમાં છે કે, "રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે મોટી સીલારહમી એ છે કે વ્યક્તિ પોતાના બાપના મૃત્યુ પછી તેમના દોસ્તોની સાથે એવા જ સંબંધો કાયમ રાખે જેવી રીતે કે પોતાના બાપની સાથે તેના સંબંધો હતા."

(૩) وَالَّذِيْنَ صَبَرُوا ابْتِغَاءَ وَجْهِ رَبِّهِمْ થી જાણ થાય છે કે ધૈર્ય ધરવાની જે શ્રેષ્ઠતાઓ કુર્આન અને હદીષમાં આવી છે કે સબ્ર કરનારથી અલ્લાહ જલ્લ શા'નુહૂની મદદ તથા સહાયતા પ્રાપ્ત થાય છે અને બેહિસાબ સવાબ અને બદલો મળે છે, આ બધું એવા સમયે છે જ્યારે કે અલ્લાહ તઆલાની ખુશી પ્રાપ્ત કરવા માટે સબ્ર અપનાવી હોય નહિ તો દરેક વ્યક્તિને કોઈને કોઈ પ્રસંગે ધીરજ ધરવી જ પડતી હોય છે.

સબ્રનો મૂળ અર્થ પોતાના નફ્સને કાબૂમાં રાખવો અને મક્કમ રહેવાનો છે જેના વિવિધ સ્વરૂપો છે; એક, મુસીબત અને તકલીફ ઉપર સબ્ર કરે અને ગભરાય નહીં તથા નિરાશ કે હતાશ ન થાય, અલ્લાહ જલ્લ શા'નુહૂ ઉપર નજર રાખે અને આશાવાદી રહે; બીજું, તેની આજ્ઞાપાલન કરવામાં સબ્ર કરે કે અલ્લાહ તઆલાના હુકમોની પાબંદી જો કે નફ્સને મુશ્કેલ ગણાય છે છતાં તેના ઉપર કાયમ રહે; ત્રીજું, ગુનાહો અને બુરાઈઓથી સબ્ર કે, જો કે નફ્સનો તકાદો બુરાઈ તરફ ચાલવાનો હોય પરંતુ અલ્લાહ તઆલાના ડરથી તે તરફ ન ચાલે.

(૪) وَاَنْفَقُوْا مِمَّا رَزَقْنٰهُمْ سِرًّا وَّعَلَانِيَةً થી જાણ થઈ કે અલ્લાહ તઆલાના માર્ગમાં ખર્ચ કરવો ગુપ્ત અથવા જાહેર બંને રીતે યોગ્ય છે, અલબત્ત ઉત્તમ એ છે કે વાજિબ સદકાઓ ઝકાત, સદકતુલ ફિત્ર વગેરેને ખુલ્લમ-ખુલ્લું અદા કરે જેથી અન્ય મુસલમાનોને પણ તે અદા કરવાની પ્રેરણા અને પ્રોત્સાહન મળે અને નફલ સદકાઓ જે વાજિબ નથી તેને ગુપ્ત રીતે અદા કરે જેથી રિયાકારી

અથવા ખોટી નામના અને દેખાડાની શંકાથી છુટકારો મળે.

(૫) يَدْرَءُوْنَ بِالْحَسَنَةِ السَّيِّئَةَ થી જાણ થઈ કે દરેક બુરાઈને દૂર કરવા માટે જે બૌદ્ધિક અને સ્વાભાવિક તકાદાઓ છે ઈસ્લામમાં તેની પદ્ધતિ એ નથી કે બુરાઈનો જવાબ બુરાઈથી આપીને તેને દૂર કરવામાં આવે, બલકે ઈસ્લામની તા'લીમ એ છે કે બુરાઈને ભલાઈ દ્વારા દૂર કરો, જેણે તમારા ઉપર અત્યાચાર કર્યો છે તમે તેની સાથે ઈન્સાફથી વર્તો, જેણે તમારી સાથે સંબંધનો હક અદા નથી કર્યો તમે તેમનો હક અદા કરો, જેણે તમારા ઉપર ગુસ્સો કર્યો તમે તેના જવાબમાં સહનશીલતા અને ક્ષમાવૃત્તિથી વર્તો જેનું ચોક્કસ પરિણામ એવું આવશે કે તમારો દુશ્મન પણ દોસ્ત બની જશે અને શરારતખોર પણ આપની સામે નેક બની જશે.

અને આ વાક્યનો એક ભાવાર્થ એ પણ છે કે ગુનાહોનો બદલો આજ્ઞાપાલન કરીને અદા કરો કે જો ક્યારેક કોઈ ગુનોહ થઈ જાય તો તરત તેની તવબહ કરો અને પછી અલ્લાહ તઆલાની ઈબાદતમાં લાગી જાઓ તો તેનાથી તમારા પાછલા ગુનાહો પણ મા'ફ થઈ જશે.

હઝરત અબૂઝર ગિફારી (રહ.)એ ફરમાવ્યું કે, "રસૂલે કરીમ ﷺનો ઈરશાદ છે કે જ્યારે તમારાથી કોઈ બુરાઈ અથવા ગુનોહ થઈ જાય તો ત્યારબાદ તમે નેક અમલ કરી લો તેનાથી તે ગુનોહ દૂર થઈ જશે." (રવાહુ અહમદ, બ સનદે સહીહ, મઝહરી) આ નેક અમલોની શરત એ છે કે પાછલા ગુનાહોથી તવબહ કરીને નેક અમલ અપનાવી લે.

جَنّٰتُ عَدْنٍ يَّدْخُلُوْنَهَا وَمَنْ صَلَحَ مِنْ اٰبَآئِهِمْ وَاَزْوَاجِهِمْ وَذُرِّيّٰتِهِمْ તેનો ભાવાર્થ એ છે કે અલ્લાહ તઆલાના સ્વીકૃત અને નેક બંદાઓને પોતે પણ જન્નતમાં ઠેકાણું મળશે અને તેમના સન્માનમાં તેમના માં-બાપ, પત્ની અને સંતાનોને પણ; શરત એ છે કે આ લોકો નેક એટલે કે મો'મિન અને મુસલમાન હોય, કાફિર ન હોય, ભલે નેક અમલોમાં તેઓ પોતાના તે વડીલો સમકક્ષ ન હોય પરંતુ અલ્લાહ તઆલા આ વડીલોની બરકતથી તે લોકોને પણ તે જ જન્નતના ઠેકાણામાં પહોંચાડી આપશે જ્યાં તેમના વડીલોનું ઠેકાણું છે, જેમકે બીજી આયતમાં આવ્યું છે. اَلْحَقْنَا بِهِمْ ذُرِّيَّتَهُمْ એટલે કે, "અમારા નેક બંદાઓના વંશ અને સંતાનોને પણ તેમની સાથે કરી દઈશું." (૫૨:૨૧)

એનાથી જાણ થઈ કે વડીલોની સાથે સંબંધ ભલે વંશનો અથવા સગાઈનો હોય અથવા મિત્રતાનો, તે આખિરતમાં પણ ઈમાનની શરત સાથે ફાયદો પહોંચાડશે.

(૬) سَلَامٌ عَلَيْكُم بِمَا صَبَرْتُمْ فَنِعْمَ عُقْبَى الدَّارِ થી જાણ થઈ કે, આખિરતનો છુટકારો અને ઉચ્ચ કક્ષાના દરજ્જાઓ બધા એનું જ પરિણામ હોય છે કે મનુષ્ય દુનિયામાં ધીરજથી કામ લે, અલ્લાહ તઆલા અને બંદાઓના હકોને અદા કરવા માટે તથા તેની નાફરમાનીઓથી બચવા માટે પોતાના નફ્સને મજબૂર કરતો રહે.

أُولَٰئِكَ لَهُمُ اللَّعْنَةُ وَلَهُمْ سُوءُ الدَّارِ જે રીતે પ્રથમ આયતોમાં અલ્લાહ તઆલાના આજ્ઞાપાલક બંદાઓના સારા બદલાનું એ વર્ણન આવ્યું છે કે તેમનું સ્થાન જન્નતમાં હશે, ફરિશ્તા તેમને સલામ કરશે અને બતાવશે કે આ જન્નતની કાયમી નેઅ્મતો બધી તમારા સબ્ર અને ધૈર્યનું તથા આજ્ઞાપાલન કરવાનું પરિણામ છે, એ જ પ્રમાણે આ આયતમાં અવજ્ઞાકારી બળવાખોર લોકોનું ખરાબ પરિણામ એ બતાવ્યું છે કે તેમના ઉપર અલ્લાહની લા'નત છે, એટલે કે તેઓ અલ્લાહની રહમતથી દૂર છે અને તેમના માટે જહન્નમતનું ઠેકાણું નક્કી છે. એનાથી આ જાણ થઈ કે વાયદાનો ભંગ કરવો અને સગાં-વહાલાંઓ તથા પ્રિયજનોથી સંબંધો કાપવા લા'નત અને જહન્નમમાં જવાનું કારણ બને છે. નઊઝુબિલ્લાહિ મિન્હ.

આયતો : (સૂરએ રઅ્દ : આયત નં. ૩૧-૩૨-૩૩)

وَلَوْ أَنَّ قُرْآنًا سُيِّرَتْ بِهِ الْجِبَالُ أَوْ قُطِّعَتْ بِهِ الْأَرْضُ أَوْ كُلِّمَ بِهِ الْمَوْتَىٰ ۗ بَل لِّلَّهِ
الْأَمْرُ جَمِيعًا ۗ أَفَلَمْ يَيْأَسِ الَّذِينَ آمَنُوا أَن لَّوْ يَشَاءُ اللَّهُ لَهَدَى النَّاسَ جَمِيعًا ۗ
وَلَا يَزَالُ الَّذِينَ كَفَرُوا تُصِيبُهُم بِمَا صَنَعُوا قَارِعَةٌ أَوْ تَحُلُّ قَرِيبًا مِّن دَارِهِمْ حَتَّىٰ
يَأْتِيَ وَعْدُ اللَّهِ ۚ إِنَّ اللَّهَ لَا يُخْلِفُ الْمِيعَادَ ﴿٣١﴾ وَلَقَدِ اسْتُهْزِئَ بِرُسُلٍ مِّن قَبْلِكَ
فَأَمْلَيْتُ لِلَّذِينَ كَفَرُوا ثُمَّ أَخَذْتُهُمْ ۖ فَكَيْفَ كَانَ عِقَابِ ﴿٣٢﴾ أَفَمَنْ هُوَ قَائِمٌ عَلَىٰ كُلِّ

نَفْسٍۭ بِمَا كَسَبَتْ ۗ وَجَعَلُوا لِلّٰهِ شُرَكَآءَ ؕ قُلْ سَمُّوْهُمْ ؕ اَمْ تُنَبِّـُٔوْنَهٗ بِمَا لَا يَعْلَمُ فِى الْاَرْضِ

اَمْ بِظَاهِرٍ مِّنَ الْقَوْلِ ؕ بَلْ زُيِّنَ لِلَّذِيْنَ كَفَرُوْا مَكْرُهُمْ وَصُدُّوْا عَنِ السَّبِيْلِ ؕ وَمَنْ يُّضْلِلِ

اللّٰهُ فَمَا لَهٗ مِنْ هَادٍ ﴿۳۳﴾

તરજુમો :

અને જો કોઈ કુર્આન થયું હોત કે તેનાથી પહાડ ચાલે અથવા તેનાથી જમીન ટૂકડા થઈ જાય અથવા તેનાથી મુરદા બોલે તો શું થાત ? બલકે સઘળા કામ તો અલ્લાહના જ હાથમાં છે, બસ શું ઈમાનવાળાઓને એના ઉપર સંતોષ નથી કે જો અલ્લાહ ચાહે તો સઘળા લોકોને માર્ગ ઉપર લાવે અને ઈન્કારીઓને તેમના કરતૂત ઉપર બરાબર આફત પહોંચતી રહેશે અથવા તેમના ઘરની નજીક ઊતરશે એટલે સુધી કે અલ્લાહનો વાયદો આવી પહોંચે, બેશક ! અલ્લાહ પોતાનો વાયદો ખિલાફ નથી કરતો. (૩૧) અને તમારાથી અગાઉ કેટલાય રસૂલોનો ઠઠ્ઠો કરી ચૂક્યા છે, બસ મેં ઈન્કારીઓને ઢીલ આપી પછી તેમને પકડી લીધા, બસ મારો બદલો કેવો હતો ! (૩૨) ભલા જે દરેકના માથા ઉપર જે કંઈ તેણે કર્યું છે લઈને ઊભો છે અને અલ્લાહના માટે ભાગીદાર નક્કી કરે છે ? કહો, તેમનું નામ લો અથવા અલ્લાહને બતાવો છો જે તે જમીનમાં નથી જાણતો ? અથવા ઉપર ઉપર જ વાતો કરો છો ? એવું નથી ! બલકે ઈન્કારીઓને તેમના ફરેબ (પ્રપંચ) ભલા સૂઝાડી દીધા છે અને તેઓ માર્ગથી રોકી દેવામાં આવ્યા છે અને જેને અલ્લાહ ગુમરાહ કરે બસ તેને કોઈ માર્ગ બતાવનાર નથી. (૩૩)

તફસીર :

અને (હે પયગમ્બર અને હે મુસલમાનો ! આ કાફિરોની દુશ્મનાટ- હઠધર્મીનું સ્વરૂપ એવું છે કે કુર્આનની જે ઉપસ્થિત પરિસ્થિતિ છે કે તેનો મોઅ્જિઝો હોવું ચિંતન અને મનન ઉપર અવલંબિત છે તેના સિવાય) જો કોઈ કુર્આન એવું હોત જેના દ્વારા પહાડ (પોતાની જગ્યાએથી) હટાવી દેવામાં આવે અથવા તેના દ્વારા જમીન ટૂકડા થઈ જાય અથવા તેના દ્વારા મુરદાઓ સાથે કોઈ વાતો કરાવી દેવામાં આવે (એટલે કે મુરદાઓ સજીવન થઈ જાય અથવા કોઈ

તેમની સાથે વાતો કરી લે અને આ તે મોઅ્જિઝાઓ છે જેની ફરમાઇશ અને માંગણી મોટા ભાગે કાફિરો કર્યા કરતા હતા, અમુક સદંતર અને અમુક એ પ્રમાણે કે કુર્આનને હાજર રૂપમાં તો અમે મોઅ્જિઝો માનતા નથી અલબત્ત જો કુર્આનથી તે પ્રકૃતિ વિરુદ્ધની બાબતો પ્રાપ્ત થાય તો અમે તેને મોઅ્જિઝો માની લઈએ, મતલબ એ કે કુર્આનથી ઉપરોક્ત વર્ણવ્યા પ્રમાણેના મોઅ્જિઝાઓ પણ જાહેર થતા રહે જેનાથી બંને પ્રકારના લોકોની ફરમાઈશો પૂરી થઈ જાય, એટલે કે જે ફક્ત ઉપરોક્ત અશક્ય બાબતોના દા'વેદાર હતા અને એ લોકો પણ જે તે બાબતોનું કુર્આન દ્વારા જાહેર થવાનું ઈચ્છતા હતા) તો પણ આ લોકો ઈમાન ન લાવ્યા હોત (કારણ કે આ કારણો વાસ્તવમાં અસરકર્તા નથી) બલકે, બધો અધિકાર માત્ર અલ્લાહનો જ છે (અને તે જેને તવફીક અર્પણ કરે છે તે જ ઈમાન લાવે છે અને તેની આદત છે કે તે માંગણી કરનારને તવફીક આપે છે અને વિરોધ કરનારને વંચિત રાખે છે અને કારણ કે અમુક મુસલમાનોનું મન એવું ઈચ્છતું હતું કે આવા મોઅ્જિઝાઓ જાહેર થઈ જાય તો કદાચ તેઓ ઈમાન લઈ આવે એટલા માટે આગળ તેમને જવાબ સ્વરૂપે કહેવામાં આવ્યું કે) શું (આ સાંભળીને કે આ વિરોધીઓ ઈમાન નહિ લાવે અને એ કે બધો જ અધિકાર માત્ર અલ્લાહને જ છે અને એ કે કારણો–સાધનો વાસ્તવિક અસરકારક બાબતો નથી, શું આવું સાંભળ્યા) છતાં પણ ઈમાનવાળાઓને એ વાતમાં સંતોષ નથી થતો કે જો અલ્લાહ તઆલાએ ઈચ્છ્યું હોત તો સમગ્ર (દુનિયાભરના) વ્યક્તિઓને હિદાયત આપી દીધી હોત (પરંતુ અમુક હિકમતોના કારણે એવું કર્યું નથી, માટે બધા ઈમાન નહીં લાવે જેનું મોટું કારણ દુશ્મનાવટ છે તો પછી આ વિરોધીઓના ઈમાન લાવવાની ફિકરમાં કેમ લાગેલા છો ?) અને (જ્યારે તહકીક થઈ ગઈ કે આ લોકો ઈમાન નહીં લાવે તો એ બાબતનો વિચાર આવી શકે છે કે પછી તેમને સજા કેમ આપવામાં નથી આવતી ? તેના વિશે ઈરશાદ છે કે) આ (મક્કાના) કાફિર તો હંમેશા (દરરોજ) એવી હાલતમાં રહે છે કે તેમની દુષ્ટતાના કારણે તેમના ઉપર કોઈને કોઈ આફત પડતી રહે છે (ક્યાંક હત્યા, ક્યાંક કેદ, ક્યાંક અપમાન અથવા પરાજય) અથવા (અમુક આફતો જો તેમના ઉપર ન પણ પડે પરંતુ) તેમની વસ્તીઓ નજીક (તો) નાઝિલ થતી રહે છે (દાખલા તરીકે કોઈ કોમ ઉપર આફત આવી અને તેમને ડર પેદા થઈ ગયો કે ક્યાંક અમારા ઉપર

પણ આ બલા ન આવે) એટલે સુધી કે (એવી હાલતમાં) અલ્લાહનો વાયદો આવી જશે (એટલે કે આખિરતના અઝાબનો સામનો થઈ જશે જે મર્યા પછી શરૂ થઈ જશે અને) ખરેખર અલ્લાહ તઆલા વાયદાનો ભંગ કરતો નથી (બસ, અઝાબ આવવો તેમના ઉપર યકીની છે ભલે અમુક સમયે થોડો મોડેથી આવે) અને (આ લોકોની આ જૂઠાડવાની બાબત તથા ઠેકડી ઉડાવવું કંઈ તમારી સાથે ખાસ નથી અને તે જ પ્રમાણે તેમના અઝાબમાં વિલંબ થવો એ કંઈ માત્ર એમની સાથે જ નથી બન્યું બલકે અગાઉના રસૂલ અને તેમની ઉમ્મતો સાથે પણ આવું બની ચૂક્યું છે એટલા માટે) ઘણા બધા પયગમ્બરોની સાથે કે જેઓ તમારા અગાઉ થઈ ચૂક્યા છે (કાફિરો તરફથી) ઠેકડી ઉડાવવામાં આવી ચૂકી છે, પછી હું તે કાફિરોને મહોલત આપતો રહું છું, પછી મેં તેમની પકડ કરી, બસ (સમજવાની વાત એ છે કે) મારી સજા કેવા પ્રકારની હતી ? (એટલે કે ખૂબ કઠોર હતી, જ્યારે અલ્લાહ તઆલાની શા'ન જાણ થઈ ગઈ કે તે જ કુલમુખ્તિયાર છે ત્યારે આવું જાણી લીધા અને સાબિત થઈ ગયા) પછી (પણ) શું (અલ્લાહ તઆલા) જે દરેકના કામોથી વાકેફ હોય અને એ લોકોના ઘડી કાઢેલા ભાગીદારો બરાબર થઈ શકે છે ?! એ છતાં પણ તેમણે અલ્લાહના ભાગીદારો નક્કી કર્યા છે, તમે કહી આપો કે (જરા) તે (ભાગીદારો)ના નામ તો લો ! (હું પણ સાંભળું, કોણ છે અને કેવા છે ?) શું (તમે વાસ્તવમાં તેમને ભાગીદાર સમજીને દા'વો કરો છો ? ત્યારે તો એ જરૂરી થઈ જાય છે કે) તમે અલ્લાહ તઆલાને એવી વાતની ખબર આપો છો કે દુનિયા(ભર)માં તે(ના અસ્તિત્વ)ની ખબર અલ્લાહ તઆલાને ન હોય !? (કારણ કે અલ્લાહ તઆલા તેને જ મોજૂદ જાણે છે જે વાસ્તવમાં મોજૂદ છે અને જેનું કોઈ અસ્તિત્વ જ નથી તેને મોજૂદ જાણતા નથી, કારણ કે એનાથી જ્ઞાનનું ખોટું હોવું સાબિત થાય છે જો કે સ્વીકારમાં બંને સરખા છે, મતલબ કે તેમને હકીકી ભાગીદાર કહેવાથી આ અશક્ય બાબત-અમ્રે મહાલ જરૂરી થાય છે બસ તેમનું ભાગીદાર હોવું પણ અશક્ય છે) અથવા (એ કે તેમને હકીકતમાં ભાગીદાર નથી કહેતા બલકે) ફક્ત જાહેર શબ્દોના આધારે તેમને ભાગીદાર કહો છો (અને આ ભાગીદારીનું વાસ્તવિક પાત્ર ક્યાંય નથી, જો આ બીજી કલમ છે તો તેમના ભાગીદાર ન હોવાનો પોતે સ્વીકાર કરો છો, બસ મતલબ કે ભાગીદારીનો રદિયો બંને કલમો ઉપર સાબિત થઈ ગયો, પ્રથમ કલમમાં દલીલથી અને બીજી

કલમમાં તમારા સ્વીકારથી અને આ તર્ક ઉચ્ચ દરજ્જામાં બિલકુલ પૂરતો છે પરંતુ આ લોકો તો પણ માનશે નહીં) બલકે, તે કાફિરોને પોતાની ખોટી વાતો (જેના ઉપર વિશ્વાસ ધરાવીને શિર્કમાં સપડાયા છે) ઘણી ભલી લાગે છે અને (તે જ કારણથી) આ લોકો (સીધા) માર્ગથી વંચિત રહી ગયા છે અને (વાસ્તવમાં વાત એ જ છે જે ઉપર بَل لِّلّٰهِ الْاَمْرُ ના ભાવાર્થથી જાણ થઈ ચૂકી છે, એટલે કે) જેને અલ્લાહ તઆલા ગુમરાહીમાં રાખે તેને કોઈ માર્ગ ઉપર લાવનાર નથી (અલબત્ત, તેને જ ગુમરાહ રાખે છે જે સત્ય જાહેર થવા છતાં દુશ્મનાવટમાં રાચે છે).

મસ્અલા અને બોધપાઠ :

મક્કાના મુશ્રિકો સામે ઈસ્લામની સચ્ચાઈની સ્પષ્ટ દલીલો અને રસૂલે કરીમ ﷺના સાચા રસૂલ હોવાની નિશાનીઓ આપ ﷺની જિંદગીના દરેક ક્ષેત્રથી, પછી આશ્ચર્યજનક મોઅ્જિઝાઓથી સંપૂર્ણ રીતે ખુલ્લી થઈ ચૂકી હતી અને તેમનો આગેવાન અબૂજહલ એ કહી ચૂક્યો હતો કે બનૂ હાશિમ સાથે અમારો કૌટુંબિક મુકાબલો છે, અમે તેમની આ શ્રેષ્ઠતાને કઈ રીતે સ્વીકાર કરી લઈએ કે અલ્લાહનો રસૂલ તેમનામાંથી આવ્યો ? એટલા માટે તે કંઈ પણ કહે અને ગમે તેવી નિશાનીઓ બતાવે અમે તેના ઉપર કદાપિ ઈમાન લાવીશું નહીં, આથી તે દરેક તકે આ હઠધર્મીની જાહેરાત વાહિયાત પ્રકારના પ્રશ્નો અને માંગણીઓ દ્વારા કર્યા કરતો હતો. પ્રસ્તુત આયતો પણ અબૂજહલ અને તેના સાથીઓના એક સવાલના જવાબમાં નાઝિલ થઈ છે.

તફસીરે બગવીમાં છે કે મક્કાના મુશ્રિકો જેમાં અબૂજહલ બિન હિશામ અને અબ્દુલ્લાહ ઈબ્ને ઉમય્યહ વિશેષરૂપે વર્ણન કરવાપાત્ર છે. તેઓ એક દિવસે બયતુલ્લાહની પાછળ જઈને બેસી ગયા અને અબ્દુલ્લાહ બિન ઉમય્યાને રસૂલે કરીમ ﷺ પાસે મોકલ્યો, તેણે કહ્યું કે જો તમે એવું ઈચ્છતા હોય કે તમારી કોમ અને અમે બધા તમને રસૂલ સ્વીકારી લઈએ અને તમારું અનુસરણ કરીએ તો અમારી અમુક માંગણીઓ છે, પોતાના કુર્આન દ્વારા તેને પૂર્ણ કરી આપો તો અમે બધા ઈસ્લામનો સ્વીકાર કરી લઈશું.

માંગણીઓમાં એક તો એ હતી કે મક્કા શહેરની જમીન ખૂબ તંગ છે, ચારે

તરફ પહાડોથી ઘેરાયેલો એક ખીણ પ્રદેશ છે જેમાં ન તો ખેતીવાડી કે બાગ-બગીચાની શક્યતા છે અને ન જ બાગાયત કે અન્ય જરૂરિયાતોની સંભાવના છે, તમે મોઅ્જિઝા દ્વારા આ પહાડોને દૂર હટાવી આપો જેથી મક્કાની જમીનનો વિસ્તાર વધી જાય, અંતે આપના જ કહેવા પ્રમાણે હઝરત દાવુદ (અલૈ.) માટે પહાડોએ આવું જ કર્યું હતું જ્યારે તેઓ તસ્બીહ પઢતા તેમની સાથે પહાડ પણ તસ્બીહ પઢતા હતા, તમે તમારા નિવેદન પ્રમાણે અલ્લાહ નજીક હઝરત દાવુદ (અલૈ.)થી ઊતરતી કક્ષાના નથી.

બીજી માંગણી તેમણે એ રજુ કરી હતી કે જે રીતે હઝરત સુલયમાન (અલૈ.) માટે તમારા નિવેદન પ્રમાણે અલ્લાહ તઆલાએ હવાને તા'બે કરી રાખી હતી કે જમીનના મોટા-મોટા અંતરોને ટૂંકા કરી દીધા હતા, તમે પણ અમારા માટે એવું કરી આપો કે જેથી અમારા માટે સિરીયા તથા યમન વગેરેની મુસાફરી સરળ થઈ જાય.

ત્રીજી માંગણી એ હતી કે જે પ્રમાણે હઝરત ઈસા (અલૈ.) મૃત્યુ પામેલાને સજીવન કરી આપતા હતા તમે પણ તેમનાથી ઊતરતી કક્ષાના નથી, તમે પણ અમારા માટે અમારા દાદા કુસય્યને સજીવન કરી આપો જેથી અમે તેમને એ પૂછી શકીએ કે તમારો દીન સાચો છે કે નહીં ?

(મઝહરી, બ હવાલએ બગવી વ ઈબ્ને અબી હાતિમ વ ઈબ્ને મરદુયા)

પ્રસ્તુત આયતોમાં તે વાહિયાત માંગણીઓનો જવાબ આ પ્રમાણે આપવામાં આવ્યો, وَلَوْ اَنَّ قُرْاٰنًا سُيِّرَتْ بِهِ الْجِبَالُ اَوْ قُطِّعَتْ بِهِ الْاَرْضُ اَوْ كُلِّمَ بِهِ الْمَوْتٰى، بَلْ لِّلّٰهِ الْاَمْرُ جَمِيْعًا (૬:૧૧૧)

તેમાં تَسْيِيْرِ جِبَالْ થી પર્વતોને પોતાની જગ્યાએથી હટાવવા અને قُطِّعَتْ بِهِ الْاَرْضُ નો ભાવાર્થ ઓછા સમયમાં ખૂબ લાંબી મુસાફરી પૂર્ણ કરવી અને كُلِّمَ بِهِ الْمَوْتٰى નો ભાવાર્થ મૃત વ્યક્તિને સજીવન કરી તેની સાથે વાતચીત કરવી છે અને لَوْ (લવ) શરત માટેના શબ્દનો જવાબ અત્રે ઈશારામાં આપવામાં આવ્યો છે જે સુષુપ્ત છે, એટલે કે لَمَا آمَنُوْا (લમા આમનુ) જેમકે, કુર્આન મજીદમાં એક બીજા ઠેકાણે આવો જ વિષય તેના જ જવાબ સ્વરૂપે પ્રસ્તુત છે, وَلَوْ اَنَّنَا نَزَّلْنَا اِلَيْهِمُ الْمَلٰٓئِكَةَ وَكَلَّمَهُمُ الْمَوْتٰى وَحَشَرْنَا عَلَيْهِمْ كُلَّ شَىْءٍ قُبُلًا مَّا كَانُوْا لِيُؤْمِنُوْا

તેનો ભાવાર્થ એ છે કે જો કુર્આન દ્વારા મોઅ્જિઝા સ્વરૂપે તેમની આ માંગણીઓ પૂરી કરવામાં આવે ત્યારે પણ તેઓ ઈમાન લાવવાના નથી, કારણ કે તેઓ આ માંગણીઓથી અગાઉ આવા મોઅ્જિઝાઓનો જાતઅનુભવ કરી ચૂક્યા છે જે તેમના માંગણી કરવામાં આવી રહેલા મોઅ્જિઝાઓ કરતા અનેક ઘણા મોટા છે. રસૂલે કરીમ ﷺના ઈશારાથી ચાંદના બે ટૂકડા થઈ જવા પહાડોના પોતાની જગ્યાએથી હટી જવાથી અને હવાને પોતાના કાબૂમાં કરવા કરતાં વધારે આશ્ચર્યજનક મોઅ્જિઝો છે, એ જ પ્રમાણે નિર્જીવ કાંકરીઓનું રસૂલે કરીમ ﷺના હાથમાં બોલવું અને અલ્લાહના વખાણ કરવા કોઈ મૃત વ્યક્તિને પુનઃસજીવન થઈને બોલવાથી ઘણો મોટો મોઅ્જિઝો છે. ''લયલતુલ મેઅ્રાજ''માં મસ્જિદે અક્સા અને પછી ત્યાંથી આસમાનોની મુસાફરી અને ખૂબ ટૂંકા સમયમાં પાછા આવવું, હવા કાબૂમાં કરવી અથવા ''તખ્તે સુલયમાની''ની અજાયબી કરતાંય કેટલું વધારે મહાન છે પરંતુ આ જાલિમો આ બધું કંઈ જોયા પછી પણ જ્યારે ઈમાન ન લાવ્યા તો હવે તેમની માંગણીઓથી પણ તેમની નિય્યતની જાણ થાય છે કે ફક્ત સમય પસાર કરવાનો હેતુ છે તેમની સત્યનો સ્વીકાર કરવાની કોઈ ઈચ્છા કે હેતુ નથી. મુશ્રિકોની આ માંગણીઓનો મકસદ કારણ કે એ જ હતો કે જો અમારી માંગણી પૂર્ણ કરવામાં ન આવે તો અમે કહીશું, મઆઝલ્લાહ ! અલ્લાહ તઆલાને જ આ કાર્યો કરવાની શક્તિ નથી અથવા પછી રસૂલે કરીમ ﷺની વાત અલ્લાહ તઆલાના ત્યાં સ્વીકાર્ય અને સુનાવણીપાત્ર નથી જેનાથી સમજી શકાય છે કે તે અલ્લાહના રસૂલ નથી, એટલા માટે ત્યારબાદ ઈરશાદ ફરમાવ્યો, بَلْ لِّلّٰهِ الْاَمْرُ جَمِيْعًا એટલે કે, “અલ્લાહ તઆલાના માટે જ છે સઘળો અધિકાર.” મતલબ એ છે કે પ્રસ્તુત માંગણીઓને પૂરી ન કરવી એ કારણે નથી કે તે અલ્લાહ તઆલાની કુદરતની બહાર છે જ્યારે કે વાસ્તવિકતા એ છે કે દુનિયાની મસ્લિહતોને તે જ જાણે છે, તેણે જ પોતાની હિકમતથી આ માંગણીઓને પૂર્ણ કરવું યોગ્ય નથી સમજ્યું, કારણ કે માંગણી કરનારાઓની હઠધર્મી અને તેમની નિય્યતની ખોટ તેને ખબર છે, તે જાણે છે કે આ બધી માંગણીઓ પૂર્ણ કરવામાં આવશે ત્યારે પણ તેઓ ઈમાન લાવશે નહીં.

اَفَلَمْ يَايْئَسِ الَّذِيْنَ اٰمَنُوْٓا اَنْ لَّوْ يَشَآءُ اللّٰهُ لَهَدَى النَّاسَ جَمِيْعًا ઈમામ બગવી (રહ.)એ નકલ કર્યું છે કે સહાબએ કિરામ (રદિ.)એ જ્યારે મક્કાના મુશ્રિકોની

આ માંગણીઓ સાંભળી તો એવી તમન્ના કરવા લાગ્યા કે મોઅ્જિઝા સ્વરૂપે આ માંગણીઓ પૂર્ણ કરવામાં આવે તો સારું છે કે બધા જ મક્કાવાળા મુસલમાન થઈ જશે અને ઈસ્લામને ખૂબ શક્તિ પ્રાપ્ત થશે, આથી આ આયત નાઝિલ થઈ જેનો ભાવાર્થ એ છે કે શું ઈમાનવાળા તે મુશ્રિકોના બહાનાઓ અને વાહિયાત પ્રકારની ચર્ચાઓને જોવા અને જાણવા છતાં હજુ સુધી તેમના ઈમાન લાવવાથી નિરાશ નથી થયા કે આવી તમન્ના કરવા લાગ્યા જ્યારે કે તેઓ એ પણ જાણે છે કે જો અલ્લાહ તઆલાએ ચાહ્યું હોત તો બધા જ મનુષ્યોને એવી હિદાયત આપી દેવામાં આવી હોત કે તેઓ મુસલમાન બન્યા વિના રહી જ ન શક્યા હોત, પરંતુ હિકમતનો તકાદો એવો ન હતો કે બધાને ઈસ્લાસ્ર અને ઈમાન ઉપર મજબૂર કરવામાં આવે બલકે, હિકમત એ જ હતી કે દરેક વ્યક્તિનો પોતાનો અધિકાર બાકી રહે, પોતાના અધિકારથી જ ઈસ્લામનો સ્વીકાર કરે અથવા કુફ્રને અપનાવે.

وَلَا يَزَالُ الَّذِيْنَ كَفَرُوْا تُصِيْبُهُمْ بِمَا صَنَعُوْا قَارِعَةٌ اَوْ تَحُلُّ قَرِيْبًا مِّنْ دَارِهِمْ

હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)એ ફરમાવ્યું કે, قَارِعَةٌ (કારીઅહુ)નો અર્થ "મુસીબત" અને "આફત" છે. આ આયતનો ભાવાર્થ એ છે કે તે મુશ્રિકોની માંગણીઓ તો એટલા માટે મંજૂર કરવામાં આવી નથી કે તેમની નિય્યતની ખોટ અને હઠધર્મી ખબર જ હતી કે આ માંગણીઓ પૂર્ણ કરવા છતાં પણ તેઓ ઈમાન લાવવાના નથી, આથી એ લોકો અલ્લાહ સમીપ એ જ બાબતના હકદાર છે કે તેમના ઉપર દુનિયામાં પણ આફતો અને મુસીબતો આવે, જેમકે મક્કાવાળાઓ ઉપર પણ ક્યારેક તો દુષ્કાળની મુસીબત આવી, ક્યારેક ઈસ્લામી ગઝ્વાત (પવિત્ર યુદ્ધો) જેમકે બદ્ર, ઉહદ વગેરેમાં તેમના ઉપર કત્લ અને કેદ થવાની આફતો નાઝિલ થઈ, કોઈના ઉપર વીજળી પડી ગઈ, તો કોઈ અન્ય બલામાં સપડાઈ ગયો. اَوْ تَحُلُّ قَرِيْبًا مِّنْ دَارِهِمْ એટલે કે, ક્યારેક એવું પણ થશે કે મુસીબત સીધે-સીધી તેમના ઉપર નહિ આવે બલકે તેમની નજીકવાળી વસ્તીઓ ઉપર આવશે જેનાથી તેઓ બોધપાઠ ગ્રહણ કરે અને પોતાનો ખરાબ અંજામ તેમને દષ્ટિગોચર થવા લાગે.

حَتّٰى يَاْتِيَ وَعْدُ اللّٰهِ اِنَّ اللّٰهَ لَا يُخْلِفُ الْمِيْعَادَ એટલે કે, આ મુસીબતો અને આફતોનો આ ક્રમ ચાલતો જ રહેશે જ્યાં સુધી કે અલ્લાહ તઆલાનો વાયદો પૂરો ન થઈ જાય, કારણ કે અલ્લાહ તઆલાનો વાયદો ક્યારેય ટળી નથી શકતો, આ

વાયદાનો ભાવાર્થ મક્કા વિજયનો વાયદો છે. મતલબ એ કે તે લોકો ઉપર વિવિધ પ્રકારની આફતો આવતી રહેશે એટલે સુધી કે અંતે મક્કા મુકર્રમહનો વિજય થશે અને આ બધા લોકો પરાજિત અને નિરાશ બનીને રહી જશે.

પ્રસ્તુત આયતમાં اَوْ تَحُلُّ قَرِيْبًا مِّنْ دَارِهِمْ થી જાણ થાય છે કે જે કોમ અને વસ્તીના આસપાસના વિસ્તાર ઉપર કોઈ અઝાબ અથવા મુસીબત કે આફત આવે છે ત્યારે તેમાં અલ્લાહ તઆલા શા'નુહૂની એ હિકમત પણ છુપાયેલી હોય છે કે આજુબાજુની વસ્તીઓને પણ ચેતવણી આપવામાં આવે અને તેઓ અન્યોથી બોધપાઠ ગ્રહણ કરીને પોતાના અમલો ઠીકઠાક કરી લે ત્યારે આ બીજાઓનો અઝાબ તેમના માટે રહમત બની જશે, નહિતર પછી એક દિવસે તેમનો પણ એ જ અંજામ થવાનો છે જે બીજાઓનો જોવા મળે છે.

આજે આપણા દેશમાં આપણા આજુબાજુના વિસ્તારોમાં દરરોજ કોઈ વર્ગ કે કોઈ વસ્તી ઉપર વિવિધ પ્રકારની આફતો આવતી રહે છે, ક્યાંક રેલની તબાહી અને બરબાદી તો ક્યાંક હવાનું તોફાન, ક્યાંક ધરતીકંપનો અઝાબ તો ક્યાંક અન્ય કોઈ આફત; કુર્આને કરીમના આ ઈરશાદ પ્રમાણે આ ફક્ત તે વસ્તીઓ અને કોમોની જ સજા નથી હોતી બલકે આજુબાજુના લોકોને પણ ચેતવણી હોય છે, પાછલા યુગમાં જો કે જ્ઞાન અને કળાની આટલી ટીપટાપ ન હતી પરંતુ લોકોના દિલોમાં અલ્લાહનો ડર હતો, કોઈ સ્થળે આ પ્રમાણે કોઈ દુર્ઘટના બની જાય ત્યારે તે લોકો પોતે પણ અને તેની આજુબાજુના વિસ્તારના લોકો પણ ડરી જતા હતા અને અલ્લાહ તઆલા તરફ રુજૂઅ્ કરી તેના શરણે જતા હતા, પોતાના ગુનાહોની તવબહ કરતા હતા અને મા'ફી તથા સદકહ અને ખયરાતને છુટકારાનું માધ્યમ સમજતા હતા અને આંખોથી જોઈ શકાતું હતું કે તેમની મુસીબતો ઘણી સરળતાથી ટળી જતી હતી. આજે આપણી ગફલત અને બેદરકારીનો એ આલમ છે કે મુસીબતના સમયે પણ અલ્લાહ યાદ નથી આવતો અને અન્ય બધું જ યાદ આવે છે, દુનિયાની સામાન્ય ગેરમુસ્લિમ કોમોની જેમ આપણી નજરો પણ ફક્ત ભૌતિક કારણો ઉપર ચોંટેલી રહે છે પરંતુ "મુસબ્બીબુલ અસ્બાબ" સમગ્ર કાર્યકારણના માલિક તરફ ધ્યાન આપવાની તે સમયે પણ તવફીક ઘણા ઓછા લોકોને થાય છે, તેનું જ પરિણામ એ આવે છે કે દુર્ઘટનાઓનો ક્રમ સતત ચાલ્યા કરે છે અને દુનિયા હંમેશા તેનો ભોગ બનતી રહે છે.

حَتّٰى يَاْتِيَ وَعْدُ اللّٰهِ اِنَّ اللّٰهَ لَا يُخْلِفُ الْمِيْعَادَ એટલે કે, આ કાફિરો અને મુશ્રિકો ઉપર દુનિયામાં પણ વિવિધ પ્રકારના અઝાબો અને આફતોનો આ ક્રમ ચાલતો જ રહેશે એટલે સુધી કે અલ્લાહ તઆલાનો વાયદો આવી પહોંચશે, કારણ કે અલ્લાહ તઆલા પોતાના વાયદાથી વિપરીત ક્યારેય કરતો નથી.

વાયદાનો ભાવાર્થ આ સ્થળે મક્કા વિજય છે જેનો વાયદો અલ્લાહ તઆલાએ નબીએ કરીમ ﷺને કર્યો હતો. આ આયતનો ભાવાર્થ એ છે કે અંતે મક્કા ફતેહ થઈને ત્યાંના બધા મુશ્રિકો તહસ-નહસ અને પરાજિત તથા નિર્માલ્ય થવાના જ છે, એથી પહેલાં પણ તેમના અપરાધોની અમુક-અમુક સજા તેમને મળતી રહેશે અને એવું પણ હોઈ શકે છે કે, وَعْدُ اللّٰهِ (વઅ્દુલ્લાહ)નો ભાવાર્થ આ સ્થળે કયામતનો દિવસ હોય જેનો વાયદો બધા જ પયગમ્બરોને કરવામાં આવ્યો છે અને હંમેશાથી કરેલો છે, તે દિવસે તો દરેક કાફિર અપરાધી પોતાના કર્યાની સંપૂર્ણ સજા ભોગવશે. પ્રસ્તુત ઘટનામાં મુશ્રિકોના વાહિયાત સવાલો અને તેમની હઠધર્મીથી રસૂલે કરીમ ﷺને રંજ અને તકલીફ પહોંચવાનો ભય હતો, એટલા માટે આગલી આયતમાં આપ ﷺની તસલ્લી માટે ફરમાવવામાં આવ્યું, وَلَقَدِ اسْتُهْزِئَ بِرُسُلٍ مِّنْ قَبْلِكَ فَاَمْلَيْتُ لِلَّذِيْنَ كَفَرُوْا ثُمَّ اَخَذْتُهُمْ فَكَيْفَ كَانَ عِقَابِ આ પરિસ્થિતિ જે તમારા ઉપર આવી છે તે માત્ર તમારા ઉપર નથી આવી, તમારાથી અગાઉના અંબિયા (અલૈ.) ઉપર પણ આ જ પ્રકારની હાલતો આવી ચૂકી છે કે મુજરિમો અને ઈન્કારીઓને તેમની સજા ઉપર તરત પકડવામાં નથી આવ્યા અને તે અંબિયા (અલૈ.)ની સાથે ઠેકડી ઉડાવતા અને મજાક-મશ્કરી કરતા રહ્યા, જ્યારે તેઓ તેની પરાકાષ્ઠાએ પહોંચી ગયા તો પછી તેમને અલ્લાહના અઝાબે પકડી લીધા અને કેવા પકડયા કે કોઈને મુકાબલો કરવાની હિંમત ન રહી !

اَفَمَنْ هُوَ قَآئِمٌ عَلٰى كُلِّ نَفْسٍ આ આયતમાં મુશ્રિકોની અજ્ઞાનતા અને બુદ્ધિહીનતાને એ પ્રમાણે સ્પષ્ટ કરવામાં આવી છે કે આ કેવા મૂર્ખાઓ છે કે નિર્જીવ અને સમજ વિનાની મૂર્તિઓને તે પવિત્ર જાતના સમકક્ષ ઠરાવે છે જે દરેક વ્યક્તિ ઉપર દેખરેખ રાખનાર તથા તેમના આચરણ અને પ્રવૃત્તિઓનો હિસાબ લેનાર છે, પછી ફરમાવ્યું કે એનું વાસ્તવિક કારણ એ છે કે શયતાને તેમની આ જહાલતને જ તેમની નજરમાં શણગારી રાખી છે તે તેને જ મોટી શ્રેષ્ઠતા અને સફળતા સમજે છે.

આયતો : (સૂરએ રઅ્દ : આયત નં. ૩૪ થી ૩૭)

لَهُمْ عَذَابٌ فِي الْحَيٰوةِ الدُّنْيَا وَلَعَذَابُ الْاٰخِرَةِ اَشَقُّ ۚ وَمَا لَهُمْ مِّنَ اللّٰهِ مِنْ وَّاقٍ ﴿٣٤﴾ مَثَلُ
الْجَنَّةِ الَّتِيْ وُعِدَ الْمُتَّقُوْنَ ۭ تَجْرِيْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ ۭ اُكُلُهَا دَاۗىِٕمٌ وَّظِلُّهَا ۭ تِلْكَ
عُقْبَى الَّذِيْنَ اتَّقَوْا ڰ وَّعُقْبَى الْكٰفِرِيْنَ النَّارُ ﴿٣٥﴾ وَالَّذِيْنَ اٰتَيْنٰهُمُ الْكِتٰبَ يَفْرَحُوْنَ بِمَآ
اُنْزِلَ اِلَيْكَ وَمِنَ الْاَحْزَابِ مَنْ يُّنْكِرُ بَعْضَهٗ ۭ قُلْ اِنَّمَآ اُمِرْتُ اَنْ اَعْبُدَ اللّٰهَ وَلَآ اُشْرِكَ بِهٖ ۭ
اِلَيْهِ اَدْعُوْا وَاِلَيْهِ مَاٰبِ ﴿٣٦﴾ وَكَذٰلِكَ اَنْزَلْنٰهُ حُكْمًا عَرَبِيًّا ۭ وَلَىِٕنِ اتَّبَعْتَ اَهْوَاۗءَهُمْ بَعْدَ
مَا جَاۗءَكَ مِنَ الْعِلْمِ ۙ مَا لَكَ مِنَ اللّٰهِ مِنْ وَّلِيٍّ وَّلَا وَاقٍ ﴿٣٧﴾

તરજુમો :

તેમને દુનિયાની જિંદગીમાં માર પડે છે અને આખિરતનો માર તો ઘણો જ સખત છે અને તેમને અલ્લાહથી બચાવનારું કોઈ નથી. (૩૪) જન્નતની હાલત જેનો પરહેઝગારોને વાયદો છે તેની નીચે નહેરો વહે છે તેના મેવાઓ હંમેશા છે અને છાંયડો પણ; આ તેમનો બદલો છે જેઓ ડરતા રહ્યા અને ઈન્કારીઓનો બદલો આગ છે. (૩૫) અને તે લોકો જેમને અમે કિતાબ આપી એનાથી ખુશ થાય છે જે તમારા ઉપર નાઝિલ થયું અને અમુક જૂથો તેની અમુક વાતો નથી માનતા, કહો, મને એ જ હુકમ થયો છે કે અલ્લાહની બંદગી કરું અને તેનો ભાગીદાર ન કરું, તેના જ તરફ બોલાવું છું અને તેના જ તરફ મારું ઠેકાણું છે. (૩૬) અને એ જ રીતે અમે આ હુકમ (કલામ) અરબી ભાષામાં ઉતાર્યું અને જો તમે તેમની ઈચ્છા પ્રમાણે ચાલ્યા એ જ્ઞાન પછી કે જે તમને પહોંચી ચૂક્યું (તો) તમારો અલ્લાહથી કોઈ હિમાયતી નથી અને ન જ બચાવનારો. (૩૭)

તફસીર :

તે કાફિરો માટે દુનિયાની જિંદગીમાં (પણ) અઝાબ છે (તે કતલ, કેદ, અપમાન, બીમારીઓ અને આફતો સ્વરૂપે છે) અને આખિરતનો અઝાબ તેનાથી અનેકઘણો વધારે કઠોર છે (કારણ કે કઠોર પણ છે અને કાયમી પણ છે) અને

અલ્લાહ(ના અઝાબ)થી તેમને કોઈ બચાવનાર નહીં હોય (અને) જે જન્નતનો મુત્તકી લોકોને (એટલે કે જે લોકો કુફ્ર અને શિર્કથી બચેલા છે તેમને) વાયદો કરવામાં આવ્યો છે તેનું સ્વરૂપ એ છે કે તે(ની ઈમારતો અને મહેલો)ની નીચેથી નહેરો વહેતી હશે અને તેના ફળો અને તેના છાંયડા કાયમી રહેશે, આ તો અંજામ થયો પરહેઝગારોનો અને કાફિરોનો અંજામ દોઝખ હશે અને જે લોકોને અમે (આસમાની) કિતાબ (એટલે કે તવરાત અને ઈન્જીલ) આપી છે (અને તે તેને સંપૂર્ણ રીતે માનતા હતા) તેઓ એ (કિતાબ)થી ખુશ થાય છે જે તમારા ઉપર નાઝિલ કરવામાં આવી છે (કારણ કે તેની ખબર પોતાની કિતાબોમાં મેળવે છે અને ખુશ થઈને માની લે છે અને ઈમાન લઈ આવે છે જેમકે યહૂદીઓમાં અબ્દુલ્લાહ ઈબ્ને સલામ રદિ. અને તેમના સાથીદારો અને નસારામાં નજ્જાશી અને તેમના કાસદો જેનું વર્ણન અન્ય આયતોમાં પણ છે) અને તેમના જ સમૂહમાં અમુક એવા છે જે એ (કિતાબ)ના અમુક હિસ્સાનો (જેમાં તેમની કિતાબના વિરુદ્ધ હુકમો છે) ઈન્કાર કરે છે (અને કુફ્ર કરે છે) તમે (તેમને) કહી આપો કે (હુકમો બે પ્રકારના છે, એક સૈદ્ધાંતિક-મુખ્ય અને બીજા ગૌણ-પેટા વિભાગમાં અને જો તમે મુખ્ય સૈદ્ધાંતિક હુકમોના વિરોધી છો તો બસ તે બધી શરીઅતોમાં સરખા છે એટલા માટે) મને (તવહીદ વિશે) ફક્ત એ હુકમ થયો છે કે હું અલ્લાહની ઈબાદત કરું અને કોઈને તેનો ભાગીદાર ન ઠરાવું (અને નુબુવ્વત વિશે એ વાત છે કે) હું (લોકોને) અલ્લાહ તરફ જ બોલાવું છું (એટલે કે નુબુવ્વતનો હેતુ એ છે કે હું અલ્લાહ તઆલા તરફ જ આમંત્રણ આપું છું) અને (આખિરત વિશે મારો અકીદહ એ છે કે) તેના જ તરફ મારે (દુનિયાથી પાછા વળીને) જવાનું છે (એટલે કે મુખ્ય આ ત્રણ સિદ્ધાંતો છે, બસ તેમાંથી એક વાત પણ ઈન્કાર કરવાપાત્ર નથી એટલા માટે તવહીદ સૌના સમીપ માન્ય છે, જેમકે આ જ વિષય બીજી આયતમાં પણ છે. ..... تَعَالَوْا اِلٰى كَلِمَةٍ سَوَاءٍ بَيْنَنَا અને નુબુવ્વતમાં પોતાના માટે માલ અને હોદ્દો નથી ઈચ્છતો કે જેનાથી ઈન્કાર કરવાની કોઈ સંભાવના હોય, માત્ર અલ્લાહ તરફ આમંત્રણ આપું છું બસ, આવા લોકો પહેલાં પણ થયા છે જેને તમે પણ માનો છો જેમકે આ જ વિષય બીજી જગ્યાએ પણ છે ..... مَا كَانَ لِبَشَرٍ اَنْ يُّؤْتِيَهُ اللّٰهُ الْكِتٰبَ એ જ પ્રમાણે આખિરત વિશેનો અકીદહ સરખો અને માન્ય તથા ઈન્કાર ન કરી શકાય એવો છે અને જો ગૌણ

બાબતોમાં વિરોધ હોય તો તેનો જવાબ અલ્લાહ તઆલા આ પ્રમાણે આપે છે કે અમે જે રીતે અન્ય રસૂલોને ખાસ-ખાસ ભાષાઓમાં ખાસ હુકમો આપ્યા) એ જ પ્રમાણે અમે આ (કુર્આન)ને એ રીતે નાઝિલ કર્યું કે તે ખાસ હુકમ અરબી ભાષામાં (અરબીની ચોખવટથી ઈશારો થઈ ગયો કે બીજા અંબિયાને બીજી ભાષા તરફ અને બીજી ભાષાઓની વિવિધતાથી ઈશારો થઈ ગયો વિવિધ ઉમ્મતો તરફ; તો આ જવાબનો ખુલાસો એ થયો કે ગૌણ બાબતોમાં વિવિધતા ઉમ્મતોની વિવિધતાના કારણે થઈ છે કારણ કે ઉમ્મતોની મસ્લિહતો દરેક ભાષામાં જુદી-જુદી છે, બસ આ શરીઅતોની વિવિધતા વિરોધ કરવાપાત્ર નથી એટલા માટે પોતે તમારી માન્ય શરીઅતોમાં પણ તેમાં આવી ગૌણ બાબતોનો વિરોધ થયો છે, પછી તમારે વિરોધ અને ઈન્કાર કરવાની શું શકયતા અને સંભાવના બાકી રહે છે ?) અને (હે મુહમ્મદ ﷺ !) જો તમે (ધારી લો કે) તેમની મનેચ્છાઓનું (એટલે કે જે રદ થઈ ચૂકેલા છે તે હુકમો અથવા તો તેમણે જે ફેરબદલ કરી નાંખ્યા છે તે હુકમોનું) અનુસરણ કરવા લાગ્યા તે પછી કે તમારી પાસે (હેતુપૂર્ણ હુકમોનું સ્પષ્ટ) જ્ઞાન (સાચે-સાચું) પહોંચી ચૂક્યું છે તો અલ્લાહ તઆલાના મુકાબલામાં ન તો કોઈ તમારો મદદગાર હશે અને ન જ કોઈ બચાવનાર (અને જ્યારે નબીને આવું સંબોધન કરવામાં આવી રહ્યું છે તો અન્ય લોકો ઈન્કાર કરીને ક્યાં રહેશે ? બસ, તેમાં અહલે કિતાબ ચેતવણી છે અને બંને રીતે ઈન્કારીઓ અને વિરોધીઓનો જવાબ આપી દેવામાં આવ્યો).

આયતો : (સૂરએ રઅ્દ : આયત નં. ૩૮ થી ૪૩)

وَلَقَدْ أَرْسَلْنَا رُسُلًا مِّن قَبْلِكَ وَجَعَلْنَا لَهُمْ أَزْوَاجًا وَذُرِّيَّةً ۚ وَمَا كَانَ لِرَسُولٍ
أَن يَأْتِيَ بِآيَةٍ إِلَّا بِإِذْنِ اللَّهِ ۗ لِكُلِّ أَجَلٍ كِتَابٌ ﴿٣٨﴾ يَمْحُو اللَّهُ مَا يَشَاءُ وَيُثْبِتُ ۖ
وَعِندَهُ أُمُّ الْكِتَابِ ﴿٣٩﴾ وَإِن مَّا نُرِيَنَّكَ بَعْضَ الَّذِي نَعِدُهُمْ أَوْ نَتَوَفَّيَنَّكَ فَإِنَّمَا عَلَيْكَ
الْبَلَاغُ وَعَلَيْنَا الْحِسَابُ ﴿٤٠﴾ أَوَلَمْ يَرَوْا أَنَّا نَأْتِي الْأَرْضَ نَنقُصُهَا مِنْ أَطْرَافِهَا ۚ وَاللَّهُ
يَحْكُمُ لَا مُعَقِّبَ لِحُكْمِهِ ۚ وَهُوَ سَرِيعُ الْحِسَابِ ﴿٤١﴾ وَقَدْ مَكَرَ الَّذِينَ مِن قَبْلِهِمْ فَلِلَّهِ الْمَكْرُ

جَمِيعًا ۖ يَعْلَمُ مَا تَكْسِبُ كُلُّ نَفْسٍ ۗ وَسَيَعْلَمُ الْكُفَّرُ لِمَنْ عُقْبَى الدَّارِ ﴿٤٢﴾ وَيَقُولُ
الَّذِينَ كَفَرُوا لَسْتَ مُرْسَلًا ۚ قُلْ كَفَىٰ بِاللَّهِ شَهِيدًا بَيْنِي وَبَيْنَكُمْ ۙ وَمَنْ
عِنْدَهُ عِلْمُ الْكِتٰبِ ﴿٤٣﴾

તરજુમો :

અને અમે કેટલાય રસૂલ તમારાથી અગાઉ મોકલી ચૂકયા છે અને અમે તેમને પત્નીઓ આપી હતી અને અવલાદ અને કોઈ રસૂલથી થયું નહીં કે તે કોઈ નિશાની લઈ આવે પરંતુ અલ્લાહના ઈજન (હુકમ)થી, દરેક વાયદો લખેલો છે. (૩૮) અલ્લાહ જે ચાહે મિટાવે છે અને બાકી રાખે છે અને તેની જ પાસે અસલ કિતાબ છે. (૩૯) અને જો અમે તમને કોઈ વાયદો બતાવીએ જે અમે તેમને કર્યો છે અથવા તમને ઉઠાવી લઈએ, બસ તમારી જવાબદારી તો પહોંચાડી દેવાની છે અને હિસાબ લેવો અમારી જવાબદારી છે. (૪૦) શું તેઓ જોતા નથી કે અમે જમીનને તેના કિનારાઓએથી ઘટાડતા ચાલ્યા આવીએ છીએ અને અલ્લાહ હુકમ કરે છે, કોઈ નથી કે તેના હુકમને પાછળ નાંખે અને તે જલદી હિસાબ લે છે. (૪૧) અને પ્રપંચ કરી ચૂકયા છે જે તેમનાથી અગાઉ હતા, બસ અલ્લાહના હાથમાં છે બધા ફરેબ, જાણે છે જે કંઈ દરેક નફસ કમાય છે અને હવે કાફિરો જાણી લેવાના છે કે પાછલું (આકિબતનું) ઘર કોનું થાય છે. (૪૨) અને કાફિર કહે છે તું મોકલેલો નથી આવ્યો, કહી આપો ! અલ્લાહ મારા અને તમારા વચ્ચે ગવાહ પૂરતો છે અને જેને કિતાબની ખબર છે. (૪૩)

તફસીર :

અને (અહલે કિતાબમાંથી અમુક જે નુબુવ્વત ઉપર કટાક્ષ કરે છે કે તેમની પાસે ઘણી પત્નીઓ છે તો બસ તેનો જવાબ એ છે કે) અમે ખરેખર તમારા અગાઉ ઘણા બધા રસૂલો મોકલ્યા અને અમે તેમને પત્નીઓ અને બાળકો પણ આપ્યા (આ રિસાલતનો નકાર કરતી કોઈ પ્રવૃત્તિ નથી, આવો જ વિષય બીજી આયતમાં છે .... (أَمْ يَحْسُدُونَ النَّاسَ عَلَىٰ مَا آتَاهُمُ اللَّهُ) અને (કારણ કે શરીઅતોની વિવિધતાની શંકા અન્ય શંકાઓથી વધારે મશહૂર છે અને તેનો

ખુલાસો ઉપર ફક્ત અછડતો રજુ થયો હતો એટલા માટે આગળ આ શંકાનો જવાબ ફરીવાર વધુ વિગતે વર્ણવવામાં આવે છે કે જે વ્યક્તિ નબી ઉપર શરીઅતોની વિવિધતાની શંકા કરે છે તે અંદરખાનેથી નબીને હુકમોના માલિક સમજે છે જ્યારે કે) કોઈ પયગમ્બરના અધિકારમાં એ બાબત નથી કે એક આયત (એટલે કે એક હુકમ) અલ્લાહના હુકમ વિના (પોતાના તરફથી) લાવી શકે (બલકે, હુકમો નક્કી થવું અલ્લાહ તઆલાની મરજી અને તેના હુકમ ઉપર અવલંબિત છે અને અલ્લાહ તઆલાની હિકમત અને મસ્લિહતના આધારે આ ક્રમ નક્કી છે કે) દરેક યુગની યોગ્યતાના આધારે ખાસ-ખાસ હુકમો હોય છે (પછી બીજા યુગમાં અમુક બાબતોમાં અલગ પ્રકારના હુકમો આવે છે અને પ્રથમ હુકમો મુલતવી થઈ જાય છે અને અમુક હુકમો યથાવત્ રહે છે. બસ,) અલ્લાહ તઆલા (જ) જે હુકમને ચાહે મુલતવી કરી આપે છે અને જે હુકમને ઈચ્છે કાયમ રાખે છે અને મૂળ કિતાબ (એટલે કે લવહે મહફૂઝ) તેની જ પાસે (રહે) છે (અને આ બધા હુકમો નાસિખ-રદ કરનાર અને મન્સૂખ-રદ થયેલ તથા મુસ્તમર-ચાલુ રહેલા તેમાં લખાયેલા છે, તે કિતાબ આ બધાની સર્વગ્રાહી સંગ્રાહક અને એક પ્રકારે સંપૂર્ણ માપદંડ છે, એટલે કે દુનિયામાં આ હુકમો આવે છે તે અલ્લાહના જ કબ્જામાં છે બસ, પાછલા હુકમો પ્રમાણે અથવા બદલાયેલા હુકમો લાવવામાં કોઈને કાબૂ અને કોઈપણ છૂટ નથી હોઈ શકતી.)

અને (આ લોકો જે એ બીના ઉપર નુબુવ્વતનો ઈન્કાર કરે છે કે જો તમે નબી છો તો નુબુવ્વતનો ઈન્કાર ઉપર જે અઝાબનો વાયદો કરવામાં આવે છે તે અઝાબ કેમ નાઝિલ નથી થતો ? તેના વિશે સાંભળી લો કે) જે વાતનો (એટલે કે અઝાબનો) અમે તેમને (નુબુવ્વતના ઈન્કાર કરવા ઉપર) વાયદો કરી રહ્યા છે તેમાં અમુક ઘટનાઓ જો અમે તમને બતાવી આપીએ (એટલે કે આપ ﷺની હયાતીમાં કોઈ અઝાબ તેમના ઉપર નાઝિલ થઈ જાય) ભલે (તે અઝાબના નાઝિલ થવા પહેલાં) અમે તમને વફાત આપી દઈએ (પછી પાછળથી તે અઝાબ આવી પડે, ભલે દુનિયામાં અથવા આખિરતમાં બંને પરિસ્થિતિમાં આપ ﷺ કોઈ ચિંતા કે દરકાર ન રાખો, કારણ કે) બસ, તમારી જવાબદારી તો ફક્ત (હુકમોને) પહોંચાડી દેવાની છે અને હિસાબ-પકડ કરવું અમારું કામ છે (આપ ﷺ એ ચિંતામાં શા માટે પડો કે જો ખરેખર થઈ જાય તો સારું છે, કદાચ તેઓ

ઈમાન લઈ આવે અને તે લોકો ઉપર પણ તાજ્જુબ છે કે કુફ્ર ઉપર અઝાબ આવી પડવામાં કઈ રીતે ઈન્કાર કરી રહ્યા છે ?) શું (અઝાબની ઘટનાઓમાંથી) એ બાબતને જોઈ રહ્યા નથી કે (અમે ઈસ્લામના વિજય દ્વારા તેમની) જમીનને ચારે તરફથી બરાબર ઓછી કરતા ચાલ્યા આવીએ છીએ ? (એટલે કે તેમની અમલદારી ઈસ્લામી વિજયના કારણે દરરોજ ઘટતી ચાલે છે. બસ, આ પણ એક પ્રકારનો અઝાબ છે જે અસલી અઝાબની પ્રસ્તાવના છે, જેમકે બીજી આયતમાં છે (وَلَنُذِيقَنَّهُم مِّنَ الْعَذَابِ الْأَدْنَىٰ دُونَ الْعَذَابِ الْأَكْبَرِ) અને અલ્લાહ તઆલા જે ઈચ્છે છે હુકમ કરે છે, તેના હુકમને કોઈ હટાવનાર નથી (બસ, અઝાબ થોડો હોય અથવા મોટો હોય, જે પણ હોય તેને કોઈ તેમના ખુદાઈ ભાગીદારો અથવા ખુદાઈ ભાગીદારો ન હોય તે પણ રદ કરી શકશે નહીં) અને (જો તેમને થોડી મહોલત પણ મળી ગઈ તો શું થયું ?) તે ઘણો જ જલદી હિસાબ લેનારો છે (ફક્ત થોડીવાર મોડું થશે પછી તરત જ સજા શરૂ થઈ જશે) અને (આ લોકો જે રસૂલે કરીમ ﷺને કષ્ટ આપે છે અને ઈસ્લામનું અપમાન કરવા જાત-જાતની યુક્તિઓ કરે છે તો તેનાથી કંઈ થતું નથી એટલા માટે) તેમનાથી પહેલાં જે (કાફિર) લોકો થઈ ચૂક્યા છે તેમણે (પણ આ જ હેતુ અને મકસદ માટે મોટી-મોટી) યુક્તિઓ કરી, બસ (કંઈ પણ ન થયું. કારણ કે) અસલ યુક્તિ તો અલ્લાહની જ છે (તેની સામે કોઈનું કંઈ ચાલતું નથી બસ, અલ્લાહે તેમની તે યુક્તિઓ ન ચાલવા દીધી અને) તેને બધી ખબર રહે છે જે વ્યક્તિ જે કંઈ પણ કરે છે (પછી તેને સમય ઉપર સજા આપે છે) અને (એ જ પ્રમાણે) આ કાફિરો(ના અમલો પણ બધા તેને ખબર છે, તેઓ)ને (પણ) હવે ખબર થઈ જવાની છે કે આ દુનિયામાં નેક પરિણામ કોના હિસ્સામાં છે (તેમના હિસ્સામાં કે મુસલમાનોના ? મતલબ કે ઘણા જ જલદી તેમને પોતાનું ખરાબ પરિણામ અને પોતાના આચરણની સજાની ખબર પડી જશે) અને આ કાફિર લોકો (તે સજાઓને ભૂલી ગયા) એવું કહી રહ્યા છે કે (નઊઝુબિલ્લાહ !) તમે પયગમ્બર નથી, આપ (ﷺ) કહી આપો કે (તમારો ઈન્કાર કરવો અર્થ વગરનો છે અને તેનાથી શું થવાનું છે ?) મારા અને તમારા વચ્ચે (મારી નુબુવ્વત ઉપર) અલ્લાહ તઆલા અને તે વ્યક્તિ જેની પાસે (આસમાની) કિતાબનું જ્ઞાન છે, (જેમાં મારી નુબુવ્વતની ખરાઈ છે) પૂરતા ગવાહ છે (તેનો ભાવાર્થ અહલે કિતાબના વિદ્વાનો

જે ન્યાયપ્રિય હતા અને જે નુબુવ્વતની આગાહીઓ જોઈને ઈમાન લઈ આવ્યા હતા, મતલબ એ થયો કે મારી નુબુવ્વતની બે દલીલો છે, એક બૌદ્ધિક અને બીજી અલ્લાહ તરફથી નાઝિલ થયેલ, બૌદ્ધિક અને તાર્કિક દલીલ તો એ છે કે અલ્લાહ તઆલાએ મોઅ્જિઝા અર્પણ કર્યા જે નુબુવ્વતની દલીલ છે અને અલ્લાહ તઆલાના ગવાહ હોવાનો આ જ અર્થ છે અને અલ્લાહ તરફથી નાઝિલ થયેલ પાછલી આસમાની કિતાબોમાં તેની ખબર મોજૂદ છે, જો વિશ્વાસ ન આવે તો ન્યાયપ્રિય વિદ્વાનો-ઉલમાથી પૂછી લો તેઓ જાહેર કરી આપશે, અલબત્ત બૌદ્ધિક, તાર્કિક તથા નાઝિલ થયેલ દલીલો છતાં નુબુવ્વતનો ઈન્કાર કરવો દુષ્ટતા અને કમનસીબી સિવાય બીજું શું છે ?! કોઈપણ બુદ્ધિશાળી વ્યક્તિએ નુબુવ્વત વિશે શંકામાં ન પડવું જોઈએ).

મસ્અલા અને બોધપાઠ :

કાફિરો અને મુશ્રિકોની રસૂલો અને નબીઓ વિશે એક સામાન્ય વિચારસરણી એ હતી કે તેઓ મનુષ્યજાતિ સિવાય એટલે કે માનવ સિવાય કોઈ બીજી મખ્લૂક ફરિશ્તાઓ સ્વરૂપની હોવી જોઈએ, જેના કારણે સામાન્ય મનુષ્યો ઉપર તેમની શ્રેષ્ઠતા સ્પષ્ટ થઈ જાય. કુર્આને કરીમે તેમની આ ખોટી વિચારસરણીનો જવાબ વિવિધ આયતોમાં આપ્યો છે કે તમે નુબુવ્વત અને રિસાલતની વાસ્તવિકતા તથા તેની હિકમતને નથી ઓળખતા એટલા માટે આવી કલ્પનાઓ કરી રહ્યા છો, કારણ કે રસૂલને અલ્લાહ તઆલાએ એક નમૂનો બનાવીને મોકલ્યા છે કે ઉમ્મતના બધા જ મનુષ્યો તેમનું અનુસરણ કરે, તેમના જેવા અમલો અને અખ્લાક શીખે અને એ જાહેર છે કે કોઈ વ્યક્તિ પોતાના જેવા મનુષ્યનું જ અનુસરણ અને અનુકરણ કરી શકે છે, જો રસૂલ કે નબી તેની પ્રજાતિનો ન હોય તો તેમનું અનુસરણ કરવું મનુષ્ય માટે અશક્ય છે, દાખલા તરીકે ફરિશ્તાને ન તો ભૂખ લાગે છે અને ન જ તરસ, ન તો તેને મનેચ્છાઓથી કોઈ વાસ્તો છે અને ન જ તેમને ઊંઘ આવે છે અને ન જ તેઓ થાકે છે. હવે જો માનવોને તેમનું અનુસરણ અને અનુકરણ કરવાનો હુકમ આપવામાં આવે તો તેમના માટે તેમની શક્તિથી વધારે તકલીફ ઊભી થઈ શકે છે અને આવી પરિસ્થિતિમાં પણ મુશ્રિકોનો એ જ વાંધો હોત, ખાસ કરીને જ્યારે રસૂલે કરીમ ﷺની પત્નીઓની સંખ્યાથી તેમની એ શંકા અને સંદેહ વધી ગયો તેનો જવાબ

પ્રથમ આયતના શરૂઆતના વાક્યોમાં આ પ્રમાણે આપવામાં આવ્યો કે એક અથવા એકથી વધારે નિકાહ કરવા અને પત્ની તથા બાળકો હોવા નુબુવ્વત અને રિસાલતની વિરુદ્ધ દલીલ કઈ રીતે સમજી લીધી ? અલ્લાહ તઆલાની તો શરૂઆતથી જ એ સુન્નત રહી છે કે તે પોતાના પયગમ્બરોને ઘરબારવાળા અને અવલાદવાળા બનાવે છે, જેટલા અંબિયા (અલૈ.) અગાઉ થઈ ચૂક્યા છે અને તેમાંથી અમુકની નુબુવ્વતના તમે માનનારા પણ છો તે બધાઓને પણ અનેક પત્નીઓ હતી અને તેઓ પણ અવલાદવાળા હતા, તેમને નુબુવ્વત અથવા રિસાલત અને મોટાઈ કે વિલાયતના વિરુદ્ધ સમજવું માત્ર મૂર્ખાઈ છે.

સહીહ બુખારી અને મુસ્લિમમાં છે કે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે હું તો રોઝા પણ રાખું છું અને ઈફતાર પણ કરું છું (એટલે એવો નથી કે હંમેશા રોઝા જ રાખ્યા કરું) અને ફરમાવ્યું કે હું રાત્રે સૂઈ પણ જાઉં છું અને નમાઝ માટે ઊભો પણ થાઉં છું (એટલે કે એવો નથી કે રાતભર ઈબાદત જ કર્યા કરું) અને માંસ પણ ખાઉં છું અને સ્ત્રીઓ સાથે નિકાહ પણ કરું છું, જે વ્યક્તિ મારી આ સુન્નતને વાંધાજનક સમજે તે મુસલમાન નથી. مَا كَانَ لِرَسُوْلٍ اَنْ يَّاْتِيَ بِاٰيَةٍ اِلَّا بِاِذْنِ اللّٰهِ એટલે કે, કોઈ રસૂલને અધિકાર નથી કે તે એક આયત પણ અલ્લાહ તઆલાના હુકમ વિના પોતે લાવી શકે.

કાફિરો અને મુશ્રિકો જે વાહિયાત સવાલો હંમેશા અંબિયા (અલૈ.)ની સામે રજુ કરતા આવ્યા છે અને આપ ﷺની સામે પણ તે યુગના મુશ્રિકોએ રજુ કર્યા તેમાં બે સવાલ ઘણા પ્રખ્યાત છે, એક એ કે અલ્લાહની કિતાબમાં અમારી ઈચ્છા પ્રમાણે હુકમો નાઝિલ થયા કરે જેમકે સૂરએ યૂનુસમાં તેમની આ દરખાસ્તનું વર્ણન છે. اِئْتِ بِقُرْاٰنٍ غَيْرِ هٰذَآ اَوْ بَدِّلْهُ એટલે કે, યા તો તમે આ ઉપસ્થિત કુર્આનના બદલે બિલકુલ કોઈ બીજું કુર્આન લાવો જેમાં અમારી મૂર્તિઓની પૂજાની મનાઈ કરવામાં ન આવી હોય અથવા તો તમે પોતે જ તેના લાવેલા હુકમોને બદલી નાંખો, અઝાબના બદલે રહમત અને હરામના બદલે હલાલ કરી આપો.

બીજો સવાલ અંબિયા (અલૈ.)ના સ્પષ્ટ મોઅ્જિઝાઓ જોઈ લીધા છતાં નવા-નવા પ્રકારના મોઅ્જિઝાઓની માંગણી કરવી કે ફલાણા પ્રકારનો મોઅ્જિઝો બતાવો તો અમે મુસલમાન થઈશું, કુર્આને કરીમના આ વાક્યમાં

શબ્દ آيَة (આયહ)થી બંને વસ્તુઓ ભાવાર્થ તરીકે હોઈ શકે છે, કારણ કે કુર્આનની પરિભાષામાં કુર્આનની આયતને પણ આયત કહેવામાં આવે છે અને મોઅ્જિઝાને પણ; એટલા માટે આ આયતની તફસીરમાં વિવરણકારોમાંથી અમુકે કુર્આનની આયત ભાવાર્થ તરીકે લઈને એવો ભાવાર્થ વર્ણન કર્યો છે કે કોઈ પયગમ્બરને એ અધિકાર નથી હોતો કે પોતાના તરફથી પોતાની કિતાબમાં કોઈ આયત બનાવી લે અને અમુકે આ આયતનો ભાવાર્થ મોઅ્જિઝો લઈને એવો ભાવાર્થ ઠરાવ્યો છે કે કોઈ રસૂલ અથવા નબીને અલ્લાહ તઆલાએ એવો અધિકાર નથી આપ્યો કે જે સમયે ઈચ્છે અને જે પ્રમાણે ઈચ્છે મોઅ્જિઝો જાહેર કરે, તફસીરે રૂહુલ મઆનીમાં ફરમાવ્યું કે "ઉમૂમે મજાઝ"ના કાયદા પ્રમાણે આ સ્થળે બંને અર્થ ભાવાર્થ તરીકે હોઈ શકે છે અને બંને તફસીરો સાચી હોઈ શકે છે.

આ આધારે આયતના વિષયનો ખુલાસો એ થયો કે અમારા રસૂલ પાસે કુર્આનની આયતો બદલવાની માંગણી વ્યર્થ અને ખોટી છે, અમે એવો અધિકાર કોઈ રસૂલને નથી આપ્યો, એ જ પ્રમાણે એવી માંગણી કરવી કે ફલાણો ખાસ પ્રકારનો મોઅ્જિઝો બતાવો, એ પણ નુબુવ્વતની વાસ્તવિકતાથી અજ્ઞાનતાની દલીલ છે, કારણ કે કોઈ નબી અથવા રસૂલના અધિકારમાં નથી હોતું કે લોકોની ઈચ્છા પ્રમાણે તે જેવો ઈચ્છે મોઅ્જિઝો જાહેર કરે.

لِكُلِّ اَجَلٍ كِتَابٌ માં اَجَل (અઝલ)નો અર્થ નક્કી સમય અથવા મુદ્દતને કહેવામાં આવે છે અને كِتَابٌ (કિતાબ) આ સ્થળે ક્રિયાપદના અર્થમાં છે, એટલે કે ભાવાર્થ એ છે કે દરેક વસ્તુની એક નક્કી સમયસીમા અને પ્રમાણ અલ્લાહ તઆલા પાસે લખેલું છે, તેને "અઝલ"થી લખી દેવામાં આવ્યું છે કે ફલાણો વ્યક્તિ ફલાણા સમયે પેદા થશે અને આટલા દિવસો જીવીત રહેશે, ક્યાં-ક્યાં જશે, શું-શું કામો કરશે અને કયા સમયે અને ક્યાં મરશે.

એ જ પ્રમાણે એ પણ લખેલું છે કે ફલાણા યુગમાં ફલાણા પયગમ્બર ઉપર શું વહી અને હુકમો નાઝિલ થશે, કારણ કે હુકમોનું દરેક યુગ અને દરેક કોમની યોગ્ય પરિસ્થિતિ પ્રમાણે આવતા રહેવું જ તર્કસંગત અને ન્યાયનો તકાદો છે અને એ પણ લખેલું છે કે ફલાણા પયગમ્બર દ્વારા ફલાણા સમયે કયા-કયા પ્રકારનો મોઅ્જિઝો જાહેર થશે ?

એટલા માટે રસૂલે કરીમ ﷺ પાસે એવી માંગણી કરવી કે ફલાણા પ્રકારના કુર્આનના હુકમમાં ફેરબદલ કરાવો અથવા એવી માંગણી કરવી કે ફલાણો ખાસ મોઅ્જિઝો બતાવો, એક વાહિયાત અને ખોટી માંગણી છે જે રિસાલત અને નુબુવ્વતની હકીકતથી અજ્ઞાન હોવા ઉપર આધારિત છે.

يَمْحُوا اللّٰهُ مَا يَشَآءُ وَيُثْبِتُ وَعِنْدَهٗٓ اُمُّ الْكِتٰبِ તેમાં اُمُّ الْكِتٰبِ (ઉમ્મુલ કિતાબ)નો શાબ્દિક અર્થ "મૂળ કિતાબ" અથવા "અસલ કિતાબ" થાય છે, તેનો ભાવાર્થ તે "લવહે મહફૂઝ" છે જેમાં કોઈ તબદીલી કે પરિવર્તન થઈ શકતું નથી.

આયતનો ભાવાર્થ એ છે કે અલ્લાહ તઆલા પોતાની સંપૂર્ણ કુદરત અને ઉચ્ચ કક્ષાની હિકમતથી જે વસ્તુને ઇચ્છે છે મિટાવી દે છે અને જે વસ્તુને ચાહે છે કાયમ અને બાકી રાખે છે અને તેના મિટાવવા અને બાકી રાખવા પછી જે કંઈ પરિસ્થિતિ ઉત્પન્ન થાય છે તે અલ્લાહ તઆલાની પાસે સુરક્ષિત છે જેના ઉપર કોઈની પહોંચ નથી અને ન જ તેમાં કોઈ વધારો-ઘટાડો થઈ શકે છે.

તફસીરના ઇમામોમાંથી હઝરત સઈદ ઇબ્ને ઝુબૈર અને કતાદહ (રદિ.) વગેરેએ આ આયતને પણ શરીઅતના હુકમો રદ કરવાના અને બાકી રાખવાના એટલે કે "નસ્ખ"ના મસ્અલા વિશે હોવાનું ઠરાવ્યું છે. આ આયતનો ભાવાર્થ એ વર્ણન કર્યો કે અલ્લાહ તઆલા જે દરેક યુગ અને દરેક કોમ માટે વિવિધ રસૂલો દ્વારા પોતાની કિતાબો મોકલે છે જેમાં શરીઅતના હુકમો અને ફરજોનું વર્ણન હોય છે, એ જરૂરી નથી કે આ બધા જ હુકમો કાયમી હોય અને હંમેશા બાકી રહે બલકે કોમોની પરિસ્થિતિઓ અને દરેક યુગના પરિવર્તનો પ્રમાણે પોતાની હિકમત દ્વારા જે હુકમને ઇચ્છે છે રદ કરી દે છે અને જેને ઇચ્છે છે કાયમ અને બાકી રાખે છે અને અસલ કિતાબ દરેક હાલતમાં તેની પાસે સુરક્ષિત છે જેમાં પ્રથમથી જ એ લખેલું છે કે ફલાણો હુકમ ફલાણી કોમ માટે નાઝિલ કરવામાં આવ્યો છે, આ એક ખાસ મુદત માટે ખાસ પરિસ્થિતિની બીનાએ છે, જ્યારે આ સમયગાળો પસાર થઈ જશે અથવા તે પરિસ્થિતિ પણ બદલાઈ જશે તો આ હુકમ પણ બદલાઈ જશે. આ "ઉમ્મુલ કિતાબ"માં તેની મુદત અને નક્કી સમય પણ ચોક્કસ ગણતરી સાથે નક્કી કરવામાં આવ્યો છે અને એ પણ કે આ હુકમને બદલીને કયો હુકમ લાવવામાં આવશે ?

આથી એ શંકા પણ નિર્મૂળ થઈ ગઈ કે અલ્લાહના હુકમો ક્યારેય મન્સૂખ (રદ) ન થવા જોઈએ, કારણ કે કોઈ હુકમ લાગુ પાડ્યા પછી મન્સૂખ (રદ) કરવો તે એ બાબતની નિશાની છે કે હુકમ લાગુ પાડનારને પરિસ્થિતિનો અંદાજો ન હતો, એટલા માટે પરિસ્થિતિ જોયા પછી તેને મન્સૂખ કરવો પડ્યો અને દેખીતું છે કે અલ્લાહ તઆલાની શા'ન આ બધી વસ્તુઓથી ઉપરવટ છે, કારણ કે કોઈ વસ્તુ તેના જ્ઞાનથી બાકાત નથી. ઉપરોક્ત ચર્ચાથી જાણ થઈ કે જે હુકમને મન્સૂખ કરવામાં આવે છે અલ્લાહ તઆલાના જ્ઞાનમાં પ્રથમથી જ હોય છે કે આ હુકમ ફક્ત આટલા સમય માટે લાગુ પાડવામાં આવ્યો છે ત્યારબાદ તેને બદલવામાં આવશે, તેનું ઉદાહરણ એવું હોય છે જેમકે કોઈ બીમારની હાલત જોઈને કોઈ હકીમ અથવા ડૉક્ટર એક દવા તે સમયે પરિસ્થિતિ અનુસાર નક્કી કરે છે અને તે જાણે છે કે આ દવાની આ પ્રમાણે અસર થશે અને ત્યારબાદ આ દવાને બદલીને બીજી દવા આપવામાં આવશે. ખુલાસો એ છે કે આ તફસીર પ્રમાણે આયતમાં "મહ્વ વ ઈસ્બાત"નો ભાવાર્થ હુકમોનું મન્સૂખ (રદ) થવું અથવા બાકી રહેવું છે.

તફસીરના ઈમામોમાંથી એક વર્ગ સુફિયાન થૌરી (રહ.) અને વકીઅ્ (રહ.) વગેરેએ હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.) દ્વારા આ આયતની બીજી તફસીર વર્ણન કરી જેમાં આયતના વિષયને તકદીરના લખાણ સંબંધિત હોવાનું ઠરાવ્યું છે અને આયતનો ભાવાર્થ એ વર્ણન કરવામાં આવ્યો છે કે કુર્આન અને હદીષના ખુલાસાઓ પ્રમાણે મખ્લૂક (સર્જન)ની તકદીરો અને દરેક વ્યક્તિની ઉંમર તથા જિંદગીપર્યંત મળનાર રોજી અને ઉપસ્થિત થનાર રાહત તથા મુસીબત અને તે બધી વસ્તુઓના પ્રમાણ અલ્લાહ તઆલાએ અઝલમાં મખ્લૂકોની પેદાઇશથી પણ પહેલાં લખેલા છે, પછી બાળકના જન્મ સમયે ફરિશ્તાઓને પણ લખાવી દેવામાં આવે છે અને દરેક વર્ષે શબેકદ્રમાં આ વર્ષની અંદર રજુ થનાર ઘટનાઓની યાદી ફરિશ્તાઓને સોંપી દેવામાં આવે છે.

ખુલાસો એ છે કે મખ્લૂકમાં દરેક સભ્યની ઉંમર, રોજી, હલન-ચલન, સ્થાયી થવું વગેરે નક્કી છે, લખેલ છે; પરંતુ અલ્લાહ તઆલા આ તકદીરના લખાણમાંથી જેને ચાહે મિટાવી દે છે અને ચાહે બાકી રાખે છે. وَعِنْدَهٗٓ اُمُّ الْكِتٰبِ એટલે કે, અસલ કિતાબ જેના પ્રમાણે મિટાવવા અથવા બાકી રાખવા પછી પરિણામે અમલ કરવાનો છે તે અલ્લાહ તઆલાની પાસે છે, તેમાં કોઈ ફેરબદલ

કે પરિવર્તન થઈ શકતું નથી.

તેનો ખુલાસો એ છે કે ઘણી બધી સહીહ હદીષોથી જાણ થાય છે કે અમુક અમલોથી મનુષ્યની ઉંમર અને રોજી વધી જાય છે, અમુકના કારણે ઘટી જાય છે. સહીહ બુખારીમાં છે કે સીલારહમી ઉંમરમાં વધારાનું કારણ બને છે અને મુસ્નદે અહમદની રિવાયતમાં છે કે અમુક સમયે વ્યક્તિ કોઈ એવો ગુનોહ કરી બેસે છે કે તેના કારણે રોજીથી વંચિત કરી દેવામાં આવે છે અને માં-બાપની સેવા તથા આજ્ઞાપાલનથી ઉંમર વધી જાય છે તથા અલ્લાહની તકદીરને દુઆ સિવાય કોઈ વસ્તુ ટાળી શકતી નથી.

આ તમામ રિવાયતોથી જાણ થાય છે કે અલ્લાહ તઆલાએ જે ઉંમર અથવા રોજી વગેરે કોઈની તકદીરમાં લખી આપ્યું છે તે અમુક આચરણના કારણે ઓછું અથવા વધારે થઈ શકે છે અને દુઆના કારણે પણ તકદીર બદલાઈ શકે છે.

આ આયતમાં આ જ વિષયનું વર્ણન આ પ્રમાણે કરવામાં આવ્યું કે તકદીરની કિતાબમાં લખેલી ઉંમર અથવા રોજી, મુસીબત કે રાહત વગેરેમાં જે ફેરબદલ અને પરિવર્તન કોઈ અમલ અથવા દુઆના કારણે થાય છે તેનો ભાવાર્થ તે તકદીરની કિતાબ જ છે જે ફરિશ્તાઓના હાથમાં અથવા તેમના જ્ઞાનમાં છે, તેમાંથી અમુક સમયે કોઈ હુકમ કોઈ ખાસ શરત ઉપર અવલંબિત હોય છે, જ્યારે તે શરત જોવા ન મળે તો આ હુકમ બાકી નથી રહેતો અને પછી આ શરત અમુક સમયે તો લખેલી હોય છે તે ફરિશ્તાઓની જાણમાં હોય છે અને અમુક સમયે લખેલી નથી હોતી, ફક્ત અલ્લાહ તઆલાના જ્ઞાનમાં હોય છે, જ્યારે તે હુકમ બદલી નાંખવામાં આવે છે તો બધા આશ્ચર્યમાં પડી જાય છે, એ જ પ્રમાણેની તકદીર "તકદીરે મુઅલ્લક" કહેવાય છે જેમાં આ આયતના ખુલાસા પ્રમાણે "મહ્વ" (રદ થવું) અને "ઈષ્બાત" (બાકી રહેવું) થતું રહે છે, એટલે કે "મિટાવી દેવું અથવા બાકી રાખવું" થતું રહે છે પરંતુ આયતના અંતિમ વાક્ય وَعِنْدَهٗٓ اُمُّ الْكِتٰبِ એ બતાવી દીધું કે આ "તકદીરે મુઅલ્લક" ઉપર એક "તકદીરે મુબરમ" પણ છે જે "ઉમ્મુલ કિતાબ"માં લખાણ સ્વરૂપે અલ્લાહ તઆલાની પાસે છે, તે ફક્ત અલ્લાહના જ્ઞાન માટે ખાસ છે, તેમાં તે હુકમો લખવામાં આવે છે જે અમલોની શરત અથવા દુઆ પછી અંતિમ પરિણામ સ્વરૂપે હોય છે,

એટલા માટે તે "મહ્વ" અને "ઈષ્બાત" અને વધારા–ઘટાડાથી બિલકુલ બાકાત છે.

(ઈબ્ને કષીર)

وَاِنْ مَّا نُرِيَنَّكَ بَعْضَ الَّذِىْ نَعِدُهُمْ اَوْنَتَوَ فَّيَنَّكَ આ આયતમાં રસૂલે કરીમ ﷺને તસલ્લી આપવા અને સંતોષિત કરવા ખાતર ઈરશાદ ફરમાવ્યો કે, અલ્લાહ તઆલાએ તમને જે વાયદો કર્યો છે કે ઈસ્લામનો સંપૂર્ણ વિજય થશે અને કુફ્ર તથા કાફિરો અપમાનિત અને ઝલીલ થશે તે તો થઈને રહેશે જ પરંતુ તમે એ ચિંતામાં ન પડો કે આ સંપૂર્ણ વિજય ક્યારે થશે ? શક્ય છે કે તમારી જિંદગીમાં જ થઈ જાય અથવા એ પણ શક્ય છે કે તમારી વફાત પછી થાય અને તમારા સંતોષ માટે એ પણ પૂરતું છે કે તમે બરાબર જોઈ રહ્યા છો કે અમે કાફિરોની જમીનોને તેમના આજુબાજુના વિસ્તારોએથી ઘટાડતા જઈ રહ્યા છે, એટલે કે આ આજુબાજુના વિસ્તાર મુસલમાનોના કબ્જામાં આવી રહ્યા છે, એ જ પ્રમાણે તેમના કબ્જા હેઠળની જમીન ઘટી રહી છે અને મુસલમાનો માટે બહોળો વિસ્તાર અને ખુલાસો થતો જાય છે, એ જ પ્રમાણે એક દિવસ આ વિજયની પૂર્ણતા પણ થઈ જશે, હુકમ અલ્લાહ તઆલાના જ હાથમાં છે, તેના હુકમને કોઈ ટાળનાર નથી, તે ઘણો જ જલદી હિસાબ લેનારો છે.

સૂરએ રઅ્દ પૂરી થઈ, અલ્હમ્દુલિલ્લાહ.



મૂળ લેખક : હઝરત મવલાના મુફતી મુહમ્મદ શફીઅ્ સા. (રહ.)

ગુજરાતી અનુવાદક : ઈલ્યાસ પટેલ (ખાનપુરી)

તારીખ : ૨૭ સપ્ટેમ્બર ૨૦૦૯ બ મુતાબિક ૭ શવ્વાલ ૧૪૩૦ હિજરી

પ્રકરણ (૧૪)

સૂરએ ઇબ્રાહીમ (અલૈ.)

સૂરએ ઈબ્રાહીમ મક્કામાં નાઝિલ થઈ, તેની બાવન આયતો છે અને સાત રુકૂઅ્ છે.

આયતો : (સૂરએ ઇબ્રાહીમ : આયત નં. ૧-૨-૩)

اٰیَاتُهَا ۵۲ | ۱۴ سُوْرَةُ اِبْرٰهِیْمَ مَکِّیَّةٌ ۷۲ | رُکُوْعَاتُهَا ۷

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

الٓرٰ ۚ كِتٰبٌ اَنْزَلْنٰهُ اِلَيْكَ لِتُخْرِجَ النَّاسَ مِنَ الظُّلُمٰتِ اِلَى النُّوْرِ ۙ۬ بِاِذْنِ رَبِّهِمْ اِلٰى
صِرَاطِ الْعَزِيْزِ الْحَمِيْدِ ۙ﴿۱﴾ اللّٰهِ الَّذِيْ لَهٗ مَا فِي السَّمٰوٰتِ وَمَا فِي الْاَرْضِ ؕ وَوَيْلٌ
لِّلْكٰفِرِيْنَ مِنْ عَذَابٍ شَدِيْدِ ۙ﴿۲﴾ الَّذِيْنَ يَسْتَحِبُّوْنَ الْحَيٰوةَ الدُّنْيَا عَلَى الْاٰخِرَةِ
وَيَصُدُّوْنَ عَنْ سَبِيْلِ اللّٰهِ وَيَبْغُوْنَهَا عِوَجًا ؕ اُولٰٓئِكَ فِيْ ضَلٰلٍۢ بَعِيْدٍ ﴿۳﴾

તરજુમો :

અલ્લાહના નામથી શરૂ કરું છું જે ઘણો જ કૃપાળુ અને દયાળુ છે.

અલિફ-લામ-રા; આ એક કિતાબ છે કે અમે તમારા તરફ ઉતારી કે તમે લોકોને અંધારાઓમાંથી અજવાળા તરફ તેમના પરવરદિગારના હુકમથી કાઢો એ જબરદસ્ત ખુબીઓવાળાના માર્ગ ઉપર. (૧) અલ્લાહનું છે જે કંઈ કે આસમાનોમાં મોજૂદ છે અને જે કંઈ જમીનમાં છે અને કાફિરોને એક કઠોર અઝાબની મુસીબત છે (૨) કે જેઓ દુનિયાની જિંદગીને આખિરત ઉપર પસંદ કરે છે અને અલ્લાહના માર્ગથી રોકે છે અને તેમાં વંકાશ (ખામીઓ) ઢૂંઢે છે, તેઓ માર્ગ ભૂલીને દૂર જઈ પડયા છે. (૩)

તફસીર :

અલિફ-લામ-રા; (તેનો અર્થ અલ્લાહ તઆલાને ખબર છે), આ (કુર્આન) એક કિતાબ છે, જેને અમે તમારા ઉપર નાઝિલ ફરમાવી છે જેથી તમે (તેના દ્વારા) બધા જ લોકોને તેમના પરવરદિગારના હુકમથી (તબ્લીગ અને પ્રચાર-પ્રસાર દ્વારા કુફ્રના) અંધકારોમાંથી કાઢીને (ઈમાન અને હિદાયતના) પ્રકાશ તરફ એટલે સર્વત્ર છવાયેલ ગાલિબ સિફતોવાળા (અલ્લાહ)ના માર્ગ તરફ લાવો (પ્રકાશ તરફ લાવવાનો મતલબ એ છે કે તેનો માર્ગ બતાવે) જે એવો અલ્લાહ છે કે તેની જ મિલકત છે જે કંઈ આસમાનોમાં છે અને જે કંઈ જમીનમાં છે અને (જ્યારે આ કિતાબ અલ્લાહનો માર્ગ બતાવે છે ત્યારે) ઘણી જ મોટી ખરાબી છે (એટલે કે) ઘણો સખત અઝાબ છે તે કાફિરોને જેઓ (તેના માર્ગને ન તો પોતે જ સ્વીકારે છે બલકે) દુનિયાની જિંદગીને આખિરત ઉપર અગ્રિમતા આપે છે (એટલા માટે સત્ય દીનની શોધ કરતા નથી) અને (ન જ અન્યોને આ માર્ગ અપનાવાવ દે છે બલકે) અલ્લાહના માર્ગથી રોકે છે અને તેમાં ખામીઓ (એટલે કે શંકાઓ) શોધતા ફરે છે (કે જેના વડે અન્યોને પણ તેઓ ગુમરાહ કરી શકે) આવા લોકો ઘણી દૂરની ગુમરાહીમાં જઈ પડયા છે (એટલે કે તેમની ગુમરાહી સત્યથી ઘણી દૂર છે).

મસ્અલા અને બોધપાઠ :

સૂરત અને તેના વિષયો :

આ કુર્આને કરીમની ચૌદમી સૂરત "સૂરએ ઈબ્રાહીમ" શરૂ થાય છે, આ સૂરત મક્કી છે અને તે હિજરત પહેલાં નાઝિલ થઈ, અમુક આયતો મદની અથવા મક્કી હોવા વિશે મતભેદો છે.

આ સૂરતની શરૂઆતમાં રિસાલત અને નુબુવ્વત તથા તેની અમુક ખાસિયતોનું વર્ણન છે, પછી તવહીદનો વિષય અને તેની ગવાહીઓનું વર્ણન છે, આ જ ક્રમમાં હઝરત ઈબ્રાહિમ (અલૈ.)નો કિસ્સો વર્ણન કરવામાં આવ્યો છે અને એ જ સંદર્ભમાં સૂરતનું નામ "સૂરએ ઈબ્રાહીમ" રાખવામાં આવ્યું છે.

الٓرٰ ۚ كِتٰبٌ اَنْزَلْنٰهُ اِلَيْكَ لِتُخْرِجَ النَّاسَ مِنَ الظُّلُمٰتِ اِلَى النُّوْرِ ۙ بِاِذْنِ رَبِّهِمْ

તેમાં "અલિફ-લામ-રા" એ હુરૂફે મુકત્તઆતમાંથી છે જેના વિશે વારંવાર ઉલ્લેખ થઈ ચૂક્યો છે કે તેમાં સુરક્ષિત અને બિલકુલ સ્વચ્છ પદ્ધતિ સલફે સાલિહીન (પુરોગામી) બુઝૂર્ગોની એ રહી છે કે તેના ઉપર ઈમાન અને યકીન રાખવામાં આવે કે તેનો જે કંઈ પણ ભાવાર્થ છે તે સત્ય છે પરંતુ તેના અર્થના સંશોધન અને તહકીકમાં ઊંડા ઊતરવું ન જોઈએ.

كِتٰبٌ اَنْزَلْنٰهُ اِلَيْكَ માં અરબી વ્યાકરણ "નહ્‌વી તરકીબ"ના આધારે વધારે સ્પષ્ટ અને ચોખ્ખી વાત એ છે કે તેને શબ્દ هٰذَا (હાઝા) સુષુપ્તની ખબર ઠરાવવામાં આવે અને વાક્યનો ભાવાર્થ એ છે કે આ તે કિતાબ છે જેને અમે તમારા તરફ નાઝિલ કરી છે; તેમાં નાઝિલ કરવાનો સંબંધ અલ્લાહ તઆલા તરફ અને સંબોધનનો સંબંધ રસૂલે કરીમ ﷺ તરફ કરવામાં બે વસ્તુઓ તરફ ઈશારો જોવા મળે છે, એક એ કે આ કિતાબ અત્યંત ઉચ્ચ કક્ષાની છે કે તેને પોતે અલ્લાહ તઆલાએ નાઝિલ કરી છે, બીજું રસૂલે કરીમ ﷺના ઉચ્ચ કક્ષાના મરતબાવાળા હોવા તરફ ઈશારો છે કે આપ ﷺને તે (કિતાબ) દ્વારા સૌ પ્રથમ સંબોધન કરવામાં આવ્યું.

لِتُخْرِجَ النَّاسَ مِنَ الظُّلُمٰتِ اِلَى النُّوْرِ بِاِذْنِ رَبِّهِمْ نَاسٌ શબ્દ (નાસ) જાહેર જનતા માટે બોલવામાં આવે છે, જેનો ભાવાર્થ સમગ્ર દુનિયાના હાલના અને હવે પછી આવનારા મનુષ્યો છે. ظُلُمٰتٌ (જુલૂમાત) એ ظُلْمَةٌ (જુલ્મતુન)નું બહુવચન છે, જેનો ખૂબ પ્રચલિત અર્થ "અંધકાર" છે, અત્રે "જુલૂમાત"નો ભાવાર્થ કુફ્ર અને શિર્ક તથા દુષ્કૃત્યોનું અંધારું છે તથા "નૂર"નો ભાવાર્થ ઈમાનનો પ્રકાશ છે, એટલા માટે "જુલૂમાત"નો બહુવચન દ્વારા ઉલ્લેખ થયો, કારણ કે કુફ્ર અને શિર્કના ઘણા બધા પ્રકારો છે એ જ પ્રમાણે દુષ્ટ કર્મો પણ અસંખ્ય છે અને "નૂર" શબ્દ એકવચનમાં લાવવામાં આવ્યો, કારણ કે ઈમાન અને સત્ય એકમાત્ર છે. ભાવાર્થ એ છે કે આ કિતાબ અમે આપ ﷺ તરફ એટલા માટે નાઝિલ કરી છે કે તમે તેના દ્વારા સમગ્ર વિશ્વના મનુષ્યોને કુફ્ર અને શિર્કના તથા દુષ્કૃત્યોના અંધારાઓમાંથી છુટકારો અપાવીને ઈમાન અને સત્યના પ્રકાશમાં લઈ આવો તેમના પરવરદિગારની પરવાનગીથી; અત્રે શબ્દ رَبّ (રબ્બ) લાવવામાં એ તરફ ઈશારો જોવા મળે છે કે અલ્લાહ તઆલાનું સામાન્ય મનુષ્યો ઉપર એ ઇનામ છે કે પોતાની કિતાબ અને પયગમ્બર ﷺ દ્વારા તેમને અંધકારોમાંથી છુટકારો

અપાવે, તેનું કારણ અને હેતુ તેની આ દયા અને મહેરબાની સિવાય અન્ય કંઈ નથી જે સમગ્ર મનુષ્યોનો સર્જક અને માલિક છે, પોતાની પાલક તરીકેની શા'ન તેમના ઉપર છવાયેલી રાખી છે નહિતર અલ્લાહ તઆલાના માથે કોઈનો હક નથી અને ન જ તેના ઉપર કોઈનો કાબૂ ચાલી શકે છે.

હિદાયત (માર્ગદર્શન) આપવી માત્ર અલ્લાહ તઆલાનું જ કામ છે :

આ આયતમાં અંધકારોમાંથી છુટકારો અપાવીને પ્રકાશ તરફ લઈ જવાને રસૂલે કરીમ ﷺનું કર્મ ઠરાવવામાં આવ્યું છે જ્યારે કે હિદાયત આપવી વાસ્તવમાં અલ્લાહ તઆલાનું જ કૃત્ય છે, જેમકે એક અન્ય આયતમાં ઈરશાદ છે, اِنَّکَ لَا تَھْدِیْ مَنْ اَحْبَبْتَ وَلٰکِنَّ اللّٰهَ یَھْدِیْ مَنْ یَّشَآءُ એટલે કે, "તમે પોતાના અધિકારથી કોઈને હિદાયત નથી આપી શકતા, બલકે અલ્લાહ તઆલા જ જેને હિદાયત આપવા ઈચ્છે હિદાયત આપે છે." (૨૮:૫૬) આથી આ આયતમાં بِاِذْنِ رَبِّهِمْ (બિઈઝ્ની રબ્બિહિમ)નો શબ્દ વધારીને આ શંકા ખતમ કરી દેવામાં આવી, કારણ કે આયતનો ભાવાર્થ એ થયો કે આ કુફ્ર અને શિર્કના અંધકારોમાંથી કાઢીને ઈમાન અને નેક કર્મોના પ્રકાશમાં લાવવું જો કે મૂળ વાસ્તવિકતાના આધારે તમારા હાથમાં નથી પરંતુ અલ્લાહ તઆલાના હુકમો અને પરવાનગીથી આપ ﷺ એવું કરી શકો છો.

હુકમો અને માર્ગદર્શન :

આ આયતથી જાણ થાય છે કે સમગ્ર માનવજાત એટલે કે આદમપુત્રોને બુરાઈઓના અંધકારોમાંથી કાઢવા અને પ્રકાશમાં લઈ જવાનું એકમાત્ર માધ્યમ અને માનવને તથા માનવતાને દુનિયા અને આખિરતની બરબાદી અને સર્વનાશથી છુટકારો અપાવવાનો એકમાત્ર માર્ગ કુર્આને કરીમ છે, જેટલા જેટલા લોકો તેના નજીક આવશે એ જ પ્રમાણે તેમને દુનિયામાં પણ શાંતિ અને સલામતી તથા આફિયત અને સંતોષ પ્રાપ્ત થશે અને આખિરતમાં કામિયાબી અને સફળતા પ્રાપ્ત થશે અને જેટલા તેનાથી દૂર થશે એટલી જ બંને દુનિયાની ખરાબીઓ, બરબાદીઓ, મુસીબતો અને પરેશાનીઓની ખીણમાં જઈ પડશે.

આયતના શબ્દોમાં એ ખુલ્લું કરવામાં નથી આવ્યું કે આપ ﷺ કુર્આન દ્વારા કઈ રીતે લોકોને અંધકારોમાંથી છુટકારો અપાવીને પ્રકાશમાં લાવશે પરંતુ

એટલી વાત સ્પષ્ટ છે કે કોઈ કિતાબ દ્વારા કોઈ કોમને ઠીકઠાક કરવાની રીત એ જ હોય છે કે તે કિતાબની તા'લીમ અને માર્ગદર્શનને તે કોમમાં ફેલાવવામાં આવે અને તેમને તેના પાબંદ બનાવવામાં આવે.

કુર્આને કરીમની તિલાવત પણ એક આગવો હેતુ છે :

કુર્આને કરીમની એક વિશિષ્ટ ખાસિયત એ પણ છે કે તેની તિલાવત (પઠન) અને વિના સમજ્યે તેના શબ્દોને પઢવું પણ મનુષ્યના નફ્સ ઉપર અસરકારક અને પ્રભાવી થાય છે અને તેના માટે બુરાઈઓથી બચવામાં સહાયક બને છે, ઓછામાં ઓછું કુફ્ર-શિર્કની કેટલીય ખૂબસૂરત જાળ હોય કુર્આન શરીફ પઢનાર ભલે તેને વિના સમજ્યે જ પઢતો હોય તે આ જાળમાં ફસાતો નથી. હિન્દુઓની ચળવળ "શુદ્ધિ સંગઠન"ના સમયમાં તેની પ્રત્યક્ષ સાબિતી થઈ ચૂકી છે કે તેમના જાળમાં ફક્ત અમુક તે લોકો જ ફસાયા જેઓ કુર્આનની તિલાવતથી ખૂબ દૂર હતા, આજકાલ ઈસાઈ મિશનરીઓ મુસલમાનોને દુનિયાના દરેક ખૂણામાં જાત-જાતની લોભામણી અને સોનેરી જાળ પાથરી ફસાવવા માટે ફરતી રહે છે પરંતુ તેનો જો કોઈ અસર થાય છે તો ફક્ત એવા કુટુંબો ઉપર જ કે જેઓ કુર્આનની તિલાવતથી પણ ગાફેલ છે, ભલે જાહિલ હોવાના કારણે અથવા તો આધુનિક શિક્ષણના દુષ્પ્રભાવના કારણે.

કદાચ આ જ અદષ્ય પ્રભાવ તરફ ઈશારો કરવા માટે કુર્આને કરીમે જ્યાં રસૂલે કરીમ ﷺની બઅ્ષતનો મકસદ બતાવી દીધો ત્યાં જ તા'લીમ અને તેના ભાવાર્થથી પહેલાં તેની તિલાવતનું અલગથી વર્ણન પણ કર્યું. يَتْلُوْا عَلَيْهِمْ اٰيٰتِهٖ وَيُزَكِّيْهِمْ وَيُعَلِّمُهُمُ الْكِتٰبَ وَالْحِكْمَةَ (૩:૧૬૪ અને ૬૨:૨) એટલે કે, રસૂલે કરીમ ﷺને ત્રણ કાર્યો માટે મોકલવામાં આવ્યા છે, પ્રથમ કામ કુર્આન મજીદની તિલાવત છે અને દેખીતું છે કે તિલાવત (પઠન)નો સંબંધ શબ્દો સાથે છે; ભાવાર્થને સમજવામાં આવે છે તેની તિલાવત કરવામાં આવતી નથી. બીજું કાર્ય લોકોને બુરાઈઓથી પાક કરવું અને ત્રીજું કાર્ય કુર્આને કરીમ અને હિકમત એટલે કે સુન્નતે રસૂલ ﷺની તા'લીમ આપવી.

ખુલાસો એ છે કે કુર્આને કરીમ એક એવી માર્ગદર્શિકા છે જેનો ભાવાર્થ સમજીને તેના ઉપર પઠન કરવું તો મૂળ હેતુ છે જ અને તેનું માનવ જિંદગીની

સુધારણામાં અસરકારક હોવું પણ દેખીતું છે, તેની સાથે-સાથે તેના શબ્દોની તિલાવત પણ મનુષ્યના નફ્સની અદષ્ય રીતે સુધારણા કરવામાં ખૂબ મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

આ આયતમાં અલ્લાહ તઆલાના હુકમથી અંધારાઓમાંથી કાઢીને પ્રકાશ તરફ લઈ જવાનો સંબંધ રસૂલે કરીમ ﷺ તરફ કરીને એ પણ બતાવવામાં આવ્યું કે જો કે હિદાયતનું પેદા કરવું વાસ્તવમાં અલ્લાહ તઆલાનું જ કાર્ય છે પરંતુ રસૂલે કરીમ ﷺના માધ્યમ વિના તેને પ્રાપ્ત કરી શકાય નહીં, કુર્આને કરીમના ભાવાર્થ અને વ્યાખ્યા પણ એ જ ભરોસાપાત્ર છે જેને રસૂલે કરીમ ﷺએ પોતાના નિવેદનો અથવા અમલથી બતાવ્યું હોય, તેના વિરુદ્ધ કોઈ વ્યાખ્યા કે અર્થ ભરોસાપાત્ર નથી.

આ اِلٰى صِرَاطِ الْعَزِيْزِ الْحَمِيْدِ اللّٰهِ الَّذِىْ لَهٗ مَا فِى السَّمٰوٰتِ وَمَا فِى الْاَرْضِ આયતની શરૂઆતમાં જે અંધારા અને અજવાળાનું વર્ણન આવ્યું છે દેખીતું છે કે આ તે અંધારું અને પ્રકાશ નથી જે આપણે આંખોથી અનુભવીએ છીએ, એટલા માટે તેને સ્પષ્ટ કરવા માટે આ વાક્યમાં ઈશારો કરવામાં આવ્યો કે, તે પ્રકાશ અલ્લાહનો એવો માર્ગ છે જેના ઉપર ચાલનારો ન તો અંધારામાં ચાલનારાની જેમ માર્ગ ભટકે છે અને ન જ તેનાથી કોઈ ભૂલ થાય છે અને ન જ તે પોતાની મંઝિલ સુધી પહોંચવામાં નિષ્ફળ જાય છે. અલ્લાહ તઆલાના રસ્તાથી અત્રે ભાવાર્થ તે માર્ગ છે જેના ઉપર ચાલીને માનવી અલ્લાહ સુધી પહોંચી શકે છે અને તેની ખુશીનો દરજ્જો પ્રાપ્ત કરી શકે છે.

આ સ્થળે "અલ્લાહ" શબ્દ પાછળથી લાવવામાં આવ્યો છે, તેનાથી પહેલાં તેની બે સિફતો "અઝીઝ" અને "હમીદ" વર્ણન કરવામાં આવી છે, "અઝીઝ"નો અર્થ અરબી શબ્દકોષ પ્રમાણે "બળવાન" અને "સર્વોપરી" થાય છે અને "હમીદ"નો અર્થ તે હસ્તી જે વખાણના લાયક છે. આ બંને સિફતોને "અલ્લાહ" શબ્દ પહેલાં લાવવામાં એ તરફ ઈશારો છે કે આ માર્ગ જે "જાતે કુદુસ" તરફ લઈ જનારો છે તે મહાબળવાન અને સર્વોપરી પણ છે અને દરેક પ્રકારના વખાણનો લાયક પણ છે, એટલા માટે તેના ઉપર ચાલનાર ન તો ક્યારેય ઠોકર ખાશે અને ન જ તેનો પ્રયત્ન વ્યર્થ જશે, બલકે તેનું ઈચ્છિત મંઝિલ

ઉપર પહોંચવું એક ચોક્કસ હકીકત છે, શરત માત્ર એટલી છે કે તે આ માર્ગને ન છોડે.

અલ્લાહ તઆલાની આ બે સિફતો પ્રથમ વર્ણન કર્યા પછી ફરમાવ્યું, اَللّٰهِ الَّذِىْ لَهٗ مَافِى السَّمٰوٰتِ وَمَا فِى الْاَرْضِ એટલે કે, આ તે હસ્તી છે કે જે કંઈ આસમાનો અને જમીનમાં છે તે બધું તેનું જ પેદા કરેલું અને તેની જ ખાસ મિલકત છે જેમાં કોઈ ભાગીદાર નથી.

وَوَيْلٌ لِّلْكٰفِرِيْنَ مِنْ عَذَابٍ شَدِيْدٍ શબ્દ وَيْل (વયૂલ) સખત અને કઠોર અઝાબ તથા સર્વનાશના અર્થમાં આવે છે, ભાવાર્થ એ છે કે જે લોકો આ કુર્આનની નેઅ્મતના ઇન્કારી છે અને કુફ્ર-શિર્કના અંધારાઓમાં જ રહેવાને પસંદ કરે છે તેમના માટે મોટી બરબાદી અને સર્વનાશ છે તે કઠોર અઝાબના કારણે જે એમના ઉપર આવવાનો છે.

ભાવાર્થનો ખુલાસો :

આયતનો ખુલાસો એ છે કે કુર્આને કરીમ એટલા માટે નાઝિલ કરવામાં આવ્યું છે કે બધા માનવોને અંધકારોમાંથી કાઢીને અલ્લાહના માર્ગના પ્રકાશમાં લઈ આવે, પરંતુ જે બદ્નસીબ કુર્આનના જ ઇન્કારી થઈ જાય તો તે પોતાના હાથોથી પોતાને અઝાબમાં નાંખી રહ્યા છે, જે લોકો કુર્આન અલ્લાહનું કલામ હોવાના જ ઇન્કારી છે તે તો આ ધમકીના ભાવાર્થ હેઠળ છે જ પરંતુ જેઓ આસ્થાના આધારે ઇન્કારી નથી પરંતુ પોતાની પ્રવૃત્તિઓ દ્વારા કુર્આનને છોડી દે છે, ન તો તેની તિલાવતથી તેમને કોઈ લેવા-દેવા છે અને ન જ તેને સમજવા અને અમલ કરવા તરફ ધ્યાન આપે છે, તે બદ્નસીબ પણ મુસલમાન હોવા છતાં આ ધમકીથી બિલકુલ બાકાત નથી.

اَلَّذِيْنَ يَسْتَحِبُّوْنَ الْحَيٰوةَ الدُّنْيَا عَلَى الْاٰخِرَةِ وَيَصُدُّوْنَ عَنْ سَبِيْلِ اللّٰهِ وَيَبْغُوْنَهَا عِوَجًا اُولٰٓئِكَ فِىْ ضَلٰلٍۢ بَعِيْدٍ આ આયતમાં કુર્આનના ઇન્કારી કાફિરોની ત્રણ હાલતો બતાવી છે, એક એ કે તેઓ દુનિયાની જિંદગીને આખિરતની જિંદગી કરતાં વધારે પસંદ કરે છે અને તેને અગ્રિમતા આપે છે, એટલા જ માટે દુનિયાના લાભ તથા ફાયદા માટે આખિરતનું નુકસાન કરવું પસંદ કરી લે છે, તેમાં તેમની બીમારીના નિદાન તરફ ઇશારો કરવામાં આવ્યો છે કે આ

લોકો કુર્આને કરીમના સ્પષ્ટ મોઅ્જિઝાઓ જોવા છતાં તેનો ઇન્કાર કેમ કરે છે ? કારણ એ છે કે તેમને દુનિયાની અત્યારની જિંદગીની મહોબ્બતે આખિરતના મા'મલાથી આંધળા બનાવી રાખ્યા છે તેથી તેમને પોતાનો અંધકાર જ પસંદ છે તેમની પ્રકાશ તરફ આવવાની કોઈ ઇચ્છા કે તમન્ના નથી.

તેમની બીજી ટેવ એ વર્ણન કરી કે તેઓ પોતે તો અંધકારોમાં રહેવાનું પસંદ કરે છે, તેના ઉપર અત્યાચાર એ છે કે પોતાની ભૂલ ઉપર પડદો નાંખવા માટે અન્યોને પણ પ્રકાશના ધોરીમાર્ગ એટલે કે અલ્લાહના માર્ગથી રોકે છે.

કુર્આન સમજવામાં અમુક ભૂલો તરફ અંગૂલી નિર્દેશ :

ત્રીજી ટેવ يَبْغُوْنَهَا عِوَجًا માં વર્ણન કરી છે, તેના બે અર્થો હોઈ શકે છે, એક એ કે આ લોકો પોતાના દુષ્ટ મહેચ્છાઓ અને દુષ્ટ આચરણોના કારણે એવી ચિંતામાં રહેતા હોય છે કે અલ્લાહ તઆલાના પ્રકાશિત અને સીધા માર્ગમાં કોઈ ત્રુટી અને ખામી દેખાય તો તેનો વાંધો ઉઠાવે અને કટાક્ષની તક મળે. ઇબ્ને કષીરે આ જ ભાવાર્થ વર્ણન કર્યો છે.

આ વાક્યનો એ અર્થ પણ હોઈ શકે છે કે આ લોકો એવી ફિકરમાં લાગેલા રહે છે કે અલ્લાહનો માર્ગ એટલે કે કુર્આન અને સુન્નતમાં કોઈ વસ્તુ તેમના વિચારો અને ઇચ્છાઓ પ્રમાણે મળી જાય ત્યારે તેને પોતાની સચ્ચાઈ ઉપર દલીલ તરીકે રજુ કરે. તફસીરે કુર્તુબીમાં આ જ ભાવાર્થને અપનાવવામાં આવ્યો છે, જેમકે આજકાલ અસંખ્ય શિક્ષિત લોકો એમાં સપડાયેલા છે કે પોતાના દિલમાં એક વિચાર ક્યારેક પોતાની ભૂલથી અથવા તો ક્યારેક અન્ય કોમોથી પ્રભાવિત થઈને ઘડી લે છે પછી કુર્આન અને હદીષમાં તેની દલીલો શોધતા ફરે છે અને ક્યાંક કોઈ શબ્દ તેમના વિચાર પ્રમાણે બંધ બેસતો નજરે પડી ગયો તો તેને પોતાની સત્યતા પૂરવાર કરવા માટે કુર્આની દલીલ સમજે છે, જ્યારે કે આ પદ્ધતિ સૈદ્ધાંતિક રીતે પણ તદ્દન ખોટી છે કારણ કે મો'મિનનું કાર્ય એ છે કે તે પોતાના વિચારો અને ઇચ્છાઓથી ખાલી થઈ કિતાબ અને સુન્નતને જૂએ, જે કંઈ તેમાં સ્પષ્ટ રીતે સાબિત થઈ જાય તેને જ પોતાનો અભિપ્રાય કે વિચારસરણી ઠરાવે.

أُولَٰئِكَ فِي ضَلَالٍ بَعِيدٍ આ વાક્યમાં તે કાફિરોના ખરાબ અંજામનું વર્ણન

કરવામાં આવ્યું છે જેમના ત્રણ પ્રકારના લક્ષણો ઉપર વર્ણન થયા છે અને તેનો ખુલાસો એ છે કે આ લોકો પોતાની ગુમરાહીમાં ઘણે દૂર જઈ પડયા છે કે હવે તેમનું સીધા માર્ગ ઉપર આવવું અત્યંત કઠિન છે.

હુકમો અને મસ્અલાઓ :

તફસીરે કુર્તુબીમાં છે કે જો કે આ આયતમાં ખુલાસાવાર કાફિરોની આ ત્રણ ટેવો વર્ણન કરવામાં આવી છે અને તેમનો એ અંજામ પણ વર્ણન કરવામાં આવ્યો છે કે તેઓ ગુમરાહીમાં દૂર સુધી જઈ પડયા છે પરંતુ સિદ્ધાંતની રૂએ જે મુસલમાનમાં પણ આ ત્રણ લક્ષણો મોજૂદ છે તે પણ આ ધમકી હેઠળ આવી જાય છે, આ ત્રણ લક્ષણોનો ખુલાસો આ પ્રમાણે છે.

(૧) દુનિયાની મહોબ્બતને આખિરત ઉપર સર્વોપરી રાખે એટલે સુધી કે દીનના પ્રકાશમાં ન આવે.

(૨) અન્યોને પણ પોતાની સાથે ભાગીદાર રાખવા માટે અલ્લાહના માર્ગથી રોકે.

(૩) કુર્આન અને સુન્નતને હેરફેર કરીને પોતાની વિચારસરણી ઉપર દલીલ બનાવવાનો પ્રયત્ન કરે, નઊઝુબિલ્લાહ.

આયત : (સૂરએ ઇબ્રાહીમ : આયત નં. ૪)

وَمَآ اَرْسَلْنَا مِنْ رَّسُوْلٍ اِلَّا بِلِسَانِ قَوْمِهٖ لِيُبَيِّنَ لَهُمْ ؕ فَيُضِلُّ اللّٰهُ مَنْ يَّشَآءُ

وَيَهْدِيْ مَنْ يَّشَآءُ ؕ وَهُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ ④

તરજુમો :

અને અમે કોઈ રસૂલ નથી મોકલ્યો પરંતુ પોતાની કોમની ભાષા બોલનારો જેથી તેમને સમજાવે, પછી અલ્લાહ જેને ચાહે માર્ગ ભૂલાડે છે અને જેને ચાહે માર્ગ બતાવી આપે છે અને તે જબરદસ્ત હિકમતોવાળો છે. (૪)

તફસીર :

અને (આ કિતાબ અલ્લાહ તરફથી નાઝિલ કરવામાં જે અમુક કાફિરોને એવી શંકા છે કે આ અરબી ભાષામાં કેમ છે ? તેનાથી એવી શંકા ઉપસ્થિત થાય

છે કે તેને પોતે પયગમ્બર ﷺએ લખી નાંખ્યું હશે, અજમી-બિનઅરબી ભાષાઓમાં કેમ નથી ? જેથી એ શંકા જ ન રહે અને કુર્આન બીજી આસમાની કિતાબોની જેમ અજમી ભાષાઓમાં ઉતરેલ હોવાની સામ્યતા પણ ધરાવતું થઈ જાય તો આવી શંકા માત્ર ખોટી બાબત અને અસ્થાને છે, કારણ કે) અમે બધા જ (અગાઉના) પયગમ્બરોને (પણ) તેમની કોમની ભાષામાં પયગમ્બર બનાવીને મોકલ્યા છે જેથી (તેમની ભાષામાં) તેના દ્વારા (અલ્લાહના હુકમોને) વર્ણન કરે (કે અસલ હેતુ સ્પષ્ટ અને ખુલ્લી રીતે વર્ણન કરવાનો છે તો બધી કિતાબોનું એક જ ભાષામાં હોવું એ કોઈ ધ્યેય કે લક્ષ્યાંક નથી), પછી (ઉલ્લેખ કર્યા પછી) જેને અલ્લાહ તઆલા ઈચ્છે ગુમરાહ કરે છે (કે તે આ હુકમોને કબૂલ નથી કરતો) અને જેને ઈચ્છે હિદાયત આપે છે (કે તે આ હુકમોને કબૂલ કરી લે છે) અને તે (બધી પ્રવૃત્તિઓ ઉપર) ગાલિબ (અને) હિકમતવાળો છે, (બસ ગાલિબ હોવાના કારણે તે બધાને હિદાયત આપી શકતો હતો પરંતુ ઘણી બધી હિકમતોના કારણે એવું કર્યું નથી).

મસ્અલા અને બોધપાઠ :

પ્રથમ આયતમાં અલ્લાહ તઆલાની આ નેઅ્મત અને સહૂલતનું વર્ણન કરવામાં આવ્યું છે કે અલ્લાહ તઆલાએ જ્યારે પણ કોઈ રસૂલને કોઈ કોમ તરફ મોકલ્યા છે તો તે કોમની ભાષામાં જ મોકલ્યા છે, જેથી તેઓ અલ્લાહના હુકમો તેમની જ ભાષામાં અને તેમના જ રૂઢિપ્રયોગો અને કહેવતો આધારે બતાવે અને તેમના માટે તે સમજવું સરળ હોય, જો રસૂલની ભાષા ઉમ્મતની ભાષા કરતા જુદી હોય તો દેખીતું છે કે તેના હુકમો સમજવામાં ઉમ્મતને તરજુમો કરાવવાની તકલીફ પણ ઉઠાવવી પડે અને તો પણ સાચા હુકમો સમજવા શંકાસ્પદ રહે, એટલા માટે જો ઈબ્રાની (હિબ્રુ) ભાષા બોલનારાઓ તરફ કોઈ રસૂલ મોકલ્યા તો રસૂલની ભાષા પણ ઈબ્રાની જ હતી, ફારસીઓના રસૂલની ભાષા પણ ફારસી, બર્બરોના રસૂલની ભાષામાં પણ બર્બરી રાખવામાં આવી, ભલે એ સ્વરૂપે કે જે વ્યક્તિને રસૂલ બનાવવામાં આવ્યા તે પોતે તે કોમના વ્યક્તિ હોય અથવા તેની માતૃભાષા તે કોમની ભાષા હોય અથવા તેમનો જન્મ અને માતૃભાષા જો કે અન્ય કંઈ હોય અને અલ્લાહ તઆલાએ એવી પરિસ્થિતિઓ ઉત્પન્ન કરી હોય કે તેમણે તે કોમની ભાષા શીખી લીધી, જેમકે હઝરત લૂત (અલૈ.) જો કે મૂળ ઈરાકના

વતની હતા જેમની ભાષા ફારસી હતી પરંતુ સિરીયા દેશ તરફ હિજરત કર્યા પછી તેમણે તે જ લોકોમાં શાદી કરી અને સિરીયનોની ભાષા જ તેમની ભાષા બની ગઈ ત્યારે અલ્લાહ તઆલાએ તેમને સિરીયાના એક ભૂ-ભાગના નબી બનાવ્યા.

આપણા રસૂલે કરીમ ﷺ જેમની બઅ્‌ષત સ્થળના આધારે પણ સમગ્ર વિશ્વ માટે અને યુગ કે કાળના આધારે પણ કયામત માટે સર્વસામાન્ય છે, દુનિયાની કોઈ કોમ કોઈપણ પ્રદેશમાં રહેનારી હોય, કોઈપણ ભાષા બોલનારી હોય આપ ﷺની રિસાલત અને નુબુવ્વતના વર્તુળથી બહાર નથી અને કયામત સુધી જેટલી કોમો અને ભાષાઓ નવી પેદા થતી રહેશે તે પણ તે બધા પણ રસૂલે કરીમ ﷺની દા'વતમાં સામેલ થશે, જેમકે કુર્આને કરીમનો ઈરશાદ છે, يَآاَيُّهَا النَّاسُ اِنِّىْ رَسُوْلُ اللّٰهِ اِلَيْكُمْ جَمِيْعًا એટલે કે, "હે લોકો ! હું અલ્લાહનો રસૂલ છું તમારા સૌની તરફ." (૭:૧૫૮) અને સહીહ બુખારી તથા મુસ્લિમમાં હઝરત જાબીર (રદિ.)થી રિવાયત નકલ થઈ છે કે, "રસૂલે કરીમ ﷺએ સમગ્ર અંબિયા (અલૈ.) કરતાં પોતાની પાંચ વિશિષ્ટ ખાસિયતનું વર્ણન કરતાં ફરમાવ્યું કે, મારાથી અગાઉ દરેક રસૂલ અને નબી ખાસ પોતાની કોમ અને જ્ઞાતિ તરફ મોકલવામાં આવ્યા કરતા હતા, અલ્લાહ તઆલાએ મને આદમની અવલાદની બધી જ કોમો તરફ મોકલ્યો છે."

અલ્લાહ તઆલાએ આ વિશ્વમાં મનુષ્યની વસ્તીને હઝરત આદમ (અલૈ.)થી શરૂ કરી અને તેમને જ મનુષ્યોના પ્રથમ નબી અને પયગમ્બર બનાવ્યા, પછી માનવવસ્તી જે પ્રમાણે પોતાની આર્થિક અને ભૌગોલિક સ્વરૂપે ફેલાતી અને પ્રગતિ કરતી રહી એ જ પ્રમાણે હિદાયત અને માર્ગદર્શનની વ્યવસ્થા પણ અલ્લાહ તઆલા તરફથી વિવિધ રસૂલો અને પયગમ્બરો દ્વારા થતી રહી, સમયના પ્રત્યેક કાળ અને દરેક કોમની યોગ્ય પરિસ્થિતિ પ્રમાણે હુકમો અને શરીઅતો નાઝિલ થતી રહી, એટલે સુધી કે માનવજાત જ્યારે પોતાની પ્રગતિની પરાકાષ્ઠાએ પહોંચી ત્યારે અલ્લાહ તઆલાએ સય્યિદુલ અવ્વલીન વ આખરીન ઈમામુલ અંબિયા મુહમ્મદ મુસ્તફા ﷺને આ સમગ્ર દુનિયાના રસૂલ બનાવીને મોકલ્યા અને જે કિતાબ તથા શરીઅત આપ ﷺને આપી તેને સમગ્ર દુનિયા અને કયામત સુધીના પૂર્ણ કાળ માટે સંપૂર્ણ અને અંતિમ ઠરાવી દેવામાં આવી અને ઈરશાદ ફરમાવ્યો, اَلْيَوْمَ اَكْمَلْتُ لَكُمْ دِيْنَكُمْ وَاَتْمَمْتُ عَلَيْكُمْ نِعْمَتِىْ એટલે

કે, "મેં આજે તમારા માટે તમારા દીનને પૂર્ણ કરી દીધો અને પોતાની નેઅ્મત તમારા માટે સંપૂર્ણ કરી." (૫:૩)

પછી અંબિયા (અલૈ.)ની શરીઅતો પણ પોતાના સમય અને પોતાના વિસ્તારના આધારે સંપૂર્ણ અને પૂરતી હતી એને પણ અધૂરી કહી શકાય નહીં, પરંતુ શરીઅતે મુહમ્મદિય્યહ ﷺની સંપૂર્ણતા કોઈ ખાસ સમય અને ખાસ વિસ્તાર સાથે સંબંધિત નથી, તે દરેક સ્થળ અને કાળ માટે સમાન રીતે લાગુ પડે છે, એ જ સ્વરૂપમાં દીનની પૂર્ણતા આ શરીઅત સાથે ખાસ છે અને એ જ કારણે રસૂલે કરીમ ﷺ ઉપર નુબુવ્વતનો ક્રમ સમાપ્ત કરી દેવામાં આવ્યો.

કુર્આન અરબી ભાષામાં કેમ છે ? :

અત્રે એક પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે જે પ્રમાણે પાછલી ઉમ્મતોના રસૂલ તેમની ભાષામાં જ મોકલવામાં આવ્યા તેનો તરજુમો કરવાની મહેનત કે આવશ્યકતા ન રહી તો પછી રસૂલે કરીમ ﷺ ફક્ત અરબમાં અરબી ભાષા સાથે શા માટે મોકલવામાં આવ્યા ? અને આપ ﷺની કિતાબ કુર્આન પણ અરબી ભાષામાં જ કેમ નાઝિલ થઈ ? પરંતુ વિચાર અને ચિંતનથી કામ લઈએ તો જવાબ ચોખ્ખો અને સ્પષ્ટ છે જે દરેક વ્યક્તિ સમજી શકે છે કે જ્યારે રસૂલે કરીમ ﷺનું આગમન (બઅ્ષત) અને તેમની દા'વત દુનિયાની બધી જ કોમો માટે સર્વસામાન્ય છે જેમાં સેંકડો ભાષાઓ પ્રચલિત છે તો આ સૌની હિદાયત માટે બે જ સ્વરૂપો શક્ય હતા, એક એ કે આ કુર્આન દરેક કોમની ભાષામાં અલગ-અલગ નાઝિલ થયું હોત અને રસૂલે કરીમ ﷺનું શિક્ષાણ અને માર્ગદર્શન પણ દરેક કોમની ભાષામાં અલગ-અલગ હોત, અલ્લાહ તઆલાની સંપૂર્ણ કુદરતની સામે તેની વ્યવસ્થા કરવી કોઈ મુશ્કેલ કાર્ય ન હતું પરંતુ સમગ્ર વિશ્વની કોમો માટે એક રસૂલ, એક કિતાબ, એક શરીઅત મોકલવાનો જે એક મહાન હેતુ આ બધી વિશ્વની કોમોમાં હજારો પ્રકારના વિરોધ-વંટોળ હોવા છતાં દીન, વ્યવહાર અને સામાજિક એકતા અને એક સર્વાનુમતિ પેદા કરવાનો છે તે આ સ્વરૂપમાં પ્રાપ્ત થઈ શક્યો ન હોત.

તદુપરાંત જ્યારે દરેક કોમ અને પ્રદેશના કુર્આન અને હદીષો અલગ-અલગ ભાષાઓમાં હોત તો તેમાં કુર્આનના ફેરબદલના અસંખ્ય માર્ગો

ખુલી ગયા હોત અને કુર્આને કરીમના કલામનું સુરક્ષિત રહેવું જે તેની એવી ખાસિયત અને લક્ષણ છે કે બિનમુસ્લિમો અને કુર્આનના ઇન્કારીઓ પણ તેનો સ્વીકાર કરવાથી દૂર ભાગી નથી શકતા, આ મોઅ્જિઝો વિશિષ્ટ સ્વરૂપે કાયમ ન રહી શક્યો હોત અને એક જ દીન, એક જ કિતાબ હોવા છતાં તેને માનનારાઓમાં એટલા બધા વિવિધ પ્રકારના માર્ગો ઉત્પન્ન થઈ ગયા હોત કે કોઈ એકતા બિંદુ બાકી ન રહ્યું હોત, તેનો આ અંદાજો એ રીતે લગાવી શકાય છે કે કુર્આને કરીમને એક અરબી ભાષામાં ઉતારવા છતાં તેનો પરિચય અને તફસીરોમાં કેટલા બધા જાઇઝ વિરોધાભાસ ઉપસ્થિત થયા અને નાજાઇઝ તથા ખોટા માર્ગોથી વિરોધાભાસ ઊભા થવાની તો કોઈ સીમા નથી પરંતુ આ બધું હોવા છતાં મુસલમાનોની કોમી એકતા અને તેમની વિશિષ્ટ ઓળખ તે સૌ લોકોમાં મોજૂદ છે જેઓ કુર્આન ઉપર અમુક હદે પણ અમલ કરે છે.

ખુલાસો એ છે કે રસૂલે કરીમ ﷺની રિસાલત અને બઅ્ષત સમગ્ર દુનિયાની બધી જ કોમો માટે સર્વસામાન્ય હોવાના સ્વરૂપમાં તે સૌની તા'લીમ અને માર્ગદર્શનનું એ સ્વરૂપ કે કુર્આન દરેક કોમની ભાષામાં અલગ-અલગ હોત તો કોઈ ઓછી સમજ ધરાવનાર વ્યક્તિ પણ તેને યોગ્ય નહીં સમજે, એટલા માટે જરૂરી થયું કે કુર્આન કોઈ એક જ ભાષામાં આવે અને રસૂલ ﷺની ભાષા પણ તે જ ભાષા હોય, પછી બીજા પ્રદેશો અને વિસ્તારોની ભાષામાં તેના તરજુમા પહોંચાડવામાં અને ફેલાવવામાં આવે, રસૂલે કરીમ ﷺના નાયબ ઉલમા દરેક કોમ અને દરેક દેશમાં આપ ﷺની આપેલી હિદાયતો અને તા'લીમને પોત-પોતાની કોમ અને દેશની ભાષાઓમાં સમજાવે અને પ્રકાશિત કરે, એટલા માટે અલ્લાહ તઆલાએ સમગ્ર દુનિયાની ભાષાઓમાંથી અરબી ભાષાને ચૂંટી કાઢી જેના ઘણા બધા કારણો છે.

અરબી ભાષાની વિશિષ્ટતા :

પ્રથમ એ કે અરબી ભાષા આસમાનની વહીવટી ભાષા છે, ફરિશ્તાઓની ભાષા અરબી છે, લવહે મહફૂઝની ભાષા અરબી છે, જેમકે કુર્આનની આયત بَلْ هُوَ قُرْاٰنٌ مَّجِيْدٌ فِىْ لَوْحٍ مَّحْفُوْظٍ (૮૫:૨૧-૨૨)થી જાણ થાય છે અને જન્નત જે (મો'મિન) મનુષ્યોનું અસલી વતન છે અને તેમાં પાછા વળીને જવાનું છે તેની

ભાષા પણ અરબી છે. તબરાની, મુસ્તદરક, હાકિમ, શોઅ્બુલ ઈમાન બયહકીમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)ની રિવાયત નકલ થઈ છે કે, "રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, اَحِبُّوا الْعَرَبَ لِثَلَاثٍ لِاَنِّیْ عَرَبِیٌّ وَالْقُرْاٰنُ عَرَبِیٌّ وَكَلَامُ اَهْلِ الْجَنَّةِ عَرَبِیٌّ" (આ રિવાયતને હાકિમે મુસ્તદરકમાં સહીહ કહી છે, જામેઅ્ સગીરમાં પણ સાચી હોવાની નિશાની બતાવી છે, અમુક હદીષવેત્તાઓએ તેને કમજોર અને ઊતરતી કક્ષાની કહી છે.) હાફિઝે હદીષ ઈબ્ને તયમિય્યાએ કહ્યું છે કે, આ હદીષના વિષયથી સાબિત થાય છે કે તે "હસન"ના દરજ્જાથી ઓછી નથી.

(ફયઝુલ કદીર, સરહે જામેઅ્ સગીર, પેજ : ૧૭૯, જિલ્દ : ૧)

હદીષનો ભાવાર્થ એ છે કે, "તમે લોકો ત્રણ કારણોના લઈ અરબ સાથે મહોબ્બત કરો, એક એ કારણે કે હું અરબી છું, બીજું એ કારણે કે કુર્આન અરબીમાં છે અને ત્રીજું એ કારણે કે જન્નતના નિવાસીઓની ભાષા અરબી છે." તફસીરે કુર્તુબી વગેરેમાં આ રિવાયત પણ નકલ થઈ છે કે હઝરત આદમ (અલૈ.)ની ભાષા જન્નતમાં અરબી હતી, જમીન ઉપર ઉતારવામાં આવ્યા અને તવબહ સ્વીકાર્યા પછી અરબી ભાષામાં જ અમુક પરિવર્તન થઈને સિરીયાક (Syriac) ભાષા ઉત્પન્ન થઈ.

આથી તે રિવાયતોને પણ સમર્થન અને મજબૂતી પ્રદાન થાય છે જે અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.) દ્વારા નકલ થઈ છે કે અલ્લાહ તઆલાએ જેટલી પણ કિતાબો અંબિયા (અલૈ.) ઉપર નાઝિલ ફરમાવી છે તેની અસલી ભાષા અરબી જ હતી, જિબ્રઈલ (અલૈ.)એ ત્યાંની પ્રાદેશિક ભાષામાં તરજુમો કરીને બતાવ્યું અને તેમણે પોતાની કોમની ભાષામાં ઉમ્મતોને પહોંચાડ્યું, આ રિવાયતો અલ્લામહ સુયૂતિએ ઈત્કાનમાં અને પ્રસ્તુત આયતની તફસીર હેઠળ મોટા ભાગના વિવરણકારોએ નકલ કરી છે, તેનો ખુલાસો એ છે કે બધી આસમાની કિતાબોની મૂળ ભાષા અરબી છે પરંતુ કુર્આને કરીમ સિવાય બીજી કિતાબો પ્રાદેશિક અથવા કોમી ભાષામાં તરજુમો કરીને આપવામાં આવી છે, એટલા માટે તેના અર્થો તો બધા અલ્લાહ તઆલા તરફથી છે પરંતુ શબ્દો બદલાયેલા છે, એ માત્ર કુર્આનની જ વિશેષતા છે કે તેના ભાવાર્થને જેમ તેના શબ્દો પણ અલ્લાહ તઆલા તરફથી જ આવ્યા છે અને કદાચ એ જ કારણ છે કે કુર્આને કરીમે એ દા'વો કર્યો છે કે સમગ્ર દુનિયાના જિન્નાતો અને મનુષ્યો ભેગા

થઈને પણ કુર્આને કરીમની એક નાની સૂરત બલકે એક આયતનું ઉદાહરણ રજુ નહીં કરી શકે, કારણ કે તે અર્થ અને શબ્દના સ્વરૂપે અલ્લાહનું કલામ અને અલ્લાહની એક સિફત છે જેની કોઈ નકલ ઉતારી શકતું નથી, અર્થના સ્વરૂપે તો બીજી આસમાની કિતાબો પણ અલ્લાહનું કલામ છે પરંતુ તેમાં કદાચ અરબી શબ્દોના બદલે તરજુમો હોવાના કારણે આ દા'વો કરવામાં નથી આવ્યો નહિતર કુર્આનની જેમ અલ્લાહના કલામ હોવાના સ્વરૂપે દરેક (આસમાની) કિતાબની એકરૂપતા અને અજોડતા ખચીત હતી.

અરબી ભાષાને પસંદ કરવાનું એક ખાસ કારણ પોતે તે ભાષાની પોતાની ક્ષમતાઓ પણ છે કે એક અર્થને સમજાવવા માટે તેમાં અસંખ્ય સ્વરૂપો અને તરીકાઓ છે.

એક કારણ એ પણ છે કે મુસલમાનને અલ્લાહ તઆલાએ સ્વાભાવિક રીતે અરબી ભાષા સાથે એક લગાવ અર્પણ કર્યો છે જેના કારણે દરેક વ્યક્તિ સરળતાથી અરબી ભાષા જરૂરત પ્રમાણે શીખી લે છે, એ જ કારણ છે કે સહાબએ કિરામ (રદિ.) જે પણ દેશમાં પહોંચ્યા થોડા જ સમયમાં કોઈપણ પ્રકારની બળજબરી કે દાબ-દબાણ વિના સમગ્ર દેશની ભાષા અરબી થઈ ગઈ, મિસ્ર, સિરીયા, ઇરાક બધામાંથી કોઈની પણ ભાષા અરબી ન હતી જે આજે અરબ દેશો કહેવાય છે.

એક કારણ એ પણ છે કે અરબ લોકો જો કે ઈસ્લામ પહેલાં સખત અધમ કૃત્યોમાં રાચેલા હતા પરંતુ તે કોમની ક્ષમતાઓ તથા બુદ્ધિ અને ભાવનાઓ આવી પરિસ્થિતિઓમાં પણ અજોડ હતી, એ જ કારણ હતું કે અલ્લાહ તઆલાએ પોતાના સૌથી મોટા અને અંતિમ રસૂલ ﷺને તેમનામાં પેદા કર્યા અને તેમની ભાષાને કુર્આન માટે અપનાવી અને રસૂલે કરીમ ﷺને સૌથી પહેલાં તેમનું જ માર્ગદર્શન અને તા'લીમનો હુકમ આપ્યો. وَاَنْذِرْ عَشِيْرَتَكَ الْاَقْرَبِيْنَ અને સૌ પ્રથમ તે જ કોમના એવા વ્યક્તિઓ પોતાના રસૂલ ﷺની આસપાસ ભેગા કરી દીધા કે જેમણે રસૂલે કરીમ ﷺ ઉપર પોતાના પ્રાણ, માલ, અવલાદ બધું જ કંઈ કુરબાન કર્યું અને આપ ﷺના શિક્ષણને પોતાના પ્રાણથી વધારે પ્રિય સમજ્યું અને એ રીતે તેમના ઉપર રસૂલે કરીમ ﷺનો સંગાથ અને તા'લીમનો એવો ઘેરો ગાઢ રંગ ચઢાવ્યો કે સમગ્ર દુનિયામાં એક એવો ઉદાહરણીય સમાજ પેદા થઈ

ગયો જેનો દાખલો તેનાથી પહેલાં આસમાનો અને જમીને જોયો ન હતો, રસૂલે કરીમ ﷺએ આ અજોડ માનવસમૂહને કુર્આનની તા'લીમ ફેલાવવા અને તેનો પ્રચાર–પ્રસાર કરવા ઊભા કરી દીધા અને ફરમાવ્યું,

بَلِّغُوْا عَنِّىْ وَلَوْ اٰيَةً એટલે કે, "મારાથી સાંભળેલી આયતોને ઉમ્મત સુધી પહોંચાડી આપે." પ્રાણપ્યારા સહાબા (રદિ.)એ આ સૂચનાને પોતાના પાલવે બાંધી લીધી અને દુનિયાના ખૂણા–ખૂણામાં પહોંચીને કુર્આન અને તેની તા'લીમને ફેલાવી દીધી, રસૂલે કરીમ ﷺની વફાતના પચ્ચીસ વર્ષો પસાર થયા ન હતા કે કુર્આનનો અવાજ પૂર્વથી લઈ પશ્ચિમ સુધી ગૂંજવા લાગ્યો.

બીજી બાજુ અલ્લાહ તઆલાએ તક્દીરી અને તક્વીની સ્વરૂપે રસૂલે કરીમ ﷺની દા'વતી ઉમ્મત જેમાં દુનિયાના મુશ્રિકો અને અહલે કિતાબ યહૂદીઓ તથા નસારા બધા સામેલ છે તેમાં ખાસ પ્રભાવ અને શીખવા–શિખવાડવાની ભાવના અને લેખન તથા પ્રકાશન, પ્રચાર અને પ્રસારની વૃત્તિ એવી પેદા કરી આપી કે તેનો દાખલો દુનિયાના પાછલા ઈતિહાસમાં જોવા નથી મળતો, તેના પરિણામે બિનઆરબ કોમોમાં ન જ ફક્ત કુર્આન અને સુન્નતનું શિક્ષણ પ્રાપ્ત કરવાની મજબૂત ભાવના પેદા થઈ બલકે અરબી ભાષાનું જ્ઞાન પ્રાપ્ત કરવામાં તથા તેના પ્રકાશન અને પ્રસારણમાં બિનઆરબોના પગલાંઓ અરબો કરતાં જરાય પાછળ નથી.

આ એક આશ્ચર્યજનક વાસ્તવિકતા છે કે તે સમયે અરબી શબ્દકોષ અને રૂઢિપ્રયોગો તથા તેના વ્યાકરણ (નહ્વ અને શર્ફ)ના નિયમો ઉપર જેટલા પુસ્તકો દુનિયામાં ઉપસ્થિત છે તે મોટા ભાગે બિનઆરબોએ જ લખેલા છે, કુર્આન અને સુન્નત (હદીષ)નું સંપાદન પ્રકાશન કરવું તથા તેની તફસીર, વિવરણ અને સ્પષ્ટતાઓમાં પણ બિનઆરબોનો હિસ્સો આરબો કરતાં જરાય ઓછો નથી.

આ પ્રમાણે રસૂલે કરીમ ﷺની ભાષા અને આપ ﷺ ઉપર નાઝિલ થયેલ પુસ્તક કુર્આન અરબીમાં હોવા છતાં સમગ્ર દુનિયા ઉપર છવાઈ ગયું અને દા'વત તથા તબ્લીગની સીમા સુધી આરબ અને બિનઆરબનો તફાવત સમાપ્ત થઈ ગયો, દરેક પ્રદેશ અને કોમ તથા દરેક બિનઅરબી ભાષાના લોકોમાં એવા વિદ્વાનો પેદા થયા કે જેમણે કુર્આન અને સુન્નતના શિક્ષણને પોતાની પ્રાદેશિક

ભાષામાં અત્યંત સરળતા સાથે પહોંચાડી દીધું અને રસૂલને પોતાની કોમની ભાષામાં મોકલવાની જે હિકમત હતી તે પ્રાપ્ત થઈ ગઈ.

અંતિમ આયતમાં ફરમાવ્યું કે અમે લોકોની સરળતા માટે પોતાના રસૂલોને તેમની ભાષાઓમાં એટલા માટે મોકલ્યા કે તેઓ અમારા હુકમો સારી રીતે સમજાવી આપે પરંતુ હિદાયત અને ગુમરાહી તે છતાં પણ કોઈ માનવીના કાબૂની વાત નથી, અલ્લાહ તઆલાના જ કાબૂમાં છે, તે જેને ઇચ્છે છે ગુમરાહ રાખે છે અને જેને ઇચ્છે છે હિદાયત આપે છે, તે જ સૌથી મહાન શક્તિશાળી અને હિકમતવાળો છે.

આયતો : (સૂરએ ઇબ્રાહીમ : આયત નં. ૫-૬-૭-૮)

وَلَقَدْ اَرْسَلْنَا مُوْسٰى بِاٰيٰتِنَاۤ اَنْ اَخْرِجْ قَوْمَكَ مِنَ الظُّلُمٰتِ اِلَى النُّوْرِ ۙ وَذَكِّرْهُمْ
بِاَيّٰىمِ اللّٰهِ ؕ اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيٰتٍ لِّكُلِّ صَبَّارٍ شَكُوْرٍ ﴿۵﴾ وَاِذْ قَالَ مُوْسٰى لِقَوْمِهِ اذْكُرُوْا
نِعْمَةَ اللّٰهِ عَلَيْكُمْ اِذْ اَنْجٰىكُمْ مِّنْ اٰلِ فِرْعَوْنَ يَسُوْمُوْنَكُمْ سُوْٓءَ الْعَذَابِ وَيُذَبِّحُوْنَ
ع اَبْنَآءَكُمْ وَيَسْتَحْيُوْنَ نِسَآءَكُمْ ؕ وَفِيْ ذٰلِكُمْ بَلَآءٌ مِّنْ رَّبِّكُمْ عَظِيْمٌ ﴿۶﴾ وَاِذْ تَاَذَّنَ
رَبُّكُمْ لَئِنْ شَكَرْتُمْ لَاَزِيْدَنَّكُمْ وَلَئِنْ كَفَرْتُمْ اِنَّ عَذَابِيْ لَشَدِيْدٌ ﴿۷﴾ وَقَالَ مُوْسٰى
اِنْ تَكْفُرُوْۤا اَنْتُمْ وَمَنْ فِي الْاَرْضِ جَمِيْعًا ۙ فَاِنَّ اللّٰهَ لَغَنِيٌّ حَمِيْدٌ ﴿۸﴾

તરજુમો :

અને અમે મૂસા (અલૈ.)ને પોતાની નિશાનીઓ આપીને મોકલ્યા હતા કે પોતાની કોમને અંધારાઓમાંથી અજવાળા તરફ કાઢો અને તેમને અલ્લાહનો દીન યાદ અપાવો, અલબત્ત તેમાં તેના માટે નિશાનીઓ છે જે સબ્ર કરનાર શુક્રગુઝાર છે. (૫) અને જ્યારે મૂસા (અલૈ.)એ પોતાની કોમને કહ્યું, પોતાના ઉપર અલ્લાહનું અહેસાન યાદ કરો જ્યારે તમને ફિરઔનની કોમથી છોડાવ્યા, તેઓ તમને બુરો (ઘાતકી) અઝાબ પહોંચાડતા હતા અને તમારા દિકરાઓને કાપી નાંખતા હતા અને તમારી સ્ત્રીઓને જીવતી રાખતા

અને તેમાં તમારા પરવરદિગાર તરફથી મોટી મદદ થઈ. (૬) અને જ્યારે તમારા પરવરદિગારે સંભળાવી દીધું, જો અહેસાન માનશો તો તમને વધારે આપીશ અને જો નાશુક્રી કરશો તો અલબત્ત મારો અઝાબ ઘણો કઠોર છે. (૭) અને મૂસા (અલૈ.)એ કહ્યું, જો તમે કુફ્ર કરશો અને જમીનમાં છે તે સઘળા લોકો (પણ); તો (પણ) અલ્લાહ બેપરવા છે બધી ખુબીઓવાળો.(૮)

તફસીર :

અને અમે મૂસા (અલૈ.)ને પોતાની નિશાનીઓ આપીને મોકલ્યા કે પોતાની કોમને (કુફ્ર અને ગુનાહોના) અંધકારોમાંથી (કાઢીને ઈમાન અને આજ્ઞાપાલનના) પ્રકાશ તરફ લાવે અને તેમને અલ્લાહ તઆલાના વ્યવહારો (અઝાબ અને નેઅ્મતના) યાદ અપાવે, બેશક ! તે મા'મલાઓમાં બોધપાઠો છે દરેક સબ્ર કરનાર શુક્ર કરનાર માટે (કારણ કે નેઅ્મતને યાદ કરીને શુક્ર કરો અને ક્રોધ પછી તેનાથી થયેલ પડતીને યાદ કરીને ભવિષ્યની ઘટનાઓ ઉપર સબ્ર કરો) અને તે સમયને યાદ કરો કે જ્યારે (અમારા આ ઉપરોક્ત વર્ણન પ્રમાણે) મૂસા (અલૈ.)એ પોતાની કોમને કહ્યું કે તમે અલ્લાહ તઆલાના પોતાની ઉપરના ઈનામો યાદ કરો જ્યારે કે તમને ફિરઔનવાળાઓથી છુટકારો અપાવ્યો જે તમને કષ્ટદાયક પીડાઓ પહોંચાડતા હતા અને તમારા દિકરાઓને કાપી નાંખતા હતા અને તમારી દિકરીઓને (કે જે મોટી થઈને સ્ત્રીઓ બની જતી હતી) જીવતી છોડી દેતા હતા, (જેથી તેમની પાસેથી સેવાનું કામ લેવામાં આવે, બસ એ પણ એક પ્રકારે કતલ કરવા જેવું જ થયું કે તે પણ એક પ્રકારનો અઝાબ જ હતો) અને એ (મુસીબત અને છુટકારો બંને)માં તમારા પરવરદિગાર તરફથી એક મોટી પરીક્ષા છે (એટલે કે મુસીબતમાં બલા હતી અને છુટકારામાં નેઅ્મત હતી અને બલા તથા મુસીબત બંનેમાં બંદા માટે કસોટી હોય છે, બસ તેમની સમક્ષ હઝરત મૂસા અલૈ.એ અલ્લાહના દિવસો એટલે કે નેઅ્મતો અને મુસીબતો બંનેનું વર્ણન કરી આપ્યું) અને (મૂસા અલૈ.એ એ પણ ફરમાવ્યું કે હે મારી કોમ !) તે સમયને યાદ કરો, જ્યારે કે તમારા પરવરદિગારે (મારા માધ્યમથી) તમને ખબર આપી દીધી છે કે જો (મારી નેઅ્મતોને સાંભળીને) તમે શુક્ર કરશો તો તમને (ભલે દુનિયામાં અથવા આખિરતમાં તો જરૂર) વધારે નેઅ્મત આપીશ અને જો તમે

(આ નેઅ્‌મતોને સાંભળીને) નાશુક્રી કરશો તો (એવું સમજી રાખો કે) મારો અઝાબ ઘણો કઠોર છે (નાશુક્રીમાં તે અઝાબની સંભાવના રહેલી છે) અને મૂસા (અલૈ.)એ (એ પણ) ફરમાવ્યું કે જો તમે અને સમગ્ર દુનિયાના માનવો મળીને પણ નાશુક્રી (કુફ્ર) કરવા લાગો તો અલ્લાહ તઆલા(ને કોઈ નુકસાન નથી કારણ કે તે) બિલકુલ બેપરવા છે (અને પોતાની જાતમાં) બધી જ ખુબીઓવાળો છે, (કોઈ અન્યમાં તે ખુબીઓ હોવાની શક્યતા જ નથી એટલા માટે અલ્લાહ તઆલાને નુકસાન પહોંચી જ નથી શકતું અને તમે પોતાનું નુકસાન સાંભળી ચૂક્યા છો اِنَّ عَذَابِىْ لَشَدِيْدٌ એટલા માટે શુક્ર કરો અને ઉપકાર માનો, નાશુક્રી ન કરો).

મસ્અલા અને બોધપાઠ :

પ્રથમ આયતમાં પ્રસ્તુત છે કે અમે હઝરત મૂસા (અલૈ.)ને પોતાની આયતો આપીને મોકલ્યા કે તે પોતાની કોમને કુફ્ર અને ગુનાહના અંધકારોમાંથી ઈમાન અને આજ્ઞાપાલનના પ્રકાશમાં લઈ આવે.

શબ્દ آيَات (આયાત)થી તવરાતની આયતો પણ ભાવાર્થ હોઈ શકે છે અને તેને નાઝિલ કરવાનો મકસદ સત્યનો પ્રકાશ ફેલાવવાનો હતો તથા "આયાત"નો બીજો અર્થ "મોઅ્‌જિઝા"નો પણ આવ્યો છે તે પણ આ સ્થળે ભાવાર્થ તરીકે હોઈ શકે છે. હઝરત મૂસા (અલૈ.)ને અલ્લાહ તઆલાએ ખાસ બે મોઅ્‌જિઝાઓ અર્પણ કર્યા હતા તેમાં લાઠીનો સાપ બની જવાના અને હાથ પ્રકાશિત થઈ જવાના મોઅ્‌જિઝાનો કુર્આન શરીફમાં ઘણે ઠેકાણે ઉલ્લેખ છે, "આયાત"ને મોઅ્‌જિઝાઓના અર્થમાં લેવામાં આવે તો ભાવાર્થ એ થશે કે હઝરત મૂસા (અલૈ.)ને એવા ખુલ્લા મોઅ્‌જિઝાઓ આપીને મોકલવામાં આવ્યા કે જેને જોયા પછી કોઈ શરીફ અને સમજદાર ઈન્સાન પોતાના ઈન્કાર અને આજ્ઞાના અનાદર ઉપર કાયમ રહી શકે નહીં.

એક મુદ્દો :

આ આયતમાં શબ્દ قَوْم (કવ્‌મ) આવ્યો છે કે પોતાની કોમને અંધકારોમાંથી પ્રકાશમાં લાવો પરંતુ આ જ વિષય આ જ સૂરતની પ્રથમ આયતમાં જ્યારે રસૂલે કરીમ ﷺને સંબોધન કરીને વર્ણન કરવામાં આવ્યો તો

ત્યાં قَـوْم (કવ્મ)ના બદલે શબ્દ نَـــاسْ (નાસ)નો ઉપયોગ કરવામાં આવ્યો. لِتُخْـرِجَ النَّـاسَ مِنَ الظُّلُمٰـتِ اِلَى النُّوْرِ તેમાં એ ઈશારો છે કે હઝરત મૂસા (અલૈ.)ની નુબુવ્વત અને બઅ્ષત ફક્ત પોતાની કોમ બની ઈસ્રાઈલ અને મિસ્રની કોમો તરફ હતી અને રસૂલે કરીમ ﷺને સમગ્ર દુનિયાની માનવજાત માટે મોકલવામાં આવ્યા છે.

પછી ઈરશાદ ફરમાવ્યો, وَذَكِّرْهُمْ بِاَيّٰمِ اللّٰهِ એટલે કે, અલ્લાહ તઆલાએ હઝરત મૂસા (અલૈ.)ને હુકમ આપ્યો કે પોતાની કોમને اَيّـٰمُ اللّٰهِ (અય્યામુલ્લાહ) "અલ્લાહના દિવસો" યાદ અપાવો.

"અય્યામુલ્લાહ" શું છે ? :

"અય્યામ" એ "યવ્મ"નું બહુવચન છે જેનો અર્થ "દિવસ" થાય છે, શબ્દ "અય્યામુલ્લાહ" બે અર્થો માટે બોલવામાં આવે છે અને તે બંને અત્રે ભાવાર્થ તરીકે હોઈ શકે છે, પ્રથમ તે ખાસ દિવસો જેમાં કોઈ યુદ્ધ થયું અથવા ક્રાંતિ આવી; બીજું, ગઝ્વએ બદ્ર અથવા અહ્ઝાબ અને હુનૈન વગેરેની ઘટનાઓ અથવા તો પાછલી ઉમ્મતો ઉપર અઝાબ નાઝિલ થવાની ઘટનાઓ છે જેમાં મોટી-મોટી કોમો તળે-ઉપર અથવા નેસ્તો-નાબૂદ કરી નાંખવામાં આવી, આ સ્વરૂપમાં "અય્યામુલ્લાહ" (અલ્લાહના દિવસો) યાદ અપાવવામાં તે કોમોને કુફ્રના ખરાબ પરિણામથી ડરાવવાનો અને તેનાથી ચેતવણી આપવાનો હેતુ છે.

બીજો અર્થ અય્યામુલ્લાહનો અલ્લાહ તઆલાના ઈનામો અને ઉપકારોનો પણ આવે છે, તેને યાદ અપાવવાનો હેતુ એ હશે કે ડાહ્યા માણસને જ્યારે કોઈ ઉપકારકના ઉપકારની યાદ અપાવવામાં આવે છે ત્યારે તે તેનો વિરોધ અને તેની આજ્ઞાનો અનાદર કરવાથી શરમાઈ જાય છે.

કુર્આન મજીદની શૈલી અને સુધારણાની પદ્ધતિ સામાન્ય રીતે એ છે કે જ્યારે કોઈ હુકમ આપવામાં આવે છે તો સાથે-સાથે એ હુકમ ઉપર અમલ કરવાની સરળતા માટે તદ્બીર (યોજનાઓ અને યુક્તિઓ) પણ બતાવવામાં આવે છે, અહીંયાં પ્રથમ વાક્યમાં હઝરત મૂસા (અલૈ.)ને એ હુકમ આપવામાં આવ્યો છે કે અલ્લાહ તઆલાની "આયાત" (નિશાની) સંભળાવીને અથવા મોઅ્જિઝાઓ બતાવીને પોતાની કોમને કુફ્રના અંધકારોમાંથી કાઢો અને

ઈમાનના પ્રકાશમાં લાવો, તેની તદ્બીર આ વાક્યમાં એ ઈરશાદ ફરમાવી કે નાફરમાનોને સીધા માર્ગ ઉપર લાવવાની બે યુક્તિઓ છે, એક તેમને સજાથી ડરાવો અને બીજું ઇનામો અને ઉપકારોને યાદ અપાવીને આજ્ઞાપાલન તરફ આમંત્રણ આપો. વાક્ય ذَكِّرْهُمْ بِاَيّٰمِ اللّٰهِ માં આ બંને વસ્તુઓ ભાવાર્થ તરીકે હોઈ શકે છે કે પાછલી ઉમ્મતોની નાફરમાનીઓનું ખરાબ પરિણામ તેમના ઉપર આવનાર અઝાબ અને જિહાદમાં તેમના સ્વજનોનું માર્યા જવું અથવા અપમાનિત થવું વગેરે તેમને યાદ અપાવો જેથી તેઓ બોધપાઠ ગ્રહણ કરીને તેનાથી બચી જાય, એ જ પ્રમાણે આ કોમ ઉપર જે અલ્લાહ તઆલાની નેઅ્મતો દિવસ-રાત વરસતી રહે છે અને જે ખાસ-ખાસ નેઅ્મતો (ઈનામો) દરેક પરિસ્થિતિમાં તેમના માટે ઊતરતી રહે છે, દાખલા તરીકે "તીહ"ની ખીણમાં તેમના માથાઓ ઉપર વાદળનો છાંયડો, ખોરાક માટે "મન્ન" અને "સલવા" ઉતારવા, પાણીની જરૂરિયાત ઊભી થઈ તો પથ્થરમાંથી ઝરણા વહાવવા વગેરે તેમને યાદ અપાવીને અલ્લાહ તઆલાના આજ્ઞાપાલન અને તેની તવહીદ તરફ આમંત્રણ આપવામાં આવે.

اِنَّ فِىْ ذٰلِكَ لَاٰيٰتٍ لِّكُلِّ صَبَّارٍ شَكُوْرٍ ۝ તેમાં آيَاتٌ (આયાત)નો ભાવાર્થ "નિશાનીઓ" અને "દલીલો" છે તથા صَبَّارٌ (સબ્બાર) એ صَبْر (સબ્ર)થી બનેલ છે જેનો અર્થ "ઘણો જ સબ્ર કરનાર" થાય છે અને شَكُوْر (શકૂર) એ شُكْر (શુક્ર)નો અતિશયોક્તિ અલંકાર છે જેનો અર્થ "અત્યંત આભાર માનનાર અથવા શુક્ર કરનાર" થાય છે. આ વાક્યનો ભાવાર્થ એ છે કે અલ્લાહના દિવસો એટલે કે અગાઉની ઘટનાઓ ભલે જે ઇન્કારીઓના સજા અથવા અઝાબના સંદર્ભમાં હોય અથવા અલ્લાહ તઆલાના ઇનામો અને ઉપકારો વિશે હોય દરેક પરિસ્થિતિમાં ભૂતકાળની ઘટનાઓમાં અલ્લાહ તઆલાની સંપૂર્ણ કુદરત અને મહાન હિકમતની મોટી નિશાનીઓ અને દલીલો ઉપસ્થિત છે દરેક તે વ્યક્તિ માટે જે ખૂબ ધૈર્ય દાખવનાર અને ખૂબ આભાર માનનાર હોય છે.

અર્થ એ છે કે ખુલ્લી નિશાનીઓ અને દલીલો જો કે દરેક વિચાર કરનારના માર્ગદર્શન માટે હોય છે પરંતુ બદ્નસીબ કાફિરો તેમાં ચિંતન કે મનન કરતા જ નથી અને તેનાથી કોઈ લાભ ઉઠાવતા નથી, લાભ માત્ર તે લોકો જ ઉઠાવે છે જેઓ મોટા પ્રમાણમાં સબ્ર અને શુક્ર કરે છે, તેનો ભાવાર્થ મો'મિન લોકો

છે કારણ કે બયહકીએ હઝરત અનસ (રદિ.)ની રિવાયત નકલ કરી છે કે, રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે ઈમાનના બે ભાગો છે, અડધો સબ્ર અને અડધો શુક્ર. *(મઝહરી)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ (રદિ.)એ ફરમાવ્યું કે, સબ્ર અડધું ઈમાન છે અને સહીહ મુસ્લિમ તથા મુસ્નદે અહમદમાં હઝરત સુહૈબ (રદિ.)ની રિવાયતથી આવ્યું છે કે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે મો'મિનની દરેક પરિસ્થિતિમાં ખયૂર જ ખયૂર અને ભલું જ ભલું છે અને આ વાત મો'મિન સિવાય અન્ય કોઈને નસીબ નથી થઈ, કારણ કે મો'મિનને જો કોઈ રાહત, નેઅ્મત અથવા ઈજ્જત મળે છે ત્યારે તે તેના ઉપર અલ્લાહ તઆલાનો શુક્રગુઝાર હોય છે જે તેના માટે દીન અને દુનિયામાં ખયૂર અને ભલાઈનો સામાન બની જાય છે (દુનિયામાં તો અલ્લાહના વાયદા પ્રમાણે નેઅ્મત વધારી આપવામાં આવે છે અને કાયમ રહે છે તથા આખિરતમાં તેના શુક્રનો મહાન બદલો તેને મળે છે) અને જો મો'મિનને કોઈ તકલીફ અથવા મુસીબત આવી પડે તો તે તેના ઉપર ધૈર્ય દાખવે છે તો તેના સબ્રના કારણે તે મુસીબત પણ તેના માટે નેઅ્મત અને રાહતનો સામાન બની જાય છે. દુનિયામાં એ પ્રમાણે કે સબ્ર કરનારાઓને અલ્લાહ તઆલાની નિકટતા પ્રાપ્ત થાય છે. કુર્આનમાં છે, اِنَّ اللّٰـهَ مَعَ الصّٰبِرِيْنَ અને અલ્લાહ તઆલા જેની સાથે હોય અંતે આ મુસીબત તેના માટે રાહતમાં પરિવર્તિત થઈ જાય છે અને આખિરતમાં એ જ પ્રમાણે સબ્રનો મહાન બદલો અલ્લાહ તઆલા નજીક બેહિસાબ છે જેમકે કુર્આને કરીમમાં ઈરશાદ છે اِنَّمَا يُوَفَّى الصّٰبِرُوْنَ اَجْرَهُمْ بِغَيْرِ حِسَابٍ ط

ખુલાસો એ છે કે મો'મિન માટે કોઈ પરિસ્થિતિ ખરાબ નથી હોતી, બધું સારું જ સારું છે, તે પડવામાં પણ ઊભરી આવે છે અને તેના બગાડમાં પણ તેનું કંઈ બનતું હોય છે.

نہ شوخی چل سکی بادِ صبا کی، بگڑنے میں بھی زلف اس کی بنا کی

ઈમાન તે દોલત છે જે મુસીબત અને તકલીફને પણ રાહત અને ઇનામમાં પરિવર્તિત કરી દે છે, હઝરત અબૂ દરદાઅ્ (રદિ.)એ ફરમાવ્યું કે મેં રસૂલે કરીમ ﷺ પાસેથી સાંભળ્યું છે કે અલ્લાહ તઆલાએ હઝરત ઈસા (અલૈ.)ને ફરમાવ્યું

કે હું તમારા પછી એક ઉમ્મત એવી પેદા કરવાનો છું કે જો તેમના મનની મુરાદ પૂરી થાય અને તેમની ઇચ્છા પ્રમાણે કાર્ય થઈ જાય તો તેઓ શુક્ર અદા કરશે અને જો તેમની ઇચ્છા અને મરજી વિરુદ્ધ અણગમાયુક્ત અને નાપસંદ સ્વરૂપની પરિસ્થિતિ સામે આવી પડે તો તેઓ તેને સવાબનું માધ્યમ સમજીને સબ્ર કરશે અને આ સમજદારી તથા સહનશીલતા તેમની પોતાની વ્યક્તિગત બુદ્ધિ કે સહનશીલતાનું પરિણામ નથી બલકે અમે તેમને પોતાના જ્ઞાન અને સહનશીલતાનો એક ભાગ અર્પણ કરીશું. *(મઝહરી)*

શુક્રની હકીકતનો ખુલાસો એ છે કે અલ્લાહ તઆલાએ આપેલી નેઅ્મતોને તેની નાફરમાની અને હરામ કામોમાં ખર્ચ ન કરે અને જીભથી પણ અલ્લાહ તઆલાનો શુક્ર અદા કરે અને પોતાના આચરણ અને પ્રવૃત્તિઓને પણ તેની મરજી પ્રમાણે બનાવે.

સબ્રનો ખુલાસો એ છે કે સ્વભાવ વિરુદ્ધના હુકમોથી પરેશાન ન થાય, પોતાના નિવેદનો અને કર્મોમાં નાશુક્રીથી બચે અને અલ્લાહ તઆલાની રહમતનો દુનિયામાં પણ આશાવાદી રહે અને આખિરતમાં સબ્રના મહાન બદલાનો વિશ્વાસ રાખે.

બીજી આયતમાં આગલા વિષયની વધારે વિગત છે કે હઝરત મૂસા (અલૈ.)ને હુકમ આપવામાં આવ્યો કે તેઓ પોતાની કોમ બની ઈસ્રાઈલને અલ્લાહ તઆલાની એ ખાસ નેઅ્મતો યાદ અપાવે કે હઝરત મૂસા (અલૈ.)થી પહેલાં ફિરઔને તેમને નાજાઇઝ પદ્ધતિથી ગુલામ બનાવી રાખ્યા હતા અને પછી તે ગુલામોની સાથે પણ માનવતાનો વ્યવહાર ન હતો, તેમના પુત્ર સંતાનોની પેદા થતાં જ હત્યા કરી નાંખવામાં આવતી હતી અને માત્ર સ્ત્રી સંતાનને પોતાની સેવા માટે રાખી લેતા હતા, હઝરત મૂસા (અલૈ.)ના આગમન પછી તેમની બરકતથી અલ્લાહ તઆલાએ તેમને આ ફિરઔની અઝાબથી છુટકારો અપાવ્યો.

શુક્ર (આભાર) માનવો અને નાશુક્રી (ઉપકારનો બદલો અપકાર)ના પરિણામ :

શબ્દ وَاِذْ تَاَذَّنَ رَبُّكُمْ لَئِنْ شَكَرْتُمْ لَاَزِيْدَنَّكُمْ وَلَئِنْ كَفَرْتُمْ اِنَّ عَذَابِىْ لَشَدِيْد تَـــأَذَّنَ (તઅઝ્ઝુન) એ اِذْنٌ (ઇઝ્ન) અને ખબર આપવા માટે તથા એ'લાન

કરવાના અર્થમાં છે, આયતનો ભાવાર્થ એ છે કે આ વાત યાદ રાખવાની છે કે અલ્લાહ તઆલાએ આ જાહેર એ'લાન આપ્યું છે કે જો તમે મારી નેઅ્મતોનો શુક્ર અદા કર્યા કરો કે તે નેઅ્મતોને મારી નાફરમાની અને નાજાઇઝ કાર્યોમાં ખર્ચ ન કરો અને પોતાના આચરણો અને કર્મોને મારી મરજી પ્રમાણે બનાવવાનો પ્રયત્ન કરો તો હું તે નેઅ્મતોમાં હજુ પણ વધારો કરી આપીશ. આ વધારો નેઅ્મતના જથ્થાના પ્રમાણમાં પણ હોઈ શકે છે અને તેના બાકી રહેવામાં અને ટકી રહેવામાં પણ હોઈ શકે છે. "રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે જે વ્યક્તિને શુક્ર અદા કરવાની તવફીક થઈ ગઈ તે કોઈ નેઅ્મતોમાં બરકત અને વધારાથી વંચિત ન થશે." (રવાહુ ઈબ્ને મરદૂયા અન ઈબ્ને અબ્બાસ, મઝહરી) અને ફરમાવ્યું કે જો તમે મારી નેઅ્મતોની નાશુક્રી કરી તો મારો અઝાબ પણ ઘણો કઠોર છે. નાશુક્રીનો ખુલાસો એ જ છે કે અલ્લાહની નેઅ્મતોને તેની નાફરમાની અને નાજાઇઝ કામોમાં વાપરવામાં આવે અથવા તેના ફરજો અને વાજિબોની અદાયગીમાં આળસ કરે અને નેઅ્મતોની નાશુક્રીનો કઠોર અઝાબ દુનિયામાં પણ હોઈ શકે છે કે આ નેઅ્મતો છીનવી લેવામાં આવે અથવા એવી મુસીબતમાં સપડાઈ જાય કે નેઅ્મતનો લાભ ન ઉઠાવી શકે અને આખિરતમાં પણ અઝાબમાં સપડાઈ જાય.

અત્રે એ વાત યાદ રાખવાપાત્ર છે કે આ આયતમાં અલ્લાહ તઆલાએ શુક્રગુઝારો માટે જે બદલા અને સવાબ તથા નેઅ્મતોના વધારાનો વાયદો અને તે પણ તાકીદના શબ્દ સાથે કર્યો છે, لَاَزِيْدَنَّكُمْ પરંતુ તેનાથી વિપરીત નાશુક્રી કરનારાઓ માટે આ નથી ફરમાવ્યું કે, لَاُعَذِّبَنَّكُمْ એટલે કે, તેમાં તમને અવશ્ય અઝાબ આપીશ, બલકે માત્ર એટલું કહીને ડરાવ્યા છે કે મારો અઝાબ જેને પણ થશે તે ઘણો કઠોર હોય છે. આ ખાસ વ્યાખ્યામાં ઈશારો છે કે દરેક નાશુક્રાને અઝાબમાં સપડાવવું કંઈ જરૂરી નથી, અલ્લાહ તઆલા તરફથી મા'ફીની પણ શક્યતા છે.

قَالَ مُوْسٰٓى اِنْ تَكْفُرُوْٓا اَنْتُمْ وَمَنْ فِى الْاَرْضِ جَمِيْعًا، فَاِنَّ اللّٰهَ لَغَنِىٌّ حَمِيْدٌ ط
એટલે કે, મૂસા (અલૈ.)એ પોતાની કોમને ફરમાવ્યું કે જો તમે બધા અને જેટલા મનુષ્યો જમીન ઉપર વસે છે તે સૌ અલ્લાહ તઆલાની નેઅ્મતોની નાશુક્રી કરવા

લાગે તો યાદ રાખો કે તેમાં અલ્લાહ તઆલાનું કોઈ નુકસાન નથી, તે તો બધાના વખાણ તસ્બીહ તથા શુક્ર અને નાશુક્રથી બેપરવા અને ઉપરવટ છે અને તે પોતાની જાતમાં "હમીદ" એટલે કે વખાણનો હકદાર છે, તેના વખાણ તમે નહીં કરો તો અલ્લાહના વખાણ બધા ફરિશ્તા અને કાઈનાતનો કણે-કણ કરી રહ્યો છે.

શુક્રનો લાભ જે કંઈ છે તે તમારા જ માટે છે, એટલા માટે શુક્રગુઝારીની તાકીદ અલ્લાહ તઆલા તરફથી કંઈ તેના પોતાના ફાયદા માટે નથી બલકે તેની દયા અને કૃપાથી તમને જ લાભ પહોંચાડવા માટે છે.

આયતો : (સૂરએ ઇબ્રાહીમ : આયત નં. ૯ થી ૧૫)

اَلَمْ يَاْتِكُمْ نَبَؤُا الَّذِيْنَ مِنْ قَبْلِكُمْ قَوْمِ نُوْحٍ وَّعَادٍ وَّثَمُوْدَ ۛ وَالَّذِيْنَ مِنْ بَعْدِهِمْ ۛ لَا
يَعْلَمُهُمْ اِلَّا اللّٰهُ ؕ جَآءَتْهُمْ رُسُلُهُمْ بِالْبَيِّنٰتِ فَرَدُّوْۤا اَيْدِيَهُمْ فِيْۤ اَفْوَاهِهِمْ وَقَالُوْۤا اِنَّا كَفَرْنَا
بِمَاۤ اُرْسِلْتُمْ بِهٖ وَاِنَّا لَفِيْ شَكٍّ مِّمَّا تَدْعُوْنَنَاۤ اِلَيْهِ مُرِيْبٍ ﴿٩﴾ قَالَتْ رُسُلُهُمْ اَفِي اللّٰهِ
شَكٌّ فَاطِرِ السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ يَدْعُوْكُمْ لِيَغْفِرَ لَكُمْ مِّنْ ذُنُوْبِكُمْ وَيُؤَخِّرَكُمْ اِلٰۤى اَجَلٍ
مُّسَمًّى ؕ قَالُوْۤا اِنْ اَنْتُمْ اِلَّا بَشَرٌ مِّثْلُنَا ؕ تُرِيْدُوْنَ اَنْ تَصُدُّوْنَا عَمَّا كَانَ يَعْبُدُ اٰبَآؤُنَا فَاْتُوْنَا
بِسُلْطٰنٍ مُّبِيْنٍ ﴿١٠﴾ قَالَتْ لَهُمْ رُسُلُهُمْ اِنْ نَّحْنُ اِلَّا بَشَرٌ مِّثْلُكُمْ وَلٰكِنَّ اللّٰهَ يَمُنُّ عَلٰى مَنْ يَّشَآءُ
مِنْ عِبَادِهٖ ؕ وَمَا كَانَ لَنَاۤ اَنْ نَّاْتِيَكُمْ بِسُلْطٰنٍ اِلَّا بِاِذْنِ اللّٰهِ ؕ وَعَلَى اللّٰهِ فَلْيَتَوَكَّلِ الْمُؤْمِنُوْنَ ﴿١١﴾
وَمَا لَنَاۤ اَلَّا نَتَوَكَّلَ عَلَى اللّٰهِ وَقَدْ هَدٰىنَا سُبُلَنَا ؕ وَلَنَصْبِرَنَّ عَلٰى مَاۤ اٰذَيْتُمُوْنَا ؕ وَعَلَى
اللّٰهِ فَلْيَتَوَكَّلِ الْمُتَوَكِّلُوْنَ ﴿١٢﴾ وَقَالَ الَّذِيْنَ كَفَرُوْا لِرُسُلِهِمْ لَنُخْرِجَنَّكُمْ مِّنْ اَرْضِنَاۤ
اَوْ لَتَعُوْدُنَّ فِيْ مِلَّتِنَا ؕ فَاَوْحٰۤى اِلَيْهِمْ رَبُّهُمْ لَنُهْلِكَنَّ الظّٰلِمِيْنَ ﴿١٣﴾ وَلَنُسْكِنَنَّكُمُ الْاَرْضَ
مِنْ بَعْدِهِمْ ؕ ذٰلِكَ لِمَنْ خَافَ مَقَامِيْ وَخَافَ وَعِيْدِ ﴿١٤﴾ وَاسْتَفْتَحُوْا وَخَابَ كُلُّ
جَبَّارٍ عَنِيْدٍ ﴿١٥﴾

તરજુમો :

શું તમને તે લોકોની ખબર નથી પહોંચી જેઓ તમારાથી પહેલા હતા ? કોમે નૂહની અને આદ અને ષમૂદ અને જે તેમની પાછળ થયા, કોઈને તેમની ખબર નથી પરંતુ અલ્લાહને; તેમની પાસે નિશાનીઓ લઈને તેમના રસૂલ આવ્યા, પછી તેમણે પોતાના હાથ પોતાના મોઢાંમાં ઊલટા દઈ દીધા અને બોલ્યા, અમે નથી માનતા જે તમને આપીને મોકલવામાં આવ્યા અને અમને તો એ માર્ગમાં શંકા છે જેના તરફ તમે અમને બોલાવો છો; વિમાસણમાં નાંખનાર. (૯) તેમના રસૂલ બોલ્યા, શું અલ્લાહમાં શંકા છે જેણે આસમાનો અને જમીન બનાવ્યા ? તે તમને બોલાવે છે જેથી તમને તમારા કંઈક ગુનાહ બખ્શે અને તમને એક વાયદા સુધી ઢીલ આપે જે નક્કી થઈ ચૂક્યો છે; કહેવા લાગ્યા, તમે તો એ જ અમારા જેવા માનવી છો, તમે ઈચ્છો છો કે તે વસ્તુઓથી અમને રોકી દો જેમને અમારા બાપદાદા પૂજતા રહ્યા ? બસ લાવો કોઈ ઉઘાડું પ્રમાણ (સનદ). (૧૦) તેમને તેમના રસૂલોએ કહ્યું, અમે તો એ જ તમારા જેવા માનવી છીએ પરંતુ અલ્લાહ પોતાના બંદાઓમાં જેના ઉપર ચાહે અહેસાન કરે છે અને અમારું કામ નથી કે તમારી પાસે સનદ (પ્રમાણ) લઈ આવીએ પરંતુ અલ્લાહના હુકમથી અને ઈમાનવાળાઓનો અલ્લાહ ઉપર જ ભરોસો હોવો જોઈએ. (૧૧) અને અમને શું થયું કે અલ્લાહ ઉપર ભરોસો ન કરીએ અને તે અમને અમારા માર્ગો સૂઝાડી ચૂક્યો અને અમે પીડા ઉપર ધૈર્ય દાખવીશું જે તમે અમને આપો છો અને અલ્લાહ ઉપર જ ભરોસો હોવો જોઈએ ભરોસો કરનારાઓનો. (૧૨) અને કાફિરોએ પોતાના રસૂલોને કહ્યું, અમે તમને પોતાની ભૂમિમાંથી કાઢી મૂકીશું અથવા અમારા ધર્મમાં પાછા આવો, ત્યારે તેમને તેમના પરવરદિગારે હુકમ મોકલ્યો, અમે આ જાલિમોનો નાશ કરીશું. (૧૩) અને તમને આ ભૂમિમાં તેમના પછી આબાદ કરીશું, આ તેને મળે છે જે મારી સામે ઊભા થવાથી ડરે છે મારા અઝાબના વાયદાથી. (૧૪) અને પયગમ્બર ફેંસલો માંગવા લાગ્યા અને દરેક મિથ્યાભિમાની જિદ્દી પરાસ્ત થયો. (૧૫)

તફસીર :

(હે મક્કાના કાફિરો) શું તમને તે લોકો(ની ઘટનાઓ)ની ખબર (ભલે

ઉપરછલ્લી હોય) નથી પહોંચી જે તમારાથી પહેલાં ગુઝરી ચૂક્યા છે ? એટલે કે કોમે નૂહ અને આદ અને ષમૂદ (તથા કોમે સાલિહ) અને જે લોકો તેમના પછી થયા છે જે(ની વિસ્તૃત વિગત)ની અલ્લાહ તઆલા સિવાય કોઈને જાણ નથી (કારણ કે તેમની પરિસ્થિતિની વિગતો વિસ્તૃત રીતે વર્ણન થઈ નથી અને તે ઘટનાઓ એ છે કે) તેમના પયગમ્બરો તેમની પાસે દલીલો લઈને આવ્યા, બસ તે કોમો(માં જે કાફિરો હતા તેઓ)એ પોતાના હાથ તે પયગમ્બરોના મોઢામાં દઈ દીધા (એટલે કે માનવાના તો શું હતા બલકે એવા પ્રયત્નો કર્યા કે તેમને વાત સુદ્ધાં ન કરવા દીધી) અને કહેવા લાગ્યા કે જે હુકમ આપીને તમને (અમારા તરફ) મોકલવામાં આવ્યા છે (એટલે કે તવહીદ અને ઈમાન લઈને) અમે તો તેના તરફથી ઘણી મોટી શંકામાં છીએ જેણે (અમને) વિમાસણમાં નાંખી દીધા છે (આ કહેવાનો હેતુ તવહીદનો સ્પષ્ટ ઇન્કાર કરવાનો છે અને રિસાલતનો ઇન્કાર تَدْعُوْنَا "તદ્ઊના" છે જેનો ખુલાસો એ છે કે તમે તમારા અભિપ્રાયથી પોતે આ તવહીદની દા'વત આપી રહ્યા છો, તમે અલ્લાહના ચૂંટી કાઢવામાં આવેલા રસૂલ નથી) તેમના પયગમ્બરોએ (એ વાતના જવાબમાં) કહ્યું, શું (તમને) અલ્લાહ તઆલા વિશે (એટલે કે તેની તવહીદમાં) શંકા (અને ઇન્કાર) છે જે આસમાન અને જમીનો પેદા કરનારો છે ? (એટલે કે તેની સૃષ્ટિને પેદા કરવું પોતે તેની જાત અને વહ્દાનિયત વિશે દલીલ છે, પછી આ દલીલ હોવા છતાં શંકા કરવી ઘણા આશ્ચર્યની વાત છે અને તમે જે અલ્લાહની તવહીદની દા'વતને અમારા તરફથી હોવાનું કહી રહ્યા છો તો તે પણ સદંતર ખોટું છે, જો કે તવહીદ સત્ય હોવાના કારણે એ પાત્ર છે કે જો કોઈ પોતાના અભિપ્રાયથી પણ તેનું આમંત્રણ આપે તો તે પણ યોગ્ય છે પરંતુ વિવાદાસ્પદ પરિસ્થિતિના કારણે અમે જાહેર કરીએ છીએ કે તે અલ્લાહનો જ હુકમ છે અને અમે તેના હુકમથી જ તવહીદનું આમંત્રણ આપીએ છીએ. બસ,) તે (જ) તમને (તવહીદ તરફ) બોલાવી રહ્યો છે જેથી (તેના સ્વીકાર કરવાની બરકતથી) તમારા (પાછલા) ગુનાહ મા'ફ કરી આપે અને (તમારી ઉંમરની) નક્કી સમયમર્યાદા સુધી તમને (ભલાઈ અને ખુબી સાથે) જીવન આપે (મતલબ એ છે કે તવહીદ પોતે સત્ય છે અને તમારા માટે બંને દુનિયામાં લાભદાયક પણ છે અને આ જવાબમાં બંને બાબતો વિશેનો જવાબ થઈ ગયો, તવહીદ વિશે પણ ....اَفِى اللّٰهِ شَكٌّ માં અને રિસાલત વિશે પણ يَدْعُوْكُمْ

માં જેમકે આયતના તરજુમાની ચર્ચાથી જાહેર થાય છે) પછી તેમણે (ત્યારબાદ બંને બાબતો વિશે વાતચીત શરૂ કરી અને) કહ્યું કે, તમે (પયગમ્બર નથી બલકે) ફક્ત એક માનવી છો જેવા અમે છે (અને માનવી હોવું રિસાલતનો નકાર કરે છે, તમે જે કહો છો તે અલ્લાહ તરફથી નથી બલકે) તમે (પોતાના અભિપ્રાયથી) એવું ઈચ્છો છો કે અમારા બાપ-દાદા જે વસ્તુની ઈબાદત કરતા હતા (એટલે કે મૂર્તિઓની) તેનાથી અમને અટકાવી દો ? બસ, (જો રિસાલતના દા'વેદાર હોય તો ખુલ્લી દલીલો સિવાય અન્ય) કોઈ સ્પષ્ટ મોઅ્જિઝો બતાવો (જે આ બધા કરતા ખુલ્લમ-ખુલ્લો અને જાહેર હોય, તેમાં નુબુવ્વત ઉપર તો દેખીતું છે અને يَعْبُدُ اٰبَآؤُنَا માં તવહીદ તરફ ઈશારો છે જેનો ખુલાસો એ છે કે શિર્કની સત્ય હોવાની દલીલ એ છે કે અમારા બાપ-દાદા પણ મૂર્તિઓની જ પૂજા કરતા હતા) તેમના રસૂલોએ (તેના જવાબમાં) કહ્યું કે (તમારી વાતચીતના અનેક પાસાંઓ છે તવહીદનો ઈન્કાર માટે બાપ-દાદાની પ્રવૃત્તિઓને દલીલ બનાવવી અને નુબુવ્વતનો ઈન્કાર કરવા માટે ખુલ્લમ-ખુલ્લી નિશાનીઓ અને મોઅ્જિઝાઓની માંગણી કરવી એ છતાં કે અમુક ખુલ્લી નિશાનીઓ મોજૂદ છે, બસ પ્રથમ બાબત વિશે فَاطِرِ السَّمٰوٰتِ وَالْاَرْضِ માં જવાબ આવી ગયો, કારણ કે બૌદ્ધિક દલીલ સામે રિવાજ અથવા પ્રથા કોઈ બાબત નથી, બીજા વાંધા વિશે અમે પોતાના માનવ હોવાની બાબતનો સ્વીકાર કરીએ છીએ કે ખરેખર) અમે પણ તમારા જેવા મનુષ્ય છે પરંતુ (માનવ હોવું એ નુબુવ્વતની કોઈ વિરોધી બાબત નથી, કારણ કે નુબુવ્વત એક ઉચ્ચ કક્ષાનું અલ્લાહનું અહેસાન અને ઉપકાર છે તથા) અલ્લાહ(ને અધિકાર છે કે) પોતાના બંદાઓમાંથી જેના ઉપર ઈચ્છે (તે) અહેસાન કરે (અને અહેસાન મનુષ્ય સિવાય અન્ય ઉપર જ હોવું જોઈએ એવી કોઈ ખાસિયત હોવાની કોઈ દલીલ નથી) અને (ત્રીજા વાંધા વિશે વાત એમ છે કે, દા'વા માટે જેમાં નુબુવ્વતનો દા'વો પણ સામેલ છે, દલીલ અને પ્રત્યક્ષ જોવું જે નુબુવ્વતની દલીલ સ્વરૂપે મોઅ્જિઝો જાહેર થવો જરૂરી છે તો તે જાહેર કરવામાં આવી ચૂક્યો છે, હવે રહી વાત ખાસ તમારી માંગણી મુજબના ખુલ્લા મોઅ્જિઝાની કે જેને સ્પષ્ટ અને ચોખ્ખી દલીલ કહી રહ્યા છો તો પ્રથમ તો વાદ-વિવાદ વિશે કરાતી ચર્ચાના કાયદા પ્રમાણે માંગણી મુજબની કોઈ ચોક્કસ દલીલ રજુ કરવી જરૂરી નથી, બીજું) આ વાત અમારા કબ્જામાં નથી કે અમે

તમને કોઈ મોઅ્જિઝો બતાવી શકીએ અલ્લાહના હુકમ વિના ! (બસ, તમારી બધી જ શંકાઓનો જવાબ આપી દેવામાં આવ્યો, પછી જો તેમ છતાં પણ તમે નહીં માનો અને વિરોધ કરતા જશો તો ખૈર અમે તમારા વિરોધથી ડરતા નથી બલકે અલ્લાહ ઉપર ભરોસો કરીએ છીએ) અને અલ્લાહ ઉપર જ બધા ઈમાનવાળાઓએ ભરોસો કરવો જોઈએ (કારણ કે અમે પણ ઈમાનવાળા છીએ અને ઈમાનનો તકાદો તવક્કુલ છે એટલા માટે અમે પણ તેને અપનાવીએ છીએ) અને અમારી પાસે અલ્લાહ ઉપર ભરોસો ન કરવા માટેનું કયું કારણ હોઈ શકે છે જ્યારે કે તેણે (અમારી હાલત ઉપર એટલી મહેરબાની કરી કે) અમને અમારા (બંને દુનિયાના લાભના) માર્ગો બતાવી દીધા (જેની આટલી કૃપા હોય તેના ઉપર તો અવશ્ય ભરોસો કરવો જ જોઈએ) અને (બીજા બધા બહારના નુકસાનથી તો અમે બેફિકર થઈ ગયા, રહી અંદરના નુકસાનની વાત તો તમારા વિરોધ કરવાથી દિલગીરી અને રંજ થાય છે) તમે (દુશ્મનાવટ અને વિરોધ કરીને) જે કંઈ અમને ત્રાસ પહોંચાડયો છે અમે તેના ઉપર સબ્ર કરીશું (બસ, તેનાથી પણ અમને નુકસાન ન રહ્યું અને આ સબ્રનો ખુલાસો પણ તે જ તવક્કુલ છે) અને અલ્લાહ ઉપર જ ભરોસો કરનારાઓએ (સદા) ભરોસો રાખવો જોઈએ અને (તે બધી જ દલીલો સ્થાપિત કર્યા પછી પણ કાફિરો નમ્ર ન થયા બલકે) તે કાફિરોએ પોતાના રસૂલોને કહ્યું કે અમે તમને પોતાની ભૂમિમાંથી કાઢી મૂકીશું અથવા એવું થાય કે તમે અમારા ધર્મમાં પાછા ફરો, (પછી ـــــاً "પાછા ફરવું" એટલા માટે કહ્યું કે નબીની બઅ્ષતના સમયગાળા પહેલાં ચૂપકીદીથી તેઓ પણ એવું જ સમજતા હતા કે તે પયગમ્બરોની માન્યતાઓ પણ અમારા જેવી જ હશે) બસ, તે રસૂલો ઉપર તેમના પરવરદિગારે (દિલાસા માટે) વહી નાઝિલ ફરમાવી કે (આ બીચારાઓ તમને દેશનિકાલો શું આપી શકવાના ?) અમે (જ) એ જાલિમોનો જરૂર નાશ કરી નાંખીશું અને તેમના (હલાક કર્યા) પછી તમને આ ભૂમિમાં આબાદ રાખીશું (અને) આ (વાયદો આબાદ રાખવાનો કંઈ તમારી સાથે ખાસ નથી, બલકે) દરેક તે વ્યક્તિ માટે (સર્વસામાન્ય) છે જે મારી રૂબરૂ ઊભો થવાથી ડરે અને મારી ધમકીથી ડરે (ભાવાર્થ એ છે કે મુસલમાન હોય જેની નિશાની કયામતનો ડર અને આ અલ્લાહની ચેતવણીઓનો ડર હોય છે અને સૌના માટે આ વાયદો અઝાબથી છુટકારો આપવા માટે સર્વસામાન્ય છે) અને

(પયગમ્બરોએ જ્યારે આ વિષય કાફિરોને સંભળાવ્યો તો તેમણે દલીલોના ફેંસલાને ન માન્યો હવે અઝાબનો ફેંસલો થવાનો છે, એટલે કે અઝાબ આવવાનો છે ત્યારે) કાફિરો (કારણ કે બેવડી અજ્ઞાનતા અને દુશ્મનાવટમાં ડૂબેલા હતા તેનાથી પણ ન ડર્યા બલકે તદ્દન બેપરવા બનીને તેઓ) ફેંસલો ઇચ્છવા લાગ્યા (જેમકે આયત فَاْتِنَا بِمَا تَعِدُنَا وَ اَمْثَالُهَا થી જાણ થાય છે) અને (જ્યારે તે ફેંસલો આવી ગયો ત્યારે) જેટલા મિથ્યાભિમાની (બળવાખોર અને) જિદ્દી લોકો હતા તે બધા પણ (આ ફેંસલામાં) નિષ્ફળ (અને પરાસ્ત) થયા, (એટલે કે તેમનો નાશ થઈ ગયો અને જે તેમના મનની મુરાદ હતી કે પોતે સત્ય ઉપર છે તો વિજય અમારો જ થવો જોઈએ તે પણ પ્રાપ્ત ન થયો).

આયતો : (સૂરએ ઇબ્રાહીમ : આયત નં. ૧૬-૧૭)

مِّنْ وَّرَآئِهٖ جَهَنَّمُ وَيُسْقٰى مِنْ مَّآءٍ صَدِيْدٍ ﴿١٦﴾ يَّتَجَرَّعُهٗ وَلَا يَكَادُ يُسِيْغُهٗ
وَيَاْتِيْهِ الْمَوْتُ مِنْ كُلِّ مَكَانٍ وَّمَا هُوَ بِمَيِّتٍ ؕ وَمِنْ وَّرَآئِهٖ عَذَابٌ غَلِيْظٌ ﴿١٧﴾

તરજુમો :

તેની આગળ દોઝખ છે અને તેને પરૂંનું પાણી પીવાડીશું. (૧૬) તેને ઘૂંટડે-ઘૂંટડે પીએ છે અને ગળેથી નથી ઉતારી શકતો અને તેના ઉપર દરેક બાજુએથી મોત ચાલી આવે છે અને તે મરતો નથી અને તેના પછી કઠોર અઝાબ છે. (૧૭)

તફસીર :

(જે મિથ્યાભિમાની "જબ્બાર-અનીદ" -માથાભારે-બળવાખોરનું ઉપર વર્ણન થયું છે પોતાના દુનિયવી અઝાબ સિવાય) તેની આગળ દોઝખ(નો અઝાબ આવવાનો) છે અને તેને (દોઝખમાં) એવું પાણી પીવાડવામાં આવશે કે જે લોહી-પરું (સમાન) હશે જેને (ખૂબ તરસના કારણે) ઘૂંટડો-ઘૂંટડો કરીને પીશે અને (ગરમી અને સૂગની તિવ્રતાના કારણે) ગળેથી સરળતા સાથે ઉતારવાનું કોઈ સ્વરૂપ ન હશે અને (ચારે) બાજુએથી તેના ઉપર મોત(નો સામાન) આવશે અને કોઈ રીતે મરશે નહીં (બલકે આ જ પ્રમાણે કષ્ટ ભોગવતો રહેશે) અને (પછી

એમ પણ નહીં થાય કે આ પ્રસ્તુત અઝાબ એક હાલત ઉપર રહે બલકે) તે (વ્યક્તિ)ને હજુ (વધારે) સખત અઝાબનો સામનો (લગાતાર) થશે, (જેથી ટેવ પડવાની શક્યતા જ નહીં હોઈ શકે. અલ્લાહ તઆલાનો ઈરશાદ છે, كُلَّمَا نَضِجَتْ جُلُوْدُهُمْ بَدَّلْنٰهُمْ جُلُوْدًا غَيْرَهَا).

આયતો : (સૂરએ ઇબ્રાહીમ : આયત નં. ૧૮ થી ૨૨)

مَثَلُ الَّذِيْنَ كَفَرُوْا بِرَبِّهِمْ اَعْمَالُهُمْ كَرَمَادِ ۨاشْتَدَّتْ بِهِ الرِّيْحُ فِيْ يَوْمٍ
عَاصِفٍ ؕ لَا يَقْدِرُوْنَ مِمَّا كَسَبُوْا عَلٰى شَيْءٍ ؕ ذٰلِكَ هُوَ الضَّلٰلُ الْبَعِيْدُ ﴿۱۸﴾ اَلَمْ تَرَ اَنَّ اللّٰهَ
خَلَقَ السَّمٰوٰتِ وَالْاَرْضَ بِالْحَقِّ ؕ اِنْ يَّشَاْ يُذْهِبْكُمْ وَيَاْتِ بِخَلْقٍ جَدِيْدٍ ﴿۱۹﴾ ۙ وَّمَا ذٰلِكَ
عَلَى اللّٰهِ بِعَزِيْزٍ ﴿۲۰﴾ وَبَرَزُوْا لِلّٰهِ جَمِيْعًا فَقَالَ الضُّعَفٰٓؤُا لِلَّذِيْنَ اسْتَكْبَرُوْٓا اِنَّا كُنَّا لَكُمْ
تَبَعًا فَهَلْ اَنْتُمْ مُّغْنُوْنَ عَنَّا مِنْ عَذَابِ اللّٰهِ مِنْ شَيْءٍ ؕ قَالُوْا لَوْ هَدٰىنَا اللّٰهُ لَهَدَيْنٰكُمْ ؕ
سَوَآءٌ عَلَيْنَآ اَجَزِعْنَآ اَمْ صَبَرْنَا مَا لَنَا مِنْ مَّحِيْصٍ ﴿۲۱﴾ ع وَقَالَ الشَّيْطٰنُ لَمَّا قُضِيَ الْاَمْرُ
اِنَّ اللّٰهَ وَعَدَكُمْ وَعْدَ الْحَقِّ وَوَعَدْتُّكُمْ فَاَخْلَفْتُكُمْ ؕ وَمَا كَانَ لِيَ عَلَيْكُمْ مِّنْ سُلْطٰنٍ
اِلَّآ اَنْ دَعَوْتُكُمْ فَاسْتَجَبْتُمْ لِيْ ۚ فَلَا تَلُوْمُوْنِيْ وَلُوْمُوْٓا اَنْفُسَكُمْ ؕ مَآ اَنَا بِمُصْرِخِكُمْ وَمَآ اَنْتُمْ
بِمُصْرِخِيَّ ؕ اِنِّيْ كَفَرْتُ بِمَآ اَشْرَكْتُمُوْنِ مِنْ قَبْلُ ؕ اِنَّ الظّٰلِمِيْنَ لَهُمْ عَذَابٌ اَلِيْمٌ ﴿۲۲﴾

તરજુમો :

તે લોકોની હાલત જેઓ પોતાના પરવરદિગારથી ઇન્કારી થયા તેમના અમલ (એવા) છે જેમકે તે રાખ, તેના ઉપર આંધીના દિવસે જોશભેર હવા ચાલે, પોતાની કમાઈમાંથી તેમના હાથમાં કંઈ હશે નહીં, આ જ છે ભટકીને દૂર જઈ પડવું ! (૧૮) શું તમે જોયું નથી કે અલ્લાહે આસમાન બનાવ્યા અને જમીન જેવી કે હોવી જોઈએ !? જો ઈચ્છે તમને લઈ જાય અને કોઈ નવી પેદાઇશ (મખ્લૂક) લાવે. (૧૯) અને આ અલ્લાહને કંઈ મુશ્કેલ નથી.

(૨૦) અને સૌ અલ્લાહની સામે ઊભા હશે, પછી કમજોર કહેશે ગર્વિષ્ઠોને, અમે તો તમારા તા'બે હતા; બસ શું અલ્લાહના કોઈ અઝાબથી અમને કંઈ બચાવશો ? તેઓ કહેશે, જો અલ્લાહે અમને હિદાયત કરી હોત તો અલબત્ત અમે તમને હિદાયત કરી હોત, હવે અમારા માટે સમાન છે અમે બેકરારી (Deplore) કરીએ અથવા ધૈર્ય દાખવીએ, અમને કોઈ છુટકારો નથી ! (૨૧) અને શયતાન બોલ્યો જ્યારે સઘળા કામનો ફેંસલો થઈ ચૂક્યો, બેશક! અલ્લાહે તમને સાચો વાયદો આપ્યો હતો અને મેં તમારાથી વાયદો કર્યો પછી જૂઠો કર્યો અને મારી તમારા ઉપર કોઈ સત્તા ન હતી પરંતુ એ કે મેં તમને બોલાવ્યા પછી તમે મારી વાતને માની લીધી, બસ મને ઈલ્જામ (આક્ષેપ) ન આપો અને પોતાની જાતને ઈલ્જામ આપો, ન તો હું તમારી ફરિયાદને પહોંચી વળું અને ન જ તમે મારી ફરિયાદને પહોંચી વળો, હું ઈન્કારી છું જે તમે મને આનાથી પહેલાં ભાગીદાર બનાવ્યો હતો; અલબત્ત જે જાલિમ છે તેમના માટે દર્દનાક અઝાબ છે. (૨૨)

તફસીર :

(અને કાફિરો જો પોતાના છુટકારા વિશે એવું વિચારતા હોય કે અમારા અમલો અમને લાભ પહોંચાડશે તો તેનો નિયમ સાંભળી લો કે) જે લોકો પોતાના પરવરદિગારની સાથે કુફ્ર કરે છે તેમની હાલત તેમના અમલના આધારે એવી છે (એટલે કે તેમના અમલોનો એવો દાખલો છે) જેમકે કોઈ રાખ હોય (જે ઊડવામાં ઘણી હલકી હોય છે) જેને તેજ આંધીના દિવસે તેજ ગતિની હવા ઉડાવીને લઈ જાય (કે આવા સ્વરૂપમાં તે રાખનું નામો-નિશાન પણ નહીં રહે, એ જ પ્રમાણે) એ લોકોએ જે કંઈ અમલો કર્યા હતા તેનો કોઈ ભાગ (એટલે કે અસર અને લાભની દૃષ્ટિએ) તેમને પ્રાપ્ત ન થશે (તે રાખની જેમ બરબાદ અને વ્યર્થ થઈ જશે) એ પણ ઘણી દૂર સુધીની ગુમરાહી છે (કે તેમને ધારણા તો એવી હતી કે અમારા અમલો નેક નફાકારક અને પછી તે લાભ આપવાના બદલે ખરાબ અને નુકસાનકર્તા સાબિત થયા જેમકે મૂર્તિઓની પૂજાપાઠ અને તેમના અમલો નુકસાનકર્તા થયા, જેમકે સીલારહમી કેદીઓને છોડાવવા વગેરે અને કારણ કે સત્યથી તે અમલો ઘણા વેગળા છે એટલા માટે આવું કહેવામાં આવ્યું, બસ આ તરીકાથી તો છુટકારાની કોઈ શકયતા ન રહી અને જો તેમની એવી

ધારણા હોય કે કયામતનું અસ્તિત્વ જ અશક્ય છે અને એ સ્વરૂપમાં અઝાબની કોઈ સંભાવના નથી તો તેનો જવાબ એ છે કે) શું (હે સાંભળનાર !) તને એ વાતની ખબર નથી કે અલ્લાહ તઆલાએ આસમાનોને અને જમીનને બિલકુલ ઠીક-ઠાક (એટલે કે લાભદાયક અને ફાયદાકારક) પેદા કર્યા છે (અને તેનું સર્વશક્તિમાન હોવું તેનાથી જાહેર થાય છે, બસ જ્યારે તે સર્વશક્તિમાન છે તો) જો તે ઈચ્છે તો તમને બધાને નષ્ટ કરી નાંખે અને એક બીજી નવી મખ્લૂક પેદા કરી આપે અને એવું (કરવું) અલ્લાહના માટે કોઈ મુશ્કેલ કાર્ય નથી (બસ, જ્યારે નવી મખ્લૂક પેદા કરવી તેના માટે સરળ છે તો તમને ફરીવાર પેદા કરી દેવા શું મુશ્કેલ હોઈ શકે છે ?) અને (જો એવી ભ્રમણા હોય કે અમારા વડીલો અમને બચાવી લેશે તો તેની હકીકત સાંભળી લો કે કયામતના દિવસે) અલ્લાહની સામે બધા રજુ થશે પછી નાના દરજ્જાના લોકો (એટલે કે સામાન્ય જનતા અને અનુયાયીઓ) મોટા દરજ્જાના લોકોથી (એટલે કે ખાસ જેમની તાબે'દારી કરતા હતા તેમને નિંદા અને ક્રોધથી) કહેશે કે અમે (દુનિયામાં) તમારા તા'બે હતા (એટલે સુધી કે દીનનો જે માર્ગ તમે અમને બતાવ્યો અમે તેના ઉપર જ ચાલ્યા અને આજે અમારા ઉપર આ મુસીબત છે) તો શું તમે અલ્લાહના અઝાબનો કોઈ હિસ્સો અમારાથી હટાવી શકો છો ? (એટલે કે જો બિલકુલ ન બચાવી શકો તો થોડી ઘણી રીતે બચાવી શકશો ?) તેઓ (જવાબમાં) કહેશે કે (અમે તમને શું બચાવીએ ? અમે પોતે જ નથી બચી શકતા, અલબત્ત) જો અલ્લાહે અમને (કોઈ) માર્ગ (બચાવવાનો) બતાવ્યો હોત તો અમે તમને પણ (તે) માર્ગ બતાવી આપ્યો હોત (અને હવે તો) આપણા સૌના માટે બંને સ્વરૂપો સરખા છે, ભલે અમે પરેશાન થઈએ (જેમકે તમારી પરેશાની فَهَلْ اَنْتُمْ مُغْنُوْنَ થી જાહેર થાય છે અને અમારી પરેશાની તો لَوْ هَدٰىنَا اللّٰهُ થી જાહેર થઈ રહી છે), ભલે સબ્ર કરીએ (બંને હાલતોમાં) આપણા બચવાનું કોઈ સ્વરૂપ નથી (બસ, આ સવાલ અને જવાબથી એ જાણ થઈ ગઈ કે કુફ્ર અપનાવના માટે તેમના વડીલો પણ પોતાના અનુયાયીઓ માટે કામ આવશે નહીં માટે આ તરીકો પણ છુટકારા માટે શક્ય ન રહ્યો) અને (જો એવો ભરોસો હોય કે અલ્લાહ સિવાયના આ ઘડી કાઢેલા મઅ્બૂદો કામ આવશે તો તેમની હાલત એ બાબતથી જાણ થઈ જશે કે) જ્યારે (કયામતમાં) બધા જ મુકદમાઓનો ફેંસલો થઈ ચૂકશે (એટલે કે ઈમાનવાળા

જન્નતમાં અને કાફિરો દોઝખમાં મોકલી દેવામાં આવશે) ત્યારે (દોઝખવાળા બધા શયતાનોની પાસે કે તે પણ ત્યાં જ હશે જઈને તેની નિંદા કરશે કે તેં કમ્બખ્તે જ અમને ડૂબાડયા હતા, તું પણ ડૂબ્યો અને સાથે અમને પણ ડૂબાડયા, તે સમયે) શયતાન (જવાબમાં) કહેશે કે (મારા ઉપર તમારી નિંદા કરવી ખોટી છે કારણ કે) અલ્લાહ તઆલાએ (તમને જેટલા વાયદા કર્યા હતા બધા) સાચા વાયદા કર્યા હતા (કે કયામત આવશે અને કુફ્રથી બરબાદી થશે અને ઈમાનથી છુટકારો મળશે) અને મેં પણ તમને વાયદો કર્યો હતો (કે કયામત નહીં આવે અને તમારી કુફ્રની રીતભાત જ છુટકારાની રીતભાત છે) મેં તમારાથી તે વાયદાની વિરુદ્ધ કર્યું હતું (અને અલ્લાહ તઆલાના વાયદાઓના સત્ય હોવા ઉપર અને મારા વાયદાઓ જૂઠા હોવા ઉપર મજબૂત દલીલો સ્થાપિત થઈ ચૂકી હતી તે છતાં તમે મારા વાયદાને સાચો સમજ્યો અને અલ્લાહ તઆલાના વાયદાઓને ખોટા સમજ્યા તો તમે તમારા હાથે પોતે ડૂબ્યા) અને (જો તમે એવું કહો કે અંતે સાચા વાયદાઓને જૂઠા સમજવા અને જૂઠા વાયદાઓને સાચા સમજવાનું કારણ પણ હું જ થયો તો વાત એમ છે કે વાસ્તવમાં હું ગુમરાહ કરવા પૂરતું કારણ ચોક્કસ બન્યો છું પરંતુ એ જૂઓ કે મારા ફોસલાવ્યા પછી પણ તમને અધિકાર હતો, તમે લાચાર કે મજબૂર ન હતા તો દેખીતું છે કે) મારું તમારા ઉપર બીજું તો કંઈ જોર ચાલતું ન હતું એ સિવાય કે મેં તમને (ગુમરાહી તરફ) બોલાવ્યા હતા બસ, તમે (પોતાના અધિકારથી પોતે) મારું કહ્યું માની લીધું (જો ન માન્યું હોત તો હું તમને જબરદસ્તી ગુમરાહ કરી શકતો ન હતો, જ્યારે આ વાત સાબિત છે) તો મારા ઉપર (બધી) નિંદા ન કરો (એ રીતે કે તમે પોતાને બિલકુલ નિર્દોષ સમજવા લાગો) અને (વધારે) મલામત પોતાની જાતની કરો (કારણ કે અઝાબનું મૂળ કારણ તો તમારા પોતાના જ કૃત્યો છે અને મારું કામ તો ફક્ત એક કારણ છે જે ઘણું દૂરનું અને બિનજરૂરી છે બસ, પોતાની જાતની ટીકા કરો અને આ ટીકાનો જવાબ છે અને જો આ નિવેદનથી તેનો હેતુ મદદ અથવા તેની સહાયનો છે તો હું તમારામાંથી કોઈની કંઈ મદદ કરી શકતો નથી, બલકે હું પોતે જ મુસીબતમાં છું તથા મદદનો મોહતાજ છું પરંતુ હું જાણું છું કે કોઈ મારી મદદ નહીં કરે નહિતર હું પણ તમારી પાસેથી પોતાના માટે મદદ માંગત કારણ કે મારી પરિસ્થિતિ પણ તમારા જેવી જ છે બસ, હવે) ન તો હું તમારો મદદગાર (બની શકું) છું અને ન જ

તમે મારા મદદગાર (બની શકો) છો (અલબત્ત, જો હું તમારા શિર્કના તરીકાને સત્ય સમજું તો પણ આ સંબંધના કારણે મદદની માંગણી કરવાની સંભાવના રહી હોત પરંતુ) હું પોતે તમારી આ પ્રવૃત્તિથી બેઝાર છું (અને તેને ખોટી સમજું છું) કે તમે આનાથી પહેલાં (દુનિયામાં) મને (અલ્લાહનો) ભાગીદાર ઠરાવી દેતા હતા (એટલે કે ઈબાદત માટે મૂર્તિઓ વગેરે ઘડીને મારું એવું આજ્ઞાપાલન કરતા હતા જે અલ્લાહ તઆલાનો એકમાત્ર હક હતો બસ તે મૂર્તિઓને અલ્લાહના ભાગીદાર ઠરાવવું એક અર્થમાં શયતાનને ભાગીદાર ઠરાવવા સમાન છે બસ, મારો તમારી સાથે કોઈ સંબંધ નથી, ન તો હું તમારી સહાયતા કરી શકું છું અને ન જ તમારો મદદ માંગવાનો અધિકાર છે માટે) બેશક ! જાલિમો માટે કષ્ટદાયક અઝાબ (નક્કી) છે (બસ, અઝાબમાં પડ્યા રહો, ન તો મારી ટીકા કરવાથી કોઈ લાભની આશા રાખો અને ન જ મારી પાસેથી મદદ માંગો, તમે જે જુલમ કર્યો હતો તેને ભોગવો અને મેં જે જુલમ કર્યો હતો હું તેને ભોગવીશ અને આ વાતચીત બંધ કરો, આ ખુલાસો થયો ઈબ્લીસના જવાબનો. બસ, તેનાથી અલ્લાહ સિવાયના મઅ્બૂદોનો ભરોસો ખતમ થયો કારણ કે જે આ મઅ્બૂદોની ઈબાદતનો મૂળ સ્ત્રોત અને સ્થાપક છે અને વાસ્તવમાં ગયરૂલ્લાહની ઈબાદતથી વધારે તે જ રાજી થાય છે એટલા માટે આ જ બીના ઉપર કયામતના દિવસે જહન્નમવાસીઓ તેને જ બધું કહેશે અને સંભળાવશે અને કોઈ ગયરૂલ્લાહ મઅ્બૂદને કંઈ પણ ન કહેશે, જ્યારે તેણે જવાબ સ્પષ્ટ અને ખુલ્લો આપી દીધો ત્યારે બીજાઓ પાસેથી તો તેમને શું આશા હોઈ શકે છે ? બસ, કાફિરોના છુટકારાના બધા તરીકાઓ બંધ થઈ ચૂક્યા અને આ જ આ વિષયનો હેતુ હતો).

આયત : (સૂરએ ઇબ્રાહીમ : આયત નં. ૨૩)

وَاُدْخِلَ الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ جَنّٰتٍ تَجْرِيْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ خٰلِدِيْنَ

فِيْهَا بِاِذْنِ رَبِّهِمْ ۭ تَحِيَّتُهُمْ فِيْهَا سَلٰمٌ ﴿۲۳﴾

તરજુમો :

અને જે લોકો ઈમાન લાવ્યા હતા અને નેક કામ કર્યા હતા બગીચાઓમાં

દાખલ કરવામાં આવ્યા જેની નીચે નહેરો વહે છે, તેમાં પોતાના પરવરદિગારના હુકમથી હંમેશા રહે, ત્યાં તેમની મુલાકાત (વેળાના શબ્દો) "સલામ" છે. (૨૩)

તફસીર :

અને જે લોકો ઈમાન લાવ્યા અને તેમણે નેક કર્મો કર્યા તેઓ એવા બગીચાઓમાં દાખલ કરવામાં આવશે જેની નીચે નહેરો વહેતી હશે (અને) તેઓ તેમાં પોતાના પરવરદિગારના હુકમથી હંમેશા-હંમેશા રહેશે (અને) ત્યાં તેમને "સલામ" (આ શબ્દથી) કરવામાં આવશે ("અસ્સલામુ અલયકુમ" એટલે કે પરસ્પર એકબીજાઓને પણ અને ફરિશ્તાઓ તરફથી પણ અલ્લાહ તઆલાના ફરમાનના કારણે اِلَّاقِيۡلًا سَلٰمًا سَلٰمًا ولقوله تعالى وَالۡمَلٰٓئِكَةُ يَدۡخُلُوۡنَ عَلَيۡهِمۡ مِّنۡ كُلِّ بَابٍ ط سَلَامٌ عَلَيۡكُمۡ بِمَا صَبَرۡتُمۡ.....).

આયતો : (સૂરએ ઇબ્રાહીમ : આયત નં. ૨૪-૨૫)

اَلَمۡ تَرَ كَيۡفَ ضَرَبَ اللّٰهُ مَثَلًا كَلِمَةً طَيِّبَةً كَشَجَرَةٍ طَيِّبَةٍ اَصۡلُهَا ثَابِتٌ وَّفَرۡعُهَا فِى
السَّمَآءِ ﴿۲۴﴾ تُؤۡتِىۡۤ اُكُلَهَا كُلَّ حِيۡنٍۢ بِاِذۡنِ رَبِّهَا ؕ وَيَضۡرِبُ اللّٰهُ الۡاَمۡثَالَ لِلنَّاسِ لَعَلَّهُمۡ
يَتَذَكَّرُوۡنَ ﴿۲۵﴾

તરજુમો :

તમે જોયું નહીં અલ્લાહે એક ઉદાહરણ કેવું વર્ણન કર્યું, પવિત્ર વાત, જેમકે એક પવિત્ર વૃક્ષ; તેનું મૂળ મજબૂત છે અને ડાળ આસમાનમાં છે. (૨૪) દરેક વખતે પોતાના પરવરદિગારના હુકમથી પોતાના ફળ લાવે છે અને અલ્લાહ લોકો માટે દૃષ્ટાંતો વર્ણન કરે છે જેથી તેઓ ચિંતન કરે. (૨૫)

તફસીર :

શું તમને ખબર નથી (એટલે કે હવે જાણ થઈ ગઈ) કે અલ્લાહ તઆલાએ કેવું (ઉત્તમ અને યોગ્ય) ઉદાહરણ વર્ણન કર્યું છે કલિમએ તય્યિબહનું (એટલે કે તવહીદના કલિમાનું અને ઈમાનનું) કે તે એક પવિત્ર વૃક્ષ સમાન છે

(તેનો ભાવાર્થ ખજૂરનું ઝાડ હોઈ શકે છે) જેના મૂળિયાં (જમીનની અંદર) ખૂબ ઊંડે હોય છે અને તેના ડાળખાંઓ ઊંચાઈ તરફ વિકાસ પામતા હોય (અને વૃક્ષ) અલ્લાહના હુકમથી દરેક ઋતુમાં (એટલે કે જ્યારે તેની ઋતુ આવી જાય) પોતાનું ફળ આપે છે (એટલે કે ખૂબ ફૂલે-ફળે છે, કોઈ ઋતુ ખાલી નથી જતી, એ જ પ્રમાણે "કલિમએ તવહીદ" એટલે કે લા ઈલાહા ઈલ્લલ્લાહનું એક મૂળ છે, એટલે કે મો'મિનના હૃદયમાં વિશ્વાસના મૂળિયાં મજબૂતી સાથે સ્થાપિત થઈ ગયા છે અને તેના અમુક ડાળખાંઓ છે અને તે નેક અમલો છે જે ઈમાન લાવવાથી ફરજ થાય છે અને સ્વીકૃતિ પામવા આસમાન તરફ લઈ જવાય છે, પછી તેના ઉપર કાયમી ખુશીનો બદલો નક્કી થાય છે) અને અલ્લાહ તઆલા (આ પ્રકારના) ઉદાહરણો લોકો(ને બતાવવા) માટે વર્ણન કરે છે જેથી તેઓ (મૂળ હેતુને) સારી પેઠે સમજી લે (કારણ કે ઉદાહરણો અને દાખલાઓથી મૂળ હેતુની સ્પષ્ટતા થઈ જાય છે).

આયતો : (સૂરએ ઇબ્રાહીમ : આયત નં. ૨૬ થી ૨૯)

وَمَثَلُ كَلِمَةٍ خَبِيثَةٍ كَشَجَرَةٍ خَبِيثَةٍ اجْتُثَّتْ مِنْ فَوْقِ الْأَرْضِ مَا لَهَا مِنْ
قَرَارٍ ﴿٢٦﴾ يُثَبِّتُ اللَّهُ الَّذِينَ آمَنُوا بِالْقَوْلِ الثَّابِتِ فِي الْحَيَاةِ الدُّنْيَا وَفِي الْآخِرَةِ
وَيُضِلُّ اللَّهُ الظَّالِمِينَ وَيَفْعَلُ اللَّهُ مَا يَشَاءُ ﴿٢٧﴾ أَلَمْ تَرَ إِلَى الَّذِينَ بَدَّلُوا
نِعْمَتَ اللَّهِ كُفْرًا وَأَحَلُّوا قَوْمَهُمْ دَارَ الْبَوَارِ ﴿٢٨﴾ جَهَنَّمَ يَصْلَوْنَهَا وَبِئْسَ الْقَرَارُ ﴿٢٩﴾

તરજુમો :

અને ગંદી વાતનું દૃષ્ટાંત જેમકે ગંદુ વૃક્ષ; તેને જમીન ઉપરથી ઉખડા લાધુ, તેને કંઈ સ્થાયિત્વ નથી. (૨૬) અલ્લાહ ઈમાનવાળાઓને દુનિયાની જિંદગીમાં અને આખિરતમાં મજબૂત વાતથી મજબૂત કરે છે અને અલ્લાહ બેઈન્સાફોને ભટકાવી દે છે અને અલ્લાહ જે ઇચ્છે કરે છે. (૨૭) તમે તેમને નથી જોયા જેમણે અલ્લાહના અહેસાનનો બદલો નાશુક્રીથી કર્યો અને પોતાની કોમને તબાહીના ઘરમાં ઉતારી ? (૨૮) જે દોઝખ છે તેમાં દાખલ થશે અને તે ઘણું ખરાબ ઠેકાણું છે. (૨૯)

તફસીર :

અને નાપાક (ગંદી) વાતનું (એટલે કે કુફ્ર અને શિર્કના કલિમાનું) ઉદાહરણ એવું છે જેમકે એક ખરાબ વૃક્ષ હોય (ભાવાર્થ કાંટાળા થોરનું ઝાડ) કે તેને જમીનની ઉપર-ઉપરથી જ ઉખેડી લેવામાં આવે (અને) તેને (જમીનમાં) કોઈ સ્થાયિત્વ ન હોય, (આ વૃક્ષને એ આધારે ખરાબ કહ્યું કે તે વૃક્ષનો સ્વાદ અને રંગ અથવા તેના ફળની ગંધ અને રંગ ખરાબ છે આ ગુણો પવિત્રતાના વિરુદ્ધ કહેવાય અને ઉપરથી ઉખેડી લેવાનો ભાવાર્થ એ છે કે તેના મૂળિયાં દૂર સુધી ન પહોંચ્યા હોય બલકે તે ઉપર ઉપર જ રહ્યા છે, આ اَصْلُهَا ثَابِتٌ થી વિપરીત છે અને مَالَهَا مِنْ قَرَارٍ આ જ તાકીદ માટે ફરમાવ્યું અને તેના ડાળખાંઓનું ઊંચે ન જવું અને તેના ફળનું تَفْكُّهَا 'ફળ તરીકે ખાવાપાત્ર' ન હોવું દેખીતું છે, આ જ હાલત કુફ્રના કલિમાની છે કે ભલે કાફિરના દિલમાં તેની જડો છે પરંતુ સત્ય સામે તે બિલકુલ પરાજિત અને પરાસ્ત થઈ જવા સમાન છે, જેમકે તેને મૂળિયાં જ ન હોય قَالَ تَعَالٰى حُجَّتُهُمْ دَاحِضَةٌ અને કદાચ مَالَهَا مِنْ قَرَارٍ ના ખુલાસાથી કુફ્રની આ જ કમજોરી અને પરાજય બતાવવાનો હેતુ છે અને કારણ કે તેમના કર્મો સ્વીકૃત નથી હોતા એટલા માટે જાણે કે આ વૃક્ષની ડાળખીઓ પણ ઊંચે સુધી નથી ફેલાતી અને એ જ પ્રમાણે તેમના અમલો ઉપર અલ્લાહની ખુશી અને તેનો રાજીપો નથી હોતો એટલા માટે તેના ફળનો પણ નકાર જાહેર થાય છે, કારણ કે સ્વીકૃતિ અને રાજીપાની કાફિર માટે બિલકુલ શક્યતા નથી હોતી એટલા માટે દાખલો આપતી વખતે કુફ્રના કલીમા વિશે તેના ફળો અને ડાળખીઓનું વર્ણન છોડી દેવામાં આવ્યું, તેનાથી વિપરીત ફક્ત કુફ્રનું વર્ણન એટલા માટે થયું કે તેનું અસ્તિત્વ અનુભવી પણ શકાય છે તથા તે જિહાદ વગેરેના હુકમોમાં ભરોસાપાત્ર પણ છે, આ તે બંને વૃક્ષોનું ઉદાહરણ આવી ગયું આગળ તેની અસરનું વર્ણન છે કે) અલ્લાહ તઆલા ઈમાનવાળાઓને આ પાકી વાત (એટલે કે કલિમએ તય્યિબહ મજબૂત મૂળિયાંવાળા વૃક્ષની બરકત)થી દુનિયામાં અને આખિરત (બંને સ્થળો)માં (દીનમાં અને કસોટીમાં) મજબૂત રાખે છે અને (કુફ્રના તે નાપાક કલિમાની નહૂસતથી) જાલિમો (એટલે કે કાફિરો)ને (બંને સ્થળે દીનમાં અને કસોટીમાં) પરાસ્ત કરે છે અને (કોઈને મજબૂત રાખવા અને તેને પરાસ્ત કરવામાં હજારો હિકમતો છે, અલબત્ત) અલ્લાહ તઆલા (પોતાની હિકમતથી)

જે ઇચ્છે છે કરે છે, શું તમે તે લોકોને નથી જોયા (એટલે કે તેમની આશ્ચર્યજનક પરિસ્થિતિ નથી જોઈ) જેમણે અલ્લાહની નેઅ્મતોના (આભાર માનવાને) બદલે કુફ્ર કર્યું (તેનો ભાવાર્થ તે મક્કાના કાફિરો છે. –કઝા ફી દુર્રે મન્થૂર અન ઇબ્ને અબ્બાસ) અને જેમણે પોતાની કોમને હલાકતના ઘર એટલે કે જહન્નમમાં પહોંચાડયા (એટલે કે તેમને પણ કુફ્રની તા'લીમ આપી જેનાથી) તેઓ તે (જહન્નમ)માં દાખલ થશે અને તે રહેવાનું ઘણું ખરાબ ઠેકાણું છે (તેમાં ઇશારો થઈ ગયો કે તેમાં પ્રવેશ પામવો સદાના માટે અને કાયમી હશે).

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતોથી પહેલાં એક આયતમાં અલ્લાહ તઆલાએ કાફિરોના કર્મોનું એ ઉદાહરણ વર્ણન કર્યું છે કે તેઓ રાખ જેવા છે જેના ઉપર તેજ ગતિની હવા ચાલે તો તેનો કણે-કણ હવામાં વિખરાઈને ઊડી જાય છે અને તેનું નિશાન સુદ્ધાં બાકી રહેતું નથી, પછી તેને કોઈ ભેગી કરવા અથવા તેનાથી કામ લેવા ઇચ્છે તો તે અશક્ય બની જાય છે مَثَلُ الَّذِيْنَ كَفَرُوْا بِرَبِّهِمْ اَعْمَالُهُمْ كَرَمَادِ ِۨ اشْتَدَّتْ بِهِ الرِّيْحُ فِيْ يَوْمٍ عَاصِفٍ ભાવાર્થ એ છે કે કાફિરોના કર્મો જે જાહેરમાં સારા પણ હોય તે પણ અલ્લાહ તઆલા સમીપ સ્વીકાર્ય નથી એટલા માટે બધું વ્યર્થ અને બેકાર છે.

ત્યાર પછી પ્રસ્તુત આયતોમાં પ્રથમ મો'મિન અને તેમના અમલોનું એક ઉદાહરણ આપવામાં આવ્યું છે, પછી કાફિરો અને મુનાફિકોના અમલોનો દાખલો આપવામાં આવ્યો. પ્રથમ આયતમાં મો'મિન અને તેમના કર્મોનું ઉદાહરણ એક એવા વૃક્ષથી આપવામાં આવ્યું છે જેનું થડ મજબૂત અને ઊંચું હોય તથા તેના મૂળિયાં ખૂબ ઊંડે સુધી ઊતર્યા હોય અને જમીનની નીચેથી પાણીના ઝરણાંઓના પાણીથી તે સીંચાતા હોય, ઊંડા મૂળિયાંઓના કારણે આ વૃક્ષને સ્થિરતા અને મજબૂતી પણ પ્રાપ્ત થઈ હોય કે હવાના સૂસવાટાથી તે પડી ન જાય અને જમીનની સપાટીથી દૂર હોવાના કારણે તેના ફળો ગંદકીથી પાક અને સ્વચ્છ રહેતા હોય, બીજું લક્ષણ આ વૃક્ષનું એ છે કે તેના ડાળખાં ઊંચાઈ ઉપર આસમાન તરફ હોય અને ત્રીજી ખાસિયત આ વૃક્ષની એ છે કે તેના ફળો દરેક સમયે દરેક પરિસ્થિતિમાં ખાઈ શકાય, આ ઝાડ કયું અને ક્યાં છે ? તેના વિશે વિવરણકારોના

વિવિધ નિવેદનો છે પરંતુ મોટે ભાગે આ ઝાડ ખજૂરનું ઝાડ હોય તેમ લાગે છે તેનું સમર્થન અનુભવ અને પ્રત્યક્ષ સાબિતીથી પણ થઈ શકે છે તથા રિવાયતો અને હદીષથી પણ. ખજૂરના ઝાડનું થડ ઊંચું હોવું તથા મજબૂત હોવું તો અનુભવની વસ્તુ છે, બધા જ જાણે છે તેના મૂળિયાંનું જમીનમાં ખૂબ ઊંડે સુધી પહોંચવું પણ ખૂબ પ્રખ્યાત બાબત છે અને તેના ફળો પણ દરેક પરિસ્થિતિમાં દરેક ઋતુમાં ખાઈ શકાય છે, જે સમયે તેનું ફળ વૃક્ષ ઉપર લાગે છે તે સમયથી તે પાકવાના સમયગાળા સુધી દરેક પરિસ્થિતિ અને દરેક સ્વરૂપમાં તેનું ફળ વિવિધ પદ્ધતિએ ચટણી અથવા અચાર (અથાણા) સ્વરૂપે પણ અથવા અન્ય રીતે ખાઈ શકાય છે, પછી ફળ પાકી ગયા પછી તેનો સંગ્રહ આખું વર્ષ કરી શકાય છે, સવાર અને સાંજ, દિવસ અને રાત, ગરમી અને ઠંડી; મતલબ કે દરેક ઋતુ અને દરેક સમયે તે કામ લાગે છે, આ વૃક્ષનો ગુદો પણ ખાઈ શકાય છે, તેનો નીરો પણ કાઢવામાં આવે છે, તેના પાંડદાઓ પણ ઘણા લાભદાયક વસ્તુઓ છે જેનાથી ચટાઈ વગેરે બને છે, તેના ઠળિયા પ્રાણીઓનો ખોરાક છે, બીજા વૃક્ષો આ ઝાડ જેવા નથી કારણ કે તે વૃક્ષોના ફળો એક ખાસ ઋતુમાં જ આવે છે અને સમાપ્ત થઈ જાય છે, તેનો સંગ્રહ નથી કરી શકાતો અને ન જ તેની દરેક વસ્તુથી લાભ ઉઠાવી શકાય છે.

તિરમિઝી, નસઈ, ઈબ્ને હબ્બાન અને હાકિમે હઝરત અનસ (રદિ.)ની રિવાયતથી નકલ કર્યું છે કે, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે "શજૂરે તય્યિબહ" (જેનું વર્ણન કુર્આનમાં છે) ખજૂરનું ઝાડ છે અને "શજૂરે ખબીશહ" شَجَرَةٌ خَبِيثَةٌ હન્ઝલ (કાંટાળા થોર Colocynth, citrullus colocynthis)નું ઝાડ. *(મઝહરી)*

મુસ્નદે અહમદમાં હઝરત મુજાહિદ (રહ.)ની રિવાયતથી નકલ થયેલ છે કે, "હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.)એ ફરમાવ્યું કે એક દિવસે અમે રસૂલે કરીમ ﷺની સેવામાં હાજર થયા, કોઈ વ્યક્તિ આપ ﷺ પાસે ખજૂરના ઝાડનો માવો (થડનો ગર્ભ) લાવ્યો, તે સમયે રસૂલે કરીમ ﷺએ સહાબએ કિરામ (રદિ.)ને સવાલ કર્યો કે વૃક્ષોમાંથી એક એવું વૃક્ષ પણ છે જે મો'મિન પુરુષનું ઉદાહરણ છે (અને બુખારીની રિવાયતમાં આ સ્થળે એવું પણ વર્ણન છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે તે વૃક્ષના પાંડદા કોઈપણ ઋતુમાં ખરતા નથી), બતાવો તે વૃક્ષ કયું છે ? ઈબ્ને ઉમર (રદિ.) ફરમાવે છે કે મારા દિલમાં એ આવ્યું કે, હું

કહી આપું કે તે ખજૂરનું વૃક્ષ છે પરંતુ મજલિસમાં હઝરત અબૂબક્ર (રદિ.) અને હઝરત ઉમર (રદિ.) તથા અન્ય વડીલ સહાબાઓ મોજૂદ હતા, તેમને મૌન જોઈને હું બોલવાની હિંમત ન કરી શક્યો, પછી પોતે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે તે ખજૂરનું વૃક્ષ છે.

મો'મિનનું ઉદાહરણ આપવાનું એક કારણ એ છે કે કલિમએ તય્યિબહમાં ઈમાન તેનું મૂળ છે જે ઘણું જ મજબૂત અને સ્થાયી છે, દુનિયાનો વા વંટોળ (દુર્ઘટનાઓ) તેને હલાવી શકતા નથી, પૂર્ણ મો'મિનોના, સહાબા (રદિ.)ના, તાબિઈન (રહ.)ના બલકે દરેક યુગના પાકા મુસલમાનોના આવા ઉદાહરણો કંઈ કમ નથી કે ઈમાનના મુકાબલામાં તેઓએ ન તો પ્રાણની પરવા કરી અને ન જ કોઈ અન્ય વસ્તુની; (ઉદાહરણ આપવાનું) બીજું કારણ તેની સફાઈ અને સ્વચ્છતા છે કે દુનિયાની ગંદકીઓ અને નાપાકીઓથી તે પ્રભાવિત નથી થતું, જેમકે મોટા વૃક્ષો ઉપર પૃથ્વીની સપાટી ઉપરની ગંદકીની કોઈ અસર નથી થતી. આ બે લક્ષણો اَصۡلُهَا ثَابِتٌ નું ઉદાહરણ છે, ત્રીજું કારણ એ છે કે જેવી રીતે ખજૂરના વૃક્ષના ડાળખાંઓ ઊંચે આસમાન તરફ હોય છે મો'મિનના ઈમાનની ઊપજ એટલે કે તેના અમલો પણ આસમાન તરફ ઉઠાવવામાં આવે છે, કુર્આને કરીમમાં છે, اِلَيۡهِ يَصۡعَدُ الۡكَلِمُ الطَّيِّبُ એટલે કે, "અલ્લાહ તઆલા તરફ ઉઠાવવામાં આવે છે પવિત્ર કલિમાઓ." મતલબ એ છે કે જે પ્રમાણે ખજૂરનું ફળ દરેક સમયે દરેક પરિસ્થિતિમાં દરેક ઋતુમાં દિવસે અને રાત્રે ખાવામાં આવે છે મો'મિનના નેક અમલો પણ દરેક સમયે દરેક ઋતુમાં અને દરેક પરિસ્થિતિમાં સવાર-સાંજ ચાલુ જ રહે છે અને જે પ્રમાણે ખજૂરના વૃક્ષની દરેક વસ્તુ લાભદાયક છે મો'મિનનું દરેક વચન અને પ્રવૃત્તિ તથા તેનું હરવું-ફરવું કે મૌન રહેવું અને તેનાથી ઉપસ્થિત થનાર અસરો સમગ્ર દુનિયા માટે લાભદાયક અને ફાયદાકારક હોય છે, શરત માત્ર એટલી છે કે તે પૂર્ણ મો'મિન હોય તથા અલ્લાહ તઆલા અને રસૂલે કરીમ ﷺની તા'લીમનો પાબંદ હોય.

પ્રસ્તુત ચર્ચાથી જાણ થઈ કે, تُؤۡتِىۡۤ اُكُلَهَا كُلَّ حِيۡنٍ માં اُكُل (ઉકુલ)નો ભાવાર્થ "ફળ અને ખાવા લાયક વસ્તુ" છે અને حِيۡن (હીન)નો ભાવાર્થ "દરેક સમયે દરેક પરિસ્થિતિમાં" છે, મોટા ભાગના વિવરણકારોએ એને જ અગ્રિમતા આપી છે, અમુક લોકોએ બીજા નિવેદનો પણ કર્યા છે.

કાફિરોનું ઉદાહરણ :

તેનાથી વિપરીત બીજું ઉદાહરણ કાફિરોનું شَجَرَةٌ خَبِيثَةٌ (શજરએ ખબીશહ)થી આપવામાં આવ્યું છે, જે પ્રમાણે "કલિમતુ તય્યિબહ"નો ભાવાર્થ لَا إِلٰهَ إِلَّا اللّٰهُ (લા ઈલાહા ઈલ્લલ્લાહ)નું કથન છે એટલે કે "ઈમાન" છે એ જ પ્રમાણે كَلِمَةٌ خَبِيثَةٌ (કલિમએ ખબીશહ)નો ભાવાર્થ "કુફ્રના વાક્યો અને કુફ્રની પ્રવૃત્તિઓ" છે. شَجَرَةٌ خَبِيثَةٌ (શજરએ ખબીશહ)નો ભાવાર્થ "હન્ઝલ" (કાંટાળા થોર –Colocynth, citrullus colocynthis)નું ઝાડ છે અને અમુકે "લસણ" વગેરેને કહ્યું છે, વલ્લાહુ અઅ્લમુ.

આ "શજરએ ખબીશહ"નું કુર્આને એ વર્ણન કર્યું છે કે તેના મૂળિયાં જમીનની અંદર વધારે ઊંડા નથી ઊતરતા, એટલા માટે જ્યારે કોઈ ઇચ્છે તે ઝાડને સંપૂર્ણ મૂળ સહિત જમીનમાંથી ઊખેડી શકે છે. اُجْتُثَّتْ مِنْ فَوْقِ الْاَرْضِ નો આ જ અર્થ છે, કારણ કે اُجْتُثَّتْ (ઉજતુષ્ષત્)નો મૂળ અર્થ એ છે કે "કોઈ વસ્તુને મૂળિયાં સહિત પૂરે-પૂરું ઉઠાવી લેવામાં આવે."

કાફિરના અમલો તે વૃક્ષ સાથે સરખાવવાનું કારણ દેખીતું છે કે પ્રથમ તો તેમના અકીદાઓ (માન્યતાઓ)નું કોઈ મૂળ કે પાયો જ નથી, થોડીવારમાં જ હલી જાય છે, બીજું દુનિયાની ગંદકીથી પ્રભાવિત થાય છે, ત્રીજું તેમના વૃક્ષના ફળ-ફૂલ એટલે કે તેમના અમલો અને પ્રવૃત્તિઓ અલ્લાહ સમીપ નિરર્થક છે.

ઈમાનનો ખાસ પ્રભાવ (અસર) :

ત્યારબાદ મો'મિનના ઈમાન અને કલિમએ તય્યિબહનો એક ખાસ પ્રભાવ બીજી આયતમાં વર્ણન કરવામાં આવ્યો છે. يُثَبِّتُ اللّٰهُ الَّذِيْنَ اٰمَنُوْا بِالْقَوْلِ الثَّابِتِ فِى الْحَيٰوةِ الدُّنْيَا وَ فِى الْاٰخِرَةِ એટલે કે, મો'મિનનો કલિમએ તય્યિબહ મજબૂત અને સ્થાયી વૃક્ષની જેમ એક પાકું અને મક્કમ વચન છે જેને અલ્લાહ તઆલા હંમેશા કાયમ અને ટકાવી રાખે છે દુનિયામાં પણ અને આખિરતમાં પણ; એ શરતે કે આ કલિમો ઈખ્લાસ સાથે કહેવામાં આવે અને "લા ઈલાહા ઈલ્લલ્લાહ"ના ભાવાર્થથી સંપૂર્ણ રીતે સમજીને અપનાવવામાં આવે.

મતલબ એ છે કે આ કલિમએ તય્યિબહ ઉપર ઈમાન રાખનારનું દુનિયામાં પણ અલ્લાહ તઆલા તરફથી સમર્થન થાય છે જેના કારણે તે મૃત્યુ

સુધી આ કલિમા ઉપર કાયમ રહે છે, ભલે તેના વિરુદ્ધ કેટલીય દુર્ઘટનાઓનો મુકાબલો કરવો પડે અને આખિરતમાં આ કલિમાને કાયમ અને ટકાવી રાખીને તેની મદદ કરવામાં આવે છે, સહીહ બુખારી અને મુસ્લિમની એક હદીષમાં છે કે આખિરતનો ભાવાર્થ આ આયતમાં "બરઝખ" એટલે કે "કબ્રની દુનિયા" છે.

કબ્રનો અઝાબ અને સવાબ કુર્આન અને હદીષથી સાબિત છે :

હદીષ એ છે કે "રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, જયારે કબ્રમાં મો'મિનને સવાલ કરવામાં આવશે તો એવા ભયાનક સ્થળે અને સખત પરિસ્થિતિમાં પણ તે અલ્લાહ તઆલાના સમર્થન અને સહાયતા વડે આ કલિમા ઉપર કાયમ રહેશે અને "લા ઈલાહા ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ"ની ગવાહી આપશે" અને પછી ફરમાવ્યું કે "કુર્આનના ઈરશાદ يُثَبِّتُ اللّٰهُ الَّذِيْنَ اٰمَنُوْا بِالْقَوْلِ الثَّابِتِ فِى الْحَيٰوةِ الدُّنْيَا وَفِى الْاٰخِرَةِ નો આ જ ભાવાર્થ છે." (આ હદીષની રિવાયત હઝરત બરાઅ્ બિન આઝિબ રદિ.એ નકલ કરી છે) એ જ પ્રમાણે લગભગ ચાલીસ સહાબએ કિરામ (રદિ.) પાસેથી વિશ્વાસપાત્ર પ્રમાણો સાથે આ જ વિષયની હદીષો નકલ થઈ છે જેને ઈમામ ઈબ્ને કષીરે આ સ્થળે પોતાની તફસીરમાં ભેગી કરી છે અને શૈખ જલાલુદ્દીન સુયૂતિ (રહ.)એ પોતાની કિતાબ رسالۃ التَّثْبِيْتُ عِنْدَ التَّبْيِيْتِ માં અને "સરહુસ્સુદૂર"માં સિત્તેર હદીષોનો હવાલો નકલ કરીને આ રિવાયતોને મજબૂત અને મુતવાતિર કહી છે, તે બધા સહાબએ કિરામ (રદિ.)એ પ્રસ્તુત આયતમાં આખિરતનો ભાવાર્થ કબ્ર (આલમે બરઝખ) અને આ આયતને કબ્રના અઝાબ અને સવાબ સંબંધિત હોવાનું ઠરાવ્યું છે.

મૃત્યુ પામ્યા અને દફન થયા પછી કબ્રમાં મનુષ્યનું પુનઃસજીવન થઈને ફરિશ્તાઓના સવાલોના જવાબ આપવા, પછી તે પરીક્ષામાં સફળતા અને નિષ્ફળતા ઉપર સવાબ અને અઝાબ થવો કુર્આન મજીદની લગભગ દશ આયતોમાં ઈશારાથી અને રસૂલે કરીમ ﷺની સિત્તેર મુતવાતિર હદીષોમાં ઘણી સ્પષ્ટતા સાથે ખુલાસાપૂર્વક ઉલ્લેખ થયો છે જેમાં મુસલમાનોને શંકા અથવા સંદેહની કોઈ સંભાવના નથી રહેતી, હવે તે સામાન્ય શંકાઓ કે જે દુનિયામાં જોનારાઓને આ સવાબ અને અઝાબ દેખાતો નથી તો તેના વિગતવાર જવાબની

અત્યારે અહીંયાં ગુંજાઇશ નથી, ઉપરછલ્લી રીતે એટલું સમજી લેવું પૂરતું છે કે કોઈ વસ્તુ નજરે ન દેખાવી એ તેનું અસ્તિત્વ ન હોવાની કોઈ દલીલ નથી, જિન્નાત અને ફરિશ્તાઓ કોઈને દેખાતા નથી પરંતુ તે મોજૂદ છે, હવા દેખાતી નથી પરંતુ તે મોજૂદ છે, જે સૃષ્ટિના અવકાશનો આ યુગમાં રૉકેટો દ્વારા સાક્ષાત્કાર થઈ રહ્યો છે તે બધું આ પહેલાં અદષ્ય જણાતું હતું પરંતુ અસ્તિત્વમાં હતું જ; સ્વપ્ન જોનાર સ્વપ્નમાં કોઈ મુસીબતમાં સપડાઈને સખત અઝાબથી બેચેન થઈ જાય છે પરંતુ પાસે બેસનારને તેની કંઈ જ ખબર નથી હોતી.

સૈદ્ધાંતિક વાત એ છે કે એક વિશ્વને બીજા વિશ્વની પરિસ્થિતિઓ ઉપર અનુમાનિત કરવું પોતે જ ખોટી વાત છે, જ્યારે સૃષ્ટિના સર્જનહારે પોતાના રસૂલ ﷺ દ્વારા બીજા વિશ્વમાં પહોંચ્યા પછી તે અઝાબ અને સવાબની ખબર આપી દીધી છે તો તેના ઉપર ઈમાન અને આસ્થા રાખવી જરૂરી છે.

આયતના અંતમાં ફરમાવ્યું, يُضِلُّ اللّٰهُ الظّٰلِمِيْنَ એટલે કે, અલ્લાહ તઆલા મો'મિનોને તો કલિમએ તય્યિબહ અને મજબૂત વચન ઉપર મક્કમ રાખે છે અને તેના પરિણામે કબ્રમાં જ તેમના માટે રાહતનો સામાન ભેગો થઈ જાય છે પરંતુ જાલિમો એટલે કે કાફિરો અને મુશ્રિકોને અલ્લાહ તઆલાની આ મદદ અને સહાય નથી મળતી, મુન્કર અને નકીરના પ્રશ્નોનો સાચો ઉત્તર આપી શકતા નથી અને પરિણામે અત્યારથી જ એક પ્રકારના અઝાબમાં સપડાઈ જાય છે.

وَيَفْعَلُ اللّٰهُ مَا يَشَآءُ એટલે કે, "અલ્લાહ તઆલા જે ઈચ્છે છે તે કરે છે." કોઈ શક્તિ નથી જે તેના ઈરાદા અને તેની ઈચ્છાને અટકાવી શકે. હઝરત ઉબય બિન કઅ્બ (રદિ.), હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.), હુઝયફા ઈબ્ને અમાન (રદિ.) વગેરે સહાબાઓએ ફરમાવ્યું છે કે, "મો'મિન માટે એની આસ્થા રાખવી જરૂરી છે કે તેને જે જે વસ્તુઓ પ્રાપ્ત થઈ છે તે અલ્લાહના ઈરાદા અને ઈચ્છાથી પ્રાપ્ત થઈ છે, તેનું ન મળવું અશક્ય હતું; એ જ પ્રમાણે જે વસ્તુ પ્રાપ્ત નથી થઈ તેનું પ્રાપ્ત થવું શક્ય ન હતું અને ફરમાવ્યું કે જો તમને આ બાબત ઉપર વિશ્વાસ ન હોય તો તમારું ઠેકાણું જહન્નમ છે."

اَلَمْ تَرَ اِلَى الَّذِيْنَ بَدَّلُوْا نِعْمَتَ اللّٰهِ كُفْرًا وَّاَحَلُّوْا قَوْمَهُمْ دَارَ الْبَوَارِ جَهَنَّمَ يَصْلَوْنَهَا وَبِئْسَ الْقَرَارُ એટલે કે, "શું તમે તે લોકોને જોતા નથી જેમણે અલ્લાહ

તઆલાની નેઅ્મતોના બદલામાં કુફ્રને અપનાવી લીધું અને પોતાની કોમને જે તેમના કહ્યા ઉપર ચાલતી હતી સર્વનાશ અને બરબાદીના સ્થળે ઉતારી દીધી, તે જહન્નમમાં બળશે અને જહન્નમ ઘણું જ ખરાબ ઠેકાણું છે.''

અત્રે نِعۡمَةَ اللّٰهِ (નિઅ્મતુલ્લાહ)થી અલ્લાહ તઆલાની સર્વસામાન્ય નેઅ્મતો પણ ભાવાર્થ તરીકે હોઈ શકે છે જેની અનુભૂતિ અને પ્રત્યક્ષ અનુભવ દરેકને થઈ શકે છે અને જેનો સંબંધ મનુષ્યના જાહેર ફાયદાઓથી છે, જેમકે ખાવા-પીવા અને પહેરવાની ચીજવસ્તુઓ, જમીન અને મકાન વગેરે અને તે ખાસ અદૃષ્ય નેઅ્મતો પણ હોઈ શકે છે જે મનુષ્યના માર્ગદર્શન અને તેની સફળતા માટે અલ્લાહ તઆલા તરફથી આવી હોય, દાખલા તરીકે અંબિયા (અલૈ.) અને આસમાની કિતાબો અને જે નિશાનીઓ અલ્લાહ તઆલાની કુદરત અને હિકમતથી પોતાના અસ્તિત્વના દરેક સાંધામાં, ત્યારબાદ પૃથ્વી અને તેના અસંખ્ય સર્જનમાં અને આસમાન તથા તેના અંતવિહીન વિસ્તારમાં, મતલબ કે સમગ્ર વિશ્વમાં મનુષ્યની હિદાયતનો સામાન છે.

આ બંને પ્રકારની નેઅ્મતોનો તકાદો એ હતો કે માનવી અલ્લાહ તઆલાની શ્રેષ્ઠતા અને કુદરતને ઓળખે, તેની નેઅ્મતોનો શુક્રગુઝાર થઈને તેના આજ્ઞાપાલનમાં લાગી જાય પરંતુ કાફિરો અને મુશ્રિકોએ નેઅ્મતોનો મુકાબલો શુક્રના બદલે નેઅ્મતોના ઈન્કાર અને બળવાખોરી તથા નાફરમાનીથી કર્યો કે તેમણે પોતાની કોમને સર્વનાશ અને બરબાદીના સ્થળે ધકેલી દીધી અને પોતે પણ હલાક થયા.

હુકમો અને માર્ગદર્શનો :

આ ત્રણે આયતોમાં "તવહીદ" અને "કલિમએ તય્યિબહ" લા ઈલાહા ઈલ્લલ્લાહની શ્રેષ્ઠતા અને ફઝીલત તથા તેની બરકત અને લાભા-લાભ તથા તેના ઈન્કારની નહૂસત અને ખરાબ પરિણામનું વર્ણન થયું છે કે, તવહીદ એવી કદી ન નષ્ટ થનારી દોલત છે જેની બરકતથી દુનિયામાં અલ્લાહ તઆલાનું સમર્થન પ્રાપ્ત થાય છે અને આખિરત તથા કબ્રમાં પણ સહાયતા મળે છે અને તેનો ઈન્કાર અલ્લાહ તઆલાની નેઅ્મતોને અઝાબમાં પરિવર્તિત કરી નાંખવા સમાન છે.

આયતો : (સૂરએ ઇબ્રાહીમ : આયત નં. ૩૦ થી ૩૪)

وَجَعَلُوْا لِلّٰهِ اَنْدَادًا لِّيُضِلُّوْا عَنْ سَبِيْلِهٖ ؕ قُلْ تَمَتَّعُوْا فَاِنَّ مَصِيْرَكُمْ اِلَى النَّارِ ﴿۳۰﴾
قُلْ لِّعِبَادِيَ الَّذِيْنَ اٰمَنُوْا يُقِيْمُوا الصَّلٰوةَ وَيُنْفِقُوْا مِمَّا رَزَقْنٰهُمْ سِرًّا وَّعَلَانِيَةً مِّنْ قَبْلِ
اَنْ يَّاْتِيَ يَوْمٌ لَّا بَيْعٌ فِيْهِ وَلَا خِلٰلٌ ﴿۳۱﴾ اَللّٰهُ الَّذِيْ خَلَقَ السَّمٰوٰتِ وَالْاَرْضَ وَاَنْزَلَ مِنَ
السَّمَآءِ مَآءً فَاَخْرَجَ بِهٖ مِنَ الثَّمَرٰتِ رِزْقًا لَّكُمْ ۚ وَسَخَّرَ لَكُمُ الْفُلْكَ لِتَجْرِيَ فِي الْبَحْرِ
بِاَمْرِهٖ ۚ وَسَخَّرَ لَكُمُ الْاَنْهٰرَ ﴿۳۲﴾ وَسَخَّرَ لَكُمُ الشَّمْسَ وَالْقَمَرَ دَآئِبَيْنِ ۚ وَسَخَّرَ لَكُمُ الَّيْلَ
وَالنَّهَارَ ﴿۳۳﴾ وَاٰتٰىكُمْ مِّنْ كُلِّ مَا سَاَلْتُمُوْهُ ؕ وَاِنْ تَعُدُّوْا نِعْمَتَ اللّٰهِ لَا تُحْصُوْهَا ؕ اِنَّ الْاِنْسَانَ
لَظَلُوْمٌ كَفَّارٌ ﴿۳۴﴾ ع

તરજુમો :

અને અલ્લાહના માટે સમકક્ષ ઠરાવ્યા કે લોકોને તેના માર્ગથી ભટકાવે; તમે કહો, મોજમજા કરી લો ! પછી તમારે આગ તરફ પાછા ફરવાનું છે. (૩૦) મારા બંદાઓને કહી આપો જેઓ ઈમાન લાવ્યા છે, નમાઝ કાયમ રાખે અને અમારી આપેલી રોજીમાંથી ખર્ચ કરે છુપો અને જાહેર, એ પહેલાં કે તે દિવસ આવે જેમાં ન સોદો છે ન દોસ્તી. (૩૧) અલ્લાહ તે છે જેણે આસમાન અને જમીન બનાવ્યા અને આસમાનથી પાણી ઉતાર્યું, પછી એમાંથી તમારી રોજી કાઢી, મેવાઓ; અને વહાણને તમારા કહેવામાં કર્યા કે દરિયામાં તેના હુકમથી ચાલે અને નદીઓને તમારા કામે લગાવી દીધી. (૩૨) અને સૂરજ અને ચાંદને તમારા કામમાં લગાવી દીધા બરાબર એક નિયમ પ્રમાણે અને રાત અને દિવસને તમારા કામમાં લગાવી દીધા. (૩૩) અને તમને દરેક વસ્તુમાંથી આપ્યું જે તમે માંગ્યું અને જો અલ્લાહના અહેસાન ગણો તો પૂરા ન કરી શકો, બેશક ! માનવી ઘણો અન્યાયી નાશુક્રો છે. (૩૪)

તફસીર :

અને (ઉપર જે કહેવામાં આવ્યું છે તે લોકોએ નેઅ્‌મતનો શુક્ર કરવાના બદલે કુફ્ર કર્યું અને પોતાની કોમને જહન્નમમાં પહોંચાડી તે કુફ્ર અને જહન્નમમાં પહોંચાડવાનું વર્ણન એ છે કે) તે લોકોએ અલ્લાહના ભાગીદાર ઠરાવી દીધા જેથી (અન્યોને પણ) તેના દીનથી ગુમરાહ કરે (બસ, ભાગીદાર ઠરાવી દેવું કુફ્ર છે અને બીજાઓને ગુમરાહ કરવું જહન્નમમાં પહોંચાડવું છે) તમે (તે સૌને) કહી આપો કે થોડા દિવસ લાભ લઈ લો કારણ કે અંતે પરિણામે તમારે દોઝખમાં જવાનું છે (લાભનો અર્થ કુફ્રની પરિસ્થિતિમાં રહેવું છે, કારણ કે દરેક વ્યક્તિને પોતાના ધર્મમાં રહેવામાં મજા આવે છે અને થોડો સમય કુફ્ર કરી લો આ તેમને ચેતવણીરૂપે છે અને શબ્દ "કારણ કે" નો એ મતલબ છે કે કારણ કે જહન્નમમાં જવું તમારા માટે જરૂરી છે એટલા માટે તમારું કુફ્રથી અટકી જવું મુશ્કેલ છે. ખૈર, હજુ થોડા દિવસો પસાર કરી લો પછી તમારે આ મુસીબતનો સામનો કરવાનો જ છે) જે મારા ખાસ ઈમાનવાળા બંદાઓ છે (આ નેઅ્‌મતોની નાશુક્રીના વબાલથી ચેતવણી આપીને સુરક્ષિત રાખવા માટે) તેમને કહી આપો કે તે (અલ્લાહની નેઅ્‌મતોનો એવી રીતે શુક્ર અદા કરતા રહે કે) નમાઝની પાબંદી રાખે અને અમે જે કંઈ તેમને આપ્યું છે તેમાંથી (શરીઅતના નિયમ પ્રમાણે) ગુપ્ત રીતે અને જાહેરમાં (જેવી તક હોય) ખર્ચ કર્યા કરે એવો દિવસ આવતા પહેલાં-પહેલાં જેમાં ન તો ખરીદ-વેચાણ થશે અને ન જ મિત્રતા થશે, (મતલબ એ છે કે શારીરિક ઈબાદતો અને આર્થિક ઈબાદતોને અદા કરતા રહે અને નેઅ્‌મતોનો શુક્ર આ જ છે) અલ્લાહ એવો છે જેણે આસમાનો અને જમીનને પેદા કર્યા અને આસમાનથી પાણી વરસાવ્યું, પછી તે પાણીથી ફળોના પ્રકારોથી તમારા માટે રોજી પેદા કરી અને તમારા નફા માટે વહાણ (અને જહાજો)ને (પોતાની શક્તિના) આધીન બનાવી દીધા જેથી તે અલ્લાહના હુકમ (અને શક્તિ) વડે દરિયામાં ચાલે (અને તમારો વેપાર અને મુસાફરીનો હેતુ પ્રાપ્ત થાય) અને તમારા લાભ માટે નહેરોને (પોતાની કુદરતના) આધીન બનાવી (જેથી તેમાંથી પાણી પીઓ અને જમીનને સીંચો અને તેમાં વહાણ ચલાવો) અને તમારા લાભ માટે સૂરજ અને ચંદ્રને (પોતાની કુદરતના) આધીન બનાવ્યા જે હંમેશા ગતિમાં જ રહે છે (જેથી તમને પ્રકાશ અને ગરમી વગેરેનો લાભ થાય) અને તમારા લાભ

માટે રાત અને દિવસને (પોતાની શક્તિના) આધીન બનાવ્યા (જેથી તમને ધંધો–રોજગાર અને રાહતનો લાભ પ્રાપ્ત થાય) અને જે–જે વસ્તુઓ તમે માંગી (અને જે તમારી પરિસ્થિતિ માટે યોગ્ય હતી) તમને દરેક વસ્તુ આપી અને (પ્રસ્તુત વસ્તુઓ સુધી જ શા માટે તેની નેઅ્મતો મર્યાદિત રહે, બલકે) અલ્લાહ તઆલાની નેઅ્મતો (તો એવી અસંખ્ય છે કે) જો (તેમને) ગણવા લાગો તો ગણતરી પણ ન કરી શકાય (પરંતુ) સત્ય એ છે કે મનુષ્ય ઘણો જ અન્યાયી, ઘણો જ નાશુક્રો છે (અલ્લાહ તઆલાની નેઅ્મતોની કદર નથી કરતો અને ઉપકાર નથી માનતો બલકે તેનાથી ઊલટું કુફ્ર અને ગુનાહો કરવા માંડે છે જેમકે ઉપર આવ્યું છે اَلَمْ تَرَاِلَى الَّذِيْنَ بَدَّلُوْا نِعْمَةَ اللّٰهِ كُفْرًا)

મસ્અલા અને બોધપાઠ :

સૂરએ ઈબ્રાહીમની શરૂઆતમાં રિસાલત અને નુબુવ્વત તથા અલ્લાહ તરફ પાછા વળવાના અને આખિરત વિશેના વિષયો હતા, ત્યારબાદ તવહીદની શ્રેષ્ઠતા અને કુફ્ર તથા શિર્કના કલિમાની નીંદાનું વર્ણન દાખલાઓ દ્વારા આપવામાં આવ્યું, ત્યારબાદ મુશ્રિકોની ટીકા એ વાત ઉપર કરવામાં આવી કે તેમણે અલ્લાહ તઆલાની નેઅ્મતોનો શુક્ર અદા કરવાના બદલે નાશુક્રી અને કુફ્રનો માર્ગ અપનાવ્યો.

પ્રસ્તુત આયતોમાંથી પ્રથમ આયતમાં કાફિરો અને મુશ્રિકોની ટીકા અને તેમના ખરાબ પરિણામનું વર્ણન છે, બીજી આયતમાં મો'મિનોની શ્રેષ્ઠતા અને તેનો શુક્ર અદા કરવા માટે અલ્લાહના અમુક હુકમોની તાકીદ કરવામાં આવી છે. ત્રીજી, ચોથી અને પાંચમી આયતમાં અલ્લાહ જલ્લ શા'નુહૂની મહાન નેઅ્મતોનું વર્ણન કરીને એ બાબત ઉપર પ્રોત્સાહન આપવામાં આવ્યું છે કે અલ્લાહની નેઅ્મતોને તેની નાફરમાનીમાં ખર્ચ ન કરો.

વિવરણ અને ખુલાસો :

اَنْدَادًا (અનદાદ) એ نِدّ (નિદ)નું બહુવચન છે, જેનો અર્થ સમાન અથવા સમકક્ષનો થાય છે, મૂર્તિઓને "અનદાદ" એટલા માટે કહેવામાં આવે છે કે મુશ્રિકોએ તેને પોતાના આચરણમાં અલ્લાહ સમકક્ષ ઠરાવી રાખી હતી, تَمَتُّعٌ (તમત્તુઅ્)નો અર્થ કોઈ વસ્તુથી અમુક દિવસ કામચલાઉ લાભ પ્રાપ્ત કરવાનો

થાય છે, આ આયતમાં મુશ્રિકોની તે ખોટી માન્યતાનો નકાર છે કે તેમણે મૂર્તિઓને અલ્લાહ સમકક્ષ અને તેની ભાગીદાર ઠરાવી દીધી અને રસૂલે કરીમ ﷺને હુકમ આપવામાં આવ્યો કે તે લોકોને બતાવી આપે કે તેનું પરિણામ શું આવવાનું છે ? ફરમાવ્યું કે, અમુક દિવસ દુનિયાની નેઅ્મતોનો લાભ ઉઠાવી લો પરંતુ તમારું ઠેકાણું જહન્નમની આગ છે.

બીજી આયતમાં રસૂલે કરીમ ﷺને સંબોધન છે કે, (મક્કાના કાફિરોએ તો અલ્લાહની નેઅ્મતને કુફ્રથી બદલી નાંખી) આપ ﷺ મારા મો'મિન બંદાઓને કહી આપો કે નમાઝની પાબંદી રાખે અને અમે જે રોજી તેમને આપી છે તેમાંથી અલ્લાહના માર્ગમાં ખર્ચ કર્યા કરે ગુપ્ત રીતે અને જાહેરમાં. આ આયતમાં મો'મિન બંદાઓ માટે ઘણી મોટી ખુશખબરી અને સન્માન (બહુમાન) છે, પ્રથમ એ કે અલ્લાહ તઆલાએ તેમને પોતાના બંદા કહીને પોકાર્યા, વળી સિફતે ઈમાનની સાથે સંબંધ જોડયો, પછી તેમને કાયમી રાહત અને પ્રતિષ્ઠા પામવા માટેની રીત બતાવી કે નમાઝની પાબંદી કરે, ન તો તેના સમયમાં આળસ (સુસ્તી) કરે અને ન જ તેના અરકાનોમાં અને અદબમાં આળસ કરે તથા અલ્લાહની જ આપેલી રોજીમાંથી અમુક તેના માર્ગમાં પણ ખર્ચ કર્યા કરે, ખર્ચ કરવાના બંને સ્વરૂપોને જાઇઝ ઠરાવ્યા કે ગુપ્ત રીતે પણ સદકહ-ખયરાત કરે અથવા જાહેરમાં ખુલ્લી રીતે ખર્ચ કરે. અમુક ઉલમાએ ફરમાવ્યું કે ફરજ ઝકાત અને સદકતુલ ફિત્ર વગેરે જાહેરમાં આપવું જોઈએ જેથી બીજાઓને પ્રેરણા થાય અને નફલ સદકાઓ ખયરાત વગેરે ગુપ્ત રીતે આપવું ઉત્તમ છે કે તેમાં નામના કે શોહરતનો ભય ન રહે અને અસલ આધાર નિય્યત તથા પરિસ્થિતિ ઉપર છે, જો જાહેર કરીને ખુલ્લમ-ખુલ્લું આપવામાં નામના અથવા શોહરતની વૃત્તિ આવી જાય તો સદકહની ફઝીલત ખતમ થઈ જશે, ભલે તે ફરજ હોય અથવા નફલ અને જો નિય્યત એ હોય કે બીજાઓને પ્રેરણા મળે તો ફરજ અને નફલ બંનેમાં જાહેરાત કરીને અથવા ખુલ્લમ-ખુલ્લું આપવું જાઇઝ છે.

مِّنْ قَبْلِ اَنْ يَّاْتِيَ يَوْمٌ لَّا بَيْعٌ فِيْهِ وَلَا خِلٰلٌ શબ્દ خِلَالٌ (ખિલાલ) એ خُلَّةٌ (ખુલ્લતુન)નું બહુવચન પણ હોઈ શકે છે જેનો અર્થ નિઃસ્વાર્થ મિત્રતા થાય છે અને આ શબ્દને સર્વનામના સ્વરૂપમાં مُفَاعَلَةٌ (મુફાઅલહ)નું ક્રિયાપદ પણ કહેવામાં આવે છે, જેમકે قِتَالٌ (કિતાલ) دِفَاعٌ (દિફાઅ્) વગેરે. આ સ્વરૂપમાં

તેનો અર્થ બે વ્યક્તિઓમાં પરસ્પર નિખાલસતાપૂર્ણ મિત્રતા કરવાનો થશે, આ વાક્યનો સંબંધ ઉપર વર્ણન થયેલ બંને હુકમો એટલે કે નમાઝ અને સદકહ સાથે છે.

મતલબ એ છે કે આજે તો અલ્લાહ તઆલાએ ફુરસદની તાકાત આપી રાખી છે કે નમાઝ અદા કરો અને પાછલી ઉંમરમાં બેદરકારીના કારણે કોઈ નમાઝ રહી ગઈ હોય તો તેની કઝા કરો, એ જ પ્રમાણે આજે માલ તમારી મિલકત તમારા કબ્જામાં છે તેને અલ્લાહના માટે ખર્ચ કરીને કાયમી જિંદગીનું કામ બનાવી શકો છો પરંતુ તે દિવસ નજીક આવી રહ્યો છે જ્યારે કે આ બંને શક્તિઓ અને તમારું આધિપત્ય તમારી પાસેથી લઈ લેવામાં આવશે, ન તો તમારું શરીર નમાઝ પઢવાના પાત્ર રહેશે અને ન જ તમારી મિલકત તમારી રહેશે અને ન જ તમારા કબ્જામાં કોઈ માલ રહેશે કે જેનાથી કોઈના ડૂબાડેલા હકને અદા કરી શકો અને તે દિવસે કોઈ ખરીદ-વેચાણ અને લે-વેચ પણ નહિ થઈ કે કોઈ એવી વસ્તુ ખરીદી લો જેના દ્વારા તે ઉણપો અને ગુનાહોનો કફ્ફારો અદા કરી શકો અને તે દિવસે પરસ્પરના મિત્રતાના સંબંધો પણ કામ આવી શકશે નહીં, કોઈ વહાલો મિત્ર કોઈના ગુનાહોનો ભાર ઉઠાવી નહીં શકે અને ન જ તેના ઉપરથી અઝાબને હટાવી શકશે.

"તે દિવસ"નો ભાવાર્થ દેખીતું છે કે "હશ્ર અને કયામત"નો દિવસ છે અને એ પણ કહી શકાય છે કે એ મોતનો દિવસ હોય, કારણ કે આ બધા ચિહ્નો મોતના સમયથી જ શરૂ થઈ જાય છે, ન તો શરીરમાં કોઈ અમલ કરવાની ક્ષમતા બાકી રહે છે અને ન જ તેનો માલ તેની મિલકતમાં રહે છે.

હુકમો અને માર્ગદર્શનો :

આ આયતમાં જે આ ઈશારો છે કે કયામતના દિવસે કોઈની મિત્રતા કામ આવશે નહીં, તેનો અર્થ એ છે કે ફક્ત દુનિયાની દોસ્તીઓ તે દિવસે કામ નહીં આવે પરંતુ જે લોકોની મિત્રતા અને સંબંધો માત્ર અલ્લાહ માટે અને તેના દીનના કાર્યો માટે હોય તેમની દોસ્તી તે સમયે પણ કામ આવશે કે અલ્લાહ તઆલાના નેક અને સ્વીકૃત બંદાઓ અન્યોની સિફારસ કરશે, જેમકે ઘણી બધી હદીસોમાં નકલ થયું છે, કુર્આનમાં ઈશારો છે اَلْاَخِلَّاۤءُ یَوْمَىٕذٍۭ بَعْضُهُمْ لِبَعْضٍ عَدُوٌّ اِلَّا الْمُتَّقِیْنَ

એટલે કે, તે લોકો દુનિયામાં પરસ્પર મિત્રો હતા, આજે એકબીજાના શત્રુ બની ગયા કે એવું ઈચ્છે છે કે દોસ્ત ઉપર પોતાનો ગુનોહ નાંખીને પોતે છૂટી જાય પરંતુ તે લોકો જેઓ તક્વો ઈખ્તિયાર કરે છે કારણ કે તકવાવાળા લોકો ત્યાં પણ એકબીજાની મદદ સિફારસરૂપે કરી શકશે.

ત્રીજી, ચોથી અને પાંચમી આયતોમાં અલ્લાહ તઆલાની મોટી-મોટી નેઅ્મતોને યાદ અપાવીને માનવીને તેની ઈબાદત અને આજ્ઞાપાલન તરફ આમંત્રણ આપવામાં આવ્યું છે. ઈરશાદ છે કે અલ્લાહ તઆલા જ તે જાત છે જેણે આસમાન અને પૃથ્વીને પેદા કર્યા જેના ઉપર મનુષ્યના અસ્તિતવની શરૂઆત અને તેનું ટકી રહેવું અવલંબિત છે, પછી આસમાનથી પાણી ઉતાર્યું જેના દ્વારા જાત-જાતના ફળો પેદા કર્યા જેથી તમારી રોજી (ખોરાક) બની શકે, શબ્દ ثَمَرَاتٌ (ષમરાત) એ ثَمَرَةٌ (ષમરહ)નું બહુવચન છે, દરેક વસ્તુથી પ્રાપ્ત થનાર પરિણામને તે વસ્તુનો "ષમરહ" કહેવામાં આવે છે, એટલા માટે "ષમરહ"ના શબ્દમાં દરેક તે વસ્તુ પણ સામેલ છે જે મનુષ્યનો ખોરાક બની શકે છે અને તે વસ્તુઓ પણ જે તેનો પોષાક બને છે અને તે ચીજ-વસ્તુઓ પણ જેનાથી તેના રહેવા-સહેવાનું મકાન બને છે, કારણ કે શબ્દ رزق (રિઝ્ક) જે આ આયતમાં ઉલ્લેખાયો છે એ માનવીની બધી જ જરૂરિયાતો ઉપર છવાયેલો છે અને તેમાં દરેક જીવનનિર્વાહની વસ્તુ સામેલ છે. *(મઝહરી)*

ત્યારબાદ ફરમાવ્યું કે અલ્લાહ જલ્લ શા'નુહૂએ જ વહાણો અને જહાજોને તમારા કામમાં લગાડ્યા કે તે અલ્લાહના હુકમથી દરિયાઓમાં હરે-ફરે છે, શબ્દ سَخَّرَ (સખ્ખર) જે આ આયતમાં આવ્યો છે તેનો ભાવાર્થ એ જ છે કે અલ્લાહ તઆલાએ આ વસ્તુઓનો ઉપયોગ તમારા માટે સરળ બનાવી દીધો છે. લાકડું, લોખંડ અને તેનાથી વહાણ અથવા જહાજ બનાવવાના યંત્રો અને ઓજારો અને તેનાથી સાચું કામ લેવાની બુદ્ધિ તથા સમજદારી, આ બધી વસ્તુઓ તેની જ આપેલી છે, એટલા માટે આ વસ્તુઓની ઉપલબ્ધી ઉપર ગર્વ ન કરે કે અમે તેનું સંશોધન કર્યું છે અને બનાવ્યું છે, કારણ કે જે વસ્તુઓથી તેમાં કામ લેવામાં આવ્યું છે તેમાંથી કોઈપણ વસ્તુ તમે ઉત્પન્ન કરેલ નથી અને ન જ તમે ઉત્પન્ન કરી શકો છો, સૃષ્ટિના સર્જનહારે બનાવેલ લાકડું, લોઢું, તાંબુ, પિત્તળને જ ઉપયોગમાં લાવી આ સંશોધનનું ગર્વ પોતાના નામે કરી રહ્યા છો, નહિતર વાસ્તવિકતા જુઓ

તો પોતે તમારું અસ્તિત્વ તમારા હાથ-પગ, તમારું દિમાગ અને બુદ્ધિ પણ તમારી બનાવેલી નથી.

ત્યારબાદ ફરમાવ્યું કે અમે તમારા માટે સૂર્ય અને ચંદ્રને કામે લગાડયા છે, આ બંને હંમેશા એક નિશ્ચિત ગતિમાં ચાલતા રહે છે. دَآئِبَیْنِ (દાઈબયૂન) તે دَأْبٌ (દાબ)થી બન્યો છે જેનો અર્થ "આદત" છે. ભાવાર્થ એ છે કે દરેક સમયે દરેક પરિસ્થિતિમાં ગતિ કરતા રહેવું આ બંને અવકાશી પદાર્થોની ટેવ બનાવી દેવામાં આવી છે કે ક્યારેય તે તેના વિરુદ્ધ કરતા નથી, કામે લગાડવાનો એ અર્થ નથી કે તે તમારા હુકમ અને ઈશારા ઉપર ચાલ્યા કરે, કારણ કે જો સૂર્ય અને ચંદ્રને આ પ્રમાણે મનુષ્યના હુકમ આધીન કરી દેવામાં આવે કે તે તેના ઈશારાથી ચાલે તો મનુષ્યોના પરસ્પરના વિરોધ અને વાદ-વિવાદનું એ પરિણામ આવ્યું હોત કે એક માનવી એવું કહેતો હોત કે આજે સૂર્ય બે કલાક પછી નીકળશે કારણ કે રાતમાં વધારે કામ છે, બીજો એવું ઈચ્છતો હોત કે બે કલાક વહેલો નીકળે કે દિવસે વધારે કામ છે, એટલા માટે અલ્લાહ રબ્બુલ ઈજ્જતે આસમાન અને તારાઓને મનુષ્યના લાભ માટે તો બનાવ્યા પરંતુ એ અર્થમાં કામે લગાડયા કે દરેક સમયે દરેક પરિસ્થિતિમાં અલ્લાહની હિકમત અને હુકમ હેઠળ મનુષ્યના કાર્યમાં લાગેલા રહે છે, એવું નથી કે તેનું ઊગવું, આથમવું અથવા તેની ગતિ મનુષ્યની મરજીના તા'બે થઈ જાય.

એ જ પ્રમાણે એ ઈરશાદ છે કે અમે રાત અને દિવસને તમારા માટે કામે લગાડયા, તેનો ભાવાર્થ પણ એ જ છે કે તે બંનેને મનુષ્યની સેવા અને રાહતના કાર્યમાં લગાડયા.

وَاٰتٰىكُمْ مِّنْ كُلِّ مَاسَاَلْتُمُوْهُ એટલે કે, અલ્લાહ તઆલાએ તમને દરેક તે વસ્તુમાંથી આપ્યું જે તમે માંગ્યું, જો કે અલ્લાહ તઆલાની બખ્શીશ અને ઈનામો કોઈના માંગવા ઉપર અવલંબિત નથી, આપણે તો આપણું પોતાનું અસ્તિત્વ પણ માંગ્યું ન હતું, તેણે જ પોતાની કૃપા વડે વણમાંગે અર્પણ કર્યું.

مانبودیم وتقاضاما نبود : لطفِ تو ناگفتۂ ما می شنود

એ જ રીતે આસમાન, જમીન, ચાંદ, સૂર્ય વગેરે પેદા કરવાની દુઆ કોણે માંગી હતી ? આ બધું કંઈ માલિકે વિના માંગ્યે જ આપી દીધું છે એટલા જ માટે કાઝી બયઝાવી (રહ.)એ આ શબ્દનો એ ભાવાર્થ વર્ણન કર્યો છે કે, અલ્લાહ

તઆલાએ તમને દરેક તે વસ્તુ આપી જે માંગવાપાત્ર છે ભલે તમે તે માંગ્યું ન હોય, પરંતુ જો શબ્દોનો જાહેર અર્થ ભાવાર્થ તરીકે હોય તો એમાં પણ કોઈ શંકા નથી કે સામાન્ય રીતે માનવી જે કંઈ માંગે અથવા અપેક્ષા રાખે છે મોટે ભાગે તો તેને આપી જ દેવામાં આવે છે અને જ્યારે તેનો સવાલ પોતાના જાહેર સ્વરૂપમાં પૂર્ણ કરવામાં નથી આવતો, તેમાં તે વ્યક્તિ માટે અથવા તો સમગ્ર વિશ્વ માટે કોઈ મસ્લિહત હોય છે જેનું તેને જ્ઞાન નથી હોતું, પરંતુ સર્વજ્ઞ અને સર્વવ્યાપી અલ્લાહ જ જાણે છે કે જો તેનો આ સવાલ પૂરો કરવામાં આવ્યો તો પોતે તેના માટે અથવા તેના કુટુંબ માટે અથવા સમગ્ર વિશ્વ માટે તે નુકસાનકારક બની જશે, આવા સ્વરૂપમાં સવાલ પૂરો ન કરવો જ મોટી નેઅ્મત હોય છે પરંતુ મનુષ્ય પોતાના અધૂરા જ્ઞાનના કારણે તેને જાણી શકતો નથી એટલા માટે તે દિલગીર થાય છે.

وَاِنۡ تَعُدُّوۡا نِعۡمَةَ اللّٰهِ لَا تُحۡصُوۡهَا એટલે કે, અલ્લાહ તઆલાની નેઅ્મતો માનવી ઉપર એ પ્રમાણે છે કે બધા મનુષ્ય મળીને તેની ગણતરી કરવા ઇચ્છે તો પણ ગણી ન શકે, મનુષ્ય પોતાના અસ્તિત્વમાં જ પોતે એક નાની સરખી દુનિયા છે; તેની આંખો, નાક, કાન, હાથ, પગ અને શરીરના દરેક સાંધાઓ બલકે પ્રત્યેક નસો અને વહેતા લોહીમાં બલકે માનવ શરીરના પ્રત્યેક તંત્રમાં અલ્લાહ રબ્બુલ ઇજ્જતની અંતવિહીન નેઅ્મતો રહેલી છે જેનાથી આ હરતા-ફરતા કરોડો નાજુક યંત્રોની આશ્ચર્યજનક ફેક્ટરીઓ દરેક સમયે કાર્યમાં પ્રવૃત્ત છે, પછી આસમાન અને પૃથ્વી તથા તેનામાં રહેલી કુદરતની મખ્લૂક, સમંદર-પહાડની મખ્લૂક, જે આધુનિક સંશોધનો દ્વારા અને તેમાં પોતાના જીવનનું સમર્પણ કરનારા હજારો નિષ્ણાતો પણ તેનો તાગ મેળવી નથી શકતા, પછી આ નેઅ્મતો ફક્ત એટલી જ નથી જે સામાન્ય રીતે યોગ્ય સ્વરૂપે નેઅ્મત સમજવામાં આવે છે બલકે દરેક બીમારી, દરેક તકલીફ, દરેક મુસીબત, દરેક રંજ-ગમથી સુરક્ષિત રહેવું એક આગવી નેઅ્મત છે, એક વ્યક્તિને કેટલા પ્રકારની બીમારીઓ અને કેટલા પ્રકારની શારીરિક અને માનસિક તકલીફો દુનિયામાં પડી શકે છે તેની ગણતરી એક વ્યક્તિથી નથી થઈ શકતી, તેનાથી અંદાજો લગાવી શકાય છે કે અલ્લાહ તઆલાની સંપૂર્ણ નેઅ્મતો અને ઇનામોની ગણતરી કઈ રીતે કરી શકાય ?!

ન્યાયનો તકાદો એ હતો કે અસંખ્ય નેઅ્મતોના બદલામાં અસંખ્ય ઈબાદતો અને અસંખ્ય શુક્ર જરૂરી હોત પરંતુ અલ્લાહ જલ્લ શા'નુહૂએ અશક્ત માનવીની અશક્તિને ધ્યાને રાખી; જ્યારે તે વાસ્તવિકતા ઉપર દૃષ્ટિપાત કરીને એવો સ્વીકાર કરી લે કે વાજિબ શુક્રથી છૂટી જવું તેના કાબૂમાં નથી ત્યારે આ જ સ્વીકૃતિને શુક્ર અદા કરવા સમાન ઠરાવી દેવામાં આવ્યું, જેમકે અલ્લાહ તઆલાએ હઝરત દાવુદ (અલૈ.)ના આવા જ સ્વીકાર ઉપર ઈરશાદ ફરમાવ્યો કે اَلْاٰنَ قَدْشَكَرْتَ يَادَاوٗدُ એટલે કે, આ સ્વીકાર કરી લેવો જ શુક્ર અદા કરવા માટે પૂરતો છે.

અંતિમ આયતમાં ફરમાવ્યું, اِنَّ الْاِنْسَانَ لَظَلُوْمٌ كَفَّارٌ એટલે કે, "ઇન્સાન ઘણો જ અન્યાયી અને ઘણો નાશુક્રો છે." એટલે કે, ઇન્સાફનો તકાદો તો એ હતો કે કોઈ તકલીફ અને મુસીબત પડે તો સબ્ર અને શાંતિથી કામ લે, જીભ અને દિલને ફરિયાદથી પાક રાખે અને સમજે કે જે કંઈ થયું છે એક સમગ્ર વિશ્વના શાસક તથા હિકમતવાળા તરફથી આવ્યું છે, તે પણ હિકમતના તકાદાની બીનાએ એક નેઅ્મત જ છે અને જ્યારે કોઈ રાહત અને નેઅ્મત મળે તો દિલ અને જીભ તેનો આભાર માને, પરંતુ સામાન્ય માણસની ટેવ એનાથી વિપરીત છે કે થોડી મુસીબત અને તકલીફ પડી જાય ત્યારે બેસબ્રી કરવા માંડે છે અને બધાને કહેતો ફરે છે અને થોડી નેઅ્મત અને દોલત મળી જાય તો તેમાં મસ્ત બનીને અલ્લાહ તઆલાને ભૂલાવી દે છે, એટલા માટે મુખ્લિસ મો'મિનોની સિફત પાછલી આયતમાં صَبَّارٌ (સબ્બાર—સબ્ર કરનાર) અને شَكُوْرٌ (શકૂર—શુક્ર કરનાર) બતાવવામાં આવી છે.

આયતો : (સૂરએ ઇબ્રાહીમ : આયત નં. ૩૫ થી ૪૧)

وَاِذْ قَالَ اِبْرٰهِيْمُ رَبِّ اجْعَلْ هٰذَا الْبَلَدَ اٰمِنًا وَّاجْنُبْنِيْ وَبَنِيَّ اَنْ نَّعْبُدَ الْاَصْنَامَ ﴿٣٥﴾

رَبِّ اِنَّهُنَّ اَضْلَلْنَ كَثِيْرًا مِّنَ النَّاسِ ۚ فَمَنْ تَبِعَنِيْ فَاِنَّهٗ مِنِّيْ ۚ وَمَنْ عَصَانِيْ فَاِنَّكَ غَفُوْرٌ

رَّحِيْمٌ ﴿٣٦﴾ رَبَّنَآ اِنِّيْٓ اَسْكَنْتُ مِنْ ذُرِّيَّتِيْ بِوَادٍ غَيْرِ ذِيْ زَرْعٍ عِنْدَ بَيْتِكَ الْمُحَرَّمِ ۙ رَبَّنَا

لِيُقِيمُوا الصَّلٰوةَ فَاجْعَلْ اَفْـِٕدَةً مِّنَ النَّاسِ تَهْوِيْٓ اِلَيْهِمْ وَارْزُقْهُمْ مِّنَ الثَّمَرٰتِ
لَعَلَّهُمْ يَشْكُرُوْنَ ﴿٣٧﴾ رَبَّنَآ اِنَّكَ تَعْلَمُ مَا نُخْفِيْ وَمَا نُعْلِنُ ۭ وَمَا يَخْفٰى عَلَي اللّٰهِ مِنْ شَيْءٍ
فِي الْاَرْضِ وَلَا فِي السَّمَاۗءِ ﴿٣٨﴾ اَلْحَمْدُ لِلّٰهِ الَّذِيْ وَهَبَ لِيْ عَلَي الْكِبَرِ اِسْمٰعِيْلَ وَاِسْحٰقَ ۭ
اِنَّ رَبِّيْ لَسَمِيْعُ الدُّعَاۗءِ ﴿٣٩﴾ رَبِّ اجْعَلْنِيْ مُقِيْمَ الصَّلٰوةِ وَمِنْ ذُرِّيَّتِيْ ڰ رَبَّنَا وَتَقَبَّلْ
ع ۶ ۱۸ دُعَاۗءِ ﴿٤٠﴾ رَبَّنَا اغْفِرْ لِيْ وَلِوَالِدَيَّ وَلِلْمُؤْمِنِيْنَ يَوْمَ يَقُوْمُ الْحِسَابُ ﴿٤١﴾ ع

તરજુમો :

અને જ્યારે ઈબ્રાહીમ (અલૈ.)એ કહ્યું, હે પરવરદિગાર ! આ શહેરને શાંતિવાળુ કરી દે અને મને અને મારી અવલાદને એ વાતથી દૂર રાખ કે અમે મૂર્તિઓને પૂજીએ. (૩૫) હે પરવરદિગાર ! તેમણે ઘણા લોકોને ગુમરાહ કર્યા, બસ જેણે મારી પેરવી કરી (અનુસરણ કર્યું) બસ તે તો મારો છે અને જેણે મારું કહ્યું ન માન્યું બસ તું બખ્શનારો મહેરબાન છે. (૩૬) હે પરવરદિગાર ! મેં પોતાની એક અવલાદને મેદાનમાં વસાવી છે જ્યાં ખેતી નથી તારા સન્માનનીય ઘરની પાસે, હે અમારા પરવરદિગાર ! જેથી નમાઝને કાયમ રાખે, બસ અમુક લોકોના દિલને એવા કર કે તેમના તરફ કેન્દ્રિત થાય અને તેમને મેવાઓમાંથી રોજી આપ જેથી તેઓ શુક્ર કરે. (૩૭) હે અમારા પરવરદિગાર ! તું તો જાણે છે જે કંઈ અમે છુપાઈને કરીએ છીએ અને જે કંઈ બતાવીને કરીએ છીએ અને અલ્લાહ ઉપર કોઈ વસ્તુ છુપી નથી જમીનમાં અને ન જ આસમાનમાં. (૩૮) અલ્લાહનો શુક્ર છે જેણે મને આટલી મોટી ઉંમરમાં ઈસ્માઈલ અને ઈસ્હાક બખ્શ્યા, બેશક ! મારો પરવરદિગાર દુઆને સાંભળે છે. (૩૯) હે મારા પરવરદિગાર ! મને એવો કર કે નમાઝ કાયમ રાખું અને મારી અવલાદમાંથી પણ; હે મારા પરવરદિગાર ! અને મારી દુઆ કબૂલ કર. (૪૦) હે અમારા પરવરદિગાર! મને માફ કર અને મારા માં-બાપને અને બધા ઈમાનવાળાઓને જે દિવસે હિસાબ કાયમ થાય. (૪૧)

તફસીર :

અને (તે સમય પણ યાદ કરવાપાત્ર છે) જ્યારે કે ઈબ્રાહીમ (અલૈ.)એ (હઝરત ઈસ્માઈલ અને હઝરત હાજરાંને અલ્લાહના હુકમથી મક્કાના મેદાનમાં લાવીને છોડયા તે સમયે દુઆ સ્વરૂપે) કહ્યું કે હે મારા પરવરદિગાર ! આ (મક્કા) શહેરને શાંતિવાળું બનાવી દે (કે તેના રહેનારાઓ શાંતિના હકદાર રહે, એટલે કે તેને હરમ બનાવી આપ) અને મને અને મારા ખાસ સંતાનોને મૂર્તિઓની ઈબાદતથી (કે જે હાલના સમયે અજ્ઞાનીઓમાં પ્રચલિત છે) બચાવી રાખ, (જેમકે તેં અત્યાર સુધી બચાવી રાખ્યા છે) હે મારા પરવરદિગાર ! (હું મૂર્તિઓની ઈબાદતથી બચવાની દુઆ એટલા માટે કરું છું કે) આ મૂર્તિઓએ ઘણા બધા મનુષ્યોને ગુમરાહ કરી દીધા (એટલે કે તેમની ગુમરાહીનું કારણ બની ગઈ, એટલા માટે ડરીને તારું શરણ ઈચ્છું છું અને હું જે પ્રમાણે સંતાનોના બચવાની દુઆ કરું છું એ જ પ્રમાણે તેમને પણ કહેતો અને સાંભળતો રહીશ) પછી (મારા કહ્યા-સાંભળ્યા પછી) જે વ્યક્તિ મારા માર્ગ ઉપર ચાલશે તે તો મારો છે (અને તેના માટે મા'ફીનો વાયદો છે જ) અને જે વ્યક્તિ (આ વિષયમાં) મારું કહ્યું ન માને (બસ, તેને તું હિદાયત આપી દે કારણ કે) તું ખૂબ મા'ફ કરનાર (અને) અત્યંત દયાળુ છે, (તેમની મા'ફી અને રહમતનો સામાન પણ ઉપલબ્ધ કરાવી શકે છે કે તેમને હિદાયત આપે, આ દુઆનો હેતુ મો'મિનો માટે સિફારસ અને ગેરમો'મિનો માટે હિદાયતની માંગણી છે) હે અમારા પરવરદિગાર ! હું મારી અવલાદને (એટલે કે ઈસ્માઈલ અલૈ.ને અને તેમના દ્વારા તેમના વંશને) તારા પ્રતિષ્ઠિત ઘર (એટલે કે ખાન-એ-કા'બા)ની નજીક (કે જે પહેલેથી જ ત્યાં બનેલું હતું અને હંમેશા લોકો તેનો અદબ કરતા આવ્યા છે) એક (નાના) મેદાનમાં જે (રણ વિસ્તાર હોવાના કારણે) ખેતીના યોગ્ય (પણ) નથી; વસાવું છું, હે અમારા પરવરદિગાર ! (બયતુલ હરામની પાસે એટલા માટે વસાવું છું) જેથી તે લોકો નમાઝની (ખાસ) પાબંદી રાખે, (અને કારણ કે આ અત્યારે નાનું સરખું મેદાન છે) તો તું અમુક લોકોના દિલો તેના તરફ આકર્ષિત કરી આપ (કે અહીંયાં આવીને વસવાટ કરે જેથી આબાદી ઉપર રોનક છવાય જાય) અને (કારણ કે અહીંયાં ખેતી વગેરે નથી એટલા માટે) તેમને (ફક્ત પોતાની કુદરતથી) ફળો ખાવા માટે આપ જેથી આ લોકો (તે નેઅ્મતોનો) શુક્ર અદા કરે, હે અમારા

પરવરદિગાર ! (આ દુઆઓ ફક્ત પોતાની બંદગી અને જરૂરિયાતને જાહેર કરવા માટે છે તને મારી જરૂરિયાતની જાણ કરવા માટે નથી કારણ કે) તને તો સઘળું કંઈ ખબર છે જે અમે પોતાના દિલમાં રાખીએ અને જેને જાહેર કરી આપીએ અને (અમારા જાહેર અને ગુપ્ત રાખવાની શું વાત છે ?) અલ્લાહ તઆલાથી (તો) કોઈ વસ્તુ પણ ગુપ્ત નથી, ન તો જમીનમાં અને ન જ આસમાનમાં (અમુક દુઆઓ આગળ આવશે અને વચમાં અમુક વખાણ અને શુક્રના વાક્યો આવ્યા, જેથી શુક્રની બરકતથી આ દુઆઓ કબૂલ થવાપાત્ર બની જાય એટલા માટે ફરમાવ્યું) સઘળા વખાણ (અને તા'રીફ) અલ્લાહ માટે જ છે જેણે મને ઘડપણમાં ઈસ્માઈલ અને ઈસ્હાક (બે પુત્રો) અર્પણ કર્યા, વાસ્તવમાં મારો પરવરદિગાર દુઆને ઘણી સાંભળનારો (એટલે કે કબૂલ કરનારો) છે (કે સંતાન આપવા સંબંધિત મારી આ દુઆ رَبِّ هَبْ لِي مِنَ الصّٰلِحِيْنَ કબૂલ કરી લીધી, પછી આ નેઅ્મતનો શુક્ર અદા કરીને આગળ બાકીની દુઆઓ રજુ કરે છે કે) હે મારા પરવરદિગાર ! (જે મારી નિય્યત છે પોતાની અવલાદને બયતે મહરમની પાસે વસાવવાથી કે તેઓ નમાઝની પાબંદી રાખશે તેને પૂર્ણ કરી આપ અને જેવી તેમના માટે નમાઝની પાબંદી મારો હેતુ છે એ જ પ્રમાણે પોતાના માટે પણ એ જ લક્ષ્ય છે, એટલા માટે મારા અને તેમના બંનેના માટે દુઆ કરું છું અને કારણ કે મને વહી દ્વારા જાણ થઈ ગઈ છે કે તેમનામાં અમુક ગેરમો'મિનો પણ થશે એટલા માટે દુઆ સૌના માટે નથી કરી શકતો, બસ આ વિષય ઉપર દૃષ્ટિ રાખીને આ દુઆ કરું છું કે) મને પણ નમાઝની (ખાસ) પાબંદી કરનારો બનાવ અને મારી અવલાદમાં પણ અમુકને (નમાઝની પાબંદી રાખનારા બનાવ), હે અમારા પરવરદિગાર ! અને મારી (આ) દુઆ કબૂલ કર (અને) હે અમારા પરવરદિગાર ! મા'ફ કરી આપ અને મારા માં-બાપને પણ અને બધા મો'મિનોને પણ હિસાબ કાયમ થવાના દિવસે (એટલે કે કયામતના દિવસે બધા જ ઉપસ્થિત મો'મિનોની મગફિરત-મા'ફી કરી આપ).

મસ્અલા અને બોધપાઠ :

પાછલી આયતમાં તવહીદના અકીદાની સ્વીકૃતિ અને મહત્ત્વનું તથા શિર્કની અજ્ઞાનતા તથા ટીકાનું વર્ણન હતું, તવહીદના મા'મલામાં અંબિયા (અલૈ.)ના વર્ગમાં ખૂબ સફળ સંઘર્ષ કરનાર હઝરત ખલીલુલ્લાહ ઈબ્રાહીમ

(અલૈ.)નો સંઘર્ષ હતો, એટલા માટે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ના દીનને ખાસ રીતે "દીને હનીફ"નું નામ આપવામાં આવ્યું છે.

આ જ યોગ્યતા આધારે અત્રે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ના કિસ્સાનું વર્ણન પ્રસ્તુત આયતોમાં કરવામાં આવ્યું છે, એક કારણ એ પણ છે કે પાછલી એક આયત اَلَّذِيْنَ بَدَّلُوْا نِعْمَتَ اللّٰهِ كُفْرًا માં મક્કાના કુરૈશીઓમાંના તે લોકોની નીંદા વર્ણન કરવામાં આવી હતી જેમણે પોતાના બાપદાદાના અનુસરણની બીના ઉપર ઈમાનને કુફ્રથી અને તવહીદને શિર્કથી બદલી નાંખ્યું હતું, આ આયતોમાં તેમને બતાવવામાં આવ્યું છે કે તમારા પૂર્વજ હઝરત ઈબ્રાહીમ (અલૈ.)નો અકીદહ અને અમલ શું હતો ? જેથી હે બાપદાદાના અનુસરણનો સ્વભાવ ધરાવનારાઓ તેના ઉપર એક દષ્ટિપાત કરો અને પોતાના કુફ્રથી અટકી જાઓ. *(બહરે મુહીત)*

એ દેખીતું છે કે અંબિયા (અલૈ.)ના કિસ્સાઓ અને પરિસ્થિતિઓના વર્ણનથી કુર્આને કરીમનો હેતુ માત્ર તેમનો ઈતિહાસ વર્ણન કરવાનો નથી હોતો બલકે, તેમનામાં મનુષ્ય જીવનના પ્રત્યેક્ષ ક્ષેત્ર વિશેના માર્ગદર્શક સિદ્ધાંતો હોય છે, તેને જ ચાલુ રાખવા માટે આ ઘટનાઓનું કુર્આનમાં વારંવાર પુનવરાવર્તન કરવામાં આવ્યું છે.

આ સ્થળે પ્રથમ આયતમાં હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ની બે દુઆઓ ઉપસ્થિત છે. પ્રથમ رَبِّ اجْعَلْ هٰذَا الْبَلَدَ اٰمِنًا એટલે કે, "હે મારા પરવરદિગાર ! આ (મક્કા) શહેરને શાંતિનું સ્થળ બનાવી આપ." સૂરએ બકરહમાં પણ આ જ દુઆ ઉપસ્થિત હતી પરંતુ તેમાં શબ્દ بَلَدْ (બલદ) લામ વિના بَلَدًا ફરમાવ્યું છે જેનો અર્થ અનિશ્ચિત શહેર છે, કારણ એ છે કે આ દુઆ તે સમયે કરવામાં આવી હતી જ્યારે કે મક્કા શહેરની વસ્તીનો વસવાટ થયો ન હતો, એટલા માટે સામાન્ય શબ્દોમાં એ દુઆ કરી કે આ સ્થળને એક શાંતિવાળું શહેર બનાવી આપ.

બીજી દુઆ તે સમયે કરી છે કે જ્યારે કે મક્કાની વસ્તી વસી ચૂકી હતી ત્યારે મક્કા શહેરને નક્કી કરીને દુઆ કરી કે તેને શાંતિનું શહેર બનાવ, બીજી બાજુ આ દુઆ કરી કે મને અને મારી અવલાદને મૂર્તિપૂજાથી બચાવ.

અંબિયા (અલૈ.) જો કે માસૂમ હોય છે, તેમનાથી શિર્ક અને મૂર્તિપૂજા થઈ શકતી નથી બલકે તેમનાથી કોઈ ગુનોહ પણ થઈ શકતો નથી પરંતુ અત્રે હઝરત

ખલીલ (અલૈ.)એ આ દુઆમાં પોતાને પણ સામેલ કર્યા છે તેનું કારણ કદાચ એ છે કે સ્વાભાવિક ડરની અસરથી અંબિયા (અલૈ.) પણ દરેક સમયે પોતાના માટે ભયની અનુભૂતિ કરતા રહે છે અથવા તો મૂળ હેતુ પોતાની અવલાદને શિર્ક અને મૂર્તિપૂજાથી બચાવવાની દુઆ કરવાનો હતો, અવલાદને તેનું મહત્ત્વ સમજાવવા માટે પોતાને પણ દુઆમાં સામેલ કરી લીધા.

અલ્લાહ જલ્લ શા'નુહૂએ પોતાના ખલીલની દુઆ કબૂલ કરી, તેમની અવલાદ શિર્ક અને મૂર્તિપૂજાથી સુરક્ષિત રહી તેના ઉપર એ સવાલ થઈ શકે છે કે મક્કાના નિવાસીઓ તો સામાન્ય રીતે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ની અવલાદ જ છે તેમનામાં તો મૂર્તિપૂજા મોજૂદ હતી. બહરે મુહીતમાં તેનો જવાબ સુફિયાન બિન ઉયઈનહના હવાલાથી આ આપવામાં આવ્યો છે કે, હઝરત ઈસ્માઈલ (અલૈ.)ની અવલાદમાં કોઈએ વાસ્તવમાં મૂર્તિપૂજા નથી કરી બલકે જે સમયે મક્કા ઉપર જુરહમ કોમના લોકોએ કબ્જો કરીને હઝરત ઈસ્માઈલ (અલૈ.)ની અવલાદને હરમમાંથી કાઢી મૂક્યા ત્યારે આ લોકો હરમ સાથે અમર્યાદ મહોબ્બત અને સન્માનના કારણે ત્યાંના અમુક પથ્થરો પોતાની સાથે ઉઠાવીને લઈ ગયા હતા, તેને હરમે મહોતરમ અને બયતુલ્લાહની યાદગીરી સ્વરૂપે સામે રાખીને ઈબાદત કરતા અને તેની આસપાસ તવાફ કર્યા કરતા હતા, જેમાં કોઈ ગયરૂલ્લાહ તરફ તેમનું વલણ ન હતું બલકે જે પ્રમાણે બયતુલ્લાહ તરફ મોઢું કરીને નમાઝ પઢવું અથવા બયતુલ્લાહની આસપાસ તવાફ કરવો અલ્લાહની જ ઈબાદત છે એ જ પ્રમાણે તેઓ આ પથ્થર તરફ રૂખ કરીને અને તેની આસપાસ તવાફ કરવાને અલ્લાહની ઈબાદતના વિરુદ્ધ સમજતા ન હતા ત્યારબાદ આ જ તરીકો મૂર્તિપૂજાનું કારણ બની ગયો.

બીજી આયતમાં પોતાની આ દુઆના કારણે એ વર્ણન કર્યું કે મૂર્તિપૂજાથી અમે એટલા માટે શરણ માંગીએ છીએ કે આ મૂર્તિઓએ ઘણા બધા લોકોને માર્ગ ભટકાવી દીધા છે, એવું એટલા માટે કહ્યું કે હઝરત ઈબ્રાહીમ (અલૈ.) પોતાના પિતા અને કોમનો અનુભવ કરી ચૂક્યા હતા કે મૂર્તિપૂજાના રિવાજે તેમને ભલાઈ અને સુધારણાથી વંચિત કરી રાખ્યા હતા.

અંતિમ આયતમાં فَمَنْ تَبِعَنِي فَإِنَّهُ مِنِّي وَمَنْ عَصَانِي فَإِنَّكَ غَفُورٌ رَّحِيمٌ ફરમાવ્યું, એટલે કે તેમનામાં જે વ્યક્તિ મારું અનુસરણ કરે એટલે કે ઈમાન અને

નેક કૃત્યોનો પાબંદ થઈ જાય તો તે મારો જ છે. મતલબ એ છે કે તેના ઉપર કૃપા અને દયાની ઉમ્મીદ તો જાહેર છે અને જે વ્યક્તિ મારી અવજ્ઞા કરે તો તું ઘણો મોટો મા'ફ કરનારો ઘણો જ દયાળુ છે, તેમાં નાફરમાનીથી જો ફક્ત અમલ પ્રત્યેની નાફરમાની એટલે કે ખરાબ કર્મો ભાવાર્થ તરીકે લેવામાં આવે તો અર્થ જાહેર છે કે તારી કૃપાથી તેમની પણ મા'ફીની આશા છે અને જો નાફરમાનીનો ભાવાર્થ કુફ્ર અને ઇન્કાર લેવામાં આવે તો દેખીતું છે કે કાફિર અને મુશ્રિકને મા'ફી નથી મળતી અને તેમની સિફારસ ન કરવાનો હુકમ હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ને અગાઉ મળી ચૂક્યો હતો પછી તેમની મા'ફીની આશાની જાહેરાત કરવી યોગ્ય હોઈ શકતું ન હતું, એટલા માટે બહરે મુહીતમાં ફરમાવ્યું કે આ સ્થળે હઝરત ખલીલુલ્લાહ (અલૈ.)એ પોતાની સિફારસ અથવા તો દુઆના શબ્દો અપનાવ્યા નથી, એ નથી કહ્યું કે તું તેમની મગફિરત કરી આપ, અલબત્ત પોતાની પયગમ્બર તરીકેની ઉચ્ચ કક્ષાની ભાવના કે જેના પાલવમાં કાફિરો પણ રહે છે અને દરેક પયગમ્બરની દિલી તમન્ના પણ એ જ હોય છે કે કોઈ કાફિર પણ અઝાબમાં ન સંપડાય, એટલા માટે પોતાની સ્વાભાવગત ઇચ્છાની જાહેરાત આ વિષયથી કરી કે "તું તો ઘણો દયાળુ અને રહમવાળો છે." એવું નથી ફરમાવ્યું કે તેમની સાથે મા'ફી અને દયાનો વર્તાવ કર, જેમકે હઝરત ઈસા (અલૈ.)એ પોતાની ઉમ્મતના કાફિરો વિશે કહ્યું, وَاِنْ تَغْفِرْ لَهُمْ فَاِنَّكَ اَنْتَ الْعَزِيْزُ الْحَكِيْمُ એટલે કે, જો તું તેમને મા'ફ કરી આપે તો તું ઘણો બળવાન અને હિકમતવાળો છે, સઘળું કંઈ કરી શકે છે, કોઈ રોકનાર નથી.

આ બંને બુઝૂર્ગોએ કાફિરો વિશે સિફારસ કરવાનું પગલું એટલા માટે નથી લીધું કે તે હકની સભ્યતાથી વિરુદ્ધ હતું પરંતુ એ પણ નથી ફરમાવ્યું કે તે કાફિરો ઉપર અઝાબ નાઝિલ કરી દે, બલકે અદબ સહિત એક ખાસ રીતે તેમની પણ મગફિરત થઈ જવા વિશે દિલી ઇચ્છા પ્રગટ કરી.

હુકમો અને માર્ગદર્શનો :

દુઆ તો દરેક મનુષ્ય માંગે છે પરંતુ માંગવાની પદ્ધતિ દરેકને હસ્તગત નથી હોતી, અંબિયા (અલૈ.)ની દુઆઓ બોધપાઠયુક્ત હોય છે તેનાથી અંદાજો થાય છે કે કઈ વસ્તુ માંગવાની છે ? આ દુઆ-એ-ઇબ્રાહીમીના બે વિભાગો છે;

એક, મક્કા શહેરને ભય અને ખતરાથી આઝાદ કરીને શાંતિવાળુ બનાવી દેવું અને બીજું, પોતાની અવલાદને મૂર્તિપૂજાથી હંમેશા માટે છુટકારો અપાવવો.

વિચારપૂર્વક જોવામાં આવે તો મનુષ્યની સુધારણા અને સફળતાના આ જ બે મુખ્ય પાયા છે, કારણ કે માનવીને જો પોતાના રહેવા-સહેવાના સ્થળે ખતરો તથા દુશ્મનોના આક્રમણના કારણે શાંતિ અને સલામતી ન હોય તો ન તો દુનિયવી આધારે અને ન જ ભૌતિક આધારે તેમના જીવનમાં ખુશીઓ અને આનંદ આવી શકે છે અને ન જ દીની અને આધ્યાત્મિક આધારે. દુનિયાના સઘળા કામો અને રાહતોનો આધાર શાંતિ અને સલામતી ઉપર હોવું દેખીતું છે, જે વ્યક્તિ દુશ્મનોના ઘેરામાં અને વિવિધ પ્રકારના ભયના ઓથાર હેઠળ ઘેરાયેલો હોય તેની સામે દુનિયાની મોટામાં મોટી નેઅ્મતો ખાવા-પીવા, સૂવા-જાગવાની ઉત્તમ રાહતો ઉચ્ચ કક્ષાના મહેલો અને બંગલા, માલ અને દોલતનું મોટા પ્રમાણમાં હોવું બધું કડવું બની જાય છે.

દીની આધારે પણ દરેક આજ્ઞાપાલન અને ઈબાદત તથા અલ્લાહના હુકમોનું અનુસરણ મનુષ્ય તે જ વખતે કરી શકે છે જ્યારે તેને કંઈ શાંતિ અને સલામતી તથા સંતોષ પ્રાપ્ત થાય.

એટલા માટે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ પ્રથમ દુઆમાં માનવીની સફળતાની બધી જ જરૂરિયાતો આર્થિક અને સામાજિક તથા દીની અને આખિરત લક્ષી બધું જ સામેલ કરી દીધું, આ એક વાક્યથી હઝરત ખલીલુલ્લાહ (અલૈ.)એ પોતાની અવલાદ માટે દુનિયાની સઘળી મહત્ત્વની વસ્તુઓ માંગી લીધી.

આ દુઆથી એ પણ જાણ થઈ કે અવલાદની હમદર્દી અને તેમની આર્થિક રાહતની વ્યવસ્થા કરવી પણ પોતાની શક્તિ પ્રમાણે પિતાની ફરજોમાંથી છે, તેનો પ્રયત્ન કરવો અલ્લાહના માર્ગમાં ઝહ્દ અને દુનિયાનો મોહ છોડવાના વિરુદ્ધ નથી.

બીજી દુઆ પણ ઘણી જ ઠોસ અને મજબૂત છે, કારણ કે તે ગુનાહ જેમાં મા'ફીની કોઈ શક્યતા નથી તે શિર્ક અને મૂર્તિપૂજા છે તેનાથી સુરક્ષિત રહેવાની દુઆ કરી, ત્યારબાદ જો કોઈ ગુનાહનું આચરણ થઈ પણ જાય તો તેનો કફ્ફારો અન્ય કર્મોથી પણ થઈ શકે છે અને કોઈની સિફારસથી પણ મા'ફ થઈ જઈ શકે

છે અને જો عِبَادَتِ اَصْنَام (ઈબાદતે અસ્નામ એટલે કે મૂર્તિપૂજા)નો અર્થ "સૂફિયા–એ–કિરામ"ના નિવેદનો પ્રમાણે પોતાના વિશાળ અર્થમાં લેવામાં આવે કે દરેક તે વસ્તુ જે મનુષ્યને અલ્લાહથી ગાફિલ કરે છે તે તેની મૂર્તિ છે અને તેની મહોબ્બતમાં ઓત–પ્રોત થઈને અલ્લાહ તઆલાની નાફરમાની ઉપર ડટી જવું એક રીતે તેની જ ઈબાદત છે તો આ દુઆ એટલે કે "ઈબાદતે અસ્નામ"થી સુરક્ષિત રહેવામાં તમામ ગુનાહોથી સુરક્ષિત હોવાનો વિષય આવી જાય છે, અમુક "સુફિયા–એ–કિરામે" આ જ અર્થમાં પોતાના નફ્સને સંબોધન કરીને ગફલત અને ગુનાહો ઉપર ટીકા કરી છે.

سودہ گشت از سجدۂ راہِ بتاں پیشانیم　　　چند بر خود تہمتِ دینِ مسلمانی نہم

આરિફ રૂમી (રહ.)એ ફરમાવ્યું,

ہر خیالِ شہوتے در رہ بتے ست

ત્રીજી આયતમાં હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (અલૈ.)ની એક અન્ય હિકમતપૂર્ણ દુઆ આ રીતે ઉપસ્થિત છે. .....رَبَّنَآ اِنِّىٓ اَسْكَنْتُ "હે મારા પરવરદિગાર ! મેં પોતાના અમુક વંશજો એટલે કે બાળ–બચ્ચાંને એક એવા પહાડની ખીણમાં થોભાવ્યા છે જેમાં કોઈ ખેતી વગેરે નથી થઈ શકતી (અને દેખીતી રીતે ત્યાં જીવનનો કોઈ સર–સામાન ઉપસ્થિત નથી) આ પહાડની ખીણ તારી પ્રતિષ્ઠાવાળા ઘરની પાસે છે જેથી આ લોકો નમાઝ કાયમ કરે એટલા માટે તમે અમુક લોકોના દિલોને તેના તરફ આકર્ષિત કરી આપો કે તેમની હૂંફ અને આબાદીનો સામાન બની જાય અને તેમને ષમરાત (ફળો) અર્પણ કર જેથી એ લોકો શુક્રગુઝાર બને."

હઝરત ખલીલુલ્લાહ (અલૈ.)ની દુઆની ઘટના એવી છે કે બયતુલ્લાહ શરીફનું બાંધકામ જે હઝરત નૂહ (અલૈ.)ના તોફાનમાં નામશેષ થઈ ગયું હતું, જ્યારે અલ્લાહ તઆલાએ તેને પુનઃ બાંધકામનો ઈરાદો કર્યો તો પોતાના ખલીલ હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ને તેના માટે ચૂંટી કાઢીને તેમને સિરીયા દેશથી હિજરત કરાવી, હઝરત હાજરા અને પુત્ર હઝરત ઈસ્માઈલ (અલૈ.)ને આ પાણી વિનાના વેરાન સ્થળે સ્થાયી કરવા માટે નક્કી કર્યા.

સહીહ બુખારીમાં છે કે હઝરત ઈસ્માઈલ (અલૈ.) તે સમયે દૂધ પીતા બાળક હતા, હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ હુકમ પ્રમાણે તેમને અને તેમની વાલિદહ હાજરાને ઉપસ્થિત બયતુલ્લાહ અને "ઝમઝમ"ના કૂવા પાસે થોભાવ્યા, તે સમયે આ સ્થળ પહાડોથી ઘેરાયેલ એક ચટિયલ મેદાન હતું, દૂર દૂર સુધી ન તો પાણી હતું અને ન જ વસ્તી, હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ તેમના માટે એક ભાથું (તેમાં અમુક ખાવા-પીવાની વસ્તુ અને એક પાણીનો મસ્કીઝહ) રાખી દીધું હતું.

ત્યારબાદ હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ને સિરીયા દેશ પાછા ફરવાનો હુકમ મળ્યો હતો, હુકમના અમલીકરણ માટે રવાના થઈ ગયા, પત્ની અને દૂધ પીતા બાળકને આ વેરાન-ઉજ્જડ જંગલમાં છોડવાની જે સ્વાભાવિક અને પ્રાકૃતિક અસર હતી તેની જાહેરાત તો એ દુઆથી જ થશે જે પાછળથી કરવામાં આવી પરંતુ અલ્લાહના હુકમનો અમલ કરવામાં એટલું મોડું પણ પસંદ ન કર્યું કે હઝરત હાજરાને ખબર આપી દે અને અમુક તસલ્લીના શબ્દો કહી આપે.

પરિણામ એ આવ્યું કે જ્યારે હઝરત હાજરાએ તેમને જતા જોયા તો વારંવાર પોકાર્યા કે આ જંગલમાં તમે અમને કોના ભરોસે છોડીને જઈ રહ્યા છો જ્યાં ન તો કોઈ મનુષ્ય છે અને ન જ જિંદગીનો સામાન ? પરંતુ હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ પાછા વળીને ન જોયું ત્યારે હઝરત હાજરાને વિચાર આવ્યો કે અલ્લાહના ખલીલ આવી બેવફાઈ કદાપિ ન કરી શકે, કદાચ અલ્લાહનો હુકમ મળ્યો હશે તો પોકારીને પૂછ્યું કે શું તમને અલ્લાહે અહીંયાંથી ચાલ્યા જવાનો હુકમ આપ્યો છે ? ત્યારે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ પાછા વળીને જવાબ આપ્યો કે, હા ! હઝરત હાજરા (અલૈ.)એ એ સાંભળીને ફરમાવ્યું, إِذَنْ لَا يُضَيِّعُنَا એટલે કે, હવે કોઈ પરવા નથી કે માલિકે તમને અહીંયાંથી ચાલ્યા જવાનો હુકમ આપ્યો છે, તે અમને પણ બરબાદ નહીં કરે.

હઝરત ઈબ્રાહીમ (અલૈ.) આગળ વધતા રહ્યા એટલે સુધી કે એક પહાડીની પાછળ પહોંચી ગયા, જ્યાંથી હઝરત હાજરા અને હઝરત ઈસ્માઈલ (અલૈ.) આંખોથી ઓજલ (અદ્રષ્ય) થઈ ગયા તે સમયે બયતુલ્લાહ તરફ કેન્દ્રિત થઈને તે દુઆ માંગી જે આ આયતમાં પ્રસ્તુત છે, હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ની

પ્રસ્તુત દુઆના સંદર્ભમાં ઘણી બધી હિદાયતો અને મસ્અલાઓ છે તેનું વર્ણન આ પ્રમાણે છે.

હઝરત ઇબ્રાહીમ (અલૈ.)ની દુઆઓથી પ્રાપ્ત થતા માર્ગદર્શન અને હુકમ :

(૧) હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ એક બાજુ તો અલ્લાહના ખલીલ હોવાના સ્થાનનો હક અદા કર્યો કે જે સમયે અને જે સ્થળે તેમને એ હુકમ મળ્યો કે તમે સિરીયા પાછા ચાલ્યા જાઓ, હવે પાણી વિનાના ઉજ્જડ (લકોદક) મેદાનમાં પત્ની અને દૂધ પીતા બાળકને છોડીને ચાલ્યા જવામાં અને અલ્લાહના હુકમને પૂર્ણ કરવામાં જરા પણ ખચકાટ ન અનુભવ્યો, આ હુકમને પૂર્ણ કરવામાં એટલું મોડું કરવું પણ પસંદ ન કર્યું કે પોતાની પત્નીની પાસે જઈને તેમને તસલ્લી આપે અને કહે કે મને આ હુકમ મળ્યો છે, તમે ગભરાશો નહીં, બલકે જે સમયે જે સ્થળે હુકમ મળ્યો તરત જ અલ્લાહના હુકમને પૂર્ણ કરવા માટે ચાલવા માંડ્યા.

બીજી બાજુ પોતાના બાળ-બચ્ચાંના હકો અને તેમની મહોબ્બતનો એ હક અદા કર્યો કે પહાડીની પાછળ તેમનાથી ઓજલ થતાં જ અલ્લાહ તઆલાની બારગાહમાં તેમના રક્ષણ તથા શાંતિ અને સલામતીની સાથે રાખવાની આ દુઆ ફરમાવીને તેમની રાહતનો સામાન તૈયાર કરી દીધો, કારણ કે તેઓ પોતાની જગ્યાએ સંતોષિત હતા કે અલ્લાહના હુકમને પૂર્ણ કરવાની સાથે જે દુઆ કરવામાં આવશે તે બારગાહે કરીમમાં કદાપિ રદ કરવામાં નહીં આવે અને એવું જ થયું કે આ લાચાર અને નિઃસહાય સ્ત્રી અને બાળક ન જ પોતે આબાદ થયા બલકે તેમના પ્રતાપે એક શહેર વસી ગયું અને ન જ ફક્ત એ કે તેમના જીવનની જરૂરિયાતો તેમને સંતોષપૂર્વક પ્રાપ્ત થઈ બલકે તેમના પ્રતાપે આજદિન સુધી મક્કાના નિવાસીઓ ઉપર દરેક પ્રકારની નેઅ્મતોના દરવાજા ખુલ્લા છે.

આ છે પયગમ્બર તરીકેની મક્કમતા અને અડગતા તથા ભલાઈયુક્ત ઇન્તેજામ ! એક વિભાગ તરફ ધ્યાન કેન્દ્રિત કરે છે ત્યારે બીજા વિભાગને કદાપિ ઉપેક્ષિત નથી થવા દેતા, તેઓ સામાન્ય સુફિયાએ કિરામની જેમ પરિસ્થિતિથી પરાજિત નથી થતા અને આ જ તે તા'લીમ છે જેના દ્વારા એક માનવી સંપૂર્ણ માનવી બને છે.

(૨) غَيْرِ ذِىْ زَرْعٍ હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ને જ્યારે અલ્લાહ તઆલા તરફથી એ હુકમ મળ્યો કે દૂધ પીતા બાળક અને તેમની માતાને આ સુક્કા મેદાનમાં છોડીને સિરીયા પ્રદેશમાં ચાલ્યા જાઓ તો આ હુકમથી એટલો તો વિશ્વાસ થઈ ચૂક્યો હતો કે અલ્લાહ તઆલા તેમને બરબાદ કરશે નહીં, બલકે તેમના માટે પાણીની જરૂર વ્યવસ્થા કરવામાં આવશે, તેથી بِوَادٍ غَيْرِ ذِىْ مَاءٍ કહ્યું નથી બલકે, غَيْرِ ذِىْ زَرْعٍ ફરમાવીને એ દરખાસ્ત કરી કે તેમને ફળો અને ષમરાત અર્પણ કર ભલે કોઈ બીજી જગ્યાએથી લાવવામાં આવે. આ જ કારણ છે કે મક્કાએ મુકર્રમહમાં આજદિન સુધી ખેતીવાડીની કોઈ ખાસ વ્યવસ્થા નથી પરંતુ દુનિયાભરના ફળો અને દરેક વસ્તુના ઉત્પાદનો ત્યાં એટલા મોટા પ્રમાણમાં પહોંચે છે કે બીજા અન્ય ઘણા શહેરોને તેનું મળવું મુશ્કેલ છે.

(બહરે મુહીત)

(૩) عِنْدَ بَيْتِكَ الْمُحَرَّمِ થી સાબિત થયું કે બયતુલ્લાહ શરીફનું બાંધકામ હઝરત ઈબ્રાહીમ (અલૈ.)થી પહેલાં થઈ ચૂક્યું હતું, જેમકે ઈમામ કુર્તુબી (રહ.)એ સૂરએ બકરહની તફસીરમાં અનેક રિવાયતોથી સાબિત કર્યું છે કે સૌથી પ્રથમ બયતુલ્લાહનું બાંધકામ હઝરત આદમ (અલૈ.)એ કર્યું છે, જ્યારે તેમને પૃથ્વી ઉપર ઉતારવામાં આવ્યા ત્યારે મોઅ્જિઝા સ્વરૂપે (હાલમાં શ્રીલંકા સ્થિત) "સરાનદ્વિપ પહાડ" ઉપરથી આ સ્થળ સુધી તેમને પહોંચાડવામાં આવ્યા અને હઝરત જિબ્રઈલ (અલૈ.)એ બયતુલ્લાહના સ્થળની નિશાની પણ બતાવી આપી, એ જ પ્રમાણે હઝરત આદમ (અલૈ.)એ તેનું બાંધકામ કર્યું, તેઓ પોતે અને તેમના સંતાનો તેની આસપાસ તવાફ કરતા હતા, એટલે સુધી કે હઝરત નૂહ (અલૈ.)ના તોફાનમાં બયતુલ્લાહને ઉઠાવી લેવામાં આવ્યું અને તેના પાયાઓ જમીનમાં મોજૂદ રહ્યા, હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ને આ જ બુનિયાદો ઉપર બયતુલ્લાહના નવા બાંધકામનો હુકમ મળ્યો, હઝરત જિબ્રઈલ અમીન (અલૈ.)એ પ્રાચીન બુનિયાદો બતાવી આપી, પછી આ ઈબ્રાહીમ (અલૈ.)નું બાંધકામ અરબના અજ્ઞાનતાના યુગમાં જમીનદોસ્ત થઈ ગયું ત્યારે કુરૈશે તે જ યુગમાં નવેસરથી તેનું બાંધકામ કર્યું જે બાંધકામમાં અબૂતાલીબની સાથે નુબુવ્વત પહેલાં રસૂલે કરીમ ﷺએ પણ ભાગ લીધો.

તેમાં બયતુલ્લાહનો ગુણ مُحَرَّمٌ (મુહર્રમ) વર્ણન કરવામાં આવ્યો છે,

"મુહર્રમ"નો અર્થ "સન્માનનીય" પણ થઈ શકે છે અને "સુરક્ષિત" પણ, બયતુલ્લાહ શરીફમાં આ બંને લક્ષણો મોજૂદ છે કે તે હંમેશા "સન્માનનીય અને ઈજ્જતવાળુ" રહ્યું અને હંમેશા દુશ્મનોથી સુરક્ષિત પણ રહ્યું છે.

(૪) لِيُقِيْمُوا الصَّلٰوةَ હઝરત ખલીલુલ્લાહ (અલૈ.)એ દુઆની શરૂઆતમાં પોતાના બાળક અને તેની માતાની લાચારી અને દરિદ્ર હાલતનું વર્ણન કર્યા પછી સૌ પ્રથમ જે દુઆ કરી તે એ છે કે તેમને નમાઝના પાબંદ બનાવી દે, કારણ કે નમાઝ દુનિયા અને આખિરતની બધી જ ભલાઈઓ અને બરકત માટે મહાન વસ્તુ છે, તેનાથી જાણ થઈ કે અવલાદના હકમાં તેનાથી મોટી કોઈ હમદર્દી અને ભલાઈ નથી હોઈ શકતી કે તેમને નમાઝના પાબંદ બનાવવામાં આવે અને જો કે ત્યાં તે સમયે ફક્ત એક સ્ત્રી અને બાળકને છોડ્યા હતા પરંતુ દુઆમાં બહુવચનનો ઉપયોગ કરીને ફરમાવ્યું જેનાથી જાણ થાય છે કે હઝરત ખલીલુલ્લાહ (અલૈ.)ને જાણ થઈ ગઈ હતી કે અહીંયાં એક શહેર આબાદ થશે અને તેમના બાળકનો વંશવેલો ચાલશે, એટલા માટે દુઆમાં તે બધાને સામેલ કરી લીધા.

(૫) اَفْئِدَةً مِّنَ النَّاسِ માં اَفْئِدَه (અફ્ઈદહ) એ فُؤَاد (ફૂઆદ)નું બહુવચન છે જેનો અર્થ "દિલ" થાય છે, આ સ્થળે શબ્દ "અફ્ઈદહ"ને "નકિરહ" અને તેની સાથે શબ્દ مِنْ (મિન) લાવવામાં આવ્યો છે જે વિભાગો પાડવા માટે અને ઓછું કરવા માટે વપરાય છે, એટલા માટે અર્થ એ થયો કે અમુક લોકોના દિલોને તેના તરફ આકર્ષિત કરી આપ. તફસીરના ઈમામ હઝરત મુજાહિદ (રહ.)એ ફરમાવ્યું છે કે જો આ દુઆમાં આ શબ્દ અમુક ભાગ અથવા તો ઓછું કરવા માટે ન હોત બલકે اَفْئِدَةَ النَّاسِ કહી આપ્યું હોત તો સમગ્ર દુનિયાના મુસલમાનો અને ગેરમુસ્લિમો, યહૂદીઓ અને નસારા તથા પૂર્વ અને પશ્ચિમના બધા જ લોકો મક્કા ઉપર તૂટી પડત જે તેમના માટે મુશ્કેલીનું કારણ બન્યું હોત અને વાસ્તવિકતાને નજર સમક્ષ રાખી હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ દુઆમાં આ શબ્દો કહ્યા કે અમુક લોકોના દિલોને તેના તરફ આકર્ષિત કરી આપ.

(૬) وَارْزُقْهُمْ مِّنَ الثَّمَرٰتِ માં ثَمَرَاتٌ (ષમરાત) એ ثَمَرَةٌ (ષમરહ)નું બહુવચન છે જેનો અર્થ "ફળ" થાય છે અને સ્વાભાવિક રીતે એ તે ફળોને કહેવામાં આવે છે જે ખાવામાં આવે છે, આ આધારે દુઆનો ખુલાસો એ થયો કે તે

લોકોને ખાવા માટે દરેક જગ્યાએથી ફળો અર્પણ કર.

અને ક્યારેક શબ્દ "ષમરહ" પરિણામ અને ઉત્પાદનના અર્થમાં પણ આવે છે જે ખાવા-પીવાની વસ્તુઓથી વધારે સામાન્ય હોય છે, દરેક લાભદાયક વસ્તુના પરિણામ અને ઉત્પાદનને તેનો "ષમરહ" કહેવામાં આવે છે, યંત્રો અને ઉદ્યોગો તથા કારખાનાઓના "ષમરાત" તેનું ઉત્પાદન કહેવાય છે, કર્મચારીઓ અને મજૂરોનો ષમરહ તેમનો પગાર અને મજૂરી કહેવાય છે, કુર્આને કરીમની એક આયતમાં આ દુઆમાં ثَمَرٰتُ كُلِّ شَيْءٍ નો શબ્દ પણ આવ્યો છે, તેમાં શબ્દ شَجَرٌ (શજર)ના બદલે શબ્દ شَيْءٍ (શયઈન) લાવવામાં આવ્યો છે, જેનાથી તે તરફ ઈશારો હોઈ શકે છે કે હઝરત ખલીલુલ્લાહ (અલૈ.)એ તે લોકો માટે માત્ર ખાવાના ફળોની દુઆ નથી માંગી બલકે દરેક વસ્તુના "ષમરાત" અને પ્રાપ્ત થનાર પરિણામોની દુઆ માંગી છે, જેમાં દુનિયાભરના ઉદ્યોગો તથા તેમાંથી પ્રાપ્ત થનાર લાભદાયક વસ્તુઓ બધું જ સામેલ છે, કદાચ આ દુઆની જ એ અસર છે કે મક્કએ મુકર્રમહમાં કોઈ ખેતીવાડી ન થતી હોવા છતાં તેમજ ન જ કોઈ વેપારનું કે કોઈ ઉદ્યોગનું કેન્દ્ર હોવા છતાં દુનિયાભરની સમગ્ર વસ્તુઓ પૂર્વ અને પશ્ચિમથી અહીંયાં પહોંચીને મક્કએ મુઅજ્જમહમાં આવે છે જે લગભગ દુનિયાના કોઈ મોટાથી મોટા શહેરને પણ પ્રાપ્ત નથી થઈ.

(૭) હઝરત ખલીલુલ્લાહ (અલૈ.)એ પોતાની અવલાદ માટે એ દુઆ નથી કરી કે મક્કાની જમીનને ખેતી લાયક બનાવી આપ નહિતર તે કંઈ મુશ્કેલ કાર્ય ન હતું કે મક્કાની ખીણ અને સમગ્ર પહાડો હરિયાળા બનાવી દેવામાં આવ્યા હોત, જેમાં બગીચાઓ અને ખેતરો હોત પરંતુ હઝરત ખલીલુલ્લાહ (અલૈ.)એ પોતાની અવલાદ માટે આ ખેતીની પ્રવૃત્તિ પસંદ ન કરી, એટલા માટે દુઆ ફરમાવી કે અમુક લોકોના દિલોને તેના તરફ આકર્ષિત કરી આપ જે પૂર્વ અને પશ્ચિમ સમગ્ર વિશ્વમાંથી આ બાજુ આવ્યા કરે, તેમનું આ એકઠા થવું સમગ્ર દુનિયા માટે માર્ગદર્શન અને હિદાયતનું તથા મક્કાના નિવાસીઓ માટે પ્રગતિ અને વિકાસનું માધ્યમ બને.

સમગ્ર વિશ્વમાંથી ચારેબાજુની વસ્તુઓ પણ અહીંયાં પહોંચ્યા કરે અને મક્કાના નિવાસીઓને માલ-દોલતના માધ્યમો પણ હાથ લાગે, અલ્લાહ જલ્લ શા'નુહૂએ એ દુઆ કબૂલ ફરમાવી અને આજદિન સુધી મક્કાના નિવાસીઓની

ખેતી અને ઉદ્યોગ વિના પણ જીવનની સમગ્ર જરૂરિયાતો પૂરી થઈ રહી છે અને તેઓ માલામાલ છે.

لَعَلَّهُمْ يَشْكُرُوْنَ માં ઈશારો કરવામાં આવ્યો કે અવલાદ માટે આર્થિક રાહત અને શાંતિની દુઆ પણ એટલા માટે કરવામાં આવી કે તેઓ શુક્રગુઝાર બનીને તેના ઉપર પણ સવાબ પ્રાપ્ત કરે, તે પ્રમાણે દુઆની શરૂઆત નમાઝની પાબંદીથી થઈ અને અંત શુક્રગુઝારી ઉપર; વચ્ચે આર્થિક રાહત તથા શાંતિ અને સલામતીનું વર્ણન આવ્યું, તેમાં એ તા'લીમ છે કે મુસલમાને એવું જ હોવું જોઈએ કે તેના આચરણ અને વ્યવહાર તેની વિચારસરણી અને તેની પ્રવૃત્તિઓ ઉપર આખિરતની સફળતા છવાયેલી હોય અને દુનિયાના કાર્યો જરૂરત પ્રમાણે હોય.

رَبَّنَآ اِنَّكَ تَعْلَمُ مَانُخْفِىْ وَمَا نُعْلِنُ ط وَمَا يَخْفٰى عَلَى اللّٰهِ مِنْ شَىْءٍ فِى الْاَرْضِ وَلَا فِى السَّمَآءِ આ આયતમાં દુઆની પૂર્ણતા અલ્લાહ જલ્લ શા'નુહૂના સર્વત્ર છવાયેલા જ્ઞાનનો હવાલો આપીને કરવામાં આવી છે અને શબ્દ رَبَّنَا (રબ્બના) "હે અમારા પરવરદિગાર !" વિનમ્રતા અને વિનવણી માટે વારંવાર લાવવામાં આવ્યો છે કે તું અમારી દરેક હાલતથી વાકેફ છે, અમારી દિલની ગુપ્ત પરિસ્થિતિઓ અને જાહેર હાલતથી બધાથી સારી પેઠે વાકેફ છે.

ગુપ્ત પરિસ્થિતિઓનો ભાવાર્થ તે રંજ અને ગમ તથા ચિંતા છે જે દૂધપીતા શિશુ અને તેની માતાને એક ખુલ્લા મેદાનમાં કોઈપણ પ્રકારના સરસામાન વિના ફરિયાદ કરતા છોડવાથી અને તેમની જુદાઈથી સ્વાભાવિક રીતે જે ચિંતા થાય છે તે થઈ રહી હતી અને જાહેર વિનંતી અને અરજગુઝારીથી હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ની દુઆ અને હઝરત હાજરા (અલૈ.)ના તે શબ્દો ભાવાર્થ તરીકે છે જે તેમણે અલ્લાહના હુકમની ખબર સાંભળીને કહ્યા કે જ્યારે અલ્લાહ તઆલાએ તમને જવાનો હુકમ આપ્યો છે તો તે અમારા માટે પણ પૂરતો છે અને તે અમને વ્યર્થ બરબાદ નહીં કરે.

અંતિમ આયતમાં અલ્લાહના જ્ઞાનની આ જ વિશાળતાનું વિશેષ વર્ણન છે કે અમારું જાહેર અને અમારું ગુપ્ત તો શું સમગ્ર જમીન અને આસમાનમાં કોઈ વસ્તુ અલ્લાહ તઆલા માટે ગુપ્ત નથી. اَلْحَمْدُ لِلّٰهِ الَّذِىْ وَهَبَ لِىْ عَلَى الْكِبَرِ اِسْمٰعِيْلَ وَاِسْحٰقَ ط اِنَّ رَبِّىْ لَسَمِيْعُ الدُّعَآءِ આ આયતનો વિષય પણ આ

દુઆની પૂર્ણતા છે, કારણ કે દુઆના અદબોમાં એ પણ છે કે દુઆની સાથે અલ્લાહ તઆલાના વખાણ અને તેની તા'રીફ કરવામાં આવે, હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ વિશેષ સ્વરૂપે અલ્લાહ તઆલાની તે નેઅ્મતનો શુક્ર અદા કર્યો કે વૃદ્ધાવસ્થામાં પણ અલ્લાહ તઆલાએ તેમની દુઆ કબૂલ કરીને નેક અવલાદ હઝરત ઈસ્માઈલ અને હઝરત ઈસ્હાક (અલૈ.) અર્પણ કર્યા.

આ દુઆ અને વખાણમાં તે તરફ પણ ઈશારો છે કે આ બાળક જે નિઃસહાય અને ચટિયલ મેદાનમાં છોડવામાં આવ્યું છે એ તેં જ અર્પણ કરેલ છે અને તું જ તેનું રક્ષણ કરજે, અંતે વખાણ અને તા'રીફની પૂર્ણતા اِنَّ رَبِّىۡ لَسَمِيۡعُ الدُّعَآءِ દ્વારા કરવામાં આવી. એટલે કે, નિઃશંક ! મારો પરવરદિગાર દુઆઓને સાંભળનારો અને સ્વીકારનારો છે.

આ વખાણ અને તા'રીફ પછી પણ દુઆમાં મશ્ગૂલ થઈ ગયા અને ફરમાવ્યું, رَبِّ اجۡعَلۡنِىۡ مُقِيۡمَ الصَّلٰوةِ وَمِنۡ ذُرِّيَّتِىۡ رَبَّنَا وَتَقَبَّلۡ دُعَاءِ જેમાં પોતાના માટે અને પોતાની અવલાદ માટે નમાઝની પાબંદી ઉપર કાયમ રહેવાની દુઆ કરી અને અંતે ફરી વિનમ્રતા અને આઝિજી સ્વરૂપે વિનવણી કરી કે હે મારા પરવરદિગાર ! મારી આ દુઆનો સ્વીકાર કર.

અંતે એક ઠોસ દુઆ કરી رَبَّنَا اغۡفِرۡلِىۡ وَلِوَالِدَىَّ وَلِلۡمُؤۡمِنِيۡنَ يَوۡمَ يَقُوۡمُ الۡحِسَابُ એટલે કે, "હે અમારા પરવરદિગાર ! મારી અને મારા માતા–પિતાની તથા સમગ્ર મો'મિનોની મગફિરત (મા'ફી) ફરમાવ તે દિવસે જ્યારે કે મહશરમાં સંપૂર્ણ જિંદગીના અમલોનો હિસાબ લેવામાં આવશે."

તેમાં વાલિદૈન માટે પણ મગફિરતની દુઆ કરી જ્યારે કે તેમના વાલિદ એટલે કે આઝરનું કાફિર હોવું કુર્આને કરીમમાં પ્રસ્તુત છે, બની શકે છે કે આ દુઆ તે સમયે કરી હોય જ્યારે કે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ને કાફિરોની સિફારસ અને મગફિરતની દુઆ કરવાની મનાઈ કરવામાં ન આવી હતી, જેમકે બીજે ઠેકાણે કુર્આને કરીમમાં છે, وَاغۡفِرۡ لِاَبِىۡۤ اِنَّهٗ كَانَ مِنَ الضَّآلِّيۡنَ ط

હુકમો અને માર્ગદર્શનો :

પ્રસ્તુત આયતોથી દુઆના અદબો (શિષ્ટાચાર)ની સામાન્ય જાણકારી પ્રાપ્ત થાય છે કે વારંવાર દુઆને વિનમ્રતા અને વિનંતી સાથે કરવામાં આવે અને

તેની સાથે અલ્લાહ તઆલાના વખાણ અને તા'રીફ પણ કરવામાં આવે, એવું કરવાથી દુઆની સ્વીકૃતિની આશા વધી જાય છે.

આયતો : (સૂરએ ઇબ્રાહીમ : આયત નં. ૪૨ થી ૫૨)

وَلَا تَحْسَبَنَّ اللّٰهَ غَافِلًا عَمَّا يَعْمَلُ الظّٰلِمُوْنَ ۬ؕ اِنَّمَا يُؤَخِّرُهُمْ لِيَوْمٍ تَشْخَصُ فِيْهِ
الْاَبْصَارُ ۙ﴿٤٢﴾ مُهْطِعِيْنَ مُقْنِعِيْ رُءُوْسِهِمْ لَا يَرْتَدُّ اِلَيْهِمْ طَرْفُهُمْ ۚ وَاَفْـِٕدَتُهُمْ هَوَآءٌ ﴿٤٣﴾
وَاَنْذِرِ النَّاسَ يَوْمَ يَاْتِيْهِمُ الْعَذَابُ فَيَقُوْلُ الَّذِيْنَ ظَلَمُوْا رَبَّنَآ اَخِّرْنَآ اِلٰٓى اَجَلٍ قَرِيْبٍ ۙ
نُّجِبْ دَعْوَتَكَ وَنَتَّبِعِ الرُّسُلَ ؕ اَوَلَمْ تَكُوْنُوْٓا اَقْسَمْتُمْ مِّنْ قَبْلُ مَا لَكُمْ مِّنْ زَوَالٍ ﴿٤٤﴾ وَّسَكَنْتُمْ
فِيْ مَسٰكِنِ الَّذِيْنَ ظَلَمُوْٓا اَنْفُسَهُمْ وَتَبَيَّنَ لَكُمْ كَيْفَ فَعَلْنَا بِهِمْ وَضَرَبْنَا لَكُمُ الْاَمْثَالَ ﴿٤٥﴾
وَقَدْ مَكَرُوْا مَكْرَهُمْ وَعِنْدَ اللّٰهِ مَكْرُهُمْ ؕ وَاِنْ كَانَ مَكْرُهُمْ لِتَزُوْلَ مِنْهُ الْجِبَالُ ﴿٤٦﴾
فَلَا تَحْسَبَنَّ اللّٰهَ مُخْلِفَ وَعْدِهٖ رُسُلَهٗ ؕ اِنَّ اللّٰهَ عَزِيْزٌ ذُو انْتِقَامٍ ﴿٤٧﴾ يَوْمَ تُبَدَّلُ الْاَرْضُ
غَيْرَ الْاَرْضِ وَالسَّمٰوٰتُ وَبَرَزُوْا لِلّٰهِ الْوَاحِدِ الْقَهَّارِ ﴿٤٨﴾ وَتَرَى الْمُجْرِمِيْنَ يَوْمَئِذٍ
مُّقَرَّنِيْنَ فِي الْاَصْفَادِ ﴿٤٩﴾ سَرَابِيْلُهُمْ مِّنْ قَطِرَانٍ وَّتَغْشٰى وُجُوْهَهُمُ النَّارُ ۙ﴿٥٠﴾ لِيَجْزِيَ اللّٰهُ
كُلَّ نَفْسٍ مَّا كَسَبَتْ ؕ اِنَّ اللّٰهَ سَرِيْعُ الْحِسَابِ ﴿٥١﴾ هٰذَا بَلٰغٌ لِّلنَّاسِ وَلِيُنْذَرُوْا بِهٖ
وَلِيَعْلَمُوْٓا اَنَّمَا هُوَ اِلٰهٌ وَّاحِدٌ وَّلِيَذَّكَّرَ اُولُوا الْاَلْبَابِ ﴿٥٢﴾ ع

તરજુમો :

અને કદાપિ વિચાર ન કરો કે અલ્લાહ તે કામોથી બેખબર છે જે બેઇન્સાફો કરે છે, તેમને તો તે દિવસના માટે ઢીલ આપી રાખી છે કે આંખો પથરાઇ જશે. (૪૨) પોતાના માથા ઉપર ઉઠાવી દોડતા હશે, તેમના તરફ તેમની આંખો ફરીને નહીં આવે અને તેમના દિલ ઊડી ગયા હશે. (૪૩) અને લોકોને તે દિવસથી ડરાવી આપો કે તેમના ઉપર અઝાબ આવશે ત્યારે

જાલિમો કહેશે, હે અમારા પરવરદિગાર ! અમને થોડી મુદ્દત સુધી મહોલત આપ કે અમે તારી દા'વતને કબૂલ કરી લઈએ અને રસૂલોની પેરવી કરી લઈએ; શું તમે પહેલાં કસમ ખાતા ન હતા કે તમારે દુનિયાથી ટળવાનું નથી? (૪૪) અને તમે તે જ લોકોની વસ્તીઓમાં આબાદ હતા જેમણે પોતાની જાત ઉપર જુલમ કર્યો અને તમને ખુલી ચૂક્યું હતું કે અમે તેમની સાથે કેવું કર્યુ અને અમે તમને બધા કિસ્સા બતાવ્યા. (૪૫) અને આ પોતાના પ્રપંચ બનાવી ચૂક્યા છે અને તેમના પ્રપંચ અલ્લાહની સામે છે અને તેમના પ્રપંચ એવા હતા કે તેનાથી પહાડ ટળી જાય. (૪૬) બસ, વિચાર ન કરો કે અલ્લાહ પોતાના રસૂલોથી પોતાનો વાયદો ખિલાફ કરશે, બેશક ! અલ્લાહ જબરદસ્ત બદલો લેનારો છે. (૪૭) જે દિવસે આ જમીનથી બીજી જમીન બદલવામાં આવે અને આસમાનો બદલવામાં આવે અને લોકો નીકળી આવે એક વાહિદ (એક માત્ર) કહ્હાર (મહાબળવાન) અલ્લાહની સામે. (૪૮) અને તે દિવસે ગુનેહગારોને જુઓ તો પરસ્પર સાંકળોમાં જકડાયેલા. (૪૯) તેમના કુરતા ગંધકના અને તેમના મોઢાંને આગ ઢાંકી લે છે. (૫૦) જેથી અલ્લાહ દરેક નફ્સને તેની કમાઈનો બદલો આપે, બેશક ! અલ્લાહ જલદી હિસાબ કરનારો છે. (૫૧) આ ખબર લોકોને પહોંચાડી દેવાની છે અને જેથી તેનાથી ચોંકી જાય અને જેથી જાણી લે કે મઅ્બૂદ તે જ એક માત્ર છે અને જેથી બુદ્ધિશાળીઓ વિચારી લે. (૫૨)

તફ્સીર :

અને (હે શ્રોતાગણ !) જે કંઈ આ જાલિમ (કાફિર) લોકો કરી રહ્યા છે તેનાથી અલ્લાહ તઆલાને (જલદી અઝાબ ન દેવાની બીનાએ) બેખબર ન સમજો, (કારણ કે) તેમને ફક્ત તે દિવસ સુધી મહોલત આપી રાખી છે જેમાં તે લોકોની દૃષ્ટિ (આશ્ચર્ય અને ભયાનક હેબતના કારણે) ફાટેલી રહી જશે, (અને તેઓ બોલાવ્યા પ્રમાણે હિસાબ આપવા ઊભા રહેવાની જગ્યા તરફ) દોડતા હશે (અને) તેમની નજરો તેમના તરફ હટીને ન આવશે (એટલે કે એવી ટકટકી બંધાઈ જશે કે આંખોના પલકારા પણ નહીં વાગે) અને તેમના દિલ (ભયાનક ડરના કારણે) બિલકુલ બદ્હવાસ થઈ જશે અને (જ્યારે તે દિવસ આવશે તો પછી મહોલત નહીં હોય બસ,) તમે તે લોકોને તે દિવસ (આવવા)થી ડરાવો જે

દિવસે તેમના ઉપર અઝાબ આવી પડશે પછી મહોલત નહીં હોય પછી આ જાલિમ લોકો કહેશે કે હે અમારા પરવરદિગાર ! એક ટૂંક સમય સુધી અમને (વધારે) મહોલત આપ (અને દુનિયામાં ફરી મોકલી આપ), અમે (આ મુદ્દતમાં) તારું બધું કહ્યું માની લઈશું અને પયગમ્બરોનું અનુસરણ કરીશું (જવાબમાં ઈરશાદ થશે કે શું અમે દુનિયામાં તમને એક લાંબી મહોલત આપી ન હતી ? અને) શું તમે (તે મહોલતના લંબાણના કારણે જ) આનાથી પહેલાં (દુનિયામાં) કસમો ખાધી ન હતી કે તમારે (દુનિયામાંથી) ક્યાંય જવાનું જ નથી ? (એટલે કે કયામતના ઈન્કારી હતા અને તેના ઉપર કસમો ખાતા હતા وَاَقْسَمُوْا بِاللّٰهِ جَهْدَ اَيْمَانِهِمْ لَا يَبْعَثُ اللّٰهُ مَنْ يَّمُوْتُ) જ્યારે કે (ઈન્કારથી પાછા વળવાના—ફેરવિચાર કરવાના બધા જ કારણો એકઠા હતા એટલા માટે કે) તમે (અગાઉના) લોકોના રહેવાના સ્થળોમાં રહેતા હતા જેમણે (કુફ્ર અને કયામતનો ઈન્કાર કરીને) પોતાની જાતનું નુકસાન કર્યું હતું અને તમને (પાકી ખબરોથી) એ જાણ પણ થઈ ગઈ હતી કે અમે તેમની સાથે કેવો વર્તાવ કર્યો હતો (કે તેમના કુફ્ર અને ઈન્કાર કરવાથી તેમને સજાઓ આપી, તેનાથી તમને જાણ થઈ શકતી હતી કે ઈન્કાર કરવો ક્રોધનું કારણ બને છે, બસ કયામતના આગમનનનું સમર્થન કરવું વાજિબ છે અને તેમના રહેઠાણોમાં રહેવું દરેક સમયે તેમને આ પરિસ્થિતિ યાદ અપાવવાનું કારણ બની શકતું હતું, બસ ઈન્કાર કરવાની કોઈપણ સમયે છૂટ ન હતી) અને તદુપરાંત (આ ઘટનાઓને સાંભળવી કે જે તેમના બોધપાઠ માટે પૂરતી હતી) અમે (પણ) તમને દાખલાઓ વર્ણન કર્યા, (એટલે કે આકાશી કિતાબોમાં અમે પણ આ ઘટનાઓને ઉદાહરણ સ્વરૂપે વર્ણન કરી કે જો તમે એવું કરશો તો તમે એવા જ નિંદાપાત્ર અને અઝાબના હકદાર થશો, બસ ઘટનાઓને પ્રથમ જાણકારી સ્વરૂપે સાંભળવું પછી અમારું તેમના ઉપર વર્ણન કરવું પછી તેનાથી બોધપાઠ ગ્રહણ કરવો અને તેનાથી ચેતવણી આપવી આ બધા કારણોનો તકાદો એ હતો કે તમારે કયામતનો ઈન્કાર ન કરવો જોઈતો હતો) અને (અમે અગાઉના લોકોને તેમના કુફ્રના ઈન્કાર કરવાના કારણે જે સજાઓ આપી) તે લોકોએ (દીને હકને મિટાવવામાં) પોતાની બનતી બધી જ મોટી—મોટી યુક્તિઓ કરી હતી અને તેમની (આ બધી) ચાલબાજીઓ અલ્લાહ સમક્ષ હતી (તેના જ્ઞાનથી ગુપ્ત રહી શકતી ન હતી) અને વાસ્તવમાં તે ચાલબાજીઓ એવી હતી કે

(આશ્ચર્ય નથી કે) તેનાથી પહાડ પણ (પોતાની જગ્યાએથી) ટળી જાય, (પરંતુ તે છતાં સત્ય જ ઉપરવટ રહ્યું અને તેમની સઘળી ચાલબાજીઓ વ્યર્થ અને બેકાર થઈ ગઈ અને તેઓનો નાશ કરવામાં આવ્યો, તેનાથી પણ જાણ થઈ ગઈ કે સત્ય તે જ છે જે પયગમ્બર કહેતા હતા અને તેનો ઈન્કાર કરવો ગુસ્સા અને અઝાબનું કારણ છે, જ્યારે કયામતમાં તેમના પરાસ્ત થવાની જાણ થઈ ગઈ ત્યારે) બસ, (હે શ્રોતા !) અલ્લાહ તઆલાને પોતાના રસૂલો સાથે વાયદા ખિલાફી કરનારો ન સમજજે (એટલા માટે કયામતના દિવસે તે ઈન્કારીઓને અઝાબનો વાયદો છે તે પૂરો કરવામાં આવશે જેમકે ઉપર વર્ણન થઈ ચૂક્યું છે) બેશક ! અલ્લાહ તઆલા ઘણો જબરદસ્ત (અને) સંપૂર્ણ બદલો લેનારો છે (કે તેને બદલો લેવાથી કોઈ અટકાવી નથી શકતું, તેની શક્તિ પણ સંપૂર્ણ છે અને તેની ઇચ્છાના સંબંધ વિશે ઉપર જાણ થઈ ચૂકી પછી વાયદા ખિલાફી કરવાની કોઈ શક્યતા બાકી નથી રહેતી અને આ બદલો તે દિવસે લેવાશે) જે દિવસે બીજી જમીન બદલી નાંખવામાં આવશે આ જમીન ઉપરાંત અને આસમાન પણ (બીજું બદલી નાંખવામાં આવશે આ આસમાનો ઉપરાંત, કારણ કે પ્રથમ વખતના સૂર ફૂંકાવાના કારણે બધી જમીનો અને આસમાનો તૂટી-ફૂટી જશે અને પછી ફરીવાર નવેસરથી જમીન અને આસમાન બનાવવામાં આવશે) અને બધા જ એકમાત્ર જબરદસ્ત (જોરાવર) અલ્લાહ સમક્ષ રજુ થશે (તેનો ભાવાર્થ કયામતનો દિવસ છે, એટલે કે કયામતમાં બદલો લેવામાં આવશે) અને (તે દિવસે હે શ્રોતા !) તું મુજરિમોને (એટલે કે કાફિરોને) જંઝીરોમાં જકડાયેલા જોઈશ, (અને) તેમનો પોશાક ગંધકનો હશે (એટલે કે તેમના સમગ્ર શરીર ઉપર ગંધક વિંટળાયેલું હશે કે તેમને આગ ઘણી જ જલદી અને ઝડપી લાગી જાય અને ગંધક એક રસાયણ હોય છે كَمَا فِي كُتُبِ اللُّغَاتِ وَالطِّبِّ) અને આગ તેમના ચહેરાઓ ઉપર (પણ) લપેટાયેલી હશે (આ બધું કંઈ એટલા માટે થશે) જેથી અલ્લાહ તઆલા દરેક (મુજરિમ) વ્યક્તિને તેના કર્યાની સજા આપે (અને જો કે આવા અપરાધીઓ અસંખ્ય હશે પરંતુ) ખરેખર અલ્લાહ તઆલા(ને તેમનો હિસાબ-કિતાબ કરવો કંઈ મુશ્કેલ નથી, કારણ કે તે) ઘણો જ જલદી હિસાબ લેનારો છે (સૌનો ફેંસલો શરૂ કરીને તરત પૂર્ણ કરી આપશે) આ (કુર્આન) લોકો માટે હુકમો પહોંચાડવું છે (જેથી દા'વત આપનાર રસૂલે કરીમ ﷺનું સમર્થન કરે) અને જેથી તેના દ્વારા

(અઝાબથી) ડરાવવામાં આવે અને જેથી એ વાતનો વિશ્વાસ કરી લે કે તે જ એકમાત્ર સત્ય મઅ્બૂદ છે અને જેથી બુદ્ધિશાળી લોકો બોધપાઠ ગ્રહણ કરે.

મસ્અલા અને બોધપાઠ :

સૂરએ ઈબ્રાહીમમાં અંબિયા (અલૈ.) અને તેમની કોમોની અમુક પરિસ્થિતિઓ અને ઘટનાઓની વિગત તથા અલ્લાહના હુકમોનો વિરોધ કરનારાઓનું ખરાબ પરિણામ અને અંતે હઝરત ખલીલુલ્લાહ (અલૈ.)નું વર્ણન હતું જેમણે બયતુલ્લાહનું બાંધકામ કર્યું અને જેમની અવલાદ માટે અલ્લાહ તઆલાએ મક્ક-એ-મુકર્રમહમાં વસ્તી વસાવી અને ત્યાંના વસનારાઓને દરેક પ્રકારની શાંતિ અને સલામતી તથા અસામાન્ય આર્થિક સહૂલતો અર્પણ કરી, તેમની અવલાદ બની ઈસ્માઈલ કુર્આને કરીમ અને રસૂલે કરીમ ﷺના પ્રથમ સંબોધકો છે.

સૂરએ ઈબ્રાહીમના આ અંતિમ રુકૂઅ્માં ખુલાસા સ્વરૂપે તે જ મક્કામાં નિવાસ કરતી પાછલી કોમોના અહેવાલોથી બોધપાઠ ગ્રહણ કરવાની પ્રેરણા અને હવે પછી પણ સભાન ન થવાના સ્વરૂપમાં કયામતના ભયાનક અઝાબોથી ડરાવવામાં આવ્યા છે.

પ્રથમ આયતમાં રસૂલે કરીમ ﷺ અને દરેક મજલૂમને દિલાસો આપવામાં આવ્યો છે અને જાલિમ માટે કઠોર અઝાબની ધમકી આપવામાં આવી છે કે અત્યાચારી અને અપરાધી લોકો અલ્લાહ તઆલાની ઢીલ આપવાના કારણે નચિંત ન થઈ જાય અને એ ન સમજી લે કે અલ્લાહ તઆલાને તેમના અપરાધોની ખબર નથી એટલા માટે તેમના ગુનાહો ફૂલી-ફાલી રહ્યા છે છતાં કોઈ અઝાબ અને મુસીબત તેમના ઉપર નથી આવતી, બલકે તેઓ જે કંઈ કરી રહ્યા છે બધું અલ્લાહ તઆલાની નજરમાં છે પરંતુ અલ્લાહ તઆલા પોતાની રહમત અને તકાદાના કારણે ઢીલ આપી રહ્યો છે.

لَا تَحْسَبَنَّ اللّٰهَ غَافِلًا એટલે કે, "એવું ન સમજો કે અલ્લાહ તઆલા ગાફેલ છે." આ સંબોધન દેખીતી રીતે દરેક તે વ્યક્તિ માટે છે જેને તેની નિષ્કાળજીએ અને શયતાને ધોકામાં નાંખી રાખ્યો છે અને જો આ સંબોધન રસૂલે કરીમ ﷺ માટે હોય તો પણ તેનો હેતુ ઉમ્મતના ગાફેલ લોકોને સંભળાવવાનો

અને ચેતવણી આપવાનો છે, કારણ કે રસૂલે કરીમ ﷺથી એ વાતની શક્યતાની કલ્પના સુદ્ધાં ન કરી શકાય કે તેઓ મઆઝલ્લાહ ! અલ્લાહ તઆલાને પરિસ્થિતિઓથી બેખબર અથવા ગાફેલ સમજે.

બીજી આયતમાં બતાવવામાં આવ્યું છે કે આ જાલિમો ઉપર તાત્કાલિક અઝાબ ન આવવો તેમના માટે કંઈ સારી વાત નથી, કારણ કે તેમનું પરિણામ એ છે કે આ લોકો અચાનક કયામત અને આખિરતના અઝાબમાં પકડી લેવામાં આવશે, આગળ સૂરત પૂર્ણ થતાં સુધી આ જ આખિરતના અઝાબની વિગતો અને ભયાનક પરિસ્થિતિઓનું વર્ણન છે.

لِيَوْمٍ تَشْخَصُ فِيْهِ الْاَبْصَارُ એટલે કે, "તે દિવસે જ્યારે કે આંખો ફાટેલી રહી જશે." مُهْطِعِيْنَ مُقْنِعِىْ رُءُوْسِهِمْ એટલે કે, "ડર અને આશ્ચર્યના કારણે માથાઓ ઉપર ઉઠાવેલા હશે અને દિશાહીન દોડી રહ્યા હશે." لَا يَرْتَدُّ اِلَيْهِمْ طَرْفُهُمْ એટલે કે, "તેઓ પલકારા પણ નહીં મારે" وَاَفْـِٕدَتُهُمْ هَوَآءٌ "તેમના દિલો ખાલી (અને) બદ્‌હવાસ હશે."

આ પરિસ્થિતિનું વર્ણન કર્યા પછી રસૂલે કરીમ ﷺને સંબોધન છે કે, તમે તમારી કોમને તે દિવસના અઝાબથી ડરાવો જેમાં જાલિમ અને મુજરિમ લોકો મજબૂર થઈને પોકારશે કે હે અમારા પરવરદિગાર ! અમને થોડી મહોલત આપી દે, એટલે કે દુનિયામાં અમુક દિવસો માટે મોકલી આપ જેથી અમે તારું આમંત્રણ કબૂલ કરીએ અને તારા રસૂલોનું અનુસરણ કરીને આ અઝાબથી છુટકારો પ્રાપ્ત કરી શકીએ. અલ્લાહ તઆલા તરફથી તેમની દરખાસ્તનો એ જવાબ હશે કે હવે તમે આવું કહી રહ્યા છો ? શું તમે આનાથી પહેલાં એ કસમો ખાધી ન હતી કે અમારી દોલત અને જાહોજલાલીની કોઈ પડતી નથી થવાની અમે હંમેશા દુનિયામાં આવા જ ઐશ અને રાહતમાં રહીશું અને પુનઃસજીવન થવાનો અને આખિરતની દુનિયાનો ઇન્કાર કર્યો હતો ?

وَسَكَنْتُمْ فِىْ مَسٰكِنِ الَّذِيْنَ ظَلَمُوْٓا اَنْفُسَهُمْ وَتَبَيَّنَ لَكُمْ كَيْفَ فَعَلْنَا بِهِمْ وَضَرَبْنَا لَكُمُ الْاَمْثَالَ દેખીતું છે કે, આ સંબોધન અરબના મુશ્રિકોને છે જેના માટે નબીએ કરીમ ﷺને આ હુકમ થયો છે, اَنْذِرِ النَّاسَ એટલે કે, "તે લોકોને ડરાવો" આ સંબોધનમાં તેમને ચેતવવામાં આવ્યા છે કે પાછલી કોમોની હાલતો

અને ક્રાંતિઓ તમારા માટે ઉત્તમ નસીહત કરનાર છે, આશ્ચર્ય છે કે તમે તેનાથી બોધપાઠ ગ્રહણ કરતા નથી જ્યારે કે તમે તે જ નાશ થઈ ચૂકેલી કોમોના ઘરોમાં વસી રહ્યા છો અને હરો-ફરો છો અને તમને અમુક પરિસ્થિતિઓનો જાતઅનુભવ અમુક ચોક્કસ ખબરોથી પણ જાણ થઈ ચૂકી છે કે અલ્લાહ તઆલાએ તેમની નાફરમાનીઓના કારણે તેમના ઉપર કેવો કઠોર અઝાબ નાઝિલ કર્યો અને અમે પણ તમને સીધા માર્ગ ઉપર લાવવા માટે ઘણા બધા દાખલાઓ વર્ણન કર્યા તે છતાં પણ તમે ભાનમાં નથી આવતા.

وَقَدْ مَكَرُوْا مَكْرَهُمْ وَعِنْدَ اللّٰهِ مَكْرُهُمْ وَاِنْ كَانَ مَكْرُهُمْ لِتَزُوْلَ مِنْهُ الْجِبَالُ

એટલે કે, તે લોકોએ સત્ય ધર્મને નષ્ટ કરવા અને સત્યનું આમંત્રણ કબૂલ કરનારા મુસલમાનોને કષ્ટ આપવા અને તેમને પીડાઓ પહોંચાડવા માટે ભરપૂર ચાલબાજીઓ કરી અને અલ્લાહ તઆલા સમક્ષ તેમની બધી ગુપ્ત અને જાહેર યુક્તિઓ મોજૂદ છે, તે સૌથી વાકેફ છે અને તેને નિષ્ફળ બનાવવા માટે શક્તિશાળી છે, જો કે તેમની ચાલબાજીઓ એવી સખત અને મોટી હતી કે તેના મુકાબલામાં પહાડ પણ પોતાના સ્થળેથી હટી જાય પરંતુ અલ્લાહ તઆલાની સંપૂર્ણ કુદરત સામે આ બધી યુક્તિઓ નિષ્ફળ અને વ્યર્થ થઈને રહી ગઈ.

જે વિરોધી યુક્તિઓ અને ચાલબાજીઓનું આ આયતમાં વર્ણન કરવામાં આવ્યું છે તેમાં એ પણ શક્યતા છે કે તેનો ભાવાર્થ અગાઉ નાશ થઈ ચૂકેલી કોમોની ચાલબાજીઓ હોય, દાખલા તરીકે નમરૂદ, ફિરઔન, કોમે આદ અને ષમૂદ વગેરે અને એ પણ શક્ય છે કે તે સમયે ઉપસ્થિત અરબના મુશ્રિકોની હાલત વર્ણન કરવામાં આવી હોય કે તેમણે રસૂલે કરીમ ﷺના મુકાબલામાં ઘણી ઊંડી અને ગુપ્ત યોજનાઓ અને ચાલબાજીઓ કરી હોય પરંતુ અલ્લાહ તઆલાએ તે બધાને નિષ્ફળ બનાવી દીધી.

મોટા ભાગના વિવરણકારોએ وَاِنْ كَانَ مَكْرُهُمْ માં શબ્દ اِنْ (ઈન)ને નકારવાચક શબ્દ ઠરાવ્યો છે અને તેનો અર્થ એવો કર્યો છે કે "જો કે તેમણે ઘણી યુક્તિઓ કરી અને ચાલો ચાલી પરંતુ તેમની યુક્તિઓ અને ચાલોથી એ શક્ય ન હતું કે પહાડ પોતાના સ્થળેથી ટળી જાય." આ પહાડનો ભાવાર્થ રસૂલે કરીમ ﷺ અને તેમના મક્કમ ઈરાદાઓ છે કે કાફિરની કોઈ ચાલ તેના ઉપર અસર કે પ્રભાવ પાડી શકતી નથી.

ત્યારબાદ ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺને સંભળાવવા માટે રસૂલે કરીમ ﷺને અથવા દરેક સંબોધકને આ ચેતવણી આપવામાં આવી, فَلَا تَحْسَبَنَّ اللّٰهَ مُخْلِفَ وَعْدِهٖ رُسُلَهٗ ؕ اِنَّ اللّٰهَ عَزِيْزٌ ذُوانْتِقَامٍ એટલે કે, કોઈ એવું ન સમજે કે અલ્લાહ તઆલાએ પોતાના રસૂલોને જે વિજયનો, મદદનો તથા સફળતાનો વાયદો કર્યો છે તે તેના વિરુદ્ધ કરશે, નિઃશંક ! અલ્લાહ તઆલા જબરદસ્ત છે અને બદલો લેનારો છે, તે અવશ્ય પોતાના પયગમ્બરોના દુશ્મનો પાસેથી બદલો લેશે અને પયગમ્બરોને જે વાયદો કર્યો છે તેને પૂરો કરશે.

ત્યાર પછીની આયતોમાં ફરી કયામતની ભયાનક પરિસ્થિતિઓ અને ઘટનાઓનું વર્ણન છે, ઈરશાદ ફરમાવ્યો, يَوْمَ تُبَدَّلُ الْاَرْضُ غَيْرَ الْاَرْضِ وَالسَّمٰوٰتُ وَبَرَزُوْا لِلّٰهِ الْوَاحِدِ الْقَهَّارِ એટલે કે, "કયામતનો દિવસ એવો હશે કે તેમાં હાલની જમીન પણ બદલી નાંખવામાં આવશે અને આસમાન પણ અને બધા જ એકમાત્ર અલ્લાહ વાહિદુલ કહ્હાર સમક્ષ હાજર થશે."

જમીન અને આસમાના બદલી નાંખવમાનો એ અર્થ પણ હોઈ શકે છે કે તેના લક્ષણો અને તેનું સ્વરૂપ બદલી નાંખવામાં આવે, જેમકે કુર્આને કરીમની બીજી આયતો અને હદીષની રિવાયતોમાં છે કે સમગ્ર પૃથ્વી એક સરખી સપાટી બનાવી દેવામાં આવશે જેમાં ન તો કોઈ મકાનની આડશ હશે અને ન જ કોઈ વૃક્ષ વગેરેની આડશ હશે, ન તો કોઈ પહાડ કે ટેકરી રહેશે અને ન જ કોઈ ગુફા કે ખીણ; કુર્આને કરીમે આ પરિસ્થિતિનું વર્ણન આ પ્રમાણે કર્યું છે. لَا تَرٰى فِيْهَا عِوَجًا وَّلَآ اَمْتًا (૨૦:૧૦૭) એટલે કે, બાંધકામો અને પહાડોના કારણે જે આજકાલ માર્ગો અને સડકો વળાંક લઈને પસાર થાય છે અને ક્યાંક ઊંચાઈ છે તો ઊંડાઈ; એવું સ્વરૂપ બાકી નહીં રહે બલકે બધું ચોખ્ખું સપાટ મેદાન થઈ જશે.

અને જમીન તથા આસમાનના પરિવર્તનનો એ અર્થ પણ હોઈ શકે છે કે બિલકુલ જ આ જમીનના બદલામાં બીજી જમીન અને આસમાનની જગ્યાએ બીજું આસમાન બનાવી દેવામાં આવે. હદીષની રિવાયતો જે તેના સંદર્ભમાં નકલ થઈ છે તેમાં પણ અમુક દ્વારા માત્ર લક્ષણોનું પરિવર્તન થવાની જાણ થાય છે અને અમુકથી સંપૂર્ણ પરિવર્તન.

હદીષના ઈમામ બયહકીએ પ્રમાણિત સનદથી હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને

મસઊદ (રદિ.)થી આ આયતના સંદર્ભમાં એ નકલ કર્યું છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, મહશરની જમીન બિલકુલ નવી અને ચાંદીની જેમ સફેદ હશે અને તે જમીન એવી હશે જેના ઉપર કોઈએ કોઈ ગુનોહ કર્યો ન હશે, જેના ઉપર કોઈનું અન્યાયી રીતે લોહી નહીં વહ્યું હોય, એ જ પ્રમાણે મુસ્નદે અહમદ અને તફસીરે ઈબ્ને જરીરની હદીષમાં આ જ વિષય હઝરત અનસ (રદિ.) દ્વારા નકલ થયો છે.

(તફસીરે મઝહરી)

સહીહૈન બુખારી અને મુસ્લિમમાં હઝરત સહલ બિન સઅદ (રદિ.)ની રિવાયત છે કે, "રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે કયામતના દિવસે લોકો એક એવી જમીન ઉપર ઉઠાવવામાં આવશે જે એવી ચોખ્ખી અને સફેદ હશે જેમકે મેદાની રોટલી, તેમાં કોઈની કોઈ નિશાની (મકાન, બાગ, વૃક્ષ, પહાડ, ટેકરી વગેરે) કંઈ જ નહીં હોય." આ જ વિષય બયહકીએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.) દ્વારા આ આયતની તફસીરમાં વર્ણન કર્યો છે.

હાકિમે મજબૂત સનદ સાથે હઝરત જાબીર (રદિ.)થી નકલ કરી છે કે "રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, કયામતના દિવસે જમીન એ પ્રમાણે ખેંચવામાં આવશે કે જેવી રીતે ચામડાંને ખેંચવામાં આવે છે જેનાથી તેની કરચલીઓ અને ઊંચ-નીચ નીકળી જાય, તેના કારણે જમીનની ગુફાઓ અને પહાડ બધું બરાબર થઈને એક સપાટ સપાટી બની જશે અને તે સમયે બધી જ આદમની અવલાદ આ જમીન ઉપર ભેગી થશે, આ એકત્રિત થયેલા લોકોના કારણે એક વ્યક્તિના હિસ્સામાં માત્ર એટલી જ જમીન હશે જેના ઉપર તે ઊભો રહી શકે, પછી મહશરમાં સૌથી પહેલાં મને બોલાવવામાં આવશે, હું અલ્લાહ રબ્બુલ ઈજ્જતની સામે સિજ્દહમાં પડી જઈશ પછી મને સિફારસની પરવાનગી આપવામાં આવશે તો હું સમગ્ર મખ્લૂક માટે સિફારસ કરીશ કે તેમનો હિસાબ-કિતાબ જલદી થઈ જાય."

આ અંતિમ રિવાયતથી એ જાહેર થાય છે કે જમીનનું પરિવર્તન માત્ર તેની સિફતો અને લક્ષણોનું પરિવર્તન હશે કે ગુફાઓ અને પહાડો, ઈમારતો અને વૃક્ષો નહીં રહે પરંતુ જમીન આ જ બાકી રહેશે અને અગાઉની બધી રિવાયતોથી જાણ થાય છે કે મહશરની જમીન આ ઉપસ્થિત જમીન સિવાય કોઈ અન્ય જમીન હશે અને જે પરિવર્તનનું વર્ણન આ આયતમાં છે તે તેની જાતમાં પરિવર્તન થવાના ભાવાર્થમાં છે.

બયાનુલ કુર્આનમાં હઝરત હકીમુલ ઉમ્મત (રહ.)એ ફરમાવ્યું કે આ બંને વાતોમાં કોઈ વિરોધાભાસ નથી, બની શકે છે કે આ જમીનના પ્રથમ સ્વરૂપમાં જ પરિવર્તન કરવામાં આવે અથવા તો હિસાબ–કિતાબ માટે તેને કોઈ બીજી જમીન તરફ ફેરવી દેવામાં આવે.

તફસીરે મઝહરીમાં મુસ્નદે અબ્દ ઈબ્ને હમીદથી હઝરત ઈકરીમા (રદિ.)નું એક નિવેદન નકલ થયું છે જેનાથી તેનું સમર્થન થાય છે, તેના શબ્દોનો તરજુમો આ છે કે આ જમીન સંકોચાઈ જશે અને તેની બાજુમાં જ એક બીજી જમીન હશે જેના ઉપર લોકોને હિસાબ–કિતાબ માટે ઊભા કરવામાં આવશે.

સહીહ મુસ્લિમમાં હઝરત ષવબાન (રદિ.)ની રિવાયતથી નકલ થયું છે કે, રસૂલે કરીમ ﷺની પાસે એક યહુદી આલિમ આવ્યો અને એવો પ્રશ્ન કર્યો કે જે દિવસે આ જમીન બદલી નાંખવામાં આવશે તો માનવો ક્યાં હશે ? રસૂલે કરીમ ﷺએ ઈરશાદ ફરમાવ્યો કે પુલ સિરાત પાસે એક અંધારામાં હશે.

આથી એ પણ જાણ થાય છે કે સૌને પ્રસ્તુત જમીનથી પુલ સિરાત દ્વારા બીજી તરફ લઈ જવામાં આવશે અને ઈબ્ને જરીર (રહ.)એ પોતાની તફસીરમાં અનેક સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.)થી એ નિવેદનો નકલ કર્યા છે કે, તે સમયે હાલની જમીન અને તેની બધી નદીઓ આગ બની જશે, જેમકે આ સમગ્ર વિસ્તાર જેમાં અત્યારે દુનિયા આબાદ છે તે સમયે જહન્નમનો વિસ્તાર થઈ જશે અને વાસ્તવિકતાની અલ્લાહ તઆલાને જ ખબર છે, બંદાને એના માન્યા સિવાય કોઈ છૂટકો નથી.

زباں تازہ کردن باقرارِ تو ؛ نینگیختن علّت از کارِ تو

અંતિમ આયતોમાં જહન્નમવાળાઓની એ હાલત બતાવવામાં આવી છે કે મુજરિમ લોકોને એક સાંકળમાં બાંધવામાં આવશે, એટલે કે દરેક ગુનાહના મુજરિમો અલગ–અલગ એકઠા કરીને એક જગ્યાએ બાંધી દેવામાં આવશે અને તેમને જે પોષાક પહેરાવવામાં આવશે તે ગંધકનો હશે જે જ્વલનશીલ હોય છે અને તરત જ આગ પકડી લે છે.

અંતિમ આયતમાં ઈરશાદ ફરમાવ્યો કે આ બધા કયામતના અહેવાલ

લોકોની ચેતવણી માટે વર્ણન થયા છે જેથી તેઓ હજુપણ સમજી લે કે ઈબાદત અને આજ્ઞાપાલનના પાત્ર માત્ર એક જ જાત અને તે અલ્લાહ તબારક વ તઆલાની જાત છે અને જેથી જેમનામાં કંઈપણ બુદ્ધિ અને સભાનતા હોય તેઓ શિર્કથી અટકી જાય.

□□□□□□□□□□□

સૂરએ ઈબ્રાહીમ પૂર્ણ થઈ, અલ્હમ્દુલિલ્લાહ !

તારીખ : ૪ ઓક્ટોબર ૨૦૦૯ બ મુતાબિક ૧૫ શવ્વાલ ૧૪૩૦ હિજરી

એક સ્મૃતિ અને સૂચના

નાચીઝ (હું મુહમ્મદ શફીઅ્ ઉસ્માની) ન તો એ પાત્રતા ધરાવતો હતો કે કુર્આનની તફસીર લખવાની હિંમત કરે અને ન જ ક્યારેય આવા વિચારની હિંમત કરતો હતો, અલબત્ત પોતાના મુરશિદ હઝરત હકીમુલ ઉમ્મત થાનવી (રહ.)ની તફસીર "બયાનુલ કુર્આન" જે આ યુગની અજોડ મધ્યમ કક્ષાની તફસીર છે, ન તો ખૂબ ટૂંકી કે કુર્આનના વિષયોને સમજવામાં મુશ્કેલી થાય અને ન જ ખૂબ લાંબી કે અભ્યાસ કરવામાં મુશ્કેલી પડે, પછી અલ્લાહ તઆલાએ અર્પણ કરેલ જ્ઞાન, સમજદારી અને તકવા તથા પવિત્રતાની બરકતથી વિવિધ વિષયોમાં તેમને લખી નાંખવાની જે ખાસ આવડત અલ્લાહ તઆલાએ હઝરત મૌસૂફને અર્પણ કરી હતી તે મોટી તફસીરોથી પણ પ્રાપ્ત થવું મુશ્કેલ હતું, પરંતુ આ તફસીર હઝરત (રહ.)એ વિદ્વાનો માટે તેમની જ ભાષા અને જ્ઞાનપૂર્ણ વ્યાખ્યાઓ આધારે લખી છે, સામાન્ય જનસમૂહ ખાસ કરીને આ યુગના સામાન્ય લોકો જેઓ અરબી ભાષા અને તેની વ્યાખ્યાઓથી ઘણા દૂર થઈ ચૂક્યા છે તેમને આ તફસીરથી ફાયદો મળવો મુશ્કેલ હતો.

એટલા માટે એ વિચાર ઘણા વખતે આવ્યા કરતો હતો કે તેના આશ્ચર્યજનક વિષયોને હાલની સરળ ભાષામાં લખવામાં આવે પરંતુ એ પણ કોઈ સહેલું કાર્ય ન હતું.

અલ્લાહ તઆલાના હુકમથી અને તેની જ અર્પણ કરેલ તવફીકથી તેની શરૂઆત એ રીતે થઈ ગઈ કે રેડિયો પાકિસ્તાનના ડાયરેક્ટર સાહેબે મને આગ્રહ કર્યો કે રેડિયો ઉપર એક સિલસિલો કુર્આનની ખાસ-ખાસ આયતોનો "મઆરિફુલ કુર્આન"ના વિષય હેઠળ પ્રસારિત કરવામાં આવે, તેમનો આગ્રહ આ કાર્યની શરૂઆતનું કારણ બની ગયો અને રેડિયો પાકિસ્તાન ઉપર ૩ શવ્વાલ સન હિજરી ૧૩૭૩ બ મુતાબિક ૨ જુલાઈ ૧૯૫૪ ઈ.સ.થી શરૂ થઈને ૧૫ સફર સન હિજરી ૧૩૮૪ બ મુતાબિક ૨૫ જૂન ૧૯૬૪ સુધી દરેક જુમ્આના દિવસે આ સિલસિલો ચાલુ રહ્યો, જે સૂરએ ઇબ્રાહીમની પૂર્ણતા ઉપર રેડિયો પાકિસ્તાન તરફથી સમાપ્ત કરી દેવામાં આવ્યો.

અલ્લાહ તઆલાએ તેને મારી કલ્પના કે અનુમાનથી વધારે સ્વીકૃતિ અર્પણ કરી અને દુનિયામાં ચારે તરફથી તેને પુસ્તક સ્વરૂપે સંપાદન કરવાનો તકાદો થવા લાગ્યો, તેનો ઈરાદો કર્યો તો જેટલું કામ તે સમય સુધી થઈ ચૂક્યું હતું તે પણ એક પ્રકારે અધૂરું હતું, આ સિલસિલો ખાસ-ખાસ ચૂંટી કાઢેલી આયતોનો હતો, વચ્ચેની આયતો કે જે માત્ર ઈલ્મી આયતો હતી, રેડિયો ઉપર સામાન્ય જનસમૂહ માટે તેની સફસીર સમજવું સરળ ન હતું, તે બાકી હતું; પુસ્તક સ્વરૂપમાં સંપાદિત કરવા માટે તેનો ક્રમ પણ પૂર્ણ કરવાનો હતો જે સમયની વ્યસ્તતાના કારણે પૂર્ણ કરવો મુશ્કેલ હતો.

કુદરતના આશ્ચર્યોમાંથી છે કે રમઝાન સન હિજરી ૧૩૮૮માં નાચીઝ સખત બીમાર થઈને હરવા-ફરવાથી પણ મા'ઝૂર થઈ ગયો અને મોત સામે હોવાની અનુભૂતિ થવા લાગી તો એવો અફસોસ સતાવવા લાગ્યો કે આ સંગ્રહ (અપ્રગટ પ્રતો) આમ જ વ્યર્થ થઈ જશે, અલ્લાહ તઆલાએ દિલમાં એ ભાવના પેદા કરી દીધી કે સૂતાં-બેઠાં "મઆરિફુલ કુર્આન"ની હસ્તપ્રતો ઉપર પુનઃ અવલોકન અને વચ્ચેની જે આયતો રહી ગઈ હતી તેની પૂર્ણતા કોઈપણ રીતે આવી હાલતમાં કરી દેવામાં આવે.

આ બાજુ બીમારીનો સિલસિલો લાંબો ચાલ્યો, બીમારીએ બીજી બધી જ પ્રવૃત્તિઓ પ્રથમથી જ છોડાવી દીધી હતી, હવે ફક્ત આ પ્રવૃત્તિ બાકી રહી ગઈ એટલા માટે કુદરતની આશ્ચર્યજનક વયવસ્થાએ આ જ બીમારીમાં અલ્હમ્દુલિલ્લાહ ! આ કામ ૨૯ રજ્જબ સન હિજરી ૧૩૯૦ સુધીમાં પૂર્ણ કરાવી દીધું.

અહીંયાં સુધી સૂરએ ઈબ્રાહીમની પૂર્ણતા અને કુર્આને પાકના ૧૩ સિપારાઓ રેડિયોના પ્રસારણ દ્વારા પૂર્ણ થઈ ગયા.

હવે, અલ્લાહ તઆલાએ આગલા વિભાગ લખવાની તવફીક અને હિંમત અર્પણ કરી દીધી, હરવા-ફરવાથી મા'ઝૂરીની તકલીફ પણ દૂર કરી દીધી, જો કે વિવિધ બીમારીઓનો ક્રમ લગભગ સતત ચાલુ રહ્યો અને અશક્તિ પણ વધતી ચાલી પરંતુ અલ્લાહ તઆલાની કૃપા અને કરમ અને તેની મદદથી ૩૦ શાબાન સન હિજરી ૧૩૧૩થી કુર્આનના આગલા સિપારાઓની તફસીર લખવાનું શરૂ

કરીને આ સમયે જ્યારે કે "મઆરિફુલ કુર્આન"ની ત્રણ જિલ્દો છપાઈને પ્રકાશિત થઈ ચૂકી છે એટલે કે ૨૫ સફર સન હિજરી ૧૩૯૧માં આ તફસીરની પ્રત કુર્આને કરીમની ચોથી મંઝિલ સૂરએ ફુરકાન ૧૯ સિપારા સુધી અલ્લાહ સુબ્હાનહુ વ તઆલાની કૃપાથી સંપૂર્ણ થઈ ચૂકી છે.

આ સમયે પણ વિવિધ બીમારીઓ અને કમજોરીનો સિલસિલો પણ ચાલુ છે અને અલ્હમ્દુલિલ્લાહ આ કામ પણ ચાલું છે, કંઈ દૂર નથી કે અલ્લાહ તઆલા પોતાની કૃપાથી તેને પૂર્ણ કરવાની તવફીક અતા ફરમાવે.

وَمَاذٰلِكَ عَلَى اللّٰهِ بِعَزِيْزٍ

હઝરત મવલાના મુફતી મુહમ્મદ શફીઅ્ સા. (રહ.)


૨૫ સફર હિજરી સન ૧૩૯૧

પ્રકરણ (૧૫)

સૂરએ હિજ્ર

સૂરએ હિજ્ર મક્કામાં નાઝિલ થઈ, તેની ૯૯ આયતો અને ૬ રુકૂઅ્ છે.

આયતો : (સૂરએ હિજ્ર : આયત નં. ૧ થી ૫)



તરજુમો :

અલ્લાહના નામથી શરૂ કરું છું જે ઘણો જ કૃપાળુ અને દયાળુ છે.

અલિફ-લામ-રા; આ આયતો છે કિતાબની અને સ્પષ્ટ કુર્આનની. (૧) કોઈ વખતે આ લોકો તમન્ના કરશે જેઓ ઈન્કારી છે, કેવું સારું થાત જો મુસલમાન હોત ! (૨) તેમને છોડી દો ખાઈ લે અને વર્તી લે અને ઉમ્મીદમાં લાગેલા રહે, બસ હવે પછી જાણી લેશે. (૩) અને કોઈ વસ્તીનો અમે નાશ નથી કર્યો પરંતુ તેનો નિશ્ચિત સમય લખેલો હતો. (૪) ન તો કોઈ ઉમ્મત પોતાના નિશ્ચિત સમયથી આગળ વધે છે અને ન જ પાછળ રહે છે. (૫)

તફસીર :

અલિફ-લામ-રા (તેનો અર્થ અલ્લાહને ખબર છે), આ આયતો છે એક સંપૂર્ણ કિતાબની અને સ્પષ્ટ કુર્આનની (એટલે કે આ બંને એની સિફતો એટલે કે ખાસિયતો છે સંપૂર્ણ કિતાબ હોવાની પણ અને સ્પષ્ટ કુર્આન હોવાની પણ, આ શબ્દોથી કુર્આનનું સત્ય કલામ હોવું સ્પષ્ટ કર્યા પછી તે લોકોની હસરત અને અઝાબનું વર્ણન છે જેઓ કુર્આન ઉપર ઈમાન નથી લાવતા અથવા તેના હુકમોનું અનુસરણ નથી કરતા, ફરમાવ્યું رُبَمَا يَوَدُّ એટલે કે, જ્યારે કયામતના હિસાબ-કિતાબના મેદાનમાં કાફિરોને ઉપર જાત-જાતનો અઝાબ થશે ત્યારે) કાફિર લોકો વારંવાર તમન્ના કરશે કે કેવું સારું થાત જો તેઓ (એટલે કે અમે દુનિયામાં) મુસલમાન હોત ! (વારંવાર એટલા માટે કે જ્યારે કોઈ નવી કઠોરતા અથવા મુસીબત જોશે તો દરેક સમયે પોતાના ઈસ્લામ ન લાવવા ઉપર અફસોસ તાજો થતો રહેશે) તમે (દુનિયામાં તે કાફિરો ઉપર ગમ ન કરો) તેમને તેમની હાલત ઉપર રહેવા દો કે તેઓ ખૂબ ખાઈ લે અને લાભ ઉઠાવી લે તથા આશાઓ (કલ્પિત-યોજનાઓ) તેમને ગફલતમાં નાંખી રાખે, તેમને હમણા (મરતાંની સાથે જ) વાસ્તવિકતાની ખબર થઈ જવાની છે (અને દુનિયામાં જે તેમને તેમના કુફ્ર અને દુષ્કૃત્યોની તાત્કાલિક સજા નથી મળતી તેનું કારણ એ છે કે અલ્લાહ તઆલાએ સજાનો એક સમય નક્કી કરી રાખ્યો છે, હમણાં તે સમય આવ્યો નથી) અને અમે જેટલી વસ્તીઓનો (કુફ્રના કારણે) નાશ કર્યો છે તે સૌના માટે એક નક્કી સમય લખાયેલો હોતો રહ્યો છે અને (અમારો નિયમ એ છે કે) કોઈ ઉમ્મત પોતાના નક્કી સમય પહેલાં ન હલાક થાય છે, ન જ પાછળ રહે છે (બલકે નક્કી સમયે જ તેનો નાશ થાય છે, એ જ પ્રમાણે જ્યારે તેમનો સમય આવી જશે તો તેમને પણ સજા આપવામાં આવશે).

મસ્અલા અને બોધપાઠ :

ذَرْهُمْ يَأْكُلُوا.... થી જાણ થઈ કે ખાવા-પીવાને જીવનનો હેતુ અને અસલી લક્ષ્યાંક બનાવી લેવું તથા દુનિયાની અય્યાશીઓ અને રાહતોના સામાનમાં મોતથી નચિંત થઈને લાંબી-લાંબી યોજનાઓમાં લાગેલા રહેવું કાફિરોથી જ થઈ શકે છે, જેમનું આખિરત તથા તેના હિસાબ-કિતાબ અને સારા

બદલા કે સજા ઉપર ઈમાન નથી, મો'મિન પણ ખાય-પીએ છે તથા પોતાની આર્થિક જરૂરિયાતનો સામાન જરૂરત પૂરતો ઉપલબ્ધ કરે છે તથા ભવિષ્યના કારોબારની યોજના પણ બનાવે છે પરંતુ મોત અને આખિરતની ચિંતાથી બેખબર થઈને તે કામ નથી કરતો, એટલા માટે દરેક કાર્યમાં હલાલ અને હરામની ચિંતા રહે છે તથા વ્યર્થ યોજનાઓમાં પ્રવૃત્ત નથી રહેતો. રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, "ચાર વસ્તુઓ બદ્‌બખ્તી અને બદ્‌નસીબીની નિશાની છે, આંખોમાંથી આંસુ ન વહેવા (એટલે કે પોતાના ગુનાહો અને ગફલતો ઉપર પસ્તાવો કરીને ન રડવું) તથા કઠણ હૃદય, તરંગી યોજનાઓ અને દુનિયાની લાલચ."

(કુર્તુબી અન મુસ્નાદિલ બઝ્ઝાર અન અનસ રદિ.)

તરંગી યોજનાઓનો અર્થ એ છે કે દુનિયાની મહોબ્બત અને લાલચમાં મૂર્ખામીભરી રીતે મોત અને આખિરતથી નચિંત થઈને લાંબી-લાંબી યોજનાઓ બનાવવામાં આવે. (કુર્તુબી) જે યોજનાઓ દીનના હેતુઓ માટે અથવા કોઈ કોમ કે પ્રદેશ માટે ભવિષ્યના ફાયદા માટે બનાવવામાં આવે છે તે આમાં સામેલ નથી, કારણ કે તે આખિરતની ચિંતાનું જ એક સ્વરૂપ હોય છે.

રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, "આ ઉમ્મતના પ્રથમ વર્ગનો છુટકારો સંપૂર્ણ ઈમાન અને દુનિયાથી અલિપ્તતાના કારણે થશે અને અંતિમ ઉમ્મતના લોકો કંજૂસાઈ તથા તરંગી યોજનાઓના કારણે હલાક થશે."

હજરત અબૂ દરદાઅ્ (રદિ.)થી નકલ થયું છે કે, તેઓ દમાસ્કસની જુમ્આ મસ્જિદના મિમ્બર ઉપર ઊભા થયા અને ફરમાવ્યું, "હે દમિસ્ક (દમાસ્કસ)ના નિવાસીઓ ! શું તમે પોતાના એક હમદર્દ અને ભલું ઈચ્છનાર ભાઈની વાત સાંભળશો ? સાંભળી લો કે તમારાથી અગાઉ ઘણા મોટા-મોટા લોકો થઈ ચૂક્યા છે જેમણે માલ અને સામાન ઘણો બધો ભેગો કર્યો અને મોટા-મોટા શાનદાર મહેલો બાંધ્યા અને દૂર-સુદૂર સુધીની લાંબી-લાંબી યોજનાઓ બનાવી, આજે તે બધા હલાક થઈ ચૂક્યા છે, તેમના મકાનો તેમની કબરો છે અને તેમની લાંબી-લાંબી આશાઓ બધું જ ધોકો અને ફરેબ સાબિત થયું, કોમે આદ તમારી નજીક હતી જેણે પોતાના માણસોથી અને દરેક પ્રકારના માલ-સામાનથી તથા હથિયારો અને ઘોડાઓથી દેશને ભરી દીધો હતો, આજે

કોઈ છે જે તેમનો વારસો મારાથી બે દિરહમમાં ખરીદવા માટે તૈયાર થઈ જાય?''

હઝરત હસન બસરી (રહ.)એ ફરમાવ્યું કે, ''જે વ્યક્તિ પોતાના જીવનમાં લાંબી-લાંબી આશાઓ બાંધતો ફરે છે તેના અમલ અવશ્ય ખરાબ થઈ જાય છે.'' (કુર્તુબી)

આયતો : (સૂરએ હિજ્ર : આયત નં. ૬-૭-૮)

وَقَالُوۡا يٰۤاَيُّهَا الَّذِىۡ نُزِّلَ عَلَيۡهِ الذِّكۡرُ اِنَّكَ لَمَجۡنُوۡنٌ ۞ لَوۡ مَا تَاۡتِيۡنَا بِالۡمَلٰۤـئِكَةِ اِنۡ
كُنۡتَ مِنَ الصّٰدِقِيۡنَ ۞ مَا نُنَزِّلُ الۡمَلٰۤـئِكَةَ اِلَّا بِالۡحَـقِّ وَمَا كَانُوۡۤا اِذًا مُّنۡظَرِيۡنَ ۞

તરજુમો :

અને લોકો કહે છે, હે તે માણસ કે તારા ઉપર કુર્આન ઊતર્યું છે ! બેશક તું દિવાનો (મજનૂન) છે. (૬) કેમ અમારી પાસે ફરિશ્તાઓને નથી લઈ આવતો જો તું સાચો છે !? (૭) અમે ફરિશ્તાઓને નથી ઉતારતા પરંતુ સત્ય સાથે (કામ પુરું કરીને) અને તે સમયે તેમને મહોલત મળશે નહીં. (૮)

તફસીર :

(اِلَّا بِالۡحَـقِّ માં શબ્દ حَقّ "હક"નો ભાવાર્થ "અઝાબનો ફૈસલો" છે અને અમુક વિવરણકારોએ કુર્આન અથવા રિસાલત ભાવાર્થ તરીકે હોવાનું ઠરાવ્યું છે. બયાનુલ કુર્આનમાં પ્રથમ અર્થને અગ્રિમતા આપવામાં આવી છે, આ અર્થ હઝરત હસન બસરી રહ.થી નકલ થયો છે. આયતોની તફસીર આ પ્રમાણે છે).

અને તે (મક્કાના) કાફિરોએ (રસૂલે કરીમ ﷺને) એવું કહ્યું કે હે તે માણસ જેના ઉપર (તેના દા'વા પ્રમાણે) કુર્આન નાઝિલ કરવામાં આવ્યું છે ! તમે (નઊઝુબિલ્લાહ !) મજનૂન છો (અને નુબુવ્વતનો ખોટો દા'વો કરો છો, નહિતર) જો તમે (આ દા'વામાં) સાચા હોય તો અમારી પાસે ફરિશ્તાઓને કેમ નથી લાવતા ?! (જે અમારી સામે તમારી સચ્ચાઈની ગવાહી આપે, અલ્લાહનો ઈરશાદ છે, لَوۡلَاۤ اُنۡزِلَ اِلَيۡهِ مَلَكٌ فَيَكُوۡنَ مَعَهٗ نَذِيۡرًا ۔ ૨૫:૭- અલ્લાહ તઆલા

જવાબ આપે છે કે) અમે ફરિશ્તાઓને (જે પ્રમાણે તેઓ માંગણી કરી રહ્યા છે) ફક્ત ફેંસલા માટે જ ઉતાર્યા કરીએ છીએ અને (જો એવું થાય તો) તે સમયે તેમને મહોલત પણ આપવામાં નથી આવતી (બલકે, જ્યારે તેમના આવવા ઉપર પણ ઈમાન નથી લાવતા જેમકે તેમની હાલતથી જ આ નક્કી થઈ રહ્યું છે તો તાત્કાલિક તેમનો નાશ કરી નાંખવામાં આવત જેમકે સૂરએ અન્આમના પ્રથમ રુકૂઅ્ની અંતિમ આયતોમાં તેનું કારણ વર્ણન થઈ ચૂક્યું છે).

આયત : (સૂરએ હિજ્ર : આયત નં. ૯)

اِنَّا نَحۡنُ نَزَّلۡنَا الذِّكۡرَ وَاِنَّا لَهٗ لَحٰفِظُوۡنَ ۝٩

તરજુમો :

અમે પોતે આ નસીહત ઉતારી છે અને અમે તેના રક્ષક (મુહાફિઝ) છીએ.(૯)

તફસીર :

અમે કુર્આનને નાઝિલ કર્યું છે અને (આ દા'વો વિના દલીલે નથી બલકે તેના મોઅ્જિઝો હોવું દલીલો આધારિત છે અને કુર્આનની એક પ્રતિષ્ઠાનું વર્ણન તો બીજી સૂરતોમાં આવી ચૂક્યું છે કે કોઈ મનુષ્ય તેની એક સૂરતનું ઉદાહરણ નથી બનાવી શકતો, બીજી પ્રતિષ્ઠા એ છે કે) અમે એ (કુર્આન)ના રક્ષક (અને નિગેહબાન) છે, (તેમાં કોઈ ઓછું-વત્તું નથી કરી શકતું જેમકે અન્ય કિતાબોમાં થાય છે, આ એવો ખુલ્લો મોઅ્જિઝો છે જેને દરેક સામાન્ય અને ખાસ વ્યક્તિ સમજી શકે છે, પ્રથમ મોઅ્જિઝો કે કુર્આનની સાહિત્યિક ઉચ્ચતા તથા વર્ણનશૈલીની શ્રેષ્ઠતા તથા તેના સર્વગ્રાહીપણાનો કોઈ મુકાબલો નથી કરી શકતું, તેને તો વિદ્વાન લોકો જ સમજી શકે છે પરંતુ સુધારો-વધારો કે તેમાં વત્તું-ઓછું ન થવું તેને એક અજ્ઞાન અને જાહિલ વ્યક્તિ પણ જોઈ શકે છે).

મસ્અલા અને બોધપાઠ :

મા'મૂન રસીદના દરબારની એક ઘટના :

ઈમામ કુર્તુબી (રહ.)એ આ સ્થળે પ્રમાણિત સનદ સાથે એક ઘટના

અમીરુલ મુઅ્મિનીન મા'મૂન રસીદના દરબારની નકલ કરી છે કે મા'મૂનની ટેવ હતી કે ક્યારેક ક્યારેક તેના દરબારમાં જ્ઞાનપૂર્ણ વિષય ઉપર ચર્ચા-વિચારણા, બહષ તથા જ્ઞાન-ગોષ્ઠી થયા કરતી હતી જેમાં દરેક જ્ઞાની વ્યક્તિને આવવાની પરવાનગી હતી, એવી જ એક જ્ઞાન-ગોષ્ઠીમાં એક યહૂદી પણ આવી ગયો, જે ચહેરે-મહોરે અને પોશાક વગેરેથી પણ એક વિશિષ્ટ વ્યક્તિ લાગતો હતો, પછી તેણે વાતચીત કરી તો તે પણ ખૂબ ઉચ્ચ કક્ષાની સાહિત્યિક બૌદ્ધિક વાતચીત હતી, જ્યારે મજલિસ પૂર્ણ થઈ તો મા'મૂને તેને બોલાવીને પૂછ્યું કે તમે ઈસ્રાઈલી છો ? તેણે સ્વીકાર કર્યો. મા'મૂને (પરીક્ષા લેવા માટે) કહ્યું કે, જો તમે મુસલમાન થઈ જાઓ તો અમે તમારી સાથે ઘણો સારો વ્યવહાર કરીશું.

તેણે જવાબ આપ્યો કે હું તો મારા અને મારા બાપ-દાદાના ધર્મને નથી છોડતો, વાત પૂરી થઈ અને આ વ્યક્તિ ચાલ્યો ગયો, પછી એક વર્ષ પછી આ જ માણસ મુસલમાન થઈને પાછો આવ્યો અને જ્ઞાન-ગોષ્ઠીમાં ઈસ્લામી ફિક્હના વિષય ઉપર ઉત્તમ તકરીર અને સુંદર સંશોધનો રજુ કર્યા, મજલિસ પૂર્ણ થયા પછી મા'મૂને તેને બોલાવીને કહ્યું કે તમે તે જ વ્યક્તિ છો જે ગયા વર્ષે આવ્યા હતા? જવાબ આપ્યો, હા હું તે જ છું; મા'મૂને પૂછ્યું કે તે સમયે તો તમે ઈસ્લામ સ્વીકારવાથી ઈન્કાર કર્યો હતો પછી હવે મુસલમાન થવાનું કારણ શું બન્યું ?

તેણે જવાબમાં કહ્યું કે હું અહીંયાંથી પાછો ફર્યો તો મેં ઉપસ્થિત ધર્મોનું સંશોધન કરવાનો ઈરાદો કર્યો, હું એક ઘણો સારો લહિયો અને કાતિબ છું, કિતાબો લખીને વેચું છું તો સારી કિંમતથી વેચાય જાય છે. મેં પરીક્ષા માટે તવરાતની ત્રણ પ્રતો લખી જેમાં ઘણી જગ્યાએ પોતાના તરફથી સુધારો-વધારો કરી નાંખ્યો અને આ પ્રતોને સીનેગોગમાં લઈ ગયો, યહૂદીઓએ ખૂબ લગાવથી તેને ખરીદી લીધી, પછી એ જ પ્રમાણે ઈન્જીલ (બાઈબલ)ની ત્રણ પ્રતો સુધારો-વધારો કરીને લખેલી તૈયાર કરીને ખ્રીસ્તીઓના ચર્ચમાં લઈ ગયો ત્યાં પણ ઈસાઈઓએ આ પ્રતો ખૂબ માન-સન્માન સાથે મારી પાસેથી ખરીદી લીધી, પછી આ જ કામ મેં કુર્આન સાથે કર્યું તેની પણ ત્રણ ઉત્તમ કક્ષાની પ્રતો તૈયાર કરી જેમાં પોતાના તરફથી સુધારો-વધારો કર્યો હતો, તેને લઈને જ્યારે હું વેચવા માટે નીકળ્યો તો જેની પાસે હું લઈ ગયો તેણે જોયું કે સાચું છે કે નહીં ? જ્યારે તેમાં સુધારો-વધારો જોયો તો તેમણે મને પરત કરી દીધી.

આ ઘટનામાંથી મેં એ બોધપાઠ લીધો કે આ કિતાબ સુરક્ષિત છે અને અલ્લાહ તઆલાએ જ તેની સુરક્ષા કરી છે એટલા માટે હું મુસલમાન થઈ ગયો. આ ઘટનાના રિવાયત કરનાર કાઝી યહ્યા બિન અક્ષમ કહે છે કે અચાનક તે જ વર્ષે મને હજ્જ પઢવાની તક મળી, ત્યાં સુફિયાન બિન ઉયઈનિયહથી મુલાકાત થઈ તો આ ઘટના મેં તેમને કહી સંભળાવી, તેમણે કહ્યું કે બેશક ! એવું જ થયું હોવું જોઈએ કારણ કે તેમાં કુર્આનની સચ્ચાઈ ઉપસ્થિત છે, યહ્યા બિન અક્ષમે પૂછ્યું, કુર્આનની કઈ આયતમાં સુધારો–વધારો કર્યો હતો ? તો તેમણે કહ્યું કે કુર્આને કરીમે જ્યાં તવરાત અને ઈન્જીલનું વર્ણન કર્યું છે તેમાં ફરમાવ્યું છે, بِمَا اسْتُحْفِظُوْا مِنْ كِتٰبِ اللّٰهِ એટલે કે, યહૂદીઓ અને નસારાને અલ્લાહની કિતાબ તવરાત અને ઈન્જીલના રક્ષણની જવાબદારી સોંપવામાં આવી છે, એ જ કારણ બન્યું કે નસારાએ રક્ષણની ફરજને અદા ન કરી ત્યારે આ કિતાબોમાં સુધારા–વધારા થઈને તે રદ–બાતલ થઈ ગઈ, તેનાથી વિપરીત કુર્આને કરીમ કે તેના વિશે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું, اِنَّا لَهٗ لَحٰفِظُوْنَ એટલે કે, "અમે જ તેના રક્ષક છીએ." એટલા માટે તેની સુરક્ષા અલ્લાહ તઆલાએ પોતે કરી તેથી દુશ્મનોના હજારો પ્રયત્નો છતાં એક નુક્તો અથવા એક ઝેર–ઝબરનો ફરક પણ ન આવી શક્યો, આજે રિસાલતના સમયકાળને પણ લગભગ ૧૪૦૦ ઉપરાંત વર્ષો થઈ ચૂક્યા છે, બધા જ દીની અને ઈસ્લામી અમલોમાં મુસલમાનોની આળસ અને ગફલત છતાં કુર્આને કરીમને કંઠસ્થ (હિફ્ઝ) કરવાનો ક્રમ સમગ્ર દુનિયાના પૂર્વ અને પશ્ચિમમાં એવી રીતે કાયમ છે કે દરેક યુગમાં લાખો બલકે કરડો મુસલમાન નવયુવાનો, વૃદ્ધો, છોકરા અને છોકરીઓ એવા હાજર હોય છે કે જેમના દિલમાં સંપૂર્ણ કુર્આન સુરક્ષિત હોય છે, કોઈ મોટામાં મોટા વિદ્વાનની પણ મજાલ નથી કે એક અક્ષર સુદ્ધાં ખોટો પઢે, તે જ સમયે ઘણા બધા વૃદ્ધો અને બાળકો તેની ભૂલને પકડી પાડશે.

કુર્આનના રક્ષણના વાયદામાં હદીષનું રક્ષણ પણ સામેલ છે :

બધા જ વિદ્વાનો એ બાબતે સર્વસહમત છે કે કુર્આન ન જ ફક્ત તેના શબ્દોનું નામ છે અને ન જ માત્ર કુર્આનના અર્થોનું બલકે તે બંનેના સંયુક્ત મિશ્રણને કુર્આન કહેવામાં આવે છે, કારણ એ છે કે અર્થો અને કુર્આનના વિષયો

તો બીજી કિતાબોમાં મોજૂદ છે અને ઈસ્લામી લેખનમાં તેના મોટા ભાગના વિષયો વર્ણન થતા હોય છે પરંતુ તેને કુર્આન કહેવામાં આવતું નથી, કારણ કે એ કુર્આનના શબ્દો નથી હોતા, એવી જ રીતે જો કોઈ વ્યક્તિ કુર્આને કરીમના છૂટા-છૂટા શબ્દો અને અલગ-અલગ વાક્યો લઈને એક લેખ અથવા પુસ્તક લખી નાંખે તો તેને પણ કોઈ કુર્આન કહેશે નહીં ભલે તેમાં એક શબ્દ પણ કુર્આને કરીમથી બહારનો ન હોય, એનાથી જાણ થઈ કે કુર્આને કરીમ માત્ર તે "રબ્બાની પ્રત"નું નામ છે જેના શબ્દો અને અર્થો સંયુક્ત સ્વરૂપે સુરક્ષિત છે.

તેનાથી એ મસ્અલાની જાણ થાય છે કે કોઈ ભાષા દાખલા તરીકે ઉર્દૂ અથવા અંગ્રેજી વગેરેમાં જે ફક્ત કુર્આનનો અનુવાદ પ્રકાશિત કરીને લોકો તેને ઉર્દૂ અથવા અંગ્રેજી કુર્આનનું નામ આપી દે છે તે બિલકુલ જાઈઝ નથી, કારણ કે તે કુર્આન નથી અને જ્યારે એ જાણ થઈ કે કુર્આન ફક્ત કુર્આનના શબ્દોનું નામ નથી, બલકે અર્થો પણ તેનું એક અંગ છે તો કુર્આનની હિફાઝતની જે જવાબદારી આ આયતમાં અલ્લાહ તઆલાએ પોતાના માથે ઠરાવી છે તેમાં જે પ્રમાણે કુર્આનના શબ્દોની સુરક્ષાનો વાયદો અને જવાબદારી છે એ જ પ્રમાણે અર્થો અને કુર્આનના વિષયોની સુરક્ષા તથા અર્થોની હેરફેરથી પણ તેને સુરક્ષિત રાખવાની પણ જવાબદારી અલ્લાહ તઆલાએ જ લઈ લીધી છે.

એ દેખીતું છે કે કુર્આનના અર્થો તે જ છે જેનું શિક્ષણ આપવા માટે રસૂલે કરીમ ﷺને મોકલવામાં આવ્યા હતા, જેમકે કુર્આને કરીમે ફરમાવ્યું છે, لِتُبَيِّنَ لِلنَّاسِ مَا نُزِّلَ اِلَيْهِمْ એટલે કે, "તમને એટલા માટે મોકલવામાં આવ્યા છે કે તમે લોકોને બતાવી આપો આ કલામનો મફહૂમ (અર્થ); જે તેમના માટે ઉતારવામાં આવ્યો છે." (૧૬:૪૪) અને એ જ અર્થ આ આયતનો છે.

يُعَلِّمُهُمُ الْكِتٰبَ وَالْحِكْمَةَ અને એટલા માટે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, اِنَّمَا بُعِثْتُ مُعَلِّمًا એટલે કે, "હું તો મુઅલ્લિમ (શિખવાડનાર-શિક્ષક) બનાવીને મોકલવામાં આવ્યો છું." અને જ્યારે રસુલે કરીમ ﷺને કુર્આનના અર્થો વર્ણન કરવા અને તેની તા'લીમ માટે મોકલવામાં આવ્યા ત્યારે તેમણે ઉમ્મતને જે નિવેદનો અને પ્રવૃત્તિઓ દ્વારા શિક્ષણ આપ્યું તે જ નિવેદનો અને પ્રવૃત્તિઓનું નામ "હદીષ" છે.

રસૂલે કરીમ ﷺની હદીષોને સમૂળગી અસુરક્ષિત કહેનારા વાસ્તવમાં કુર્આનને અસુરક્ષિત કહે છે :

જે લોકો આજકાલ દુનિયાને એવા ભ્રમમાં નાંખવા ઇચ્છે છે કે હદીષોના સંગ્રહો જે પ્રમાણિત કિતાબોમાં મોજૂદ છે તે એટલા માટે ભરોસાપાત્ર નથી કે તે રસૂલે કરીમ ﷺથી ઘણા પાછળના યુગમાં સંપાદિત કરવામાં આવ્યા છે.

પ્રથમ તો એવું કહેવું સાચું નથી, કારણ કે હદીષની સુરક્ષા અને તેનું લેખિત સંપાદન પોતે રસૂલે કરીમ ﷺના સમયકાળમાં જ શરૂ થઈ ચૂક્યું હતું, પાછળથી તેની પૂર્ણતા થઈ, તદુપરાંત રસૂલે કરીમ ﷺની હદીષ વાસ્તવમાં કુર્આનની તફસીર અને કુર્આનના અર્થો છે, તેની સુરક્ષા અલ્લાહ તઆલાએ પોતાના જિમ્મે લીધી છે, પછી એ કેવી રીતે બની શકે છે કે કુર્આનના ફક્ત શબ્દો સુરક્ષિત રહી જાય અને અર્થો (એટલે કે રસૂલે કરીમ ﷺની હદીષો)નો નાશ થઈ જાય ?

આયતો : (સૂરએ હિજ્ર : આયત નં. ૧૦ થી ૧૫)

وَلَقَدْ اَرْسَلْنَا مِنْ قَبْلِكَ فِيْ شِيَعِ الْاَوَّلِيْنَ ﴿١٠﴾ وَمَا يَأْتِيْهِمْ مِّنْ رَّسُوْلٍ اِلَّا
كَانُوْا بِهٖ يَسْتَهْزِءُوْنَ ﴿١١﴾ كَذٰلِكَ نَسْلُكُهٗ فِيْ قُلُوْبِ الْمُجْرِمِيْنَ ﴿١٢﴾ لَا يُؤْمِنُوْنَ بِهٖ وَقَدْ
خَلَتْ سُنَّةُ الْاَوَّلِيْنَ ﴿١٣﴾ وَلَوْ فَتَحْنَا عَلَيْهِمْ بَابًا مِّنَ السَّمَآءِ فَظَلُّوْا فِيْهِ يَعْرُجُوْنَ ﴿١٤﴾
ع ١٥ لَقَالُوْٓا اِنَّمَا سُكِّرَتْ اَبْصَارُنَا بَلْ نَحْنُ قَوْمٌ مَّسْحُوْرُوْنَ ﴿١٥﴾

તરજુમો :

અને અમે તમારાથી અગાઉ આગલા વર્ગોમાં રસૂલ મોકલી ચૂક્યા છે. (૧૦) અને તેમની પાસે કોઈ રસૂલ નથી આવતો પરંતુ તેની હસી-મજાક કરતા રહે છે. (૧૧) એ જ પ્રમાણે અમે તેને ગુનેહગારોના દિલમાં બેસાડી દઈએ છીએ. (૧૨) તેના ઉપર યકીન (ઈમાન) લાવશે નહીં અને આગલાઓની આ રસમ ચાલી આવી છે. (૧૩) અને જો અમે તેમના ઉપર

આસમાનથી દરવાજો ખોલી દઈએ અને આખો દિવસ તેમાં ચઢતા રહે, (૧૪) તો પણ એવું જ કહેશે કે અમારી નજરબંધી કરી છે, નહીં ! બલકે અમો લોકો ઉપર જાદૂ થયો છે. (૧૫)

શબ્દાર્થ :

اَلشِّيَعُ (અશ્શિયઅ્) એ شِيْعَةٌ (શીઆ)નું બહુવચન છે જેનો અર્થ કોઈ વ્યક્તિના અનુયાયી અથવા સહાયકનો પણ થાય છે અને એવા ફિરકાને પણ શીઆ કહેવામાં આવે છે જે ખાસ માન્યતા અને વિચારસરણી ઉપર સહમતી ધરાવતા હોય, ભાવાર્થ એ છે કે અમે દરેક કોમ અને દરેક વર્ગોમાં રસૂલ મોકલ્યા, તેમાં શબ્દ اِلٰى (ઈલા)ના બદલે فِىْ شِيَعِ الْاَوَّلِيْنَ (ફી શીયઈલ અવ્વલીન) કહીને એ તરફ પણ ઈશારો કરવામાં આવ્યો છે કે દરેક વર્ગોના રસૂલ તે જ વર્ગના લોકોમાંથી મોકલવામાં આવ્યા જેથી લોકોને તેમના ઉપર ભરોસો કરવો સરળ થાય અને તેઓ પણ તેમના સ્વભાવ અને પ્રકૃતિથી વાકેફ થઈને તેમની સુધારણા માટે યોગ્ય આયોજન કરી શકે.

તફસીર :

અને (હે મુહમ્મદ ﷺ ! આપ તેમના જૂઠાડવાનો ગમ ન કરો, કારણ કે આ વ્યવહાર અંબિયા અલૈ. સાથે હંમેશા થતો ચાલ્યો આવ્યો છે એટલા માટે) અમે તમારાથી અગાઉ પણ પયગમ્બરોને આગલા લોકોના ઘણા બધા સમૂહોમાં મોકલ્યા હતા, (અને તેમની એવી હાલત હતી કે) કોઈ રસૂલ તેમની પાસે એવો નથી આવ્યો જેની સાથે તેમણે ઠઠ્ઠો-મશ્કરી ન કરી હોય, (જે જૂઠાડવાની એક અત્યંત ધૃણાસ્પદ પ્રવૃત્તિ અને પ્રકાર છે, બસ જે પ્રમાણે તે લોકોના દિલોમાં આ ઠઠ્ઠો-મશ્કરી પેદા થઈ હતી) એ જ પ્રમાણે અમે આ ઠઠ્ઠા-મશ્કરી તે મુજરિમો (એટલે કે મક્કાના કાફિરો)ના દિલોમાં નાંખી આપીએ છીએ (જેના કારણે) આ લોકો કુર્આન ઉપર ઈમાન નથી લાવતા અને આ રિવાજ પહેલેથી જ ચાલ્યો આવે છે (કે અંબિયા અલૈ.ને જૂઠાડતા રહે છે બસ, તમે દિલગીર ન થાઓ) અને (તેમની દુશ્મનાવટનું સ્વરૂપ તો એવું છે કે ફરિશ્તાઓનું આસમાનથી આવવું તો એક બાજુએ રહ્યું તેનાથી વધીને) જો (પોતે તેમને આસમાન ઉપર મોકલી દેવામાં આવે એ પ્રમાણે કે) અમે તેમના માટે આસમાનમાં કોઈ દરવાજો ખોલી આપીએ

પછી તેઓ દિવસના સમયે (જેમાં ઊંઘ કે સ્વપ્ન હોવાની પણ કોઈ શંકા ન રહે) તે (દરવાજા)માં(થી આસમાને) ચઢી જાય તો પણ એવું કહી આપે કે અમારી નજરબંધી કરવામાં આવી હતી (જેનાથી અમે પોતાને આસમાન ઉપર ચઢેલા જોઈ રહ્યા છીએ અને વાસ્તવમાં અમે ચઢી નથી રહ્યા અને નજરબંધીમાં આ ઘટનાની કોઈ ખાસિયત નથી) બલકે, અમારા લોકો ઉપર તો બિલકુલ જાદૂ કરી રાખ્યો છે (જો અમને આનાથી પણ વધીને કોઈ મોઅ્જિઝો બતાવવામાં આવશે તો પણ તે વાસ્તવમાં કોઈ મોઅ્જિઝો હશે નહીં).

આયત : (સૂરએ હિજ્ર : આયત નં. ૧૬)

وَلَقَدْ جَعَلْنَا فِي السَّمَاءِ بُرُوجًا وَزَيَّنَّاهَا لِلنَّاظِرِينَ ﴿١٦﴾

તરજુમો :

અને અમે આસમાનમાં બુર્જ બનાવ્યા છે અને તેને જોનારાઓની નજરમાં રોનક આપી. (૧૬)

તફસીર :

(પાછલી આયતોમાં ઈન્કારીઓની હઠધર્મી અને દુશ્મનાવટનું વર્ણન હતું, આ આયતોમાં જે આગળ આવી રહી છે અલ્લાહ જલ્લ શા'નુહૂના અસ્તિત્વ તવહીદ, જ્ઞાન અને શક્તિની સ્પષ્ટ દલીલો, આસમાન અને પૃથ્વી અને સમગ્ર અવકાશ અને વિશ્વની મખ્લૂક–સર્જનની પરિસ્થિતિઓને તેના તાદષ્ય અનુભવ દ્વારા વર્ણન કરવામાં આવી છે જેમાં થોડું પણ ચિંતન કરવામાં આવે તો કોઈપણ બુદ્ધિશાળીને ઈન્કાર કરવાની મજાલ રહેતી નથી. ઈરશાદ છે,)

અને બેશક ! અમે આસમાનોમાં મોટા–મોટા તારાઓ પેદા કર્યા અને જોનારાઓ માટે આસમાનને (તારાઓથી શણગારી) સુશોભિત કર્યું.

મસ્અલા અને બોધપાઠ :

بُرُوجًا (બુરૂજન) એ بُرْج (બુર્જ)નું બહુવચન છે જે મોટા–મોટા મહેલો અને કિલ્લાઓ માટે પણ બોલવામાં આવે છે, વિવરણકાર ઈમામો મુજાહિદ,

કતાદહ, અબૂ સાલિહ (રહ.) વગેરેએ આ સ્થળે "બુરૂજ"ની તફસીર "મોટા તારાઓ"થી કરી છે અને આ આયતમાં જે મોટા તારાઓને આસમાનમાં પેદા કરવાનો ઈશારો છે; અત્રે આસમાનનો ભાવાર્થ "આકાશ" છે જેને આધુનિક પરિભાષામાં "અવકાશ" (ખલાઅ્) કહેવામાં આવે છે અને શબ્દ سَمَاءٌ (સમાઅ્)નો બંને અર્થમાં ઉપયોગ પ્રચલિત છે, એટલા માટે દૂર સુધી વિસ્તરેલ ભૌતિક અવકાશને પણ "સમાઅ્" કહેવામાં આવે છે અને આ આકાશની ઘણી નીચે વિસ્તરેલ અવકાશને પણ કુર્આને કરીમે અનેક ઠેકાણે શબ્દ "સમાઅ્"થી ઓળખાવ્યું છે અને ગ્રહો તથા તારાઓનું આસમાનની અંદર નહીં બલકે, અવકાશમાં હોવા વિશેનું સંપૂર્ણ સંશોધન અને ચર્ચા કુર્આને કરીમની આયતોથી વળી પ્રાચીન અને આધુનિક ખગોળશાસ્ત્રના સંશોધનો દ્વારા ઈન્શાઅલ્લાહ સૂરએ ફુરકાનની આયત નં.૧૬ تَبَارَكَ الَّذِىْ جَعَلَ فِى السَّمَآءِ بُرُوْجًا وَّجَعَلَ فِيْهَا سِرَاجًا وَّقَمَرًا مُّنِيْرًا ની તફસીરમાં આવશે.

આયતો : (સૂરએ હિજ્ર : આયત નં. ૧૭-૧૮

وَحَفِظْنٰهَا مِنْ كُلِّ شَيْطٰنٍ رَّجِيْمٍ ﴿١٧﴾ اِلَّا مَنِ اسْتَرَقَ السَّمْعَ فَاَتْبَعَهٗ شِهَابٌ مُّبِيْنٌ ﴿١٨﴾

તફસીર :

અને અમે તેને દરેક શયતાન મરદૂદથી સુરક્ષિત રાખ્યું. (૧૭) પરંતુ જે ચોરીથી સાંભળીને નાઠો બસ તેની પાછળ ચમકતો અંગારો પડયો. (૧૮)

તફસીર :

આસમાનને (તારાઓ દ્વારા) દરેક શયતાન મરદૂદથી સુરક્ષિત કરી દીધું (કે ત્યાં સુધી તેની પહોંચ હોતી નથી) હા ! પરંતુ કોઈ વાત (ફરિશ્તાઓની) ચોરી-છુપે સાંભળીને ભાગે તો તેની પાછળ એક પ્રકાશિત ભડકો થાય છે (અને તેની અસરથી તે શયતાન હલાક અથવા બેહોશ થઈ જાય છે).

મસ્અલા અને બોધપાઠ :

(The Meteor) ખરતા તારા-ઉલ્કાપાત :

આ આયતોથી એક બાબત તો એ સાબિત થઈ કે શયતાનોની પહોંચ

આસમાનો સુધી હોઈ શકતી નથી, ઈબ્લીસ મરદૂદનું હઝરત આદમ (અલૈ.)ની પેદાઈશના સમયે આસમાનોમાં હોવું અને હઝરત આદમ (અલૈ.) તથા હવ્વા (અલૈ.)ને ધોકામાં નાંખવું વગેરે, આ બધું હઝરત આદમ (અલૈ.)ના જમીન ઉપર ઊતરતા પહેલાંની ઘટનાઓ છે, તે સમય સુધી જિન્નાત અને શયતાનોની આસમાનમાં પ્રવેશની મનાઈ ન હતી, હઝરત આદમ (અલૈ.)ને ઉતાર્યા પછી અને શયતાનને બહાર કાઢી મૂક્યા પછી આ પ્રવેશની મનાઈ થઈ ગઈ, સૂરએ જિન્નની આયતમાં આ ઉપસ્થિત છે, إِنَّا كُنَّا نَقْعُدُ مِنْهَا مَقَاعِدَ لِلسَّمْعِ فَمَن يَسْتَمِعِ الْآنَ يَجِدْ لَهُ شِهَابًا رَّصَدًا તેનાથી એ જાણ થાય છે કે રસૂલે કરીમ ﷺની બઅૂષતથી પહેલાં સુધી શયતાનો આસમાનોની ખબરો ફરિશ્તાઓની પરસ્પરની વાતચીતથી સાંભળી લેતા હતા, તેનાથી એ જરૂરી નથી થતું કે શયતાનો આસમાનમાં પ્રવેશ કરીને આ સાંભળતા હતા. نَقْعُدُ مِنْهَا مَقَاعِدَ ના શબ્દોથી પણ એ અર્થ હોઈ શકે છે કે ચોરોની જેમ આસમાની અવકાશમાં જ્યાં અમુક અવકાશી પદાર્થો હોય છે ત્યાં સંતાઈને બેસી જતા હોય અને સાંભળી લેતા હોય એ શક્ય છે અને આ શબ્દોથી પોતે પણ એ જ જાહેર થાય છે કે નબીએ કરીમ ﷺની બઅૂષત પહેલાં પણ જિન્નાતો અને શયતાનોનો આસમાનોમાં પ્રવેશ પ્રતિબંધિત જ હતો પરંતુ અમુક અવકાશી પદાર્થો સુધી પહોંચીને ચોરી-છુપે કંઈક સાંભળી લેતા હતા, નબીએ કરીમ ﷺની બઅૂષત પછી વહીની સુરક્ષાની એ વધારે યોજના બની કે શયતાનોની આ ચોરીને પણ સળગતા અંગારાથી રોકી લેવામાં આવી.

રહ્યો એ સવાલ કે આસમાનોની અંદર ફરિશ્તાઓની વાતચીતને આસમાનોથી બહાર શયતાનો કઈ રીતે સાંભળી શકતા હતા ? બસ આ કોઈ અશક્ય વસ્તુ નથી, શક્ય છે કે અવકાશી પદાર્થો અવાજને અવરોધતા ન હોય અને એ પણ શક્ય છે કે ફરિશ્તાઓ કોઈ સમયે આસમાનોથી નીચે ઊતરીને પરસ્પર એવી વાતચીત કરતા હોય જેને શયતાનો સાંભળીને ભાગતા હોય, સહીહ બુખારીમાં હઝરત આયશા સિદ્દીકા (રદિ.)ની હદીષથી તેનું સમર્થન થાય છે કે ફરિશ્તાઓ આસમાનની નીચે જ્યાં વાદળો હોય છે ક્યારેક કોઈ સમયે અહીંયાં સુધી ઊતરે છે અને આસમાની ખબરોની પરસ્પર ચર્ચા કરે છે, શયતાનો તે જ અવકાશમાં છુપાઈને આ ખબરો સાંભળતા હતા જેને સળગતા અંગારાઓ

દ્વારા બંધ કરવામાં આવ્યા, તેની સંપૂર્ણ વિગત ઈન્શાઅલ્લાહ સૂરએ જિન્નમાં اَنَّا كُنَّا نَقْعُدُ مِنْهَا مَقَاعِدَ لِلسَّمْعِ (૭૨:૯)ની તફસીરમાં આવશે.

બીજો મસ્અલો :

આ આયતમાં شِهَابٌ ثَاقِبٌ (શિહાબ)નો શબ્દ છે, કુર્આને કરીમના ફરમાનથી જાણ થાય છે કે આ "શિહાબ" (અંગારા) વહીની હિફાઝત માટે શયતાનોને મારવા માટે પેદા થાય છે, તેના દ્વારા શયતાનોને ભગાડવામાં આવે છે જેથી તેઓ ફરિશ્તાઓની વાતો ન સાંભળે.

તેમાં એક શંકા એ થાય છે કે અવકાશમાં અંગારાઓનું અસ્તિત્વ કોઈ નવી વસ્તુ નથી, રસૂલે કરીમ ﷺની બઅ્ષત પહેલાં પણ ખરતા તારાઓ નજરે જોવામાં આવતા હતા અને ત્યાર પછી પણ આ ક્રમ સતત ચાલુ જ છે તો એ કેવી રીતે શક્ય હોઈ શકે છે કે ખરતા તારાઓ શયતાનને ભગાડવા માટે પેદા થાય છે કે જે નબીએ કરીમ ﷺના સમયકાળની વિશેષતા છે ? એનાથી દેખીતી રીતે એ જ વાતને મજબૂતી પ્રદાન થાય છે જે ખગોળશાસ્ત્રીઓનો મત છે કે ખરતા તારાઓની વાસ્તવિકતા એટલી જ છે કે સૂર્યની ગરમીથી (રસાયણોની) જે બાષ્પ જમીનમાંથી ઊંચે જાય છે તેમાં અમુક જ્વલનશીલ પદાર્થો પણ હોય છે, ઉપર જઈને જ્યારે તેને સૂર્ય અથવા કોઈ અન્ય કારણે વધારે ગરમી મળે છે તો તે સળગી ઉઠે છે અને જોનારાઓને એવી અનુભૂતિ થાય છે કે કોઈ તારો ખર્યો છે, એટલા માટે રૂઢિપ્રયોગમાં પણ તેને "તારો ખરવો" જ કહેવામાં આવે છે, અરબી ભાષામાં પણ તેના માટે اِنْقِضَاضِ كَوْكَبٌ ના શબ્દનો ઉપયોગ થયો છે જે તેનો જ સમાનાર્થી છે.

જવાબ એ છે કે આ બંને વાતોમાં કોઈ વિરોધાભાસ કે વાંધો નથી, જમીનથી ઉપરથી ઊઠનાર બાષ્પ સળગી ઊઠે એ પણ શક્ય છે અને એ પણ કોઈ દૂરની વાત નથી કે કોઈ તારા અથવા ગ્રહમાંથી કોઈ અંગારો નીકળીને ખરે (ઉલ્કાપાત થાય) અને એવું થવું સામાન્ય રીતે હંમેશાથી થતું રહ્યું હોય પરંતુ નબીએ કરીમ ﷺની બઅ્ષત પહેલાં આ અંગારાઓ (ઉલ્કાપાત)થી કોઈ કામ લેવામાં ન આવ્યું હોય અને આપ ﷺની બઅ્ષત પછી તે ખરતા તારાઓના અંગારાઓથી એ કામ લેવામાં આવ્યું હોય કે શયતાનો ફરિશ્તાઓની જે વાતો

ચોરી છુપે સાંભળવા ઇચ્છે તેમને આ અંગારાઓથી મારવામાં આવે.

અલ્લામહ આલૂસી (રહ.)એ રૂહુલ મઆનીમાં આ જ ખુલાસો વર્ણન કર્યો છે અને નકલ કર્યું છે કે હદીષના ઇમામ ઝહરી (રહ.)ને કોઈએ પૂછ્યું કે શું રસૂલે કરીમ ﷺની બઅ્ષત પહેલાં પણ તારાઓ ખરતા હતા ? ફરમાવ્યું કે હા! તેના ઉપર તેણે સૂરએ જિન્નની પ્રસ્તુત આયત વાંધા સ્વરૂપે રજુ કરી તો ફરમાવ્યું કે ખરતા તારાઓ તો પ્રથમથી જ હતા પરંતુ બઅ્ષતે નબવી (રહ.) પછી જ્યારે શયતાન ઉપર કડકાઈ કરવામાં આવી ત્યારે તેનાથી શયતાનને ભગાડવાનું કામ લેવામાં આવ્યું.

સહીહ મુસ્લિમની એક હદીષમાં હઝરત ઇબ્ને અબ્બાસ (રદિ.)થી પોતે રસૂલે કરીમ ﷺનું આ ફરમાન મોજૂદ છે કે આપ ﷺ સહાબા (રદિ.)ની એક સભામાં ઉપસ્થિત હતા કે એક તારો ખર્યો, આપ ﷺએ પૂછ્યું કે તમે અજ્ઞાનતાના કાળમાં એટલે કે ઇસ્લામથી પહેલાં આ તારાઓ ખરવાને શું સમજ્યા કરતા હતા ? લોકોએ કહ્યું કે અમે એવું સમજ્યા કરતા હતા કે દુનિયામાં કોઈ મોટી ઘટના ઉત્પન્ન થવાની છે અથવા કોઈ મોટો વ્યક્તિ મૃત્યુ પામશે અથવા પેદા થશે, આપ ﷺએ ફરમાવ્યું કે આ ખોટો વિચાર છે, તેને કોઈના મૃત્યુ અથવા જીવવાથી કોઈ સંબંધ નથી, આ અંગારાઓ તો શયતાનને ભગાડવા માટે ફેંકવામાં આવે છે.

ઉપરોક્ત ચર્ચાનો ખુલાસો એ છે કે ખરતા તારાઓ વિશે જે કંઈ પણ ખગોળશાસ્ત્રીઓએ કહ્યું છે તે પણ કુર્આનનું વિરોધાભાસી નથી અને એ પણ કંઈ દૂર નથી કે આ અંગારાઓ સીધે-સીધા ગ્રહોમાંથી તોડીને ફેંકવામાં આવ્યા હોય, કુર્આનનો મકસદ બંને સ્વરૂપોમાં ચોખ્ખો અને સ્પષ્ટ છે.

[સકળ બ્રહ્માંડમાં કરોડો પ્રકારના અવકાશી પદાર્થો અસ્તિત્વ ધરાવે છે જેમાં સૂર્ય, ચંદ્ર, આકાશગંગા, તારાઓ, ગ્રહો, નિહારીકાઓ ઉપરાંત અસંખ્ય પ્રકારના વાયુઓ તથા અન્ય દૃષ્ય-અદૃષ્ય પદાર્થો અસ્તિત્વ ધરાવે છે, દરેકનું બંધારણ, ગુરૂત્વાકર્ષણ, ગતિઓ, અવકાશમાં તેનું સ્થાન વગેરે એક સુનિશ્ચિત અને સમવાયી વિરાટ વિશ્વમાં નક્કી હોય છે, ખગોળશાસ્ત્રના મતે ખરતા

તારાઓ એટલે કે જેને સામાન્ય રીતે ઉલ્કાઓ કહેવામાં આવે છે એ અવકાશી પદાર્થોમાંથી અવકાશમાં છૂટા પડેલા રજકણો અથવા કોઈ માર્ગ ભટકેલ અવકાશી પદાર્થો હોય છે જે પૃથ્વીના ગુરૂત્વાકર્ષણના કારણે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશતાં હવાના ઘર્ષણથી સળગી ઉઠે છે જેને ઉલ્કા અથવા ખરતા તારા તરીકે સામાન્ય રીતે ઓળખવામાં આવે છે.

કુર્આને કરીમમાં જે "શિહાબ" એટલે કે સળગતા અંગારાનું વર્ણન છે શક્ય છે કે તે આ ઉલ્કાપિંડો પણ હોય જેનો ખુલાસો ઉપરોક્ત તફસીરમાં આવી ચૂક્યો છે અને એ પણ શક્ય છે કે આ "શિહાબ" કે જેના દ્વારા શયતાનોને ભગાડવામાં આવે છે તે કોઈ એવા અવકાશી પદાર્થો હોય શકે છે કે જેને ખગોળશાસ્ત્ર સંપૂર્ણ રીતે સમજાવી શકવા અસમર્થ હોય, કારણ કે કરોડો-અબજો અવકાશી પદાર્થોનો તાગ હજુ સુધી ખગોળશાસ્ત્ર પણ સંપૂર્ણ રીતે મેળવી શક્યું નથી, તેણે ખરતા તારાઓ અથવા ઉલ્કાઓ વિશે જે થિયરી રજુ કરી છે તે માત્ર એક થિયરી છે અને સાયન્સ કે અવકાશ વિજ્ઞાનમાં કોઈ થિયરી કાયમી ધોરણે કોઈ સનાતન સત્ય નથી હોતી, જો કે ઉલ્કાઓ વિશે તેમની થિયરી પણ સાચી છે પરંતુ સાથે-સાથે એ પણ શક્ય છે કે ખરતા તારાઓ એ માત્ર ખરતા ઉલ્કાપિંડો અથવા પૃથ્વીના ગુરૂત્વાકર્ષણ દ્વારા આકર્ષાઈને આવતા પ્રકાશિત પદાર્થો જ ન હોય બલકે અવકાશમાં નજરે પડતા પ્રકાશના તેજ લિસોટા ખરતી ઉલ્કાઓના કારણે પણ થતા હોઈ શકે છે અને એ પણ શક્ય છે કે તે કોઈ તેના જ સમકક્ષ કોઈ એવા જ તેજ લિસોટાવાળો અંગારા સ્વરૂપનો પદાર્થ હોય કે જેને કુર્આને "શિહાબ" કહ્યો છે અને તે શયતાનોને ભગાડવા માટે મારવામાં આવતા હોય શકે છે અને આ "શિહાબ" ખરતા તારાઓની સમકક્ષ હોવાના કારણે તેને પણ સામાન્ય પરિભાષામાં "ઉલ્કા" અથવા "ખરતા તારા" કહેવામાં આવતા હોય શકે છે. -અનુવાદક]

આયતો : (સૂરએ હિજ્ર : આયત નં. ૧૯ થી ૨૫)

وَالْأَرْضَ مَدَدْنٰهَا وَأَلْقَيْنَا فِيْهَا رَوَاسِيَ وَأَنْبَتْنَا فِيْهَا مِنْ كُلِّ شَيْءٍ مَّوْزُوْنٍ ﴿١٩﴾
وَجَعَلْنَا لَكُمْ فِيْهَا مَعَايِشَ وَمَنْ لَّسْتُمْ لَهُ بِرٰزِقِيْنَ ﴿٢٠﴾ وَإِنْ مِّنْ شَيْءٍ إِلَّا عِنْدَنَا
خَزَآئِنُهُ وَمَا نُنَزِّلُهُ إِلَّا بِقَدَرٍ مَّعْلُوْمٍ ﴿٢١﴾ وَأَرْسَلْنَا الرِّيٰحَ لَوَاقِحَ فَأَنْزَلْنَا مِنَ السَّمَآءِ
مَآءً فَأَسْقَيْنٰكُمُوْهُ وَمَا أَنْتُمْ لَهُ بِخٰزِنِيْنَ ﴿٢٢﴾ وَإِنَّا لَنَحْنُ نُحْيٖ وَنُمِيْتُ وَنَحْنُ
الْوٰرِثُوْنَ ﴿٢٣﴾ وَلَقَدْ عَلِمْنَا الْمُسْتَقْدِمِيْنَ مِنْكُمْ وَلَقَدْ عَلِمْنَا الْمُسْتَأْخِرِيْنَ ﴿٢٤﴾ وَإِنَّ
رَبَّكَ هُوَ يَحْشُرُهُمْ إِنَّهُ حَكِيْمٌ عَلِيْمٌ ﴿٢٥﴾

તરજુમો :

અને અમે જમીનને ફેલાવી અને તેમાં ભાર (પહાડો) રાખી દીધા અને તેમાં દરેક વસ્તુ પ્રમાણસર ઉગાડી. (૧૯) અને તમારા માટે તેમાં જીવન નિર્વાહનો સામાન બનાવી દીધો અને તે વસ્તુઓ જેમને તમે રોજી નથી આપતા. (૨૦) અને દરેક વસ્તુના અમારી પાસે ખજાના છે અને અમે તેને નિશ્ચિત પ્રમાણમાં ઉતારીએ છીએ. (૨૧) અને અમે રસભરી હવાઓ ચલાવી, પછી અમે આસમાનથી પાણી ઉતાર્યું પછી તે તમને પીવાડયું અને તમારી પાસે તેના ખજાના નથી. (૨૨) અને અમે જ છે જીવાડનારા અને મારનારા અને અમે જ છે પાછળ રહેનારા. (૨૩) અને અમે તમારામાંથી આગળ વધનારાઓને જાણી રાખ્યા છે અને પાછળ રહેનારાઓને જાણી રાખ્યા છે. (૨૪) અને તમારો પરવરદિગાર તે જ તેમને એકઠા કરી લાવશે, બેશક ! તે જ હિકમતોવાળો સઘળું જાણનાર છે. (૨૫)

તફસીર :

અને અમે પૃથ્વીને ફેલાવી દીધી અને તે (જમીન)માં ભારે-ભારે પહાડો નાંખી દીધા અને તેમાં દરેક પ્રકારને (જરૂરિયાતોનું ઉત્પાદન) એક નક્કી માત્રામાં ઉગાડયું અને અમે તમારા માટે તે (પૃથ્વી)માં જીવન નિર્વાહનો સામાન બનાવ્યો

(જેમાં જીવન જરૂરિયાતની બધી જ વસ્તુઓ સામેલ છે જેમકે ખાવા-પીવા, પહેરવા-ઓઢવા, રહેવા-સહેવા સંબંધી બધી જ વસ્તુઓ અને આ જીવન જરૂરિયાતનો સામાન ફક્ત તમને જ નથી આપ્યો, બલકે) તેમને પણ આપ્યો જેમને તમે રોજી નથી આપતા (એટલે કે તે બધી જ મખ્લૂકો જે જાહેરમાં પણ તમારા હાથથી ખાતી-પીતી નથી અથવા જીવન નિર્વાહનો સામાન પ્રાપ્ત કરતી નથી, દેખીતી રીતે આ એટલા માટે કહેવામાં આવ્યું કે ઘરના પાલતું ગાય, બકરી, ભેંસ, ઘોડા, બળદ, ગધેડા વગેરે પણ વાસ્તવમાં પોતાની રોજી અને જીવન નિર્વાહનો સામાન અલ્લાહ તઆલા તરફથી જ મેળવે છે પરંતુ જાહેર સ્વરૂપમાં તેમનો ખોરાક અને વ્યવસ્થા માસણના હાથમાં હોય છે, તે ઉપરાંત દુનિયાના દરેક ભૂચળ, જળચર, ખેચર અને હિંસક પ્રાણીઓ એવા પણ છે જેના જીવન નિર્વાહનો સામાન કોઈ માણસના હાથમાં નથી અથવા તો તેની કોઈ તેમાં દખલગીરી નથી, ન જ તેની તેમાં કોઈ શક્તિ છે અને આવા જાનવરો અસંખ્ય અને અગણિત છે કે માનવ તેને ઓળખી પણ નથી શકતો, ન જ તેને ગણી શકે છે) અને જેટલી વસ્તુઓ (જીવનની જરૂરિયાતો સાથે સંબંધ ધરાવે) છે અમારી પાસે બધાના ખજાનાઓ (ભરેલા પડ્યા) છે અને અમે (પોતાની ખાસ હિકમત પ્રમાણે) તે (વસ્તુઓ)ને એક નક્કી પ્રમાણમાં ઉતારતા રહીએ છીએ અને અમે જ હવાઓને મોકલતા રહીએ છીએ જેઓ વાદળને પાણીથી ભરી આપે છે, પછી અમે જ આસમાનથી પાણી વરસાવીએ છીએ પછી તે પાણી તમને પીવા માટે આપીએ છીએ અને તમે તેનો સંગ્રહ કરીને રાખનારા ન હતા (કે હવે પછી થનાર વરસાદ સુધી તેના સંગ્રહનો ઉપયોગ કરતા રહો) અને અમે જ છે કે સજીવન કરીએ છીએ અને મૃત્યુ આપીએ છીએ અને (સૌના મર્યા પછી) અમે જ બાકી રહી જવાના છે અને અમે જ જાણીએ છીએ તમારાથી આગળ જનારાઓને અને અમે જાણીએ છીએ પાછળ રહેનારાઓને અને બેશક ! તમારો પરવરદિગાર જ આ બધી વસ્તુઓને (કયામતમાં) એકઠી કરશે, (આ એટલા માટે ફરમાવ્યું કે ઉપર તવહીદ સાબિત થઈ છે તેમાં તવહીદનો ઇન્કાર કરનારાઓની સજા તરફ ઈશારો કરવામાં આવ્યો છે) બેશક ! તે હિકમતવાળો છે (દરેક વ્યક્તિને તેનો યોગ્ય બદલો આપશે અને) જ્ઞાનવાળો છે (બધાના કર્મોની તેને સંપૂર્ણ ખબર છે).

મસ્અલા અને બોધપાઠ :

અલ્લાહની હિકમત જીવન નિર્વાહની આવશ્યકતા માટે યોગ્ય અને પ્રમાણસર હોય છે :

مِنْ كُلِّ شَىْءٍ مَّوْزُوْنٍ નો એક ભાવાર્થ તો એ જ છે જે તેના તરજુમામાં લેવામાં આવ્યો છે કે હિકમતના તકાદા પ્રમાણે દરેક ઊગનાર વસ્તુ એક નક્કી પ્રમાણમાં ઊગાડી જેમાં ઓછું થઈ જાય તો જીવનમાં મુશ્કેલીઓ ઊભી થાય અને વધારે પ્રમાણમાં થાય તો પણ મુશ્કેલીઓ પેદા કરે, મનુષ્યની જરૂરત પ્રમાણેના ઘઉં તથા ચોખા વગેરે અને ઉત્તમ કક્ષાના ફળો જો એટલા વધારે પ્રમાણમાં ઉત્પન્ન થાય કે માનવી અને પ્રાણીઓના ખાવા-પીવા પછી પણ ઘણું બધું બચી રહે તો દેખીતું છે કે તે સડવા માંડશે અને તેનો સંગ્રહ કરવો પણ મુશ્કેલ થશે અને ફેંકવા માટે પણ જગ્યા નહીં રહે.

આથી જાણ થઈ કે અલ્લાહ તઆલાની કુદરતમાં તો એ પણ હતું કે જે દાણાઓ અને ફળો ઉપર માનવીની જિંદગી અવલંબિત છે તેને એટલા વધારે પ્રમાણમાં ઉત્પન્ન કરી આપે કે દરેક વ્યક્તિને દરેક સ્થળે મફતમાં મળ્યા કરે અને નચિંત થઈને તેનો ઉપયોગ કર્યા પછી પણ તેના મોટા-મોટા ઢગલાઓ પડ્યા રહે પરંતુ એવું થવું માનવી માટે અઝાબ બની ગયું હોત, એટલા માટે આ આવશ્યક વસ્તુઓને એક ચોક્કસ પ્રમાણમાં ઉતારવામાં આવી કે તેની કદર અને કિંમત પણ બાકી રહે અને તે વધારાનું બેકાર બચેલું પણ ન રહે.

અને مِنْ كُلِّ شَىْءٍ مَّوْزُوْنٍ નો એક ભાવાર્થ એ પણ હોઈ શકે છે કે બધી ઊગનારી વસ્તુઓને અલ્લાહ તઆલાએ એક ખાસ પ્રમાણ અને યોગ્યતા સાથે ઉત્પન્ન કરી છે જેથી તેમાં ખૂબસૂરતી અને આકર્ષણ પેદા થાય છે, વિવિધ વૃક્ષોના થડો ડાળીઓ, પાંદડા, ફૂલ અને ફળ, વિવિધ કદ, વિવિધ સ્વરૂપ, વિવિધ રંગ અને વિવિધ સ્વાદના પેદા કરવામાં આવ્યા, જેના પ્રમાણસર અને ખૂબસૂરત અસ્તિત્વથી મનુષ્ય લાભ ઉઠાવે છે પરંતુ તેની હિકમતોની વિગતનો તાગ કોઈ માનવીના કાબૂની વાત નથી.

સમગ્ર મખ્લૂકને પાણી પહોંચાડવાનું અને પાણી સીંચનનું એક આશ્ચર્યજનક ઇલાહી તંત્ર :

وَاَرْسَلْنَا الرِّيَاحَ થી مَآاَنْتُمْ لَهٗ بِخَازِنِيْنَ સુધી અલ્લાહની કુદરતની તે

હિકમતપૂર્ણ વ્યવસ્થા તરફ ઈશારો છે જેના દ્વારા પૃથ્વી ઉપર વસનારા બધા જ માનવો, જાનવરો, પશુઓ, પક્ષીઓ, હિંસક પ્રાણીઓ માટે આવશ્યકતા અનુસાર પાણી પહોંચાડવાનું એવું વ્યવસ્થિત વ્યવસ્થાપનતંત્ર કાયમ કરવામાં આવ્યું છે કે દરેક વ્યક્તિને દરેક સ્થળે, દરેક પરિસ્થિતિમાં પોતાની આવશ્યકતા અનુસાર પીવા, નહાવા, ધોવા તથા ખેતી અને વૃક્ષોને સીંચવા માટે વિના કિંમતે પાણી મળી જાય છે અને જે કંઈ કોઈને કૂવા બનાવવામાં અથવા પાઈપ લગાવવામાં ખર્ચ કરવો પડે છે તે પોતાની સરળતા માટેની કિંમત છે, પાણીના એક ટીપાની કિંમત પણ કોઈ આપી નથી શકતું અને ન જ તે કોઈની પાસે માંગવામાં આવે છે.

આ આયતમાં પ્રથમ તો એ બાબતનું વર્ણન કરવામાં આવ્યું કે કેવી રીતે અલ્લાહ તબારક વ તઆલાની શક્તિ અને કુદરતથી સમંદરના પાણીને સમગ્ર પૃથ્વી ઉપર પહોંચાડવાની એક આશ્ચર્યજનક વ્યવસ્થા બનાવવામાં આવી છે કે સમંદરોના પાણીથી બાષ્પીભવન થઈને તેનાથી વરસાદના વાદળો પેદા થાય છે, ઉપરથી હવાઓ ચલાવી જેણે તેને વાદળના સ્વરૂપમાં પરિવર્તિત કરીને પાણીથી ભરેલા પહાડો જેવા જહાઝ બનાવી દીધા, પછી પાણીથી ભરભૂર તે જહાઝોને એટલે કે વાદળાઓને દુનિયાના દરેક ખૂણાઓમાં જ્યાં-જ્યાં પહોંચવાનું છે ત્યાં પહોંચાડી દીધા, ત્યાબાદ અલ્લાહના ફરમાન અનુસાર જે જમીન ઉપર જેટલું પાણી નાંખવાનો હુકમ છે તે પ્રમાણે આ સ્વયં સંચાલિત હવાઈજહાઝરૂપી વાદળોએ ત્યાં પાણી વરસાવી દીધું.

એ જ પ્રમાણે આ સમંદરોનું પાણી પૃથ્વીના ખૂણે-ખૂણામાં વસનારા મનુષ્યો અને પ્રાણીઓને ઘેર બેઠાં મળી જાય છે, આ જ વ્યવસ્થામાં એક આશ્ચર્યજનક પરિવર્તન પાણીના સ્વાદ અને બીજા સ્વરૂપોમાં ઉત્પન્ન કરવામાં આવે છે, કારણ કે સમંદરના પાણીને અલ્લાહ તઆલાએ પોતાની ઉચ્ચ કક્ષાની હિકમતથી અત્યંત ક્ષારયુક્ત ખારું બનાવ્યું છે કે હજારો ટન મીઠું તેમાંથી કાઢીને તેનો ઉપયોગ કરવામાં આવે છે, તેમાં એ પણ મહાન હિકમત છે કે આ મહાન પાણીના સ્ત્રોતો અને સમંદરોમાં કરોડો પ્રકારના જાનવરો રહે છે અને તેમાં જ મરે અને સડે છે અને સમગ્ર પૃથ્વીનું ગંદુ પાણી અંતે તેમાં જ ભેગું થાય છે અને આ પાણી મીઠું હોત તો તે એક દિવસે સડી ગયું હોત અને તેની દુર્ગંધ એટલી સખત હોત કે પૃથ્વીની સપાટી ઉપર રહેનારાઓની તંદુરસ્તી અને જીવન પણ

મુશ્કેલ બની ચૂક્યું હોત, એટલા માટે અલ્લાહ તઆલાએ તેને પોતાની કુદરતથી એવું તેજાબી ખારું બનાવ્યું કે દુનિયાભરની ગંદકીઓ તેમાં પહોંચીને નામશેષ થઈ જાય છે, મતલબ કે તેની હિકમતની બીના પર સમંદરનું પાણી ખારું બલકે કડવું બનાવવામાં આવ્યું જે પીવા માટેના કામમાં નથી આવી શકતું અને ન જ તેનાથી તરસ મટી શકે છે, કુદરતની વ્યવસ્થાએ જે પાણીના હવાઈ જહાઝ સ્વરૂપે વાદળો તૈયાર કર્યા તેને ફક્ત સમંદરી પાણીનો ખજાનો જ ન બનાવ્યો બલકે બાષ્પ ઉપર જવાથી લઈને જમીન ઉપર વરસાદ સ્વરૂપે વરસવા સુધી તેમાં એવા પરિવર્તનો કોઈપણ પ્રકારના જાહેર યંત્ર વિના ઉત્પન્ન કરી દીધા કે તે પાણી મીઠાની ખારાશથી અલગ થઈને પીવાલાયક મીઠું પાણી બની ગયું, ''સૂરએ મુરસલાત''માં એ તરફ ઈશારો કરવામાં આવ્યો છે.

وَاَسْقَيْنٰكُمْ مَّآءً فُرَاتًا (૭૭:૨૭) તેમાં શબ્દ فُرَاتٌ (ફુરાત)નો અર્થ એવું મીઠું પાણી થાય છે જેનાથી તરસ મિટાવી શકાય, તેનો ભાવાર્થ એ છે કે અમે વાદળોને કુદરતી યંત્રોમાંથી પસાર કરીને સમંદરના ખારા અને કડવા પાણીને તમારા પીવા માટે મીઠું બનાવ્યું.

સૂરએ વાકિઅહમાં આ જ વિશે ઈરશાદ થયો છે.

اَفَرَاَيْتُمُ الْمَآءَ الَّذِىْ تَشْرَبُوْنَ ءَاَنْتُمْ اَنْزَلْتُمُوْهُ مِنَ الْمُزْنِ اَمْ نَحْنُ الْمُنْزِلُوْنَ ۝ لَوْ

نَشَآءُ جَعَلْنٰهُ اُجَاجًا فَلَوْلَا تَشْكُرُوْنَ ۝

"વારું ! જુઓ તો પાણીને જે તમે પીઓ છો, શું વાદળોથી તમે ઉતાર્યું અથવા અમે ઉતારનારા છે ? જો અમે ઈચ્છીએ તો તેને ખારું કરી દઈએ, પછી કેમ તમે અહેસાન (ઉપકાર) નથી માનતા ?"

અહીંયાં સુધી તો અલ્લાહની કુદરતના તે ચમત્કારો બતાવ્યા કે સમંદરના ખારાં પાણીને મીઠા પાણીમાં પરિવર્તિત કરીને સંપૂર્ણ પૃથ્વી ઉપર વાદળો દ્વારા કેવી સુંદર વ્યવસ્થા સાથે પહોંચાડ્યું કે દરેક ખૂણામાં ન જ ફકત મનુષ્યોને બલકે તે જાનવરોને પણ જેનું મનુષ્યએ સંશોધન પણ નથી કર્યું અને તેને કોઈ જાણતું પણ નથી તેમને પોતાના સ્થળે પાણી પહોંચાડી આપ્યું અને તે પણ બિલકુલ મફતમાં બલકે જબરદસ્તી !

પરંતુ મનુષ્ય અને જાનવરોની સમસ્યા ફક્ત આટલી વાતથી હલ નથી થઈ જતી કારણ કે પાણી તેમની એવી આવશ્યકતા છે જેનો ઉપયોગ દરરોજ બલકે દરેક સમયે થાય છે, એટલા માટે તેની આવશ્યકતા દિન-બદિન પૂર્ણ કરવાની એક ખાસ પદ્ધતિ તો એ હતી કે દરેક સ્થળે વર્ષના બાર મહિના દરરોજ વરસાદ પડ્યા કરે પરંતુ આ સ્વરૂપમાં તેની પાણીની જરૂરિયાત તો દૂર થઈ જાત પરંતુ અન્ય જીવન જરૂરી આવશ્યકતાઓમાં ઘણી બધી દખલગીરી ઊભી થઈ હોત, તેનો અંદાજો કોઈપણ અનુભવી માટે લગાવવો મુશ્કેલ નથી, આખા વર્ષના દરેક દિવસે વરસતા વરસાદે તંદુરસ્તી ઉપર કેટલોય નકારાત્મક પ્રભાવ ઊભો કર્યો હોત, ઉપરાંત ધંધા અને રોજગાર માટે હરવા-ફરવામાં પણ ખૂબ ખલેલ ઊભી કરી હોત.

બીજી પદ્ધતિ એ હતી કે વર્ષ દરમિયાન ખાસ-ખાસ મહિનાઓમાં એટલો વરસાદ થઈ જાય કે તેનું પાણી બાકીના મહિનાઓ માટે પૂરતું થઈ જાય પરંતુ તેના માટે એવી જરૂરત હોત કે દરેક વ્યક્તિનો એક પાણીનો કોઠો (પ્રમાણ) નક્કી કરીને તેને સોંપી આપવામાં આવે કે તે પોતાના કોઠા અને હિસ્સાનું પાણી પોતે પોતાના રક્ષણ હેઠળ રાખે.

અંદાજો લગાવો કે જો આવું કરવામાં આવ્યું હોત તો દરેક વ્યક્તિ આટલી બધી ટાંકીઓ અથવા વાસણો વગેરે ક્યાંથી લાવ્યા હોત કે જેમાં ત્રણ કે છ માસની જરૂરિયાતનું પાણી ભેગું કરીને રાખી લે અને જો તે કોઈ રીતે એવું કરી પણ લે તો દેખીતું છે કે અમુક દિવસ પછી આ પાણી સડી જાય બલકે પીવા કે ઉપયોગ કરવાના પાત્ર પણ ન રહ્યું હોત, એટલા માટે અલ્લાહની કુદરતે તેને બાકી રાખવા માટે અને જરૂરિયાતના સમયે દરેક સ્થળે ઉપલબ્ધ કરવા માટે એક બીજા પ્રકારની આશ્ચર્યજનક વ્યવસ્થા ઊભી કરી કે જે પાણી વરસવાનું હોય છે તેનો અમુક ભાગ તો તાત્કાલિક વૃક્ષો, ખેતીઓ, મનુષ્યો અને પ્રાણીઓને પીવા માટે કામમાં આવી જ જાય છે, અમુક ખુલ્લા તળાવો અને સરોવરો વગેરેમાં સુરક્ષિત થઈ જાય છે તથા તેનો ઘણો મોટો ભાગ બરફ સ્વરૂપે સફેદ સમંદરો બનાવીને પહાડોના શિખરો ઉપર લાદી દેવામાં આવે છે, જ્યાં સુધી ન તો ધૂળ-કચરો પહોંચી શકે છે અને ન જ કોઈ ગંદકી વગેરે, પછી જો તે પાણી આ પ્રવાહી સ્વરૂપોમાં રહેતું હોત તો હવા દ્વારા અમુક ધૂળ-કચરો કે બીજી ગંદકીઓ તેમાં

ભળી જવાનો ભય રહ્યો હોત, પક્ષીઓ અને પ્રાણીઓનો તેમાં મૃત્યુ પામવાનો ભય રહ્યો હોત જેનાથી તે પાણી ખરાબ થઈ ગયું હોત પરંતુ કુદરતે તે પાણીના મહાન ખજાનાઓને સફેદ બરફના સમંદર બનાવીને પહાડો ઉપર લાદી દીધા જ્યાંથી થોડું-થોડું વહીને પહાડોના બોગદાંઓમાં સંચરી જાય છે અને પછી ઝરણાઓ સ્વરૂપે દરેક સ્થળે પહોંચી જાય છે અને જ્યાં આ ઝરણાઓ નથી પહોંચતા ત્યાં ભૂમિગત ઝરણાઓ અને વહેણો આ પાણી મનુષ્યની નસોની જેમ જમીનના પ્રત્યેક ખૂણામાં વહે છે અને કૂવા ખોદવાથી તે પ્રાપ્ત થવા લાગે છે.

ખુલાસો એ છે કે પાણી પહોંચાડવાના આ આશ્ચર્યજનક ઈલાહી તંત્રએ હજારો નેઅ્મતો પોતાના અંદર સમાવેલ છે, પ્રથમ તો પાણી પેદા કરવું જ એક મોટી નેઅ્મત છે, પછી વાદળો દ્વારા તેને જમીનના પ્રત્યેક ખૂણામાં પહોંચાડવું બીજી નેઅ્મત છે, પછી તેને મનુષ્યના પીવાપાત્ર બનાવી દેવું ત્રીજી નેઅ્મત છે, પછી મનુષ્યને તેના પીવાની તક આપવી ચોથી નેઅ્મત છે, ત્યારબાદ તે પાણીને આવશ્યકતા અનુસાર ભેગું કરી સુરક્ષિત રાખવાની મજબૂત વ્યવસ્થા પાંચમી નેઅ્મત છે, પછી મનુષ્યને તેના પીવા અને સીંચવાની દરેક તકો આપવી છઠ્ઠી નેઅ્મત છે, કારણ કે પાણી ઉપલબ્ધ હોવા છતાં એવી આફતો આવી શકે છે કે મનુષ્ય તેને પીવાની કે લાભ ઉઠાવવાની શકિત ધરાવતો ન હોય, કુર્આને કરીમની આયત فَاَسْقَيْنٰكُمُوْهُ وَمَآ اَنْتُمْ لَهٗ بِخٰزِنِيْنَ માં અલ્લાહ તઆલાની આ જ નેઅ્મતો તરફ ઈશારો કરી ખબરદાર કરવામાં આવ્યા છે. فَتَبٰرَكَ اللّٰهُ اَحْسَنُ الْخٰلِقِيْنَ

નેક કાર્યોમાં આગળ વધવામાં અને પાછળ રહેવામાં દરજ્જાઓનો તફાવત :

وَلَقَدْ عَلِمْنَا الْمُسْتَقْدِمِيْنَ مِنْكُمْ وَلَقَدْ عَلِمْنَا الْمُسْتَاْخِرِيْنَ માં مُسْتَقْدِمِيْنَ (મુસ્તકદિમીન) અગ્રસ્થાન માટે અને مُسْتَاْخِرِيْنَ (મુસ્તઅ્ખિરીન) પાછળની હરોળ માટેની વિવિધ તફસીરો થઈ છે, અમુક તફસીરો સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.)થી પણ વિવિધ પ્રકારની નકલ થઈ છે. "મુસ્તકદિમીન" તે લોકો છે જેઓ અત્યાર સુધી પેદા થઈ ચૂક્યા છે અને "મુસ્તઅ્ખિરીન" તેઓ છે જેઓ હજુ જન્મ્યા જ નથી. (કતાદહ અને ઈકરીમા) "મુસ્તકદિમીન"થી ભાવાર્થ "મૃત્યુ પામેલ" છે અને "મુસ્તઅ્ખિરીન"થી તે લોકો જેઓ હજુ "જીવંત" છે. (ઈબ્ને

અબ્બાસ, જહ્હાક) "મુસ્તકદિમીન"નો ભાવાર્થ ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺથી અગાઉના લોકો છે અને "મુસ્તઅ્ખિરીન"થી ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺ છે. (મુજાહિદ) "મુસ્તકદિમીન"નો ભાવાર્થ આજ્ઞાપાલક અને ભલા લોકો છે જ્યારે "મુસ્તઅ્ખિરીન"નો ભાવાર્થ ગુનેહગારો અને ગાફિલ લોકો છે. (હસન અને કતાદહ) "મુસ્તકદિમીન" તે લોકો છે જેઓ નમાઝની સફો અથવા જિહાદની સફો તથા બીજા નેક કાર્યોમાં આગળ રહેનારા છે તથા 'મુસ્તઅ્ખિરીન" તેઓ છે જેઓ આ બાબતોમાં પાછલી હરોળમાં રહે છે અને મોડું કરનારા છે. હસન બસરી, સઈદ બિન મુસયબ, કુર્તુબી અને શોઅ્બી (રહ.) વગેરે તફસીરના ઈમામોની આ જ તફસીર છે અને એ દેખીતું છે કે વાસ્તવમાં આ નિવેદનોમાં કોઈ ખાસ મતભેદ નથી, બધા જ ભાવાર્થો એકઠા થઈ શકે છે કારણ કે અલ્લાહ જલ્લ શા'નુહૂનું જ્ઞાન બધા પ્રકારના "મુસ્તકદિમીન" અને "મુસ્તઅ્ખિરીન" ઉપર સર્વત્ર છવાયેલું છે.

કુર્તુબીએ પોતાની તફસીરમાં ફરમાવ્યું કે આ આયતથી નમાઝમાં પ્રથમ સફની અને શરૂ વખતમાં નમાઝ અદા કરી લેવાની ફઝીલત સાબિત થાય છે, જેમકે હદીષમાં છે કે "રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે જો લોકોને ખબર થઈ જાય કે અઝાન કહેવાની અને નમાઝની પ્રથમ સફમાં ઊભા થવાની કેટલી મોટી ફઝીલત છે તો બધા જ વ્યક્તિઓ એ કોશીશમાં લાગી જાય કે પ્રથમ સફમાં જ ઊભા રહે અને બધાના માટે જગ્યા ન રહે તો ચિટ્ઠી નાંખવી પડે."

કુર્તુબીએ તેની સાથે હઝરત કઅ્બનું એ નિવેદન પણ નકલ કર્યું છે કે, આ ઉમ્મતમાં અમુક એવા લોકો પણ છે કે જ્યારે તેઓ સિજ્દહમાં જાય છે તો જેટલા વ્યક્તિઓ તેની પાછળ છે તે સૌની મગફિરત થઈ જાય છે, એટલા માટે હઝરત કઅ્બ (રદિ.) અંતિમ સફમાં રહેવાનું પસંદ કરતા હતા કે કદાચ આગલી સફોમાં અલ્લાહનો કોઈ બંદો તેના દરબારમાં એવી પ્રતિષ્ઠા ધરાવતો હોય કે તેની બરકતથી મારી પણ મગફિરત થઈ જાય. اِنْتَهٰى كَلَامُهٗ

એ દેખીતું છે કે અસલ ફઝીલત અને શ્રેષ્ઠતા તો પ્રથમ સફમાં જ છે જેમકે કુર્આનની આયત અને હદીષના ખુલાસાઓથી સાબિત થયું છે પરંતુ જે વ્યક્તિને કોઈ કારણે પ્રથમ સફમાં જગ્યા ન મળે તો તેને પણ એક દરજ્જો વધારે ફઝીલત એ પ્રાપ્ત રહેશે કે કદાચ આગલી સફોમાંથી કોઈ નેક બંદાના કારણે તેની પણ

મગફિરત થઈ જાય અને પ્રસ્તુત આયતમાં જે પ્રમાણે નમાઝની પ્રથમ સફની ફઝીલત સાબિત થઈ એ જ પ્રમાણે જિહાદની પ્રથમ સફની ફઝીલત પણ સાબિત થઈ ગઈ.

આયતો : (સૂરએ હિજ્ર : આયત નં. ૨૬ થી ૪૪)

وَلَقَدْ خَلَقْنَا الْإِنْسَانَ مِنْ صَلْصَالٍ مِنْ حَمَإٍ مَسْنُونٍ ﴿٢٦﴾ وَالْجَانَّ خَلَقْنَاهُ مِنْ قَبْلُ
مِنْ نَارِ السَّمُومِ ﴿٢٧﴾ وَإِذْ قَالَ رَبُّكَ لِلْمَلَائِكَةِ إِنِّي خَالِقٌ بَشَرًا مِنْ صَلْصَالٍ مِنْ
حَمَإٍ مَسْنُونٍ ﴿٢٨﴾ فَإِذَا سَوَّيْتُهُ وَنَفَخْتُ فِيهِ مِنْ رُوحِي فَقَعُوا لَهُ سَاجِدِينَ ﴿٢٩﴾ فَسَجَدَ
الْمَلَائِكَةُ كُلُّهُمْ أَجْمَعُونَ ﴿٣٠﴾ إِلَّا إِبْلِيسَ أَبَىٰ أَنْ يَكُونَ مَعَ السَّاجِدِينَ ﴿٣١﴾ قَالَ
يَا إِبْلِيسُ مَا لَكَ أَلَّا تَكُونَ مَعَ السَّاجِدِينَ ﴿٣٢﴾ قَالَ لَمْ أَكُنْ لِأَسْجُدَ لِبَشَرٍ خَلَقْتَهُ مِنْ
صَلْصَالٍ مِنْ حَمَإٍ مَسْنُونٍ ﴿٣٣﴾ قَالَ فَاخْرُجْ مِنْهَا فَإِنَّكَ رَجِيمٌ ﴿٣٤﴾ وَإِنَّ عَلَيْكَ اللَّعْنَةَ
إِلَىٰ يَوْمِ الدِّينِ ﴿٣٥﴾ قَالَ رَبِّ فَأَنْظِرْنِي إِلَىٰ يَوْمِ يُبْعَثُونَ ﴿٣٦﴾ قَالَ فَإِنَّكَ مِنَ الْمُنْظَرِينَ ﴿٣٧﴾
إِلَىٰ يَوْمِ الْوَقْتِ الْمَعْلُومِ ﴿٣٨﴾ قَالَ رَبِّ بِمَا أَغْوَيْتَنِي لَأُزَيِّنَنَّ لَهُمْ فِي الْأَرْضِ
وَلَأُغْوِيَنَّهُمْ أَجْمَعِينَ ﴿٣٩﴾ إِلَّا عِبَادَكَ مِنْهُمُ الْمُخْلَصِينَ ﴿٤٠﴾ قَالَ هَٰذَا صِرَاطٌ عَلَيَّ
مُسْتَقِيمٌ ﴿٤١﴾ إِنَّ عِبَادِي لَيْسَ لَكَ عَلَيْهِمْ سُلْطَانٌ إِلَّا مَنِ اتَّبَعَكَ مِنَ الْغَاوِينَ ﴿٤٢﴾
وَإِنَّ جَهَنَّمَ لَمَوْعِدُهُمْ أَجْمَعِينَ ﴿٤٣﴾ لَهَا سَبْعَةُ أَبْوَابٍ لِكُلِّ بَابٍ مِنْهُمْ جُزْءٌ مَقْسُومٌ ﴿٤٤﴾ ع

તરજુમો :

અને અમે મનુષ્યને ખણખણતી માટીના સડેલા કાદવ (A sound-giving clay made of decayed mud)થી બનાવ્યો. (૨૬) અને અમે જાન્ન (જિન્નાત)ને તેનાથી પહેલાં લૂ (ધૂમાડા વિનાની ગરમ હવા–Fire of hot wind)ની આગથી બનાવ્યો. (૨૭) અને જ્યારે તમારા પરવરદિગારે

ફરિશ્તાઓને કહ્યું, હું એક માનવી બનાવીશ ખણખણતી માટીના સડેલા કાદવથી. (૨૮) પછી જ્યારે તેને ઠીકઠાક કરું અને તેમાં પોતાની રૂહથી ફૂંકી દઉં તો તેની સામે સિજ્દહમાં પડી જજો. (૨૯) ત્યારે તે ફરિશ્તાઓએ સૌએ મળીને સિજ્દહ કર્યો. (૩૦) પરંતુ ઈબ્લીસે ન માન્યું કે સિજ્દહ કરનારાઓ સાથે થાય. (૩૧) ફરમાવ્યું, હે ઈબ્લીસ ! તને શું થયું કે સિજ્દહ કરનારાઓની સાથે ન થયો ? (૩૨) બોલ્યો, હું તે નથી કે એક માનવીને સિજ્દહ કરું જેને તેં ખણખણતી માટીના સડેલા કાદવથી બનાવ્યો. (૩૩) ફરમાવ્યું, તો તું નીકળ અહીંયાંથી ! તારા ઉપર માર છે (૩૪) અને તારા ઉપર ફિટકાર છે તે દિવસ સુધી કે ઈન્સાફ થાય. (૩૫) બોલ્યો, હે પરવરદિગાર ! તું મને તે દિવસ સુધી ઢીલ આપ કે મુરદા જીવતા થાય. (૩૬) ફરમાવ્યું, તો (જા) તને ઢીલ આપી ! (૩૭) તે જ। શ્ચિત સમયના દિવસ સુધી. (૩૮) બોલ્યો, હે પરવરદિગાર ! જેવો તેં મને માર્ગેથી ભટકાવ્યો હું પણ તે સૌને જમીનમાં શણગાર (દીવા-સ્વપ્નો) બતાવીશ અને તે સૌને માર્ગથી ભટકાવીશ. (૩૯) પરંતુ જે તારા ચુનંદા બંદાઓ છે. (૪૦) ફરમાવ્યું, આ મારા સુધી સીધો માર્ગ છે. (૪૧) જે મારા બંદા છે તારું તેમના ઉપર કંઈ જોર નથી પરંતુ જે તારા માર્ગે ચાલ્યો ભટકેલાઓમાં. (૪૨) અને તે સૌનો દોઝખ ઉપર વાયદો છે. (૪૩) તેના સાત દરવાજા છે, દરેક દરવાજા માટે તેમનામાંથી એક વર્ગ વહેંચેલો છે. (૪૪)

તફસીર :

અને અમે માનવ (એટલે કે માનવજાતિના પ્રથમ મનુષ્ય હઝરત આદમ અલૈ.)ને ખણખણતી માટીથી જે સડેલા કાદવની બનેલી હતી પેદા કર્યો (એટલે કે પ્રથમ ગાળાને ખૂબ ગુંદવામાં આવ્યો કે તેમાંથી ગંધ આવવા લાગી, પછી તે સુકાઈ ગયો અને સુકાવાથી ખણખણ બોલવા લાગ્યો જેમકે માટીનું વાસણ ટકોરો મારવાથી ખણખણે છે, પછી આ સુકા કાદવમાંથી આદમનું પૂતળુ બનાવ્યું જે ઘણી મોટી કુદરતની નિશાની છે) અને જિન્નાતને (એટલે કે આ જાતિના મૂળ અબૂલ જાન્ન-જિન્નાત પિતાને) તેનાથી પહેલાં (એટલે કે હઝરત આદમ અલૈ.થી પહેલાં) આગથી કે તે (પોતાના ઉત્કૃષ્ઠ સ્વરૂપે) એક ગરમ હવા હતી પેદા કરી ચૂક્યો હતો, (મતલબ એ છે કે તે આગમાં ધૂમાડા અને બીજી અશુદ્ધિઓના અંશો

ન હતા એટલા માટે તે હવા જેવી અદષ્ય લાગતી હતી, કારણ કે આગનું દેખાવું તેનામાં રહેલ અશુદ્ધિઓ અને ધૂમાડાના કારણે હોય છે, તેને બીજી આયતમાં આ રીતે ફરમાવ્યું કે, (وَخَلَقَ الْجَآنَّ مِنْ مَّارِجٍ مِّنْ نَّارٍ ؕ) અને તે સમયને યાદ કરવાપાત્ર છે જ્યારે તમારા પરવરદિગારે ફરિશ્તાઓને ફરમાવ્યું કે હું એક બશર (મનુષ્ય)ને (એટલે કે તેના પૂતળાને) ખણખણતી માટીથી કે જે સડેલા કાદવથી બનેલી હશે પેદા કરવાનો છું, બસ હું જ્યારે તેને (એટલે કે તેના શારીરિક અંગોને) સંપૂર્ણ બનાવી ચૂકું અને તેમાં પોતાની (તરફથી) રૂહ નાંખી આપું તો સૌ તેની સામે સિજ્દહમાં પડી જજો, બસ (જ્યારે અલ્લાહ તઆલાએ તેને બનાવી લીધો તો) બધા જ ફરિશ્તાઓએ (હઝરત આદમ અલૈ.ને) સિજ્દહ કર્યો પરંતુ ઈબ્લીસ કે તેણે એ વાતનો સ્વીકાર ન કર્યો કે સિજ્દહ કરનારાઓની સાથે સામેલ થાય, (એટલે કે સિજ્દહ ન કર્યો) અલ્લાહ તઆલાએ ફરમાવ્યું, હે ઈબ્લીસ ! તારું શું કારણ બન્યું કે સિજ્દહ કરનારાઓમાં સામેલ ન થયો ? કહેવા લાગ્યો કે હું એવો નથી કે બશરને સિજ્દહ કરું કે જેને તેં ખણખણતી માટીથી કે જે સડેલા કાદવની બનેલી છે પેદા કર્યો છે (એટલે કે, આવા તુચ્છ અને ઊતરતી કક્ષાના પદાર્થથી બનાવવામાં આવ્યો છે અને હું પ્રકાશિત ઉચ્ચ કક્ષાની આગથી પેદા કરવામાં આવ્યો છું તો પ્રકાશિત થઈને કાળાશને કેવી રીતે સિજ્દહ કરું ?) ઈરશાદ થયો, તો (સારું પછી) આસમાનથી નીકળ કારણ કે બેશક ! તું (આ પ્રવૃત્તિથી) મરદૂદ બની ગયો અને બેશક ! તારા ઉપર (મારી) લા'નત કયામત સુધી રહેશે (જેમકે બીજી આયતમાં છે, عَلَيْكَ لَعْنَتِىْ એટલે કે, કયામત સુધી તું મારી રહમતથી દૂર રહીશ, તવબહની તવફીક થશે નહીં અને સ્વીકૃતિપ્રાપ્ત કે ઈજ્જતવાળો બનીશ નહીં અને દેખીતું છે કે કયામત સુધી જેને રહમત પ્રાપ્ત ન થાય તો પછી તે કયામતમાં સન્માનનીય બનવાની શક્યતા જ નથી, બસ જે સમય સુધી શક્યતા હતી તેમાં તેણે ઈન્કાર કરી દીધો અને એટલા માટે એવી શંકા કરવામાં ન આવે કે તેને તો મહોલત માંગવાથી પહેલાં મહોલત આપવાનો વાયદો કરવામાં આવ્યો. વાત આમ છે કે તેને કયામત સુધીની જિંદગી આપવાનો હેતુ ન હતો કે એવી શંકા થાય બલકે હેતુ એ છે કે દુનિયાની જિંદગીમાં તું મલઊન મરદૂદ જ છે ભલે તે કયામત સુધી કેમ ન હોય !) કહેવા લાગ્યો (કે જો મને આદમ અલૈ.ના કારણે મરદૂદ કર્યો છે) તો પછી મને (મૃત્યુથી) મહોલત આપ કયામતના દિવસ સુધી

(કે જેથી તેને અને તેની અવલાદ પાસેથી સારી રીતે બદલો લઉં) ઈરશાદ થયો, (જ્યારે તું મહોલત માંગે છે) તો (જા !) તને નક્કી સમય સુધીની મહોલત આપવામાં આવી; કહેવા લાગ્યો, હે મારા પરવરદિગાર ! તેં મને (તારા તક્વીની હુકમથી) ગુમરાહ કર્યો છે, હું કસમ ખાઉં છું કે હું દુનિયામાં તેમની (એટલે કે હઝરત આદમ અલૈ. અને હઝરત આદમ અલૈ.ની અવલાદની) દષ્ટિમાં ગુનાહને શણગારીને બતાવીશ અને તે બધાને ગુમરાહ કરીશ માત્ર તારા તે બંદાઓ સિવાય જેને તેં ચૂંટી કાઢ્યા છે (એટલે કે તેં તેમને મારી અસરથી સુરક્ષિત રાખ્યા છે) ઈરશાદ થયો કે (હા !) આ (ચૂંટાઈ જવું જે અમલે સાલિહ એટલે કે નેક કાર્યો અને સંપૂર્ણ ફરમાંબરદારીના કારણે છે તે) એક સીધો માર્ગ છે જે મારા સુધી પહોંચે છે (એટલે કે તેના ઉપર ચાલીને અમારા નિકટવર્તી બની જાય છે) ખરેખર મારા તે બંદાઓ ઉપર તારું જરા પણ જોર ચાલશે નહીં, પરંતુ હા ! જે ગુમરાહ લોકોમાંથી તારા માર્ગ ઉપર ચાલવા લાગે (તો ચાલે) અને (જે લોકો તારા માર્ગ ઉપર ચાલશે) તે સૌનું ઠેકાણું જહન્નમ છે જેના સાત દરવાજા છે, દરેક દરવાજા(માં જવા) માટે તે લોકોના અલગ-અલગ વિભાગો છે (કે કોઈ એક દરવાજેથી જશે તો બીજા દરવાજાએથી).

મસ્અલા અને બોધપાઠ :

ઇન્સાનના શરીરમાં રૂહ ફૂંકવી અને તેની સામે ફરિશ્તાને સિજ્દહ કરાવવાની ટૂંકી વિગત :

રૂહ કોઈ ભૌતિક વસ્તુ છે અથવા કોઈ અભૌતિક ? આ વિષય ઉપર વિદ્વાનો અને ઉલમાના મતભેદો પ્રાચીન સમયથી ચાલ્યા આવે છે, **શૈખ અબ્દુર્રઊફ મુનાદીએ** ફરમાવ્યું કે તેમાં વિદ્વાનોના નિવેદનો એક હજાર **જેટલા નોંધાયેલા** જોવા મળે છે પરંતુ બધા જ અનુમાનો અને અંદાજો માત્ર છે, **કોઈ** ચોક્કસ વાત વિશ્વાસપૂર્વક કહી શકાય નહીં. ઈમામ ગઝાલી (રહ.), ઈમામ રાઝી (રહ.) અને મોટા ભાગના સૂફીઓ તથા ફિલોસોફરો **તો એવું** કહે છે કે તે ભૌતિક વસ્તુ નથી બલકે કોઈ અભૌતિક વસ્તુ (Essence) **છે**, ઈમામ રાઝી (રહ.)એ તેની બાર દલીલો રજુ કરી છે.

પરંતુ જમહૂર ઉલમાએ ઉમ્મત "રૂહ"ને એક શ્રેષ્ઠતમ્ (સુક્ષ્મ) ભૌતિક

પદાર્થ ઠરાવે છે. نَفْخ (નફ્ખ)નો અર્થ "ફૂંક મારવા"નો થાય છે, જો જમહૂરના અભિપ્રાય પ્રમાણે "રૂહ"ને એક ઉચ્ચ કક્ષાનો ભૌતિક પદાર્થ ઠરાવવામાં આવે તો તેને "ફૂંકવું" જાહેર છે અને જો તેને અભૌતિક માની લેવામાં આવે તો "ફૂંકવા"નો અર્થ તેને (શરીર સાથે જોડી) અસ્તિત્વમાં લાવી દેવાનો થશે. *(બયાનુલ કુર્આન)*

"રૂહ" તથા "નફ્સ" વિશે હઝરત કાઝી ષનાઉલ્લાહ (રહ.)નું સંશોધન :

અત્રે એક લાંબી ચર્ચા છોડીને માત્ર એક ખાસ રિસર્ચ ઉપર બસ કરવામાં આવે છે જે તફસીરે મઝહરીમાં કાઝી ષનાઉલ્લાહ પાનીપતી (રહ.)એ લખી છે.

હઝરત કાઝી સા. (રહ.) ફરમાવે છે કે "રૂહ"ના બે પ્રકાર છે; એક, "ઊલવી" (ઉચ્ચ કક્ષાની) અને બીજી, "સિફલી" (નિમ્ન કક્ષાની). "રૂહે ઊલવી" એટલે કે ઉચ્ચ કક્ષાની રૂહનું ભૌતિક બંધારણ અલ્લાહ તઆલાની એક ખાસ મખ્લૂક છે જેની વાસ્તવિકતાનો તાગ મેળવવો મુશ્કેલ છે, "અહલે કશ્ફ" (અદૃષ્ય બાબતોની અલ્લાહ તઆલા તરફથી જાણકારી પ્રાપ્ત કરનાર)ને તેનું વાસ્તવિક સ્થળ અર્શ ઉપર દેખાય છે, કારણ કે તે અર્શથી વધારે શ્રેષ્ઠ છે અને "રૂહે ઊલવી"નો અહલે કશ્ફની દૃષ્ટિએ ઉપર-નીચે પાંચ દરજ્જાઓમાં અનુભવ કરવામાં આવે છે, તે પાંચ દરજ્જા આ છે. قَلْب (કલ્બ), رُوْح (રૂહ), سِرّ (સિર્ર), خَفِى (ખફી), اَخْفٰى (અખ્ફા) અને આ બધું "આલમે અમ્ર"ની શ્રેષ્ઠતાઓ (સુક્ષ્મતા)માંથી છે જેના તરફ કુર્આને કરીમે ઈશારો કર્યો છે. قُلِ الرُّوْحُ مِنْ اَمْرِ رَبِّىْ (૧૭:૮૫)

"સિફલી રૂહ" (નીચલા દરજ્જાની રૂહ) તે ફૂંક (બાષ્પ) છે જે મનુષ્યના શરીરમાં ચાર તત્ત્વો આગ, પાણી, માટી અને હવાથી પેદા થઈ છે અને આ જ નીચલા દરજ્જાની રૂહ "રૂહે સિફલી"ને નફ્સ કહેવામાં આવે છે.

અલ્લાહ તઆલાએ આ રૂહે સિફલીને જેને નફ્સ કહેવામાં આવે છે "અરવાહે ઊલૂયા" (ઉચ્ચ કક્ષાની રૂહ)નો આઈનો બનાવ્યો છે જેનું વર્ણન ઉપર થઈ ચૂક્યું છે, જે પ્રમાણે આઈનો જ્યારે સૂર્યની સામે ધરવામાં આવે તો સૂર્ય ઘણો દૂર હોવા છતાં તેનું પ્રતિબિંબ આઈનામાં આવી જાય છે અને પ્રકાશના કારણે આઈનો પણ સૂર્યની જેમ ચમકી ઉઠે છે તથા સૂર્યની ગરમી પણ તેમાં આવી જાય

છે જે કપડાં સુદ્ધાંને સળગાવી શકે છે, એ જ પ્રમાણે "અરવાહે ઊલૂયા" જો કે પોતાના અસ્તિત્વના કારણે ઘણી જ ઉચ્ચ કક્ષાએ અને ખૂબ ઉચ્ચ સ્થાને લાંબા અંતરે છે પરંતુ તેનું પ્રતિબિંબ આ રૂહે સિફલીના આઈનામાં આવીને અરવાહે ઊલૂયાનું પ્રતિબિંબ અને પ્રભાવ તેમાં પરાવર્તિત કરી આપે છે અને આ જ પરાવર્તન જે નફ્સમાં પેદા થાય છે દરેકે દરેક વ્યક્તિ માટે "અરવાહે જુઝઈય્યહ" (વિભિન્ન ગૌણ વિભાગો) કહેવામાં આવે છે.

ત્યારબાદ આ રૂહે સિફલી જેને નફ્સ કહેવામાં આવે છે પોતાની તે અસરો અને સ્વરૂપની સાથે જેને અરવાહે ઊલૂયાથી પ્રાપ્ત કર્યું છે તેનો સંબંધ મનુષ્યના શરીરમાં સૌ પ્રથમ હૃદયના સ્નાયુઓ સાથે હોય છે, તે સંબંધનું જ નામ જિંદગી અથવા હયાત છે, રૂહે સિફલીનો સંબંધ સૌથી પહેલાં મનુષ્યના હૃદયમાં જિંદગી અને તેનાથી સંલગ્ન અસરો (સંવેદનાઓ) પેદા કરે છે જેને નફ્સએ અરવાહે ઊલૂયાથી પ્રાપ્ત કરી છે, આ રૂહે સિફલી સંપૂર્ણ શરીરમાં ફેલાયેલ બારિક નસોમાં વહે છે જેને "શરાઈન" (કોષ-જીવરસ) કહે છે, એ જ પ્રમાણે તે આખા શરીરના દરેક વિભાગમાં પહોંચી જાય છે.

રૂહે સિફલીને માનવ શરીરમાં વહેતી કરવાને જ "નફ્ખે રૂહ" (રૂહ ફૂંકવી) તરીકે ઓળખાવવામાં આવ્યું છે કારણ કે તે કોઈ વસ્તુમાં ફૂંક મારવા સમાન બાબત છે.

પ્રસ્તુત આયતમાં અલ્લાહ તઆલાએ રૂહનો સંબંધ પોતાના તરફ જોડીને مِنْ رُّوْحِيْ (મિર્રૂહી) એટલા માટે ફરમાવ્યું કે સમગ્ર મખ્લૂકોમાં મનુષ્યની રૂહ શ્રેષ્ઠ અને ઉચ્ચ કક્ષાની હોવાનું સ્પષ્ટ થઈ જાય, કારણ કે તે ભૌતિક પદાર્થની મદદ વિના માત્ર અલ્લાહના હુકમથી પેદા થાય છે, વળી તેમાં "તજલ્લિયાતે રહમાનિયહ"નો સ્વીકાર કરવાની એવી ક્ષમતા છે જે મનુષ્ય સિવાય અન્ય કોઈ પ્રાણીની રૂહમાં નથી.

અને મનુષ્યની પેદાઈશમાં જો કે મુખ્ય ભાગ માટીનો છે એટલા માટે કુર્આને કરીમમાં મનુષ્યની પેદાઈશને માટી સાથે જોડવામાં આવી છે પરંતુ વાસ્તવમાં તે દશ વસ્તુઓનું મિશ્રણ છે, જેમાં પાંચ પદાર્થો "આલમે ખલ્ક" (ભૌતિક દુનિયા) અને પાંચ "આલમે અમ્ર" (અભૌતિક દુનિયા-માત્ર

અલ્લાહના હુકમ)ની છે, ભૌતિક દુનિયાના ચાર તત્ત્વો આગ, પાણી, માટી અને હવા અને પાંચમું તે ચારથી પેદા થનાર શ્રેષ્ઠ (સુક્ષ્મ) કક્ષાની ફૂંક (બાષ્પ) જેને રૂહે સિફલી અથવા નફ્સ કહેવામાં આવે છે અને આલમે અમ્રની પાંચ વસ્તુઓ તે છે જેનું વર્ણન ઉપર કરવામાં આવ્યું છે એટલે કે ૧. કલ્બ (હૃદય), ૨. રૂહ (આત્મા), ૩. સિર્ર (રહસ્ય), ૪. ખફી (ગુપ્ત) અને ૫. અખ્ફા (સંપૂર્ણ છુપાયેલું).

આ જ સંપૂર્ણતાના કારણે મનુષ્ય અલ્લાહની ખિલાફતનો હકદાર બન્યો અને મઅ્રિફત (અલ્લાહનો પરિચય)નો પ્રકાશ તથા મહોબ્બત અને ઈશ્કની આગને સહન કરવા માટે શક્તિમાન બન્યો, જેનું પરિણામ જો કે તેનું સ્વરૂપ સ્પષ્ટ નથી પરંતુ અલ્લાહ સાથેનો સંપર્ક પ્રાપ્ત થવા ઉપર આધારિત છે, કારણ કે રસૂલે કરીમ ﷺનો ઈરશાદ છે, اَلْمَرْءُ مَعَ مَنْ اَحَبَّ એટલે કે, "દરેક મનુષ્ય તેની સાથે હશે જેનાથી તેને મહોબ્બત છે."

અને મનુષ્યમાં તજલ્લિયાતે ઈલાહીને સહન કરવાની ક્ષમતા તથા અલ્લાહની નિકટતાનો જે દરજ્જો તેનાથી પ્રાપ્ત છે તે જ કારણે હિકમતે ઈલાહીયાનો તકાદો એ થયો કે તેને ફરિશ્તાઓ માટે સિજ્દહ પાત્ર બનાવવામાં આવ્યો, ઈરશાદ થયો, فَقَعُوْا لَهٗ سٰجِدِيْنَ

સિજ્દહનો હુકમ ફરિશ્તાઓને થયો હતો; ઇબ્લીસને તેમના તા'બે કરી તેમાં સામેલ ઠરાવવામાં આવ્યો :

સૂરએ અઅ્રાફમાં ઈબ્લીસને સંબોધન કરીને ઈરશાદ ફરમાવ્યો છે, مَا مَنَعَكَ اَلَّا تَسْجُدَ اِذْ اَمَرْتُكَ (૭:૧૨) તેનાથી જાણ થાય છે કે સિજ્દહનો હુકમ ફરિશ્તાઓની સાથે ઈબ્લીસને પણ આપવામાં આવ્યો છે, એટલા માટે આ સૂરતની જે આયતો હમણા ઉપર પઢી ચૂક્યા છો તેનાથી દેખીતું છે કે આ હુકમ ફરિશ્તાઓ માટે ખાસ હોવાની જાણ થાય છે, તેનો અર્થ એ હોઈ શકે છે કે સૈદ્ધાંતિક રીતે આ હુકમ ફરિશ્તાઓને આપવામાં આવ્યો પરંતુ ઈબ્લીસ પણ કારણ કે ફરિશ્તાઓની અંદર મોજૂદ હતો, એટલા માટે સ્વાભાવિક રીતે તે પણ આ હુકમમાં સામેલ હતો, કારણ કે હઝરત આદમ (અલૈ.)ના સન્માન અને પ્રતિષ્ઠા માટે જ્યારે અલ્લાહ તઆલાની અતિપવિત્ર મખ્લૂક ફરિશ્તાઓને હુકમ

આપવામાં આવ્યો તો અન્ય મખ્લૂકનું સ્વાભાવિક રીતે આ હુકમમાં સામેલ થવું બિલકુલ જાહેર હતું, એટલા માટે ઈબ્લીસે જવાબમાં એ ન કહ્યું કે મને સિજ્દહનો હુકમ જ આપવામાં નથી આવ્યો તો પછી એના ઉપર અમલ ન કરવાનો અપરાધ મને લાગુ પડતો નથી અને કદાચ કુર્આનના શબ્દો اَبٰـى اَنْ يَّكُوْنَ مَعَ السّٰجِدِيْنَ માં પણ તેના જ તરફ ઈશારો છે કે, اَبٰـى اَنْ يَّسْجُدَ ના બદલે اَنْ يَّكُوْنَ مَعَ السّٰجِدِيْنَ નું વર્ણન કર્યું જેનાથી એ તરફ ઈશારો જોવા મળે છે કે મૂળ સિજ્દહ તો ફરિશ્તાઓનો જ હતો પરંતુ બૌદ્ધિક રીતે જરૂરી હતું કે ઈબ્લીસ પણ જ્યારે તેમનામાં ઉપસ્થિત હતો તો તે પણ સિજ્દહ કરનાર ફરિશ્તાઓની સાથે સામેલ થઈ જાય અને એટલા માટે જ સામેલ ન થવાના કારણે તે ક્રોધનો ભોગ બન્યો.

અલ્લાહના ખાસ બંદાઓ ઉપર શયતાનનું જોર ન ચાલવાનો ભાવાર્થ :

اِنَّ عِبَادِىْ لَيْسَ لَكَ عَلَيْهِمْ سُلْطٰنٌ થી જાણ થાય છે કે અલ્લાહ તઆલાના ખાસ-ખાસ અને ચૂંટી કાઢેલા બંદાઓ ઉપર શયતાની ધોકાનો કોઈ પ્રભાવ નથી હોતો, પરંતુ આ જ આદમ (અલૈ.)ની ઘટનામાં એ પણ વર્ણન થયું છે કે હઝરત આદમ (અલૈ.) અને બીબી હવ્વા ઉપર તેનો ફરેબ ચાલી ગયો, એ જ પ્રમાણે સહાબએ કિરામ (રદિ.)ના વિશે કુર્આને કરીમમાં ઈરશાદ છે, اِنَّمَا اسْتَزَلَّهُمُ الشَّيْطٰنُ بِبَعْضِ مَا كَسَبُوْا (૩:૧૫૫) જેનાથી જાણ થાય છે કે સહાબા (રદિ.) ઉપર પણ તે તકે શયતાનની ચાલબાજી ચાલી ગઈ.

એટલા માટે પ્રસ્તુત આયતમાં અલ્લાહના ખાસ બંદાઓ ઉપર શયતાનનો કાબૂ કે જોર ન હોવાનો ભાવાર્થ એ છે કે તેમના દિલો અને બુદ્ધિ ઉપર શયતાન એવો કાબૂ નથી મેળવી શકતો કે તે પોતાની ભૂલ ઉપર કોઈ સમયે જાગૃત જ ન થાય કે જેના કારણે તેમને તવબહ નસીબ ન થાય અથવા કોઈ એવો ગુનાહ કરી બેસે જેની મગફિરત (મા'ફી) જ ન થઈ શકે.

પ્રસ્તુત ઘટનાઓ તેનાથી વિપરીત નથી કારણ કે હઝરત આદમ અને હવ્વા (અલૈ.)એ તવબહ કરી અને આ તવબહનો સ્વીકાર થયો, એ જ પ્રમાણે સહાબએ કિરામ (રદિ.)એ પણ તવબહ કરી લીધી હતી અને શયતાનની ચાલબાજીથી જે ગુનાહમાં સંડોવણી થઈ તે મા'ફ કરવામાં આવી.

જહન્નમના સાત દરવાજા :

لَهَا سَبْعَةُ اَبْوَابٍ ઈમામ અહમદ (રહ.), ઈબ્ને જરીર (રહ.), તબરી

(રહ.) અને બયહકી (રહ.)એ હઝરત અલી (રદિ.)ની રિવાયતથી લખ્યું છે કે, જહન્નમના સાત દરવાજા ઉપર-નીચે સાત વિભાગોના આધારે છે અને અમુક લોકોએ તેને સામાન્ય દરવાજાઓ ઠરાવ્યા છે, દરેક દરવાજો ખાસ પ્રકારના અપરાધીઓ માટે નક્કી કરવામાં આવ્યો છે. *(કુર્તુબી)*

આયતો : (સૂરએ હિજ્ર : આયત નં. ૪૫ થી ૫૦)

إِنَّ الْمُتَّقِينَ فِي جَنَّٰتٍ وَّعُيُونٍ ﴿٤٥﴾ اُدْخُلُوهَا بِسَلٰمٍ اٰمِنِينَ ﴿٤٦﴾ وَنَزَعْنَا مَا فِي صُدُورِهِم
مِّنْ غِلٍّ إِخْوَانًا عَلٰى سُرُرٍ مُّتَقٰبِلِينَ ﴿٤٧﴾ لَا يَمَسُّهُمْ فِيهَا نَصَبٌ وَّمَا هُمْ مِّنْهَا بِمُخْرَجِينَ ﴿٤٨﴾
نَبِّئْ عِبَادِيْٓ اَنِّيْٓ اَنَا الْغَفُورُ الرَّحِيمُ ﴿٤٩﴾ وَاَنَّ عَذَابِيْ هُوَ الْعَذَابُ الْاَلِيمُ ﴿٥٠﴾

તરજુમો :

પરહેઝગારો બગીચાઓ અને ઝરણાઓમાં છે. (૪૫) તેમને કહેશે, તેમાં સલામતી અને ઈત્મિનાનથી જાઓ. (૪૬) અને અમે જે તેમના દિલોમાં નારાજગી હતી તે કાઢી નાંખી, ભાઈ થઈ ગયા, તખ્તાઓ ઉપર સામ-સામે બેઠા. (૪૭) તેમને ત્યાં કોઈ તકલીફ પહોંચશે નહીં અને ન જ ત્યાંથી તેમને કોઈ કાઢે. (૪૮) મારા બંદાઓને ખબર સંભળાવી આપો કે હું અસલ બખ્શનારો મહેરબાન છું. (૪૯) અને એ પણ કે મારો અઝાબ તે જ દર્દનાક અઝાબ છે. (૫૦)

તફસીર :

બેશક ! અલ્લાહ તઆલાથી ડરનારાઓ (એટલે કે, ઈમાનવાળાઓ) બગીચાઓ અને ઝરણાઓમાં (નિવાસ કરતા) હશે, (પ્રથમથી જ જો ગુનાહો હોય તો મા'ફ કરવામાં આવ્યા અને ભલે ગુનાહોની સજા ભોગવીને ત્યારબાદ તેને કહેવામાં આવશે કે) તમે એ (જન્નાતી વ ઉયૂન -બાગ ઝરણા)માં સલામતી અને શાંતિપૂર્વક પ્રવેશ કરો (એટલે કે તે સમયે પણ દરેક નાપસંદ વસ્તુથી સલામતી છે અને હવે પછી પણ કોઈ નુકસાન કે દુઃખ-દર્દનો ભય નથી) અને (દુનિયામાં સ્વાભાવિક તકાદાઓથી) તેમના દિલોમાં જે કીનો-કપટ હતો અમે તે બધું

(તેમના દિલોમાંથી જન્નતમાં દાખલ થતા પહેલાં જ) દૂર કરી આપીશું કે ભાઈ ભાઈની જેમ (મહોબ્બત અને પ્રેમથી) રહેશે, સામ સામે તખ્તાઓ ઉપર બેસશે, ત્યાં તેમને કોઈપણ તકલીફ નહીં પહોંચે અને ન જ તેઓ ત્યાંથી કાઢી મૂકવામાં આવશે, (હે મુહમ્મદ ﷺ !) તમે મારા બંદાઓને ખબર આપી દો કે હું મહાન મા'ફ કરનાર અને મહાદયાળુ પણ છું અને (વળી) એ કે મારી સજા (પણ) કષ્ટદાયક સજા છે (જેથી તેનાથી આગાહ થઈને ચેતીને ઈમાન અને તકવાનું આકર્ષણ તથા કુફ્ર અને ગુનાહનો ડર પેદા થાય).

મસ્અલા અને બોધપાઠ :

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.) ફરમાવે છે કે જન્નતના નિવાસીઓ જ્યારે જન્નતમાં પ્રવેશ કરશે તો સૌ પ્રથમ તેમની સામે પાણીના બે ઝરણાઓ રજુ કરવામાં આવશે, પ્રથમ ઝરણામાંથી તેઓ પાણી પીશે ત્યારે તે સૌના દિલોમાંથી પરસ્પરનું મનદુઃખ જે ક્યારેક દુનિયામાં ઉપસ્થિત થયું હતું અને સ્વાભાવિક રીતે તેની અસર અંત સુધી ઉપસ્થિત રહી હતી તે બધું ધોવાઈ જશે અને સહુના દિલોમાં પરસ્પર પ્રેમ અને મહોબ્બત પેદા થઈ જશે, કારણ કે પરસ્પરનું મનદુઃખ પણ એક તકલીફ અને અઝાબ છે અને જન્નત દરેક પ્રકારની તકલીફથી પવિત્ર છે.

એક સહીહ હદીષમાં એ નકલ થયું છે કે જે વ્યક્તિના દિલમાં જરા બરાબર પણ કીનો (કપટ) કોઈ મુસલમાન પ્રત્યે હશે તે જન્નતમાં નહીં જાય, જેનો ભાવાર્થ તે કીનો અને અદાવત છે જે દુનિયવી સ્વાર્થના કારણે અને પોતાની ઈચ્છાથી તેણે અપનાવ્યો છે અને તેના કારણે આ વ્યક્તિ હંમેશા એવી તાકમાં રહ્યો છે કે જ્યારે મોકો મળે પોતાના દુશ્મનને તકલીફ અને નુકસાન પહોંચાડે, માનવ સ્વભાવની જે પ્રકૃતિ અને અનિચ્છાવર્તી અણગમાઓ છે તે આમાં સામેલ નથી, એ જ પ્રમાણે કોઈ શરઈ કારણો ઉપર આધારિત હોઈ એવા જ બુગ્ઝ અને કપટનું વર્ણન આ આયતમાં છે કે જન્નતના નિવાસીઓના દિલોમાંથી દરેક પ્રકારનો કીનો-કપટ અને મનદુઃખ દૂર કરી દેવામાં આવશે.

તેના વિશે હઝરત અલી કર્રમલ્લાહુ વજ્હહુ ફરમાવે છે કે, "મને આશા છે કે હું અને તલ્હા તથા ઝૂબૈર એ જ લોકોમાં હોઈશું જેમના દિલોનો મેલ

જન્નતમાં પ્રવેશના સમયે દૂર કરી આપવામાં આવશે.'' ઈશારો તે આંતરવિગ્રહો અને મતભેદો તરફ છે જે તે લોકો અને હઝરત અલી (રદિ.) વચ્ચે ઉપસ્થિત થયા હતા.

لَا يَمَسُّهُمْ فِيهَا نَصَبٌ وَّمَا هُمْ مِّنْهَا بِمُخْرَجِيْنَ આ આયતથી જન્નતની બે વિશિષ્ટતાઓની જાણ થઈ, પ્રથમ એ કે કોઈને ક્યારેય થાક અથવા કમજોરીની અનુભૂતિ નહીં થાય, તેનાથી વિપરીત દુનિયામાં કે અહીંયાં મહેનત અને મજૂરીના કામોમાં કમજોરી કે થકાવટનો અનુભવ થાય છે, ખાસ આરામ અને હરવા-ફરવાથી પણ કોઈ કોઈ વખતે વ્યક્તિ થાકી જાય છે અને કમજોરીનો અનુભવ કરવા લાગે છે, ભલે તે કેટલુંય રસપ્રદ કાર્ય કે પ્રવૃત્તિ હોય.

બીજી વાત એ જાણ થઈ કે જે આરામ અને રાહત તથા નેઅ્મતો ત્યાં જે કોઈને પણ મળી જશે પછી તે કાયમી હશે, ન તો તે નેઅ્મતો ક્યારેય ઓછી થશે અને ન જ તેમાંથી કોઈ વ્યક્તિને બહાર કાઢી મૂકવામાં આવશે. સૂરએ સુઆદમાં ઈરશાદ છે, اِنَّ هٰذَا لَرِزْقُنَا مَا لَهٗ مِنْ نَّفَادٍ (૩૮:૫૪) એટલે કે, આ અમારી રોજી છે જે ક્યારેય ખતમ થશે નહીં અને આ આયતમાં ફરમાવ્યું, وَمَا هُمْ مِّنْهَا بِمُخْرَجِيْنَ એટલે કે, તેમને ક્યારેય તે નેઅ્મતો અને રાહતોમાંથી કાઢવામાં નહીં આવે દુનિયાના વ્યવહારોથી વિપરીત કે અહીંયાં જો કોઈ વ્યક્તિ કોઈને મોટામાં મોટું ઈનામ અથવા રાહત આપી પણ દે તો એ ભય દરેક વખતે સતાવતો રહે છે કે જેણે આ ઈનામ આપ્યું છે તે કોઈ સમયે નારાજ થઈને અહીંયાંથી કાઢી મૂકશે.

એક ત્રીજી સંભાવના જે એ હતી કે ન તો જન્નતની નેઅ્મતો પૂરી થશે અને ન જ તેને ત્યાંથી બહાર કાઢવામાં આવશે પરંતુ તે પોતે જ ત્યાં રહેતાં-રહેતાં અકળાઈ ઉઠશે અને બહાર જવાની ઈચ્છા કરશે, કુર્આને કરીમે આ સંભાવનાને પણ એક વાક્યમાં આ શબ્દો સાથે સમાપ્ત કરી દીધી કે, لَا يَبْغُوْنَ عَنْهَا حِوَلًا (૧૮:૧૦૮) એટલે કે, આ લોકો પણ ત્યાંથી પાછા ફરીને જવાની ક્યારેય ઈચ્છા કરશે નહીં.

આયતો : (સૂરએ હિજ્ર : આયત નં. ૫૧ થી ૭૭)

وَنَبِّئْهُمْ عَنْ ضَيْفِ اِبْرٰهِيْمَ ﴿۵۱﴾ اِذْ دَخَلُوْا عَلَيْهِ فَقَالُوْا سَلٰمًا قَالَ اِنَّا مِنْكُمْ
وَجِلُوْنَ ﴿۵۲﴾ قَالُوْا لَا تَوْجَلْ اِنَّا نُبَشِّرُكَ بِغُلٰمٍ عَلِيْمٍ ﴿۵۳﴾ قَالَ اَبَشَّرْتُمُوْنِيْ عَلٰٓى اَنْ
مَّسَّنِيَ الْكِبَرُ فَبِمَ تُبَشِّرُوْنَ ﴿۵۴﴾ قَالُوْا بَشَّرْنٰكَ بِالْحَقِّ فَلَا تَكُنْ مِّنَ الْقٰنِطِيْنَ ﴿۵۵﴾ قَالَ وَمَنْ
يَّقْنَطُ مِنْ رَّحْمَةِ رَبِّهٖٓ اِلَّا الضَّآلُّوْنَ ﴿۵۶﴾ قَالَ فَمَا خَطْبُكُمْ اَيُّهَا الْمُرْسَلُوْنَ ﴿۵۷﴾ قَالُوْٓا
اِنَّآ اُرْسِلْنَآ اِلٰى قَوْمٍ مُّجْرِمِيْنَ ﴿۵۸﴾ اِلَّآ اٰلَ لُوْطٍ اِنَّا لَمُنَجُّوْهُمْ اَجْمَعِيْنَ ﴿۵۹﴾ اِلَّا
امْرَاَتَهٗ قَدَّرْنَآ اِنَّهَا لَمِنَ الْغٰبِرِيْنَ ﴿۶۰﴾ فَلَمَّا جَآءَ اٰلَ لُوْطِ الْمُرْسَلُوْنَ ﴿۶۱﴾ قَالَ
اِنَّكُمْ قَوْمٌ مُّنْكَرُوْنَ ﴿۶۲﴾ قَالُوْا بَلْ جِئْنٰكَ بِمَا كَانُوْا فِيْهِ يَمْتَرُوْنَ ﴿۶۳﴾ وَاَتَيْنٰكَ بِالْحَقِّ
وَاِنَّا لَصٰدِقُوْنَ ﴿۶۴﴾ فَاَسْرِ بِاَهْلِكَ بِقِطْعٍ مِّنَ الَّيْلِ وَاتَّبِعْ اَدْبَارَهُمْ وَلَا يَلْتَفِتْ
مِنْكُمْ اَحَدٌ وَّامْضُوْا حَيْثُ تُؤْمَرُوْنَ ﴿۶۵﴾ وَقَضَيْنَآ اِلَيْهِ ذٰلِكَ الْاَمْرَ اَنَّ دَابِرَ هٰٓؤُلَآءِ
مَقْطُوْعٌ مُّصْبِحِيْنَ ﴿۶۶﴾ وَجَآءَ اَهْلُ الْمَدِيْنَةِ يَسْتَبْشِرُوْنَ ﴿۶۷﴾ قَالَ اِنَّ هٰٓؤُلَآءِ ضَيْفِيْ فَلَا
تَفْضَحُوْنِ ﴿۶۸﴾ وَاتَّقُوا اللّٰهَ وَلَا تُخْزُوْنِ ﴿۶۹﴾ قَالُوْٓا اَوَلَمْ نَنْهَكَ عَنِ الْعٰلَمِيْنَ ﴿۷۰﴾
قَالَ هٰٓؤُلَآءِ بَنٰتِيْٓ اِنْ كُنْتُمْ فٰعِلِيْنَ ﴿۷۱﴾ لَعَمْرُكَ اِنَّهُمْ لَفِيْ سَكْرَتِهِمْ يَعْمَهُوْنَ ﴿۷۲﴾
فَاَخَذَتْهُمُ الصَّيْحَةُ مُشْرِقِيْنَ ﴿۷۳﴾ فَجَعَلْنَا عَالِيَهَا سَافِلَهَا وَاَمْطَرْنَا عَلَيْهِمْ حِجَارَةً
مِّنْ سِجِّيْلٍ ﴿۷۴﴾ اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيٰتٍ لِّلْمُتَوَسِّمِيْنَ ﴿۷۵﴾ وَاِنَّهَا لَبِسَبِيْلٍ مُّقِيْمٍ ﴿۷۶﴾
اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيَةً لِّلْمُؤْمِنِيْنَ ﴿۷۷﴾

તરજુમો :

અને તેમને ઇબ્રાહીમ (અલૈ.)ના મહેમાનોનો હાલ સંભળાવી દો. (૫૧) જ્યારે તેમના ઘરમાં ચાલ્યા આવ્યા અને બોલ્યા, "સલામ"; તેઓ બોલ્યા,

અમને તમારાથી ભય જણાય છે. (૫૨) (ફરિશ્તા) બોલ્યા, ડરો નહીં; અમે તમને એક હોશિયાર છોકરાની ખુશખબરી સંભળાવીએ છીએ. (૫૩) (ઈબ્રાહીમ અલૈ.) બોલ્યા, મને શું ખુશખબરી સંભળાવો છો !? જ્યારે મને ઘડપણ પહોંચી ચૂક્યું, હવે શાની ખુશખબરી સંભળાવો છો ! (૫૪) (ફરિશ્તા) બોલ્યા, અમે તમને સાચી ખુશખબરી સંભળાવી, બસ નાઉમ્મીદોમાંથી ન થાઓ. (૫૫) (ઈબ્રાહીમ અલૈ.) બોલ્યા, અને કોણ પોતાના પરવરદિગારની રહમતથી આશા તોડે પરંતુ જે ગુમરાહ છે. (૫૬) બોલ્યા, પછી તમારું શું અભિયાન છે હે અલ્લાહના મોકલેલાઓ ? (૫૭) (ફરિશ્તા) બોલ્યા, અમે એક ગુનેહગાર કોમ ઉપર મોકલેલા આવ્યા છીએ. (૫૮) પરંતુ લૂત (અલૈ.)ના ઘરવાળાઓ; અમે તેમને સૌને બચાવી લઈશું. (૫૯) પરંતુ એક તેમની ઓરત અમે ઠરાવી લીધું તે રહી જનારાઓમાંની છે. (૬૦) પછી જ્યારે તે મોકલેલાઓ લૂત (અલૈ.)ના ઘરે પહોંચ્યા. (૬૧) (લૂત અલૈ.) બોલ્યા, તમે અસાધારણ (અજનબી) લોકો છો. (૬૨) (ફરિશ્તા) બોલ્યા, નહીં; પરંતુ અમે તમારી પાસે તે વસ્તુ લઈને આવ્યા છે જેમાં તેઓ ઝઘડતા હતા. (૬૩) અમે તમારી પાસે પાકી વાત લાવ્યા છે અને અમે સાચું કહીએ છીએ. (૬૪) બસ, પોતાના ઘરવાળાઓને લઈને નીકળો અમુક રાત રહેતાં પહેલાં અને તમે તેમની પાછળ ચાલો અને તમારામાંથી કોઈ પાછું વળીને ન જુએ અને ચાલ્યા જાઓ જ્યાં તમને હુકમ છે. (૬૫) અને અમે નક્કી કરી લીધી તેની એ વાત કે સવાર થતાં તેમના મૂળિયાં કપાઈ જશે. (૬૬) અને શહેરના લોકો ખુશીઓ મનાવતા આવ્યા. (૬૭) લૂત (અલૈ.)એ કહ્યું, આ લોકો મારા મહેમાન છે, બસ મને અપમાનિત ન કરો. (૬૮) અને અલ્લાહથી ડરો અને મારી આબરૂ ન ખોવો. (૬૯) બોલ્યા, શું અમે તમને મનાઈ નથી કરી દુનિયાભરની હિમાયતથી ? (૭૦) (લૂત અલૈ.) બોલ્યા, આ મારી (કોમની) દિકરીઓ (જે તમારી પત્નીઓ છે) હાજર છે જો તમારે કરવું છે. (૭૧) કસમ છે તમારા પ્રાણની ! તેઓ પોતાની મસ્તીમાં મદ્હોશ છે. (૭૨) પછી તેમને સૂરજ નીકળતી વખતે ભયાનક અવાજે પકડી લીધા. (૭૩) પછી અમે તે વસ્તી ઉપર-તળે કરી નાંખી અને તેમના ઉપર ખેંગારના પથ્થર વરસાવ્યા.

(૭૪) બેશક ! તેમાં લક્ષ આપનારાઓ માટે નિશાનીઓ છે. (૭૫) અને તે વસ્તી સીધા માર્ગ ઉપર આવેલ છે. (૭૬) અલબત્ત તેમાં ઈમાનવાળાઓ માટે નિશાની છે. (૭૭)

તફસીર :

અને (હે મુહમ્મદ ﷺ !) તમે તેમને (લોકોને) ઈબ્રાહીમ (અલૈ.)ના મહેમાનો(ની ઘટના)ની પણ ખબર આપી દો (તે બનાવ તે સમયે બન્યો હતો) જ્યારે કે તે (મહેમાનો જો કે વાસ્તવમાં ફરિશ્તાઓ હતા અને મનુષ્યની શકલના કારણે હઝરત ઈબ્રાહીમ અલૈ. તેમને મહેમાન સમજ્યા) તેમની (એટલે કે હઝરત ઈબ્રાહીમ અલૈ.ની) પાસે આવ્યા પછી (આવીને) તેમણે અસ્સલામુ અલયકુમ કહ્યું, (ઈબ્રાહીમ અલૈ. તેમને મહેમાન સમજીને તરત જ તેમના માટે ખાવાનું તૈયાર કરી લાવ્યા પરંતુ કારણ કે તેઓ ફરિશ્તાઓ હતા તેમણે ખાધું નહીં ત્યારે) ઈબ્રાહીમ (અલૈ. દિલમાં ડરી ગયા કે આ લોકો ખાવું કેમ નથી ખાતા ? કારણ કે તે ફરિશ્તા મનુષ્યની શકલમાં હતા અને તેઓ તેમને મનુષ્ય જ સમજતા હતા અને રહી શંકા ન ખાવાની તો એવું સમજ્યા કે આ લોકો કદાચ દુશ્મન ન હોય અને) કહેવા લાગ્યા કે અમે તો તમારાથી ડરીએ છીએ, (ફરિશ્તાઓએ કહ્યું) તમે ડરો નહીં કારણ કે અમે (ફરિશ્તા છે, અલ્લાહ તરફથી ખુશખબરી લઈને આવ્યા છે અને) તમને એક પુત્રની ખુશખબરી આપીએ છીએ, તે ઘણો મોટો વિદ્વાન હશે (મતલબ એ છે કે તે નબી થશે, કારણ કે મનુષ્યોમાં સૌથી વધારે જ્ઞાન અંબિયા અલૈ.નું હોય છે, આ પુત્રની ખુશખબરી હઝરત ઈસ્હાક અલૈ.ની છે અને બીજી આયતોમાં હઝરત ઈસ્હાક અલૈ.ની સાથે હઝરત યાકૂબ અલૈ.ની ખુશખબરી પણ ઉપસ્થિત છે), ઈબ્રાહીમ (અલૈ.) કહેવા લાગ્યા કે શું તમે મને આવી પરિસ્થિતિમાં (પુત્રની) ખુશખબરી આપો છો કે મને વૃદ્ધાવસ્થા આવી પહોંચી ? (બસ, આવી હાલતમાં મને) કઈ વસ્તુની ખુશખબરી આપો છો ! (મતલબ એ કે આ બાબત સ્વાભાવિક રીતે આશ્ચર્યજનક છે, જો કે તે અલ્લાહની કુદરત માટે અઘરી વાત નથી) તે (ફરિશ્તા) બોલ્યા કે અમે તમને સાચી બાબતની ખુશખબરી આપીએ છીએ (એટલે કે ચોક્કસ તમારા ત્યાં પુત્ર જન્મશે), બસ તમે નિરાશ ન થાઓ (એટલે કે પોતાના વૃદ્ધાવસ્થા ઉપર નજર ન કરો કે આવી સ્વાભાવિક બાબતો ઉપર નજર કરવાથી નિરાશાના વસવસાઓ છવાઈ જાય છે), ઈબ્રાહીમ

(અલૈ.)એ ફરમાવ્યું કે ભલા પોતાના પરવરદિગારની રહમતથી કોણ નાઉમ્મીદ થાય છે ગુમરાહ લોકો સિવાય (એટલે કે હું નબી થઈને ગુમરાહીના ગુણ કઈ રીતે અપનાવી શકું છું ? ફક્ત હેતુ એ છે કે આ બાબત આશ્ચર્યકારક છે, બાકી અલ્લાહનો વાયદો સાચો છે અને મને ઉમ્મીદથી વધીને તેનો સંપૂર્ણ વિશ્વાસ છે, ત્યારબાદ નુબુવ્વતની દીર્ઘદષ્ટિથી જાણ થઈ કે આ ફરિશ્તાઓ આવવાનું કારણ ખુશખબરી સિવાય કોઈ બીજું મોટું કાર્ય પણ છે) તો ફરમાવવા લાગ્યા કે (જ્યારે નિશાનીઓથી મને એ જાણ થઈ ગઈ કે તમારા આવવાનો અન્ય પણ હેતુ છે) તો (એ બતાવો કે) હવે તમે કયા અભિયાન ઉપર છો હે ફરિશ્તાઓ ! ફરિશ્તાઓએ કહ્યું કે અમે એક અપરાધી કોમ ઉપર (તેમને સજા આપવા માટે) મોકલવામાં આવ્યા છે (તેનાથી ભાવાર્થ કોમે લૂત છે) પરંતુ લૂત (અલૈ.)ના કુટુંબ; કે અમે તે સૌને (અઝાબથી) બચાવી લઈશું (એટલે કે તેમને બચવાની રીત બતાવી આપીશું કે આ મુજરિમોથી અલગ થઈ જાઓ) તેમની (એટલે કે હઝરત લૂત અલૈ.ની) પત્ની સિવાય એના વિશે અમે નક્કી કરી રાખ્યું છે કે તે ચોક્કસ તે જ મુજરિમ કોમમાં રહી જશે (અને તેમની સાથે જ અઝાબમાં સામેલ થશે).

પછી જ્યારે તે ફરિશ્તાઓ લૂત (અલૈ.)ના કુટુંબ પાસે આવ્યા (તો મનુષ્યની શકલમાં હતા એટલા માટે હઝરત લૂત અલૈ.) કહેવા લાગ્યા કે તમે તો અજનબી માણસો (લાગો) છો, (જુઓ, શહેરવાળાઓ તમારી સાથે કેવો વર્તાવ કરે છે ! કારણ કે તેઓ અજાણ્યા લોકોને પરેશાન કર્યા કરે છે) તેમણે કહ્યું, નહીં ! (અમે મનુષ્ય નથી) બલકે અમે (ફરિશ્તાઓ છીએ) તમારી પાસે તે વસ્તુ (એટલે કે તે અઝાબ) લઈને આવ્યા છે જેમાં આ લોકો શંકા કર્યા કરતા હતા અને અમે તમારી પાસે ચોક્કસ ઉપસ્થિત થનારી વસ્તુ (એટલે કે અઝાબ) લઈને આવ્યા છે અને અમે (આ ખબર દેવામાં) બિલકુલ સાચા છે, બસ તમે રાતના કોઈ ભાગમાં પોતાના ઘરવાળાઓને લઈને (અહીંયાંથી) ચાલ્યા જાઓ અને તમે સૌની પાછળ રહેજો (જેથી કોઈ બાકી ન રહી જાય અથવા પાછું ન વળી જાય અને તમારા રુઆબ અને બીકના કારણે કોઈ પાછું વળીને ન જુએ જેની મનાઈ કરવામાં આવી છે) અને તમારામાંથી કોઈ પાછું વળીને પણ ન જુએ (એટલે કે બધા જલદી ચાલ્યા જાય) અને જે સ્થળે (જવાનો) તમને હુકમ થયો છે તે તરફ બધા જ ચાલ્યા જાઓ (તફસીરે દૂર્રે મન્સૂરમાં સુદ્દીના હવાલાથી નકલ થયું છે કે તે સ્થળ સિરીયા

છે જેના તરફ હિજરત કરવાનો આ લોકોને હુકમ આપવામાં આવ્યો) અને અમે (તે ફરિશ્તાઓના માધ્યમથી) લૂત (અલૈ.)ની પાસે એ હુકમ મોકલ્યો કે સવાર થતાં જ બિલકુલ તેમના મૂળિયાં કાપી નાંખવામાં આવશે, (એટલે કે તેમનો બિલકુલ સર્વનાશ કરી તેમને બરબાદ કરી નાંખવામાં આવશે, ફરિશ્તાઓની આ વાતચીત ઘટનાક્રમને આધારે તે કિસ્સા પછી જ થઈ છે જેનું વર્ણન આગળ આવી રહ્યું છે પરંતુ તેને વર્ણન કરવામાં એટલા માટે અગ્રસ્થાને રાખવામાં આવ્યું કે કિસ્સો વર્ણન કરવાનો જે હેતુ છે એટલે કે નાફરમાનો ઉપર અઝાબ અને ફરમાંબરદારોનો છુટકારો અને સફળતા; તે પ્રથમથી જ કાળજીપૂર્વક સૌને ખબર થઈ જાય, આગલો કિસ્સો આ પ્રમાણે છે) અને શહેરના લોકો (એ ખબર સાંભળીને કે હઝરત લૂત અલૈ.ના ત્યાં રૂપાળા છોકરાઓ આવ્યા છે) ખૂબ ખુશીઓ મનાવતા-મનાવતા (પોતાની બુરી નિય્યત અને ખરાબ કૃત્યના ઈરાદાથી લૂત અલૈ.ના ઘરે) આવ્યા; લૂત (અલૈ.)એ (જે અત્યાર સુધી ફરિશ્તાઓને મનુષ્ય અને પોતાના મહેમાન સમજી રહ્યા હતા તેમની ખરાબ નિય્યતનો અનુભવ કરીને) ફરમાવ્યું કે આ લોકો મારા મહેમાન છે (તેમને પરેશાન કરીને) મને (સામાન્ય લોકોમાં) અપમાનિત ન કરો (કારણ કે મહેમાનોનું અપમાન મેજબાનનું અપમાન હોય છે, જો તમે આ પરદેશીઓ ઉપર રહમ નથી કરતા તો ઓછામાં ઓછો મારો તો વિચાર કરો કે હું તમારી વસ્તીમાં રહેનારો છું, તદુપરાંત જે ઈરાદો તમે કરી રહ્યા છો તે અલ્લાહ તઆલાના ગુસ્સા અને ક્રોધનું કારણ છે) તમે અલ્લાહથી ડરો અને મને (આ મહેમાનોની દૃષ્ટિમાં) બેઆબરૂ ન કરો (તે મહેમાન એવું સમજશે કે પોતાની વસ્તીના લોકોમાં પણ તેમની કોઈ ઈજ્જત નથી), તેઓ કહેવા લાગ્યા (કે આ અપમાન અમારા તરફથી નથી તમે પોતે તમારા હાથે ખરીદ્યુ છે કે તેમને પોતાના મહેમાન બનાવ્યા) શું અમે તમને દુનિયાભરના લોકો(ને પોતાના મહેમાન બનાવવા)ની (વારંવાર) મનાઈ નથી કરી ચૂક્યા ? (ન તો તમે તેમને મહેમાન બનાવ્યા હોત અને ન જ તમારા અપમાનની નોબત આવી હોત) લૂત (અલૈ.)એ ફરમાવ્યું કે (એ તો બતાવો કે આ વાહિયાત પ્રવૃત્તિની શું આવશ્યકતા છે જેના કારણે અમને કોઈના મહેમાન બનાવવાની પણ પરવાનગી આપવામાં આવતી નથી ? સ્વાભાવિક જાતીયતા સંતોષવા માટે) અમારી વહુ-દિકરીઓ (એટલે કે તમારી પત્નીઓ જે

તમારા ઘરોમાં) મોજૂદ છે જો તમે મારું કહેવું કરો (તો ઈજ્જતવાળા તરીકાથી પોતાની ઈચ્છા સંતોષો પરંતુ તેઓ કોઈનું ક્યાં સાંભળવાના હતા ?) તમારા પ્રાણની કસમ પોતાની મસ્તીમાં મદહોશ હતા ! બસ, સૂરજ નીકળવાના સમયે તેમને સખત અવાજે પકડી લીધા (આ તરજુમો مُشْرِقِيْنَ "મુશરીકીન"નો છે, બસ તેના પહેલાં જે مُصْبِحِيْنَ "મુસ્બિહીન"નો શબ્દ આવ્યો છે તેનો અર્થ "સવારના પહોર"નો થાય છે, આ બંનેનું ભેગા થવું એ આધારે શક્ય છે કે સવારથી શરૂઆત થઈ અને "ઈશ્રાક" સુધીમાં નાશ થયો) પછી (આ ભયાનક અવાજ પછી) અમે તે વસ્તીઓ(ની જમીનને ઉલટાવીને તે)ને નીચે કરી દીધી (અને નીચેનું તળિયું ઉપર કરી દીધું) અને તે લોકો ઉપર કાંકરાઓના પથ્થર વરસાવવાનું શરૂ કર્યું, આ ઘટનામાં ઘણી નિશાનીઓ છે સમજદાર લોકો માટે (દાખલા તરીકે એક તો એ કે ખરાબ કૃત્યોનું પરિણામ ખરાબ જ આવે છે, જો અમુક દિવસની મહોલત અને ઢીલ મળી જાય તો તેનાથી ધોકો ન ખાવો જોઈએ, બીજું એ કે કાયમી અને બાકી રહેનારી રાહત અને ઈજ્જત માત્ર અલ્લાહ તઆલા ઉપર ઈમાન અને તેના આજ્ઞાપાલન ઉપર જ અવલંબિત છે, ત્રીજું એ કે અલ્લાહ તઆલાની કુદરતને મનુષ્યની શક્તિ ઉપર અનુમાનિત કરીને ધોકામાં ન સપડાવું જોઈએ. અલ્લાહ તઆલાની શક્તિમાં અને કાબૂમાં સર્વકંઈ છે એટલે કે તે જાહેર કારણોથી અને ભૌતિક માધ્યમો વિરુદ્ધ પણ જે ચાહે કરી શકે છે.) وَغَيْرُ ذٰلِكَ

મસ્અલા અને બોધપાઠ :

રસૂલે કરીમ ﷺની વિશિષ્ટ પ્રતિષ્ઠા અને સન્માન :

لَعَمْرُكَ (લઅમ્રુક) વિશે રૂહુલ મઆનીમાં જમહૂર વિવરણકારોનું નિવેદન નોંધવામાં આવ્યું છે કે, لَعَمْرُكَ (લઅમ્રુક)નું સંબોધન રસૂલે કરીમ ﷺને થયું છે, અલ્લાહ તઆલાએ આપ ﷺના પ્રાણના કસમ ખાધા છે. બયહકીએ દલાઈલુલ નુબુવ્વહમાં અને અબૂ નઈમ તથા ઈબ્ને મરદૂયા વગેરેએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત કરી છે કે અલ્લાહ તઆલાએ સમગ્ર મખ્લૂક અને કાઈનાતમાં કોઈને પણ હઝરત મુહમ્મદ ﷺથી વધીને ઈજ્જત, સન્માન અને પ્રતિષ્ઠા અર્પણ કરી નથી, એ જ કારણ છે કે

અલ્લાહ તઆલાએ કોઈ પયગમ્બર અથવા કોઈ ફરિશ્તાની જિંદગી ઉપર ક્યારેય કસમ નથી ખાધી અને આ આયતમાં રસૂલે કરીમ ﷺની ઉંમર અને જિંદગીની કસમ ખાધી છે જે આપ ﷺનું ઉચ્ચ કક્ષાનું સન્માન અને પ્રતિષ્ઠા છે.

અલ્લાહ તઆલા સિવાય અન્યની કસમ ખાવી :

કોઈ માનવી માટે જાઇઝ નથી કે અલ્લાહ તઆલાના મુબારક નામો અને સિફતો સિવાય કોઈ અન્ય વસ્તુના સોગંદ ખાય, કારણ કે સોગંદ તેના લેવામાં આવે છે જેને સૌથી મોટો સમજવામાં આવે છે અને દેખીતું છે કે સૌથી મોટો માત્ર અલ્લાહ તઆલા જ છે.

હદીષમાં છે કે "રસૂલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું કે પોતાની માતાઓ અને પિતાઓ તથા મૂર્તિઓની કસમ ન ખાઓ અને અલ્લાહ તઆલા સિવાય કોઈની કસમ ન ખાઓ અને અલ્લાહ તઆલાની કસમ પણ ફક્ત તે સમયે ખાઓ જ્યારે તમે પોતાના નિવેદનમાં સાચા હોવ." *(રવાહુ અબૂ દાવુદ, નસઈ અન અબી હુરયરહ)*

સહીહૈનમાં છે કે એક વખતે રસૂલે કરીમ ﷺએ હઝરત ઉમર બિન ખત્તાબ (રદિ.)ને જોયા કે પોતાના પિતાના સોગંદ ખાઈ રહ્યા છે ત્યારે રસૂલે કરીમ ﷺએ પોકારીને ફરમાવ્યું, ખબરદાર રહો ! અલ્લાહ તઆલા પિતાઓની કસમ ખાવાની મનાઈ ફરમાવે છે જેણે સોગંદ લેવાના હોય અલ્લાહના નામ ઉપર સોગંદ લે નહિતર મૌન રહે. *(કુર્તુબી, માઈદહ)*

પરંતુ આ હુકમ સામાન્ય મખ્લૂક માટે છે અલ્લાહ જલ્લ શા'નુહૂ પોતે પોતાની મખ્લૂકમાંથી વિવિધ વસ્તુઓની કસમ ખાય છે, એવું કરવું તેના માટે ખાસ હોય છે જેનો હેતુ કોઈ ખાસ આધારે તે વસ્તુને શ્રેષ્ઠ અને મહાન લાભકારી હોવાનું વર્ણન કરવાનો હોય છે અને સામાન્ય મખ્લૂકને અલ્લાહ સિવાય અન્યની કસમ ખાવાથી રોકવાનું જે કારણ છે તે અત્રે મોજૂદ નથી, કારણ કે અલ્લાહ તઆલાના કલામમાં એવી કોઈ શક્યતા નથી કે તે પોતાની કોઈ મખ્લૂકને સૌથી મોટો અથવા સૌથી ઉચ્ચ કક્ષાનો સમજે, કારણ કે સર્વ પ્રકારની મોટાઈ તો માત્ર અલ્લાહ તઆલાની જાત સાથે જ ખાસ છે.

જે વસ્તીઓ ઉપર અઝાબ નાઝિલ થયો તેનાથી બોધપાઠ ગ્રહણ કરવો જોઈએ :

إِنَّ فِي ذَٰلِكَ لَآيَاتٍ لِّلْمُتَوَسِّمِينَ وَإِنَّهَا لَبِسَبِيلٍ مُّقِيمٍ તેમાં અલ્લાહ

તઆલાએ તે વસ્તીઓનું સ્થાન વર્ણન કર્યું છે જે અરબથી સિરીયા સુધી જનારા માર્ગ ઉપર આવેલ છે અને સાથે જ ઈરશાદ ફરમાવ્યો કે, તેમાં બુદ્ધિશાળીઓ માટે અલ્લાહ તઆલાની સંપૂર્ણ કુદરતની મોટી નિશાનીઓ છે.

એક બીજી આયતમાં તેના વિશે આ પણ ઈરશાદ થયો છે, لَمْ تُسْكَنْ مِنْ بَعْدِهِمْ إِلَّا قَلِيلًا (૨૮:૫૮) એટલે કે, આ વસ્તીઓ અલ્લાહના અઝાબ દ્વારા વેરાન થયા પછી ફરી બીજીવાર આબાદ નથી થઈ અમુક થોડી વસ્તીઓ સિવાય. આ વર્ણનોથી જાણ થાય છે કે અલ્લાહ તઆલાએ તે વસ્તીઓને અને તેમના મકાનોને આવનારી પેઢીઓ માટે બોધપાઠ ગ્રહણ કરવાનો સામાન બનાવ્યો છે.

એ જ કારણ છે કે રસૂલે કરીમ ﷺ જ્યારે તે સ્થળોએથી પસાર થયા છે ત્યારે આપ ﷺ ઉપર અલ્લાહ તઆલાના પ્રભાવની એક ખાસ પરિસ્થિતિ છવાઈ જતી હતી, જેનાથી મુબારક માથું નમી જતું હતું અને આપ ﷺ પોતાની સવારીને તે સ્થળોએથી ઝડપથી અને જલદી પસાર કરવાની કોશીશ કરતા હતા, રસૂલે કરીમ ﷺએ આ રીતીનીતિથી એ સુન્નત કાયમ કરી આપી કે જે સ્થળોએ અલ્લાહ તઆલાનો અઝાબ આવ્યો છે તેને તમાશાની જગ્યા બનાવવી ઘણા જ પથ્થરદિલ માનવી દ્વારા આચરાતી પ્રવૃત્તિ છે, બલકે આ સ્થળોએથી બોધપાઠ ગ્રહણ કરવાની રીત એ જ છે કે ત્યાં પહોંચીને અલ્લાહ તઆલાની સંપૂર્ણ કુદરતને ધ્યાનમાં રાખે અને તેના અઝાબનો ભય અને ડર મનમાં પેદા કરે.

હઝરત લૂત (અલૈ.)ની વસ્તીઓ કે જેના ભૂ ભાગને તળે-ઉપર કરી નાંખવામાં આવ્યો હતો કુર્આને કરીમના ઈરશાદ પ્રમાણે અરબથી શામ જનારા માર્ગ ઉપર જોર્ડનના વિસ્તારમાં આજે પણ સમુદ્રની સપાટીથી ઘણી ઊંડાઈએ એક મોટા રણ વિસ્તાર સ્વરૂપે મોજૂદ છે, તેના એક ઘણા મોટા ભાગ ઉપર એક ખાસ પ્રકારનું પાણી અને (મૃત) સરોવર સ્વરૂપે ઉપસ્થિત છે, તે પાણીમાં કોઈ માછલી, દેડકાં વગેરે સજીવો જીવંત રહી શકતા નથી, એટલા માટે આ સરોવરને "બહરે મય્યિત" (મૃત સરોવર-Dead Sea) કહેવામાં આવે છે અને "બહરે લૂત"ના નામથી પણ ઓળખવામાં આવે છે, સંશોધનથી જાણ થઈ છે કે વાસ્તવમાં તેમાં પાણીનું પ્રમાણ ઘણું ઓછું અને તૈલી (ક્ષારયુક્ત) પદાર્થોનું પ્રમાણ વધારે છે એટલા માટે કોઈ સજીવ આ પાણીમાં જીવંત રહી શકતું નથી.

આજકાલ પુરાતત્ત્વ ખાતાએ અમુક રહેઠાણ માટેની ઈમારતો અને હૉટલો વગેરે પણ ત્યાં બનાવ્યા છે અને આખિરતથી ગાફેલ ભૌતિકતાના પૂજારી લોકોએ આજકાલ તેને એક પર્યટન સ્થળ બનાવી દીધું છે, લોકો તમાશા સ્વરૂપે તેને જોવા આવે છે, કુર્આને કરીમે આ બેદરકારી અને ગફલત ઉપર ચેતવણી માટે અંતે ફરમાવ્યું, اِنَّ فِیۡ ذٰلِکَ لَاٰیَۃً لِّلۡمُؤۡمِنِیۡنَ એટલે કે, વાસ્તવમાં તો આ ઘટનાઓ અને સ્થળો દરેક બુદ્ધિશાળી અને દિર્ઘદષ્ટા માટે બોધપાઠ ગ્રહણ કરવાનું માધ્યમ છે પરંતુ તે બોધપાઠથી લાભ ઉઠાવનાર માત્ર મો'મિનો જ હોય છે, અન્ય લોકો આ સ્થળોને એક પર્યટક બની તમાશા સ્વરૂપે જ જોઈને રવાના થઈ જાય છે.

આયતો : (સૂરએ હિજ્ર : આયત નં. ૭૮ થી ૮૬)

وَاِنۡ کَانَ اَصۡحٰبُ الۡاَیۡکَۃِ لَظٰلِمِیۡنَ ﴿۷۸﴾ فَانۡتَقَمۡنَا مِنۡہُمۡ ۘ وَ اِنَّہُمَا لَبِاِمَامٍ مُّبِیۡنٍ ﴿۷۹﴾
وَلَقَدۡ کَذَّبَ اَصۡحٰبُ الۡحِجۡرِ الۡمُرۡسَلِیۡنَ ﴿۸۰﴾ وَاٰتَیۡنٰہُمۡ اٰیٰتِنَا فَکَانُوۡا عَنۡہَا مُعۡرِضِیۡنَ ﴿۸۱﴾
وَکَانُوۡا یَنۡحِتُوۡنَ مِنَ الۡجِبَالِ بُیُوۡتًا اٰمِنِیۡنَ ﴿۸۲﴾ فَاَخَذَتۡہُمُ الصَّیۡحَۃُ مُصۡبِحِیۡنَ ﴿۸۳﴾ فَمَاۤ اَغۡنٰی
عَنۡہُمۡ مَّا کَانُوۡا یَکۡسِبُوۡنَ ﴿۸۴﴾ وَمَا خَلَقۡنَا السَّمٰوٰتِ وَالۡاَرۡضَ وَمَا بَیۡنَہُمَاۤ اِلَّا بِالۡحَقِّ ؕ
وَاِنَّ السَّاعَۃَ لَاٰتِیَۃٌ فَاصۡفَحِ الصَّفۡحَ الۡجَمِیۡلَ ﴿۸۵﴾ اِنَّ رَبَّکَ ہُوَ الۡخَلّٰقُ الۡعَلِیۡمُ ﴿۸۶﴾

તરજુમો :

અને ખરેખર "અઈકહ" (શુઅયૂબ અલૈ.ની કોમ)ના લોકો ગુનેહગાર હતા. (૭૮) બસ અમે તેમનાથી બદલો લીધો અને આ બંને વસ્તીઓ ખુલ્લા માર્ગ ઉપર ઉપસ્થિત છે. (૭૯) અને બેશક ! હિજ્રવાળાઓએ રસૂલોને જૂઠાડયા. (૮૦) અને અમે તેમને પોતાની નિશાનીઓ આપી, બસ તેનાથી મોઢું ફેરવનારા રહ્યા. (૮૧) અને એવા હતા કે ઈત્મિનાનની સાથે પહાડોના ઘર કોતરતા હતા. (૮૨) પછી તેમને સવારનાં સમયે ભયાનક અવાજે પકડયા. (૮૩) પછી તેમના કામ ન આવ્યું જે કંઈ કમાયું હતું. (૮૪) અને અમે આસમાન અને જમીન બનાવ્યા નથી અને જે તેમની વચ્ચે છે હિકમત

વિના ! અને બેશક કયામત આવનારી છે, બસ કિનારો કરો (દરગુઝર કરો); સારી રીતે કિનારો. (૮૫) તમારો પરવરદિગાર જે છે, તે જ છે પેદા કરનાર સઘળું જાણનાર. (૮૬)

તફસીર :

અઈકહ અને હિજ્રના નિવાસીઓની ઘટના :

અને અઈકહવાળા (હઝરત શુઅયૂબ અલૈ.ની કોમના લોકો પણ) ઘણા જાલિમ હતા, બસ અમે તેમની પાસેથી (પણ) બદલો લીધો (અને અઝાબ આપી તેમનો નાશ કર્યો) અને બંને (કોમની) વસ્તીઓ ખુલ્લી સડક ઉપર (આવેલ) છે (અને સિરીયા જવાના માર્ગ ઉપર નજરે પડે છે) અને "હિજ્ર"વાળાઓએ (પણ) પયગમ્બરોને જૂઠાડ્યા (કારણ કે જ્યારે હઝરત સાલિહ અલૈ.ને જૂઠા કહ્યા અને બધા પયગમ્બરોનો મૂળ દીન એક જ હોય છે તો જાણે તેમણે બધા પયગમ્બરોને જ જૂઠાડ્યા) અને અમે તેમને પોતાની (તરફથી) નિશાનીઓ આપી, (જેનાથી અલ્લાહ તઆલાની તવહીદ અને હઝરત સાલિહ અલૈ.ની નુબુવ્વત સાબિત થઈ હતી, દાખલા તરીકે તવહીદની દલીલો અને ઊંટણીનો મોઅ્જિઝો હઝરત સાલિહ અલૈ.ને આપવામાં આવ્યો હતો) બસ, તે લોકો તે (નિશાનીઓ)થી મોઢું ફેરવતા (જ) રહ્યા અને તે લોકો પહાડોને કોતરી-કોતરીને તેમાં ઘરો બનાવતા હતા કે (તેમાં બધી આફતોથી) રક્ષણમાં રહે, બસ તેમને સવારના સમયે (ભલે વહેલી સવારમાં જ હોય અથવા દિવસ ચઢ્યા પછી હોય આ બંને શક્યતા છે) ભયંકર અવાજે પકડી લીધા બસ તેમને (દુનિયવી) કમાણી કંઈ કામ ન લાગી (અને તેમના મજબૂત મકાનોમાં અઝાબથી કામ તમામ થઈ ગયું, તે આફતથી તેમના ઘરોએ તેમને ન બચાવ્યા બલકે તે આફતની તેમને કલ્પના પણ ન હતી અને જો હોત તો પણ તેઓ શું કરી શકવાના હતા ?)

મસ્અલા અને બોધપાઠ :

أَيْكَة (અઈકહ)નો અર્થ ગીચ "જંગલ" થાય છે, અમુક કહે છે કે મદ્યનની પાસે એક ગીચ જંગલ હતું એટલા માટે અઈકહના નિવાસીઓને أَصْحَابِ مَدْيَنَ (અસ્હાબે મદ્યન) "મદ્યનવાળા"નો લકબ આપવામાં આવ્યો છે, અમુકે કહ્યું છે કે "અસ્હાબે અઈકહ" અને "અસ્હાબે મદ્યન" બે

અલગ-અલગ કોમો હતી, એક કોમનો નાશ થયા પછી હઝરત શુઅયૂબ (અલૈ.)ને બીજી કોમ તરફ મોકલવામાં આવ્યા.

તફસીરે રૂહુલ મઆનીમાં ઈબ્ને અસાકીરના હવાલાથી આ "મરફૂઅ્ હદીષ" નકલ કરવામાં આવી છે, اِنَّ مَدْيَنَ وَاَصْحَابَ الْاَيْكَةِ اُمَّتَانِ بَعَثَ اللّٰهُ تَعَالٰى اِلَيْهِمَا شُعَيْبًا (મદ્યન અને અઈકહના લોકો બે અલગ-અલગ કોમો હતી, અલ્લાહ તઆલાએ હઝરત શુઅયૂબ અલૈ.ને તેમના તરફ મોકલ્યા હતા.)

અને "હિજ્ર" એક "ખીણ પ્રદેશ" છે જે હિજાઝ અને સિરીયાની વચ્ચે આવેલ છે તેમાં કોમે ષમૂદ વસવાટ કરતી હતી.

સૂરતની શરૂઆતમાં રસૂલે કરીમ ﷺને મક્કાના કાફિરો દ્વારા જે સખત વિરોધ અને દુશ્મનાવટનો સામનો કરવો પડયો હતો તેનું વર્ણન હતું, તેની સાથે-સાથે આપ ﷺને તસલ્લી આપવાનો વિષય પણ વર્ણન કરવામાં આવ્યો હતો, હવે સૂરત પૂર્ણ થવા ઉપર આ જ દુશ્મનાવટ અને વિરોધ વિશે રસૂલે કરીમ ﷺને દિલાસો આપવા માટે વિગતવાર વિષયને વર્ણન કરવામાં આવી રહ્યો છે એટલા માટે ઈરશાદ થયો છે.

બાકીની આયતોની તફસીર :

અને (હે મુહમ્મદ ﷺ ! તમે તે લોકોની દુશ્મનાવટ અને વિરોધથી દિલગીર ન થાઓ, કારણ કે એક દિવસે તેમનો ફેંસલો થવાનો છે અને તે કયામતનો દિવસ છે જેના આવવા વિશે અમે તમને વર્ણન કરીએ છીએ કે) અમે આસમાનો અને જમીનને અને તેની મધ્યમાંની દરેક વસ્તુઓને કોઈ મસ્લિહત (હેતુ) વિના પેદા નથી કરી, (બલકે એ હેતુથી પેદા કરી છે કે તેને જોઈને વિરાટ વિશ્વના સર્જકનું અસ્તિત્વ અને તેની વહ્દાનિયત-એકત્વ અને શ્રેષ્ઠતા ઉપર દલીલ કાયમ કરીને તેની આજ્ઞાનું પાલન કરે અને એ દલીલ કાયમ થયા પછી જો એવું નહીં કરે તો તેમના માટે અવશ્ય અઝાબ છે) અને (દુનિયામાં અઝાબ પૂર્ણ થતો નથી તો અન્ય ઠેકાણે પણ હોવો જોઈએ આથી તેના માટે કયામત નક્કી કરવામાં આવી છે બસ,) અવશ્ય કયામત આવનાર છે, (ત્યાં સૌને ભોગવવું પડશે) બસ તમે (કોઈ ગમ ન કરો બલકે) ખૂબી સાથે (તેમની શરારતોને) દરગુઝર કરો, (દરગુઝર અને સહન કરવાનો મતલબ એ છે કે તેનાથી ચિંતા ન

કરો અને દિલગીર ન થાઓ, એનો વિચાર પણ ન કરો અને ખૂબીનો અર્થ એ છે કે તેની કોઈ ફરિયાદ પણ ન કરો કારણ કે) નિઃશંક ! તમારો પરવરદિગાર મહાન સર્જનહાર (છે, એનાથી સાબિત થયું કે તે) સર્વજ્ઞ (જાણકાર પણ) છે (બધી જ પરિસ્થિતિઓની તેને જાણકારી છે, તમારી સબ્રની પણ અને શરારતખોરોની શરારતની પણ એટલા માટે તેમની પાસેથી સંપૂર્ણ બદલો લેવામાં આવશે).

આયતો : (સૂરએ હિજ્ર : આયત નં. ૮૭ થી ૯૯)

وَلَقَدْ اٰتَيْنٰكَ سَبْعًا مِّنَ الْمَثَانِيْ وَالْقُرْاٰنَ الْعَظِيْمَ ﴿٨٧﴾ لَا تَمُدَّنَّ عَيْنَيْكَ اِلٰى مَا مَتَّعْنَا بِهٖٓ
اَزْوَاجًا مِّنْهُمْ وَلَا تَحْزَنْ عَلَيْهِمْ وَاخْفِضْ جَنَاحَكَ لِلْمُؤْمِنِيْنَ ﴿٨٨﴾ وَقُلْ
اِنِّيْٓ اَنَا النَّذِيْرُ الْمُبِيْنُ ﴿٨٩﴾ كَمَآ اَنْزَلْنَا عَلَى الْمُقْتَسِمِيْنَ ﴿٩٠﴾ الَّذِيْنَ جَعَلُوا الْقُرْاٰنَ
عِضِيْنَ ﴿٩١﴾ فَوَرَبِّكَ لَنَسْـَٔلَنَّهُمْ اَجْمَعِيْنَ ﴿٩٢﴾ عَمَّا كَانُوْا يَعْمَلُوْنَ ﴿٩٣﴾ فَاصْدَعْ بِمَا تُؤْمَرُ
وَاَعْرِضْ عَنِ الْمُشْرِكِيْنَ ﴿٩٤﴾ اِنَّا كَفَيْنٰكَ الْمُسْتَهْزِءِيْنَ ﴿٩٥﴾ الَّذِيْنَ
يَجْعَلُوْنَ مَعَ اللّٰهِ اِلٰهًا اٰخَرَ ۚ فَسَوْفَ يَعْلَمُوْنَ ﴿٩٦﴾ وَلَقَدْ نَعْلَمُ اَنَّكَ يَضِيْقُ
صَدْرُكَ بِمَا يَقُوْلُوْنَ ﴿٩٧﴾ فَسَبِّحْ بِحَمْدِ رَبِّكَ وَكُنْ مِّنَ السّٰجِدِيْنَ ﴿٩٨﴾
وَاعْبُدْ رَبَّكَ حَتّٰى يَاْتِيَكَ الْيَقِيْنُ ﴿٩٩﴾

તરજુમો :

અને અમે તમને વઝીફો આપ્યો છે, સાત આયતો; અને મોટા દરજ્જાનું કુર્આન. (૮૭) પોતાની આંખો તે વસ્તુઓ ઉપર ન નાંખો જે અમે તેમનામાંથી કેટલાય પ્રકારના લોકોને વાપરવા માટે આપી અને તેના ઉપર ગમ ન કરો અને ઈમાનવાળાઓ માટે પોતાના ખભા ઝુકાવો. (૮૮) અને કહો, હું તે જ છું સ્પષ્ટ ડરાવનારો. (૮૯) જેવા અમે મોકલ્યો હતો તે ભાગલા પાડનારાઓ (Schismatics) ઉપર (૯૦) જેમણે કુર્આનના ટૂકડા કર્યા છે. (૯૧) બસ તમારા પરવરદિગારની કસમ છે, અમારે તે સૌને

પૂછવાનું છે (૯૨) જે કંઈ તેઓ કરતા હતા. (૯૩) બસ ખોલીને સંભળાવી દો જે તમને હુકમ થયો અને મુશ્રિકોની પરવા ન કરો. (૯૪) અમે ઠઠ્ઠો કરનારાઓ માટે તમારા તરફથી પૂરતા છે. (૯૫) કે જેઓ અલ્લાહની સાથે બીજાની બંદગી ઠરાવે છે, બસ નજીકમાં જ જાણી લેશે. (૯૬) અને અમે જાણીએ છીએ કે તમારી છાતી તેમની વાતોથી રૂંધાય છે. (૯૭) બસ, તમે પોતાના પરવરદિગારની ખૂબીઓ યાદ કરો અને સિજ્દહ કરનારાઓમાંથી થાઓ. (૯૮) અને પોતાના પરવરદિગારની બંદગી કર્યે જાઓ જ્યાં સુધી તમારી પાસે ચોક્કસ વાત આવે. (૯૯)

તફસીર :

અને (આપ ﷺ તેમના મા'મલાને ન જુઓ કે તે દિલગીરીનો સબબ બને, તમારી સાથે અમારો વ્યવહાર જુઓ કે અમારા તરફથી તમારી સાથે કેવા પ્રમાણમાં મહેરબાની અને કૃપા એનાયત થઈ છે અટલા માટે) અમે તમને (એક ઘણી મોટી નેઅ્મત એટલે કે) સાત આયતો આપી જે (નમાઝમાં) વારંવાર પઢવામાં આવે છે અને તે (ખૂબ ઉચ્ચ કક્ષાના વિષયો ઉપર આધારિત હોવાના કારણે એ પાત્ર છે કે તેને આપીને જાણે એવું કહેવામાં આવે કે) કુર્આને અઝીમ આપ્યું (તેનો ભાવાર્થ સૂરએ ફાતિહા છે જેની શ્રેષ્ઠતાના કારણે તેનું નામ "ઉમ્મુલ કુર્આન" પણ છે, બસ આ નેઅ્મત અને અર્પણ કરનાર તરફ દષ્ટિ રાખો કે તમારું દિલ શાંતિ મેળવીને ખુશ થશે, તે લોકોની દુશ્મનાવટ અને વિરોધ તરફ ધ્યાન ન આપો અને) તમે પોતાની આંખો ઉઠાવીને પણ તે વસ્તુને ન જુઓ (એટલે કે ન તો અફસોસ સ્વરૂપે અને ન જ નારાજ થઈને) કે જે અમે વિવિધ પ્રકારના કાફિરોને (દાખલા તરીકે યહૂદીઓ, નસારા, મૂર્તિપૂજકો અને અગ્નિપૂજકોને) વાપરવા માટે આપી રાખી છે (અને ઘણી જ જલદી તેમનાથી તે જુદી થઈ જવાની છે) અને તેમની (કુફ્રની હાલત) ઉપર (કંઈ) ગમ ન કરો (નારાજગી સ્વરૂપે નજર કરવાનો અર્થ એ છે કે કારણ કે તેઓ અલ્લાહના દુશ્મન છે એટલા માટે અલ્લાહના દુશ્મનો ઉપર ક્રોધ થાય કે આવી નેઅ્મતો તેમની પાસે ન હોવી જોઈએ, તેનો જવાબ مَتَّعْنَا માં ઈશારો કર્યો કે તે કોઈ ભારે નેઅ્મત નથી કે તે અલ્લાહના દુશ્મનો પાસે ન હોવી જોઈએ. આ વસ્તુઓ તો બધી નાશ થવાની છે, ઘણી જ જલદી જતી રહેશે અને અફસોસની દષ્ટિ કરવાનો ભાવાર્થ એ

છે કે અફસોસ ! આ વસ્તુઓએ તેમને ઈમાન લાવવાથી અટકાવી રાખ્યા છે, જો એવું ન હોત તો કદાચ તેઓ ઈમાન લઈ આવ્યા હોત, તેનો જવાબ لَا تَحْزَنْ માં આપવામાં આવ્યો છે જેની વિગત એ છે કે તેમની પ્રકૃતિમાં અમર્યાદ દુશ્મનાવટ છે, તેમનાથી કોઈ રીતે આશા નથી અને દિલગીરી કે કોઈ અપેક્ષા વિરુદ્ધ કાર્ય ઉપર થતી હોય છે, હવે જ્યારે અપેક્ષા જ નથી તો પછી એવું દિલગીર થવું પણ કારણ વિનાનું છે અને લાલચ સ્વરૂપે દૃષ્ટિ નાંખવાની તો આપ ﷺ માટે કોઈ શક્યતા કે સંભાવના જ નથી, મતલબ એ કે તમે કોઈપણ રીતે આ કાફિરોની ફિકર ચિંતામાં ન પડો) અને મુસલમાનો ઉપર દયાભાવ રાખો, (એટલે કે ચિંતા અને મહોબ્બત રાખવા માટે મુસલમાનો પૂરતા છે અને તેનાથી તેમને લાભ પણ છે) અને (કાફિરો માટે કારણ કે ચિંતા કરવાથી કોઈ પરિણામ આવતું નથી એટલા માટે તેમની કોઈ પરવા ન કરો, અલબત્ત તબ્લીગ કરવી જે તમારા હોદ્દાની ફરજ છે તેને અદા કરતા રહો અને એટલું) કહી આપો કે હું ખુલ્લમ-ખુલ્લો (તમને અલ્લાહના અઝાબથી) ડરાવનારો છું (અને અલ્લાહ તરફથી તમને આ વિષય પહોંચાડું છું કે તે અઝાબ જેનાથી અમારા નબી ડરાવે છે અમે તમારા ઉપર કોઈ વખતે અવશ્ય નાઝિલ કરીશું) જેમકે અમે (તે અઝાબ) તે લોકો ઉપર (ભૂતકાળમાં વિવિધ સમયે) નાઝિલ કર્યો છે જેમણે (અલ્લાહના હુકમોના) ભાગ પાડી રાખ્યા હતા એટલે કે આસમાની કિતાબના વિવિધ હિસ્સાઓ ઠરાવ્યા હતા (અને તેમનામાં જે પોતાની મરજી પ્રમાણે હતું તેને માની લીધું અને જે તેમની મરજી વિરુદ્ધ હતું તેનો ઇન્કાર કર્યો, તેનો ભાવાર્થ પાછલા યહૂદીઓ અને નસારા છે જેમના ઉપર અંબિયા અલૈ.નો વિરોધ કરવાના કારણે અઝાબ થયો એટલે કે ચહેરાઓ બદલાઈ જવાનો, વાંદરાઓ જેવા તથા સુવ્વર જેવા થઈ જવાનો, કેદ થવાનો, કતલ થવાનો, અપમાનિત થવાનો વગેરે અઝબ.... મશ્હૂર છે. મતલબ એ છે કે અઝાબ નાઝિલ થવો કોઈ મોટી વાત નથી, અગાઉ આ બધું થઈ ચૂક્યું છે અને જો તમારા ઉપર પણ અઝાબ આવી જાય તો કોઈ આશ્ચર્યની વાત નથી ભલે તે અઝાબ દુનિયામાં આવે અથવા આખિરતમાં અને પ્રસ્તુત ચર્ચાથી એ વાત જાહેર થઈ ગઈ કે જે પ્રમાણે અગાઉના લોકો અંબિયા અલૈ.ના વિરોધ કરવાના કારણે અઝાબના હકદાર બન્યા હતા એ જ પ્રમાણે ઉપસ્થિત લોકો પણ અઝાબના હકદાર થઈ ગયા છે) બસ, (હે

મુહમ્મદ ﷺ !) તમારા પરવરદિગારની (એટલે કે મારી પોતાની) કસમ ! અમે તે સૌ (આગલા અને પાછલા લોકો)થી તેમના અમલોની (કયામતના દિવસે) અવશ્ય પૂછતાછ કરીશું, (પછી દરેકને તેના યોગ્ય સજા આપીશું) મતલબ (વાતચીતનો એ છે કે) તમને જે વાત(ને પહોંચાડવા)નો હુકમ આપવામાં આવ્યો છે તેને (તો) સાફ-સાફ સંભળાવી આપો અને (જો તેઓ ન માને તો) મુશ્રિકો(ના ન માનવા)ની (સદંતર) પરવા ન કરો (એટલે કે દિલગીર ન થાઓ, જેમકે ઉપર આવ્યું છે لَا تَحْزَنْ અને ન જ સ્વાભાવિક રીતે ભય અનુભવો કે આ વિરોધીઓ ઘણા બધા છે કારણ કે) આ લોકો જો (કે તમારા અને અલ્લાહના વિરોધી છે એટલા માટે તમારા ઉપર તો) હસે છે (અને) અલ્લાહ તઆલાની સાથે અન્યને મઅ્બૂદ ઠરાવે છે, તેઓ(ની શરારત અને પરપીડનવૃત્તિ)થી આપ (ﷺને સુરક્ષિત રાખવા) માટે (અને તેમની પાસેથી બદલો લેવા માટે) અમે પૂરતા છીએ, બસ તેમને હવે ખબર થઈ જવાની છે (કે ઠટ્ટો-મશ્કરી અને શિર્કનું પરિણામ શું હોય છે ? મતલબ કે જ્યારે અમે પૂરતા છે પછી ભય શાનો ?) અને ખરેખર અમને ખબર છે કે આ લોકો જે (કુફ્ર અને ઠટ્ટા-મશ્કરીની) વાતો કરે છે તેનાથી તમારી છાતી રૂંધાય છે (કે આ સ્વાભાવિક વાત છે), બસ (તેનો ઈલાજ એ છે કે) તમે પોતાના પરવરદિગારની તસ્બીહ અને વખાણ કરતા રહો અને નમાઝ પઢનારાઓમાંથી રહો અને પોતાના પરવરદિગારની ઈબાદત કરતા રહો એટલે સુધી કે (એવી હાલતમાં) તમને મોત આવી જાય, (એટલે કે વફાત સુધી ઝિક્ર અને ઈબાદતમાં મશ્ગૂલ રહો કારણ કે અલ્લાહના ઝિક્ર અને ઈબાદતમાં આખિરતના મહાન સવાબ ઉપરાંત એ ખાસિયત પણ છે કે દુનિયામાં જ્યારે મનુષ્ય તે તરફ લાગી જાય છે તો દુનિયાનો રંજ-ગમ તથા તકલીફ અને મુસીબત હલકી થઈ જાય છે).

મસ્અલા અને બોધપાઠ :

સૂરએ ફાતિહા સંપૂર્ણ કુર્આનનું મૂળ તત્ત્વ તથા તેનો ખુલાસો છે :

આ આયતોમાં સૂરએ ફાતિહાને કુર્આને અઝીમ કહેવામાં એ તરફ ઈશારો છે કે સૂરએ ફાતિહા એક સ્વરૂપે સંપૂર્ણ કુર્આન છે, કારણ કે ઈસ્લામના મૂળ સિદ્ધાંતો બધા જ તેમાં સમાયા છે.

મહશરમાં કઈ વસ્તુનો સવાલ થશે ? :

આયતમાં પ્રસ્તુત છે કે અલ્લાહ તઆલાએ પોતાની પવિત્ર જાતની કસમ ખાઈને ફરમાવ્યું છે કે સૌ આગલા અને પાછલાઓને જરૂર સવાલ અને પૂછતાછ થશે.

સહાબએ કિરામ (રદિ.)એ રસૂલે કરીમ ﷺને સવાલ કર્યો કે, આ પ્રશ્ન કઈ બાબત વિશે હશે ? ત્યારે આપ ﷺએ ફરમાવ્યું, لَآاِلٰـهَ اِلَّا اللّٰه (લા ઈલાહા ઈલ્લલ્લાહ) વિશે હશે. તફસીરે કુર્તુબીમાં આ રિવાયતને નકલ કરીને ફરમાવ્યું છે, અમારા નિકટ તેનો ભાવાર્થ તે વચનને વ્યવહારિક દષ્ટિએ પૂર્ણ કરવાનો છે જેની નિશાની કલિમએ તય્યિબહ لَآاِلٰـهَ اِلَّا اللّٰه (લા ઈલાહા ઈલ્લલ્લાહ) છે ફક્ત મૌખિક નિવેદન કરવું પૂરતું નથી, કારણ કે મૌખિક સ્વીકાર તો મુનાફિકો પણ કરતા હતા, હઝરત હસન બસરી (રહ.)એ ફરમાવ્યું કે "ઈમાન કોઈ ખાસ હુલિયો કે દેખાવ બનાવી લેવાથી અને દીન ફક્ત તમન્નાઓ કરવાથી નથી બનતું બલકે ઈમાન તે વિશ્વાસનું નામ છે જે દિલમાં નાંખવામાં આવ્યો હોય અને અમલો દ્વારા તેની સત્યતાનું સમર્થન થતું હોય." જેમકે, એક હદીષમાં હઝરત ઝૈદ ઈબ્ને અરકમ (રદિ.)થી આ રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે "જે વ્યક્તિ ઈખ્લાસ સાથે لَآاِلٰـهَ اِلَّا اللّٰه (લા ઈલાહા ઈલ્લલ્લાહ) કહેશે તે અવશ્ય જન્નતમાં જશે. લોકોએ પૂછ્યું, યા રસૂલુલ્લાહ ﷺ ! આ કલિમામાં ઈખ્લાસનો શું અર્થ છે ? આપ ﷺએ ફરમાવ્યું કે, જ્યારે આ કલિમો મનુષ્યને અલ્લાહના હરામ કરેલા અને નાજાઈઝ કામોથી અટકાવી દે તો તે ઈખ્લાસની સાથે છે."

(કુર્તુબી)

તબ્લીગ (પ્રચાર-પ્રસાર) અને શિખામણમાં ક્રમબદ્ધ સામર્થ્ય અપનાવવુંઃ

فَاصْدَعْ بِمَا تُؤْمَرُ આ આયત નાઝિલ થતા પહેલાં રસૂલે કરીમ ﷺ અને સહાબએ કિરામ (રદિ.) છુપી-છુપી રીતે ઈબાદત અને તિલાવત કરતા હતા તથા પ્રચારનો ક્રમ પણ ગુપ્ત જ હતો. એક-એક, બે-બે વ્યક્તિઓને આમંત્રણ આપવામાં આવતું હતું, કારણ કે જાહેરાત અને ખુલ્લમ-ખુલ્લા એ'લાનમાં કાફિરો તરફથી પીડા અથવા કષ્ટ પહોંચવાનો ભય હતો, આ આયતમાં અલ્લાહ તઆલાએ ઠેકડી ઉડાવનારા તથા કષ્ટ પહોંચાડનારા કાફિરોની પીડાઓથી

સુરક્ષિત રાખવાની પોતે જવાબદારી લઈ લીધી છે, એટલા માટે તે સમયે નચિંત થઈને ખુલ્લમ-ખુલ્લી જાહેરાત અને એ'લાન દ્વારા તિલાવત અને ઈબાદત તથા પ્રચાર અને પ્રસારનો ક્રમ શરૂ થયો.

إِنَّا كَفَيْنَٰكَ ٱلْمُسْتَهْزِءِينَ માં જે લોકોનું વર્ણન છે તેમના આગેવાનો પાંચ વ્યક્તિઓ હતી. ૧. આસ ઈબ્ને વાઈલ, ૨. અસ્વદ બિન મુત્તલિબ, ૩. અસ્વદ ઈબ્ને અબ્દે યગૂષ, ૪. વલિદ બિન મુગયરા, ૫. હારિષ બિન તલા-તલાહ. આ પાંચેય ચમત્કારિક સ્વરૂપે એક જ સમયે હઝરત જિબ્રઈલ (અલૈ.)ના ઈશારાથી હલાક કરવામાં આવ્યા, આ ઘટનાથી દા'વત અને તબ્લીગના મા'મલામાં એ હાસિલ થયું કે જો માનવી કોઈ એવા સ્થળે અથવા એવી પરિસ્થિતિમાં સપડાઈ જાય કે ત્યાં સત્ય વાતને ખુલ્લમ-ખુલ્લા કહેવાથી તે લોકોને તો કોઈ લાભ પહોંચાવાની આશા ન હોય અને પોતે પોતાનું જ નુકસાન અને તકલીફ પહોંચવાનો સંદેહ હોય તો એવી પરિસ્થિતિમાં આ કાર્ય ગુપ્ત રીતે કરવું પણ યોગ્ય અને જાઇઝ છે, અલબત્ત જ્યારે જાહેર એ'લાન કરવાની શક્તિ પ્રાપ્ત થઈ જાય તો પછી જાહેરાત કરવામાં આળસ કરવામાં ન આવે.

દુશ્મનોની ઇજાથી દિલમાં રૂંધાતા રહેવાનો ઇલાજ :

وَلَقَدْ نَعْلَمُ اِلٰى فَسَبِّحْ થી જાણ થઈ કે જ્યારે મનુષ્યને દુશ્મનોની વાતોથી રંજ અને ગમ પહોંચે તથા છાતી રૂંધાય તો તેનો રૂહાની (આધ્યાત્મિક) ઈલાજ એ છે કે અલ્લાહ તઆલાની તસ્બીહ અને ઈબાદતમાં મશ્ગૂલ થઈ જાય, અલ્લાહ તઆલા પોતે તે તકલીફને દૂર કરી દેશે.



સૂરએ હિજ્રનો અનુવાદ પૂર્ણ થયો, અલ્હમ્દુલિલ્લાહ !


તારીખ : ૧૨ ઓક્ટોબર ૨૦૦૯ મુતાબિક ૨૩ શવ્વાલ ૧૪૩૦ હિજરી

પ્રકરણ (૧૬)

સૂરએ નહ્લ

સૂરએ નહ્લ મક્કામાં નાઝિલ થઈ, તેની ૧૨૮ આયતો છે તથા ૧૬ રુકૂઅ્ છે.

આયતો : (સૂરએ નહ્લ : આયત નં. ૧-૨)



તરજુમો :

અલ્લાહના નામથી શરૂ કરું છું જે ઘણો જ કૃપાળુ અને દયાળુ છે.

અલ્લાહનો હુકમ આવી પહોંચ્યો બસ તેની ઉતાવળ ન કરો, તે પવિત્ર છે અને મહાન છે તેમના ભાગીદાર બતાવવાથી. (૧) ફરિશ્તાઓને પોતાના હુકમથી પોતાના બંદાઓમાં જેના ઉપર ઇચ્છે ભેદ (રૂહ-Spirit) સાથે ઉતારે છે કે ચેતવી દો કે મારા સિવાય કોઈની બંદગી નથી, બસ મારાથી ડરો. (૨)

તફસીર :

આ સૂરતનું નામ "સૂરએ નહ્લ" એ આધારે રાખવામાં આવ્યું છે કે તેમાં "નહ્લ" એટલે કે "મધમાખીઓ"નું વર્ણન કુદરતની આશ્ચર્યજનક કળા-કારીગીરીના વર્ણનના સંદર્ભમાં થયું છે, તેનું બીજું નામ "સૂરએ નિઅ્મ" પણ છે.

(કુર્તુબી) "નિઅ્મ"માં ن (નૂન) સુષુપ્ત રાખવાથી "નેઅ્મત"નું બહુવચન થાય છે એટલા માટે આ સૂરતમાં ખાસ સ્વરૂપે અલ્લાહ જલ્લ શા'નુહૂની મહાન નેઅ્મતોનું વર્ણન છે.

અલ્લાહ તઆલાનો હુકમ (એટલે કે કુફ્રની સજાનો વખત નિકટ) આવી પહોંચ્યો છે, બસ તમે તેમાં (નકારાત્મક) ઉતાવળ ન કરો, (બલકે તવહીદને અપનાવો અને એની હકીકત સાંભળો કે) તે (અલ્લાહ) લોકોના શિર્કથી પાક અને ઉચ્ચતમ્ છે, તે અલ્લાહ તઆલા ફરિશ્તાઓ(ની જાતિના હઝરત જિબ્રઈલ અલૈ.)ને વહી એટલે કે પોતાનો હુકમ આપીને પોતાના બંદાઓમાંથી જેના ઉપર ઈચ્છે (એટલે કે અંબિયા અલૈ. ઉપર) નાઝિલ ફરમાવે છે (અને તે હુકમ) એ (છે) કે લોકોને ખબરદાર કરો કે મારા સિવાય કોઈ ઈબાદતના પાત્ર નથી, બસ મારાથી જ ડરતા રહો (એટલે કે મારી સાથે કોઈને ભાગીદાર ન ઠરાવો નહિતર સજા થશે).

મસ્અલા અને બોધપાઠ :

આ સૂરત કોઈપણ પ્રકારની પ્રસ્તાવના વિના એક સખત ધમકી અને સખત ચેતવણી સ્વરૂપે શરૂ કરવામાં આવી, જેનું કારણ મુશ્રિકોનું એવું કહેવું હતું કે હે મુહમ્મદ (ﷺ) ! તમે અમને કયામતથી અને અલ્લાહના અઝાબથી ડરાવતા રહો છો અને બતાવો છો કે અલ્લાહ તઆલાએ તમને વિજય અપાવવાનો અને વિરોધીઓને સજા અપાવવાનો વાયદો કર્યો છે તો અમને તો એવું કંઈ થતું દેખાતું નથી. તેના જવાબમાં ઈરશાદ ફરમાવ્યો કે અલ્લાહનો હુકમ આવી પહોંચ્યો છે તમે ઉતાવળ ન કરો.

અલ્લાહના હુકમથી આ સ્થળે તે વાયદો ભાવાર્થ તરીકે છે જેને અલ્લાહ તઆલાએ પોતાના રસૂલ ﷺ સાથે કર્યો હતો કે તેમના દુશ્મનોને પરાસ્ત અને પરાજિત કરવામાં આવશે તથા મુસલમાનોને વિજય અને સહાયતા તથા ઈજ્જત અને દબદબો પ્રાપ્ત થશે, આ આયતમાં અલ્લાહ તઆલાએ કઠોર શૈલીમાં ઈરશાદ ફરમાવ્યો છે કે અલ્લાહ તઆલાનો હુકમ આવી પહોંચ્યો એટલે કે હવે પહોંચવાનો જ છે જેને તમે જલદી જ જોઈ લેશો.

અમુક લોકોએ ફરમાવ્યું કે તેમાં અલ્લાહના હુકમનો ભાવાર્થ "કયામત"

છે, તેના આવી પહોંચવાનો અર્થ પણ એ જ છે કે તે નિકટમાં જ ઉપસ્થિત થશે અને સમગ્ર દુનિયાની જિંદગીના આધારે જોવા જઈએ તો કયામતનું નિકટ હોવું અથવા આવી પહોંચવું પણ કંઈ બહું દૂર નથી. *(બહરે મુહીત)*

ત્યાર પછીના વાક્યમાં જે વર્ણન થયું છે કે અલ્લાહ તઆલા શિર્કથી પવિત્ર છે, તેનો ભાવાર્થ એ છે કે આ લોકો જે અલ્લાહ તઆલાના વાયદાને ખોટો ઠરાવી રહ્યા છે તે કુફ્ર અને શિર્ક છે, અલ્લાહ તઆલા તેનાથી પવિત્ર છે. *(બહર)*

આ આયતનો ખુલાસો એક સખત ચેતવણી દ્વારા તવહીદનું આમંત્રણ આપવાનો છે, બીજી આયતમાં દલીલ સ્વરૂપે તવહીદની સાબિતી કે હઝરત આદમ (અલૈ.)થી લઈને અંબિયા (અલૈ.) સુધી દુનિયાના વિવિધ પ્રદેશોમાં, વિવિધ યુગોમાં જે કોઈ પણ નબીઓ, રસૂલો આવતા રહ્યા છે તેમણે આ જ તવહીદના અકીદાને રજુ કર્યો છે, જ્યારે કે એક નબીને બીજાની પરિસ્થિતિ અથવા તેમની તા'લીમને જાણવાનું કોઈ જાહેર માધ્યમ પણ ઉપસ્થિત ન હતું, વિચાર કરો કે ઓછામાં ઓછા એક લાખ ચોવીસ હજાર બુદ્ધિશાળીઓ જે વિવિધ સમયે વિવિધ પ્રદેશોમાં દુનિયાના વિવિધ ખૂણાઓમાં પેદા થયા અને તે સૌ એક જ વાતને માનનારા હોય તો સામાન્ય માણસની પ્રકૃતિ પણ એ સમજવા મજબૂર થઈ જાય છે કે આ વાત ખોટી નથી હોઈ શકતી, ઈમાન લાવવા માટે માત્ર આ દલીલ પણ પૂરતી છે.

શબ્દ "રૂહ"નો ભાવાર્થ આ આયતમાં હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)ના મતે અને અમુક મુફસ્સિરોના મતે "હિદાયત" (માર્ગદર્શન) છે. (બહ્ર) આ આયતમાં તવહીદની સાબિતીઓ રિવાયતો દ્વારા અને દલીલપૂર્વક રજુ કર્યા પછી આગલી આયતમાં આ જ તવહીદના અકીદાને બૌદ્ધિક અને તાર્કિક સ્વરૂપે પણ અલ્લાહ તઆલાની નેઅ્મતો રજુ કરીને સાબિત કરવામાં આવ્યો છે.



આયતો : (સૂરએ નહ્‌લ : આયત નં. ૩ થી ૮)

خَلَقَ السَّمٰوٰتِ وَالْاَرْضَ بِالْحَقِّ ؕ تَعٰلٰى عَمَّا يُشْرِكُوْنَ ۝۳ خَلَقَ الْاِنْسَانَ مِنْ نُّطْفَةٍ
فَاِذَا هُوَ خَصِيْمٌ مُّبِيْنٌ ۝۴ وَالْاَنْعَامَ خَلَقَهَا ۚ لَكُمْ فِيْهَا دِفْءٌ وَّمَنَافِعُ وَمِنْهَا
تَاْكُلُوْنَ ۝۵ وَلَكُمْ فِيْهَا جَمَالٌ حِيْنَ تُرِيْحُوْنَ وَحِيْنَ تَسْرَحُوْنَ ۝۶ وَتَحْمِلُ
اَثْقَالَكُمْ اِلٰى بَلَدٍ لَّمْ تَكُوْنُوْا بٰلِغِيْهِ اِلَّا بِشِقِّ الْاَنْفُسِ ؕ اِنَّ رَبَّكُمْ لَرَءُوْفٌ
رَّحِيْمٌ ۝۷ وَّالْخَيْلَ وَالْبِغَالَ وَالْحَمِيْرَ لِتَرْكَبُوْهَا وَزِيْنَةً ؕ وَيَخْلُقُ مَا لَا تَعْلَمُوْنَ ۝۸

તરજુમો :

આસમાન અને જમીન ઠીકઠીક બનાવ્યા, તે મહાન છે તેમના ભાગીદાર બતાવવાથી. (૩) માણસને એક ટીપાં (નુત્ફા)થી બનાવ્યો, પછી ત્યારે જ ઝઘડો કરનારો બોલનારો બની ગયો. (૪) અને પશુઓ બનાવી દીધા તમારા માટે તેમાં હૂંફ મેળવવાનો સામાન છે અને ઘણા ફાયદા અને અમુકને આરોગો છો. (૫) અને તમને તેનાથી ઈજ્જત છે જ્યારે સાંજે ચરાવીને લાવો છો અને જ્યારે ચરાવવા લઈ જાઓ છો. (૬) અને તમારો ભાર ઉઠાવી લઈ ચાલે છે તે શહેરો સુધી કે તમે ત્યાં પહોંચી શકતા ન હતા પરંતુ ભારે કઠણાઈથી, બેશક ! તમારો પરવરદિગાર ખૂબ માયાળુ મહેરબાન છે. (૭) અને ઘોડા પેદા કર્યા અને ખચ્ચરો અને ગધેડાં કે તેમના ઉપર સવાર થાઓ અને શણગાર માટે અને પેદા કરે છે જે તમે નથી જાણતા. (૮)

શબ્દાર્થ :

خَصِيْم (ખસીમ) એ خُصُوْمَت (ખુસૂમત)થી બને છે જેનો અર્થ "ઝઘડાખોર" થાય છે, اَنْعَام (અન્‌આમ) એ نَعَم (નઅમ્)નું બહુવચન છે તે પશુઓમાંથી ઊંટ, બકરી, ગાય વગેરેને કહેવામાં આવે છે. *(મુફરદાત અલ રાગિબ)*

دِفْءٌ (દિફ્‌ઉન) "ગરમી અથવા ગરમી આપતી વસ્તુ અથવા હૂંફ આપનાર વસ્તુ"ને કહેવામાં આવે છે, તેનો ભાવાર્થ "ઊન" છે જેનાથી ગરમ કપડાં બનાવવામાં આવે છે. تُرِيْحُوْن (તુરીહૂન) એ رَوَاح (રિવાહ)થી અને

تَسْرَحُوْنَ (તસ્રહૂન) એ سِرَاحٌ (સિરાહ)થી બન્યો છે, પશુઓ સવારના સમયે ચરવાના મેદાનો તરફ જાય છે તેને "સૂરાહ" કહે છે અને સાંજે ઘેર પાછા આવે છે તેને "રવાહ" કહે છે, شِقِّ الْاَنْفُسِ (શિક્કિલ અનફૂસ) જાત–મહેનત અને સતત કરવામાં આવતા સંઘર્ષને કહેવામાં આવે છે.

તફસીર :

(અલ્લાહ તઆલાએ) આસમાનોને અને જમીનને હિકમતથી બનાવ્યા, તે તેમના શિર્કથી પવિત્ર છે (અને) મનુષ્યને નુત્ફાથી બનાવ્યો પછી તે અચાનક ખુલ્લમ–ખુલ્લો (અલ્લાહની જાત અને તેની સિફતોમાં) ઝઘડવા લાગ્યો, (એટલે કે અમુક એવા પણ થયા, મતલબ એ છે કે અમારી આ નેઅ્મતો હોવા છતાં મનુષ્ય તરફથી નાશુક્રી થઈ) અને તેણે જ પશુઓને બનાવ્યા અને તેમાં તમારા માટે શરદી(થી બચવા)નો સામાન પણ છે (જાનવરોના બાલ અને ચામડાંથી મનુષ્યના કપડાં અને અન્ય વસ્તુઓ બને છે), બીજા પણ ઘણા બધા લાભો છે (જેમકે દૂધ, સવારી, ભાર વહન કરવો વગેરે..) અને તેમાં (જે ખાવાપાત્ર છે તેને) ખાઓ પણ છો અને તેના કારણે તમારી રોનક પણ છે જ્યારે કે સાંજના સમયે (તે પશુઓને જંગલમાંથી ઘરે) લાવો છો અને જ્યારે કે સવારના સમયે (ઘરેથી જંગલમાં) છોડી આપો છો અને તે તમારો ભાર પણ (લાદીને) એવા શહેરોમાં લઈ જાય છે જ્યાં તમે તમારા પ્રાણને મહેનતમાં નાંખ્યા વિના પહોંચી નથી શકતા, ખરેખર તમારો પરવરદિગાર મહાદયાળુ અને રહમતવાળો છે (કે તમારી સહૂલત માટે કેવો કેવો સામાન પેદા કર્યો) અને ઘોડા તથા ખચ્ચર અને ગધેડા પણ પેદા કર્યા જેથી તેના ઉપર સવાર થાઓ અને વળી શણગારવા માટે પણ અને તે એવી–એવી વસ્તુઓ (તમારી સવારી વગેરે માટે) બનાવે છે જેની તમને ખબર પણ નથી.

મસ્અલા અને બોધપાઠ :

આયતોમાં સૃષ્ટિના સર્જનની મહાન નિશાનીઓ દ્વારા અલ્લાહ તઆલાની તવહીદની સાબિતીઓ છે, પ્રથમ તો સૌથી પહેલી મખ્લૂક આસમાન અને જમીનનું વર્ણન કર્યું તેનાથી મનુષ્યના સર્જનનું વર્ણન કર્યું જેને અલ્લાહ તઆલાએ સૃષ્ટિનો ઊપરી બનાવ્યો છે, મનુષ્યની શરૂઆત એક તુચ્છ નુત્ફા

(ટીપા)થી થવાનું વર્ણન કરવામાં આવ્યું, فَإِذَا هُوَ خَصِيمٌ مُّبِينٌ એટલે કે, જ્યારે આ અશક્ત સર્જન એવા મનુષ્યને શક્તિ અને બોલવાની ક્ષમતા અર્પણ થઈ ત્યારે અલ્લાહ તઆલાની જ જાત અને સિફતોમાં વાદ–વિવાદ કરવા લાગ્યો.

મનુષ્ય પછી તે વસ્તુઓના સર્જનનું વર્ણન કર્યું જે મનુષ્યના લાભ માટે ખાસ સ્વરૂપે બનાવવામાં આવી છે અને કુર્આનના સૌ પ્રથમ સંબોધકો અરબો હતા તથા અરબોનો આર્થિક વ્યવહારનો મોટો આધાર તેમના પાળેલા પશુઓ ઊંટ, ગાય, બકરી ઉપર હતો, એટલા માટે પ્રથમ તેનું વર્ણન કર્યું, وَالْأَنْعَامَ خَلَقَهَا પછી أَنْعَام (અન્‌આમ) દ્વારા જે લાભ મનુષ્યને પ્રાપ્ત થાય છે તેમાંથી બે ફાયદા ખાસ સ્વરૂપે વર્ણન કર્યા, એક لَكُمْ فِيهَا دِفْءٌ એટલે કે, આ જાનવરોના ઊનથી માણસ પોતાના કપડાં બનાવે છે અને તેના ચામડાંથી અન્ય જીવન ઉપયોગી ચીજ–વસ્તુઓ બનાવે છે તથા ટોપીઓ વગેરે તૈયાર કરીને ઠંડીની ઋતુમાં હૂંફ મેળવે છે.

બીજો લાભ وَمِنْهَا تَأْكُلُونَ એટલે કે, મનુષ્ય આ જાનવરોને ઝબહ કરીને પોતાનો ખોરાક પણ બનાવી શકે છે અને જ્યાં સુધી જીવતો રહે છે તેનું દૂધ પણ પોતાના શ્રેષ્ઠ ખોરાક તરીકે પેદા થતું રહે છે અને તે દૂધમાંથી ઘી, માખણ વગેરે ઉપયોગી વસ્તુઓ ઉત્પન્ન કરવામાં આવે છે.

અન્ય બીજા ફાયદાઓ માટે ફરમાવ્યું, وَمَنَافِعُ (વ મનાફિઉ) એટલે કે, અસંખ્ય ફાયદાઓ અને લાભો ઈન્સાન માટે છે, જેમકે જાનવરોના માંસ, ચામડાં, હાડકાં, બાલ વગેરેમાંથી ઉપયોગી વસ્તુઓ બનાવી શકાય છે, આ ઠોસપણામાં જે નવા–નવા સંશોધનો થતા રહે છે એ બાબત તરફ પણ ઈશારો છે અને જે પ્રાણીજ તત્ત્વોથી મનુષ્યનો ખોરાક, પોશાક, દવા તથા અન્ય ઉપયોગી વસ્તુઓ માટે અત્યાર સુધી જે સંશોધનો થઈ ચૂક્યા છે અને જે કયામત સુધી થતા રહેશે તે બધું જ સામેલ છે.

ત્યારબાદ તે પશુઓનો એક અન્ય લાભ અરબની શૃંગારવૃત્તિ પ્રમાણે એ વર્ણન કર્યો કે તેમાં તમારા માટે ખૂબસૂરતી અને શણગારનું માધ્યમ પણ છે, ખાસ કરીને જ્યારે તમે સાંજે જંગલોમાંથી ઢોરો ચરાવીને સાંજે તમારા ઘરે આવો છો અથવા સવારે ઘરેથી ઢોરો ચરાવવા માટે જંગલો તરફ જાઓ છો, કારણ કે તે સમયે પશુઓના માલિકોની એક ખાસ શા'ન અને દબદબાની જાહેરાત થાય છે.

અંતે આ જાનવરોનો એક અન્ય મહત્ત્વનો લાભ એ વર્ણન કર્યો કે, આ જાનવરો તમારો ભાર વેંઢારીને તમારો સામાન દૂર–સુદૂર સુધી પહોંચાડે છે જ્યાં તમને અથવા તમારા સામાનને પહોંચાડવો તમારી જાન જોખમમાં નાંખવા વિના શક્ય ન હતું, ઊંટ અને બળદ ખાસ કરીને ઈન્સાનની આ સેવા મોટા પાયે કરે છે; આજે રેલગાડીઓ, ટ્રકો, હવાઈ જહાજોના યુગમાં પણ મનુષ્ય આ જાનવરોથી બિલકુલ અળગો નથી થયો. દુનિયામાં કેટલાય સ્થળો એવા છે જ્યાં આ બધી જ નવી શોધાયેલી સવારીઓ અથવા માલવાહક વાહનો કામ નથી આપી શકતા ત્યાં ફરી તેમની જ સેવાઓ પ્રાપ્ત કરવા માટે માનવી મજબૂર હોય છે.

اَنۡعَامُ (અનૂઆમ) એટલે કે ઊંટ અને બળદ વગેરેનું માલ વહન કરવાનું વર્ણન આવ્યું ત્યારે એના પછી તે પશુઓ અથવા જાનવરોનું વર્ણન કરવું પણ યોગ્ય જણાયું કે જેનું સર્જન જ સવારી અને માલ વહન કરવા માટે થયું છે, તેમના દૂધ અથવા માંસથી મનુષ્યને બિલકુલ લાભ નથી થતો, કારણ કે શરઈ રૂએ તે અખ્લાકી બીમારીઓનું કારણ હોવાના કારણે તેની મનાઈ કરવામાં આવી છે.

وَالۡخَيۡلَ وَالۡبِغَالَ وَالۡحَمِيۡرَ لِتَرۡكَبُوۡهَا وَزِيۡنَةً એટલે કે અમે ઘોડા, ખચ્ચર અને ગધેડા પેદા કર્યા કે જેથી તેના ઉપર સવાર થઈ શકો, તેમાં માલ વહન કરવાનો ઉલ્લેખ પણ ગૌણ સ્વરૂપે આવી ગયો અને તેમને એટલા માટે પેદા કરવામાં આવ્યા કે તે તમારા માટે શણગાર બને અને શણગારથી તે જ શા'ન અને દબદબો ભાવાર્થ તરીકે છે જે ઘણું ખરું આ જાનવરોના માલિકોને દુનિયામાં પ્રાપ્ત થાય છે.

કુર્આનમાં રેલગાડી, મોટર કાર કે હવાઈ જહાઝનું વર્ણન :

અંતે સવારીના ત્રણ જાનવરો ઘોડા, ખચ્ચર અને ગધેડાનું ખાસ સ્વરૂપે વર્ણન કર્યા પછી બીજા પ્રકારના જાનવરો વિશે "ઈસ્તિકબાલ"ના ક્રિયાપદ વડે ફરમાવ્યું, وَيَخۡلُقُ مَالَا تَعۡلَمُوۡنَ એટલે કે, “અલ્લાહ તઆલા પેદા કરશે તે વસ્તુઓ જેને તમે નથી જાણતા.”..

....

..................................તેમાં તે બધી જ નવા સંશોધન પ્રમાણેની સવારીઓ અને ગાડીઓ પણ સામેલ છે જેનું પ્રાચીન યુગમાં ન તો અસ્તિત્વ હતું

અને ન જ કોઈ તેની કલ્પના હતી, દાખલા તરીકે ટ્રેન, મોટર કાર, હવાઈ જહાઝ વગેરે જેનું અત્યાર સુધી સંશોધન થઈ ચૂક્યું છે અને તે તમામ વસ્તુઓ પણ તેમાં સામેલ છે જેનું સંશોધન હવે પછીના યુગમાં થશે, કારણ કે તે બધી વસ્તુઓનું સર્જન વાસ્તવમાં સર્જનહાર અલ્લાહની જ પ્રવૃત્તિ છે, પ્રાચીન વિજ્ઞાન અથવા આધુનિક વિજ્ઞાનનું ફક્ત એટલું જ કાર્ય છે કે કુદરતની પેદા કરેલ ધાતુઓમાં કુદરતની જ આપેલી બુદ્ધિ અને સમજદારી દ્વારા જોડ-તોડ કરીને તેના વિવિધ યંત્રો બનાવી લે છે અને પછી તેમાં અલ્લાહની અર્પણ કરેલ હવા, પાણી, આગ વગેરેથી વીજળીક ગતિ ઉત્પન્ન કરી લે છે અથવા કુદરતના જ આપેલા ખજાનાઓમાંથી પેટ્રોલ કાઢીને તે સવારીઓમાં ઉપયોગ કરે છે, પ્રાચીન વિજ્ઞાન અથવા આધુનિક વિજ્ઞાન બધા મળીને ન તો કોઈ લોઢું, પિત્તળ પેદા કરી શકે છે અને ન જ એલ્યુમિનિયમ જેવી હલકી ધાતુ બનાવી શકે છે, ન જ લાકડું ઉત્પન્ન કરી શકે છે, ન જ હવા અને પાણી પેદા કરી શકે છે, તેનું કાર્ય એનાથી વધારે કંઈ નથી કે અલ્લાહની કુદરતે પેદા કરેલ શક્તિઓનો ઉપયોગ કરવાનું શીખી લે, દુનિયાના સમગ્ર સંશોધનો ફક્ત આ જ ઉપયોગની વિગત છે એટલા માટે જ્યારે જરા પણ કોઈ ચિંતન અને મનનથી કામ કરે તો આ બધા નવા સંશોધનોનો સર્જક તે જ સર્જનહાર અલ્લાહને કહેવા અને સ્વીકાર કરવા સિવાય કોઈ છૂટકો નથી.

અત્રે એ વાત ખાસ ધ્યાન આપવાપાત્ર છે કે અગાઉની બધી જ વસ્તુઓના સર્જનમાં ભૂતકાળનો શબ્દ خَلَقَ (ખલક) ઉપયોગ કરવામાં આવ્યો છે અને પ્રખ્યાત સવારીઓનું વર્ણન કરવામાં ભવિષ્યકાળનો શબ્દ يَخْلُقُ (યખ્લૂકુ) ઉપયોગ કરવામાં આવ્યો છે, વિષયના આ પરિવર્તનથી જાહેર અને સ્પષ્ટ થઈ ગયું કે આ શબ્દ તે સવારીઓ અને વાહન વ્યવહારની બીજી વસ્તુઓ વિશે છે જે હજુ અસ્તિત્વમાં આવી નથી અને અલ્લાહ તઆલાના જ્ઞાનમાં ભવિષ્યના યુગમાં કઈ-કઈ સવારીઓ અને બીજી વસ્તુઓ પેદા કરવાની છે તેની જાહેરાત આ ટૂંકા વાક્યમાં કરી દીધી.

અલ્લાહ જલ્લ શા'નુહૂ એ પણ કરી શકતો હતો કે આવનાર યુગમાં અસ્તિત્વમાં આવનાર બધા જ નવા-નવા સંશોધનોનું નામ લઈને વર્ણન કરી આપ્યું હોત પરંતુ તે યુગમાં જો મોટર, ટ્રેન, વિમાન વગેરેના શબ્દોનો ઉપયોગ કરવામાં પણ આવ્યો હોત તો તેનાથી મનમાં ગૂંચવાડા સિવાય કોઈ લાભ થવાનો

ન હતો, કારણ કે આ વસ્તુઓની હજુ સુધી કલ્પના કરવી પણ લોકો માટે સરળ ન હતી અને ન જ આ શબ્દોનો તે વસ્તુઓ માટે તે સમયે ક્યાંય ઉપયોગ થતો હતો કે તેનાથી કંઈ સમજમાં આવી શકે.

મારા પિતા હઝરત મવલાના મુહમ્મદ યાસીન (રહ.)એ ફરમાવ્યું કે અમારા ઉસ્તાદ હઝરત મવલાના મુહમ્મદ યાકૂબ નાનોતવી (રહ.) ફરમાવ્યા કરતા હતા કે કુર્આને કરીમમાં ટ્રેનનું વર્ણન મોજૂદ છે અને આ જ આયતને દલીલ તરીકે રજુ કરતા હતા, તે સમય સુધી હજુ મોટર કારો એટલી બધી પ્રચલિત થઈ ન હતી અને હવાઈ જહાઝોનું સંશોધન થયું ન હતું એટલા માટે તેઓએ રેલગાડીના વર્ણનને પૂરતું સમજ્યું.

મસ્અલો :

કુર્આને કરીમે પ્રથમ أَنْعَام (અનૂઆમ) એટલે કે ઊંટ, ગાય, બકરીનું વર્ણન કર્યું અને તેમના ફાયદાઓમાંથી એક મહત્ત્વનો ફાયદો તેમના માંસનો ખોરાક તરીકે ઉપયોગ કરવાને ઠરાવ્યો, ત્યાર પછી તેનાથી અલગ તારવીને ફરમાવ્યું, وَالْخَيْلَ وَالْبِغَالَ وَالْحَمِيْرَ તેના લાભોમાં તેને સવારીના ઉપયોગમાં લેવું તથા તેનાથી પોતાનો શણગાર પ્રાપ્ત કરવાનો ઉલ્લેખ કર્યો પરંતુ માંસ ખાવાનું અહીંયાં વર્ણન ન કર્યું, તેમાં એ દલીલ જોવા મળે છે કે ઘોડા, ખચ્ચર અને ગધેડાનો માંસ હલાલ નથી, ખચ્ચર અને ગધેડાનો ગોસ્ત હરામ હોવા ઉપર તો જમહૂર ફુક્હાની સહમતી છે અને એક અલગ હદીષમાં તે હરામ હોવાનું ખુલ્લમ-ખુલ્લું વર્ણન પણ આવ્યું છે પરંતુ ઘોડા વિશે હદીષની બે રિવાયતો વિરોધાભાસી સ્વરૂપે આવી છે, એકથી હલાલ અને બીજાથી હરામ હોવાની જાણ થાય છે એટલા માટે ઉમ્મતના ફુક્હાના નિવેદનો આ મસ્અલામાં વિવિધ પ્રકારના થઈ ગયા, અમુકે હલાલ ઠરાવ્યું અને અમુકે હરામ. ઈમામે આ'ઝમ અબૂ હનીફા (રહ.)એ આ જ વિરોધાભાસની દલીલના કારણે ઘોડાને માંસને ગધેડા અને ખચ્ચરના માંસની જેમ હરામ તો નથી કહ્યો પરંતુ મકરૂહ ઠરાવ્યો છે.

(અહકામુલ કુર્આન, જસ્સાસ)

મસ્અલો :

આ આયતથી ખૂબસૂરતી અને શણગાર જાઇઝ હોવાની જાણ થાય છે, જો કે ગર્વ અને તકબ્બુર હરામ છે, ફરક એ છે કે ખૂબસૂરતી અને શણગારની પ્રાપ્તિ

પોતાના દિલની ખુશી અથવા અલ્લાહ તઆલાની નેઅ્મતની જાહેરાત હોય છે, ન તો દિલમાં પોતાને તે નેઅ્મતનો હકદાર સમજે અને ન જ અન્યોને તુચ્છ જાણે, બલકે અલ્લાહ તઆલાનું અર્પણ કરેલ ઈનામ હોવું હંમેશા તેની દૃષ્ટિમાં રહે તથા તકબ્બુર અને ગર્વમાં પોતાને આ નેઅ્મતનો હકદાર સમજવો તથા અન્યોને તુચ્છ સમજવા હરામ છે. *(બયાનુલ કુર્આન)*

આયત : (સૂરએ નહ્લ : આયત નં. ૯)

وَعَلَى اللّٰهِ قَصْدُ السَّبِيْلِ وَمِنْهَا جَآئِرٌ ۚ وَلَوْ شَآءَ لَهَدٰىكُمْ اَجْمَعِيْنَ ﴿٩﴾

તરજુમો :

અને અલ્લાહ સુધી સીધો માર્ગ પહોંચે છે અને અમુક માર્ગો વાંકા પણ છે અને જો તે ઈચ્છે તો તમને સૌને સીધો માર્ગ આપે. (૯)

તફસીર :

અને (પાછળ આપેલી દલીલોથી જે) સીધો માર્ગ (દીનનો સાબિત થયો છે તે ખાસ) અલ્લાહ સુધી પહોંચે છે અને અમુક માર્ગો (કે જે દીન વિરુદ્ધ છે) વાંકા પણ છે (કે તેનાથી અલ્લાહ સુધી પહોંચી શકવું શકય નથી બસ, અમુક તો સીધા માર્ગો ઉપર ચાલે છે અને અમુક વાંકાઓ ઉપર) અને જો અલ્લાહ તઆલાએ ચાહ્યું હોત તો તમને સૌને ઈચ્છિત (મંઝિલ) સુધી પહોંચાડી દીધા હોત (પરંતુ તે તેને જ પહોંચાડે છે જે સીધા માર્ગના ઈચ્છુક હોય છે وَالَّذِيْنَ جَاهَدُوْا فِيْنَا لَنَهْدِيَنَّهُمْ سُبُلَنَا એટલા માટે તમારે દલીલો ઉપર વિચાર કરવો જોઈએ અને તેનાથી સત્યની ઈચ્છાશક્તિ પ્રબળ બનાવો અને જેથી તમને તેનાથી ઈચ્છિત મંઝિલની પ્રાપ્તિ થાય).

મસ્અલા અને બોધપાઠ :

આ આયતોમાં અલ્લાહ જલ્લ શા'નુહૂની મહાન નેઅ્મતોનું વર્ણન કરીને તવહીદની બૌદ્ધિક અને તાર્કિક દલીલો ભેગી કરવામાં આવી. આગળ પણ એ જ નેઅ્મતોનું વર્ણન છે, વચ્ચે આ આયત એક ઉદાહરણ સ્વરૂપે એ બાબત ઉપર વધારે તાકીદ સ્વરૂપે લાવવામાં આવી છે કે અલ્લાહ તઆલાએ પોતાના જૂના વાયદાની બીનાએ એની જવાબદારી પોતાના ઉપર લઈ લીધી છે કે લોકો માટે તે

"સીરાતે મુસ્તકીમ" (સીધો માર્ગ) સ્પષ્ટ કરી આપે કે જે અલ્લાહ સુધી પહોંચાડનાર છે, એટલા માટે અલ્લાહની નેઅ્મતોને રજુ કરીને અલ્લાહ તઆલાના અસ્તિત્વ અને તવફીકની દલીલો એકઠી કરવામાં આવી રહી છે.

પરંતુ તેનાથી વિપરીત અમુક લોકોએ બીજા વાંકા-ચૂંકા માર્ગો પણ અપનાવી રાખ્યા છે, તેઓ બધી જ સ્પષ્ટ નિશાનીઓ અને દલીલોથી કોઈ જ ફાયદો નથી ઉઠાવતા બલકે ગુમરાહીમાં ભટકતા ફરે છે.

પછી ઈરશાદ ફરમાવ્યો કે જો અલ્લાહ તઆલાએ ઈચ્છ્યું હોત તો સૌને સીધા માર્ગ ઉપર મજબૂર કરીને તેના ઉપર ચલાવ્યા હોત, તે તેના અધિકારમાં હતું પરંતુ હિકમત અને મસ્લિહતનો તકાદો એ હતો કે બળજબરી કરવામાં ન આવે, બંને માર્ગો સામે રજુ કરી દેવામાં આવે, ચાલનારો જે રસ્તે ચાલવા ઈચ્છે ચાલ્યો જાય. "સીરાતે મુસ્તકીમ" અલ્લાહ તઆલા અને જન્નત સુધી પહોંચાડશે અને વાંકા-ચૂંકા માર્ગો જહન્નમમાં પહોંચાડશે, મનુષ્યને અધિકાર આપી દેવામાં આવ્યો છે કે જે માર્ગને ઈચ્છે અપનાવે.

આયતો : (સૂરએ નહ્લ : આયત નં. ૧૦ થી ૧૬)

هُوَ الَّذِيْٓ اَنْزَلَ مِنَ السَّمَآءِ مَآءً لَّكُمْ مِّنْهُ شَرَابٌ وَّمِنْهُ شَجَرٌ فِيْهِ تُسِيْمُوْنَ ﴿١٠﴾
يُنْۢبِتُ لَكُمْ بِهِ الزَّرْعَ وَالزَّيْتُوْنَ وَالنَّخِيْلَ وَالْاَعْنَابَ وَمِنْ كُلِّ الثَّمَرٰتِ ۭ اِنَّ فِيْ
ذٰلِكَ لَاٰيَةً لِّقَوْمٍ يَّتَفَكَّرُوْنَ ﴿١١﴾ وَسَخَّرَ لَكُمُ الَّيْلَ وَالنَّهَارَ ۙ وَالشَّمْسَ وَالْقَمَرَ ۭ
وَالنُّجُوْمُ مُسَخَّرٰتٌۢ بِاَمْرِهٖ ۭ اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيٰتٍ لِّقَوْمٍ يَّعْقِلُوْنَ ﴿١٢﴾ وَمَا ذَرَاَ
لَكُمْ فِي الْاَرْضِ مُخْتَلِفًا اَلْوَانُهٗ ۭ اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيَةً لِّقَوْمٍ يَّذَّكَّرُوْنَ ﴿١٣﴾ وَهُوَ الَّذِيْ
سَخَّرَ الْبَحْرَ لِتَاْكُلُوْا مِنْهُ لَحْمًا طَرِيًّا وَّتَسْتَخْرِجُوْا مِنْهُ حِلْيَةً تَلْبَسُوْنَهَا ۚ
وَتَرَى الْفُلْكَ مَوَاخِرَ فِيْهِ وَلِتَبْتَغُوْا مِنْ فَضْلِهٖ وَلَعَلَّكُمْ تَشْكُرُوْنَ ﴿١٤﴾ وَاَلْقٰى
فِي الْاَرْضِ رَوَاسِيَ اَنْ تَمِيْدَ بِكُمْ وَاَنْهٰرًا وَّسُبُلًا لَّعَلَّكُمْ تَهْتَدُوْنَ ﴿١٥﴾
وَعَلٰمٰتٍ ۭ وَبِالنَّجْمِ هُمْ يَهْتَدُوْنَ ﴿١٦﴾

તરજુમો :

તે જ છે જેણે આસમાનથી તમારા માટે પાણી ઉતાર્યું, તેનાથી પીઓ છો અને તેનાથી જ વૃક્ષો (વનસ્પતિ) થાય છે જેમાં ચરાવો છો. (૧૦) તમારા માટે તેનાથી ખેતી ઉગાડે છે અને ઝયતૂન અને ખજૂરો અને દ્રાક્ષ અને દરેક પ્રકારના મેવા, તેમાં અલબત્ત તે લોકો માટે નિશાની છે જેઓ ઊંડો વિચાર કરે છે. (૧૧) અને તમારા કામમાં લગાવી દીધા રાત અને દિવસ અને સૂરજ અને ચંદ્રને અને તારાઓ કામમાં લાગ્યા છે તેના હુકમથી, તેમાં તે લોકો માટે નિશાનીઓ છે જેઓ સમજ ધરાવે છે. (૧૨) અને જે રંગબેરંગી વસ્તુઓ તમારા માટે જમીનમાં ફેલાવી તેમાં તે લોકો માટે નિશાની છે જેઓ વિચારે છે. (૧૩) અને તે જ છે જેણે દરિયાને કામે લગાવી દીધા કે તેમાંથી તાજો માંસ ખાઓ અને તેમાંથી ઘરેણા કાઢો જે પહેરો છો અને તમે વહાણોને જુઓ છો કે તેમાં પાણી ચીરીને ચાલે છે અને એટલા માટે કે તેનાથી તેના ફઝ્‌લ (રોજી)માંથી તલાશ કરો અને જેથી અહેસાન માનો. (૧૪) અને જમીન ઉપર ભાર (પહાડો) રાખી દીધા કે ક્યાંક તમને લઈને ઝૂકી જાય અને નદીઓ બનાવી અને માર્ગો જેથી તમે માર્ગ પામો. (૧૫) અને નિશાનીઓ બનાવી અને તારાઓથી લોકો માર્ગ પામે છે. (૧૬)

તફસીર :

તે (અલ્લાહ) એવો છે જેણે તમારા (લાભ) માટે આસમાનથી પાણી વરસાવ્યું જેનાથી તમને પીવાનું મળે છે અને જે(ના કારણ)થી વૃક્ષો (પેદા થાય) છે, તેમાં તમે (પોતાના ઢોર-ઢાંખર) ચરાવવા છોડી આપો છો (અને) તે (પાણી)થી તમારા (લાભ) માટે ખેતી અને ઝયતુન અને ખજૂર અને દ્રાક્ષ અને દરેક પ્રકારના ફળો (જમીનમાંથી) ઉગાડે છે, બેશક ! આ (પ્રસ્તુત બાબતો)માં વિચારનારાઓ માટે (તવહીદની) દલીલ (મોજૂદ) છે અને તેણે (અલ્લાહે) તમારા (લાભ) માટે રાત અને દિવસ તથા સૂરજ અને ચંદ્રને (પોતાના હુકમથી) કામે લગાડ્યા અને (એ જ રીતે) તારાઓ (પણ) તેના હુકમથી કામે લગાડ્યા છે, બેશક ! આ (પ્રસ્તુત બાબતો)માં (પણ) બુદ્ધિશાળી લોકો માટે (તવહીદની) અમુક દલીલો (મોજૂદ) છે અને (એ જ પ્રમાણે) તે વસ્તુઓને પણ (અલ્લાહે

પોતાના હુકમથી) કામે લગાડી છે જેને તમારા (લાભ) માટે એ રીતે પેદા કરી છે કે તેના વિવિધ પ્રકાર (એટલે કે વિવિધ વર્ગ અને પ્રકાર તથા રંગ) છે, (તેમાં બધા જ પ્રાણીઓ, જીવજંતુઓ, વનસ્પતિ તથા જળચર, ભૂચર, ખેચર બધા જ સજીવ–નિર્જીવ સામેલ છે) બેશક ! આ (પ્રસ્તુત બાબતો)માં (પણ) સમજદાર લોકો માટે (તવહીદની) દલીલ (મોજૂદ) છે અને તે (અલ્લાહ) એવો છે કે તેણે દરિયાને (પણ પોતાના હુકમથી) કામે લગાડ્યા જેથી તેમાંથી તાજો–તાજો માંસ (એટલે કે માછલીઓ કાઢીને) ખાઓ છો અને (જેથી) તેમાંથી (મોતીઓના) આભૂષણો કાઢો છો જેને તમે (પુરુષ અને સ્ત્રી) બધા પહેરો છો અને (હે શ્રોતા ! આ દરિયાનો એક લાભ એ પણ છે કે) તું વહાણોને (નાના હોય કે મોટા) જુએ છે કે એ (દરિયા)માં (તેનું) પાણી ચીરતા ચાલી જઈ રહ્યા છે અને (વળી એટલા માટે દરિયાને અલ્લાહના હુકમથી કામે લગાડ્યો) જેથી તમે (તેમાં વેપારનો માલ લઈને મુસાફરી કરો અને તેના દ્વારા) અલ્લાહની રોજીની શોધખોળ કરો અને જેથી (આ બધા લાભો જોઈને તેનો) શુક્ર (અદા) કરો અને તેણે જમીનમાં પહાડ મૂકી દીધા જેથી તે (જમીન) તમને લઈને ડગમગવા (અને હલવા) ન લાગે અને તેણે (નાના–નાના) ઝરણાઓ અને માર્ગો બનાવ્યા જેથી (તે માર્ગો દ્વારા પોતાની) ઈચ્છિત મંઝિલ સુધી પહોંચી શકો અને (તે માર્ગોની ઓળખ માટે) ઘણી બધી નિશાનીઓ બનાવી (જેમકે પહાડ, વૃક્ષો, ઈમારતો વગેરે) જેનાથી માર્ગો ઓળખવામાં આવે છે (નહિતર જો સમગ્ર પૃથ્વીની સપાટી એક સરખી પરિસ્થિતિ ઉપર હોત તો માર્ગો કદાપિ ઓળખી ન શકાત) અને તારાઓથી પણ લોકો માર્ગો જાણે છે (આ બાબત જાહેર અને પ્રસિદ્ધ છે).

મસ્અલા અને બોધપાઠ :

مِنْهُ شَجَرٌ فِيهِ تُسِيمُونَ તેમાં શબ્દ شَجَرٌ (શજર) મોટા ભાગે વૃક્ષ માટે બોલવામાં આવે છે જે થડ ઉપર ઊગેલ હોય છે અને ક્યારેક સદંતર જમીનમાંથી ઊગનારી વનસ્પતિ માટે પણ "શજૂર" શબ્દનો ઉપયોગ થાય છે; ઘાસ, વેલા વગેરે પણ તેમાં સામેલ છે. આ આયતમાં આ જ ભાવાર્થ છે કારણ કે આગળ પશુઓ અને ઢોર–ઢાંખરને ચરાવવાનું વર્ણન છે, તેનો સંબંધ મોટે ભાગે ઘાસ સાથે જ હોય છે.

تُسِيْمُوْنَ (તુસીમૂન) એ اِسَامَةٌ (ઈસામત)થી બન્યો છે જેનો અર્થ "ઢોરોને ચરાવવાના સ્થળોએ ચરવા માટે છોડવા" છે, اِنَّ فِىْ ذٰلِكَ لَاٰيَةً لِّقَوْمٍ يَّتَفَكَّرُوْنَ આ બધી આયતોમાં અલ્લાહ તઆલાની નેઅ્મતો તથા આશ્ચર્યજનક હિકમતપૂર્ણ સ્વરૂપે થયેલ સૃષ્ટિના સર્જનનું વર્ણન છે જેમાં ચિંતન અને મનન કરનાર લોકો માટે એવી દલીલો અને સાબિતીઓ ઉપસ્થિત છે કે તેનાથી અલ્લાહ તઆલાની તવહીદનો જાણે કે જાત અનુભવ થવા લાગે છે, એટલા માટે આ નેઅ્મતોનું વર્ણન કરતાં-કરતાં વારંવાર આ બાબત ઉપર ધ્યાન દોરવામાં આવે છે. આ આયતના અંતે ફરમાવ્યું કે તેમાં વિચારશીલ લોકો માટે દલીલ છે, કારણ કે ખેતી અને વૃક્ષો તથા તેના ફળ-ફૂલ વગેરેનો સંબંધ અલ્લાહ જલ્લ શા'નુહૂની કળા-કારીગીરી તથા તેની હિકમત સાથે થયેલ ઉત્પત્તિ ચિંતન અને મનન માંગી લે છે કે માનવી એવું વિચારે કે દાણો અથવા ગોટલી જમીનની અંદર નાંખવાથી અને પાણી આપવાથી આપોઆપ એવું નથી બની શકતું કે તેમાંથી એક ઘટાદાર વૃક્ષ બની જાય અને તેના ઉપર રંગબેરંગી ફૂલો લાગે, તેમાં કોઈ ખેડૂત કે જમીનદારની પ્રવૃત્તિની કોઈ દખલગીરી નથી, આ બધું સર્વશક્તિમાન અલ્લાહ તઆલાની કારીગીરી અને તેની હિકમત સાથે સંલગ્ન છે અને ત્યારબાદ દિવસ અને રાત્રિ તથા તારાઓનું અલ્લાહ તઆલાના હુકમથી ચાલવાનું વર્ણન થયું છે અને અંતે ઈરશાદ ફરમાવ્યો,

اِنَّ فِىْ ذٰلِكَ لَاٰيٰتٍ لِّقَوْمٍ يَّعْقِلُوْنَ ۙ એટલે કે, "તે વસ્તુઓમાં અમુક દલીલો છે બુદ્ધિશાળી લોકો માટે." એમાં એ બાબત તરફ ઈશારો છે કે આ વસ્તુઓનું અલ્લાહના હુકમથી કામે લાગવું એવું જાહેર છે કે તેમાં ખૂબ ઊંડો વિચાર કે ચિંતન કરવાની આવશ્યકતા પણ નથી જેનામાં થોડી ઘણી બુદ્ધિ હશે તે પણ સમજી જશે, કારણ કે વનસ્પતિ અને વૃક્ષોના ઉગાડવામાં તો જાહેર સ્વરૂપે કંઈને કંઈ મનુષ્યની પ્રવૃત્તિની થોડી ઘણી દખલગીરી હોવાનું દેખાય છે પરંતુ રાત-દિવસ અને તારાઓમાં તો મનુષ્યની પ્રવૃત્તિની કોઈ દખલગીરી નથી.

ત્યારબાદ જમીનના બીજા વિવિધ પ્રકારના ઉત્પાદનોનું વર્ણન કર્યું.

اِنَّ فِىْ ذٰلِكَ لَاٰيَةً لِّقَوْمٍ يَّذَّكَّرُوْنَ કે તેમાં તે લોકો માટે દલીલ છે જેઓ બોધપાઠ ગ્રહણ કરે છે. ભાવાર્થ એ છે કે અહીંયાં પણ ખૂબ ઊંડા ચિંતન અને

મનનની આવશ્યકતા નથી, કારણ કે તેની દલીલો બિલકુલ ખુલ્લી અને સ્પષ્ટ છે પરંતુ શરત એ છે કે કોઈ તેના તરફ ધ્યાનથી જુએ અને બોધપાઠ ગ્રહણ કરે નહિતર બેવકૂફ અને નચિંત વ્યક્તિ જે આ બાજુ ધ્યાન જ નથી આપતો તેનાથી તેને કોઈ લાભ થઈ શકતો નથી.

سَخَّرَ لَكُمُ الَّيْلَ وَالنَّهَارَ રાત અને દિવસને કામે લગાડવાનો અર્થ એ છે કે તેને મનુષ્યના કામે લગાડવા માટે પોતાની કુદરતના હુકમના આધીન બનાવ્યા કે રાત માણસને આરામ અને રાહતનો સામાન પૂરો પાડે છે અને દિવસ તેના કાર્યના રસ્તાઓ સમથળ કરે છે, તેને કામે લગાડવાનો એ અર્થ નથી કે રાત અને દિવસ મનુષ્યના હુકમને આધીન રહીને ચાલે છે.

هُوَ الَّذِىْ سَخَّرَ الْبَحْرَ لِتَاْكُلُوْا આસમાન અને જમીનની મખ્લૂકો અને તેમાં મનુષ્યના લાભો અને ફાયદાઓનું વર્ણન કર્યા પછી સમંદરની અંદર અલ્લાહ તઆલાની ઉચ્ચ કક્ષાની હિકમતથી મનુષ્યને શું શું ફાયદાઓ છે તેનો ઉલ્લેખ છે કે દરિયામાં મનુષ્યના ખોરાકની કેવી સારી વ્યવસ્થા કરવામાં આવી છે કે માછલીનું તાજું માંસ તેને મળે છે.

لِتَاْكُلُوْا مِنْهُ لَحْمًا طَرِيًّا ના શબ્દોમાં માછલીનો તાજો ગોસ્ત ઠરાવી દેવાથી તે તરફ પણ ઈશારો જોવા મળે છે કે બીજા પશુઓની જેમ તેને ઝબહ કરવાની શરત નથી, તે જેમકે તૈયાર બનાવેલ માંસ છે.

وَتَسْتَخْرِجُوْا مِنْهُ حِلْيَةً تَلْبَسُوْنَهَا દરિયાનો આ બીજો લાભ બતાવવામાં આવ્યો છે કે તેમાં ડૂબકી લગાવીને માનવી પોતાના માટે મોતીઓ કાઢે છે. حِلْيَةً (હિલ્યહ)નો શાબ્દિક અર્થ ''શણગાર''નો થાય છે, ભાવાર્થ મોતી અથવા જર-ઝવેરાતનો છે જે દરિયામાંથી નીકળે છે અને તેનો હાર બનાવીને સ્ત્રીઓ ગળામાં અથવા અન્ય રીતે કાનોમાં પહેરે છે, આ ઘરેણાં જો કે સ્ત્રીઓ પહેરે છે પરંતુ કુર્આનમાં પુરુષવાચક શબ્દ ઉપયોગ થયો છે تَلْبَسُوْنَهَا એટલે કે "તમે લોકો પહેરો છો." ઈશારો એ વાત તરફ છે કે સ્ત્રીઓનું ઘરેણાં પહેરવું વાસ્તવમાં પુરુષોના લાભ માટે છે, સ્ત્રીઓનો શણગાર વાસ્તવમાં પુરુષોનો હક છે, તે પોતાની પત્નીને શણગારનો પોષાક અને અને આભૂષણો કે ઘરેણાં પહેરવા માટે મજબૂર પણ કરી શકે છે તે ઉપરાંત ઝવેરાતનો ઉપયોગ પુરુષ પણ વીંટી વગેરેમાં કરી શકે છે.

وَتَرَى الْفُلْكَ مَوَاخِرَ فِيهِ وَلِتَبْتَغُوا مِنْ فَضْلِهِ દરિયાનો આ ત્રીજો લાભ બતાવવામાં આવ્યો છે. فُلْك (ફુલ્ક)નો અર્થ "નાવ" અને مَوَاخِر (મવાખિર) એ مَاخِرَة (માખિરહ)નું બહુવચન છે. مَخْر (મખ્ર)નો અર્થ પાણીને ચીરવાનો થાય છે, ભાવાર્થ તે વહાણો અને દરિયાઈ જહાઝો જેઓ પાણીમાં મોજાંઓને ચીરીને અંતર કાપે છે.

આ આયતનો ભાવાર્થ એ છે કે દરિયાને અલ્લાહ તઆલાએ દૂરના પ્રદેશોની મુસાફરીનો માર્ગ બનાવ્યો છે, દૂર-સુદૂરના દેશોમાં દરિયાઈ માર્ગે મુસાફરી કરવી તથા વેપારના માલ-સામાનની આયાત-નિકાસ કરવી સરળ બનાવી દીધી છે અને તેને રોજી પ્રાપ્ત કરવાનું ઉત્તમ માધ્યમ ઠરાવ્યું છે કારણ કે દરિયાઈ માર્ગે થતો વેપાર સૌથી વધારે નફાકારક હોય છે.

وَأَلْقَى فِي الْأَرْضِ رَوَاسِيَ أَنْ تَمِيدَ بِكُمْ માં رَوَاسِيَ (રવાસિયહ) એ رَاسِيَه (રાસિયહ)નું બહુવચન છે, તે ભારે પહાડોને કહેવામાં આવે છે. تَمِيد (તમીદ) એ مَيْد (મય્‌દ) ક્રિયાપદથી બને છે, જેનો અર્થ ડગમગવું અથવા હાલવું, અસ્થિર રહેવું થાય છે.

આયતનો ભાવાર્થ એ છે કે પૃથ્વીના ભૂ-ભાગને અલ્લાહ તઆલાએ ઘણી બધી હિકમતો હેઠળ મજબૂત અને સ્થિર વસ્તુઓથી નથી બનાવ્યો, એટલા માટે તે કોઈ બાજુએ ભારે અને કોઈ બાજુએ હલકો હોય છે, આથી તેનું પરિણામ એ આવી શક્યું હોત કે પૃથ્વીને સામાન્ય ફિલોસોફીઓના સિદ્ધાંતો પ્રમાણે બિલકુલ સ્થિર સમજવામાં આવે અથવા અમુક પ્રાચીન અથવા આધુનિક ફિલોસોફીઓ પ્રમાણે ગતિમય અને સતત પરિવર્તન પામતી ઠરાવવામાં આવે, એ બંને પરિસ્થિતિમાં જમીનની અંદર ભૂગર્ભમાં એક અસ્થિર પ્રકારની હલચલ ચાલુ હોય છે જેને કાપવાથી અથવા ડગમગાવવાથી ઓળખાવવામાં આવે છે, આ ડગુમગુ સ્થિતિ રોકવા માટે અને જમીનના ભૂ-ભાગને સ્થિર રાખવા માટે અલ્લાહ તઆલાએ જમીન ઉપર પહાડોનું વજન મૂકી દીધું, જેથી તે અસ્થિર બની ડગુમગુ હલન-ચલન ન કરી શકે, બાકી રહી પૃથ્વીની ગતિ અને અવકાશમાં તેનું સ્થાન કે જે બધા જ ગ્રહો અવકાશમાં પોતાની કક્ષામાં તરે છે અને પ્રાચીન ફિલોસોફીમાં ફીષાગોરષનો એ જ સિદ્ધાંત હતો તથા આધુનિક ફિલોસોફરો બધા એના ઉપર સહમત છે અને નવા અનુભવો દ્વારા તે વધારે સ્પષ્ટ અને જાહેર થઈ ચૂક્યું છે, કુર્આને કરીમમાં ન તો કોઈ જગ્યાએ તેની

સાબિતી છે અને ન જ તેનો નકાર છે, બલકે આ ડગુમગુ અસ્થિર પરિસ્થિતિ જેને પહાડો દ્વારા સ્થિર કરવામાં આવી છે તેને પૃથ્વીના પરિભ્રમણ કે પરિક્રમણની ગતિ માટે વધારે નિશ્ચિત કરવામાં આવી જે અન્ય ગ્રહોની જેમ જમીન માટે પણ હોવાનું સાબિત થાય છે. વલ્લાહુ અઅ્‌લમુ.

وَعَلٰمٰتٍ ؕ وَبِالنَّجْمِ هُمْ يَهْتَدُوْنَ ઉપર કારણ કે વેપારી મુસાફરીનું વર્ણન આવ્યું છે તો યોગ્ય એ છે કે તે સરળતાઓ અને સહૂલતોનું પણ વર્ણન કરવામાં આવે જે અલ્લાહ તઆલાએ પ્રવાસીઓને અંતર કાપવામાં અને પોતાની ઈચ્છિત મંઝિલ સુધી પહોંચાડવા માટે જમીન અને આસમાનમાં પેદા ફરમાવ્યું. وَعَلٰمٰتٍ (વ અલામાતી) એટલે કે અમે જમીનમાં માર્ગને ઓળખવા માટે ઘણી બધી નિશાનીઓ પહાડો, નદીઓ, વૃક્ષો, મકાનો વગેરે દ્વારા સ્થાપિત કરી છે, દેખીતું છે કે જો જમીન એક સપાટ વિસ્તાર હોત તો માનવી કોઈ મંઝિલ સુધી પહોંચવા માટે કેવી રીતે માર્ગ ભટકતો હોત !

وَبِالنَّجْمِ هُمْ يَهْتَدُوْنَ એટલે કે, મુસાફરી કરનારા જેવી રીતે પૃથ્વી પરની નિશાનીઓ જોઈને પોતાનો માર્ગ ઓળખે છે એ જ પ્રમાણે તારાઓ દ્વારા પણ દિશાઓ જાણીને માર્ગ ઓળખવામાં આવે છે, આ વિષયમાં એ તરફ ઈશારો થયાનું જાણ થાય છે કે તારાઓના સર્જનનો મૂળ હેતુ તો કંઈક બીજો છે પરંતુ તેની સાથે-સાથે તેનો એક લાભ એ પણ છે કે તેનાથી માર્ગ ઓળખવામાં આવે છે.

આયતો : (સૂરએ નહ્લ : આયત નં. ૧૭ થી ૨૩)

اَفَمَنْ يَّخْلُقُ كَمَنْ لَّا يَخْلُقُ ؕ اَفَلَا تَذَكَّرُوْنَ ⑰ وَاِنْ تَعُدُّوْا نِعْمَةَ اللّٰهِ لَا تُحْصُوْهَا ؕ
اِنَّ اللّٰهَ لَغَفُوْرٌ رَّحِيْمٌ ⑱ وَاللّٰهُ يَعْلَمُ مَا تُسِرُّوْنَ وَمَا تُعْلِنُوْنَ ⑲ وَالَّذِيْنَ
يَدْعُوْنَ مِنْ دُوْنِ اللّٰهِ لَا يَخْلُقُوْنَ شَيْـًٔا وَّهُمْ يُخْلَقُوْنَ ⑳ؕ اَمْوَاتٌ غَيْرُ اَحْيَآءٍ ۚ وَمَا
يَشْعُرُوْنَ ۙ اَيَّانَ يُبْعَثُوْنَ ㉑ؑ اِلٰهُكُمْ اِلٰهٌ وَّاحِدٌ ۚ فَالَّذِيْنَ لَا يُؤْمِنُوْنَ بِالْاٰخِرَةِ
قُلُوْبُهُمْ مُّنْكِرَةٌ وَّهُمْ مُّسْتَكْبِرُوْنَ ㉒ لَا جَرَمَ اَنَّ اللّٰهَ يَعْلَمُ مَا يُسِرُّوْنَ وَمَا يُعْلِنُوْنَ ؕ
اِنَّهٗ لَا يُحِبُّ الْمُسْتَكْبِرِيْنَ ㉓

તરજુમો :

ભલા જે પેદા કરે એ તેના સમાન છે જે કંઈ પેદા ન કરે ? શું તમે વિચારતા નથી ? (૧૭) અને જો અલ્લાહની નેઅ્મતોને ગણવા બેસો તો તેને પુરું નહીં કરી શકો, બેશક ! અલ્લાહ બખ્શનારો મહેરબાન છે. (૧૮) અને અલ્લાહ જાણે છે જે તમે છુપાવો છો અને જે જાહેર કરો છો. (૧૯) અને જેમને અલ્લાહના સિવાય પોકારે છે કંઈ પેદા નથી કરતા અને તે પોતે પેદા કરવામાં આવેલા છે. (૨૦) મુરદા છે જેમાં જીવ નથી અને નથી જાણતા ક્યારે ઉઠાડવામાં આવશે. (૨૧) મઅ્બૂદ તમારો એક માત્ર મઅ્બૂદ છે, બસ જેને આખિરતની જિંદગીનું યકીન નથી તેમના દિલ નથી માનતા અને તેઓ અભિમાની છે. (૨૨) નિશ્ચિત વાત છે કે અલ્લાહ જાણે છે જે કંઈ છુપાવે છે અને જે કંઈ જાહેર કરે છે, બેશક ! તે અભિમાન કરનારાઓને પસંદ નથી કરતો. (૨૩)

તફસીર :

બસ, (જ્યારે અલ્લાહ તઆલા સમગ્ર સૃષ્ટિના સર્જનહાર હોવાનું અને તે સૃષ્ટિના અંશો મનુષ્ય માટે લાભદાયક હોવાનું સાબિત થઈ ચૂક્યું ત્યારે) શું જે પેદા કરે છે (એટલે કે અલ્લાહ તઆલા) તે એના જેવો થઈ જશે જે પેદા નથી કરી શકતો ? (કે તમે બંનેને મઅ્બૂદ સમજવા લાગ્યા કે તેમાં અલ્લાહ તઆલાનું અપમાન છે કે તેને મૂર્તિઓ સમકક્ષ ઠરાવી દીધો !?) પછી શું તમે (એટલું પણ) નથી સમજતા અને (અલ્લાહ તઆલાએ જે ઉપર તવહીદની દલીલોમાં પોતાની નેઅ્મતો બતાવી છે તેના ઉપર શું અવલંબન છે ? તે તો એટલા મોટા પ્રમાણમાં છે કે) જો તમે અલ્લાહ તઆલાની (તે) નેઅ્મતોને ગણવા લાગો તો (ક્યારેય) ન ગણી શકો (પરંતુ મુશ્રિકો શુક્ર અને કદર કરતા નથી અને આ અપરાધ એટલો મોટો હતો કે ન તો મા'ફ કરાવવાથી મા'ફ થાય અને ન જ તેના ઉપર મક્કમ રહેવાથી આ નેઅ્મતો મળે પરંતુ) ખરેખર અલ્લાહ તઆલા મહાન મા'ફ કરનારો મહાદયાળુ છે (કે કોઈ શિર્કથી તવબહ કરે તો મા'ફી થઈ જાય છે અને ન કરે તો પણ જીવનપર્યંત બધી જ નેઅ્મતો તેની પાસેથી ઝૂંટવી લેવામાં આવતી નથી) અને (હા ! નેઅ્મતોથી લાભ ઉઠાવીને કોઈ એવું સમજે કે ક્યારેય સજા

થશે નહીં પરંતુ આખિરતમાં અવશ્ય સજા થશે કારણ કે) અલ્લાહ તઆલા તમારી ગુપ્ત અને જાહેર બધી જ પરિસ્થિતિઓને જાણે છે (બસ, તે પ્રમાણે સજા આપશે, આ તો અલ્લાહ તઆલાના સર્જનહાર, સમગ્ર નેઅ્મતો આપનાર તથા અહેસાન કરનાર હોવાનું વર્ણન હતું) અને જેની આ લોકો અલ્લાહને છોડીને ઈબાદત કરે છે તે કોઈ વસ્તુ પેદા નથી કરી શકતા અને તે પોતે જ પેદા કરવામાં આવ્યા છે (અને ઉપર એક ઠોસ નિયમ સાબિત થઈ ચૂક્યો છે કે સર્જનહાર અને સર્જન એકસમાન નથી હોઈ શકતા તો પછી આ સર્જન ઈબાદતપાત્ર કઈ રીતે બની શકે છે ? અને) તે (જૂઠા મઅ્બૂદો) મુરદા (નિર્જીવ) છે, (ભલે તે મૂર્તિઓ હોય અથવા તે લોકો કે જેઓ મરી ચૂક્યા છે અથવા તો જીવંત છે પરંતુ અવશ્ય મરવાના છે, દાખલા તરીકે જિન્નાતો અને હઝરત ઈસા અલૈ. વગેરે તેઓ) જીવંત (રહેવાના) નથી, (બસ તેઓ સર્જનહાર કેવી રીતે બની શકે છે ? શક્ય જ નથી) અને તેઓને (એટલે કે ઘડી કાઢવામાં આવેલા મઅ્બૂદોને એટલી પણ) ખબર નથી કે (કયામતમાં) મુરદાઓને ક્યારે ઉઠાડવામાં આવશે (એટલે કે અમુકને તો જ્ઞાન જ નથી અને અમુકને તેનો નિશ્ચિત સમય ખબર નથી, જ્યારે કે મઅ્બૂદ માટે તો દરેક વસ્તુનું જ્ઞાન હોવું જરૂરી છે ખાસ કરીને કયામતનું કે કયામતમાં સારા અને નરસા કૃત્યોનો બદલો મળશે તો મઅ્બૂદ માટે તેનું જ્ઞાન હોવું આવશ્યક છે તો તેઓ કઈ રીતે અલ્લાહની સમકક્ષ જ્ઞાન ધરાવતા થયા ? આ ચર્ચાથી સાબિત થયું કે) તમારો સત્ય મઅ્બૂદ એકમાત્ર મઅ્બૂદ છે તો (તે સત્ય હોવા છતાં) જે લોકો આખિરત ઉપર ઈમાન નથી લાવતા (અને એટલા માટે તેઓ ડરતા પણ નથી કે તવહીદનો સ્વીકાર પણ નથી કરતા તો જાણ થઈ કે) તેમના દિલ (જ એવા અપાત્ર છે કે યોગ્ય વાતના) ઈન્કારી થઈ રહ્યા છે અને (જાણ થઈ કે) તેઓ સત્ય વાત સ્વીકારવાથી અભિમાન કરે છે (અને) જરૂરી વાત છે કે અલ્લાહ તઆલા તે સૌના ગુપ્ત અહેવાલો અને જાહેર સઘળું જાણે છે (અને એ પણ) નિશ્ચિત વાત છે કે અલ્લાહ તઆલા અભિમાન કરનારાઓને પસંદ નથી કરતો (બસ, જ્યારે તેમના અભિમાનની જાણ છે તો તેને પણ નાપસંદ કરશે અને સજા આપશે).

મસ્અલા અને બોધપાઠ :

પાછલી આયતોમાં અલ્લાહ જલ્લ શા'નુહૂની નેઅ્મતોની અને સૃષ્ટિના

સર્જનની વિસ્તૃત ચર્ચા કર્યા પછી એ બાબત ઉપર ચેતવણી આપવામાં આવી કે જેના માટે આ બધી નેઅ્‌મતોની વિગત વર્ણન કરવામાં આવી છે તે તવહીદ છે કે અલ્લાહ તઆલા સિવાય કોઈ ઈબાદતના લાયક જ નથી એટલા માટે ફરમાવ્યું કે જ્યારે એ સાબિત થઈ ચૂક્યું છે કે અલ્લાહ જ એકમાત્ર જમીન અને આસમાનનો રચયિતા છે, તેણે જ પર્વતો અને દરિયાઓ બનાવ્યા, વનસ્પતિ જગત અને પ્રાણીઓ પેદા કર્યા, વૃક્ષો અને તેના ફૂલ–ફળ બનાવ્યા તો શું તે જાત પાક જે આ બધી વસ્તુઓનો સર્જનહાર છે તે મૂર્તિઓ જેવો થઈ જશે જે કંઈ જ પેદા નથી કરી શકતી ? તો શું તમે એટલું પણ નથી સમજતા !?

આયતો : (સૂરએ નહ્‌લ : આયત નં. ૨૪ થી ૨૯)

وَإِذَا قِيلَ لَهُم مَّاذَا أَنزَلَ رَبُّكُمْ ۙ قَالُوٓا أَسَٰطِيرُ ٱلْأَوَّلِينَ ﴿٢٤﴾ لِيَحْمِلُوٓا أَوْزَارَهُمْ
ع كَامِلَةً يَوْمَ ٱلْقِيَٰمَةِ ۙ وَمِنْ أَوْزَارِ ٱلَّذِينَ يُضِلُّونَهُم بِغَيْرِ عِلْمٍ ۗ أَلَا سَآءَ مَا يَزِرُونَ ﴿٢٥﴾
قَدْ مَكَرَ ٱلَّذِينَ مِن قَبْلِهِمْ فَأَتَى ٱللَّهُ بُنْيَٰنَهُم مِّنَ ٱلْقَوَاعِدِ فَخَرَّ عَلَيْهِمُ ٱلسَّقْفُ
مِن فَوْقِهِمْ وَأَتَىٰهُمُ ٱلْعَذَابُ مِنْ حَيْثُ لَا يَشْعُرُونَ ﴿٢٦﴾ ثُمَّ يَوْمَ ٱلْقِيَٰمَةِ يُخْزِيهِمْ
وَيَقُولُ أَيْنَ شُرَكَآءِىَ ٱلَّذِينَ كُنتُمْ تُشَٰٓقُّونَ فِيهِمْ ۚ قَالَ ٱلَّذِينَ أُوتُوا ٱلْعِلْمَ إِنَّ ٱلْخِزْىَ
ٱلْيَوْمَ وَٱلسُّوٓءَ عَلَى ٱلْكَٰفِرِينَ ﴿٢٧﴾ ٱلَّذِينَ تَتَوَفَّىٰهُمُ ٱلْمَلَٰٓئِكَةُ ظَالِمِىٓ أَنفُسِهِمْ ۖ فَأَلْقَوُا
ٱلسَّلَمَ مَا كُنَّا نَعْمَلُ مِن سُوٓءٍ ۚ بَلَىٰٓ إِنَّ ٱللَّهَ عَلِيمٌۢ بِمَا كُنتُمْ تَعْمَلُونَ ﴿٢٨﴾ فَٱدْخُلُوٓا
أَبْوَٰبَ جَهَنَّمَ خَٰلِدِينَ فِيهَا ۖ فَلَبِئْسَ مَثْوَى ٱلْمُتَكَبِّرِينَ ﴿٢٩﴾

તરજુમો :

અને જ્યારે તેમને પૂછવામાં આવે કે તમારા પરવરદિગારે શું ઉતાર્યું ? તો કહે, આગલાઓની વાર્તાઓ છે. (૨૪) જેથી કયામતના દિવસે પોતાનો પૂરો ભાર ઉઠાવે અને કંઈક ભાર તેમનો જેમને વિના તહ્‌કીકે બહેકાવે છે; સાંભળો છો ! ખરાબ ભાર છે જે તેઓ ઉઠાવે છે. (૨૫) અલબત્ત દગાબાજી

કરી ચૂક્યા છે જેઓ તેમનાથી અગાઉ હતા, પછી અલ્લાહનો હુકમ પહોંચ્યો તેમની ઈમારત ઉપર પાયાઓએથી પછી ઉપરથી તેમના ઉપર છત પડી ગઈ અને તેમના ઉપર અઝાબ આવ્યો જ્યાંથી તેમને ખબર ન હતી. (૨૬) પછી કયામતના દિવસે તેમને અપમાનિત કરશે અને કહેશે, ક્યાં છે મારા ભાગીદાર જેમના ઉપર તમને ઘણી હઠધર્મી (જીદ) હતી ? બોલશે જેમને ખબર આપવામાં આવી હતી, બેશક ! આજના દિવસે અપમાન અને ખરાબી ઈન્કારીઓ ઉપર છે. (૨૭) જેમનો ફરિશ્તા જીવ કાઢે છે અને તે પોતાની જાત માટે બુરું કરી રહ્યા છે ત્યારે આજ્ઞાપાલન જાહેર કરશે કે અમે તો કંઈ બુરાઈ કરતા ન હતા; કેમ નહીં ! અલ્લાહ સારી પેઠે જાણે છે જે તમે કરતા હતા. (૨૮) બસ દોઝખના દરવાજાઓમાં દાખલ થાઓ, તેમાં જ સદા રહ્યા કરો, બસ કેવું બુરું ઠેકાણું છે અભિમાન કરનારાઓનું ! (૨૯)

તફસીર :

અને જ્યારે તેમને કહેવામાં આવે છે (એટલે કે કોઈ અજાણ્યો વ્યક્તિ જાણવા માટે અથવા કોઈ જાણતો હોય એવો વ્યક્તિ કસોટી માટે તેમને પૂછે છે) કે તમારા પરવરદિગારે શું વસ્તુ નાઝિલ કરી છે ? (એટલે કે કુર્આને હકીમ રસૂલે કરીમ ﷺ ઉપર નાઝિલ કર્યું છે તો શું તે સાચું છે ?) તો કહે છે કે (સાહેબ તે પરવરદિગારનું નાઝિલ કરેલું ક્યાં છે ?) એ તો ફક્ત અપ્રમાણિક વાતો છે જે અગાઉનાઓથી (નકલ થતી) ચાલી આવી રહી છે (એટલે કે આવા દા'વેદારો પ્રથમથી જ તવહીદ અને નુબુવ્વતનો દા'વો કરતા રહ્યા છે તેમનાથી જ આ પણ નકલ કરવા લાગ્યા છે બાકી આ દા'વા પ્રમાણેનું કશું ખુદાએ આપેલ નથી), પરિણામ એ(વું કહેવા)નું એ હશે કે તે લોકોને કયામતના દિવસે પોતાના ગુનાહોનો સંપૂર્ણ ભાર અને જેમને આ લોકો અજ્ઞાનતાથી ગુમરાહ કરી રહ્યા હતા તેમના ગુનાહોનો પણ અમુક ભાર ઉઠાવવો પડશે. (ગુમરાહ કરવાનો ભાવાર્થ આવું કહેવું છે, اَسَاطِيْرُ الْاَوَّلِيْنَ કારણ કે તેનાથી બીજા વ્યક્તિની માન્યતા પણ ખરાબ થાય છે અને જે વ્યક્તિ કોઈને ગુમરાહ કર્યા કરે છે તે ગમુરાહને તો ગુમરાહીનો ગુનોહ થાય જ છે અને તેને માર્ગ ભટકાવનારને પણ તેની ગુમરાહીનું કારણ બની જવાના કારણે ગુનોહ થાય છે. આ حِصَّۂ تَسَبُّبْ ને અમુક ભાર કહ્યો છે અને પોતાના ગુનાહોનો સંપૂર્ણ ભાર ઉઠાવવો દેખીતું છે) સારી પેઠે યાદ રાખો કે

જે ગુનાહને આ પોતાના ઉપર લાદી રહ્યા છે તે ઘણો ખરાબ ભાર છે (અને તેમણે જે ગુમરાહ કરવાની આ યુક્તિ કાઢી છે કે અન્યોને પણ એવી વાતો કરીને બહેકાવે છે બસ, આ વ્યક્તિઓ સત્યના મુકાબલામાં ચાલશે નહીં બલકે પોતે જ તેના ઉપર તેનો સંપૂર્ણ વબાલ પડશે એટલા માટે) જે લોકો તેનાથી પહેલાં ગુઝરી ચૂક્યા છે તેમણે (અંબિયા અલૈ.ના મુકાબલા અને વિરોધમાં) મોટી-મોટી યુક્તિઓ કરી, બસ અલ્લાહ તઆલાએ તે(ઓની યોજના)ઓનું તૈયાર ઘર પાયામાંથી ફેંકી દીધું પછી (તે એવા નિષ્ફળ થઈ ગયા જેમકે) ઉપરથી તેમના ઉપર (તે ઘરની) છત આવીને પડી (હોય, એટલે કે જેવી રીતે છત પડવાથી બધા દબાઈ જાય છે એ જ પ્રમાણે તેઓ બિલકુલ નુકસાન અને ઘાટામાં રહ્યા) અને (નિષ્ફળતા ઉપરાંત) તેમના ઉપર (અલ્લાહનો) અઝાબ એવી રીતે આવ્યો કે તેમને કલ્પના પણ ન હતી (કારણ કે તેમની યોજનાઓ અને યુક્તિઓના કારણે સફળતાની ઈચ્છાઓ કરતા હતા પરંતુ તેમની અપેક્ષાઓના વિરુદ્ધ તેમની નિષ્ફળતાઓથી વધીને અઝાબ આવી ગયો જેની કલ્પના પણ તેમના દિમાગમાં ન હતી, અગાઉ થઈ ચૂકેલા કાફિરો ઉપર અઝાબ આવવાનું તો પ્રખ્યાત અને પ્રચલિત છે આ હાલત તો તેમની દુનિયામાં છે) પછી કયામતના દિવસે તેમના (માટે એ હશે કે) અલ્લાહ તઆલા તેમને અપમાનિત કરશે અને (તેમાંથી એક અપમાન એ હશે કે તેમને) એવું કહેશે કે (તમે જે) મારા ભાગીદાર (બનાવી રાખ્યા હતા) જેના વિશે તમે (અંબિયા અલૈ. અને ઈમાનવાળાઓ સાથે) ઝઘડો કર્યા કરતા હતા (હવે તે) ક્યાં છે ? (આવી પરિસ્થિતિને જોઈને સત્યને) જાણનારા કહેશે કે આજે પૂરેપૂરું અપમાન અને અઝાબ કાફિરો ઉપર છે જેમનો પ્રાણ ફરિશ્તાઓએ કુફ્રની હાલતમાં કબ્જે કર્યો હતો (અને તેઓ અંતિમ સમય સુધી કાફિર રહ્યા હતા, કદાચ તે જ્ઞાનીઓનું નિવેદન વચ્ચે એટલા માટે વર્ણન થયું હોય કે કાફિરોનું અપમાન જાહેર થવાનું સૌને જાણ થઈ જાય) પછી કાફિર લોકો (પોતાના ભાગીદારોના જવાબમાં) સુલેહનો સંદેશ આપશે (અને કહેશે) કે (શિર્ક કે જે પ્રથમ કક્ષાની બુરાઈ અને અલ્લાહ તઆલાનો વિરોધ છે અમારી શું મજાલ હતી કે અમે તેને કરીએ ?) અમે તો કોઈ ખરાબ કામ (જેમાં અલ્લાહ તઆલાનો મા'મૂલી વિરોધ પણ હોય) કરતા ન હતા (આ સુલેહનો વિષય એટલા માટે કહેવામાં આવ્યો કે દુનિયામાં શિર્કના તે વિવિધ પ્રકારો છે જેનો તેઓ ખૂબ ઉત્સાહ

અને જોશથી એકરાર કરતા હતા, અલ્લાહના કહેવા પ્રમાણે لَوْشَآءَ اللّٰهُ مَآ اَشْرَكْنَا અને શિર્કનો સ્વીકાર વિરોધનો સ્વીકાર હતો ખાસ કરીને અંબિયા અલૈ.ની સાથે તો ખુલ્લમ-ખુલ્લા વિરોધના દા'વેદાર હતા, ત્યાં આ શિર્કથી ઈન્કાર કરીને તેમનો વિરોધ કરવાનો ઈન્કાર કરશે એટલા માટે તેને "સુલેહ" કહેવામાં આવી અને આ ઈન્કાર એવો છે જેમકે બીજી આયતમાં છે, وَاللّٰهِ رَبِّنَا مَا كُنَّا مُشْرِكِيْنَ અલ્લાહ તઆલા તેમના આ નિવેદનને રદ કરશે કે) કેમ નહીં ! (બલકે, વાસ્તવમાં તમે ઘણા બધા મોટા-મોટા વિરોધના કામો કર્યા) બેશક ! અલ્લાહ તઆલાને તમારા બધા આચરણોની સંપૂર્ણ ખબર છે, (વારું) જહન્નમના દરવાજામાં(થી જહન્નમમાં) દાખલ થઈ જાઓ (અને) તેમાં હંમેશા-હંમેશા માટે રહો, મતલબ (કે સત્ય વાત ઉપર) અભિમાન (અને વિરોધ તથા તેનો મુકાબલો) કરનારાઓનું તે ખરાબ ઠેકાણું છે (આ આખિરતના અઝાબનું વર્ણન થયું, બસ આયતનો ખુલાસો એ થયો કે તમે પોતાનાથી અગાઉના કાફિરોની નુકસાનપૂર્ણ પરિસ્થિતિ તથા દુનિયા અને આખિરતના અઝાબને સાંભળી લીધો એ જ પ્રમાણે તે યુક્તિઓ અને છળકપટ દીનના વિરુદ્ધ અને સત્યના મુકાબલામાં તમે કરી રહ્યા છો તેનાથી અલ્લાહની મખ્લૂકને ગુમરાહ કરવા ઈચ્છો છો તો તમારું પરિણામ પણ એવું જ છે).

મસ્અલા અને બોધપાઠ :

પાછલી આયતમાં અલ્લાહ તઆલાની નેઅ્મતો અને વિશ્વના સર્જનમાં તે એકમાત્ર હોવાનો ઉલ્લેખ કરીને મુશ્રિકોની પોતાની ગુમરાહીનું વર્ણન હતું, આ આયતોમાં અન્યોને ગુમરાહ કરવાનું અને તેના ઉપર અઝાબનું વર્ણન છે તથા તેનાથી પહેલા એક પ્રશ્ન કુર્આન વિશે છે અને તે પ્રશ્નનું સંબોધન અહીંયાં મુશ્રિકોને છે અને તેમના અજ્ઞાનતાપૂર્ણ જવાબનો અત્રે ઉલ્લેખ કરીને તેના ઉપર ધમકીનું વર્ણન કરવામાં આવ્યું છે તથા પાંચ આયતો પછી આ જ પ્રશ્ન પરહેઝગાર મો'મિનોને સંબોધન કરીને કરવામાં આવ્યો તથા તેનો જવાબ અને તે જવાબ ઉપર ઈનામોના વાયદાનું વર્ણન છે.

કુર્આને કરીમે એ નથી ખોલ્યું કે પ્રશ્ન કરનાર કોણ હતું ? એટલા માટે વિવરણકારોના તેમાં વિવિધ નિવેદનો છે, કોઈએ કાફિરોને પ્રશ્ન કરનાર ઠરાવ્યા,

કોઈએ મુસલમાનોને, કોઈએ એક પ્રશ્ન મુશ્રિકોએ અને બીજો પ્રશ્ન મો'મિનોએ કરવાનું ઠરાવ્યું પરંતુ કુર્આને કરીમે આ બાબત મોઘમ રાખીને એ તરફ ઈશારો કરી આપ્યો છે કે એ ચર્ચામાં પડવાની આવશ્યકતા જ શું છે કે પ્રશ્ન કોના તરફથી થયો હતો ? જવાબ જોવો જોઈએ અને પરિણામ તરફ દૃષ્ટિ કરવી જોઈએ કે જેને કુર્આને કરીમે વર્ણન કર્યું છે.

મુશ્રિકો તરફથી જવાબનો ખુલાસો એ છે કે તેમણે એનો સ્વીકાર નથી કર્યો કે કોઈ કલામ અલ્લાહ તઆલા તરફથી નાઝિલ થયું છે, બલકે કુર્આનને અગાઉના લોકોની વાર્તાઓ ઠરાવી દીધી, કુર્આને કરીમે તેના ઉપર આ ધમકી સંભળાવી કે આ જાલિમો કુર્આનને વાર્તાઓ બતાવીને અન્યોને પણ ગુમરાહ કરે છે તેનું એ પરિણામ તો તેમણે ભોગવવું જ પડશે કે કયામતના દિવસે પોતાના ગુનાહોનો સંપૂર્ણ વબાલ તેમના ઉપર પડવાનો જ છે ઉપરથી જેમને તેઓ ગુમરાહ કરી રહ્યા છે તેમના ભાગનો અમુક વબાલ પણ તેમના ઉપર પડશે અને પછી ફરમાવ્યું કે જે ભારને આ લોકો પોતાના ઉપર લાદી રહ્યા છે તે ઘણો ખરાબ ભાર છે.

આયતો : (સૂરએ નહ્લ : આયત નં. ૩૦ થી ૩૪)

وَقِيلَ لِلَّذِينَ اتَّقَوْا مَاذَآ أَنْزَلَ رَبُّكُمْ ؕ قَالُوا خَيْرًا ؕ لِلَّذِينَ أَحْسَنُوا فِي هٰذِهِ
الدُّنْيَا حَسَنَةٌ ؕ وَلَدَارُ الْآخِرَةِ خَيْرٌ ؕ وَلَنِعْمَ دَارُ الْمُتَّقِينَ ﴿٣٠﴾ جَنّٰتُ عَدْنٍ يَّدْخُلُونَهَا
تَجْرِي مِنْ تَحْتِهَا الْأَنْهٰرُ لَهُمْ فِيهَا مَا يَشَآءُونَ ؕ كَذٰلِكَ يَجْزِي اللّٰهُ الْمُتَّقِينَ ﴿٣١﴾
الَّذِينَ تَتَوَفّٰهُمُ الْمَلٰٓئِكَةُ طَيِّبِينَ ۙ يَقُولُونَ سَلٰمٌ عَلَيْكُمُ ۙ ادْخُلُوا الْجَنَّةَ
بِمَا كُنْتُمْ تَعْمَلُونَ ﴿٣٢﴾ هَلْ يَنْظُرُونَ إِلَّآ أَنْ تَأْتِيَهُمُ الْمَلٰٓئِكَةُ أَوْ يَأْتِيَ أَمْرُ رَبِّكَ ؕ
كَذٰلِكَ فَعَلَ الَّذِينَ مِنْ قَبْلِهِمْ ؕ وَمَا ظَلَمَهُمُ اللّٰهُ وَلٰكِنْ كَانُوٓا أَنْفُسَهُمْ يَظْلِمُونَ ﴿٣٣﴾
ع فَأَصَابَهُمْ سَيِّاٰتُ مَا عَمِلُوا وَحَاقَ بِهِمْ مَّا كَانُوا بِهٖ يَسْتَهْزِءُونَ ﴿٣٤﴾

તરજુમો :

અને પરહેઝગારોને પૂછ્યું, તમારા પરવરદિગારે શું ઉતાર્યું ? બોલ્યા, નેક વાત; જેમણે આ દુનિયામાં ભલાઈ કરી તેમના માટે ભલાઈ છે અને આખિરતનું ઘર ઉત્તમ છે અને પરહેઝગારોનું કેટલું સારું ઘર છે ! (૩૦) હંમેશા રહેવા માટેના બગીચા છે જેમાં તેઓ જશે, તેની નીચેથી નહેરો વહે છે, તેમના માટે ત્યાં છે જે ઈચ્છશે, અલ્લાહ પરહેઝગારોને આવો બદલો આપશે. (૩૧) જેનો પ્રાણ ફરિશ્તા કબ્જે કરે છે અને તે પવિત્ર છે (તો) ફરિશ્તા કહે છે, સલામતી તમારા ઉપર, જન્નતમાં જાઓ, જે તમે કરતા હતા તેનો બદલો છે. (૩૨) શું કાફિર હવે એની રાહ જોઈ રહ્યા છે કે તેમના ઉપર ફરિશ્તા આવે અથવા તમારા પરવરદિગારનો હુકમ પહોંચે ? તેમનાથી આગલાઓએ આ જ પ્રમાણે કર્યું હતું અને અલ્લાહે તેમના ઉપર જુલમ ન કર્યો પરંતુ તેઓ પોતે પોતાનું બુરું કરતા રહ્યા. (૩૩) પછી તેમના માથા ઉપર તેમના બુરા કામ પડયા અને તેમના ઉપર ઊલટો પડયો જે ઠઠ્ઠો તેઓ કરતા હતા. (૩૪)

તફસીર :

અને જે લોકો શિર્કથી બચે છે તેમનાથી (જ્યારે કુર્આન વિશે) કહેવામાં આવે છે કે તમારા પરવરદિગારે શું વસ્તુ નાઝિલ ફરમાવી છે ? તેઓ કહે છે કે મોટી ભલાઈ (અને બરકતની વસ્તુ) નાઝિલ કરી છે જે લોકોએ નેક કામો કર્યા છે (તેમના આ નિવેદનમાં બધા જ નેક આચરણો સામેલ થઈ ગયા) તેમના માટે દુનિયામાં પણ ભલાઈ છે (તે ભલાઈ સવાબનો વાયદો અને ખુશખબરી છે) અને આખિરતમાં તો (એ કારણે કે ત્યાં આ વાયદા પ્રમાણે ઘટનાઓ જાહેર થવા માંડશે અને) વધારે ઉત્તમ (તથા ખુશીનું કારણ) છે તથા ખરેખર તે શિર્કથી બચનારાઓનું ઘણું સારું ઘર છે, તે ઘર (શું છે ?) હંમેશા રહેનારા બગીચાઓ છે જેમાં તેઓ દાખલ થશે, તે બાગોની (ઈમારતો અને મહેલોની) નીચેથી નહેરો વહેતી હશે, જે વસ્તુઓની તેમને ઈચ્છા થશે ત્યાં તેમને મળશે (અને એ જ વસ્તુ ખાસ શા માટે જેનું નિવેદન આ સ્થળે ઉપસ્થિત છે, બલકે) એ જ પ્રમાણેનો બદલો અલ્લાહ તઆલા સઘળા શિર્કથી બચનારાઓને આપશે જેમની રૂહ

ફરિશ્તા એવી હાલતમાં કબ્જે કરે છે કે તેઓ (શિર્કથી) પાક(-સાફ) હોય છે (મતલબ એ છે કે મૃત્યુ સુધી તવહીદ ઉપર કાયમ રહે છે અને) તે (ફરિશ્તાઓ) કહેતા જાય છે "અસ્સલામુ અલયકુમ" તમારી (રૂહ કબ્જે કર્યા પછી) જન્નતમાં ચાલ્યા જજો પોતાના અમલોના કારણે; આ લોકો (જે પોતાના કુફ્ર અને દુશ્મનાવટ તથા અજ્ઞાનતા ઉપર હઠધર્મી કરી રહ્યા છે અને સત્યની દલીલો સ્પષ્ટ થઈ જવા છતાં ઈમાન નથી લાવતા તો જાણ થાય છે કે તેઓ માત્ર) એ જ વાતની રાહ જોઈ રહ્યા છે કે તેમની પાસે (મોતના) ફરિશ્તાઓ આવી જાય અથવા પોતાના પરવરદિગારનો હુકમ (એટલે કે કયામત) આવી જાય, (એટલે શું મોતના સમયે અથવા કયામતમાં ઈમાન લાવશે ? જ્યારે કે તે સમયે ઈમાનનો સ્વીકાર થશે નહીં, બસ તે સમયે બધા જ કાફિરો સત્યની વાસ્તવિકતાને સામે જોઈને તવબહ કરશે જે રીતે કે કુફ્ર ઉપર આ લોકો જીદ કરી રહ્યા છે) એવી જ રીતે તેમનાથી પહેલાં અગાઉ જે લોકો હતા તેમણે પણ (કુફ્ર ઉપર જીદ અને હઠધર્મીનું કૃત્ય) કર્યું હતું અને (આ જીદના કારણે તેઓ સજાપાત્ર ઠર્યા બસ) તેમના ઉપર અલ્લાહ તઆલાએ જરા પણ અત્યાચાર નથી કર્યો પરંતુ તેઓ પોતે જ પોતાના ઉપર અત્યાચાર કરી રહ્યા હતા (કે સજાના કર્મો જાણીબૂઝીને કરતા હતા), અંતે તેમના દુષ્કૃત્યોની તેમને સજા મળી અને જે અઝાબ(ની ખબર મળવા) ઉપર તેઓ હસતા હતા તેમને તેણે જ (એટલે કે તે જ અઝાબે) ઘેરી લીધા (બસ એવો જ તમારો પણ હાલ થશે).

આયતો : (સૂરએ નહ્‌લ : આયત નં. ૩૫ થી ૪૦)

وَقَالَ الَّذِيْنَ اَشْرَكُوْا لَوْشَآءَ اللّٰهُ مَا عَبَدْنَا مِنْ دُوْنِهٖ مِنْ شَيْءٍ نَّحْنُ وَلَآ اٰبَآؤُنَا
وَلَا حَرَّمْنَا مِنْ دُوْنِهٖ مِنْ شَيْءٍ ؕ كَذٰلِكَ فَعَلَ الَّذِيْنَ مِنْ قَبْلِهِمْ ۚ فَهَلْ عَلَى
الرُّسُلِ اِلَّا الْبَلٰغُ الْمُبِيْنُ ۝٣٥ وَلَقَدْ بَعَثْنَا فِيْ كُلِّ اُمَّةٍ رَّسُوْلًا اَنِ اعْبُدُوا اللّٰهَ
وَاجْتَنِبُوا الطَّاغُوْتَ ۚ فَمِنْهُمْ مَّنْ هَدَى اللّٰهُ وَمِنْهُمْ مَّنْ حَقَّتْ عَلَيْهِ الضَّلٰلَةُ ؕ
فَسِيْرُوْا فِي الْاَرْضِ فَانْظُرُوْا كَيْفَ كَانَ عَاقِبَةُ الْمُكَذِّبِيْنَ ۝٣٦ اِنْ تَحْرِصْ عَلٰى

هُدٰىهُمْ فَاِنَّ اللّٰهَ لَا يَهْدِيْ مَنْ يُّضِلُّ وَمَا لَهُمْ مِّنْ نّٰصِرِيْنَ ﴿٣٧﴾ وَاَقْسَمُوْا بِاللّٰهِ جَهْدَ
اَيْمَانِهِمْ ۙ لَا يَبْعَثُ اللّٰهُ مَنْ يَّمُوْتُ ۭ بَلٰى وَعْدًا عَلَيْهِ حَقًّا وَّلٰكِنَّ اَكْثَرَ النَّاسِ لَا
يَعْلَمُوْنَ ﴿٣٨﴾ ۙ لِيُبَيِّنَ لَهُمُ الَّذِيْ يَخْتَلِفُوْنَ فِيْهِ وَلِيَعْلَمَ الَّذِيْنَ كَفَرُوْٓا اَنَّهُمْ كَانُوْا
كٰذِبِيْنَ ﴿٣٩﴾ اِنَّمَا قَوْلُنَا لِشَيْءٍ اِذَآ اَرَدْنٰهُ اَنْ نَّقُوْلَ لَهٗ كُنْ فَيَكُوْنُ ﴿٤٠﴾ ع

તરજુમો :

અને શિર્ક કરનારા બોલ્યા, જો અલ્લાહે ઈચ્છયું હોત અમે તેના સિવાય કોઈ વસ્તુને ન પૂજતા હોત અને ન (જ) અમારા બાપદાદા અને અમે તેના હુકમ વિના કોઈ વસ્તુને હરામ ન ઠરાવી લીધી હોત, આ જ પ્રમાણે તેમનાથી આગલાઓએ કર્યું, બસ રસૂલોના જિમ્મે નથી પરંતુ સાફ-સાફ પહોંચાડી દેવું. (૩૫) અને અમે દરેક ઉમ્મતમાં રસૂલ ઉઠાવ્યા છે કે અલ્લાહની બંદગી કરો અને તાગૂત (જૂઠા મઅ્બૂદો)થી બચો, પછી તેમનામાંથી અલ્લાહે કોઈને હિદાયત કરી અને કોઈના ઉપર ગુમરાહી સાબિત થઈ, બસ પ્રદેશમાં મુસાફરી કરો પછી જુઓ જૂઠાડનારાઓનો કેવો અંજામ થયો ! (૩૬) જો તમે તેમને માર્ગ ઉપર લાવવાની લાલચ કરો તો અલ્લાહ માર્ગ નથી આપતો જેને ભટકાવે છે અને તેમનો કોઈ મદદગાર નથી. (૩૭) અને અલ્લાહની કસમો ખાય છે, સખત કસમો કે જે કોઈ મરી જાય અલ્લાહ ઉઠાડશે નહીં; કેમ નહીં ! તેના ઉપર પાકો વાયદો થઈ ચૂક્યો છે પરંતુ ઘણા લોકો જાણતા નથી. (૩૮) ઉઠાડશે જેથી તેમના ઉપર જાહેર કરી દે જે વાતમાં ઝઘડે છે અને જેથી કાફિર જાણી લે કે તેઓ જૂઠા હતા. (૩૯) જ્યારે અમે કોઈ વસ્તુને કરવા ઈચ્છીએ અમારું કહેવું એ જ છે કે તેને કહીએ "થઈ જા !" તો તે થઈ જાય. (૪૦)

તફસીર :

અને મુશ્રિક લોકો એવું કહે છે કે જો અલ્લાહ તઆલાને (પોતાની મરજીથી એ બાબત) મંજૂર હોત (કે અમે ગયરૂલ્લાહની ઈબાદત ન કરીએ જે અમારા તરીકા અને સિદ્ધાંતમાં છે અને અમુક વસ્તુઓને હરામ ન કરીએ જે

અમારા રિવાજ અને ચલણમાં છે, મતલબ એ કે જો અલ્લાહ તઆલા અમારા ઉપસ્થિત સિદ્ધાંતો અને રિવાજોને નાપસંદ કરતો હોત) તો અલ્લાહના સિવાય કોઈ વસ્તુની ન તો અમે ઈબાદત કરતા હોત અને ન જ અમારા બાપ-દાદા અને ન અમે તેના (હુકમ) વિના કોઈ વસ્તુને હરામ કહી શક્યા હોત (તેનાથી જાણ થાય છે કે અલ્લાહ તઆલાને અમારો તરીકો પસંદ છે નહિતર અમને શા માટે આવું કરવા દે ? હે મુહમ્મદ ﷺ ! આપ તેનાથી ગમગીન ન થાઓ, કારણ કે આ વાહિયાત જીભાજોડી કોઈ નવી વાત નથી બલકે) જે (કાફિરો) તેમનાથી અગાઉ થયા છે આવી જ પ્રવૃત્તિ તેમણે પણ કરી હતી (એટલે કે પોતાના પયગમ્બરો સાથે વાહિયાત જીભાજોડી કરતા હતા), બસ પયગમ્બરો(નું એનાથી કંઈ જ ન બગડ્યું અને તેઓ જે તરીકા ઉપર બોલાવે છે તેનાથી તેમને શું નુકસાન પહોંચ્યું ? તેમ)ની જવાબદારી તો (હુકમોને) માત્ર સાફ-સાફ પહોંચાડી દેવાની છે (સાફ-સાફ એ કે સ્પષ્ટ દા'વો હોય અને સાચી દલીલ તેના ઉપર કાયમ થાય, એ જ પ્રમાણે આપ ﷺની જવાબદારી પણ આ જ કામ હતું કે જે આપ ﷺ કરી રહ્યા છે, પછી જો તેઓ દુશ્મનાવટના કારણે દા'વા અને દલીલમાં વિચાર ન કરે તો તે જાણે) અને (જે પ્રમાણે તેમનો વ્યવહાર તમારી સાથે એટલે કે ખોટી જીભાજોડી કરવી કોઈ નવી વાત નથી એ જ પ્રમાણે આપ ﷺનો વ્યવહાર તેમની સાથે તવહીદ અને સત્ય દીન તરફ બોલાવવું પણ કોઈ નવી વાત નથી બલકે તેની તા'લીમ પણ પ્રાચીન સમયથી ચાલી આવે છે એટલા માટે) અમે દરેક ઉમ્મતમાં (પાછલી ઉમ્મતોમાંથી) કોઈને કોઈ પયગમ્બર (આ વાતની તા'લીમ માટે) મોકલતા રહ્યા છે કે તમે (ખાસ) અલ્લાહની ઈબાદત કરો અને શયતાન(ના માર્ગ)થી (કે તે કુફ્ર અને શિર્ક છે) બચતા રહો (તેમાં અમુક વસ્તુઓ જે તમે પોતાના માટે હરામ કરો છો તે પણ આવી ગયું જેને મુશ્રિકો આપમેળે પોતાના અભિપ્રાયથી હરામ કર્યા કરતા હતા, કારણ કે તે પણ કુફ્ર અને શિર્કનો એક વિભાગ હતો) બસ, તેમનામાંથી અમુક તે થયા જેમને અલ્લાહે હિદાયત આપી (કે તેમણે સત્યનો સ્વીકાર કરી લીધો) અને અમુક તેમનામાં તે થયા જેમના ઉપર ગુમરાહી સાબિત થઈ ગઈ (મતલબ એ કે કાફિરો અને અંબિયા અલૈ.માં આ બાબત આ જ પ્રમાણે ચાલી આવી રહી છે અને હિદાયત તથા ગુમરાહી વિશે અલ્લાહ તઆલાનો મા'મલો પણ હંમેશાથી આ જ પ્રમાણે ચાલુ છે કે કાફિરોની

ખોટી જીદ પણ પરાપૂર્વેથી ચાલી આવે છે અને અંબિયા અલૈ. પણ હંમેશાથી સત્યની તા'લીમ આપે છે અને ઘણાનું હિદાયત ન પામવું પણ જૂની વાત છે, પછી આપ ﷺને દિલગીરી શા માટે થાય ? અહીંયાં સુધી સાંત્વના આપવામાં આવી જેમાં વિષયના અંતે તેમની શંકાનો પણ સંપૂર્ણ જવાબ આપવામાં આવ્યો કે આવી વાતો કરવી ગુમરાહી છે જે ગુમરાહી હોવાનું આગળ સમર્થન અને આ જવાબનો વધારે ખુલાસો છે, એટલે કે જો રસૂલ સાથે ખોટી જીભાજોડી કરવી ગુમરાહી હોવું તમને જાણ ન હોય) તો (વારું) જમીનમાં હરો-ફરો, (અને નિશાનીઓ) જુઓ કે (પયગમ્બરોને જૂઠાડનારાઓનું) કેવું (ખરાબ) પરિણામ આવ્યું ?! (બસ, જો તેઓ ગુમરાહ ન હતા તો તેમના ઉપર અઝાબ કેમ ઊતર્યો ? અને તેમને અચાનક બનેલ ઘટનાઓ એટલા માટે નથી કહી શકાતી કે તે પ્રકૃતિના નિયમ વિરુદ્ધ પણ થયું છે અને અંબિયા અલૈ.ની આગાહીઓ પછી થયું અને મો'મિનો તેનાથી બચેલા રહ્યા, પછી તે અઝાબ હોવામાં શું સંદેહ છે અને કારણ કે રસૂલે કરીમ ﷺને ઉમ્મતના કોઈ વ્યક્તિની ગુમરાહીથી પણ સખત આઘાત લાગતો હતો એટલા માટે આગળ ફરી આપ ﷺને સંબોધન છે કે જે પ્રમાણે અગાઉના અમુક લોકો થયા છે જેમના ઉપર ગુમરાહી કાયમ થઈ ચૂકી હતી એ જ પ્રમાણે આ લોકો પણ છે, બસ) તેમના સત્ય માર્ગ ઉપર આવવાની જો તમને તમન્ના હોય તો (કોઈ નતીજો નથી કારણ કે) અલ્લાહ તઆલા એવા વ્યક્તિને હિદાયત નથી આપતો જેને (તે વ્યક્તિની દુશ્મનાવટના કારણે) ગુમરાહ કરે છે (અલબત્ત, જો તે દુશ્મનાવટને છોડી દે તો હિદાયત આપી દે છે પરંતુ તેઓ આ દુશ્મનાવટને છોડશે નહીં એટલા માટે તેમને હિદાયત પણ મળશે નહીં) અને (ગુમરાહી તથા અઝાબ વિશે જો તેમનું એવું અનુમાન હોય કે અમારા મઅ્બૂદો આવી પરિસ્થિતિમાં પણ અઝાબથી બચાવી લેશે તો તેઓ સમજી લે કે અલ્લાહ તઆલાના મુકાબલામાં) તેમનો કોઈ હિમાયતી નહીં હોય (આટલે સુધી તેમની પ્રથમ શંકાનો જવાબ આપવામાં આવ્યો હતો, આગળ બીજી શંકા વિશે વર્ણન છે) અને આ લોકો ઘણું જોર લગાવીને અલ્લાહની કસમો ખાય છે કે જે મરી જાય છે અલ્લાહ તઆલા તેને ફરીવાર જીવંત કરશે નહીં (અને કયામત આવવાની નથી, તેનો આગળ જવાબ છે કે) કેમ જીવંત નહીં કરે ? (એટલે કે અવશ્ય ફરીવાર સજીવન કરશે) અને આ વાયદાની અલ્લાહ તઆલાએ પોતાના માથે જવાબદારી જરૂરી કરી રાખી છે

પરંતુ ઘણા લોકો (સાચી દલીલ સાબિત થઈ હોવા છતાં તેના ઉપર) વિશ્વાસ ધરાવતા નથી (અને આ ફરીવાર સજીવન કરવું એટલા માટે થશે) જેથી (દીન વિશે) જે વસ્તુમાં આ લોકો (દુનિયામાં) મતભેદ કર્યા કરતા હતા (અને અંબિયા અલૈ.ના ફેંસલાઓથી સીધા માર્ગ ઉપર આવતા ન હતા), તેમની રૂબરૂ તે(ની વાસ્તવિકતા)ને જાહેર કરી આપે અને જેથી (આ વાસ્તવિકતા જાહેર થવાથી) કાફિર લોકો (સંપૂર્ણ) વિશ્વાસ કરી લે કે વાસ્તવમાં તેઓ (પોતે) જ જૂઠા હતા (અને અંબિયા અલૈ. તથા મો'મિનો સાચા હતા બસ, કયામતનું આવવું નિશ્ચિત છે અને અઝાબનો ફેંસલો થવો જરૂરી છે, આ જવાબ થયો لَا يَبْعَثُ اللّٰهُ નો અને કારણ કે આ લોકો કયામતનો એટલા માટે ઈન્કાર કરતા હતા કે મૃત્યુ પછી ફરીવાર સજીવન થવું તેમની કલ્પનામાં કોઈ રીતે સમાતું ન હતું એટલા માટે આગળ પોતાની સંપૂર્ણ કુદરતની સાબિતીઓ દ્વારા તેમની શંકાઓ દૂર કરવા માટે ફરમાવે છે કે અમારી કુદરત એવી મહાન છે કે) અમે જે વસ્તુને (પેદા કરવા) ઈચ્છીએ છીએ (અમને તેમાં કોઈ મહેનત કે સંઘર્ષ કરવો પડતો નથી) બસ તેને અમારું એટલું જ કહેવું (પૂરતું) હોય છે કે તું (પેદા) થઈ જા, બસ તે (ઉપસ્થિત) થઈ જાય છે (તો આટલા મહાન શક્તિશાળી માટે નિર્જીવ વસ્તુઓને ફરીવાર સજીવ કરી દેવું કોઈ મુશ્કેલ કામ નથી, જેમકે પ્રથમ વખતે તેમાં જીવ નાંખી ચૂક્યો છે હવે, આ રીતે બંને શંકાઓનો જવાબ સંપૂર્ણ થઈ ગયો. વલિલ્લાહિલ્ હમ્દ).

મસ્અલા અને બોધપાઠ :

તે કાફિરોને પ્રથમ શંકા તો એ હતી કે અલ્લાહ તઆલાને જો અમારા કુફ્ર–શિર્ક અને નાજાઇઝ કામો પસંદ નથી તો તે અમને તેનાથી બળજબરીથી કેમ રોકી લેતો નથી ?

આ શંકાનું વાહિયાતપણું સ્પષ્ટ હતું એટલા માટે તેનો જવાબ આપવાના બદલે માત્ર રસૂલે કરીમ ﷺને તસલ્લી આપવા ઉપર બસ કરવામાં આવ્યું કે, આવા બેહૂદા સવાલોથી તમે દિલગીર ન થાઓ અને આ શંકાની બેહૂદગીનું કારણ જાહેર છે કે અલ્લાહ તઆલાએ આ દુનિયાની વ્યવસ્થા જ એવા પાયા ઉપર સ્થાપિત કરી છે કે મનુષ્યને બિલકુલ મજબૂર કરવામાં નથી આવ્યો, એક

પ્રકારનો તેને અધિકાર આપવામાં આવ્યો છે, આ જ અધિકારને તે અલ્લાહ તઆલાના આજ્ઞાપાલન માટે ઉપયોગ કરે તો સવાબ અને જો નાફરમાનીમાં ઉપયોગ કરે તો અઝાબનો વાયદો તથા ચેતવણી આપવામાં આવી છે, તેના જ પરિણામે કયામત અને હશ્રની બધી ઘટનાઓ ઉપસ્થિત થવાની છે. જો અલ્લાહ તઆલાએ ઈચ્છ્યું હોત કે બધાને પોતાની આજ્ઞાપાલન ઉપર મજબૂર કરે તો કોઈની શું મજાલ હતી કે તે તેની આજ્ઞાથી બાકાત રહી જાય ? પરંતુ હિકમતના તકાદાના કારણે મજબૂર કરવું યોગ્ય ન હતું, એટલા માટે મનુષ્યને અધિકાર આપવામાં આવ્યો, તો હવે કાફિરોનું એવું કહેવું કે જો અલ્લાહ તઆલાને અમારો તરીકો પસંદ ન હતો તો અમને મજબૂર કેમ નથી કરી આપતો ? આ એક મૂર્ખામીભર્યો અને વાહિયાત સવાલ છે.

શું હિન્દુસ્તાન અને પાકિસ્તાનમાં પણ અલ્લાહના રસૂલ આવ્યા છે ?

لَقَدْ بَعَثْنَا فِىْ كُلِّ اُمَّةٍ رَّسُوْلًا આ આયતથી અને વળી બીજી આયત وَاِنْ مِّنْ اُمَّةٍ اِلَّا خَلَا فِيْهَا نَذِيْرٌ (૩૫:૨૪)થી એ જાણ થાય છે કે હિન્દુસ્તાન અને પાકિસ્તાનના વિસ્તારોમાં પણ અલ્લાહ તઆલાના પયગમ્બરો જરૂર આવ્યા હશે, ભલે તે અહીંયાંના મૂળ નિવાસીઓ હોય અથવા કોઈ બીજા પ્રદેશમાં હોય અને તેમના નાયબો કે પ્રચારકો અહીંયાં પહોંચ્યા હોય અને આયત لِتُنْذِرَ قَوْمًا مَّآ اَتٰهُمْ مِّنْ نَّذِيْرٍ (૨૮:૪૬)નો જે આ ભાવાર્થ છે કે રસૂલે કરીમ ﷺ જે ઉમ્મત તરફ મોકલવામાં આવ્યા છે તેમના તરફ આપ ﷺ પહેલાં કોઈ રસૂલ નથી આવ્યા, તેનો જવાબ એ હોઈ શકે છે કે તેનો ભાવાર્થ દેખીતી રીતે તે અરબ કોમ છે જે આપ ﷺના આગમન અને નુબુવ્વતની સૌ પ્રથમ સંબોધક બની કે તેમનામાં હઝરત ઈસ્માઈલ (અલૈ.) પછી કોઈ રસૂલ આવ્યા ન હતા, એટલા માટે આ લોકોનો લકબ કુર્આને કરીમમાં اُمِّيِّيْنَ (ઉમ્મિય્યિન) રાખવામાં આવ્યો છે, એનાથી એ જરૂરી નથી કે બાકીની દુનિયામાં પણ રસૂલે કરીમ ﷺ અગાઉ કોઈ રસૂલ આવ્યા ન હોય. વલ્લાહુ અઅ્‌લમુ.

આયતો : (સૂરએ નહ્લ : આયત નં. ૪૧-૪૨)

وَالَّذِيْنَ هَاجَرُوْا فِي اللّٰهِ مِنْۢ بَعْدِ مَا ظُلِمُوْا لَنُبَوِّئَنَّهُمْ فِي الدُّنْيَا حَسَنَةً ؕ
وَلَاَجْرُ الْاٰخِرَةِ اَكْبَرُ ۘ لَوْ كَانُوْا يَعْلَمُوْنَ ۟ۙ﴿۴۱﴾ الَّذِيْنَ صَبَرُوْا وَعَلٰى رَبِّهِمْ يَتَوَكَّلُوْنَ ﴿۴۲﴾

તરજુમો :

અને જેમણે અલ્લાહના માટે ઘર છોડયું (હિજરત કરી) એ પછી કે જુલમ ઉઠાવ્યો, અલબત્ત અમે તેમને દુનિયામાં સારું ઠેકાણું આપીશું અને આખિરતનો સવાબ તો ઘણો મોટો છે જો તેમને ખબર હોત ! (૪૧) જેઓ મક્કમ રહ્યા (સબ્ર કરી) અને પોતાના પરવરદિગાર ઉપર ભરોસો કર્યો.(૪૨)

તફસીર :

અને જે લોકોએ અલ્લાહ તઆલા માટે પોતાનું વતન (મક્કા) છોડી દીધું (અને હબશા ચાલ્યા ગયા) એ પછી કે તેમના ઉપર (કાફિરો તરફથી) જુલમ કરવામાં આવ્યો (કારણ કે આવી મજબૂરીમાં વતન છોડવું ઘણું કઠોર લાગતું હોય છે) અમે તેમને દુનિયામાં અવશ્ય સારું ઠેકાણું આપીશું (એટલે કે તેમને મદીના પહોંચાડીને ખૂબ શાંતિ અને રાહત આપીશું એટલા માટે અમુકને મદીનામાં અલ્લાહ તઆલાએ પહોંચાડી દીધા અને તેને જ તેમનું કાયમી વતન ઠરાવી દીધું, એટલા માટે તેને ઠેકાણું કહ્યું અને દરેક રીતે ત્યાં તેમની પ્રગતિ થઈ એટલા માટે حَسَنَة "હસનહ" કહેવામાં આવ્યું અને હબશાનું થોભવું કામચલાઉ હતું એટલા માટે તેને ઠેકાણું ન કહ્યું) અને આખિરતનો સવાબ (તેનાથી) ઘણો મોટો છે (કે ભલાઈ પણ છે અને હંમેશા ટકી રહેનાર પણ છે), કાશ ! (આ આખિરતના સવાબની) તેઓ (બેખબર કાફિરો)ને (પણ) ખબર હોત (અને તેને પ્રાપ્ત કરવાના આકર્ષણથી મુસલમાન બની ગયા હોત) તે (આ વાયદાના એટલા માટે હકદાર છે કે તેઓ) એવા છે જે (અણગમતી ઘટનાઓ ઉપર પણ) સબ્ર કરે છે (એટલા માટે વતન છોડવું ભલે તેમને નાપસંદ છે પરંતુ તેવું કર્યા સિવાય દીન ઉપર અમલ કરી શકતા ન હતા, દીન માટે વતન છોડયું અને સબ્ર કરી) અને (તેઓ દરેક હાલતમાં) પોતાના પરવરદિગાર ઉપર ભરોસો રાખે છે (વતન

છોડતી સમયે આ વિચાર ન કર્યો કે શું ખાઈશું-પીશું ? અને ક્યાંથી ?)

મસ્અલા અને બોધપાઠ :

ખુલાસો અને વિવરણ :

اَلَّذِيْنَ هَاجَرُوْا આ વાક્ય "હિજરત" માટે વાપરવામાં આવ્યું છે, "હિજરત"નો શાબ્દિક અર્થ "વતન છોડવા"નો થાય છે, ઈસ્લામમાં જે અલ્લાહ તઆલા માટે વતનને છોડવામાં આવે તે ઘણી મોટી ઈબાદત અને ઈતાઅત છે, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, اَلْهِجْرَةُ تَهْدِمُ مَا كَانَ قَبْلَهَا એટલે કે, "હિજરત તે બધા જ ગુનાહોને ખતમ કરી નાંખે છે જે માણસે હિજરત પહેલાં કર્યા હોય."

આ હિજરત અમુક પરિસ્થિતિઓમાં ફરજ અને વાજિબ અને અમુક પરિસ્થિતિઓમાં મુસ્તહબ તથા શ્રેષ્ઠ હોય છે, તેના વિગતવાર હુકમો સૂરએ નિસાઅ્ની આયત નં. ૯૭ اَلَمْ تَكُنْ اَرْضُ اللّٰهِ وَاسِعَةً فَتُهَاجِرُوْا فِيْهَا હેઠળ વર્ણન થઈ ચૂક્યા છે, આ સ્થળે ફક્ત તેના વાયદાઓનું વર્ણન છે જે અલ્લાહે મુહાજિરોને કર્યા છે.

શું હિજરત દુનિયામાં પણ છૂટછાટ અને રાહતનું કારણ બને છે ? :

પ્રસ્તુત આયતમાં અમુક શરતો સાથે મુહાજિરો માટે બે મહાન વાયદાઓ કરવામાં આવ્યા છે, પ્રથમ તો દુનિયામાં જ સારું ઠેકાણું આપવાનો અને બીજું આખિરતમાં અગણિત મહાન સવાબ; દુનિયામાં સારું ઠેકાણું એક ખૂબ ઠોસ શબ્દ છે જેમાં સારી રોજી મળે, દુશ્મનો ઉપર વિજય પ્રાપ્ત થાય, સામાન્ય લોકોની જીભ ઉપર તેમના વખાણ અને ભલાઈ હોય, ઈજ્જત અને પ્રતિષ્ઠા મળે જે તેમના કુટુંબો અને અવલાદ સુધી ચાલતી રહે. *(કુર્તુબી)*

આયતનો શા'ને નુઝૂલ (ઊતરવાની પૂર્વભૂમિકા) સૈદ્ધાંતિક રીતે તે પ્રથમ હિજરત છે જે સહાબએ કિરામ (રદિ.)એ હબશા (ઈથોપિયા) તરફ કરી અને એ પણ સંભાવના છે કે હબશાની હિજરત અને ત્યાર પછીની મદીનહ મુનવ્વરહની હિજરત બંને તેમાં સામેલ હોય, આયતમાં અહીંયાં હબશાના મુહાજિરો અથવા મદીનાના મુહાજિરોનું વર્ણન છે, એટલા માટે અમુક વિદ્વાનોએ નિવેદન કર્યું છે કે આ વાયદો તે જ સહાબએ કિરામ (રદિ.) માટે હતો જેમણે હબશા તરફ અથવા

પછી મદીના તરફ હિજરત કરી હતી અને અલ્લાહ તઆલાનો આ વાયદો દુનિયામાં પૂર્ણ થઈ ચૂક્યો જેનો સૌએ નજરે જોઈ લીધો કે અલ્લાહ તઆલાએ મદીના મુનવ્વરહને તેમનું કેવું સારું ઠેકાણું બનાવ્યું, પીડા આપનારા પાડોશીઓના બદલે હમદર્દ અને સહાયક સાથીઓ પાડોશી તરીકે મળ્યા, દુશ્મનો ઉપર વિજય અને સંપૂર્ણ દબદબો પ્રાપ્ત થયો, હિજરતના થોડા જ સમય પસાર થયા પછી તેમના ઉપર રોજીના દરવાજા ખોલી નાંખવામાં આવ્યા, ગરીબો અને મિસ્કીનો માલદાર બની ગયા, દુનિયાના પ્રદેશોનો વિજય પ્રાપ્ત કર્યો, તેમના સદ્‌વર્તાવ અને સારા કર્મોના કારનામા બાકી રહેતી દુનિયા સુધી દરેક પોતીકા કે પારકાની જીભ ઉપર છે, તેમને અને તેમની પેઢીઓને અલ્લાહ તઆલાએ ખૂબ ઈજ્જત અને પ્રતિષ્ઠા બખ્શી. આ તો દુનિયામાં થનારી વસ્તુઓ હતી જે થઈ ચૂકી અને આખિરતનો વાયદો પૂર્ણ થવાનું નિશ્ચિત જ છે પરંતુ તફસીરે બહરે મુહીતમાં અબૂ હય્યાન કહે છે,

وَالَّذِيْنَ هَاجَرُوْاعَامٌّ فِى الْمُهَاجِرِيْنَ كَائِنًامَّا كَانُوْا فَيَشْمَلُ اَوَّلَهُمْ وَاٰخِرَهُمْ

(ص ۴۹۲، ج۵)

"اَلَّذِيْنَનો શબ્દ દુનિયાના બધા જ મુહાજિરો માટે સર્વસામાન્ય છે અને તેમને સામેલ કરે છે કે તે કોઈપણ ખૂણા અથવા કોઈપણ યુગના મુહાજિરો હોય, એટલા માટે આ શબ્દમાં પ્રથમ હિજરત કરનાર લોકો પણ સામેલ છે અને કયામત સુધી અલ્લાહ તઆલા માટે દરેક હિજરત કરનારો તેમાં સામેલ છે."

સામાન્ય તફસીરના સિદ્ધાંતોનો તકાદો પણ એ જ છે કે આયતનો શા'ને નુઝૂલ ભલે કોઈ ખાસ ઘટના કે કોઈ ખાસ વર્ગ હોય પરંતુ શબ્દનું સર્વસામાન્યપણું જોવામાં આવે છે, એટલા માટે આ વાયદામાં સમગ્ર દુનિયાના કોઈપણ યુગના બધા જ મુહાજિરો પણ સામેલ છે અને આ બંને વાયદાઓ સમગ્ર મુહાજિરો માટે પૂર્ણ થવા નિશ્ચિત બાબત છે.

એ જ પ્રમાણેનો એક વાયદો મુહાજિરો સાથે સૂરએ નિસાઅ્ની આ આયત સાથે કરવામાં આવ્યો છે. وَمَنْ يُّهَاجِرْ فِىْ سَبِيْلِ اللّٰهِ يَجِدْ فِى الْاَرْضِ مُرَا غَمًا كَثِيْرًا وَّسَعَةً જેમાં રહેઠાણનું વિસ્તારવું અને રાહત તથા છૂટછાટનો ખાસ

રીતે વાયદો થયો છે પરંતુ કુર્આને કરીમે આ વાયદાઓની સાથે મુહાજિરોની અમુક ખાસિયતો અને હિજરતની અમુક શરતો પણ વર્ણન કરી છે તેથી આ વાયદાઓના હકદાર તે જ મુહાજિરો હોઈ શકે છે જેઓ આવી સિફતો ધરાવતા હોય અને જેમણે જરૂરી શરતો પૂર્ણ કરી હોય.

તેમાં સૌ પ્રથમ શરત તો فِي سَبِيلِ اللهِ ની છે, એટલે કે હિજરત કરવાનો હેતુ માત્ર અલ્લાહ તઆલાને રાજી કરવાનો છે તેમાં દુનિયાના લાભો, વેપાર, નોકરી વગેરે અથવા પોતાના વ્યક્તિગત લાભો નજર સમક્ષ ન હોય, બીજી શરત તે મુહાજિરો મઝલૂમ હોવા જોઈએ તે છે, مِنْ بَعْدِ مَا ظُلِمُوا ત્રીજી ખાસિયત શરૂઆતની તકલીફો અને મુસીબતો ઉપર ધૈર્ય ધરી મક્કમ રહેવાની છે, الَّذِينَ صَبَرُوا અને ચોથું લક્ષણ સમગ્ર ભૌતિક યોજનાઓની કાળજી રાખ્યા પછી પણ ભરોસો માત્ર અલ્લાહ તઆલા ઉપર જ રાખવાનો છે કે વિજય અને મદદ તથા પ્રત્યેક સફળતા ફક્ત તેના જ હાથમાં છે, وَعَلَىٰ رَبِّهِمْ يَتَوَكَّلُونَ

આથી જાણ થઈ કે શરૂઆતની મુશ્કેલીઓ અને તકલીફો તો દરેક કાર્યમાં હોય જ છે, તેને સહન કર્યા પછી પણ જો કોઈ મુહાજિરને સારું ઠેકાણું અને સારી પરિસ્થિતિ ન મળે તો કુર્આનના વાયદામાં શંકા કરવાને બદલે પોતાની નિય્યત અને ઈખ્લાસ તથા નેક અમલોની સમીક્ષા કરે જેના ઉપર આ વાયદો કરવામાં આવ્યો છે તો તેને જાણ થશે કે વાંક તેનો પોતાનો જ હતો, ક્યાંક નિય્યતમાં ખોટ હોય છે તો ક્યાંક ધીરજ અને મક્કમતા તથા અલ્લાહ ઉપરના ભરોસામાં ઉણપ હોય છે.

વતન છોડવાના અને હિજરતના વિવિધ પ્રકારો અને તેના હુકમો :

ઈમામ કુર્તુબીએ આ સ્થળે હિજરત અને વતન છોડવાના પ્રકારો અને તેના અમુક હુકમો ઉપર એક લાભદાયક વિષય લખ્યો છે, ફાયદાઓની પૂર્ણતા માટે અત્રે તેને નકલ કરી રહ્યો છું, ઈમામ કુર્તુબીએ ઈબ્ને અરબીના હવાલાથી લખ્યું છે કે વતનથી નીકળવું અને પૃથ્વી ઉપર સફર કરવો ક્યારેક તો કોઈ વસ્તુથી બચવા અને દૂર ભાગવા માટે હોય છે અને ક્યારેક કોઈ વસ્તુને મેળવવા અને તેના સંશોધન માટે હોય છે, પ્રથમ પ્રકારની મુસાફરી જે કોઈ વસ્તુથી ભાગવા અને બચવા માટે છે તેને હિજરત કહેવામાં આવે છે અને તેના છ પ્રકારો છે.

(૧) દારુલ કુફ્ર (કુફ્રના પ્રદેશ)માંથી દારુલ ઈસ્લામમાં જવું : આ પ્રકારની મુસાફરી રિસાલતના સમયમાં પણ ફરજ હતી અને કયામત સુધી પોતાની ક્ષમતા અને સામર્થ્યની શરત સાથે ફરજ છે. (જ્યારે દારુલ કુફ્રમાં પોતાના પ્રાણ, માલ તથા ઈજ્જત-આબરૂની સલામતી ન હોય અથવા દીની ફરજને અદા કરવી શક્ય ન હોય તે છતાં દારુલ હરબમાં સ્થાયી રહ્યો તો ગુનેહગાર થશે).

(૨) દારુલ બિદ્અતમાંથી નીકળી જવું : ઈબ્ને કાસિમ કહે છે કે મેં ઈમામ માલિક (રહ.)ને કહેતા સાંભળ્યા છે કે, કોઈ મુસલમાન માટે એવા સ્થળે સ્થાયી થવું હલાલ નથી જેમાં પુરોગામી બુઝૂર્ગોની નીંદા અને અત્યાચાર કરવામાં આવતો હોય, ઈબ્ને અરબીનું આ નિવેદન નકલ કરીને લખે છે કે એ બિલકુલ સાચું છે, તમે કોઈ હરામ વસ્તુને નિર્મૂળ નથી કરી શકતા તો તમારા ઉપર જરૂરી છે કે પોતે તમે ત્યાંથી દૂર થઈ જાઓ એટલે કે અલગ થઈ જાઓ, જેમકે ઈરશાદે રબ્બાની છે وَإِذَا رَأَيْتَ الَّذِينَ يَخُوضُونَ فِي آيَاتِنَا فَأَعْرِضْ عَنْهُمْ

(૩) એવી હિજરત કે જે સ્થળે હરામનું વર્ચસ્વ હોય ત્યાંથી નીકળી જાઓ : એવા સ્થળેથી નીકળી જવું જોઈએ કારણ કે હલાલની તલબ દરેક મુસલમાન ઉપર ફરજ છે.

(૪) શારીરિક પીડાથી બચવા માટે હિજરત કરવી : આ હિજરત જાઈઝ અને અલ્લાહ તઆલા તરફથી ઈનામ છે કે મનુષ્ય જે સ્થળે દુશ્મનોની શારીરિક પીડાનો ભય અનુભવે ત્યાંથી નીકળી જાય જેથી આ ભયથી છુટકારો મળે, આ ચોથા પ્રકારની હિજરત સૌ પ્રથમ હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ કરી, બલકે કોમની પીડાઓથી છુટકારો પ્રાપ્ત કરવા માટે ઈરાકથી સિરીયા તરફ રવાના થયા અને ફરમાવ્યું, فَخَرَجَ مِنْهَا خَائِفًا يَتَرَقَّبُ (૨૮:૨૧)

(૫) આબોહવાની ખરાબી અને બીમારીઓના ભયથી બચવા માટે હિજરત કરવી : શરીઅતે ઈસ્લામે તેની પણ પરવાનગી આપી છે, જેમકે રસૂલે કરીમ ﷺએ અમુક ગોવાળિયાઓને મદીનાથી બહાર જંગલમાં રહેવાનો ઈરશાદ ફરમાવ્યો, કારણ કે શહેરની આબોહવા તેમને માફક આવતી ન હતી, એ જ પ્રમાણે હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)એ હઝરત અબૂ ઉબયદહ (રદિ.)ને હુકમ મોકલ્યો હતો કે પાટનગરને જોર્ડનથી બદલીને કોઈ ઊંચા સ્થળે લઈ જવામાં આવે જેની આબોહવા ખરાબ ન હોય.

પરંતુ આ તે સમયે છે કે જ્યારે કોઈ સ્થળે પ્લેગ અથવા કોઈ મહામારી (વ્યાપક બીમારી) ફેલાયેલી ન હોય અને જે સ્થળે કોઈ મહામારી ફેલાઈ જાય તો તેના માટે હુકમ એ છે કે જે લોકો તે સ્થળે પ્રથમથી હાજર છે તેઓ તો ત્યાંથી ભાગશે નહીં અને જેઓ બહાર છે તેઓ ત્યાંથી અંદર નહીં જાય, જેમકે હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)એ સિરીયાની મુસાફરીના સમયે કર્યું હતું કે સિરીયાની સરહદ ઉપર પહોંચીને તેમને જાણ થઈ કે સિરીયામાં પ્લેગ ફેલાયેલો છે તો તેઓએ તે પ્રદેશમાં દાખલ થવામાં ખચકાટ અનુભવ્યો, સહાબએ કિરામ (રદિ.)ના સતત સલાહ-મશ્વરા પછી અંતે જ્યારે હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ (રદિ.)એ તેમને આ હદીષ સંભળાવી કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું છે,

اِذَا وَقَعَ بِاَرْضٍ وَاَنْتُمْ بِهَا فَلَا تَخْرُجُوْا مِنْهَا وَاِذَا وَقَعَ بِاَرْضٍ وَلَسْتُمْ بِهَا فَلَا تَهْبِطُوْا عَلَيْهَا. (رَوَاهُ التِّرْمِذِىُّ وَقَالَ حَدِيْثٌ حَسَنٌ صَحِيْحٌ)

"જ્યારે કોઈ પ્રદેશમાં પ્લેગ ફેલાઈ જાય અને તમે ત્યાં હાજર હોય તો હવે ત્યાંથી ન નીકળો અને જ્યારે તમે પ્રથમથી જ ત્યાં મોજૂદ નથી ત્યાં પ્લેગ ફેલાવાની ખબર સાંભળો તો તેમાં પ્રવેશ ન કરો."

તે સમયે હઝરત ફારૂક (રદિ.)એ હદીષના હુકમનું અનુસરણ કરીને સમગ્ર કાફલાને લઈને પાછા વળવાનું એ'લાન કર્યું.

અમુક ઉલમાએ ફરમાવ્યું છે કે હદીષ શરીફના આ હુકમમાં એક ખાસ હિકમત એ પણ છે કે જે લોકો એવા સ્થળે સ્થાયી છે જ્યાં કોઈ રોગ ફેલાઈ ચૂક્યો છે ત્યાંના લોકોમાં રોગના જીવાણુઓ હોવાની શક્યતા વધારે છે, તેઓ જો ત્યાંથી ભાગશે તો જેમના શરીરમાં આ જીવાણુઓ બીમારી ફેલાવી ચૂક્યા છે તો તેઓ તો બચશે નહીં અને જ્યાં તેઓ જશે ત્યાંના લોકોને પણ તેનાથી પ્રભાવિત કરશે એટલા માટે આ હિકમતપૂર્ણ ફેંસલો ફરમાવ્યો.

(૬) પોતાના માલની સુરક્ષા માટે હિજરત : જ્યારે કોઈ સ્થળે કોઈ વ્યક્તિ ચોર-ડાકૂઓનો ભય અનુભવે તો ત્યાંથી અન્ય સ્થળે ચાલ્યા જાય, શરીઅતે ઈસ્લામે એની પણ પરવાનગી આપી છે, કારણ કે મુસલમાનનો માલ પણ એવો ઈજ્જતવાળો અને સન્માનનીય છે જેવો સન્માનનીય તેનો જીવ છે.

આ છ પ્રકારો તો વતન છોડવાના એવા પ્રકારો છે જે કોઈ વસ્તુથી દૂર ભાગવા અને બચવા માટે કરવામાં આવે અને જે મુસાફરી કોઈ વસ્તુને પ્રાપ્ત કરવા માટે અથવા તેની શોધખોળ માટે કરવામાં આવે, તેના નવ પ્રકારો છે.

(૧) બોધપાઠ ગ્રહણ કરવા માટેની મુસાફરી : એટલે કે દુનિયાનો પ્રવાસ અને મુસાફરી એટલા માટે કરવામાં આવે કે અલ્લાહ તઆલાની મખ્લૂક અને તેની સંપૂર્ણ કુદરત તથા અગાઉ થઈ ચૂકેલી કોમોને પ્રત્યક્ષ નજરે નિહાળીને બોધપાઠ ગ્રહણ કરે. કુર્આને કરીમમાં આવી મુસાફરીને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે, أَوَلَمْ يَسِيرُوا فِي الْأَرْضِ فَيَنظُرُوا كَيْفَ كَانَ عَاقِبَةُ الَّذِينَ مِن قَبْلِهِمْ હઝરત ઝુલ્કરનૈનના સફરને પણ અમુક વિદ્વાનોએ આ જ પ્રકારની મુસાફરી ઠરાવી છે અને અમુકે ફરમાવ્યું છે કે તેમની મુસાફરી પૃથ્વી ઉપર અલ્લાહનો કાયદો પ્રસ્થાપિત કરવા માટે હતી.

(૨) હજ્જ માટે મુસાફરી કરવી : તેનું અમુક શરતોની સાથે ફરજ હોવું ઈસ્લામી શરીઅતમાં સૌને ખબર છે.

(૩) જિહાદ માટે મુસાફરી કરવી : તે પણ સમય અનુરૂપ ફરજ, વાજિબ અથવા મુસ્તહબ હોય છે જેની મુસલમાનોને ખબર છે.

(૪) રોજીની શોધખોળ માટે મુસાફરી કરવી : જ્યારે કોઈ વ્યક્તિ પોતાના વતનમાં આવશ્યકતા અનુસાર રોજી પ્રાપ્ત ન કરી શકે તો તેના માટે જરૂરી થઈ જાય છે કે ત્યાંથી મુસાફરી કરીને અન્ય સ્થળે રોજી-રોજગારની શોધખોળ કરે.

(૫) વેપાર અર્થે મુસાફરી કરવી : એટલે કે આવશ્યકતા પ્રમાણે વધારે માલ પ્રાપ્ત કરવા માટે મુસાફરી કરવી એ પણ શરીઅતમાં જાઈઝ છે, અલ્લાહનું ફરમાન છે, لَيْسَ عَلَيْكُمْ جُنَاحٌ أَن تَبْتَغُوا فَضْلًا مِّن رَّبِّكُمْ અહીંયાં اِبْتِغَاءُ (ઈબ્તિગાએ ફઝ્લ)નો ભાવાર્થ "વેપાર" છે, અલ્લાહ તઆલાએ હજ્જની મુસાફરીમાં પણ વેપારની પરવાનગી આપી દીધી છે ત્યારે વેપાર માટે મુસાફરી કરવી અગ્ર સ્થાને જાઈઝ છે.

(૬) જ્ઞાન પ્રાપ્ત કરવા માટેની મુસાફરી : તેમાં આવશ્યકતા પ્રમાણે દીનનું જ્ઞાન પ્રાપ્ત કરવું ફરજે ઐન (દરેકના માટે ફરજ) અને તેનાથી વધારે અમુક જરૂરી ઈલ્મ પ્રાપ્ત કરવું ફરજે કિફાયહ હોવું પ્રચલિત બાબત છે.

(૭) કોઈ સ્થળને પવિત્ર અને બરકતવાળું સમજીને તેના તરફ મુસાફરી કરવી: આવી મુસાફરી ત્રણ મસ્જિદો સિવાય યોગ્ય નથી; એક, મસ્જિદે હરામ (મક્કએ-મુકર્રમહ), બીજી મસ્જિદે નબવી ﷺ અને ત્રીજી મસ્જિદે અક્શા (બયતુલ મુકદ્દસ). [આ કુર્તુબી અને ઈબ્ને અરબીનો અભિપ્રાય છે, બીજા પુરોગામી બુઝૂર્ગોએ સામાન્ય બરકતવાળા સ્થળો તરફ મુસાફરી કરવાને પણ જાઈઝ ઠરાવ્યું છે. -મુહમ્મદ શફીઅ્ ઉસ્માની સા. (રહ.)]

(૮) ઈસ્લામી સરહદોની સુરક્ષા માટે મુસાફરી કરવી : જેને "રબાત" કહેવામાં આવે છે, ઘણી બધી હદીષોમાં તેની ઘણી ફઝીલત આવેલી છે.

(૯) સગાં-વહાલાંઓ અને દોસ્તોની મુલાકાત માટે મુસાફરી કરવી : હદીષમાં તેને પણ સવાબ અને સારા વળતરનું કારણ હોવાનું ઠરાવ્યું છે, જેમકે સહીહ મુસ્લિમની હદીષમાં સગાં-વહાલાંઓ અને પ્રિયજનની મુલાકાત માટે મુસાફરી કરનાર માટે ફરિશ્તાઓની દુઆનું વર્ણન કરવામાં આવ્યું છે. (આ ત્યારે છે જ્યારે કે તેમની મુલાકાતથી અલ્લાહને રાજી કરવાનો હેતુ હોય કોઈ ભૌતિક સ્વાર્થ ન હોય. -વલ્લાહુ અઅ્લમુ) *(કુર્તુબી, પેજ : ૩૪૯ થી ૩૫૧, જિલ્દ : ૫, સૂરએ નિસાઅ્)*

આયતો : (સૂરએ નહ્લ : આયત નં. ૪૩-૪૪)

وَمَآ اَرْسَلْنَا مِنْ قَبْلِكَ اِلَّا رِجَالًا نُّوْحِيْٓ اِلَيْهِمْ فَسْـَٔلُوْٓا اَهْلَ الذِّكْرِ اِنْ كُنْتُمْ
لَا تَعْلَمُوْنَ ﴿٤٣﴾ بِالْبَيِّنٰتِ وَالزُّبُرِ ۗ وَاَنْزَلْنَآ اِلَيْكَ الذِّكْرَ لِتُبَيِّنَ لِلنَّاسِ
مَا نُزِّلَ اِلَيْهِمْ وَلَعَلَّهُمْ يَتَفَكَّرُوْنَ ﴿٤٤﴾

તરજુમો :

અને તમારાથી અગાઉ પણ અમે આ જ પુરુષ મોકલ્યા હતા કે અમે તેમના તરફ હુકમ મોકલતા હતા, બસ યાદ રાખનારાઓથી પૂછો જો તમને જાણકારી નથી. (૪૩) તેમને નિશાનીઓ આપીને મોકલ્યા હતા અને કિતાબો અને અમે તમારા ઉપર આ સ્મરણ (કુર્આન) ઉતાર્યું કે લોકોની સામે તે વસ્તુ ખોલી આપો જે તેમના માટે ઊતરી જેથી તેઓ ઊંડો વિચાર કરે. (૪૪)

તફસીર :

અને (આ ઈન્કારી લોકો જે આપ ﷺની રિસાલત અને નુબુવ્વતનો એ બીનાએ ઈન્કાર કરી રહ્યા છે કે તમે માનવજાતમાંથી છો અને તેમના સમીપ કોઈ નબી અથવા રસૂલ કોઈ માનવજાતમાંથી ન હોવો જોઈએ, આ તેમની અજ્ઞાનતાપૂર્ણ માન્યતા છે કારણ કે) અમે તમારા પહેલાં પણ ફક્ત પુરુષોને જ રસૂલો બનાવીને મોઅ્‌જિઝાઓ અને કિતાબો આપીને મોકલ્યા છે કે તેમના ઉપર વહી મોકલ્યા કરતા હતા, (હે મક્કાના ઈન્કારીઓ !) જો તમને જ્ઞાન નથી તો અન્ય જ્ઞાનીઓને પૂછી જુઓ (જેમને અગાઉના અંબિયા અલૈ.ની હાલતનું જ્ઞાન હોય અને તે તમારી માન્યતા પ્રમાણે પણ મુસલમાનોની તરફદારી ન કરે અને એ જ પ્રમાણે તમને પણ રસૂલ બનાવીને) તમારા ઉપર પણ આ કુર્આન ઉતાર્યું છે જેથી જે હિદાયત (તમારા માધ્યમથી) લોકોની પાસે મોકલવામાં આવી છે તે હિદાયતો તમે તેમના ઉપર સ્પષ્ટ કરીને સમજાવી આપો અને જેથી તેઓ તેનું ચિંતન-મનન કર્યા કરે.

મસ્અલા અને બોધપાઠ :

રૂહુલ મઆનીમાં છે કે આ આયત નાઝિલ થયા પછી મુશ્રિકોએ પોતાના ખેપીયાઓને મદીના તય્યિબહ યહૂદીઓ પાસે પરિસ્થિતિથી વાકેફ થવા માટે મોકલ્યા કે શું એ વાત ખરી છે કે અગાઉ પણ બધા અંબિયા (અલૈ.) મનુષ્ય અને માનવજાતમાંથી જ થતા આવ્યા છે ?

જો કે શબ્દ اَهْلُ الذِّكْرِ (અહ્‌લુઝ્ઝિક્રિ)માં અહલે કિતાબ અને મો'મિનો બધા જ સામેલ હતા પરંતુ એ દેખીતું છે કે મુશ્રિકોને સંતોષ ગેરમુસ્લિમોના નિવેદનથી જ થઈ શકતો હતો અને પોતે રસૂલે કરીમ ﷺની વાત ઉપર તેમને સંતોષ ન હતો તો બીજા મુસલમાનોની વાત તો તેઓ કઈ રીતે માની શકવાના હતા ?

اَهْلُ الذِّكْرِ (અહ્‌લુઝ્ઝિક્રિ) શબ્દ ذِكْر (ઝિક્ર)નો અમુક અર્થો માટે ઉપયોગ થાય છે, તેનો એક અર્થ 'જ્ઞાન'નો પણ થાય છે. આ જ સંદર્ભે કુર્આનમાં તવરાતને પણ 'ઝિક્ર' કહેવામાં આવી છે. وَلَقَدْ كَتَبْنَا فِى الزَّبُوْرِ مِنْ بَعْدِ الذِّكْرِ (૨૧:૧૦૫) અને કુર્આને કરીમને પણ ''ઝિક્ર''ના શબ્દથી ઓળખાવવામાં આવ્યું

છે જેમકે ત્યાર પછીની આયતમાં اَنْـزَلْنَـا اِلَيْكَ الذِّكْـرَ (૨૧:૧૦૬)માં કુર્આને કરીમ ભાવાર્થ તરીકે છે, એટલા માટે "અહ્લુઝ્ઝિક્રિ"ના શબ્દનો અર્થ અત્રે "જ્ઞાનીઓ" થાય છે અને અત્રે તે જ્ઞાનીઓ કયા લોકો છે ? તેમાં દેખીતું એ છે કે અહલે કિતાબના વિદ્વાનો "યહૂદ અને નસારા" ભાવાર્થ તરીકે છે. આ નિવેદન હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.), હસન, સુદી (રહ.) વગેરેનું છે અને અમુક લોકોએ આ સ્થળે પણ "ઝિક્ર" કુર્આનના ભાવાર્થ તરીકે લઈને "ઝિક્ર"ની તફસીર "કુર્આનવાળાઓ" કરી છે, તેનાથી વધારે સ્પષ્ટ વાત રમાની, જઝ્ઝાજ, ઝહરીની છે, તેઓ કહે છે કે, اَلْـمُـرَادُ بِـاَهْلِ الذِّكْرِ عُلَمَاءُ اَخْبَارِ الْاُمَمِ السَّالِفَةِ كَائِنًامَّنْ كَانَ فَـالـذِّكْـرُ بِـمَـعْـنَـى الْـحِفْظِ كَانَّهٗ قِيْلَ اِسْأَلُوا الْمُطَّلِعِيْنَ عَلٰى اَخْبَارِ الْاُمَمِ يُعَلِّمُوْكُمْ بِـــــذٰلِكَ આ સંશોધનની બીનાએ અહલે કિતાબ પણ તેમાં સામેલ છે અને કુર્આનવાળાઓ પણ.

بَيِّـنَـاتٌ (બય્યિનાત)નો અર્થ ઘણો પ્રચલિત છે અને તેનો ભાવાર્થ અત્રે "મોઅ્જિઝાઓ" છે, زُبُـرٌ (ઝુબુર) વાસ્તવમાં زَبْـرَةٌ (ઝબરહ)નું બહુવચન છે જે "લોઢાના મોટા ટૂકડાઓ"ને કહેવામાં આવે છે. اٰتُـوْنِـىْ زُبَـرَالْـحَدِيْدِ (૧૮:૯૬) ટૂકડાઓને જોડીને લખવાને (ઝબરહ) કહેવામાં આવે છે અને આવી લખેલી કિતાબને "ઝુબુર" અથવા "ઝબૂર" કહેવામાં આવે છે, અત્રે તેનો ભાવાર્થ અલ્લાહની કિતાબ છે જેમાં તવરાત, ઈન્જીલ, ઝબૂર અને કુર્આન સામેલ છે.

મુજ્તહિદીન ઇમામોની તકલીદ ગેરમુજ્તહિદ ઉપર વાજિબ છે :

પ્રસ્તુત આયતનું આ વાકય فَسْـئَـلُوْٓا اَهْـلَ الـذِّكْـرِاِنْ كُنْتُمْ لَا تَعْلَمُوْنَ આ સ્થળે જો કે એક ખાસ વિષય હેઠળ આવ્યું છે પરંતુ તેના શબ્દો સર્વસામાન્ય છે જે સમગ્ર વ્યવહારને સ્પર્શે છે, એટલા માટે કુર્આનની શૈલીના આધારે વાસ્તવમાં આ એક મહત્ત્વનો નિયમ છે જે તાર્કિક અને બૌદ્ધિક રીતે પણ તથા શરઈ રૂએ પણ અગત્યનો છે કે, જે લોકો હુકમો નથી જાણતા તેઓ જાણકારોને પૂછીને અમલ કરે અને ન જાણનારાઓ ઉપર ફરજ છે કે જાણકારોના બતાવેલા ઉપર અમલ કરે તેનું નામ જ "તકલીદ" છે. કુર્આનનો આ સ્પષ્ટ હુકમ પણ છે અને બૌદ્ધિક કે તાર્કિક રીતે પણ તેના સિવાય અમલ અથવા આચરણને પ્રચલિત કરવાનું કોઈ અન્ય સ્વરૂપ હોઈ શકતું નથી, ઉમ્મતના સહાબા (રદિ.)ના સમયકાળથી લઈને

આજદિન સુધી કોઈ પ્રકારના વિરોધ વિના આ જ નિયમ ઉપર અમલ થતો આવ્યો છે, જે તકલીદના ઈન્કારીઓ છે તે પણ આવી તકલીદનો ઈન્કાર નથી કરતા કે જે લોકો આલિમ નથી તેઓ ઉલમા પાસેથી ફત્વો લઈને અમલ કરે છે અને દેખીતું છે કે નાવાકેફ સામાન્ય જનતાને જો ઉલમા કુર્આન અને હદીષની દલીલો બતાવી પણ આપે તો તેઓ તે દલીલોને પણ તે જ ઉલમાના ભરોસા ઉપર સ્વીકાર કરશે, તેમનામાં પોતે દલીલો સમજવાની અને પારખવાની ક્ષમતા છે જ નથી અને તકલીદ તેનું જ નામ છે કે ન જાણનારો કોઈ જાણકાર ઉપર ભરોસો કરી કોઈ હુકમને શરીઅતનો હુકમ ઠરાવીને અમલ કરે, આ તકલીદ તે છે જેના જાઇઝ હોવા બલકે વાજિબ હોવામાં કોઈ મતભેદની સંભાવના નથી, અલબત્ત તે ઉલમા જેઓ પોતે કુર્આન અને હદીષને અથવા ઈજ્માઅ્ને સમજવાની ક્ષમતા ધરાવે છે તેમને એવા હુકમોમાં કે જે કુર્આન અને હદીષમાં સ્પષ્ટ અને ખુલ્લમ-ખુલ્લા વર્ણન થયા છે તથા સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.) વચ્ચે તે મસ્અલાઓમાં કોઈ મતભેદ પણ નથી એવા હુકમોમાં તે ઉલમા સીધે-સીધા કુર્આન અને હદીષ તથા ઈજ્માઅ્ ઉપર અમલ કરે, તેમાં ઉલમાને કોઈ મુજ્તહિદની તકલીદની આવશ્યકતા નથી પરંતુ તે હુકમો અને મસ્અલાઓ જે કુર્આન અને સુન્નતમાં ખુલ્લમ-ખુલ્લા વર્ણન નથી થયા અથવા જેમાં કુર્આનની આયતો અને હદીષની રિવાયતોમાં દેખીતો કોઈ વિરોધાભાસ નજરે પડે છે તે મસ્અલાઓ અને હુકમો ઈજ્તેહાદ માંગી લે છે, તેને પરિભાષામાં અને વ્યાખ્યામાં "મુજ્તહિદ ફીહિ મસ્અલાઓ" કહેવામાં આવે છે, તેનો હુકમ એ છે કે જે તા'લીમને ઈજ્તેહાદનો દરજ્જો પ્રાપ્ત નથી થયો તેને પણ આ મસ્અલાઓમાં કોઈ મુજ્તહિદ ઈમામની તકલીદ જરૂરી છે, ફક્ત પોતાના વ્યક્તિગત અભિપ્રાયના ભરોસા ઉપર એક આયત અથવા રિવાયતને અગ્રિમતા આપીને તેને અપનાવવું તથા બીજી આયત અથવા રિવાયતને ઓછા વજનવાળી ઠરાવી દેવું તેના માટે જાઇઝ નથી.

એ જ પ્રમાણે જે હુકમો કુર્આન અને સુન્નતમાં ખુલ્લમ-ખુલ્લા વર્ણન નથી થયા તેને કુર્આન અને સુન્નતના વર્ણન કરેલ સિદ્ધાંતો પ્રમાણે પ્રતિપાદિત કરવું અને તેનો શરીઅતનો હુકમ નક્કી કરવો એ પણ તે જ ઉમ્મતના મુજ્તહિદોનું કાર્ય છે જેમને અરબી ભાષા તથા અરબી શબ્દકોષ અને રૂઢિપ્રયોગો તથા તેના

ઉપયોગનું વળી કુર્આને સુન્નતના બધા જ જ્ઞાનનું સારું એવું જ્ઞાન પ્રાપ્ત હોય તથા તે પરહેઝગારી અને અમલના ઉચ્ચ સ્થાને બિરાજમાન હોય, જેમકે ઈમામે આ'ઝમ અબૂ હનીફ઼ા (રહ.), ઈમામ શાફ઼ઈ (રહ.), ઈમામ માલિક (રહ.), ઈમામ અહમદ બિન હમ્બલ (રહ.) અથવા અવઝાઈ, ફ઼કીહ અબૂલ્લઈશ વગેરે જેમનામાં અલ્લાહ તઆલાની મહોબ્બત નુબુવ્વતના સમયકાળ અને સહાબાઓ (રદિ.) તથા તાબિઈન (રહ.)ના સંગાથની બરકતથી શરીઅતના સિદ્ધાંતો તથા તેના હેતુઓ સમજવાની ખાસ ભાવના તથા નુસૂસવાળા હુકમો દ્વારા ગેરનુસૂસ હુકમોને કયાસ કરવાની તથા તેનાથી હુકમ પ્રતિપાદિત કરવાની ખાસ રીત અર્પણ થઈ હતી. આવા મુજ્તહિદ ફ઼ીહિ મસ્અલાઓમાં સામાન્ય મુસલમાનોએ પણ મુજ્હિદ ઈમામોમાંથી કોઈની તકલીદ કરવી જરૂરી છે, અઈમ્મએ મુજ્તહિદીન વિરુદ્ધ કોઈ નવો અભિપ્રાય અપનાવવો ભૂલ છે.

એ જ કારણ છે કે ઉમ્મતના પુરોગામી ઉલમા, મુહદ્દીસો અને ફ઼કીહો, ઈમામ ગઝાલી, ઈમામ રાઝી, તિરમિઝી, તહાવી, મઝની, ઈબ્ને હમામ, ઈબ્ને કદામહ, રાસી (રહ.) જેવા લાખો પુરોગામી વિદ્વાનો તેમના અરબી જ્ઞાન તથા શરીઅતના વિદ્વતાપૂર્ણ સ્થાનમાં નિષ્ણાતનો દરજ્જો ધરાવતા હતા તે છતાં આવા ઈજ્તિહાદી મસ્અલાઓમાં અઈમ્મએ મુજ્તહિદીનની તકલીદના જ પાબંદ રહ્યા છે, બધા મુજ્તહિદીન વિરુદ્ધ પોતાના અભિપ્રાયથી કોઈ ફ઼ત્વો આપવો જાઇઝ નથી સમજ્યું.

અલબત્ત, જ્ઞાનીઓ અને પરહેઝગાર લોકોને તે ઉચ્ચ કક્ષાનું સ્થાન પ્રાપ્ત હતું કે મુજ્તહિદોના નિવેદનો તથા અભિપ્રાયોને કુર્આન અને સુન્નતની દલીલોથી પારખતા અને કસોટી કરતા હતા, ત્યારબાદ અઈમ્મએ મુજ્તહિદીનમાંથી જે ઈમામના નિવેદનને તેઓ કિતાબ અને સુન્નતની સાથે વધારે નિકટ જોતા તેને અપનાવી લેતા હતા પરંતુ અઈમ્મએ મુજ્તહિદીનના મસ્લકથી બિલકુલ બહાર નીકળી જવું અને તે સૌના વિરુદ્ધ કોઈ અભિપ્રાય સ્થાપિત કરવો કદાપિ જાઇઝ સમજતા ન હતા, તકલીદની મૂળ હકીકત આટલી જ છે.

ત્યારબાદ દિન-બ-દિન જ્ઞાનનું સ્તર ઘટતું ગયું તથા પરહેઝગારી અને અલ્લાહના ડરના બદલે સ્વાર્થ તથા મનેચ્છાઓ છવાવા લાગી, આવી હાલતમાં

જો આ સ્વતંત્રતા આપવામાં આવે કે જે મસ્અલામાં ઇચ્છે કોઈ એક ઇમામનું નિવેદન અપનાવી લે અને જેમાં ઇચ્છે કોઈ બીજાના નિવેદનને લઈ લે તો તેનાથી અવશ્ય એવી અસર થઈ હોત કે લોકો શરીઅતના અનુસરણનું નામ લઈને પોતાની મનેચ્છાઓની ગુલામીમાં સપડાઈ ગયા હોત કે જે ઇમામના નિવેદનમાં પોતાનો અંગત સ્વાર્થ પૂરો થતો નજરે પડે તેને અપનાવી લે અને એ દેખીતું છે કે આવું કરવું કોઈપણ રીતે દીન અને શરીઅતનું અનુસરણ નથી, બલકે પોતાનો સ્વાર્થ અને મનેચ્છાઓનું અનુસરણ છે, અલ્લામહ શાતબીએ "મુવાફિકાત"માં એક ઘણો લાંબો ખુલાસો લખ્યો છે અને ઇબ્ને તયમિય્યાએ પણ સામાન્ય તકલીદના વિરોધ છતાં આ પ્રકારના અનુસરણને પોતાના ફતાવામાં ઉમ્મતના ઇજ્‌માઅ્‌થી હરામ કહ્યું છે, એટલા માટે પાછલા ફુકહાએ એવું જરૂરી સમજ્યું કે અમલ કરનારાઓએ કોઈ એક જ મુજ્‌તહિદ ઇમામની તકલીદની પાબંદી કરવી જોઈએ, અહીંયાંથી વ્યક્તિગત તકલીદની શરૂઆત થઈ જે વાસ્તવમાં એક વ્યવસ્થા જાળવવા માટેનો હુકમ છે, જેનાથી વાસ્તવમાં દીનની વ્યવસ્થા કાયમ રહે છે અને લોકો દીનની આડમાં પોતાના નફ્સ અને મહેચ્છાના અનુસરણનો શિકાર બનતા નથી, તેનું ઉદાહરણ બિલકુલ તે છે જે હઝરત ઉસ્માનગની (રદિ.)એ સહાબા (રદિ.)ના ઇજ્‌માથી કુર્આનના "સબ્અતિ અહ્‌રુફ" (એટલે કે Seven Versions-સાત લુગતો)માંથી ફક્ત એકને નક્કી કર્યું, જો કે સાતેય લુગતો કુર્આનની જ લુગતો હતી. હઝરત જિબ્રઈલ અમીન (અલૈ.) દ્વારા રસૂલે કરીમ ﷺની ઇચ્છા પ્રમાણે નાઝિલ થઈ પરંતુ જ્યારે કુર્આન બિનઆરબોમાં ફેલાયું અને વિવિધ લુગતોમાં પઢવાથી કુર્આનની તહરીફ (સુધારા-વધારા)નો ભય અનુભવાવા લાગ્યો તો સહાબા (રદિ.)ના ઇજ્‌માથી મુસલમાનો ઉપર જરૂરી ઠરાવી દીધું કે ફક્ત એક જ લુગતમાં કુર્આને કરીમ લખવામાં અને પઢવામાં આવે, હઝરત ઉસ્માનગની (રદિ.)એ આ જ એક લુગત પ્રમાણે બધી જ હસ્તપ્રતો લખાવીને વિશ્વમાં ચારે તરફ મોકલી આપી અને આજદિન સુધી સમગ્ર ઉમ્મત તેની જ પાબંદ છે, તેનો એ અર્થ નથી કે બીજી લુગતો સાચી ન હતી બલકે દીનની વ્યવસ્થા અને કુર્આનની સુરક્ષા માટે ફક્ત એક જ લુગત અપનાવી લેવામાં આવી, એ જ પ્રમાણે અઇમ્મએ મુજ્‌તહિદીન બધા સાચા છે, તેમનામાંથી કોઈ એકને તકલીદ માટે નક્કી કરવાનો એ અર્થ કદાપિ નથી કે જે નક્કી કરેલ

ઈમામની તકલીદ કોઈએ અપનાવી છે તેના નજીક બીજા ઈમામો તકલીદ કરવાપાત્ર નથી, બલકે પોતાની સહૂલત અને સરળતા જે ઈમામની તકલીદમાં જોઈ તેને અપનાવી લીધી અને બીજા ઈમામોને પણ એ જ પ્રમાણે સન્માનપાત્ર સમજ્યા.

આ બિલકુલ એવું જ છે જેમકે બીમાર વ્યક્તિ શહેરના હકીમ અથવા ડૉક્ટરમાંથી કોઈ એકને જ પોતાના ઈલાજ માટે નક્કી કરવો જરૂરી સમજે છે, કારણ કે બીમાર પોતાના અભિપ્રાયથી ક્યારેક કોઈ ડૉક્ટરને પૂછીને દવાનો ઉપયોગ કરે, ક્યારેક કોઈ બીજાને પૂછીને દવા વાપરે તો આ તેની હલાકતનું કારણ બને છે, જ્યારે તે કોઈ ડૉક્ટરને પોતાના ઈલાજ માટે નક્કી કરે છે તો તેનો એ અર્થ કદાપિ નથી હોતો કે બીજા ડૉક્ટર નિષ્ણાત નથી અથવા તેમનામાં ઈલાજ કરવાની ક્ષમતા નથી.

હનફી, શાફઈ, માલિકી અને હમ્બલી જે વહેંચણી ઉમ્મતમાં સ્થાપિત થઈ છે તેની વાસ્તવિકતા એનાથી વધારે કંઈ જ ન હતી, તેમાં ફિરકાબંદી અને વિભાજનનો રંગ તથા પરસ્પર વિવાદ કે ઝઘડાઓને ઉત્તેજન આપવું ન તો કોઈ દીનનું કાર્ય છે અને ન જ ક્યારેય સમજદાર ઉલમાએ તેને સારી વાત સમજી છે, અમુક ઉલમાના નિવેદનમાં ઈલ્મી ચર્ચા તથા સંશોધનને મુનાજરાનો રંગ ચઢાવવામાં આવ્યો છે અને અમુકે કટાક્ષ તથા મ્હેણા-ટોણા સુધીની નોબત આવી છે, પછી અજ્ઞાનતાપૂર્ણ રીતે વાદ-વિવાદ અને મતભેદોએ એટલે સુધી નોબત પહોંચાડી જે આજે મોટે ભાગે દીનદારી અને ધાર્મિકપણાની નિશાની બની ગઈ. فَاِلَى اللّٰهِ الْمُشْتَكٰى وَلَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِيِّ الْعَظِيْم

ચેતવણી :

તકલીદ અને ઈજ્તિહાદના મસ્અલા ઉપર અત્રે જે કંઈ લખવામાં આવ્યું છે તે આ વિષયનો ખૂબ ટૂંકો ખુલાસો છે જે સામાન્ય મુસલમાનોને સમજવા માટે પૂરતો છે, વિદ્વતાપૂર્ણ સંશોધન તથા ફિક્હના સિદ્ધાંતોનો વિગતવાર ખુલાસો કિતાબોમાં વિસ્તારથી મોજૂદ છે, ખાસ કરીને "કિતાબુલ મુવાફિકાત" અલ્લામહ શાતિબી, ચોથી જિલ્દ બાબુલ ઈજ્તિહાદ તથા અલ્લામહ શઈફુદીન આમદીની કિતાબ "અહકામુલ અહકામ" જિલ્દ : ૩ અલ્કાઈદતુષ્ષાલિષહ ફિલ

મુજતહિદીન, હઝરત શાહ વલિયુલ્લાહ દહેલવી (રહ.)ની કિતાબો "હુજ્જતુલ્લાહુલ બાલિગહ" અને "રિસાલા ઈક્દ અલ જિદ્દ" અને હકીમુલ ઉમ્મત હઝરત મવલાના અશરફ અલી થાનવી (રહ.)ની કિતાબ "અલ ઈક્તિસાદ ફિલ તકલીદ વલ ઈજ્તિહાદ" વગેરે આ વિષયના સંદર્ભમાં ખાસ નોંધપાત્ર છે, જ્ઞાનીઓ તેના તરફ રુજૂઅ્ કરે.

કુર્આન સમજવા માટે રસૂલે કરીમ ﷺની હદીષ જરૂરી છે, હદીષનો ઇન્કાર વાસ્તવમાં કુર્આનનો ઇન્કાર છે :

وَاَنْزَلْنَا اِلَيْكَ الذِّكْرَ لِتُبَيِّنَ لِلنَّاسِ આ આયતમાં "ઝિક્ર"નો ભાવાર્થ સર્વસહમતીથી કુર્આન મજીદ છે અને રસૂલે કરીમ ﷺને તે "ઝિક્ર" એટલે કે કુર્આન સમજાવવાના જવાબદાર ઠરાવવામાં આવ્યા છે, મતલબ કે આપ ﷺ કુર્આનની નાઝિલ થયેલ આયતોનું વર્ણન અને સ્પષ્ટતા લોકો સામે કરી આપે, તેમાં એ બાબતની સ્પષ્ટ સાબિતી છે કે કુર્આને કરીમની સચ્ચાઈ અને તેનો પરિચય તથા હુકમો અને સાચી રીતે સમજવું વગેરે બાબતો રસૂલે કરીમ ﷺના વર્ણન ઉપર અવલંબિત છે, જો દરેક વ્યક્તિ માત્ર અરબી ભાષા અને અરબી સાહિત્યનો જાણકાર થઈને કુર્આનના હુકમોને અલ્લાહ તઆલાની ઈચ્છા પ્રમાણે સમજવા માટે શક્તિ ધરાવતો હોત તો રસૂલે કરીમ ﷺને તેના વર્ણન અને સ્પષ્ટતા કરવાની સેવા સોંપવાનો કોઈ અર્થ રહેતો નથી.

અલ્લામહ સાતિબી (રહ.)એ "મુવાફિકાત"માં સંપૂર્ણ વિસ્તારપૂર્વક સાબિત કર્યું છે કે રસૂલે કરીમ ﷺની સુન્નત અલ્લાહની સંપૂર્ણ કિતાબનું વર્ણન છે, કારણ કે કુર્આને કરીમે રસૂલે કરીમ ﷺ વિશે કહ્યું છે, وَاِنَّكَ لَعَلٰى خُلُقٍ عَظِيْمٍ (૬૮:૪) અને હઝરત આયશા સિદીકા (રદિ.)એ આ خُلُقٍ عَظِيْمٍ (ખુલુકે અઝીમ)નું વિવરણ આ ફરમાવ્યું છે, كَانَ خُلُقُهُ الْقُرْاٰنَ તેનો ખુલાસો એ થયો કે રસૂલે કરીમ ﷺ દ્વારા જે કોઈપણ નિવેદન અથવા પ્રવૃત્તિ સાબિત થાય છે તે બધું જ કુર્આનનો જ ઈરશાદ છે, અમુક તો જાહેર રીતે કોઈ આયતની તફસીર અને ખુલાસો હોય છે જેને સામાન્ય વિદ્વાનો જાણે છે અને અમુક સ્થળે કુર્આનમાં દેખીતી રીતે તેનું કોઈ વર્ણન નથી હોતું પરંતુ રસૂલે કરીમ ﷺના દિલ મુબારકમાં વહી સ્વરૂપે તેને સ્થાયી કરી આપવામાં આવે છે, તે પણ એક સ્વરૂપે કુર્આનના જ

હુકમમાં હોય છે, કારણ કે કુર્આનના ખુલાસા પ્રમાણે રસૂલે કરીમ ﷺની કોઈ વાત પોતાની મનેચ્છાથી નથી હોતી બલકે તે અલ્લાહ તબારક વ તઆલા તરફથી વહી હોય છે. وَمَا يَنطِقُ عَنِ الْهَوَىٰ إِنْ هُوَ إِلَّا وَحْيٌ يُوحَىٰ (૫૩:૩-૪) એનાથી જાણ થઈ કે રસૂલે કરીમ ﷺની બધી જ ઈબાદતો, વ્યવહારો, વર્તન, ટેવો સર્વકાંઈ અલ્લાહની વહી અને કુર્આનના હુકમમાં છે અને જ્યાં કંઈ પણ આપ ﷺએ પોતાના ઈજ્તિહાદથી કોઈ કાર્ય કર્યું છે તો તે અંતે અલ્લાહની વહીથી અથવા તો તેના ઉપર કોઈ મનાઈ ન કરવાના કારણે તેનું સમર્થન અને ખરાઈ કરી આપવામાં આવી છે, એટલા માટે તે પણ વહીના હુકમમાં આવી જાય છે.

ખુલાસો એ છે કે આ આયતે રસૂલે કરીમ ﷺના આગમનનો હેતુ કુર્આને કરીમનું વિવરણ વર્ણન કરવાને ફરમાવી આપ્યો છે, જેમકે સૂરએ જુમ્અહ વગેરેની અનેક આયતોમાં કિતાબની તા'લીમના શબ્દોથી આ બઅ્ષતનો હેતુ વર્ણન કરવામાં આવ્યો છે, હવે તે હદીષનો સંગ્રહ જેને સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.)થી લઈને અંતિમ મુહદ્દીસો સુધી ઉમ્મતના તેજસ્વી લોકોએ પોતાના પ્રાણથી પણ વધારે રક્ષણ કરીને ઉમ્મત સુધી પહોંચાડ્યા છે અને તેના સંશોધનમાં જિંદગીઓ ખર્ચીને હદીષની રિવાયતોના દરજ્જાઓ સ્થાપિત કર્યા છે અને જે રિવાયતને સનદ (પ્રમાણ)ના સ્વરૂપમાં એ દરજ્જાએ ન જોઈ કે તેના ઉપર શરીઅતના હુકમનો પાયો રાખવામાં આવે તેને હદીષના સંગ્રહથી અલગ કરીને માત્ર તે રિવાયતો ઉપર આગવી કિતાબો લખી આપી છે જે આખી જિંદગીની ટીકાઓ અને સંશોધનો પછી સાચી અને ભરોસાપાત્ર સાબિત થઈ છે.

જો આજે કોઈ વ્યક્તિ આ હદીષના સંગ્રહને કોઈ હીલા-બહાના કરીને ભરોસો કરવાપાત્ર નથી કહેતો તો તેનો સાફ અર્થ એ છે કે, નઊઝુબિલ્લાહ રસૂલે કરીમ ﷺએ આ કુર્આનના હુકમોનો વિરોધ કર્યો કે કુર્આનના વિષયોને તેમણે વર્ણન કર્યા નથી અથવા એ કે આપ ﷺએ તો વર્ણન કર્યા હતા પરંતુ તે કાયમ અને સુરક્ષિત નથી રહ્યા અને કુર્આનના તે બંને સ્વરૂપો અર્થની દૃષ્ટિએ સુરક્ષિત ન રહ્યા જેની હિફાઝતની જવાબદારી પોતે અલ્લાહ તઆલાએ પોતાના માથે રાખી છે. وَإِنَّا لَهُ لَحَافِظُونَ (૧૫:૯) તેમનો આ દા'વો કુર્આનની આ "નસ" (Textual Authority) વિરુદ્ધ છે, તેનાથી સાબિત થયું કે જે વ્યક્તિ રસૂલે કરીમ ﷺની

સુન્નતને ઈસ્લામની હુજ્જત અથવા સંપૂર્ણ દલીલ માનવાથી ઈન્કાર કરે છે એક રીતે તે વાસ્તવમાં કુર્આનનો જ ઈન્કાર છે, નઊઝુબિલ્લાહ.

આયતો : (સૂરએ નહ્‍લ : આયત નં. ૪૫-૪૬-૪૭)

أَفَأَمِنَ الَّذِينَ مَكَرُوا السَّيِّئَاتِ أَنْ يَخْسِفَ اللَّهُ بِهِمُ الْأَرْضَ أَوْ يَأْتِيَهُمُ الْعَذَابُ
مِنْ حَيْثُ لَا يَشْعُرُونَ ﴿٤٥﴾ أَوْ يَأْخُذَهُمْ فِي تَقَلُّبِهِمْ فَمَا هُمْ بِمُعْجِزِينَ ﴿٤٦﴾
أَوْ يَأْخُذَهُمْ عَلَىٰ تَخَوُّفٍ فَإِنَّ رَبَّكُمْ لَرَءُوفٌ رَحِيمٌ ﴿٤٧﴾

તરજુમો :

બસ શું તે લોકો નીડર બની ગયા જેઓ ખરાબ પ્રપંચ કરે છે એનાથી કે અલ્લાહ તેમને જમીનમાં ધસાવી દે અથવા તેમના ઉપર અઝાબ આવી પહોંચે જ્યાંથી ખબર (ધારણા) ન રાખતા હોય ? (૪૫) અથવા તેમને ચાલતા-ફરતા પકડી લે, બસ તેઓ આજિઝ કરનારા નથી. (૪૬) અથવા તેમને ડરાવ્યા પછી પકડી લે, બસ તમારો પરવરદિગાર ઘણો માયાળુ મહેરબાન છે. (૪૭)

તફસીર :

જે લોકો (સત્ય દીનને જૂઠાડવા માટે) ખરાબ-ખરાબ પ્રપંચો કરે છે (કે ક્યાંક તો તેમાં શંકાઓ અને હુકમોમાં વાંધા ઊભા કરે છે અને સત્યનો ઈન્કાર કરે છે કે તે ખોટું છે અથવા તો ક્યાંક અન્યોને પણ રોકે છે કે આ ખોટો ધર્મ છે) શું આવા લોકો (આવી કુફ્રની કાર્યવાહીઓ કર્યા) પછી પણ એ વાતથી નચિંત (અને નીડર થઈને બેઠા) છે કે અલ્લાહ તઆલા તેમને (તેમના કુફ્રના વબાલમાં) જમીનમાં ધસાવી દે અથવા તેમના ઉપર એવી જગ્યાએથી અઝાબ આવી પડે જ્યાંથી તેમને કલ્પના પણ ન હોય (જેમકે બદ્રના યુદ્ધમાં એવા શસ્ત્રવિહોણા મુસલમાનોના હાથે તેમને સજા મળી કે ક્યારેય તેમની બુદ્ધિ પ્રમાણે એવી સંભાવના ન હતી કે તેઓ અમારા ઉપર વિજય પ્રાપ્ત કરશે) અથવા તેમને હરતા-ફરતા (કોઈ આફતમાં) પકડી લે, (જેમકે કોઈ બીમારી અચાનક આવી

પડે) બસ, (જો આ બાબતોમાંથી કોઈ બાબત થઈ જાય તો) આ લોકો અલ્લાહને હરાવી (પણ) નથી શકતા અથવા તેમને ડરાવ્યા પછી પકડી લે (જેમકે દુકાળ અથવા કોઈ ચેપી રોગ આવી પડે અને ક્રમે-ક્રમે તેમનો નાશ થઈ જાય એટલે કે તેમણે નીડર ન થવું જોઈએ, અલ્લાહની શક્તિમાં બધું જ છે પરંતુ મહોલત આપવામાં આવી રહી છે) બસ, (તેનું કારણ એ છે કે) તમારો પરવરદિગાર અનહદ માયાળુ મહાદયાળુ છે (એટલા માટે મહોલત આપી છે કે હજુપણ સમજી જાઓ અને સફળતા તથા છુટકારાના તરીકાને અપનાવી લો).

મસ્અલા અને બોધપાઠ :

આનાથી અગાઉની આયતોમાં કાફિરોને આખિરતના અઝાબથી ડરાવવામાં આવ્યા હતા. ثُمَّ يَوْمَ الْقِيٰمَةِ يُخْزِيْهِمْ આ આયતોમાં તેમને એ બાબતથી ડરાવવામાં આવ્યા છે કે એવું પણ બની શકે છે કે આખિરતના અઝાબથી પહેલાં દુનિયામાં પણ અલ્લાહના અઝાબમાં તેઓ પકડી લેવામાં આવે કે જે જમીન ઉપર બેઠા હોય તેમાં જ ધસાવી દેવામાં આવે અથવા અન્ય કોઈ કલ્પના ન હોય એવા માર્ગે અલ્લાહના અઝાબમાં પકડાઈ જાય, જેમકે ગઝ્‌વએ બદ્રમાં એક હજાર બહાદુર શસ્ત્રસજ્જ યોદ્ધાઓને અમુક નિઃશસ્ત્ર મુસલમાનોના હાથે એવી સજા મળી જેની તેમને કોઈ કલ્પના સુદ્ધાં પણ થઈ શકતી ન હતી અથવા એવું પણ બની શકે છે કે હરતા-ફરતા અલ્લાહના કોઈ અઝાબમાં પકડાઈ જાય કે કોઈ ગંભીર બીમારીમાં પટકાઈ જાય અથવા કોઈ ઊંચા સ્થળેથી પડી જાય અથવા કોઈ સખત વસ્તુ સાથે અથડાઈને નાશ પામે અને અઝાબનું એ સ્વરૂપ પણ હોઈ શકે છે કે અઝાબ અચાનક ન આવે પરંતુ માલ અને તંદુરસ્તી તથા સામાન અને રાહત તથા સંતોષ ઘટતો ચાલ્યો જાય, એવી રીતે ઘટતાં-ઘટતાં તે કોમનો નાશ થઈ જાય.

શબ્દ تَخَوُّفٌ (તખવ્વુફ) આ આયતમાં આવ્યો છે, તે દેખીતી રીતે خَوْفٌ (ખૌફ) શબ્દથી બન્યો છે અને અમુક વિવરણકારોએ તેના અર્થના આધારે એ તફસીર કરી છે કે એક વર્ગને અઝાબમાં પકડી લેવામાં આવે જેથી બીજો વર્ગ ડરી જાય, એ જ પ્રમાણે બીજા વર્ગને અઝાબમાં પકડી લેવામાં આવે જેથી ત્રીજો વર્ગ ડરી જાય, એ જ પ્રમાણે ડરતાં-ડરતાં સૌનો ખાત્મો થઈ જાય.

પરંતુ કુર્આનના મુફસ્સિર હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.) અને મુજાહિદ (રહ.) વગેરે તફસીરકાર ઈમામોએ અત્રે શબ્દ تَـخَـوُّفٌ (તખવ્વુફ)ને تَـنَـقُّـصٌ (તનક્કુસ)ના અર્થમાં લીધું છે અને આ જ અર્થના આધારે તેનો તરજુમો ઘટાડતાં-ઘટાડતાં કર્યો છે.

હઝરત સઈદ બિન મુસયફ (રદિ.)એ ફરમાવ્યું છે કે, હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)ને પણ આ શબ્દના અર્થમાં થોડો ખચકાટ થયો તો તેમણે મિમ્બર ઉપરથી સહાબા (રદિ.)ને સંબોધન કરીને ફરમાવ્યું કે શબ્દ تَخَوُّفٌ (તખવ્વુફ)નો તમે શું અર્થ સમજો છો ? સામાન્ય શ્રોતાગણ મૌન રહ્યો પરંતુ "કબીલએ હુઝયલ"ના એક વ્યક્તિએ વિનંતી કરી કે "હે અમીરુલ મુઅ્મિનીન ! આ અમારા કબીલાનો એક ખાસ શબ્દકોષ છે, અમારા ત્યાં આ શબ્દ تَـنَـقُّـصٌ (તનક્કુસ)ના અર્થમાં ઉપયોગ થાય છે." એટલે કે "ક્રમે-ક્રમે ઘટવું" હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)એ પ્રશ્ન કર્યો કે, "શું અરબો પોતાની શાયરીમાં આ શબ્દ "તન્કીસ"ના અર્થમાં ઉપયોગ કરે છે ?" તેણે વિનંતી કરી, હા ! અને પોતાના કબીલાના શાઈર અબૂ કબીર હઝલીનો એક શે'ર રજુ કર્યો જેમાં આ શબ્દ "ક્રમે-ક્રમે ઘટવા"ના અર્થમાં લેવામાં આવ્યો હતો, આ બાબત ઉપર હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)એ ફરમાવ્યું કે, "હે લોકો ! (ઈસ્લામ અગાઉની) અજ્ઞાનતાકાળની શે'રોનું જ્ઞાન પ્રાપ્ત કરો કારણ કે તેમાં તમારી કિતાબની તફસીર અને તમારા કલામના અર્થોનો ફેંસલો થાય છે." (હઝરત ફારૂકે આ'ઝમ રદિ.ના કહેવાનો અર્થ એવો લાગે છે કે અરબી ભાષાનું ગદ્ય-પદ્ય અને દરેક પ્રકારનું સાહિત્યિક જ્ઞાન પ્રાપ્ત કરવાથી કુર્આનના અર્થો અને તેનું વિવરણ સમજવામાં મદદ મળે છે.)

કુર્આનના અર્થો સમજવા માટે સામાન્ય અરબી ભાષાનું જ્ઞાન પૂરતું નથી :

એનાથી એક વાત તો એ સાબિત થઈ કે સામાન્ય રીતે અરબી ભાષા બોલવા-લખવાની પાત્રતા કુર્આન સમજવા માટે પૂરતી નથી, બલકે તેમાં એટલી નિપૂણતા અને સંપૂર્ણ જાણકારી જરૂરી છે કે જેનાથી પ્રાચીન અજ્ઞાનતાકાળના અરબોના કલામને સંપૂર્ણ રીતે સમજી શકાય, કારણ કે કુર્આને કરીમ આ જ

ભાષામાં અને તેમના જ રૂઢિપ્રયોગો અને કહેવતો પ્રમાણે નાઝિલ થયું છે, આ દરજ્જાનું અરબી સાહિત્ય કુર્આન સમજવા માટે શીખવું જરૂરી છે.

અરબી સાહિત્ય શીખવા માટે (ઇસ્લામ અગાઉની) અજ્ઞાનતાકાળના શાયરોની શાઈરી પઢવી જાઇઝ છે, જો કે તે ભેળસેળિયા હોય છે :

એનાથી એ પણ જાણ થાય છે કે કુર્આને કરીમને સમજવા માટે ઈસ્લામ અગાઉની અજ્ઞાનતાકાળની અરબી ભાષા તથા તેના શબ્દકોષ, રૂઢિપ્રયોગો અને કહેવતો સમજવા માટે અજ્ઞાનતાકાળના શાયરોનું કલામ શીખવું-શિખવાડવું જાઇઝ છે, જો કે એ દેખીતું છે કે અજ્ઞાનતાકાળના શાયરોના કલામ અજ્ઞાનતાપૂર્ણ રીત-રિવાજો અને ઈસ્લામ વિરુદ્ધ પ્રવૃત્તિઓ તથા આચરણો ઉપર આધારિત હોઈ શકે છે પરંતુ કુર્આન સમજવાની આવશ્યકતા માટે તેને શીખવું-શિખવાડવું જાઇઝ ઠરાવવામાં આવ્યું. (તેમાં કોઈ કુફ્રિય્યહ-શિર્કિય્યહ કલામ સામેલ ન હોવું જોઈએ, જેમકે મૂર્તિઓના વખાણ વગેરે).

દુનિયાનો અઝાબ પણ એક પ્રકારે રહમત છે :

પ્રસ્તુત આયતોમાં દુનિયામાં અઝાબના વિવિધ પ્રકારોનું વર્ણન કર્યા પછી આયતોના અંતમાં ફરમાવ્યું, اِنَّ رَبَّكُمْ لَرَءُوْفٌ رَّحِيْمٌ ۙ તેમાં પ્રથમ તો શબ્દ رَبّ (રબ્બ)થી એ તરફ ઈશારો કર્યો છે કે દુનિયાનો અઝાબ મનુષ્યને ચેતવણી આપવા માટે માલિકીપણાની શા'નના તકાદા હેઠળ હોય છે, પછી لَامِ تَاكِيْد (લામે તાકીદ)ની સાથે અલ્લાહ તઆલા માયાળુ અને મહાદયાળુ હોવાનું બતાવીને એ તરફ ઈશારો કરવામાં આવ્યો કે દુનિયાની ચેતવણીઓ વાસ્તવમાં મહેરબાની અને અલ્લાહની રહમતનું એક સ્વરૂપ છે જેથી બેદરકાર ગફલતમાં પડેલ મનુષ્ય તેનાથી ચેતીને પોતાના અમલોની સુધારણા કરી લે.

•

આયતો : (સૂરએ નહ્લ : આયત નં. ૪૮ થી ૫૭)

أَوَلَمْ يَرَوْا إِلَىٰ مَا خَلَقَ اللَّهُ مِن شَيْءٍ يَتَفَيَّأُ ظِلَالُهُ عَنِ الْيَمِينِ وَالشَّمَائِلِ سُجَّدًا لِّلَّهِ
وَهُمْ دَاخِرُونَ ﴿٤٨﴾ وَلِلَّهِ يَسْجُدُ مَا فِي السَّمَاوَاتِ وَمَا فِي الْأَرْضِ مِن دَابَّةٍ وَ
الْمَلَائِكَةُ وَهُمْ لَا يَسْتَكْبِرُونَ ﴿٤٩﴾ يَخَافُونَ رَبَّهُم مِّن فَوْقِهِمْ وَيَفْعَلُونَ مَا يُؤْمَرُونَ ﴿٥٠﴾
وَقَالَ اللَّهُ لَا تَتَّخِذُوا إِلَٰهَيْنِ اثْنَيْنِ ۖ إِنَّمَا هُوَ إِلَٰهٌ وَاحِدٌ ۖ فَإِيَّايَ فَارْهَبُونِ ﴿٥١﴾
وَلَهُ مَا فِي السَّمَاوَاتِ وَالْأَرْضِ وَلَهُ الدِّينُ وَاصِبًا ۚ أَفَغَيْرَ اللَّهِ تَتَّقُونَ ﴿٥٢﴾ وَمَا بِكُم
مِّن نِّعْمَةٍ فَمِنَ اللَّهِ ۖ ثُمَّ إِذَا مَسَّكُمُ الضُّرُّ فَإِلَيْهِ تَجْأَرُونَ ﴿٥٣﴾ ثُمَّ إِذَا كَشَفَ
الضُّرَّ عَنكُمْ إِذَا فَرِيقٌ مِّنكُم بِرَبِّهِمْ يُشْرِكُونَ ﴿٥٤﴾ لِيَكْفُرُوا بِمَا آتَيْنَاهُمْ ۚ فَتَمَتَّعُوا ۖ
فَسَوْفَ تَعْلَمُونَ ﴿٥٥﴾ وَيَجْعَلُونَ لِمَا لَا يَعْلَمُونَ نَصِيبًا مِّمَّا رَزَقْنَاهُمْ ۗ تَاللَّهِ
لَتُسْأَلُنَّ عَمَّا كُنتُمْ تَفْتَرُونَ ﴿٥٦﴾ وَيَجْعَلُونَ لِلَّهِ الْبَنَاتِ سُبْحَانَهُ ۙ وَلَهُم مَّا يَشْتَهُونَ ﴿٥٧﴾

તરજુમો :

શું તેઓ જોતા નથી કોઈ વસ્તુ કે જે અલ્લાહે પેદા કરી કે તેના પડછાયા ઢળે છે જમણી તરફથી અને ડાબી તરફથી અલ્લાહને સિજ્દહ કરતા(-કરતા) અને તે વિનવણીમાં છે. (૪૮) અને અલ્લાહને સિજ્દહ કરે છે જે આસમાનમાં છે અને જે જમીનમાં છે સજીવોમાંથી અને ફરિશ્તા અને તેઓ અભિમાન નથી કરતા. (૪૯) પોતાના પરવરદિગારનો ડર રાખે છે પોતાના ઉપરથી અને કરે છે જે હુકમ મેળવે છે. (૫૦) અને અલ્લાહે કહ્યું છે, બે મઅ્બૂદ ન પકડો; તે મઅ્બૂદ (ઈબાદતપાત્ર) એક જ છે, બસ મારાથી ડરો. (૫૧) અને તેનું જ છે જે કંઈ છે આસમાનોમાં અને જમીનમાં અને હંમેશા તેની જ ઈબાદત છે, બસ શું અલ્લાહ સિવાય કોઈનાથી ડરો છો? (૫૨) અને જે કંઈ નેઅ્મત તમારી પાસે છે બસ અલ્લાહના તરફથી, પછી જ્યારે તમને કઠણાઈ પહોંચે છે તો તેના જ તરફ બૂમો પાડો છો. (૫૩) પછી

જ્યારે તમારાથી કઠણાઈ ખોલી નાંખે છે તે જ સમયે તમારામાંથી એક વર્ગ પોતાના પરવરદિગારની સાથે ભાગીદાર બતાવવા લાગે છે. (૫૪) જેથી તે વસ્તુથી ઈન્કારી થઈ જાય કે જે અમે તેમને આપી છે, બસ મોજમજા ઉડાવી લો ! અંતે જાણી લેશો. (૫૫) અને તેમના માટે એક ભાગ ઠરાવે છે અમારી આપેલી રોજીમાંથી જેમની જાણકારી નથી ધરાવતા, અલ્લાહની કસમ ! તમને પૂછવાનું છે જે આક્ષેપ તમે લગાવો છો. (૫૬) અને અલ્લાહના માટે દિકરીઓ ઠરાવે છે, તે તેનાથી પવિત્ર છે અને પોતાના માટે (ઠરાવે છે) જે દિલ ઈચ્છે છે ! (૫૭)

તફસીર :

શું (તે) લોકોએ અલ્લાહની તે પેદા કરેલી વસ્તુઓને નથી જોઈ (અને જોઈને તવહીદ ઉપર દલીલ નથી સમજતા ?) જેના પડછાયા ક્યારેક એક તરફ તો ક્યારેક બીજી તરફ એ પ્રમાણે નમી જાય છે કે (બિલકુલ) અલ્લાહના (હુકમના) આધીન છે (એટલે કે પડછાયાનું કારણ સૂર્યનો પ્રકાશ હોવું અને શરીરનો પડછાયો સૂર્યની ગતિના કારણે હોય છે, પછી પડાછાયાની આ ખાસિયત અલ્લાહ તઆલાના હુકમથી હોય છે) અને તે (પડછાયાવાળી) વસ્તુઓ પણ (અલ્લાહની રૂબરૂ) આજિઝ (અને હુકમના આધીન) છે અને (જેટલી વસ્તુઓ જે સ્થૂળ છે જેમકે يَتَفَيَّؤُا નો ઈશારો اِسْنَادُ ظِلَال તરફ છે, કારણ કે જેટલી વસ્તુઓ પોતાની ઈચ્છાથી ગતિ કરે છે તેમનો પડછાયો પણ સાથે-સાથે ગતિ કરે છે, આ બધું જ અલ્લાહના હુકમના આધીન છે) જેટલી વસ્તુઓ આસમાનોમાં છે (જેમકે ફરિશ્તા) અને જમીનમાં (જેમકે પશુ-પક્ષી, જીવ-જંતુઓ) મોજૂદ છે અને (ખાસ કરીને) ફરિશ્તાઓ (પણ) અને તે (ફરિશ્તાઓ ઊંચા સ્થળે અને અલ્લાહની તાબે'દારીની ઉચ્ચ કક્ષાની શા'ન ધરાવતા હોવા છતાં) અભિમાન નથી કરતા (એટલા માટે વિશિષ્ટ સ્વરૂપે તેમનું વર્ણન કરવામાં આવ્યું) તેઓ પોતાના પરવરદિગારથી ડરે છે કે જે તેમના ઉપર અધિકાર ધરાવે છે અને તેમને જે કંઈ (અલ્લાહ તરફથી) હુકમ કરવામાં આવે છે તેઓ તેને કરે છે અને અલ્લાહ તઆલાએ (બધા જ તાબે'દારીના જવાબદાર રસૂલોના માધ્યમ દ્વારા) કહ્યું છે કે બે (અથવા બેથી વધારે) મઅ્બૂદ ન બનાવો

બસ મઅ્બૂદ એકમાત્ર છે, (જ્યારે વાત આવી જ છે તો) તમે લોકો ખાસ મારાથી જ ડર્યા કરો (કારણ કે જ્યારે માલિકીપણુ અને મઅ્બૂદપણુ ખાસ મારી સાથે જ છે તો જે જે તેની આવશ્યકતાઓ છે જેમકે શક્તિમાં સંપૂર્ણ હોવું વગેરે તો તે પણ મારી સાથે જ ખાસ છે તો બદલો લેવો વગેરેનો ડર મારો જ રાખવો જોઈએ અને શિર્કનો બદલો લેવાનો હું દાવે'દાર છું માટે તમારે શિર્ક ન કરવું જોઈએ) અને તેની જ (મિલ્કત) છે સઘળી વસ્તુઓ જે કંઈ આસમાનો અને જમીનમાં છે અને તેની તાબે'દારી કરવી જરૂરી છે અને તે તેનો જ હક છે (એટલે કે તે જ આ બાબતનો હકદાર છે કે સૌ તેનું આજ્ઞાપાલન કરે. જ્યારે આ બાબત સાબિત થઈ ચૂકી છે) તો શું ત્યાર પછી પણ અલ્લાહ સિવાય અન્યોથી ડરો છો ? (અને તેમનાથી ડરીને તેમની પૂજા કરો છો ?) અને (એવો ડરવાનો હક માત્ર અલ્લાહનો જ છે એ જ પ્રમાણે નેઅ્મત આપનાર અને જેનાથી આશા રાખી શકાય તેવું અલ્લાહના સિવાય કોઈ નથી કારણ કે) તમારી પાસે જે કંઈ (પ્રકારની) પણ નેઅ્મત છે તે બધી અલ્લાહના જ તરફથી છે પછી જ્યારે તમને (જરા) તકલીફ પહોંચે છે તો (તેને દૂર કરવા માટે) તે(અલ્લાહ)ની પાસે ફરિયાદ કરો છો (અને કોઈ મૂર્તિ વગેરે તે સમયે યાદ નથી આવતી જેની તેનાથી તવહીદનું સત્ય હોવું તે સમયે તમારા પરિસ્થિતિ અનુસારના સ્વીકારથી પણ જાણ થઈ જાય છે પરંતુ) ફરી જ્યારે (અલ્લાહ તઆલા) તમારાથી આ તકલીફને હટાવી દે છે તો તમારામાંનો એક વર્ગ (અને તે જ મોટો વર્ગ છે) પોતાના પરવરદિગારની સાથે (અગાઉ મુજબ જ) શિર્ક કરવા લાગે છે તેનો ખુલાસો એ છે કે અમારી આપેલી નેઅ્મતની (કે તે તકલીફને દૂર કરી આપી) નાશુક્રી કરે છે (જે બૌદ્ધિક અને તાર્કિક રીતે પણ સુગ અને નિંદાપાત્ર છે) ભલે અમુક દિવસ ઐશ કરી લો (જુઓ), હવે જલદીથી (મરતાંની સાથે જ) તમને પરિસ્થિતિની જાણ થઈ જવાની છે (અને એક વર્ગ એટલા માટે કહેવામાં આવ્યો કે અમુક આવી પરિસ્થિતિને યાદ રાખીને તવહીદ અને ઈમાન ઉપર કાયમ થઈ જાય છે. અલ્લાહ તઆલાના કહેવા પ્રમાણે فَلَمَّا نَجّٰهُمْ اِلَى الْبَرِّ فَمِنْهُمْ مُّقْتَصِدٌ) અને (તેમનું એક શિર્ક એ પણ છે કે) આ લોકો અમારી આપેલી વસ્તુઓમાંથી તેમનો (એટલે કે જૂઠા મઅ્બૂદોનો) હિસ્સો કાઢે છે જેમના (મઅ્બૂદ હોવા) વિશે તેમને કંઈ જ્ઞાન (અને કોઈ દલીલ અથવા પ્રમાણ) નથી, (જેમકે તેની વિગત આઠમાં સિપારામાં ત્રીજા રુકૂઅ્ની આયત

....وَجَعَلُوا لِلّٰهِ માં આવી ચૂકી છે) સોગંદ છે અલ્લાહની તમારાથી તમારી આ તોહમતો લગાવવાની (કયામતમાં) અવશ્ય પૂછતાછ થશે (અને તેમનું એક શિર્ક એ છે) કે અલ્લાહ તઆલા માટે પુત્રીઓ ઠરાવે છે, સુબ્હાનલ્લાહ! (કેટલી વાહિયાત અને અશક્ય બાબત છે) અને (તેના ઉપર આ રીત કે) પોતાના માટે ઇચ્છિત વસ્તુઓ (એટલે કે પુત્રો પસંદ કરે છે?!).

આયતો : (સૂરએ નહ્લ : આયત નં. ૫૮-૫૯-૬૦)

وَاِذَا بُشِّرَ اَحَدُهُمْ بِالْاُنْثٰى ظَلَّ وَجْهُهٗ مُسْوَدًّا وَّهُوَ كَظِيْمٌ ﴿۵۸﴾ يَتَوَارٰى مِنَ الْقَوْمِ مِنْ سُوْٓءِ مَا بُشِّرَ بِهٖ ؕ اَيُمْسِكُهٗ عَلٰى هُوْنٍ اَمْ يَدُسُّهٗ فِى التُّرَابِ ؕ اَلَا سَآءَ مَا يَحْكُمُوْنَ ﴿۵۹﴾ لِلَّذِيْنَ لَا يُؤْمِنُوْنَ بِالْاٰخِرَةِ مَثَلُ السَّوْءِ ۚ وَلِلّٰهِ الْمَثَلُ الْاَعْلٰى ؕ وَهُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ ﴿۶۰﴾

તરજુમો :

અને જ્યારે તેમનામાં કોઈને દિકરીની ખુશખબરી મળે આખો દિવસ તેનું મોઢું કાળું રહે અને મનમાં સમસમી રહે. (૫૮) લોકોથી બુરાઈનો માર્યો છુપાતો ફરે તે ખુશખબરીથી જે સાંભળી, તેને રહેવા દે અપમાન કબૂલ કરીને અથવા તેને માટીમાં દબાવી દે, સાંભળો છો ! ખરાબ ફેંસલો કરે છે. (૫૯) જે આખિરતને નથી માનતા તેમનું બુરું ઉદાહરણ છે અને અલ્લાહનું દષ્ટાંત સૌથી ઉપર અને તે જ જબરદસ્ત હિકમતવાળો છે. (૬૦)

તફસીર :

અને જ્યારે તેમનામાંથી કોઈને પુત્રી (પેદા થવા)ની ખબર આપવામાં આવે (જેને અલ્લાહ તઆલાએ તેમના માટે નક્કી કરી છે) તો (તેઓ એટલા બધા નારાજ થાય છે કે) આખો દિવસ તેમના ચહેરા રોનક વિનાના રહે છે અને તે દિલમાંને દિલમાં રૂંધાતો રહે છે (અને) જે વસ્તુની તેને ખબર આપવામાં આવી છે (એટલે કે પુત્રીની પેદાઈશની ખબર તો) તેની આળથી લોકોથી છુપાતો ફરે (અને દિલમાં ઉતાર-ચઢાવ રહ્યા કરે કે) શું આ (નવજાત શીશુ)ને અપમાન(ની

હાલત) સહિત રાખી મૂકે અથવા તેને (જીવતી જ અથવા મારીને) માટીમાં દફન કરી આપે, સારી પેઠે સાંભળી લો ! તેમનો આ નિર્ણય ઘણો જ ખરાબ છે (કે પ્રથમ તો અલ્લાહના માટે અવલાદ સાબિત કરે છે એ જ કેટલી ખરાબ બાબત છે પછી અવલાદ પણ તે જેને તેઓ આટલી ખરાબ ઝલીલ અને અપમાનની બાબત સમજે છે બસ,) જે લોકો આખિરત ઉપર ઈમાન નથી રાખતા તેમની ખરાબ આદત છે (દુનિયામાં પણ કે આવી જહાલતમાં સંડોવાયા છે અને આખિરતમાં પણ તેઓ અલ્લાહના ક્રોધના ભોગ બનશે અને અપમાનિત થશે) અને અલ્લાહ તઆલા માટે તો ઘણા ઉચ્ચ કક્ષાના દરજ્જાની સિફતો સાબિત છે (ન જ એવી સિફતો કે જેનો આ મુશ્રિકો બકવાસ કરી રહ્યા છે) અને તે ઘણો જબરદસ્ત છે (જો તે દુનિયામાં શિર્કની સજા આપવા ઈચ્છે તો તેના માટે કોઈ મુશ્કેલ કામ નથી પરંતુ સાથે જ) ઘણી મહાન હિકમતવાળો (પણ છે કે હિકમતના કારણે મોત સુધી સજાને મુલતવી રાખી) છે.

મસ્અલા અને બોધપાઠ :

આ આયતોમા અરબના કાફિરોની બે ટેવોની ટીકા કરવામાં આવી છે, પ્રથમ તો તેઓ પોતાના ઘરમાં પુત્રી પેદા થવાને એટલું ખરાબ સમજતા હતા કે શરમના કારણે લોકોથી છુપાતા ફરતા હતા અને એવું વિચારતા હતા કે છોકરી પેદા થવાથી મારું જે અપમાન થયું છે તેના ઉપર ધીરજ દાખવું અથવા તો તેને જીવતી જ જમીનમાં દાટીને પીછો છોડાવી લઉં, તેના ઉપર વિશેષ અજ્ઞાનતા એ છે કે જે સંતાનોને પોતાના માટે તે પસંદ નથી કરતા એટલે કે પુત્રીઓ તેનો અલ્લાહ જલ્લ શા'નુહૂ તરફ એવી રીતે સંબંધ જોડે છે કે ફરિશ્તાઓને અલ્લાહ તઆલાની પુત્રીઓ ઠરાવી છે. નઊઝુબિલ્લાહ.

બીજી આયતના અંતે اَلَا سَآءَ مَا يَحْكُمُوْنَ નો ભાવાર્થ તફસીરે બહરે મુહીતમાં ઈબ્ને અતિય્યહના હવાલા વડે આ જ બે ટેવોને ઠરાવવામાં આવી છે કે, પ્રથમ તો તેમના આ ફેંસલો જ ખરાબ ફેંસલો છે કે પુત્રીઓને એક અઝાબ અને અપમાન સમજે છે અને બીજું, પછી જ્યારે જે વસ્તુને પોતાના માટે અપમાન સ્વરૂપ સમજે છે તેનો જ અલ્લાહ તઆલા સાથે સંબંધ જોડે છે, ત્રીજી આયતના અંતે وَهُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ માં પણ તે તરફ ઈશારો છે કે છોકરી પેદા થવાને

મુસીબત અને અપમાન સમજવું અને છુપાતા ફરવું અલ્લાહ તઆલાની હિકમતનો મુકાબલો કરવા સમાન છે, કારણ કે મખ્લૂકમાં નર–માદાનું સર્જન અલ્લાહ તઆલાની ઉચ્ચ કક્ષાની હિકમતના નિયમ પ્રમાણે છે. *(રૂહુલ બયાન)*

મસ્અલો :

આ આયતોમાં સ્પષ્ટ ઈશારો જોવા મળે છે કે ઘરમાં છોકરી પેદા થવાથી મુસીબત અથવા અપમાન સમજવું જાઇઝ નથી, એ કાફિરોની પ્રવૃત્તિ છે. તફસીરે રૂહુલ બયાનમાં શુરાહના હવાલાથી લખ્યું છે કે મુસલમાનોએ છોકરી પેદા થવાથી વધારે ખુશી પ્રગટ કરવી જોઈએ જેથી અજ્ઞાનતાકાળની પ્રવૃત્તિ રદ થઈ જાય અને એક હદીષમાં છે કે, તે સ્ત્રી મુબારક હોય છે જેના પ્રથમ ગર્ભથી છોકરી પેદા થાય, કુર્આનની આયત وَيَهَبُ لِمَنْ يَّشَآءُ اِنَاثًا وَّيَهَبُ لِمَنْ يَّشَآءُ الذُّكُوْرَ (૪૨:૪૯)માં પણ اِنَاثٌ (ઈનાષ)ને અગ્ર સ્થાને રાખવામાં એ તરફ ઈશારો જોવા મળે છે કે પ્રથમ ગર્ભથી છોકરી પેદા થવી શ્રેષ્ઠ બાબત છે.

એક હદીષનો ઈરશાદ છે કે જેને તે પુત્રીઓમાંથી કોઈની સાથે કામ પડે અને પછી તે તેની સાથે અહેસાનનો વર્તાવ કરે તો આ પુત્રીઓ તેના માટે જહન્નમની વચ્ચે પડદો બની ઊભી થઈ જશે. *(રૂહુલ બયાન)*

ખુલાસો એ છે કે પુત્રી પેદા થવાને ખરાબ સમજવું અજ્ઞાનતાકાળનો કુરિવાજ છે, મુસલમાનોએ તેનાથી બચવું જોઈએ અને એનાથી વિપરીત જે અલ્લાહનો વાયદો છે તેના ઉપર સંતોષ માની ખુશ થવું જોઈએ. વલ્લાહુ અઅ્લમુ.

આયતો : (સૂરએ નહ્લ : આયત નં. ૬૧ થી ૬૫)

وَلَوْ يُؤَاخِذُ اللّٰهُ النَّاسَ بِظُلْمِهِمْ مَّا تَرَكَ عَلَيْهَا مِنْ دَآبَّةٍ وَّلٰكِنْ يُّؤَخِّرُهُمْ اِلٰٓى
اَجَلٍ مُّسَمًّى ۚ فَاِذَا جَآءَ اَجَلُهُمْ لَا يَسْتَاْخِرُوْنَ سَاعَةً وَّلَا يَسْتَقْدِمُوْنَ ﴿٦١﴾ وَيَجْعَلُوْنَ
لِلّٰهِ مَا يَكْرَهُوْنَ وَتَصِفُ اَلْسِنَتُهُمُ الْكَذِبَ اَنَّ لَهُمُ الْحُسْنٰى ۭ لَا جَرَمَ اَنَّ لَهُمُ النَّارَ

وَاَنَّهُمْ مُّفْرَطُوْنَ ﴿٦٢﴾ تَاللّٰهِ لَقَدْ اَرْسَلْنَآ اِلٰٓى اُمَمٍ مِّنْ قَبْلِكَ فَزَيَّنَ لَهُمُ الشَّيْطٰنُ اَعْمَالَهُمْ
فَهُوَ وَلِيُّهُمُ الْيَوْمَ وَلَهُمْ عَذَابٌ اَلِيْمٌ ﴿٦٣﴾ وَمَآ اَنْزَلْنَا عَلَيْكَ الْكِتٰبَ اِلَّا لِتُبَيِّنَ
لَهُمُ الَّذِى اخْتَلَفُوْا فِيْهِ ۙ وَهُدًى وَّرَحْمَةً لِّقَوْمٍ يُّؤْمِنُوْنَ ﴿٦٤﴾ وَاللّٰهُ اَنْزَلَ مِنَ السَّمَآءِ
مَآءً فَاَحْيَا بِهِ الْاَرْضَ بَعْدَ مَوْتِهَا ۭ اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيَةً لِّقَوْمٍ يَّسْمَعُوْنَ ﴿٦٥﴾ ع

તરજુમો :

અને જો અલ્લાહ લોકોને તેમની બેઈન્સાફી ઉપર પકડે, જમીન ઉપર એક ચાલનાર ન છોડે પરંતુ તેમને એક નિશ્ચિત સમય સુધી ઢીલ આપે છે, પછી જ્યારે તેમનો વાયદો આવી પહોંચશે એક ઘડી ન પાછળ સરકી શકશે અને ન જ આગળ સરકી શકશે. (૬૧) અને અલ્લાહના માટે ઠરાવે છે જેને પોતાનું મન પણ ન ઈચ્છે ? અને તેમની જીભ જૂઠ વર્ણન કરે છે કે તેમના માટે ભલાઈ છે, આવશ્યક છે કે તેમના માટે આગ છે અને તેઓ (આગળ) વધારવામાં આવી રહ્યા છે. (૬૨) અલ્લાહની કસમ ! અમે તમારાથી પહેલાં વિવિધ વર્ગોમાં રસૂલ મોકલ્યા, પછી શયતાને તેમને તેમના કામ સારા કરીને બતાવ્યા, બસ આજે તે જ તેમનો મિત્ર છે અને તેમના માટે દર્દનાક અઝાબ છે. (૬૩) અને અમે તમારા ઉપર એ જ કારણે કિતાબ ઉતારી કે તમે તેમને તે વસ્તુ ખોલીને સંભળાવી આપો કે જેમાં ઝઘડી રહ્યા છે અને સીધો માર્ગ સૂઝાડવા માટે અને ઈમાન લાવનારાઓની બખ્શીશ માટે. (૬૪) અને અલ્લાહે આસમાનથી પાણી ઉતાર્યું, પછી તેનાથી જમીન સજીવન કરી તેના મરી ગયા પછી, તેમાં તે લોકો માટે નિશાની છે જેઓ સાંભળે છે. (૬૫)

તફસીર :

અને જો અલ્લાહ તઆલા (અત્યાચારી) લોકો ઉપર તેમના અત્યાચાર (એટલે કે કુફ્ર અને શિર્ક)ના કારણે (તાત્કાલિક દુનિયામાં બધી) પકડ કરે તો જમીનની સપાટી ઉપર કોઈ (હલન–ચલન અને) ગતિ કરનારને ન છોડે (બલકે બધા જ હલાક કરી નાંખવામાં આવે) પરંતુ (તાત્કાલિક પકડ કરતો નથી બલકે) એક નિશ્ચિત સમય સુધી મહોલત આપી રહ્યો છે (જેથી જો કોઈ તવબહ કરવા

ઈચ્છે તો શકયતા બાકી રહે છે) પછી જ્યારે તેનો (તે) નક્કી સમય (નિકટ) આવી પહોંચશે તે સમયે એક ઘડી ન (તેનાથી) પાછળ હટી શકશે અને ન જ આગળ વધી શકશે (બલકે તાત્કાલિક સજા થઈ જશે) અને અલ્લાહ તઆલા માટે તેઓ એ બાબત ઠરાવે છે જેને પોતે (પોતાના માટે) નાપસંદ કરે છે (જેમકે ઉપર આવ્યું છે, (وَيَجْعَلُوْنَ لِلّٰهِ الْبَنَاتِ) અને (પછી) તેના ઉપર પોતાની જીદથી જૂઠા દા'વા કર્યે જાય છે કે તેમના (એટલે કે અમારા) માટે (કયામતના દિવસે) દરેક પ્રકારની ભલાઈ છે (અલ્લાહ તઆલા ફરમાવે છે કે, ભલાઈ તો કયાંથી હોય બલકે,) જરૂરી બાબત છે કે તેમના માટે (કયામતના દિવસે) દોઝખ છે અને બેશક ! તે લોકો (દોઝખમાં) સૌથી પહેલાં મોકલવામાં આવશે. (હે મુહમ્મદ ﷺ! તમે તેમના કુફ્ર અને અજ્ઞાનતા ઉપર કંઈ ગમ ન કરો કારણ કે,) તમારા (યુગ)થી અગાઉ જે ઉમ્મતો ગુઝરી ચૂકી છે તેમની પાસે પણ અમે રસૂલો મોકલ્યા હતા (જેમકે તમે તેમની પાસે મોકલવામાં આવ્યા છો) બસ, (જે પ્રમાણે આ લોકો પોતાના કુફ્રની વાતને પસંદ કરે છે અને તેના ઉપર કાયમ છે એ જ પ્રમાણે) તેમને પણ શયતાને તેમના (કુફ્રિય્યહ) અમલો શણગારીને બતાવ્યા, બસ તે (શયતાન) આજે (એટલે કે દુનિયામાં) તેમનો મિત્ર છે (એટલે કે મિત્ર હતો કે તેમને બહેકાવતો-શિખવાડતો હતો, બસ દુનિયામાં તો તેમને આ નુકસાન થયું) અને (પછી કયામતમાં) તેમના માટે કષ્ટદાયક સજા (નક્કી) છે, (મતલબ કે આ ઉપસ્થિત લોકો પણ તે જ અગાઉના લોકોની જેમ કુફ્ર કરી રહ્યા છે અને તેમની જ જેમ તેમને પણ સજા થશે, તમે શા માટે ગમમાં પડો ?) અને અમે તમારા ઉપર આ કિતાબ (જેનું નામ "કુર્આન" છે એ કારણે નાઝિલ નથી કર્યું કે બધાનું હિદાયત ઉપર લાવવું તમારી જવાબદારી હોય કે અમુકને હિદાયત ન મળવાના કારણે તમે ગમગીન થઈ જાઓ, બલકે) માત્ર એ માટે ઉતારી છે કે (દીનના) જે હુકમોમાં લોકો મતભેદ કરી રહ્યા છે (દાખલા તરીકે તવહીદ અને હરામ અને હલાલના હુકમોમાં) તમે (સામાન્ય) લોકો ઉપર તેને જાહેર કરી આપો (કુર્આનનો આ લાભ સર્વસામાન્ય છે) અને ઈમાનવાળાઓની (ખાસ સ્વરૂપે) હિદાયત અને રહેમત હેતુ (નાઝિલ કર્યું છે, આ બાબત અલ્લાહ તઆલાની કૃપાથી પ્રાપ્ત થઈ છે) અને અલ્લાહ તઆલાએ આસમાનથી પાણી વરસાવ્યું પછી તેનાથી જમીનને તેના મૃત થઈ ગયા પછી જીવંત કરી (એટલે કે તેના વેરાન

અને સુકાઈ જવાથી કમજોર થઈ ગઈ હતી તેને વનસ્પતિ ઉગાડવાની શક્તિ આપી), આ (પ્રસ્તુત બાબત)માં એવા લોકો માટે (તવહીદની અને તે નેઅ્મત હોવાની) મોટી દલીલ છે જે (ધ્યાન આપી સત્યના સંશોધન માટે આ વાતોને) સાંભળે છે.

આયત : (સૂરએ નહ્લ : આયત નં. ૬૬)

وَإِنَّ لَكُمْ فِي الْأَنْعَامِ لَعِبْرَةً ۖ نُّسْقِيكُم مِّمَّا فِي بُطُونِهِ مِن بَيْنِ فَرْثٍ وَدَمٍ لَّبَنًا

خَالِصًا سَائِغًا لِّلشَّارِبِينَ ﴿٦٦﴾

તરજુમો :

અને તમારા માટે પશુઓમાં ઈબ્રત (બોધપાઠ) છે, તમને પીવાડે છે તેના પેટની વસ્તુઓમાંથી છાણ અને લોહીની વચ્ચમાંથી સ્વચ્છ ખુશગવાર (આહ્લાદક) દૂધ પીનારાઓ માટે. (૬૬)

તફસીર :

અને (વળી) તમારા માટે પશુઓમાં પણ વિચારવા જેવું છે, (જુઓ) તેમના પેટમાં જે છાણ અને લોહી(નો માદ્દહ) છે તેની વચ્ચેથી (દૂધનો માદ્દહ કે એક હિસ્સો લોહીનો છે હજમ થયા પછી તેને અલગ કરી તેના થાન એટલે કે આંચળમાં તેનો રંગ બદલીને) સ્વચ્છ અને ગળામાં સહેલાઈથી ઊતરનાર દૂધ (બનાવીને) અમે તમને પીવા માટે આપીએ છીએ.

મસ્અલા અને બોધપાઠ :

بُطُونِهِ (બુતૂનિહી)નું સર્વનામ اَنْعَام (અન્આમ) તરફ પાછું ફરે છે, શબ્દ اَنْعَام (અન્આમ) સ્ત્રીવાચક બહુવચન હોવાનો તકાદો એ હતો કે بُطُونِهَا (બુતૂનિહા) કહેવામાં આવ્યું હોત, જેમકે સૂરએ મુઅ્મિનિનમાં આ જ રીતે ફરમાવવામાં આવ્યું છે نُسْقِيكُم مِّمَّا فِي بُطُونِهَا (૨૩:૨૧)

કુર્તુબીએ તેનો ખુલાસો એ લખ્યો છે કે સૂરએ મુઅ્મિનીનમાં બહુવાચક અર્થની રિઆયત કરીને સ્ત્રીવાચક સર્વનામ લાવવામાં આવ્યું અને સૂરએ

નહ્લમાં બહુવચનની રિઆયતથી સર્વનામ પુરુષવાચક ઉપયોગ થયું અને અરબના રૂઢિપ્રયોગોમાં એના અસંખ્ય દાખલાઓ મોજૂદ છે કે બહુવચનના શબ્દ તરફ એકવચનના સર્વનામને વાળવામાં આવે છે.

છાણ અને લોહીની વચ્ચેથી સ્વચ્છ દૂધ કાઢવા વિશે હઝરત અબ્દુલ્લાહ ઇબ્ને અબ્બાસ (રદિ.)એ ફરમાવ્યું કે પશુઓ જે ઘાસ ખાય છે જ્યારે તે તેના કોઠામાં ભેગું થઈ જાય છે તો તે કોઠો તેનું પાચન કરે છે, કોઠાની આ પ્રવૃત્તિથી ખોરાકનો પાચન ન થયો હોય તે ભાગ અલગ થઈ જાય છે અને દૂધ અલગ થઈ જાય છે અને તેમાંથી લોહી પણ અલગ થઈ જાય છે, પછી કુદરત આ કાર્ય લીવર (યકૃત)ને સોંપે છે કે આ ત્રણે પ્રકારોને શરીરના અલગ-અલગ અવયવોમાં વહેંચી આપવામાં આવે છે, લોહીને અલગ કરીને નસોમાં પહોંચાડી દેવામાં આવે છે, દૂધને અલગ કરીને પશુના થાનો (આંચળ)માં પહોંચાડી દેવામાં આવે છે અને હવે કોઠામાં ફક્ત અ-પચેલો ખોરાક બાકી રહી જાય છે જે છાણ સ્વરૂપે બહાર નીકળે છે.

મસ્અલો :

આ આયતથી જાણ થઈ કે સ્વાદિષ્ટ અને મીઠું ખાવાનો ઉપયોગ زُهْـــد "ઝુહ્દ" (જીવન જીવવાની તે પદ્ધતિ છે જેમાં આદર્શ આધ્યાત્મિક પવિત્રતા મેળવવા માટે દુનિયવી આનંદ-પ્રમોદથી દૂર રહેવામાં આવે છે)ના વિરુદ્ધ નથી, જ્યારે કે તેને હલાલ પદ્ધતિથી પ્રાપ્ત કરવામાં આવી હોય અને તેમાંથી ફુઝૂલખર્ચી કરવામાં ન આવે અથવા માલને વ્યર્થ રીતે વેડફવામાં ન આવે, હઝરત હસન બસરી (રહ.)એ એવું જ કહ્યું છે. *(કુર્તુબી)*

મસ્અલો :

રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, "જ્યારે તમે કોઈ ભોજન આરોગો તો આ કહો اَللّٰهُمَّ بَارِكْ لَنَا فِيْهِ وَاَطْعِمْنَا خَيْرًا مِّنْهُ (એટલે કે, યા અલ્લાહ ! તેમાં અમારા માટે બરકત અર્પણ કર અને હવે પછી તેનાથી સારું ભોજન અર્પણ કર) અને..... ફરમાવ્યું કે જ્યારે દૂધ પીઓ તો આ કહો, اَللّٰهُمَّ بَارِكْ لَنَا فِيْهِ وَزِدْنَا مِنْهُ (એટલે કે, હે અલ્લાહ ! અમારા માટે તેમાં બરકત આપ અને વધારે અર્પણ કર)." તેનાથી ઉત્તમનો સવાલ એટલા માટે નથી કર્યો કે માણસના ખોરાકમાં

દૂધથી ઉત્તમ કોઈ બીજો ખોરાક નથી, એટલા માટે કુદરતે દરેક મનુષ્યને પશુ માટે તેનો પ્રથમ ખોરાક દૂધ જ બનાવ્યો છે જે માતા દ્વારા તેને મળે છે. *(કુર્તુબી)*

આયત : (સૂરએ નહ્લ : આયત નં. ૬૭)

وَمِنْ ثَمَرٰتِ النَّخِيْلِ وَالْاَعْنَابِ تَتَّخِذُوْنَ مِنْهُ سَكَرًا وَّرِزْقًا حَسَنًا ؕ اِنَّ فِىْ ذٰلِكَ لَاٰيَةً لِّقَوْمٍ يَّعْقِلُوْنَ ﴿٦٧﴾

તરજુમો :

અને મેવાઓથી ખજૂરના અને દ્રાક્ષના તેનાથી નશો બનાવો છો અને ખાસ્સી રોજી, એમાં તે લોકો માટે નિશાની છે જેઓ સમજે છે. (૬૭)

તફસીર :

અને (વળી) ખજૂર અને દ્રાક્ષ(માં વિચાર કરવો જોઈએ કે તે)ના ફળોથી તમે લોકો નશાની વસ્તુઓ અને ઉમદા ખાવાની વસ્તુઓ (જેમકે સુરમો, કિસ્મીસ, શરબત અને સુરખો વગેરે) બનાવો છો, બેશક ! તેમાં (પણ તવહીદ અને નેઅ્મત હોવાની) તે લોકો માટે મોટી દલીલ છે જેઓ (સારી) બુદ્ધિ ધરાવે છે.

મસ્અલા અને બોધપાઠ :

પાછલી આયતોમાં અલ્લાહ તઆલાની તે નેઅ્મતોનું વર્ણન હતું જેમાં મનુષ્યનો ખોરાક પેદા કરવામાં કુદરતની આશ્ચર્યજનક કારીગીરી દષ્ટિગોચર થાય છે, તેમાં પ્રથમ દૂધનું વર્ણન કર્યું જેને કુદરતે પશુઓના પેટમાં લોહી તથા અપાચ્ય ખોરાક (છાણ)થી અલગ કરીને તથા સ્વચ્છ અને ચોખ્ખો ખોરાક મનુષ્ય માટે અર્પણ કરી દીધો જેમાં મનુષ્યને કોઈ વિશેષ કારીગીરીની આવશ્યકતા નથી, એટલા માટે અહીંયાં શબ્દ نُسْقِيْكُمْ (નુસ્કીકુમ) ઉપયોગ કરવામાં આવ્યો, એટલે કે "અમને દૂધ પિવડાવ્યું."

ત્યારબાદ ફરમાવ્યું કે ખજૂર અને દ્રાક્ષના અમુક ફળોમાંથી પણ મનુષ્ય પોતાનો ખોરાક અને લાભદાયક વસ્તુઓ બનાવે છે, તેમાં ઈશારો એ તરફ છે કે

ખજૂર અને દ્રાક્ષના ફળોથી પોતાનો ખોરાક અને લાભની વસ્તુઓ બનાવવામાં મનુષ્યની કારીગીરીની પણ અમુક હદે દખલગીરી છે અને આ જ દખલગીરીના પરિણામે તેમાંથી બે પ્રકારની વસ્તુઓ બનાવવામાં આવી, એક નશાકારક વસ્તુ જેને દારૂ અથવા શરાબ કહેવામાં આવે છે અને બીજી સારી રોજી, એટલે કે ઉત્તમ રોજી જેમકે ખજૂર અને દ્રાક્ષને તાજી–તાજી ખાવામાં ઉપયોગ થાય છે અથવા તેને સૂકવીને તેનો સંગ્રહ કરી લેવામાં આવે છે. હેતુ એ છે કે અલ્લાહ તઆલાએ પોતાની સંપૂર્ણ કુદરતથી ખજૂર અને દ્રાક્ષના ફળો મનુષ્યને આપ્યા અને તેનાથી પોતાનો ખોરાક વગેરે બનાવવાનો અધિકાર પણ આપ્યો, હવે એ તેની મરજી છે કે તેનાથી તે શું બનાવે ? નશાકારક દ્રવ્ય બનાવીને બુદ્ધિને ખરાબ કરે અથવા પછી તેને ખોરાક બનાવીને તેનાથી શક્તિ પ્રાપ્ત કરે.

આ તફસીર પ્રમાણે આ આયતથી નશાકારક વસ્તુ એટલે કે શરાબ હલાલ હોવાની કોઈ દલીલ નથી બની શકતી, કારણ કે અહીંયાં હેતુ અલ્લાહની નેઅ્મતો અને તેના ઉપયોગના વિવિધ સ્વરૂપોનું વર્ણન કરવાનો છે જે દરેક પરિસ્થિતિમાં અલ્લાહની નેઅ્મત છે, જેમકે બધો જ ખોરાક અને મનુષ્યને લાભ પહોંચાડતી વસ્તુઓ કે તેનો ઘણા લોકો નાજાઇઝ પદ્ધતિઓ ઉપર પણ ઉપયોગ કરે છે પરંતુ કોઈના દુરુપયોગથી મૂળ નેઅ્મત એ નેઅ્મત તરીકે રદ નથી થઈ જતી એટલા માટે અત્રે એ વિગત બતાવવાની આવશ્યકતા નથી કે તેમાં કયો ઉપયોગ હલાલ છે અને કયો હરામ ? એટલે સુધી કે એક રસપ્રદ ઈશારો તેમાં એ તરફ પણ કરવામાં આવ્યો છે કે, سَکَرً (સકર)નો વિરુદ્ધાર્થી رِزْقٍ حَسَنً (રિઝ્કે હસન) મૂકવામાં આવ્યો જેનાથી જાણ થઈ કે "સકર" સારી રોજી નથી, "સકર"નો અર્થ જમહૂર વિવરણકાર ઉલમાના મતે "નશાકારક દ્રવ્ય" થાય છે. (અમુક ઉલમાએ તેનો અર્થ સુરખો અથવા જેનાથી નશો નથી ચઢતો પરંતુ ઊંઘ આવે છે તે કર્યો છે, પરંતુ આ સ્થળે તે મતભેદો નકલ કરવાની આવશ્યકતા નથી.)

(રૂહુલ મઆની, કુર્તુબી, જસ્સાસ)

આ આયતો સમગ્ર ઉમ્મતની સહમતીથી મક્કી આયતો છે અને દારૂનું હરામ થવું ત્યારબાદ મદીના તય્યિબહમાં નાઝિલ થયું, આયત નાઝિલ થવાના સમયે જો કે શરાબ હરામ થઈ ન હતી અને અમુક મુસલમાનોને સામાન્ય રીતે તેની ટેવ હતી પરંતુ તે સમયે પણ આ આયતમાં ઈશારો એ તરફ કરવામાં આવ્યો

કે તેનું પીવું સારું નથી, પાછળથી સ્પષ્ટ રીતે ખૂબ સખ્તી સાથે હરામ ઠરાવવા માટે કુર્આનના હુકમો નાઝિલ થયા. *(જસ્સાસ અને કુર્તુબીમાંથી)*

આયતો : (સૂરએ નહ્લ : આયત નં. ૬૮-૬૯)

وَاَوْحٰى رَبُّكَ اِلَى النَّحْلِ اَنِ اتَّخِذِىْ مِنَ الْجِبَالِ بُيُوْتًا وَّمِنَ الشَّجَرِ وَمِمَّا يَعْرِشُوْنَ ﴿٦٨﴾
ثُمَّ كُلِىْ مِنْ كُلِّ الثَّمَرٰتِ فَاسْلُكِىْ سُبُلَ رَبِّكِ ذُلُلًا ۗ يَخْرُجُ مِنْۢ بُطُوْنِهَا شَرَابٌ
مُّخْتَلِفٌ اَلْوَانُهٗ فِيْهِ شِفَآءٌ لِّلنَّاسِ ۗ اِنَّ فِىْ ذٰلِكَ لَاٰيَةً لِّقَوْمٍ يَّتَفَكَّرُوْنَ ﴿٦٩﴾

તરજુમો :

અને તમારા પરવરદિગારે મધની માંખીને હુકમ આપ્યો કે પહાડોમાં ઘર (મધપૂડો) બનાવે અને વૃક્ષોમાં અને જ્યાં માંડવા બાંધવામાં આવે છે. (૬૮) પછી દરેક પ્રકારના મેવાઓ (ફળો)માંથી ખા, પછી પોતાના પરવરદિગારના સહેલા માર્ગો ઉપર ચાલ, તેમના પેટમાંથી પીવાની વસ્તુ નીકળે છે જેના વિવિધ રંગો છે, તેમાં લોકોની બીમારી સારી થાય છે, તેમાં તે લોકો માટે નિશાની છે જેઓ ધ્યાન આપે છે. (૬૯)

તફસીર :

અને (એ વાત પણ વિચાર કરવાપાત્ર છે કે) તમારા પરવરદિગારે મધની માંખીને એ વાત બતાવી દીધી કે પહાડોમાં ઘર (એટલે કે મધપૂડા) બનાવી લે અને વૃક્ષોમાં (પણ) અને લોકો જે ઈમારતો બનાવે છે તેમાં (પણ મધપૂડા લગાવી લે એટલા માટે આ બધા સ્થળોએ મધપૂડા બાંધે છે) પછી દરેક પ્રકારના (વિવિધ) ફળોમાંથી (જે તને મનપસંદ હોય) ચૂંસતી ફર, ત્યારબાદ (ચૂંસીને મધપૂડા તરફ પાછી આવવા માટે) પોતાના પરવરદિગારના માર્ગોમાં ચાલ જે (તારા માટે ચાલવાના આધારે યાદ રાખવું) સરળ છે, (એટલા માટે મધમાંખી ઘણે દૂર-દૂરથી પોતાના મધપૂડાએ પાછી આવે છે પછી જ્યારે ફળોનો રસ ચૂંસીને પોતાના મધપૂડા તરફ પાછી આવે છે ત્યારે) તેના પેટમાંથી પીવાની એક પ્રકારની વસ્તુ નીકળે છે (એટલે કે મધ) જેના વિવિધ રંગો હોય છે તેમાં લોકો(ની

ઘણી બધી બીમારીઓ) માટે ઉપચાર છે, એમાં (પણ) તે લોકો માટે (તવહીદની અને નેઅ્મત હોવાની) મોટી નિશાનીઓ છે જેઓ વિચાર કરે છે.

મસ્અલા અને બોધપાઠ :

اَوۡحٰی (અવહા) અત્રે આ શબ્દ એટલે કે "વહી" પોતાના મૂળ પારિભાષિક અર્થમાં નથી બલકે શાબ્દિક અર્થમાં છે, તે એ કે સંબોધક જ્યારે શ્રોતાને ખાસ વાત ગુપ્તતાથી એ રીતે સમજાવી આપે કે બીજો વ્યક્તિ તેની વાતને સમજી ન શકે.

اَلنَّحۡل (અન્નહ્લ) મધમાખી પોતાની બુદ્ધિ, સમજદારી તથા શ્રેષ્ઠ યોજનાઓના આધારે બધા જ જીવજંતુઓમાં શ્રેષ્ઠ સજીવ છે, એટલા માટે અલ્લાહે તેને સંબોધન પણ વિશિષ્ટ પ્રકારનું કર્યું છે, અમુક પશુઓ કે જીવજંતુઓ વિશે એક સામૂહિક કાયદા સ્વરૂપે اَعۡطٰی کُلَّ شَیۡءٍ خَلۡقَهٗ ثُمَّ هَدٰی (૨૦:૫૦) ફરમાવ્યું પરંતુ આ નાની મખ્લૂક વિશે ખાસ કરીને اَوۡحٰی رَبُّکَ ફરમાવ્યું, જેમાં ઈશારો એ વાત તરફ કરી આપ્યો કે આ બીજા જાનવરો કે જીવજંતુઓ કરતાં બુદ્ધિ અને સમજદારી કે સૂઝબૂઝમાં એક વિશિષ્ટ દરજ્જો ધરાવે છે.

મધમાખીઓની સમજદારી અને બુદ્ધિનો અંદાજો તેની સમાજ વ્યવસ્થાથી ઘણી સારી રીતે લગાવી શકાય છે, આ કમજોર પ્રાણીની સામાજિક જિંદગી મનુષ્યની શાસનપ્રણાલી કે સત્તાના સિદ્ધાંતો જેવી ચાલે છે, બધી જ વ્યવસ્થા એક મોટી માખ (રાણી)ના હાથમાં હોય છે જે બધી માખીઓની શાસક હોય છે, તેની વ્યવસ્થા અને કામની વહેંચણીના કારણે સંપૂર્ણ વ્યવસ્થા વ્યવસ્થિત રીતે ચાલતી રહે છે, તેની આશ્ચર્યજનક વ્યવસ્થા અને ખૂબ સુગ્રથિત કાયદાઓ અને નિયમોને જોઈને મનુષ્યની બુદ્ધિ દંગ રહી જાય છે, પોતે આ રાણી (માખ) ત્રણ અઠવાડિયાઓની મુદ્દતમાં છ હજારથી બાર હજાર જેટલા ઈંડાઓ આપે છે, પોતાની ક્ષમતા અને તેની શક્તિના આધારે બીજી માખીઓ કરતાં વિશિષ્ટ હોય છે, બલકે તે કામની વહેંચણીના સિદ્ધાંત ઉપર પોતાની રય્યતની વિવિધ કામો ઉપર નિમણૂક કરે છે, તેમાંથી અમુક ચોકીદારીની ફરજ અદા કરે છે અને કોઈ અજાણ્યા અથવા બહારના જીવને અંદર પ્રવેશવા નથી દેતી, અમુક ઈંડાઓની સુરક્ષા કરે છે, અમુક નાના બચ્ચાઓનું પાલન-પોષણ કરે છે, અમુક મધપૂડો

ચણવાનું અને એન્જિનિયરીંગની ફરજ અદા કરે છે અને તેના તૈયાર કરેલા મોટાભાગના મધપૂડાઓના ખાનાઓ વીસ હજારથી લઈ ત્રીસ હજાર હોય છે, અમુક મીણ ભેગું કરીને આ મધપૂડો ચણનાર માખીઓ પાસે પહોંચાડતી રહે છે જેનાથી તે પોતાના મધપૂડા તૈયાર કરે છે, આ મીણ વનસ્પતિ ઉપર જામેલા સફેદ પ્રકારના રસમાંથી પ્રાપ્ત કરવામાં આવે છે, શેરડી ઉપર આ પદાર્થ વધારે જોવા મળે છે, તેમાંથી અમુક વિવિધ પ્રકારના ફૂલો અને ફળો ઉપર બેસીને તેને ચૂંસે છે જે તેમના પેટમાં મધમાં પરિવર્તિત થઈ જાય છે અને તે ઘણી દવા તથા બીમારીઓના ઉપચારનો નુસ્ખો છે, આ વિવિધ પાર્ટીઓ અત્યંત ઉત્સાહ અને ખંતથી પોત-પોતાની ફરજો પૂર્ણ કરે છે અને પોતાની રાણી (માખ)ના હુકમને દિલોજાનથી સ્વીકારે છે, તેમનામાં જો કોઈ ગંદકી ઉપર બેસી જાય તો મધપૂડાના ચોકીદાર તેને બહાર જ રોકી લે છે બલકે તેને મારી નાંખે છે, તેમની આ આશ્ચર્યજનક વ્યવસ્થા અને વ્યવસ્થિત સમાજ રચનાને જોઈને મનુષ્ય સ્તબ્ધ બની જાય છે. *(અલ જવાહિર)*

بُيُوتًا (બુયૂતન) اَوْحٰى رَبُّكَ (અવહા રબ્બુક)થી જે માર્ગદર્શન આપવામાં આવ્યું છે તેમાંથી પ્રથમ આ માર્ગદર્શન છે જેમાં ઘર બનાવવાનું વર્ણન છે, અત્રે એ વાત વિચારપાત્ર છે કે દરેક પ્રાણી પોતાના રહેવા-સહેવા માટે ઘર તો બનાવે છે પરંતુ એ કાળજીથી ઘરોના બાંધકામનો હુકમ મધમાખીઓને આપવામાં શું વિશેષતા છે ? પછી અહીંયાં શબ્દ بُيُوتٌ (બુયૂત)નો પણ ઉપયોગ થયો છે જે સામાન્ય રીતે મનુષ્યના રહેઠાણ માટે બોલવામાં આવે છે, તેનાથી એ તરફ ઈશારો કરવામાં આવ્યો છે કે માખીઓ મધ તૈયાર કરે છે એ કારણે પ્રથમ એક સુરક્ષિત ઘર બનાવી લે, બીજું તે તરફ ઈશારો છે કે જે ઘર તે બનાવશે તે સામાન્ય પ્રાણીઓના ઘરોની જેમ નહીં હોય બલકે તેની બનાવટ અને બાંધણી અસામાન્ય પ્રકારની હશે, એટલા માટે તેમના ઘર સામાન્ય પ્રાણીઓના ઘરથી વિશિષ્ટ હોય છે જેને જોઈને મનુષ્યની બુદ્ધિ પણ આશ્ચર્યચકિત્ થઈ જાય છે, તેમના ઘર (મધપૂડા)માંના ખાનાઓ છ ખૂણ્યા આકારના હોય છે, જો તેમનું માપ લેવામાં આવે તો તેમાં લેશમાત્ર ફરક હોતો નથી, છ ખૂણ્યા આકાર સિવાય તે ચોરસ અથવા ષત્કોણ વગેરે મધપૂડો એટલા માટે નથી બનાવતી કે તેમાં અમુક ખાનાંઓ બેકાર રહી જાય છે.

અલ્લાહ તઆલાએ મધમાખીઓને માત્ર ઘર બનાવવાનો હુકમ નથી આપ્યો બલકે તેનું સ્થાન અને જગ્યા પણ બતાવી આપી કે તે કોઈ ઊંચાઈ ઉપર હોવું જોઈએ, કારણ કે એવા સથળોએ મધને તાજી અને સ્વચ્છ હવા મળતી રહે છે અને તે ગંદકી વગેરેથી સુરક્ષિત રહે છે તથા તોડફોડથી પણ રક્ષણ થાય છે, એટલા માટે ફરમાવ્યું,

مِنَ الْجِبَالِ وَمِنَ الشَّجَرِ وَمِمَّا يَعْرِشُوْنَ એટલે કે, તેમના ઘરોનું બાંધકામ પહાડો, વૃક્ષો અને ઊંચી ઈમારતો ઉપર હોવું જોઈએ જેથી મધ બિલકુલ સુરક્ષિત પદ્ધતિએ તૈયાર થઈ શકે.

ثُمَّ كُلِي مِنْ كُلِّ الثَّمَرٰتِ આ બીજું માર્ગદર્શન છે જેમાં મધમાખીને હુકમ આપવામાં આવી રહ્યો છે કે તે પોતાના મનપસંદ ફળ-ફૂલ વગેરેનો રસ ચૂંસે. અહીંયાં مِنْ كُلِّ الثَّمَرٰتِ ફરમાવ્યું પરંતુ દેખીતી રીતે અત્રે શબ્દ كُلِّ (કુલ્લિ)નો ભાવાર્થ દુનિયાભરના ફળ-ફૂલ નથી, બલકે જ્યાં સુધી સહેલાઈથી તેની પહોંચ હોય અને તે પોતાનો હેતુ પ્રાપ્ત કરી શકે. "કુલ્લિ"નો આ શબ્દ સબાની રાણીના કિસ્સામાં પણ ઉલ્લેખાયો છે. وَاُوْتِيَتْ مِنْ كُلِّ شَيْءٍ અને દેખીતું છે કે અહીંયાં પણ આ શબ્દ "સંપૂર્ણ" અથવા "સમગ્ર"ના ભાવાર્થ તરીકે નથી કે સબાની રાણી પાસે હવાઈ જહાઝ, રેલગાડી કે મોટરકાર પણ હોવી જરૂરી હોય, બલકે તે સમયની બધી જ આવશ્યક અને યોગ્ય વસ્તુઓ ભાવાર્થ તરીકે છે, અત્રે પણ مِنْ كُلِّ الثَّمَرَاتِ નો આ જ ભાવાર્થ છે, આ માખી એવા-એવા સ્વાદિષ્ટ અને કિંમતી રસ ચૂંસે છે કે આજે આધુનિક વૈજ્ઞાનિક યુગમાં યંત્રો પણ તે કાર્ય કરી શકતા નથી.

فَاسْلُكِىْ سُبُلَ رَبِّكِ ذُلُلًا મધમાખીને આ ત્રીજા પ્રકારની સૂચના આપવામાં આવી રહી છે કે પોતાના પરવરદિગારના સમથળ કરેલા માર્ગો ઉપર ચાલે, એ જ્યારે ઘરેથી દૂર-સુદૂર સ્થળોએ ફળ-ફૂલોનો રસ ચૂંસવા માટે ક્યાંક જાય છે તો દેખીતું છે કે તેનું પોતાના મધપૂડામાં પાછું આવવું કઠિન હોવું જાઈતું હતું પરંતુ અલ્લાહ તઆલાએ માર્ગોને સરળ બનાવી દીધા, એટલા માટે તે માઈલો દૂર જાય છે અને માર્ગ ભૂલ્યા વિના પોતાના મધપૂડામાં પરત આવે છે. અલ્લાહ તઆલાએ અવકાશમાં તેના માટે માર્ગો બનાવી દીધા છે કારણ કે

જમીનની સપાટી ઉપરના વાંકા-ચૂકા માર્ગોમાં ભટકવાનો ભય હોય છે, અલ્લાહ તઆલાએ અવકાશને આ નાની અને અશક્ત મધમાખી માટે કામે લગાડી દીધું જેથી તે કોઈપણ પ્રકારની રોક-ટોક વિના પોતાના મધપૂડામાં સરળતાથી આવાગમન કરી શકે.

ત્યારબાદ વહીના આ હુકમનો જે વાસ્તવિક લાભ હતો તેનો ઉલ્લેખ કર્યો, يَخْرُجُ مِنْ بُطُوْنِهَا شَرَابٌ مُّخْتَلِفٌ اَلْوَانُهٗ فِيْهِ شِفَآءٌ لِّلنَّاسِ એટલે કે, "તેના પેટમાંથી વિવિધ રંગનું પીણું નીકળે છે જેમાં લોકો માટે શિફા (ઉપચાર) છે." રંગની વિવિધતા ખોરાક અને ૠતુની વિવિધતાની બિનાએ હોય છે, એ જ કારણ છે કે જો કોઈ ખાસ વિસ્તારમાં કોઈ ખાસ ફળ-ફૂલ મોટા પ્રમાણમાં હોય તો તે વિસ્તારના મધમાં તેની અસર અને સ્વાદ અવશ્ય હોય છે, મધ સામાન્ય રીતે ઘટ્ટ પ્રવાહી સ્વરૂપે હોય છે એટલા માટે તેને શરાબ (પીવાની વસ્તુ) ફરમાવ્યું, આ વાક્યમાં પણ અલ્લાહ તઆલાની વહ્‌દાનિયત (એકમાત્ર હોવું) અને સંપૂર્ણ કુદરતની સ્પષ્ટ અને ઈન્કાર ન થઈ શકે તેવી દલીલ ઉપસ્થિત છે કે એક નાના સરખા જંતુના પેટમાંથી કેવું લાભકારક અને સ્વાદિષ્ટ પીણું નીકળે છે, જ્યારે કે તે જંતુ પોતે ઝેરીલું છે, ઝેરમાં આ ઉપચાર ખરેખર અલ્લાહ તઆલાની સંપૂર્ણ કુદરતનું આશ્ચર્યજનક ઉદાહરણ છે, ત્યારબાદ કુદરતની એ પણ આશ્ચર્યજનક કારીગરી છે કે દૂધ આપનાર પશુઓના દૂધ ૠતુ અને ખોરાકની વિવિધતાના કારણે લાલ અથવા પીળુ નથી થતું પરંતુ મધમાખીનું મધ વિવિધ રંગોનું બની જાય છે.

فِيْهِ شِفَآءٌ لِّلنَّاسِ મધ જેવી રીતે શક્તિવર્ધક ખોરાક તથા સ્વાદિષ્ટ અને ભોજન માટેનો પદાર્થ છે એ જ પ્રમાણે બીમારીઓ માટે પણ ઉપચાર હોય છે અને તે કેમ ન હોય ! સમગ્ર સૃષ્ટિના સર્જનહારનું આ આશ્ચર્યજનક રસપ્રદ હરતું-ફરતું યંત્ર છે, અનેક પ્રકારના ફળ-ફૂલમાંથી લાભદાયક રસ અને પવિત્ર પ્રવાહી ભેગું કરી પોતાના સુરક્ષિત મધપૂડાઓમાં સંગ્રહ કરે છે, જો જડીબૂટ્ટીઓમાં શિફા અથવા દવાનો સામાન છે તો પછી મધમાં એ ગુણ કેમ ન હોય ! ખાસ કરીને બલગમ (કફ)ના દર્દોમાં સીધે-સીધું તથા અન્ય દર્દોમાં બીજી વસ્તુઓ સાથે મેળવીને દવા સ્વરૂપે મધનો ઉપયોગ થાય છે, હકીમો વિવિધ પ્રકારના મિશ્રણમાં તેને ખાસ ભેળવે છે, તેમાં એક ખાસિયત એ પણ છે કે તે પોતે

બગડતું નથી અને બીજી વસ્તુઓને પણ લાંબા સમય સુધી બગડવા નથી દેતું, એ જ કારણ છે કે હજારો વર્ષોથી પૂર્વના હકીમો તેને આલ્કોહૉલના બદલામાં ઉપયોગ કરતા આવ્યા છે, મધ જુલાબ સ્વરૂપે પણ ઉપયોગ થાય છે અને પેટમાંથી ખરાબ ગંદકી બહાર કાઢીને તેને સાફ કરવામાં ખૂબ લાભદાયક છે, રસૂલે કરીમ ﷺ પાસે એક સહાબીએ પોતાના ભાઈની બીમારીની હાલત વર્ણન કરી તો આપ ﷺએ તેને મધ પીવડાવવાની સલાહ આપી, બીજા દિવસે ફરી આવીને તેણે બતાવ્યું કે હજુ બીમારી જેમની તેમ છે, આપ ﷺએ ફરી તે જ સલાહ આપી, ત્રીજા દિવસે જ્યારે તેણે ફરી તે જ કહ્યું તો આપ ﷺએ ફરમાવ્યું, صَدَقَ اللّٰهُ وَكَذَبَ بَطْنُ اَخِيْكَ એટલે કે, "અલ્લાહનું ફરમાન નિઃશંક! સાચું છે અને તારા ભાઈનું પેટ જૂઠું છે." તેનો ભાવાર્થ એ છે કે તેમાં દવાનો કોઈ વાંક નથી બીમારની ખાસ શારીરિક પ્રકૃતિના કારણે તેનો અસર જલદી દેખાતો નથી, ત્યારબાદ તેણે ફરી તેને પીવડાવ્યું તો અંતે બીમાર તંદુરસ્ત થઈ ગયો.

અહીંયાં કુર્આને કરીમમાં شِفَآءٌ (શિફાઉ) "નુકરહ" (Common Noun) સાબિતી સ્વરૂપે છે જેનાથી તેનું દરેક બીમારી માટે શિફા હોવાની જાણ નથી થતી પરંતુ સામાન્ય રીતે તે શિફા (ઉપચાર) હોવાનો ગુણ-લક્ષણ ધરાવે છે અને અલ્લાહ તઆલાના અમુક દિલવાળા બંદાઓ એવા પણ છે જેમને મધથી કોઈપણ પ્રકારની બીમારી માટે શિફા હોવામાં કોઈ શંકા નથી, તેમણે પોતાના પરવરદિગારના નિવેદનને આ જાહેર અર્થ ઉપર એટલું પાકું યકીન અને મજબૂત ભરોસો કર્યો છે કે ફોલ્લા અથવા આંખોના ઈલાજમાં પણ મધનો ઉપયોગ કરે છે અને અન્ય શારીરિક બીમારીઓમાં પણ !

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.) વિશે રિવાયતમાં છે કે તેમના શરીર ઉપર જો કોઈ ફોલ્લી થતી તો તેઓ તેના ઉપર મધનો લેપ લગાવીને ઈલાજ કરતા હતા, અમુક લોકોએ તેનું કારણ પૂછ્યું તો જવાબમાં ફરમાવ્યું કે શું અલ્લાહ તઆલાએ કુર્આનમાં તેના વિશે આ નથી ફરમાવ્યું ? فِيْهِ شِفَآءٌ لِّلنَّاسِ

(કુર્તુબી)

અલ્લાહ તઆલા પોતાના બંદાઓની સાથે એવો જ વ્યવહાર કરે છે જેવો તે બંદાઓ પોતાના પરવરદિગાર ઉપર ભરોસો રાખે છે, હદીષે કુદસીમાં ફરમાવ્યું, اَنَا عِنْدَ ظَنِّ عَبْدِىْ بِىْ એટલે કે, અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે બંદો જે

કંઈ પણ ગુમાન (ધારણા) રાખે છે હું તેની પાસે હોઉં છું. (એટલે કે તે ધારણા પ્રમાણે કરી આપું છું.)

اِنَّ فِىۡ ذٰلِكَ لَاٰيَةً لِّقَوۡمٍ يَّتَفَكَّرُوۡنَ અલ્લાહ તઆલાએ પોતાની સંપૂર્ણ કુદરતની પ્રસ્તુત ઉચ્ચ કક્ષાની મિસાલો વર્ણન કર્યા પછી મનુષ્યને ચિંતન અને મનનનું આમંત્રણ આપ્યું છે કે કુદરતના આ ઉદાહરણોમાં ચિંતન-મનન કરીને જોઈ લો, અલ્લાહ તઆલા મૃત પૃથ્વી ઉપર પાણી વરસાવીને તેને સજીવન કરી આપે છે, તે નાપાકી અને ગંદકી વચ્ચેથી તમારા માટે સ્વચ્છ અને સ્વાદિષ્ટ દૂધની નળીઓ વહાવે છે, તે દ્રાક્ષ અને ખજૂરના વૃક્ષો ઉપર મીઠા-મીઠા ફળો પેદા કરે છે જેનાથી તમે સ્વાદિષ્ટ શરબત અને મજેદાર મુરબ્બો બનાવો છો, તે એક નાના સરખા ઝેરીલા જંતુ દ્વારા તમારા માટે સ્વાદિષ્ટ મધ તથા ખોરાક અને ઉપચારનો શ્રેષ્ઠ સામાન ઉપલબ્ધ કરાવે છે..... શું હજુપણ તમે દેવી-દેવતાને પોકારો છો !? શું હજુપણ તમારી ઈબાદત અને વફાદારી પોતાના સર્જનહાર માલિકના બદલે પથ્થર અને લાકડાની નિર્જીવ મૂર્તિઓ માટે હશે ? અને સારી પેઠે જાણી લો, શું એ પણ તમારી બુદ્ધિમાં નથી સમાતું ? શું તમે બધા આંધળા થઈ ગયા છો ? બહેરા છો ? શું આ બધું કંઈ આંધળા-બહેરા અને બુદ્ધિવિહીન તત્ત્વનો ચમત્કાર છે ? કલા અને કારીગીરીના આ અસંખ્ય નમૂનાઓ હિકમત અને તદ્બીરના આ આશ્ચર્યજનક કારનામાઓ તથા બુદ્ધિ અને સમજદારીના આ ઉચ્ચતમ્ નિર્ણયો પોતાની જીભથી પોકારી-પોકારીને જાણે કે કહી રહ્યા છે કે અમારો અલ્લાહ એક જ છે, અમારો સર્જનહાર એકમાત્ર છે, તે એકમાત્ર અને મહાન હિકમતવાળો છે, તે સર્જનહાર જ ઈબાદત અને વફાદારીનો હકદાર છે, તે જ મુશ્કેલીઓ દૂર કરનાર છે તથા શુક્ર અને વખાણ તેનો જ અધિકાર છે.

ખુલાસો :

(૧) આ આયતથી જાણ થઈ કે બુદ્ધિ અને સમજદારી મનુષ્ય સિવાય અન્ય પ્રાણીઓમાં પણ હોય છે, وَاِنۡ مِّنۡ شَىۡءٍ اِلَّا يُسَبِّحُ بِحَمۡدِهٖ (૧૭:૪૪) અલબત્ત, બુદ્ધિની કક્ષાઓ વિવિધ પ્રકારની છે, મનુષ્યની બુદ્ધિ બધા જ સજીવોની અક્કલ કરતા વધારે સંપૂર્ણ હોય છે એ જ કારણે તેને શરીઅતના હુકમોનો જવાબદાર ઠરાવવામાં આવ્યો, એ જ કારણ છે કે જો ગાંડપણના કારણે કોઈ મનુષ્યની બુદ્ધિ નાશ પામે તો અન્ય મખ્લૂકોની જેમ તે પણ શરીઅતનો જવાબદાર નથી રહેતો.

(૨) મધમાખીની એક વિશિષ્ટતા એ પણ છે કે તેની ફઝીલત (શ્રેષ્ઠતા)માં હદીષ આવી છે, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું,

اَلذُّبَّانُ كُلُّهَا فِى النَّارِ يَجْعَلُهَا عَذَابًا لِاَهْلِ النَّارِ اِلَّا النَّحْلُ، (نَوَادِرُالْاُصُوْلِ بِحَوَالَهٗ قُرْطُبِى)

"બધી જ માખીઓ જહન્નમમાં જશે (અન્ય ઈજા પહોંચાડનાર પ્રાણીઓની જેમ) તેઓ ત્યાં જહન્નમમાં નિવાસીઓ ઉપર અઝાબ સ્વરૂપે થોપવામાં આવશે પરંતુ મધમાખી જહન્નમમાં જશે નહીં." *(નવાદિરુલ ઉસૂલિ, કુર્તુબીના હવાલાથી)*

વળી એક અન્ય હદીષમાં રસૂલે કરીમ ﷺએ તેમને મારવાની મનાઈ કરી છે. *(અબૂ દાવુદ)*

(૩) તબીબોનું એ વિશે નિવેદન છે કે મધ એ મધમાખીનો કચરો છે અથવા તો તેની લાળ ! એરિસ્ટોટલે એક કાચનો સુંદર મધપૂડો બનાવીને તેમાં મધમાખીઓને બંધ કરી દીધી હતી, આ રીતે તે તેમના વ્યવસ્થાપનતંત્ર વિશે જાણવા ઈચ્છતો હતો પરંતુ એ મધમાખીઓએ સૌ પ્રથમ વાસણની અંદરની સપાટી ઉપર મીણનું પડ ચઢાવી દીધું અને જ્યાં સુધી સંપૂર્ણ રીતે તે પડ ચઢી ન ગયું તે સમય સુધી તેમણે પોતાનું કાર્ય શરૂ ન કર્યું.

હઝરત અલી કર્રમલ્લાહુ વજ્હહુએ દુનિયા તુચ્છ હોવાના ઉદાહરણ સ્વરૂપે ફરમાવ્યું,

اَشْرَفُ لِبَاسِ بَنِىْ اٰدَمَ فِيْهِ لُعَابُ دُوْدَةٍ وَاَشْرَفُ شَرَابِهٖ رَجِيْعُ نَحْلَةٍ،

"મનુષ્યનો શ્રેષ્ઠ રેશમી પોષાક આ સૃષ્ટિના એક નાના જંતુની લાળ છે અને તેનું સ્વાદિષ્ટ અને આહ્‌લાદક પીણું મધમાખીનો ફૂઝ્‌લો (Waste) છે."

(૪) فِيْهِ شِفَآءٌ لِّلنَّاسِ થી એ પણ જાણ થઈ કે દવા વડે બીમારીનો ઈલાજ કરવો જાઈઝ છે એટલા માટે અલ્લાહ તઆલાએ તેને ઈનામ સ્વરૂપે વર્ણન કર્યું છે.

બીજા સ્થળે ઈરશાદ છે, وَنُنَزِّلُ مِنَ الْقُرْاٰنِ مَا هُوَ شِفَآءٌ وَّرَحْمَةٌ لِّلْمُؤْمِنِيْنَ (૧૭:૮૨) હદીષમાં દવા ઉપયોગ કરવાની અને ઈલાજ કરાવવાની પ્રેરણા આપવામાં આવી છે, નબીએ કરીમ ﷺને અમુક લોકોએ પ્રશ્ન કર્યો કે શું અમે

દવાનો ઉપયોગ કરીએ ? આપ ﷺએ ફરમાવ્યું, કેમ નહીં ! ઈલાજ કર્યા કરો. એટલા માટે કે અલ્લાહે જે પણ બીમારી પેદા કરી છે તેના માટે દવા પણ પેદા કરી છે પરંતુ એક બીમારીનો ઈલાજ નથી, તેમણે સવાલ કર્યો, તે બીમારી કઈ છે? આપ ﷺએ ફરમાવ્યું, ઘડપણ. *(અબૂ દાવુદ, તિરમિઝી અને કુર્તુબીના હવાલાથી)*

હઝરત ખુઝયમા (રદિ.)થી પણ એક રિવાયત છે, તેઓ ફરમાવે છે કે એક વખતે મેં રસૂલે કરીમ ﷺને પૂછ્યું કે, અમે જે ઝાડ-ફૂંકનો અમલ કરીએ છીએ અથવા દવાથી પોતાનો ઈલાજ કરીએ છીએ એ જ પ્રમાણે બચાવ અને સુરક્ષાની જે વ્યવસ્થા કરીએ છીએ શું તે અલ્લાહ તઆલાની તકદીરને બદલી શકે છે ? રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, એ પણ તો તકદીરે ઈલાહીના સ્વરૂપમાં જ છે!

મતલબ એ કે ઈલાજ કરવો અને દવાનો ઉપયોગ કરવો જાઇઝ હોવા વિશે બધા જ ઉલમા સહમત છે અને આ સિલસિલામાં અનેક હદીષો અને ઘટનાઓ વર્ણન થઈ છે, હઝરત ઈબ્ને ઉમર (રદિ.)ની અવલાદમાં જો કોઈને વીંછી કરડતો હતો તો તેને "તિરયાક" પિવડાવતા હતા અને ઝાડ-ફૂંકથી તેનો ઈલાજ કરતા હતા, રસૂલે કરીમ ﷺએ લકવાના દર્દીને ડામ લગાવીને ઈલાજ કર્યો છે. *(કુર્તુબી)*

અમુક સૂફીઓ વિશે નકલ થયું છે કે તેઓ ઈલાજને પસંદ કરતા ન હતા અને સહાબા (રદિ.)માંથી પણ અમુકની પ્રવૃત્તિઓથી એવું જાહેર થાય છે, દાખલા તરીકે રિવાયત છે કે હજરત ઈબ્ને મસઊદ (રદિ.) બીમાર થઈ ગયા, હઝરત ઉસ્માન (રદિ.) તેમની ખબર લેવા માટે ગયા અને તેમને પૂછ્યું, તમને શું તકલીફ છે ? તેમણે જવાબ આપ્યો, મને મારા ગુનાહોની ચિંતા છે. હઝરત ઉસ્માન (રદિ.)એ ફરમાવ્યું, પછી કઈ વસ્તુની ચિંતા છે ? ફરમાવ્યું, હું મારા પરવરદિગારની કૃપાનો આશાવાદી છું. હઝરત ઉસ્માન (રદિ.)એ ફરમાવ્યું કે, તમે પસંદ કરો તો હું હકીમને બોલાવી મંગાવું છું. તેમણે જવાબ આપ્યો, હકીમે જ તો મને સુવાડયો છે. (અહીંયાં ગૂઢાર્થ તરીકે હકીમ અલ્લાહ તઆલાને કહેવામાં આવ્યું છે).

પરંતુ આ પ્રકારની ઘટનાઓ એ વાતની દલીલ નથી બની શકતી કે આ

લોકો ઈલાજને મકરૂહ સમજતા હતા, બની શકે છે કે તે સમયે તેમની ભાવના તેને પસંદ કરતી ન હતી, એટલા માટે તેમની પ્રકૃતિએ તેનો સ્વીકાર ન કરવાના કારણે તેમણે તે સમયે ઈલાજને પસંદ ન કર્યો અને આ કામચલાઉ ધોરણે પરિસ્થિતિ અનુસાર એક ઘટના હોઈ શકે છે, તેનાથી ઈલાજ નાજાઈઝ અથવા મકરૂહ હોવાની દલીલ બનાવી શકાય નહીં. હઝરત ઉસ્માન (રદિ.)એ હઝરત ઈબ્ને મસ્ઊદ (રદિ.)ને દરખાસ્ત કરી કે હું તમારા માટે તબીબ લઈ આવું છું, તે પોતે જ તે વાતની દલીલ છે કે ઈલાજ જાઈઝ છે, બલકે અમુક પરિસ્થિતિઓમાં તે વાજિબ થઈ જાય છે.

આયત : (સૂરએ નહ્‌લ : આયત નં. ૭૦)

وَاللّٰهُ خَلَقَكُمْ ثُمَّ يَتَوَفّٰىكُمْ ۙ وَمِنْكُمْ مَّنْ يُّرَدُّ اِلٰٓى اَرْذَلِ الْعُمُرِ لِكَيْ لَا يَعْلَمَ بَعْدَ عِلْمٍ شَيْـًٔا ۭ اِنَّ اللّٰهَ عَلِيْمٌ قَدِيْرٌ ۝۷۰ ع

તરજુમો :

અને અલ્લાહે તમને પેદા કર્યા પછી તમને મોત આપે છે અને કોઈ તમારામાંથી નકામી (શારીરિક, માનસિક ક્ષમતા ન રહે એવી) ઉંમરે પહોંચી જાય છે જેથી સમજ્યા પછી હવે કંઈ ન સમજે, અલ્લાહ સઘળું જાણનાર કુદરતવાળો છે. (૭૦)

તફસીર :

અને (તમારી પરિસ્થિતિ પણ વિચારવાપાત્ર છે કે) અલ્લાહ તઆલાએ તમને (પ્રથમ) પેદા કર્યા, પછી (ઉંમર પૂર્ણ થવાથી) તમારા પ્રાણ કબ્જે કરે છે (જેમાં અમુક તો સભાન અવસ્થામાં કે જેમાં હાથ-પગ ચાલતા હોય છે અને ઉઠાવી લેવામાં આવે છે) અને અમુક તમારામાં તે છે જે નકામી ઉંમર સુધી પહોંચાડી દેવામાં આવે છે (જેમાં ન તો શારીરિક શક્તિ રહે છે અને ન જ બુદ્ધિ રહે છે) જેની એ અસર થાય છે કે એક વસ્તુથી જાણકાર થયા પછી બેખબર થઈ જાય છે (જેમકે મોટા ભાગે એવા વૃદ્ધો જોવા મળે છે કે હમણા એક વાત બતાવી અને તરત તે ભૂલી ગયા અને પછી તમને પૂછી રહ્યા છે) નિ:શંક ! અલ્લાહ

તઆલા સઘળું જ્ઞાન ધરાવનાર મહાશક્તિશાળી છે (જ્ઞાનથી દરેક વસ્તુની મસ્લિહત જાણે છે અને પોતાની શક્તિથી તેને યોગ્ય બનાવી આપે છે, એટલા માટે જિંદગી અને મોતની પરિસ્થિતિઓ અલગ-અલગ કરી આપી, આ પણ એક તવહીદની દલીલ છે).

મસ્અલા અને બોધપાઠ :

આ અગાઉ અલ્લાહ તઆલાએ પાણી, વનસ્પતિ, પશુઓ તથા મધમાખીના વિવિધ અહેવાલો વર્ણન કરીને મનુષ્યને પોતાની સંપૂર્ણ શક્તિ અને મખ્લૂક માટે પોતાના ઇનામો વિશે માહિતગાર કર્યા, હવે આ આયતોથી પોતાની આંતરિક પરિસ્થિતિ ઉપર ચિંતન અને મનન કરવાનું આમંત્રણ આપવામાં આવ્યું છે કે માનવી કંઈ જ ન હતો, અલ્લાહ તઆલાએ તેને અસ્તિત્વની દોલતથી નવાજ્યો, પછી જ્યારે ઇચ્છ્યું મોત મોકલીને તે નેઅ્મત પૂર્ણ કરી દીધી અને અમુકને તો મોત પહેલાં જ વૃદ્ધાવસ્થાની એવી સ્થિતિએ પહોંચાડી દેવામાં આવે છે કે તેમની શા'ન-ભાન પણ ઠેકાણે નથી રહેતી, તેમના હાથ-પગની શક્તિ ખતમ થઈ જાય છે, ન તો તેઓ કોઈ વાત સમજી શકે છે અને ન જ સમજેલી વાતને યાદ રાખી શકે છે, આ શારીરિક અને માનસિક પરિવર્તન એ વાતની દલીલ કરે છે કે જ્ઞાન અને શક્તિ તે જ અલ્લાહના ખજાનામાં છે જે હકીકી માલિક અને સર્જનહાર છે.

وَمِنۡكُمۡ مَّنۡ يُّرَدُّ માં مَنۡ يُّرَدُّ (મય્યુરદ્દુ)ના શબ્દથી ઇશારો એ વાત તરફ છે કે મનુષ્ય ઉપર પ્રથમ એક અશક્તિ અને કમજોરીનો સમય પસાર થઈ ચૂક્યો છે, આ તેના બાળપણનો શરૂઆતનો તબક્કો હતો જેમાં તેનામાં કોઈ સૂઝબૂઝ ન હતી, તેની શારીરિક અને માનસિક પરિસ્થિતિ બિલકુલ અશક્ત હતી, તે પોતાની ભૂખ-તરસને દૂર કરવા અને પોતે ઊઠવા-બેસવા માટે પણ અન્યોનો મોહતાજ હતો, પછી અલ્લાહ તઆલાએ તેને યુવાની અર્પણ કરી, આ તેના વિકાસનો સમયગાળો હતો, પછી ક્રમે-ક્રમે તે ઘડપણની એવી સ્થિતિએ પહોંચાડી દેવામાં આવે છે કે જેમાં તે બિલકુલ એ જ પ્રમાણે અશક્ત તથા શારીરિક અને માનસિક રીતે કમજોર બનાવી દેવામાં આવે છે જેમકે તે શીશુ અવસ્થામાં હતો.

اَرۡذَلِ الۡعُمُرِ તેનો ભાવાર્થ વૃદ્ધાવસ્થાની તે અવસ્થા છે જેમાં મનુષ્યની

બધી જ શારીરિક અને માનસિક શક્તિ ખતમ થઈ જવાના આરે હોય છે, નબીએ કરીમ ﷺ આ ઉંમરથી પનાહ માંગતા હતા. ઈરશાદ છે,

اَللّٰهُمَّ اِنِّىْ اَعُوْذُبِكَ مِنْ سُوْءِ الْعُمُرِ وَفِىْ رِوَايَةٍ مَنْ اَنْ اُرَدَّاِلٰى اَرْذَلِ الْعُمُرِ

"યા અલ્લાહ ! હું તારાથી પનાહ માંગું છું ખરાબ ઉંમરથી અને એક રિવાયતમાં છે કે પનાહ માંગું છું ઉંમરના ખરાબ તબક્કાથી."

اَرْذَلِ الْـعُـمُـرِ (અર્જલિલ્ ઉમરિ)ની વ્યાખ્યા નિશ્ચિત નથી, અલબત્ત ઉપરોક્ત વ્યાખ્યા વધારે પ્રચલિત ગણાય છે જે પ્રમાણે કુર્આને કરીમે પણ لِـكَيْلَا يَعْلَمَ بَعْدَ عِلْمٍ شَيْئًا થી ઈશારો કર્યો છે કે ઉંમરની તે એવી વ્યવસ્થા છે જેમાં શાન-ભાન બાકી નથી રહેતું જેના પરિણામે તે પોતાની બધી જ જાણકારી ભૂલી જાય છે.

"અર્જલિલ્ ઉમર"ની વ્યાખ્યામાં બીજા પણ નિવેદનો છે, અમુકે ૮૦ વર્ષની ઉંમરને અર્જલિલ્ ઉમર ઠરાવી દીધી છે અને અમુકે ૯૦ વર્ષની ઉંમરને; હઝરત અલી (રદિ.)થી પણ ૭૫ વર્ષનું નિવેદન નકલ થયું છે.

(સહીહૈન, મઝહરીના હવાલાથી)

لِـكَيْلَا يَـعْـلَـمَ بَعْدَ عِلْمٍ شَيْئًا વૃદ્ધાવસ્થાના અંતિમ તબક્કામાં પહોંચ્યા પછી માણસમાં ન તો શારીરિક શક્તિ રહે છે અને ન જ માનસિક; જેની અસર એ થાય છે કે એક વસ્તુથી જાણકાર થયા પછી ફરી તેનાથી બેખબર બની જાય છે, તે બધી જ જાણકારી ભૂલીને બિલકુલ નાના બાળક જેવો થઈ જાય છે જેને ન તો જ્ઞાન છે અને ન જ સમજદારી કે બુદ્ધિ. હઝરત ઈકરીમા (રદિ.) ફરમાવે છે કે કુર્આન પઢનાર વ્યક્તિની આવી હાલત થશે નહીં.

اِنَّ اللّٰـهَ عَلِـيْـمٌ قَـدِيْـرٌ ۝ બેશક ! અલ્લાહ તઆલા સઘળું જ્ઞાન ધરાવનાર મહાશક્તિશાળી છે. જ્ઞાનથી દરેક વ્યક્તિની ઉંમરને જાણે છે અને પોતાની શક્તિથી જે ઈચ્છે છે કરે છે અને જો ઈચ્છે તો શક્તિ અને નવયુવાની ઉપર ખરાબ ઉંમરના ચિહ્નો સવાર થઈ જાય અને ઈચ્છે તો સો વર્ષની જિંદગીમાં પણ શક્તિ અને યુવાની બાકી રહે, આ સર્વ કાંઈ તેની જ જાત અને કુદરતમાં છે અને તેમાં તેનો કોઈ ભાગીદાર કે સમકક્ષ નથી.

આયત : (સૂરએ નહ્લ : આયત નં. ૭૧)

وَاللّٰهُ فَضَّلَ بَعْضَكُمْ عَلٰى بَعْضٍ فِى الرِّزْقِ ۚ فَمَا الَّذِيْنَ فُضِّلُوْا بِرَآدِّىْ رِزْقِهِمْ
عَلٰى مَا مَلَكَتْ اَيْمَانُهُمْ فَهُمْ فِيْهِ سَوَآءٌ ۭ اَفَبِنِعْمَةِ اللّٰهِ يَجْحَدُوْنَ ﴿۷۱﴾

તરજુમો :

અને અલ્લાહે તમારામાં અમુકને અમુક ઉપર રોજીમાં મોટાઈ આપી, બસ જેમને મોટાઈ આપી તે પોતાની રોજી તેમને (ગુલામોને) નથી આપી દેતા જેમના માલિક તેમના હાથ છે કે તે સૌ એમાં સમાન થઈ જાય, શું અલ્લાહની નેઅ્મતના ઈન્કારી છે? (૭૧)

તફસીર :

અને (તવહીદની નિશાનીઓની સાથે-સાથે શિર્કની નહૂસત પરસ્પરના વ્યવહારના સંદર્ભમાં સાંભળો કે) અલ્લાહ તઆલાએ તમારામાંથી અમુકને અમુક ઉપર રોજી(ની બાબત)માં વધારી દીધા છે, (દાખલા તરીકે કોઈને માલદાર અને ગુલામોનો માલિક બનાવ્યો કે તેના હાથે તે ગુલામોને રોજી મળે છે અને કોઈને ગુલામ બનાવી આપ્યો કે તેને માલિકના હાથે જ રોજી પહોંચે છે અને કોઈને એવો માલદાર બનાવ્યો કે બીજા ગુલામોને આપે, ન કે તેને ગુલામ બનાવ્યો કે તેના માલિકના હાથે તેને રોજી આપે) બસ, જે લોકોને (રોજીમાં ખાસ) વધારવામાં આવ્યા છે (કે તેમની પાસે માલ પણ છે અને ગુલામ પણ છે) તે (લોકો) પોતાના ભાગનો માલ પોતાના ગુલામોને એવી રીતે ક્યારેય આપનારા નથી કે તે (માલિક અને ગુલામ) બધા જ તેમાં સરખા થઈ જાય, (કારણ કે જો ગુલામ રાખીને તે માલ આપ્યો તો તે ગુલામની મિલ્કત જ ન હશે, બલકે નિયમ પ્રમાણે તે માલિક જ માલનો માલિક રહેશે અને જો આઝાદ કરીને આપ્યો તો સમાનતા શક્ય છે પરંતુ તે હવે ગુલામ નહીં રહે, બસ ગુલામી અને સમાનતા શક્ય નથી એ જ પ્રમાણે આ મૂર્તિ વગેરે જ્યારે મુશ્રિકોના સ્વીકાર કર્યા પ્રમાણે અલ્લાહની ગુલામ છે તો પછી ગુલામ હોવાની હાલતમાં અલ્લાહની મઅ્બૂદિયતમાં ભાગીદાર કઈ રીતે થઈ શકે છે? એમાં શિર્કની અત્યંત ધૃણા અને નીંદા કરવામાં આવી છે કે જ્યારે તમે તમારા ગુલામને તમારી રોજી અને

માલ-દોલતના સમાન ભાગીદાર નથી બનાવતા તો અલ્લાહ તઆલાના ગુલામો તેની મઅ્બૂદિયતનો કેવી રીતે ભાગીદાર બની શકે છે ?) શું (આ વિષયો સાંભળ્યા) છતાં પણ (અલ્લાહ તઆલા સાથે શિર્ક કરો છે જેનાથી તાર્કિક રીતે પણ એ જરૂરી થઈ જાય છે કે તે) અલ્લાહ તઆલાની નેઅ્મતનો (એટલે કે એ વાતનો કે અલ્લાહ તઆલાએ નેઅ્મત આપી છે) ઈન્કાર કરે છે ?

મસ્અલા અને બોધપાઠ :

આનાથી અગાઉની આયતોમાં અલ્લાહ તઆલાએ પોતાના જ્ઞાન અને શક્તિના મહત્ત્વના સાક્ષાત્કાર અને મનુષ્યને અર્પણ કરવામાં આવેલ નેઅ્મતોનું વર્ણન કરીને પોતાની તવહીદની સ્વાભાવિક અને પ્રાકૃતિક દલીલો વર્ણન કરી છે, જેને જોઈને સામાન્ય સૂઝબૂઝ ધરાવનાર વ્યક્તિ પણ કોઈ મખ્લૂકને અલ્લાહ તઆલાની સાથે તેના જ્ઞાન અને શક્તિની સિફતો અને ખાસિયતોમાં ભાગીદાર નહીં માની શકે. આ આયતમાં તવહીદના આ વિષયને પરસ્પરના વ્યવહારના ઉદાહરણથી સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે અલ્લાહ તઆલાએ પોતાની ઉચ્ચ કક્ષાની હિકમતથી મનુષ્યના લાભા-લાભને નજર સમક્ષ રાખી રોજીમાં બધા માનવીઓને એકસમાન બનાવ્યા નથી, બલકે અમુકને અમુક ઉપર વધારી દીધા છે અને વિવિધ કક્ષાઓ ઠરાવી દીધી છે, કોઈને એવો માલદાર બનાવી આપ્યો કે જે માલ-દોલતનો માલિક છે અને સેવકો, ગુલામો તથા ખિદમતગરો રાખે છે તે પોતે પણ પોતાનો માલ પોતાની ઇચ્છા પ્રમાણે ખર્ચ કરે છે તથા ગુલામો અને સેવકોને પણ તેના થકી રોજી મળે છે; એ જ પ્રમાણે કોઈને ગુલામ અને સેવક બનાવી આપ્યા કે તેઓ બીજાના ખર્ચ ઉપર નભે છે, તેમનો પોતાનો ખર્ચ પણ અન્યોના માધ્યમથી પહોંચ્યો છે અને કોઈને મધ્યમ કક્ષાનો માલ-દોલતવાળો બનાવ્યો છે, ન તો એટલો માલદાર કે અન્યો ઉપર ખર્ચ કરે અને ન જ એટલો ફકીર અને મોહતાજ કે પોતાની જરૂરિયાત પૂર્ણ કરવા માટે બીજાનો મોહતાજ હોય.

કુદરતી વહેંચણીની આ અસર સૌના અનુભવની બાબત છે કે જેને રોજીમાં ખૂબ છૂટછાટ અને ફઝીલત આપવામાં આવી અને માલદાર બનાવવામાં આવ્યો તે ક્યારેય એ બાબતને પસંદ નહીં કરે કે પોતાની માલ-દોલતને પોતાના

ગુલામો અને સેવકોને એવી રીતે વહેંચી આપે કે તે પણ માલ-દોલતમાં તેમના સમકક્ષ થઈ જાય.

આ ઉદાહરણથી સમજો કે જ્યારે મુશ્રિકો પણ એવો સ્વીકાર કરે છે કે આ મૂર્તિઓ અને અન્ય મખ્લૂકો કે જેની તેઓ પૂજા કરે છે બધા અલ્લાહ તઆલાની મખ્લૂક અને ગુલામ છે તો એ કેવી રીતે બને કે આ મખ્લૂકો અને ગુલામો પોતાના સર્જનહાર અને માલિકની સમકક્ષ બની જાય ! શું આ લોકો આ બધી નિશાનીઓ જોઈને અને આ બધા વિષયો સાંભળીને પણ અલ્લાહ તઆલાની સાથે કોઈને ભાગીદાર અને સમકક્ષ ઠરાવે છે ? જેમકે તેનું આવશ્યક પરિણામ એ છે કે તેઓ અલ્લાહ તઆલાની નેઅ્મતોનો ઈન્કાર કરે છે, કારણ કે જો એનો સ્વીકાર હોત કે આ બધી નેઅ્મતો માત્ર અલ્લાહ તઆલાની આપેલી છે, તેમાં કોઈ પોતે ઘડી કાઢેલ મૂર્તિ અથવા કોઈ અન્ય મનુષ્ય કે જિન્નાતની કોઈ દખલગીરી નથી તો પછી આ વસ્તુઓને અલ્લાહ તઆલા સમકક્ષ કઈ રીતે ઠરાવી આપે છે ?

આ વિષય સૂરએ રૂમની આ આયતમાં પણ આવ્યો છે.

ضَرَبَ لَكُمْ مَّثَلًا مِّنْ اَنْفُسِكُمْ هَلْ لَّكُمْ مِّمَّا مَلَكَتْ اَيْمَانُكُمْ مِّنْ شُرَكَآءَ فِيْمَا

رَزَقْنٰكُمْ فَاَنْتُمْ فِيْهِ سَوَآءٌ، (سُوْرَۂ رُوْم آیتْ ۲۸)

"તમારા માટે તમારામાંથી જ એક ઉદાહરણ આપ્યું છે; જે લોકો તમારા હાથ હેઠળ છે શું તેઓ અમારી આપેલી રોજીમાં તમારા ભાગીદાર છે કે તમે એમાં સમાન થઈ ગયા છો !" (૩૦:૨૮)

તેનો ખુલાસો પણ એ જ છે કે તમે પોતાના ગુલામો અને સેવકોને પોતાના સમકક્ષ કરવાનું પસંદ નથી કરતા તો પછી અલ્લાહ તઆલા માટે એ કેવી રીતે પસંદ કરો છો કે તે અને તેની મખ્લૂક તથા તેની ગુલામ વસ્તુઓ તેના સમકક્ષ બની જાય !?

આર્થિક બાબતોમાં કક્ષાની વિવિધતા મનુષ્ય માટે રહમત છે :

આ આયતમાં સ્પષ્ટ રીતે એ પણ બતાવવામાં આવ્યું કે ફકીરી અને માલદારી તથા આર્થિક બાબતોમાં વિવિધ વર્ગો અને કક્ષાઓ હોવી કે કોઈ ગરીબ છે, કોઈ અમીર છે, કોઈ મધ્યમ કક્ષાનો છે; આ બધો કોઈ અચાનક બનેલ

હાદસો કે ઘટના નથી, એ અલ્લાહ તઆલાની ઉચ્ચ કક્ષાની હિકમતના આધીન છે અને મનુષ્યના લાભા-લાભનો તકાદો છે તથા મનુષ્ય માટે રહમત છે. જો આવું સ્વરૂપ ન રહે તથા માલ અને સામાનમાં બધા મનુષ્યો એકસરખા થઈ જાય તો વિશ્વના વ્યવહારમાં ઘણી મોટી અરાજકતા અને ફસાદ પેદા થઈ જશે, એટલા માટે જ્યારથી દુનિયા આબાદ થઈ છે કોઈ યુગ અને કોઈ સમયકાળમાં બધા મનુષ્ય માલ અને દોલતના આધારે સમાન નથી થયા અને ન જ થઈ શકે છે અને જો ક્યાંક બળજબરીએ આવી સમાનતા ઉપસ્થિત કરવામાં આવી તો પણ અમુક જ દિવસમાં બધા જ જાહેર કારોબારમાં અરાજકતા અને ફસાદના પ્રત્યક્ષ દર્શન થઈ જશે, અલ્લાહ તઆલાએ જે પ્રમાણે બધા જ મનુષ્યોને બુદ્ધિ, દિમાગ, શક્તિ, સામર્થ્ય અને આવડતમાં વિવિધ કક્ષાએ વહેંચી આપ્યા છે અને તેમનામાં ઓછા-વત્તા તથા મધ્યમ કક્ષાના પ્રકારો છે જેનો કોઈપણ બુદ્ધિશાળી ઈન્કાર કરી શકતો નથી, એ જ પ્રમાણે આ બાબત પણ નકારી શકાય એમ નથી કે માલ-દોલતમાં પણ આવી વિવિધ કક્ષાઓ હોવી જોઈએ કે દરેક મનુષ્ય પોત-પોતાની આવડત પ્રમાણે પોતાના કામનું વળતર મેળવે અને જો તેનામાં ક્ષમતા ન હોય છતાં તેને ક્ષમતા ધરાવનાર સમાન કરી દેવામાં આવ્યો તો જેનામાં ક્ષમતા છે તેનું નૈતિક મનોબળ તૂટી જશે, જ્યારે આર્થિક બાબતોમાં તેને અક્ષમ લોકોની સાથે જ સમાન કક્ષાએ રહેવાનું હોય તો તે કયો આધાર છે જે તેને સંઘર્ષ, ચિંતન અને પ્રવૃત્તિ ઉપર મજબૂર કરે, જેમાં આવશ્યક પરિણામ પોતાની કાર્ય કરવાની ક્ષમતાને બરબાદ કરવાનું હશે.

માલ-દોલતની સંગ્રહખોરી વિરુદ્ધ કુર્આનના હુકમો :

અલબત્ત સૃષ્ટિના સર્જનહારે બુદ્ધિ અને શારીરિક શક્તિઓમાં અમુકને અમુક ઉપર શ્રેષ્ઠતાઓ આપી અને રોજી તથા માલ-દોલતમાં વિવિધ કક્ષાઓ અને તફાવત સ્થાપિત કર્યો, એ જ પ્રમાણે આર્થિક વ્યવહારો માટે પણ એક મજબૂત વ્યવસ્થા કાયમ કરી કે એવું ન થવા પામે કે દોલતના ખજાનાઓ અને આર્થિક સ્ત્રોતોના કેન્દ્રો ઉપર અમુક વ્યક્તિઓ અથવા કોઈ ખાસ વર્ગ કબ્જો જમાવી લે અને અન્ય ક્ષમતા તથા આવડત ધરાવનાર વ્યક્તિ માટે કામ કરવાનું કોઈ મેદાન જ બાકી ન રહે કે તે પોતાની બુદ્ધિ અને શારીરિક ક્ષમતાઓથી કામ લઈને આર્થિક બાબતોમાં પ્રગતિ કરી શકે, એટલા માટે કુર્આને કરીમ સૂરએ

હશ્રમાં ઈરશાદ ફરમાવે છે, كَيْلَا يَكُونَ دُولَةً بَيْنَ الْأَغْنِيَاءِ مِنكُمْ એટલે કે, અમે દોલતની વહેંચણીના નિયમો એટલા માટે બનાવ્યા કે દોલત માત્ર મૂડીપતિઓમાં એકઠી થઈને ન રહી જાય.

આજકાલ દુનિયાના આર્થિક વ્યવસ્થાપનતંત્રોમાં જે અફરા-તફરી ફેલાયેલી છે તે આ રબ્બાની નિયમ અને અલ્લાહની હિકમતના સિદ્ધાંતોને ઉપેક્ષિત કરવાનું પરિણામ છે, એક બાજુ મૂડીવાદી આર્થિક વ્યવસ્થા છે જેમાં દોલતના કેન્દ્રો ઉપર વ્યાજ અને જુગાર (શે'રબજારની નાજાઈઝ સટ્ટાખોરી)ના માર્ગે અમુક મુટ્ઠીભર વર્ગો કબ્જો કરીને બાકીના સમગ્ર સમાજને પોતાના આર્થિક ગુલામ બનવા માટે મજબૂર કરી આપે છે, તેમના માટે મજૂરી અથવા ગુલામી સિવાય કોઈ માર્ગ પોતાની જરૂરિયાત પૂર્ણ કરવાનો બાકી રહેતો નથી, તેઓ પોતાની ઉચ્ચ કક્ષાની આવડતો હોવા છતાં ઉદ્યોગ અને વેપારના મેદાનમાં એક ડગલું મૂકી શકતા નથી.

મૂડીપતિઓના આ અત્યાચાર અને બળજબરીના વિરોધ માટે એક તેનાથી તદ્દન વિપરીત સામ્યવાદી વ્યવસ્થા એટલે કે કૉમ્યુનિઝમ કે સોશ્યાલિઝમના નામથી અસ્તિત્વમાં આવી, જેનો નારો ગરીબ અને અમીરના તફાવતને ખતમ કરવાનો અને સૌમાં સમાનતા પેદા કરવાનો છે, અત્યાચારી મૂડીપતિઓના જુલમથી તંગ આવીને સામાન્ય જનતા આ નારા પાછળ લાગી જાય છે પરંતુ અમુક જ દિવસોમાં તેઓ અનુભવ કરી લે છે કે આ નારો ફક્ત ધોકાબાજી હતી, આર્થિક સમાનતાના સ્વપ્નો ક્યારેય પૂર્ણ થતા નથી તથા ગરીબ પોતાની ગરીબી અને ભૂખમરાની સાથે પણ જે એક માનવીય સન્માન ધરાવતો હતો, પોતાની મરજીનો માલિક હતો, આ સન્માન અને ઈજ્જત પણ માનવસમાજના હાથમાંથી જતી રહી તથા સામ્યવાદી વ્યવસ્થામાં મનુષ્યની કોઈ કદર-કિંમત નથી, બલકે એક યંત્રના કોઈ સ્પેરપાર્ટથી વધારે કોઈ જાયદાદની મિલ્કતની તો ત્યાં કલ્પના સુદ્ધાં નથી થઈ શકતી અને જે વ્યવહાર ત્યાં એક મજૂરની સાથે કરવામાં આવે છે તેના ઉપર વિચાર કરવામાં આવે તો તે કોઈ વસ્તુનો માલિક નથી, તેની પત્ની અને તેની અવલાદ પણ તેની નથી, બલકે બધા જ રાજ્યના યંત્રો અને તેના સ્પેરપાર્ટ છે, જેવી રીતે યંત્રો ચાલીને પોતાના કામ ઉપર લાગી જાય છે એ જ પ્રમાણે તેને કામે લાગ્યા વિના કોઈ છૂટકો નથી,

રાજ્યના હિતો અને હેતુઓને સાચવવા સિવાય તેનું કોઈ બીજું કાર્ય નથી, ન જ તેનો પોતાનો કોઈ આગવો દષ્ટિકોણ છે, રાજ્યની બળજબરી અને કઠોરતા તથા અસહ્ય મહેનત-મજૂરીથી કણસવું પણ એક બળવો સમજવામાં આવે છે જેની સજા મોત હોય છે, અલ્લાહ તઆલા અને ધર્મોનો વિરોધ તથા માત્ર ભૌતિકતાની પૂજા સામ્યવાદી વ્યવસ્થાનો મૂળ પાયો છે.

આ તે વાસ્તવિકતાઓ છે જેનો કોઈ સામ્યવાદી ઈન્કાર નથી કરી શકતો, તેમના કર્તા-ધર્તાઓના પુસ્તકો તથા તેમની પ્રવૃત્તિઓ આ બાબતની સાક્ષી છે; તેના હવાલાઓને ભેગા કરવાથી પણ એક આગવું પુસ્તક બની શકે છે.

કુર્આને હકીમે અત્યાચારી મૂડીવાદ અને મૂર્ખતાપૂર્ણ સામ્યવાદ બંને અંતિમવાદ વચ્ચેની અતિશયોક્તિ તથા વંચિતતાથી પવિત્ર એક એવી મધ્યમ માર્ગી આર્થિક વ્યવસ્થા બનાવી છે કે રોજી અને માલ-દોલતમાં સ્વાભાવિક તફાવત સિવાય કોઈ વ્યક્તિ અથવા વર્ગ જાહેર જનતાને પોતાના ગુલામ ન બનાવી શકે, કોઈ વ્યવસ્થા તેમને કૃત્રિમ અછત અને કૃત્રિમ દુષ્કાળમાં સપડાવી ન શકે, વ્યાજ અને જુગારને હરામ ઠરાવી નાજાઈઝ (નિષિદ્ધ) મૂડીવાદનો પાયો ધ્વંસ્ત કરી નાંખ્યો, પછી દરેક મુસલમાનના માલમાં ગરીબોનો હક નક્કી કરીને તેમને તેમાં ભાગીદાર ઠરાવી દીધા, જે ગરીબો ઉપર કોઈ અહેસાન નથી બલકે તે તેમનો પોતાનો અધિકાર છે, અલ્લાહ તઆલાનો ઈરશાદ فِىٓ اَمۡوَالِهِمۡ حَقٌّ مَّعۡلُوۡمٌ لِّلسَّآئِلِ وَالۡمَحۡرُوۡمِ (૭૦:૨૪) આ બાબતની સાક્ષી છે, ત્યારબાદ મર્યા પછી મરનારની બધી મિલ્કતની કુટુંબના સભ્યોમાં વહેંચણી કરી દોલતની સંગ્રહખોરીનો ખાત્મો કરી દીધો. કુદરતી સ્ત્રોતો, ઝરણાઓ, દરિયાઓ, પહાડો, જંગલોની આપમેળે ઉપલબ્ધ થનારી બધી જ સંપત્તિને સામૂહિક મૂડી ઠરાવી દીધી અને તેના ઉપર કોઈ વ્યક્તિ અથવા કોઈ વર્ગ વિશેષનો માલિકી હક જાઈઝ નથી, જયારે કે મૂડીવાદી આર્થિક વ્યવસ્થામાં આ બધી વસ્તુઓ માત્ર મૂડીવાદીઓની મિલકત ઠરાવવામાં આવી છે.

જ્ઞાન અને કાર્ય કરવાની ક્ષમતાનો તફાવત અને વિવિધતા એક સ્વાભાવિક અને પ્રાકૃતિક બાબત છે અને આર્થિક ઉપાર્જન પણ આ જ ક્ષમતાઓના આધીન છે, એટલા માટે માલ અને દોલતના માલિકીપણામાં તફાવત હોવો પણ એક હિકમતપૂર્ણ તકાદો છે, જેને દુનિયાની થોડી ઘણી પણ

બુદ્ધિ અને સમજ છે તે તેનો ઈન્કાર કરી શકતો નથી તથા સામ્યવાદના નારા લગાવનારા પણ અમુક કદમ ચાલ્યા પછી આ સમાનતાના દા'વાને છોડીને આર્થિક બાબતોમાં તફાવત અને તેમાં વર્ગ વ્યવસ્થા ઉપસ્થિત કરવા માટે મજબૂર થઈ ગયા.

૫ મી મે ૧૯૬૦ સોવિયેટ યુનિયનની સુપ્રિમ કાઉન્સીલ સામે નિકીતા કુશ્ચવનું નિવદન આ પ્રમાણે હતું.

અમે મજૂરીના વળતરનો તફાવત દૂર કરવાના આંદોલનના સખત વિરોધી છે, અમે વળતરમાં સમાનતા સ્થાપિત કરવા અને તેને એક સમાન સ્તરે લાવવાના પણ વિરોધી છે, આ લેનિનનું શિક્ષણ છે, તેનું શિક્ષણ એ હતું કે સમાજવાદી સમાજમાં ભૌતિક સંસાધનોનું સંપૂર્ણ ધ્યાન રાખવામાં આવશે.

(સોવિયેટ વર્લ્ડ, પેજ : ૩૪૬)

આર્થિક સમાનતાના સ્વપ્નની તા'બીર આ અસમાનતા છે એવું સ્પષ્ટ રીતે સામે આવી ગયું હતું પરંતુ જોત-જોતામાં આ અસમાનતા તથા અમીર-ગરીબનો તફાવત સામ્યવાદી રશિયન યુનિયનમાં સામાન્ય મૂડીવાદી દેશો કરતાં પણ આગળ વધી ગઈ.

લિયન સિદોવ (Lyon Sidov) લખે છે કે,

"કદાચ જ કોઈ પ્રગતિશીલ મૂડીવાદી દેશ એવો હશે જ્યાં મજૂરીના વળતરમાં આટલો તફાવત હોય જેટલો કે સોવિયેટ યુનિયનમાં છે."

ઘટનાઓના આ અમુક ઉદાહરણોથી પ્રસ્તુત આયત وَاللّٰهُ فَضَّلَ بَعْضَكُمْ عَلٰى بَعْضٍ فِى الرِّزْقِ નું જબરદસ્તીથી સમર્થન તે ઈન્કારીઓના મુખે જ કરાવી આપવામાં આવ્યું. وَاللّٰهُ يَفْعَلُ مَا يَشَآءُ અત્રે આ આયત હેઠળ તો ફક્ત એટલું જ વર્ણન કરવાનું હતું કે રોજી અને માલનો તફાવત પ્રાકૃતિક અને સ્વાભાવિક છે તથા મનુષ્યના લાભા-લાભ અનુસાર છે, બાકી દોલતની વહેંચણીનો ઈસ્લામી સિદ્ધાંત અને મૂડીવાદ તથા સામ્યવાદ કરતાં એક વિશિષ્ટ પ્રકારની આર્થિક વ્યવસ્થા છે, ઈન્શાઅલ્લાહ ! સૂરએ ઝૂખ્રુફ પારહ નંબર ૨૫માં આયત نَحْنُ قَسَمْنَا بَيْنَهُمْ مَّعِيْشَتَهُمْ (૪૩:૩૨) હેઠળ એની વિગત આવશે અને આ વિષય ઉપર નાચીઝની એક આગવી કિતાબ "ઈસ્લામ કા નિઝામે તકસીમે

દોલત" (ઈસ્લામમાં સંપત્તિની વહેંચણી વ્યવસ્થા)ના નામથી પ્રકાશિત થઈ ચૂકી છે જે ઈન્શાઅલ્લાહ ! આ વિષયના અભ્યાસ માટે પૂરતી છે.

આયતો : (સૂરએ નહ્‌લ : આયત નં. ૭૨ થી ૭૬)

وَاللّٰهُ جَعَلَ لَكُمْ مِّنْ اَنْفُسِكُمْ اَزْوَاجًا وَّ جَعَلَ لَكُمْ مِّنْ اَزْوَاجِكُمْ بَنِيْنَ وَحَفَدَةً
وَّرَزَقَكُمْ مِّنَ الطَّيِّبٰتِ ؕ اَفَبِالْبَاطِلِ يُؤْمِنُوْنَ وَبِنِعْمَتِ اللّٰهِ هُمْ يَكْفُرُوْنَ ۝٧٢ وَيَعْبُدُوْنَ
مِنْ دُوْنِ اللّٰهِ مَا لَا يَمْلِكُ لَهُمْ رِزْقًا مِّنَ السَّمٰوٰتِ وَالْاَرْضِ شَيْـًٔا وَّلَا يَسْتَطِيْعُوْنَ ۝٧٣
فَلَا تَضْرِبُوْا لِلّٰهِ الْاَمْثَالَ ؕ اِنَّ اللّٰهَ يَعْلَمُ وَاَنْتُمْ لَا تَعْلَمُوْنَ ۝٧٤ ضَرَبَ اللّٰهُ مَثَلًا عَبْدًا
مَّمْلُوْكًا لَّا يَقْدِرُ عَلٰى شَيْءٍ وَّمَنْ رَّزَقْنٰهُ مِنَّا رِزْقًا حَسَنًا فَهُوَ يُنْفِقُ مِنْهُ سِرًّا
وَّجَهْرًا ؕ هَلْ يَسْتَوٗنَ ؕ اَلْحَمْدُ لِلّٰهِ ؕ بَلْ اَكْثَرُهُمْ لَا يَعْلَمُوْنَ ۝٧٥ وَضَرَبَ اللّٰهُ مَثَلًا
رَّجُلَيْنِ اَحَدُهُمَآ اَبْكَمُ لَا يَقْدِرُ عَلٰى شَيْءٍ وَّهُوَ كَلٌّ عَلٰى مَوْلٰىهُ ۙ اَيْنَمَا يُوَجِّهْهُّ لَا يَاْتِ
بِخَيْرٍ ؕ هَلْ يَسْتَوِيْ هُوَ ۙ وَمَنْ يَّاْمُرُ بِالْعَدْلِ ۙ وَهُوَ عَلٰى صِرَاطٍ مُّسْتَقِيْمٍ ۝٧٦ ع ١٦

તરજુમો :

અને અલ્લાહે તમારા માટે તમારી જાતીમાંથી સ્ત્રીઓ પેદા કરી અને તમને તમારી ઓરતોથી પુત્ર અને પૌત્ર આપ્યા અને તમને ખાવા માટે સ્વચ્છ વસ્તુઓ આપી, બસ શું જૂઠી વાતો માનો છો અને અલ્લાહના ફઝ્‌લ (કૃપા)ને નથી માનતા ? (૭૨) અને અલ્લાહના સિવાય એવાઓને પૂજે છે જે તેમની રોજીના આસમાન અને જમીનથી કંઈ પણ મુખ્તિયાર નથી અને ન જ શક્તિ ધરાવે છે !? (૭૩) બસ અલ્લાહ ઉપર ઉદાહરણો લાગુ ન પાડો, બેશક ! અલ્લાહ જાણે છે અને તમે નથી જાણતા. (૭૪) અલ્લાહે એક ઉદાહરણ બતાવ્યું; એક બંદો, પરાયો માલ, કોઈ વસ્તુ ઉપર અધિકાર નથી ધરાવતો અને એક, જેને અમે પોતાના તરફથી રોજી આપી, ખાસ્સી રોજી; બસ તે તેમાંથી ખર્ચ કરે છે છુપાઈને અને સૌની રૂબરૂ; ક્યાંક સમાન હોય

છે? બધા વખાણ અલ્લાહ માટે છે પરંતુ ઘણા લોકો જાણતા નથી. (૭૫) અને અલ્લાહે એક બીજું ઉદાહરણ બતાવ્યું; બે પુરુષ છે, એક ગૂંગો; કંઈ કામ નથી કરી શકતો અને તે પોતાના માલિક ઉપર ભારે છે, જે બાજુ તેને (કોઈ કામે) મોકલે કંઈ ભલાઈ કરીને ન લાવે; ક્યાંક સમાન છે તે અને એક તે વ્યક્તિ જે ન્યાયથી હુકમ કરે છે અને સીધા માર્ગ ઉપર છે? (૭૬)

તફસીર :

અને (ઉપરોક્ત તવહીદની અને અલ્લાહની નેઅ્મતોની દલીલોમાંથી એક મોટી નેઅ્મત અને અલ્લાહની શક્તિની દલીલ પોતે તમારા માનવી તરીકેના અસ્તિત્વની છે કે) અલ્લાહ તઆલાએ તમારામાંથી જ (એટલે કે તમારી જ માનવજાતમાંથી) તમારા માટે પત્નીઓ બનાવી અને (પછી) આ પત્નીઓ દ્વારા તમારા પુત્રો અને પૌત્ર પેદા કર્યા (કે એ તમારા ગૌત્રનું અસ્તિત્વ ટકાવી રાખે છે) અને તમને સારી-સારી વસ્તુઓ ખાવા(-પીવા) માટે આપી (કે એ તમારા માનવ તરીકેના અસ્તિત્વને ટકાવી રાખે છે અને કારણ કે માનવનું અસ્તિત્વ ખોરાક ઉપર અવલંબિત છે, એ બાબતનો પણ આમાં ઈશારો થઈ ગયો), શું (આ બધી દલીલો અને નેઅ્મતો સાંભળીને) પછી પણ આધારવિહીન વસ્તુઓ ઉપર (એટલે કે મૂર્તિઓ વગેરે ઉપર કે જેના મઅ્બૂદ હોવાની કોઈ દલીલ નથી બલકે તે દલીલથી વિપરીત છે) ઈમાન રાખશો ? અને અલ્લાહ તઆલાની નેઅ્મતની નાશુક્રી (અને બેકદરી) કરતા રહેશો ? અને (આ નાશુક્રીનો અર્થ એ છે કે) અલ્લાહને છોડીને એવી વસ્તુઓની ઈબાદત કરતા રહેશો જે તમને ન તો આસમાનોમાંથી રોજી પહોંચાડવાનો અધિકાર ધરાવે છે અને ન જ જમીનમાંથી (એટલે કે ન તો આકાશમાંથી વરસાદ વરસાવવાનો અધિકાર ધરાવે છે અને ન જ તેઓ જમીનમાંથી કંઈ ઉગાડી કે પેદા કરી શકે છે) અને ન જ (અધિકાર પ્રાપ્ત કરવાની) શક્તિ ધરાવે છે (તેમના નકારથી વધારે સ્પષ્ટ થઈ ગયું, કારણ કે અમુક વખતે એવું જોવા મળે છે કે એક વ્યક્તિને પ્રત્યક્ષ રીતે તો કોઈ અધિકાર નથી હોતો પરંતુ રાત-દિવસ મહેનત કર્યા પછી તે આવી શક્તિ પ્રાપ્ત કરી લે છે એટલા માટે એ બાબતનો પણ નકાર કરવામાં આવ્યો કે તેઓ કદાપિ આવી શક્તિ પ્રાપ્ત કરી શકશે નહીં) બસ, (જ્યારે શિર્ક જૂઠું હોવાનું સાબિત થઈ ગયું છે તો) તમે અલ્લાહ તઆલા માટે ઉદાહરણો ન ઘડો (એટલે કે

એવું ન ધારો કે અલ્લાહ તઆલાનું ઉદાહરણ દુનિયાના રાજાઓ જેવું છે કે દરેક વ્યક્તિ તેમની પાસે પોતાની જરૂરિયાતની વિનંતી નથી કરી શકતો એટલા માટે તેના નાયબો હોય છે કે સામાન્ય જનતા તેમને પોતાની જરૂરિયાતની વિનંતી કરે છે, પછી તેઓ વચ્ચેવાળા રાજાઓને વિનંતી કરે છે. كَذَافِى الْكَبِيْرِ وَيُؤْخَذُ مِنْ (قَوْلِهٖ مَا نَعْبُدُهُمْ اِلَّا لِيُقَرِّبُوْنَا، وَهٰٓؤُلَآءِ شُفَعَآءُنَا عِنْدَاللّٰهِ) અલ્લાહ તઆલા (સારી પેઠે) જાણે છે (કે આવા ઉદાહરણો વ્યર્થ છે) અને તમે (ચિંતન અને મનનના અભાવના કારણે) નથી જાણતા (એટલા માટે જેવું ઈચ્છો છો બકી નાંખો છો અને) અલ્લાહ તઆલા (શિર્કના જૂઠાપણાને જાહેર કરવા માટે) એક ઉદાહરણ વર્ણન કરે છે કે (કલ્પના કરો કે) એક ગુલામ છે (કોઈના) માલિકીપણા હેઠળ કે (માલિકના માલ અને અન્ય વસ્તુઓમાંથી) કોઈ વસ્તુનો (માલિકની પરવાનગી વિના) અધિકાર નથી ધરાવતો અને (બીજો) એક વ્યક્તિ છે જેને અમે પોતાની પાસેથી ઘણી સારી રોજી આપી રાખી તો તેમાંથી ગુપ્ત અને જાહેર રીતે (જે પ્રમાણે ઈચ્છે છે જ્યાંથી ઈચ્છે છે) ખર્ચ કરે છે, (તેને કોઈ રોકનાર-ટોકનાર નથી) શું આ પ્રકારના વ્યક્તિઓ પરસ્પર એકસમાન હોઈ શકે છે ? (બસ, જ્યારે ભૌતિક મિલકતના માલિક અને તેનાથી વંચિત એકસમાન નથી હોઈ શકતા તો હકીકી માલિક અને તેની હકીકી મખ્લૂક કઈ રીતે એકસમાન હોઈ શકે છે ? અને ઈબાદતનો અધિકાર સમાનતા ઉપર અવલંબિત હોય તો તે પણ અત્રે બિલકુલ નથી) બધા જ વખાણો અલ્લાહના જ માટે છે (કારણ કે સંપૂર્ણ જાત અને સિફાત-ગુણ-લક્ષણો અને ખાસિયતો તેની જ છે, બસ મઅ્‌બૂદ પણ એકમાત્ર તે જ છે પરંતુ તો પણ મુશ્રિકો અલ્લાહને છોડીને અન્યની ઈબાદત કરે છે અને તેને છોડતા નથી) બલકે, તેમનામાંના ઘણા તો (ચિંતન-મનનના અભાવના કારણે) જાણતા જ નથી (અને કારણ કે જ્ઞાનનો અભાવ પોતે જ તેમના ચિંતન અને મનનના અભાવનું કારણ છે એટલા માટે તેમને લાચાર પણ સમજવામાં નહીં આવે) અને અલ્લાહ તઆલા (તેમના ખુલાસા સ્વરૂપે) એક અન્ય ઉદાહરણ વર્ણન કરે છે કે (કલ્પના કરો) બે વ્યક્તિઓ છે જેમાંથી એક તો (ગુલામ હોવા ઉપરાંત) ગૂંગો (અને બહેરો પણ) છે (અને બહેરો, આંધળો, બુદ્ધિ વિનાનો હોવાને કારણે) કોઈ કામ નથી કરી શકતો અને (આ કારણે) તે પોતાના માલિક ઉપર ભારરૂપ છે (કે તે માલિક જ તેના સઘળા કાર્યો કરે છે અને) તે

(માલિક) તેને જ્યાં પણ મોકલે છે કોઈ કામ સીધું કરીને નથી લાવતો (એટલે કે પોતે તો શું વ્યવસ્થિત કામ કરે અન્યના શિખવાડવાથી પણ તે કોઈ સીધું કામ કરી શકતો નથી બસ,) શું આ વ્યક્તિ અને તે વ્યક્તિ પરસ્પર એકસમાન હોઈ શકે છે જે સારી વાતોની તા'લીમ આપે છે ? (જેમાં તેના બુદ્ધિશાળી, વ્યવસ્થિત તથા શક્તિશાળી અને જ્ઞાની હોવાની જાણ થાય છે) અને પોતે પણ (દરેક પ્રવૃત્તિમાં) મધ્યમ માર્ગ ઉપર (ચાલતો) હોય (જેનાથી તેમાં પ્રવૃત્તિ અને વ્યવસ્થાપન સાચવવાની આવડત કે કુનેહની જાણ થાય છે અને મખ્લૂકમાં પરસ્પર સમાનતા અને કુનેહ કે આવડતની ખાસિયતોમાં આ તફાવત છે તો પછી સર્જનહાર અને સર્જનની તો વાત જ ક્યાં કરવી ? અને "લા યુક્દિરુ"ના તરજુમામાં માલિકની પરવાનગી વિનાની શરતથી જે પાછલી આયતોમાં છે ફિક્હી શંકાઓ પણ દૂર થઈ ગઈ અને કોઈ શંકાને સ્થાન પણ ન રહ્યું કે કદાચ અલ્લાહને છોડીને અન્યને પણ આવી શક્તિ પ્રાપ્ત થઈ ગઈ હોય, જવાબ એ છે કે પરવરદિગાર તરીકેની કોઈનામાં શક્તિ નથી અને ન જ હોઈ શકે છે).

મસ્અલા અને બોધપાઠ :

جَعَلَ لَكُمْ مِّنْ اَنْفُسِكُمْ اَزْوَاجًا આ આયતમાં એક મહત્ત્વની નેઅ્‌મતનું વર્ણન કરવામાં આવ્યું છે કે અલ્લાહ તઆલાએ તમારી માનવજાતિ અને કોમમાંથી તમારી પત્નીઓ બનાવી, જેથી પરસ્પર સુમેળ પણ સધાયેલો રહે અને માનવવંશનું સન્માન અને શ્રેષ્ઠતા પણ ટકી રહે.

બીજો ઈશારો એ તરફ પણ હોઈ શકે છે કે તમારી પત્નીઓ તમારી જ માનવજાતિમાંથી છે, તેમની જરૂરિયાતો ભાવનાઓ પણ તમારા જ જેવી છે, તેમનું સન્માન કરવું તમારા ઉપર આવશ્યક છે.

وَجَعَلَ لَكُمْ مِّنْ اَزْوَاجِكُمْ بَنِيْنَ وَحَفَدَةً એટલે કે, "તમારી પત્નીઓ દ્વારા અમે તમારા પુત્ર અને પૌત્ર પેદા કર્યા."

અત્રે એ વાત ધ્યાન આપવાપાત્ર છે કે સંતાન તો માં-બાપ દ્વારા સંયુક્ત રીતે પેદા થાય છે, આ આયતમાં ફક્ત માતાઓ દ્વારા પેદા કરવાનો ઉલ્લેખ થયો છે, તેમાં ઈશારો છે કે બાળકના જન્મ અને તેના પેદા થવામાં પિતા કરતાં વધારે માતાની દખલગીરી છે, બાપ તો માત્ર قطرہ بے جان نکلتا ہے અને તેના ઉપર વિવિધ

પ્રકારના તબક્કાઓ પસાર થયા પછી મનુષ્યના શરીરના માળખામાં તે પરિવર્તિત થઈ જાય છે અને તેમાં પ્રાણ આવવા વગેરે કુદરતનું સર્વાંગ સંપૂર્ણ માનવીનું સર્જન કરવાની કાર્યવાહીનું કેન્દ્ર તો માતાનું પેટ જ છે, એટલા માટે હદીષમાં માતાના અધિકારને પિતાના અધિકાર ઉપર અગ્રતા આપવામાં આવી છે.

આ વાક્યમાં પુત્રોની સાથે પૌત્રાઓનું પણ વર્ણન કરીને એ તરફ પણ ઈશારો જોવા મળે છે કે આ જોડાંઓ બનાવવાનો મૂળ હેતુ માનવવંશના અસ્તિત્વને ટકાવી રાખવાનો છે કે સંતાનો પછી તેના સંતાનો, પછી તેના સંતાનો થતા રહે તો એ માનવજાતિનું અસ્તિત્વ ટકી રહેવાનો સામાન છે.

પછી وَرَزَقَكُم مِّنَ الطَّيِّبَاتِ માં તેના વ્યક્તિગત અસ્તિત્વને ટકાવી રાખવાના ભૌતિક સાધનોનું વર્ણન કર્યું કે મનુષ્ય પેદા થઈ જાય ત્યાર પછી તેમની વ્યક્તિગત જિંદગી ટકાવવા માટે ખોરાકની આવશ્યકતા છે તે પણ અલ્લાહ તઆલાએ ઉપલબ્ધ કરાવ્યો, આયતમાં શબ્દ حَفَدَةً (હફદતન)નો મૂળ અર્થ "સહાયક, મદદગાર કે સેવક" થાય છે. આ શબ્દ અવલાદ માટે ઉપયોગ કરવામાં એ બાજુ ઈશારો છે કે સંતાનો માં-બાપના સેવક હોવા જોઈએ. *(કુર્તુબી)*

فَلَا تَضْرِبُوا لِلَّهِ الْأَمْثَالَ માં એક મહત્ત્વની વાસ્તવિકતા સ્પષ્ટ કરવામાં આવી છે જેના પ્રત્યે બેદરકારી વર્તવી બધા જ પ્રકારના કુફ્ર, શંકા અને સંદેહને જન્મ આપે છે, તે એ કે સામાન્ય રીતે લોકો અલ્લાહ તઆલાને પોતાના જેવી માનવજાતિ ઉપર અનુમાનિત કરીને તેનામાં ઉચ્ચ કક્ષાના મનુષ્યના દાખલા તરીકે રાજા અને તેની રય્યત જેવા ઉદાહરણો ઘડી કાઢે છે અને પછી આ ખોટા પાયાઓ ઉપર અલ્લાહ તઆલાના કુદરતના વ્યવસ્થાપનતંત્રને પણ માનવસમાજના રાજાઓના વ્યવસ્થાપનતંત્રો જેવા ધારીને એવું કહેવા લાગે છે કે જે પ્રમાણે કોઈ રાજા પોતાના રાજ્યમાં એકલો સમગ્ર રાજ્ય વ્યવસ્થાપનતંત્રના કાર્યો પૂર્ણ નથી કરી શકતો બલકે પોતાના નાયબો, પ્રધાનો અને બીજા કર્મચારીઓને અધિકાર સોંપીને તેમના દ્વારા રાજ્યનો વહીવટ ચલાવવામાં આવે છે, એ જ પ્રમાણે આ પણ એવું જ હોવું જોઈએ કે અલ્લાહ તઆલાના હાથ નીચે અમુક બીજા મઅબૂદો પણ હોય જે અલ્લાહના કાર્યમાં તેને સહાય કરે, આ જ બધા મૂર્તિપૂજકો અને મુશ્રિકોની સામાન્ય માન્યતા છે, આ વાક્યએ તે શંકાને

જડમાંથી નિર્મૂળ કરી નાંખી કે અલ્લાહ તઆલા માટે મખ્લૂકના ઉદાહરણો રજુ કરવા પોતે મૂર્ખાઈ અને બુદ્ધિહીનતા છે, તે ઉદાહરણો અને દષ્ટાંતોથી બલકે મનુષ્યની કલ્પના અને અનુમાનથી પણ ઉપરવટ છે.

અંતિમ બે આયતોમાં મનુષ્યના જે બે ઉદાહરણો રજુ કરવામાં આવ્યા છે, તેમાંથી પ્રથમ ઉદાહરણમાં માલિક અને ગુલામ એટલે કે માલિક અને તેની મિલ્કતનું ઉદાહરણ આપીને બતાવવામાં આવ્યું કે જ્યારે આ બંને એક જ પ્રકારના એટલે કે માનવજાતિ છે તે છતાં પણ તેઓ પરસ્પર એકસમાન નથી હોઈ શકતા તો કોઈ મખ્લૂક (સર્જન)ને અલ્લાહ તઆલા સમકક્ષ કઈ રીતે ઠરાવી શકાય છે ?

અને બીજા ઉદાહરણમાં એક બાજુ એક વ્યક્તિ છે જે લોકોને ન્યાયની અને બીજી સારી વાતો શિખવાડે છે, જે તેના જ્ઞાન અને વિદ્વતાની શક્તિની ખાસિયત છે અને પોતે પણ મધ્યમમાર્ગી છે અને સીધા માર્ગ ઉપર ચાલે છે જે તેના આચરણની ખાસિયત છે, આ જ્ઞાન અને આચરણની શક્તિમાં સંપૂર્ણ માનવીથી વિપરીત તે બીજો વ્યક્તિ છે જે ન તો પોતે પોતાનું કાર્ય કરી શકે છે અને ન જ કોઈ બીજાના કાર્યને ઠીક રીતે કરી શકે છે, આ બંને પ્રકારના વ્યક્તિઓ એક જ માનવજાતિ અને એક જ કોમના, એક જ જ્ઞાતિના હોવા છતાં પરસ્પર એકસમાન નથી હોઈ શકતા તો સર્જનહાર અને સૃષ્ટિના માલિક, હકીમે મુતલક તથા સર્વશક્તિમાન સર્વજ્ઞ અલ્લાહની સાથે કોઈ મખ્લૂક કેવી રીતે સમાનતા ધરાવી શકે છે !?

આયતો : (સૂરએ નહ્‌લ : આયત નં. ૭૭ થી ૮૩)

وَلِلّٰهِ غَيْبُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ وَمَآ اَمْرُ السَّاعَةِ اِلَّا كَلَمْحِ الْبَصَرِ اَوْ هُوَ

اَقْرَبُ ؕ اِنَّ اللّٰهَ عَلٰى كُلِّ شَىْءٍ قَدِيْرٌ ﴿۷۷﴾ وَاللّٰهُ اَخْرَجَكُمْ مِّنْۢ بُطُوْنِ اُمَّهٰتِكُمْ لَا

تَعْلَمُوْنَ شَيْـًٔا ۙ وَّجَعَلَ لَكُمُ السَّمْعَ وَالْاَبْصَارَ وَالْاَفْـِٕدَةَ ۙ لَعَلَّكُمْ تَشْكُرُوْنَ ﴿۷۸﴾

اَلَمْ يَرَوْا اِلَى الطَّيْرِ مُسَخَّرٰتٍ فِىْ جَوِّ السَّمَآءِ ؕ مَا يُمْسِكُهُنَّ اِلَّا اللّٰهُ ؕ اِنَّ فِىْ ذٰلِكَ

لَاٰيٰتٍ لِّقَوْمٍ يُّؤْمِنُوْنَ ﴿٧٩﴾ وَاللّٰهُ جَعَلَ لَكُمْ مِّنْۢ بُيُوْتِكُمْ سَكَنًا وَّجَعَلَ لَكُمْ مِّنْ جُلُوْدِ

الْاَنْعَامِ بُيُوْتًا تَسْتَخِفُّوْنَهَا يَوْمَ ظَعْنِكُمْ وَيَوْمَ اِقَامَتِكُمْ ۙ وَمِنْ اَصْوَافِهَا

وَاَوْبَارِهَا وَاَشْعَارِهَآ اَثَاثًا وَّمَتَاعًا اِلٰى حِيْنٍ ﴿٨٠﴾ وَاللّٰهُ جَعَلَ لَكُمْ مِّمَّا خَلَقَ ظِلٰلًا

وَّجَعَلَ لَكُمْ مِّنَ الْجِبَالِ اَكْنَانًا وَّجَعَلَ لَكُمْ سَرَابِيْلَ تَقِيْكُمُ الْحَرَّ وَسَرَابِيْلَ تَقِيْكُمْ

بَاْسَكُمْ ۭ كَذٰلِكَ يُتِمُّ نِعْمَتَهٗ عَلَيْكُمْ لَعَلَّكُمْ تُسْلِمُوْنَ ﴿٨١﴾ فَاِنْ تَوَلَّوْا فَاِنَّمَا عَلَيْكَ

الْبَلٰغُ الْمُبِيْنُ ﴿٨٢﴾ يَعْرِفُوْنَ نِعْمَتَ اللّٰهِ ثُمَّ يُنْكِرُوْنَهَا وَاَكْثَرُهُمُ الْكٰفِرُوْنَ ﴿٨٣﴾ ع

તરજુમો :

અને અલ્લાહની જ પાસે છે આસમાનો અને જમીનના ભેદ અને કયામતનું કામ તો એવું છે જેમકે આંખનું પલકવું અથવા તેનાથી પણ નજીક, અલ્લાહ દરેક વસ્તુ ઉપર કાબૂ ધરાવે છે. (૭૭) અને અલ્લાહે તમને તમારી માતાના પેટથી કાઢયા, તમે કોઈ વસ્તુને જાણતા ન હતા અને તમને કાન આપ્યા અને આંખો અને દિલ જેથી તમે અહેસાન માનો. (૭૮) શું જોતા નથી ઉડતા પક્ષીઓ હુકમના બાંધેલા આસમાનની હવામાં ! તેમને અલ્લાહના સિવાય કોઈ સંભાળી નથી રહ્યું, તેમાં તે લોકો માટે નિશાનીઓ છે જેઓ યકીન લાવે છે. (૭૯) અને અલ્લાહે તમને તમારા ઘર વસવાટની જગ્યા બનાવી દીધા અને તમને પશુઓના ચામડાંથી ડેરા (તંબુઓ) બનાવી દીધા જે તમારા ઉપર હલકા રહે છે જે દિવસે સફરમાં હોવ અને જે દિવસે પડાવમાં હોવ અને (ઘેટાંઓના) ઊનથી અને (ઊંટોની) રૂંવાટીથી અને (બકરીઓના) વાળથી કેટલોય સામાન અને વાપરવાની વસ્તુઓ નિશ્ચિત સમય સુધી. (૮૦) અને અલ્લાહે તમારા માટે પોતાની બનાવેલી વસ્તુઓના છાંયડા બનાવી દીધા અને તમારા માટે પહાડોમાં સંતાવાની જગ્યાઓ બનાવી દીધી અને તમારા માટે કુરતા બનાવી દીધા જે ગરમીમાં બચાવ છે અને કુરતા (બખ્તર) જે લડાઈમાં બચાવ છે, એ જ પ્રમાણે તમારા ઉપર પોતાનું અહેસાન પુરું કરે છે જેથી તમે હુકમ માનો. (૮૧) પછી જો ફરી જાય તો

તમારું કામ તો એ જ છે કે ખુલીને સંભળાવી દેવું. (૮૨) અલ્લાહનું અહેસાન ઓળખે છે, પછી ઈન્કારી થઈ જાય છે અને તેમનામાં ઘણા નાશુક્રા છે. (૮૩)

તફસીર :

અને આસમાન તથા જમીનની બધી જ ગુપ્ત વાતો (જે કોઈને ખબર નથી જ્ઞાનના આધારે) અલ્લાહના જ માટે ખાસ છે, (જ્ઞાનની સિફતમાં તે સંપૂર્ણ છે) અને (તેની શક્તિમાં તે એવો સંપૂર્ણ છે કે તેના ગુપ્ત જ્ઞાનમાંથી જે એક મહાન બાબત છે, એટલે કે) કયામત (તે)નો મા'મલો બસ એવો (ઝટપટ) થશે જેમકે આંખોનું પલકવું બલકે તેનાથી પણ વધારે જલદી (કયામતના મા'મલાનો ભાવાર્થ એ છે કે મુરદાઓને સજીવન કરવાને તેમના આંખ પલકાવવાની જલદી સાથે સરખાવ્યું છે, કારણ કે આંખ પલકાવવી એક હલન-ચલન છે માટે આવી ઝડપ ઉપર તાજ્જુબ ન કરવો જોઈએ કારણ કે) ખરેખર અલ્લાહ તઆલા દરેક વસ્તુ ઉપર કુદરત ધરાવે છે (અને પોતાની કુદરતની સાબિતી માટે કયામતનું વર્ણન ખાસ સ્વરૂપે કરવું કદાચ એ કારણે છે કે તે આખરે એક ગુપ્ત બાબત પણ છે એટલા માટે તે જ્ઞાન અને શક્તિ બંનેની દલીલ છે તેના ઉપસ્થિત થતા પહેલાં જ્ઞાનની અને ઉપસ્થિત થયા બાદ તેની શક્તિની) અને (તેના અસ્તિત્વની બધી જ નક્કર દલીલો તથા નેઅ્‌મતોની એ પરિસ્થિતિ છે કે) અલ્લાહ તઆલાએ તમને તમારી માતાઓના પેટમાંથી એવી હાલતમાં કાઢ્યા કે તમે કંઈપણ જાણતા ન હતા (આ તબક્કાનું નામ ફિલોસોફીની પરિભાષામાં عَقْلِ هَيُوْلَانِى છે) અને તેણે તમને કાન આપ્યા અને આંખો અને દિલ જેથી તમે શુક્ર અદા કરો (કુદરતની દલીલો માટે) શું લોકોએ પક્ષીઓને નથી જોયા કે આસમાનના (નીચે) અવકાશમાં (કુદરતના) હુકમ પ્રમાણે ઉડતા રહે છે (એટલે કે) તેમને (એ સ્થળે) અલ્લાહ સિવાય કોઈ સંભાળનાર ન હતું (તેમના શરીર હલકા હોવું તથા હવામાં તેમનું તરવું અને ગુરૂત્કાકર્ષણના બળથી નીચે ન પડી જવું આ બધા અલ્લાહના કરિશ્માઓમાં) ઈમાનવાળાઓ માટે (અલ્લાહની કુદરતની) અમુક દલીલો (મોજૂદ) છે, (અમુક નિશાનીઓ એટલા માટે રજુ કરી કે પક્ષીઓની ખાસ શરીરરચનાના કારણે જ તેમનું ઊડવું શક્ય બન્યું એ પણ એક દલીલ છે, બીજું અવકાશમાં એવી સ્થિતિઓ પેદા કરી કે જેમાં તેમના માટે ઊડવું શક્ય બન્યું તે બીજી દલીલ છે, ત્યારબાદ પક્ષીઓનું પોતાનું અસ્તિત્વ એ ત્રીજી દલીલ છે અને

જે બાબતો તેમના ઊડવાના સંદર્ભમાં સહાયરૂપ છે તે બધી અલ્લાહની જ પેદા કરેલ વસ્તુઓ છે, ત્યારબાદ આ વસ્તુઓ ઉપર પક્ષીઓને કામે લગાડવું પણ અલ્લાહની ઈચ્છાના આધીન છે નહિતર મોટે ભાગે એવું પણ થાય છે કે કોઈ વસ્તુના સાધનો તો ઉપલબ્ધ હોય છે તો પણ તે વસ્તુ અસ્તિત્વમાં આવતી નથી એટલા માટે ....مَا يُمْسِكُهُنَّ ફરમાવ્યું અને આ પ્રમાણે નેઅ્મતના સંદર્ભો અને કારણો અને દલીલો કુદરતની એવી બાબતો છે કે) અલ્લાહ તઆલાએ તમારા માટે (તમે રહી શકો એવા) તમારા ઘરોમાં રહેવાના સ્થળો બનાવ્યા (અને મુસાફરીની પરિસ્થિતિમાં) તમારા માટે પશુઓના ચામડાંના ઘર (એટલે કે તંબુઓ) બનાવ્યા જેને તમે પોતાની કૂચના દિવસે અને થોભવાના દિવસે હલકા-ફુલકા જુઓ છો (અને એ કારણે તેનું લાદવું તથા તે તંબુનું ઊભા કરવું બધું સરળ જણાય છે) અને તે (જાનવરો)ના ઊન, તેમની રૂંવાટી અને તેમના વાળમાંથી (તમારા) ઘરનો સામાન અને લાભની વસ્તુઓ એક નિશ્ચિત સમય સુધી બનાવી (નિશ્ચિત સમય સુધી એટલા માટે કહ્યું કે સ્વાભાવિક રીતે આ વસ્તુઓ રૂ અથવા કપડાંની વસ્તુઓ કરતા વધારે સમય ટકે છે, મતલબ કે કુદરતની દલીલો અને નેઅ્મતોના કારણોમાંથી એક એ પણ છે કે) અલ્લાહ તઆલાએ તમારા માટે પોતાની અમુક મખ્લૂકોના છાંયડાઓ બનાવ્યા (જેમકે વૃક્ષો, મકાનો વગેરે) અને તમારા માટે પહાડોમાં શરણના સ્થળો બનાવ્યા (એટલે કે ગુફાઓ વગેરે જેમાં ગરમી, ઠંડી વગેરે અને વરસાદ, ઝેરી જાનવરો, દુશ્મનો, હિંસક પશુઓ વગેરેથી સુરક્ષા પ્રદાન થાય છે) તમારા માટે એવા કુરતા બનાવ્યા જે ગરમીથી તમારું રક્ષણ કરે અને એવા પહેરણ (પણ) બનાવ્યા જે પરસ્પર લડાઈ(માં ઘા અને ઝખમ લાગવા)થી તમારું રક્ષણ કરે (તેનો ભાવાર્થ બખ્તર છે) અલ્લાહ તઆલા તમારા ઉપર આવી જ રીતે નેઅ્મતો પૂર્ણ કરે છે કે જેથી તમે (તે નેઅ્મતોના શુક્રિયામાં) આજ્ઞાપાલક રહો (અને જો કે પ્રસ્તુત નેઅ્મતોમાંથી અમુક કૃત્રિમ અને માનવસર્જિત પણ છે પરંતુ મૂળ તત્ત્વ અને વપરાશનો પદાર્થ તથા પદ્ધતિ તો અલ્લાહે જ પેદા કરેલી છે એટલા માટે વાસ્તવિક ઈનામ આપનાર તે જ છે પછી આ નેઅ્મતો હોવા છતાં પણ) જો આ લોકો ઈમાન લાવવાથી વિરોધ કરે (તો આપ દિલગીર ન થાઓ આપનું કોઈ નુકસાન નથી કારણ કે) તમારી જવાબદારી તો માત્ર સ્પષ્ટ ખુલ્લમ-ખુલ્લું પહોંચાડી દેવાની છે

(અને તેમના વિરોધનું કારણ એ નથી કે તેઓ આ નેઅ્મતોને ઓળખતા નથી બલકે આ લોકો) અલ્લાહની નેઅ્મતોને ઓળખે તો છે પરંતુ ઓળખ્યા પછી (પોતાના વર્તનમાં) તેના ઈન્કારી થઈ જાય છે (કે જે વર્તન અહેસાન કરનારની સાથે હોવું જોઈતું હતું એટલે કે અલ્લાહની ઈબાદત અને તેનું આજ્ઞાપાલન તે બીજાઓની સાથે કરે છે) અને તેમનામાંના ઘણા નાશુક્રા છે.

મસ્અલા અને બોધપાઠ :

અલ્લાહ તઆલાનો ઈરશાદ છે, لَا تَعْلَمُوْنَ شَيْئًا એનાથી ઈશારો છે કે જ્ઞાન મનુષ્યનો વ્યક્તિગત હુનર (કળા) નથી, જન્મ સમયે તે કોઈ જ્ઞાન કે કળા ધરાવતો ન હતો ત્યારબાદ માનવ આવશ્યકતા પ્રમાણે તેણે અમુક-અમુક જ્ઞાન અલ્લાહ તરફથી કોઈપણ પ્રકારના માધ્યમ વિના પ્રત્યક્ષ સીધે-સીધું શિખવાડી દેવામાં આવે છે જેમાં ન તો માતા-પિતાની કોઈ દખલગીરી છે અને ન જ કોઈ શિક્ષકની, જેમકે સૌ પ્રથમ બાળકને રડતાં શિખવાડ્યું, તેની આ જ સિફત તે સમયે તેની બધી જ જરૂરિયાતો પૂર્ણ કરાવે છે, ભૂખ-તરસ લાગે તો તે રડે છે, ઠંડી-ગરમી લાગે તો તે રડે છે, કોઈ અન્ય દુ:ખ-દર્દ થાય તો તે રડે છે. કુદરતે તેની જરૂરિયાત પૂર્ણ કરવા માતા-પિતાના દિલોમાં તે બાળક માટે એક ખાસ પ્રકારનો પ્રેમ નાંખી દીધો કે જ્યારે બાળકનો અવાજ સાંભળે તો તેઓ તેની તકલીફને ઓળખે અને તેને દૂર કરવા માટે તૈયાર થઈ જાય છે, જો બાળકને અલ્લાહ તઆલા તરફથી પ્રત્યક્ષ રીતે આ રડવાનું શિક્ષણ કે આવડત આપવામાં ન આવી હોત તો તેને કોણ આ કાર્ય શિખવાડી શકતું હતું કે જ્યારે કોઈ જરૂરત પડે તો આ પ્રમાણે રડે ! તેની સાથે-સાથે તેને અલ્લાહે સીધે-સીધું પ્રત્યક્ષ સ્વરૂપે એ પણ શિખવાડ્યું છે કે પોતાના ખોરાકને માતાના દૂધથી પ્રાપ્ત કરવા માટે પોતાના જડબાંઓ અને હોઠોનો ઉપયોગ કરે, જો આ તા'લીમ પ્રાકૃતિક અને પ્રત્યક્ષ સ્વરૂપે આપવામાં આવી ન આવી હોત તો કયા શિક્ષકની એવી મજાલ હતી કે તે આ નવજાત શીશુને મોઢું હલાવી માની છાતીએથી દૂધ પીવાનું શિખવાડી આપે ? એ જ પ્રમાણે જેમ-જેમ આ બાળકની જરૂરિયાત વધતી ગઈ કુદરતે તેને પ્રત્યક્ષ સ્વરૂપે માતા-પિતા પાસેથી પોતે શિખવાડી દીધું, અમુક મુદત પછી તેનામાં એ સમજશક્તિ પેદા થવા લાગે છે કે માં-બાપ અને બીજા આજુ-બાજુના વ્યક્તિઓની વાતો સાંભળીને અથવા અમુક વસ્તુઓને જોઈને તે

ધીમે-ધીમે શીખવા માંડે છે અને પછી તે સાંભળેલા અવાજો અને જોયેલી વસ્તુઓને વિચારવા અને સમજવાની ક્ષમતા પેદા થાય છે.

એટલા માટે પ્રસ્તુત આયતમાં لَا تَعْلَمُوْنَ شَيْئًا પછી ઈરશાદ ફરમાવ્યો, وَجَعَلَ لَكُمُ السَّمْعَ وَالْاَبْصَارَ وَالْاَفْئِدَةَ એટલે કે, જો કે શરૂઆતના જન્મ સમયે મનુષ્યને કોઈ વસ્તુનું જ્ઞાન ન હતું પરંતુ કુદરતે તેના અસ્તિત્વમાં જ્ઞાન પ્રાપ્ત કરવાના આશ્ચર્યજનક અવયવો અને જ્ઞાનતંતુઓ આપી દીધા હતા, આ જ્ઞાનતંતુઓમાં સૌ પ્રથમ શ્રવણશક્તિ એટલે કે સાંભળવાની શક્તિનો ઉલ્લેખ કરવામાં આવ્યો જેને સૌ પ્રથમ ઉલ્લેખ કરવાનું કારણ કદાચ એ છે કે મનુષ્યનું સૌથી પહેલું અને સૌથી વધારે જ્ઞાન પ્રાપ્ત કરવાનું માધ્યમ કાન એટલે કે શ્રવણશક્તિ જ છે, શરૂઆતમાં આંખો બંધ હોય છે પરંતુ કાન સાંભળે છે અને ત્યારબાદ પણ જો વિચાર કરવામાં આવે તો મનુષ્યને સમગ્ર જિંદગીમાં જે પ્રમાણે જાણકારી પ્રાપ્ત થાય છે તેમાં સૌથી વધારે કાનોથી સાંભળેલી બાબતો જ હોય છે, આંખે જોયેલી જાણકારી તેના પ્રમાણમાં ઘણી ઓછી હોય છે.

આ બંને બાબતો પછી તે જાણકારીઓનો નંબર આવે છે જેને મનુષ્ય પોતાની સાંભળેલી અને જોયેલી વસ્તુઓમાં વિચાર કરીને જાણે છે અને આ કાર્ય કુર્આનના ઈરશાદ પ્રમાણે મનુષ્યના દિલ-દિમાગનું કામ છે, એટલા માટે ત્રીજા નંબરે اَفْئِدَة (અફઈદહ) ફરમાવ્યું, જે فُؤَاد (ફૂવાદ)નું બહુવચન છે, જેનો અર્થ 'માણસનું મન' થાય છે, વૈજ્ઞાનિકોના મતે મનુષ્યની સમજબૂઝ અને વિચારનું કેન્દ્ર માણસનું દિમાગ હોય છે પરંતુ કુર્આનના ઈરશાદોથી જાણ થાય છે કે દિમાગને જો કે તેમાં ચોક્કસ દખલગીરી છે પરંતુ જ્ઞાન પ્રાપ્ત કરવાની મૂળ ભાવના હૃદયમાં પેદા થાય છે. (વિચારનું કેન્દ્ર મગજ હોય છે, માનવ શરીરની દરેક પ્રવૃત્તિ માટે મગજ હુકમ આપતું હોય છે પરંતુ રૂઢિપ્રયોગો અને મહાવરાઓમાં ભાવનાઓ તથા લાગણીઓનું કેન્દ્ર દિલ હોવાનું જ પ્રચલિત છે અને એ પણ શક્ય છે કે કદાચ કોઈ ગ્રંથી મનમાં એવી હોય જે બધા જ જ્ઞાનનું કેન્દ્ર હોય અને શક્ય છે કે જેનું હજુ સુધી સંશોધન ન પણ થયું હોય, એ શક્યતા પણ નકારી શકાય નહીં, જેમકે દિલ તૂટવું, કોઈના ઉપર દિલ આવવું, મનની શાંતિ હોવી, દિલ ભરાઈ જવું, મનમાં આવવું, મનમાં વિચારવું, મનમાં ચોર હોવો વગેરે રૂઢિપ્રયોગોમાં દિમાગના બદલે દિલ એટલે કે મનનો ઉપયોગ દરેક ભાષાઓમાં કરવામાં આવે છે. વલ્લાહુ અઅ્લમુ. -અનુવાદક)

આ સ્થળે અલ્લાહ તઆલાએ સાંભળવા, જોવા અને સમજવાની શકિતઓનું વર્ણન કર્યું છે, બોલવાની અને જીભની શકિતનું વર્ણન નથી કર્યું, કારણ કે બોલવાની શકિતનું જ્ઞાન પ્રાપ્ત કરવામાં શ્રવણ, દૃષ્ટિ અને બુદ્ધિ જેટલી દખલગીરી નથી બલકે તે જ્ઞાન જાહેર કરવાનું માધ્યમ છે, તદ્દુપરાંત ઈમામ કુર્તુબીએ પણ ફરમાવ્યું છે કે શબ્દ سَمْعٌ (સમ્અ્)ની સાથે نُطْق (નુત્ક) પણ આવી ગયું, એટલે કે શ્રવણશક્તિની સાથે બોલવાની શક્તિ પણ આવી ગઈ, કારણ કે અનુભવ સાક્ષી છે કે જે વ્યક્તિ સાંભળે છે તે બોલે પણ છે, જે જન્મજાત બહેરો હોય છે તે ગૂંગો હોય છે અને બોલી શકતો નથી, કદાચ તેનું ન બોલવાનું કારણ જ એ હોય છે કે તે અવાજ જ સાંભળતો નથી કે તેને સાંભળીને તે બોલી શકે. —વલ્લાહુ અઅ્લમુ.

وَاللّٰهُ جَعَلَ لَكُمْ مِّنْ بُيُوْتِكُمْ سَكَنًا માં بُيُوْت (બુયૂત) એ بَيْت (બય્ત)નું બહુવચન છે, જે મકાનમાં રાત પસાર કરવામાં આવે તેને "બય્ત" કહેવામાં આવે છે. ઈમામ કુર્તુબીએ પોતાની તફસીરમાં ફરમાવ્યું છે,

كُلُّ مَا عَلَاكَ فَاَظَلَّكَ فَهُوَ سَقْفٌ وَسَمَاءٌ، وَكُلُّ مَا اَقَلَّكَ فَهُوَ اَرْضٌ وَكُلُّ مَا سَتَرَكَ مِنْ جِهَاتِكَ الْاَرْبَعِ فَهُوَ جِدَارٌ فَاِذَا انْتَظَمَتْ وَاتَّصَلَتْ فَهُوَ بَيْتٌ،

"જે વસ્તુઓ તમારા માથાથી ઊંચી હોય અને તમારા ઉપર છાંયડો કરે તે છત અથવા આકાશ કહેવાય છે અને જે વસ્તુ તમારા અસ્તિત્વને પોતાના ઉપર ઉઠાવી લે તે જમીન છે અને જે વસ્તુઓ ચારે બાજુથી તમારો પડદો કરે તે દિવાલો છે અને જ્યારે આ બધી વસ્તુઓ ભેગી થઈ જાય ત્યારે તે ઘર (બય્ત) છે."

ઘર બનાવવાનો મૂળ હેતુ મન અને શરીરનો સંતોષ અને શાંતિ છે :

તેમાં અલ્લાહ તઆલાએ મનુષ્યને "બય્ત" એટલે કે "ઘર"ને રહેઠાણ ફરમાવીને ઘર બનાવવાની ફિલોસોફી અને હિકમત સ્પષ્ટ કરી દીધી કે તેનો મૂળ હેતુ બદન અને મનની શાંતિ અને સંતોષ છે, સ્વાભાવિક રીતે મનુષ્યની પ્રવૃત્તિઓ અને કળા-કારીગીરીના કાર્યો મોટેભાગે ઘરની બહાર જ થતા હોય છે જે તેની પ્રવૃત્તિઓથી અસ્તિત્વમાં આવે છે, તેના ઘરનો અસલી હેતુ એ છે કે જ્યારે તે

પોતાની પ્રવૃત્તિ અને કાર્યથી થાકી જાય તો તે ત્યાં જઈને આરામ કરે અને શાંતિ પ્રાપ્ત કરે, જો કે અમુક સમયે મનુષ્ય પોતાના ઘરમાં પણ કોઈ કામ-ધંધામાં મશ્ગૂલ રહે છે પરંતુ સ્વાભાવિક રીતે એવું ઘણું ઓછું બને છે.

તદુપરાંત શાંતિ અને સંતોષ દરઅસલ મન અને દિમાગની શાંતિ છે જે મનુષ્યને પોતાના ઘરમાં જ પ્રાપ્ત થાય છે, તેનાથી એ પણ જાણ થઈ કે મનુષ્યના મકાનની સૌથી મોટી ખાસિયત એ છે કે તેમાં શાંતિ મળે છે, આજે દુનિયામાં બાંધકામનો ક્રમ પોતાની પરાકાષ્ઠાએ છે અને તેમાં જાહેર ટીપ-ટાપ ઉપર અઢળક ખર્ચ કરવામાં આવે છે પરંતુ તેમાં એવા મકાનો ઘણા ઓછા છે જેમાં મન અને દિમાગને શાંતિ અને સંતોષ પ્રાપ્ત થાય, અમુક સમયે તો કૃત્રિમતા પોતે જ શાંતિ અને સલામતીને બરબાદ કરી દે છે અને જો તે પણ ન હોય તો ઘરમાં જે લોકો સાથે દિવસ-રાત કામ પડે છે તેમની શાંતિ નાશ પામે છે, આવા આલિશાન મકાનોથી તે ઝૂંપડી ભલી છે જેમાં રહેનારાના મન અને દિલને શાંતિ પ્રાપ્ત થતી હોય.

કુર્આન દરેક વસ્તુની આત્મા અને તેના મૂળ તત્ત્વને વર્ણન કરે છે, મનુષ્યના ઘરનો મૂળ હેતુ અને સૌથી મોટી ઉપલબ્ધી મનની શાંતિને ઠરાવી, એ જ પ્રમાણે ઘરગૃહસ્થીવાળા જીવનનો મૂળ હેતુ પણ શાંતિ અને સંતોષ ઠરાવ્યું, لِتَسْكُنُوْٓا اِلَيْهَا (૩૦:૨૧) જે પારિવારિક જિંદગી છે આ હેતુ પ્રાપ્ત ન થાય જે એના મૂળ ફાયદાથી વંચિત છે, આજે દુનિયામાં આ બાબતોમાં રિવાજ અને કૃત્રિમ બખેડાઓ તથા જાહેર ટીપટાપ ખૂબ વધી ગઈ છે તથા પશ્ચિમની સભ્યતાએ આ વસ્તુઓમાં જાહેર શણગાર અને ટીપટાપ વધારવાનો બધો જ સામાન એકઠો કરી દીધો છે પરંતુ સંતોષથી દિલ તથા શરીરને સદંતર વંચિત કરી નાંખ્યું છે.

مِنْ جُلُوْدِ الْاَنْعَامِ وَقَوْلِهٖ مِنْ اَصْوَافِهَا وَاَوْبَارِهَا થી સાબિત થયું કે જાનવરોના ચામડાં તથા વાળ અને તેમનું ઊન બધું જ મનુષ્યના ઉપયોગ માટે હલાલ છે, તેમાં એ પણ શરત નથી કે પશુઓ ઝબહ કરેલા હોય અથવા મુરદાર હોય અને ન જ એ શરત છે કે તેનું માંસ હલાલ છે કે હરામ ? આ બધા પ્રકારના ચામડાંને ભઠ્ઠીમાં પકવ્યા પછી ઉપયોગ કરવો હલાલ છે તથા વાળ અને ઊન ઉપર તો જાનવરના મૃત્યુની કોઈ અસર નથી હોતી, તેના ઉપર કોઈ ખાસ ઔદ્યોગિક કાર્યવાહી કર્યા વિના પણ તેનો ઉપયોગ હલાલ અને જાઈઝ છે, ઈમામે

આ'ઝમ અબુ હનીફા (રહ.)નો આ જ અભિપ્રાય છે, અલબત્ત ડુક્કરનું ચામડું, વાળ અને શરીરની દરેક વસ્તુ દરેક પરિસ્થિતમાં હરામ અને વપરાશ જાઇઝ નથી.

سَرَابِيلَ تَقِيكُمُ الْحَرَّ અત્રે મનુષ્યના પહેરણનો હેતુ ગરમીથી બચવાનો બતાવ્યો છે, બલકે કુરતો મનુષ્યને ગરમી અને ઠંડી બંનેથી બચાવે છે, તેનો એક જવાબ ઈમામ કુર્તુબી (રહ.)એ અને અન્ય વિવરણકારોએ એ આપ્યો છે કે કુર્આને હકીમ અરબી ભાષામાં આવ્યું છે, તેનાથી પ્રથમ અરબોને સંબોધન કરવામાં આવ્યું છે એટલા માટે તેમાં અરબોની આદતો અને આવશ્યકતાઓનું ધ્યાન રાખીને વાત કરવામાં આવી છે, અરબ એક ગરમ પ્રદેશ છે, ત્યાં બરફ કે ઠંડીની કલ્પના પણ મુશ્કેલ બાબત છે, એટલા માટે ગરમીથી બચવાના વર્ણનને પૂરતું સમજવામાં આવ્યું. હઝરત થાનવી (રહ.)એ બયાનુલ કુર્આનમાં ફરમાવ્યું છે કે કુર્આને કરીમે આ જ સૂરતની શરૂઆતમાં لَكُمْ فِيهَا دِفْءٌ ફરમાવીને પોશાક દ્વારા ઠંડીથી બચવા અને ગરમી પ્રાપ્ત કરવાનું વર્ણન પ્રથમથી જ કરી દીધું હતું એટલા માટે અહીંયાં માત્ર ગરમી દૂર કરવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

આયતો : (સૂરએ નહ્‌લ : આયત નં. ૮૪ થી ૮૯)

وَيَوْمَ نَبْعَثُ مِنْ كُلِّ أُمَّةٍ شَهِيدًا ثُمَّ لَا يُؤْذَنُ لِلَّذِينَ كَفَرُوا وَلَا هُمْ يُسْتَعْتَبُونَ ﴿٨٤﴾
وَإِذَا رَاَ الَّذِينَ ظَلَمُوا الْعَذَابَ فَلَا يُخَفَّفُ عَنْهُمْ وَلَا هُمْ يُنْظَرُونَ ﴿٨٥﴾ وَإِذَا
رَاَ الَّذِينَ أَشْرَكُوا شُرَكَاءَهُمْ قَالُوا رَبَّنَا هٰؤُلَاءِ شُرَكَاؤُنَا الَّذِينَ كُنَّا نَدْعُوا مِنْ
دُونِكَ ۚ فَأَلْقَوْا إِلَيْهِمُ الْقَوْلَ إِنَّكُمْ لَكٰذِبُونَ ﴿٨٦﴾ وَأَلْقَوْا إِلَى اللّٰهِ يَوْمَئِذِ السَّلَمَ
وَضَلَّ عَنْهُمْ مَّا كَانُوا يَفْتَرُونَ ﴿٨٧﴾ اَلَّذِينَ كَفَرُوا وَصَدُّوا عَنْ سَبِيلِ اللّٰهِ زِدْنٰهُمْ
عَذَابًا فَوْقَ الْعَذَابِ بِمَا كَانُوا يُفْسِدُونَ ﴿٨٨﴾ وَيَوْمَ نَبْعَثُ فِي كُلِّ أُمَّةٍ شَهِيدًا عَلَيْهِمْ
مِّنْ أَنْفُسِهِمْ وَجِئْنَا بِكَ شَهِيدًا عَلٰى هٰؤُلَاءِ ۗ وَنَزَّلْنَا عَلَيْكَ الْكِتٰبَ تِبْيَانًا لِّكُلِّ شَيْءٍ
وَّهُدًى وَّرَحْمَةً وَّبُشْرٰى لِلْمُسْلِمِينَ ﴿٨٩﴾ ع

તરજુમો :

અને જે દિવસે અમે દરેક ઉમ્મત (સમુદાય)માં એક બતાવનારો (ગવાહ) ઊભો કરીશું પછી ઈન્કારીઓને હુકમ ન મળે અને ન જ તેમનાથી તવબહ લેવામાં આવે. (૮૪) અને જ્યારે જાલિમો અઝાબને જોશે પછી તેમનાથી હલકો થશે નહીં અને ન જ તેમને ઢીલ મળે. (૮૫) અને જ્યારે મુશ્રિકો જુએ પોતાના ભાગીદારોને, બોલે, હે પરવરદિગાર ! આ અમારા ભાગીદાર છે જેમને અમે તારા સિવાય પોકારતા હતા, ત્યારે તે તેમના ઉપર વાત નાંખશે કે તમે જૂઠા છો. (૮૬) અને અલ્લાહની સામે તે દિવસે લાચાર થઈને આવી પડે અને ભૂલી જાય જે જૂઠ (આક્ષેપ) બાંધતા હતા. (૮૭) જે લોકો ઈન્કારી થયા છે અને અલ્લાહના માર્ગથી રોકે છે અમે તેમને અઝાબ ઉપર અઝાબ વધારી દઈશું એનો બદલો જે શરારત કરતા હતા. (૮૮) અને જે દિવસે અમે દરેક ઉમ્મતમાં તેમના ઉપર તેમનામાંનો જ એક બતાવનારો (ગવાહ) ઊભો કરીશું અને તમને તે લોકો ઉપર બતાવવા માટે લાવીએ અને અમે તમારા ઉપર કિતાબ ઉતારી દરેક વસ્તુનું ખુલ્લું વર્ણન અને હિદાયત અને રહમત અને ખુશખબરી હુકમ માનનારાઓ માટે. (૮૯)

તફસીર :

અને (તે દિવસ યાદ કરવાપાત્ર છે) જે દિવસે તમો દરેક ઉમ્મતમાંથી એક–એક ગવાહ (કે તે દરેક ઉમ્મતના પયગમ્બર હશે) કાયમ કરીશું (જે તેમના ગુનાહિત આચરણોની ગવાહીઓ આપશે) ત્યારબાદ તે કાફિરોને (બહાનાબાજી કરવા માટેની) પરવાનગી આપવામાં નહીં આવે અને ન જ તેમને અલ્લાહ તઆલાને રાજી કરવાની ફરમાઈશ કરવામાં આવશે (એટલે કે તેમને એવું કહેવામાં નહીં આવે કે તમે તવબહ અથવા કોઈ અમલ કરીને અલ્લાહને ખુશ કરી લો, તેનું કારણ દેખીતું એ છે કે આખિરત બદલો મેળવવાનું સ્થળ છે અને તે આચરણ કરવાનું કે અમલ કરવાનું સ્થળ નથી) અને જ્યારે જાલિમ (એટલે કે કાફિર) લોકો અઝાબને નિહાળશે (એટલે કે તેમાં પડશે) તો તે અઝાબ ન તો તેમના ઉપરથી હલકો કરવામાં આવશે અને ન જ (તેમાં) કોઈ મહોલત આપવામાં આવશે (કે એવું નથી કે અમુક દિવસો પછી લાગુ પાડવામાં આવે) અને જ્યારે મુશ્રિક લોકો પોતાના શરીકોને (જેમને અલ્લાહ સિવાય પૂજતા હતા)

નિહાળશે તો (પોતાના ગુનાહના સ્વીકાર સ્વરૂપે) કહેશે કે હે અમારા પરવરદિગાર ! તે અમારા શરીક આ જ છે કે તને છોડીને અમે તેમની પૂજા કરતા હતા, બસ તે (શરીકો ડરશે અને) કહેશે, તેઓ તેમના તરફ આ નિવેદન થોપી દેશે કે તમે જૂઠા છો (તેનો મૂળ હેતુ એ હશે કે અમારો તમારી સાથે કોઈ સંબંધ નથી જેનો હેતુ પોતાનું રક્ષણ કરવાનો હશે, હવે ભલે તેમનો આ મતલબ સાચો હોય જેમકે સ્વીકૃતિપ્રાપ્ત અલ્લાહની મખ્લૂક જેમકે ફરિશ્તાઓ, અંબિયા અલૈ. વગેરે આવી વાત કહે તો સાચું છે જેમકે અલ્લાહ તઆલાનો ઈરશાદ છે, بَلْ كَانُوْا يَعْبُدُوْنَ الْجِنَّ અને જો આવું શયતાન કહેવા લાગે તો એ ખોટું છે અને ભલે તેમને સાચું અથવા ખોટું હોવાની ખબર જ ન હોય જેમકે મૂર્તિઓ, વૃક્ષો વગેરે આવું કહેવા લાગે) અને આ મુશ્રિકો તથા કાફિર લોકો તે દિવસે અલ્લાહની સામે આજ્ઞાપાલનની વાતો કરવા લાગશે અને જે કંઈ દુનિયામાં જૂઠ ઘડતા હતા (તે સમયે) તે બધું ગૂમ થઈ જશે (અને તેમનામાં) જે લોકો (પોતે પણ) કુફ્ર કરતા હતા (અને અન્યોને પણ) અલ્લાહના માર્ગ (એટલે કે દીન)થી રોકતા હતા તેમના માટે અમે એક સજા ઉપર (કે કુફ્રના મુકાબલામાં તે સજા થશે) બીજી સજા તેમના ફસાદના મુકાબલામાં (કે તેઓ અલ્લાહના માર્ગથી અટકાવતા હતા) વધારી દઈશું.

અને (તે દિવસને પણ યાદ કરવાપાત્ર છે) જે દિવસે અમે દરેક ઉમ્મતમાંથી એક-એક ગવાહ જે તેમનામાંનો જ હશે તેમના મુકાબલામાં કાયમ કરીશું (તેનો ભાવાર્થ તે ઉમ્મતના નબી છે અને તેમનામાંથી જ હોવાની બાબત તો સામાન્ય છે, ભલે તે તેમના વંશમાં જ હોવાના કારણે હોય અથવા તો તે પોતાના પ્રદેશના હોવાના કારણે હોય) અને તે લોકોના મુકાબલામાં તમને ગવાહ બનાવીને લાવીશું (અને આ ગવાહીની ખબરથી કે જે આપ ﷺની રિસાલતની ખબર હોવાનું સમજાય છે તેની દલીલ એ છે કે) અમે તમારા ઉપર કુર્આન ઉતાર્યું છે જે (એક મોઅ્જિઝો હોવા ઉપરાંત રિસાલતની સાબિતીઓનો આધાર છે તથા પોતાની ખુબીઓમાં ઠોસ છે કે) બધી (જ દીનની) વાતોનું (પ્રત્યક્ષ અથવા પરોક્ષ સામાન્ય જનસમૂહ માટે) વર્ણન કરનાર છે અને (ખાસ) મુસલમાનો માટે મોટી હિદાયત અને મહાન નેઅ્મત તથા (ઈમાનવાળાઓ માટે) ખુશખબરી સંભળાવનાર છે.

મસ્અલા અને બોધપાઠ :

وَنَزَّلْنَا عَلَيْكَ الْقُرْاٰنَ تِبْيَانًا لِّكُلِّ شَيْءٍ તેમાં કુર્આનને દરેક વસ્તુનું વર્ણન કહેવામાં આવ્યું છે, તેનો ભાવાર્થ દીનની બધી વસ્તુઓ અને બાબતો છે કારણ કે વહી અને નુબુવ્વતનો હેતુ તે જ વસ્તુઓ વિશે છે, એટલા માટે આર્થિક કસબ તથા તે મસ્અલાઓને કુર્આનમાં શોધવા ખોટી બાબત છે, જો તેમાં કોઈ ગૌણ સ્વરૂપે ઈશારો મળી આવે તો તેનો નકાર નથી, રહ્યો એ પ્રશ્ન કે કુર્આને કરીમમાં દીનના પણ બધા મસ્અલાઓ ઉપસ્થિત નથી તો تِبْيَانًا لِّكُلِّ شَيْءٍ કહેવું કેવી રીતે યોગ્ય હશે ?

તેનો જવાબ એ છે કે કુર્આને કરીમમાં મૂળભૂત અને પાયાના તમામ મસ્અલાઓ ઉપસ્થિત છે અને તેના જ પ્રકાશમાં રસૂલે કરીમ ﷺની હદીષો આ મસ્અલાઓને વર્ણન કરે છે અને અમુક વિગતો ઈજ્માઅ્ તથા શરઈ કયાસને હવાલે કરવામાં આવે છે, એનાથી જાણ થાય છે કે રસૂલે કરીમ ﷺની હદીષો તથા ઈજ્માઅ્ અને કયાસ દ્વારા જે મસ્અલાઓ નીકળે છે તે પણ એક પ્રકારે કુર્આનના હુકમોની હેસિયતથી જ વર્ણન થયા છે.

આયત : (સૂરએ નહ્લ : આયત નં. ૯૦)

إِنَّ اللّٰهَ يَأْمُرُ بِالْعَدْلِ وَالْإِحْسَانِ وَإِيتَاۤئِ ذِي الْقُرْبٰى وَيَنْهٰى عَنِ الْفَحْشَاۤءِ وَالْمُنْكَرِ وَالْبَغْيِ ۚ يَعِظُكُمْ لَعَلَّكُمْ تَذَكَّرُوْنَ ﴿٩٠﴾

તરજુમો :

બેશક ! અલ્લાહ ઈન્સાફ કરવાનો હુકમ કરે છે અને ભલાઈ કરવાનો અને સગાં-વહાલાંઓને આપવાનો અને મનાઈ કરે છે બેહયાઈથી અને નિર્લજ્જ કૃત્યોથી અને બળવાખોરીથી અને તમને સમજાવે છે જેથી તમે યાદ રાખો.(૯૦)

તફસીર :

બેશક ! અલ્લાહ તઆલા (કુર્આનમાં) ન્યાય અને અહેસાનનો તથા

સગાં-વહાલાંઓને આપવાનો હુકમ કરે છે તથા ખુલ્લી નિર્લજ્જતા અને સદંતર બુરાઈના કામો અને (કોઈના ઉપર) જુલમ (અને અત્યાચાર) કરવાની મનાઈ કરે છે (અને આ હલાલ અને હરામના કૃત્યોના હુકમમાં બધા જ નેક અમલો તથા બુરી બાબતો આવી ગઈ તેના નક્કરપણાના કારણે કુર્આનનું تِبْيَانً "તિબ્યાન" હોવું જાહેર છે) અને અલ્લાહ તઆલા તમને (પ્રસ્તુત હુકમોની) એટલા માટે નસીહત કરે છે કે તમે બોધપાઠ ગ્રહણ કરો (અને અમલ કરો કારણ કે હિદાયત તથા રહમત અને ખુશખબરી આપનાર હોવું આ જ બાબતો ઉપર અવલંબિત છે).

મસ્અલા અને બોધપાઠ :

આ આયત કુર્આને કરીમની ખૂબ મજબૂત અને ઠોસ આયત છે જેમાં સંપૂણ ઈસ્લામી શિક્ષણ માત્ર થોડા જ શબ્દોમાં સમાવી દેવામાં આવ્યું છે, એટલા માટે સલફે સાલિહીનના યુગથી આજદિન સુધી આ રિવાજ ચાલ્યો આવે છે કે જુમ્આ અને ઈદોના ખુત્બાઓના અંતે આ આયત પઢવામાં આવે છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.) ફરમાવે છે કે કુર્આનની ઠોસ અને મજબૂત આયત સૂરએ નહ્લમાં આ જ છે. ..إِنَّ اللَّهَ يَأْمُرُ بِالْعَدْلِ (૧૬:૯૦) *(ઈબ્ને કષીર)*

હઝરત અક્ષમ બિન સયફી (રદિ.) તો આ જ આયતના કારણે ઈસ્લામમાં દાખલ થયા, ઈમામ ઈબ્ને કષીરે હદીષના હાફિઝ અબૂ યઅ્લાની કિતાબ "મઅ્રિફતુસ્સહાબા"માં સનદ સાથે એ ઘટના નકલ કરી છે કે, અક્ષમ બિન સયફી પોતાની કોમના સરદાર હતા, જ્યારે તેમને રસૂલે કરીમ ﷺના નુબુવ્વતના દા'વા અને ઈસ્લામના પ્રચારની ખબર મળી તો તેમણે ઈરાદો કર્યો કે રસૂલે કરીમ ﷺની સેવામાં હાજર થાઉં પરંતુ કોમના લોકોએ કહ્યું કે તમે અમારા સૌથી મોટા છો, તમારું જવું યોગ્ય નથી; અક્ષમ (રદિ.)એ કહ્યું કે સારું, કબીલાના બે માણસો નક્કી કરો, તેઓ ત્યાં જાય અને પરિસ્થિતિની સમીક્ષા કરે અને મને બતાવે, આ બંને વ્યક્તિઓ રસૂલે કરીમ ﷺની સેવામાં હાજર થયા અને વિનંતી કરી કે અમે અક્ષમ બિન સયફી તરફથી બે વાતો પૂછવા આવ્યા છે, અક્ષમના બે સવાલો આ છે. مَنْ أَنْتَ وَمَا أَنْتَ તમે કોણ છો ? અને તમે શું છો ?

રસૂલે કરીમ ﷺએ ઈરશાદ ફરમાવ્યો કે પ્રથમ સવાલનો જવાબ તો એ

છે કે હું મુહમ્મદ ઈબ્ને અબ્દુલ્લાહ છું અને બીજા સવાલનો જવાબ એ છે કે હું અલ્લાહનો બંદો અને તેનો રસૂલ છું, ત્યારબાદ રસૂલે કરીમ ﷺએ સૂરએ નહ્‌લની આ આયત નકલ કરી, اِنَّ اللّٰهَ يَأْمُرُ بِالْعَدْلِ وَالْاِحْسَانِ આ બંને સંદેશાવાહકોએ દરખાસ્ત કરી કે આ વાક્ય અમને ફરી સંભળાવો, રસૂલે કરીમ ﷺ આ આયતની તિલાવત કરતા રહ્યા એટલે સુધી કે આ સંદેશાવાહકોને આ આયત યાદ થઈ ગઈ.

સંદેશાવાહકો અક્ષમ બિન સયફી (રદિ.) પાસે પરત આવ્યા અને કહ્યું કે અમે પ્રથમ પ્રશ્નમાં એવું ઈચ્છયું હતું કે રસૂલે કરીમ ﷺનો વંશ જાણીએ પરંતુ તેમણે તેના ઉપર વધારે ધ્યાન ન આપ્યું, ફક્ત પોતાનું નામ વર્ણન કરી દેવાને પૂરતું સમજ્યું પરંતુ જ્યારે અમે અન્યો પાસેથી તેમના વંશની તહકીક કરી તો જાણ થઈ કે તેઓ ખૂબ ઉચ્ચ કુટુંબના શરીફ ખાનદાનમાંથી છે અને પછી બતાવ્યું કે હઝરત મુહમ્મદ ﷺએ અમને અમુક વાક્યો પણ સંભળાવ્યા હતા, તે અમે વર્ણન કરીએ છીએ.

તે સંદેશાવાહકોએ પ્રસ્તુત આયત અક્ષમ બિન સયફીને સંભળાવી, આયત સાંભળતાની સાથે જ અક્ષમ (રદિ.) કહી ઉઠ્યા કે આનાથી જાણ થાય છે કે તેઓ ઉચ્ચ કક્ષાના સદાચારનું માર્ગદર્શન આપે છે અને ખરાબ તથા અધમ કક્ષાના આચરણથી રોકે છે, તમે બધા તેમના દીનમાં જલદીથી પ્રવેશ પામી લો જેથી તમે અન્ય લોકો કરતાં અગ્ર સ્થાને રહો, પાછળથી તેમના આધીન બનીને ન રહો. *(ઈબ્ને કષીર)*

એ જ પ્રમાણે હઝરત ઉસ્માન બિન મજઊન (રદિ.) ફરમાવે છે કે, શરૂઆતમાં મેં લોકોના કહેવા-સાંભળવાથી શરમા-શરમી ઈસ્લામ સ્વીકારી લીધો હતો પરંતુ મારા દિલમાં ઈસ્લામ બેઠો ન હતો એટલે સુધી કે એક દિવસ હું રસૂલે કરીમ ﷺની સેવામાં હાજર હતો, અચાનક આપ ﷺ ઉપર વહી નાઝિલ થવાના ચિહ્નો દેખાવા લાગ્યા અને અમુક આશ્ચર્યજનક હાલત પછી આપ ﷺએ ફરમાવ્યું કે અલ્લાહ તઆલાનો સંદેશાવાહક મારી પાસે આવ્યો અને મારા ઉપર આ આયત નાઝિલ થઈ. હઝરત ઉસ્માન બિન મજઊન (રદિ.) ફરમાવે છે કે આ ઘટના જોઈને અને આયત સાંભળીને મારા દિલમાં ઈમાન મજબૂત અને સ્થાપિત

થઈ ગયું અને રસૂલે કરીમ ﷺની મહોબ્બત મારા દિલમાં ઘર કરી ગઈ. (ઈબ્ને કષીરે આ ઘટના નકલ કરીને ફરમાવ્યું કે તેની સનદો મજબૂત છે).

જ્યારે રસૂલે કરીમ ﷺએ આ આયત વલીદ બિન મુગયરાની સામે તિલાવત કરી તો તેનો એવો પ્રભાવ પડયો હતો કે તેણે પોતાની કોમ કુરૈશ સામે આ વાતનો ઉલ્લેખ કર્યો,

وَاللّٰهِ اِنَّ لَهٗ لَحَلَاوَةً وَّاِنَّ عَلَيْهِ لَطَلَاوَةً وَّاِنَّ اَصْلَهٗ لَمُوْرِقٌ وَاَعْلَاهُ لَمُثْمِرٌ وَمَا هُوَ بِقَوْلِ بَشَرٍ

"ખુદાની કસમ ! તેમાં એક ખાસ પ્રકારનો રસાસ્વાદ છે, તેના ઉપર એક ખાસ રોનક અને પ્રકાશ છે, તેના મૂળિયાં, ડાળખાં અને પાડદાંઓ નીકળવાના છે અને ડાળખાંઓ ઉપર ફળો લાગવાના છે, આ કોઈ મનુષ્યનું કલામ કદાપિ નથી હોઈ શકતું."

ત્રણ બાબતોનો હુકમ અને ત્રણ બાબતોની મનાઈ :

આ આયતમાં અલ્લાહ તઆલાએ ત્રણ બાબતોનો હુકમ આપ્યો છે; ન્યાય, અહેસાન (ઉપકાર-ભલાઈ) અને સગાં-વહાલાંઓને બખ્શીશ તથા ત્રણ બાબતોની મનાઈ કરી છે; નિર્લજ્જ કૃત્ય, દરેક ખરાબ કામ તથા જોર જબરદસ્તી (જુલમ). આ છ શબ્દોની શરઈ વ્યાખ્યા તથા તેની મર્યાદાઓનો ખુલાસો આ પ્રમાણે છે.

અદ્‌લ (ઈન્સાફ-ન્યાય) : આ શબ્દનો મૂળ શાબ્દિક અર્થ "સરખું કરવા"નો થાય છે, આ જ સંદર્ભમાં શાસકો લોકોના વિવાદાસ્પદ મુકદમાઓમાં ન્યાય સાથે ફેંસલો કરે છે તેને "અદ્‌લ" કહેવામાં આવે છે. કુર્આનમાં اَنْ تَحْكُمُوْا بِالْعَدْلِ આ જ અર્થ માટે આવ્યું છે અને એ જ અનુસંધાને શબ્દ عَدْل (અદ્‌લ) અતિશયોક્તિ કે ઉણપ (ઈફરાત અને તફરીત)ની વચ્ચેના મધ્યમ માર્ગને પણ કહેવામાં આવે છે અને એ જ આધારે અમુક તફસીરના ઈમામોએ આ સ્થળોએ અદ્‌લ શબ્દની તફસીર જાહેર અને બાતિન (માહ્યલા)ની સમાનતા હોવાનું કરી છે, અમુક નિવેદનો અથવા પ્રવૃત્તિ જે મનુષ્યના જાહેર અવયવો દ્વારા અસ્તિત્વમાં આવે અને બાતિનમાં તેની એવી જ માન્યતા અને પરિસ્થિતિ હોય અને વાસ્તવિકતા એ જ છે કે, અત્રે અદ્‌લ શબ્દ પોતાના સામાન્ય પ્રચલિત અર્થમાં જ છે જેમાં આ બધા જ

સ્વરૂપો સામેલ છે જે વિવિધ તફસીરના ઈમામો દ્વારા નકલ થયેલ છે, તેમાં કોઈ વિરોધાભાસ કે મતભેદ નથી.

ઈબ્ને અરબી (રહ.)એ ફરમાવ્યું કે શબ્દ અદ્લનો મૂળ અર્થ "સરખે-સરખું કરવા"નો થાય છે, ત્યારબાદ વિવિધ સંદર્ભો દ્વારા તેનો અર્થ વિવિધ પ્રકારનો થઈ જાય છે, દાખલા તરીકે એક અર્થ એ પણ થાય છે કે મનુષ્ય પોતાના નફ્સ અને પોતાના પરવરદિગારની વચ્ચે ન્યાય કરે તો તેનો અર્થ એ થશે કે અલ્લાહ તઆલાના અધિકાર અને હકને પોતાના નફ્સની મનેચ્છાઓ ઉપર તથા તેની ખુશીને પોતાની આશા-અપેક્ષાઓ ઉપર અગ્રિમતા આપે અને તેના હુકમોનું અનુસરણ કરે અને તેની પ્રતિબંધિત તથા હરામ કરેલ બાબતોથી સંપૂર્ણ બચેલો રહે.

બીજો અદ્લ (ન્યાય-ઈન્સાફ) એ છે કે વ્યક્તિ પોતે પોતાના નફ્સની સાથે અદ્લનો વ્યવહાર કરે, તે એ છે કે પોતાના નફ્સને એવી તમામ બાબતોથી બચાવે જેમાં તેનો શારીરિક અથવા આધ્યાત્મિક નાશ થતો હોય, તેની પોતાની એવી ઈચ્છાઓને પૂર્ણ ન કરે જે તેના માટે પરિણામે નુકસાનકારક હોય તથા કરકસર અને ધીરજથી કામ લે, નફ્સ ઉપર વિના કારણે વધારે ભાર ન લાદે.

ત્રીજો અદ્લ એ છે કે જે વ્યક્તિના પોતાના નફ્સ અને સમગ્ર મખ્લૂકો વચ્ચે છે તેની હકીકત એવી છે કે સમગ્ર મખ્લૂકોની સાથે ભલાઈ અને હમદર્દીનો વ્યવહાર કરે અને કોઈ નાની અથવા મોટી બાબતમાં કોઈની ખયાનત ન કરે, બધા લોકો માટે પોતાના નફ્સને ન્યાય અને ઈન્સાફ ઉપર ચલાવે, કોઈ મનુષ્યને તેના કોઈ નિવેદન અથવા પ્રવૃત્તિથી જાહેર અથવા અદષ્ય રીતે કોઈ પીડા અથવા કષ્ટ ન પહોંચાડે.

એ જ પ્રમાણે એક અદ્લ એ પણ છે કે જ્યારે બે પક્ષો પોતાના કોઈ મા'મલાનો તેની પાસે ફેંસલો કરાવવા માટે લાવે તો ફેંસલામાં કોઈના તરફ પક્ષપાત કર્યા વિના હક અને સત્ય પ્રમાણે ફેંસલો કરે, એક અદ્લ એ પણ છે કે દરેક વ્યવહારમાં અતિરેક કે ઉણપના માર્ગો છોડીને મધ્યમ માર્ગ અપનાવે, અબૂ અબ્દુલ્લાહ રાઝી (રહ.)એ આ જ અર્થને અપનાવીને ફરમાવ્યું કે શબ્દ અદ્લમાં અકીદહનો મધ્યમ માર્ગ, અમલનો મધ્યમ માર્ગ, વર્તણૂકનો મધ્યમ માર્ગ બધું જ સામેલ છે.

(બહરે મુહીત)

ઈમામ કુર્તુબી (રહ.)એ અદ્‌લના ભાવાર્થમાં આ સ્પષ્ટતાનું વર્ણન કરીને ફરમાવ્યું કે આ વિગત ઘણી જ શ્રેષ્ઠ છે, તેનાથી એ પણ જાણ થઈ કે આ આયતનો માત્ર "અદ્‌લ" શબ્દ બધા જ આચરણો અને ઉચ્ચ કક્ષાના અખ્લાક અને વર્તનની પાબંદી તથા ખરાબ આચરણ અને વર્તનથી બચવાના મજબૂત અને ઠોસ સ્વરૂપમાં છે.

اَلْاِحْسَانُ (અલ-ઈહસાન) "ઉપકાર-સદ્‌વર્તાવ" : તેનો શબ્દકોષના આધારે મૂળ અર્થ "સારું કરવું" થાય છે અને તેના બે પ્રકારો છે, એક એ કે પોતાની પ્રવૃત્તિ અથવા આદત કે પ્રકૃતિને પોતે વ્યક્તિગત રીતે સારું અને સંપૂર્ણ કરે અને બીજું એ કે કોઈ બીજા વ્યક્તિની સાથે ઉચ્ચ કક્ષાનો વર્તાવ તથા ઉમદા વ્યવહાર કરે અને બીજા અર્થ માટે અરબી ભાષામાં શબ્દ "અહેસાન"ની સાથે શબ્દ اِلٰـــى (ઈલા) ઉપયોગ થાય છે, જેમકે એક આયતમાં اَحْسِنْ كَمَآ اَحْسَنَ اللّٰهُ اِلَيْكَ (૨૮:૭૭) ફરમાવવામાં આવ્યું છે.

ઈમામ કુર્તુબી (રહ.)એ ફરમાવ્યું કે આયતમાં આ શબ્દ પોતાના સામાન્ય ભાવાર્થ માટે ઉપયોગ થયો છે, એટલા માટે અહેસાનના બંને પ્રકારો તેમાં સામેલ છે, પછી પ્રથમ પ્રકારનું અહેસાન એટલે કે કોઈ કાર્યને પોતાની જાત માટે સારું કરવું; એ અર્થ પણ પ્રચલિત છે કે ઈબાદતો સારી રીતે કરવી, આચરણ, વર્તણૂક સારી કરવી, વ્યવહારો વગેરે સારી રીતે કરવા.

હઝરત જિબ્રઈલ (અલૈ.)ની પ્રખ્યાત હદીષમાં પોતે રસૂલે કરીમ ﷺએ અહેસાનનો જે અર્થ વર્ણન કર્યો છે તે અહેસાન ઈબાદત માટે છે, આ ઈરશાદનો ખુલાસો એ છે કે અલ્લાહ તઆલાની ઈબાદત એ પ્રમાણે કરવામાં આવે કે જાણે કે તમે અલ્લાહ તઆલાને જોઈ રહ્યા છો અને જો વિનમ્રતાનો આ દરજ્જો પ્રાપ્ત ન થાય તો એ વાતનો વિશ્વાસ તો દરેક વ્યક્તિને હોવો જ જોઈએ કે અલ્લાહ તઆલા તેના અમલને જોઈ રહ્યો છે, કારણ કે આ તો ઈસ્લામની માન્યતાનો મહત્ત્વનો ભાગ છે કે અલ્લાહ તઆલાના જ્ઞાન અને સમજદારીથી સૃષ્ટિનું કોઈ રજકણ પણ બાકાત નથી.

ખુલાસો એ છે કે બીજો હુકમ આ આયતમાં અહેસાન કરવાનો આવ્યો છે, તેમાં ઈબાદતનું અહેસાન હદીષના ખુલાસા પ્રમાણે પણ સામેલ છે અને બધા જ

અમલ, અખ્લાક, આદતો, અહેસાન એટલે કે તેના ઈચ્છિત સ્વરૂપ પ્રમાણે બિલકુલ યોગ્ય અને સાચી રીતે કરવું પણ સામેલ છે અને સમગ્ર મખ્લૂકની સાથે સારો વ્યવહાર કરવો પણ સામેલ છે, ભલે તે મુસલમાન હોય અથવા કાફિર, મનુષ્ય હોય કે પશુ.

ઈમામ કુર્તુબી (રહ.)એ ફરમાવ્યું કે જે વ્યક્તિ પોતાના ઘરમાં પોતાની પાળેલી બિલાડીનો ખોરાક અને જરૂરિયાતો પૂરી ન કરે તથા જે પિંજરામાં બંધ કરેલા પક્ષીઓની સંપૂર્ણ ખૈર-ખબર ન કરતો હોય તે ભલે ગમે તેટલી ઈબાદત કરે તેને مُحۡسِنِیۡنَ (મુહસિનીન) "અહેસાન કરનાર"માં સામેલ ગણવામાં આવશે નહીં.

આ આયતમાં પ્રથમ ઈન્સાફનો હુકમ આપવામાં આવ્યો અને પછી અહેસાનનો, અમુક તફસીરના ઈમામોએ ફરમાવ્યું કે "અદ્‌લ" તો એ છે કે અન્યોનો હક પૂરેપૂરો તેને આપી દે અને પોતાનો હક વસૂલ કરી લે, ન તો ઓછું કરે અને ન જ વધારે અને તેમને કોઈ પીડા આપે તો તેટલી જ તકલીફ તમે તેને પહોંચાડી શકો છો, ન તો તેનાથી વધારે અને ન જ ઓછી અને અહેસાન એ છે કે બીજાઓને તેના મૂળભૂત હકથી વધારે તથા પોતે પોતાના માટે પોતાના હકમાં જતું કરવાની વૃત્તિથી કામ લે કે થોડું ઓછું થઈ જાય તો પણ ખુશી-ખુશી તેનો સ્વીકાર કરી લે, એ જ પ્રમાણે અન્ય કોઈ તમને હાથ અથવા જીભથી પીડા પહોંચાડે તો તમે તેનો બરાબર બદલો લેવાના બદલે તેને મા'ફ કરી દો બલકે બુરાઈનો બદલો ભલાઈથી આપો, એ જ પ્રમાણે ન્યાયનો હુકમ તો ફરજ અને વાજિબના દરજ્જામાં થયો અને અહેસાનનો હુકમ નફ્‌લ અને ઈચ્છિત સ્વરૂપમાં છે.

اِیۡتَآءِ ذِی الۡقُرۡبٰی (ઈતા-ઈ-ઝિલ્કુર્બા) : ત્રીજો હુકમ જે આ આયતમાં આપવામાં આવ્યો છે તે اِیۡتَآءِ ذِی الۡقُرۡبٰی (ઈતા-ઈ-ઝિલ્કુર્બા) એટલે કે સગાં-વહાલાંઓ સાથે બખ્શીશનો વ્યવહાર કરવાનો છે, اِیۡتَآء (ઈતાઅ્)નો અર્થ اِعۡطَاء (ઈઅ્તાઅ્) અર્થાત્ "કોઈ વસ્તુ આપવા"નો થાય છે અને શબ્દ قُرۡبٰی (કુર્બા)નો અર્થ "કરાબત એટલે કે સગાઈ-સંબંધ" છે, ذِی الۡقُرۡبٰی (ઝિલ્કુર્બા)નો અર્થ "રિશ્તેદાર, લોહીનો સગો" થાય છે. આમ "ઈતા-ઈ-ઝિલ્કુર્બા"નો અર્થ "રિશ્તેદારોને કંઈક આપવું" એવો થાય છે, અત્રે એનો ખુલાસો કે સ્પષ્ટતા

કરવામાં નથી આવી કે કઈ વસ્તુ આપવામાં આવે પરંતુ એક અન્ય આયતમાં તેનો કર્તા ઉપસ્થિત છે, وَاٰتِ ذَاالْقُرْبٰی حَقَّهٗ એટલે કે "રિશ્તેદારોને તેમનો હક આપો." દેખીતું એ જ છે કે અહીંયાં પણ આ જ કર્તા ભાવાર્થ તરીકે સુષુપ્ત છે કે રિશ્તેદારોને તેમનો હક આપવામાં આવે. આ હકમાં સગાં-વહાલાંને માલ આપીને તેમની આર્થિક સેવા કરવી પણ સામેલ છે અને શારીરિક સેવા પણ; બીમારપુરસી અને તેમની ખયૂર-ખબર રાખવી પણ તથા મૌખિક રીતે દિલાસો અને હમદર્દી જાહેર કરીને પણ; અને જો કે અહેસાન શબ્દમાં સગાં-વહાલાંઓનો હક અદા કરવો પણ સામેલ હતો પરંતુ તેને અત્રે વધારે મહત્ત્વ આપીને આગવી રીતે પણ વર્ણન કરવામાં આવ્યું.

وَيَنْهٰى عَنِ الْفَحْشَآءِ وَالْمُنْكَرِ وَالْبَغْيِ એટલે કે, "અલ્લાહ તઆલા મનાઈ કરે છે فَحْشَاءُ (ફહશા) નિર્લજ્જતા અને مُنْكَرُ (મુન્કિર) હરામ કૃત્યોની અને બગ્ય (અતિરેક)થી."

ફહશા : દરેક તે બુરી પ્રવૃત્તિ અને કાર્યોને કહેવામાં આવે છે જેની બુરાઈ ઉઘાડી અને જાહેર હોય, દરેક વ્યક્તિ તેને ખરાબ સમજે છે.

મુન્કર : તે પ્રવૃત્તિ અથવા કૃત્યને કહે છે જેના હરામ અને નાજાઈઝ હોવા ઉપર શરીઅતવાળાઓની સહમતી હોય, એટલા માટે ઈજ્તિહાદી વિરોધાભાસમાં કોઈ એક પક્ષના ઈજ્તેહાદને મુન્કર કહી શકાશે નહીં અને શબ્દ મુન્કરમાં બધા જ જાહેર અને ગુપ્ત તથા પ્રત્યક્ષ અને પરોક્ષ કે નૈતિક દરેક પ્રકારના ગુનાહો સામેલ છે.

બગ્ય : તેનો મૂળ અર્થ "મર્યાદાઓનું ઉલ્લંઘન" કરવાનો થાય છે, તેનો ભાવાર્થ જુલમ તથા અત્યાચાર છે, અત્રે જો કે મુન્કરના ભાવાર્થમાં નિર્લજ્જતા પણ સામેલ છે અને બગ્ય પણ એટલે કે અતિરેક પણ પરંતુ નિર્લજ્જતાને તેની અંતિમ કક્ષાની બુરાઈ અને અધમતાના કારણે આગવી રીતે વર્ણન કરીને તેને અગ્ર સ્થાને રાખ્યું તથા બગ્યને એટલા માટે અલગથી વર્ણન કર્યું કે તેનો પ્રભાવ અન્યો સુધી વિસ્તરે છે અને અમુક વખતે આ વિસ્તાર પરસ્પર યુદ્ધ અને ઝઘડાઓ સુધી અથવા તેનાથી પણ આગળ સુધી વૈશ્વિક અરાજકતા સુધી પહોંચી શકે છે.

નબીએ કરીમ ﷺનો ઈરશાદ છે કે જુલમ સિવાય કોઈ ગુનોહ એવો નથી જેનો બદલો અને અઝાબ જલદી આપવામાં આવતો હોય, એનાથી જાણ થઈ કે અત્યાચાર ઉપર આખિરતનો કઠોર અઝાબ તો થવાનો જ છે તેનાથી પહેલાં દુનિયામાં પણ અલ્લાહ તઆલા જાલિમને સજા આપે છે, ભલે તે એવું ન સમજતો હોય કે આ ફલાણા જુલમની સજા છે અને અલ્લાહ તઆલાએ મઝલૂમની સહાયતા કરવાનો વાયદો કર્યો છે.

આ આયતે જે છ હુકમો હકારાત્મક અને હરામ સ્વરૂપે આપ્યા છે, જો વિચાર કરવામાં આવે તો મનુષ્યની વ્યક્તિગત અને સામૂહિક જિંદગીની સંપૂર્ણ સફળતાનો અકસીર નુસ્ખો છે. وَرَزَقَنَا اللّٰهُ تَعَالٰى اِتِّبَاعَهٗ

આયતો : (સૂરએ નહ્લ : આયત નં. ૯૧ થી ૯૬)

وَاَوْفُوْا بِعَهْدِ اللّٰهِ اِذَا عٰهَدْتُّمْ وَلَا تَنْقُضُوا الْاَيْمَانَ بَعْدَ تَوْكِيْدِهَا وَقَدْ جَعَلْتُمُ اللّٰهَ
عَلَيْكُمْ كَفِيْلًا ؕ اِنَّ اللّٰهَ يَعْلَمُ مَا تَفْعَلُوْنَ ﴿۹۱﴾ وَلَا تَكُوْنُوْا كَالَّتِيْ نَقَضَتْ
غَزْلَهَا مِنْۢ بَعْدِ قُوَّةٍ اَنْكَاثًا ؕ تَتَّخِذُوْنَ اَيْمَانَكُمْ دَخَلًاۢ بَيْنَكُمْ اَنْ تَكُوْنَ اُمَّةٌ
هِيَ اَرْبٰى مِنْ اُمَّةٍ ؕ اِنَّمَا يَبْلُوْكُمُ اللّٰهُ بِهٖ ؕ وَلَيُبَيِّنَنَّ لَكُمْ يَوْمَ الْقِيٰمَةِ مَا كُنْتُمْ فِيْهِ
تَخْتَلِفُوْنَ ﴿۹۲﴾ وَلَوْ شَآءَ اللّٰهُ لَجَعَلَكُمْ اُمَّةً وَّاحِدَةً وَّلٰكِنْ يُّضِلُّ مَنْ يَّشَآءُ وَيَهْدِيْ
مَنْ يَّشَآءُ ؕ وَلَتُسْـَٔلُنَّ عَمَّا كُنْتُمْ تَعْمَلُوْنَ ﴿۹۳﴾ وَلَا تَتَّخِذُوْۤا اَيْمَانَكُمْ دَخَلًاۢ
بَيْنَكُمْ فَتَزِلَّ قَدَمٌۢ بَعْدَ ثُبُوْتِهَا وَتَذُوْقُوا السُّوْٓءَ بِمَا صَدَدْتُّمْ عَنْ سَبِيْلِ اللّٰهِ ۚ
وَلَكُمْ عَذَابٌ عَظِيْمٌ ﴿۹۴﴾ وَلَا تَشْتَرُوْا بِعَهْدِ اللّٰهِ ثَمَنًا قَلِيْلًا ؕ اِنَّمَا عِنْدَ اللّٰهِ هُوَ خَيْرٌ
لَّكُمْ اِنْ كُنْتُمْ تَعْلَمُوْنَ ﴿۹۵﴾ مَا عِنْدَكُمْ يَنْفَدُ وَمَا عِنْدَ اللّٰهِ بَاقٍ ؕ وَلَنَجْزِيَنَّ
الَّذِيْنَ صَبَرُوْۤا اَجْرَهُمْ بِاَحْسَنِ مَا كَانُوْا يَعْمَلُوْنَ ﴿۹۶﴾

તરજુમો :

અને અલ્લાહનો કરાર પૂરો કરો જ્યારે પરસ્પર કરાર કરો અને કસમોને પાકી કર્યા પછી ન તોડો અને તમે અલ્લાહને પોતાનો જામીન કર્યો છે, અલ્લાહ જાણે છે જે તમે કરો છો. (૯૧) અને તે સ્ત્રી જેવા ન રહો કે તેણે મહેનત કર્યા પછી પોતાનું કાંતેલું સુતર ટૂકડા-ટૂકડા તોડી નાંખ્યું કે પોતાની કસમોને એકબીજામાં દખલ દેવાનું બહાનું ઠરાવો એટલા માટે કે એક વર્ગ બીજાથી ચઢિયાતો થાય, આ તો અલ્લાહ તમને એનાથી પારખે છે અને હવે પછી અલ્લાહ તમને ખોલી દેશે કયામતના દિવસે જે વાતમાં તમે ઝઘડી રહ્યા હતા. (૯૨) અને અલ્લાહે ઈચ્છયું હોત તો સૌને એક જ વર્ગ કરી દીધો હોત પરંતુ જેને ઈચ્છે માર્ગ ભૂલાડે છે અને જેને ઈચ્છે સૂઝાડે છે અને તમારાથી પૂછ થશે જે કામ તમે કરતા હતા. (૯૩) અને પોતાની કસમોને ધોકો ન ઠરાવો આપસમાં કે કોઈના પગ મક્કમ થયા પછી ડગી ન જાય અને તમે એ વાત ઉપર સજા ચાખો કે તમે અલ્લાહના માર્ગથી રોક્યા અને તમને મોટો અઝાબ થાય. (૯૪) અને અલ્લાહના કરાર ઉપર નજીવી કિંમત ન લો, બેશક ! જે અલ્લાહના ત્યાં છે તે જ તમારા હકમાં બહેતર છે જો તમે જાણતા હોવ. (૯૫) જે તમારી પાસે છે પુરું થઈ જશે અને જે અલ્લાહની પાસે છે ક્યારેય પુરું થશે નહીં અને અમે સબ્ર કરનારાઓને બદલામાં તેમનો હક આપીશું સારા કામો ઉપર જે કરતા હતા. (૯૬)

તફસીર :

કરાર વચન બદ્ધતાનો હુકમ તથા કરારભંગની ટીકા :

અને તમે અલ્લાહના કરારને (એટલે કે જે કરારને પૂરો કરવાનો અલ્લાહે હુકમ આપ્યો છે તેને) પૂરો કરો (અને તેનાથી તે કરારો બાકાત છે જે શરીઅત વિરુદ્ધ હોય, બાકીના બધા શરીઅત પ્રમાણેના કરારો ભલે તે અલ્લાહ તઆલા સાથે હોય કે બંદાઓ સાથે હોય તેમાં સામેલ થઈ ગયા) જ્યારે કે તમે (ખાસ સ્વરૂપે અથવા સામાન્ય રીતે) પોતાના માથે જવાબદારી લઈ લો (વિશેષ સ્વરૂપોના કરારોનો આ ખુલાસો કોઈ કામની જવાબદારી લેવાનો અને સામાન્ય પ્રકારના કરારો જેમાં ઈમાન લાવવું વગેરે તો આ બધા વાજિબ હુકમોની

જવાબદારી તેના સંદર્ભમાં આવી ગઈ) અને (ખાસ કરીને જ્યારે કરારમાં સોગંદ ખાધી હોય તો તે વધારે કાળજી રાખવાપાત્ર છે કે બસ તેમાં) તે કસમોને મજબૂત કર્યા પછી (એટલે કે અલ્લાહનું નામ લઈને કસમ ખાધા પછી) ન તોડો અને તમે (તે કસમોના કારણે તે કરારોના) અલ્લાહ તઆલાને ગવાહ પણ બનાવી ચૂક્યા છો (આ શરતો بَعْدَ تَوْكِيْدِهَا અને قَدْ جَعَلْتُمُ દ્વારા વાસ્તવિક શરતો છે અને કરાર પૂર્ણ કરવાની વચનબદ્ધતાની તાકીદ સ્વરૂપે ખુલાસો કરવામાં આવ્યો છે) બેશક ! અલ્લાહ તઆલાને ખબર છે જે કંઈ તમે કરો છો (ભલે તે કરાર પૂર્ણ કરે અથવા તેનો ભંગ કરે, બસ તે એ જ પ્રમાણે તેનો બદલો અને સજા આપશે) અને તમે (કરાર કરીને) તે (મક્કામાં રહેનારી પાગલ) સ્ત્રી જેવા ન થઈ જાઓ જેણે પોતાના સૂતરને કાંતી લીધા પછી ટૂકડે-ટૂકડા કરી તોડી નાંખ્યું કે (તેના જેમ) તમે (પણ) પોતાની કસમોને (દુરુસ્તી કર્યા પછી તોડીને તેને) પરસ્પર ફસાદ નાંખવાનું માધ્યમ બનાવવા લાગો (કારણ કે સોગંદ અને કરાર તોડવાથી પરસ્પર બંને પક્ષોમાંથી ભરોસો ઊઠી જાય છે તથા વિરોધ, મતભેદ અને ક્રોધ ભભૂકી ઊઠે છે અને મૂળ ફસાદની જડ આ જ છે અને તે કરારને તોડવો પણ માત્ર એટલા માટે કે) એક વર્ગને બીજા વર્ગથી (લાભમાં) વધારો થઈ જાય (એટલે કે કાફિરોના બે પક્ષોમાં મતભેદ હોય અને તમારે એકની સાથે સુલેહ થઈ જાય પછી બીજા તરફ પલ્લું ઝૂકેલું જોઈને જે વર્ગ સાથે સુલેહ કરી હતી તેમની સાથે બહાનું કાઢીને બીજા પક્ષ સાથે સાઠગાંઠ કરી લો અથવા દાખલા તરીકે કોઈ મુસલમાન થઈને મુસલમાનોમાં દાખલ થયો પછી કાફિરોમાં જોર જોયું તો ઈસ્લામ સાથેનો કરાર તોડીને મુર્તદ બની જાય અને આ જે એક વર્ગ બીજા વર્ગથી વધેલો હોય છે અથવા બીજા કોઈ વર્ગમાં સામેલ થવાથી વધી જાય છે તો) બસ એ (વધેલા)થી અલ્લાહ તઆલા તમારી કસોટી કરે છે (કે જૂએ કરારનું પાલન કોણ કરે છે અને ઝૂકતું પલ્લું જોઈને કોણ તે બાજુ થઈ જાય છે ?) અને જે વસ્તુઓમાં તમે મતભેદ કરતા રહ્યા (અને વિરુદ્ધ દિશાએ ચાલતા રહ્યા) કયામતના દિવસે તે સૌ(ની હકીકત)ને તમારી સામે (અમલી સ્વરૂપે) જાહેર કરવામાં આવશે (કે હકવાળાઓને બદલો અને જૂઠાઓને સજા થશે, આગળ આ મતભેદની હિકમત એક નકારવાચક વાક્ય સ્વરૂપે ઉપરછલ્લું વર્ણન કર્યું છે) અને (જો કે અલ્લાહ તઆલાને એવી પણ શક્તિ હતી કે કોઈ વિરોધ-વંટોળ ન થવા દે અથવા મતભેદ ન થવા દે એટલા

માટે) જો અલ્લાહ તઆલાને મંજૂર હોત તો તમને સૌને એક જ તરીકા ઉપર બનાવી આપ્યા હોત પરંતુ (હિકમતના તકાદાના કારણે જેની વિગત આપવી અને તેને નિશ્ચિત કરવું અત્રે જરૂરી નથી) જેને ઇચ્છે છે માર્ગ ભટકાવી દે છે અને જેને ઇચ્છે છે માર્ગ ઉપર લઈ આવે છે (એટલા માટે સર્વ પ્રકારની હિદાયત કરારની વચનબદ્ધતા પણ છે તથા સર્વ પ્રકારની ગુમરાહીં કરારભંગ કરવાનું નુકસાન છે અને એ ન સમજવું જોઈએ કે જેવી રીતે દુનિયામાં ગુમરાહોને પૂર્ણ સ્વરૂપે સજા નથી થઈ એ જ પ્રમાણે આખિરતમાં પણ તેઓ આ જ પ્રમાણે છૂટેલા રહેશે; કદાપિ નહીં ! બલકે, કયામતમાં) તમારા બધા અમલોની જરૂર પૂછતાછ થશે અને (જેણે કરારભંગ અથવા તો સોગંદ તોડી નાંખ્યા હશે જેનું ઉપર વર્ણન થઈ ચૂક્યું છે તો તેનાથી અદષ્ય નુકસાન પણ અવશ્ય થશે; આગળ એનું જ વર્ણન છે એટલે કે) તમે પોતાની કસમોને પરસ્પર ફસાદનું માધ્યમ ન બનાવો (એટલે કે કસમો અને કરારોને ન તોડો અને ક્યારેય તેને જોઈને કે કોઈ અન્ય કામ કદમ જમાવ્યા પછી લપસી ન પડે, એટલે કે બીજાઓ પણ તમારું અનુસરણ કરે અને કરારભંગ કરવા લાગે) પછી તમને એ કારણે કે તમે (અન્યોના માટે) અલ્લાહના માર્ગના અવરોધક બન્યા તકલીફ ભોગવવી પડે (કારણ કે કરારની વચનબદ્ધતા અલ્લાહનો માર્ગ છે તમે તેને તોડવાનું કારણ બન્યા અને આ જ તે અદષ્ય નુકસાન છે જેણે બીજાઓને પણ કરાર તોડનારા બનાવ્યા અને તકલીફ એ થશે કે આવી પરિસ્થિતિમાં) તમને ઘણો મોટો અઝાબ થશે અને (જે પ્રમાણે કોઈ મજબૂત ટોળામાં સામેલ થઈને હોદ્દો પ્રાપ્ત કરવાના હેતુથી કરારનો ભંગ કરવાની મનાઈ છે જેનું ઉપર વર્ણન થયું એ જ પ્રમાણે આર્થિક લાભ પ્રાપ્ત કરવા માટે પણ જો કરાર તોડતો હોય તો તેની પણ મનાઈ કરવામાં આવી છે કે) તમે લોકો અલ્લાહના કરારના બદલામાં (દુનિયાનો) થોડો લાભ પ્રાપ્ત ન કરો (અલ્લાહના કરારનો અર્થ તો આયતની શરૂઆતમાં જાણ થઈ અને ثَمَنًا قَلِيلًا નો ભાવાર્થ દુનિયા છે કે તે વધારે હોવા છતાં પણ ઓછી જ છે અને તેની વાસ્તવિકતા આ રીતે વર્ણન કરી કે) બસ અલ્લાહ તઆલાની પાસે જે વસ્તુઓ છે (એટલે કે આખિરતની દોલત) તે તમારા માટે (દુનિયાની માલ–દોલતથી) ઘણી જ ઉત્તમ છે જો તમે સમજવા ઇચ્છો (બસ આખિરતની દોલત દરેક રીતે વધારે થઈ અને દુનિયાની દોલત ભલે ગમે તેટલી હોય તે અંતે થોડી જ છે) અને (આ

ઓછા—વત્તાનો તફાવત ઉપરાંત બીજો તફાવત એ પણ છે કે) જે કંઈ તમારી પાસે (દુનિયામાં) છે (એક દિવસે) પુરું થઈ જશે (ભલે એ મોતના કારણે હોય અથવા અન્ય પડતીના કારણે) અને જે કંઈ અલ્લાહની પાસે છે તે કાયમ બાકી રહેશે અને જે લોકો (કરારની વચનબદ્ધતા પાળે છે તથા દીનના અન્ય હુકમો ઉપર મજબૂત અને) મક્કમ રહે છે અમે તેમના સારા કામોના બદલામાં તેમનો બદલો (એટલે કે હંમેશા બાકી રહેનારી પ્રસ્તુત નેઅ્‌મતો) તેમને અવશ્ય આપીશું (બસ કરારની વચનબદ્ધતા પાળીને આખિરતની નષ્ટ ન થનારી વધારે દોલત જ પ્રાપ્ત કરો અને દુનિયાની નાશ પામનારી થોડી દોલતના કારણે કરારનો ભંગ ન કરો).

મસ્અલા અને બોધપાઠ :

કરારભંગ કરવો હરામ છે :

શબ્દ عَهْـد (અહ્‌દ) તે તમામ વ્યવહારો અને કરારોને સામેલ કરે છે જેને મૌખિક કે લેખિત રીતે જવાબદારી તરીકે સ્વીકારવામાં આવે, ભલે તેના ઉપર કસમ ખાવામાં આવે અથવા ન આવે, ભલે તે કોઈ કામ કરવા વિશેનો હોય અથવા કોઈ કાર્ય ન કરવા વિશે હોય.

આ આયતો વાસ્તવમાં પાછલી આયતોનો ખુલાસો અને પૂર્ણતા છે, પાછલી આયતોમાં ન્યાય અને અહેસાનનો હુકમ હતો, શબ્દ ''અદ્‌લ''ના ભાવાર્થમાં કરારની વચનબદ્ધતા પણ સામેલ છે. *(કુર્તુબી)*

કોઈની સાથે કરાર કરી લીધા અથવા વચન આપ્યા પછી કરારભંગ કરવો મોટો ગુનોહ છે પરંતુ તેને તોડવાથી કોઈ કફ્ફારો નક્કી નથી, બલકે આખિરતનો અઝાબ છે. હદીષમાં રસૂલે કરીમ ﷺનો ઈરશાદ છે કે "કયામતના દિવસે કરારભંગ કરનારાઓની પીઠ ઉપર એક ઝંડો લગાવવામાં આવશે જે મેદાને હશ્રમાં તેના અપમાનનું કારણ બનશે."

એ જ પ્રમાણે જે કામની કસમ ખાધી તેના વિરુદ્ધ કરવું પણ ગુનાહે કબીરહ (જઘન્ય અપરાધ) છે, આખિરતમાં મોટો વબાલ છે અને દુનિયામાં પણ તેના ખાસ સ્વરૂપોમાં કફ્ફારો જરૂરી બને છે. *(કુર્તુબી)*

اَنْ تَكُوْنَ اُمَّةٌ هِيَ اَرْبٰى مِنْ اُمَّةٍ આ આયતમાં મુસલમાનોને એ માર્ગદર્શન

આપવામાં આવ્યું છે કે જે વર્ગ કે સમૂહ સાથે તમારો કરાર થઈ જાય તે કરારને દુનિયવી સ્વાર્થ અથવા લાભ માટે ન તોડો, દાખલા તરીકે તમે એવું અનુભવો કે જે વર્ગ અથવા પાર્ટી સાથે તમે કરાર કરેલો છે તે અશક્ત અને સંખ્યામાં ઓછા છે અથવા માલ—દોલતના આધારે ગરીબ છે અને તેના મુકાબલામાં બીજા વર્ગના લોકો મોટી સંખ્યામાં તથા મજબૂત છે તથા આર્થિક રીતે પણ સદ્ધર છે તો માત્ર એ લાલચથી કે મજબૂત અને માલદાર પાર્ટીમાં સામેલ થઈ જવાથી લાભ વધારે થશે પ્રથમ વર્ગ સાથે કરાર તોડી નાંખવો જાઇઝ નથી, બલકે પોતાના કરાર ઉપર કાયમ રહો તથા લાભ અને નુકસાનને અલ્લાહ તઆલાને સોંપી દો, અલબત્ત જે સમૂહ અથવા પાર્ટી સાથે કરાર કર્યો છે તો જો શરીઅત વિરુદ્ધ તેઓ કોઈ પ્રવૃત્તિ આચરે અથવા તો કોઈ કાર્ય કરાવે તો આ કરાર તોડી નાંખવો વાજિબ છે, શરત માત્ર એ છે કે સ્પષ્ટ સ્વરૂપે તેમને એ બતાવી દેવામાં આવે કે અમે હવે કરારના પાબંદ રહીશું નહીં, જેમકે આયત فَانْبِذْ اِلَيْهِمْ عَلٰى سَوَآءٍ (૮:૫૮)માં પ્રસ્તુત છે.

અંતિમ આયતમાં પ્રસ્તુત પરિસ્થિતિને મુસલમાનોની કસોટીનું માધ્યમ બતાવવામાં આવ્યું કે અલ્લાહ તઆલા તેમની પરીક્ષા લે છે કે આ લોકો પોતાની મનેચ્છાઓ અને સ્વાર્થ તથા નફ્સના તા'બે થઈને કરારને તોડી નાંખે છે અથવા અલ્લાહ તઆલાના હુકમનું અનુસરણ કરવા માટે પોતાની મનેચ્છાઓ અને ભાવનાઓને કુરબાન કરે છે ?!

કોઈને ધોકો આપવા (છેતરવા) માટે સોગંદ ખાવામાં "સલબે ઈમાન" (ઈમાન જતું રહેવા)નો ભય રહે છે :

لَا تَتَّخِذُوْٓا اَيْمَانَكُمْ دَخَلًا આ આયતમાં એક બીજા ઘણા જ મોટા ગુનાહ તથા વબાલથી બચવા માટેનું માર્ગદર્શન છે, તે એ કે કસમ ખાતી વખતે જ જો તે કસમથી વિરુદ્ધ કરવાનો ઈરાદો હોય, માત્ર સામેવાળાને ધોકો આપવા માટે કસમ ખાવામાં આવે તો આ બાબત સામાન્ય કસમ તોડવાથી વધારે ખતરનાક ગુનોહ છે જેના પરિણામે એ ભય છે કે તે વ્યક્તિ ઈમાનની દોલતથી પણ વંચિત થઈ જાય, اَنْ تَزِلَّ قَدَمٌۢ بَعْدَ ثُبُوْتِهَا નો આ જ અર્થ છે. *(કુર્તુબી)*

લાંચ લેવી સખત હરામ અને અલ્લાહ સાથે કરારભંગ છે :

وَلَا تَشْتَرُوْا بِعَهْدِ اللّٰهِ ثَمَنًا قَلِيْلًا એટલે કે, "અલ્લાહના કરારને થોડી

કિંમતના બદલામાં ન તોડો." થોડી કિંમતનો ભાવાર્થ દુનિયાના લાભો છે, તે પ્રમાણમાં ભલે ગમે તેટલી નાની અથવા મોટી હોય પરંતુ આખિરતના મુકાબલામાં સમગ્ર દુનિયા અને તેની બધી જ દોલતો પણ ઓછી જ છે, જેણે આખિરતના બદલામાં દુનિયા લઈ લીધી તેણે અંતિમ કક્ષાના નુકસાનનો સોદો કર્યો કે હંમેશા બાકી રહેનાર ઉચ્ચ કક્ષાની નેઅ્મત અને દોલતને ઘણી જ જલદી નષ્ટ થઈ જનારી તુચ્છ પ્રકારની વસ્તુના બદલામાં વેચી નાંખી અને આવું કોઈ સમજબૂઝ ધરાવનાર વ્યક્તિ પસંદ પણ નથી કરી શકતો.

ઇબ્ને અતિય્યહે ફરમાવ્યું છે કે જે કામને પૂરું કરવું કોઈ વ્યક્તિના માથે વાજિબ હોય અને અલ્લાહનો કરાર તેની જવાબદારી છે તેને પૂર્ણ કરવા માટે કોઈની પાસેથી વળતર લેવું અને તેને વળતર લીધા વિના ન કરવું અલ્લાહના કરારને તોડેલો ગણાશે, એ જ રીતે જે કાર્યને ન કરવું કોઈના માથે વાજિબ છે, કોઈની પાસેથી વળતર લઈને તે કાર્ય કરી આપવું પણ અલ્લાહના કરારને તોડેલો ગણાશે.

એનાથી જાણ થઈ કે રિશ્વત (લાંચ)ના બધા જ પ્રકારો હરામ છે જેમકે કોઈ સરકારી કર્મચારી કોઈ કામનો પગાર સરકાર પાસેથી મેળવે છે તો તેણે અલ્લાહ તઆલા સાથે કરાર કરી લીધો છે કે તે પગાર લઈને પોતાને સોંપવામાં આવેલી સેવાની જવાબદારી પૂર્ણ કરશે, હવે જો તે એ કાર્ય કરવાના બદલામાં કોઈની પાસેથી વળતર માંગે અને તે વળતર લીધા વિના તેને ધક્કા ખવડાવે તો આ કર્મચારી અલ્લાહના કરારને તોડી રહ્યો છે, એ જ રીતે જે કાર્યનો તેને જે-તે ખાતા તરફથી અધિકાર આપવામાં નથી આવ્યો તેને લાંચ લઈને કરી આપે તો તે પણ અલ્લાહના કરારનો ભંગ છે. *(બહરે મુહીત)*

રિશ્વત (લાંચ)ની ઠોસ પરિભાષા અને વ્યાખ્યા :

ઇબ્ને અતિય્યહે આ નિવેદનમાં રિશ્વતની ઠોસ અને સર્વમાન્ય વ્યાખ્યા કરી છે જે તફસીરે બહરે મુહીતના શબ્દોમાં આ પ્રમાણે છે.

اَخذُالاَموَالِ عَلٰی فِعلِ مَا یَجِبُ عَلَی الاٰخِذِ فِعلُهٗ اَوفِعلِ مَا یَجِبُ عَلَیهِ تَرکُهٗ،

"જે કાર્યનું કરવું તેના માથે વાજિબ છે તેને છોડવાનું વળતર લેવું અથવા જે

કાર્યનું છોડવું તેના માટે જરૂરી છે તે કાર્ય કરવા માટે વળતર લેવું લાંચ છે."

(તફસીરે બહરે મુહીત, પેજ : ૫૩૩, ભાગ : ૫)

સમગ્ર દુનિયાની બધી જ નેઅ્‌મતો તુચ્છ હોવી આગલી આયતમાં આ પ્રમાણે વર્ણન કરવામાં આવ્યું, مَا عِنْدَ كُمْ يَنْفَدُ وَمَا عِنْدَ اللّٰهِ بَاقٍ એટલે કે, જે કંઈ તમારી પાસે છે (તેનો ભાવાર્થ દુનિયાના લાભ છે) તે બધા સમાપ્ત થનારા અને ફના થનારા છે અને જે કંઈ અલ્લાહ તઆલાની પાસે છે (તેનો ભાવાર્થ આખિરતનો સવાબ અથવા અઝાબ છે અને તે હંમેશા બાકી રહેનારો છે).

દુનિયાની રાહત અને તકલીફ, દોસ્તી અને દુશ્મની બધું જ નાશવંત છે તથા તેનું ફળ અને પરિણામ જે અલ્લાહ તઆલાની પાસે છે તે હંમેશા બાકી રહેવાનું છે :

مَاعِنْدَ كُمْ (મા-ઈન્દકુમ)ના શબ્દથી સામાન્ય રીતે ધ્યાન માત્ર માલ અને દોલત તરફ જાય છે, અમારા ઉસ્તાદ મહોતરમ મવલાના સય્યિદ અસગર હુસૈન સા. (રહ.)એ ફરમાવ્યું કે, શબ્દ مَـــا (મા) શબ્દકોષના આધારે જાહેર છે અને જાહેર અર્થનો ભાવાર્થ લેવાથી તેમાં શરીઅતના કોઈ હુકમ આડે નથી આવતો, એટલા માટે તેમાં દુનિયાની માલ અને દોલત પણ સામેલ છે અને તેમાં ઘટનારી બધી જ ઘટનાઓ અને તમામ પરિસ્થિતિઓ, વ્યવહારો, ખુશી, ગમ, રંજ, રાહત, બીમારી, તંદુરસ્તી, લાભ અને નુકસાન, કોઈની દોસ્તી અથવા દુશ્મની; આ બધી વસ્તુઓ સામેલ છે, આ બધી જ વસ્તુઓ ફના થવાની છે અલબત્ત આ પરિસ્થિતિઓ અને વ્યવહારોની જે અસરો ઊભી થવાની છે કયામતમાં તેના જ ઉપર સવાબ અને અઝાબ થવાનો છે અને તે બધું કાયમી બાકી રહેવાનું છે, ફના થઈ જનારી પરિસ્થિતિઓ અને વ્યવહારોની ધૂનમાં લાગેલા રહેવું અને પોતાની જિંદગી તથા તેની સમગ્ર શક્તિ અને સામર્થ્યને તેની જ ચિંતા માટે લગાવીને કાયમી અઝાબ અને સવાબથી ગફલત વર્તવી કોઈ બુદ્ધિશાળીનું કાર્ય નથી.

دورانِ بقاء چو بادِ صحرا بگذشت — تلخی وخوشی وزشت وزیبا بگذشت

پنداشت ستمگر کہ جفا برما کرد — برگردنِ وے بماند وبرما بگذشت

આયત : (સૂરએ નહ્લ : આયત નં. ૯૭)

مَنْ عَمِلَ صَالِحًا مِّنْ ذَكَرٍ اَوْ اُنْثٰى وَهُوَ مُؤْمِنٌ فَلَنُحْيِيَنَّهٗ حَيٰوةً طَيِّبَةً ۚ وَلَنَجْزِيَنَّهُمْ
اَجْرَهُمْ بِاَحْسَنِ مَا كَانُوْا يَعْمَلُوْنَ ﴿۹۷﴾

તરજુમો :

જેણે નેક કામ કર્યું પુરુષ હોય અથવા સ્ત્રી અને તે ઈમાન ઉપર છે તો અમે તેને જિંદગી આપીશું, એક સારી જિંદગી અને બદલામાં તેમને તેમનો હક આપી દઈશું સારા કામો ઉપર જે કરતા હતા. (૯૭)

તફસીર :

(આનાથી અગાઉની આયતોમાં કરારોની વફાદારીની તાકીદ અને કરારભંગ કરવાની ટીકાનું વર્ણન હતું જે એક ખાસ અમલ છે, આ આયતમાં બધા જ નેક કાર્યો અને સદ્‌કૃત્યો કરનાર નેક લોકો માટે સર્વસામાન્ય જાહેર ઉલ્લેખ છે. આયતનો વિષય એ છે કે આખિરતનો બદલો અને સવાબ તથા દુનિયાની બરકતો માત્ર કરારની વચનબદ્ધતા પાળવા ઉપર જ અવલંબિત નથી અને ન જ કોઈ અમલ કરનાર માટે ખાસ છે બલકે આ એક સર્વસામાન્ય કાયદો છે અને તે એ કે) જે વ્યક્તિ પણ કોઈ નેક કાર્ય કરશે ભલે તે પુરુષ હોય અથવા સ્ત્રી એ શરતે કે ઈમાનવાળા હોય (કારણ કે કાફિરોના નેક કાર્યો આખિરતમાં સ્વીકાર્ય નથી) તો અમે તે વ્યક્તિને (દુનિયામાં તો) સારી જિંદગી આપીશું અને (આખિરતમાં) તેના સારા કાર્યોના બદલામાં તેને સારો બદલો આપીશું.

મસ્અલા અને બોધપાઠ :

"હયાતે તય્યિબહ" (પવિત્ર જિંદગી) શું વસ્તુ છે ? :

બહુમતી વિવરણકારોના મતે અત્રે "હયાતે તય્યિબહ"નો ભાવાર્થ "દુનિયાની પવિત્ર અને ખુશમિજાઝ જિંદગી" છે અને અમુક તફસીરના ઈમામોએ તેનો ભાવાર્થ "આખિરતની જિંદગી" હોવાનો લીધો છે, બહુમતી વિવરણકારો પ્રમાણે પણ તેનો એ ભાવાર્થ નથી કે તેનાથી કોઈને ગરીબી અથવા બીમારી આવશે જ નહીં બલકે ભાવાર્થ એ છે કે મો'મિનને જો કોઈ આર્થિક

સંકડામણ અથવા કોઈ તકલીફ આવી પણ પડશે તો બે વસ્તુઓ તેને પરેશાન નહીં થવા દે; એક, કરકસર અને સાદું જીવન જીવવાની ટેવ જેનાથી આર્થિક સંકડામણ પણ દૂર થઈ જાય છે અને બીજું, તેની એ માન્યતા કે મને આ તંગી અને બીમારીના બદલામાં આખિરતની મહાન અને કાયમી નેઅ્‌મતો મળવાની છે, તેનાથી વિપરીત કાફિરો અને ફાજિરો કે જો તેમને આર્થિક સંકડામણ અથવા બીમારી આવી પડે છે તો તેમના માટે દિલાસાની કોઈ બાબત ઉપસ્થિત નથી હોતી, તે પોતાની બુદ્ધિ અને નૈતિક હિંમત ખોઈ બેસે છે, અમુક સમયે તો આત્મહત્યાની પણ નોબત આવી જાય છે અને જો તેને આર્થિક છૂટછાટ દ્વારા અય્યાશીવાળું જીવન પ્રાપ્ત થાય તો તેની વધારે લાલચ તેને ક્યારેય ચેનથી બેસવા દેતી નથી, તે કરોડપતિ થઈ જાય તો અબજપતિ બનવાની ચિંતામાં પોતાની ખુશી અને રાહતને ખરાબ કરતો રહે છે.

ઈબ્ને અતિય્યહ (રહ.)એ ફરમાવ્યું કે મો'મિનીન અને સાલિહીન (ઈમાનવાળા અને નેક લોકો)ને અલ્લાહ તઆલાએ દુનિયામાં પણ તે ખુશી અને રાહત તથા ખુશમિજાઝ જિંદગી અર્પણ કરી છે જે કોઈ હાલતમાં પણ બદલાતી નથી, તંદુરસ્તી અથવા આર્થિક છૂટછાટના સમયે તો તેમનું જીવન ખુશમિજાઝ હોવાનું જાહેર છે, ખાસ કરીને એ બીનાએ કે તેઓ વિનાજરૂરતે માલને વધારવાની લાલચમાં પડતા નથી કે જે લાલચ મનુષ્યને હરપળે પરેશાન કરી મૂકે છે અને જો તેઓ તંગી અથવા બીમારીમાં સપડાય તો અલ્લાહ તઆલાના વાયદાઓ ઉપર તેમને સંપૂર્ણ ભરોસો અને મુશ્કેલી પછી આશા તથા તકલીફ પછી રાહત મળવાની મજબૂત ઉમ્મીદ તેમની જિંદગીને નીરસ થવા દેતી નથી, જેમકે ખેડૂતને ખેતી વાવવાના અને તેની સાળ-સંભાળ લેવાના સમયે કેટલીય તકલીફો પડે છે પરંતુ તે બધી તકલીફોથી એટલા માટે રાહત અનુભવે છે કે અમુક દિવસો પછી તેને આ તકલીફોનું ઘણું મોટું ફળ મળવાનું છે, વેપારી પોતાના વેપારમાં, કર્મચારી પોતાની ડ્યુટી અદા કરવામાં કેવી-કેવી મહેનતો અને તકલીફો બરદાસ્ત કરે છે ! બલકે અમુક સમયે તો અપમાન પણ સહન કરે છે પરંતુ તે એટલા માટે ખુશ રહે છે કે અમુક દિવસો પછી તેમને વેપારનો મોટો નફો અથવા પોતાની નોકરીનો પગાર મળવાનો ભરોસો હોય છે, મો'મિનની પણ એ માન્યતા હોય છે કે મને દરેક તકલીફ ઉપર સારો બદલો મળી રહ્યો છે અને

આખિરતમાં તેનો બદલો કાયમી અને મહાન નેઅ્મતોના સ્વરૂપમાં મળશે તથા દુનિયાની જિંદગી આખિરતના મુકાબલામાં કોઈ હેસિયત ધરાવતી નથી, એટલા માટે અહીંયાંના રંજ અને રાહત તથા ઠંડી અને ગરમી બધાને આસાનીથી સહન કરી લે છે, તેની જિંદગી આવી પરિસ્થિતિઓમાં પણ નીરસ કે હતાશ થતી નથી, આ જ તે "હયાતે તય્યિબહ" છે જે મો'મિનને દુનિયામાં રોકડ સ્વરૂપે મળે છે.

આયતો : (સૂરએ નહ્લ : આયત નં. ૯૮-૯૯-૧૦૦)

فَإِذَا قَرَأْتَ الْقُرْآنَ فَاسْتَعِذْ بِاللَّهِ مِنَ الشَّيْطَانِ الرَّجِيمِ ﴿٩٨﴾ إِنَّهُ لَيْسَ لَهُ سُلْطَانٌ عَلَى الَّذِينَ
آمَنُوا وَعَلَىٰ رَبِّهِمْ يَتَوَكَّلُونَ ﴿٩٩﴾ إِنَّمَا سُلْطَانُهُ عَلَى الَّذِينَ يَتَوَلَّوْنَهُ وَالَّذِينَ هُم بِهِ مُشْرِكُونَ ﴿١٠٠﴾ ع

તરજુમો :

બસ જ્યારે તમે કુર્આન પઢવા લાગો તો શયતાન મરદૂદથી અલ્લાહની પનાહ (શરણ) લો. (૯૮) તેનું જોર તેમના ઉપર નથી ચાલતું જે ઈમાન રાખે છે અને પોતાના પરવરદિગાર ઉપર ભરોસો કરે છે. (૯૯) તેનું જોર તો તેમના જ ઉપર ચાલે છે જે તેને મિત્ર સમજે છે અને જે તેને ભાગીદાર માને છે. (૧૦૦)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

પાછલી આયતોમાં પ્રથમ કરારની વચનબદ્ધતા પાળવાની તાકીદ અને હંમેશા નેક આચરણ કરવાની તાકીદ તથા પ્રોત્સાહનનો ઉલ્લેખ આવ્યો છે, શયતાનના જોર લગાવવાના કારણે મનુષ્યથી આ હુકમોમાં ગફલત પેદા થાય છે એટલા માટે આ આયતમાં મરદૂદ શયતાનથી અલ્લાહની પનાહ માંગવાની તા'લીમ આપવામાં આવી છે જેની આવશ્યકતા દરેક નેક અમલમાં હોય છે, પરંતુ આ આયતમાં તેને ખાસ સ્વરૂપે કુર્આનની કિરાઅત સાથે વર્ણન કરવામાં આવી છે, આ વિશિષ્ટતાનું કારણ એ પણ હોઈ શકે છે કે કુર્આનની તિલાવત એક એવી પ્રવૃત્તિ છે જેનાથી પોતે શયતાન ભાગે છે.

دیو بگریزد ازاں قوم کہ قرآں خوانند (શયતાન કુર્આન પઢનારાઓથી ઝટકો ખાય છે.)

અને અમુક ખાસ આયતો તથા સૂરતો ખાસ કરીને શયતાનની અસરોને નષ્ટ કરવા માટેનું શસ્ત્ર છે જેનું પ્રભાવશાળી અથવા લાભદાયી હોવું શરીઅતની નુસૂસથી સાબિત છે. (બયાનુલ કુર્આન) તેમ છતાં જ્યારે કુર્આનની તિલાવતના સમયે શયતાન મરદૂદથી અલ્લાહની પનાહ માંગવાનો હુકમ આપવામાં આવ્યો તો બીજી પ્રવૃત્તિઓ સાથે એ પનાહ માંગવી પણ વધારે જરૂરી થઈ થયું.

તદુપરાંત પોતે કુર્આનમાં શયતાનના વસવસાઓનો ભય રહે છે કે તિલાવતના અદબોમાં ઉણપ રહી જાય, તેનામાં ચિંતન અને મનન તથા એકાગ્રતા કે ધ્યાનમગ્નતા ન રહે તો એટલા માટે પણ શયતાનના વસવસાઓથી પનાહ માંગવી જરૂરી સમજવામાં આવી છે. *(ઈબ્ને કષીર, મઝહરી વગેરે)*

તફસીર :

(અને નેક અમલની શ્રેષ્ઠતાની જાણ થઈ પરંતુ ક્યારેક-ક્યારેક શયતાન તેમાં ખલેલ નાંખે છે અને ક્યારેક કરાર પૂર્ણ કરવામાં પણ ખલેલ પાડે છે અને ક્યારેક બીજા નેક અમલો કરવામાં; દાખલા તરીકે કુર્આનની તિલાવત કરવામાં પણ) તો (હે મુહમ્મદ ﷺ તમે અને તમારા માધ્યમથી સમગ્ર ઉમ્મત એ સાંભળી લો કે) જ્યારે તમે (ગમે તેવું નેક કામ કરવાની ઈચ્છા કરો એટલે સુધી કે) કુર્આન પઢવા ઈચ્છો તો શયતાન મરદૂદ(ની શરારત)થી અલ્લાહની પનાહ માંગ્યા કરો (અસલ તો દિલથી અલ્લાહ તઆલા ઉપર દૃષ્ટિ નાંખવાની છે અને આ જ અલ્લાહની પનાહ માંગવાની હકીકત વાજિબ છે તથા કિરાઅતમાં પઢી લેવું જીભથી પણ સુન્નત છે અને પનાહ માંગવાનો હુકમ અમે એટલા માટે આપીએ છીએ કે) ખરેખર તેનો કાબૂ તે લોકો ઉપર નથી ચાલતો જે ઈમાન ધરાવે છે અને પોતાના પરવરદિગાર ઉપર (દિલથી) ભરોસો રાખે છે, બસ તેનો કાબૂ તો માત્ર તે જ લોકો ઉપર ચાલે છે જે તેનાથી સંબંધ રાખે છે અને તે લોકો ઉપર (ચાલે છે) કે જે અલ્લાહની સાથે શિર્ક કરે છે.

મસ્અલા અને બોધપાઠ :

ઈબ્ને કષીરે તફસીરની પ્રસ્તાવનામાં ફરમાવ્યું છે કે મનુષ્યના દુશ્મન બે પ્રકારના છે, એક પોતે મનુષ્યજાતિમાંથી જેમકે સામાન્ય રીતે કાફિરો અને બીજા

જિન્નાતોમાંથી કે જે શયતાન અને નાફરમાન છે. પ્રથમ પ્રકારના દુશ્મનોની સાથે ઈસ્લામે જિહાદ અને યુદ્ધ દ્વારા સ્વરક્ષણનો હુકમ આપ્યો છે પરંતુ બીજા પ્રકાર માટે માત્ર અલ્લાહ તઆલાથી પનાહ માંગવાનો હુકમ છે, તેનું કારણ એ છે કે પ્રથમ પ્રકારનો દુશ્મન પોતાની જ માનવજાતિનો છે અને તેનું આક્રમણ જાહેર થઈને રહે છે, એટલા માટે તેમની સાથે જિહાદ અને યુદ્ધ ફરજ કરવામાં આવ્યું પરંતુ શયતાની દુશ્મન દેખાતો નથી અદષ્ય છે અને તેનો હુમલો પણ મનુષ્યને નજરે નથી પડતો, એટલા માટે તેનાથી રક્ષણ માટે એક એવી હસ્તી એટલે કે અલ્લાહની પનાહ લેવું વાજિબ થઈ ગયું કે જે ન તો મનુષ્યને નજરે દેખાય છે અને ન જ શયતાનને; અને શયતાનથી રક્ષણની બાબત અલ્લાહ તઆલાને સોંપવામાં એ પણ મસ્લિહત છે કે જેઓ તેનાથી પરાજિત થઈ જાય તે અલ્લાહ તઆલા નજીક તિરસ્કૃત અને અઝાબના હકદાર છે, તેનાથી વિપરીત મનુષ્યજાતિના દુશ્મનો એટલે કે કાફિરો કે જો તેનાથી કોઈ વ્યક્તિ પરાજિત થાય અથવા માર્યો જાય તો તે શહીદ અને સવાબનો હકદાર છે, એટલા માટે મનુષ્યજાતિના દુશ્મનનો મુકાબલો શારીરિક રીતે કરવો દરેક પ્રકારે લાભ જ લાભ છે, યા તો દુશ્મન ઉપર વિજય પ્રાપ્ત કરીને તેની શક્તિનો નાશ કરી નાંખવામાં આવે, યા તો પછી પોતે શહીદ થઈને અલ્લાહ નજીક સ્વીકૃત બને.

મસ્અલો :

કુર્આનની તિલાવત પહેલા اَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّيْطٰنِ الرَّجِيْمِ (અઊઝુબિલ્લાહી મિનશ્શયતાનિ ર્રજીમ)નું પઢવું આ જ આયતનો હુકમ પૂર્ણ કરવા માટે રસૂલે કરીમ ﷺથી પણ સાબિત છે પરંતુ ક્યારેક-ક્યારેક તેનું છોડી દેવું પણ સહીહ હદીષોથી સાબિત છે, એટલા માટે જમહૂર (બહુમતી) ઉમ્મતના ઉલમાઓએ આ હુકમને વાજિબ નહીં પરંતુ સુન્નત ઠરાવ્યો છે અને ઈબ્ને જરીર તબરી (રહ.)એ તેના ઉપર ઉમ્મતનો ઈજ્માઅ્ નકલ કર્યો છે. આ મા'મલામાં હદીષની જે રિવાયતો વર્ણન થઈ છે તે મૌખિક અને અમલી સ્વરૂપે તિલાવતથી પહેલાં મોટા ભાગની પરિસ્થિતિઓમાં અઊઝુબિલ્લાહ... પઢવું અને અમુક પરિસ્થિતિઓમાં ન પઢવું આ બધું ઈબ્ને કષીરે પોતાની તફસીરની શરૂઆતમાં વિસ્તારથી વર્ણન કર્યું છે.

મસ્અલો :

નમાઝમાં "તઅવ્વુઝ" (એટલે કે અઊઝુબિલ્લાહ) ફક્ત પ્રથમ રકા'તની શરૂઆતમાં પઢવામાં આવે અથવા દરેક રકાતની શરૂઆતમાં... ?

તેમાં ફકીહ ઈમામોના નિવેદનો વિવિધ પ્રકારના છે, ઈમામે આ'ઝમ અબૂ હનીફા રહ.)ના મતે માત્ર પ્રથમ રકા'તમાં જ પઢવું જોઈએ અને ઈમામ શાફઈ (રહ.) દરેક રકા'તમાં પઢવાને મુસ્તહબ ઠરાવે છે. બંનેની દલીલો તફસીરે મઝહરીમાં વિસ્તારપૂર્વક લખવામાં આવી છે. *(પેજ : ૪૯, જિલ્દ : ૫)*

મસ્અલો :

કુર્આનની તિલાવત નમાઝમાં હોય અથવા નમાઝની બહાર બંને પરિસ્થિતિઓમાં તિલાવતથી પહેલાં અઊઝુબિલ્લાહ.... પઢવું સુન્નત છે પરંતુ એક વખતે પઢી લીધું તો આગળ જેટલું પઢતો રહે તે જ એક "તઅવ્વુઝ" પૂરતું છે, અલબત્ત તિલાવતને વચ્ચેથી છોડીને કોઈ દુનિયાના કામમાં મશગૂલ થઈ ગયો અને પછી ફરીવાર તિલાવત શરૂ કરી તો એવા સમયે ફરીવાર "તઅવ્વુઝ" અને "બિસ્મિલ્લાહ...." પઢવું જોઈએ.

મસ્અલો :

કુર્આનની તિલાવત ઉપર કોઈ બીજા કલામ અથવા કિતાબ પઢતાં પહેલા "અઊઝુબિલ્લાહ...." પઢવું સુન્નત નથી, ત્યાં ફક્ત "બિસ્મિલ્લાહ..." પઢવું જોઈએ. *(દૂર્રે મુખ્તાર, શામી)*

અલબત્ત, વિવિધ કાર્યો અને હાલતોમાં "તઅવ્વુઝ"નું શિક્ષણ હદીષથી નકલ થયું છે, દાખલા તરીકે જ્યારે કોઈને ગુસ્સો વધારે આવે તો હદીષમાં છે કે "અઊઝુબિલ્લાહિ મિનશ્શયતાનિ ર્રજીમ" પઢવાથી ગુસ્સાનો પ્રકોપ દૂર થઈ જાય છે. *(ઈબ્ને કષીર)*

વળી હદીષ શરીફમાં છે કે બયતુલ ખલાઅ્ (સંડાસ)માં જતા પહેલાં اَللّٰهُمَّ اِنِّىۡ اَعُوۡذُبِکَ مِنَ الۡخُبُثِ وَالۡخَبَائِثِ (અલ્લાહુમ્મ ઈન્ની અઊઝુબિક મિનલ ખુબષિ વલ ખબાઈષ) મુસ્તહબ છે. *(શામી)*

અલ્લાહ તઆલા ઉપર ઈમાન અને તવક્કુલ (ભરોસો) શયતાનનો કબ્જો જમાવવાથી છુટકારો અપાવે છે :

આ આયતે એ સ્પષ્ટ કરી દીધું કે અલ્લાહ તઆલાએ શયતાનને એવી

શક્તિ નથી આપી કે તે કોઈપણ મનુષ્યને બુરાઈ ઉપર મજબૂર અને અધિકાર વિહોણો કરી આપે, મનુષ્ય પોતે પોતાના અધિકાર અને શક્તિને બેદરકારીથી કોઈ વ્યક્તિગત સ્વાર્થ માટે ઉપયોગ કરે તો એ તેનો કુસૂર છે, એટલા માટે ફરમાવ્યું કે જે લોકો અલ્લાહ તઆલા ઉપર ઈમાન ધરાવે છે અને પોતાના અહેવાલ અને આ'માલમાં પોતાની ઈચ્છાશક્તિના બદલે અલ્લાહ તઆલા ઉપર ભરોસો કરે છે કે તે જ દરેક ભલાઈ અને તવફીક આપનારો છે અને દરેક બુરાઈથી બચાવનારો છે તો એવા લોકો ઉપર શયતાનનું જોર ચાલતું નથી, હા ! જેઓ પોતાની મહેચ્છાઓ અને સ્વાર્થના કારણે શયતાનથી જ દોસ્તી કરી લે, તેની જ વાતોને પસંદ કરે અને અલ્લાહ તઆલાની સાથે અન્યોને શરીક ઠરાવે તો તેમના ઉપર શયતાન કબ્જો જમાવી લે છે કે કોઈ ભલાઈ તરફ તેમને જવા નથી દેતો અને તે દરેક બુરાઈમાં આગળ અને આગળ રહે છે.

આ જ વિષય સૂરએ હિજ્રની આ આયતનો છે જેમાં શયતાનના દા'વાના મુકાબલામાં પોતે અલ્લાહ તઆલાએ આ જવાબ આપી દીધો છે, اِنَّ عِبَادِيْ لَيْسَ لَكَ عَلَيْهِمْ سُلْطٰنٌ اِلَّا مَنِ اتَّبَعَكَ مِنَ الْغٰوِيْنَ એટલે કે, "મારા ખાસ બંદાઓ ઉપર તારું જોર નથી ચાલી શકતું, હા ! તેના ઉપર ચાલશે જે પોતે જ ગુમરાહ થાય અને તારું અનુસરણ કરવા લાગે." (૧૫:૪૨)

આયતો : (સૂરએ નહ્લ : આયત નં. ૧૦૧ થી ૧૦૫)

وَاِذَا بَدَّلْنَاۤ اٰيَةً مَّكَانَ اٰيَةٍ ۙ وَّاللّٰهُ اَعْلَمُ بِمَا يُنَزِّلُ قَالُوْۤا اِنَّمَاۤ اَنْتَ مُفْتَرٍ ؕ بَلْ
اَكْثَرُهُمْ لَا يَعْلَمُوْنَ ﴿۱۰۱﴾ قُلْ نَزَّلَهٗ رُوْحُ الْقُدُسِ مِنْ رَّبِّكَ بِالْحَقِّ لِيُثَبِّتَ الَّذِيْنَ
اٰمَنُوْا وَهُدًى وَّبُشْرٰى لِلْمُسْلِمِيْنَ ﴿۱۰۲﴾ وَلَقَدْ نَعْلَمُ اَنَّهُمْ يَقُوْلُوْنَ اِنَّمَا يُعَلِّمُهٗ بَشَرٌ ؕ
لِسَانُ الَّذِيْ يُلْحِدُوْنَ اِلَيْهِ اَعْجَمِيٌّ وَّهٰذَا لِسَانٌ عَرَبِيٌّ مُّبِيْنٌ ﴿۱۰۳﴾ اِنَّ الَّذِيْنَ لَا
يُؤْمِنُوْنَ بِاٰيٰتِ اللّٰهِ ۙ لَا يَهْدِيْهِمُ اللّٰهُ وَلَهُمْ عَذَابٌ اَلِيْمٌ ﴿۱۰۴﴾ اِنَّمَا يَفْتَرِي الْكَذِبَ
الَّذِيْنَ لَا يُؤْمِنُوْنَ بِاٰيٰتِ اللّٰهِ ۚ وَاُولٰٓئِكَ هُمُ الْكٰذِبُوْنَ ﴿۱۰۵﴾

તરજુમો :

અને જ્યારે અમે એક આયતની જગ્યાએ બીજી આયત બદલીએ છીએ અને અલ્લાહ સારી પેઠે જાણે છે જે ઉતારે છે; તો કહે છે, તું તો આ નવી વાત બનાવી લાવે છે પરંતુ તેમનામાં ઘણાઓને ખબર નથી. (૧૦૧) તમે કહો, તેને તમારા પરવરદિગાર તરફથી (નિઃશંક !) સત્ય સાથે પાક ફરિશ્તા (રૂહુલ કુદ્દુસ-જિબ્રઈલ અલૈ.)એ ઉતાર્યું છે જેથી ઈમાનવાળાઓને મજબૂત કરે અને હિદાયત અને ખુશખબરી મુસલમાનોના માટે. (૧૦૨) અને અમને સારી પેઠે ખબર છે કે તેઓ કહે છે તેને એક વ્યક્તિ શિખવાડે છે; જેના તરફ હોવાનું ગુમાન કરે છે તેની ભાષા તો અજમી (બિનઅરબ) છે અને આ (કુર્આન) સ્પષ્ટ અરબી ભાષા છે. (૧૦૩) તે લોકો જેમને અલ્લાહની વાતો ઉપર યકીન નથી તેમને અલ્લાહ માર્ગ નથી આપતો અને તેમના માટે દર્દનાક અઝાબ છે. (૧૦૪) જૂઠ તો તે લોકો બનાવે છે જેમને અલ્લાહની વાતો ઉપર યકીન નથી અને તે જ લોકો જૂઠા છે. (૧૦૫)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

આનાથી અગાઉની આયતમાં કુર્આનની તિલાવતના સમયે "અઊઝુબિલ્લાહ....." પઢવાનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું, જેમાં ઈશારો છે કે શયતાન તિલાવતના સમયે મનુષ્યના દિલમાં વસવસા (ભ્રમણા) નાંખે છે. પ્રસ્તુત આયતોમાં આ જ પ્રમાણેના શયતાની વસવસાઓનો જવાબ છે.

તફસીર :

નુબુવ્વત ઉપર કાફિરોની શંકાઓનો ખુલાસાવાર અને પડકાર સ્વરૂપ જવાબ :

અને જ્યારે અમે કોઈ આયતના બદલે બીજી આયતને બદલીએ છીએ (એટલે કે એક આયતના શબ્દોને અથવા તેના અર્થને મન્સૂખ-રદ કરી તેની જગ્યાએ બીજો હુકમ મોકલીએ છીએ) અને જ્યારે અલ્લાહ તઆલાએ જે હુકમ (પ્રથમ અથવા બીજી વખતે) મોકલ્યો છે (તેની મસ્લિહત અને હિકમતને) તે જ સારી પેઠે જાણે છે (કે જેમને હુકમ આપવામાં આવ્યો છે તેમની પરિસ્થિતિઓના આધારે એક સમયમાં મસ્લિહત કંઈ બીજી હતી પછી પરિસ્થિતિ બદલાઈ

જવાથી મસ્લિહત અને હિકમત બીજા પ્રકારની થઈ ગઈ) ત્યારે આ લોકો કહે છે કે (મઆઝલ્લાહ !) આપ (ﷺ અલ્લાહ તઆલા ઉપર) જૂઠી વાતો ઘડનારા છે (કે પોતાના કલામનો અલ્લાહ તઆલા સાથે સંબંધ બાંધી દે છે નહિતર અલ્લાહનો હુકમ હોત તો તેને બદલવાની શું આવશ્યકતા હતી ? શું અલ્લાહ તઆલાને પ્રથમથી જ જ્ઞાન ન હતું ? અને આ લોકો એ બાબત ઉપર વિચાર નથી કરતા કે અમુક સમયે બધી પરિસ્થિતિઓનું જ્ઞાન હોવા છતાં પ્રથમ હાલત રજુ થવાથી એક હુકમ આપવામાં આવે છે અને જ્યારે પરિસ્થિતિ બદલાઈને બીજા પ્રકારની હાલત આવે છે જો કે તે સમયનું પણ જ્ઞાન છે પરંતુ મસ્લિહતના તકાદાના કારણે એ બધી પરિસ્થિતિનો હુકમ પ્રથમ સમયે વર્ણન કરવામાં આવતો નથી બલકે, જ્યારે આ બીજા પ્રકારની પરિસ્થિતિ આવે છે તે સમયે વર્ણન કરવામાં આવે છે જેમકે, કોઈ હકીમ અથવા ડૉક્ટર એક દવાની સલાહ આપે છે અને તે જાણે છે કે તેનો ઉપયોગ કરવાથી દર્દીની હાલતમાં સુધારો થશે અને પછી તે દવાને બીજી દવાથી બદલી નાંખે છે પરંતુ દર્દીને શરૂઆતમાં બધી વિગત જણાવતો નથી, આ જ વાસ્તવિકતા "નાસિખ-મન્સૂખ"ના હુકમોની છે કે જે કુર્આન અને સુન્નતમાં હોય છે, વાસ્તવમાં જ્ઞાન ન હોવાના કારણે તેઓ શયતાનના છળકપટમાં ફસાઈને "નસ્ખ"નો ઈન્કાર કરવા લાગે છે એટલા માટે તેના જવાબ સ્વરૂપે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે રસૂલુલ્લાહ ﷺ બોહતાન બાંધનારા નથી અને ન જ બનાવટ કરી જૂઠું ઘડનારા) બલકે તમારામાંથી જ ઘણા લોકો જાહિલ (અજ્ઞાન) છે (કે હુકમમાં "નસ્ખ"ને કોઈ દલીલ વિના અલ્લાહ તઆલાના કલામની વિરુદ્ધ સમજે છે) તમે (તેમના જવાબમાં) ફરમાવી આપો કે (આ કલામ મારું ઘડી કાઢેલું નથી બલકે તેને) રૂહુલ કુદુસ (એટલે કે હઝરત જિબ્રઈલ અલૈ.) તમારા પરવરદિગાર તરફથી હિકમત પ્રમાણે લાવે છે (એટલા માટે આ અલ્લાહનું કલામ છે અને તેમાં હુકમોનો ફેરફાર હિકમત અને મસ્લિહતનો તકાદો છે અને આ કુર્આન એટલા માટે મોકલવામાં આવ્યું છે) જેથી ઈમાનવાળાઓને (ઈમાન ઉપર) મક્કમ રાખે અને તે મુસલમાનો માટે હિદાયત અને ખુશખબરી(નું માધ્યમ) બની જાય (ત્યારબાદ કાફિરોની એક અન્ય વ્યર્થ અને વાહિયાત પ્રકારની શંકાનો જવાબ છે) અને અમને ખબર છે કે આ લોકો (એક બીજી ખોટી વાત) એ પણ કહે છે કે તેમને તો એક વ્યક્તિ શિખવાડે છે

(તેનાથી ઈશારો તે રૉમના બિનઅરબ લુહાર તરફ છે જેનું નામ બલઆમ અથવા મુકીસ હતું, તે રસૂલે કરીમ ﷺની વાતો દિલથી સાંભળતો હતો ત્યારે રસૂલે કરીમ ﷺ તેની પાસે ક્યારેક જઈને બેસતા હતા અને તે અમુક ઈન્જીલ વગેરે પણ જાણતો હતો, તેનાથી કાફિરોમાં એ વાત ચાલી પડી કે આ જ વ્યક્તિ રસૂલે કરીમ ﷺને કુર્આનનું કલામ શિખવાડે છે. -કઝા ફિ દૂર્રે મન્થૂર. અલ્લાહ તઆલાએ તેનો જવાબ આપ્યો કે કુર્આન મજીદ તો શબ્દો અને અર્થોના સંયુક્તપણાનું નામ છે, તમે લોકો જો કુર્આને કરીમના અર્થ અને ગૂઢાર્થોને નથી ઓળખી શકતા તો ઓછામાં ઓછું અરબી ભાષાની મધ્યમ કક્ષાની સાહિત્યિક ઉચ્ચતાથી નાવાકેફ તો નથી જ ! માટે એટલું તો સમજવું જ જોઈએ કે જો ધારી લો કે કુર્આનના અર્થ આ વ્યક્તિએ શિખવાડ્યા હોય તો કલામના શબ્દો અને આવી સાહિત્યિક ઉચ્ચતા જેનો મુકાબલો કરવાથી સંપૂર્ણ અરબ લાચાર થઈ જાય તે ક્યાંથી આવી ગઈ ? કારણ કે) જે વ્યક્તિ તરફ તેનો સંબંધ જોડે છે તેની ભાષા તો બિનઅરબ (અજમી) છે અને આ કુર્આન સ્પષ્ટ અરબી છે (કોઈ બિનઅરબ બીચારો આવું કલામ કઈ રીતે બનાવી શકે છે ?! અને જો કહેવામાં આવે કે નઊઝુબિલ્લાહ ! લખાણ રસૂલે કરીમ ﷺએ બનાવી કાઢ્યું હશે તો તેનો સ્પષ્ટ જવાબ એ પડકાર અને ચેલેન્જથી પૂર્ણ થઈ ચૂક્યું છે જે સૂરએ બકરહમાં આવી ચૂક્યું છે કે રસૂલે કરીમ ﷺએ અલ્લાહ તઆલાના હુકમથી પોતાની નુબુવ્વત અને કુર્આનની સચ્ચાઈનું પ્રમાણ તેને જ ઠરાવ્યું હતું કે જો તમારા કહેવા પ્રમાણે આ કોઈ મનુષ્યનું કલામ છે તો તમે પણ મનુષ્ય છો અને ઘણી સાહિત્યિક ઉચ્ચતાના દાવે'દાર છો તો તમે તેના જેવું કલામ વધારે નહિ તો એક સૂરત બરાબર જ લખી લાવો પરંતુ સમગ્ર અરબ આપ ﷺના મુકાબલામાં પોતાનું સર્વસ્વ જાન-માલ કુર્બાન કરવા તૈયાર હતા આમ છતાં આ પડકાર અને ચૅલેન્જને સ્વીકાર કરવાની કોઈની હિંમત ન થઈ, ત્યારબાદ નુબુવ્વતના ઈન્કારીઓ અને કુર્આન ઉપર આવા વાંધાઓ ઉઠાવનારાઓ માટે ચેતવણી અને ચૅલેન્જ છે કે,) જે લોકો અલ્લાહની આયતો ઉપર ઈમાન નથી લાવતા તેમને અલ્લાહ તઆલા ક્યારેય માર્ગ ઉપર લાવશે નહીં અને તેમના માટે કષ્ટદાયક સજા હશે (અને આ લોકો નઊઝુબિલ્લાહ ! જે આપ ﷺને બોહતાન બાંધનાર કહે છે તો) જૂઠી વાતો ઘડનારા તો આ જ લોકો છે (કે) જેઓ અલ્લાહની આયતો

ઉપર ઈમાન નથી ધરાવતા અને આ લોકો બિલકુલ જૂઠા છે.

આયતો : (સૂરએ નહ્‌લ : આયત નં. ૧૦૬ થી ૧૦૯)

مَنْ كَفَرَ بِاللّٰهِ مِنْۢ بَعْدِ اِيْمَانِهٖٓ اِلَّا مَنْ اُكْرِهَ وَقَلْبُهٗ مُطْمَئِنٌّۢ بِالْاِيْمَانِ وَلٰكِنْ مَّنْ شَرَحَ
بِالْكُفْرِ صَدْرًا فَعَلَيْهِمْ غَضَبٌ مِّنَ اللّٰهِ ۚ وَلَهُمْ عَذَابٌ عَظِيْمٌ ﴿١٠٦﴾ ذٰلِكَ بِاَنَّهُمُ اسْتَحَبُّوا الْحَيٰوةَ
الدُّنْيَا عَلَى الْاٰخِرَةِ ۙ وَاَنَّ اللّٰهَ لَا يَهْدِى الْقَوْمَ الْكٰفِرِيْنَ ﴿١٠٧﴾ اُولٰٓئِكَ الَّذِيْنَ طَبَعَ اللّٰهُ
عَلٰى قُلُوْبِهِمْ وَسَمْعِهِمْ وَاَبْصَارِهِمْ ۚ وَاُولٰٓئِكَ هُمُ الْغٰفِلُوْنَ ﴿١٠٨﴾ لَا جَرَمَ اَنَّهُمْ
فِى الْاٰخِرَةِ هُمُ الْخٰسِرُوْنَ ﴿١٠٩﴾

તરજુમો :

જે કોઈ ઈમાન લાવ્યા પછી અલ્લાહથી ઈન્કારી થાય પરંતુ તે નહીં કે જેના ઉપર બળજબરી કરવામાં આવી અને તેનું દિલ ઈમાન ઉપર સંતોષિત છે અને પરંતુ જે કોઈ દિલ ખોલી (મનમરજીથી) ઈન્કારી થયો બસ તેમના ઉપર અલ્લાહનો ગઝબ (ક્રોધ) છે અને તેમને મોટો અઝાબ છે. (૧૦૬) આ એટલા માટે કે તેમણે દુનિયાની જિંદગીને આખિરત ઉપર વહાલી રાખી અને અલ્લાહ ઈન્કારી લોકોને માર્ગ નથી આપતો. (૧૦૭) આ તે જ છે કે અલ્લાહે તેમના દિલો ઉપર સીલ મારી દીધું અને કાનો ઉપર અને આંખો ઉપર અને આ જ હોશ વગરના (ગાફેલ) છે. (૧૦૮) પોતે જ સ્પષ્ટ છે કે આખિરતમાં આ લોકો ખરાબ (નુકસાનમાં) છે. (૧૦૯)

તફસીર :

જે વ્યક્તિ ઈમાન લાવ્યા પછી અલ્લાહની સાથે કુફ્ર કરે (તેમાં રસૂલે કરીમ ﷺનો ઈન્કાર અને કયામતનો ઈન્કાર વગેરે પણ સામેલ છે) પરંતુ જે વ્યક્તિ ઉપર (કાફિરો તરફથી) જબરદસ્તી કરવામાં આવે (કે જો તું કુફ્રનું ફલાણું કામ અથવા ફલાણું વાક્ય નહીં કહે તો અમે તારી હત્યા કરી નાંખીશું, દાખલા તરીકે આવી પરિસ્થિતિમાં તેને એવો અંદાજો હોય કે તેઓ ચોક્કસ આવું કરી પણ

શકે છે ત્યારે) એ શરતે કે તેનું દિલ ઈમાન ઉપર કાયમ (અને સંતોષિત) હોય (એટલે કે તેના અકીદા અને માન્યતામાં કોઈ ઉણપ ન આવે અને આવા નિવેદન અને પ્રવૃત્તિને સખત ગુનોહ સમજતો હોય તો તે આ હુકમથી બાકાત છે કે તેનું જાહેર સ્વરૂપે કુફ્રનો કલિમો અથવા કુફ્રની પ્રવૃત્તિમાં સપડાઈ જવું એક મજબૂરીના કારણે છે, આગળ મુર્તદ થઈ જવા ઉપર જે ધમકી આવી છે તે આવા વ્યક્તિ માટે નથી) પરંતુ હા ! જે દિલ ખોલીને (એટલે કે આ કુફ્રને સાચું અને ભલું સમજીને) કુફ્ર કરે તો એવા લોકો ઉપર અલ્લાહ તઆલાનો ક્રોધ થશે અને તેને ભારે સજા થશે (અને) આ (ક્રોધ અને અઝાબ) એ કારણે થશે કે તેણે દુનિયાની જિંદગીને આખિરતના મુકાબલામાં પસંદ કરી કે અલ્લાહ તઆલા એવા કાફિરો લોકોને (જેઓ દુનિયાને હંમેશા આખિરત ઉપર અગ્રિમતા આપે છે) હિદાયત નથી કર્યા કરતો (આ બે કારણો અલગ-અલગ નથી બલકે સંયુક્ત કારણો છે, ખુલાસો તેનો એ છે કે પ્રવૃત્તિના ઈરાદા પછી અલ્લાહની ટેવ એવી છે કે પ્રવૃત્તિ અસ્તિત્વમાં આવે છે જેના ઉપર પ્રવૃત્તિનું પરિણામ નક્કી થાય છે, અત્રે اِسْتَحَبُّوْا થી ઈરાદો અને لَایَهْدِیْ થી તેના પરિણામ તરફ ઈશારો છે અને આ સંયુક્ત મિશ્રણ ઉપર પ્રવૃત્તિનું નુકસાન અને તેનું પરિણામ નક્કી થાય છે) આ જ લોકો છે કે (દુનિયામાં તેમના કુફ્ર ઉપર આગ્રહી રહેવાની પરિસ્થિતિ એવી છે કે) અલ્લાહ તઆલાએ તેમના દિલો ઉપર અને કાનો ઉપર અને આંખો ઉપર સીલ લગાવી દીધું છે અને આ લોકો (પરિણામથી) બિલકુલ ગાફેલ છે (એટલા માટે) અવશ્ય આ લોકો આખિરતમાં બિલકુલ નુકસાનમાં રહેશે.

મસ્અલા અને બોધપાઠ :

મસ્અલો :

આ આયતથી સાબિત થયું કે જે વ્યક્તિને કુફ્રની વાત કહેવા માટે એવો મજબૂર કરવામાં આવ્યો હોય કે જો તે આ વાક્ય ન કહેશે તો તેની હત્યા કરી નાંખવામાં આવશે અને એ પણ ખૂબ જ પાકું અનુમાન હોય કે ધમકી આપનાર તે ધમકી ઉપર અમલ કરવા માટે શક્તિ ધરાવે છે તો આવી જબરદસ્તી અને મજબૂરીની પરિસ્થિતિમાં જો તે જીભથી કુફ્રનો કલિમો કહી નાંખે પરંતુ તેનું દિલ ઈમાન ઉપર મક્કમ હોય તથા તેના કહેલા વાક્યને પોતે ખરાબ અને જૂઠું

સમજતો હોય તો તેના ઉપર કોઈ ગુનોહ નથી અને ન જ તેની પત્ની તેના ઉપર હરામ થશે. *(કુર્તુબી અને મઝહરી)*

આ આયત તે સહાબએ કિરામ (રદિ.) વિશે નાઝિલ થઈ જેમને મુશ્રિકોએ કેદ પકડી લીધા હતા અને કહ્યું હતું કે યા તો તેઓ કુફ્રને અપનાવે નહિતર તેમની હત્યા કરી નાંખવામાં આવશે.

આ કેદ પકડાયેલા સહાબાઓમાં હઝરત અમ્માર બિન યાસિર (રદિ.) અને તેમના પિતા યાસિર (રદિ.) તથા હઝરત સુમૈયા (રદિ.), સુહૈબ, બિલાલ અને હઝરત ખબ્બાબ (રદિ.) વગેરે હતા, જેમાંથી હઝરત યાસિર અને તેમના પત્ની હઝરત સુમૈયા (રદિ.)એ કુફ્રનો કલિમો કહેવાથી સાફ ઈન્કાર કરી દીધો, હઝરત યાસિર (રદિ.)ને કતલ કરી નાંખવામાં આવ્યા અને હઝરત સુમૈયા (રદિ.)ને બે ઊંટો વચ્ચે બાંધીને દોડાવવામાં આવ્યા જેનાથી તેમના શરીરના બે ટૂકડાઓ થઈને તેઓ શહીદ થઈ ગયા અને આ બંને બુઝૂર્ગો છે જેમને ઈસ્લામ માટે સૌ પ્રથમ શહાદત નસીબ થઈ, એ જ પ્રમાણે હઝરત ખબ્બાબ (રદિ.)એ કુફ્રનો કલિમો બોલવા માટે સદંતર ઈન્કાર કરીને ખૂબ સંતોષપૂર્વક માર્યા જવાનું સ્વીકારી લીધું, તેમનામાંથી હઝરત અમ્માર (રદિ.)એ પ્રાણ જવાના ભયે કુફ્રનો મૌખિક રીતે સ્વીકાર કરી લીધો પરંતુ તેમનું દિલ ઈમાન ઉપર સંતોષિત અને મક્કમ હતું, જ્યારે આ દુશ્મનોથી છુટકારો પામીને રસૂલે કરીમ ﷺની સેવામાં હાજર થયા તો ખૂબ રંજ અને ગમ સાથે આ ઘટનાની જાહેરાત કરી, આપ ﷺએ તેમને પૂછ્યું કે જ્યારે તમે આ કલિમો બોલી રહ્યા હતા તો તમારા દિલની શું હાલત હતી ? તેમણે વિનંતી કરી કે દિલ તો ઈમાન ઉપર મક્કમ અને સંતોષિત હતું, ત્યારે રસૂલે કરીમ ﷺએ તેમને દિલાસો આપ્યો કે તમારા ઉપર તેનો કોઈ વબાલ નથી, રસૂલે કરીમ ﷺના તે ફૈસલાના સમર્થનમાં આ આયત નાઝિલ થઈ. *(કુર્તુબી અને મઝહરી)*

બળજબરીની વ્યાખ્યા અને તેનો પડકાર :

બળજબરીનો શાબ્દિક અર્થ એ છે કે કોઈ વ્યક્તિને એવા નિવેદન અથવા પ્રવૃત્તિ ઉપર મજબૂર કરવામાં આવે કે જેને કહેવા માટે તે કદાપિ રાજી નથી, ત્યારબાદ તેની બે કક્ષાઓ છે; એક કક્ષા જબરદસ્તીની એ છે કે તે દિલથી તો

એના ઉપર બિલકુલ રાજી નથી પરંતુ એવો મજબૂર અને લાચાર પણ નથી કે ઇન્કાર ન કરી શકે, ફુકહાની પરિભાષામાં તેને اِكْرَاهِ غَيْرُ مُلْجِى કહેવામાં આવે છે, આવી જબરદસ્તીથી કોઈ કલિમો કુફ્રનો કહેવો અથવા કોઈ હરામ પ્રવૃત્તિ કરવી જાઇઝ નથી હોતી, અલબત્ત અમુક ગૌણ હુકમોમાં તેના ઉપર પણ અમુક અસરો નક્કી થાય છે જે ફિકૂહની કિતાબોમાં વિગતવાર વર્ણન કરવામાં આવી છે.

બીજો દરજ્જો બળજબરીનો એ છે કે વ્યક્તિને બિલકુલ જ લાચાર, મજબૂર અને અધિકાર વિહોણો કરી નાંખવામાં આવે કે જો બળજબરી કરનારાઓના કહ્યા ઉપર અમલ ન કર્યો તો તેની હત્યા કરી નાંખવામાં આવશે અથવા તો તેનું કોઈ અવયવ કાપી નાંખવામાં આવશે, ફુકૂહાની પરિભાષામાં એને اِكْرَاهِ مُلْجِى કહેવાય છે, જેનો અર્થ એ છે કે એવી બળજબરી જે મનુષ્યને બિલકુલ લાચાર અને મજબૂર કરી દે એવી પરિસ્થિતિમાં કુફ્રનો કલિમો મૌખિક રીતે કહેવો એ શરતે કે દિલમાં ઈમાન ઉપર કાયમ અને અડગ હોય તથા સંતોષિત હોય તો તે જાઇઝ છે, એ જ પ્રમાણે બીજા માણસની હત્યા કરવા ઉપરાંત તેને અન્ય કોઈ હરામ પ્રવૃત્તિ ઉપર મજબૂર કરવામાં આવે તેમાં પણ કોઈ ગુનોહ થશે નહીં.

પરંતુ બંને પ્રકારની બળજબરીમાં શરત એ છે કે બળજબરી કરનારો જે કામની ધમકી આપી રહ્યો છે તે તેના ઉપર શક્તિ પણ ધરાવતો હોવો જોઈએ અને જે વ્યક્તિ તેની ચુંગાલમાં સપડાયેલો છે તેને એવું પાકું અનુમાન હોય કે જો હું તેની વાત માનીશ નહીં તો તે જે વસ્તુની મને ધમકી આપી રહ્યો છે તે ચોક્કસ કરી નાંખશે.

(મઝહરી)

મસ્અલો :

વ્યવહારો બે પ્રકારના છે, એક તે જેમાં દિલથી રાજી-ખુશી હોવું જરૂરી છે જેમકે વેચાણ અને હીબા વગેરે કે જેમાં દિલથી રાજી થવાના વ્યવહાર માટે શરત છે કુર્આનની નસ પ્રમાણે اِلَّا اَنْ تَكُوْنَ تِجَارَةً عَنْ تَرَاضٍ مِّنْكُمْ એટલે કે, કોઈ અન્ય વ્યક્તિનો માલ હલાલ નથી થતો જ્યાં સુધી કે વેપાર વગેરેનો મા'મલો બંને પક્ષે રજામંદીથી ન હોય અને હદીષમાં છે,

لَا يَحِلُّ مَالُ امْرِءٍ مُّسْلِمٍ اِلَّا بِطِيْبِ نَفْسٍ مِّنْهُ،

"કોઈ મુસલમાનનો માલ તે સમય સુધી હલાલ નથી જ્યાં સુધી તે હૃદયપૂર્વક ખુશ થઈને તેને આપવા માટે રાજી ન હોય."

પોતાના વ્યવહારો જો જબરદસ્તીથી કરાવી લેવામાં આવે તો એ શરીઅતની રૂએ ભરોસાપાત્ર નથી, જબરદસ્તીની પરિસ્થિતિમાંથી નીકળ્યા પછી તેને અધિકાર રહેશે કે તેણે બળજબરીની હાલતમાં જે ખરીદ-વેચાણ અથવા હીબા વગેરે કર્યું હતું તેને પોતાની રાજી-ખુશીથી બાકી રાખે અથવા રદ-બાતલ કરે.

અને અમુક વ્યવહારો એવા પણ છે જેમાં માત્ર જીભથી શબ્દો કહી દેવા ઉપર આધાર છે, દિલનો ઈરાદો અથવા રજામંદી કે ખુશી વ્યવહારમાં શરત સ્વરૂપે નથી, જેમકે નિકાહ, તલાક, રજ્અત (તલાકે રજઈ આપ્યા પછી ઈદ્દતની નક્કી સમય મર્યાદામાં લગ્નજીવન પુનઃ સ્થાપિત કરવું), ઈતાક (ગુલામને આઝાદ કરવું) વગેરે. આવા મા'મલાઓ વિશે હદીષમાં ઈરશાદ છે, ثَلٰثٌ جِدُّهُنَّ جِدٌّ وَهَزْلُهُنَّ جِدٌّ اَلنِّكَاحُ وَالطَّلَاقُ وَالرَّجْعَةُ، رَوَاهُ اَبُوْدَاؤُدَ وَالتِّرْمِذِىُّ وَحَسَّنَهٗ એટલે કે, જો બે વ્યક્તિઓ જીભથી નિકાહની "ઈજાબ અને કુબૂલ" (આમંત્રણ અને સ્વીકૃતી) કરે ભલે તે હસી-મજાકમાં હોય, દિલમાં નિકાહનો ઈરાદો અથવા તલાક કે રજ્અતની ઈચ્છા ન હોય તો પણ માત્ર શબ્દો કહી દેવાથી નિકાહ થઈ જશે, એ જ રીતે તલાક પણ પડી જશે અને એ જ રીતે રજ્અત પણ સહીહ થઈ જશે. *(મઝહરી)*

ઈમામે આ'ઝમ અબૂ હનીફા, શુઅ્બી, ઝહરી, નખઈ અને કતાદહ (રહ.)ના મતે طَلَاقِ مُكْرَهْ (તલાકે મુકરહ) જબરદસ્તીથી અપાવેલ તલાકનો પણ એ જ હુકમ છે કે બળજબરીની પરિસ્થિતિમાં જો કે તે દિલથી રાજી ન હતો પરંતુ મજબૂર થઈને તલાકના શબ્દો કહી દીધા તો તલાક થઈ જવાનો સંબંધ માત્ર તલાકના શબ્દો અદા કરવાથી થઈ જાય છે, તેમાં દિલથી ઈરાદો કરવો શરત નથી, જેમકે પ્રસ્તુત હદીષથી સાબિત છે એટલા માટે આ તલાક થઈ જશે.

પરંતુ ઈમામ શાફઈ અને હઝરત અલી અને ઈબ્ને અબ્બાસ (રદિ.)ના મતે જબરદસ્તીની પરિસ્થિતિમાં અપાવેલ તલાકથી તલાક થશે નહીં, કારણ કે

હદીષમાં છે,

رُفِعَ عَنْ اُمَّتِی الْخَطَاءُ وَالنِّسْیَانُ وَمَااسْتُكْرِهُوْا عَلَيْهِ، رَوَاهُ الطَّبْرَانِیُ عَنْ ثَوْبَانٌ

"મારી ઉમ્મતથી ખતા અને ભૂલો તથા જે વસ્તુ તેમના માટે નુકસાનકારક હોય તેના ઉપર મજબૂર કરવામાં આવે તે બધું ઉઠાવી લેવામાં આવ્યું."

ઈમામ અબૂ હનીફા (રહ.)ના મતે આ હદીષ આખિરતના હુકમો વિશે છે કે ભૂલો અથવા ખતાઓ તથા બળજબરીની પરિસ્થિતિમાં જે કોઈ નિવેદન અથવા શરીઅત વિરુદ્ધની પ્રવૃત્તિ કરી લીધી તેના ઉપર કોઈ ગુનોહ થશે નહીં, બાકી રહ્યા તેના હુકમો અને તેના પરિણામો જે તેની આ પ્રવૃત્તિના કારણે આવી શકે છે, તેનું ઉપસ્થિત થવું તો અનુભવી શકાય છે અને સાક્ષાત્કાર કરી શકાય છે તથા દુનિયામાં તેના જે ઉપસ્થિત થવાના હુકમો અને અસરો હશે તે થઈને રહેશે, દાખલા તરીકે કોઈ વ્યક્તિ કોઈના હાથે ભૂલથી માર્યો ગયો તો ચોક્કસ તે મારનારને આખિરતની સજા નહીં થાય પરંતુ જે પ્રમાણે કોઈના મરી જવાથી જે અસરો ઊભી થાય છે જેમકે મરનારનો પ્રાણ ચાલ્યો જાય છે, એ જ પ્રમાણે તેની એ શરઈ અસર પણ સાબિત થશે કે તેની પત્ની ઇદ્દત પછી જ બીજી નિકાહ કરી શકશે, તેનો માલ તેના વારસદારોમાં વહેંચવામાં આવશે વગેરે. એ જ પ્રમાણે તલાક, નિકાહ અથવા રજૂઅત જીભથી અદા કરવાથી તેની શરઈ અસર પણ સાબિત થઈ જશે. વલ્લાહુ અઅ્લમુ. *(મઝહરી અને કુર્તુબી)*

આયતો : (સૂરએ નહ્લ : આયત નં. ૧૧૦ થી ૧૧૩)

ثُمَّ اِنَّ رَبَّكَ لِلَّذِيْنَ هَاجَرُوْا مِنْۢ بَعْدِ مَا فُتِنُوْا ثُمَّ جٰهَدُوْا وَصَبَرُوْٓا ۙ اِنَّ رَبَّكَ مِنْۢ بَعْدِهَا
لَغَفُوْرٌ رَّحِيْمٌ ﴿١١٠﴾ يَوْمَ تَاْتِيْ كُلُّ نَفْسٍ تُجَادِلُ عَنْ نَّفْسِهَا وَتُوَفّٰى كُلُّ نَفْسٍ مَّا عَمِلَتْ
وَهُمْ لَا يُظْلَمُوْنَ ﴿١١١﴾ وَضَرَبَ اللّٰهُ مَثَلًا قَرْيَةً كَانَتْ اٰمِنَةً مُّطْمَئِنَّةً يَّاْتِيْهَا رِزْقُهَا
رَغَدًا مِّنْ كُلِّ مَكَانٍ فَكَفَرَتْ بِاَنْعُمِ اللّٰهِ فَاَذَاقَهَا اللّٰهُ لِبَاسَ الْجُوْعِ وَالْخَوْفِ
بِمَا كَانُوْا يَصْنَعُوْنَ ﴿١١٢﴾ وَلَقَدْ جَآءَهُمْ رَسُوْلٌ مِّنْهُمْ فَكَذَّبُوْهُ فَاَخَذَهُمُ الْعَذَابُ
وَهُمْ ظٰلِمُوْنَ ﴿١١٣﴾

તરજુમો :

પછી વાત એ છે કે તમારો પરવરદિગાર તે લોકો ઉપર કે તેમણે મુસીબત ઉઠાવ્યા પછી વતન છોડ્યું છે, પછી જિહાદ કરતા રહ્યા અને કાયમ રહ્યા, બેશક ! તમારો પરવરદિગાર તે વાતો પછી બખ્શનારો મહેરબાન છે. (૧૧૦) જે દિવસે દરેક જણ પોતાના તરફથી પોતાનો બચાવ કરતો આવશે અને દરેક કોઈને પુરું મળશે જે તેણે કમાયું અને તેમના ઉપર જુલમ થશે નહીં. (૧૧૧) અને અલ્લાહે એક ઉદાહરણ બતાવ્યું, એક વસ્તી હતી સલામત અને સંતોષિત; તેને દરેક ઠેકાણેથી પુષ્કળ રોજી ચાલી આવતી હતી, પછી અલ્લાહના અહેસાનોની નાશુક્રી કરી, પછી તેમને અલ્લાહે મજા ચખાડી કે તેમના શરીરનો પોશાક ભૂખ અને ડર બની ગયો એનો બદલો જે તેઓ કરતા હતા. (૧૧૨) અને તેમની પાસે તેમનામાંનો રસૂલ પહોંચી ચૂક્યો, પછી તેને જૂઠાડ્યો પછી તેમને અઝાબે પકડી લીધા અને તેઓ ગુનેહગાર (જાલિમ) હતા. (૧૧૩)

તફસીર :

પાછલી આયતોમાં કુફ્ર માટે ધમકીનું વર્ણન હતું ભલે કુફ્ર અસલી હોય અથવા તો મુર્તદનું કુફ્ર હોય, ત્યારબાદ આ પ્રસ્તુત ત્રણ આયતોમાંની પ્રથમ આયતમાં એ બતાવવામાં આવ્યું છે કે ઈમાન એવી દોલત છે કે જો કાફિર અથવા મુર્તદ સાચું ઈમાન લઈ આવે તો તેના ભૂતકાળના બધા ગુનાહ મા'ફ થઈ જાય છે.

બીજી આયતમાં કયામતનું વર્ણન એટલા માટે કરવામાં આવ્યું કે આ વળતર અને સજા બધું કયામત પછી જ થવાનું છે, ત્રીજી આયતમાં એ બતાવવામાં આવ્યું કે કુફ્ર અને ગુનાહની વાસ્તવિક સજા તો કયામત પછી જ મળશે પરંતુ અમુક ગુનાહોની સજા દુનિયામાં પણ થોડી ઘણી મળી જાય છે, ત્રણે આયતોની ટૂંકી તફસીર આ પ્રમાણે છે.

પછી (જો કુફ્ર પછી આ લોકો ઈમાન લઈ આવે તો) બેશક ! તમારો પરવરદિગાર એવા લોકો માટે કે જેમણે કુફ્રમાં સપડાયા પછી (ઈમાન લાવીને) હિજરત કરી પછી જિહાદ કર્યો અને (ઈમાન ઉપર) કાયમ રહ્યા તો તમારો પરવરદિગાર (એવા લોકો માટે) તે (આચરણો)ના પછી મોટી મા'ફી કરનારો

અને મહાન રહમત કરનારો છે (એટલે કે ઈમાન અને સારા નેક આચરણોની બરકતથી બધા પાછલા ગુનાહો મા'ફ થઈ જશે અને અલ્લાહ તઆલાની રહમતથી તેમને જન્નતમાં મોટા-મોટા દરજ્જાઓ મળશે, કુફ્રથી પહેલાંના ગુનાહ તો ફક્ત ઈમાનથી જ મા'ફ થઈ જશે, જિહાદ વગેરે સારા અને નેક અમલો મા'ફીની શરતમાં નથી પરંતુ તે નેક અમલો જન્નતમાં ઉચ્ચ દરજ્જાઓ મળવાના કારણે છે એટલા માટે તેનું પણ સાથે-સાથે વર્ણન થયું છે અને આ સારો બદલો અથવા સજા તે દિવસે થશે) જે દિવસે દરેક વ્યક્તિ પોતાની જ તરફેણમાં વાતચીત કરશે (અને અન્યોને પૂછશે નહીં) અને દરેક વ્યક્તિને તેમના કર્યાનો સંપૂર્ણ બદલો મળશે (એટલે કે નેકીના બદલામાં કમી ન થશે ભલે અલ્લાહની રહમતથી વધારે થઈ જવાની સંભાવના છે અને ખરાબ કૃત્યો કરતા વધારે અતિરેક ન થશે, હા ! એ શક્ય છે કે તેનાથી રહમતમાં થોડી કમી થઈ જાય, આ જ તેનો અર્થ છે કે) તેમના ઉપર જુલમ કરવામાં નહીં આવે (ત્યારબાદ એ બતાવવામાં આવ્યું કે જો કે કુફ્ર અને ગુનાહોની સંપૂર્ણ સજા હશ્ર પછી જ મળશે પરંતુ ક્યારેક દુનિયામાં પણ તેનો વબાલ અઝાબ સ્વરૂપે આવી જાય છે) અને અલ્લાહ તઆલા એક વસ્તીવાળાઓની આશ્ચર્યજનક હાલત વર્ણન કરે છે કે તેઓ (મોટા) સુખ-ચેનમાં રહેતા હતા (અને) તેમના ખાવા-પીવાની, પહેરવાની વસ્તુઓ ઘણી છૂટછાટથી ચારે બાજુથી તેમની પાસે પહોંચ્યા કરતી હતી (અને તે લોકોએ અલ્લાહની નેઅ્‌મતોનો શુક્ર અદા ન કર્યો બલકે,) તેમણે અલ્લાહની નેઅ્‌મતોની નાકદરી કરી (એટલે કે કુફ્ર અને શિર્ક તથા ગુનાહોમાં સપડાયેલા રહ્યા) તેના ઉપર અલ્લાહ તઆલાએ તેમને તેમના કૃત્યોના કારણે એક ભયંકર દુષ્કાળ અને ડરની મજા ચખાડી (કે માલ-દોલતની છૂટછાટ તંગીમાં બદલાઈ ગઈ અને દુકાળ તથા ભૂખમરામાં સપડાઈ ગયા તથા દુશ્મનોનો ડર તેમના ઉપર છવાઈ ગયો અને એ રીતે તેમની વસ્તીઓનું સુખ-ચેન પણ છીનવાઈ ગયું) અને (આ સજામાં અલ્લાહ તઆલા તરફથી કોઈ ઉતાવળ કરવામાં આવી નથી, બલકે પ્રથમ તો તેમની સુધારણા અને ચેતવણી માટે) તેમની પાસે તેમનામાંના જ એક રસૂલ પણ (અલ્લાહ તઆલા તરફથી) આવ્યા (જેમની સત્યતા અને પ્રમાણિકતાની હાલત પોતે પોતાની કોમના હોવાના કારણે તેમને સંપૂર્ણ રીતે ખબર હતી) બસ, તે (રસૂલ)ને (પણ) તેમણે જૂઠા બતાવ્યા ત્યારે તેમને અઝાબે પકડી લીધા જ્યારે કે

તેઓ જુલમ ઉપર બિલકુલ જ કમર કસી ચૂક્યા હતા.

મસ્અલા અને બોધપાઠ :

અંતિમ આયતમાં ભૂખ અને ડરની મજા ચખાડવા માટે "લિબાસ" શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે, "ભૂખ અને ડરનો લિબાસ (પોષાક) ચખાડવામાં આવ્યો;" જ્યારે કે લિબાસ કે પોષાક કોઈ ચાખવાની વસ્તુ નથી પરંતુ અત્રે "લિબાસ"નો શબ્દ ઠોસ અને તેમના સંપૂર્ણ અસ્તિત્વ ઉપર લિબાસની જેમ છવાઈ જવાની સમાનતા સ્વરૂપે રૂઢિપ્રયોગ તરીકે ઉપયોગ થયો છે કે તેઓના ઉપર ભૂખમરો અને ડર એવી રીતે છવાઈ ગયો કે જેવી રીતે પોષાક શરીરને ઢાંકી દે છે અને આ ભૂખ તથા ભય પણ તેમના ઉપર એ જ પ્રમાણે થોપી દેવામાં આવ્યો.

જે ઉદાહરણ આ આયતમાં વર્ણન કરવામાં આવ્યું છે અમુક તફસીરના ઉલમાના અભિપ્રાય પ્રમાણે સામાન્ય ઉદાહરણ છે, કોઈ ખાસ વસ્તી સાથે તેનો સંબંધ નથી અને મોટા ભાગના લોકોએ તેને મક્કએ મુકર્રમહની ઘટના ઠરાવી દીધી છે કે તેઓ સાત વર્ષો સુધી સખત દુષ્કાળમાં સપડાયેલા રહ્યા એટલે સુધી કે મરેલા જાનવરો તથા કૂતરા વગેરે ગંદકી ખાવા માટે પણ મજબૂર થઈ ગયા અને મુસલમાનોનો ડર તેમના ઉપર છવાઈ ગયો, ત્યારબાદ મક્કાના સરદારોએ રસૂલે કરીમ ﷺને વિનંતી કરી કે કુફ્ર અને નાફરમાનીના કુસૂરવાર તો પુરુષો છે, સ્ત્રીઓ અને બાળકો નિર્દોષ છે ત્યારે રસૂલે કરીમ ﷺએ તેમના માટે મદીના તય્યિબહથી ખાવા-પીવા વગેરેનો સામાન મોકલ્યો.

(મઝહરી)

અબૂ સુફિયાને કુફ્રની હાલતમાં રસૂલે કરીમ ﷺને દરખાસ્ત કરી કે તમે તો ભલાઈ, સીલારહમી તથા મા'ફી અને દરગુઝરની તા'લીમ આપો છો, આ તમારી કોમ હલાક થઈ રહી છે, તમે અલ્લાહ તઆલા પાસે દુઆ કરો કે આ દુકાળ અમારા ઉપરથી દૂર થઈ જાય, તેથી રસૂલે કરીમ ﷺએ તેમના માટે દુઆ કરી અને દુષ્કાળ ખતમ થયો.

(કુર્તુબી)

આયતો : (સૂરએ નહ્લ : આયત નં. ૧૧૪ થી ૧૧૯)

فَكُلُوا مِمَّا رَزَقَكُمُ اللَّهُ حَلَالًا طَيِّبًا وَاشْكُرُوا نِعْمَتَ اللَّهِ إِن كُنتُمْ إِيَّاهُ تَعْبُدُونَ ﴿١١٤﴾
إِنَّمَا حَرَّمَ عَلَيْكُمُ الْمَيْتَةَ وَالدَّمَ وَلَحْمَ الْخِنزِيرِ وَمَا أُهِلَّ لِغَيْرِ اللَّهِ بِهِ ۖ فَمَنِ
اضْطُرَّ غَيْرَ بَاغٍ وَلَا عَادٍ فَإِنَّ اللَّهَ غَفُورٌ رَّحِيمٌ ﴿١١٥﴾ وَلَا تَقُولُوا لِمَا تَصِفُ أَلْسِنَتُكُمُ
الْكَذِبَ هَٰذَا حَلَالٌ وَهَٰذَا حَرَامٌ لِّتَفْتَرُوا عَلَى اللَّهِ الْكَذِبَ ۚ إِنَّ الَّذِينَ يَفْتَرُونَ
عَلَى اللَّهِ الْكَذِبَ لَا يُفْلِحُونَ ﴿١١٦﴾ مَتَاعٌ قَلِيلٌ وَلَهُمْ عَذَابٌ أَلِيمٌ ﴿١١٧﴾ وَعَلَى
الَّذِينَ هَادُوا حَرَّمْنَا مَا قَصَصْنَا عَلَيْكَ مِن قَبْلُ ۖ وَمَا ظَلَمْنَاهُمْ وَلَٰكِن كَانُوا
أَنفُسَهُمْ يَظْلِمُونَ ﴿١١٨﴾ ثُمَّ إِنَّ رَبَّكَ لِلَّذِينَ عَمِلُوا السُّوءَ بِجَهَالَةٍ ثُمَّ تَابُوا
مِن بَعْدِ ذَٰلِكَ وَأَصْلَحُوا إِنَّ رَبَّكَ مِن بَعْدِهَا لَغَفُورٌ رَّحِيمٌ ﴿١١٩﴾

તરજુમો :

બસ, જે રોજી અલ્લાહે તમને હલાલ અને પાક આપી ખાઓ અને અલ્લાહના અહેસાનનો શુક્ર કરો જો તમે તેની જ ઈબાદત કરતા હોવ. (૧૧૪) અલ્લાહે તો તમારા ઉપર એ જ હરામ કર્યું છે મુરદાર (મરેલું) અને લોહી અને ડુક્કરનું માંસ અને જેના ઉપર અલ્લાહના સિવાય કોઈ અન્યનું નામ પોકાર્યું, પછી જે કોઈ લાચાર થઈ જાય, ન તો લિજ્જત માણે ન જ અતિરેક કરે તો અલ્લાહ બખ્શનારો મહેરબાન છે. (૧૧૫) અને પોતાની જીભે જૂઠ બનાવી લીધેલાને ન કહો કે આ હલાલ છે અને આ હરામ છે કે અલ્લાહ ઉપર બોહતાન બાંધો, બેશક ! જે અલ્લાહ ઉપર બોહતાન બાંધે (આરોપ મૂકે) છે તેમનું ભલું થશે નહીં. (૧૧૬) થોડો અમથો ફાયદો ઉઠાવી લે અને તેમના માટે દર્દનાક અઝાબ છે. (૧૧૭) અને જે લોકો યહૂદી છે તેમના ઉપર હરામ કર્યું હતું જે તમને અગાઉ સંભળાવી ચૂક્યા અને અમે તેમના ઉપર જુલમ નથી કર્યો પરંતુ તેઓ પોતે પોતાના ઉપર જુલમ કરતા હતા. (૧૧૮) પછી વાત એ છે કે તમારો પરવરદિગાર તે લોકો ઉપર

જેમણે નાદાનીથી બુરાઈ કરી, પછી ત્યારબાદ તવબહ કરી અને પોતાને સુધારી લીધો બસ તમારો પરવરદિગાર તે વાતો પછી બખ્શનારો મહેરબાન છે. (૧૧૯)

તફસીર :

પાછલી આયતોમાં અલ્લાહ જલ્લ શા'નુહૂની નેઅ્મતો ઉપર કાફિરોની નાશુક્રી અને તેમના અઝાબનો ઉલ્લેખ હતો, પ્રસ્તુત આયતોમાં પ્રથમ તો મુસલમાનોને એવું માર્ગદર્શન આપવામાં આવ્યું છે કે તેઓ નાશુક્રી ન કરે, અલ્લાહ તઆલાએ જે હલાલ નેઅ્મતો તેમને આપી છે તેનો ઉપકાર માનીને તેઓ ઉપયોગ કરે, ત્યારબાદ એ ઈરશાદ ફરમાવ્યો કે કાફિરો અને મુશ્રિકોએ અલ્લાહ તઆલાની નાશુક્રી કરવાની એક ખાસ રીત એ પણ અપનાવી રાખી હતી કે ઘણી બધી વસ્તુઓ જેને અલ્લાહ તઆલાએ તેમના માટે હલાલ કરી હતી તેઓ પોતાના તરફથી તેને હરામ કહેવા લાગ્યા અને ઘણી બધી વસ્તુઓ જેને અલ્લાહે હરામ કહી હતી તેને હલાલ કહેવા લાગ્યા. મુસલમાનોને આ બાબત ઉપર ચેતવણી આપવામાં આવી કે તેઓ એવું ન કરે, કોઈ વસ્તુને હલાલ અથવા હરામ કરવું ફક્ત તે જ હસ્તીનો અધિકાર છે જેણે તેમને પેદા કર્યા છે, પોતાના તરફથી એવું કરવું અલ્લાહ તઆલાના અધિકારોમાં દખલગીરી કરવા જેવું છે અને તેના ઉપર આક્ષેપ લગાવવા સમાન છે.

અંતે એ પણ ઈરશાદ ફરમાવ્યો કે જે લોકોએ અજ્ઞાનતાથી આ રીતે અપરાધો કર્યા તેઓ પણ અલ્લાહ તઆલાની કૃપાથી હતાશ ન થાય, જો તેઓ તવબહ કરી લે અને સાચું ઈમાન લઈ આવે તો અલ્લાહ તઆલા બધા ગુનાહો મા'ફ કરી આપશે, આયતોની ટૂંકી તફસીર આ પ્રમાણે છે.

અલ્લાહ તઆલાએ તમને જે વસ્તુઓ હલાલ અને પવિત્ર આપી છે તેને (હરામ ન સમજો કે એ મુશ્રિકોનો અજ્ઞાનતાપૂર્ણ રિવાજ છે, બલકે તેને) ખાઓ અને અલ્લાહ તઆલાની નેઅ્મતનો શુક્ર કરો જો તમે (પોતાના દા'વા પ્રમાણે) તેની જ ઈબાદત કરતા હોવ, તમારા ઉપર તો (તે વસ્તુઓ જેને તમે હરામ કહો છો તેમાંથી અલ્લાહ તઆલાએ) માત્ર મુરદાર (મૃત)ને હરામ કર્યું છે અને લોહીને અને ડુક્કરના માંસ (વગેરે)ને અને જે વસ્તુને ગયરુલ્લાહના નામ ઉપર

કરવામાં આવ્યું હોય, પછી જે વ્યક્તિ (ભૂખનો માર્યો) બિલકુલ લાચાર થઈ જાય એ શરતે કે લિજ્જત માણવાનો ઈચ્છુક ન હોય અને ન જ હદ (એટલે કે આવશ્યકતા)થી વધી જનારો હોય તો અલ્લાહ તઆલા (તેના માટે જો તે એ વસ્તુઓને ખાઈ લે) ઘણો બખ્શનારો મહાકૃપાળુ છે અને જે વસ્તુઓ વિશે માત્ર તમે જૂઠો મૌખિક દા'વો કરો છો (અને તેના ઉપર કોઈ સાચી દલીલ કાયમ નથી કરતા) તેના વિશે એવું ન કહી આપો કે ફલાણી વસ્તુ હલાલ અને ફલાણી હરામ છે, (જેમકે આઠમા સિપારામાં وَجَعَلُوا لِلّٰهِ આયત છે જેમાં આવા જૂઠા વાયદાઓ આવી ચૂકયા છે અને તેને હરામ કરવામાં પણ) અમે તેમના ઉપર (કોઈ સ્વરૂપે) કોઈ અતિરેક નથી કર્યો પરંતુ તેઓ પોતે પોતાના ઉપર (અંબિયા અલૈ.નો વિરોધ કરીને) જુલમ કરતા હતા (તો જાણ થઈ કે પવિત્ર વસ્તુઓને ઈરાદાપૂર્વક તો ક્યારેય હરામ કરવામાં નથી આવી અને શરીઅતે ઈબ્રાહીમીમાં પણ કામચલાઉ ધોરણે પણ હરામ નથી થયું તો પછી આ બધું તમે ક્યાંથી ઘડી લાવ્યા ?) એવા લોકો માટે જેમણે અજ્ઞાનતાથી ખરાબ કૃત્યો (ભલે કોઈપણ પ્રકારના દુષ્કૃત્યો હોય) કરી લીધા પછી તવબહ કરી લીધી અને (આવનારા સમય માટે) પોતાના અમલો સુધારી લીધા તો તમારો પરવરદિગાર ત્યારબાદ મહાન મા'ફ કરનારો અને મોટી કૃપાવાળો છે.

મસ્અલા અને બોધપાઠ :

હરામ હોવાનું વાસ્તવિક સ્વરૂપ; એક સાચો દષ્ટિપાત :

આ આયતમાં શબ્દ اِنَّمَا (ઈન્નમા)થી જાણ થાય છે કે હરામ ફક્ત એ ચાર જ વસ્તુઓ છે જેનો આ આયતમાં ઉલ્લેખ થયો છે અને તેનાથી વધારે સ્પષ્ટ સ્વરૂપે આયત .....قُلْ لَّآ اَجِدُ فِيْمَآ اُوْحِيَ اِلَيَّ مُحَرَّمًا (૬:૧૪૫)થી એ જાણ થાય છે કે આ વસ્તુઓ સિવાય કોઈ વસ્તુઓ હરામ નથી, જ્યારે કે કુર્આન અને સુન્નતના ખુલાસાઓ પ્રમાણે ઉમ્મતના ઈજ્માઅ્થી ઘણી બધી વસ્તુઓ હરામ છે, તેમાં એ શંકાનો જવાબ પોતે આ આયતોની વર્ણનશૈલી ઉપર વિચાર કરવાથી જાણ થઈ જશે કે આ સ્થળે સામાન્ય હલાલ અને હરામનું વર્ણન કરવાનો હેતુ નથી બલકે મુશ્રિકોએ અજ્ઞાનતાના કારણે નાદાનીથી જે ઘણી બધી વસ્તુઓ પોતાના માટે પોતાના તરફથી હરામ કરી લીધી હતી જ્યારે કે અલ્લાહ

તઆલાએ તેને હરામ હોવાનો હુકમ નાઝિલ કર્યો ન હતો તે વર્ણન કરવાનો અત્રે હેતુ છે કે, તમારી હરામ કરેલ વસ્તુઓમાં અલ્લાહ નજીક માત્ર આ ચાર વસ્તુઓ હરામ જ છે. આ આયતની સંપૂર્ણ તફસીર અને આ ચારે વસ્તુઓના હરામ હોવાના હુકમોનું વિગતવાર વર્ણન સૂરએ બકરહની આયત નં. ૧૭૩માં "મઆરિફુલ કુર્આન"ના પ્રથમ ભાગમાં આવી ચૂક્યું છે તેમાં જોઈ લેવામાં આવે.

તવબહથી ગુનાહોની મા'ફી થવું જાહેર છે, ભલે તે ગુનાહો નાદાનીથી કર્યા હોય કે જાણીબૂઝીને કર્યા હોય :

આયત ثُمَّ اِنَّ رَبَّکَ لِلَّذِیْنَ عَمِلُوا السُّوْٓءَ بِجَہَالَۃٍ માં શબ્દ جَھْل (જહ્‌લ) નથી બલકે جَھَالَتْ (જહાલત) શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે. جَھْل (જહ્‌લ) એ عِلْم (ઇલ્મ)ના મુકાબલામાં આવે છે અને અજ્ઞાનતા કે અણસમજના અર્થમાં છે તથા "જહાલત"નો શબ્દ જાહિલાના હરકતો અને નાદાનીથી કરવામાં આવતા કૃત્યો માટે બોલવામાં આવે છે ભલે જાણીબૂઝીને કરે, એનાથી જાણ થઈ કે તવબહથી ગુનાહોની મા'ફી અણસમજમાં અથવા અજાણતામાં થઈ હોય તો જ મા'ફ થાય એવી શરત નથી.

આયતો : (સૂરએ નહ્‌લ : આયત નં. ૧૨૦ થી ૧૨૪)

اِنَّ اِبْرٰهِيْمَ كَانَ اُمَّةً قَانِتًا لِّلّٰهِ حَنِيْفًا ؕ وَلَمْ يَكُ مِنَ الْمُشْرِكِيْنَ ﴿۱۲۰﴾ شَاكِرًا لِّاَنْعُمِهٖ ؕ
اِجْتَبٰىهُ وَهَدٰىهُ اِلٰى صِرَاطٍ مُّسْتَقِيْمٍ ﴿۱۲۱﴾ وَاٰتَيْنٰهُ فِى الدُّنْيَا حَسَنَةً ؕ وَاِنَّهٗ فِى الْاٰخِرَةِ
لَمِنَ الصّٰلِحِيْنَ ﴿۱۲۲﴾ ؕ ثُمَّ اَوْحَيْنَاۤ اِلَيْكَ اَنِ اتَّبِعْ مِلَّةَ اِبْرٰهِيْمَ حَنِيْفًا ؕ وَمَا كَانَ مِنَ
الْمُشْرِكِيْنَ ﴿۱۲۳﴾ اِنَّمَا جُعِلَ السَّبْتُ عَلَى الَّذِيْنَ اخْتَلَفُوْا فِيْهِ ؕ وَاِنَّ رَبَّكَ لَيَحْكُمُ
بَيْنَهُمْ يَوْمَ الْقِيٰمَةِ فِيْمَا كَانُوْا فِيْهِ يَخْتَلِفُوْنَ ﴿۱۲۴﴾

તરજુમો :

ખરેખર ઈબ્રાહીમ (અલૈ.) માર્ગ કંડારનાર હતા, અલ્લાહના આજ્ઞાપાલક સૌથી એક તરફ થઈને; અને શિર્ક કરનારાઓમાં ન હતા. (૧૨૦) તેના

અહેસાનોનો હક માનનાર, તેમને અલ્લાહે ચૂંટી લીધા અને સીધા માર્ગ ઉપર ચલાવ્યા. (૧૨૧) અને અમે તેમને દુનિયામાં ખૂબી આપી અને તેઓ આખિરતમાં સારા લોકોમાં છે. (૧૨૨) પછી અમે તમને હુકમ મોકલ્યો કે ઈબ્રાહીમ (અલૈ.)ના દીન ઉપર ચાલો જે એક બાજુના હતા અને તે શિર્ક કરનારાઓમાં ન હતા. (૧૨૩) શનિવારનો દિવસ જે નક્કી કર્યો બસ તેના ઉપર જે તેમાં મતભેદ કરતા હતા અને તમારો પરવરદિગાર કયામતના દિવસે તેમનામાં હુકમ કરશે જે વાતમાં મતભેદ કરતા હતા. (૧૨૪)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

પાછલી આયતોમાં શિર્ક અને કુફ્રની પદ્ધતિઓ એટલે કે તવહીદના ઈન્કાર અને રિસાલતના ઈન્કારનો રદિયો તથા કુફ્ર અને શિર્કની અમુક ગૌણ બાબતો એટલે કે હલાલને હરામ કરવું તથા જૂઠી બાબતોના રદિયાની વિગત હતી અને મક્કાના મુશ્રિકો જેઓ કુર્આને કરીમના પ્રથમ અને પ્રત્યક્ષ શ્રોતાઓ હતા પોતાના કુફ્ર અને મૂર્તિપૂજા છતાં એવો દા'વો કરતા હતા કે અમે ઈબ્રાહીમ (અલૈ.)ની મિલ્લતના પાબંદ છીએ અને અમે જે કંઈ કરીએ છીએ તે બધું હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ના શિક્ષણમાંથી છે, એટલા માટે પ્રસ્તુત ચાર આયતો તેમના આ દા'વાના રદિયા સ્વરૂપે તેમની જ જૂઠી માન્યતાઓ અને તેમના અજ્ઞાનતાપૂર્ણ વિચારોના રદિયા સ્વરૂપે એ રીતે વર્ણન કરવામાં આવી છે કે મજકૂર પાંચ આયતોમાંથી પ્રથમ આયતમાં હઝરત ઈબ્રાહીમ (અલૈ.) દુનિયાની સમગ્ર કોમો ઉપર પેશ્વા અને આગેવાન હોવાનું વર્ણન કર્યું જે નુબુવ્વત અને રિસાલતનું ઉચ્ચ કક્ષાનું સ્થાન છે અને તેમનું મહાન નબી અને રસૂલ હોવું તેનાથી સાબિત થાય છે, તેની સાથે જ مَا كَانَ مِنَ الْمُشْرِكِيْنَ દ્વારા તેમનો સંપૂર્ણ તવહીદ ઉપર હોવાનો પણ અત્રે ઉલ્લેખ થયો છે.

અને બીજી આયતમાં તેમનું શુક્રગુઝાર હોવાનું તથા સીધા માર્ગ ઉપર હોવાનું વર્ણન કરીને તેમને ચેતવણી આપવામાં આવી છે કે તમે અલ્લાહ તઆલાની નાશુક્રી કરો છો અને પોતાને હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ના અનુયાયીઓ અને અનુસરણ કરનાર કયા મુખે કહો છો ?

ત્રીજી આયતમાં તેમનું દુનિયા અને આખિરતમાં સફળ થવું અને પોતાની

ઇચ્છિત મંઝિલ ઉપર પહોંચવાનું તથા ચોથી આયતમાં રસૂલે કરીમ ﷺની નુબુવ્વત અને રિસાલતની સાબિતીઓ સાથે આપ ﷺનું મિલ્લતે ઇબ્રાહીમીના સાચા પાબંદ હોવાનું વર્ણન કરી એવું માર્ગદર્શન આપવામાં આવ્યું કે, જો તમે પોતાના દા'વામાં સાચા હોવ તો રસૂલે કરીમ ﷺ ઉપર ઈમાન અને આપ ﷺના અનુસરણ વિના આ દા'વો સાચો નથી હોઈ શકતો.

પાંચમી આયત اِنَّمَا جُعِلَ السَّبْتُ માં ઇશારાથી એ વર્ણન કર્યું છે કે મિલ્લતે ઇબ્રાહીમ (અલૈ.)માં પવિત્ર વસ્તુઓ હરામ ન હતી જેને તમે પોતાના ઉપર હરામ કરી લીધી છે, આયતોની ટૂંકમાં તફસીર આ પ્રમાણે છે.

તફસીર :

બેશક ! ઇબ્રાહીમ (અલૈ. જેમને તમે પણ માનો છો) મહાન પેશ્વા (એટલે કે નબી, આગેવાન તથા ઉમ્મતના મહાન મુકતદા અને અનુસરણપાત્ર હતા તથા) અલ્લાહ તઆલાના સંપૂર્ણ આજ્ઞાકારી હતા, (તેમનો કોઈ અકીદહ અથવા પ્રવૃત્તિ પોતાની મનેચ્છા અનુસાર ન હતી, પછી તમે તેનાથી વિરુદ્ધ માત્ર પોતાની મનેચ્છાના અનુસરણથી અલ્લાહના હરામ કરેલાને હલાલ અને હલાલ કરેલાને હરામ કેમ ઠરાવો છો ? અને તેઓ) બિલકુલ જ એક (અલ્લાહ)ની તરફ થઈને રહ્યા હતા (એક તરફ થવાનો અર્થ એ છે કે) તેઓ શિર્ક કરનારાઓમાંથી ન હતા (તો પછી તમે શિર્ક કેમ કરો છો ? અને તેઓ) અલ્લાહની નેઅ્‌મતોના (મોટા) શુક્રગુઝાર હતા (પછી તમે શિર્ક અને કુફ્રમાં સંડોવાઈને નાશુક્રી કેમ કરો છો ? મતલબ કે ઇબ્રાહીમ અલૈ.ની આવી શા'ન અને તરીકો હતો અને તેઓ એવા સ્વીકૃતિપ્રાપ્ત હતા કે) અલ્લાહ તઆલાએ તેમને ચૂંટી લીધા હતા અને તેમને સીધા માર્ગ ઉપર નાંખી રાખ્યા હતા અને અમે તેમને દુનિયામાં પણ ખુબીઓ (દાખલા તરીકે નુબુવ્વત અને રિસાલતમાં ચૂંટી કાઢવું તથા તેમનું હિદાયત ઉપર હોવું વગેરે) આપી હતી અને તેઓ આખિરતમાં પણ (ઉચ્ચ કક્ષાના) સારા લોકોમાં હશે (એટલા માટે તમારે સૌએ તેમના જ તરીકાને અપનાવવો જોઈએ અને તે તરીકો મુહમ્મદ ﷺના તરીકા ઉપર અવલંબિત છે જેની વિગત એવી છે કે) પછી અમે આપ (ﷺ)ની પાસે વહી મોકલી કે તમે ઇબ્રાહીમ (અલૈ.)ના તરીકા ઉપર કે જે બિલકુલ એક (અલ્લાહ)ની તરફ થઈ રહ્યા હતા; ચાલો (અને જો કે આ યુગના તે લોકો જેઓ મિલ્લતે ઇબ્રાહીમીનું

અનુસરણ કરવાના દાવે'દાર હતા કોઈને કોઈ પ્રકારના શિર્કમાં સંડોવાયેલા હતા એટલા માટે ફરીવાર પુનરાવર્તિત સ્વરૂપે ફરમાવવામાં આવ્યું કે) તેઓ શિર્ક કરનારાઓમાંથી ન હતા (જેથી મૂર્તિપૂજકોની સાથે યહૂદીઓ અને નસારાની હાલની માન્યતાઓનો પણ રદિયો થઈ જાય કે જે શિર્કથી ખાલી નથી અને કારણ કે આ લોકો પવિત્ર વસ્તુઓને હરામ કરવાના અજ્ઞાનતાપૂર્ણ અને શિર્કયુક્ત રિવાજોમાં સપડાયેલા હતા એટલા માટે ફરમાવ્યું કે) બસ, શનિવારનું સન્માન (એટલે કે શનિવારના દિવસે માછલીઓના શિકારની મનાઈ જે પવિત્ર વસ્તુઓને હરામ કરવાનો એક પ્રકાર હતો તે તો) માત્ર તે જ લોકો ઉપર લાગુ પાડવામાં આવ્યું હતું જેમણે તેમાં (અમલી રીતે) મતભેદ કર્યો હતો (કે કોઈએ માન્યું અને અમલ કર્યો અને કોઈએ તેનો વિરોધ કર્યો, તેનો ભાવાર્થ યહૂદીઓ છે, પવિત્ર વસ્તુઓના હરામ હોવાનું આ સ્વરૂપ બીજા સ્વરૂપોના ઉદાહરણ પ્રમાણે માત્ર યહૂદીઓ માટે ખાસ હતું, મિલ્લતે ઈબ્રાહીમીમાં આ વસ્તુઓ હરામ ન હતી. આગળ અલ્લાહના હુકમોમાં મતભેદ કરવા વિશે ફરમાવવામાં આવ્યું છે કે) બેશક ! તમારો પરવરદિગાર કયામતના દિવસે તેમનામાં પરસ્પર (અમલી સ્વરૂપે) ફેંસલો કરી આપશે જે વાતમાં તેઓ (દુનિયામાં) મતભેદ કર્યા કરતા હતા.

મસ્અલા અને બોધપાઠ :

શબ્દ اُمَّةً (ઉમ્મત) અમુક પ્રકારના અર્થો માટે ઉપયોગ થાય છે, પ્રખ્યાત અર્થ "જમાઅત (સમુદાય) અથવા કોમ" થાય છે, હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)એ આ જ અર્થને નકલ કર્યો છે અને ભાવાર્થ એ છે કે હઝરત ઈબ્રાહીમ (અલૈ.) એકલા એક વ્યક્તિ એક ઉમ્મત અને કોમની વિશેષતાઓ અને ફઝીલતોનું સર્વગ્રાહી સંયુક્ત મિશ્રણ છે અને "ઉમ્મત" શબ્દનો એક અર્થ "કોમના પેશ્વા તથા સંપૂર્ણ વિશિષ્ટતાઓના માલિક" હોવાનો પણ થાય છે. અમુક વિવરણકારોએ આ સ્થળે આ જ અર્થ લીધો છે અને قَانِتً (કાનિત)નો અર્થ "આજ્ઞાકારી" થાય છે. હઝરત ઈબ્રાહીમ (અલૈ.) આ બંને ખાસિયતોમાં વિશિષ્ટતા ધરાવતા હતા. આગેવાન અને પેશ્વા તો તેઓ સમગ્ર દુનિયાના છે કે સમગ્ર દુનિયાના બધા જ મશહૂર ધર્મોના લોકો તેમને માને છે અને તેમની મિલ્લત (દીન)ના અનુસરણ કરવાને ઈજ્જત અને ગર્વ સમજે છે. યહૂદીઓ, નસારા,

મુસલમાન તો તેમનું સન્માન અને ઈજ્જત કરે જ છે પરંતુ હઝરત ઈબ્રાહીમ (અલૈ.) મૂર્તિઓ તોડનાર હતા છતાં અરબના મુશ્રિકો અને મૂર્તિપૂજકો પણ તેમની ઈજ્જત અને સન્માન કરતા હતા અને તેમની મિલ્લત ઉપર ચાલવાને પોતાનું ગર્વ જાણતા હતા. قَانِتٌ (કાનિત) એટલે કે, આજ્ઞાકારી હોવાની ખાસ વિશેષતા તેમની કસોટીઓ દ્વારા સ્પષ્ટ થઈ જાય છે જેમાં અલ્લાહના આ ખલીલ પસાર થયા હતા; નમરૂદની આગ, ઘરવાળાઓને વેરાન રણમાં છોડીને ચાલ્યા જવાનો હુકમ, ત્યારબાદ કેટલીય તમન્નાઓ પછી પ્રાપ્ત થયેલ પુત્રને કુરબાન કરવા માટે તૈયાર થઈ જવું; આ બધી તે કસોટીઓ છે જેના કારણે અલ્લાહ તઆલાએ તેમને ઈલ્કાબોથી નવાજી પ્રિય બનાવ્યા છે.

નબીએ કરીમ ﷺ માટે મિલ્લતે ઇબ્રાહીમીનું અનુસરણ :

અલ્લાહ તઆલાએ જે શરીઅત અને હુકમો હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ને અર્પણ કર્યા હતા ખાતમુન્નબિય્યિન ﷺની શરીઅત પણ અમુક ખાસ-ખાસ હુકમોને છોડીને એ જ પ્રમાણે રાખવામાં આવી અને જો કે રસૂલે કરીમ ﷺ બધા જ અંબિયા અને રસૂલોથી શ્રેષ્ઠ છે પરંતુ અત્રે શ્રેષ્ઠને પોતાનાથી ઊતરતી કક્ષાના તરીકાનું અનુસરણ કરવાનો હુકમ આપવામાં બે હિકમતો છે, પ્રથમ તો એ કે તે શરીઅત દુનિયામાં પહેલાં આવી ચૂકી છે અને પ્રખ્યાત છે તથા સૌને જાણ થઈ ચૂકી છે, અંતિમ શરીઅત પણ કારણ કે એ જ પ્રમાણે થવાની હતી એટલા માટે તેને અનુસરણના શબ્દથી ઓળખાવવામાં આવ્યું છે, બીજું અલ્લામહ જમખશરીના નિવેદન પ્રમાણે આ અનુસરણનો હુકમ પણ ઈજ્જત, પ્રતિષ્ઠા અને ઈબ્રાહીમ (અલૈ.)નું એક ખાસ સન્માન છે અને તેની ખાસિયત તરફ શબ્દ ثُمَّ (ષુમ્મ) દ્વારા ઈશારો કરવામાં આવ્યો છે કે ઈબ્રાહીમ (અલૈ.)ની બધી જ શ્રેષ્ઠતાઓ અને વિશિષ્ટતાઓ એક બાજુ અને તે સૌના ઉપર વર્ચસ્વ ધરાવનાર વિશિષ્ટતા એ છે કે અલ્લાહ તઆલાએ પોતાના સૌથી શ્રેષ્ઠ રસૂલ અને વહાલસોયા હબીબને તેમની મિલ્લતનું અનુસરણ કરવાનો હુકમ ફરમાવ્યો.

•

આયતો : (સૂરએ નહ્‌લ : આયત નં. ૧૨૫ થી ૧૨૮)

اُدْعُ اِلٰى سَبِيْلِ رَبِّكَ بِالْحِكْمَةِ وَالْمَوْعِظَةِ الْحَسَنَةِ وَجَادِلْهُمْ بِالَّتِيْ هِيَ اَحْسَنُ ۚ
اِنَّ رَبَّكَ هُوَ اَعْلَمُ بِمَنْ ضَلَّ عَنْ سَبِيْلِهٖ وَهُوَ اَعْلَمُ بِالْمُهْتَدِيْنَ ﴿۱۲۵﴾ وَاِنْ عَاقَبْتُمْ
فَعَاقِبُوْا بِمِثْلِ مَا عُوْقِبْتُمْ بِهٖ ۚ وَلَئِنْ صَبَرْتُمْ لَهُوَ خَيْرٌ لِّلصّٰبِرِيْنَ ﴿۱۲۶﴾ وَاصْبِرْ وَمَا
صَبْرُكَ اِلَّا بِاللّٰهِ وَلَا تَحْزَنْ عَلَيْهِمْ وَلَا تَكُ فِيْ ضَيْقٍ مِّمَّا يَمْكُرُوْنَ ﴿۱۲۷﴾ اِنَّ اللّٰهَ
مَعَ الَّذِيْنَ اتَّقَوْا وَّالَّذِيْنَ هُمْ مُّحْسِنُوْنَ ﴿۱۲۸﴾ ع

તરજુમો :

પોતાના પરવરદિગારના માર્ગ ઉપર પાકી વાતો સમજાવીને અને નસીહત સંભળાવીને સારી રીતે બોલાવો અને તેમનાથી બહસ કરો જે રીતે બહેતર હોય, તમારો પરવરદિગાર જ તેને સારી પેઠે જાણે છે જે તેના માર્ગથી ભટકી ગયો અને તે જ તેમને સારી પેઠે જાણે છે જે માર્ગ ઉપર છે. (૧૨૫) અને જો બદલો લો તો એટલા જ પ્રમાણમાં બદલો લો જેટલા પ્રમાણમાં કે તમને તકલીફ પહોંચાડવામાં આવે અને જો સબ્ર કરો તો એ સબ્ર કરનારાઓ માટે બહેતર છે. (૧૨૬) અને તમે સબ્ર કરો અને તમારાથી અલ્લાહની મદદ વડે જ સબ્ર થઈ શકે અને તેમના ઉપર દિલગીર ન થાઓ અને તેમના પ્રપંચોથી વ્યથિત (તંગ) ન થાઓ. (૧૨૭) અલ્લાહ તેમની સાથે છે જેઓ પરહેઝગાર છે અને જેઓ નેકી કરે છે. (૧૨૮)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

પાછલી આયતોમાં રસૂલે કરીમ ﷺની નુબુવ્વત અને રિસાલતની સાબિતીઓનો હેતુ એ હતો કે ઉમ્મત આપ ﷺના હુકમોનું અનુસરણ કરીને રિસાલતનો હક અદા કરે, પ્રસ્તુત આયતોમાં પોતે રસૂલે કરીમ ﷺને રિસાલતના હકો અને તેના અદબો અદા કરવાની તા'લીમ છે જેના સામાન્યપણાના બધા જ મો'મિનો પણ ભાગીદાર છે, ટૂંકી તફસીર આ પ્રમાણે છે.

તફસીર :

તમે પોતાના પરવરદિગારના માર્ગ (એટલે કે દીને ઈસ્લામ) તરફ (લોકોને) હિકમત અને સારી નસીહત દ્વારા બોલાવો (હિકમતથી દા'વતનો તે તરીકો ભાવાર્થ સ્વરૂપે છે જેમાં શ્રોતાના અહેવાલનું ધ્યાન રાખીને એવી તદ્‌બીર અપનાવવામાં આવી હોય કે જે શ્રોતાના દિલ ઉપર પ્રભાવ પાડે અને અસરકારક હોઈ શકે તથા નસીહતનો ભાવાર્થ એ છે કે ભલાઈ અને હમદર્દીની ભાવનાથી વાત કહેવામાં આવે અને સારી નસીહતનો ભાવાર્થ એ છે કે વિષય પણ વિનમ્ર હોય તથા મનદુઃખ થાય એવો હોય તથા અપમાનજનક ન હોય) અને તેમની સાથે સારી પદ્ધતિથી ચર્ચા કરો (જો બહસ કરવાની નોબત આવી જાય તો તે પણ કઠોર રીતે અથવા સખત રીતે નહીં; તેમાં શ્રોતા ઉપર આક્ષેપો તથા અન્યાય ન હોવો જોઈએ બલકે તમારું કામ પહોંચાડવાનું છે કે પછી તેની તહકીકમાં ન પડો કે કોણે માન્યું અને કોણે ન માન્યું, એ કામ અલ્લાહ તઆલાનું છે બસ) તમારો પરવરદિગાર સારી પેઠે જાણે છે તે વ્યક્તિને પણ જે માર્ગથી ભટકી ગયો અને તે જ માર્ગે ચાલનારાઓને પણ સારી પેઠે જાણે છે અને (જો કોઈ શ્રોતા જ્ઞાનપૂર્ણ વાદ-વિવાદની હદથી આગળ વધીને ઝઘડો અથવા મૌખિક કે હાથથી ઈજા કે પીડા પહોંચાડવા માંડે તો તેમાં તમને અને તમારા અનુયાયીઓ માટે બદલો લેવો પણ જાઈઝ છે અને સબ્ર કરવી પણ, બસ) જો (પ્રથમ સ્વરૂપ અપનાવવામાં આવે એટલે કે) બદલો લેવા લાગો તો એટલો જ બદલો લો જેટલો તમારી સાથે વર્તાવ કરવામાં આવ્યો છે (તેનાથી અતિરેક ન કરો) અને જો (બીજા સ્વરૂપમાં એટલે કે પીડા અને તકલીફ ઉપર) સબ્ર કરો તો તે (સબ્ર કરવી) સબ્ર કરનારાઓના હકમાં ઘણી સારી બાબત છે (કે તેનાથી વિરોધીઓ ઉપર સારી અસર થાય છે અને જોનારાઓ ઉપર પણ સારો પ્રભાવ પડે છે તથા આખિરતમાં પણ મહાન બદલાનું કારણ બને છે) અને (સબ્ર કરવી જો કે બધાના જ માટે ઉત્તમ છે પરંતુ આપ ﷺની ઉચ્ચ કક્ષાની શા'નના આધારે તમને વિશિષ્ટ રીતે હુકમ આપવામાં આવે છે કે તમે બદલો લેવાના સ્વરૂપને ન અપનાવો બલકે) તમે સબ્ર કરો અને તમારું સબ્ર કરવું અલ્લાહની વિશેષ તવફીકથી જ થાય છે (એટલા માટે એ સંતોષ રાખો કે સબ્રમાં આપને મુશ્કેલી નહીં પડે) અને તે લોકોથી (એટલે કે તેમના ઈમાન ન લાવવા ઉપર અથવા મુસલમાનોને

સતાવવાથી) દિલગીર ન થાઓ અને જે કંઈ તેઓ પ્રપંચો ઘડે છે તેનાથી મૂંઝવણમાં ન પડો (તેમની વિરોધી યોજનાઓથી આપનું કોઈ જ નુકસાન ન થશે કારણ કે તમે ભલાઈ અને તકવાની ખાસિયતોના માલિક છો અને) અલ્લાહ તઆલા એવા લોકોની સાથે હોય છે (એટલે કે તેમનો સહાયક અને મદદગાર હોય છે) જેઓ પરહેઝગાર હોય છે અને ભલાઈના કામો કરે છે.

મસ્અલા અને બોધપાઠ :

દા'વતો તબ્લીગ (ઇસ્લામના પ્રચાર-પ્રસારના કાર્ય)ના સિદ્ધાંતો અને તેની સંપૂર્ણ રૂપરેખા :

આ આયતમાં ઈસ્લામના પ્રચાર-પ્રસાર (દા'વતો-તબ્લીગ)ની સંપૂર્ણ રૂપરેખા અને તેના સિદ્ધાંતો તથા નિયમોની સંપૂર્ણ વિગત અમુક શબ્દોમાં સમાવી લેવામાં આવી છે. તફસીરે કુર્તુબીમાં છે કે હઝરત હરમ ઈબ્ને હય્યાન (રદિ.)નો મૃત્યુનો સમય નજીક આવ્યો તો પોતાના સગાં-વહાલાંઓએ દરખાસ્ત કરી કે અમને કંઈ વસિય્યત કરો, તેમણે ફરમાવ્યું કે વસિય્યત લોકો માલની કર્યા કરે છે તે તો મારી પાસે નથી પરંતુ હું તમને અલ્લાહની આયતો ખાસ કરીને સૂરએ નહ્લની અંતિમ આયતોની વસિય્યત કરું છું કે તેના ઉપર મક્કમતાથી કાયમ રહો તે આયતો આ જ છે જે ઉપર વર્ણન થઈ.

دَعْوَةٌ (દઅ્વત)નો શાબ્દિક અર્થ "બોલાવવાનો કે આમંત્રણ આપવાનો" થાય છે, અંબિયા (અલૈ.)ની પ્રથમ ફરજ લોકોને અલ્લાહ તરફ બોલાવવાની છે, ત્યારબાદ બધી જ નુબુવ્વતની તા'લીમ અને રિસાલત એ જ આમંત્રણનો ખુલાસો છે. કુર્આનમાં રસૂલે કરીમ ﷺની ખાસ સિફત "દાઈ ઈલલ્લાહ" (અલ્લાહ તરફ આમંત્રણ આપનાર) વર્ણવી છે. وَدَاعِيًا اِلَى اللّٰهِ بِاِذْنِهٖ وَسِرَاجًا مُّنِيْرًا (اَحزاب ۴۶)
يٰقَوْمَنَآ اَجِيْبُوْا دَاعِيَ اللّٰهِ (اَحقاف ۳۱)

ઉમ્મત ઉપર પણ રસૂલે કરીમ ﷺના પગલે ચાલીને દા'વત ઈલલ્લાહ (અલ્લાહ તરફ આમંત્રણ આપવા)ને ફરજ કરવામાં આવ્યું છે, સૂરએ આલિ ઈમ્રાનમાં ઈરશાદ છે,

وَلْتَكُنْ مِّنْكُمْ اُمَّةٌ يَّدْعُوْنَ اِلَى الْخَيْرِ وَيَاْمُرُوْنَ بِالْمَعْرُوْفِ وَيَنْهَوْنَ عَنِ الْمُنْكَرِ

"તમારામાંથી એક જમાઅત એવી હોવી જોઈએ જે લોકોને ભલાઈ તરફ દીનની દા'વત (એટલે કે) નેક કામોનો હુકમ કરે અને બુરા કામોથી રોકે."

(સૂરએ આલિ ઈમ્રાન ૩ : ૧૦૪)

બીજી એક આયતમાં ઈરશાદ છે,

وَمَنْ اَحْسَنُ قَوْلًا مِّمَّنْ دَعَآ اِلَى اللّٰهِ،

"સંબોધન કરનારના આધારે તે વ્યક્તિથી સારો કોણ હોઈ શકે છે જેણે અલ્લાહ તરફ બોલાવ્યા !" *(૪૧:૩૩)*

ઈસ્લામિક પરિભાષામાં આ શબ્દને ક્યારેક "દા'વત ઈલલ્લાહ"નું નામ આપવામાં આવે છે તો ક્યારેક "દા'વત ઈલલ્ ખય્ર" (ભલાઈ તરફ આમંત્રણ આપવું) અને ક્યારેક "દા'વત ઈલા સબિલિલ્લાહ" (અલ્લાહના સીધા માર્ગ તરફ આમંત્રણ); ખુલાસો સૌનો એક જ છે, કારણ કે તેનાથી અલ્લાહ તઆલા તરફ અને તેના દીન તરફ બોલાવવાનો હેતુ છે.

اِلٰى سَبِيْلِ رَبِّكَ તેમાં અલ્લાહ જલ્લ શા'નુહૂની ખાસ સિફત رَبّ (રબ્બ) અને ત્યારબાદ તેનો નબીએ કરીમ ﷺ તરફ વિશિષ્ટ ઈશારો છે કે આ આમંત્રણનું કામ "સિફતે રબુબિયત" (માલિકીપણાની ખાસિયત) અને કેળવણી સાથે સંબંધ ધરાવે છે, જે પ્રમાણે અલ્લાહ જલ્લ શા'નુહૂએ આપ ﷺની કેળવણી કરી આપ ﷺએ પણ કેળવણીના તે જ સ્વરૂપે આમંત્રણ અને દા'વત આપવી જોઈએ, જેમાં શ્રોતાની પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને એવી શૈલી અને પદ્ધતિ અપનાવવામાં આવે કે શ્રોતા ઉપર ભાર ન પડે અને તેની અસરકારકતા વધારેથી વધારે હોય, પોતે શબ્દ "દાવ'ત"નો પણ ભાવાર્થ અદા થતો હોય કે પયગમ્બરનું કામ માત્ર અલ્લાહના હુકમને પહોંચાડી દેવું કે સંભળાવી દેવું નથી બલકે લોકોને તેના અનુસરણ તરફ દા'વત આપવાનું છે અને દેખીતું છે કે કોઈને દા'વત આપનાર જેને દા'વત આપી રહ્યો છે તેની સાથે એવો વ્યવહાર અને સંબોધન નથી કર્યા કરતો જેનાથી શ્રોતાને નફરત અથવા ધૃણા ઉપજે અથવા જેમાં તેની ઠેકડી ઉડાવવામાં આવી હોય અથવા ઠઠ્ઠો–મશ્કરી કરવામાં આવી હોય.

આ શબ્દ بِالْحِكْمَةِ (બિલ્હિકમહ) કુર્આને કરીમમાં ઘણા બધા અર્થો માટે

ઉપયોગ થાય છે, આ સ્થળે તફસીરના ઈમામોએ હિકમતનો ભાવાર્થ કુર્આને કરીમ અને અમુકે કુર્આન તથા સુન્નત અને અમુકે સદંતર છુટકારાને ઠરાવ્યું છે તથા રૂહુલ મઆનીમાં બહરે મુહીતના હવાલાથી હિકમતની તફસીર આ પ્રમાણે કરવામાં આવી છે.

اِنَّهَا الْكَلَامُ الصَّوَابُ الْوَاقِعُ مِنَ النَّفْسِ اَجْمَلَ مَوْقِعٍ (رُوْح)

"હિકમત તે સીધી વાતચીતનું નામ છે જે મનુષ્યના દિલમાં ઊતરી જાય."

આ તફસીરમાં બધા જ નિવેદનો એકઠા થઈ જાય છે અને રૂહુલ બયાનના કર્તાએ પણ લગભગ આ જ ભાવાર્થ વર્ણન કર્યો છે કે હિકમતનો ભાવાર્થ તે ઊંડી સમજ અને દિર્ઘદષ્ટિ છે જેના દ્વારા મનુષ્ય પરિસ્થિતિના તકાદાઓને જાણીને એના યોગ્ય વાતચીત કરે, સમય અને પરિસ્થિતિ એવી શોધે કે શ્રોતાને ભાર ન પડે, વિનમ્રતાના સ્થળે વિનમ્રતા અને કઠોર થવાની જગ્યાએ કઠોર થવાનું અપનાવે અને જ્યાં એવું સમજે કે ખુલ્લું કહેવામાં શ્રોતા શરમાઈ જશે ત્યાં વાતચીત દ્વારા તેનો ઈશારો કરી દે અથવા કોઈ એવો વિષય અપનાવે કે શ્રોતા ન શરમાય અને ન જ તેના દિલમાં એવો વિચાર આવે કે જેનાથી કોઈ પૂર્વગ્રહ પેદા થાય.

اَلْمَوْعِظَةُ (મવઈજતહ) એટલે કે وَعْظٌ (વઅ્ઝ)નો શાબ્દિક અર્થ એ છે કે ભલાઈની વાત એ પ્રમાણે કરવામાં આવે કે જેનાથી શ્રોતાનું દિલ સ્વીકારવા માટે નરમ થઈ જાય, દાખલા તરીકે તેની સામે કબૂલ કરવાથી સવાબ અને લાભ તથા ન કરવાથી અઝાબ અને નુકસાનનું વર્ણન કરવામાં આવે.

(કામુષ અને મુફરદાત રાગિબ)

اَلْحَسَنَةُ (અલ હસનતુ)નો અર્થ એ છે કે વર્ણન અને વિષય પણ એવો હોય જેનાથી શ્રોતાનું દિલ સંતોષિત થાય, તેના સંદેહો અને શંકાઓ દૂર થાય તથા શ્રોતા એવી અનુભૂતિ કરે કે તેમાં તમારો કોઈ જ સ્વાર્થ નથી માત્ર તેની ભલાઈ માટે આવું કહી રહ્યો છે.

مَوْعِظَةُ (મવઈજતુ)ના શબ્દથી ભલાઈની વાત અસરકારક સ્વરૂપે કહેવાનું તો સ્પષ્ટ થઈ ગયું પરંતુ ભલાઈની વાત અમુક સમયે એવા કડવા

અંદાજથી કરવામાં આવે છે કે જેનાથી શ્રોતા પોતાનું અપમાન મહેસૂસ કરે છે. (રૂહુલ મઆની) આ પદ્ધતિને છોડવા માટે શબ્દ حَسَنَةُ (હસનહ)નો વધારો કરવામાં આવ્યો.

مُجَادَلَةُ વَجَادِلْهُمْ بِالَّتِىْ هِىَ اَحْسَنُ માં શબ્દ جَادِلْ (જાદિલ) એ مُجَادَلَةُ (મુજાદલહ)થી બનેલો છે, આ સ્થળે "મુજાદિલા"નો ભાવાર્થ "બહસ અથવા મુનાજરો" (Debate) છે અને بِالَّتِىْ هِىَ اَحْسَنُ (બિલ્લતી હિય અહસનુ)નો ભાવાર્થ એ છે કે જો આમંત્રણમાં કોઈ બહસ અથવા મુનાજરાની આવશ્યકતા પડી જાય તો તે બહસ અને ચર્ચા પણ ખૂબ સારી પદ્ધતિથી થવી જોઈએ. રૂહુલ મઆનીમાં છે કે સારી પદ્ધતિનો ભાવાર્થ એ છે કે વાતચીતનું રસપ્રદ અને વિનમ્ર સ્વરૂપ અપનાવવામાં આવે, દલીલો એવી રજુ કરવામાં આવે જેને શ્રોતા સરળતાથી સમજી શકે, દલીલમાં જે પ્રસ્તાવના રજુ કરવામાં આવે તે પ્રખ્યાત અને પ્રચલિત હોય જેથી શ્રોતાની શંકા દૂર થાય અને તે હઠધર્મીના માર્ગ ઉપર ન પડી જાય તથા કુર્આને કરીમની બીજી આયતો એ બાબતે સાક્ષી છે કે આ "અહેસાન ફિલ મુજાદિલા" સારી રીતે બહસ કરવી માત્ર મુસલમાનો સાથે ખાસ નથી બલકે અહલે કિતાબ વિશે તો વિશેષ સ્વરૂપે કુર્આને કરીમનો ઈરશાદ છે, وَلَا تُجَادِلُوْا اَهْلَ الْكِتَابِ اِلَّا بِالَّتِىْ هِىَ اَحْسَنُ (૨૯:૪૬) અને બીજી આયતમાં હઝરત મૂસા (અલૈ.) તથા હારૂન (અલૈ.)ને قُوْلَا لَهُ قَوْلًا لَّيِّنًا (૨૦:૪૪)ની સૂચના આપીને એ પણ બતાવવામાં આવ્યું કે, ફિરઔન જેવા અત્યાચારી કાફિરની સાથે પણ આવો જ વ્યવહાર કરવાનો છે.

દા'વત (આમંત્રણ)ના સિદ્ધાંતો અને અદબો :

પ્રસ્તુત આયતમાં દા'વત માટે ત્રણ વસ્તુઓનું વર્ણન છે, "પ્રથમ હિકમત, બીજું મવઈજતે હુસ્ના અને ત્રીજું મુજાદિલા બિલ્લતી હિય અહસનુ." અમુક તફસીરકારોએ ફરમાવ્યું છે કે ત્રણે વસ્તુઓ શ્રોતાઓના પ્રકારોના આધારે છે, દા'વત ફિલ હિકમહ બુદ્ધિશાળીઓ અને જ્ઞાનીઓ માટે તથા દા'વત બિલ મવઈઝહ સામાન્ય જનતા માટે અને મુજાદિલા એ લોકો માટે છે કે જેમના દિલોમાં શંકા અથવા સંદેહો છે અથવા જેઓ દુશ્મની અને હઠધર્મીના કારણે વાત માનવાના ઈન્કારી છે.

સય્યિદી હઝરત હકીમુલ ઉમ્મત થાનવી (રહ.)એ બયાનુલ કુર્આનમાં ફરમાવ્યું કે આ ત્રણે વસ્તુઓનું વર્ણન અલગ-અલગ પ્રકારના સમૂહો માટે હોવું આયતની શૈલી અને લઢણ ઉપરથી જાણ થાય છે.

દેખીતું છે કે દા'વતના શિષ્ટાચાર, સભ્યતા અને મર્યાદા દરેકની સાથે રાખવાની છે કે દા'વતમાં સૌ પ્રથમ હિકમતથી શ્રોતાની પરિસ્થિતિની સમીક્ષા કરી તેની પરિસ્થિતિ અનુસાર યોગ્ય વાતચીતની લઢણ નક્કી કરવાની છે, ત્યાર પછી આ વાતચીતમાં ભલાઈ તથા સહાનુભૂતિની ભાવનાની સાથે એવી સાબિતીઓ અને દલીલો સામે લાવવાની છે જેમાં શ્રોતાને સંતોષ થઈ શકે અને વર્ણન કરવાની શૈલી તથા વાતચીત એવી વિનમ્રતા અને સહાનુભૂતિપૂર્વક કરવાની છે કે શ્રોતાને એ બાબતનો વિશ્વાસ થઈ જાય કે આ જે કંઈ કહી રહ્યો છે તે મારી જ ભલાઈ અને હિત માટે કહી રહ્યો છે, તેનો હેતુ મને શરમમાં નાંખવાનો કે મારું અપમાન કરવાનો બિલકુલ નથી.

અલબત્ત રૂહુલ મઆનીના કર્તાએ આ સ્થળે એક ખૂબ જ રસપ્રદ મુદ્દો એ વર્ણન કર્યો છે કે આયતની શૈલીથી જાણ થાય છે કે દા'વતનો સિદ્ધાંત વાસ્તવમાં બે જ વસ્તુઓ છે, હિકમત અને મવઇઝત, ત્રીજી વસ્તુ મુજાદિલા દા'વતના સિદ્ધાંતોમાં સામેલ નથી, હા ! દા'વતના કામમાં ક્યારેક તેની આવશ્યકતા પડી જાય છે.

રૂહુલ મઆનીના કર્તાએ તેના ઉપર એ દલીલો કરી છે કે જો આ ત્રણે વસ્તુઓ દા'વતના સિદ્ધાંતોમાં સામેલ હોત તો તકાદો એ હતો કે ત્રણે વસ્તુઓને عَطف (અત્ફ)ની સાથે આ રીતે વર્ણન કરવામાં આવી હોત. بِالْحِكْمَةِ وَالْمَوْعِظَةِ الْحَسَنَةِ وَالْجِدَالِ الْأَحْسَنِ પરંતુ કુર્આને હકીમે હિકમત અને મવઇઝતને "અત્ફ"ની એક જ "નસ્ક"માં વર્ણન કર્યું છે અને મુજાદિલા માટે અલગ વાક્ય جَادِلْهُمْ بِالَّتِىْ هِىَ اَحْسَنُ વાપર્યું છે, તેનાથી જાણ થાય છે કે "મુજાદિલા ફિલ ઈલ્મ" જ્ઞાનપૂર્ણ બહષ (Debate) વાસ્તવમાં "દા'વત ઈલલ્લાહ" અલ્લાહ પ્રતિ આમંત્રણની ફરજ અને શરત નથી, બલકે દા'વતની પદ્ધતિમાં ઉપસ્થિત થનારી એક સૂચના છે, જેમકે ત્યારબાદની આયતમાં ધૈર્ય ધરવાનું પ્રોત્સાહન અને પ્રેરણા આપવામાં આવી છે, કારણ કે દા'વતના કામમાં લોકો દ્વારા પહોંચતી પીડાઓ ઉપર ધીરજ ધરવું આવશ્યક છે.

ખુલાસો એ છે કે દા'વતના સિદ્ધાંતો બે વસ્તુઓ છે, હિકમત અને મવઈઝત, જેનાથી કોઈ દા'વત ખાલી ન હોવી જોઈએ ભલે વિદ્વાન અથવા સામાન્ય લોકો હોય અથવા ખાસ વ્યક્તિ, અલબત્ત દા'વતમાં કોઈ સમયે એવા વ્યક્તિઓ સાથે કામ પડે કે તેઓ શંકાઓ અને ભ્રમણાઓમાં પડ્યા હોય અને "દાઈ" (આમંત્રણ આપનાર) સાથે વાદ-વિવાદ (મુજાદિલા) ઉપર તૈયાર થઈ જાય તો એવી પરિસ્થિતિમાં મુજાદિલાની તા'લીમ આપવામાં આવી પરંતુ તેની સાથે بِالَّتِیْ هِیَ اَحْسَنُ ની શરત લગાવીને બતાવવામાં આવ્યું કે જો બહષ અને વાદ-વિવાદ આ શરતથી ખાલી હોય તો તેની શરીઅતમાં કોઈ હેસિયત કે સ્વરૂપ નથી.

દા'વત ઇલલ્લાહ (અલ્લાહ પ્રતિ આમંત્રણ)ના પયગમ્બરી અદબો (શિષ્ટાચાર) :

દા'વત ઈલલ્લાહ વાસ્તવમાં અંબિયા (અલૈ.)નો હોદ્દો છે, ઉમ્મતના ઉલમા આ હોદ્દામાં તેમના નાયબ હોવાની હેસિયતનો ઉપયોગ કરે છે; માટે જરૂરી એ છે કે તેમના અદબો અને તરીકાઓ પણ તેમની પાસેથી જ શીખે જે દા'વત તે પદ્ધતિઓ ઉપર ન રહે, તે દા'વતના બદલે અદાવત અને ઝઘડા તથા વાદ-વિવાદનું કારણ બની જાય છે.

પયગમ્બરી દા'વતના સિદ્ધાંતોમાં જે માર્ગદર્શન કુર્આને કરીમે હઝરત મૂસા અને હારૂન (અલૈ.) માટે નકલ કર્યું છે فَقُوْلَا لَهٗ قَوْلًا لَّيِّنًا لَّعَلَّهٗ يَتَذَكَّرُ اَوْ يَخْشٰى એટલે કે, "ફિરઔનની સાથે વિનમ્રતાથી વાત કરો કદાચ તેઓ સમજી જાય અથવા ડરી જાય." (૨૦:૪૪) આ બાબત દરેક સત્યના આમંત્રણ આપનાર માટે દરેક સમયે સામે રાખવી જરૂરી છે કે, ફિરઔન જેવા અત્યાચારી કાફિર કે જેનું મોત પણ અલ્લાહના જ્ઞાનમાં કુફ્ર ઉપર જ થવાનું હતું તેના તરફ પણ જ્યારે અલ્લાહ તઆલા પોતાના દાઈને મોકલે છે તો વિનમ્ર વાતચીત કરવાની સૂચના સાથે મોકલે છે, આજે આપણે જે લોકોને દા'વત આપીએ છીએ તે ફિરઔનથી વધારે ગુમરાહ નથી અને આપણામાંથી કોઈ મૂસા અથવા હારૂન (અલૈ.) સમાન હિદાયત પામેલ કે દાઈ નથી તો જ્યારે અલ્લાહ તઆલાએ પોતાના બંને પયગમ્બરોને એવી છૂટ ન આપી કે કઠોર ભાષામાં તેમની સાથે વાતચીત કરે,

તેના ઉપર કટાક્ષ કરે કે મ્હેણા મારે, તેનું અપમાન કરે તો આ અધિકાર આપણને ક્યાંથી પ્રાપ્ત થઈ ગયો ?

કુર્આને કરીમ અંબિયા (અલૈ.)ના આમંત્રણ અને પ્રચાર-પ્રસાર તથા કાફિરોની સાથે બહષથી ભર્યું પડ્યું છે, તેમાં ક્યાંય એવું નજરે નથી પડતું કે કોઈ અલ્લાહના રસૂલે સત્યના વિરુદ્ધ તેમના ઉપર કટાક્ષ કરનાર લોકોના જવાબમાં કોઈ કઠોર અથવા અણછાજતી વાત કહી હોય, તેના અમુક દાખલાઓ જોઈ લઈએ.

સૂરએ અઅ્રાફના સાતમાં રુકૂઅ્માં આયત ૫૯ થી ૬૭ સુધી બે પયગમ્બરો હઝરત નૂહ (અલૈ.) અને હઝરત હૂદ (અલૈ.) સાથે તેમની કોમના વાદ-વિવાદ અને તેમના સખત આક્ષેપોના જવાબમાં આ વડીલોએ જે શબ્દો કહ્યા તે અત્રે પ્રસ્તુત છે.

હઝરત નૂહ (અલૈ.) અલ્લાહ તઆલાના તે ઉચ્ચ કક્ષાના પયગમ્બર છે જેમની લાંબી ઉંમર દુનિયામાં મશ્હૂર છે, સાડા નવસો વર્ષ સુધી પોતાની કોમમાં આમંત્રણ અને પ્રચાર-પ્રસાર કરી તેમની સુધારણામાં દિવસ-રાત મશ્ગૂલ રહ્યા પરંતુ આ બદબખ્ત કોમમાંથી અમુક ગણ્યા-ગાંઠ્યા લોકો સિવાય કોઈએ તેમની વાત ન માની, એ તો ખરું જ ! પોતે તેમનો એક પુત્ર અને પત્ની પણ કાફિરોની સાથે જોડાયેલા રહ્યા, તેમની જગ્યાએ આજનો કોઈ દા'વત અને સુધારણાનો દા'વેદાર હોત તો આ કોમની સાથે આવો વિનમ્ર કેવી રીતે હોત ! અંદાજો લગાવો ત્યાર પછી જુઓ, તેમની બધી જ હમદર્દી અને તેમની ભલાઈ ઈચ્છવાની વૃત્તિ અને દા'વતના જવાબમાં તેમને કોમે શું કહ્યું ?

اِنَّا لَنَرٰىكَ فِىۡ ضَلٰلٍ مُّبِيۡنٍ ، (اَعۡرَاف)

"અમે તો આપને ખુલ્લી ગુમરાહીમાં જોઈ રહ્યા છે." (૭:૬૦)

આ બાજુ અલ્લાહના પયગમ્બર આ અત્યાચારી કૌમની ગુમરાહી અને દુષ્કૃત્યોનો પડદો ઉઠાવી નાંખવાના બદલે જવાબમાં શું ફરમાવે છે ! જુઓ,

يٰقَوۡمِ لَيۡسَ بِىۡ ضَلٰلَةٌ وَّلٰكِنِّىۡ رَسُوۡلٌ مِّنۡ رَّبِّ الۡعٰلَمِيۡنَ ؕ

"મારા ભાઈઓ ! મારામાં કોઈ ગુમરાહી નથી, હું તો તમામ દુનિયાઓના

પરવરદિગારનો રસૂલ અને સંદેશાવાહક છું (તમારા લાભની વાતો બતાવું છું)." (૭:૬૧)

ત્યારબાદ આવનાર અલ્લાહના બીજા રસૂલ હઝરત હૂદ (અલૈ.)એ તેમની કોમને મોઅ્જિઝાઓ બતાવવા છતાં તેઓએ દુશ્મનાવટભરી રીતે કહ્યું કે આપે પોતાના દા'વા ઉપર કોઈ દલીલ રજુ નથી કરી અને અમે આપના કહેવાથી પોતાના મઅ્બૂદો (મૂર્તિઓ)ને છોડવાના નથી, અમે તો એવું જ કહીએ છીએ કે તમે જે અમારા મઅ્બૂદોની શા'નમાં અસભ્ય વર્તન કરો છો તેના કારણે તમે ગાંડપણમાં સપડાઈ ચૂક્યા છો, હઝરત હૂદ (અલૈ.)એ આ બધું કંઈ સાંભળીને જવાબ આપ્યો,

اِنِّىۡۤ اُشۡهِدُ اللّٰهَ وَاشۡهَدُوۡۤا اَنِّىۡ بَرِىۡٓءٌ مِّمَّا تُشۡرِكُوۡنَ ط

"હું તો અલ્લાહને ગવાહ બનાવું છું અને તમે પણ ગવાહ રહો કે હું તે મૂર્તિઓથી અળગો અને બાકાત છું કે જેને તમે અલ્લાહના ભાગીદાર માનો છો."

(સૂરએ હૂદ ૧૧:૫૪)

અને સૂરએ અઅ્રાફમાં છે કે તેમની કોમે તેમને કહ્યું,

اِنَّا لَنَرٰىكَ فِىۡ سَفَاهَةٍ وَّ اِنَّا لَنَظُنُّكَ مِنَ الۡكٰذِبِيۡنَ (اَعۡرَاف)

"અમે તો તમને મૂર્ખામીમાં સપડાયેલા સમજીએ છીએ અને અમારું માનવું એ છે કે તમે જૂઠું બોલનારાઓમાંથી છો." (૭:૬૬)

કોમના આ મનદુઃખ થાય તેવા નિવેદનોના જવાબમાં અલ્લાહના રસૂલ હૂદ (અલૈ.)એ તેમને ન તો કોઈ બૂરું-ભલું કહ્યું અને ન જ તેમને કોઈ તેમની ગુમરાહી ઉપર કે અલ્લાહ ઉપર તેમણે કરેલ આક્ષેપબાજી કે જૂઠાણા વિશે કટાક્ષ કર્યો બલકે જવાબમાં માત્ર એટલું કહ્યું,

يٰقَوۡمِ لَيۡسَ بِىۡ سَفَاهَةٌ وَّلٰـكِنِّىۡ رَسُوۡلٌ مِّنۡ رَّبِّ الۡعٰلَمِيۡنَ ط (اَعۡرَاف)

"હે મારી જ્ઞાતિભાઈઓ ! મારા ઉપર કોઈ મૂર્ખામી કે કમબુદ્ધિ નથી, હું તો તમામ દુનિયાઓના પરવરદિગારનો રસૂલ છું." (૭:૬૭)

હઝરત શુઅયૂબ (અલૈ.)એ કોમને અંબિયા (અલૈ.)ના ચાલ્યા આવતા રિવાજ પ્રમાણે અલ્લાહ તરફ આમંત્રણ આપ્યું અને તેમની કોમમાં માપ-તોલમાં કમી કરવાની જે મોટી બુરાઈ હતી તેનાથી અટકી જવાનું માર્ગદર્શન આપ્યું તો તેમની કોમે તેમનો ઠઠ્ઠો-મશ્કરી કરી અને અપમાનજનક વેણ કહ્યા,

يٰشُعَيْبُ اَصَلٰوتُكَ تَاْمُرُكَ اَنْ نَّتْرُكَ مَا يَعْبُدُ اٰبَآؤُنَا اَوْاَنْ نَّفْعَلَ فِيْٓ اَمْوَالِنَا مَا

نَشٰٓؤُا اِنَّكَ لَاَنْتَ الْحَلِيْمُ الرَّشِيْدُ ۝

"હે શુઅયૂબ ! શું તમને તમારી નમાઝ એવો હુકમ આપે છે કે અમે પોતાના બાપદાદાના મઅ્બૂદોને છોડી દઈએ ? અને એ કે જે માલના અમે માલિક છે તેમાં પોતાની મરજી પ્રમાણે જે ઈચ્છીએ ન કરીએ ? ખરેખર તમે જ (માત્ર) મોટા દીન ઉપર ચાલનારા બુદ્ધિશાળી છો !?" (૧૧:૮૭)

તેમણે એક તો એ કટાક્ષ કર્યો કે તમે જે નમાઝ પઢો છો તે તમને મૂર્ખામીના કાર્યો શિખવાડે છે, બીજું એ કે માલ અમારો છે તેના ખરીદ-વેચાણના વ્યવહારમાં તમારી કે અલ્લાહની શું દખલગીરી ? અમે જે પ્રમાણે ઈચ્છીએ તેમાં વાપરવાનો અધિકાર ધરાવીએ છીએ, ત્રીજું વાક્ય ઠઠ્ઠા-મશ્કરીનું એ કહ્યું કે તમે જ મોટા બુદ્ધિશાળી અને દીન ઉપર ચાલનારા છો !

જાણ થઈ કે આ બેદીન અને ભૌતિકતાના પૂજારીઓ માત્ર આજે જ પેદા નથી થયા બલકે તેમના પણ અમુક પુરોગામીઓ છે જેમની વિચારસરણી એ જ હતી જે આજના અમુક નામના કહેવાતા મુસલમાનો કહી રહ્યા છે કે અમે મુસલમાન છીએ, ઈસ્લામને માનીએ છીએ પરંતુ આર્થિક વ્યવહારમાં અમે સોશ્યાલિઝમને અપનાવીએ છીએ, તેમાં ઈસ્લામની શું દખલગીરી છે ? અલબત્ત, આ જાલિમ કોમની આ ઠઠ્ઠા અને મશ્કરીયુક્ત વાતચીતનો જવાબ અલ્લાહના રસૂલે શું આપ્યો, જુઓ તો ખરા !

قَالَ يٰقَوْمِ اَرَءَيْتُمْ اِنْ كُنْتُ عَلٰى بَيِّنَةٍ مِّنْ رَّبِّيْ وَرَزَقَنِيْ مِنْهُ رِزْقًا حَسَنًا ؕ وَمَآ اُرِيْدُ اَنْ

اُخَالِفَكُمْ اِلٰى مَآ اَنْهٰكُمْ عَنْهُ ؕ اِنْ اُرِيْدُ اِلَّا الْاِصْلَاحَ مَا اسْتَطَعْتُ ؕ وَمَا تَوْفِيْقِيْٓ اِلَّا

بِاللّٰهِ ؕ عَلَيْهِ تَوَكَّلْتُ وَاِلَيْهِ اُنِيْبُ ۝ (سُوْرَةُ هُوْد، آيت ٨٨)

"હે મારી કોમ ! વારું એ તો બતાવો કે જો હું મારા પરવરદિગાર તરફથી દલીલ ઉપર કાયમ છું અને તેણે મને પોતાના તરફથી ઉત્તમ દોલત એટલે કે નુબુવ્વત આપી હોય તો પછી હું કેમ તેની તબ્લીગ ન કરું અને હું પોતે પણ તો તેના વિરુદ્ધ કોઈ અમલ નથી કરતો જે તમે બતાવો છો, હું તો માત્ર સુધારણા ઈચ્છું છું જ્યાં સુધી મારી શક્તિમાં છે અને મને જે કંઈ સુધારણા અને અમલની તવફીક થાય છે તે માત્ર અલ્લાહની જ મદદથી છે, હું તેના જ ઉપર ભરોસો કરું છું અને બધી જ પ્રવૃત્તિઓને તેના જ તરફ રુજૂઅ્ કરું છું." (૧૧:૮૮)

હઝરત મૂસા (અલૈ.)ને ફિરઔન તરફ મોકલતી વેળા જે વિનમ્રતાપૂર્વક વાતચીતની સૂચના અલ્લાહ તરફથી આપવામાં આવી હતી તેના ઉપર સંપૂર્ણ અમલ કર્યા છતાં ફિરઔનનું સંબોધન હઝરત મૂસા (અલૈ.) સાથે આ પ્રમાણે હતું.

قَالَ اَلَمْ نُرَبِّکَ فِیْنَا وَلِیْدًا وَّلَبِثْتَ فِیْنَا مِنْ عُمُرِکَ سِنِیْنَ ○ وَفَعَلْتَ فَعْلَتَکَ الَّتِیْ فَعَلْتَ وَاَنْتَ مِنَ الْکٰفِرِیْنَ ○ (سُوْرَۃُ شُعَرَاءُ)

"ફિરઔન કહેવા લાગ્યો, (અચ્છા તમે છો !) શું અમે તમારું બાળપણમાં પાલન-પોષણ નથી કર્યું ? અને તમે ઉંમરના તે વર્ષો અમારી પાસે રહ્યા-સહ્યા અને તમે પોતે તે હરકત પણ કરી હતી જે કરી હતી (એટલે કે કિબ્તીની હત્યા કરી નાંખી હતી) અને તમે ઘણા નાશુક્રા છો." (૨૬:૧૮-૧૯)

તેમાં હઝરત મૂસા (અલૈ.) ઉપર પોતાનો ઉપકાર જતાવ્યો કે બાળપણમાં અમે જ તમારું પાલન-પોષણ કર્યું હતું અને એ અહેસાન પણ જતાવ્યું કે મોટા થયા પછી પણ તમે લાંબા સમય સુધી અમારી પાસે રહ્યા, પછી એ ગુસ્સો કર્યો કે હઝરત મૂસા (અલૈ.)ના હાથે જે એક કિબ્તી વિના ઈરાદે માર્યો ગયો હતો તેના ઉપર ક્રોધ અને નારાજગીની જાહેરાત કરી કે તમે કાફિરો (નાશુક્રાઓ)માંથી થઈ ગયા.

અત્રે કાફિરોમાંથી થઈ જવાનો એ શાબ્દિક અર્થ પણ હોઈ શકે છે, એટલે કે "નાશુક્રી કરનારા" જેનો ભાવાર્થ એ થશે કે અમે તો તમારા ઉપર ઉપકારો કર્યા અને તમે અમારા એક માણસને મારી નાંખ્યો, જે અમારા ઉપકારની નાશુક્રી હતી

અને કાફિર પારિભાષિક ભાવાર્થ પણ હોઈ શકે છે, કારણ કે ફિરઔન પોતે ખુદાઈનો દા'વેદાર હતો તો જે તેની ખુદાઈનો ઇન્કારી હોય તે તેની દૃષ્ટિએ કાફિર થયો.

હવે આવી પરિસ્થિતિમાં હઝરત મૂસા (અલૈ.)નો જવાબ સાંભળો જે પયગમ્બરી અખ્લાકનો તાદશ્ય નમૂનો છે કે તેમાંથી સૌથી પહેલાં તો તે કમજોરી અને કોતાહીનો સ્વીકાર કરી લીધો જે તેમનાથી થઈ ગઈ હતી, એટલે કે એક ઈસ્રાઈલી વ્યક્તિ સાથે લડનારને છોડાવવા માટે એક મૂક્કો માર્યો હતો જેનાથી તે મરી ગયો, તો જો કે આ હત્યા જાણીબૂઝીને ઈરાદાપૂર્વકની ન હતી પરંતુ કોઈ દીની તકાદો પણ ન હતો, બલકે હઝરત મૂસા (અલૈ.)ની શરીઅત પ્રમાણે પણ તે વ્યક્તિ કતલ થવાપાત્ર ન હતો, એટલા માટે પ્રથમ એ સ્વીકાર કર્યો,

فَعَلْتُهَآ اِذًا وَّاَنَا مِنَ الضَّآلِّيْنَ (سُوْرَةُ شُعَرَاءَ)

"મેં આ કામ તે સમયે કર્યું હતું જ્યારે કે હું નાવાકેફ હતો." (૨૬:૨૦)

ભાવાર્થ એ છે કે આ કૃત્ય નુબુવ્વત મળતાં પહેલાં થઈ ગયું હતું, જ્યારે કે તેના વિશે મને અલ્લાહ તઆલાનો કોઈ હુકમ ખબર ન હતી અને ત્યાર પછી ફરમાવ્યું,

فَفَرَرْتُ مِنْكُمْ لَمَّا خِفْتُكُمْ فَوَهَبَ لِىْ رَبِّىْ حُكْمًا وَّجَعَلَنِىْ مِنَ الْمُرْسَلِيْنَ ○

(سُوْرَةُ شُعَرَاءَ)

"પછી મને ડર લાગ્યો તો હું તમારા ત્યાંથી ફરાર થઈ ગયો, પછી મને મારા પરવરદિગારે સમજદારી અર્પણ કરી અને મને પોતાના પયગમ્બરોમાં સામેલ કરી લીધો." (૨૬:૨૧)

પછી તેના અહેસાન જતાવવાનો જવાબ એ આપ્યો કે તમારું આ અહેસાન જતાવવું સારું નથી, કારણ કે મારા પાલન–પોષણનો મા'મલો તમારા જ જુલમ અને અત્યાચારનું પરિણામ હતું કે તમે બની ઈસ્રાઈલના બાળકોની હત્યાનો હુકમ આપ્યો હતો, એટલા માટે મારી વાલિદાએ મજબૂર થઈને મને નદીમાં તરતો મૂકી દીધો અને તમારા ઘર સુધી પહોંચવાની નોબત આવી. ફરમાવ્યું,

وَتِلْكَ نِعْمَةٌ تَمُنُّهَا عَلَيَّ اَنْ عَبَّدْتَّ بَنِيْٓ اِسْرَآئِيْلَ ○ (سُوْرَةُ شُعَرَاء)

"(રહી પાલન-પોષણ કરવાના અહેસાન જતાવવાની વાત) બસ, આ તે નેઅ્મત છે જેનું તું મારા ઉપર અહેસાન ધરાવે છે કે તેં બની ઈસ્રાઈલને સખત અપમાનમાં રાખી હતી." (૨૬:૨૨)

ત્યારબાદ ફિરઔને જ્યારે પ્રશ્ન કર્યો, وَمَا رَبُّ الْعٰلَمِيْنَ એટલે કે, દુનિયાઓનો પરવરદિગાર કોણ છે અને શું છે ? તો જવાબમાં ફરમાવ્યું કે તે આસમાનો અને જમીનનો અને જે કંઈ તેની મધ્યે છે તે સૌનો પરવરદિગાર છે. તેના ઉપર ફિરઔને ઠઠ્ઠો-મશ્કરી કરવા દરબારીઓને કહ્યું, اَلَا تَسْتَمِعُوْنَ એટલે કે, તમે સાંભળી રહ્યા છો ? આ કેવી બુદ્ધિ વિનાની વાત કહી રહ્યો છે ! તેના ઉપર હઝરત મૂસા (અલૈ.)એ ફરમાવ્યું,

رَبُّكُمْ وَرَبُّ اٰبَآئِكُمُ الْاَوَّلِيْنَ ○

"તમારા અને તમારા બાપ-દાદાઓનો પણ તે જ પરવરદિગાર છે." (૨૬:૨૬)

આ દા'વત ઉપર ફિરઔને ચિડાઈને કહ્યું,

اِنَّ رَسُوْلَكُمُ الَّذِيْٓ اُرْسِلَ اِلَيْكُمْ لَمَجْنُوْنٌ ○ (૨૬:૨૭)

"આ તમારા તરફ અલ્લાહનો રસૂલ થવાનો જે દા'વેદાર છે, તે ગાંડો છે."

મજનૂન અને ગાંડો કહી દેવાના નિવેદન ઉપર પણ હઝરત મૂસા (અલૈ.)એ તેનું ગાંડપણ અને પોતાની બુદ્ધિ સાબિત કરવાના બદલે તેના તરફ ધ્યાન જ ન આપ્યું, બલકે અલ્લાહ રબ્બુલ આલમીનની એક સિફત વર્ણન કરી.

رَبُّ الْمَشْرِقِ وَالْمَغْرِبِ وَ مَابَيْنَهُمَآ اِنْ كُنْتُمْ تَعْقِلُوْنَ ○ (سُوْرَةُ شُعَرَاء)

"તે પરવરદિગાર છે પૂર્વ અને પશ્ચિમનો અને જે કંઈ તેના મધ્યે છે જો તમને કંઈ બુદ્ધિ હોય." (૨૬:૨૮)

આ એક લાંબી વાતચીત છે જે ફિરઔનના દરબારમાં હઝરત મૂસા (અલૈ.) અને ફિરઔન વચ્ચે થઈ રહી છે, જે સૂરએ શુઅ્રાના ત્રણ રુકૂઅ્માં વર્ણન થઈ છે, અલ્લાહના સ્વીકૃતિપ્રાપ્ત રસૂલ હઝરત મૂસા (અલૈ.)ની આ

વાતચીતને પ્રથમથી અંત સુધી જુઓ, ન તો ક્યાંય ઉશ્કેરાટ કે ભાવુકતાની જાહેરાત છે અને ન જ તેની કઠોર વાતચીતનો કોઈ કઠોર જવાબ છે, બલકે સતત અલ્લાહ જલ્લ શા'નુહૂની વિશિષ્ટ સિફતો અને લક્ષણોનું વર્ણન છે અને તબ્લીગનો ક્રમ ચાલુ રાખ્યો છે.

આ ટૂંકો નમૂનો છે અંબિયા (અલૈ.)ની બહષ (મુજાદિલા)નો જે પોતાની જિદ્દી અને હઠધર્મી કોમમાં કરવામાં આવી હતી અને મુજાદિલા (Debate–બહષ) بِالَّتِىۡ هِىَ اَحۡسَنُ (બિલ્લતી હિય અહસનુ) જે કુર્આનની તા'લીમ છે તેનો વ્યવહારિક ખુલાસો છે.

મુજાદિલા ઉપરાંત દા'વત અને તબ્લીગમાં દરેક સંબોધકે દરેક પરિસ્થિતિ અનુસાર યોગ્ય વાતચીત કરવામાં હિકમતપૂર્ણ સિદ્ધાંતો અને વિષયો તથા વ્યાખ્યાઓમાં હિકમત અને મસ્લિહતનું ધ્યાન અને કાળજી પણ રાખવી જોઈએ, એ પ્રમાણે કે જે રીતે અંબિયા (અલૈ.)એ અપનાવ્યું હતું અને દા'વત ઈલલ્લાહને સ્વીકૃત, અસરકારક અને ટકાઉ બનાવવા માટે જે શૈલી અંબિયા (અલૈ.)એ અપનાવી છે તે જ દા'વતની અસલ રૂહ છે, તેની વિગતો તે બધા જ નબવી શિક્ષણમાં ફેલાયેલી છે, નમૂના સ્વરૂપે અત્રે અમુક બાબતો જોઈ લઈએ.

રસૂલે કરીમ ﷺની દા'વત અને તબ્લીગ તથા શિખામણ અને બોધપાઠમાં એ બાબતની ખૂબ કાળજી રાખવામાં આવતી હતી કે શ્રોતા ઉપર ભાર ન પડે, સહાબએ કિરામ (રદિ.) જે પ્રમાણે રસૂલે કરીમ ﷺ ઉપર પ્રાણ ન્યોછાવર કરતા હતા કે તેમના માટે એ બાબતની જરાય સંભાવના કે સંદેહ ન હતો કે તેઓ આપ ﷺની વાતો સાંભળીને અકળાઈ ઉઠે, એટલા માટે તેમના માટે પણ રસૂલે કરીમ ﷺની ટેવ એ જ હતી કે તેઓ શિખામણ અને બોધપાઠ દરરોજ નહીં બલકે અઠવાડિયાના અમુક દિવસોમાં કરતા હતા, જેથી લોકોને પોતાના કારોબાર અને પ્રવૃત્તિઓમાં કોઈ વાંધો ન આવે અને તેમના સ્વભાવ ઉપર તેનો ભાર ન પડે.

સહીહ બુખારીમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.)ની રિવાયત છે કે આપ ﷺ એક અઠવાડિયા પછી વઅ્ઝ કરતા હતા જેથી અમે કંટાળી ન જઈએ અને અન્યોને પણ રસૂલે કરીમ ﷺ તરફથી આ જ સૂચના અને

માર્ગદર્શન હતું.

હઝરત અનસ (રદિ.) ફરમાવે છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું,

يَسِّرُوْا وَلَا تُعَسِّرُوْا وَبَشِّرُوْا وَلَا تُنَفِّرُوْا، (صَحِيْح بُخَارِىْ، كِتَابُ الْعِلْم)

"લોકો ઉપર આસાની કરો, મુશ્કેલી પેદા ન કરો અને તેમને અલ્લાહની રહમતની ખુશખબરી સંભળાવો, તેમને હતાશા અને ચિંતામાં ન નાંખો."

(સહીહ બુખારી, કિતાબુલ ઈલ્મ)

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.) ફરમાવે છે કે આપણે રબ્બાની શાસકો, વિદ્વાન તથા ફકીહ બનવું જોઈએ, સહીહ બુખારીમાં આ નિવેદન નકલ કરીને શબ્દ "રબ્બાની"નું એવું વિવરણ કરવામાં આવ્યું છે કે જે વ્યક્તિ દા'વત અને તબ્લીગ (પ્રચાર અને પ્રસાર) તથા શિક્ષણ તથા કેળવણીના સિદ્ધાંતોને સ્થાપિત કરતાં પહેલાં સહેલી-સહેલી વાતો બતાવે, જ્યારે લોકોને તેની ટેવ થઈ જાય તો તે સમયે બીજા હુકમો બતાવે જે શરૂઆતના તબક્કામાં મુશ્કેલ છે, આવું કરનાર "રબ્બાની આલિમ" છે. આજકાલ જે વઅ્ઝ અને તબ્લીગની અસર ઘણી જ ઓછી થાય છે તેનું મોટું કારણ એ છે કે ખાસ કરીને તેનું કામ કરનારા આ સિદ્ધાંતો અને અદબોની કાળજી રાખતા નથી, લાંબા-લાંબા ભાષણો, સમયે-કસમયે બોધપાઠ કરવા લાગી જવું, શ્રોતાની પરિસ્થિતિ જાણ્યા વિના તેને કોઈ કામ કરવા માટે મજબૂર કરવું; આ તે લોકોની આદત બની ચૂકી છે.

રસૂલે કરીમ ﷺના દા'વત અને સુધારણાના કાર્યમાં એ બાબતની પણ ખૂબ કાળજી રાખવામાં આવતી હતી કે શ્રોતાને હલકો પાડવામાં ન આવે અથવા તેનું અપમાન ન થાય, એટલા માટે જ્યારે કોઈ વ્યક્તિને જોતા કે તે વ્યક્તિ ખોટા અને ખરાબ કામમાં સપડાયેલો છે તો તેને સીધે-સીધું સંબોધન કરવાને બદલે જાહેર સભાને સંબોધિત કરીને ફરમાવતા હતા,

مَابَالُ اَقْوَامٍ يَفْعَلُوْنَ كَذَا،

"લોકોને શું થઈ ગયું છે કે ફલાણું કામ કરવા લાગ્યા છે ?"

આ જાહેર સંબોધનમાં જેને સંભળાવવાનો મૂળ હેતુ રહેતો હતો તે પણ સાંભળી લેતો હતો અને દિલમાં શરમાઈને તેને છોડી દેવાની ફિકરમાં લાગી જતો.

અંબિયા (અલૈ.)ની સામાન્ય ટેવ એ જ હતી કે શ્રોતાને શરમમાં નાંખવાથી બચતા હતા, એટલા માટે અમુક સમયે જે કાર્ય શ્રોતાથી થઈ જાય તો તેનો પોતાના તરફ સંબંધ જોડીને સુધારણાનો પ્રયત્ન કરતા. સૂરએ યાસીનમાં છે, وَمَالِىَ لَآاَعْبُدُ الَّذِىْ فَطَرَنِىْ એટલે કે, મને શું થઈ ગયું કે હું પોતાના પેદા કરનારાની ઈબાદત ન કરું ?! દેખીતું છે કે આ પયગમ્બર તો દરેક સમયે ઈબાદતમાં મશ્ગૂલ હતા, સંભળાવવું તો તેમના શ્રોતાને હતું જેઓ ઈબાદતમાં પ્રવૃત્ત નથી પરંતુ તે કાર્યનો પોતાની સાથે સંબંધ જોડયો.

દા'વતનો અર્થ બીજાને પોતાની પાસે બોલાવવું થાય છે, માત્ર તેની ખામીઓ વર્ણન કરવાનો અર્થ નથી અને આ બોલાવવું એવા જ સમયે બની શકે છે જયારે કે સંબોધન કરનાર અને શ્રોતામાં કોઈ સમાનતા હોય, એટલા માટે કુર્આનમાં અંબિયા (અલૈ.)ની દા'વતનો વિષય મોટા ભાગે يٰقَوْمِ (યા કવ્‌મી) હે કોમ ! થી શરૂ થાય છે, જેમાં પોતાના ભાઈ તરીકેના સગપણની સમાનતાને પ્રથમ જતાવીને આગળ સુધારણા માટેની વાતચીત કરવામાં આવે છે કે આપણે તો એક જ જ્ઞાતિના માણસો છીએ કોઈ પરસ્પર સૂગ કે નફરત પણ ન હોવી જોઈએ, એવું કહીને પોતાની સુધારણાના કાર્યને શરૂ કરે છે.

રસૂલે કરીમ ﷺએ દા'વતનો કાગળ જે રૉમના બાદશાહ હરક્યુલસના નામનો મોકલ્યો તેમાં પ્રથમ રૉમન કીંગને عَظِيْمُ الرُّوْمِ (અઝીમુર્રૂમ)ના ઉપનામથી સંબોધન કર્યું જેમાં તેનું યોગ્ય સન્માન અને પ્રતિષ્ઠાની જાહેરાત છે, કારણ કે તેમાં તેના મોટા હોવાનો સ્વીકાર પણ છે પરંતુ તે મોટાઈ રૉમનો માટે છે પોતાના માટે નથી, ત્યારબાદ ઈમાનની દા'વત આ વિષય હેઠળ આપવામાં આવી.

يٰٓاَهْلَ الْكِتٰبِ تَعَالَوْا اِلٰى كَلِمَةٍ سَوَآءٍ بَيْنَنَا وَبَيْنَكُمْ اَنْ لَّا نَعْبُدَ اِلَّا اللّٰهَ،

"હે અહલે કિતાબ ! તે કલિમહ તરફ જલદી આવી જાઓ, જે અમારા અને તમારા દરમિયાન એકસમાન છે, એટલે એ કે આપણે અલ્લાહ સિવાય કોઈની ઈબાદત કરીશું નહીં." *(સૂરએ આલિ ઈમ્રાન ૩:૬૪)*

જેમાં પ્રથમ પરસ્પર એક સમાન મુદ્દો એટલે કે "વહ્‌દત" (એક માત્ર અલ્લાહની ઈબાદત કરવા)નું વર્ણન કર્યું અને બતાવ્યું કે તવહીદનો અકીદહ

અમારા અને તમારા દરમિયાન સમાન છે, ત્યારબાદ ઈસાઈઓને પોતાની ભૂલ ઉપર આગાહ કર્યા.

રસૂલે કરીમ ﷺના શિક્ષણ ઉપર ધ્યાન આપવામાં આવે તો દરેક શિક્ષણ અને દા'વતમાં આ જ પ્રમાણેના અદબો અને સિદ્ધાંતો જોવા મળશે, આજકાલ પ્રથમ તો દા'વત અને સુધારણા તથા અમ્ર બિલ મઅ્રૂફ અને નહી અનિલ મુન્કર તરફ ધ્યાન જ નથી રહ્યું અને તેમાં જેઓ પ્રવૃત્ત થયા છે તેમણે ફક્ત વાદ-વિવાદ કરવાને તથા વિરોધીઓ ઉપર આક્ષેપબાજી કરવાને, એકબીજાને નીચા દેખાડવાને, અપમાન કરવાને દા'વતો-તબ્લીગ સમજી લીધી છે, જે સુન્નતના ખિલાફ હોવાના કારણે કદાપિ અસરકારક અને લાભકારક નથી બની શકતું, તેઓ સમજતા રહે છે કે અમે ઈસ્લામની બહુ મોટી સેવા કરી રહ્યા છે પરંતુ વાસ્તવમાં તેઓ લોકોને દૂર કરવાનું (મુતનફ્ફિર થવાનું) કારણ બને છે.

બિનજરૂરી વાદ-વિવાદના દીની અને દુનિયવી નુકસાનો :

પ્રસ્તુત તફસીરની આયતથી એ જાણ થઈ ચૂકી છે કે શરીઅતનો મૂળ હેતુ દા'વત ઈલલ્લાહ (અલ્લાહ પ્રતિ આમંત્રણ) છે જેના બે સિદ્ધાંતો છે, એક હિકમત (વસ્તુ સ્થિત પ્રમાણે યોગ્ય નિર્ણય) અને બીજી મવઈઝતે હુસ્ના (સારી અને વિનમ્રતાથી કરવામાં આવતી વાતચીત અને શિખામણ) છે, મુજાદિલા (બહષ-Debate)નું સ્વરૂપ ક્યારેક આવી પણ જાય તો તેના માટે પણ "અહ્‌સન" (ભલાઈ)ની શરત લગાવીને તેની પરવાનગી આપવામાં આવી છે પરંતુ વાસ્તવમાં તે દા'વતનો કોઈ વિભાગ નથી, બલકે તેના નકારાત્મક પાસાની એક તદ્‌બીર છે જેમાં કુર્આને કરીમે بِالَّتِىۡ هِىَ اَحۡسَنُ ની શરત લગાવીને જે રીતે એ બતાવ્યું છે કે તે નમ્રતા, ભલાઈ અને હમદર્દીની ભાવનાથી થવી જોઈએ અને તેમાં સ્પષ્ટ દલીલો દ્વારા શ્રોતાની વસ્તુ-સ્થિતિને ધ્યાનમાં રાખીને વર્ણન કરવી જોઈએ, શ્રોતાનું અપમાન કરવાથી અને તેને ધુતકારાવાથી બિલકુલ બચવું જોઈએ, એ જ પ્રમાણે તેના અહ્‌સન (ભલા) હોવા માટે એ પણ જરૂરી છે કે પોતે સંબોધક માટે પણ નુકસાનકારક ન હોવું જોઈએ કે તેમાં નીચ કક્ષાના પ્રાકૃતિક દુષણો જેમકે અદેખાઈ, અદાવત, અભિમાન, હોદાની લાલચ વગેરે પેદા ન થવું જોઈએ જે બાતિનના ગુનાહે કબીરહ છે અને આજકાલ તો બહષ, વાદ-વિવાદ

અને મુનાજરા કે મુજાદિલાથી ભાગ્યે જ અલ્લાહનો કોઈ બંદો છુટકારો પામે તો શક્ય છે નહિતર તેનાથી બચવું ઘણું અઘરું છે.

ઈમામ ગિઝાલી (રહ.)એ ફરમાવ્યું કે, "જે પ્રમાણે શરાબ (દારૂ) ઉમ્મુલ ખબાઈશ (સઘળી બુરાઈઓની જનેતા) છે કે પોતે પણ જઘન્ય અપરાધ છે અને અન્ય મોટા-મોટા શારીરિક ગુનાહોનું કારણ બને છે એ જ પ્રમાણે બહષ-Debateમાં જ્યારે હેતુ શ્રોતા ઉપર જીત મેળવવાનો થઈ જાય અને પોતાના જ્ઞાનની શ્રેષ્ઠતા લોકો ઉપર જાહેર કરવાનો અંગત હેતુ બની જાય તો તે પણ બાતિન માટે "ઉમ્મુલ ખબાઈશ" છે," જેના પરિણામે ઘણી બધી આધ્યાત્મિક બીમારીઓ જન્મ લે છે, દાખલા તરીકે અદેખાઈ, અદાવત, અભિમાન, ગીબત, અન્યોની ખામીઓની પાછળ લાગેલા રહેવું, કોઈની બુરાઈથી ખુશ થવું અને ભલાઈથી દુઃખી થવું, સત્ય સ્વીકારવાથી અભિમાન કરવું, અન્યોના નિવેદન ઉપર ન્યાય અને ઈન્સાફની સાથે વિચાર કરવાના બદલે તેને જવાબ આપવાની ચિંતા કરવી ભલે તેમાં કુર્આન અને સુન્નતની તા'વીલ કેમ ન કરવી પડે ! વગેરે... આ તે ભયંકર બીમારીઓ છે જેમાં મોટા-મોટા પ્રતિષ્ઠિત ઉલમા પણ સપડાઈ જાય છે અને મા'મલો જ્યારે હદથી વધી જાય છે ત્યારે તો હાથાપાઈ અને લડાઈ કે ઝઘડા સુદ્ધાં થવા માંડે છે, ઈન્નાલિલ્લાહી વઈન્ના ઈલયહિ રાજિઊન.

ઈમામ શાફઈ (રહ.) ફરમાવે છે,

"ઈલ્મ (જ્ઞાન) તો જ્ઞાનીઓ અને પ્રતિષ્ઠિત વ્યક્તિઓ વચ્ચે એક ભાઈચારાનું માધ્યમ છે તો તે લોકો જેમણે જ્ઞાનને જ દુશ્મનીનું માધ્યમ બનાવી લીધું છે તેઓ અન્યોને પોતાના ધર્મના અનુસરણની દા'વત કઈ રીતે આપે !? તેમની દ્રષ્ટિમાં અન્યો ઉપર જીત પ્રાપ્ત કરવી જ હોય તો પછી તેમનામાં પરસ્પર ભાઈચારો, લાગણી અને મહોબ્બતની કલ્પના કઈ રીતે કરી શકાય છે ? અને એક વ્યક્તિ માટે તેનાથી મોટી બુરાઈ અને ખરાબી શું હશે કે તે તેને મુનાફિકાના (દોગલાપણાના) અખ્લાકમાં સંડોવી દે અને મો'મિનો તથા મુત્તકીઓના અખ્લાકથી વંચિત કરી દે !"

ઈમામ ગિઝાલી (રહ.)એ ફરમાવ્યું કે, "દીનના ઈલ્મ અને સત્યના

આમંત્રણમાં પ્રવૃત્ત થનાર યા તો સાચા સિદ્ધાંતોનો તાબે'દાર અને નુકસાનકર્તા ખતરાઓથી બચીને હંમેશા-હંમેશની સફળતા પ્રાપ્ત કરી લે છે અથવા તો પછી એવી પરિસ્થિતિમાં જઈ પડે છે જ્યાં હંમેશા-હંમેશની બરબાદી હોય છે, તેમનું આ બંને વચ્ચે રહેવું ઘણી દૂરની વાત છે, કારણ કે જે જ્ઞાન નફાકારક નથી તે અઝાબ જ છે." રસૂલે કરીમ ﷺનો ઈરશાદ છે,

اَشَدُّ النَّاسِ عَذَابًا يَوْمَ الْقِيٰمَةِ عَالِمٌ لَمْ يَنْفَعْهُ اللّٰهُ بِعِلْمِهٖ،

"સૌથી વધારે કઠોર અઝાબમાં કયામતના દિવસે તે આલિમ હશે જેના ઈલ્મથી અલ્લાહ તઆલાએ તેને લાભ ન બખ્શ્યો હોય."

એક બીજી સહીહ હદીષમાં છે,

لَا تَتَعَلَّمُوا الْعِلْمَ لِتُبَاهُوْا بِهِ الْعُلَمَآءَ وَلِتُمَارُوْا بِهِ السُّفَهَاءَ وَلِتَصْرِفُوْا بِهٖ وُجُوْهَ النَّاسِ اِلَيْكُمْ فَمَنْ فَعَلَ ذٰلِكَ فَهُوَ فِى النَّارِ ط

(اِبْنُ مَاجَهْ مِنْ حَدِيْثِ جَابِرٍ بِاِسْنَادٍ صَحِيْحٍ كَذَافِىْ تَخْرِيْجِ الْعِرَاقِى عَلَى الْاِحْيَاءِ)

"દીનના ઈલ્મને એ હેતુથી ન શીખો કે તેના દ્વારા બીજા ઉલમાઓના મુકાબલામાં ગર્વ અને ઈજ્જત પ્રાપ્ત કરી લો અથવા ઓછા ઈલ્મવાળા લોકો સાથે ઝઘડો કરી લો, તેના દ્વારા લોકોનું ધ્યાન પોતાના તરફ આકર્ષિત કરી લો; જે એવું કરશે તે આગમાં છે."

એટલા માટે ફકીહ ઈમામોએ અને અહલે હકનો મસ્લક આ બાબતમાં એવો હતો કે ઈલ્મી મસ્અલાઓમાં બહષ (Debate) અને ઝઘડો કદાપિ જાઈઝ સમજતા ન હતા, સત્યના આમંત્રણ માટે એટલું પૂરતું છે કે જેને ભૂલ ઉપર સમજતા હોય તેને વિનમ્રતાથી તેની ભલાઈ ચાહીને આ વિષયની દલીલોની સાથે તેને પોતાની ભૂલ ઉપર ચેતવણી આપવામાં આવે, પછી જો તે સ્વીકારી લે તો બહેતર છે નહિતર મૌન અપનાવે, ઝઘડો અને ખરાબ ભાષાનો ઉપયોગ કરવાથી બિલકુલ પરહેઝ કરે, ઈમામ માલિક (રહ.)નો ઈરશાદ છે,

كَانَ مَالِكٌ يَقُوْلُ الْمِرَاءُ وَالْجِدَالُ فِى الْعِلْمِ يَذْهَبُ بِنُوْرِ الْعِلْمِ عَنْ قَلْبِ الْعَبْدِ

وَقِيلَ لَهُ رَجُلٌ لَّهُ عِلْمٌ بِالسُّنَّةِ فَهَلْ يُجَادِلُ عَنْهَا قَالَ لَا وَلٰكِنْ يُّخْبِرُ بِالسُّنَّةِ فَإِنْ قُبِلَ

مِنْهُ وَإِلَّا سَكَتَ، (اَوْجَزُ الْمَسَالِكِ شَرْحِ مُوَطَّا ص ۱۵، ج ۱)

"ઈમામ માલિક (રહ.)એ ફરમાવ્યું કે ઇલ્મમાં ઝઘડો અને વાદ-વિવાદ ઈલ્મનો પ્રકાશ મનુષ્યના હૃદયમાંથી કાઢી નાંખે છે. કોઈએ વિનંતી કરી કે એક વ્યક્તિને જેને સુન્નતનું જ્ઞાન છે, શું તે સુન્નતની હિફાઝત માટે વાદ-વિવાદ કરી શકે છે ? ફરમાવ્યું, નહીં ! બલકે તેણે પોતાના શ્રોતાને સાચી વાતની જાણ કરી દેવી જોઈએ પછી જો તે સ્વીકારે તો સારું છે નહિતર મૌન ધારણ કરે."

આ યુગમાં દા'વત અને સુધારણાનું કામ સંપૂર્ણ રીતે અસરકારક ન હોવાના બે કારણો છે, એક તો એ કે સમયના ફસાદ અને હરામ વસ્તુઓની છૂટછાટના કારણે સામાન્ય રીતે લોકોના દિલો સખત અને આખિરતથી ગાફેલ થઈ ગયા છે અને સત્ય સ્વીકારવાની તવફીક ઘણી ઓછી થઈ ગઈ છે અને અમુક તો એવા ક્રોધમાં સંડોવાયા છે જેની રસૂલે કરીમ ﷺએ ખબર આપી હતી કે અંતિમ યુગમાં ઘણા બધા લોકોના દિલો ઊંધા થઈ જશે, ભલા-બુરાની ઓળખ તથા જાઇઝ-નાજાઇઝનો તફાવત તેમના દિલોમાંથી ઊઠી જશે.

અને બીજું કારણ એ છે કે "અમ્ર બિલ મઅ્રૂફ અને નહી અનિલ મુન્કર" (ભલાઈનું આમંત્રણ અને બુરાઈથી રોકવા)ની ફરજથી ગફલત સામાન્ય થઈ પડશે, સામાન્ય જનતાની તો શું વાત કરવી ? ખાસ ઉલમા અને નેક લોકોમાં તેની જરૂરતનો અહેસાસ ઘણો ઓછો છે, એ સમજી લેવામાં આવ્યું છે કે માત્ર પોતાના અમલોને ઠીકઠાક કરી લેવામાં આવે તો તે પૂરતું છે ભલે તેમની પોતાની અવલાદ, પત્ની, ભાઈ, દોસ્ત અને સગાં-વહાલાં કેવાય ગુનાહોમાં સંડોવાયા હોય ! તેમની સુધારણાની ચિંતા જાણે તેમના માથે છે જ નથી, જ્યારે કે કુર્આન અને હદીષની ખુલ્લમ-ખુલ્લી નુસૂસ દરેક વ્યક્તિની જવાબદારી પોતાના પરિવાર અને સંબંધીઓની સુધારણાને ફરજ ઠરાવે છે. قُوْٓا اَنْفُسَكُمْ وَاَهْلِيْكُمْ نَارًا અને પછી જો અમુક લોકો દા'વત અને સુધારણાના ફરજ તરફ ધ્યાન આપે પણ છે તો તેઓ કુર્આનની તા'લીમ અને પયગમ્બરી દા'વતના સિદ્ધાંતો અને અદબોથી બેખબર છે અને વિના વિચાર્યે સમજ્યે જેને જે સમયે, જે ઇચ્છે કહી

નાંખે છે અને એવું સમજી બેસે છે કે તેણે પોતાની ફરજ અદા કરી લીધી, જ્યારે કે આવી પદ્ધતિ અંબિયા (અલૈ.)ની સુન્નત વિરુદ્ધ હોવાના કારણે લોકોને દીન અને દીનના હુકમો ઉપર અમલો કરવાથી ઔર વધારે દૂર ફેંકી દે છે.

ખાસ કરીને જ્યારે કોઈ બીજાની ટીકા–ટિપ્પણીની નોબત આવે તો નામ લઈને તેની ટીકા કરવા અને ઠેકડી ઉડાવવા તથા મજાક–મશ્કરી કરવા સુધી વાત પહોંચી જાય છે અને ઈમામ શાફઈ (રહ.)એ ફરમાવ્યું,

"જે વ્યક્તિને કોઈ ભૂલ ઉપર ચેતવવો છે જો તમે તેને એકાંતમાં વિનમ્રતા સાથે સમજાવો તો એ નસીહત છે અને જો જાહેરમાં લોકોની સામે તેને અપમાનિત કર્યો તો એ ઝિલ્લત (અપમાન) છે."

આજકાલ તો એકબીજાની ખામીઓને છાપાઓ, જાહેરાતો વગેરે દ્વારા જાહેરમાં લાવવાને દીનની સેવા સમજી લેવામાં આવી છે, અલ્લાહ તઆલા આપણ સૌને દીન અને તેની દા'વતની સાચી સમજ અને અદબો પ્રમાણે તેની સેવા કરવાની તવફીક અતા ફરમાવે. આમીન.

અહીંયાં સુધી દા'વતના સિદ્ધાંતો અને તેના અદબો વર્ણન થયા, ત્યાર પછી ફરમાવ્યું, اِنَّ رَبَّكَ هُوَ اَعْلَمُ بِمَنْ ضَلَّ عَنْ سَبِيْلِهٖ وَهُوَ اَعْلَمُ بِالْمُهْتَدِيْنَ ط આ વાક્ય દીનના દાઈઓ એટલે કે આમંત્રણ આપનારાઓને દિલાસા માટે ઈરશાદ ફરમાવવામાં આવ્યું છે, કારણ કે પ્રસ્તુત દા'વતના અદબો ઉપયોગ કરવા છતાં જ્યારે શ્રોતા સત્ય વાતનો સ્વીકાર ન કરે તો સ્વાભાવિક રીતે દરેક વ્યક્તિને તેનો સખત આઘાત લાગે છે અને અમુક સમયે તેની અસર એ પણ હોઈ શકે છે કે દા'વતમાં લાભ ન જોઈને વ્યક્તિ ઉપર હતાશા છવાઈ જાય છે અને તે દા'વતનું કામ જ છોડી બેસે છે, એટલા માટે આ વાક્યમાં ફરમાવવામાં આવ્યું કે તમારું કામ માત્ર સત્યની દા'વતના સિદ્ધાંતો પ્રમાણે તેને અદા કરી આપવાનું છે, આગળ ઉપર તેનો સ્વીકાર કરવા અથવા ન કરવામાં આપની કોઈ દખલગીરી નથી, ન જ તે આપની જવાબદારી છે, તે તો માત્ર અલ્લાહ તઆલાનું જ કાર્ય છે, તે જ જાણે છે કે કોણ ગુમરાહ રહેશે અને કોને હિદાયત પ્રાપ્ત થશે, તમે તેની ચિંતામાં ન પડો, પોતાનું કામ કરતા રહો, તેમાં હિંમત ન હારો, હતાશ ન થાઓ. આથી જાણ થઈ કે આ વાક્ય પણ દા'વતના અદબની જ પૂર્ણતા છે.

સત્યના પ્રચારકને કોઈ ત્રાસ આપે તો બદલો લેવો પણ જાઇઝ છે પરંતુ ધૈર્ય દાખવવું ઉત્તમ છે :

ત્યાર પછીની ત્રણ આયતોમાં સત્યના પ્રચારકો માટે એક મહત્ત્વનું માર્ગદર્શન છે, તે એ કે અમુક સમયે એવા કઠોર હૃદયના જાહિલો સાથે કામ પડે છે કે તમે ગમે એટલી વિનમ્રતા અને ભલાઈ સાથે તેમને વાત સમજાવો છતાં પણ તેઓ ઉશ્કેરાઈ જાય છે, મૌખિક રીતે કડવા વેણ ઉચ્ચારી પીડા પહોંચાડે છે અને અમુક સમયે તેનાથી પણ આગળ વધીને શારીરિક તકલીફ પણ પહોંચાડવાથી બલકે હત્યા કરવાથી પણ અટકતા નથી, એવી પરિસ્થિતિમાં સત્યના પ્રચારકોએ શું કરવું જોઈએ ?

તેના માટે وَاِنْ عَاقَبْتُمْ માં એક તો તે લોકોને કાનૂની હક આપવામાં આવ્યો છે કે જેઓ તમારા ઉપર અત્યાચાર કરે તમારે પણ તેની પાસેથી બદલો લેવો જાઈઝ છે પરંતુ આ શરતની સાથે કે બદલો લેવામાં અત્યાચારના પ્રમાણ કરતા અતિરેક કરવામાં ન આવે, જેટલો અત્યાચાર તેણે કર્યો છે તેટલો જ બદલો લેવામાં આવે, તેમાં વધારો ન થવા પામે.

અંતિમ આયતમાં એવી સલાહ આપવામાં આવી છે કે જો કે તમને બદલો લેવાનો અધિકાર છે પરંતુ સબ્ર કરો, ધૈર્ય દાખવો અને બદલો ન લો તો એ ઉત્તમ બાબત છે.

પ્રસ્તુત આયતોનો શા'ને નુઝૂલ અને રસૂલે કરીમ ﷺ તથા સહાબા (રદિ.) દ્વારા આ હુકમની પાબંદી :

જમહૂર (બહુમતી) વિવરણકારોના મતે આ આયત મદની છે, તે ગઝ્વએ ઉહદમાં સિત્તેર સહાબા (રદિ.)ની શહાદત અને હઝરત હમ્ઝા (રદિ.)ને કતલ કરીને તેમની લાશને ચૂંથી નાંખવાની ઘટના ઉપર નાઝિલ થઈ હતી, સહીહ બુખારીની રિવાયત એ જ પ્રમાણે છે, દારે કતનીમાં હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)ની રિવાયત નકલ કરી છે કે,

"ગઝ્વએ ઉહદમાં જ્યારે મુશ્રિકો પાછા ફર્યા તો સહાબએ કિરામ (રદિ.)માંથી સિત્તેર આગેવાનોની લાશો સામે આવી, જેમાં આપ ﷺના સન્માનનીય કાકા હઝરત હમ્ઝા (રદિ.) પણ હતા, કારણ કે મુશ્રિકોને તેમના

ઉપર ખૂબ ક્રોધ હતો એટલા માટે તેમને કતલ કર્યા પછી તેમની લાશ ઉપર એ રીતે ગુસ્સો ઉતાર્યો કે તેમના નાક, કાન અને બીજા અવયવો કાપવામાં આવ્યા, પેટ ચીરી નાંખવામાં આવ્યું, રસૂલે કરીમ ﷺને આ દશ્ય જોઈને ખૂબ આઘાત લાગ્યો અને આપ ﷺએ ફરમાવ્યું કે હું (હઝરત) હમ્ઝા (રદિ.)ના બદલામાં મુશ્રિકોના સિત્તેર વ્યક્તિઓને આ જ પ્રમાણે ચૂંથી નાંખીશ જેમકે તેમણે હમ્ઝા (રદિ.) સાથે કર્યું છે, આ ઘટનાના સંદર્ભમાં આ ત્રણ આયતો નાઝિલ થઈ. وَاِنْ عَاقَبْتُمْ (તફસીરે કુર્તુબી) અમુક રિવાયતોમાં છે કે અન્ય સહાબા (રદિ.) સાથે પણ આ જાલિમોએ એ જ પ્રકારે (લાશને) ચૂંથી નાંખવાનો વ્યવહાર કર્યો હતો.'' *(કમા રવાહુત્તિરમિઝી વ અહમદ વ ઈબ્ને ખુઝયમા વ ઈબ્ને હબ્બાન ફી સહીહા અન ઉબય ઈબ્ને કઅ્બ)*

તેમાં કારણ કે રસૂલે કરીમ ﷺને સખત ગમ અને સંખ્યાના આધારે તે સહાબા (રદિ.)ના બદલામાં સિત્તેર મુશ્રિકોને "મુષલા" (લાશને ચૂંથી નાંખવાનો) ઈરાદો કર્યો હતો જે અલ્લાહ તઆલા સમીપ તે ન્યાયના સિદ્ધાંતો અને સમાનતાના નિયમો પ્રમાણે ન હતો જેને રસૂલે કરીમ ﷺ દ્વારા દુનિયામાં સ્થાપિત કરવાનું મંજૂર હતું, એટલા માટે એક તો એ બાબત ઉપર આગાહ કરવામાં આવ્યા કે બદલો લેવાનો અધિકાર તો છે પરંતુ એટલો જ કે જેટલો તમારા ઉપર જુલમ થયો છે, કોઈ સંખ્યા નજર સમક્ષ ન રાખી અમુકનો બદલો સિત્તેર વ્યક્તિઓ સમાન લેવો યોગ્ય નથી, બીજું આપને વર્તનની ઉચ્ચતાનો નમૂનો બનાવવાનો હેતુ હતો, એટલા માટે એ શિખામણ આપવામાં આવી કે બરાબર અને સમાન બદલો લેવાની જો કે પરવાનગી છે પરંતુ તે પણ જો છોડી આપો અને અપરાધીઓ ઉપર ઉપકાર કરો તો એ વધારે ઉત્તમ છે.

આથી રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે હવે આપણે સબ્ર જ કરીશું, કોઈ એક પાસેથી પણ બદલો લઈશું નહીં અને પોતાની કસમનો કફ્ફારો અદા કરી દીધો. (મઝહરી અનલ બગવી) ફત્હે મક્કાના મોકા ઉપર જ્યારે આ બધા મુશ્રિકો પરાજિત થઈને રસૂલે કરીમ ﷺ અને સહાબએ કિરામ (રદિ.)ના કબ્જામાં હતા, આ એવી તક હતી કે પોતાના તેઓ ઈરાદાને પૂરો કરી લે જે ગઝ્વએ ઊહદના સમયે કર્યો હતો પરંતુ પ્રસ્તુત આયતોના નાઝિલ થતાંની સાથે જ રસૂલે કરીમ ﷺએ પોતાના ઈરાદાને છોડીને સબ્ર કરવાનો ફેંસલો કરી લીધો

હતો, એટલા માટે મક્કા વિજયના સમયે આ આયત પ્રમાણે સબ્રને જ અપનાવવામાં આવી. કદાચ આ જ બીનાએ અમુક રિવાયતોમાં આ ઉલ્લેખ થયો છે કે આ આયતો ફત્હે મક્કાના સમયે નાઝિલ થઈ હતી અને એ પણ કોઈ અશક્ય વાત નથી કે આ આયતોનું ઊતરવું પુનરાવર્તિત સ્વરૂપે થયું હોય, પ્રથમ ગઝ્વએ ઊહદના સમયે નાઝિલ થઈ હોય અને પછી મક્કા વિજયના સમયે ફરીવાર નાઝિલ થઈ હોય. *(કમા અલ મઝહરી અન ઈબ્ને હસ્સાદ)*

મસ્અલો :

આ આયતોમાં બદલો લેવામાં સમાનતાનો કાયદો બતાવવામાં આવ્યો છે, એટલા માટે ફુકૂહાએ ફરમાવ્યું કે જે વ્યક્તિ કોઈની હત્યા કરી નાંખે તેના બદલામાં હત્યારાને કતલ કરવામાં આવશે, જો ઘાયલ કર્યો હશે તો એટલો જ ઘાયલ કરવામાં આવશે, જો કોઈ વ્યક્તિ કોઈના હાથ–પગ કાપી નાંખે પછી કતલ કરી નાંખે તો મરનારના વાલી (વારસો)ને અધિકાર છે કે તે પણ પ્રથમ હત્યારાના હાથ–પગ કાપે પછી તેને કતલ કરે.

અલબત્ત, જો કોઈએ કોઈને પથ્થર મારીને હત્યા કરી નાંખી અથવા તીરોથી ઘાયલ કરીને કતલ કરી નાંખ્યો તો તેમાં કતલ થનારની સાચી પરિસ્થિતિનો અંદાજો નથી હોતો કે કેટલા ઘા આ હત્યા માટે કરવામાં આવ્યા છે અને મરનારને કેટલી પીડા થઈ છે, આવી ઘટનામાં વાસ્તવિક સરખાપણાનું કોઈ પ્રમાણ હોતું નથી એટલા માટે તેને તલવારથી કતલ કરવામાં આવશે. *(જસ્સાસ)*

મસ્અલો :

આયતનું ઊતરવું જો કે શારીરિક પીડા અને શારીરિક નુકસાન પહોંચાડવાના સંદર્ભમાં થયું છે પરંતુ તેના શબ્દો સર્વસામાન્ય છે જેમાં આર્થિક નુકસાન પહોંચાડવું પણ સામેલ છે, તેથી ફુકૂહાએ ફરમાવ્યું કે જે વ્યક્તિ કોઈની પાસેથી તેનો માલ ઝૂંટવી લે તો તેને પણ અધિકાર છે કે પોતાના હક પ્રમાણે તેની પાસેથી માલ ઝૂંટવી લે અથવા અન્ય કોઈ પદ્ધતિથી લઈ લે, દાખલા તરીકે જે માલ લીધો છે તે પોતાના હક પ્રમાણે એ જ પ્રકારનો હોય, દાખલા તરીકે રોકડ રૂપિયા લઈ લીધા છે તો તેના બદલામાં એટલા જ રોકડ રૂપિયા તેની પાસેથી ઝૂંટવી લેવા અથવા અન્ય પ્રકારે લઈ શકાય છે, અનાજ, કપડાં વગેરે લઈ લીધું

છે તો એટલા જ પ્રમાણસર અનાજ, કપડું લઈ શકે છે, પરંતુ એક પ્રકારના બદલામાં બીજા પ્રકારની વસ્તુ નથી લઈ શકાતી, દાખલા તરીકે રૂપિયાના બદલામાં કપડાં અથવા કોઈ અન્ય ઉપયોગની વસ્તુ બળજબરીથી નથી લઈ શકાતી અને અમુક ફુક્હાએ સદંતર પરવાનગી આપી છે, ભલે હકના પ્રકારની વસ્તુ હોય અથવા કોઈ અન્ય પ્રકારની, આ મસ્અલાની અમુક વિગત કુર્તુબીએ પોતાની તફસીરમાં લખી છે અને વિસ્તારપૂર્વકની ચર્ચા ફિક્હની કિતાબોમાં જોઈ શકાય છે.

આયત وَاِنْ عَاقَبْتُمْ માં સામાન્ય નિયમનો ઉલ્લેખ હતો જેમાં સૌ મુસલમાનો માટે સરખો બદલો લેવો જાઇઝ બતાવવામાં આવ્યું છે, પરંતુ સબ્ર કરવાને શ્રેષ્ઠ અને ઉત્તમ બતાવ્યું છે, ત્યાર પછીની આયતમાં નબીએ કરીમ ﷺને ખાસ સ્વરૂપે સંબોધન કરીને સબ્ર કરવાનું પ્રોત્સાહન અને પ્રેરણા આપવામાં આવી છે, કારણ કે રસૂલે કરીમ ﷺની મહાન શા'ન અને ઉચ્ચ કક્ષાના હોદ્દા માટે અન્યોના મુકાબલામાં એ જ બાબત વધારે યોગ્ય અને ઉત્તમ છે, એટલા માટે ફરમાવ્યું, وَاصْبِرْ وَمَا صَبْرُكَ اِلَّا بِاللّٰهِ એટલે કે, તમે બદલાનો ઈરાદો જ ન કરો સબ્ર જ અપનાવો અને સાથે જ એ પણ બતાવ્યું કે તમારી સબ્ર અલ્લાહ તઆલાની મદદ વડે જ થશે, એટલે કે સબ્ર કરવી તમારા માટે સરળ કરી આપવામાં આવશે.

અંતિમ આયતમાં ફરી એક સામાન્ય નિયમ અલ્લાહ તઆલાની મદદ અને સહાયતા પ્રાપ્ત થવાનો આ પ્રમાણે બતાવવામાં આવ્યો,

اِنَّ اللّٰهَ مَعَ الَّذِيْنَ اتَّقَوْا وَّالَّذِيْنَ هُمْ مُّحْسِنُوْنَ ۝

જેનો ખુલાસો એ છે કે અલ્લાહ તઆલાની મદદ તે લોકો સાથે હોય છે જેમનામાં બે ખાસિયતો અને લક્ષણો હોય છે, એક તકવો અને બીજું અહેસાન. તકવાનો ખુલાસો નેક અમલ કરવા અને અહેસાનનો ભાવાર્થ આ સ્થળે અલ્લાહની મખ્લૂક સાથે સારો વર્તાવ કરવો છે, એટલે કે જે લોકો શરીઅતના તાબે'દાર અને નેક અમલોના પાબંદ હોય અને અન્યોની સાથે સારો વ્યવહાર અને સારું વર્તન કરતા હોય તો અલ્લાહ તઆલા તેમની સાથે છે અને એ દેખીતું

છે કે જેની સાથે અલ્લાહ તઆલાની મદદ હોય તેનું કોઈ શું બગાડી શકવાનું છે ?

અલ્હમ્દુલિલ્લાહ સૂરએ નહ્લની તફસીર પૂર્ણ થઈ.

وَلِلّٰهِ الْحَمْدُ اَوَّلًا وَّاٰخِرًا وَّظَاهِرًا وَّبَاطِنًا

❑❑❑❑❑❑❑❑❑❑❑❑

તારીખ : ૩૦ ઑક્ટોબર ૨૦૦૯ મુતાબિક ૧૧ જિલ્કદ ૧૪૩૦ હિજરી

Jehangir


પારહ : ૧૫

પ્રકરણ (૧૭)

સૂરએ બની ઇસ્રાઇલ

સૂરએ બની ઈસ્રાઈલ મક્કામાં નાઝિલ થઈ, તેની ૧૧૧ આયતો છે અને ૧૨ રુકૂઅ્ છે.

આયત : (સૂરએ બની ઇસ્રાઇલ : આયત નં. ૧)



તરજુમો :

અલ્લાહના નામથી શરૂ કરું છું જે ઘણો જ દયાળુ અને કૃપાળુ છે.

પાક જાત છે જે પોતાના બંદાને રાતોરાત મસ્જિદે હરામથી મસ્જિદે અકસા સુધી લઈ ગયો, જેને અમારી બરકતોએ ઘેરી રાખી છે જેથી તેમને પોતાની કુદરતના કંઈક નમૂના બતાવીએ, તે જ છે સઘળું સાંભળનારો જોનારો. (૧)

તફસીર :

તે જાત પવિત્ર છે જેણે પોતાના બંદા (એટલે કે હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ)ને રાતના સમયે મસ્જિદે હરામ (એટલે કે બયતુલ્લાહ)થી મસ્જિદે અક્સા (એટલે કે બયતુલ મુકદસ) સુધી જેની આસપાસ (સિરીયા–પૅલેસ્ટાઈનનો પ્રદેશ છે) અમે (દીની અને દુનિયવી) બરકતો કરી રાખી છે (દીની બરકત એ છે કે ત્યાં

મોટે ભાગે અંબિયા અલૈ. દફન થયા છે અને દુનિયવી બરકતો એ છે કે ત્યાં બગીચાઓ, નહેરો, ઝરણાંઓ અને ખેતીનું ઉત્પાદન મોટા પ્રમાણમાં થાય છે, મતલબ કે તે મસ્જિદે અક્સા સુધી આશ્ચર્યજનક રીતે એટલા માટે) લઈ ગયા જેથી અમે તેમને પોતાની કુદરતની અમુક અજાયબીઓ બતાવીએ (જેમાંથી અમુક તો પોતે ત્યાંના સંદર્ભમાં છે, દાખલા તરીકે આટલી મોટી મુસાફરી ઘણા ઓછા સમયમાં પૂરી કરી લેવી અને બધા અંબિયા અલૈ.થી મુલાકાત કરવી તથા તેમની વાતો સાંભળવી વગેરે અને અમુક એનાથી આગળની બાબત વિશે છે, દાખલા તરીકે આસમાનો ઉપર જવું અને ત્યાંની અજાયબીઓનું પ્રત્યક્ષ દર્શન કરવું) બેશક ! અલ્લાહ તઆલા સઘળું સાંભળનારો અને બધું જોનારો છે (કારણ કે રસૂલે કરીમ ﷺના નિવેદનોને સાંભળતા અને અહેવાલને જોતા હતા એટલે તેના યોગ્ય તેમને આ ખાસ પ્રતિષ્ઠા અને વિશિષ્ટતા અર્પણ કરી અને પોતાની નિકટતાનું તે ખાસ સ્થાન અર્પણ કર્યું જે કોઈને પ્રાપ્ત થયું ન હતું).

મસ્અલા અને બોધપાઠ :

આ આયતમાં મેઅ્રાજની ઘટનાનું વર્ણન છે જે આપણા રસૂલે કરીમ ﷺની એક ખાસ પ્રતિષ્ઠા અને વિશિષ્ટતા અને મહાન મોઅ્જિઝો છે, શબ્દ اَسۡرٰى (અસ્રા) اِسۡرَاءٌ (ઈસ્રાઅ્)થી બન્યો છે, તેનો શાબ્દિક અર્થ "રાત્રે લઈ જવું" થાય છે, ત્યાર પછી لَيۡلًا (લયલન)ના શબ્દથી સ્પષ્ટતા પણ આ જ ભાવાર્થને સ્પષ્ટ કરે છે તથા વ્યાકરણની દૃષ્ટિએ શબ્દ (લયલન)નું સર્વનામ લાવવાથી એ તરફ પણ ઈશારો કરવામાં આવ્યો કે આ સમગ્ર ઘટનામાં પૂરી રાત પણ પસાર થઈ નથી બલકે રાતનો અમુક ભાગ પસાર થયો છે. મસ્જિદે હરામથી મસ્જિદે અક્સા સુધી મુસાફરી જેનું વર્ણન આ આયતમાં છે તેને "ઈસ્રા" કહે છે અને અહીંયાં (અક્સા)થી જે મુસાફરી આસમાનો તરફ થઈ તેનું નામ "મેઅ્રાજ" છે, "ઈસ્રા" આ આયતની કતઈ નસથી સાબિત છે અને મેઅ્રાજનું વર્ણન સૂરએ નજ્મની આયતોમાં છે તથા મુતવાતિર (સાચી અને સહીહ) હદીસોથી સાબિત છે. بِعَبۡدِهٖ (બિ અબ્દિહી) આ સ્થળે પ્રતિષ્ઠા અને સન્માન માટે શબ્દ بِعَبۡدِهٖ (બિ અબ્દિહી)માં એક ખાસ પ્રેમ અને મહોબ્બત તરફ ઈશારો છે, કારણ કે અલ્લાહ તઆલા કોઈને પોતે ફરમાવે છે કે આ મારો બંદો છે, તેનાથી વધીને કોઈ મનુષ્યની મોટી પ્રતિષ્ઠા બીજી હોઈ શકતી નથી, હઝરત

હસન દહેલ્વી (રહ.)એ ઘણું સારું કહ્યું છે.

بندہ حسن بصد زبان گفت کہ بندہ توام تو بزبان خود بگو بندہ نواز کیستی

હું હસન સો વખત કહું કે હું તારો બંદો છું એનાથી શું થશે ?
તું (અલ્લાહ તઆલા) પોતે કહી દે કે બંદા ઉપર મહેરબાની કરનાર કોણ છે ?
(એટલે કે તું જ મને તારો બંદો કહી દે તો મારું કામ બની જાય).

આ એવું જ છે જેમકે એક બીજી આયતમાં ...: عِبَادُ الرَّحْمٰنِ الَّذِيْنَ (ઈબાદુર્રહમાનુલ્લઝીન-૨૫:૬૩) ફરમાવીને પોતાની બારગાહમાં સ્વીકૃતિપ્રાપ્ત હોવાનું સન્માન વધારવાનો હેતુ છે, એનાથી એ પણ જાણ થઈ કે મનુષ્યની સૌથી મોટી વિશેષતા એ છે કે તે અલ્લાહનો સંપૂર્ણ બંદો બની જાય, એટલા માટે કે ખાસ પ્રતિષ્ઠાના સ્થાન હેઠળ રસૂલે કરીમ ﷺના ઘણા બધા લક્ષણો અને સિફતોને "સિફતે અબ્દિય્યત" સ્વરૂપે અપનાવવામાં આવ્યા અને આ શબ્દથી એક હેતુ મોટા ફાયદાનો એ પણ છે કે આ આશ્ચર્યજનક મુસાફરીથી જેમાં પ્રથમથી અંત સુધી બધી બાબતો માનવ પ્રકૃતિથી અને ભૌતિક કાર્યકારણથી ઉપરવટ મોઅ્જિઝાઓ જ છે, તેથી કોઈને રસૂલે કરીમ ﷺની ખુદાઈનો ભ્રમ ન થઈ જાય, જેમકે હઝરત ઈસા (અલૈ.)ને આસમાનો ઉપર ઉઠાવી લેવાથી ઈસાઈઓને ધોકો થઈ ગયો છે, એટલા માટે શબ્દ عَبْدَ (અબ્દ) કહીને એ બતાવવામાં આવ્યું કે આ બધી સિફતો અને વિશેષતાઓ તથા મોઅ્જિઝાઓ હોવા છતાં રસૂલુલ્લાહ ﷺ અલ્લાહના બંદા જ છે, તે ખુદા નથી. નઊઝુબિલ્લાહ!

મેઅ્રાજનું શારીરિક સ્વરૂપે હોવા ઉપર કુર્આન અને સુન્નતની દલીલો તથા ઇજ્માઅ્ :

કુર્આન મજીદના ફરમાનો અને મુતવાતિર હદીષો કે જેનું વર્ણન આગળ આવે છે સાબિત થાય છે કે "ઈસ્રા" અને "મેઅ્રાજ"ની બધી જ મુસાફરી ફક્ત રૂહાની (આધ્યાત્મિક) ન હતી બલકે શારીરિક હતી, જેમકે સામાન્ય માણસ મુસાફરી કરે છે. કુર્આને કરીમના પ્રથમ શબ્દ سُبْحَانَ (સુબ્હાન)થી એ તરફ ઈશારો થયો છે, કારણ કે આ શબ્દ આશ્ચર્યજનક અને કોઈ મહાન કાર્ય માટે ઉપયોગ થાય છે, જો મેઅ્રાજ ફક્ત રૂહાની સ્વરૂપે સ્વપ્નમાં થઈ હોય તો તેમાં કોઈ આશ્ચર્યજનક બાબત નથી, સ્વપ્ન તો દરેક મુસલમાન બલકે દરેક મનુષ્ય

જોઈ શકે છે કે હું આસમાન ઉપર ગયો ફલાણું—ફલાણું કામ કર્યું વગેરે..વગેરે...

શબ્દ "અબ્દ"થી એના તરફ બીજો ઈશારો થાય છે કારણ કે "અબ્દ" માત્ર રૂહ નથી બલકે શરીર અને રૂહના સંયુક્તપણાનું નામ છે, તે ઉપરાંત મેઅ્રાજની ઘટનાને હઝરત ઉમ્મે હાની (રદિ.)ને બતાવી તો તેમણે રસૂલે કરીમ ﷺને એ સલાહ આપી કે તમે તેનું કોઈને વર્ણન ન કરો નહિતર તેનાથી લોકો તમને વધારે જૂઠાડશે, જો સ્વપ્નની બાબત હોત તો તેમાં જૂઠાડવાની કોઈ બાબત ન હતી.

પછી જ્યારે રસૂલે કરીમ ﷺએ લોકો ઉપર તેની જાહેરાત કરી તો લોકોએ તેને જૂઠાડ્યું, ઠેકડી ઉડાવી, એટલે સુધી કે અમુક નવમુસ્લિમ તો ખબર સાંભળીને મુર્તદ થઈ ગયા, જો ઘટના સ્વપ્નની હોત તો તે ઘટનાઓની શું શક્યતા હતી અને આ વાત એનો નકાર નથી કે આપ ﷺને આનાથી પહેલાં અથવા પછી કોઈ મેઅ્રાજ રૂહાની સ્વરૂપે થઈ હોય, જમહૂર ઉમ્મતના મતે કુર્આનની આયત وَمَا جَعَلْنَا الرُّؤْيَا الَّتِىٓ اَرَيْنٰكَ (૧૭:૬૦)માં શબ્દ رُؤْيَا (રૂયા)નો ભાવાર્થ "રૂયત" (દર્શન) છે પરંતુ આ શબ્દ "રૂયા" (જે મોટે ભાગે સ્વપ્ન જોવાના અર્થમાં ઉપયોગ થાય છે) ઉપયોગ કરવાનું કારણ એ હોઈ શકે છે કે આ ઘટનાની સમાનતાને ઉપમા સ્વરૂપે "રૂયા" કહેવામાં આવ્યું હોય, જેમકે તેનું ઉદાહરણ એવું છે કે સ્વપ્ન જોઈ લીધું અને જો "રૂયા"નો અર્થ સ્વપ્નનો જ લેવામાં આવે તો તે પણ કંઈ નાની વાત નથી કે મેઅ્રાજની ઘટના સદેહે શારીરિક સ્વરૂપ ઉપરાંત આ ઘટનાથી આગળ અથવા પાછળ આવી કોઈ રૂહાની મેઅ્રાજ સ્વપ્ન સ્વરૂપે પણ થઈ હોય, એટલા માટે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.) અને હઝરત આયશા ઉમ્મુલ મુઅ્મિનીન (રદિ.) દ્વારા જે આ ઘટના સ્વપ્ન હોવાનું નકલ થયું છે તે પણ પોતાના સ્થળે સાચું છે પરંતુ તેનાથી એ જરૂરી નથી બનતું કે શારીરિક સદેહે મેઅ્રાજ થઈ જ ન હોય.

તફસીરે કુર્તુબીમાં છે કે "ઈસ્રા"ની હદીસો મુતવાતિર છે અને નક્કાશે સહાબએ કિરામ (રદિ.)ની રિવાયતો આ વિષયમાં નકલ કરી છે તથા કાઝી અયાઝ (રહ.)એ શિફામાં તેની વધારે વિગત આપી છે. *(કુર્તુબી)*

ઈમામ ઈબ્ને કસીરે પોતાની તફસીરમાં આ બધી રિવાયતોનો સંપૂર્ણ

ખુલાસો છણાવટપૂર્વક નકલ કર્યો છે, પછી પચ્ચીસ સહાબએ કિરામ (રદિ.)ના નામો વર્ણન કર્યા છે જેમનાથી આ રિવાયત નકલ થઈ છે, તેમના નામો નીચે પ્રમાણે છે.

(૧) હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ, (૨) અલી મુર્તુઝા, (૩) ઈબ્ને મસ્ઊદ, (૪) અબૂ ઝર ગિફારી, (૫) માલિક બિન સઅ્સઆ, (૬) અબૂ હુરયરહ, (૭) અબૂ સઈદ અલ ખુદરી, (૮) ઈબ્ને અબ્બાસ, (૯) શદ્દાદ ઈબ્ને ઔસ, (૧૦) ઉબય ઈબ્ને કઅ્બ, (૧૧) અબ્દુર્રહમાન બિન કુરઝ, (૧૨) અબૂ હય્યા ابو حيه, (૧૩) અબૂ લયૂલા, (૧૪) અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર, (૧૫) જાબિર ઈબ્ને અબ્દુલ્લાહ, (૧૬) હુઝયફા ઈબ્ને યમન, (૧૭) બુરયદાહ, (૧૮) અબૂ ઐયૂબ અન્સારી, (૧૯) અબૂ ઉમામહ, (૨૦) સમૂરહ ઈબ્ને ઝુન્દુબ, (૨૧) અબૂ હમરહ, (૨૨) સુહૈબ રૂમી, (૨૩) ઉમ્મે હાની, (૨૪) ઉમ્મુલ મુઅ્મિનીન સય્યિદના આયશા, (૨૫) અસ્મા બિન્તે અબી બક્ર (રદિયલ્લાહુ તઆલા અલયહિમ અજમઈન).

ત્યારબાદ ઈબ્ને કષીરે ફરમાવ્યું,

فَحَدِيْثُ الْاِسْرَاءِ اَجْمَعَ عَلَيْهِ الْمُسْلِمُوْنَ وَاَعْرَضَ عَنْهُ الزَّنَادِقَةُ وَالْمُلْحِدُوْنَ

(اِبْنِ كَثِيْر)

"ઈસ્રા (મેઅ્રાજ)ની ઘટનાની હદીષ ઉપર બધા મુસલમાનોનો ઈજ્માઅ્ છે, માત્ર નાસ્તિક અને જિન્દીક લોકોએ તેને નથી માન્યું."

ઇબ્ને કષીર (રહ.)ની રિવાયત પ્રમાણે મેઅ્રાજની ઘટનાની ટૂંકી વિગત

ઈમામ ઈબ્ને કષીર (રહ.)એ પ્રસ્તુત આયતની તફસીરમાં તેનાથી સંબંધિત હદીષો વર્ણન કર્યા પછી ફરમાવ્યું કે એ વાત સત્ય છે કે નબીએ કરીમ ﷺની મુસાફરી اِسْـرَاءٌ (ઈસ્રા) અટલે કે સભાનતામાં જાગતાની હાલતમાં થઈ હતી, સ્વપ્નમાં નથી બની. મક્કા મુકર્રમહથી બયતુલ મુકદ્દસની આ મુસાફરી બુરાક ઉપર થઈ, જ્યારે બયતુલ મુકદ્દસના દરવાજા ઉપર પહોંચ્યા ત્યારે બુરાકને દરવાજા પાસે બાંધી દીધું અને પોતે મસ્જિદે બયતુલ મુકદ્દસમાં દાખલ થયા અને તેના કિબ્લા તરફ તહિય્યતુલ મસ્જિદની બે રકા'તો અદા કરી, ત્યારબાદ એક

સીડી લાવવામાં આવી જેમાં નીચેથી ઉપર જવા સુધીના પગથિયાં બનેલા હતા, તે પગથિયાં દ્વારા આપ ﷺ પહેલા આસમાન ઉપર તશરીફ લઈ ગયા, ત્યારબાદ બાકીના આસમાનો ઉપર પહોંચ્યા અને સીડીની વાસ્તવિકતા અલ્લાહને જ ખબર છે કે તે શું અને કેવી હતો ? આજકાલ પણ સીડીઓના ઘણા બધા પ્રકાર દુનિયામાં પ્રચલિત છે, એવી સીડીઓ પણ જે કે પોતે લીફ્ટના સ્વરૂપે હોય છે, એટલા માટે સીડીના મોઅ્જિઝા વિશે કોઈ શંકા-કુશંકામાં પડવાનું કોઈ સ્થાન નથી, દરેક આસમાનમાં ત્યાંના ફરિશ્તાઓએ રસૂલે કરીમ ﷺનું સ્વાગત કર્યું અને દરેક આસમાનમાં તે અંબિયા (અલૈ.)થી મુલાકાત થઈ જેમનું સ્થાન કોઈ નક્કી આસમાનમાં છે, દાખલા તરીકે છઠ્ઠા આસમાન ઉપર હઝરત મૂસા (અલૈ.) અને સાતમા ઉપર અને હઝરત ખલીલુલ્લાહ ઈબ્રાહીમ (અલૈ.)થી મુલાકાત થઈ, પછી આપ ﷺએ તે બધા જ અંબિયા (અલૈ.)ની મુલાકાત કર્યા પછી પણ આગળ નીકળી ગયા અને એક એવા મેદાનમાં પંહોંચ્યા જ્યાં તકદીરની કલમનો લખવાનો અવાજ સંભળાઈ રહ્યો હતો અને આપ ﷺએ "સિદરતુલ મુન્તહા"ને જોયું જેના ઉપર અલ્લાહ જલ્લ શા'નુહૂના હુકમ થવાથી સોનાના અને વિવિધ રંગના પતંગિયા ઊડી રહ્યા હતા અને જેને અલ્લાહના ફરિશ્તાઓએ ઘેરી રાખ્યા હતા, તે જ સ્થળે હઝરત જિબ્રઈલ અમીન (અલૈ.)ને રસૂલે કરીમ ﷺએ તેમના પોતાના અસલી સ્વરૂપમાં જોયા, તેમની ૬૦૦ ભૂજાઓ (પાંખો) હતી અને તેના ઉપર લીલા રંગનો ઝંડો જોયો જેણે સમગ્ર ક્ષિતિજને પોતાનામાં સમાવી રાખી હતી; લીલો ઝંડો, લીલા રંગની પાલખી અને "બયતુલ મા'મૂર"ને પણ જોયું જેની પાસે કા'બાનું બાંધકામ કરનાર હઝરત ઈબ્રાહીમ (અલૈ.) ભીંતની સાથે કમરનો ટેકો લગાવી બેઠા હતા, આ બયતુલ મા'મૂરમાં દરરોજ સિત્તેર હજાર ફરિશ્તાઓ દાખલ થાય છે જેમનો વારો બીજીવાર પ્રવેશ થવાનો કયામત સુધી નથી આવતો અને આપ ﷺએ જન્નત તથા દોઝખને પોતાની આંખોથી નજરે જોયું, તે સમયે રસૂલે કરીમ ﷺની ઉમ્મત ઉપર પ્રથમ પચાસ નમાઝો ફરજ કરવાનો હુકમ મળ્યો, ત્યાર પછી તેમાં ઓછી કરીને પાંચ કરવામાં આવી એટલા માટે બધી જ ઈબાદતોમાં નમાઝનું ખાસ મહત્ત્વ અને ફઝીલત સાબિત થાય છે.

ત્યારબાદ રસૂલે કરીમ ﷺ પાછા બયતુલ મુકદસમાં ઊતર્યા અને જે અંબિયા (અલૈ.)ની સાથે વિવિધ આસમાનો ઉપર મુલાકાતો થઈ હતી તે બધા

આપ ﷺ સાથે ઊતર્યા, (જાણે કે) રસૂલે કરીમ ﷺને વળાવવા માટે બધા બયતુલ મુકદ્દસમાં સાથે આવ્યા, તે વખતે રસૂલે કરીમ ﷺનો નમાઝનો સમય થઈ જવાથી બધા અંબિયા (અલૈ.)ની સાથે નમાઝ અદા કરી, એ પણ સંભાવના છે કે આ નમાઝ તે જ દિવસની સવારની નમાઝ છે. ઈબ્ને કષીર (રહ.) ફરમાવે છે કે અંબિયા (અલૈ.)ની ઈમામત કરવાની આ ઘટના અમુક લોકોના મતે આસમાન ઉપર જતા પહેલાં બની હતી પરંતુ દેખીતું એ જ છે કે આ ઘટના પરત આવવાના સમયે બની, કારણ કે આસમાનો ઉપર અંબિયા (અલૈ.)થી મુલાકાતની ઘટનામાં એ વર્ણન થયું છે કે બધા અંબિયા (અલૈ.) સાથે જિબ્રઈલ (અલૈ.)એ આપનો પરિચય કરાવ્યો, જો ઘટના ઈમામત પહેલાં થઈ ચૂકી હોત તો અહીંયાં પરિચયની આવશ્યકતા ન હતી અને આમ પણ દેખીતું એ જ છે કે આ મુસાફરીનો મૂળ હેતુ مَلَاءِ اَعْلٰی (મલએ અઅ્લા–Heavenly Hosts)માં જવાનો હતો, પ્રથમ તેને જ પૂરું કરવું વધારે નજીક જણાય છે કે પછી જ્યારે આ અસલ કામથી ફારેગ થયા તો બધા જ અંબિયા (અલૈ.) આપ ﷺની સાથે વળાવવા માટે બયતુલ મુકદ્દસ તરફ આવ્યા અને રસૂલે કરીમ ﷺને જિબ્રઈલ અમીન (અલૈ.)ના ઈશારાથી બધાના ઈમામ બનાવીને આપ ﷺની વિશિષ્ટતા અને સૌના ઉપર તેમની શ્રેષ્ઠતાની અમલી સાબિતી આપવામાં આવી.

ત્યારબાદ રસૂલે કરીમ ﷺ બયતુલ મુકદ્દસથી રવાના થયા અને બુરાક ઉપર સવાર થઈને અંધારાના સમયમાં જ મક્કએ મુઅજ્જમહમાં પહોંચી ગયા. વલ્લાહુ અઅ્લમુ.

મેઅ્‌રાજની ઘટના વિશે એક ગેરમુસ્લિમની સાક્ષી :

તફસીરે ઈબ્ને કષીરમાં છે કે હાફિઝ અબૂ નઈમ ઈસ્બહાનીએ પોતાની કિતાબ "દલાઈલુન્નુબુવ્વહ"માં મુહમ્મદ ઈબ્ને ઉમર વાકિદીની સનદથી મુહમ્મદ ઈબ્ને કઅ્બ કુરઝીની આ ઘટના નકલ કરી છે, (વાકિદી રહ.ની રિવાયત હદીષમાં મુહદ્દીસોએ ઝઈફ–કમજોર કહી છે પરંતુ ઈમામ ઈબ્ને કષીર જેવા ખ્યાતનામ વિશ્વાસપાત્ર મુહદ્દીસે તેમની રિવાયતને નકલ કરી છે એટલા માટે કે આ ઘટનાનો સંબંધ અકીદાઓ અથવા હલાલ–હરામ સાથે નથી અને આવી ઐતિહાસિક ઘટનાઓમાં તેમની રિવાયતો ભરોસાપાત્ર છે. –મુહમ્મદ શફીઅ્ ઉસ્માની)

ઘટના આ પ્રમાણે નકલ થઈ છે,

"રસૂલે કરીમ ﷺએ રૉમના બાદશાહ કયસર પાસે પોતાનો પત્ર આપીને હઝરત દહિયા ઈબ્ને ખલીફા (રદિ.)ને મોકલ્યા, ત્યારબાદ હઝરત દહિયા (રદિ.)એ પત્ર પહોંચાડવાથી લઈ રૉમના બાદશાહ સુધી પહોંચવા અને તેમના બુદ્ધિશાળી અને સમજદાર હોવાની વિગતવાર ઘટના વર્ણન કરી, (જે સહીહ બુખારી અને હદીષની બધી વિશ્વાસપાત્ર કિતાબોમાં મોજૂદ છે) જેના અંતમાં છે કે રૉમના બાદશાહ હરક્યુલસે રસૂલે કરીમ ﷺનો પત્ર વાંચ્યા પછી આપ ﷺની પરિસ્થિતિની તહકીક કરવા માટે અરબના તે લોકોને ભેગા કર્યા જે તે સમયે તેમના દેશમાં વેપારના ઈરાદે આવ્યા હતા, શાહી હુકમ પ્રમાણે અબૂ સુફિયાન ઈબ્ને હરબ અને તેના સાથીઓ જે તે સમયે પ્રખ્યાત વેપારી કાફલો લઈને સિરીયામાં આવ્યા હતા તેમને હાજર કરવામાં આવ્યા, હરક્યુલસે તેમને તે સવાલો કર્યા જેની વિગતો સહીહ બુખારી અને મુસ્લિમ વગેરેમાં મોજૂદ છે, અબૂ સુફિયાનની દિલી તમન્ના એ હતી કે તેઓ આ મોકા ઉપર રસૂલે કરીમ ﷺ વિશે અમુક એવી વાતો વર્ણન કરે જેનાથી રસૂલે કરીમ ﷺનું અપમાન થાય અને તેઓ કોઈ હેસિયત ધરાવતા નથી એવું જાહેર થાય પરંતુ અબૂ સુફિયાન કહે છે કે મને પોતાના આ ઈરાદાથી કોઈ વસ્તુ એના સિવાય અવરોધ સ્વરૂપ ન હતી કે કદાચ મારા મુખેથી કોઈ એવી વાત નીકળી જાય જેનું જૂઠું હોવું સાબિત થઈ જાય અને હું બાદશાહની નજરોમાંથી ઊતરી જાઉં અને મારા સાથીઓ પણ હંમેશા મને જૂઠો હોવાનું મ્હેણું માર્યા કરે, અલબત્ત મને તે સમયે વિચાર આવ્યો કે તેની સામે મેઅ્‌રાજની ઘટના વર્ણન કરું જેનું જૂઠું હોવું બાદશાહ પોતે સમજી લેશે, આથી મેં કહ્યું કે તેમની એક ઘટના હું આપને વર્ણન કરું છું જેના વિશે તમે પોતે જાણી લેશો કે તે જૂઠું છે. હરક્યુલસે પૂછ્યું, તે શું ઘટના છે ? અબૂ સુફિયાને કહ્યું કે તેઓ નુબુવ્વતના દાવે'દાર એવું કહે છે કે તેઓ એક રાત્રે મક્કા મુકર્રમહથી નીકળ્યા અને આપની આ મસ્જિદ બયતુલ મુકદ્દસમાં પહોંચ્યા અને પછી ત્યાંથી રાતમાં જ સવારથી પહેલાં મક્કા મુકર્રમહમાં અમારી પાસે પહોંચી ગયા.

એલિયા જે બયતુલ મુકદ્દસનો સૌથી મોટો આલિમ હતો તે સમયે હરક્યુલસની પાસે ઊભો હતો, તેણે વર્ણન કર્યું કે હું તે રાતથી વાકેફ છું. રૉમના બાદશાહે તેના તરફ ધ્યાન આપ્યું અને પૂછ્યું કે તમને તેનું જ્ઞાન કેવી રીતે અને

શાથી હોય ? તેણે વિનંતી કરી કે મારી ટેવ એ હતી કે હું રાત્રે તે સમય સુધી સૂતો ન હતો જ્યાં સુધી કે બયતુલ મુકદસના બધા દરવાજાઓ બંધ ન કરું, તે રાત્રે મેં બધા દરવાજાઓ બંધ કર્યા પરંતુ એક દરવાજો મારાથી બંધ ન થઈ શક્યો તો મેં પોતાના સહાયકોને બોલાવ્યા અને તેમણે મળીને પ્રયત્ન કર્યો પરંતુ તે તેમનાથી બંધ ન થઈ શક્યો, દરવાજાના કવચાંઓ પોતાની જગ્યાએથી હલતાં જ ન હતા, એવું લાગતું હતું કે જાણે અમે કોઈ પહાડ હલાવી રહ્યા છે, મેં થાકી-હારીને કારીગરો અને સુથારોને બોલાવ્યા તેમણે જોઈને કહ્યું કે આ દરવાજાની બારસાખ ઉપર ઈમારતનો ભાર આવી પડ્યો છે, હવે સવાર પહેલાં તેના બંધ થવાની કોઈ શક્યતા નથી, સવારે અમે જોઈ લઈશું કે શું કરવું જોઈએ ? હું મજબૂર થઈને પાછો આવ્યો અને દરવાજાના બંને બારણા ખુલ્લા રહી ગયા, સવાર થતાં જ હું તે દરવાજા ઉપર પહોંચ્યો તો મેં જોયું કે મસ્જિદના દરવાજા પાસે એક પથ્થરની શીલામાં એક કાણું પાડ્યું છે અને એનાથી મને એવી અનુભૂતિ થઈ કે અહીંયાં કોઈ જાનવર બાંધવામાં આવ્યું છે, તે સમયે હું પોતાના સાથીઓને કહેતો હતો કે આજે આ દરવાજાને અલ્લાહ તઆલાએ કદાચ એટલા માટે બંધ કરવાથી રોકી રાખ્યો છે કે કોઈ નબી અહીંયાં આવવાના હતા અને પછી વર્ણન કર્યું કે તે રાત્રે તેમણે અમારી મસ્જિદમાં નમાઝ પણ પઢી છે, ત્યારબાદ અન્ય વિગતો વર્ણન કરવામાં આવી છે." *(ઈબ્ને કષીર, પેજ : ૨૪, જિલ્દ : ૩)*

ઇસ્રા અને મેઅ્રાજની તારીખ :

ઈમામ કુર્તુબી (રહ.)એ પોતાની તફસીરમાં નોંધ્યું છે કે મેઅ્રાજની તારીખમાં વિવિધ પ્રકારની ઘણી બધી રિવાયતો છે, મૂસા બિન ઉક્બાની રિવાયત એ છે કે મદીનાની હિજરતથી છ મહિના પહેલાં આ ઘટના બની હતી અને હઝરત આયશા (રદિ.) એવું ફરમાવે છે કે હઝરત ખદીઝા ઉમ્મુલ મુઅ્મિનીન (રદિ.)ની વફાત નમાઝો ફરજ થવાના હુકમ નાઝિલ થતાં પહેલાં થઈ ચૂકી હતી, ઈમામ ઝહરી (રહ.) ફરમાવે છે કે હઝરત ખદીઝા (રદિ.)ની વફાતની ઘટના બઅ્ષતે નબવીના સાત વર્ષો પછી થઈ છે.

અમુક રિવાયતોમાં છે કે મેઅ્રાજની ઘટના બઅ્ષતે નબવી પછી પાંચ વર્ષો બાદ બની છે, ઈબ્ને ઈસ્હાક કહે છે કે મેઅ્રાજની ઘટના તે સમયે બની

જ્યારે કે ઈસ્લામ અરબના સામાન્ય કબીલાઓમાં પહોંચી ચૂક્યો હતો, આ બધી જ રિવાયતોનો ખુલાસો એ છે કે મેઅ્રાજની ઘટના મદીનાની હિજરતથી કેટલાય વર્ષો પહેલાંની છે.

હરમી કહે છે કે ઈસ્રા અને મેઅ્રાજની ઘટના રબિઉલ આખરની ૨૭મી રાત્રે હિજરતના એક વર્ષ પહેલાં બની છે અને ઈબ્ને કાસિમ ઝહબી કહે છે કે બઅ્ષતના અઢાર મહિના પછી આ ઘટના બની હતી, હદીષવેત્તાઓએ વિવિધ રિવાયતો વર્ણન કર્યા પછી કોઈ નિર્ણાયક વસ્તુ લખી નથી અને સામાન્ય રીતે એ જ બાબત પ્રચલિત છે કે રજ્જબ મહિનાની ૨૭મી રાત શબે મેઅ્રાજ છે.

મસ્જિદે હરામ અને મસ્જિદે અક્સા :

હઝરત અબૂ ઝર ગિફારી (રદિ.) ફરમાવે છે કે, મેં રસૂલુલ્લાહ ﷺને પૂછ્યું કે દુનિયાની સૌથી પહેલી મસ્જિદ કઈ છે ? તો આપ ﷺએ ફરમાવ્યું કે, મસ્જિદે હરામ. ત્યારબાદ મેં ફરી વિનંતી કરી કે તેના પછી કઈ ? તો આપ ﷺએ ફરમાવ્યું કે, મસ્જિદે અક્સા. મેં પૂછ્યું કે આ બંને વચ્ચે કેટલા સમયનું અંતર છે ? તો આપ ﷺએ ફરમાવ્યું કે ચાલીસ વર્ષ. પછી ફરમાવ્યું કે (મસ્જિદોનો ક્રમ તો આ છે) પરંતુ અલ્લાહ તઆલાએ આપણા માટે સમગ્ર પૃથ્વીને મસ્જિદ બનાવી દીધી છે, જે જગ્યાએ નમાઝનો સમય થઈ જાય ત્યાં જ નમાઝ અદા કરી લો. *(રવાહુ મસ્લિમ)*

તફસીરના ઈમામ મુજાહિદ (રહ.) ફરમાવે છે કે અલ્લાહ તઆલાએ બયતુલ્લાહની જગ્યાને સંપૂર્ણ જમીનથી બે હજાર વર્ષ પહેલાં બનાવી છે અને તેના પાયાઓ સાતેય જમીનની અંદર સુધી પહોંચેલા છે તથા મસ્જિદે અક્સાને હઝરત સુલયમાન (અલૈ.)એ બનાવી છે. *(રવાહુન્નસાઈમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરની સહીહ હદીષ, તફસીરે કુર્તુબી, પેજ : ૧૩૭, જિલ્દ : ૪)*

મસ્જિદે હરામ તે મસ્જિદનું નામ છે જે બયતુલ્લાહની ચારે બાજુ બનેલી છે અને અમુક સમયે સંપૂર્ણ હરમને પણ મસ્જિદે હરામ તરીકે ઓળખવામાં આવે છે અને બીજા અર્થના આધારે બે રિવાયતોનો આ વિરોધાભાસ પણ દૂર થઈ જાય છે કે અમુક રિવાયતોમાં ઈસ્રા માટે તશરીફ લઈ જવાનું હઝરત ઉમ્મે હાની (રદિ.)ના ઘરેથી થવાનું નકલ થયું છે અને અમુકમાં હતીમે બયતુલ્લાહથી. જો

મસ્જિદે હરામનો સામાન્ય અર્થ લેવામાં આવે તો એ કંઈ ખોટું નથી કે પ્રથમ આપ ﷺ હઝરત ઉમ્મે હાની (રદિ.)ના મકાનમાં હોય અને ત્યાંથી ચાલીને હતીમે કા'બામાં તશરીફ લાવ્યા હોય અને પછી ત્યાંથી ઈસ્રાના સફરની શરૂઆત થઈ હોય. વલ્લાહુ અઅ્લમુ.

મસ્જિદે અક્સા અને મુલ્કે શામ (સિરીયા-અર્ઝે મુકદ્દસ)ની બરકતો :

આયત بَارَكْنَا حَوْلَهُ (બારકના હવ્લહુ)માં حَوْل (હવ્લ)નો ભાવાર્થ શામની સમગ્ર જમીન છે, એક હદીષમાં છે કે અલ્લાહ તઆલાએ અર્શથી ફુરાત નદી સુધી મુબારક ભૂમિ (અર્ઝે મુકદ્દસ) બનાવી છે અને તેમાં પૅલેસ્ટાઈનની ભૂમિને ખાસ પવિત્રતા અર્પણ કરી છે. *(રૂહુલ મઆની)*

તેની બરકતો દીની પણ છે અને દુનિયવી પણ, દીની બરકતો તો એ છે કે તે અગાઉ થઈ ચૂકેલા ઘણા બધા અંબિયા (અલૈ.)ના કુટુંબો તથા ઘણા બધા અંબિયા (અલૈ.)ની આરામગાહ અને કબરોનું સ્થાન છે અને દુનિયવી બરકતો એ છે કે આ ભૂમિ હંમેશા હરી-ભરી રહેવાની છે. નદીઓ, ઉત્તમ કક્ષાના ઝરણાઓ, નહેરો વગેરે હરિયાળી ત્યાં છે.

હઝરત મઆઝ ઈબ્ને જબલ (રદિ.) ફરમાવે છે કે, રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે, "હે મુલ્કે શામ ! તું તમામ શહેરોમાં મારો ચૂંટી કાઢેલો પ્રદેશ છે અને હું તારા તરફ પોતાના ચૂંટી કાઢેલા બંદાઓને પહોંચાડીશ." *(કુર્તુબી)*

મુસ્નદે અહમદમાં હદીષ છે કે દજ્જાલ સમગ્ર ભૂમિમાં સમગ્ર પૃથ્વી ઉપર ફરશે પરંતુ ચાર મસ્જિદો સુધી તે નહીં પહોંચી શકે. એક, મસ્જિદે મદીના (નબવી), બીજી મસ્જિદે મક્કા મુકર્રમહ (બયતુલ્લાહ), ત્રીજી મસ્જિદે અક્સા (બયતુલ મુકદ્દસ) અને ચોથી મસ્જિદે તૂર.

આયતો : (સૂરએ બની ઇસ્રાઈલ : આયત નં. ૨-૩)

وَاٰتَيْنَا مُوْسَى الْكِتٰبَ وَجَعَلْنٰهُ هُدًى لِّبَنِيْٓ اِسْرَاۤءِيْلَ اَلَّا تَتَّخِذُوْا مِنْ دُوْنِيْ
وَكِيْلًا ۝٢ ذُرِّيَّةَ مَنْ حَمَلْنَا مَعَ نُوْحٍ ۭ اِنَّهٗ كَانَ عَبْدًا شَكُوْرًا ۝٣

તરજુમો :

અને અમે મૂસા (અલૈ.)ને કિતાબ આપી અને તેને બની ઈસ્રાઈલ માટે હિદાયત (માર્ગદર્શક) બનાવી કે મારા સિવાય કોઈને કાર્યસાધક ન ઠરાવો. (૨) તમે જે તે લોકોની અવલાદ છો જેમને અમે નૂહ (અલૈ.)ની સાથે ચઢાવ્યા, બેશક ! તે હક માનનાર (શુક્રગુઝાર) બંદો હતો. (૩)

તફસીર :

અને અમે મૂસા (અલૈ.)ને કિતાબ (એટલે કે તવરાત) આપી અને અમે તેમને બની ઈસ્રાઈલ માટે હિદાયત(નો સામાન) બનાવી (જેમાં બીજા હુકમોની સાથે-સાથે તવહીદનો એ મહાન હુકમ પણ હતો) કે તમે મારા સિવાય (કોઈ અન્યને પોતાનો) કાર્યસાધક ન ઠરાવો, હે તે લોકોના વંશજો જેને અમે નૂહ (અલૈ.)ની સાથે (વહાણમાં) સવાર કર્યા હતા, (અમે તમને સંબોધન કરી રહ્યા છે જેથી તે નેઅ્મતોને યાદ કરો કે જો અમે તેમને વહાણમાં સવાર કરીને ન બચાવ્યા હોત તો આજે તમે તેમના વંશજો ક્યાથી હોત ? અને તે નેઅ્મતને યાદ કરીને તેનો ઉપકાર માનો જેનો સૌથી મોટો વિભાગ તવહીદ છે અને) તે નૂહ (અલૈ.) ઘણા શુક્રગુઝાર બંદા હતા (બસ, જ્યારે અંબિયા અલૈ. શુક્ર અદા કરી રહ્યા છે અને ઉપકાર માની રહ્યા છે તો તમે તેને કઈ રીતે છોડી શકો છો ?)

આયતો : (સૂરએ બની ઇસ્રાઈલ : આયત નં. ૪ થી ૮)

وَقَضَيْنَآ اِلٰى بَنِيْٓ اِسْرَآءِيْلَ فِي الْكِتٰبِ لَتُفْسِدُنَّ فِي الْاَرْضِ مَرَّتَيْنِ وَلَتَعْلُنَّ عُلُوًّا
كَبِيْرًا ④ فَاِذَا جَآءَ وَعْدُ اُوْلٰىهُمَا بَعَثْنَا عَلَيْكُمْ عِبَادًا لَّنَآ اُولِيْ بَاْسٍ شَدِيْدٍ فَجَاسُوْا
خِلٰلَ الدِّيَارِ ۭ وَكَانَ وَعْدًا مَّفْعُوْلًا ⑤ ثُمَّ رَدَدْنَا لَكُمُ الْكَرَّةَ عَلَيْهِمْ وَاَمْدَدْنٰكُمْ
بِاَمْوَالٍ وَّبَنِيْنَ وَجَعَلْنٰكُمْ اَكْثَرَ نَفِيْرًا ⑥ اِنْ اَحْسَنْتُمْ اَحْسَنْتُمْ لِاَنْفُسِكُمْ ۣ وَاِنْ
اَسَاْتُمْ فَلَهَا ۭ فَاِذَا جَآءَ وَعْدُ الْاٰخِرَةِ لِيَسُوْۗءٗا وُجُوْهَكُمْ وَلِيَدْخُلُوا الْمَسْجِدَ كَمَا
دَخَلُوْهُ اَوَّلَ مَرَّةٍ وَّلِيُتَبِّرُوْا مَا عَلَوْا تَتْبِيْرًا ⑦ عَسٰى رَبُّكُمْ اَنْ يَّرْحَمَكُمْ ۚ وَاِنْ
وقف لازم عُدْتُّمْ عُدْنَا ۘ وَجَعَلْنَا جَهَنَّمَ لِلْكٰفِرِيْنَ حَصِيْرًا ⑧

તરજુમો :

અને અમે બની ઈસ્રાઈલને કિતાબમાં સ્પષ્ટ કહી સંભળાવ્યું કે તમે પ્રદેશમાં બે વખતે ફસાદ (ખરાબી) કરશો અને સરકશી (અભિમાન) કરશો, મોટી સરકશી. (૪) પછી જ્યારે પ્રથમ વાયદો આવ્યો અમે તમારા ઉપર પોતાના કઠોર લડવૈયા બંદા મોકલ્યા, પછી શહેરોની વચ્ચે ફેલાઈ પડ્યા અને તે વાયદો (પૂરો) થવાનો જ હતો. (૫) પછી અમે તમારો વારો તેમના ઉપર ફેરવી દીધો અને તમને માલથી અને દિકરાઓથી શક્તિ આપી અને તેનાથી તમારું લશ્કર વધારે કરી દીધું. (૬) જો તમે ભલાઈ કરી તો પોતાનું ભલું કર્યું અને જો બુરાઈ કરી તો પોતાના માટે, પછી જ્યારે બીજો વાયદો પહોંચ્યો બીજા બંદાઓ મોકલ્યા કે તમારા મોઢાં ઉદાસ કરી (બગાડી) દે અને મસ્જિદમાં ઘુસી જાય જેમકે પહેલી વખતે ઘુસી ગયા હતા અને જે જગ્યાએ કાબૂ પામે ખરાબ કરી દે, સંપૂર્ણ ખરાબી (સત્યાનાશ). (૭) કદાચ તમારો પરવરદિગાર તમારા ઉપર રહમ કરે અને જો ફરી તે જ કરશો તો અમે પણ એવું જ કરીશું અને અમે દોઝખને કાફિરોનું કેદખાનું બનાવ્યું છે. (૮)

તફસીર :

અને અમે બની ઈસ્રાઈલને કિતાબમાં (તે તવરાતમાં હોય કે પછી અન્ય બની ઈસ્રાઈલના સહીફાઓમાં) એ વાત (ભવિષ્યવાણી તરીકે) બતાવી આપી હતી કે તમે (સિરીયાની) ભૂમિમાં બે વખતે (ગુનાહોના મોટા પ્રમાણથી) ખરાબી કરશો (એક વખતે હઝરત મૂસા અલૈ.ની શરીઅતનો વિરોધ અને બીજા વખતે હઝરત ઈસા અલૈ.ની શરીઅતનો વિરોધ) અને અન્યો ઉપર પણ જોર ચલાવવા લાગશો (એટલે કે અત્યાચાર અને બળજબરી કરશો એ રીતે لَتُفْسِدُنَّ "લતુફસિદુન્નહ"માં અલ્લાહના હકો બરબાદ કરવા તરફ અને لَتَعْلُنَّ માં બંદાઓના હકો બરબાદ કરવા તરફ ઈશારો છે અને એ પણ બતાવવામાં આવ્યું હતું કે બંને વખતે સખત સજામાં સપડાઈ જશે) ત્યારબાદ જ્યારે તેઓ બે સમયની મુદતમાંથી પ્રથમ મુદતે આવી પહોંચશે તો અમે તેમના ઉપર પોતાના એવા બંદાઓને થોપી દઈશું જેઓ સખત લડવૈયા હશે, પછી તેઓ (તમારા) ઘરોમાં ઘુસી જશે તે હત્યા અને કેદ કરી તમારો નાશ કરી નાંખશે અને આ

(સજાનો વાયદો) એક વાયદો છે જે અવશ્ય થઈને રહેશે, ત્યારબાદ (જ્યારે તમે પોતાના કર્યા ઉપર પસ્તાવો કરી તવબહ કરનારા થઈ જશો) તો અમે ફરી તેમના ઉપર વર્ચસ્વ કરાવી આપીશું (તેઓ તમારા જ સહાયક બની જશે, એ જ પ્રમાણે તમારા દુશ્મન તે કોમથી અને તમારાથી બંનેથી પરાજિત થઈ જશે) અને માલ અને પુત્રો (કે જેમને કેદ અથવા હલાક કરવામાં આવ્યા હતા હવે તેમની સંખ્યા વધારી તમારી મદદ કરીશું, એટલે કે આ વસ્તુઓ તમને પાછી મળી જશે જેનાથી તમને શક્તિ પ્રદાન થશે) અને અમે તમારા સમૂહ (એટલે કે તાબે'દારો)ને વધારીશું (બસ, માલ અને હોદ્દો, અવલાદ અને આજ્ઞાપાલન બધામાં પ્રગતિ થશે અને આ કિતાબમાં નસીહત સ્વરૂપે એ પણ લખવામાં આવ્યું હતું કે) જો (હવે ભવિષ્યમાં) સારા કામો કરતા રહેશો તો પોતાના જ લાભના માટે સારા કામ કરશો (એટલે કે દુનિયા અને આખિરતમાં તેનો લાભ પ્રાપ્ત થશે) અને જો (ફરી) તમે ખરાબ કામો કરશો તો પણ તે પોતાના જ માટે (બુરાઈ કરશો, એટલે કે ફરી સજા થશે એટલા માટે એવું જ થયું જેનું આગળ વર્ણન આવે છે કે) પછી જ્યારે (પ્રસ્તુત બે સમયના ફસાદમાંથી) અંતિમ સમયની મુદ્દત આવશે (અને તે સમયે તમે ઈસા અલૈ.ની શરીઅતનો વિરોધ કરશો) તો પછી અમે અન્યોને તમારા ઉપર થોપી દઈશું જેથી (તેઓ તમને મારી-મારીને) તમારા ચહેરાઓ બગાડી નાંખશે અને જે પ્રમાણે તે (આગલા) લોકો મસ્જિદ (અલ અકસા-બયતુલ મુકદ્દસ)માં (લૂંટમાર કરતા) ઘુસ્યા હતા આ (પાછલા) લોકો પણ તેમાં ઘુસી જશે, જે-જે વસ્તુ ઉપર તેમનો કાબૂ થશે સૌ(નો નાશ અને) બરબાદ કરી નાંખશે (અને આ કિતાબમાં એ પણ લખ્યું હતું કે જો આ બીજા સમય પછી જ્યારે તેઓ શરીઅતે મુહમ્મદિય્યહ ﷺનો વિરોધ અને ગુનાહોના કાર્યોથી અટકી જાય તથા શરીઅતે મુહમ્મદિય્યહનું અનુસરણ કરી લે તો) આશ્ચર્યની વાત નથી (એટલે કે વાયદા સ્વરૂપે ઉમ્મીદ છે) કે તમારો પરવરદિગાર તમારા ઉપર રહમ કરે (અને તમને અપમાન અને તકલીફમાંથી બહાર કાઢે) અને જો તમે ફરી પાછા (શરારત) કરશો તો અમે પણ ફરી પાછા (સજાનો વર્તાવ) કરીશું (એટલા માટે રસૂલે કરીમ ﷺના સમયમાં તેમણે તેમનો વિરોધ કર્યો તો પછી કતલ અને કેદ તથા અપમાનિત થવાની આ દુનિયામાં સજા થઈ) અને (આખિરતમાં) અમે જહન્નમને (એવા) કાફિરોનું જેલખાનું બનાવી રાખ્યું છે.

આયતોનો ક્રમ અને ગોઠવણી :

આનાથી અગાઉની આયતો جَعَلْنٰهُ هُدًى لِّبَنِىٓ اِسْرَآءِيْلَ માં શરીઅતના હુકમો તથા અલ્લાહની હિદાયત અને અનુસરણ તથા આજ્ઞાપાલનનું પ્રોત્સાહન હતું અને પ્રસ્તુત આયતોમાં તેનો વિરોધ કરવા ઉપર ધમકી તથા સજાનો વિષય છે. આ આયતોમાં બની ઈસ્રાઈલની બે ઘટનાઓ બોધપાઠ અને શિખામણ માટે વર્ણન કરવામાં આવી છે કે તેમણે એક સમયે ગુનાહો કરી તથા અલ્લાહના હુકમનો વિરોધ કરી મૂર્ખામી કરી તો અલ્લાહ તઆલાએ તેમના ઉપર દુશ્મનોને થોપી દીધા જેમણે તેમને તબાહ બરબાદ કર્યા, પછી તેમની શા'ન કંઈક ઠેકાણે આવી અને પછી શરારત ઓછી કરી તો હાલત ઠીકઠાક થઈ, પરંતુ અમુક મુદ્દત પછી ફરી પાછી શરારતો અને દુષ્કૃત્યો તેમનામાં ફેલાઈ ગયા તો ફરી પાછા અલ્લાહ તઆલાએ તેમના દુશ્મનોના હાથે તેમને સજા અપાવી. કુર્આને કરીમમાં બંને ઘટનાઓનું વર્ણન છે પરંતુ ઈતિહાસમાં આ પ્રમાણેની છ ઘટનાઓ બની છે.

(૧) મસ્જિદે અક્સા બનાવનાર હઝરત સુલયમાન (અલૈ.)ની વફાતના અમુક સમય પછી આ ઘટના ઘટી હતી કે બયતુલ મુકદ્દસના શાસનકર્તાઓએ બેદીની અને ખરાબ કૃત્યો અપનાવી લીધા તો મિસ્રના એક બાદશાહે તેમના ઉપર આક્રમણ કર્યું અને બયતુલ મુકદ્દસનો સોના-ચાંદીનો સામાન લૂંટીને લઈ ગયો પરંતુ શહેર અને મસ્જિદને જમીનદોસ્ત ન કર્યું.

(૨) આ ઘટના લગભગ તેનાથી ચારસો વર્ષ પછીની છે કે બયતુલ મુકદ્દસમાં પહોંચનારા અમુક યહૂદીઓએ મૂર્તિપૂજા શરૂ કરી દીધી અને બાકીનાઓમાં કુસંપ અને પરસ્પર ઝઘડા થવા લાગ્યા તેની નહૂસતથી ફરી કોઈ મિસ્રના બાદશાહે તેમના ઉપર આક્રમણ કર્યું અને અમુક રીતે શહેર અને મસ્જિદની ઈમારતને પણ નુકસાન પહોંચાડ્યું, પછી તેમની હાલત કંઈક ઠીકઠાક થઈ.

(૩) આ ઘટના તેના અમુક વર્ષો પછી બની જ્યારે બુખ્તે નસર બૅબીલોનના બાદશાહે બયતુલ મુકદ્દસ ઉપર ચઢાઈ કરી અને શહેરને જીતીને ઘણો સામાન લૂંટી લીધો અને ઘણા લોકોને કેદ પકડીને લઈ ગયો તથા અગાઉના બાદશાહના કુટુંબના એક વ્યક્તિને પોતાનો નાયબ બનાવી આ શહેરનો શાસક

બનાવી દીધો.

(૪) તે નવા બાદશાહે કે જે મૂર્તિપૂજક અને દુષ્કૃત્યો આચરનાર હતો તેણે બુખ્તે નસર સામે બળવો કર્યો તો બુખ્તે નસર ફરીવાર ચઢી આવ્યો અને ખૂનામરકી તથા હત્યાઓનું બજાર ગરમ કરી નાંખ્યું અને મોટા ભાગના શહેરમાં આગ લગાવીને તેને મેદાન કરી નાંખ્યું. આ ઘટના મસ્જિદના ચારસો પંદર વર્ષ પછી બની હતી, ત્યારબાદ યહૂદીઓને અહીંયાંથી દેશ નિકાલો આપવામાં આવ્યો અને તે બૅબીલોન ચાલ્યા ગયા જ્યાં અત્યંત અપમાનિત દશામાં રહીને સિત્તેર વર્ષો પસાર થઈ ગયા, ત્યારબાદ ઈરાનના શાહે બૅબીલોનના બાદશાહ ઉપર આક્રમણ કરીને બૅબીલોન જીતી લીધું, ફરી ઈરાનના શાહને તે જિલાવતન (દેશનિકાલ થયેલા) યહૂદીઓ ઉપર દયા આવી અને તેમને પાછા સિરીયામાં પહોંચાડી દીધા અને તેમનો લૂંટેલો સામાન પણ પાછો આપ્યો, હવે યહૂદીઓ પોતાના અમલો અને ગુનાહોથી તવબહ કરી ચૂક્યા હતા, અહીંયાં નવેસરથી સ્થાયી થયા તો ઈરાનના શાહની મદદથી ફરી મસ્જિદે અક્સાને પ્રથમ નમૂના પ્રમાણે બનાવી દીધી.

(૫) આ ઘટના તે સમયે ઘટી જ્યારે યહૂદીઓને અહીંયાં સંતોષ તથા છૂટછાટ ફરીવાર પ્રાપ્ત થઈ ગઈ ત્યારે તેઓ પોતાના ભૂતકાળને ભૂલી ગયા અને ફરી દુષ્કૃત્યો અને ખરાબ પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત થઈ ગયા ત્યારે હઝરત ઈસા (અલૈ.)ની પેદાઈશના એકસો સિત્તેર વર્ષ પહેલાં એ ઘટના ઘટી કે જે રાજાએ અંતાકિયા (Antioch) વસાવ્યું હતું તેણે આક્રમણ કર્યું અને ચાલીસ હજાર યહૂદીઓને કતલ કરી નાંખ્યા અને ચાલીસ હજારને કેદ પકડીને તથા ગુલામ બનાવીને પોતાની સાથે લઈ ગયો તથા મસ્જિદની પણ ખૂબ બેહૂરમતી કરી પરંતુ મસ્જિદની ઈમારત બચી ગઈ, પરંતુ ફરી આ બાદશાહના નાયબોએ શહેર અને મસ્જિદને બિલકુલ ખેદાન-મેદાન કરી નાંખ્યું, તેની અમુક મુદત પછી બયતુલ મુકદ્દસ ઉપર રૉમના રાજાનું શાસન સ્થપાઈ ગયું, તેમણે મસ્જિદને ફરી ઠીકઠાક કરાવી અને તેના આઠ વર્ષ પછી હઝરત ઈસા (અલૈ.)નો જન્મ થયો.

(૬) હઝરત ઈસા (અલૈ.)ના સદેહે આસમાનમાં ઉઠાવી લીધાના ચાલીસ વર્ષો પછી યહૂદીઓએ પોતાના શાસનકર્તા રૉમના બાદશાહો સામે બળવો પોકાર્યો તો રૉમનોએ ફરી શહેર અને મસ્જિદને તબાહ-બરબાદ કરીને એવી જ

હાલત કરી નાંખી જેવી કે પહેલાં હતી, તે સમયના બાદશાહનું નામ ટેટ્સ હતું જે ન તો યહૂદી હતો અને ન જ ઈસાઈ, કારણ કે તેના ઘણો દિવસો પછી કૉન્સટન્ટીન પહેલો ઈસાઈ બન્યો છે અને ત્યારબાદ હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ (રદિ.)ના સમયકાળ સુધી આ મસ્જિદ વેરાન પડેલી રહી, એટલે સુધી કે હઝરત ઉમર (રદિ.)એ તેનું બાંધકામ કરાવ્યું, આ છ ઘટનાઓ કુર્આનની તફસીરોમાં સાચી તફસીરોના હવાલાથી લખવામાં આવી છે.

હવે એ વાત કે કુર્આને કરીમે જે બે ઘટનાઓનું વર્ણન કર્યું છે તે તેમાંથી કઈ છે તેને કોઈ ચોક્કસ રીતે નિશ્ચિત અને નક્કી કરવું તો મુશ્કેલ છે પરંતુ દેખીતું એ છે કે તેમાંથી જે બે ઘટનાઓ વધારે કઠોર અને મોટી છે, જેમાં યહૂદીઓની શરારતો પણ વધારે થઈ અને સજા પણ તેના પ્રમાણમાં કઠોર સ્વરૂપે મળી તેને તે બે ઘટનાઓ સમજવામાં આવે અને તે ચોથી અને છટ્ઠી ઘટના છે. તફસીરે કુર્તુબીમાં અહીંયાં એક લાંબી "હદીષે મરફુઅ્" હઝરત હુઝયફા (રદિ.) દ્વારા નકલ કરવામાં આવી છે તેનાથી પણ એ નિશ્ચિત થાય છે કે આ બે ઘટનાઓનો ભાવાર્થ ઉપરોક્ત ચોથા અને છટ્ઠા નંબરની ઘટના છે, આ લાંબી હદીષનો તરજુમો આ પ્રમાણે છે.

"હઝરત હુઝયફા (રદિ.) ફરમાવે છે કે મેં રસૂલે કરીમ ﷺને વિનંતી કરી કે બયતુલ મુકદસ અલ્લાહ તઆલા સમીપ મહાન કદરપાત્ર મસ્જિદ છે, આપ ﷺએ ફરમાવ્યું કે તે દુનિયાના બધા ઘરોમાં એક વિશિષ્ટ શ્રેષ્ઠતાવાળું ઘર છે જેને અલ્લાહ તઆલાએ સુલયમાન બિન દાવુદ (અલૈ.) માટે સોના-ચાંદી અને ઝવેરાત તથા યાકૂત (રૂબી) અને ઝુમુર્રદ (Emerald)થી બનાવ્યું હતું અને તે એ પ્રમાણે કે જ્યારે હઝરત સુલયમાન (અલૈ.)એ તેનું બાંધકામ શરૂ કર્યું તો અલ્લાહ તઆલાએ જિન્નાતોને તેમના તા'બે કરી દીધા, જિન્નાતોએ આ બધા ઝવેરાત અને સોના-ચાંદી ભેગા કરીને તેનાથી મસ્જિદ બનાવી. હઝરત હુઝયફા (રદિ.) ફરમાવે છે કે મેં વિનંતી કરી કે પછી બયતુલ મુકદસનું આ સોનું-ચાંદી ક્યાં ગયા અને કઈ રીતે ? તો રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે જ્યારે બની ઈસ્રાઈલે અલ્લાહ તઆલાની નાફરમાની કરી તથા ગુનાહો અને દુષ્કૃત્યોમાં સંડોવાય ગયા, અંબિયા (અલૈ.)ને કતલ કર્યા તો અલ્લાહ તઆલાએ તેમના ઉપર બુખ્તે નસર બાદશાહને થોપી દીધો જે અગ્નિપૂજક હતો, તેમણે સાતસો

વર્ષો બયતુલ મુકદ્દસ ઉપર શાસન કર્યું.'' કુર્આને કરીમમાં આયત فَاِذَا جَآءَ وَعْدُ اُوْلٰهُمَا بَعَثْنَا عَلَيْكُمْ عِبَادًا لَّنَآ اُولِىْ بَاْسٍ شَدِيْدٍ થી આ જ ઘટના ભાવાર્થ તરીકે છે. બુખ્તે નસરનું લશ્કર મસ્જિદે કુદ્સમાં દાખલ થયું, પુરુષોને કતલ કર્યા તથા સ્ત્રીઓ અને બાળકોને કેદ કર્યા અને બયતુલ મુકદ્દસનો બધો માલ-સામાન સોનું-ચાંદી, હીરા-ઝવેરાતને એક લાખ સિત્તેર હજાર ગાડાંઓમાં ભરીને લઈ ગયો અને પોતાના દેશ બૅબીલોનમાં રાખી લીધું. સો વર્ષો સુધી તેણે બની ઈસ્રાઈલને પોતાના ગુલામ બનાવીને જાત-જાતની કષ્ટદાયક સેવા તેમને અપમાનિત કરી લેતો રહ્યો.

પછી અલ્લાહ તઆલાએ ઈરાનના બાદશાહોમાંથી એક બાદશાહને તેના મુકાબલામાં ઊભો કરી દીધો જેણે બૅબીલોન જીતી લીધું અને બાકીના બની ઈસ્રાઈલને બુખ્તે નસરની કેદમાંથી આઝાદ કરાવ્યા તથા જેટલો માલ-સામાન તે બયતુલ મુકદ્દસમાંથી લાવ્યો હતો તે પરત બયતુલ મુકદ્દસમાં પહોંચાડી દીધો અને ફરી બની ઈસ્રાઈલને હુકમ આપ્યો કે જો તમે ફરી નાફરમાની અને ગુનાહો તરફ પાછા વળશો તો અમે પણ ફરી કતલ અને કેદનો અઝાબ તમારા ઉપર પાછો વાળીશું. કુર્આને કરીમની عَسٰى رَبُّكُمْ اَنْ يَّرْحَمَكُمْ وَاِنْ عُدْتُّمْ عُدْنَا આયતનો આ જ ભાવાર્થ છે.

પછી જ્યારે બની ઈસ્રાઈલ બયતુલ મુકદ્દસમાં પાછા ફર્યા અને બધો માલ-સામાન પણ કબ્જામાં આવી ગયો તો ફરી ગુનાહો અને દુષ્કૃત્યો તરફ પાછા વળ્યા, તે સમયે અલ્લાહ તઆલાએ તેમના ઉપર રૉમના બાદશાહ કયસરને થોપી દીધો, આયત فَاِذَا جَآءَ وَعْدُ الْاٰخِرَةِ لِيَسُوْٓءُ وُجُوْهَكُمْ નો આ જ ભાવાર્થ છે. રૉમના બાદશાહે આ લોકો ઉપર જમીની અને દરિયાઈ માર્ગે યુદ્ધ કર્યા અને ઘણા બધા લોકોને કતલ તથા કેદ કર્યા અને પછી તેમનો બધો માલ-સામાન બયતુલ મુકદ્દસથી અસંખ્ય ગાડીઓમાં લાદીને લઈ ગયો અને પોતાના રાજ્ય બૅબીલોનમાં રાખી લીધો, આ બધો માલ-સામાન અત્યાર સુધી ત્યાં જ છે અને ત્યાં જ રહેશે એટલે સુધી કે હઝરત મહેંદી (અલૈ.) ફરી તેમને બયતુલ મુકદ્દસમાં એક લાખ સિત્તેર હજાર વહાણોમાં પાછા લાવશે અને આ જ સ્થળે અલ્લાહ તઆલા બધા જ આગલા અને પાછલા લોકોને ભેગા કરશે.

(એક લાંબી હદીષ કુર્તુબીની તફસીરમાં વર્ણન થયા પ્રમાણે)

બયાનુલ કુર્આનમાં છે કે બે ઘટનાઓ જેનું વર્ણન કુર્આનમાં આવ્યું છે તેનો ભાવાર્થ બે શરીઅતોનો વિરોધ છે, પ્રથમ હઝરત મૂસા (અલૈ.)ની શરીઅતનો વિરોધ અને પછી હઝરત ઈસા (અલૈ.)ના આગમન પછી તેમની શરીઅતનો વિરોધ છે. આ પ્રમાણે પ્રથમ વિરોધમાં તે બધી જ ઘટનાઓ સામેલ હોઈ શકે છે જે ઉપર વર્ણન કરવામાં આવી છે, ઘટનાઓની વિગતો પછી હવે આયતોની ટૂંકો ખુલાસો જોઈ લઈએ.

મસ્અલા અને બોધપાઠ :

ઉપરોક્ત ઘટનાઓનો ખુલાસો એ છે કે બની ઈસ્રાઈલ વિશે અલ્લાહ તઆલાએ એ ફેંસલો કર્યો હતો કે તેઓ જયાં સુધી અલ્લાહ તઆલાનું આજ્ઞાપાલન કરશે તેઓ દીન અને દુનિયામાં સફળ તથા પ્રતિષ્ઠિત રહેશે અને જ્યારે પણ દીનના માર્ગેથી ભટકવા લાગશે ત્યારે ઝલીલ તથા અપમાનિત થઈ જશે તથા દુશ્મનો અને કાફિરોના હાથે તેમને નુકસાનમાં નાંખવામાં આવશે અને માત્ર એટલું જ નહિ કે દુશ્મનો તેમના ઉપર વિજયી થઈને તેમને જાન અને માલનું નુકસાન પહોંચાડે બલકે તેમની સાથે તેમનો કિબ્લો બયતુલ મુકદ્દસ પણ આ દુશ્મનોના મારથી બચી શકશે નહીં, તેમના કાફિર દુશ્મનો બયતુલ મુકદ્દસની મસ્જિદમાં ઘુસીને તેની બેહુરમતી અને તોડ-ફોડ કરશે, આ પણ બની ઈસ્રાઈલની સજાનું જ એક અંગ હશે. કુર્આને કરીમે તેમની બે ઘટનાઓ વર્ણન કરી, પ્રથમ ઘટના હઝરત મૂસા (અલૈ.)ની શરીઅતના સમયની છે અને બીજી ઘટના હઝરત ઈસા (અલૈ.)ના સમયની છે. આ બંનેમાં બની ઈસ્રાઈલે પોતાના સમયની સમકાલીન ઈલાહી શરીઅતનો વિરોધ કરી તેનાથી બળવાખોરી અપનાવી લીધી તો પ્રથમ ઘટનામાં એક અગ્નિપૂજક કાફિર બાદશાહ તેમના ઉપર અને બયતુલ મુકદ્દસ ઉપર થોપી દેવામાં આવ્યો જેણે ખૂબ તબાહી મચાવી અને બીજી ઘટનામાં એક રૉમન બાદશાહને થોપવામાં આવ્યો જેણે તેમની હત્યા અને નાશ કર્યો તથા બયતુલ મુકદ્દસને જમીનદોસ્ત કરીને વેરાન કરી નાંખ્યું, તેની સાથે જ એ પણ વર્ણન કરવામાં આવ્યું કે બંને વખતે જ્યારે બની ઈસ્રાઈલે પોતાના દુષ્કૃત્યો ઉપર પસ્તાવો કરીને તવબહ કરી તો અલ્લાહ તઆલાએ તેમને પ્રદેશ અને દોલત તથા સંતાનોથી ભર્યા-ભાદર્યા કરી દીધા.

આ બંને ઘટનાઓના વર્ણન પછી અંતે અલ્લાહ તઆલાએ તે ઘટનાઓમાં પોતાનો નિયમ વર્ણન કયો છે, وَإِنْ عُدْتُّمْ عُدْنَا એટલે કે, જો તમે પણ નાફરમાની અને બળવાખોરી તરફ પાછા ફરશો તો અમે ફરી એ જ પ્રમાણેની સજાઓ અને અઝાબ તમારા ઉપર નાંખીશું, આ નિયમ કયામત સુધી લાગુ રહેશે અને આ સંબોધન બની ઈસ્રાઈલને થયું હતું જેઓ રસૂલે કરીમ ﷺના સમયકાળમાં મોજૂદ હતા, જેમાં ઈશારો કરવામાં આવ્યો છે કે જે પ્રમાણે હઝરત મૂસા (અલૈ.)ની શરીઅતનો વિરોધ કરવાથી અને બીજી વખતે હઝરત ઈસા (અલૈ.)ની શરીઅતનો વિરોધ કરવાથી તમારે સજા અને અઝાબમાં સપડાવું પડ્યું હતું, હવે ત્રીજો દોર શરીઅતે મુહમ્મદી ﷺનો છે જે કયામત સુધી ચાલશે અને તેનો વિરોધ કરવાનો પણ આવો જ અંજામ થશે જેવો કે અગાઉ થઈ ચૂક્યો છે, એટલા માટે એવું જ થયું કે તે લોકોએ શરીઅતે મુહમ્મદિય્યહ ﷺ અને ઈસ્લામનો વિરોધ કર્યો તો મુસલમાનોના હાથે તેમને દેશનિકાલો મળ્યો તથા તેઓ અપમાનિત થયા અને અંતે તેમના કિબ્લા બયતુલ મુકદસ ઉપર પણ મુસલમાનોનો કબ્જો થઈ ગયો, તફાવત એ રહ્યો કે પાછલા બાદશાહોએ તેમને પણ અપમાનિત કર્યા હતા અને તેમના કિબ્લા બયતુલ મુકદસની પણ બેહૂરમતી કરી હતી, હવે મુસલમાનોએ બયતુલ મુકદસ ઉપર કબ્જો કર્યો તો મસ્જિદે બયતુલ મુકદસ જે સદીઓથી જમીનદોસ્ત અને વેરાન પડેલી હતી તેનું નવેસરથી બાંધકામ કર્યું અને તે અંબિયા (અલૈ.)ના કિબ્લાની પ્રતિષ્ઠા પુનઃસ્થાપિત કરી.

બની ઇસ્રાઈલની ઘટનાઓમાં મુસલમાનો માટે બોધપાઠ છે; હાલની બયતુલ મુકદસની હાલત આ જ ક્રમની એક કડી છે :

બની ઈસ્રાઈલની આ ઘટનાઓને કુર્આને કરીમનો વર્ણન કરવાનો અને મુસલમાનોને સંભળાવવાનો દેખીતો હેતુ એ જ છે કે મુસલમાનો પણ અલ્લાહના આ કાયદાઓથી અળગા કે બાકાત નથી, દુનિયા અને દીનમાં તેમની ઈજ્જત, પ્રતિષ્ઠા, માલ અને દોલત અલ્લાહના આજ્ઞાપાલન સાથે જોડાયેલ છે, જ્યારે તેઓ અલ્લાહ અને રસૂલે કરીમ ﷺની આજ્ઞાથી આડા ફંટાશે તો તેમના દુશ્મનો અને કાફિરો તેમના ઉપર વિજયી કરવામાં આવશે અને થોપી દેવામાં આવશે જેમના હાથે તેમના પ્રતીકો અને મસ્જિદોની બેહૂરમતી (અપમાન) પણ થશે.

આજકાલ જે બયતુલ મુકદસની ઘટનાઓ કે તેના ઉપર યહૂદીઓનો કબ્જો, પછી તેમાં આગ લગાવવાથી સમગ્ર ઈસ્લામી જગત પરેશાન-પરેશાન છે વાસ્તવમાં એની હકીકત એ છે કે આ તે જ કુર્આની ઈરશાદોનું સમર્થન થઈ રહ્યું છે કે મુસલમાનો અલ્લાહ અને રસૂલને ભૂલાવી આખિરતથી ગાફેલ થઈને દુનિયાની શાનો-શૌકત પાછળ લાગી ગયા અને કુર્આન તથા સુન્નતના હુકમોથી અજાણ બની ગયા, જ્યારે તે જ કુદરતનો ઈલાહી નિયમ અહીંયાં પણ લાગુ પડ્યો કે કરોડો મુસલમાનો ઉપર અમુક લાખ યહૂદીઓ છવાઈ ગયા છે, તેમણે તેમના જાન અને માલને પણ નુકસાન પહોંચાડ્યું તથા શરીઅતે ઈસ્લામની રૂએ દુનિયાની ત્રણ મહાન મસ્જિદોમાંથી એક જે બધા જ અંબિયા (અલૈ.)નો કિબ્લો રહ્યો છે તે મુસલમાનો પાસેથી ઝૂંટવી લેવામાં આવી અને એક એવી કોમ છવાઈ ગઈ જે દુનિયામાં સૌથી વધારે અપમાનિત અને તુચ્છ સમજવામાં આવી રહી છે એટલે કે યહૂદીઓ; તેના ઉપર વિશેષ આ અનુભવ છે કે આ કોમ ન તો સંખ્યામાં મુસલમાનોના મુકાબલામાં કોઈ હેસિયત ધરાવે છે અને ન જ મુસલમાનોના સામૂહિક ઉપસ્થિત શસ્ત્રો અને શક્તિના મુકાબલામાં તેમની કોઈ તાકાત છે, તેનાથી એ પણ જાણ થાય છે કે આ હાલત યહૂદીઓ માટે કોઈ પ્રતિષ્ઠાનું સ્થાન અપાવતી નથી, અલબત્ત મુસલમાનો માટે તેમની બળવાખોરી અને ગુનાહોની સજા અવશ્ય છે જેનાથી સ્પષ્ટ રીતે જાહેર થાય છે કે આ જે કંઈ થઈ રહ્યું છે તે આપણા દુષ્કૃત્યોની સજા સ્વરૂપે થઈ રહ્યું છે અને તેનો ઈલાજ એના સિવાય કંઈ જ નથી કે આપણે ફરી પોતાના દુષ્કૃત્યો ઉપર પસ્તાવો કરીને સાચી તવબહ કરીએ અને અલ્લાહના હુકમોના આજ્ઞાપાલનમાં લાગીને સાચા મુસલમાન બનીએ તથા અન્યોની નકલ કરવામાં તથા અન્યોનો ભરોસો કરવામાં જઘન્ય અપરાધથી અટકી જઈએ તો અલ્લાહના વાયદા પ્રમાણે ઈન્શાઅલ્લાહ બયતુલ મુકદસ અને પૅલેસ્ટાઈન પણ પાછું મુસલમાનોના કબ્જામાં જ આવશે પરંતુ અફસોસ એ વાતનો છે કે આજકાલ અરબ શાસકો અને ત્યાંના સામાન્ય મુસલમાનો હજુ સુધી પણ આ હકીકતથી ચેતતા નથી, તેઓ હજુ પણ ગેરોની મદદના સહારે બયતુલ મુકદસને પાછું મેળવવાનો પ્લાન અને નકશા બનાવી રહ્યા છે જેની દેખીતી રીતે કોઈ સંભાવના કે શક્યતા નથી. فَإِلَى اللّٰهِ الْمُشْتَكٰى

તે શસ્ત્ર-સરંજામ તથા સાધન-સામગ્રી જેનાથી બયતુલ મુકદસ અને

પૅલેસ્ટાઈન ફરી પાછું મુસલમાનોને મળી શકે છે તે માત્ર અલ્લાહ તઆલાના શરણે જવામાં અને તેના ઉપર સંપૂર્ણ ભરોસો રાખી આખિરત ઉપર દઢ શ્રદ્ધા અને શરીઅતના હુકમોનું અનુસરણ તથા પોતાની આર્થિક અને રાજકીય વ્યવસ્થામાં ગેરો ઉપર ભરોસો કરવાથી કે તેમની નકલ કરવાથી બચી અને પછી અલ્લાહ ઉપર સંપૂર્ણ ભરોસો કરવો ખાલિસ ઈસ્લામી અને શરઈ જિહાદ છે, અલ્લાહ તઆલા આપણા અરબ શાસકો અને અન્ય મુસલમાનોને તેની તવફીક અતા ફરમાવે. આમીન.

એક આશ્ચર્યજનક ઘટના :

અલ્લાહ તઆલાએ આ પૃથ્વી ઉપર પોતાની ઈબાદત માટે બે સ્થળોને ઈબાદત કરનારાઓનો કિબ્લો બનાવ્યો, એક બયતુલ મુકદસ અને બીજો બયતુલ્લાહ; પરંતુ અલ્લાહની કુદરતના નિયમો બંને વિશે અલગ-અલગ છે, બયતુલ્લાહનું રક્ષણ કરવું અને કાફિરોનો તેના ઉપર વિજય પ્રાપ્ત ન થવા દેવાની જવાબદારી અલ્લાહે પોતે લીધેલી છે અને તેનું પરિણામ તે "અસ્હાબે ફીલ" છે જે કુર્આને કરીમે સૂરએ ફીલમાં વર્ણન થયું છે કે યમનના ઈસાઈ બાદશાહે બયતુલ્લાહ ઉપર ચઢાઈ કરી ત્યારે અલ્લાહ તઆલાએ તેનો પોતાના હાથીઓના લશ્કર સહિત બયતુલ્લાહની નજીક જતા પહેલાં જ પક્ષીઓ દ્વારા નાશ કરી નાંખ્યો પરંતુ બયતુલ મુકદસ વિશે આ કાયદો નથી બલકે પ્રસ્તુત આયતોથી એ જાણ થાય છે કે જ્યારે મુસલમાનો ગુમરાહી અને ગુનાહોમાં સંડોવાશે તો તેની સજા સ્વરૂપે તેમની પાસેથી તે પ્રથમ કિબ્લો પણ ઝૂંટવી લેવામાં આવશે અને કાફિરો તેના ઉપર વિજય અને કાબૂ પ્રાપ્ત કરશે.

કાફિરો પણ અલ્લાહ તઆલાના જ બંદા છે પરંતુ તેના સ્વીકૃતિપ્રાપ્ત બંદાઓ નથી :

પ્રસ્તુત પ્રથમ ઘટનામાં કુર્આને કરીમે ઈરશાદ ફરમાવ્યો છે કે જ્યારે દીનવાળા ફિત્ના અને ફસાદ ઉપર ઊતરી આવશે તો અલ્લાહ તઆલા તેમના ઉપર પોતાના એવા બંદાઓને થોપી દેશે જે તેમના ઘરોમાં ઘુસીને તેમની હત્યા કરી તબાહી મચાવશે. આ સ્થળે કુર્આને કરીમના શબ્દ عِبَادًا لَّنَا (ઈબાદલ્લના) આવ્યો છે, عِبَادَنَا (ઈબાદના) નથી કહ્યું, બલકે એવું કહેવું ટૂંકું હોત પરંતુ હિકમત

એ છે કે કોઈ બંદાની ઈજાફત અને નિસ્બત અલ્લાહ તરફ થઈ જવું તેના માટે સૌથી મોટી પ્રતિષ્ઠા છે, જેમકે આ જ સૂરતની શરૂઆતમાં أَسْرَىٰ بِعَبْدِهِ (અસ્રા બિઅબ્દિહી) હેઠળ એ બતાવવામાં આવી ચૂક્યું છે કે રસૂલે કરીમ ﷺને મેઅ્રાજમાં ખૂબ મહાન પ્રતિષ્ઠા અને અલ્લાહની નિકટતા પ્રાપ્ત થઈ, કુર્આને આ ઘટનાને વર્ણન કરવામાં રસૂલે કરીમ ﷺના નામ અથવા તેમનું કોઈ લક્ષણ કે સિફત વર્ણન કરવાના બદલે عَبْدِهِ (અબ્દિહી) કહીને એ બતાવ્યું કે મનુષ્યની અંતિમ વિશિષ્ટતા અને ઉચ્ચ કક્ષાની ઊંચાઈની પરાકાષ્ઠાનું સ્થાન એ છે કે અલ્લાહ તઆલા તેને પોતાનો બંદો કહીને નવાજે. પ્રસ્તુત આયતમાં જે લોકો પાસેથી બની ઈસ્રાઈલને સજા આપવાનું કામ લેવામાં આવ્યું તેઓ પોતે પણ કાફિર હતા, એટલા માટે અલ્લાહ તઆલાએ તેમને عِبَادَنَا (ઈબાદના)ના શબ્દથી ઓળખાવવાના બદલે તેમની ઈજાફત અને નિસ્બતને તોડીને عِبَادًا لَّنَا (ઈબાદલ્લના) ફરમાવ્યું, જેમાં એ તરફ ઈશારો છે કે તકવીની સ્વરૂપે તો બધા જ મનુષ્યો અલ્લાહના બંદા છે પરંતુ ઈમાન વિના તેઓ સ્વીકૃત બંદાઓ નથી કે જેમની નિસ્બત અને ઈજાફત (વિશેષ સન્માન) અલ્લાહ તરફ કરવામાં આવે.

આયતો : (સૂરએ બની ઇસ્રાઈલ : આયત નં. ૯-૧૦-૧૧)

إِنَّ هَٰذَا الْقُرْآنَ يَهْدِي لِلَّتِي هِيَ أَقْوَمُ وَيُبَشِّرُ الْمُؤْمِنِينَ الَّذِينَ يَعْمَلُونَ
الصَّالِحَاتِ أَنَّ لَهُمْ أَجْرًا كَبِيرًا ۝٩ وَأَنَّ الَّذِينَ لَا يُؤْمِنُونَ بِالْآخِرَةِ أَعْتَدْنَا
لَهُمْ عَذَابًا أَلِيمًا ۝١٠ وَيَدْعُ الْإِنسَانُ بِالشَّرِّ دُعَاءَهُ بِالْخَيْرِ ۖ وَكَانَ الْإِنسَانُ عَجُولًا ۝١١ ع

તરજુમો :

નિ:શંક ! આ કુર્આન તે માર્ગ બતાવે છે જે સૌથી સીધો છે અને ઈમાનવાળાઓને ખુશખબરી સંભળાવે છે જેઓ સારા અમલ કરે છે કે તેમના માટે મોટો સવાબ છે. (૯) અને એ કે જે આખિરતને નથી માનતા તેમના માટે અમે દર્દનાક અઝાબ તૈયાર કર્યો છે. (૧૦) અને માનવી બુરાઈ માંગે છે જેવી રીતે ભલાઈ માંગે છે અને મનુષ્ય ઉતાવળિયો છે. (૧૧)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

સૂરતની શરૂઆતમાં મેઅ્રાજના મોઅ્જિઝા વડે રસૂલે કરીમ ﷺની રિસાલતની શાનનું વર્ણન હતું, આ આયતમાં કુર્આનના મોઅ્જિઝા વડે તેની સાબિતીનો ઉલ્લેખ છે.

તફસીર :

બેશક ! આ કુર્આન એવા માર્ગનું માર્ગદર્શન કરે છે જે બિલકુલ સીધો છે (એટલે કે ઈસ્લામ) અને (આ તરીકાને માનનારા અને ન માનનારાઓને બદલો અને સજા પણ બતાવવામાં આવી છે કે) તે ઈમાનવાળાઓ કે જેઓ નેક કામ કરે છે (તેમને) આ ખુશખબરી આપે છે કે તેમને ઘણો મહાન સવાબ મળશે અને એ પણ બતાવે છે કે જે લોકો આખિરત ઉપર ઈમાન નથી રાખતા અમે તેમના માટે એક કષ્ટદાયક સજા તૈયાર કરી રાખી છે અને (અમુક) મનુષ્ય (જેમકે કાફિરો છે) બુરાઈ (એટલે કે અઝાબ)ની એવી માંગણી કરે છે જેવી રીતે ભલાઈની દુઆ (કરવામાં આવે છે) અને મનુષ્ય અમુક (સ્વભાવે જ) ઉતાવળિયો (હોય) છે.

મસ્અલા અને બોધપાઠ :

સૌથી સીધો માર્ગ :

કુર્આન જે તરીકાનું અને માર્ગનું માર્ગદર્શન કરે છે તેને أَقْـــوَمُ (અક્વમ) "સીધો" માર્ગ કહેવામાં આવ્યો છે, "અક્વમ"ની તફસીર એ છે કે તે માર્ગ જે ઇચ્છિત મંઝિલ સુધી પહોંચાડવામાં નિકટનો પણ હોય, સરળ પણ હોય અને ભયસ્થાનોથી ખાલી પણ હોય. (કુર્તુબી) તેથી જાણ થઈ કે કુર્આને કરીમ મનુષ્યની જિંદગી માટે જે હુકમો આપે છે તે આ ત્રણે લક્ષણોનું સંયુક્ત મિશ્રણ છે, જો કે માનવી પોતાની અધૂરી સમજના કારણે અમુક સમયે આ માર્ગને મુશ્કેલ તેમજ ખતરાવાળો સમજવા લાગે છે પરંતુ રબ્બુલ આલમીન સમગ્ર વિશ્વનો સર્જનહાર જેને સૃષ્ટિના અણુએ અણુનું જ્ઞાન છે તથા ભૂતકાળ અને ભવિષ્યકાળ તેના માટે એકસમાન છે, તે જ તેની વાસ્તવિકતાથી વાકેફ છે કે મનુષ્યનો લાભ કયા કાર્યમાં અને કયા સ્વરૂપમાં વધારે છે અને પોતે મનુષ્ય કારણ કે સમગ્ર પરિસ્થિતિઓથી વાકેફ નથી તે પોતાના ભલા-બુરાને પણ સારી રીતે નથી ઓળખી શકતો.

કદાચ આ જ સંદર્ભના આધારે પ્રસ્તુત આયતોમાંથી અંતિમ આયતમાં એ ફરમાવવામાં આવ્યું કે મનુષ્ય તો અમુક સમયે ઉતાવળમાં પોતાના માટે એવી દુઆ માંગી લે છે જે તેના માટે તબાહી અને બરબાદીનું કારણ હોય છે, જો અલ્લાહ તઆલા તેની આવી દુઆઓ કબૂલ કરી લે તો તે બરબાદ થઈ જાય પરંતુ અલ્લાહ તઆલા મોટા ભાગે આવી દુઆઓને તાત્કાલિક કબૂલ કરતો નથી, એટલે સુધી કે પોતે મનુષ્ય સમજી લે છે કે મારી આ દરખાસ્ત ખોટી અને મારા માટે સખત નુકસાનકર્તા હતી તથા આયતંના અંતિમ વાક્યમાં માનવીની એક સ્વાભાવગત પાકૃતિક કમજોરીને પણ નિયમ સ્વરૂપે વર્ણન કરી છે કે મનુષ્ય પોતાની પ્રકૃતિમાં જ ઉતાવળિયો હોય છે, ઉપરછલ્લા નફા અને નુકસાનની દષ્ટિ રાખે છે, સાર્વત્રિક પરિણામ તથા દિર્ઘદષ્ટિથી જોવામાં ઉણપ રાખે છે, તાત્કાલિક રાહત ભલે થોડી હોય તેને મોટી અને કાયમી રાહત ઉપર અગ્રિમતા આપવા માંડે છે. આ ચર્ચાનો ખુલાસો એ છે કે આ આયતમાં સામાન્ય માનવીની એક સ્વાભાવિક કમજોરી અને અશક્તિનું વર્ણન છે.

અને તફસીરના અમુક ઈમામોએ આ આયતને એક ખાસ ઘટનાના સંદર્ભમાં હોવાનું ઠરાવ્યું છે અને તે એ કે નજર બિન હારિષે ઈસ્લામના વિરોધમાં એક સમયે આ દુઆ કરી નાંખી, اَللّٰهُمَّ اِنْ كَانَ هٰذَا هُوَ الْحَقَّ مِنْ عِنْدِكَ فَامْطِرْ عَلَيْنَا حِجَارَةً مِّنَ السَّمَاءِ اَوِ ائْتِنَا بِعَذَابٍ اَلِيْمٍ એટલે કે, “હે અલ્લાહ જો તારા નિકટ આ ઈસ્લામ જ સત્ય છે તો અમારા ઉપર આસમાનથી પથ્થર વરસાવી દે અથવા કોઈ અન્ય કષ્ટદાયક અઝાબ મોકલી આપ.” આ આયતમાં "માનવી"થી આ ખાસ માણસ અને તેના જેવા સ્વભાવ ધરાવતા હોય એવા માણસો ભાવાર્થ તરીકે છે.

આયતો : (સૂરએ બની ઇસ્રાઈલઃ આયત નં. ૧૨ થી ૧૫)

وَجَعَلْنَا الَّيْلَ وَالنَّهَارَ اٰيَتَيْنِ فَمَحَوْنَآ اٰيَةَ الَّيْلِ وَجَعَلْنَآ اٰيَةَ النَّهَارِ مُبْصِرَةً
لِّتَبْتَغُوْا فَضْلًا مِّنْ رَّبِّكُمْ وَلِتَعْلَمُوْا عَدَدَ السِّنِيْنَ وَالْحِسَابَ ؕ وَكُلَّ شَيْءٍ فَصَّلْنٰهُ
تَفْصِيْلًا ⑫ وَكُلَّ اِنْسَانٍ اَلْزَمْنٰهُ طٰٓئِرَهٗ فِيْ عُنُقِهٖ ؕ وَنُخْرِجُ لَهٗ يَوْمَ الْقِيٰمَةِ

كِتٰبًا يَّلْقٰىهُ مَنْشُوْرًا ⑬ اِقْرَاْ كِتٰبَكَ ۭ كَفٰى بِنَفْسِكَ الْيَوْمَ عَلَيْكَ حَسِيْبًا ⑭
مَنِ اهْتَدٰى فَاِنَّمَا يَهْتَدِيْ لِنَفْسِهٖ ۚ وَمَنْ ضَلَّ فَاِنَّمَا يَضِلُّ عَلَيْهَا ۭ وَلَا تَزِرُ
وَازِرَةٌ وِّزْرَ اُخْرٰى ۭ وَمَا كُنَّا مُعَذِّبِيْنَ حَتّٰى نَبْعَثَ رَسُوْلًا ⑮

તરજુમો :

અને અમે રાત અને દિવસ બે નિશાનીઓ બનાવી, પછી રાતની નિશાની ધૂંધળી (નિસ્તેજ) બનાવી અને દિવસની નિશાની જોવા માટે બનાવી જેથી પોતાના પરવરદિગારનો ફઝ્લ (રોજી) તલાશ કરો અને જેથી વર્ષોની ગણતરી અને હિસાબ જાણો અને અમે બધી વસ્તુઓ ખોલીને સંભળાવી. (૧૨) અને જે માનવી છે અમે તેની બુરી કિસ્મત તેની ગરદનથી લગાવી દીધી છે અને તેને કયામતના દિવસે કાઢી બતાવીશું એક કિતાબ કે તેને ખુલ્લી જોશે. (૧૩) પઢી લે પોતાની કિતાબ ! આજના દિવસે પોતાનો હિસાબ લેવા માટે તું જ પૂરતો છે. (૧૪) જે કોઈ માર્ગ ઉપર આવ્યો તો પોતાના જ ભલા માટે આવ્યો અને જે કોઈ ભટકેલો રહ્યો તો પોતાના બુરા માટે જ ભટકેલો રહ્યો અને કોઈના ઉપર બીજાનો બોજ પડતો નથી અને અમે બલા (અઝાબ) નથી નાંખતા જ્યાં સુધી કે કોઈ રસૂલ ન મોકલીએ. (૧૫)

તફસીર :

અમે રાત અને દિવસને (પોતાની કુદરતની) બે નિશાનીઓ બનાવી, બસ રાતની નિશાની (એટલે કે પોતે રાત)ને અમે ધૂંધળી બનાવી અને દિવસની નિશાનીને પ્રકાશિત કરી દીધી (કે તેમાં દરેક વસ્તુને સ્પષ્ટ જોઈ શકાય છે) જેથી (દિવસમાં) પોતાના પરવરદિગારની રોજીની શોધખોળ કરો અને (રાત અને દિવસના આવવા-જવામાં તથા બંનેમાં પ્રકાશનો તફાવત હોવામાં એટલે કે એકમાં પ્રકાશ અને બીજામાં અંધારું, આ બંનેની અલગ-અલગ પરિસ્થિતિઓ હોવાના કારણે) વર્ષોની ગણતરી અને (અન્ય નાના-નાના) હિસાબો જાણી લો (જેમકે સૂરએ યૂનુસના પ્રથમ રુકૂઅ્માં વર્ણન થયું છે) અને અમે દરેક વસ્તુને

ખુલાસાવાર વર્ણન કરીએ છીએ (લવહે મહફૂઝમાં સમગ્ર સૃષ્ટિની સંપૂર્ણ વિગતો કોઈપણ પ્રકારના અપવાદ વિના સુરક્ષિત છે અને કુર્આને કરીમમાં ખુલાસાવાર આવશ્યકતા અનુસાર વર્ણન થયેલ છે એટલા માટે આ વર્ણનનો સંબંધ બંને તરફ જોડી શકાય છે) અને અમે (દરેક અમલ કરનાર) મનુષ્યના અમલ (નેક હોય કે ખરાબ) તેના ગળાનો હાર બનાવી રાખ્યો છે (એટલે કે દરેક વ્યક્તિનો અમલ તેની સાથે હંમેશા લાગેલો રહે છે) અને (પછી) કયામતના દિવસે તેનું આ'માલનામું તેના (જોવા) માટે કાઢીને સામે કરવામાં આવશે જેને તે ખુલ્લું જોઈ લેશે (અને તેને કહેવામાં આવશે કે લો !) પોતાનું આ'માલનામું (પોતે) વાંચી લો, આજે તું પોતે પોતાનો હિસાબ ચકાસવા માટે પૂરતો છે (એટલે કે એની આવશ્યકતા નથી કે તારા અમલને કોઈ બીજો વ્યક્તિ ચકાશે, બલકે તું પોતે પોતાનું આ'માલનામું વાંચી જા અને હિસાબ લગાવતો જા કે તને કેટલી સજા અને કેટલો સારો બદલો મળવો જોઈએ ? મતલબ એ છે કે જો કે હજું અઝાબ પણ સામે નથી આવ્યો પરંતુ તે ટળવાનો નથી, એક સમય એવો આવવાનો છે કે માનવી પોતાના બધા અમલોને ખુલ્લી આંખોથી જોઈ લેશે અને અઝાબની દલીલ તેના ઉપર કાયમ થઈ જશે અને) જે વ્યક્તિ (દુનિયામાં સીધા) માર્ગ ઉપર ચાલે છે તે પોતાના જ લાભ માટે ચાલે છે અને જે વ્યક્તિ ખોટો માર્ગ ધારણ કરે છે તે પણ પોતાના જ નુકસાન માટે માર્ગ ભટકે છે (તે વ્યક્તિ તે સમયે તેનું પોતે નુકસાન ઉઠાવશે કોઈ અન્યનું કંઈ જ નુકસાન નહીં થાય, કારણ કે અમારો કાયદો એ છે કે) કોઈ વ્યક્તિ કોઈ (અન્યના ગુનાહ)નો ભાર ઉઠાવશે નહીં (અને જે કોઈને પણ જે કંઈ સજા આપવામાં આવે છે તે તેના ઉપર હુજ્જત પૂર્ણ કરીને પછી જ આપવામાં આવે છે કારણ કે, અમારો નિયમ એ છે કે) અમે (ક્યારેય) સજા નથી આપતા જ્યાં સુધી કોઈ રસૂલને (તેમની હિદાયત માટે) નથી મોકલી આપતા.

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતોમાં પ્રથમ રાત અને દિવસની વિવિધતાને અલ્લાહ તઆલાએ કુદરતની સંપૂર્ણ નિશાનીઓ ઠરાવી બતાવ્યું છે કે રાતને અંધારી અને દિવસને પ્રકાશિત કરવામાં ઘણી મહાન હિકમતો છે, રાતને અંધારી કરવાની હિકમત આ સ્થળે વર્ણન કરવામાં આવી નથી, બીજી આયતોમાં તેની હિકમતો

વર્ણન થઈ છે કે રાતના અંધકારને ઊંઘ અને આરામ સાથે સંબંધ છે અને કુદરતે એવી વ્યવસ્થા બનાવી છે કે દરેક માનવી અને પ્રાણીને એ જ રાતના અંધકારમાં ઊંઘ આવે છે અને સંપૂર્ણ જગત રાતના અંધકારમાં ઊંઘી જાય છે, જો અલગ-અલગ લોકોના ઊંઘવાના અલગ-અલગ સમયો હોત તો જાગૃત લોકોના કોલાહલ અને કામકાજના શોરબકોરથી સૂનારા લોકોની ઊંઘ પણ હરામ થઈ ગઈ હોત.

અને દિવસના પ્રકાશિત કરવાની આ સ્થળે બે હિકમતો વર્ણન કરવામાં આવી છે, પ્રથમ એ કે દિવસના પ્રકાશમાં માનવી પોતાની રોજી શોધે છે, મહેનત-મજૂરી, કળા-કારીગીરી, ઉદ્યોગ-ધંધા વગેરે માટે પ્રકાશની આવશ્યકતા છે. બીજું એ કે રાત-દિવસના આવવાથી વર્ષોની સંખ્યા અને ગણતરી જાણી શકાય છે, જેમકે ૩૬૦ દિવસ પૂરા થવાથી એક વર્ષ પૂરું થયું વગેરે.

એ જ પ્રમાણે બધા હિસાબો પણ દિવસ-રાતના આવવા-જવા સાથે સંબંધ ધરાવે છે, જો રાત-દિવસનું આવું ચક્ર ન હોત તો મજૂરોની મજૂરી, કર્મચારીઓનું મહેનતાણું જાણવાનું પ્રમાણ નક્કી કરવું, બધું મુશ્કેલ થઈ ગયું હોત.

નામ-એ-આ'માલ ગળાનો હાર હોવાનો અર્થ :

તેનો અર્થ એ છે કે મનુષ્ય કોઈપણ સ્થળે ગમે એવી પરિસ્થિતિમાં રહે તેના કર્મોનું પુસ્તક તેની સાથે જ રહે છે અને તેના દરેક કર્મો તેમાં નોંધાઈ રહ્યા છે, જ્યારે તે મૃત્યુ પામે છે તો તેને બંધ કરીને મૂકી દેવામાં આવે છે, પછી કયામતના દિવસે તે આ'માલનામું દરેકના હાથમાં આપવામાં આવશે કે વાંચીને પોતે જ પોતાના દિલમાં ફેંસલો કરે કે તે સવાબનો હકદાર છે અથવા અઝાબનો? હઝરત કતાદહ (રદિ.)થી નકલ થયું છે કે તે દિવસે અભણ (નિરક્ષર) વ્યક્તિ પણ પોતાનું નામ-એ-આ'માલ વાંચી લેશે, આ તકે અસ્બહાનીએ હઝરત અબૂ ઉમામા (રદિ.)ની રિવાયત નકલ કરી છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે "કયામતના દિવસે અમુક લોકોના નામ-એ-આ'માલ જયારે તેમને હાથમાં આપવામાં આવશે કે તેઓ તેમાં જોશે કે અમુક નેક કર્મો તેમાં લખેલા નથી તો

વિનંતી કરશે કે હે મારા પરવરદિગાર ! આમાં મારા ફલાણા-ફલાણા કાર્યો નોંધવામાં નથી આવ્યા ત્યારે અલ્લાહ તઆલા તરફથી જવાબ મળશે કે અમે તે કર્મોને એટલા માટે મિટાવી દીધા કે તમે લોકોની ગીબત કર્યા કરતા હતા."

(મઝહરી)

નબી અથવા રસૂલના આગમન વિના અઝાબ ન થવાનો ખુલાસો :

આ આયતની બીનાએ અમુક ઈમામો અને ફુકહાના મતે તે લોકોના કુફ્ર ઉપર હોવા છતાં કોઈ અઝાબ નહીં થાય જેમની પાસે કોઈ નબી અથવા કોઈ રસૂલની દા'વત નથી પહોંચી અને અમુક ઈમામોના મતે જે ઈસ્લામી અકીદાઓને બુદ્ધિથી સમજાવી શકાય છે, દાખલા તરીકે અલ્લાહના અસ્તિત્વ અને તેની તવહીદ વગેરેમાં જે લોકો તેના ઈન્કારી હશે તે કુફ્ર ઉપર તેમને અઝાબ થશે ભલે તેમને કોઈ નબી અથવા રસૂલની દા'વત પહોંચી ન હોય, અલબત્ત સામાન્ય ગુનાહો અને ભૂલો ઉપર સજા અંબિયા (અલૈ.)ની દા'વત અને તબ્લીગ વિના થશે નહીં અને અમુક લોકોએ આ સ્થળે રસૂલનો ભાવાર્થ સામાન્ય સ્વરૂપે લીધો છે, ભલે તે રસૂલ દીની હોય અથવા મનુષ્યની વિવેકબુદ્ધિ હોય કે તેમાં એક પ્રકારે અલ્લાહનો સંદેશાવાહક છે જ !

મુશ્રિકોના (નાના) સંતાનોને અઝાબ થશે નહીં :

આયત لَا تَزِرُ وَازِرَةٌ وِّزْرَ اُخْرٰى હેઠળ તફસીરે મઝહરીમાં નોંધ્યું છે કે આ આયતથી સાબિત થાય છે કે મુશ્રિકો અને કાફિરોની અવલાદ જે બાલિગ (શરઈ શરતો અનુસાર પુખ્ત વયની) થતા પહેલા મૃત્યુ પામે તેમને અઝાબ થશે નહીં, કારણ કે માં-બાપના કુફ્રની સજાના તેઓ હકદાર થશે નહીં, આ મસ્અલામાં ફુકહામાં વિવિધ નિવેદનો નોંધાયા છે જેની વિગતની અત્રે આવશ્યકતા નથી.

આયતો : (સૂરએ બની ઇસ્રાઈલ : આયત નં. ૧૬-૧૭)

وَاِذَآ اَرَدْنَآ اَنْ نُّهْلِكَ قَرْيَةً اَمَرْنَا مُتْرَفِيْهَا فَفَسَقُوْا فِيْهَا فَحَقَّ عَلَيْهَا الْقَوْلُ

فَدَمَّرْنٰهَا تَدْمِيْرًا ﴿١٦﴾ وَكَمْ اَهْلَكْنَا مِنَ الْقُرُوْنِ مِنْۢ بَعْدِ نُوْحٍ ۭ وَكَفٰى بِرَبِّكَ بِذُنُوْبِ

عِبَادِهٖ خَبِيْرًاۢ بَصِيْرًا ﴿١٧﴾

તરજુમો :

અને જ્યારે અમે ઈચ્છયું કે કોઈ વસ્તીનો નાશ કરીએ અમે તેના અય્યાશો (સુખ સાહ્યબીમાં રાચતા આગળ પડતા સુખી આગેવાનો)ને હુકમ કરી દીધો, પછી તેમણે તેમાં નાફરમાની કરી ત્યારે તેમના ઉપર વાત પાકી થઈ ગઈ, પછી અમે તેમને ઉખેડી ફેંક્યા. (૧૬) અને અમે નૂહ (અલૈ.) પછી ઘણા કર્ન (Generations–વંશો) નાશ કર્યા અને તમારો પરવરદિગાર પૂરતો છે પોતાના બંદાઓના ગુનાહ જાણનારો જોનારો. (૧૭)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

આનાથી અગાઉની આયતોમાં એ બાબતનું વર્ણન હતું કે અલ્લાહ તઆલાની ટેવ એ છે કે જ્યાં સુધી કોઈ કોમની પાસે અંબિયા (અલૈ.) દ્વારા અલ્લાહ તઆલાની હિદાયત અને માર્ગદર્શન ન પહોંચી જાય અને તો પણ તેઓ આજ્ઞાનું પાલન ન કરે તે સમય સુધી તેમના ઉપર અઝાબ મોકલવામાં આવતો નથી. પ્રસ્તુત આયતોમાં તેના બીજા પાસાનું વર્ણન છે કે જ્યારે કોઈ કોમની પાસે રસૂલ અથવા અલ્લાહનો સંદેશ પહોંચી ગયો અને પછી પણ તેમણે બળવાખોરી અને બદમાશીથી કામ લીધું તો તેમના ઉપર જાહેર અઝાબ મોકલવામાં આવે છે.

તફસીર :

અને જ્યારે અમે કોઈ વસ્તીનો (જે પોતાના કુફ્ર અને નાફરમાનીના કારણે અલ્લાહની હિકમતના તકાદા સ્વરૂપે નાશ કરવાના પાત્ર હોય છે) નાશ કરવા ઈચ્છીએ છીએ ત્યારે (તેને રસૂલ મોકલતા પહેલાં હલાક કરવામાં નથી આવતી બલકે, પ્રથમ કોઈ રસૂલ મારફતે) તે (વસ્તી)ના સુખી (એટલે કે અમીર અને રઈસ) લોકોને (ખાસ સ્વરૂપે અને જાહેર જનતાને સામાન્ય રીતે ઈમાન અને આજ્ઞાપાલનનો) હુકમ આપીએ છીએ પછી (જ્યારે) તે લોકો (કહેવું નથી માનતા બલકે) ત્યાં શરારત મચાવે છે ત્યારે તેમના ઉપર હુકમ સાબિત થઈ જાય છે, પછી તે વસ્તીનો સર્વનાશ કરી નાંખવામાં આવે છે અને (એ જ ટેવ પ્રમાણે) અમે ઘણી બધી ઉમ્મતોનો નૂહ (અલૈ.)ના (યુગ) પછી (તેમના કુફ્ર અને ગુનાહોના કારણે) નાશ કરી નાંખ્યો (જેમકે આદ અને ષમૂદ વગેરે તથા નૂહ અલૈ.ની કોમનું ડૂબીને નાશ પામવું તો ખૂબ પ્રખ્યાત છે એટલા માટે مِنۢ بَعۡدِ نُوحٍ

કહીને વાતને પૂરતી સમજવામાં આવી, પોતે નૂહ અલૈ.ની કોમનું વર્ણન કર્યું નહીં અને એ પણ કહી શકાય છે કે સૂરતની શરૂઆતમાં આયત ذُرِّيَّةً مَنْ حَمَلْنَا مَعَ نُوْحٍ માં શબ્દ حَمَلْنَا દ્વારા નૂહ અલૈ.ના તોફાન તરફ ઈશારો મોજૂદ છે, તેને નૂહ અલૈ.ની કોમના નાશનું વર્ણન ઠરાવીને ત્યારબાદ અહીંયાં માત્ર હઝરત નૂહ અલૈ.ના જ ઉલ્લેખને પૂરતો સમજવામાં આવ્યો) અને અમારો પરવરદિગાર પોતાના બંદાઓના ગુનાહોને સારી પેઠે જાણવા, સઘળું જોવા માટે પૂરતો છે (તો જે પ્રકારે કોઈ કોમના ગુનાહ હોય છે એ જ પ્રમાણે તેમને સજા થાય છે).

મસ્અલા અને બોધપાઠ :

એક શંકા અને તેનો જવાબ :

આયતના શબ્દો اِذَآ اَرَدْنَا (ઈઝા અરદ્દના) અને ત્યારબાદ اَمَرْنَا (અમરના)થી દેખીતું છે કે એ શંકા થઈ શકે છે કે તે લોકોનો નાશ કરવાનો જ હેતુ અલ્લાહ તઆલાના મકસદમાંથી હતો, એટલા માટે તે લોકોને પ્રથમ વહી દ્વારા અંબિયા (અલૈ.) તથા ઈમાન અને આજ્ઞાપાલનનો હુકમ આપ્યો પછી તેમના ગુનાહો અને દુષ્કૃત્યોને અઝાબનું કારણ બનાવવું; એ બધું અલ્લાહ તઆલા તરફથી જ થયું તો પછી આવા સ્વરૂપમાં આ બીચારાઓ લાચાર અને મજબૂર થયા, તેના જવાબ તરફ તરજુમો અને તફસીરના ખુલાસાના સંદર્ભમાં એ ઈશારો આવી ચૂક્યો છે કે અલ્લાહ તઆલાએ મનુષ્યને બુદ્ધિ અને અધિકાર આપ્યા તથા અઝાબ અને સવાબના માર્ગો નક્કી કરી આપ્યા કે જયારે કોઈ પોતાના અધિકારથી અઝાબના જ કાર્યોનો ઈરાદો કરે તો અલ્લાહની ટેવ એ છે કે તે તેને જ અઝાબના કારણો બનાવી દે છે, અસલી અઝાબ તો પોતે તેનો કુફ્ર અને દુષ્કૃત્યોનો પાકો નિર્ધાર કરી તેના ઉપર અમલ છે અને ન જ માત્ર ઈરાદો; એટલા માટે તેને લાચાર નથી કહી શકાતો.

પ્રસ્તુત આયતનું એક બીજું વિવરણ :

શબ્દ اَمَرْنَا (અમરના)નો પ્રચલિત ભાવાર્થ તે જ છે જે ઉપર વર્ણન કરવામાં આવ્યો છે, એટલે કે "અમે હુકમ આપ્યો" પરંતુ આ આયતમાં આ શબ્દની વિવિધ કિરાઅતો છે, એક કિરાઅતમાં જેને અબૂ ઉસ્માન મહેંદી અબૂ રજાઆ, અબૂલ આલિયહ, મુજાહિદ (રહ.)એ અપનાવી છે તે આ શબ્દ مِيم

"મીમ" ઉપર تَشْدِيد "તશ્દીદ" સાથે આવ્યો છે, એટલે કે اَمَّرْنَا (અમ્મરના) તેનો અર્થ એ થાય છે કે, અમે અમીર અને હાકિમ બનાવ્યા સુખી અને માલદાર લોકોને જેઓ ગુનાહો અને દુષ્કૃત્યોમાં સંડોવાય ગયા અને બધી કોમના માટે અઝાબનું કારણ બન્યા.

હઝરત અલી (રદિ.) અને હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)ની કિરાઅતમાં એક શબ્દ اَمَرْنَا (અમરના) પઢવામાં આવ્યો જેની તફસીર તેમણે اَكْثَرْنَا (અકષરના) વર્ણન કરી છે, એટલે કે જ્યારે અલ્લાહ તઆલા કોઈ કોમ ઉપર અઝાબ મોકલે છે તો તેની શરૂઆતની નિશાની એ હોય છે કે આ કોમમાં સુખી અને માલદાર લોકોની સંખ્યા વધારી દેવામાં આવે છે અને તેઓ પોતાના ગુનાહો અને દુષ્કૃત્યો દ્વારા સમગ્ર કોમને અઝાબમાં સપડાવવાનું કારણ બની જાય છે.

તેમાંથી પ્રથમ કિરાઅતનો ખુલાસો એ થયો કે એવા સુખી અને માલદાર લોકોને કોમના શાસકો બનાવી દેવામાં આવે છે અને બીજી કિરાઅતનો ખુલાસો એ છે કે કોમમાં એવા લોકોની સંખ્યા વધારી દેવામાં આવે છે, આ બંનેથી એ જાણ થઈ કે સુખી લોકોને સત્તા અથવા એવા લોકોની સંખ્યામાં વધારો કોઈ ખુશ થવાની બાબત નથી, બલકે અલ્લાહના અઝાબની એક નિશાની છે. અલ્લાહ તઆલા જ્યારે કોઈ કોમથી નારાજ હોય છે અને તેને અઝાબમાં સપડાવવા ઈચ્છે છે તો તેની શરૂઆતની નિશાની એ હોય છે કે તે કોમની સત્તા અને શાસનની ધૂરા એવા લોકોના હાથમાં સોંપવામાં આવે છે જે અય્યાશ અને આરામ પસંદ હોય છે અથવા જો તેઓ સત્તાધીશ કે શાસક ન પણ બને તો આવી કોમમાં તેમની સંખ્યા વધારી દેવામાં આવે છે, બંને સ્વરૂપોમાં પરિણામ એ આવે છે કે આ લોકો મનેચ્છાઓ અને અય્યાશીઓમાં મસ્ત થઈને અલ્લાહની નાફરમાનીઓ પોતે પણ કરે છે અને અન્યો માટે પણ તેનો માર્ગ સમથળ કરે છે, અંતે તેમના ઉપર અલ્લાહ તઆલાનો અઝાબ આવી જાય છે.

માલદારોનું સમાજ ઉપર પ્રભાવશાળી હોવું એક સ્વાભાવિક બાબત છે:

આયતમાં સુખી અને માલદાર લોકોનું વિશેષ સ્વરૂપે વર્ણન કરવામાં એ તરફ ઈશારો છે કે ઉપરછલ્લી નજરે તો સામાન્ય જનતા પોતાના માલદારો અને સત્તાધિકારીઓના વર્તન અને તેમના કાર્યોથી પ્રભાવિત થાય છે, જ્યારે આ લોકો

દુષ્ટ બની જાય તો સમગ્ર કોમ ખરાબ કૃત્યો કરનાર બની જાય છે, એટલા માટે જે લોકોને અલ્લાહ તઆલાએ માલ અને દોલત આપી છે તેમણે એ બાબતની વધારે ચિંતા કરવી જોઈએ કે પોતાના આચરણ અને વર્તનની સુધારણા કરતા રહે, એવું ન થાય કે તે ઐશપરસ્તીમાં પડીને એવા ગાફેલ થઈ જાય કે સમગ્ર કોમ તેમના કારણે ખોટા માર્ગે પડી જાય અને કોમની દુષ્ટતાનો વબાલ પણ તેમના ઉપર પડે.

આયતો : (સૂરએ બની ઇસ્રાઈલઃ આયત નં. ૧૮ થી ૨૧)

مَنْ كَانَ يُرِيدُ الْعَاجِلَةَ عَجَّلْنَا لَهُ فِيهَا مَا نَشَاءُ لِمَنْ نُرِيدُ ثُمَّ جَعَلْنَا لَهُ جَهَنَّمَ ۚ
يَصْلَاهَا مَذْمُومًا مَدْحُورًا ﴿١٨﴾ وَمَنْ أَرَادَ الْآخِرَةَ وَسَعَىٰ لَهَا سَعْيَهَا وَهُوَ مُؤْمِنٌ
فَأُولَٰئِكَ كَانَ سَعْيُهُمْ مَشْكُورًا ﴿١٩﴾ كُلًّا نُمِدُّ هَٰؤُلَاءِ وَهَٰؤُلَاءِ مِنْ عَطَاءِ رَبِّكَ ۚ وَمَا كَانَ
عَطَاءُ رَبِّكَ مَحْظُورًا ﴿٢٠﴾ انْظُرْ كَيْفَ فَضَّلْنَا بَعْضَهُمْ عَلَىٰ بَعْضٍ ۚ وَلَلْآخِرَةُ أَكْبَرُ دَرَجَاتٍ
وَأَكْبَرُ تَفْضِيلًا ﴿٢١﴾

તરજુમો :

જે કોઈ પ્રથમ ઘર (આ દુનિયા) ઈચ્છે છે અમે તેને તેમાં જ જેટલું ઈચ્છીએ જલદી આપી દઈએ જેને ઈચ્છીએ, પછી અમે એના માટે દોઝખ ઠરાવી છે, તેમાં દાખલ થશે પોતાની બુરાઈ સાંભળીને ધક્કા ખાઈને. (૧૮) અને જેણે પાછલું ઘર (આખિરત) ઈચ્છયું અને તેના માટે કોશીશ કરી જે તેની ઘટતી કોશીશ છે અને તે યકીન ઉપર છે, બસ તેવાઓની કોશીશ ઠેકાણે લાગી છે. (૧૯) અમે દરેકને એમને અને તેમને તમારા પરવરદિગારની બખ્શીશમાંથી પહોંચાડીએ છીએ અને તમારા રબ્બની બખ્શીશ કોઈએ રોકી નથી લીધી. (૨૦) જુઓ, અમે અમુકને અમુકના ઉપર કેવા વધારી દીધા ! અને પાછલા ઘર (આખિરત)માં તો ઔર મોટા દરજ્જા છે અને મોટી ફઝીલત (શ્રેષ્ઠતા). (૨૧)

તફસીર :

જે વ્યક્તિ (પોતાના આચરણથી માત્ર) દુનિયા(ના લાભ)ની નિય્યત રાખશે (ભલે તે કે જે આખિરતનો ઈન્કારી છે અથવા તે કે જે આખિરતથી ગાફેલ છે) અમે એવા વ્યક્તિઓને દુનિયામાં જેટલું ઈચ્છશું (ફરી એ પણ સૌના માટે નથી બલકે) જેના માટે ઈચ્છશું અહીંયાં જ આપી દઈશું (એટલે કે દુનિયામાં કંઈક હિસ્સો આપી દેવામાં આવશે) પછી (આખિરતમાં કંઈ પણ મળશે નહીં, બલકે ત્યાં) અમે તેમના માટે જહન્નમ તૈયાર કરી દઈશું તે તેમાં તિરસ્કૃત, તરછોડાયેલો થઈને પ્રવેશ કરશે અને જે વ્યક્તિ (પોતાના આચરણમાં) આખિરત(ના સવાબ)ની નિય્યત રાખશે અને તેના માટે જેટલો પ્રયત્ન કરવો જોઈએ એવો જ પ્રયત્ન પણ કરશે (મતલબ એ છે કે દરેક પ્રયત્ન પણ લાભદાયક નથી બલકે પ્રયત્ન માત્ર તે જ લાભદાયક છે જે શરીઅત અને સુન્નત પ્રમાણે હોય, કારણ કે પ્રયત્ન વિશે હુકમ એવો જ આપવામાં આવ્યો છે, એ જ પ્રમાણે જે પ્રયત્ન શરીઅત અને સુન્નત વિરુદ્ધ હોય તે સ્વીકાર્ય નથી) એ શરતે કે તે વ્યક્તિ મો'મિન પણ હોય, બસ એવા લોકોનો પ્રયત્ન સ્વીકૃત થશે (મતલબ કે અલ્લાહ તઆલાના ત્યાં સફળતાની ચાર શરતો છે, પ્રથમ નિય્યત ચોખ્ખી અને નિખાલસ હોવી એટલે કે ખાલિસ આખિરતના સવાબની નિય્યત હોય જેમાં મનેચ્છાઓ અને સ્વાર્થના હેતુઓ સામેલ ન હોય, બીજું આ નિય્યત માટે અમલ અને પ્રયત્ન કરવો, માત્ર નિય્યત અને ઈરાદાથી કોઈ કાર્ય નથી થતું જ્યાં સુધી કે તેમાં પ્રવૃત્ત થઈને તે કાર્ય કરવામાં ન આવે, ત્રીજું અમલની સુધારણા એટલે કે પ્રયત્ન અને અમલનું શરીઅત અને સુન્નત પ્રમાણે હોવું, કારણ કે હેતુ વિરુદ્ધની દિશાએ દોડવું અને પ્રયત્ન કરવો લાભના બદલે નુકસાનકર્તા છે અને તે મૂળ હેતુથી વધારે દૂર હટાવી દે છે, ચોથી શરત જે સૌથી મહત્ત્વની અને સૌનો મૂળ આધાર છે તે અકીદહ—માન્યતાની સુધારણા એટલે કે ઈમાન છે. આ શરતો વિના કોઈ અમલ અલ્લાહ સમીપ સ્વીકૃત નથી અને કાફિરોને દુનિયાની નેઅ્મતો પ્રાપ્ત થવી તેમના અમલોની સ્વીકૃતિની નિશાની નથી, કારણ કે દુનિયાની નેઅ્મતો મળી જવી એ અલ્લાહના દરબારમાં સ્વીકૃતિપ્રાપ્ત હોવાનું કે મકબૂલ બની જવાનું માપદંડ નથી બલકે,) તમારા પરવરદિગારની (દુનિયવી) બખ્શીશમાંથી તો અમે તેમને (એટલે કે સ્વીકૃતિપ્રાપ્ત બંદાઓને) પણ મદદ

કરીએ છીએ અને તે (અસ્વીકૃત બંદાઓ)ને પણ (મદદ કરીએ છીએ) અને તમારા પરવરદિગારની બખ્શીશ (દુનિયામાં કોઈના ઉપર) બંધ નથી, તમે જોઈ લો કે અમે (આ દુનિયાની બખ્શીશમાં ઈમાન અને કુફ્રની શરત વિના) એકને બીજા ઉપર કેવી રીતે શ્રેષ્ઠતા અર્પી છે (એટલે સુધી કે મોટા ભાગના કાફિરો મોટા ભાગના મો'મિનોથી વધારે નેઅ્મત અને દોલત ધરાવે છે, કારણ કે આ વસ્તુઓની કોઈ હેસિયત નથી) અને અલબત્ત આખિરત (જે અલ્લાહના સ્વીકૃતિપ્રાપ્ત બંદાઓ માટે ખાસ છે) દરજ્જાઓના આધારે ઘણી મહાન છે અને શ્રેષ્ઠતાના આધારે પણ ખૂબ ઉચ્ચ કક્ષાની છે (એટલા માટે કાળજી પણ તેની જ રાખવી જોઈએ).

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતોમાં પોતાના કર્મોથી માત્ર દુનિયાનો લાભ મેળવવાની મહેચ્છા ધરાવનારાઓનું તથા તેમની સજાનું જે વર્ણન કરવામાં આવ્યું છે તેના માટે શબ્દો مَنْ كَانَ يُرِيْدُ الْعَاجِلَةَ ઉપયોગ કરવામાં આવ્યો છે જે હંમેશા અને કાયમી સમયગાળા ઉપર દલીલ કરે છે, જેનો મતલબ એ છે કે જહન્નમની આ સજા માત્ર એ સ્વરૂપમાં છે કે તેના દરેક કર્મમાં દરેક સમયે માત્ર દુનિયાનો જ સ્વાર્થ અને હેતુ છવાયેલો હોય તથા આખિરત તરફ કોઈ ધ્યાન જ ન હોય અને આખિરતનો ઈરાદો કરવામાં તથા તેના બદલાનું વર્ણન કરવામાં શબ્દ اَرَادَ الْاٰخِرَةَ (અરાદલ આખિરત)નો ઉપયોગ થયો, જેનો ભાવાર્થ એ છે કે મો'મિન જે સમયે પણ જે પ્રવૃત્તિમાં આખિરતનો ઈરાદો અને નિય્યત કરશે તેની તે પ્રવૃત્તિ સ્વીકૃત બની જશે, ભલે કોઈ બીજા અમલની નિય્યતમાં કોઈ ખોટ સામેલ પણ થઈ ગઈ હોય.

પ્રથમ પરિસ્થિતિ માત્ર કાફિરો અને આખિરતના મુન્કિરો માટેની હોઈ શકે છે, એટલા માટે તેનો કોઈપણ અમલ સ્વીકાર્ય નથી અને બીજી પરિસ્થિતિ મો'મિનની છે, તેની તે પ્રવૃત્તિ જે બિલકુલ નિખાલસ નિય્યતે માત્ર આખિરત માટે જ કરી હોય અને બાકીની શરતો પણ ઉપસ્થિત હોય તો તે સ્વીકૃત બની જશે અને તેમાં પણ જે અમલમાં ઈખ્લાસ નહીં હોય અથવા બીજી શરતોનું ઉલ્લંઘન થતું હોય તો તે પણ સ્વીકૃત થશે નહીં.

બિદ્અત અને સ્વનિર્મિત કુરિવાજો ઉપર અમલ કરવો ગમે તેટલું સારું દેખાતું હોય પરંતુ સ્વીકાર્ય નથી :

આ આયતમાં પ્રયત્ન અને પ્રવૃત્તિની સાથે શબ્દ سَعْيَهَا (સઅ્યહા) વધારીને એ બતાવવામાં આવ્યું છે કે દરેક પ્રવૃત્તિ અને દરેક પ્રયત્ન ન તો લાભદાયક હોય છે અને ન જ અલ્લાહ સમીપ સ્વીકાર્ય; બલકે દરેક પ્રવૃત્તિ અને અમલ તે જ ભરોસાપાત્ર અને સ્વીકૃત છે જેનો મકસદ આખિરતના સંદર્ભમાં હોય અને તેના સંદર્ભમાં હોવું ન હોવું એ ફક્ત અલ્લાહ તઆલા અને તેના રસૂલે કરીમ ﷺના વર્ણનથી જ જાણ થઈ શકે છે, એટલા માટે જે ભલા લાગતા કર્મો આપમેળે પોતાની મનઘડત પદ્ધતિથી કરવામાં આવે છે જેમાં બિદ્અતોના જાહેર કુરિવાજો પણ સામેલ હોય છે તેઓ દેખાવમાં ગમે એટલા સારા અને લાભદાયક નજરે પડે પરંતુ આખિરત માટે એવા પ્રયત્નો યોગ્ય નથી, એટલા માટે ન તો તે અલ્લાહ સમીપ સ્વીકાર્ય છે અને ન જ આખિરતમાં લાભદાયક.

તફસીરે રૂહુલ મઆનીમાં سَعْيَهَا (સઅ્યહા)ના ખુલાસામાં "સુન્નત પ્રમાણે પ્રયત્ન" હોવાની સાથે એ પણ લખ્યું છે કે આ પ્રવૃત્તિમાં મક્કમ નિર્ધાર પણ હોવો જોઈએ, એટલે કે લાભદાયક પ્રવૃત્તિ સુન્નત પ્રમાણે પણ હોય અને તેના ઉપર મક્કમતા તથા સાતત્યપણું (ઈસ્તેકામત) પણ હોય, અવ્યવસ્થિત રીતે જો કરવામાં આવે કે ક્યારેક કર્યું અને ક્યારેક ન કર્યું તો તેનો પૂરતો લાભ મળતો નથી.

આયતો : (સૂરએ બની ઇસ્રાઈલઃ આયત નં. ૨૨ થી ૨૫)

لَا تَجْعَلْ مَعَ اللّٰهِ اِلٰـهًا اٰخَرَ فَتَقْعُدَ مَذْمُوْمًا مَّخْذُوْلًا ﴿۲۲﴾ وَقَضٰى رَبُّكَ اَلَّا تَعْبُدُوْٓا اِلَّآ اِيَّاهُ
وَبِالْوَالِدَيْنِ اِحْسَانًا ؕ اِمَّا يَبْلُغَنَّ عِنْدَكَ الْكِبَرَ اَحَدُهُمَآ اَوْ كِلٰهُمَا فَلَا تَقُلْ لَّهُمَآ اُفٍّ وَّلَا
تَنْهَرْهُمَا وَقُلْ لَّهُمَا قَوْلًا كَرِيْمًا ﴿۲۳﴾ وَاخْفِضْ لَهُمَا جَنَاحَ الذُّلِّ مِنَ الرَّحْمَةِ وَقُلْ
رَّبِّ ارْحَمْهُمَا كَمَا رَبَّيٰنِيْ صَغِيْرًا ﴿۲۴﴾ؕ رَبُّكُمْ اَعْلَمُ بِمَا فِيْ نُفُوْسِكُمْ ؕ اِنْ تَكُوْنُوْا صٰلِحِيْنَ
فَاِنَّهٗ كَانَ لِلْاَوَّابِيْنَ غَفُوْرًا ﴿۲۵﴾

તરજુમો :

અલ્લાહની સાથે બીજો હાકિમ (મઅ્બૂદ) ન ઠરાવ, પછી તું આક્ષેપ ખાધેલો (નીંદાપાત્ર) લાચાર થઈ બેસી રહીશ. (૨૨) અને તમારો પરવરદિગાર હુકમ કરી ચૂક્યો કે તેના સિવાય કોઈને ન પૂજો અને માં-બાપની સાથે ભલાઈ કરો જો તારી સામે તેમનામાંથી એક અથવા બંને વૃદ્ધાવસ્થાએ પહોંચી જાય તો તેમને "ઉફ" (અણગમાનો ઊંહકાર) પણ ન કહો અને તેમને ધૂતકારો નહીં અને તેમની સાથે અદબ (સભ્યતા)થી વાત કહો. (૨૩) અને તેમની સામે પોતાના ખભા વિનમ્રતા અને દયાભાવથી ઝૂકાવી દો અને કહો, હે પરવરદિગાર ! તેમના ઉપર રહમ કર જેવો તેમણે મને બાળપણમાં પાલવ્યો. (૨૪) તમારો પરવરદિગાર સારી પેઠે જાણે છે જે તમારા મનમાં છે જો તમે નેક થશો તો તે રુજૂઅ્ કરનાર (શરણે આવનાર)ને બખ્શે છે. (૨૫)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

પાછલી આયતોમાં અમલોની સ્વીકૃતિ માટે અમુક શરતોનું વર્ણન થયું હતું જેમાં એક શરત એ પણ હતી કે અમલ અને પ્રવૃત્તિ કે આચરણ તે જ સ્વીકાર્ય થઈ શકે છે જે ઈમાનની સાથે હોય તથા શરીઅત અને સુન્નત પ્રમાણે હોય, આ આયતોમાં એવા જ ખાસ-ખાસ કાર્યોનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે જે શરીઅતના બતાવેલા હુકમો છે જેનું અનુસરણ આખિરતની સફળતા અને તેનો વિરોધ આખિરતની બરબાદીનું કારણ બને છે અને પ્રસ્તુત શરતોમાંથી કારણ કે સૌથી મહત્ત્વની શરત ઈમાન છે, એટલા માટે સૌ પ્રથમ હુકમ પણ તવહીદનો વર્ણન કર્યો ત્યારબાદ હુકૂકુલ ઈબાદ (બંદાઓના હકો) વિશે હુકમ છે.

તફસીર :

(પ્રથમ હુકમ તવહીદનો لَا تَجْعَلْ مَعَ اللّٰهِ اِلٰهًا اٰخَرَ છે; હે શ્રોતા !) અલ્લાહની સાથે કોઈ અન્યને ઈબાદતના પાત્ર (મઅ્બૂદ) ન ઠરાવ (એટલે કે શિર્ક ન કર) નહિતર તું દારૂણ પરિસ્થિતિમાં નિઃસહાય થઈને બેસી રહીશ (આગળ ફરી તેની તાકીદ કરવામાં આવી છે), તારા પરવરદિગારે હુકમ કરી દીધો છે કે તે મઅ્બૂદ (બરહક) સિવાય કોઈ અન્યની ઈબાદત ન કર (આ

પ્રયત્ન આખિરતના તરીકાનો ખુલાસો છે).

(બીજો હુકમ વાલિદૈન-માતા-પિતાના હકો વિશે وَبِالْوَالِدَيْنِ اِحْسَانًا); અને તમે પોતાના માતા-પિતા સાથે સારી વર્તણૂક કર્યા કરો, જો (તેઓ) તારી પાસે (હોય અને) તેમાંથી એક અથવા બંને વૃદ્ધાવસ્થા(ની ઉંમર) સુધી પહોંચી જાય (જેના કારણે લાચાર અને સેવા કરવાપાત્ર થઈ જાય અને જ્યારે સ્વાભાવિક રીતે તેમની સેવા કરવાનું ભારે લાગતું હોય) બસ, (એવા સમયે પણ તેમની એટલી આમાન્યા-ઈજ્જત રાખો કે) તેમને ક્યારેય (હા..હો... કે) "ઉફ" (પણ) કહેવું નહીં અને ન જ તેમને ધૂતકારવા અને તેમની સાથે ખૂબ સભ્યતા (અદબ)થી વાતચીત કરો અને તેમની સાથે દયાભાવથી વિનમ્રતા સાથે ઝૂકીને રહો અને (તેમના માટે અલ્લાહ તઆલા પાસે) એવી દુઆ કરતા રહો કે હે મારા પરવરદિગાર ! તે બંને ઉપર રહમ ફરમાવ જેવું તેમણે મારું બાળપણ(ની ઉંમર)માં પાલન-પોષણ કર્યું છે (અને જાહેર દેખાવ પૂરતી માન મર્યાદા ન રાખ બલકે દિલથી પણ તેમની આમાન્યા અને આજ્ઞાપાલન કર કારણ કે), તમારો પરવરદિગાર તમારા દિલોની વાતને સારી પેઠે જાણે છે (અને એ જ કારણે તમારા માટે તે હુકમો ઉપર ચાલવું સરળ કરવા માટે એક સહેલો હુકમ એ પણ સંભળાવે છે કે), જો તમે (વાસ્તવમાં દિલથી જ) ભલાઈ કરો (અને ભૂલો તથા સ્વાભાવગત કોઈ જાહેર ઉણપ રહી જાય તો પછી પસ્તાવો કરીને મા'ફી માંગી લો) તો તવબહ કરનારાઓની ભૂલો મા'ફ કરી આપે છે.

મસ્અલા અને બોધપાઠ :

માતા-પિતાના અદબ જાળવવાનું, તેમનું સન્માન તથા આજ્ઞાપાલન કરવાનું વિશેષ મહત્ત્વ :

ઈમામ કર્તુબી (રહ.) ફરમાવે છે કે, આ આયતમાં અલ્લાહ તઆલાએ વાલિદૈન (માતા-પિતા)નું સન્માન અને માન-મર્યાદા રાખવાને તથા તેમની સાથે સારી વર્તણૂક કરવાને પોતાની ઈબાદતના વર્ણન સાથે મેળવીને વાજિબ ઠરાવ્યું છે, જેમકે સૂરએ લુકમાનમાં પોતાના ઉપકાર અને આભારના વિષય સાથે માતા-પિતાના પણ આભારનું વર્ણન કરીને તેને આવશ્યક ઠરાવી દીધું છે. اَنِ اشْكُرْلِىْ وَلِوَالِدَيْكَ "મારો શુક્ર અદા કરો અને પોતાના માતા-પિતાનો

પણ.'' (૩૧:૧૪) એનાથી સાબિત થાય છે કે અલ્લાહ જલ્લ શા'નુહૂની ઈબાદત પછી માતા-પિતાની આજ્ઞાનું પાલન સૌથી મહત્ત્વનું છે અને અલ્લાહ તઆલાના શુક્ર અદા કરવા જેમ જ માતા-પિતાના શુક્રગુઝાર થવું પણ વાજિબ છે. સહીહ બુખારીની આ હદીષ પણ એની સાક્ષી છે જેમાં ઉલ્લેખ છે કે, ''રસૂલે કરીમ ﷺને એક વ્યક્તિએ પ્રશ્ન કર્યો કે અલ્લાહ સમીપ સૌથી વધારે પ્રિય અમલ કયો છે ? રસૂલે કરીમ ﷺએ ઈરશાદ ફરમાવ્યો કે નમાઝ પોતાના (મુસ્તહબ) સમયમાં; તેણે ફરી પૂછ્યું કે ત્યારબાદ કયો અમલ સૌથી વધારે પ્રિય છે ? તો રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, માતા-પિતા સાથે સારો વર્તાવ.'' *(કુર્તુબી)*

માતા-પિતાની આજ્ઞાનું પાલન તથા તેમની સેવા કરવાની શ્રેષ્ઠતા હદીષોની રિવાયતોમાં :

(૧) મુસ્નદે અહમદ, તિરમિઝી, ઈબ્ને માજહ, મુસ્તદરક હાકિમમાં સહીહ સનદ સાથે હઝરત અબૂ દરદાઅ્ (રદિ.)થી રિવાયત છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે પિતા જન્નતનો વચ્ચેનો દરવાજો છે, હવે તમારા અધિકારમાં છે કે તેનું રક્ષણ કરો અથવા તેને બરબાદ કરો. *(મઝહરી)*

(૨) જામેઅ્ તિરમિઝી, મુસ્તદરક હાકિમમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.)ની રિવાયત છે અને હાકિમે આ રિવાયતને સાચી કહી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે અલ્લાહની ખુશી પિતાની ખુશીમાં છે અને અલ્લાહથી નારાજગી પિતાની નારાજગીમાં છે.

(૩) ઈબ્ને માજહે હઝરત અબૂ ઉમામહ (રદિ.)થી નકલ કર્યું છે કે એક વ્યક્તિએ રસૂલુલ્લાહ ﷺને પૂછ્યું કે સંતાનો ઉપર માતા-પિતાનો શું અધિકાર (હક) છે ? રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, તે બંને જ તારી જન્નત અથવા દોઝખ છે, મતલબ એ છે કે તેમની આજ્ઞાનું પાલન તથા સેવા-ચાકરી જન્નતમાં લઈ જાય છે અને તેમની બેઅદબી તથા નારાજગી દોઝખમાં.

(૪) બયહકીએ શોઅ્બુલ ઈમાનમાં અને ઈબ્ને અસાકીરે હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)ની રિવાયતથી નકલ કર્યું છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, જે વ્યક્તિ અલ્લાહ માટે પોતાના માતા-પિતાનો આજ્ઞાપાલક બની રહે તેના માટે જન્નતના બે દરવાજા ખુલ્લા રહેશે અને જે તેમનો નાફરમાન થયો તેના માટે

જહન્નમના બે દરવાજા ખુલ્લા રહેશે અને જો માં-બાપમાંથી કોઈ એક જ હતું તો એક દરવાજો જન્નતનો અથવા દોઝખનો ખુલ્લો રહેશે. આ બાબત ઉપર એક વ્યક્તિએ પ્રશ્ન કર્યો કે (આ જહન્નમની ધમકી) શું એવા સ્વરૂપમાં પણ છે કે માતા-પિતાએ તે વ્યક્તિ ઉપર અત્યાચાર કર્યો હોય ? તો આપ ﷺએ ત્રણ વખતે ફરમાવ્યું, وَاِنْ ظَلَمَا وَاِنْ ظَلَمَا وَاِنْ ظَلَمَا એટલે કે, માતા-પિતાની નાફરમાની અને તેમને કષ્ટ પહોંચાડવા ઉપર જહન્નમની ધમકી છે, ભલે માં-બાપે જ સંતાન ઉપર અત્યાચાર કર્યો હોય, જેનો ખુલાસો એ છે કે સંતાનોને માતા-પિતા પાસેથી બદલો લેવાનો અધિકાર નથી કે તેમણે જુલમ કર્યો તો તે પણ તેમની સેવા-ચાકરી અને ફરમાંબરદારીથી હાથ ખેંચી લે.

(૫) બયહકીએ હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)ની રિવાયતથી નકલ કર્યું છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે સેવા કરનારો પુત્ર પોતાના માં-બાપ ઉપર કૃપા અને પ્રેમની નજર નાંખે છે તો દરેક દૃષ્ટિના બદલામાં એક સ્વીકૃત હજ્જનો સવાબ મેળવે છે, લોકોએ વિનંતી કરી કે જો તે દિવસમાં સો વખતે આ પ્રમાણે જુએ તો ? આપ ﷺએ ફરમાવ્યું, હા ! સો વખતે પણ (દરેક દૃષ્ટિ ઉપર એ જ પ્રમાણે સવાબ મળતો રહેશે), અલ્લાહ તઆલા સૌથી મહાન છે (તેના ખજાનામાં કોઈ ખોટ નથી આવતી).

માતા-પિતાના હકો મારવાની સજા આખિરતથી પહેલાં દુનિયામાં પણ મળે છે :

(૬) બયહકીએ શોઅ્બુલ ઈમાનમાં હઝરત અબૂબક્ર (રદિ.)થી નકલ કર્યું છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, "અને બધા ગુનાહોની સજા તો અલ્લાહ તઆલા જેને ઈચ્છે છે કયામત સુધી મુલતવી કરી આપે છે સિવાય કે વાલિદૈનના હકો મારવાની અને નાફરમાની કરવાની કે તેની સજા આખિરત પહેલાં દુનિયામાં પણ આપવામાં આવે છે."

(આ બધી રિવાયતો તફસીરે મઝહરીમાંથી નકલ કરવામાં આવી છે.)

માં-બાપનું આજ્ઞાપાલન કરવું કઈ વસ્તુઓમાં વાજિબ છે અને ક્યાં તેમનો વિરોધ કરી શકાય છે ! :

એ બાબતે ઉલમા અને ફુક્હાની સર્વસહમતી છે કે માં-બાપનું

આજ્ઞાપાલન માત્ર જાઇઝ કામો ઉપર વાજિબ છે, નાજાઇઝ અથવા ગુનાહના કાર્યોમાં આજ્ઞાપાલન કરવું વાજિબ તો શું જાઇઝ પણ નથી. હદીષ શરીફમાં છે, لاَطَاعَةَ لِمَخْلُوقٍ فِى مَعْصِيَةِ الْخَالِق એટલે કે, "સર્જનહારની નાફરમાનીમાં કોઈપણ મખ્લૂકની આજ્ઞાનું પાલન કરવું જાઇઝ નથી."

માં-બાપની સેવા-ચાકરી અને તેમની સાથે સારી વર્તણૂંક કરવા માટે તેઓનું મુસલમાન હોવું જરૂરી નથી :

ઈમામ કુર્તુબી (રહ.)એ આ મસ્અલાની સાક્ષીમાં હઝરત અસ્માઅ્ (રદિ.)ની આ ઘટના સહીહ બુખારીથી નકલ કરી છે કે હઝરત અસ્માઅ્ (રદિ.)એ રસૂલે કરીમ ﷺને પૂછ્યું કે, મારી માં જેઓ મુશ્રિક છે, મને મળવા માટે આવે છે, શું મારા માટે એ જાઇઝ છે કે હું તેમની ખાતર-બરદાસ્ત (સેવા-ચાકરી) કરું ? આપ ﷺએ ફરમાવ્યું, صِلِى اُمَّكِ (એટલે કે પોતાની માં ની સીલારહમી અને ખાતર-બરદાસ્ત કરો). કાફિર માતા-પિતા વિશે પોતે કુર્આને કરીમમાં ઈશારો મોજૂદ છે, وَصَاحِبْهُمَا فِى الدُّنْيَا مَعْرُوفًا એટલે કે, જેના માં-બાપ કાફિર હોય અને તેમને પણ કાફિર થવાનો હુકમ આપે તો તેમનો આ બાબતે હુકમ માનવો જાઇઝ નથી પરંતુ દુનિયામાં તેમની સાથે "મઅ્રૂફ" (યોગ્ય) તરીકાથી વર્તાવ કરવામાં આવે. દેખીતું છે કે મઅ્રૂફ તરીકાથી અહીંયાં ભાવાર્થ એ છે કે, તેમની સાથે સેવા-ચાકરીનો વ્યવહાર કરવામાં આવે.

મસ્અલો :

જ્યાં સુધી જિહાદ ફરજે ઐન ન થઈ જાય ફરજે કિફાયાના દરજ્જામાં રહે તે સમય સુધી કોઈ પુત્ર માટે માતા-પિતાની પરવાનગી વિના જિહાદમાં સામેલ થઈ જવું જાઇઝ નથી. સહીહ બુખારીમાં હઝરત અબ્દુલ્લાહ ઇબ્ને ઉમર (રદિ.) દ્વારા રિવાયત છે કે એક વ્યક્તિ રસૂલે કરીમ ﷺની સેવામાં જિહાદમાં સામેલ થવા માટેની પરવાનગી લેવા માટે હાજર થયો. રસૂલે કરીમ ﷺએ તેને પૂછ્યું કે, શું તમારા માતા-પિતા હયાત છે ? તેણે વિનંતી કરી કે હા ! હયાત છે, આપ ﷺએ ફરમાવ્યું, فَفِيهِمَا فَجَاهِدْ એટલે કે, બસ તો હવે તમે માતા-પિતાની સેવામાં રહીને જિહાદ કરો. મતલબ એ છે કે તેમની સેવામાં જ તમને જિહાદનો સવાબ મળશે, બીજી રિવાયતમાં તેની સાથે એ પણ ઉપસ્થિત છે કે આ વ્યક્તિએ

એવું વર્ણન કર્યું કે હું પોતાના માતા-પિતાને રડતો છોડીને આવ્યો છું, તેના ઉપર આપ ﷺએ ફરમાવ્યું કે જાઓ ! તેમને હસાવો જેવા કે તેમને રડાવ્યા છે, એટલે કે તેમને જઈને કહી આપો કે હું તમારી મરજી વિરુદ્ધ જિહાદમાં જઈશ નહીં.

(કુર્તુબી)

મસ્અલો :

આ રિવાયતથી જાણ થઈ કે જ્યારે કોઈ વસ્તુ ફરજે ઐન અથવા ચોક્કસ વાજિબ ન હોય બલકે ફરજે કિફાયાના દરજ્જામાં હોય તો સંતાનો માટે તે કામ માં-બાપની પરવાનગી વિના કરવું જાઈઝ નથી, તેમાં સંપૂર્ણ દીનનું જ્ઞાન પ્રાપ્ત કરવાનો તથા દીનની તબ્લીગ (પ્રચાર) માટે મુસાફરી કરવાનો હુકમ પણ સામેલ છે કે ફરજ ઇલ્મે દીનના પ્રમાણ જેટલું જેની પાસે ઇલ્મ હોય અને તે આલિમ બનવા માટે મુસાફરી કરે અથવા લોકોને તબ્લીગ અને દા'વત આપવા માટે મુસાફરી કરે તો માં-બાપની ઇજાઝત વિના જાઈઝ નથી.

મસ્અલો :

માં-બાપ સાથે ભલાઈનું વર્તન કરવાનો જે હુકમ કુર્આન અને હદીષમાં આવ્યો છે તેમાં એ વસ્તુ પણ સામેલ છે જે લોકો સાથે માં-બાપનો સગાઈ-સંબંધ અથવા દોસ્તી હતી તેમની સાથે પણ ભલાઈનો વર્તાવ કરે, ખાસ કરીને માં-બાપની વફાત પછી. સહીહ બુખારીમાં હઝરત અબ્દુલ્લાહ ઇબ્ને ઉમર (રદિ.)થી રિવાયત થઈ છે કે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે, "બાપ સાથે મહાન (સારી) વર્તણૂક એ છે કે તેમના મૃત્યુ પછી તેમના મિત્રો સાથે સારો વર્તાવ કરે." અને હઝરત અબૂ ઉસૈદ બદરી (રદિ.)એ નકલ કર્યું છે કે, "હું રસૂલે કરીમ ﷺની સાથે બેઠો હતો એક અન્સારી વ્યક્તિ આવ્યો અને સવાલ કર્યો, યા રસૂલુલ્લાહ ﷺ ! માં-બાપના મરણ પછી પણ તેમનો કોઈ હક મારા માથે બાકી છે ? આપ ﷺએ ફરમાવ્યું, હા ! તેમના માટે દુઆ અને ઇસ્તિગફાર કરવા અને જે કરાર તેમણે કોઈની સાથે કર્યા હતા તેમને પૂરા કરવા અને તેમના દોસ્તોની ઇજ્જત અને સન્માન કરવું અને તેમના એવા સગાં-વહાલાંઓ સાથે સીલા-રહમીનો વર્તાવ કરવો જેનો સગાઈ-સંબંધ માત્ર તેમના તરફથી હોય, આ માતા-પિતાના હકો છે જે તેમના ગુઝરી ગયા પછી પણ તમારા માથે બાકી છે."

આપ ﷺની ટેવ હતી કે હઝરત ખદીજા ઉમ્મુલ મુઅ્મિનીન (રદિ.)ની વફાત પછી તેમની સહેલીઓ પાસે હદિયો મોકલ્યા કરતા હતા જેનાથી હઝરત ખદીજા (રદિ.)નો હક અદા કરવાનો હેતુ હતો.

માતા-પિતાનું માન-સન્માન ખાસ કરીને વૃદ્ધાવસ્થામાં કરવું :

માં-બાપની ખિદમત તથા તેમની ફરમાંબરદારી માં-બાપ હોવાના સ્વરૂપે કોઈ સમય અને કોઈ ઉંમરના બંધન સાથે જોડાયેલ નથી, દરેક સ્થળે અને દરેક પરિસ્થિતિમાં માં-બાપ સાથે સારો વ્યવહાર કરવો વાજિબ છે પરંતુ વાજિબો અને ફરજોની અદાયગીમાં જે પરિસ્થિતિ સ્વાભાવિક રીતે અવરોધ બનતી હોય છે તે પરિસ્થિતિમાં કુર્આને કરીમની સામાન્ય વર્ણનશૈલી એ છે કે હુકમોને સરળ કરવા માટે વિવિધ પાસાંઓ દ્વારા માનસિક કેળવણી પણ કરવામાં આવે છે અને આવી પરિસ્થિતિમાં હુકમની પાબંદીની વધારે ભારપૂર્વક તાકીદ પણ !

માં-બાપના વૃદ્ધાવસ્થાના સમયકાળમાં જ્યારે કે તેઓ સંતાનોની સેવાના મોહતાજ થઈ જાય, તેમની જિંદગી અવલાદની દયા ઉપર રહી જાય એવા સમયે જો સંતાનો તરફથી થોડી પણ નિષ્કાળજીની અનુભૂતિ થાય તો તે તેમના દિલને આઘાત પહોંચાડે છે, બીજી બાજુ વૃદ્ધાવસ્થાની સ્વાભાવિક અસર મનુષ્યને ચિડીયો બનાવી દે છે; ત્રીજું, ઘડપણના અંતિમ તબક્કામાં જ્યારે બુદ્ધિ અને સમજદારી પણ જવાબ આપવા માંડે છે ત્યારે તેમની ઈચ્છાઓ અને માંગણીઓ કંઈ એવી પણ થઈ જાય છે જેને પૂરી કરવી અવલાદ માટે મુશ્કેલ હોય છે, કુર્આને કરીમે આવી પરિસ્થિતિઓમાં માતા-પિતાને ખુશ રાખવાના તથા તેમને રાહત પહોંચાડવાના હુકમો આપવાની સાથે માનવીને તેના બાળપણના સમયને યાદ અપાવ્યો કે કોઈ સમયે તમે પણ પોતાના માતા-પિતાના આનાથી વધારે મોહતાજ હતા જે પ્રમાણે આજે તેઓ તમારા મોહતાજ છે તો જે રીતે તેમણે પોતાની રાહત અને ઈચ્છાઓને તે સમયે તમારા ઉપર કુરબાન કર્યા અને તમારી બુદ્ધિ વગરની વાતોને પણ પ્યારથી સહન કરી હવે જ્યારે કે તેમના ઉપર લાચારીનો આ સમય આવ્યો છે તો બુદ્ધિ અને શરાફતનો તકાદો એ છે કે તેમના તે ભૂતકાળના અહેસાનોનો બદલો અદા કરો, આયતમાં كَمَا رَبَّيَانِىْ صَغِيْرًا દ્વારા

તે તરફ જ ઈશારો કરવામાં આવ્યો છે અને પ્રસ્તુત આયતોમાં માતા-પિતાના વૃદ્ધાવસ્થાની પરિસ્થિતિએ પહોંચવાના સમયે અમુક તાકીદી હુકમો આપવામાં આવ્યા છે.

(૧) તેમને "ઉફ" પણ ન કહો. શબ્દ "ઉફ"નો ભાવાર્થ દરેક એવી વાતચીત છે જેનાથી પોતાની નાપસંદગીની જાહેરાત થાય, એટલે સુધી કે તેમની વાત સાંભળીને એ પ્રમાણે લાંબો શ્વાસ લેવો જેનાથી તેમના ઉપર પોતાની નારાજગીની જાહેરાત થાય તે પણ આ જ "ઉફ" શબ્દમાં સામેલ છે, એક હદીષમાં હઝરત અલી કર્રમલ્લાહુ વજહહુ દ્વારા રિવાયત નકલ થઈ છે કે રસૂલે કરીમ ﷺનો ઈરશાદ છે કે દુઃખ પહોંચાડવામાં "ઉફ" કહેવાથી પણ કોઈ ઓછો દરજ્જો હોત તો તે પણ વર્ણન કરવામાં આવ્યો હોત. (ખુલાસો એ છે કે જે વસ્તુ ઉપર માં-બાપને ઓછામાં ઓછી તકલીફ પહોંચે તેની પણ મનાઈ છે).

(૨) وَلَا تَنْهَرْهُمَا (વલા તનહરહુમા) શબ્દ نَهْر (નહ્ર)નો અર્થ "ધૂતકારવાનો-ધમકાવવાનો" થાય છે, તેના કારણે દુઃખ પહોંચવું દેખીતું છે.

(૩) وَقُلْ لَّهُمَا قَوْلًا كَرِيْمًا નો હુકમ છે, પ્રથમ બે હુકમો નકારાત્મક પાસા વિશે હતા જેમાં માતા-પિતાને નાનામાં નાની પીડા પહોંચાડવાથી પણ રોકવામાં આવ્યા છે અને આ ત્રીજા હુકમમાં યોગ્ય અને પદ્ધતિસર માતા-પિતા સાથે વાતચીત કરવાનો અદબ શિખવાડવામાં આવ્યો કે તેમની સાથે મહોબ્બત તથા લાગણીપૂર્વક વિનમ્રતા સાથે વાત કરવામાં આવે. હઝરત સઈદ બિન મુસય્યફ (રદિ.) ફરમાવે છે કે જે પ્રમાણે કોઈ ગુલામ પોતાના કઠોર સ્વભાવના માલિક સાથે વાતચીત કરે છે.

(૪) હુકમ وَاخْفِضْ لَهُمَا جَنَاحَ الذُّلِّ مِنَ الرَّحْمَةِ જેનો ખુલાસો એ છે કે તેમની સામે પોતાને આજિઝ અને ઝલીલ વ્યક્તિના સ્વરૂપમાં રજુ કરે જેવી રીતે કે ગુલામ માલિકની સામે. جَنَاح (જનાહ)નો અર્થ "ખભા" થાય છે, શાબ્દિક અર્થ એ છે કે માતા-પિતા માટે પોતાના ખભાઓ આજિઝી અને ઝિલ્લત સાથે ઝૂકાવે, અંતે مِنَ الرَّحْمَةِ (મિનર્રહ્મત)ના શબ્દ દ્વારા એક તો એ બાબતે આગાહ કર્યા કે માં-બાપ સાથે એવો વ્યવહાર માત્ર દેખાવ પૂરતો ન હોય બલકે દિલથી દયા અને સન્માનના આધારે હોય, બીજું કદાચ ઈશારો એ તરફ પણ છે કે

માં-બાપની સાથે ઝિલ્લતની સાથે રજુ થવું સાચી ઈજ્જત અને સન્માનની પ્રસ્તાવના છે, કારણ કે આ સાચી અને વાસ્તવિક ઝિલ્લત કે અપમાન નથી બલકે તેમની સાથે દયા અને પ્રેમના કારણે છે.

(૫) પાંચમો હુકમ وَقُل رَّبِّ ارْحَمْهُمَا છે, જેનો ખુલાસો એ છે કે માં-બાપને સંપૂર્ણ રાહત પહોંચાડવી દરેક વ્યક્તિના ગજાની વાત નથી, પોતાની ક્ષમતા પ્રમાણે તેમને રાહત પહોંચાડવાની ફિકર સાથે તેમના માટે અલ્લાહ પાસે દુઆ પણ કરતો રહે કે અલ્લાહ તઆલા પોતાની રહમતથી તેમની બધી મુશ્કેલીઓને સરળ કરે અને તકલીફોને દૂર કરે. આ અંતિમ હુકમ એવો વિશાળ અને જાહેર છે કે માં-બાપની વફાત પછી પણ ચાલુ રહે છે અને તેના દ્વારા તે હંમેશા માં-બાપની ખિદમત અને સેવા-ચાકરી કરી શકે છે.

મસ્અલો :

માં-બાપ જો મુસલમાન હોય તો તેમના માટે રહમતની દુઆ કરવી દેખીતી વાત છે પરંતુ જો તેઓ મુસલમાન ન હોય તો તેમની જિંદગીમાં આ દુઆ એ નિય્યતે જાઈઝ છે કે તેમને દુનિયવી તકલીફોથી છુટકારો થાય અને ઈમાનની તવફીક થાય, મોત પછી તેમના માટે રહમતની દુઆ કરવી જાઈઝ નથી.

(કુર્તુબીમાંથી)

એક આશ્ચર્યજનક ઘટના :

કુર્તુબીએ પોતાની વિગતવારની સનદો સાથે હઝરત જાબીર બિન અબ્દુલ્લાહ દ્વારા રિવાયતો નકલ કરી છે કે એક વ્યક્તિ રસૂલે કરીમ ﷺની સેવામાં હાજર થયો અને ફરિયાદ કરી કે મારા પિતાએ મારો માલ લઈ લીધો, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે પોતાના પિતાને બોલાવી લાવો, તે જ સમયે હઝરત જિબ્રઈલ અમીન (અલૈ.) તશરીફ લાવ્યા અને રસૂલે કરીમ ﷺને કહ્યું કે જ્યારે તેનો બાપ આવી જાય તો તેને પૂછો કે તે વાક્યો કયા છે જે તેણે દિલમાં કહ્યા છે ? પોતે તેના કાનોએ પણ તેને નથી સાંભળ્યા. જ્યારે આ વ્યક્તિ પોતાના પિતાને લઈને પહોંચ્યો તો આપ ﷺએ તે બાપને કહ્યું કે શું વાત છે તમારો પુત્ર તમારી ફરિયાદ કરે છે, શું તમે ઇચ્છો છો કે તમે તેનો માલ ઝૂંટવી લો ? પિતાએ વિનંતી કરી કે તમે જ તેને એ પ્રશ્ન કરો કે હું તેની ફોઈ, માસી અથવા પોતાની

જાત સિવાય ક્યાં ખર્ચ કરું ? રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, ايـه "ઈહ !" (જેનો અર્થ હતો કે હકીકતની જાણ થઈ ગઈ, હવે બીજું કંઈ સાંભળવાની જરૂરત નથી), ત્યારબાદ તેના પિતાને પૂછ્યું કે તે વાક્યો કયા છે જેને હજુ સુધી પોતે તમારા કાનોએ પણ નથી સાંભળ્યા ? તે વ્યક્તિએ વિનંતી કરી કે યા રસૂલુલ્લાહ ﷺ ! અમને દરેક વ્યવહારમાં અલ્લાહ તઆલા તમારા ઉપર અમારું ઈમાન અને યકીન વધારી આપે છે, જે વાત કોઈએ નથી સાંભળી તેની આપને જાણ થઈ ગઈ જે એક મોઅ્જિઝો છે; પછી તેણે વિનંતી કરી, આ એક હકીકત છે કે મેં અમુક શે'રો દિલમાં કહ્યા હતા જેને મારા કાનોએ પણ નથી સાંભળ્યા. આપ ﷺએ ફરમાવ્યું, તે અમને સંભળાવો. તે સમયે તેણે આ શે'રો પઢી.

غَذَوْتُکَ مَوْلُوْدًا وَّمُنْتُکَ یَافِعًا تُعَلُّ بِمَا اَجْنِیْ عَلَیْکَ وَتُنْهَلُ

"મેં તને બાળપણમાં ખોરાક આપ્યો અને યુવાન થયા પછી પણ તારી જવાબદારી ઉઠાવી, તારું બધું ખાવું-પીવું મારી જ કમાણીમાંથી હતું."

اِذَا لَیْلَةٌ ضَافَتْکَ بِالسُّقْمِ لَمْ اَبِتْ لِسُقْمِکَ اِلَّا سَاهِرًا اَتَمَلْمَلُ

"જ્યારે કોઈ રાતમાં તને કોઈ બીમારી આવી ગઈ તો મેં આખી રાત તારી બીમારીના કારણે ઉજાગરા અને બેચેનીમાં પસાર કરી."

کَاَنِّیْ اَنَا الْمَطْرُوْقُ دُوْنَکَ بِالَّذِیْ طُرِقْتَ بِهٖ دُوْنِیْ فَعَیْنِیْ تَهْمِلُ

"જાણે કે તારી બીમારી મને લાગી છે તને નહીં, જેના કારણે હું આખી રાત રડતો રહ્યો."

تَخَافُ الرَّدٰی نَفْسِیْ عَلَیْکَ وَاِنَّهَا لَتَعْلَمُ اَنَّ الْمَوْتَ وَقْتٌ مُؤَجَّلُ

"મારું દિલ તારી હલાકતથી ડરતું રહ્યું જ્યારે કે હું જાણતો હતો કે મોતનો એક દિવસ નક્કી છે તે પહેલાં તે આગળ કે પાછળ નથી થઈ શકતો."

فَلَمَّا بَلَغْتَ السِّنَّ وَالْغَایَةَ الَّتِیْ اِلَیْهَا مَدٰی مَا کُنْتُ فِیْکَ اُؤَمِّلُ

"પછી જ્યારે તું ઉંમરની એ સીમા સુધી પહોંચી ગયો જેમાં તમન્ના કર્યા કરતો હતો."

جَعَلْتَ جَزَائِی غِلْظَةً وَّفَظَاظَةً كَأَنَّکَ أَنْتَ الْمُنعِمُ الْمُتَفَضِّلُ

"તો તેં મારો બદલો સખ્તી અને કઠોર રીતે વાતચીત કરીને આપ્યો, જાણે કે તું મારા ઉપર અહેસાન અને ઈનામ કરી રહ્યો છે !"

فَلَيْتَکَ إِذْلَمْ تَرْعَ حَقَّ أُبُوَّتِی فَعَلْتَ كَمَا الْجَارُ الْمُصَاقِبُ يَفْعَلُ

"કાશ ! જો તારાથી મારા માં-બાપ હોવાનો હક અદા થઈ શકતો હોત તો ઓછામાં ઓછું એવું જ કરી લે જેમકે એક શરીફ ખાનદાન પાડોશી કર્યા કરે છે."

فَاَوْلَيْتَنِی حَقَّ الْجِوَارِ وَلَمْ تَكُنْ عَلَیَّ بِمَالٍ دُوْنَ مَالِکَ تَبْخَلُ

"તેં ઓછામાં ઓછું મારા પાડોશીનો હક તો આપ્યો હોત ! અને પોતે મારા જ માલમાં મારા હકમાં કંજૂસીથી કામ ન લીધું હોત."

રસૂલે કરીમ ﷺએ આ શે'રો સાંભળ્યા પછી પુત્રને ગરેબાન (ગળા નીચેથી તેમનો ઝભ્ભો) પકડી લીધો અને ફરમાવ્યું, اَنْتَ وَمَالُکَ لِاَبِيْکَ "જા ! તું પણ અને તારો માલ પણ બાપનો છે." *(તફસીરે કુર્તુબી, પેજ : ૨૪૬, ભાગ : ૬)*

આ શે'રો અરબી સાહિત્યના મશહૂર પુસ્તક حماسة (હિમાસા)માં પણ નકલ કરવામાં આવ્યા છે પરંતુ તેનો ઉમય્યા ઈબ્ને અબી અસ્સુલ્ત સાથે સંબંધ જોડવામાં આવ્યો છે અને અમુકે કહ્યું છે કે આ અબ્દુલ અલાના શે'રો છે, અમુકે તેનો સંબંધ અબૂલ અબ્બાસ અઅ્મા સાથે જોડ્યો છે. *(હાશિયા : કુર્તુબી)*

પ્રસ્તુત આયતોમાંથી અંતિમ આયત رَبُّكُمْ اَعْلَمُ بِمَا فِیْ نُفُوْسِكُمْ એ તે કંજૂસીને દૂર કરી આપી છે જે માતા-પિતાની ઇજ્જત અને સન્માન વિશેના પ્રસ્તુત હુકમોમાં અવલાદના દિલમાં પેદા થઈ શકે છે કે માતા-પિતા સાથે દરેક સમયે રહેવાનું છે, તેમની અને પોતાની પરિસ્થિતિ પણ દરેક સમયે સમાન નથી હોતી, કોઈ સમયે મુખથી એવા વેણ નીકળી ગયા જે પ્રસ્તુત સન્માન અને ઇજ્જતના વિરુદ્ધ હોય તો તેના ઉપર જહન્નમની ચેતવણી છે, એ જ પ્રમાણે ગુનાહોથી બચવું ઘણું મુશ્કેલ બની જાય છે. આ આયતમાં આ શંકા અને તેનાથી દિલની તંગી દૂર કરવા માટે ફરમાવ્યું કે વિના ઇરાદે અસભ્યતાથી ક્યારેક કોઈ

પરેશાની કે બેદરકારીથી કોઈ વેણ નીકળી જાય અને પછી તેનાથી તવબહ કરી લે તો અલ્લાહ તઆલા દિલોની હાલતથી સારી પેઠે વાકેફ છે કે તે બેઅદબીના વેણ દુઃખ પહોંચાડવા કે તેમનું અપમાન કરવા માટે કહ્યા ન હતા, તે મા'ફ કરનારો છે. શબ્દ اَوَّابِيۡن (અવ્વાબીન) તે અત્રે تَـوَّابِيۡن (તવ્વાબીન)ના અર્થમાં છે. હદીષમાં મગરિબ પછીની છ રકા'તો અને ઈસ્રાકની નફલોને "સલાતુલ અવ્વાબીન" કહેવામાં આવ્યું છે, જેમાં ઈશારો છે કે આ નમાઝોની તવફીક એવા જ લોકોને થાય છે જેઓ "અવ્વાબીન" અને "તવ્વાબીન" છે.

આયત : (સૂરએ બની ઇસ્રાઈલ : આયત નં. ૨૬-૨૭)

وَاٰتِ ذَا الۡقُرۡبٰى حَقَّهٗ وَالۡمِسۡكِيۡنَ وَابۡنَ السَّبِيۡلِ وَلَا تُبَذِّرۡ تَبۡذِيۡرًا ﴿۲۶﴾ اِنَّ الۡمُبَذِّرِيۡنَ

كَانُوۡۤا اِخۡوَانَ الشَّيٰطِيۡنِ ؕ وَكَانَ الشَّيۡطٰنُ لِرَبِّهٖ كَفُوۡرًا ﴿۲۷﴾

તરજુમો :

અને સગાં-વહાલાંઓને તેમનો હક આપો અને મોહતાજને અને મુસાફરને અને અંધાધૂંધ (અસ્થાને) ફૂઝૂલખર્ચી ન કરો. (૨૬) બેશક ! ફુઝૂલખર્ચ કરનારા શયતાનોના ભાઈ છે અને શયતાન પોતાના પરવરદિગારનો નાશુક્રો છે. (૨૭)

તફસીર :

(આ બંને આયતોમાં હુકૂકુલ ઈબાદ-બંદાઓના હકો વિશે બે વિશેષ હુકમો પ્રસ્તુત છે, પ્રથમ માતા-પિતા ઉપરાંત અન્ય સગાં-વહાલાંઓ તથા સામાન્ય મુસલમાનોના હકો અને અન્ય ખર્ચાઓ કરવામાં ફુઝૂલખર્ચી અને માલ વેડફવાની મનાઈ કરવામાં આવી છે, આ આયતોની ટૂંકી તફસીર જોઈ લઈએ.)

અને સગાંઓને તેમનો હક (આર્થિક અથવા બિનઆર્થિક) આપતા રહેજો અને મોહતાજ તથા મુસાફરને પણ (તેમના હકો) આપતા રહેજો અને (માલને) અસ્થાને ઉડાવશો નહીં, બેશક ! અસ્થાને માલ ઉડાવી ખર્ચ કરનાર શયતાનના ભાઈ-બંધુ છે (એટલે કે તેના સમકક્ષ હોય છે) અને શયતાન પોતાના પરવરદિગારનો ઘણો નાશુક્રો છે (કે અલ્લાહ તઆલાએ તેને બુદ્ધિની દોલત

આપી, તેણે તે બુદ્ધિની દોલતને અલ્લાહ તઆલાની નાફરમાનીમાં ખર્ચ કરી, તે પ્રમાણે ફુઝૂલખર્ચ કરનારાઓને અલ્લાહ તઆલાએ માલ-દોલત આપી પરંતુ તેઓ તેને અલ્લાહ તઆલાની નાફરમાનીમાં ખર્ચ કરે છે).

મસ્અલા અને બોધપાઠ :

સામાન્ય સગાં-વહાલાંઓના હકોની કાળજી રાખવી :

પાછલી આયતોમાં માં-બાપના હકો, તેમનું માન-સન્માન અને મર્યાદા જાળવવાની તા'લીમ આપવામાં આવી હતી, આ આયતોમાં સામાન્ય સગાં-વહાલાંઓના હકોનું વર્ણન છે કે દરેક સગાંઓને તેમનો હક આપવામાં આવે જે ઓછામાં ઓછું તેમની સાથે સારો સામાજિક વ્યવહાર અને ઉત્તમ પ્રકારનું વર્તન છે અને જો જરૂરિયાતમંદ હોય તો તેમની આર્થિક મદદ પણ પોતાની શક્તિ અનુસાર કરવી તેમાં સામેલ છે, આ આયતથી એટલી વાત તો સાબિત થઈ ગઈ કે દરેક વ્યક્તિ ઉપર તેના સામાન્ય સગાં-વહાલાં અને સંબંધીઓનો પણ હક છે, તે શું અને કેટલો છે તેની વિગત અત્રે આપવામાં આવી નથી પરંતુ સીલારહમી અને સારો સામાજિક વ્યવહાર તેમાં સામેલ હોવું દેખીતું છે. ઈમામે આ'ઝમ અબૂ હનીફા (રહ.)ના મતે આ જ ફરમાન હેઠળ જે સગાં-વહાલાંઓ લોહીની સગાઈમાં "મહરમ" છે જો તે સ્ત્રી અથવા બાળક છે જેની પાસે પોતાના જીવન નિર્વાહનો સરસામાન નથી અને કમાવાની શક્તિ પણ નથી, એ જ પ્રમાણે જે સગાં-વહાલાં લોહીની રિશ્તેદારીમાં મહરમ છે અને તેઓ અપંગ અથવા આંધળા છે અને તેમની મિલકતમાં એટલો માલ નથી જેનાથી તેમનું ગુજરાન ચાલી શકે તો તેમના જે સગાં-વહાલાંઓ પાસે એટલી શક્તિ અને આર્થિક છૂટછાટ હોય કે તેઓ તેમની મદદ કરી શકે છે તો તેમના ઉપર તે બધાનો વઝીફો ફરજ છે, જો એક જ દરજ્જાના ઘણા બધા સગાં-વહાલાંઓ માલદાર અને આર્થિક રીતે સદ્ધર હોય તો તે બધા ઉપર વહેંચણી કરીને તેને જીવન-નિર્વાહનો વજીફો આપવામાં આવશે, સૂરએ બકરહની આયત وَعَلَى الْوَارِثِ مِثْلُ ذَالِكَ (૨:૨૩૩)થી પણ આ હુકમ સાબિત થાય છે. *(કુર્તુબી)*

આ આયતમાં સગાં-વહાલાંઓ અને મોહતાજો તથા મુસાફરોની આર્થિક મદદને તથા સીલારહમીને તેમનો હક બતાવીને એ તરફ ઈશારો કરવામાં આવ્યો

છે કે આપનારને તેના ઉપર અહેસાન જતાવવાનો કોઈ હક નથી, કારણ કે આ તેમનો હક છે અને આપનારના માથે તે જવાબદારી સ્વરૂપે ફરજ છે અને પોતાનો ફરજ અદા કરવામાં તે કોઈના ઉપર અહેસાન નથી કરી રહ્યો.

ફુઝૂલખર્ચી (ખોટો ખર્ચ) કરવાની મનાઈ :

ફુઝૂલખર્ચીના અર્થને કુર્આને કરીમે બે શબ્દોથી ઓળખાવ્યો છે, એક تَبْذِيْر (તબઝીર) અને બીજો اِسْرَاف (ઈસ્રાફ) "તબઝીર"ની મનાઈ તો આ આયતમાં જ સ્પષ્ટ છે, "ઈસ્રાફ"ની મનાઈ આયત وَلَا تُسْرِفُوْا (વલા તુસ્રિફૂ)થી સાબિત છે. અમુક લોકોએ ફરમાવ્યું કે બંને શબ્દ સમાનાર્થી છે, આર્થિક વ્યવહારમાં અસ્થાને અને બિનજરૂરી ખર્ચ કરવાને "તબઝીર" અને "ઈસ્રાફ" કહેવામાં આવે છે અને અમુક લોકોએ આ વિગતનો એ ખુલાસો કર્યો છે કે કોઈ ગુનાહના કામમાં અથવા બિલકુલ અસ્થાને અયોગ્ય સ્થળે ખંર્ચ કરવાને "તબઝીર" કહેવામાં આવે છે અને જ્યાં જાઇઝ ખર્ચ કરવાની આવશ્યકતા છે પરંતુ તેમાં જરૂરિયાતથી વધારે ખર્ચ કરવામાં આવે તો તેને "ઈસ્રાફ" કહે છે, એટલા માટે "તબઝીર" એ "ઈસ્રાફ" કરતા વધારે સખત છે અને "મુબઝ્ઝિરીન" એટલે કે આવો અસ્થાને ખર્ચ કરનાર શયતાનના ભાઈ ઠરાવવામાં આવ્યા.

તફસીરના ઈમામ હઝરત મુજાહિદ (રહ.)એ ફરમાવ્યું કે કોઈ પોતાનો સમગ્ર માલ હક માટે ખર્ચ કરી નાંખે તો તે તબઝીર નથી અને જો ખોટા કામ માટે એક مُدّ (મુદ) "અડધો શેર" પણ ખર્ચ કરે તો તે તબઝીર છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.)એ ફરમાવ્યું કે જ્યાં હક ન હોય એવી જગ્યાએ ખર્ચ કરવાનું નામ તબઝીર છે. (મઝહરી) ઈમામ માલિક (રહ.)એ ફરમાવ્યું કે માનવી માલ તો પોતાના અધિકાર પ્રમાણે સાચી રીતે પ્રાપ્ત કરે પરંતુ તેને ખોટી જગ્યાએ ખોટી રીતે ખર્ચ કરે તો તેનું નામ ઈસ્રાફ પણ છે અને તે હરામ પણ છે. *(કુર્તુબી)*

ઈમામ કુર્તુબી (રહ.)એ ફરમાવ્યું કે હરામ અને નાજાઇઝ કામમાં એક દિરહમ પણ ખર્ચ કરવો તબઝીર છે અને જાઇઝ તથા મુબાહ ઈચ્છાઓમાં હદથી વધારે ખર્ચ કરવો જેનાથી ભવિષ્યમાં મોહતાજ અને ફકીર બની જવાનો ભય આવી પડે એ પણ તબઝીરમાં સામેલ છે, હા ! જો કોઈ વ્યક્તિ અસલ મુદલ

માલને સુરક્ષિત રાખીને તેના નફાને પોતાની જાઇઝ ઇચ્છાઓમાં પોતાની શક્તિ પ્રમાણે ખર્ચ કરતો રહે તો તે તબઝીરમાં સામેલ નથી. *(કુર્તુબી, જિલ્દ:૧૦, પેજ:૪૮)*

આયત : (સૂરએ બની ઇસ્રાઈલ : આયત નં. ૨૮)

وَاِمَّا تُعۡرِضَنَّ عَنۡهُمُ ابۡتِغَآءَ رَحۡمَةٍ مِّنۡ رَّبِّكَ تَرۡجُوۡهَا فَقُلۡ لَّهُمۡ قَوۡلًا مَّيۡسُوۡرًا ﴿٢٨﴾

તરજુમો :

અને જો ક્યારેક પોતાના પરવરદિગારની મહેરબાનીની રાહ જોવામાં જેની તમને આશા છે તમારે તેમના તરફથી ધ્યાન હટાવવું પડે તો તેમને વિનમ્રતાથી વાત કહી આપો. (૨૮)

તફસીર :

(આ આયતમાં હુકૂકુલ ઈબાદ વિશે પાંચમો હુકમ આપવામાં આવ્યો છે કે, જો કોઈ સમયે જરૂરિયાતમંદને પોતાની જરૂરત પ્રમાણે આપવાની વ્યવસ્થા ન થઈ શકે તો તે સમયે પણ તેમને ઉદ્ધત જવાબ આપવામાં ન આવે બલકે, હમદર્દીથી ભવિષ્યમાં સહૂલતની ઉમ્મીદ અપાવવામાં આવે. આયતની તફસીર આ પ્રમાણે છે.)

અને જો (કોઈ સમયે તે લોકોને આપવા માટે તમારી પાસે માલ ન હોય અને એટલા માટે) તમને તે રોજીની રાહ જોવામાં જેની પોતાના પરવરદિગારથી આશા હોય (તેના ન આવવા સુધી) તેમનાથી કિનારો કરવો પડે (તો એટલો ખ્યાલ રાખજો કે) તેમની સાથે નરમીથી વાત કહી આપો (એટલે કે તેમને દિલાસો આપી વાયદો કરો કે ઇન્શાઅલ્લાહ ક્યાંકથી આવશે તો ચોક્કસ આપીશું અને તેમને મનદુઃખ થાય તેવો જવાબ ન આપો).

મસ્અલા અને બોધપાઠ :

આ આયતમાં રસૂલે કરીમ ﷺ અને તેમના દ્વારા સમગ્ર ઉમ્મતની આશ્ચર્યજનક અખ્લાકની કેળવણી કરવામાં આવી છે કે જો કોઈ વખતે જરૂરિયાતમંદ લોકો પ્રશ્ન કરે અને તમારી પાસે આપવા માટે કંઈ જ ન હોય તેથી

તે લોકોથી અળગા થવા મજબૂર થવું પડે તો પણ તમારું આ અળગા થવું ઉદ્ધત અને જરૂરિયાતમંદ વ્યક્તિ માટે અપમાનજનક ન હોવું જોઈએ, બલકે તેને દિલાસો આપવો અને પોતાની લાચારી અને મજબૂરીને જાહેર કરી વિનમ્રતાથી વાતચીત કરવી જોઈએ.

આ આયતના શા'ને નુઝૂલમાં ઇબ્ને ઝૈદની રિવાયત એ છે કે અમુક લોકો રસૂલે કરીમ ﷺ પાસે માલનો સવાલ કર્યા કરતા હતા અને આપ ﷺને ખબર હતી કે જો તેમને આપવામાં આવશે તો તેઓ ફસાદમાં ખર્ચ કરશે, એટલા માટે રસૂલે કરીમ ﷺ તેમને આપવાથી ઈન્કાર કરી દેતા હતા કે આવું કરવું તેમના ફસાદને રોકવાનું માધ્યમ છે, તેના ઉપર આ આયત નાઝિલ થઈ. *(કુર્તુબી)*

મુસ્નદે સઈદ બિન મન્સૂરમાં સબા ઇબ્ને હકમની રિવાયત પ્રસ્તુત છે કે, "રસૂલે કરીમ ﷺની પાસે અમુક કપડાં આવ્યા હતા, આપ ﷺએ તેની હકદારોમાં વહેંચણી કરી દીધી, ત્યારબાદ બીજા લોકો આવ્યા જ્યારે કે આપ ﷺ પરવારી ચૂક્યા હતા અને કપડાં પૂરા થઈ ચૂક્યા હતા, તેમના વિશે આ આયત નાઝિલ થઈ."

આયતો : (સૂરએ બની ઇસ્રાઈલ : આયત નં. ૨૯-૩૦)

وَلَا تَجْعَلْ يَدَكَ مَغْلُولَةً إِلَىٰ عُنُقِكَ وَلَا تَبْسُطْهَا كُلَّ الْبَسْطِ فَتَقْعُدَ مَلُومًا مَّحْسُورًا ﴿٢٩﴾ إِنَّ
رَبَّكَ يَبْسُطُ الرِّزْقَ لِمَن يَشَاءُ وَيَقْدِرُ ۚ إِنَّهُ كَانَ بِعِبَادِهِ خَبِيرًا بَصِيرًا ﴿٣٠﴾ ع

તરજુમો :

અને પોતાનો હાથ પોતાની ગરદન સાથે બાંધેલો ન રાખ (કંજૂસી ન કર) અને તેને બિલકુલ ખુલ્લો હોય એવો ન ખોલી નાંખ (ફુઝૂલખર્ચ ન કર કે) પછી તું બેસી રહે આક્ષેપ ખાધેલો, હારેલો (થાકેલો) ! (૨૯) તમારો પરવરદિગાર જેના માટે ઇચ્છે રોજી ખોલી આપે છે અને તંગ પણ એ જ કરે છે, તે જ પોતાના બંદાઓને સારી પેઠે જાણનારો જોનારો છે. (૩૦)

તફસીર :

ન તો પોતાનો હાથ ગરદન સાથે બાંધી લો (કે અંતિમ કક્ષાની કંજૂસી રાખી હાથખર્ચ કરવાથી પણ બિલકુલ જ રોકી રાખો) અને ન જ બિલકુલ ખોલી નાંખવા જોઈએ (કે જરૂરતથી વધારે ખર્ચ કરીને ફોગટ વેડફી નાંખી "ઈસ્રાફ" કરવામાં આવે) નહિતર ઠપકો પામી (અને) થાકેલો–હારેલો બેઠો રહી જઈશ (અને કોઈની ગરીબી તથા વંચિતતાથી એટલું બધું પ્રભાવિત થવું કે પોતાને મુશ્કેલીમાં નાંખી દેવું એ કોઈ યોગ્ય બાબત નથી કારણ કે) બેશક ! તારો પરવરદિગાર જેને ઈચ્છે છે વધારે રોજી આપે છે અને તે (જેના ઉપર ઈચ્છે છે) તંગ કરી દે છે, બેશક ! તે પોતાના બંદાઓ(ની હાલત અને તેમના હિત)ને સારી પેઠે જાણે છે જુએ છે (સમગ્ર જગતની આવશ્યકતાઓ પૂરી કરવી તો રબ્બુલ આલમીન પરવરદિગારનું જ કામ છે, તમે તેની ચિંતામાં શા માટે પડો છો કે પોતાનાથી ન થઈ શકતું હોય અને ન બની શકતું હોય તો પણ પોતાની જાતને મુસીબતમાં નાંખીને સૌની જરૂરિયાતો પૂરી કરો. આ સ્વરૂપ એટલા માટે બેકાર છે કે આ બધું કંઈ કર્યા પછી પણ સૌની જરૂરિયાતો પૂરી કરવી તમારા બસની વાત નથી, વળી તેનો અર્થ એવો પણ નથી કે કોઈ વ્યક્તિ કોઈ અન્યની ચિંતા જ ન રાખે, તેના માટે કોઈ આયોજન ન કરે બલકે તેનો મતલબ એ છે કે જરૂરિયાતો પૂરી કરવી કોઈ મનુષ્યના અધિકારમાં છે જ નથી ભલે તે પોતાના ઉપર કેટલીય મુસીબત સહન કરવા માટે તૈયાર થઈ જાય, એ કામ તો માત્ર સૃષ્ટિના માલિકનું જ છે કે સૌની જરૂરિયાતોને જાણે પણ છે અને બધાના હિતોથી વાકેફ પણ છે કે કયા સમયે કયા વ્યક્તિની કઈ જરૂરિયાત પૂરી કરવી જોઈએ એટલા માટે માણસનું કામ તો ફક્ત એટલું જ છે કે મધ્યમ માર્ગ અપનાવે, ન તો ખર્ચ કરવાની જગ્યાએ કંજૂસી કરે અને ન જ એટલો બધો ખર્ચ કરે કે આવતીકાલે પોતે જ ફકીર બની જાય તથા બાળ–બચ્ચાં કે જેમના હકો તેના માથે છે તેમના હકો પણ અદા ન થઈ શકે અને પાછળથી પસ્તાવું પડે).

મસ્અલા અને બોધપાઠ :

ખર્ચ કરવામાં મધ્યમ માર્ગ અપનાવવાનું માર્ગદર્શન :

આ આયતમાં સીધે–સીધું સંબોધન પોતે નબીએ કરીમ ﷺને છે અને

આપ ﷺના માધ્યમથી સમગ્ર ઉમ્મતને સંબોધન છે, તેમાં આર્થિક ખર્ચ કરવાની અને આર્થિક વ્યવહારની એવી તા'લીમ આપી છે કે બીજાઓની મદદ કરવાથી અળગા પણ ન રહે અને પોતે પોતાના માટે પણ મુસીબત ઊભી ન કરે. આ આયતના શા'ને નુઝૂલમાં ઈબ્ને મરદૂયાએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ (રદિ.) અને બગવીએ હઝરત જાબીર (રદિ.)થી એક રિવાયતમાં એક ઘટના નકલ કરી છે કે, રસૂલે કરીમ ﷺની સેવામાં એક છોકરો હાજર થયો અને વિનંતી કરી કે મારી માતા આપનાથી એક કુરતાનો સવાલ કરે છે, તે સમયે રસૂલે કરીમ ﷺની પાસે કોઈ કુરતો એ સિવાય ન હતો જે આપ ﷺના બદન મુબારક ઉપર હતો. રસૂલે કરીમ ﷺએ છોકરાને કહ્યું કે ફરી કોઈ બીજા વખતે આવો જ્યારે અમારી પાસે એટલી છૂટછાટ હોય કે તમારી વાલિદહનો સવાલ પૂરો કરી શકીએ, છોકરો ઘરે ગયો અને પરત આવ્યો અને કહ્યું કે મારી વાલિદહ કહે છે કે તમારા બદન મુબારક ઉપર જે કુરતો છે તે જ મને આપી દો. આ સાંભળીને રસૂલે કરીમ ﷺએ પોતાના બદન મુબારક ઉપરથી કુરતો ઉતારી તેના હવાલે કરી દીધો. આપ ﷺ કુરતા વિનાના રહી ગયા, નમાઝનો સમય આવ્યો, હઝરત બિલાલ (રદિ.)એ અઝાન આપી પરંતુ રસૂલે કરીમ ﷺ ટેવ પ્રમાણે બહાર તશરીફ ન લાવ્યા તો લોકોને ચિંતા થઈ, અમુક લોકો અંદર હાજર થયા તો જોયું કે આપ ﷺકુરતા વિના જ બેઠા છે, આ ઘટના ઉપર આ આયત નાઝિલ થઈ.

અલ્લાહના માર્ગમાં એટલો ખર્ચ ન કરવો કે પોતે પરેશાનીમાં પડી જાય અને તેની કક્ષા :

આ આયતથી દેખીતી રીતે એવા ખર્ચાઓ કરવાની મનાઈ જણાય છે જે ખર્ચ કર્યા પછી પોતે ફકીર અને મોહતાજ થઈ જાય તથા મુશ્કેલીમાં પડી જવાય. તફસીરના ઈમામ કુર્તુબીએ ફરમાવ્યું છે કે આ હુકમ મુસલમાનોની જાહેર પરિસ્થિતિ માટે છે કે જેમાં ખર્ચ કર્યા પછી તકલીફોથી પરેશાન થઈને પાછલા ખર્ચ કરેલા ઉપર પસ્તાવો અને અફસોસ થાય. કુર્આને કરીમમાં શબ્દ مَحْسُوْرًا (મહસૂરા)માં એ તરફ ઈશારો મોજૂદ છે. (મઝહરી પ્રમાણે) અને જે લોકો એટલા ઉચ્ચ ઈચ્છાશક્તિવાળા અને હિંમતવાળા હોય કે પાછળ પડનારી પરેશાનીઓથી ન ગભરાય અને હકદારોનો હક પણ અદા કરી શકે તેમના માટે આ પાબંદી નથી, એ જ કારણે રસૂલે કરીમ ﷺની સામાન્ય ટેવ એ હતી કે

આવતી કાલ માટે કોઈ સંગ્રહ કરતા ન હતા, જે કંઈ આજે આવ્યું આજે જ ખર્ચ કરી નાંખતા હતા અને અમુક વખતે ભૂખના દુઃખની તકલીફ પણ વેઠવી પડતી હતી, પેટ ઉપર પથ્થર બાંધવાની નોબત પણ આવી જતી હતી અને સહાબએ કિરામ (રદિ.)માં પણ ઘણા બધા એવા લોકો છે જેમણે રસૂલે કરીમ ﷺના સમયકાળમાં પોતાનો સઘળો માલ અલ્લાહના માર્ગમાં ખર્ચ કરી દીધો, રસૂલે કરીમ ﷺએ ન તો તેની મનાઈ કરી અને ન જ તેની નીંદા કરી. એનાથી જાણ થઈ કે આ આયતની મનાઈ માત્ર તે લોકો માટે છે જેઓ ગરીબી અને ભૂખમરાની તકલીફ સહન ન કરી શકે અને ખર્ચ કર્યા પછી તેમને અફસોસ થાય કે કાશ ! અમે ખર્ચ ન કર્યો હોત ! આવી પરિસ્થિતિમાં તેમનું અગાઉ કરેલું ભલું કાર્ય પણ વ્યર્થ થઈ જશે, એટલા માટે એની મનાઈ કરવામાં આવી.

ખર્ચમાં અવ્યવસ્થાની મનાઈ છે :

મૂળ વાત એ છે કે આ આયતે અવ્યવસ્થિત રીતે ખર્ચ કરવાની મનાઈ કરી છે કે આગળ આવનાર પરિસ્થિતિઓને ઉપેક્ષિત કરીને જે કંઈ પાસે છે તેનો તે જ વખતે ખર્ચ કરી નાંખે, કાલે બીજા જરૂરિયાતમંદ લોકો આવે અને કોઈ મહત્ત્વની દીની જરૂરત આવી પડે તો તેની પાસે તે ખર્ચ કરવાની શક્તિ ન હોય. (કુર્તુબી) બાળ-બચ્ચાં જેમના હકો તેના માથે વાજિબ છે તેમનો હક અદા કરવાથી લાચાર થઈ જાય. (મઝહરી) مَلُومًا مَّحْسُورًا (મલૂમમ્ મહશૂરા)ના શબ્દો વિશે તફસીરે મઝહરીમાં છે કે مَلُوم (મલૂમ)નો સંબંધ પ્રથમ પરિસ્થિતિ એટલે કે કંજૂસી સાથે છે કે જો હાથને બખીલાઈના કારણે બિલકુલ રોકી લેશે તો લોકો નીંદા કરશે અને مَحْسُورًا (મહસૂરા)નો સંબંધ બીજી પરિસ્થિતિ સાથે છે કે ખર્ચ કરવામાં એટલો વધારો કરે કે પોતે ફકીર બની જાય તો આ "મહસૂરા" પણ થાકેલો-હારેલો, લાચાર અને અફસોસ કરતો રહી જશે.

આયત : (સૂરએ બની ઇસ્રાઈલ : આયત નં. ૩૧)

وَلَا تَقْتُلُوٓا أَوْلَادَكُمْ خَشْيَةَ إِمْلَاقٍ ۖ نَّحْنُ نَرْزُقُهُمْ وَإِيَّاكُمْ ۚ إِنَّ قَتْلَهُمْ كَانَ خِطْـًٔا كَبِيرًا ﴿٣١﴾

તરજુમો :

અને પોતાની અવલાદને મુફલીસી (ગરીબાઈ)ના ડરથી મારી ન નાંખો, અમે તેમને અને તમને રોઝી આપીએ છીએ, બેશક ! તેમની હત્યા કરવી બહુ મોટી ખતા છે. (૩૧)

તફસીર :

અને પોતાની અવલાદને મુફલિસી (ગરીબાઈ)ના ભયે કતલ ન કરો (કારણ કે સૌના પાલનહાર અને રોઝી આપનાર અમે જ છે) અમે તેમને પણ રોઝી આપીએ છીએ અને તમને પણ (જો રોઝી આપનાર તમે હોત તો આવી વાતો ન વિચારી હોત), બેશક ! તેમની હત્યા કરવી ઘણો જઘન્ય અપરાધ છે.

મસ્અલા અને બોધપાઠ :

પાછલી આયતોમાં મનુષ્યના હકો વિશે માર્ગદર્શનની એક કડી ચાલતી આવે છે, આ છટ્ઠો હુકમ અજ્ઞાનતાના યુગની એક અત્યંત અત્યાચારી રિવાજની સુધારણા માટે છે, અજ્ઞાનતાના યુગમાં અમુક લોકો જન્મના સમયે પોતાની અવલાદને ખાસ કરીને પુત્રીઓને એ ડરે મારી નાંખતા હતા કે તેમના ખર્ચનો ભાર અમારે ઉઠાવવો પડશે. પ્રસ્તુત આયતમાં અલ્લાહ તઆલાએ તેમની અજ્ઞાનતાને સ્પષ્ટ કરી છે કે રોઝી આપનારા તમે કોણ ? તે તો માત્ર અલ્લાહ તઆલાના કબ્જામાં છે તમને પણ તે જ રોઝી આપે છે. જે તમને રોઝી આપે છે તે જ તેમને પણ આપશે, તમે શા માટે તેની ચિંતામાં પડીને અવલાદની હત્યાના અપરાધી બનો છો ? બલકે આ સ્થળે અલ્લાહ તઆલાએ રોઝી આપવાના વર્ણનને અગ્રસ્થાને કરીને એ તરફ ઈશારો કર્યો છે કે અમે પહેલાં તેમને આપીશું પછી તમને આપીશું, જેનો અર્થ વાસ્તવમાં એ છે કે અલ્લાહ તઆલા જે બંદાને જુએ છે કે તે પોતાના બાળ-બચ્ચાંનું પાલન-પોષણ અથવા બીજા ગરીબ-કમજોરોની મદદ કરે છે તો તેને એ જ હિસાબે આપે છે કે તે પોતાની જરૂરિયાત પણ પૂરી કરી શકે અને અન્યોની મદદ પણ કરી શકે, એક હદીષમાં રસૂલુલ્લાહ ﷺનો ઈરશાદ છે, اِنَّمَا تُنْصَرُوْنَ وَ تُرْزَقُوْنَ بِضُعَفَائِكُمْ એટલે કે, તમારા અશક્ત અને કમજોર વર્ગના કારણે જ તમારી અલ્લાહ તરફથી મદદ થાય છે અને તમને રોઝી આપવામાં આવે છે, એનાથી જાણ થઈ કે બાળ-બચ્ચાંના

પાલન-પોષણનો જે કંઈ ખર્ચ માં-બાપને મળે છે તે અશક્ત સ્ત્રીઓ અને બાળકોના કારણે જ મળે છે.

મસ્અલો :

કુર્આને કરીમના આ ઈરશાદથી એ બાબત ઉપર પણ પ્રકાશ પડે છે જેમાં આજની દુનિયા સપડાઈ ચૂકી છે કે વસ્તી વધારાના ડરથી કુટુંબ નિયોજન અને નસબંધી જેવા કાર્યક્રમો ચલાવે છે, તેનો પાયો પણ આ જ અજ્ઞાનતાપૂર્ણ ફિલોસોફી ઉપર છે કે લોકોએ રોજીના જવાબદાર પોતાની જાતને સમજી લીધી અને આ અવલાદની હત્યા કરવા સમાન ગુનોહ ભલે ન હોય પરંતુ તે નીંદાપાત્ર અને તિરસ્કૃત હોવામાં કોઈ શંકા નથી.

આયત : (સૂરએ બની ઇસ્રાઈલ : આયત નં. ૩૨)

وَلَا تَقْرَبُوا الزِّنٰٓى اِنَّهٗ كَانَ فَاحِشَةً ۭ وَسَاۗءَ سَبِيْلًا ۝۳۲

તરજુમો :

અને વ્યભિચારની પાસે પણ ન જાઓ, તે નિર્લજ્જતા (બેહયાઈ) છે અને ઘણો ખરાબ માર્ગ છે. (૩૨)

તફસીર :

અને વ્યભિચારની પાસે પણ ન ફરકો, (એટલે કે વ્યભિચાર સુધી લઈ જતા માર્ગો અને કાર્યોથી પણ બચો) બેશક ! તે (પોતે પણ) ઘણી બેશરમીની વાત છે અને (બીજી બુરાઈઓ અને ફસાદોના આધારે પણ) બુરો માર્ગ છે (કારણ કે તેના કારણે દુશ્મનાવટ, ફિત્નાઓ તથા હરામ અને ગેરકાયદેસર વંશ ક્રમ પણ ચાલી પડે છે).

મસ્અલા અને બોધપાઠ :

આ સાતમો હુકમ વ્યભિચારના હરામ હોવાના સંદર્ભમાં છે, જેના હરામ હોવાના બે કારણો વર્ણન કરવામાં આવ્યા છે. પ્રથમ એ કે તે નિર્લજ્જતાનું કૃત્ય છે અને મનુષ્યમાં જો હયા કે શરમ ન રહી તો તે માનવતાથી વંચિત થઈ જશે, પછી

તેના માટે કોઈ સારા–નરસા કાર્યનો ભેદ નથી રહેતો, આ જ અર્થ માટે હદીષમાં ઈરશાદ છે, إذا فاتك الحياء فافعل ما شئت એટલે કે, "જ્યારે તારી હયા (શરમ) જ જતી રહે (તો કોઈ બુરાઈની રુકાવટનો કોઈ પડદો જ ન રહ્યો) તો તમે જે ઇચ્છશો તે કરશો." અને એટલા માટે જ રસૂલે કરીમ ﷺએ "હયા" (શરમ)ને ઈમાનનો એક મહત્ત્વનો વિભાગ ઠરાવ્યો છે. والحياء شعبة من الإيمان (બુખારી) બીજું કારણ સામાજિક ફસાદ છે જે વ્યભિચારના કારણે એટલી ફેલાય છે કે તેની કોઈ હદ નથી રહેતી અને તેના ખરાબ પરિણામો અમુક સમયે આખા કુટુંબો અને કોમોને બરબાદ કરી નાંખે છે; ચોરીના ફિત્નાઓ, લૂંટમાર, હત્યાની વારદાતોનું જેટલું પ્રમાણ આજે દુનિયામાં વધી ગયું છે તે પરિસ્થિતિની તહકીક કરો, અડધાથી વધારે ઘટનાઓનું કારણ કોઈ પુરુષ અને સ્ત્રીના અનૈતિક સંબંધો નીકળે છે, આ અપરાધનો સંબંધ જો કે પ્રત્યક્ષ રીતે હુકૂકુલ ઈબાદ નથી પરંતુ આ સ્થળે હુકૂકુલ ઈબાદ સંબંધિત હુકમના અનુસંધાને તેનું વર્ણન કરવું કદાચ એ બીનાએ છે કે આ અપરાધ ઘણા બધા અપરાધોને સાથે લાવે છે જેનાથી હુકૂકુલ ઈબાદ પ્રભાવિત થાય છે તથા હત્યા, ખૂનામરકીના તોફાનો ઉપસ્થિત થાય છે, એટલા માટે ઈસ્લામે આ ગુનાહને બધા જ અપરાધો કરતા કઠોર અને સખત ઠરાવી દીધો છે અને તેની સજા બધા ગુનાહોની સજા કરતાં સખત અને કઠોર રાખવામાં આવી છે, કારણ કે આ એક અપરાધે અનેક સેંકડો અપરાધોને પોતાનામાં સમાવી રાખ્યા છે.

હદીષમાં છે કે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે સાતેય આસમાન અને સાતેય જમીનો શાદીશુદા વ્યભિચારીઓ ઉપર ફિટકાર વરસાવે છે અને જહન્નમમાં એવા લોકોના ગુપ્તાંગોમાંથી એવી સખત દુર્ગંધ ફેલાશે કે જહન્નમના નિવાસીઓ પણ તેનાથી પરેશાન થઈ જશે અને આગના અઝાબની સાથે તેમનું અપમાન જહન્નમમાં પણ થતું રહેશે.

(રવાહુલ-બઝ્ઝાર અન બુરયદા રદિ. —મઝહરી)

એક બીજી હદીષમાં હઝરત અબૂ હુરયરહ (રદિ.)ની રિવાયત છે કે "રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે વ્યભિચાર કરનારો વ્યભિચાર કરવાના સમયે મો'મિન નથી હોતો, ચોરી કરનારો ચોરી કરવાના સમયે મો'મિન નથી હોતો અને દારૂ પીનારો દારૂ પીવાના સમયે મો'મિન નથી હોતો." આ હદીષ બુખારી અને

મુસ્લિમમાં છે, તેની શરહ અબૂ દાવુદની રિવાયતમાં એ છે કે આ ગુનાહો કરનારા જે સમયે ગુનાહો કરી રહ્યા હોય છે તો તે સમયે તેમનું ઈમાન તેમના દિલમાંથી નીકળીને બહાર આવી જાય છે અને પછી જ્યારે તે પાછા ફરે છે તો ઈમાન પાછું આવી જાય છે. *(મઝહરી)*

આયત : (સૂરએ બની ઇસ્રાઈલ : આયત નં. ૩૩)

وَلَا تَقْتُلُوا النَّفْسَ الَّتِيْ حَرَّمَ اللّٰهُ اِلَّا بِالْحَقِّ ؕ وَمَنْ قُتِلَ مَظْلُوْمًا فَقَدْ جَعَلْنَا لِوَلِيِّهٖ سُلْطٰنًا فَلَا يُسْرِفْ فِّي الْقَتْلِ ؕ اِنَّهٗ كَانَ مَنْصُوْرًا ﴿۳۳﴾

તરજુમો :

અને તે જીવની હત્યા ન કરો જેની અલ્લાહે મનાઈ કરી છે પરંતુ હક્ક ઉપર; અને જે જુલમથી મરાયો તો અમે તેના વારસને અધિકાર આપ્યો, બસ કતલ કરવામાં હદથી ન નીકળી જાય તેને મદદ મળે છે. (૩૩)

તફસીર :

અને જે (વ્યક્તિની હત્યા કરવી) અલ્લાહ તઆલાએ હરામ ઠરાવ્યું છે તેની હત્યા ન કરો, હા ! પરંતુ હક ઉપર (કતલ કરવું જાઇઝ છે, એટલે કે જ્યારે કોઈ શરઈ હુકમ પ્રમાણે કતલ કરવું વાજિબ અથવા જાઇઝ થઈ જાય તો તે અલ્લાહના હરામના હુકમમાં સામેલ નથી) અને જે વ્યક્તિની નાહક હત્યા કરવામાં આવે તો અમે તેના વારસદારો (હકીકી અથવા હકમી)ને અધિકાર આપ્યો છે (કિસાસ લેવાનો) બસ, તેના કતલની બાબતમાં (શરીઅતની) હદથી આગળ ન વધવું જોઈએ (એટલે કે હત્યારા ઉપર હત્યાની પાકી સાબિતી મળ્યા વિના તેને કતલ ન કરો અને તેના સગાં-વહાલાં વગેરે જે હત્યામાં સામેલ ન હતા તેને માત્ર બદલો લેવાની ભાવનાથી કતલ ન કરો અને હત્યારાને જ માત્ર કતલ કરો, તેના નાક-કાન અથવા હાથ-પગ વગેરે કાપીને તેની લાશને ચૂંથી ન નાંખો કારણ કે) તે વ્યક્તિ (કિસાસમાં હદથી ન વધવાના સ્વરૂપમાં તો શરઈ રીતે) અલ્લાહનો મદદપાત્ર છે (અને જો મર્યાદાનું ઉલ્લંઘન કરી અતિરેક કરશો તો પછી સામો પક્ષ મજલૂમ બની અલ્લાહની મદદનો હકદાર બની જશે એટલા માટે

માર્યા ગયેલાના વારસદારો પોતાના અધિકારની કદર કરે અને મર્યાદા ઓળંગી હદથી આગળ વધી પોતાને મળેલ કિસાસના અધિકારને બરબાદ ન કરે).

મસ્અલા અને બોધપાઠ :

આ આઠમો હુકમ નાહક હત્યા કરવાના હરામ હોવા વિશે છે જે જઘન્ય અપરાધ હોવું દુનિયાના બધા જ વર્ગો, સમૂહો, ધર્મો અને સભ્યતાઓમાં માન્ય અને સ્વીકૃત છે. હદીષમાં રસૂલે કરીમ ﷺએ ઇરશાદ ફરમાવ્યો કે, "સમગ્ર દુનિયાનો નાશ અલ્લાહ સમીપ એનાથી હલકો છે કે કોઈ મો'મિનની નાહક હત્યા કરવામાં આવે (અને અમુક રિવાયતોમાં તેની સાથે એવું પણ છે કે) જો સાતેય જમીનો અને સાતેય આસમાનોના નિવાસીઓ કોઈ મો'મિનની હત્યામાં નાહક ભાગીદાર થઈ જાય તો તે સૌને અલ્લાહ તઆલા જહન્નમમાં દાખલ કરશે." *(ઈબ્ને માજહ બ સનદે હસન વલ બયહકી અજ મઝહરી)*

એક હદીષમાં રસૂલે કરીમ ﷺનો ઇરશાદ છે કે જે વ્યક્તિએ કોઈ મુસલમાનની હત્યામાં હત્યારાની મદદ એક વાક્યથી પણ કરી તો હશ્રના મેદાનમાં જ્યારે તે અલ્લાહ તઆલાની સામે રજુ થશે તો તેના કપાળ ઉપર લખેલું હશે, اٰیِسٌ مِّنْ رَّحْمَةِ اللّٰہ (એટલે કે આ વ્યક્તિ અલ્લાહ તઆલાની રહમતથી નિરાશ કરી દેવામાં આવ્યો છે). *(મઝહરી અન ઈબ્ને માજહ વ અસ્બહાની)*

બયહકીએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.) તથા હઝરત મુઆવિયહ (રદિ.)થી રિવાયત કરી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે, દરેક ગુનાહને આશા છે કે અલ્લાહ તઆલા મા'ફ કરી આપે પરંતુ તે વ્યક્તિ જે કુફ્રની હાલતમાં મરી ગયો અથવા જેણે જાણીબૂઝીને ઈરાદાપૂર્વક કોઈ મુસલમાનની નાહક હત્યા કરી.

નાહક હત્યા કરવાની વિગત :

ઈમામ બુખારી અને મુસ્લિમે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.)થી રિવાયત કરી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે, કોઈ મુસલમાનનું ખૂન હલાલ નથી જે અલ્લાહ એક હોવાની અને મારા રસૂલ હોવાની ગવાહી આપતો હોય માત્ર ત્રણ સ્વરૂપો સિવાય, એક એ કે તેણે શાદીશુદા હોવા છતાં વ્યભિચાર કર્યો હોય (કે તેની શરઈ સજા એ છે કે તેને સંગસાર કરી મારી નાંખવામાં આવે),

બીજો તે. જેણે કોઈ વ્યક્તિની નાહક હત્યા કરી હોય (કે તેની સજા એ છે કે માર્યા ગયેલ વ્યક્તિના વારસદારો તેના કિસાસ સ્વરૂપે હત્યારાને કતલ કરી શકે છે), ત્રીજો તે વ્યક્તિ જે દીને ઈસ્લામથી મુર્તદ થઈ ગયો હોય (કે તેની સજા પણ કત્લ છે).

કિસાસ (બદલો) લેવાનો હક કોને છે ? :

પ્રસ્તુત આયતમાં બતાવવામાં આવ્યું છે કે કિસાસનો હક માર્યા ગયેલાના "વલી" (વાલી)નો છે, જો "નસબી વલી" (તદ્દન નજીકનો લોહીનો સગો) કોઈ ઉપસ્થિત ન હોય તો ઈસ્લામી હુકૂમતના શાસકને આ હક પ્રાપ્ત હશે કે તે પણ એક સ્વરૂપે બધા મુસલમાનોનો "વલી" છે, એટલા માટે તફસીરના ખુલાસામાં "વલીએ હકીકી અથવા હુકમી" લખવામાં આવ્યું છે.

અત્યાચારનો જવાબ અત્યાચાર નથી, ઇન્સાફ છે; અપરાધીની સજામાં પણ ન્યાય હોવો જોઈએ :

فَلَا يُسْرِفْ فِّى الْقَتْلِ ઈસ્લામી કાયદાનું એક ખાસ માર્ગદર્શન છે જેનો ખુલાસો એ છે કે જુલમનો બદલો જુલમથી લેવો જાઈઝ નથી, બલકે બદલામાં પણ ઈન્સાફને નજર સમક્ષ રાખવો અત્યંત આવશ્યક છે, જ્યાં સુધી જેની હત્યા થઈ છે તેના વાલી-વારસો જો પોતાના માર્યા ગયેલ વ્યક્તિના બદલામાં કિસાસ ન્યાયપૂર્વક અને શરઈ રીતે લેવા ઈચ્છે તો શરીઅતનો કાનૂન તેની તરફેણમાં છે, આ સત્યનું બંધારણ છે, અલ્લાહ તઆલા તેનો મદદગાર છે અને જો તેણે બદલાના આવેગ અને ઉશ્કેરાટમાં શરઈ કિસાસની મર્યાદાઓને વટાવી અને અતિરેક કર્યો તો હવે તે મઝલૂમના બદલે જાલિમ થઈ ગયો અને જાલિમ તેનો મઝલૂમ બની ગયો, હવે મા'મલો બિલકુલ ઊલટો થઈ જશે, અલ્લાહ તઆલા અને તેનો કાયદો હવે તેને મદદ કરવાના બદલે સામા પક્ષની મદદ કરશે કે તેમને અત્યાચારથી બચાવશે.

અજ્ઞાનતાના સમયમાં અરબોમાં એ બાબત સામાન્ય હતી કે એક વ્યક્તિની હત્યા થઈ જાય તો તેના બદલામાં હત્યારાના કુટુંબ અથવા સાથીઓમાંથી જે કોઈ પણ હાથ લાગે તેને કતલ કરી નાંખવામાં આવતા હતા, અમુક સ્થળે એવી પરિસ્થિતિ ઉપસ્થિત થતી કે જેની હત્યા કરવામાં આવી તે કોમનો કોઈ મોટો વ્યક્તિ છે તો તેના બદલામાં માત્ર હત્યારાને કતલ કરવું પૂરતું

સમજવામાં ન આવતું બલકે, એક ખૂનના બદલામાં બે-ત્રણ અથવા તેનાથી પણ વધારે વ્યક્તિઓના પ્રાણ હણવામાં આવતા હતા, બલકે અમુક લોકો બદલાના આવેગ અને ક્રોધમાં હત્યારાને માત્ર કતલ કરવાથી રોકાતા ન હતા બલકે તેના નાક, કાન વગેરે અવયવો કાપીને તેની લાશને મુષલા કરી ચૂંથી નાખતા હતા. આ બધી વસ્તુઓ ઇસ્લામી કિસાસની મર્યાદાથી અતિરેક તથા હરામ છે, એટલા માટે આયત فَلَا يُسْرِفْ فِّى الْقَتْلِ માં તેનાથી રોકવામાં આવ્યા છે.

યાદ રાખવાપાત્ર એક ઘટના :

અમુક મુજતહિદ ઈમામોની સામે કોઈ વ્યક્તિએ હજ્જાજ બિન યૂસુફ ઉપર કોઈ આક્ષેપ લગાવ્યો. હજ્જાજ બિન યૂસુફ ઇસ્લામી ઇતિહાસનો સૌથી મોટો જાલિમ અને અત્યંત બદનામ વ્યક્તિ છે જેણે હજારો સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.)ને નાહક કતલ કરી નાંખ્યા, એટલા માટે સામાન્ય રીતે તેને ખરાબ કહેવાની બુરાઈ લોકોના માનસમાં ઘર કરી ગઈ છે, જે બુઝૂર્ગની સામે આવો આક્ષેપ હજ્જાજ બિન યૂસુફ ઉપર લગાવવામાં આવ્યો હતો તેમણે આરોપ મૂકનારને પૂછ્યું કે તમારી પાસે આ આરોપની કોઈ દલીલ અથવા ગવાહી મોજૂદ છે ? તેણે કહ્યું કે ના નથી ! તે બુઝૂર્ગે ફરમાવ્યું, જો અલ્લાહ તઆલા હજ્જાજ બિન યૂસુફ જાલિમ પાસેથી હજારો બેગુનાહ હત્યાઓનો બદલો લેશે તો યાદ રાખજો કે જે વ્યક્તિ હજ્જાજ બિન યૂસુફ ઉપર કોઈ આક્ષેપ લગાવી જુલમ કરે છે તેને પણ બદલાથી છોડવામાં નહીં આવે, હજ્જાજનો બદલો અલ્લાહ તઆલા તેની પાસેથી પણ લેશે, અલ્લાહ તઆલાની અદાલતમાં કોઈ પક્ષપાત નથી કે ખરાબ અને ગુનેહગાર બંદાઓ ઉપર બીજાના ઉપર આક્ષેપ લગાવવા પર સ્વતંત્ર છોડી દેવામાં આવે અને તે જે ઇચ્છે તે આરોપ અને તોહમતો તેના ઉપર લગાવ્યા કરે.

આયતો : (સૂરએ બની ઇસ્રાઈલ : આયત નં. ૩૪-૩૫)

وَلَا تَقْرَبُوْا مَالَ الْيَتِيْمِ اِلَّا بِالَّتِىْ هِىَ اَحْسَنُ حَتّٰى يَبْلُغَ اَشُدَّهٗ ۖ وَاَوْفُوْا بِالْعَهْدِ ۖ
اِنَّ الْعَهْدَ كَانَ مَسْـُٔوْلًا ﴿٣٤﴾ وَاَوْفُوا الْكَيْلَ اِذَا كِلْتُمْ وَزِنُوْا بِالْقِسْطَاسِ الْمُسْتَقِيْمِ ۚ
ذٰلِكَ خَيْرٌ وَّاَحْسَنُ تَاْوِيْلًا ﴿٣٥﴾

તરજુમો :

અને યતીમના માલની પાસે ન જાઓ પરંતુ જે રીતે કે ઉત્તમ હોય જ્યાં સુધી તે પોતાની યુવાનીએ પહોંચે; અને કરારને પૂરો કરો, બેશક ! કરારની પૂછ થશે. (૩૪) અને માપ પુરું ભરો જ્યારે માપ કરી દેવા લાગો અને સીધા ત્રાજવાથી તોલો, આ ઉત્તમ છે અને તેનું પરિણામ સારું છે. (૩૫)

તફસીર :

અને યતીમના માલની પાસે (પણ) ન જાઓ (એટલે કે તેમાંથી ખર્ચ ન કરો) પરંતુ એવા તરીકાથી જે (શરઈ રીતે) સારો છે અહીંયાં સુધી કે તે પોતાની બાલિગ (પુખ્ત) હોવાની ઉંમરે પહોંચી જાય અને (જાઇઝ) કરારને પૂરો કર્યા કરો, બેશક! કરારની કયામતમાં પૂછતાછ થવાની છે (કરારમાં તે બધા જ કરારો પણ સામેલ છે જે બંદાઓએ પોતાના પરવરદિગાર સાથે કર્યા છે અને તે પણ જે કોઈ વ્યક્તિ સાથે કર્યા છે) અને (માપવાની વસ્તુઓને) જ્યારે માપી આપો તો તો માપ પૂરું આપો અને (તોલવાની વસ્તુઓને) સીધા ત્રાજવે તોલ કરો, એ (સ્વાભાવિક રીતે પણ) સારી બાબત છે અને તેનું પરિણામ પણ ઘણું સારું છે (આખિરતમાં સવાબ અને દુનિયામાં સારું નામ સન્માન મળશે કે જે વેપારની પ્રગતિનું માધ્યમ બને છે).

મસ્અલા અને બોધપાઠ :

આ બે આયતોમાં ત્રણ હુકમો નવમો, દશમો અને અગિયારમો આર્થિક અધિકારો વિશે વર્ણન થયો છે, પાછલી આયતોમાં શારીરિક અને બદનને લગતા અધિકારનું વર્ણન હતું, અત્રે આર્થિક હકોનું વર્ણન થયું છે.

યતીમો (અનાથ)ના માલમાં કાળજી રાખવી :

પહેલી આયતમાં નવમો હુકમ યતીમોના માલની સુરક્ષા અને તેમાં કાળજી રાખવાનો છે, જેમાં ખૂબ તાકીદપૂર્વક એ સૂચના આપવામાં આવી છે કે યતીમોના માલની પાસે પણ ન જાઓ, એટલે કે તેમાં શરીઅત વિરુદ્ધ અથવા યતીમ બાળકોના હિત વિરુદ્ધ કોઈ ખર્ચ ન થવા પામે. યતીમોના માલની સુરક્ષા અને વ્યવસ્થા જેની જવાબદારી છે તેના માટે જરૂરી છે કે તેમાં ખૂબ કાળજીથી

કામ લે, માત્ર યતીમોના હિતને નજર સમક્ષ રાખીને ખર્ચ કરે, પોતાની મહેચ્છા અને લાપરવાહીથી ખર્ચ ન કરે અને આ ક્રમ તે સમય સુધી જાળવી રાખે જ્યાં સુધી કે યતીમ બાળક યુવાન થઈને પોતાના માલનું રક્ષણ પોતે ન કરી શકે, જેનો નિમ્ન કક્ષાનો દરજ્જો પંદર વર્ષની ઉંમરે પહોંચવું અને વધારેમાં વધારે અઢાર વર્ષની ઉંમર સુધીનો છે.

નાજાઇઝ પદ્ધતિથી કોઈ યતીમનો માલ ખર્ચ કરવો પણ જાઇઝ નથી, અત્રે યતીમોનું વિશેષ પ્રકારે એટલા માટે વર્ણન કરવામાં આવ્યું કે તે તો પોતે કોઈ હિસાબ માંગવાના પાત્ર જ નથી, અન્યોને તેની ખબર પણ નથી પડી શકતી, જે સ્થળે કોઈ વ્યક્તિ પોતાના હકની માંગણી કરનારો ન હોય ત્યાં અલ્લાહ તઆલાની ઉઘરાણી કઠોર થઈ જાય છે, તેમાં ઉણપ રાખવી સામાન્ય લોકોના હકો કરતાં વધારે મોટો ગુનોહ બની જાય છે.

કરારો પૂર્ણ કરવાનો અને શરતોનું પાલન કરવાનો હુકમ :

દશમો હુકમ કરાર પૂરો કરવાની તાકીદ સ્વરૂપે છે, કરાર બે પ્રકારના હોય છે, એક તે જે બંદા અને અલ્લાહની વચ્ચે છે જેમકે "અજલ"માં બંદાએ એ કરાર કર્યો હતો કે બેશક ! અલ્લાહ તઆલા અમારો પરવરદિગાર છે. આ કરારની આવશ્યક અસર તેના હુકમોનું આજ્ઞાપાલન અને તેની ખુશી પ્રાપ્ત કરવી છે, આ કરાર તો દરેક મનુષ્યએ અજલમાં અલ્લાહ તઆલા સાથે કર્યો છે ભલે દુનિયામાં તે મો'મિન હોય અથવા કાફિર. બીજો કરાર મો'મિનનો કરાર છે જે ગવાહી لَا اِلٰهَ اِلَّا اللّٰهُ (લા ઈલાહા ઈલ્લલ્લાહ) દ્વારા આપવામાં આવી છે, જેનો ખુલાસો અલ્લાહ તઆલાનું સંપૂર્ણ અનુસરણ અને તેની ખુશી પ્રાપ્ત કરવી છે.

બીજા પ્રકારનો કરાર તે છે જે કોઈ માનવી બીજા માનવી સાથે કરે છે જેમાં બધા જ કરારો સામેલ છે. રાજકીય, વેપારી, આર્થિક વગેરે જે વ્યક્તિગત અથવા બે જૂથો કે વર્ગો વચ્ચે કરાર થાય છે.

પ્રથમ પ્રકારના બધા જ કરારો પૂર્ણ કરવા મનુષ્યો ઉપર ફરજ છે અને બીજા પ્રકારમાં જે કરારો શરીઅત વિરુદ્ધના ન હોય તેનું પૂર્ણ કરવું વાજિબ અને જે શરીઅત વિરુદ્ધ હોય તેમાં સામા પક્ષે તેની જાણ કરીને તે કરાર રદ કરવો વાજિબ છે. જે કરારને પૂર્ણ કરવો વાજિબ છે જો કોઈ પક્ષ તેને પૂરો ન કરે તો

બીજા પક્ષને અધિકાર છે કે તે અદાલતમાં દાદ માંગીને તેને પૂરો કરવા માટે મજબૂર કરી શકે છે, કરારની હકીકત એ છે કે બે પક્ષો વચ્ચે કોઈ કાર્ય કરવા અથવા કોઈ કાર્ય ન કરવાનો કરાર હોય અને જે કોઈ વ્યક્તિ કોઈની સાથે એક પક્ષીય વાયદો કરી લે છે કે હું તમને ફલાણી વસ્તુ આપીશ અથવા ફલાણા સમયે આપને મળીશ અથવા આપનું ફલાણું કામ કરી આપીશ તે વાયદો પૂર્ણ કરવો પણ વાજિબ છે અને અમુક લોકોએ તેને પણ કરારના ભાવાર્થમાં સામેલ ગણ્યું છે, પરંતુ એક તફાવત સાથે કે બે પક્ષો વચ્ચેના કરારના સ્વરૂપમાં જો કોઈ એક પક્ષ કરારભંગ કરે તો બીજો પક્ષ તેને અદાલત દ્વારા તે કરાર પૂરો કરાવવા માટે મજબૂર કરી શકે છે પરંતુ એક પક્ષીય વાયદાને અદાલત દ્વારા જબરદસ્તી પૂરો કરી શકાતો નથી, હા ! શરઈ કારણ વિના કોઈને વાયદો કર્યા પછી જો તે તેનો ભંગ કરશે તો તે શરઈ રૂએ ગુનેહગાર થશે, હદીષમાં તેને "નિફાક" (Hypocrisy–દોગલાપણા)ની પ્રવૃત્તિ ઠરાવવામાં આવી છે.

આ આયતના અંતે ઈરશાદ ફરમાવ્યો, اِنَّ الۡعَهۡدَ كَانَ مَسۡـُٔوۡلًا એટલે કે કયામતમાં જેવા બીજા ફરજો અને વાજિબો તથા અલ્લાહના હુકમોને પૂર્ણ કરવા અથવા ન કરવાનો સવાલ થશે એ જ પ્રમાણે પરસ્પરના કરારો વિશે પણ સવાલ થશે, અત્રે માત્ર એટલું કહેવામાં આવ્યું છે કે તેની પૂછતાછ થશે, આગળ પૂછતાછ પછી શું થવાનું છે તેને મોઘમ અને ગુપ્ત રાખવાથી તે ભારે ખતરાની બાબત હોવાનો ઈશારો મળે છે.

અગિયારમો હુકમ લેવડ-દેવડના વ્યવહારોમાં માપ-તોલ પૂર્ણ કરવાનું માર્ગદર્શન અને તેમાં કમી કરવાની મનાઈનો છે, જેની પૂરી વિગત સૂરએ મુતફ્ફિફીનમાં વર્ણન થયેલ છે.

મસ્અલો :

ફુકહાએ ફરમાવ્યું છે કે આયતમાં માપ-તોલમાં કમીની મનાઈનો જે હુકમ અત્રે પ્રસ્તુત છે તેનો ખુલાસો એ છે કે જેનો જેટલો હક છે તેનાથી ઓછું આપવું હરામ છે તેથી તેમાં એ પણ સામેલ છે કે કોઈ કર્મચારી પોતાના નક્કી સમય અને નક્કી કાર્યમાં કમી કરે અથવા જેટલો સમય આપવો જોઈએ તેનાથી ઓછો આપે અથવા મજૂર પોતાની મજૂરીમાં કામચોરી કરે વગેરે પણ આ હુકમમાં સામેલ છે.

માપ-તોલમાં કમી કરવાની મનાઈ :

મસ્અલો :

اَوْفُوا الْكَيْلَ اِذَا كِلْتُمْ તફસીરે બહરે મુહીતમાં અબૂ હય્યાન (રહ.)એ ફરમાવ્યું કે આ આયતમાં માપ-તોલ પૂરું કરવાની જવાબદારી વેચનાર ઉપર નાંખવામાં આવી છે, જેનાથી જાણ થાય છે કે માપ-તોલ અને તેને પૂર્ણ કરવાની જવાબદારી વેચનારની છે.

અંતિમ આયતમાં સાચું માપ-તોલ કરવા વિશે ذٰلِكَ خَيْرٌ وَّاَحْسَنُ تَاْوِيْلًا ફરમાવ્યું, તેમાં માપ-તોલ પૂરે-પૂરું અને સાચું કરવા વિશે બે બાબતો વર્ણન થઈ. એક, તેનું સારું અને ઉત્તમ હોવું અને તેનો ખુલાસો એ છે કે એવું કરવું આપમેળે જ સારું અને ઉત્તમ છે, શરઈ હુકમ ઉપરાંત બૌદ્ધિક અને તાર્કિક રીતે પણ કોઈ પ્રામાણિક વ્યક્તિ માપ-તોલની કમીને સારું નથી સમજતો, બીજી બાબત એ ફરમાવી કે તેનું પરિણામ સારું આવશે જેમાં આખિરતનું પરિણામ તથા સવાબની પ્રાપ્તિ અને જન્નતનો પ્રવેશ તો છે જ તેની સાથે-સાથે દુનિયાના ઉત્તમ પરિણામ તરફ એ ઈશારો મોજૂદ છે કે કોઈ વેપારની પ્રગતિ તે સમય સુધી નથી થઈ શકતી જ્યાં સુધી બજારમાં તેની શાખ અને ભરોસો સ્થાપિત ન થાય અને તે આ વેપારી પ્રમાણિકતા સિવાય શક્ય નથી.

આયતો : (સૂરએ બની ઇસ્રાઈલઃ આયત નં. ૩૬ થી ૩૮)

وَلَا تَقْفُ مَا لَيْسَ لَكَ بِهٖ عِلْمٌ ؕ اِنَّ السَّمْعَ وَالْبَصَرَ وَالْفُؤَادَ كُلُّ اُولٰٓئِكَ كَانَ عَنْهُ مَسْـُٔوْلًا ﴿۳۶﴾ وَلَا تَمْشِ فِى الْاَرْضِ مَرَحًا ۚ اِنَّكَ لَنْ تَخْرِقَ الْاَرْضَ وَلَنْ تَبْلُغَ الْجِبَالَ طُوْلًا ﴿۳۷﴾ كُلُّ ذٰلِكَ كَانَ سَيِّئُهٗ عِنْدَ رَبِّكَ مَكْرُوْهًا ﴿۳۸﴾

તરજુમો :

અને પાછળ ન પડ જે વાતની તને ખબર નથી, બેશક! કાન અને આંખ અને દિલ આ બધાની તેનાથી પૂછ થશે. (૩૬) અને જમીન ઉપર ઈતરાઈને (ઘમંડી ચાલે) ન ચાલ, તું જમીનને ફાડી શકીશ નહીં અને લાંબો થઈને

પહાડો(ની ઊંચાઈઓ) સુધી પહોંચીશ નહીં. (૩૭) આ જેટલી વાતો છે તે સૌમાં બુરી વસ્તુ છે તારા પરવરદિગારની બેઝારી (નાપસંદગી). (૩૮)

તફસીર :

અને જે વાતની તને તહકીક ન હોય તેના ઉપર અમલ ન કર્યા કર, (કારણ કે) કાન અને આંખ અને દિલ; દરેક વ્યક્તિને તે સૌની (કયામતના દિવસે) પૂછતાછ થશે (કે આંખ અને કાનનો ઉપયોગ કયા-કયા કામમાં કર્યો ? તે કામ સારા હતા કે ખરાબ ? અને દલીલ વિનાની વાતની માન્યતા દિલમાં કેમ જમાવી ?) અને જમીન ઉપર ઈતરાઈને ન ચાલ (કારણ કે) તું (જમીન ઉપર જોરથી પગ પછાડી ચાલવાથી) ન તો જમીનને ફાડી શકવાનો છે અને ન જ (પોતાના શરીરને લાંબું કરી) પહાડોની ઊંચાઈઓ સુધી પહોંચી શકે છે (પછી આ રીતે ઈતરાવું વગેરે) આ બધા બુરા કામો તારા પરવરદિગાર સમીપ (બિલકુલ) નાપસંદ (અપ્રિય) છે.

મસ્અલા અને બોધપાઠ :

આ આયતોમાં બારમો અને તેરમો બે હુકમો સામાન્ય સામાજિક જીવનના સંદર્ભમાં છે, બારમા હુકમમાં તહકીક વિના કોઈ વાત ઉપર અમલ કરવાની મનાઈ કરવામાં આવી છે.

અત્રે એ વાત દૃષ્ટિ સમક્ષ રાખવી જરૂરી છે કે તહકીક (તપાસ)ની વિવિધ કક્ષાઓ હોય છે. એક, એવી તહકીક કે જે વિશ્વાસના પૂર્ણ દરજ્જે પહોંચી જાય અને તેના વિરુદ્ધ કોઈ શંકા-કુશંકા ન રહે, બીજું એ કે સંપૂર્ણ અનુમાન એ તરફ થઈ જાય (અને અભિપ્રાય પાકો થઈ જાય), જો કે તેનાથી વિપરીત હોવાની સંભાવના પણ ઉપસ્થિત હોય, એ જ પ્રમાણે હુકમોમાં પણ બે પ્રકાર છે. એક, કતઈ હુકમો એટલે કે સંપૂર્ણ વિશ્વાસપૂર્વક સદંતર બિનચૂક અનુસરવાના છે, જેમકે અકીદાઓ અને દીનના મૂળભૂત સિદ્ધાંતો (ઊસૂલે દીન), તેમાં પ્રથમ દરજ્જાની તહકીક ઈચ્છિત છે કે તેના વિના અમલ કરવો જાઈઝ નથી, તહકીકની બીજી કક્ષા ગૌણ બાબતો અને અમલો વિશેના હુકમો છે, તેની વિગત પછી પ્રસ્તુત આયતનો તકાદો એ છે કે ચોક્કસ અને કતઈ હુકમોમાં તહકીક પણ પ્રથમ કક્ષાની હોય, એટલે કે તેનો વિશ્વાસ અને યકીન સંપૂર્ણ કક્ષાએ પહોંચી જાય અને

જયાં સુધી એવું ન થાય અકીદાઓ અને ઈસ્લામના ઉસૂલોમાં તે તહકીક ભરોસાપાત્ર નથી, તેના તકાદાઓ ઉપર અમલ જાઈઝ નથી અને ગૌણ બાબતો અને હુકમોમાં બીજા કક્ષાની એટલે કે સચોટ દલીલોના દરજ્જાની તહકીક પૂરતી છે.

(બયાનુલ કુર્આન)

કાન, આંખ અને દિલ વિશે કયામતના દિવસે પૂછતાછ થશે :

إِنَّ السَّمْعَ وَالْبَصَرَ وَالْفُؤَادَ كُلُّ أُولَٰئِكَ كَانَ عَنْهُ مَسْئُولًا આ આયતમાં બતાવવામાં આવ્યું છે કે કયામતના દિવસે કાન, આંખ અને દિલને સવાલ કરવામાં આવશે, મતલબ એ છે કે કાનને સવાલ થશે કે તેં જિંદગીમાં શું-શું સાંભળ્યું ? આંખને પ્રશ્ન થશે કે સમગ્ર જીવન શું-શું જોયું ? દિલને પ્રશ્ન થશે કે પૂરી જિંદગીમાં કેવા-કેવા વિચારો પકાવ્યા ? અને કઈ-કઈ બાબતો ઉપર વિશ્વાસ રાખ્યો ? જો કાને એવી વાતો સાંભળી હશે કે જેનું સાંભળવું શરઈ રીતે જાઈઝ ન હતું જેમકે કોઈની ગીબત અથવા હરામ ગીત-સંગીત વગેરે અથવા આંખે એવી વસ્તુઓ જોઈ જેનું જોવું શરઈ રીતે હલાલ ન હતું જેમકે ગેરમહરમ સ્ત્રી અથવા કોઈ પુરુષ ઉપર ખરાબ દૃષ્ટિ કરી વગેરે અથવા દિલમાં કોઈ એવો અકીદહ (માન્યતા) રાખે જે કુર્આન અથવા સુન્નતના વિરુદ્ધ હોય અથવા કોઈના વિશે પોતાના દિલમાં દલીલ વિના કોઈ ઈલ્ઝામ (આક્ષેપ) સ્થાપિત કરી લીધો તો તે પ્રશ્નના પરિણામરૂપે અઝાબમાં સપડાઈ જશે, કયામતના દિવસે અલ્લાહ તઆલાની આપેલી બધી જ નેઅ્મતોનો પ્રશ્ન થશે. لَتُسْأَلُنَّ يَوْمَئِذٍ عَنِ النَّعِيمِ (૧૦૨:૮) એટલે કે, તમને કયામતના દિવસે અલ્લાહ તઆલાની બધી નેઅ્મતોનો પ્રશ્ન થશે. કાન, આંખ, દિલ તે નેઅ્મતોમાં સૌથી વધારે મહત્ત્વની નેઅ્મતો છે એટલા માટે તેનું અત્રે વિશિષ્ટતાપૂર્વક વર્ણન કરવામાં આવ્યું.

તફસીરે કુર્તુબી અને મઝહરીમાં તેનો એ ભાવાર્થ પણ વર્ણન કરવામાં આવ્યો છે કે એના પ્રથમ વાક્યમાં જે આ પણ ઈશારો કરવામાં આવ્યો છે, لَا تَقْفُ مَا لَيْسَ لَكَ بِهِ عِلْمٌ એટલે કે, જે વસ્તુનું તમને ઈલ્મ અને તહકીક નથી તેના ઉપર અમલ ન કરો. તેના સંદર્ભમાં કાન, આંખ અને દિલથી પ્રશ્નનો અર્થ એ છે કે જો કાનથી સાંભળવામાં આવે છે તો કાનથી સવાલ થશે અને આંખથી જોવાની વસ્તુ છે તો આંખથી સવાલ થશે અને જો દિલથી સમજવાની વસ્તુ છે તો દિલને પ્રશ્ન થશે કે આ વ્યક્તિ પોતાના આરોપ અને પોતાના દિલમાં જમાવેલ

માન્યતાઓમાં સાચો છે કે ખોટો ? આ બાબતે મનુષ્યના અવયવો પોતે ગવાહી આપશે જે હશ્રના મેદાનમાં વિના તહકીકે ઈલ્ઝામ લગાવનાર અને તહકીક વિનાની વાતો ઉપર અમલ કરનાર માટે ઘણા મોટા અપમાનનું કારણ બનશે, જેમકે સૂરએ યાસીનમાં છે, اَلْيَوْمَ نَخْتِمُ عَلٰى اَفْوَاهِهِمْ وَتُكَلِّمُنَآ اَيْدِيْهِمْ وَتَشْهَدُ اَرْجُلُهُمْ بِمَا كَانُوْا يَكْسِبُوْنَ (એટલે કે, આજે કયામતના દિવસે અમે અપરાધીઓના મોઢાંઓને મહોર લગાવીને બંધ કરી દઈશું અને તેના હાથ બોલશે અને પગ ગવાહી આપશે કે તેણે આ અવયવોથી શું-શું સારું અથવા ખરાબ કામ લીધું છે ? -૩૬:૬૫)

અત્રે કાન, આંખ અને દિલનું વિશેષ સ્વરૂપે એટલા માટે વર્ણન કરવામાં આવ્યું છે કે અલ્લાહ તઆલાએ મનુષ્યને બુદ્ધિ અને સમજદારી તથા તર્કશક્તિ એટલા માટે અર્પણ કરી છે કે જે માન્યતા અથવા વિચાર દિલમાં આવે અને જે તેને પોતાની સૂઝબૂઝ દ્વારા પરખી શકે કે આ સાચું છે તો તેના ઉપર અમલ કરે અને ખોટું છે તો તેનાથી અળગો રહે, જે વ્યક્તિ તેનાથી કામ લીધા વિના જ અને તહકીક વિનાની વાતોનું જ અનુસરણ કરવામાં લાગી ગયો તો તે અલ્લાહ તઆલાની તે નેઅ્મતોની નાશુક્રી છે.

પછી તે ઈન્દ્રીયો (Senses) જેના દ્વારા મનુષ્ય વિવિધ વસ્તુઓને ઓળખે-પારખે છે તે પાંચ છે; કાન, આંખ, નાક, જીભ અને સ્પર્શ (સમગ્ર શરીરમાં એ અનુભૂતિ જેના દ્વારા વસ્તુ ઠંડી-ગરમ વગેરે જાણ થાય છે), પરંતુ સ્વાભાવિક રીતે વધારે જાણકારી મનુષ્યને કાન અને આંખ દ્વારા મળે છે, નાક દ્વારા સૂંઘવાથી અને જીભ દ્વારા ચાખવાથી, હાથ વગેરે દ્વારા સ્પર્શથી જે જ્ઞાન પ્રાપ્ત થાય છે તે સાંભળવા અને જોવાથી પ્રાપ્ત થતા જ્ઞાનના સંદર્ભમાં ઘણું ઓછું છે. આ સ્થળે જે આ પાંચ ઈન્દ્રિયોમાંથી માત્ર બેનું વર્ણન કરવાને પૂરતું સમજવામાં આવ્યું છે કદાચ એ કારણે જ છે, વળી તેમાં કાનને આંખ ઉપર અગ્રિમતા આપવામાં આવી છે તથા કુર્આને કરીમે બીજા ઠેકાણે પણ જ્યાં-જ્યાં આ બે વસ્તુઓનું વર્ણન કર્યું છે ત્યાં કાનને જ અગ્ર સ્થાને રાખવામાં આવ્યું છે, તેનું કારણ પણ લગભગ એ જ છે કે મનુષ્યની જાણકારીમાં સૌથી મોટો ભાર કાનથી સાંભળેલી વસ્તુઓનો હોય છે, આંખથી જોયેલી વસ્તુઓ તેના સંદર્ભમાં ઘણી ઓછી છે.

પ્રસ્તુત બે આયતોમાંથી બીજી આયતમાં તેરમો હુકમ એ છે કે જમીન ઉપર ઈતરાઈને ન ચાલો કે જેનાથી અભિમાન અને ગર્વ વગેરે પ્રગટ થતું હોય કે આ મૂર્ખામીભરી પ્રવૃત્તિ છે, જાણે કે જમીન ઉપર પગ પછાડી ચાલવાથી જમીનને ફાડી નાંખવા ઈચ્છે છે ! જે તેમના કાબૂમાં નથી અને છાતી તાણીને ચાલવાથી ઘણા ઊંચા થઈ જવા ઈચ્છે છે ! પરંતુ અલાહ તઆલાના પહાડો ઘણા ઊંચા છે, અભિમાનથી છાતી ફુલાવીને ચાલવાથી તે પહાડ જેટલો ઊંચો થઈ શકતો નથી, અભિમાન વાસ્તવમાં મનુષ્યના દિલનો ઘણો સખત કબીરહ ગુનોહ છે, મનુષ્યની ચાલ-ઢાલમાં જે વસ્તુઓ તકબ્બુરની ચાડી ખાતી હોય તે પણ નાજાઈઝ છે, અભિમાન ટપકતું હોય એ રીતે ચાલવું પોતે ભલે જમીન ઉપર તે પગ પછાડી ન પણ ચાલતો હોય અથવા છાતી તાણી ઊંચો ન પણ થતો હોય તો પણ તે નાજાઈઝ છે, અભિમાનનો અર્થ પોતાની જાતને અન્યો કરતા ઉચ્ચ કક્ષાનો અને શ્રેષ્ઠ સમજવું તથા બીજાઓને પોતાના મુકાબલામાં કમજોર અને તુચ્છ સમજવું છે, હદીષમાં તેના વિશે સખત ચેતવણીઓ અને ધમકીઓ આવેલી છે.

ઈમામ મુસ્લિમે હઝરત અયાઝ બિન અમ્માર (રદિ.)ની રિવાયતથી નકલ કર્યું છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, "અલ્લાહ તઆલાએ મારી પાસે વહી દ્વારા એ હુકમ મોકલ્યો છે કે હું વિનમ્રતા અને નરમાશ અપનાવું, કોઈ વ્યક્તિ કોઈ બીજા વ્યક્તિ ઉપર ફખ્ર અને પોતાની બડાઈની રીતભાત ન અપનાવે અને કોઈ કોઈના ઉપર અત્યાચાર ન કરે." *(મઝહરી)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ (રદિ.) ફરમાવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે, "જન્નતમાં પ્રવેશ નહીં પામે તે વ્યક્તિ જેના દિલમાં રજકણ બરાબર પણ અભિમાન હશે." *(મઝહરી, સહીહ મુસ્લિમના હવાલાથી)*

એક હદીષે કુદ્સીમાં હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, "અલ્લાહ તઆલા ફરમાવે છે કે બડાઈ મારી ચાદર છે અને શ્રેષ્ઠતા મારી ઈજાર; જે વ્યક્તિ મારાથી તેને ઝૂટવવા ઈચ્છે તો હું તેને જહન્નમમાં દાખલ કરી દઈશ." (ચાદર અને ઈજારનો ભાવાર્થ પોષાક છે અને અલ્લાહ તઆલાને ન તો શરીર છે અને ન જ શરીરની જેમ કોઈ પોષાકની આવશ્યકતા છે, એટલા માટે અત્રે તેનો ભાવાર્થ અલ્લાહ તઆલાની મોટાઈ અને

બુઝૂર્ગીની સિફત વર્ણન કરવાનો છે, જે વ્યક્તિ આ સિફતમાં અલ્લાહ તઆલાનો ભાગીદાર બનવા ઈચ્છે છે તે જહન્નમી બને છે).

એક હદીષમાં છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, "અભિમાન કરનાર કયામતના દિવસે નાની કીડીઓના સ્વરૂપમાં ઉઠાવવામાં આવશે, જેમના ઉપર દરેક પ્રકારનું અપમાન અને ફિટકાર વરસતી રહેશે, તેમને જહન્નમના એક કેદખાના તરફ હાંકવામાં આવશે જેનું નામ "બુલસ" છે, તેના ઉપર બધી આગ કરતાં વધારે પ્રજવલ્લિત આગ ચઢેલી હશે અને પીવા માટે તેમને જહન્નમના નિવાસીઓના શરીરમાંથી નીકળેલ પળું અને લોહી આપવામાં આવશે."

(ترمذی بروایت عمرو بن شعیب عن ابیہ عن جدہ. از مظہری)

હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)એ મિમ્બર ઉપર ખુત્બો આપતાં-આપતાં ફરમાવ્યું કે મેં રસૂલે કરીમ ﷺને સાંભળ્યા છે કે, "જે વ્યક્તિ વિનમ્રતા અપનાવે છે અલ્લાહ તઆલા તેનું માથું ઊંચું રાખે છે તો તે પોતાની જાતને તો નાનો સમજે છે પરંતુ લોકોની નજરોમાં મોટો હોય છે અને જે વ્યક્તિ અભિમાન કરે છે અલ્લાહ તઆલા તેને અપમાનિત કરે છે તો તે પોતે જ પોતાની નજરમાં તો મોટો હોય છે અને લોકોની નજરોમાં તે કૂતરાં અને ડુક્કરથી પણ વધારે બદ્દતર હોય છે." *(મઝહરી)*

પ્રસ્તુત હુકમોની વિગત વર્ણન કર્યા પછી અંતિમ આયતોમાં ફરમાવ્યું, كُلُّ ذٰلِكَ كَانَ سَيِّئُهٗ عِنْدَ رَبِّكَ مَكْرُوْهًا એટલે કે, પ્રસ્તુત બધા જ બુરા કર્મો અલ્લાહ સમીપ અપ્રિય અને મકરૂહ (સૂગપાત્ર) છે.

પ્રસ્તુત હુકમોમાં જે હરામ અને પ્રતિબંધિત વસ્તુઓનું વર્ણન છે તેનું ખરાબ અને અપ્રિય હોવું તો દેખીતું છે પરંતુ તેમાં અમુક હુકમો અને કર્મો બીજા પણ છે, જેમકે વાલિદૈન (માં-બાપ) અને રિશ્તેદારોના હકો અદા કરવા તથા વાયદો પૂરો કરવો વગેરે, તેમાં પણ જો કે હેતુ તેનો વિરોધ કરવાથી બચવાનું છે કે માતા-પિતાને પીડા કે દુ:ખ ન થાય, સગાં-વહાલાંઓ સાથે સંબંધ ન તોડવામાં આવે, કરારનો ભંગ કરવાથી બચવું; આ બધી હરામ અને અપ્રિય વસ્તુઓ છે એટલા માટે આ બધી વસ્તુઓને સંયુક્ત રીતે મકરૂહ અને તિરસ્કૃત ઠરાવવામાં આવી. *(બયાનુલ કુર્આન)*

ખુલાસો :

પ્રસ્તુત પંદર આયતોમાં જે હુકમો વર્ણન કરવામાં આવ્યા છે તે એક સ્વરૂપે તે પ્રયત્ન અને પ્રવૃત્તિઓનો ખુલાસો છે જે અલ્લાહ તઆલા સમીપ સ્વીકાર્ય છે અને જેનું વર્ણન અઢાર આયતોથી પહેલાં આવી ચૂકયું છે. وَسَعٰى لَهَا سَعْيَهَا જેમાં એ બતાવવામાં આવ્યું હતું કે દરેક પ્રયત્ન અને પ્રવૃત્તિ અલ્લાહ તઆલ સમીપ સ્વીકાર્ય નથી બલકે માત્ર તે જ જે રસૂલે કરીમ ﷺની સુન્નત અને તા'લીમ પ્રમાણે હોય, આ હુકમોમાં સ્વીકૃત પ્રયત્ન (મકબૂલ કોશીશ) અને પ્રવૃત્તિઓ વિશેના મહત્ત્વના વિષયોનું વર્ણન આવી ગયું છે જેમાં પ્રથમ અલ્લાહના હકોનું પછી બંદાઓના હકોનું વર્ણન છે.

આ પંદર આયતો સંપૂર્ણ તવરાતનો ખુલાસો છે :

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)એ ફરમાવ્યું છે કે સંપૂર્ણ તવરાતના હુકમો સૂરએ બની ઈસ્રાઈલની પંદર આયતોમાં ભેગા કરી દેવામાં આવ્યા છે. *(મઝહરી)*

આયતો : (સૂરએ બની ઇસ્રાઈલઃ આયત નં. ૩૯ થી ૪૪)

ذٰلِكَ مِمَّآ اَوْحٰٓى اِلَيْكَ رَبُّكَ مِنَ الْحِكْمَةِ ؕ وَلَا تَجْعَلْ مَعَ اللّٰهِ اِلٰهًا اٰخَرَ فَتُلْقٰى فِىْ جَهَنَّمَ
مَلُوْمًا مَّدْحُوْرًا ﴿٣٩﴾ اَفَاَصْفٰىكُمْ رَبُّكُمْ بِالْبَنِيْنَ وَاتَّخَذَ مِنَ الْمَلٰٓئِكَةِ اِنَاثًا ؕ
اِنَّكُمْ لَتَقُوْلُوْنَ قَوْلًا عَظِيْمًا ﴿٤٠﴾ وَلَقَدْ صَرَّفْنَا فِىْ هٰذَا الْقُرْاٰنِ لِيَذَّكَّرُوْا ؕ وَمَا يَزِيْدُهُمْ
اِلَّا نُفُوْرًا ﴿٤١﴾ قُلْ لَّوْ كَانَ مَعَهٗٓ اٰلِهَةٌ كَمَا يَقُوْلُوْنَ اِذًا لَّابْتَغَوْا اِلٰى ذِى الْعَرْشِ
سَبِيْلًا ﴿٤٢﴾ سُبْحٰنَهٗ وَتَعٰلٰى عَمَّا يَقُوْلُوْنَ عُلُوًّا كَبِيْرًا ﴿٤٣﴾ تُسَبِّحُ لَهُ السَّمٰوٰتُ السَّبْعُ
وَالْاَرْضُ وَمَنْ فِيْهِنَّ ؕ وَاِنْ مِّنْ شَىْءٍ اِلَّا يُسَبِّحُ بِحَمْدِهٖ وَلٰكِنْ لَّا تَفْقَهُوْنَ تَسْبِيْحَهُمْ ؕ
اِنَّهٗ كَانَ حَلِيْمًا غَفُوْرًا ﴿٤٤﴾

તરજુમો :

આ તે વાતોમાંથી છે જે વહી તારા પરવરદિગારે તારા તરફ બુદ્ધિના

કામોમાંથી મોકલી અને અલ્લાહના સિવાય કોઈ બીજાની બંદગી ન ઠરાવ, પછી તું દોઝખમાં પડે આક્ષેપ ખાધેલો ધક્કા ખાઈને ! (૩૯) શું તમને તમારા પરવરદિગારે ચૂંટીને દિકરાઓ આપી દીધા અને પોતાના માટે ફરિશ્તાઓને દિકરીઓ કરી લીધી ? તમે ભારે વાત કહો છો ! (૪૦) અને અમે આ કુર્આનમાં ફેરવી ફેરવીને સમજાવ્યું જેથી તેઓ વિચારે અને તેમને (તો) વધારે થાય છે તે જ નફરત. (૪૧) કહો ! જો તેની સાથે બીજા હાકિમ (મઅ્બૂદ) હોત જેવું તેઓ બતાવે છે તો તેમણે અર્શ તરફનો માર્ગ કાઢયો હોત. (૪૨) તે પવિત્ર છે અને સૌથી ઉચ્ચ છે તેમની (વાહિયાત) વાતોથી. (૪૩) સાતેય આસમાનો અને જમીન તેની પવિત્રતા વર્ણન કરે છે અને જે કોઈ તેમાં છે અને કોઈ વસ્તુ (એવી) નથી જે તેની ખૂબીઓ વર્ણન ન કરતી હોય પરંતુ તમે તેમનું વર્ણન કરવું સમજતા નથી, બેશક ! તે ખૂબ સહનશીલ મા'ફ કરનારો છે. (૪૪)

તફસીર :

(હે મુહમ્મદ ﷺ !) આ વાતો (અટલે કે પ્રસ્તુત હુકમો) તે હિકમતમાંની છે જેને અલ્લાહ તઆલાએ તમારા ઉપર વહી દ્વારા મોકલી છે (અને હે માનવી !) અલ્લાહની સાથે કોઈ અન્યને મઅ્બૂદ ન ઠરાવ નહિતર તિરસ્કૃત કરી ધક્કા મારી તને જહન્નમમાં ફેંકી દેવામાં આવશે (પ્રસ્તુત હુકમોની શરૂઆત તવહીદના વિષય સાથે જ કરવામાં આવી હતી અને તેની પૂર્ણતા પણ આ વિષય ઉપર જ કરવામાં આવી અને આગળ ઉપર પણ આ જ તવહીદનો વિષય વર્ણન થયો છે કે જ્યારે શિર્ક અત્યંત ધૃણાસ્પદ સૂગ ઉપજાવે એવું કૃત્ય હોવાનું સાંભળી લીધું) તો શું (તો પણ એવી માન્યતાઓ ધરાવો છો જે તવહીદના વિરુદ્ધ છે દાખલા તરીકે એ કે) તમારા પરવરદિગારે તમને તો પુત્રો માટે ખાસ કરી લીધા અને પોતે ફરિશ્તાઓને (અલ્લાહની) બેટીઓ બનાવી છે ?! (જેમકે અરબના અજ્ઞાન લોકો ફરિશ્તાઓને અલ્લાહની દિકરીઓ કહ્યા કરતા હતા, તે બે કારણોના લઈ સદંતર ખોટી માન્યતા છે. પ્રથમ તો અલ્લાહ માટે કોઈ સંતાન ઠરાવી લેવા અને પછી સંતાન પણ પુત્રીઓ ? એટલે કે નારી જાતિ ! જેને આ લોકો પોતે પણ પસંદ નથી કરતા અને તેને વેઠ સમજે છે, આ રીતે આવી માન્યતા દ્વારા તેઓ અલ્લાહ તરફ

એક એબની નિસ્બત જોડે છે) બેશક ! તમે ઘણી ભારે (ભયાનક) વાત કહો છો અને (અફસોસ તો એ છે કે આ તવહીદના વિષયને અને શિર્કના રદિયાને) અમે આ કુર્આનમાં વિભિન્ન પ્રકારે વર્ણન કરી આપીએ છીએ જેથી સારી રીતે સમજી લો (અને વિવિધ પદ્ધતિથી વારંવાર તવહીદની સાબિતીઓ મેળવો અને શિર્કના રદિયાથી વાકેફ થાઓ પરંતુ આ દુર્ભાગી લોકોની દલીલો દ્વારા તવહીદ સ્પષ્ટ અને જાહેર થઈ ગઈ છે છતાં તેનાથી) તેમની નફરત જ વધે છે, તમે (શિર્કના રદિયા માટે તેમને) ફરમાવી આપો કે જો એ (મઅ્બૂદે બરહક)ની સાથે અન્ય મઅ્બૂદ પણ (ભાગીદાર) હોત જેવું કે આ લોકો કહે છે તો એવી હાલતમાં અર્શવાળા (હકીકી અલ્લાહ) સુધી તેમણે (એટલે કે અન્ય મઅ્બૂદોએ ક્યારનોય) માર્ગ શોધી લીધો હોત (એટલે કે જેને તમે અલ્લાહની સાથે અલ્લાહના ભાગીદાર ઠરાવી રહ્યા છો ખરેખર જો તે ભાગીદાર હોત તો અર્શવાળા અલ્લાહ ઉપર આક્રમણ કર્યું હોત અને માર્ગ શોધી લીધો હોત અને જ્યારે મઅ્બૂદોમાં પરસ્પર યુદ્ધ થઈ ગયું હોત તો દુનિયાની વ્યવસ્થા કઈ રીતે ચાલી હોત ?! જેનું એક ખાસ લક્ષણ સ્થાયિત્વ અને સાતત્ય સાથે સમગ્ર વિશ્વની વ્યવસ્થા છે જેનો દરેક વ્યક્તિ જાત અનુભવ કરી રહ્યો છે એટલા માટે વિશ્વની વ્યવસ્થા વ્યવસ્થિત ચાલતી રહેવી પોતે પણ એ બાબતની દલીલ છે કે અલ્લાહ માત્ર એક જ છે અને તેના સિવાય કોઈ અન્ય તેનો ભાગીદાર નથી આથી સાબિત થયું કે) આ લોકો જે કંઈ કહે છે અલ્લાહ તઆલા તેનાથી પવિત્ર અને તેનાથી ઘણો જ ચઢિયાતો છે (તે એવો પવિત્ર છે કે), સાતેય આસમાનો અને જમીન અને જેટલા (સજીવ-નિર્જીવ, દૃષ્ય-અદૃષ્ય પદાર્થો, ફરિશ્તા, જિન્નાતો, માણસો) તેમાં (મોજૂદ) છે (તે સૌથી ચઢિયાતો અને ઉપરવટ છે) તેઓ તેની પવિત્રતા વર્ણન કરી રહ્યા છે અને (આ પવિત્રતા વર્ણન કરવી માત્ર મનુષ્ય અથવા જિન્નાતો કે બુદ્ધિ ધરાવનાર સજીવોની વિશેષતા નથી બલકે જમીન અને આસમાનની) કોઈ વસ્તુ એવી નથી જે વખાણની સાથે તેની પવિત્રતા વર્ણન ન કરતી હોય પરંતુ તમે લોકો તેમની તસ્બીહ (પવિત્રતા વર્ણન કરવાને) સમજતા નથી બેશક ! તે ઘણો જ સહનશીલ ખૂબ બખ્શનારો છે.

મસ્અલા અને બોધપાઠ :

તવહીદની જે દલીલો આયત اِذًا لَّابۡتَغَوۡا માં વર્ણન થઈ છે કે જો તમામ

વિશ્વની સૃષ્ટિનો સર્જનહાર માલિક અને સંપૂર્ણ કાબૂ ધરાવનાર માત્ર એક જ હસ્તી અલ્લાહ તઆલાની ન હોત બલકે તેની ખુદાઈમાં અન્યો પણ ભાગીદાર હોત તો ચોક્કસ એવું જરૂર બન્યું હોત કે તેમનામાં ક્યારેક તો કોઈ વિરોધ કે મતભેદ ઊભા થયા જ હોત અને મતભેદની પરિસ્થિતિમાં સમગ્ર વિશ્વની વ્યવસ્થા નષ્ટ થઈ ગઈ હોત, કારણ કે તે બધામાં કાયમી સુલેહ-સંપ હંમેશા બાકી રહેવો સ્વાભાવિક રીતે અશક્ય છે, આ દલીલ અત્રે જો કે એક કલ્પના તરીકે નકારાત્મક સ્વરૂપે વર્ણન કરવામાં આવી છે પરંતુ "ઇલ્મે કલામ" (Scholastic Theology)ના પુસ્તકોમાં આ દલીલનું "બુરહાની" (Rationale) અને "મન્તિકી" (Logical-તાર્કિક) હોવાનો પણ ખુલાસો વર્ણન કરવામાં આવ્યો છે, વિદ્વાનો ત્યાં જોઈ શકે છે.

જમીન અને આસમાન અને તેમાં ઉપસ્થિત તે સમગ્ર વસ્તુઓની તસ્બીહ કરવાનો ભાવાર્થ :

આ વસ્તુઓમાં બધા જ ફરિશ્તાઓ અને મનુષ્યો તથા જિન્નાતો જે મો'મિન છે તેમનું અલ્લાહની તસ્બીહ કરવું તો દેખીતું છે, બધા જ જાણે છે, કાફિર મનુષ્ય અને નાસ્તિક જે દેખીતી રીતે તસ્બીહ (પવિત્રતા વર્ણન) નથી કરતા તેઓ પણ; એ જ પ્રમાણે વિશ્વના બીજા પદાર્થો જેના વિશે કહેવામાં આવે છે કે તેમનામાં બુદ્ધિ કે સમજદારી નથી તેમની તસ્બીહ પઢવાનો અર્થ શું છે ? અમુક ઉલમાએ ફરમાવ્યું કે તેમની તસ્બીહ કરવાનો ભાવાર્થ "તસ્બીહે હાલ" એટલે કે તેમની પરિસ્થિતિની ગવાહી છે, કારણ કે અલ્લાહ તઆલા સિવાય દરેક વસ્તુની સમગ્ર પરિસ્થિતિ બતાવી રહી છે કે તે ન તો પોતાના અસ્તિત્વમાં સ્વતંત્ર છે અને ન જ પોતાના કાયમી ટકી રહેવામાં આઝાદ છે, બલકે તે કોઈ ઘણી જ મોટી શક્તિના તા'બે ચાલી રહી છે, આ જ પરિસ્થિતિની ગવાહી તેની તસ્બીહ છે.

પરંતુ અન્ય સંશોધનકારોના નિવેદનો છે કે આ તસ્બીહ એ છે કે, "તસ્બીહે ઇખ્તિયારી" (સ્વેચ્છાએ કરવામાં આવતું અલ્લાહની પવિત્રતાનું વર્ણન) તો માત્ર ફરિશ્તાઓ અને મો'મિન જિન્નાતો અને મનુષ્યો માટે ખાસ છે પરંતુ "તક્વીની" (અદશ્ય હુકમોના આધીન હોવાના) સ્વરૂપે અલ્લાહ

તઆલાએ સમગ્ર સૃષ્ટિના કણે-કણને પોતાની તસ્બીહ પઢનારો બનાવી રાખ્યો છે, કાફિર પણ પ્રથમ તો સામાન્ય રીતે અલ્લાહ તઆલાને જ માને છે અને તેની શ્રેષ્ઠતાનો સ્વીકાર પણ કરે છે અને જે ભૌતિકપરસ્ત નાસ્તિકો અથવા આધુનિક યુગના કૉમ્યુન્સ્ટિો અલ્લાહના અસ્તિત્વનો જ ઈન્કાર કરે છે અને દેખીતી રીતે અલ્લાહના અસ્તિત્વને જ નથી માનતા પરંતુ તેમના અસ્તિત્વનું દરેક અવયવ વિના ઈરાદે બળજબરીપૂર્વક અલ્લાહ તઆલાની તસ્બીહ કરી રહ્યું છે, જેમકે વૃક્ષ અને પથ્થર-માટી વગેરે બધી જ વસ્તુઓ અલ્લાહની તસ્બીહમાં પ્રવૃત્ત છે પરંતુ તેમની આ તસ્બીહ જે અદશ્ય અને અલ્લાહના હુકમને આધીન છે, તેને સામાન્ય લોકો સાંભળતા નથી. કુર્આને કરીમનો ઈરશાદ وَلٰكِنْ لَّا تَفْقَهُوْنَ تَسْبِيْحَهُمْ (૧૭:૪૪) આ બાબતે દલીલ કરે છે કે આ દરેક કણે-કણની તસ્બીહ તક્વીની અને કોઈ એવી વસ્તુ છે જેને સામાન્ય માણસ સમજી શકતો નથી. "તસ્બીહે હાલી" (Circumstantially discernable act of extolling) એ બાબત ઉપર દલીલ કરે છે કે આ સૃષ્ટિના કણે-કણની તસ્બીહ અદશ્ય (તક્વીની) સ્વરૂપે કોઈ એવી વસ્તુ છે જેને સામાન્ય મનુષ્ય સમજી શકતો નથી, "તસ્બીહે હાલી"ને દરેક બુદ્ધિશાળી અને સમજદાર વ્યક્તિ સમજી અને જાણી શકે છે. આથી જાણ થઈ કે આ તસ્બીહ માત્ર "તસ્બીહે હ઼ાલી" નથી બલકે વાસ્તવિક છે પરંતુ આપણી સમજ અને બુદ્ધિથી ઉપરવટ છે. *(કુર્તુબી)*

હદીષમાં રસૂલે કરીમ ﷺનો જે એ મોઅ્જિઝો ઉપસ્થિત છે કે આપ ﷺની મુઠ્ઠીમાં કાંકરીઓની તસ્બીહ કરવી સહાબએ કિરામ (રદિ.)ના કાનોએ સાંભળ્યું, તેનું મોઅ્જિઝો હોવું તો દેખીતું છે પરંતુ ખસાઈસે કુબરામાં શૈખ જલાલુદીન સુયૂતિ (રહ.)એ ફરમાવ્યું કે કાંકરીઓનું તસ્બીહ પઢવું રસૂલે કરીમ ﷺનો મોઅ્જિઝો નથી, તે તો જ્યાં કંઈ પણ છે તસ્બીહ પઢી રહી છે, બલકે આપ ﷺનો મોઅ્જિઝો તો એ છે કે તે આપ ﷺના હાથ મુબારકમાં આવ્યા પછી તેની તે તસ્બીહ કરવું કાનોથી સંભળાવા લાવ્યું.

ઈમામ કુર્તુબી (રહ.)એ આ જ સંશોધનને વધારે વજનદાર ઠરાવ્યું છે અને તેના ઉપર કુર્આન અને સુન્નતની ઘણી બધી દલીલો વર્ણન કરી છે, દાખલા તરીકે સૂરએ યાસીનમાં હઝરત દાવુદ (અલયહિસ્સલામ) વિશે ઈરશાદ છે, اِنَّا سَخَّرْنَا الْجِبَالَ مَعَهٗ يُسَبِّحْنَ بِالْعَشِيِّ وَالْاِشْرَاقِ [એટલે કે, અમે પહાડોને કામે

લગાડ્યા કે તે દાવુદ (અલૈ.)ની સાથે સવાર અને સાંજ તસ્બીહ કરે છે. ૪૮:૧૮] અને સૂરએ બકરહમાં પહાડોના પથ્થરો વિશે اِنَّ مِنۡهَا لَمَا يَهۡبِطُ مِنۡ خَشۡيَةِ اللّٰهِ ઈરશાદ છે (પહાડના અમુક પથ્થર અલ્લાહના ડરથી નીચે ગબડી પડે છે.–૨:૭૪) જેમાં પથ્થરોમાં પણ એક પ્રકારની બૌદ્ધિક ક્ષમતા તથા અલ્લાહનો ડર હોવાનું સાબિત થાય છે તથા સૂરએ મરયમમાં નસારાનું હઝરત ઈસા (અલૈ.)ને અલ્લાહના બેટા કહેવાના રદિયામાં وَتَخِرُّ الۡجِبَالُ هَدًّا اَنۡ دَعَوۡا لِلرَّحۡمٰنِ وَلَدًا ફરમાવવામાં આવ્યું. "આ લોકો અલ્લાહના માટે બેટો ઠરાવે છે, તેમના તે કુફ્રના કલિમાથી પહાડો ઉપર ભય છવાય જાય છે અને તે ગબડવા લાગે છે." (૧૯:૯૦–૯૧) દેખીતું છે કે આ ડર તેમની સમજવાની ક્ષમતાની જાણકારી આપે છે અને સમજવાની ક્ષમતા હોવા પછી તસ્બીહ કરવું કોઈ અશક્ય બાબત નથી.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ (રદિ.)એ ફરમાવ્યું કે, એક પહાડ બીજા પહાડને કહે છે કે હે ફલાણા ! શું તારા ઉપરથી કોઈ એવો વ્યક્તિ પસાર થયો છે જે અલ્લાહને યાદ કરનારો હોય ? જો તે કહે કે હા ! તો આ પહાડ તેનાથી ખુશ થાય છે. તેના ઉપર દલીલ માટે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ (રદિ.)એ આ આયત પઢી. وَقَالُوا اتَّخَذَ الرَّحۡمٰنُ وَلَدًا (૧૯:૮૮) અને પછી ફરમાવ્યું કે, જ્યારે આ આયતથી સાબિત થયું કે પહાડ કુફ્રનો કલિમો સાંભળવાથી પ્રભાવિત થાય છે અને તેના ઉપર ભય છવાય જાય છે તો શું તમારો એવો વિચાર છે કે તે બાતિલ નિવેદનોને સાંભળે છે અને સત્ય વાત તથા અલ્લાહના ઝિક્રને નથી સાંભળતા ? અને તેનાથી પ્રભાવિત નથી થતા ? (કુર્તુબી, બ હવાલએ રકાઈક ઈબ્ને મુબારક) અને રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે "કોઈ જિન્નાત અને મનુષ્ય અને વૃક્ષ અને પથ્થર તથા ઢેફું એવું નથી જે મુઅજ્જિનનો અવાજ સાંભળે છે અને કયામતના દિવસે તેમના ઈમાન અને નેક હોવાની ગવાહી ન આપે."

(મુઅત્તા ઈમામ માલિક વ સુનન ઈબ્ને માજહ, બ રિવાયતે અબૂ સઈદ ખુદરી)

ઈમામ બુખારી (રહ.)એ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ (રદિ.)ની રિવાયતથી નકલ કર્યું છે કે અમે ખાવાની (વાનગીનો) તસ્બીહનો અવાજ સાંભળ્યા કરતા હતા જ્યારે કે તે (વાનગી) ખાવામાં આવી રહી હોય અને એક બીજી રિવાયતમાં છે કે અમે રસૂલે કરીમ ﷺની સાથે ખાવું ખાતા (જમવા બેસતા) તો ખાવાની (વાનગીની) તસ્બીહનો અવાજ સાંભળ્યા કરતા હતા. સહીહ

મુસ્લિમમાં હઝરત જાબીર ઈબ્ને સુમરહ (રદિ.)ની રિવાયતથી નકલ થયું છે કે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે, હું મક્કએ મુકર્રમહને આ પથ્થરથી ઓળખું છું જે બઅ્‌ષત અને નુબુવ્વત પહેલાં મને સલામ કર્યા કરતો હતો અને હું હજુ પણ તેને ઓળખું છું. અમુક લોકોએ કહ્યું કે તેનાથી ઈશારો "હજ્રે અસ્વદ" છે. વલ્લાહુ અઅ્‌લમુ.

ઈમામ કુર્તુબી (રહ.)એ ફરમાવ્યું કે હદીષની રિવાયતોમાં આ પ્રમાણેની ઘટનાઓ ઘણી બધી છે અને "ઉસ્તુવાનહ હમ્નાનહ" (એક સૂકા ઝાડનું થડ જેનો સહારો લઈ રસૂલે કરીમ ﷺ મસ્જિદમાં ખુત્બો આપ્યા કરતા હતા)ની હિકાયત તો ખૂબ પ્રચલિત અને મુસલમાનોની મુખે રમતી રહે છે જેના રડવાનો અવાજ સહાબએ કિરામ (રદિ.)એ સાંભળ્યો હતો જ્યારે કે રસૂલે કરીમ ﷺએ ખુત્બાના સમયે તેને છોડીને મિમ્બર ઉપર ખુત્બો આપવાની શરૂઆત કરી.

આ રિવાયતો પછી તે શું અસંભવ છે કે જમીન અને આસમાનની દરેક વસ્તુમાં તેની કક્ષા પ્રમાણેની બૌદ્ધિક ક્ષમતા અને સમજદારી હોય અને દરેક વસ્તુ સાચી પદ્ધતિથી અલ્લાહની તસ્બીહ કરે ! ઈબ્રાહીમ (રહ.)એ ફરમાવ્યું છે કે આ તસ્બીહ સજીવ અને નિર્જીવ બંને વસ્તુઓમાં સમાન છે, એટલે સુધી કે દરવાજાના કવચાંના અવાજમાં પણ તસ્બીહ છે. ઈમામ કુર્તુબી (રહ.)એ ફરમાવ્યું કે જો તસ્બીહનો ભાવાર્થ "તસ્બીહે હાલી" હોત તો પ્રસ્તુત આયતમાં હઝરત દાવુદ (અલૈ.)ની કોઈ વિશિષ્ટતા શું રહે ? "તસ્બીહે હાલી" તો દરેક મનુષ્ય, દરેક સજીવ અને દરેક વસ્તુ વિશે જાણી શકાય છે, એટલા માટે દેખીતું એ જ છે કે આ "તસ્બીહે કવલી" (મૌખિક તસ્બીહ) હતી અને જેમકે ખસાઈસે કુબરાના હવાલાથી ઉપર નકલ કરવામાં આવ્યું છે કે કાંકરીઓનું તસ્બીહ કરવું મોઅ્‌જિઝો નથી, તે તો દરેક પરિસ્થિતિમાં અને દરેક સમયે સર્વસામાન્ય છે, તેના વિશે રસૂલે કરીમ ﷺનો મોઅ્‌જિઝો તો એ હતો કે તે આપ ﷺના હાથ મુબારકમાં આવ્યા પછી તેની તસ્બીહ એ પ્રમાણેની થઈ ગઈ કે સામાન્ય લોકોના કાનોએ સાંભળી, એ જ પ્રમાણે પહાડોની તસ્બીહ પણ હઝરત દાવુદ (અલૈ.)નો મોઅ્‌જિઝો એ જ સ્વરૂપે છે કે તેમના મોઅ્‌જિઝા વડે તેતસ્બીહ કાનોના સાંભળવાપાત્ર બની ગઈ. વલ્લાહુ અઅ્‌લમુ.

આયતો : (સૂરએ બની ઇસ્રાઈલઃ આયત નં. ૪૫ થી ૪૮)

وَاِذَا قَرَاْتَ الْقُرْاٰنَ جَعَلْنَا بَيْنَكَ وَبَيْنَ الَّذِيْنَ لَا يُؤْمِنُوْنَ بِالْاٰخِرَةِ حِجَابًا
مَّسْتُوْرًا ﴿٤٥﴾ وَّجَعَلْنَا عَلٰى قُلُوْبِهِمْ اَكِنَّةً اَنْ يَّفْقَهُوْهُ وَفِيْٓ اٰذَانِهِمْ وَقْرًا ۭ وَاِذَا ذَكَرْتَ
رَبَّكَ فِي الْقُرْاٰنِ وَحْدَهٗ وَلَّوْا عَلٰٓي اَدْبَارِهِمْ نُفُوْرًا ﴿٤٦﴾ نَحْنُ اَعْلَمُ بِمَا يَسْتَمِعُوْنَ بِهٖٓ
اِذْ يَسْتَمِعُوْنَ اِلَيْكَ وَاِذْ هُمْ نَجْوٰٓى اِذْ يَقُوْلُ الظّٰلِمُوْنَ اِنْ تَتَّبِعُوْنَ اِلَّا رَجُلًا
مَّسْحُوْرًا ﴿٤٧﴾ اُنْظُرْ كَيْفَ ضَرَبُوْا لَكَ الْاَمْثَالَ فَضَلُّوْا فَلَا يَسْتَطِيْعُوْنَ سَبِيْلًا ﴿٤٨﴾ ع

તરજુમો :

અને જ્યારે તમે કુર્આન પઢો છો અમે તમારા અને તે લોકોની વચ્ચે જેઓ આખિરતને માનતા નથી એક છુપો પડદો કરી દઈએ છીએ. (૪૫) અને અમે તેમના દિલો ઉપર પડદો રાખીએ છીએ કે તેને ન સમજે અને તેમના કાનોમાં ભાર અને જ્યારે તમે કુર્આનમાં પોતાના એકમાત્ર એવા પરવરદિગારનું વર્ણન કરો છો તો પોતાની પીઠ ફેરવી સૂગથી નાસવા માંડે છે. (૪૬) અમે સારી પેઠે જાણીએ છીએ જેના કારણે તેઓ સાંભળે છે, જે વખતે તમારા તરફ કાન ધરે છે અને જ્યારે તેઓ મશ્વરો કરે છે જ્યારે કે આ જાલિમો કહે છે (કે) જેમના કહ્યા ઉપર તમે ચાલો છો તે નથી પરંતુ એક પુરુષ છે જાદૂનો માર્યો. (૪૭) જોઈ લો, તમારા ઉપર કેવા ઉદાહરણો લગાવે છે અને ભટકતા ફરે છે, બસ માર્ગ પામી નથી શકતા. (૪૮)

તફસીર :

(પાછલી આયતોમાં એ વર્ણન હતું કે તવહીદનો વિષય કુર્આન મજીદમાં વિભિન્ન વિષયો અને વિવિધ દલીલો સાથે વારંવાર વર્ણન થયા છતાં આ બદ્નસીબ મુશ્રિકો તેને નથી માનતા. આ આયતોમાં તેમના ન માનવાનું કારણ બતાવવામાં આવ્યું છે કે આ લોકો તે આયતોમાં ચિંતન-મનન અને વિચાર કરતા જ નથી બલકે નફરત અને સૂગથી તેની ઠઠ્ઠો-મશ્કરી કરે છે એટલા માટે તેમને જ્ઞાનની વાસ્તવિકતાથી આંધળા કરી દેવામાં આવ્યા છે. તફસીરનો ખુલાસો આ

પ્રમાણે છે.)

(હે મુહમ્મદ ﷺ !) અને જ્યારે તમે (તબ્લીગ માટે) કુર્આન પઢો છો તો અમે તમારી અને તે લોકોની વચ્ચે એક પડદો ઊભો કરી આપીએ છીએ જેઓ આખિરત ઉપર ઈમાન નથી રાખતા (અને તે પડદો એ છે કે) અમે તેમના દિલો ઉપર પડદો નાંખીએ છીએ કે તેઓ એ (કુર્આનના મૂળ હેતુ)ને ન સમજે અને તેમના કાનોમાં ભાર નાંખી દીધો છે (કે તેઓ તેનાથી હિદાયત અને માર્ગદર્શન પ્રાપ્ત કરવા માટે સાંભળતા નથી, મતલબ એ છે કે તે પડદો તેમની અણસમજનો અને એ બાબતનો છે કે તેઓ સમજવાનો ઈરાદો જ કરતા નથી જેથી તેઓ આપ ﷺની નુબુવ્વતની શા'નને ઓળખી શકે) અને જ્યારે તમે કુર્આનમાં માત્ર પોતાના પરવરદિગાર(ની સિફતો અને વિશિષ્ટતાઓ)નું વર્ણન કરો છો તો (આ લોકો જે મઅ્બૂદોની ઈબાદત કરે છે તેમાં તે સિફતો નથી તેથી પોતાની અધૂરી સમજ વડે બલકે ખોટા ઈરાદાના કારણે તેનાથી) નફરત કરીને પૂંઠ ફેરવી ચાલતી પકડે છે (આગળ તેમના આ ખોટા અમલ ઉપર ચેતવણી આપવામાં આવી છે કે) જે સમયે આ લોકો તમારા તરફ કાન લગાવે છે તેને અમે સારી પેઠે જાણીએ છીએ જે હેતુથી તેઓ (કુર્આનને) સાંભળે છે (કે આ હેતુ માત્ર વાંધો ઉઠાવવાનો તથા કટાક્ષ અને મહેણા-ટોણા મારવાનો) અને જે વખતે આ લોકો (કુર્આન સાંભળ્યા પછી) પરસ્પર કાનાફૂસી કરે છે (અમે તેને પણ સારી પેઠે જાણીએ છીએ) જ્યારે કે આ જાલિમો એવું કહે છે કે તમે લોકો (એટલે કે તેમની જ્ઞાતિમાંથી જે લોકો રસૂલે કરીમ ﷺની સાથે લાગી ગયા છે તેઓ) માત્ર એવા વ્યક્તિનો સાથ આપી રહ્યા છે જેના ઉપર જાદૂનો (ખાસ) અસર (એટલે કે નઊઝુબિલ્લાહ ! તે પાગલ) થઈ ગયો છે (એટલે આ જે અજબ-ગજબની વાતો કરે છે તે બધી પોકળ વાતો છે જે મુહમ્મદ કરે છે; જરા) આપ જુઓ તો ! આ લોકો તમારા માટે કેવા-કેવા દૃષ્ટાંતો તજ્વીજ કરી રહ્યા છે, બસ આ લોકો (બિલકુલ જ) ગુમરાહ થઈ ગયા તો (હવે સત્યનો) માર્ગ પામી નથી શકતા (કારણ કે આવી હઠધર્મી અને નકામી જીદ પછી અલ્લાહના રસૂલ ﷺની સાથે આવો વ્યવહાર કરવો તેમની માણસ તરીકેની ક્ષમતાને અને બુદ્ધિ તથા હિદાયતને નષ્ટ કરી નાંખે છે).

મસ્અલા અને બોધપાઠ :

પયગમ્બરો ઉપર જાદૂની અસર થઇ શકે છે :

કોઈ નબી અને પયગમ્બર ઉપર જાદૂની અસર થવી એવું જ શક્ય છે જેવી રીતે કે બીમારીની અસર થાય છે, કારણ કે અંબિયા (અલૈ.) માનવજાતિથી અલગ નથી, જે રીતે તેમને ઘા વાગી શકે છે, તાવ અને દુ:ખાવો થઈ શકે છે એવી જ રીતે જાદૂની અસર પણ થઈ શકે છે, કારણ કે તે પણ ખાસ સ્વાભાવિક અને શારીરિક પ્રભાવ હેઠળ જિન્નાત વગેરેથી આવી અસર પેદા થાય છે અને હદીષથી સાબિત પણ થાય છે કે એક વખતે રસૂલે કરીમ ﷺ ઉપર "સિહ્ર" (જાદૂ)ની અસર થઈ હતી. અંતિમ આયતમાં તે કાફિરોએ આપ ﷺને مَسْحُوْر "મસ્હૂર" (જેમના ઉપર જાદૂની અસર થઈ છે તે) કહ્યા અને કુર્આને તેનો રદિયો આપ્યો, તેનો ખુલાસો એ છે જેના તરફ તફસીરના ખુલાસામાં ઈશારો કરવામાં આવ્યો છે કે તેઓનો ભાવાર્થ વાસ્તવમાં "મસ્હૂર" કહેવાથી "મજનૂન" (પાગલ) કહેવાનો હતો, તેનો જ રદિયો કુર્આને કરીમે ફરમાવ્યો છે. એટલા માટે "હદીષે સિહ્ર" તેનાથી વિરોધાભાસી બાબત નથી. [ખુલાસો : જાદૂ અથવા સિહ્ર નબી (અલૈ.) માટે માત્ર શારીરિક બીમારીનું કારણ બની શકે છે, તેની ક્યારેય પોતાના નબી તરીકેના હોદ્દા અને ફરજો ઉપર કોઈ નકારાત્મક અસર પડી શકતી નથી. કાફિરો રસૂલે કરીમ ﷺને જાદૂની અસરથી પ્રભાવિત થયેલ વ્યક્તિ (Bewitched Person) કહેતા હતા જે માનસિક તંદુરસ્તીના અનુસંધાને બિલકુલ જ અશક્ય અને અસંભવ બાબત છે, જ્યારે કે આ હદીષ રસૂલે કરીમ ﷺની માત્ર શારીરિક બીમારી તરફ ઈશારો કરે છે જે જાદૂના કારણે આપ ﷺને થઈ હતી. -મુહમ્મદ તકી ઉસ્માની]

પ્રસ્તુત આયતોમાંથી પ્રથમ અને બીજી આયતોમાં જે વિષય આવ્યો છે તેનો એક ખાસ શા'ને નુઝૂલ છે જે કુર્તુબીએ સઈદ બિન ઝુબૈર (રહ.)થી નકલ કર્યો છે કે જ્યારે કુર્આનમાં "સૂરએ તબ્બત યદા અબી લહબ" تَبَّتْ يَدَآ اَبِىْ لَهَبٍ નાઝિલ થઈ જેમાં અબૂ લહબની પત્નીની પણ ટીકા કરવામાં આવી છે તો તેની પત્ની રસૂલે કરીમ ﷺની મજલિસમાં ગઈ, તે સમયે સિદ્દીકે અકબર (રદિ.) મજલિસમાં મોજૂદ હતા, તેને દૂરથી આવતી જોઈને રસૂલે કરીમ ﷺને વિનંતી

કરી કે તમે અહીંયાંથી હટી જાઓ તો સારું છે, કારણ કે આ સ્ત્રી ઘણી બદ્ઝબાન છે, આ એવી વાતો કહેશે જેનાથી તમને તકલીફ પહોંચશે. આપ ﷺએ ફરમાવ્યું, નહીં ! તેના અને મારા દરમિયાન અલ્લાહ તઆલાએ પડદો નાંખી દીધો છે એટલા માટે તે મજલિસમાં પહોંચી પરંતુ રસૂલે કરીમ ﷺને ન જોઈ શકી તો હઝરત સિદ્દીકે અકબર (રદિ.)ને સંબોધીને કહેવા લાગી કે તમારા ભાઈબંધે અમારું શાઈરીમાં અપમાન (હિજુ) કર્યું. સિદ્દીકે અકબર (રદિ.)એ ફરમાવ્યું કે, વલ્લાહ ! તે તો કોઈ શે'ર જ નથી કહેતા કે જેમાં સ્વાભાવિકપણે અપમાન (હિજુ) કરવામાં આવે ! તો તે એવું કહેતી–કહેતી ત્યાંથી નીકળી ગઈ કે તમે પણ તેમના સમર્થન કરનારાઓમાંથી છો, તેના ચાલ્યા ગયા પછી હઝરત સિદ્દીકે અકબર (રદિ.)એ વિનંતી કરી કે શું તેણે તમને જોયા નથી ? રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે તે જ્યાં સુધી અહીંયાં રહી એક ફરિશ્તો મારા અને તેના દરમિયાન પડદો કરતો રહ્યો.

દુશ્મનોની નજરથી અદષ્ય રહેવાનો એક કુર્આનિક અમલ :

હઝરત કઅ્બ (રદિ.) ફરમાવે છે કે રસૂલે કરીમ ﷺ જ્યારે દુશ્મનોની નજરોથી અદષ્ય રહેવા ઈચ્છતા હતા તો કુર્આને કરીમની ત્રણ આયતો પઢી લેતા હતા, તેની અસરથી કાફિરો રસૂલે કરીમ ﷺને જોઈ શકતા ન હતા, તે ત્રણ આયતો આ છે,

(૧) પ્રથમ આયત સૂરએ કહફમાં છે,

اِنَّا جَعَلْنَا عَلٰى قُلُوْبِهِمْ اَكِنَّةً اَنْ يَّفْقَهُوْهُ وَفِىْٓ اٰذَانِهِمْ وَقْرًا، (૧૮:૫૭)

(૨) બીજી આયત સૂરએ નહ્લમાં છે,

اُولٰٓئِكَ الَّذِيْنَ طَبَعَ اللّٰهُ عَلٰى قُلُوْبِهِمْ وَسَمْعِهِمْ وَاَبْصَارِهِمْ، (૧૬:૧૦૮)

(૩) ત્રીજી આયત સૂરએ જાષિઅહમાં છે,

اَفَرَأَيْتَ مَنِ اتَّخَذَ اِلٰهَهٗ هَوٰهُ وَاَضَلَّهُ اللّٰهُ عَلٰى عِلْمٍ وَّخَتَمَ عَلٰى سَمْعِهٖ وَقَلْبِهٖ وَجَعَلَ عَلٰى بَصَرِهٖ غِشٰوَةً. (૪૫:૨૩)

હઝરત કઅ્બ (રદિ.) ફરમાવે છે કે મેં રસૂલે કરીમ ﷺના આ

મા'મલાને સિરીયા પ્રદેશમાં એક (મુસલમાન) વ્યક્તિને વર્ણન કર્યો, તેમને કોઈ જરૂરતથી રૉમનોના દેશમાં જવાનું હતું, તે ત્યાં ગયા અને એક સમય સુધી ત્યાં સ્થાયી રહ્યા, પછી રૉમન કાફિરોએ તેમને સતાવ્યા તો તેઓ ત્યાંથી નાસી છૂટ્યા, રૉમનોએ તેમનો પીછો કર્યો, આ વ્યક્તિને તે રિવાયત યાદ આવી ગઈ અને પ્રસ્તુત ત્રણ આયતો પઢી. અલ્લાહે રૉમનોની આંખો ઉપર એવો પડદો નાંખી દીધો કે તેઓ જે માર્ગ ઉપરથી પસાર થઈ રહ્યા હતા તે જ રસ્તા ઉપર દુશ્મનો પણ ચાલી રહ્યા હતા પરંતુ તે દુશ્મનો તેમને જોઈ શકતા ન હતા.

ઈમામ ષુઅ્લબી (રહ.) કહે છે કે હઝરત કઅ્બ (રદિ.)થી જે રિવાયત નકલ કરવામાં આવી છે તે મેં "રઈ"ના નિવાસી એક વ્યક્તિને બતાવી, અચાનક "વયલમ"ના કાફિરોએ તેમને કેદ પકડી લીધા. અમુક સમય તેમની કેદમાં રહ્યા પછી એક દિવસે તક જોઈને નાસી છૂટયા, આ લોકો તેમનો પીછો કરવા નીકળ્યા પરંતુ તે વ્યક્તિએ આ ત્રણ આયતો પઢી લીધી, તેની અસર એ થઈ કે અલ્લાહે તેમના દુશ્મનોની આંખો ઉપર એવો પડદો નાંખી દીધો કે તેઓ તેમને ન જોઈ શક્યા, જ્યારે કે તેઓ સાથે-સાથે ચાલી રહ્યા હતા અને તેમના કપડાં આ વ્યક્તિના કપડાંને અડી જતા હતા.

ઈમામ કુર્તુબી કહે છે કે આ ત્રણેની સાથે તે આયતો સૂરએ યાસીનની પણ મેળવવામાં આવે જેને રસૂલે કરીમ ﷺએ હિજરત સમયે પઢી હતી જ્યારે કે મુશ્રિકોએ રસૂલે કરીમ ﷺના મકાનને ઘેરી રાખ્યું હતું ત્યારે આપ ﷺએ આ આયતો પઢી હતી, જેથી તેઓ તેમની વચ્ચેથી નીકળીને ચાલ્યા ગયા પરંતુ તેમના માથા ઉપર માટી નાંખતા ગયા, તેમનામાંથી કોઈને પણ એની ખબર ન થઈ. તે આયતો (૩૬:૧ થી ૯) સૂરએ યાસીનની આ છે.

يٰسٓ ○ وَالْقُرْاٰنِ الْحَكِيْمِ اِنَّكَ لَمِنَ الْمُرْسَلِيْنَ عَلٰى صِرَاطٍ مُّسْتَقِيْمٍ تَنْزِيْلَ الْعَزِيْزِ الرَّحِيْمِ لِتُنْذِرَ قَوْمًا مَّآ اُنْذِرَ اٰبَآؤُهُمْ فَهُمْ غٰفِلُوْنَ ○ لَقَدْ حَقَّ الْقَوْلُ عَلٰٓى اَكْثَرِهِمْ فَهُمْ لَا يُؤْمِنُوْنَ ○ اِنَّا جَعَلْنَا فِيْٓ اَعْنَاقِهِمْ اَغْلٰلًا فَهِيَ اِلَى الْاَذْقَانِ فَهُمْ مُّقْمَحُوْنَ ○ وَجَعَلْنَا مِنْۢ بَيْنِ اَيْدِيْهِمْ سَدًّا وَّمِنْ خَلْفِهِمْ سَدًّا فَاَغْشَيْنٰهُمْ فَهُمْ لَا يُبْصِرُوْنَ ○

ઈમામ કુર્તુબી (રહ.) ફરમાવે છે કે મારી પોતાની સાથે મારા દેશ સ્પેનમાં

કોર્ડોવા નજીક મન્ષૂર કિલ્લામાં આ ઘટના બની કે હું દુશ્મનોની સામેથી નાઠો અને એક ખૂણામાં બેસી ગયો, દુશ્મનોએ બે ઘોડેસવાર મારો પીછો કરવા માટે મોકલ્યા અને હું બિલકુલ ખુલ્લા મેદાનમાં હતો, કોઈ વસ્તુ પડદો કરનારી ન હતી પરંતુ હું સૂરએ યાસીનની આયતો પઢી રહ્યો હતો, આ બંને ઘોડેસવારો બિલકુલ મારી પાસેથી પસાર થયા, પછી એવું કહેતા-કહેતા જ્યાંથી આવ્યા હતા ત્યાં પાછા વળી ગયા કે આ વ્યક્તિ કોઈ શયતાન છે, કારણ કે તે મને દેખાઈ ન શક્યો, અલ્લાહ તઆલાએ તેમને મને જોવાથી આંધળા કરી દીધા હતા.

આયતો : (સૂરએ બની ઇસ્રાઈલઃ આયત નં. ૪૯ થી પ૨)

وَقَالُوْٓا ءَاِذَا كُنَّا عِظَامًا وَّرُفَاتًا ءَاِنَّا لَمَبْعُوْثُوْنَ خَلْقًا جَدِيْدًا ﴿٤٩﴾ قُلْ كُوْنُوْا حِجَارَةً
اَوْ حَدِيْدًا ﴿٥٠﴾ اَوْ خَلْقًا مِّمَّا يَكْبُرُ فِيْ صُدُوْرِكُمْ ۚ فَسَيَقُوْلُوْنَ مَنْ يُّعِيْدُنَا ۭ قُلِ الَّذِيْ
فَطَرَكُمْ اَوَّلَ مَرَّةٍ ۚ فَسَيُنْغِضُوْنَ اِلَيْكَ رُءُوْسَهُمْ وَيَقُوْلُوْنَ مَتٰى هُوَ ۭ قُلْ عَسٰٓى اَنْ
يَّكُوْنَ قَرِيْبًا ﴿٥١﴾ يَوْمَ يَدْعُوْكُمْ فَتَسْتَجِيْبُوْنَ بِحَمْدِهٖ وَتَظُنُّوْنَ اِنْ لَّبِثْتُمْ اِلَّا قَلِيْلًا ﴿٥٢﴾ ع

તરજુમો :

અને કહે છે કે જ્યારે અમે હાડકાં અને ચૂરેચૂરા થઈ જઈએ પછી નવા બનીને ઉઠીશું ! (૪૯) તમે કહો, તમે પથ્થર અથવા લોઢું થઈ જાઓ. (૫૦) અથવા કોઈ મખ્લૂક જેને તમે પોતાના મનમાં મુશ્કેલ સમજો, પછી હવે કહેશે અમને કોણ પાછા વાળીને લાવશે ? કહો, જેણે તમને પ્રથમ વખતે પેદા કર્યા, પછી હવે તમારા તરફ પોતાના માથાં હલાવશે અને કહેશે, એવું ક્યારે થશે ? તમે કહો, કદાચ નજીકમાં જ થશે. (૫૧) જે દિવસે તમને પોકારશે પછી તેના વખાણ કરતા(-કરતા) ચાલ્યા આવશો અને ધારશો કે તમને વાર નથી લાગી પરંતુ ઘણી થોડી ! (૫૨)

તફસીર :

આ લોકો કહે છે કે જ્યારે અમે (મૃત્યુ પામીને) હાડકાં અને (હાડકાંઓના પણ) ચૂરેચૂરા (એટલે કે ક્ષત-વિક્ષત) થઈ જઈશું તો શું (ત્યારબાદ કયામતમાં)

અમને નવેસરથી પેદા અને સજીવન કરવામાં આવશે ? (એટલે કે પ્રથમ તો મૃત્યુ પછી સજીવન થવું જ મુશ્કેલ છે કે શરીરમાં જીવનની ક્ષમતા જ નથી રહી, પછી જ્યારે તે શરીર પણ ચૂરેચૂરા થઈને તેના અવયવો ક્ષત-વિક્ષત થઈ વિખરાઈ જશે ત્યારે સજીવન થવાનું કોણ માની શકે છે ?) તમે (તેમના જવાબમાં) ફરમાવી આપો કે (તમે હાડકાંઓના ચૂરા થયા પછી સજીવન થવાને જ અસંભવ વાત સમજો છો પરંતુ અમે તો કહીએ છીએ કે) તમે પથ્થર અથવા લોખંડ અથવા કોઈ એવી મખ્લૂક બનીને જોઈ લો જે તમારા ધારવામાં (જીવનની ક્ષમતાથી) અસંભવ હોય (પછી જુઓ કે સજીવન કરવામાં આવે છે નહીં તથા પથ્થર અથવા લોખંડને તો સજીવન કરવું જીવનની ક્ષમતાથી અસંભવ હોવું એટલા માટે દેખીતું છે કે તેમાં કોઈપણ સમયે જીવન હતું જ નહીં, તેનાથી વિપરીત હાડકાંઓ કે તેનામાં પ્રથમ અમુક સમય સુધી જિંદગી રહી ચૂકી છે તો જ્યારે પથ્થર અને લોઢાને સજીવન કરવું અલ્લાહ તઆલા માટે કોઈ મુશ્કેલ કાર્ય નથી તો મનુષ્યના અવયવોને પુનઃ જીવીત કરી જિંદગી બખ્શવી શું મુશ્કેલ હોઈ શકે છે !? અને આયતમાં શબ્દ كُوْنُوْا આજ્ઞાર્થ સ્વરૂપે આવ્યો છે જેનો ભાવાર્થ અત્રે હુકમ નથી બલકે એક દૃષ્ટાંતરૂપી શરત છે કે જો તમે ધારી લો કે પથ્થર અથવા લોખંડ પણ બની ગયા તો અલ્લાહ તઆલા એ છતાં પણ તમને પુનઃ જીવીત કરવા માટે શક્તિમાન છે, તેના ઉપર) તેઓ પૂછશે કે તે કોણ છે જે બીજીવાર અમને સજીવન કરશે ? તમે ફરમાવી આપો કે એ તે જ છે જેણે તમને પ્રથમવાર પેદા કર્યા હતા (અસલ બાબત એ છે કે કોઈ વસ્તુના અસ્તિત્વમાં આવવા માટે બે વસ્તુઓ હોવી આવશ્યક છે, એક તત્ત્વ અને તે વસ્તુની અસ્તિત્વમાં આવવાની ક્ષમતા અને યોગ્યતા. બીજું, તેને અસ્તિત્વમાં લાવવા માટે જરૂરી શક્તિ. પ્રથમ સવાલ વસ્તુ અસ્તિત્વમાં આવવાની યોગ્યતા વિશે હતો કે મૃત્યુ પછી શરીર જીવનના પાત્ર નથી રહેતું તો તેનો જવાબ આપીને આ અસંભવ લાગતી બાબતની ક્ષમતા સાબિત કરી દીધી અને આ બીજો સવાલ "તે કોણ કરશે" વિશે કરવામાં આવ્યો કે એવો કોઈ શક્તિશાળી છે જે પોતાની કાર્ય કરવાની શક્તિ દ્વારા આ આશ્ચર્યજનક કામ કરી શકશે ? તેના જવાબમાં ફરમાવવામાં આવ્યું કે જેણે તમને પ્રથમ વખતે એવા તત્ત્વથી પેદા કર્યા હતા જેમાં જીવનની ક્ષમતા અને યોગ્યતાની કોઈને કલ્પના સુદ્ધાં ન હતી તો તે તમને બીજીવાર પેદા કરી આપે તે તેના માટે શું

મુશ્કેલ છે ? અને જ્યારે ક્ષમતા અને કાર્ય સંપન્ન કરનાર બંનેનો પ્રશ્ન હલ થઈ ગયો તો હવે આ લોકો તે ઘટના ક્યારે ઉપસ્થિત થશે તેની તહકીક કરવા માટે) તમારી સામે માથું હલાવી હલાવી કહેશે કે (સારું, એ બતાવો કે) આ (સજીવન થવું ક્યારે બંનશે) ! તમે ફરમાવી આપો કે સંભવ છે કે તે નજીકમાં જ આવી પહોંચ્યું હોય (આગળ તેમની હાલતનું વર્ણન છે જે તેમને નવજીવન મળવાના સમયે હશે) આ તે દિવસે થશે કે અલ્લાહ તઆલા તમને (સજીવન કરવા અને મેદાને હશ્રમાં ભેગા કરવા માટે ફરિશ્તા દ્વારા) પોકારશે અને તમે (સ્તબ્ધ થઈ) તેના વખાણ કરતાં કરતાં તેના હુકમનું અનુસરણ કરશો (એટલે કે સજીવન પણ થઈ જશો અને મેદાને હશ્રમાં ભેગા પણ થઈ જશો) અને (તે દિવસની ભયાનકતાથી હેબતાઈને તમે દુનિયામાં સમગ્ર જિંદગી અને કબરમાં રહ્યા તે બધા સમય વિશે) તમે એ વિચારશો કે તમે ઘણું ઓછું (જીવન દુનિયામાં) રહ્યા હતા (કારણ કે દુનિયા અને કબ્રમાં આજની ભયાનકતાના મુકાબલા પછી કંઈને કંઈ રાહત હતી અને રાહતનો સમય મનુષ્યને મુસીબત પડવાના સમયે ઘણો ટૂંકો લાગે છે).

મસ્અલા અને બોધપાઠ :

يَوْمَ يَدْعُوكُمْ فَتَسْتَجِيبُونَ بِحَمْدِهِ માં શબ્દ يَدْعُوكُمْ (યદ્ઊકૂમ) "દુઆ"થી બને છે, જેનો અર્થ "કોઈને પોકારવું અથવા બોલાવવું" થાય છે અને ભાવાર્થ એ છે કે જે દિવસે અલ્લાહ તઆલા તમને બધાને મહશર તરફ બોલાવશે અને આ બોલાવવું ઈસ્રાફિલ ફરિશ્તાના માધ્યમથી હશે કે જ્યારે તે બીજો સૂર ફૂંકશે તો બધા મુરદાઓ સજીવન થઈને મેદાને હશ્રમાં ભેગા થઈ જશે અને એવું પણ બની શકે છે કે સજીવન થયા પછી સૌને મેદાને હશ્રમાં ભેગા કરવા માટે અવાજ આપવામાં આવે. *(કુર્તુબી)*

એક હદીષમાં રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે કયામતના દિવસે તમને તમારા પોતાના અને પિતાના નામથી પોકારવામાં આવશે, એટલા માટે પોતાનું નામ સારું રાખ્યા કરો. (બેહૂદા નામોથી બચેલા રહો) *(કુર્તુબી)*

મહશરમાં કાફિરો પણ અલ્લાહના વખાણ કરતા-કરતા ઉઠશે :

فَتَسْتَجِيبُونَ بِحَمْدِهِ માં اِسْتِجَابَتْ (ઈસ્તિજાબત)નો અર્થ કોઈના

બોલાવવા ઉપર તેના હુકમનું અનુસરણ કરવા અથવા હાજર થઈ જવાનો થાય છે. આયતનો ભાવાર્થ એ છે કે મેદાને હશ્રમાં જ્યારે તમને બોલાવવામાં આવશે તો તમે સૌ તે પોકારનું અનુસરણ કરશો અને એકઠા થઈ જશો, بِحَمْدِهٖ એ تَسْتَجِيْبُوْنَ ના કર્તાનું વર્તમાનકાળ છે, જે حَامِدِيْنَ ના અર્થમાં છે, જેનો ભાવાર્થ એ છે કે આ મેદાનમાં આવવાના સમયે તમે સૌ અલ્લાહના વખાણ કરતા-કરતા હાજર થશો.

આ આયતથી દેખીતી એ જાણ થાય છે કે તે સમયે મો'મિન અને કાફિર સૌની એવી જ પરિસ્થિતિ હશે કે અલ્લાહ તઆલાના વાખણ કરતા કરતા ઊભા થશે, કારણ કે આ આયતમાં મૂળ સંબોધન કાફિરોને જ છે, તેમના જ વિશે આ વર્ણન થઈ રહ્યું છે તથા વખાણ કરતા-કરતા ઊઠશે. તફસીરના ઈમામ હઝરત સઈદ બિન ઝુબૈર (રહ.)એ ફરમાવ્યું કે, કાફિરો પણ પોતાની કબરોમાંથી નીકળવાના સમયે سُبْحَانَكَ وَبِحَمْدِكَ ના શબ્દો કહેતા-કહેતા નીકળશે પરંતુ તે સમયના વખાણ કરવા તેમને કોઈ લાભ નહીં પહોંચાડે. (કુર્તુબી) કારણ કે આ લોકો જયારે મર્યા પછીનું જીવન જોશે તો અનાયાસે તેમના મુખે અલ્લાહ તઆલાના વખાણ અને બડાઈના શબ્દો આપો-આપ નીકળશે, તે કોઈ એવી પ્રવૃત્તિ નથી જેના ઉપર કોઈ સારો બદલો આપવામાં આવે.

અને અમુક વિવરણકારોએ આ પરિસ્થિતિને મો'મિનો માટે વિશેષ સ્વરૂપે હોવાનું બતાવ્યું છે, તેમની દલીલ એ છે કે કાફિરો વિશે તો કુર્આને કરીમમાં એવું છે કે જ્યારે તેઓ સજીવન કરવામાં આવશે તો કહેશે, يَا وَيْلَنَا مَنْ بَعَثَنَا مِنْ مَّرْقَدِنَا (હાય અફસોસ ! અમને કોણે અમારી કબ્રથી સજીવન કરીને ઉઠાડયા છે ? -૩૬:૫૨) અને બીજી આયતમાં છે કે તેઓ આ કહેશે يٰحَسْرَتَا عَلٰى مَا فَرَّطْتُّ فِيْ جَنْبِ اللّٰهِ (એટલે કે, હાય હસરત અને અફસોસ તેના ઉપર કે મેં અલ્લાહ તઆલા વિશે ઘણી મોટી કોતાહી કરી ! -૩૯:૫૬)

પરંતુ વાસ્તવિકતા એ છે કે આ બંને નિવેદનોમાં કોઈ વિરોધાભાસ નથી, બની શકે છે કે શરૂઆતમાં સૌ વખાણ કરતા-કરતા ઊભા થાય અને પાછળથી જયારે કાફિરોને મો'મિનોથી અલગ કરવામાં આવે જેમકે સૂરએ યાસીનની આયતમાં છે وَامْتَازُوا الْيَوْمَ اَيُّهَا الْمُجْرِمُوْنَ (હે મુજરિમો ! તમે આજે બધા અલગ થઈને એકઠા થઈ જાઓ-૩૬:૫૯) તે સમયે તેમના મુખેથી આ શબ્દો પણ સરી

પડશે જે પ્રસ્તુત આયતમાં આવ્યા છે અને આ બાબત કુર્આન તથા સુન્નતના અનેક ખુલાસાઓથી જાણ થઈ છે અને સાબિત થઈ ચૂકી છે કે મહશરના વિવિધ સ્થળો હશે, દરેક પ્રસંગોમાં લોકોની વિવિધ પરિસ્થિતિ હશે, ઈમામ કુર્તુબી (રહ.)એ ફરમાવ્યું કે હશ્રમાં ઊઠવાની શરૂઆત પણ વખાણથી થશે, સૌ વખાણ કરતા- કરતા ઊભા થશે અને બધા મા'મલાઓની પૂર્ણતા પણ અલ્લાહના વખાણથી જ થશે, જેમકે ઈરશાદ છે وَقُضِيَ بَيْنَهُمْ بِالْحَقِّ وَقِيلَ الْحَمْدُ لِلَّهِ رَبِّ الْعَالَمِينَ "સૌ મહશરના ઉપસ્થિતોનો ફેંસલો હક પ્રમાણે કરી આપવામાં આવ્યો છે અને એ કહેવામાં આવ્યું કે વખાણ અને શુક્ર છે અલ્લાહ રબ્બુલ આલમીનનો." ૩૯:૭૫

આયતો : (સૂરએ બની ઇસ્રાઈલઃ આયત નં. ૫૩ થી ૫૫)

وَقُلْ لِّعِبَادِيْ يَقُوْلُوا الَّتِيْ هِيَ اَحْسَنُ ۭ اِنَّ الشَّيْطٰنَ يَنْزَغُ بَيْنَهُمْ ۭ اِنَّ الشَّيْطٰنَ كَانَ لِلْاِنْسَانِ عَدُوًّا مُّبِيْنًا ﴿٥٣﴾ رَبُّكُمْ اَعْلَمُ بِكُمْ ۭ اِنْ يَّشَاْ يَرْحَمْكُمْ اَوْ اِنْ يَّشَاْ يُعَذِّبْكُمْ ۭ وَمَآ اَرْسَلْنٰكَ عَلَيْهِمْ وَكِيْلًا ﴿٥٤﴾ وَرَبُّكَ اَعْلَمُ بِمَنْ فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ ۭ وَلَقَدْ فَضَّلْنَا بَعْضَ النَّبِيّٖنَ عَلٰي بَعْضٍ وَّاٰتَيْنَا دَاوٗدَ زَبُوْرًا ﴿٥٥﴾

તરજુમો :

અને મારા બંદાઓને કહી આપો કે વાત તે જ કહે જે બહેતર હોય, શયતાન તેમનામાં ઝઘડો કરાવે છે, બેશક ! શયતાન માનવીનો ઉઘાડો દુશ્મન છે. (૫૩) તમારો પરવરદિગાર સારી પેઠે તમને જાણે છે, જો ચાહે તમારા ઉપર રહમ કરે અને જો ઈચ્છે તમને અઝાબ આપે અને અમે તમને તેમના ઉપર જવાબદારી લેનારા નથી મોકલ્યા. (૫૪) અને તમારો પરવરદિગાર તેને સારી પેઠે જાણે છે જે આસમાનોમાં છે અને જમીનમાં અને અમે અમુક પયગમ્બરોને અમુકથી ફઝીલતવાળા કર્યા છે અને અમે દાવુદ (અલૈ.)ને ઝબૂર આપી. (૫૫)

તફસીર :

અને આ મારા (મુસલમાન) બંદાઓને કહી આપો કે (જો કાફિરો જવાબ

આપે તો) એવી વાત કહ્યા કરો જે (વર્તણૂકના આધારે) ઉત્તમ હોય (એટલે કે તેમાં કઠોર વાણી અથવા ઉશ્કેરાટ ઉપજાવે તેવી ભાષાનો ઉપયોગ ન થવા પામે કારણ કે) શયતાન (કઠોર વાત કહેવડાવીને) લોકોમાં ઝઘડો-ફસાદ નંખાવે છે, વાસ્તવમાં શયતાન મનુષ્યનો ખુલ્લો શત્રુ છે, (આ કારણે એ તા'લીમ આપવામાં આવી રહી છે કે કઠોર બનવામાં કોઈ લાભ નથી હોતો તથા હિદાયત અને ગુમરાહી તો અલ્લાહના નિર્ણયને તાબે હોય છે) તમારા સૌની હાલત તમારો પરવરદિગાર ઘણી સારી પેઠે જાણે છે (કે કોણ કઈ વસ્તુના યોગ્ય છે, બસ) જો તે ઇચ્છે તો તમારા(માંથી જેના) ઉપર (ઇચ્છે) રહમત કરે (એટલે કે હિદાયત આપે) અથવા જો તે ઇચ્છે તો તમારા(માંથી જેના) ઉપર (ઇચ્છે) અઝાબ આપે (એટલે કે તેને તવફીક અને હિદાયત ન આપે) અને અમે તમને તેમના જવાબદાર બનાવીને મોકલ્યા નથી (અને જ્યારે નબી હોવા છતાં આપને જવાબદાર નથી બનાવવામાં આવ્યા તો અન્યોની શું મજાલ છે, એટલા માટે કોઈની પાછળ પડવું અથવા તેના ઉપર સખ્તી કરવી લાભ વગરની બાબત છે).

અને તમારો પરવરદિગાર ઘણી સારી પેઠે જાણે છે તેને (પણ) જે આસમાનોમાં છે અને (તેને પણ કે જે) જમીનમાં છે (આસમાનવાળાઓનો ભાવાર્થ ફરિશ્તા અને જમીનવાળાઓનો ભાવાર્થ મનુષ્ય તથા જિન્નાત છે, મતલબ એ છે કે અમે સારી પેઠે વાકેફ છીએ તેમનામાંથી કોને નબી અને રસૂલ બનાવવું યોગ્ય છે અને કોને નહીં, એટલા માટે જો અમે તમને નબી બનાવ્યા તો તેમાં કોઈ આશ્ચર્યની વાત નથી) અને (એ જ પ્રમાણે જો અમે તમને અન્યો ઉપર શ્રેષ્ઠતા અર્પી તો તેમાં શું આશ્ચર્ય છે ? કારણ કે) અમે (પહેલાં પણ) અમુક નબીઓને અમુક ઉપર શ્રેષ્ઠતા આપી છે (અને એ જ પ્રમાણે જો અમે તમને કુર્આન આપ્યું તો તે કોઈ આશ્ચર્યની વાત નથી, કારણ કે તમારાથી અગાઉ) અમે દાવુદ (અલૈ.)ને ઝબૂર આપી ચૂક્યા છે.

મસ્અલા અને બોધપાઠ :

કઠોર ભાષામાં વાતચીત કરવી તથા અપશબ્દો કહેવા કાફિરો સાથે પણ યોગ્ય વર્તાવ નથી :

પ્રથમ આયતમાં મુસલમાનોને જે કાફિરો સાથે સખત ભાષામાં વાત

કરવાની મનાઈ કરવામાં આવી છે તેનો ભાવાર્થ એ છે કે વિના જરૂરતે કઠોર અને સખત ભાષા વાપરવામાં ન આવે, જો આવશ્યકતા હોય તો શરઈ જાઈઝ પદ્ધતિએ શરતો પૂર્ણ થતી હોય તો કતલ કરવા સુધીની પરવાનગી છે.

که بے حکم شرع آب خوردن خطاست وگر خون بفتویٰ بریزی رواست

શરીઅતના હુકમ વિના પાણી પીવું પણ ગુનોહ છે. (જેમકે રોઝામાં)
અને જો શરીઅત લોહી વહાવવાનો ફત્વો આપે તો લોહી વહાવવું જાઈઝ છે.

હલાલ પદ્ધતિ જિહાદ વગેરે દ્વારા કુફ્રના દબદબાને તથા ઈસ્લામના વિરોધને દબાવી શકાય છે એટલા માટે તેની પરવાનગી છે પરંતુ ગાળા-ગાળી કરવાથી અથવા સખત ભાષાનો ઉપયોગ કરવાથી ન તો કોઈ કિલ્લો જીતી શકાય છે અને ન જ કોઈને હિદાયત મળે છે, એટલા માટે તેની મનાઈ કરવામાં આવી છે. ઈમામ કુર્તુબીએ ફરમાવ્યું છે કે આ આયત હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ (રદિ.)ની એક ઘટના પ્રસંગે નાઝિલ થઈ, એવું બન્યું હતું કે કોઈ વ્યક્તિએ હઝરત ફારૂક (રદિ.)ને ગાળ આપી, તેના જવાબમાં તેમણે પણ તેને સખત જવાબ આપ્યો અને તેને કતલ કરવાનો ઈરાદો કર્યો, તેના પરિણામે ભય ઊભો થઈ ગયો કે બે કબીલાઓમાં યુદ્ધ છેડાઈ જાય, તેના ઉપર આ આયત નાઝિલ થઈ.

કુર્તુબીનું સંશોધન એ છે કે આ આયતમાં મુસલમાનોને પરસ્પર સંબોધન કરવા વિશે માર્ગદર્શન અને સૂચના છે કે પરસ્પર વિરોધ અને મતભેદના સમયે કઠોર ભાષાનો ઉપયોગ ન કર્યા કરો કે તેના દ્વારા શયતાન તે બંને વચ્ચે લડાઈ અને ફસાદ પેદા કરાવી દે છે.

وَاٰتَيۡنَا دَاوٗدَ زَبُوۡرًا અત્રે ખાસ વિશેષ સ્વરૂપે ઝબૂરનું વર્ણન કદાચ એટલા માટે કરવામાં આવ્યું છે કે ઝબૂરમાં રસૂલે કરીમ ﷺ વિશે એ ખબર આપવામાં આવી છે કે આપ ﷺ રસૂલ અને પયગમ્બર હોવાની સાથે-સાથે રાજ્ય શાસન અને સત્તાવાળા પણ થશે, જેમકે કુર્આને કરીમમાં છે, وَلَقَدۡ كَتَبۡنَا فِى الزَّبُوۡرِ مِنۡۢ بَعۡدِ الذِّكۡرِ اَنَّ الۡاَرۡضَ يَرِثُهَا عِبَادِىَ الصّٰلِحُوۡنَ (૨૧:૧૦૫) અને હાલની ઝબૂરમાં પણ અમુક લોકોએ એ બાબત ઉપસ્થિત હોવાનું સાબિત કર્યું છે. *(તફસીરે હક્કાની)*

ઈમામ બગવી (રહ.)એ પોતાની તફસીરમાં આ સ્થળે લખ્યું છે કે, ઝબૂર

અલ્લાહ તઆલાની કિતાબ છે જે હઝરત દાવુદ (અલૈ.) ઉપર નાઝિલ થઈ, જેમાં ૧૫૦ સૂરતો છે અને બધી જ સૂરતો માત્ર દુઆ અને વખાણ ઉપર આધારિત છે, તેમાં હલાલ અને હરામ તથા વારસા–વહેંચણીના કાનૂન કે સજાઓનું વર્ણન નથી.

આયતો : (સૂરએ બની ઇસ્રાઈલઃ આયત નં. ૫૬ થી ૫૮)

قُلِ ادْعُوا الَّذِيْنَ زَعَمْتُمْ مِّنْ دُوْنِهٖ فَلَا يَمْلِكُوْنَ كَشْفَ الضُّرِّ عَنْكُمْ وَلَا تَحْوِيْلًا ۝٥٦
اُولٰٓئِكَ الَّذِيْنَ يَدْعُوْنَ يَبْتَغُوْنَ اِلٰى رَبِّهِمُ الْوَسِيْلَةَ اَيُّهُمْ اَقْرَبُ وَيَرْجُوْنَ
رَحْمَتَهٗ وَيَخَافُوْنَ عَذَابَهٗ ۭ اِنَّ عَذَابَ رَبِّكَ كَانَ مَحْذُوْرًا ۝٥٧ وَاِنْ مِّنْ قَرْيَةٍ اِلَّا نَحْنُ
مُهْلِكُوْهَا قَبْلَ يَوْمِ الْقِيٰمَةِ اَوْ مُعَذِّبُوْهَا عَذَابًا شَدِيْدًا ۭ كَانَ ذٰلِكَ فِي الْكِتٰبِ مَسْطُوْرًا ۝٥٨

તરજુમો :

કહો, પોકારો ! જેને તમે તેના સિવાય સમજો છો, બસ તેઓ અધિકાર નથી ધરાવતા કે તમારાથી તકલીફ ખોલી દે અને ન જ બદલી આપે. (૫૬) તે લોકો જેમને આ પોકારે છે તે પોતે પોતાના પરવરદિગાર સુધી વસીલો શોધે છે કે કયો બંદો ઘણો નજીક છે અને તેની મહેરબાનીની ઉમ્મીદ રાખે છે અને તેના અઝાબથી ડરે છે, બેશક ! તારા પરવરદિગારનો અઝાબ ડરવાની વસ્તુ છે. (૫૭) અને કોઈ વસ્તી નથી જેને અમે ખરાબ કરી દઈશું નહીં (પરંતુ) કયામતથી પહેલાં અથવા તેના ઉપર આફત નાંખીશું, કઠોર આફત; આ કિતાબમાં લખવામાં આવેલું છે. (૫૮)

તફસીર :

તમે (આ લોકોને) કહી આપો કે જેને તમે અલ્લાહ સિવાય (મઅ્બૂદ) ઠરાવી રહ્યા છો (જેમકે ફરિશ્તા અને જિન્નાત) જરા તેમને (પોતાની તકલીફ દૂર કરવા માટે) પોકારો તો ખરા ! બસ તેઓ ન તો તમારી તકલીફને દૂર કરવાનો અધિકાર ધરાવે છે અને ન જ તેને બદલી નાંખવાનો (દાખલા તરીકે તકલીફને બિલકુલ દૂર ન કરી શકે તો થોડી ઘણી હલકી પણ કરી શકે એટલો પણ અધિકાર

નથી) આ લોકો કે જેને મુશ્રિકો (પોતાની જરૂરિયાત પૂરી કરવા અથવા મુસીબતો દૂર કરવા માટે) પોકારી રહ્યા છે તેઓ પોતે જ પોતાના પરવરદિગાર તરફ (પહોંચવા માટેનું) માધ્યમ શોધી રહ્યા છે કે તેમાં કોણ વધારે નિકટતા પામે છે (એટલે કે તેઓ પોતે જ આજ્ઞાપાલન અને ઈબાદતમાં મશ્ગૂલ છે, જેથી અલ્લાહ તઆલાની નિકટતા પ્રાપ્ત થઈ જાય અને ઈચ્છે છે કે નિકટતાની કક્ષા હજુ વધી જાય) અને તેની રહમતના આશાવાદી છે અને તેના અઝાબથી (નાફરમાનીના સ્વરૂપે) ડરે છે, ખરેખર તમારા પરવરદિગારનો અઝાબ ડરવાની જ વસ્તુ છે (મતલબ એ છે કે જ્યારે તે પોતે ઈબાદતગુઝાર છે તો તેઓ મઅ્બૂદો કઈ રીતે બની શકે છે અને જ્યારે તેઓ પોતે જ પોતાની જરૂરિયાતમાં અને તકલીફ દૂર કરવા માટે અલ્લાહ તઆલાના મોહતાજ છે તો તેઓ અન્યોની જરૂરિયાત કઈ રીતે પૂરી કરી શકે છે અથવા મુશ્કેલીઓ કઈ રીતે દૂર કરી શકે છે ? અને કાફિરોની) એવી વસ્તીઓ નથી જેને અમે કયામત પહેલાં હલાક ન કરીએ (અથવા કયામતના દિવસે) તેના નિવાસીઓને (દોઝખનો) સખત અઝાબ ન આપીએ, આ વાત કિતાબ (એટલે કે લવહે મહફૂઝ)માં લખાયેલી છે. (બસ, જે કોઈ કાફિર અહીંયાં હલાક થવાથી બચી ગયો તો કયામતના દિવસે મોટી આફતથી બચી શકશે નહીં અને સ્વાભાવિક મોતથી તેનું નાશ પામવું તો કાફિરો માટે કોઈ વિશેષ બાબત નથી, બધા જ સજીવો મૃત્યુ પામે છે એટલા માટે વસ્તીઓના હલાક થવાનો આ સ્થળે ભાવાર્થ એ છે કે કોઈ અઝાબ અથવા આફત દ્વારા તેમનો નાશ કરવામાં આવે, માટે ખુલાસો એ થયો કે કાફિરો ઉપર ક્યારેક તો દુનિયામાં અઝાબ થોપી દેવામાં આવે છે અને આખિરતનો અઝાબ તેના ઉપરાંત થશે અને કદી એવું પણ થશે કે દુનિયામાં કોઈ અઝાબ ન આવ્યો તો આખિરતના અઝાબથી કોઈપણ પરિસ્થિતિમાં છુટકારો નથી).

મસ્અલા અને બોધપાઠ :

يَبْتَغُوْنَ اِلٰى رَبِّهِمُ الْوَسِيْلَةَ માં શબ્દ وَسِيْلَهٗ (વસિલહ)નો અર્થ "દરેક તે વસ્તુ જેને કોઈ બીજા સુધી પહોંચવા માટેનું માધ્યમ બનાવવામાં આવે" અને અલ્લાહ માટે "વસિલહ" એ છે કે જ્ઞાન અને અમલમાં અલ્લાહ તઆલાની મરજીની દરેક સમયે કાળજી રાખે અને શરીઅતના હુકમોની પાબંદી કરે,

મતલબ એ છે કે આ સૌ લોકો પોતાના નેક આચરણ દ્વારા અલ્લાહ તઆલાની નિકટતા પ્રાપ્ત કરવાની તલબમાં લાગેલા છે.

يَرْجُوْنَ رَحْمَتَهٗ وَيَخَافُوْنَ عَذَابَهٗ હઝરત સહલ ઈબ્ને અબ્દુલ્લાહ (રદિ.)એ ફરમાવ્યું કે "રજાઅ્" અને "ખૌફ" એટલે કે, અલ્લાહ તઆલાની કૃપાના આશાવાદી પણ રહેવું અને તેનાથી ડરતા પણ રહેવું, આ મનુષ્યની બે વિવિધ પ્રકારની પરિસ્થિતિઓ છે, જ્યારે આ બંને સમાન કક્ષામાં રહે તો મનુષ્ય સીધા માર્ગ ઉપર ચાલતો રહે છે અને જો તેમાંથી કોઈ એકમાં ઉણપ રહી જાય તો એટલા પ્રમાણમાં માનવીની પરિસ્થિતિમાં ખરાબી આવી જાય છે. *(કુર્તુબી)*

આયતો : (સૂરએ બની ઇસ્રાઈલ : આયત નં. ૫૯-૬૦)

وَمَا مَنَعَنَآ اَنْ نُّرْسِلَ بِالْاٰيٰتِ اِلَّآ اَنْ كَذَّبَ بِهَا الْاَوَّلُوْنَ ۭ وَاٰتَيْنَا ثَمُوْدَ النَّاقَةَ مُبْصِرَةً
فَظَلَمُوْا بِهَا ۭ وَمَا نُرْسِلُ بِالْاٰيٰتِ اِلَّا تَخْوِيْفًا ﴿٥٩﴾ وَاِذْ قُلْنَا لَكَ اِنَّ رَبَّكَ اَحَاطَ بِالنَّاسِ ۭ
وَمَا جَعَلْنَا الرُّءْيَا الَّتِيْٓ اَرَيْنٰكَ اِلَّا فِتْنَةً لِّلنَّاسِ وَالشَّجَرَةَ الْمَلْعُوْنَةَ فِي الْقُرْاٰنِ ۭ وَنُخَوِّفُهُمْ ۙ
فَمَا يَزِيْدُهُمْ اِلَّا طُغْيَانًا كَبِيْرًا ﴿٦٠﴾ ع

તરજુમો :

અને અમે નિશાનીઓ મોકલવી એટલા માટે મોકૂફ કરી કે આગલાઓએ તેને જૂઠાડયું અને અમે ષમૂદને તેમને સમજાવવા માટે ઊંટણી આપી, પછી તેના ઉપર જુલમ કર્યો અને નિશાનીઓ જે અમે મોકલીએ છીએ બસ ડરાવવા માટે ! (૫૯) અને જ્યારે અમે તમને કહી દીધું કે તમારા પરવરદિગારે લોકોને ઘેરી લીધા છે અને તે દૃશ્ય જે અમે તમને બતાવ્યું બસ લોકોને પારખવા માટે અને એ જ પ્રમાણે તે વૃક્ષ જેના ઉપર કુર્આનમાં ફિટકાર છે અને અમે તેમને ડરાવીએ છીએ તો તેમની મોટી શરારત વધતી જાય છે. (૬૦)

તફસીર :

અને અમને ખાસ (માંગણી મુજબના) મોઅ્જિઝાઓ મોકલવાથી માત્ર

એ જ વાત અટકાવે છે કે અગાઉના લોકો તે (આવા જ મોઅ્જિઝાઓ)ને જૂઠાડી ચૂક્યા છે (અને સ્વાભાવિક રીતે બધા જ કાફિરો કુફ્રની બાબતમાં એકસમાન છે તો દેખીતું છે કે તેઓ પણ તેને જૂઠાડશે જ) અને (નમૂના સ્વરૂપે એક કિસ્સો પણ સાંભળી લો કે) અમે કોમે ષમૂદને (તેમની ફરમાઈશ પ્રમાણે હઝરત સાલિહ અલૈ.ને મોઅ્જિઝા સ્વરૂપે) ઊંટણી આપી હતી (જે આશ્ચર્યજનક રીતે પેદા થઈ હતી અને) જે (મોઅ્જિઝો હોવાને કારણે આપમેળે જ) બોધપાઠ ગ્રહણ કરવાનું માધ્યમ હતું, બસ તે લોકોએ (તેનાથી બોધપાઠ ગ્રહણ ન કર્યો બલકે) તેની સાથે જુલમ કર્યો (કે તેને કતલ કરી નાંખી તો દેખીતું એ છે કે જો આ ઉપસ્થિત લોકોને પણ ફરમાઇશ મુજબના મોઅ્જિઝાઓ બતાવવામાં આવશે તો તેઓ પણ એવું જ કરશે) અને અમે એવા મોઅ્જિઝાઓ માત્ર (એ કારણે) ચેતવણી માટે મોકલ્યા કરીએ છીએ (કે જો આ લોકો પોતાની માંગણી મુજબના મોઅ્જિઝાઓ જોઈને પણ ઈમાન નહીં લાવે તો તાત્કાલિક તેમનો નાશ કરી નાંખવામાં આવશે અને પરાપૂર્વેથી એવું જ થતું રહ્યું છે કે જે લોકોને કોઈ નબી દ્વારા પોતાની ફરમાઇશ મુજબના મોઅ્જિઝાઓ બતાવવામાં આવ્યા તો પણ તેઓ ઈમાન ન લાવ્યા તો આ જ બાબત તેમના સર્વનાશ અને જાહેર અઝાબનું કારણ બની ગઈ અને અલ્લાહની હિકમતનો તકાદો એ છે કે આ લોકો હમણા હલાક કરવામાં નહીં આવે, એટલા માટે તેમના માંગણી મુજબના મોઅ્જિઝાઓ બતાવવામાં નથી આવતા, આ વાતનું સમર્થન એ ઘટનાથી થાય છે કે જે આ લોકોના અગાઉ બની ચૂકી છે જેનું વર્ણન એ છે કે) તમે તે સમય યાદ કરો જ્યારે અમે તમને કહ્યું હતું કે તમારા પરવરદિગારે (પોતાના જ્ઞાન વડે) સમગ્ર લોકો(ની પરિસ્થિતિ જાહેર હોય અથવા ગુપ્ત, મોજૂદ હોય અથવા ભવિષ્યની)ને ઘેરી રાખેલ છે અને (ભવિષ્યમાં પણ તેમનું ઈમાન ન લાવવું પણ અલ્લાહ તઆલાને ખબર જ છે જેની એક દલીલ આ ઘટના છે કે) અમે (મેઅ્રાજમાં) જે (શણગારેલા) દૃશ્યો (જાગૃતાવસ્થામાં) તમને બતાવ્યા હતા અને જે વૃક્ષની કુર્આનમાં લા'નત કરવામાં આવી છે (એટલે કે ઝકૂમ–થોર કે જે કાફિરોનો ખોરાક છે) અમે તે બંને વસ્તુઓને તે લોકો માટે ગુમરાહીનું કારણ બનાવી દીધી (એટલે કે તે લોકોએ આ બંને બાબતોને સાંભળીને તેને જૂઠાડી, મેઅ્રાજની બાબત તો એ બીનાએ જૂઠાડી કે એક રાતના ટૂંકા સમયગાળામાં સિરીયા જવું અને પછી ત્યાંથી આસમાન ઉપર

જવું તેમના મતે શક્ય ન હતું અને ઝકૂમના ઝાડને એ કારણે જૂઠાડ્યું કે તેને દોઝખની અંદર બતાવવામાં આવે છે તો આગમાં કોઈ વૃક્ષ કઈ રીતે રહી શકે છે, જો હોય તો પણ સળગી જાય જ્યારે કે ન તો એક રાતમાં આટલો લાંબો સફર કરવો બૌદ્ધિક રીતે અશક્ય છે અને ન જ આસમાન ઉપર જવું અસંભવ છે અને આગની અંદર વૃક્ષનું અસ્તિત્વ તેમની સમજમાં ન આવ્યું, જ્યારે કે એ પણ કોઈ અશક્ય બાબત નથી કે કોઈ વૃક્ષની ખાસિયતો જ અલ્લાહ તઆલા એવી બનાવી આપે કે પાણીના બદલે આગથી પોષણ પામે, પછી ફરમાવ્યું) અને અમે તે લોકોને ડરાવતા (ચેતવણી આપતા) રહીએ છીએ પરંતુ તેમની મોટી બળવાખોરી વધતી જ જાય છે (થોરના ઝાડનો ઈન્કાર કરવાની સાથે સાથે આ લોકો તેમની ઠઠ્ઠા મશ્કરી પણ કર્યા કરતા હતા જેનું વર્ણન વધારે તહકીકપૂર્વક સૂરએ સાફ્ફાતમાં આવશે).

મસ્અલા અને બોધપાઠ :

وَمَا جَعَلْنَا الرُّءْيَا الَّتِيْٓ اَرَيْنٰكَ اِلَّا فِتْنَةً لِّلنَّاسِ એટલે કે, શબે મેઅ્રાજના જે દશ્યો અમે તમને બતાવ્યા હતા તે લોકો માટે એક ફિત્નો હતો. શબ્દ فِتْــنَـــة (ફિત્નહ) અરબી ભાષામાં ઘણા બધા અર્થો માટે ઉપયોગ થાય છે, તેનો એક અર્થ એ છે જે તફસીરના ખુલાસામાં લેવામાં આવ્યો છે, એટલે કે "ગુમરાહી." અહીંયાં બધા જ અર્થોની સંભાવના હોઈ શકે છે. હઝરત આયશા (રદિ.) તથા હઝરત મુઆવીઆ (રદિ.), હસન (રહ.) અને મુજાહિદ (રહ.) વગેરે તફસીરના ઈમામોએ આ સ્થળે "ફિત્નહ"નો ભાવાર્થ આ જ અંતિમ અર્થ લીધો છે અને આ ફરમાવ્યું છે કે આ ફિત્નો મુર્તદ થવાનો હતો કે જ્યારે રસૂલે કરીમ ﷺએ શબે મેઅ્રાજમાં બયતુલ મુકદસ અને ત્યાંથી આસમાંનો ઉપર જવાનું અને સવારથી પહેલાં પાછા આવવાનું વર્ણન કર્યું તો ઘણા બધા નવમુસ્લિમો જેમનું ઈમાન મજબૂત અને પાકું ન થયું હતું તેઓ આ બાબતને જૂઠાડવા લાગ્યા અને મુર્તદ થઈ ગયા.

(કુર્તુબી)

આ ઘટનાથી એ પણ સાબિત થઈ ગયું કે શબ્દ رُؤْيَا (રુઅ્યા)નો અરબી ભાષામાં અર્થ જો કે "સ્વપ્ન"નો પણ થાય છે પરંતુ આ સ્થળે ભાવાર્થ સ્વપ્નનો કિસ્સો નથી, કારણ કે એવું હોત તો લોકોના મુર્તદ થઈ જવાનું કોઈ કારણ ન હતું,

સ્વપ્ન તો દરેક વ્યક્તિ એવું જોઈ શકે છે બલકે આ સ્થળે رُؤْيَـــا (રુઅ્યા)નો ભાવાર્થ એક આશ્ચર્યજનક ઘટનાને જાગૃતાવસ્થામાં બતાવવાનો થાય છે, પ્રસ્તુત આયતની તફસીરમાં અમુક લોકોએ તેને મેઅ્રાજની ઘટના સિવાય બીજી ઘટનાઓ માટે પણ હોવાનું ઠરાવ્યું છે પરંતુ સમગ્રતઃ તે અહીંયાં લાગુ પડતું નથી, એટલા માટે જમહૂર (બહુમતી) લોકોએ મેઅ્રાજની ઘટના સાથે જ આ આયત સંલગ્ન હોવાનું ઠરાવ્યું છે. (કુર્તુબી)

આયતો : (સૂરએ બની ઇસ્રાઈલઃ આયત નં. ૬૧ થી ૬૫)

وَاِذْ قُلْنَا لِلْمَلٰٓئِكَةِ اسْجُدُوْا لِاٰدَمَ فَسَجَدُوْٓا اِلَّآ اِبْلِيْسَ ؕ قَالَ ءَاَسْجُدُ لِمَنْ خَلَقْتَ
طِيْنًا ﴿۶۱﴾ۚ قَالَ اَرَءَيْتَكَ هٰذَا الَّذِيْ كَرَّمْتَ عَلَيَّ ؗ لَئِنْ اَخَّرْتَنِ اِلٰى يَوْمِ الْقِيٰمَةِ لَاَحْتَنِكَنَّ
ذُرِّيَّتَهٗٓ اِلَّا قَلِيْلًا ﴿۶۲﴾ قَالَ اذْهَبْ فَمَنْ تَبِعَكَ مِنْهُمْ فَاِنَّ جَهَنَّمَ جَزَآؤُكُمْ جَزَآءً
مَّوْفُوْرًا ﴿۶۳﴾ وَاسْتَفْزِزْ مَنِ اسْتَطَعْتَ مِنْهُمْ بِصَوْتِكَ وَاَجْلِبْ عَلَيْهِمْ بِخَيْلِكَ وَرَجِلِكَ
وَشَارِكْهُمْ فِى الْاَمْوَالِ وَالْاَوْلَادِ وَعِدْهُمْ ؕ وَمَا يَعِدُهُمُ الشَّيْطٰنُ اِلَّا غُرُوْرًا ﴿۶۴﴾
اِنَّ عِبَادِيْ لَيْسَ لَكَ عَلَيْهِمْ سُلْطٰنٌ ؕ وَكَفٰى بِرَبِّكَ وَكِيْلًا ﴿۶۵﴾

તરજુમો :

અને જ્યારે અમે ફરિશ્તાઓને કહ્યું, આદમ (અલૈ.)ને સિજ્દહ કરો તો સિજ્દહમાં પડી ગયા પરંતુ ઈબ્લીસ; બોલ્યો, શું હું એક વ્યક્તિને સિજ્દહ કરું જેને તેં માટીનો બનાવ્યો ? (૬૧) કહેવા લાગ્યો, ભલા જુઓ તો ! આ વ્યક્તિ જેને તેં મારાથી વધારી દીધો, જો તું મને કયામતના દિવસ સુધી ઢીલ આપે તો હું તેની અવલાદને વશમાં કરી લઉં ઘણા થોડા સિવાય. (૬૨) ફરમાવ્યું, જા ! પછી જે કોઈ તેમનામાંથી તારી સાથે થયો બસ તમારા સૌની સજા દોઝખ છે સંપૂર્ણ બદલો. (૬૩) અને ફોસલાવી લે જેના ઉપર તેમનામાંથી પોતાના અવાજથી તારું જોર ચાલે અને તેમના ઉપર પોતાના સવાર અને પ્યાદાં લઈ આવ અને તેમની સાથે માલ અને અવલાદમાં

ભાગીદારી કર અને તેમને વાયદો આપ અને શયતાન તેમને કંઈ વાયદો નથી આપતો પરંતુ માત્ર દગાબાજી. (૬૪) તે જે મારા બંદાઓ છે તેમના ઉપર તારી સત્તા નથી અને તારો પરવરદિગાર કામ બનાવનારો પૂરતો છે.(૬૫)

તફસીર :

અને (તે સમય યાદ કરવાપાત્ર છે) જ્યારે કે અમે ફરિશ્તાઓને કહ્યું કે આદમને સિજ્દહ કરો તો સૌએ સિજ્દહ કર્યો પરંતુ ઇબ્લીસે (ન કર્યો અને) કહ્યું કે શું હું એવા વ્યક્તિને સિજ્દહ કરું જેને તેં માટીથી બનાવ્યો છે ? (આથી તે તિરસ્કૃત-મરદૂદ થઈ ગયો, તે સમયે) કહેવા લાગ્યો કે આ વ્યક્તિ કે જેને તેં મારા ઉપર શ્રેષ્ઠતા અર્પી છે (અને એ બીના ઉપર તું તેને સિજ્દહ કરવાનો મને હુકમ આપે છે) તો ભલા બતાવ, (એમાં શું શ્રેષ્ઠતા છે જેના કારણે મને તિરસ્કૃત કર્યો ?) જો તું (મારી દરખાસ્ત પ્રમાણે) મને કયામતના સમય સુધી (મોતથી) મહોલત આપી દે તો હું (પણ) ઘણા થોડા લોકો (કે જેઓ નિખાલસ અને ફરમાંબરદાર હશે તેમના) સિવાય તેની બધી જ અવલાદને પોતાના વશમાં કરી લઈશ (એટલે કે ગુમરાહ કરી દઈશ), ઈરશાદ થયો (જા ! તારાથી જે થઈ શકે તે કરી લે) જે વ્યક્તિ તેમનામાંથી તારી સાથે થઈ જશે તો તમારા સૌની સજા જહન્નમ છે, પૂરેપૂરી સજા; અને તેમનામાંથી જેના ઉપર તારો કાબૂ ચાલે તારા બૂમ-બરાડાથી (એટલે કે તારા વસવસાઓ અને ભ્રમણાઓથી) તેમના કદમ (સીધા માર્ગેથી) ઉખેડી નાંખજે અને તેમના ઉપર પોતાના સવાર અને પ્યાદાંઓ ચઢાવી લાવજે (કે તું અને તારું લશ્કર બધા મળીને ખૂબ જોર લગાવો) અને તેમના માલ અને અવલાદમાં તારી ભાગીદારી કરજે (એટલે કે માલ અને અવલાદને ગુમરાહીનું માધ્યમ બનાવજે, જેમકે તે અનુભવે સિદ્ધ થયેલ બાબત છે) અને તેમને (જૂઠા-જૂઠા) વાયદા કરજે (કે કયામતમાં ગુનાહો ઉપર કોઈ પકડ થશે નહીં અને આ બધી વાતો શયતાનને ચેતવણી અને ધમકી સ્વરૂપે કહેવામાં આવી છે) અને શયતાન તે લોકો સાથે બિલકુલ જૂઠા વાયદાઓ કરે છે, (આ વાક્ય અહીંયાં રદિયા સ્વરૂપે હતું આગળ ફરી શયતાનને સંબોધન છે કે) મારા ખાસ બંદાઓ ઉપર તારો કાબૂ ચાલશે નહીં અને (હે મુહમ્મદ ﷺ ! તેનો કાબૂ અને

જોર મુખ્લિસ બંદાઓ ઉપર કઈ રીતે ચાલી શકે જ્યારે કે) તમારો પરવરદિગાર (તેમનો) કાર્યસાધક છે.

મસ્અલા અને બોધપાઠ :

لَاَحْتَنِكَنَّ માં اِحْتِنَاكٌ (ઈહ્તિનાક)નો અર્થ કોઈ વસ્તુને નામશેષ અથવા ફના કરી દેવી અથવા તો સંપૂર્ણ રીતે તેના ઉપર છવાઈ જવું. (કુર્તુબી) وَاسْتَفْزِزْ (વસ્તફ્ઝિઝ)માં اِسْتِفْزَازٌ (ઈસ્તિફ્ઝાઝ)નો મૂળ અર્થ કાપી નાંખવું થાય છે, આ સ્થળે ભાવાર્થ સત્યથી કાપી નાંખવાનો થાય છે. بِصَوْتِكَ (બિ સવતિક)માં صَوْتٌ (સવ્ત) એ પ્રચલિત અવાજને કહે છે અને શયતાનનો અવાજ શું છે તેના વિશે હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)એ ફરમાવ્યું કે ગીત-સંગીત અને અર્થહીન રમૂજ અને રમતો એ શયતાનના અવાજો છે જેનાથી તે લોકોને સત્યથી કાપી નાંખે છે. (કુર્તુબી) આથી જાણ થઈ કે સંગીત અને મ્યુઝીક તથા ગાવું-વગાડવું વગેરે હરામ છે. *(કુર્તુબી)*

ઈબ્લીસે હઝરત આદમ (અલૈ.)ને સિજ્દહ ન કરવાના સમયે બે વાતો કહી હતી, પ્રથમ એ કે આદમ (અલૈ.) માટીથી પેદા કરવામાં આવ્યા છે અને હું આગની મખ્લૂક છું, તેં માટીને આગ ઉપર કેમ શ્રેષ્ઠતા અને સન્માન આપ્યું ? આ સવાલ અલ્લાહના હુકમના મુકાબલામાં હકીમની હિકમત જાણવા વિશેનો હતો જેનો કોઈપણ તા'બા હેઠળના વ્યક્તિને અધિકાર નથી, અલ્લાહ તઆલા શા'નુહૂને તેના હિકમતના તકાદા વિશે સવાલ કરવાનો તેના ગુલામ બંદાઓને શું હક હોય ? દુનિયામાં પોતે મનુષ્યો પણ પોતાના નોકરોને એ હક નથી આપતો કે કોઈ નોકર-ચાકરને કોઈ હુકમ આપે તો તે સેવક કામ કરવાના બદલે માલિકની પૂછતાછ કરવા માંડે કે આ કામમાં શું હિકમત છે ? એટલા માટે શયતાનના આ સવાલને જવાબ આપવાને પાત્ર ઠરાવવામાં ન આવ્યો અને એ જ કારણે જવાબ આપવામાં આવ્યો નથી, તદુપરાંત દેખીતું છે કે કોઈ વસ્તુને કોઈ બીજી વસ્તુ ઉપર જ્યારે શ્રેષ્ઠતાનો હક તે જાત દ્વારા જ મળે જેણે તે બંનેને પેદા કર્યા અને પાલન-પોષણ કર્યું છે તો જે સમયે જે વસ્તુને અન્ય વસ્તુ ઉપર શ્રેષ્ઠતા આપી એ તે જ સમયે શ્રેષ્ઠ થઈ જશે.

શયતાને બીજી બાબત એ કહી હતી કે જો તું કયામત સુધીના જીવનની

મારી દરખાસ્ત મંજૂર કરી લે તો હું આદમની બધી જ અવલાદને અમુક થોડા લોકો સિવાય ગુમરાહ કરી નાંખીશ. પ્રસ્તુત આયતોમાં અલ્લાહ તઆલાએ તેનો જવાબ આપ્યો કે મારા ખાસ બંદાઓ જે મુખ્લિસ છે તેના ઉપર તારો કોઈ કાબૂ ચાલશે નહીં, ભલે તું પોતાના સમગ્ર લાવ-લશ્કર લઈ આવે અને સંપૂર્ણ બળ વાપરી નાંખે, બાકી ગેરમુખ્લિસ જો તે તારા કાબૂમાં આવી ગયા તો તેમના પણ તે જ હાલ થશે જે તારો છે કે જહન્નમના અઝાબમાં તમને સૌને પકડી લેવામાં આવશે. તેમાં اَجْلِبْ عَلَيْهِمْ بِخَيْلِكَ وَرَجِلِكَ માં જે શયતાનના લશ્કરના સવારો અને પાયદળનું વર્ણન છે તેનાથી એ જરૂરી નથી કે વાસ્તવમાં પણ શયતાનના અમુક સવારો હોય, અમુક પાયદળ હોય બલકે આ રૂઢિપ્રયોગ અને મહાવરો સંપૂર્ણ લશ્કર અને સંપૂર્ણ શક્તિ વાપરી નાંખવા માટેના અર્થમાં બોલવામાં આવે છે અને જો વાસ્તવમાં પણ એવું જ હોય કે શયતાનના અમુક સવાર હોય, અમુક પ્યાદાં હોય તો તેમાં પણ કોઈ ઇન્કાર કરવાનું કારણ નથી તથા હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)એ ફરમાવ્યું કે જેટલા વ્યક્તિઓ પણ કુફ્ર અને ગુનાહની હિમાયતમાં લડવા માટે ચાલે છે તે બધા જ સવારો અને પાયદળ સઘળા શયતાનના સવાર તથા પાયદળ છે, રહી બાબત એ કે શયતાનને આ કેવી રીતે ખબર થઈ કે તે આદમની અવલાદને બહેકાવીને ગુમરાહ કરવા ઉપર શક્તિશાળી થઈ જશે જેની બીના ઉપર તેણે આ દા'વો કર્યો ? તો શક્ય છે કે મનુષ્યના અસ્તિત્વના વિભાગો અને તેની બનાવટ જોઈને તેણે સમજી લીધું હોય કે તેનામાં મહેચ્છાઓ છવાયેલી રહેશે, એટલા માટે બહેકાવવામાં આવી જવું કોઈ મુશ્કેલ નથી અને તે પણ કોઈ અશક્ય વાત નથી કે આ દા'વો પણ માત્ર જૂઠો જ હોય.

وَشَارِكْهُمْ فِى الْاَمْوَالِ وَالْاَوْلَادِ લોકોના માલ અને અવલાદમાં શયતાનની ભાગીદારીનો ભાવાર્થ હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)એ એ વર્ણન કર્યો કે જે માલ અને સામાન નાજાઇઝ અને હરામ પદ્ધતિથી પ્રાપ્ત કરવામાં આવે અથવા હરામ કામો ઉપર ખર્ચ કરવામાં આવે તો આ જ બાબત શયતાનની તેમાં ભાગીદારી છે અને અવલાદમાં શયતાનની ભાગીદારી હરામ અવલાદ થવાથી પણ થાય છે અને તેમાં પણ કે અવલાદના નામ મુશ્રિકો જેવા રાખે તથા તેમના

રક્ષણ માટે મુશ્રિકો જેવા કુરિવાજો અપનાવે તથા તેમના પાલન-પોષણ માટે હરામ માધ્યમો દ્વારા આવક મેળવે. (કુર્તુબી)

આયતો : (સૂરએ બની ઇસ્રાઈલ: આયત નં. ૬૬ થી ૭૦)

رَبُّكُمُ الَّذِيْ يُزْجِيْ لَكُمُ الْفُلْكَ فِي الْبَحْرِ لِتَبْتَغُوْا مِنْ فَضْلِهٖ ۭ اِنَّهٗ كَانَ بِكُمْ رَحِيْمًا (٦٦)
وَاِذَا مَسَّكُمُ الضُّرُّ فِي الْبَحْرِ ضَلَّ مَنْ تَدْعُوْنَ اِلَّآ اِيَّاهُ ۚ فَلَمَّا نَجّٰىكُمْ اِلَى الْبَرِّ اَعْرَضْتُمْ ۭ
وَكَانَ الْاِنْسَانُ كَفُوْرًا (٦٧) اَفَاَمِنْتُمْ اَنْ يَّخْسِفَ بِكُمْ جَانِبَ الْبَرِّ اَوْ يُرْسِلَ عَلَيْكُمْ
حَاصِبًا ثُمَّ لَا تَجِدُوْا لَكُمْ وَكِيْلًا (٦٨) اَمْ اَمِنْتُمْ اَنْ يُّعِيْدَكُمْ فِيْهِ تَارَةً اُخْرٰى فَيُرْسِلَ
عَلَيْكُمْ قَاصِفًا مِّنَ الرِّيْحِ فَيُغْرِقَكُمْ بِمَا كَفَرْتُمْ ۙ ثُمَّ لَا تَجِدُوْا لَكُمْ عَلَيْنَا بِهٖ تَبِيْعًا (٦٩)
وَلَقَدْ كَرَّمْنَا بَنِيْٓ اٰدَمَ وَحَمَلْنٰهُمْ فِي الْبَرِّ وَالْبَحْرِ وَرَزَقْنٰهُمْ مِّنَ الطَّيِّبٰتِ وَفَضَّلْنٰهُمْ
عَلٰي كَثِيْرٍ مِّمَّنْ خَلَقْنَا تَفْضِيْلًا (٧٠) ع

તરજુમો :

તમારો પરવરદિગાર તે છે જે તમારા માટે દરિયામાં વહાણ ચલાવે છે જેથી તેનો ફઝ્લ (રોજી) તલાશ કરો, તે જ તમારા ઉપર મહેરબાન છે. (૬૬) અને જ્યારે તમારા ઉપર દરિયામાં આફત આવે છે ભૂલી જાઓ છો જેને તમે અલ્લાહના સિવાય પોકાર્યા કરતા હતા; પછી જ્યારે તમને ખુશ્કી (ભૂ-ભાગ) તરફ બચાવી લાવ્યો ફરી જાઓ છો; અને મનુષ્ય ઘણો નાશુક્રો છે. (૬૭) બસ, શું તમે એનાથી નીડર થઈ ગયા કે તમને ખુશ્કી (ભૂ-ભાગ)ના કિનારે ધસાવી દે અથવા તમારા ઉપર પથ્થર વરસાવનારી અંધી મોકલે, પછી પોતાનો કોઈ સારસંભાળ લેનાર (નિગેહબાન) ન પામો. (૬૮) અથવા એનાથી નીડર થઈ ગયા કે ફરી તમને બીજી વખતે દરિયામાં લઈ જાય, પછી તમારા ઉપર હવાનું એક ભારે વાવાઝોડું મોકલે, પછી તમને તે નાશુક્રીના બદલામાં ડૂબાડી દે, પછી પોતાના તરફથી અમારા ઉપર તેનો

કોઈ પૂછતાછ કરનારો ન પામો. (૬૯) અને અમે આદમ (અલૈ.)ની અવલાદ (મનુષ્ય)ને ઈજ્જત આપી છે અને તેમને ખુશ્કી અને દરિયા (જમીન અને પાણી)માં સવારી આપી અને અમે તેમને સ્વચ્છ વસ્તુઓથી રોજી આપી અને તેમને ઘણાઓથી વધારી દીધા જેમને અમે મોટાઈ આપી પેદા કર્યા. (૭૦)

તફસીર :

(પાછલી આયતોમાં તવહીદની સાબિતીઓ તથા શિર્કનો રદિયો હતો, પ્રસ્તુત આયતોમાં આ જ વિષય એક ખાસ શૈલીથી વર્ણન કરવામાં આવ્યો છે, તેનો ખુલાસો એ છે કે અલ્લાહ તઆલાની અસંખ્ય મહાન નેઅ્મતો જે મનુષ્ય ઉપર દરેક સમયે વરસતી રહે છે તેને વર્ણન કરીને એ બતાવવાનું મંજૂર હતું કે તે તમામ નેઅ્મતોનો બખ્શનારો એકમાત્ર અલ્લાહ તઆલા સિવાય કોઈ અન્ય નથી હોઈ શકતો અને જ્યારે બધી જ નેઅ્મતો તેની છે તો તેની સાથે કોઈ બીજાને ભાગીદાર ઠરાવવું ઘણી મોટી ગુમરાહી છે. ઈરશાદ છે,)

તમારો પરવરદિગાર એવો (નેઅ્મતો આપનાર) છે કે તમારા (લાભ) માટે વહાણને દરિયામાં લઈને ચાલે છે જેથી તમે તેના દ્વારા રોજી તલાશ કરો (તેમાં ઈશારો છે કે સમુદ્રી સફર વેપાર માટે સામાન્યતઃ મોટા લાભનું કારણ હોય છે) બેશક ! તે તમારી હાલત ઉપર ઘણો મહેરબાન છે અને જ્યારે તમને દરિયામાં કોઈ તકલીફ પહોંચે છે (દાખલા તરીકે દરિયાના મોજાંઓ અથવા હવાના તોફાન વગેરે દ્વારા ડૂબવાનો ભય હોવો) તો અલ્લાહ સિવાય જેની તમે ઈબાદત કરતા હતા બધા ગાયબ થઈ જાય છે (કે ન તો તમને પોતે તે સમયે તેનું ભાન રહે છે અને ન જ તમે તેને પોકારો છો અને પોકારો છો તો પણ તેમનામાંથી કોઈની મદદની સંભાવના નથી, આ પોતે અમલી સ્વરૂપે તમારા તરફથી તવહીદનો સ્વીકાર અને શિર્કનો રદિયો છે), પછી જ્યારે તમને ભૂ-ભાગ તરફ બચાવી લાવે છે તો તમે ફરી રુખ ફેરવી લો છો અને મનુષ્ય ઘણો જ નગુણો છે (કે આટલી જલદી અલ્લાહના ઈનામને અને પોતાની વિનવણી અને કાકલૂદીને ભૂલી જાય છે અને તમે જે ભૂ-ભાગ ઉપર પહોંચીને તેનાથી પોતાનું રુખ ફેરવી લો છો) તો શું તમે એ વાતથી નચિંત થઈને બેઠા છો કે તમને ભૂ-ભાગમાં લાવીને જ

જમીનમાં ધસાવી દે (મતલબ એ છે કે અલ્લાહ તઆલા નજીક દરિયો અને જમીનમાં કોઈ ફરક નથી, તે જેવો દરિયામા ડૂબાડી શકે છે તેવી રીતે જમીન ઉપર પણ તમને ધરતીમાં ધસાવી શકે છે) અથવા તમારા ઉપર કોઈ એવી સખત હવા મોકલી દે જે કાંકરા–પથ્થર વરસાવવા લાગે (જેમકે કોમે આદ સાથે એવું જ થયું હતું કે તેમને તોફાનથી હલાક કરવામાં આવ્યા હતા), પછી તમે અલ્લાહ સિવાય કોને પોતાનો કાર્યસાધક માનશો ? અથવા તમે એનાથી નચિંત થઈ ગયા કે અલ્લાહ તઆલા તમને દરિયામાં જ ફરીવાર લઈ જાય પછી તમારા ઉપર હવાનું તોફાન મોકલી આપે, પછી તમને તમારા કુફ્રના કારણે ડૂબાડી દે, પછી આ વાત ઉપર (એટલે કે ડૂબાડવા ઉપર) કોઈ અમારો પીછો કરનારું પણ તમને ન મળે (જે અમારી પાસેથી તેનો બદલો લઈ શકે) અને અમે આદમની અવલાદને (વિશિષ્ટ ખાસિયતો અને લક્ષણો આપીને) સન્માન આપ્યું અને અમે તેમને ભૂ–ભાગ અને દરિયામાં (જાનવરો અને વહાણો ઉપર) સવાર કર્યા અને તેમને પવિત્ર વસ્તુઓ અર્પણ કરી અને અમે તેમને પોતાની ઘણી બધી મખ્લૂક ઉપર શ્રેષ્ઠતા અર્પી.

મસ્અલા અને બોધપાઠ :

માનવજાતની શ્રેષ્ઠતા અન્ય સર્જન ઉપર શા કારણે છે ? :

અંતિમ આયતમાં માનવજાતની ઘણી બધી મખ્લૂકો ઉપર શ્રેષ્ઠતા અને વિશેષતાનું વર્ણન છે તેમાં બે વાતો વિચારપાત્ર છે, પ્રથમ એ કે આ શ્રેષ્ઠતાની ખાસિયતો અને તેના શું કારણો છે ? બીજું એ કે તેને બધી મખ્લૂકો ઉપર શ્રેષ્ઠતા આપવાનું વર્ણન ફરમાવ્યું છે તેનો શું ભાવાર્થ છે ?

પ્રથમ બાબતનો ખુલાસો એ છે કે અલ્લાહ તઆલાએ માનવજાતને વિવિધ સ્વરૂપોમાં એવી વિશિષ્ટતા અર્પણ કરી છે જે અન્ય મખ્લૂકોમાં નથી, દાખલા તરીકે ખૂબસુરતી, સમતોલ શરીર, સમતોલ સ્વભાવ, સમતોલ કદ–કાઠી જે મનુષ્યને અર્પણ થયું છે તે મોટા ભાગના પ્રાણીઓમાં નથી, તદુપરાંત બુદ્ધિ અને સમજદારીમાં તેને ખાસ વિશેષતા બખ્શવામાં આવી છે જેના દ્વારા તે સમગ્ર સૃષ્ટિની "ઉલ્યા" (ઉચ્ચ કક્ષાની) અને "સિફલિયા" (નિમ્ન કક્ષાની) મખ્લૂકો, પદાર્થોથી પોતાનું કામ કાઢે છે, તેને અલ્લાહ તઆલાએ એવી શક્તિ આપી છે કે

તે અલ્લાહના સર્જનમાંથી એવા ઢાંચાઓ અને કળાકારીગીરી દ્વારા વસ્તુઓ તૈયાર કરે છે જે તેના રહેવા-સહેવા અને તેના પ્રવાસ કરવા તથા ખાવા-પીવા અને પોશાકમાં વિવિધ સ્વરૂપે તેને કામ લાગે છે.

કથન અને શ્રવણશક્તિ, તર્ક અને બુદ્ધિશક્તિનો જે કોટો તેને અર્પણ થયો છે તે કોઈ બીજા પ્રાણીને નથી આપવામાં આવ્યો, ઈશારાઓ દ્વારા પોતાના દિલની વાત અન્યોને બતાવી દેવી, લખાણ અને પત્ર દ્વારા દિલની વાતને અન્યો સુધી પહોંચાડી દેવી આ બધું મનુષ્યની વિશેષતાઓમાંથી છે. અમુક વિદ્વાનોએ ફરમાવ્યું છે કે હાથની આંગળીઓથી ખાવું પણ મનુષ્યની વિશિષ્ટ સિફત છે, તેના સિવાય બધા જ જાનવરો મોઢાંથી ખાય છે, પોતાની ખાવાની વસ્તુઓને વિવિધ પદાર્થો દ્વારા બનાવીને સ્વાદિષ્ટ અને લાભદાયક બનાવવાનું કાર્ય પણ મનુષ્ય જ કરે છે બાકી બધા પ્રાણીઓ દરેક વસ્તુ અલગ-અલગ ખાય છે, કોઈ કાચો માંસ ખાય છે, કોઈ ઘાસ તો કોઈ ફળ વગેરે. મતલબ કે બધા જ ખાવાના પદાર્થો અલગ-અલગ ખાય છે, મનુષ્ય જ પોતાના ખોરાક માટે આ બધી વસ્તુઓનું મિશ્રણ તૈયાર કરે છે અને સૌથી મોટી શ્રેષ્ઠતા બુદ્ધિ અને સમજદારી છે જેનાથી તે પોતાના સર્જનહાર અને માલિકને ઓળખે છે અને તેની મરજી અને નામરજી જાણીને તેની મરજીનું અનુસરણ કરે છે અને તેની અનિચ્છાથી બચે છે તથા અક્કલ અને બુદ્ધિના આધારે સર્જનની વહેંચણી એ રીતે છે કે સામાન્ય જાનવરોમાં ઈચ્છાઓ (ખ્વાહિશાત) અને જાતીયતા છે પરંતુ તેમનામાં બુદ્ધિ કે સમજદારીની માત્રા મનુષ્ય જેટલી નથી, ફરિશ્તાઓમાં બુદ્ધિ અને સમજદારી છે પરંતુ જાતીય આવેગ કે મહેચ્છાઓ નથી, મનુષ્યમાં આ બંને વસ્તુઓનું મિશ્રણ છે, બુદ્ધિ અને સમજદારી પણ છે, જાતીયતા અને મહેચ્છાઓ પણ છે, એ જ કારણે જ્યારે તે જાતીય આવેગો અથવા મહેચ્છાઓને અક્કલ અને સમજદારી દ્વારા પરાજિત કરે છે અને અલ્લાહ તઆલાની નાપસંદ કરેલ વસ્તુઓથી પોતાને બચાવી લે છે તો તેનું સ્થાન ઘણા બધા ફરિશ્તાઓથી પણ ઊંચું થઈ જાય છે.

બીજી વાત એ છે કે આદમની અવલાદને મોટા ભાગની મખ્લૂકો ઉપર શ્રેષ્ઠતા આપવાનો શું અર્થ છે ? તેમાં તો કોઈ વિરોધાભાસ કે સંભાવના નથી કે દુનિયાની બધી જ મખ્લૂકો "ઉલ્યા" અને "સિફલિયા" તથા બધા જ પશુઓ ઉપર માનવજાતને શ્રેષ્ઠતા પ્રાપ્ત છે, એ જ પ્રમાણે જિન્નાત જે બુદ્ધિ અને

સમજદારીમાં મનુષ્યની જેમ જ છે તેના ઉપર પણ મનુષ્યની શ્રેષ્ઠતા હોવી સૌના સમીપ સ્વીકાર્ય છે, હવે માત્ર મા'મલો ફરિશ્તાઓનો રહી ગયો કે મનુષ્ય અને ફરિશ્તાઓમાં કોણ શ્રેષ્ઠ છે ? તેમાં તહકીક અને સંશોધનયુક્ત બાબત એ છે કે માનવજાતમાં સામાન્ય મો'મિનો અને નેક લોકો જેમકે "અવલિયા અલ્લાહ"; તો તેઓ સામાન્ય ફરિશ્તાઓ કરતા શ્રેષ્ઠ છે પરંતુ ખાસ-ખાસ ફરિશ્તાઓ જેમકે હઝરત જિબ્રઈલ (અલૈ.), હઝરત મિકાઈલ (અલૈ.) વગેરે; તો તેઓ સામાન્ય નેક લોકો કરતાં ઉચ્ચ દરજ્જાના અને શ્રેષ્ઠ છે તથા ખાસ-ખાસ મો'મિનો જેમકે અંબિયા (અલૈ.) તો તેઓ આ ખાસ-ખાસ ફરિશ્તાઓ કરતાં પણ શ્રેષ્ઠ છે, બાકી રહ્યા કાફિરો અને દુષ્ટ મનુષ્યો તો દેખીતું છે કે તેઓ ફરિશ્તાઓ કરતાં શ્રેષ્ઠ તો શું હોય બલકે તે તો પશુઓથી પણ પોતાના મૂળ હેતુ સફળતા અને છુટકારામાં શ્રેષ્ઠ નથી, તેમના વિશે કુર્આન શરીફનો ફેંસલો છે, أُولَٰئِكَ كَالْأَنْعَامِ بَلْ هُمْ أَضَلُّ એટલે કે, "આ તો પશુઓ જેવા છે બલકે તેમનાથી પણ વધારે માર્ગ ભટકેલા છે." (૭:૧૭૯) વલ્લાહુ અઅ્લમુ. *(તફસીરે મઝહરી)*

આયતો : (સૂરએ બની ઇસ્રાઈલ : આયત નં. ૭૧-૭૨)

يَوْمَ نَدْعُوا كُلَّ أُنَاسٍ بِإِمَامِهِمْ ۖ فَمَنْ أُوتِيَ كِتَابَهُ بِيَمِينِهِ فَأُولَٰئِكَ يَقْرَءُونَ كِتَابَهُمْ وَلَا يُظْلَمُونَ فَتِيلًا ﴿٧١﴾ وَمَنْ كَانَ فِي هَٰذِهِ أَعْمَىٰ فَهُوَ فِي الْآخِرَةِ أَعْمَىٰ وَأَضَلُّ سَبِيلًا ﴿٧٢﴾

તરજુમો :

જે દિવસે અમે દરેક સમુદાયને તેમના સરદારો સાથે બોલાવીશું, બસ જેને તેનું આ'માલનામું તેના જમણા હાથમાં મળ્યું બસ તે લોકો પોતાનું લખાયેલું વાંચશે અને તેમના ઉપર એક દોરાનો જુલમ નહીં થાય. (૭૧) અને જે કોઈ આ દુનિયામાં આંધળો રહ્યો બસ તે આખિરતમાં પણ આંધળો છે અને માર્ગથી ઘણો દૂર જઈ પડેલો. (૭૨)

તફસીર :

(તે દિવસને યાદ કરવો જોઈએ) જે દિવસે અમે બધા જ માણસોને તેમના નામએ આ'માલ (સમગ્ર જીવનના સારા-નરસા કર્મોના હિસાબની ખાતાવહી)

સહિત (હશ્રના મેદાનમાં) બોલાવીશું (અને નામએ આ'માલ ઉડાવવામાં આવશે પછી કોઈના જમણા હાથમાં અને કોઈના ડાબા હાથમાં આવી જશે) પછી જેનું નામએ આ'માલ જમણા હાથમાં આપવામાં આવશે (અને તેઓ ઈમાનવાળા હશે) તો એવા લોકો પોતાનું આ'માલનામું (હરખભેર) વાંચશે અને તેમનું જરા પણ નુકસાન કરવામાં નહીં આવે (એટલે કે તેમને ઈમાન અને અમલનો પૂરે પૂરો સવાબ મળશે, જરા પણ ઓછું કરવામાં નહીં આવે, કદાચ વધારે પણ મળી જાય અને અઝાબથી છુટકારો પણ થશે, કદાચ પ્રથમથી જ અથવા તો ગુનાહોની સજા ભોગવ્યા પછી) અને જે લોકો દુનિયામાં (છુટકારાનો માર્ગ જોવાથી) આંધળા રહ્યા તો તેઓ આખિરતમાં પણ (છુટકારાની મંઝિલ સુધી પહોંચવાથી) આંધળા રહેશે અને (બલકે દુનિયાથી પણ) વધારે માર્ગ ભટકેલા હશે (કારણ કે દુનિયામાં તો ગુમરાહીનો ઈલાજ શક્ય હતો પરંતુ ત્યાં એ પણ થઈ શકશે નહીં અને આ તે લોકો છે જેમને તેમનું નામએ આ'માલ ડાબા હાથમાં આપવામાં આવશે).

મસ્અલા અને બોધપાઠ :

يَوْمَ نَدْعُوا كُلَّ أُنَاسٍ بِإِمَامِهِمْ આ આયતમાં શબ્દ إِمَامُ (ઈમામ) એ "ખાતાવહી-પુસ્તક"ના અર્થમાં છે, જેમકે સૂરએ યાસીનમાં ઈરશાદ થયો છે, وَكُلَّ شَيْءٍ أَحْصَيْنَاهُ فِي إِمَامٍ مُّبِينٍ (૩૬:૧૨) તેમાં إِمَامٍ مُبِين (ઈમામિમ્મુબીન)નો ભાવાર્થ "સ્પષ્ટ કિતાબ" છે અને "ખાતાવહી"ને "ઈમામ" એટલા માટે કહેવામાં આવે છે કે ભૂલચૂક અથવા મતભેદના સમયે કિતાબના શરણે જવામાં આવે છે, જેમકે કોઈ ઈમામ અથવા આગેવાનના શરણે જવામાં આવે છે. *(કુર્તુબી)*

તિરમિઝીની હદીષ હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત થઈ છે (જેને તિરમિઝીએ "હસન ગરીબ" કહી છે) તેનાથી પણ આ જ જાણ થાય છે કે "ઈમામ"નો ભાવાર્થ આ આયતમાં "ખાતાવહી" છે. હદીષના શબ્દો આ પ્રમાણે છે.

يَوْمَ نَدْعُوا كُلَّ أُنَاسٍ بِإِمَامِهِمْ قَالَ يُدْعٰى أَحَدُهُمْ فَيُعْطٰى كِتَابَهُ بِيَمِيْنِهٖ (اَلْحَدِيْثُ بِطُوْلِهٖ)

"આયત يَوْمَ نَدْعُوا كُلَّ أُنَاسٍ بِإِمَامِهِمْ ની તફસીરમાં પોતે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું છે કે, એક વ્યક્તિને બોલાવવામાં આવશે અને તેનું નામએ આ'માલ જમણા હાથમાં આપવામાં આવશે."

આ હદીષથી એ પણ નક્કી થઈ ગયું કે ઈમામ અત્રે ખાતાવહી-પુસ્તકના અર્થમાં છે એટલા માટે ઉપરોક્ત તફસીરના ખુલાસામાં બયાનુલ કુર્આનના વર્ણન પ્રમાણે તેનો તરજુમો નામએ આ'માલનો કરવામાં આવ્યો છે.

હઝરત અલી મુર્તઝા (રદિ.) અને મુજાહિદ (રહ.) વગેરે મુફસ્સિરોએ અત્રે શબ્દ ઈમામનો અર્થ પેશ્વા અથવા જેમનું અનુસરણ કરવામાં આવે છે તે મુક્તદાનો નકલ કર્યો છે કે દરેક વ્યક્તિને તેના સરદાર અને પેશ્વાના નામ લઈને પોકારવામાં આવશે, ભલે તે પેશ્વા અથવા સરદાર અંબિયા (અલૈ.)ના નાયબ-મશાઈખ અથવા ઉલમા હોય અથવા ગુમરાહી અને ગુનાહ તરફ આમંત્રણ આપનારા આગેવાનો હોય. *(કુર્તુબી)*

આ અર્થના આધારે આયતનો ભાવાર્થ એ થશે કે હશ્રના મેદાનમાં દરેક વ્યક્તિને તેમના પેશ્વા અને આગેવાનના નામથી પોકારવામાં આવશે અને સૌને એક સ્થળે ભેગા કરવામાં આવશે, દાખલા તરીકે ઈબ્રાહીમ (અલૈ.)ના અનુયાયીઓ, હઝરત મૂસા (અલૈ.)ના અનુયાયીઓ, હઝરત ઈસા (અલૈ.)ના અનુયાયીઓ અને હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺના અનુયાયીઓ, તેમના પછી શક્ય છે કે તેમના તાબે'દારોના સીધે-સીધા નામો પણ લેવામાં આવે.

નામએ આમા'લ (જન્મથી મૃત્યુપર્યંત દુનિયામાં કરેલ કર્મોની ખાતાવહી) :

કુર્આન મજીદની અનેક આયતોથી જાણ થાય છે કે ડાબા હાથમાં નામએ આ'માલ ફક્ત કાફિરોને આપવામાં આવશે જેમકે એક આયતમાં ઈરશાદ થયો છે, إِنَّهُ كَانَ لَا يُؤْمِنُ بِاللَّهِ الْعَظِيمِ (૬૯:૩૩) અને એક બીજી આયતમાં છે, إِنَّهُ ظَنَّ أَن لَّن يَحُورَ (૮૪:૧૪) પ્રથમ આયતમાં સ્પષ્ટ રીતે ઈમાનનો ઈન્કાર કરવામાં આવ્યો છે અને બીજી આયતમાં આખિરતનો ઈન્કાર પ્રસ્તુત છે, તે પણ કુફ્ર જ છે તથા આ સરખામણીથી જાણ થઈ કે જમણા હાથમાં નામએ આ'માલ ઈમાનવાળાઓને આપવામાં આવશે, ભલે મુત્તકી હોય અથવા ગુનેહગાર મો'મિન પોતાના નામએ આ'માલને ખુશીથી હરખભેર વાંચશે બલકે અન્યોને પણ વંચાવશે, આ ખુશી ઈમાનની અને કાયમી અઝાબથી છુટકારાની હશે ભલે અમુક અમલો ઉપર સજા પણ થાય.

કુર્આને કરીમમાં નામએ આ'માલ જમણા અથવા ડાબા હાથમાં આપવાનું સ્વરૂપ ઉપસ્થિત નથી પરંતુ અમુક હદીષોમાં تَطَائِرُ الْكُتُبِ નો શબ્દ આવ્યો છે. (રવાહે અહમદ અન આયશા રદિ. મરફૂઅન) અને અમુક હદીષની રિવાયતોમાં છે કે બધા નામએ આ'માલ અર્શની નીચે ભેગા હશે, પછી એક હવા ચાલશે જે બધા નામએ આ'માલને ઉડાવીને લોકોના હાથમાં પહોંચાડી દેશે, કોઈના ડાબા હાથમાં તો કોઈના જમણા હાથમાં. (અખ્રજલ અકીલી અન અનસ મરફૂઅન)

(બયાનુલ કુર્આન, અજ રૂહુલ મઆની)

આયતો : (સૂરએ બની ઇસ્રાઈલ: આયત નં. ૭૩ થી ૭૭)

وَإِنْ كَادُوا لَيَفْتِنُونَكَ عَنِ الَّذِي أَوْحَيْنَا إِلَيْكَ لِتَفْتَرِيَ عَلَيْنَا غَيْرَهُ ۖ وَإِذًا لَّاتَّخَذُوكَ
خَلِيلًا ﴿٧٣﴾ وَلَوْلَا أَنْ ثَبَّتْنَاكَ لَقَدْ كِدْتَّ تَرْكَنُ إِلَيْهِمْ شَيْئًا قَلِيلًا ﴿٧٤﴾ إِذًا لَّأَذَقْنَاكَ ضِعْفَ
الْحَيٰوةِ وَضِعْفَ الْمَمَاتِ ثُمَّ لَا تَجِدُ لَكَ عَلَيْنَا نَصِيرًا ﴿٧٥﴾ وَإِنْ كَادُوا لَيَسْتَفِزُّونَكَ
مِنَ الْأَرْضِ لِيُخْرِجُوكَ مِنْهَا وَإِذًا لَّا يَلْبَثُونَ خِلٰفَكَ إِلَّا قَلِيلًا ﴿٧٦﴾ سُنَّةَ مَنْ قَدْ أَرْسَلْنَا
قَبْلَكَ مِنْ رُّسُلِنَا وَلَا تَجِدُ لِسُنَّتِنَا تَحْوِيلًا ﴿٧٧﴾ ع

તરજુમો :

અને તે લોકો તો ઈચ્છતા હતા કે તમને તે વસ્તુથી ભમાવી દે જે વહી અમે તમારા તરફ મોકલી જેથી તમે અમારા ઉપર વહીના સિવાય જૂઠ બનાવી લાવો અને ત્યારે તો (તેમણે) તમને મિત્ર બનાવી લીધા હોત. (૭૩) અને જો એવું ન હોત કે અમે તમને સંભાળી રાખ્યા, તો તો તેમના તરફ થોડા-થોડા ઢળવા લાગ્યા હોત. (૭૪) ત્યારે તો અમે તમને જરૂર જિંદગીમાં બમણી મજા ચખાડી હોત અને મોતમાં (પણ) બમણી, પછી તમે પોતાના માટે અમારા ઉપર મદદ કરનાર પામત નહીં. (૭૫) અને તેઓ તો ઈચ્છતા હતા કે તમને આ જમીનથી ગભરાવી નાંખે જેથી તમને અહીંયાંથી કાઢી મૂકે અને તે સમયે તેઓ પણ તમારા પછી થોભવા પામશે નહીં પરંતુ થોડું. (૭૬) તે

રસૂલોની સુન્નત ચાલી આવી છે જે તમારાથી પહેલાં અમે પોતાના પયગમ્બર મોકલ્યા અને તમે અમારી સુન્નતમાં તફાવત પામશો નહીં. (૭૭)

તફસીર :

આ કાફિર લોકો (પોતાની મજબૂત યોજનાઓ દ્વારા) તમને તે વસ્તુથી ભમાવી (અને હટાવી) જ નાંખવાના હતા જે અમે તમારા ઉપર વહી દ્વારા મોકલીએ છીએ (એટલે કે એવા પ્રયત્નોમાં લાગેલા હતા કે આપ ﷺને અલ્લાહના હુકમ વિરુદ્ધ અમલ કરાવે અને) જેથી તમે એ (અલ્લાહના હુકમ) સિવાય અમારા તરફ ખોટી વાતની નિસ્બત કરો (કારણ કે નબીનું કૃત્ય શરીઅત વિરુદ્ધ હોતું જ નથી એટલા માટે જો નઊઝુબિલ્લાહ તમારાથી કોઈ પ્રવૃત્તિ શરીઅત વિરુદ્ધ થઈ જાય તો એ જરૂરી બની જાય છે કે શરીઅત વિરુદ્ધના અમલનો અલ્લાહ સાથે સંબંધ જોડી રહ્યા છો તેથી) અને એવી પરિસ્થિતિમાં તમને (તેઓએ) ગાઢ મિત્ર બનાવી લીધા હોત (અને તેમની આ શરારત એટલી સખત હતી કે) જો અમે તમને મક્કમ ન રાખ્યા હોત (એટલે કે માસૂમ ન બનાવ્યા હોત) તો તમે તેમના તરફ થોડા થોડા ઝૂકવાની નજીક જઈ પહોંચ્યા હોત (અને) જો એવું થયું હોત (કે તમારું અમુક વલણ તેમની વાત તરફ ઝૂકી ગયું હોત) તો અમે તમને (અલ્લાહના નિકટવર્તી વર્તુળના સ્થાને ખૂબ ઉચ્ચ કક્ષાના દરજ્જે હોવાથી) જિંદગીમાં પણ અને મોત પછી પણ બમણો અઝાબ ચખાડયો હોત પછી તમે અમારા મુકાબલામાં કોઈ મદદગાર પણ ન પામ્યા હોત (પરંતુ કારણ કે તમને અમે ગુનાહોથી માસૂમ અને મજબૂત ઈરાદાવાળા મક્કમ બનાવ્યા છે એટલા માટે તેમના તરફ જરા પણ વલણ સુદ્ધાં થયું નહીં અને આ અઝાબથી બચી ગયા)

અને આ (કાફિર) લોકો આ (મક્કા અથવા મદીનાની) સરજમીનથી તમારા કદમ જ ઊખેડવા લાગ્યા હતા જેથી તમને ત્યાંથી કાઢી મૂકે અને જો એવું થઈ ગયું હોત તો તમારા પછી તેઓ પણ ઘણું જ ઓછું (અહીંયાં) થોભવા પામ્યા હોત જેમકે આ (અમારો) કાયદો અંબિયા (અલૈ.) વિશે રહ્યો છે જેમને તમારાથી અગાઉ રસૂલો બનાવીને મોકલવામાં આવ્યા હતા (કે જ્યારે તેમની કોમે તેમને વતનમાંથી કાઢી મૂક્યા તો પછી તેમની કોમને પણ ત્યાં રહેવાનું નસીબ ન થયું) અને તમે અમારા કાયદામાં કોઈ પરિવર્તન પામશો નહીં.

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતોમાંથી પ્રથમ ત્રણ આયતો એક ખાસ ઘટના વિશે છે, તફસીરે મઝહરીમાં આ ઘટનાને નક્કી કરવાના સંદર્ભમાં અમુક રિવાયતો નકલ કરવામાં આવી છે જેમાંથી વધારે સંભવિત અને નિકટવર્તી કુર્આનના ઈશારા પ્રમાણે એ ઘટના છે જે ઈબ્ને અબી હાતિમના હવાલાથી ઝુબૈર ઈબ્ને નુફૈલ (રદિ.)એ નકલ કરી છે કે કુરૈશના અમુક સરદારો રસૂલે કરીમ ﷺની સેવામાં ઉપસ્થિત થયા અને વિનંતી કરી કે જો તમે ખરેખર અમારા તરફ મોકલવામાં આવ્યા છો તો પછી આપની મજલિસમાંથી તે ગરીબ અને દરિદ્ર લોકોને હટાવી દો જેમની સાથે બેસવું અમારા માટે અપમાન છે તો પછી અમે પણ તમારા મિત્રો અને સાથી બની જઈશું. તેમની આ વાત ઉપર રસૂલે કરીમ ﷺને અમુક એવો વિચાર પેદા થયો કે તેમની વાત પૂરી કરવામાં આવે કે કદાચ તેઓ મુસલમાન થઈ જાય, તેના અનુસંધાને આ આયત નાઝિલ થઈ.

આ આયતમાં રસૂલે કરીમ ﷺને ખબરદાર કરવામાં આવ્યા કે તેમની વાત એક ફિત્નો છે, તેમની મિત્રતા પણ ફિત્નો છે, તમારે તેમની વાત માનવી જોઈએ નહીં અને પછી ઈરશાદ ફરમાવ્યો કે જો અમારા તરફથી આપની કેળવણી અને અડગ નિર્ધાર રાખવાની કાળજી રાખવામાં ન આવી હોત તો એ કંઈ દૂર ન હતું કે તમારું તેમની વાત તરફ ઢળવાની નિકટ પહોંચવું સંભવ હતું.

તફસીરે મઝહરીમાં છે કે આ આયતથી એ વાત સ્પષ્ટ રીતે સમજવામાં આવે છે કે કુરૈશના કાફિરોની ખોટી વાત તરફ રસૂલે કરીમ ﷺની ઢળી જવાની તો કોઈ સંભાવના ન હતી, હા ! રસૂલે કરીમ ﷺનું વલણ તેમના તરફ ઝૂકી જવાની નિકટ પહોંચવાની સંભાવના હતી અને તે પણ ખૂબ ઓછા પ્રમાણમાં આ શક્યતા હતી પરંતુ અલ્લાહ તઆલાએ રસૂલે કરીમ ﷺને માસૂમ બનાવીને આ બાબતથી બચાવી લીધા, વિચાર કરવામાં આવે તો આ આયત અંબિયા (અલૈ.)ના ઉચ્ચ કક્ષાના પવિત્ર સ્વભાવ અને તેમના શ્રેષ્ઠ સર્જન હોવાની સૌથી મોટી દલીલ છે કે જો તેમને પયગમ્બરી ઈસ્મત પણ કદાચ પ્રાપ્ત ન થઈ હોત તો પણ નબીની પ્રકૃતિ એવી હતી કે કાફિરોની વ્યર્થ અને વાહિયાત વાતો તરફ તેમનું ઢળી જવું શક્ય ન હતું, હા ! તેમના તરફના વલણની નિકટ પહોંચવાની બહુ થોડી સંભાવના હતી જે પયગમ્બરી ઈસ્મતે ખતમ કરી દીધી.

اِذًا لَّاَذَقْنٰکَ ضِعْفَ الْحَيٰوةِ وَضِعْفَ الْمَمَاتِ એટલે કે, જો આ અશક્ય બાબત વિશે ધારો કે કદાચ તમે તેમના ખોટા વ્યવહાર તરફ વલણ રાખવાની નિકટ પણ થઈ જાઓ તો તમને દુનિયામાં પણ બમણો અઝાબ થયો હોત અને મોત પછી કબ્ર અથવા આખિરતમાં પણ ડબલ અઝાબ થયો હોત, કારણ કે અલ્લાહની બારગાહના નિકટવર્તી લોકોની મા'મૂલી ભૂલને પણ ઘણી મોટી સમજવામાં આવે છે અને આ વિષય લગભગ એવો જ છે જે અઝ્વાજે મુતહ્હરાત (આપ ﷺની પવિત્ર પત્નીઓ) વિશે કુર્આને કરીમમાં આવ્યો છે. يٰنِسَآءَ النَّبِيِّ مَنْ يَّاْتِ مِنْكُنَّ بِفَاحِشَةٍ مُّبَيِّنَةٍ يُّضٰعَفْ لَهَا الْعَذَابُ ضِعْفَيْنِ એટલે કે, હે નબીની સ્ત્રીઓ ! જો તમારામાંથી કોઈએ ખુલ્લી બેહયાઈ (નિર્લજ્જતા)નું કામ કર્યું તો તેનો બમણો અઝાબ આપવામાં આવશે. (૩૩:૩૦)

وَاِنْ كَادُوْا لَيَسْتَفِزُّوْنَکَ તેમાં اِسْتِفْزَازٌ (ઈસ્તિફ્ઝાઝ)નો શાબ્દિક અર્થ કાપી નાંખવાનો થાય છે, અહીંયાં ભાવાર્થ નબીએ કરીમ ﷺને પોતાના રહેઠાણ મક્કા અથવા મદીનાથી કાઢી મૂકવાનો થાય છે, આયતનો અર્થ એ છે કે "નિકટ હતું કે આ કાફિરો આપને પોતાની ભૂમિમાંથી કાઢી મૂકે અને જો તેઓએ એવું કર્યું હોત તો તેની સજા તેમને એ મળી હોત કે તેઓ પણ આપ (ﷺ) પછી લાંબો સમય આ શહેરમાં રહેવા ન પામ્યા હોત." આ બીજી ઘટનાનું વર્ણન છે અને તે નક્કી કરવામાં પણ બે રિવાયતો નકલ થઈ છે. એક મદીના તય્યિબહની ઘટના છે કે મદીનાના યહૂદીઓ એક દિવસે રસૂલે કરીમ ﷺની સેવામાં હાજર થયા અને વિનંતી કરી કે "હે અબૂલ કાસિમ ﷺ ! જો તમે પોતાની નુબુવ્વતના દા'વામાં સાચા છો તો તમે મુલ્કે શામ (સિરીયા) જઈને રહો, કારણ કે સિરયા જ મહશરનો પ્રદેશ છે અને તે જ અંબિયા (અલૈ.)નો પ્રદેશ છે, રસૂલે કરીમ ﷺ ઉપર તેમની વાતચીતની અમુક અસર થઈ અને ગઝ્વએ તબૂકના સમયે જે સિરીયાનો સફર થયો હતો તો આપ ﷺનો ઈરાદો એવો હતો કે મુલ્કે શામને પોતાની થોભવાની જગ્યા બનાવે પરંતુ આ આયત નાઝિલ થઈ, وَاِنْ كَادُوْا لَيَسْتَفِزُّوْنَکَ જેમાં રસૂલે કરીમ ﷺને આ ઈરાદાથી રોકવામાં આવ્યા પરંતુ ઇબ્ને કષીરે આ રિવાયતને નકલ કરીને તેને સંતોષપાત્ર ઠરાવી નથી.

અને આ આયતનો સંબંધ એક બીજી ઘટના સાથે પણ બતાવવામાં આવે છે જે મક્કાએ મુકર્રમહમાં બની હતી અને એવી પરિસ્થિતિ મક્કામાં ઉપસ્થિત

થઈ હોવાનું એટલા માટે વધારે શક્ય અને સંભવ છે, તે ઘટના આ છે. એક વખતે કુરૈશના કાફિરોએ રસૂલે કરીમ ﷺને મક્કાએ મુકર્રમહમાંથી કાઢી મૂકવાનો ઈરાદો કર્યો તેના ઉપર અલ્લાહ તઆલાએ આ આયત નાઝિલ કરી. وَإِنْ كَادُوا لَيَسْتَفِزُّونَكَ અને તેમાં મક્કાના કાફિરોને એ બાબતની ચેતવણી આપી દેવામાં આવી કે જો તેઓ રસૂલે કરીમ ﷺને કાઢી મૂકશે તો પછી પોતે પણ મક્કામાં લાંબો સમય સુખચેનથી રહી શકશે નહીં. ઈબ્ને કષીર (રહ.)એ આ જ ઘટનાનો સંબંધ આ આયત સાથે હોવાનું વધારે પ્રચલિત અને નિકટ ઠરાવ્યું છે અને પછી બતાવ્યું કે કુર્આને કરીમની આ ધમકી પણ મક્કાના કાફિરોએ ખુલ્લી આંખોએ જોઈ લીધી કે જ્યારે રસૂલે કરીમ ﷺએ મક્કએ મુકર્રમહમાંથી હિજરત કરી ત્યારે મક્કાવાળાઓ એક દિવસ પણ ચેનથી બેસી શક્યા નથી, માત્ર દોઢ જ વર્ષ પછી અલ્લાહ તઆલાએ તેમને મેદાને બદ્રમાં ભેગા કરી દીધા, જ્યાં તેમના સિત્તેર સરદારો માર્યા ગયા અને તેમની તાકાત તૂટી ગઈ, પછી ગઝ્વએ ઉહદના અંતિમ પરિણામમમાં તેમના ઉપર વધારે ભય છવાઈ ગયો અને ગઝ્વએ અહ્ઝાબના છેલ્લા યુદ્ધમાં તો તેમની કમર તૂટી ગઈ અને હિજરતના આઠ વર્ષોમાં જ રસૂલે કરીમ ﷺએ સંપૂર્ણ મક્કા મુકર્રમહ ઉપર વિજય પ્રાપ્ત કરી લીધો.

سُنَّةَ مَنْ قَدْ أَرْسَلْنَا આ આયતમાં બતાવવામાં આવ્યું છે કે અલ્લાહ તઆલાની સામાન્ય સુન્નત (ટેવ) અને કાયદો પહેલેથી જ એ પ્રમાણે ચાલ્યો આવે છે કે જ્યારે કોઈ કોમ પોતાના નબીને તેના વતમાંથી કાઢી મૂકે અથવા તો કાઢી મૂકવા માટે મજબૂર કરે છે તો પછી તે કોમ પણ ત્યાં બાકી નથી રાખવામાં આવતી, તેમના ઉપર અલ્લાહ તઆલાનો અઝાબ આવે છે.

આયતો : (સૂરએ બની ઇસ્રાઈલઃ આયત નં. ૭૮ થી ૮૨)

أَقِمِ الصَّلٰوةَ لِدُلُوكِ الشَّمْسِ إِلٰى غَسَقِ الَّيْلِ وَقُرْاٰنَ الْفَجْرِ ۖ إِنَّ قُرْاٰنَ الْفَجْرِ كَانَ مَشْهُودًا ﴿٧٨﴾
وَمِنَ الَّيْلِ فَتَهَجَّدْ بِهٖ نَافِلَةً لَّكَ ۖ عَسٰى أَنْ يَّبْعَثَكَ رَبُّكَ مَقَامًا مَّحْمُودًا ﴿٧٩﴾ وَقُلْ
رَّبِّ أَدْخِلْنِيْ مُدْخَلَ صِدْقٍ وَّأَخْرِجْنِيْ مُخْرَجَ صِدْقٍ وَّاجْعَلْ لِّيْ مِنْ لَّدُنْكَ

سُلْطٰنًا نَّصِيْرًا ﴿٨٠﴾ وَقُلْ جَآءَ الْحَقُّ وَزَهَقَ الْبَاطِلُ ۚ اِنَّ الْبَاطِلَ كَانَ زَهُوْقًا ﴿٨١﴾ وَنُنَزِّلُ
مِنَ الْقُرْاٰنِ مَا هُوَ شِفَآءٌ وَّرَحْمَةٌ لِّلْمُؤْمِنِيْنَ ۙ وَلَا يَزِيْدُ الظّٰلِمِيْنَ اِلَّا خَسَارًا ﴿٨٢﴾

તરજુમો :

નમાઝને કાયમ રાખો સૂરજ ઢળવાથી રાતના અંધારા સુધી અને ફજરનું કુર્આન પઢવું; બેશક ! ફજરનું કુર્આન પઢવું રૂબરૂ થાય છે. (૭૮) અને રાત(ના અમુક ભાગ)માં કુર્આનની સાથે જાગતા રહો, આ તમારા માટે વધારો છે; નજીક છે કે તમને તમારો પરવરદિગાર "મકામે મહમૂદ"માં ઊભા કરી દે. (૭૯) અને કહો, હે રબ્બ ! મને દાખલ કર, સાચું દાખલ કરવું અને મને કાઢ, સાચું કાઢવું અને મને પોતાની પાસેથી સત્તાની મદદ કર. (૮૦) અને કહો, સત્ય આવ્યું અને જૂઠ નાઠું, બેશક ! જૂઠ નાસવાવાળું જ છે. (૮૧) અને અમે કુર્આનમાંથી ઉતારીએ છીએ જેનાથી બીમારી દૂર થાય અને ઈમાનવાળાઓ માટે રહમત અને ગુનેહગારોને તો એનાથી નુકસાન જ વધે છે. (૮૨)

તફસીર :

સૂર્ય ઢળવાના સમય પછીથી રાતના અંધારા સુધી નમાઝો અદા કર્યા કરો (તેમાં ઝુહ્ર, અસ્ર, મગરિબ, ઈશા ચાર નમાઝો આવી ગઈ જેમકે, હદીષમાં તેનું વિગતવાર સામૂહિક વર્ણન આવ્યું છે) અને સવારની નમાઝ પણ (અદા કરો) બેશક ! સવારની નમાઝ (ફરિશ્તાઓનો) હાજર થવાનો સમય છે (સવારના સમયે કારણ કે ઊંઘમાંથી જાગવાનો સમય છે જેમાં સુસ્તીનો ભય હતો એટલા માટે તેને અલગ કરીને કાળજી સાથે વર્ણન કરવામાં આવ્યું અને તેની એક વિશેષ ફઝીલત પણ એ વર્ણન કરવામાં આવી કે આ સમયમાં ફરિશ્તાઓ ભેગા થાય છે, તેની વિગત હદીષમાં એ મુજબ છે કે મનુષ્યની સુરક્ષા અને તેના અમલોને લખનારા ફરિશ્તાઓ દિવસના અલગ અને રાત્રિના અલગ હોય છે, સવારની નમાઝમાં બંને ફરિશ્તાના ગૃપો ભેગા થઈ જાય છે, રાતના ફરિશ્તાઓ પોતાનું કાર્ય પૂરું કરે છે અને દિવસના ફરિશ્તાઓ પોતાનું કાર્ય સંભાળવા માટે ભેગા થઈ જાય છે, એ જ પ્રમાણે સાંજે અસરની નમાઝમાં બંને ગૃપો ભેગા થાય છે અને

દેખીતું છે કે ફરિશ્તાઓનું એકઠા થવું બરકતોનું કારણ હોય છે) અને અમુક વખતે રાતના સમયે પણ (નમાઝ અદા કરો) એટલે કે તેમાં તહજ્જુદની નમાઝ પઢ્યા કરો કે જે તમારા માટે (પાંચ નમાઝો ઉપરાંત) એક વધારાની વસ્તુ છે (આ વધારાનો ભાવાર્થ અમુકના મતે એક વધારાનો ફરજ છે જે ખાસ રસૂલે કરીમ ﷺ ઉપર ફરજ કરવામાં આવ્યો અને અમુકે આ વધારાનો અર્થ નફ્લ લીધો છે) આશા (એટલે કે વાયદો) છે કે તમારો પરવરદિગાર તમને "મકામે મહમૂદ"માં જગ્યા આપે (મકામે મહમૂદનો ભાવાર્થ "શફાઅતે કુબરા"નું સ્થાન છે જે મહશરમાં બધી જ માનવજાત માટે રસૂલે કરીમ ﷺને અર્પણ થશે) અને તમે આ દુઆ કરો કે હે મારા પરવરદિગાર ! (મક્કાથી ગયા પછી) મને (જ્યાં પણ લઈ જવાનો હોય) ખૂબી (એટલે કે રાહત)ની સાથે પહોંચાડજે (અને ત્યારે) એવો વિજય આપ કે જેની સાથે (તારી) મદદ હોય (જેનાથી તે સત્તા ટકાઉ અને પ્રગતિ પામી વિકાસ કરે નહિતર કામચલાઉ વિજય તો ક્યારેક કાફિરોનો પણ થઈ જાય છે પરંતુ તેની સાથે અલ્લાહની મદદ નથી હોતી એટલા માટે તે ટકાઉ નથી હોતો) અને કહી આપો કે (બસ આ દિવસે) સત્ય (વિજયી થઈને) આવ્યું અને બાતિલ નાબૂદ થઈ ગયું, ખરેખર બાતિલ વસ્તુ તો આમ જ આવતી-જતી રહે છે (હિજરત પછી મક્કા ફતેહ થયું તો આ બધા વાયદાઓ પૂરા થઈ ગયા) અને અમે આ વસ્તુ એટલે કે કુર્આન નાઝિલ કરીએ છીએ કે તે ઈમાનવાળાઓના માટે તો શિફા અને રહમત છે (કારણ કે જેઓ તેને માને છે અને તેના ઉપર અમલ કરે છે જેનાથી તેમના ઉપર કૃપા થાય છે અને બાતિલ અકીદાઓ અને માન્યતાઓથી તેમને શિફા થાય છે) અને જાલિમોને તેનાથી ઊલટાનું વધારે નુકસાન વધે છે (કે જ્યારે તેઓ તેને નથી માનતા તો અલ્લાહ તઆલાના ક્રોધ અને અઝાબના હકદાર બને છે).

મસ્અલા અને બોધપાઠ :

દુશ્મનોની ચાલબાજીઓ અને ષડયંત્રોથી બચવાનો શ્રેષ્ઠ ઉપાય નમાઝ છે :

પાછલી આયતોમાં ઈસ્લામના અકીદાઓ અને આદેશોનો વિરોધ તથા નબીએ કરીમ ﷺને વિવિધ પ્રકારની તકલીફોમાં સંડોવવાની યોજનાઓ તથા

તેનો જવાબ ઉપસ્થિત હતો, ત્યાર પછીની પ્રસ્તુત આયતોમાં રસૂલે કરીમ ﷺને નમાઝ કાયમ કરવાનો હુકમ આપવામાં એ બાજુ ઈશારો છે કે દુશ્મનોના ષડયંત્રો તથા તેમની પીડાઓથી બચવાનો ઉત્તમ ઈલાજ નમાઝ કાયમ કરવું છે, જેમકે સૂરએ હિજ્રની આયતમાં તેનાથી વધારે સ્પષ્ટ શબ્દોમાં આ ઈરશાદ થયો છે, وَلَقَدْ نَعْلَمُ اَنَّكَ يَضِيْقُ صَدْرُكَ بِمَا يَقُوْلُوْنَ فَسَبِّحْ بِحَمْدِ رَبِّكَ وَكُنْ مِّنَ السَّاجِدِيْنَ એટલે કે, અમે જાણીએ છીએ કે કાફિરોના મનદુઃખ પહોંચાડનાર નિવેદનોથી આપને મનદુઃખ થાય છે તો તમે અલ્લાહના વખાણની સાથે તસ્બીહ કર્યા કરો અને સિજ્દહ કરનારાઓમાંથી થઈ જાઓ. *(કુર્તુબી)*

આ આયતમાં દુશ્મનોની પીડાઓનો ઈલાજ અલ્લાહ તઆલાનો ઝિક્ર, અલ્લાહની તા'રીફ અને તસ્બીહ તથા નમાઝમાં મશ્ગૂલ થઈ જવાનો ઠરાવ્યો છે, અલ્લાહનો ઝિક્ર અને નમાઝ ખાસ કરીને આ ષડયંત્રોથી બચવાનો ઈલાજ છે અને એ પણ હોઈ શકે છે કે દુશ્મનોની પીડાઓથી બચવું અલ્લાહ તઆલાની મદદ ઉપર અવલંબિત છે અને અલ્લાહની મદદ પ્રાપ્ત કરવાનું સૌથી શ્રેષ્ઠ માધ્યમ નમાઝ છે જેમકે કુર્આને કરીમમાં ઈરશાદ છે وَاسْتَعِيْنُوْا بِالصَّبْرِ وَالصَّلٰوةِ (એટલે કે, મદદ પ્રાપ્ત કરો સબ્ર અને નમાઝના માધ્યમથી.-૨:૧૫૩)

પાંચ સમયની નમાઝનો હુકમ :

જમહૂર તફસીરના ઈમામોએ આ આયતને પાંચેય નમાઝો માટે મજબૂત હુકમ ઠરાવ્યો છે, કારણ કે دُلُوْكِ (દુલૂકિ)નો શબ્દ જો કે, વાસ્તવમાં ઢળવા અથવા નમવાના અર્થમાં આવે છે અને સૂર્યનું નમવું મધ્યાહ્ન (ઝવાલ) પછી શરૂ થાય છે અને સૂર્યાસ્તને પણ કહી શકાય છે પરંતુ જમહૂર સહાબા અને તાબિઈન આ સ્થળે શબ્દ دُلُوْكِ (દુલૂકિ)નો અર્થ સૂર્યના મધ્યાહ્ન પછીના ઢળવા માટે કરે છે. *(કમા ફસ્સલ કુર્તુબી વલ મઝહરી વ ઈબ્ને કષીર)*

غَسَقِ الَّيْلِ اِلٰی માં શબ્દ غَسَقِ (ગસક)નો અર્થ "રાતનો અંધકાર જ્યારે સંપૂર્ણ છવાઈ જાય" તેને કહે છે. ઈમામ માલિક (રહ.)એ હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)થી "ગસકિ"ની આ જ તફસીર નકલ કરી છે.

એ જ પ્રમાણે دُلُوْكِ الشَّمْسِ اِلٰی غَسَقِ الَّيْلِ માં ચાર નમાઝો આવી ગઈ. ઝુહ્ર, અસ્ર, મગરિબ અને ઈશા તથા તેમાંથી બે નમાઝોની શરૂઆતનો

સમય પણ બતાવવામાં આવ્યો કે ઝુહ્‌રનો સમય સૂર્ય નમવા (ઝવાલ) પછીથી શરૂ થાય છે અને ઈશાનો સમય غَسَقِ الَّيْل (ગસકિલયૂલિ)થી એટલે કે જે સમયે રાતનો અંધકાર સંપૂર્ણ છવાઈ જાય ત્યારે; એટલા માટે ઈમામે આ'ઝમ અબૂ હનીફા (રહ.)એ ઈશાના સમયની શરૂઆત તે સમયને ઠરાવ્યો છે જ્યારે કે "શફકે અહમર" (ક્ષિતિજ પરની લાલી–Red Glow) અને "શફકે અબયઝ" (ક્ષિતિજ પરની સફેદી–White Glow) પણ અસ્ત પામે, આ બાબત સૌને ખબર છે કે સૂર્યાસ્ત પછી પશ્ચિમ દિશામાં સૂર્ય આથમવાની જગ્યાએ એક લાલાશ દેખાતી રહે છે અને તે લાલાશ પછી એક પ્રકારની સફેદી ક્ષિતિજ ઉપર ફેલાતી નજરે પડે છે, પછી તે સફેદી પણ અસ્ત થઈ જાય છે, એ દેખીતું છે કે રાતનો અંધકાર સંપૂર્ણ તે સમયે થશે જ્યારે કે ક્ષિતિજ પરની સફેદી પણ સમાપ્ત થઈ જાય, એટલા માટે આ શબ્દમાં ઈમામે આ'ઝમ અબૂહનીફા (રહ.)ના મસ્લક તરફ ઈશારો જોવા મળે છે; બીજું, ક્ષિતિજ ઉપર "શફકે અહમર"ના અસ્ત થવાના સમયે ઈશાની શરૂઆત ઠરાવવામાં આવે છે અને તેને غَسَقِ لَيْل (ગસકિલ્લયલ)ની તફસીર ઠરાવવામાં આવી છે.

وَقُرْآنَ الْفَجْرِ (કુર્આનલ ફજ્‌રિ) આ સ્થળે શબ્દ قرآن (કુર્આન) બોલીને નમાઝનો ભાવાર્થ લેવામાં આવ્યો છે, કારણ કે કુર્આન નમાઝનો એક મહત્ત્વનો વિભાગ છે, મોટા ભાગના તફસીરના ઈમામો ઇબ્ને કષીર, કુર્તુબી, મઝહરી વગેરે બધાએ આ જ અર્થ લખ્યો છે, એટલા માટે આયતનો ભાવાર્થ એ થયો કે, دُلُوْكِ الشَّمْسِ اِلٰى غَسَقِ الَّيْل ના શબ્દોમાં ચાર નમાઝોનું વર્ણન હતું અને આ પાંચમી નમાઝ ફજ્‌રનું વર્ણન છે એટલા માટે તેને અલગ કરીને ઉલ્લેખ કરવામાં આવ્યો કે આ નમાઝનું ખાસ મહત્ત્વ અને તેની શ્રેષ્ઠતા તરફ ઈશારો થઈ જાય.

كَانَ مَشْهُوْدًا (કાન–મસ્હૂદન) આ શબ્દ شَهَادَتٌ (શહાદત)થી બને છે જેનો અર્થ "હાજર હોવું" થાય છે, સહીહ હદીષોના ખુલાસા પ્રમાણે રાત અને દિવસના તે સમયોમાં બંને ફરિશ્તાઓની જમાઅતો નમાઝમાં હાજર થાય છે, એટલા માટે તેમને مَشْهُوْد (મસ્હૂદ) કહેવામાં આવ્યા છે, આ આયતમાં પાંચ નમાઝોનો હુકમ સામૂહિક રીતે આપવામાં આવ્યો છે જેની સંપૂર્ણ તફસીર અને ખુલાસો નબીએ કરીમ ﷺએ પોતાના નિવેદનો અને પ્રવૃત્તિ દ્વારા બતાવી આપ્યો છે અને જ્યાં સુધી આ ખુલાસા ઉપર અમલ કરવામાં નહીં આવે કોઈ વ્યક્તિની

નમાઝ અદા થઈ નથી શકતી, ખબર નહિ કે જે લોકો કુર્આનને હદીષ અને રસૂલે કરીમ ﷺના ફરમાનો વિના સમજવાનો દા'વો કરે છે તેઓ નમાઝ કેવી રીતે પઢે છે ?! એ જ પ્રમાણે આ આયતમાં કુર્આનની કિરાઅતનું વર્ણન પણ એ સાથે થયું છે, તેની વિગત રસૂલે કરીમ ﷺના નિવેદનો અને અમલોથી સાબિત થયેલ છે કે ફજ્રની નમાઝમાં કિરાઅત પોતાની શક્તિ અને સામર્થ્ય અનુસાર લાંબી કરવામાં આવે તથા ઝુહ્ર અને જુમ્આમાં તેનાથી ઓછી તથા અસ્ર અને ઈશામાં તેનાથી ઓછી તથા મગરિબની નમાઝમાં ખૂબ ટૂંકી, મગરિબમાં કિરાઅત લાંબી કરવી તથા ફજ્રમાં ટૂંકી કરવી જે અમુક રિવાયતોમાં આવ્યું છે તે છોડી દીધેલો અમલ છે, એટલે કે મગરિબમાં ટૂંકી અને ફજરમાં લાંબી પઢવી જોઈએ. ઈમામ કુર્તુબી (રહ.)એ સહીહ મુસ્લિમની તે રિવાયતમાં જેમાં મગરિબની નમાઝમાં સૂરએ અઅ્રાફ તથા સૂરએ મુરસલાત વગેરે લાંબી સૂરતો પઢવાનું અથવા સવારની નમાઝમાં ફક્ત મુઅવ્વઝતય્ન ઉપર બસ કરવાનું નકલ થયું છે તેને નકલ કરીને તેમણે ફરમાવ્યું છે فَمَتْرُوْكٌ بِالْعَمَلِ وَلِاِ نْكَارِهٖ عَلٰى مُعَاوَدَةِالتَّطْوِيْلِ وَبِاَمْرِهٖ الْاَئِمَّةَ بِالتَّخْفِيْفِ એટલે કે, આ અપવાદ સ્વરૂપ ઘટનાઓ છે કે મગરિબમાં લાંબી કિરાઅત અને ફજ્રમાં ટૂંકી કિરાઅત આપ ﷺના કાયમી અમલથી તેમજ મૌખિક ઈરશાદોના કારણે પણ મતરૂક (છોડી દેવામાં આવ્યું) છે. *(કુર્તુબી)*

તહજ્જુદની નમાઝનો સમય અને તેના હુકમો તથા મસ્અલાઓ :

وَمِنَ الَّيْلِ فَتَهَجَّدْبِهٖ શબ્દ تَهَجُّدْ (તહજ્જુદ) એ هَجُوْد (હજૂદ)થી બને છે અને આ શબ્દ બે વિરોધાભાસી અર્થો માટે ઉપયોગ થાય છે, તેનો અર્થ "સૂવા"નો પણ થાય છે અથવા "જાગૃત" રહેવાનો પણ થાય છે. આ સ્થળે وَمِنَ الَّيْلِ فَتَهَجَّدْ بِهٖ નો અર્થ એ છે કે, રાતના અમુક ભાગમાં કુર્આનની સાથે જાગૃત રહ્યા કરો કારણ કે, بِهٖ (બિહી)ની ઝમીર કુર્આન તરફ રાજેઅ્ છે. (મઝહરી) કુર્આનની સાથે જાગૃત રહેવાનો મતલબ નમાઝ અદા કરવી થાય છે. એ જ રાતની નમાઝને શરીઅતની પરિભાષામાં "તહજ્જુદની નમાઝ" કહેવામાં આવે છે અને સામાન્ય રીતે તેનો એ અર્થ લેવામાં આવ્યો છે કે અમુક સમય સૂઈને ઉઠયા પછી જે નમાઝ પઢવામાં આવે તે તહજ્જુદની નમાઝ છે પરંતુ તફસીરે મઝહરીમાં છે કે આ આયતનો ભાવાર્થ એ છે કે રાતનો અમુક ભાગ નમાઝ માટે સૂવાનું છોડી દો અને આ ભાવાર્થ જે પ્રમાણે અમુક સમય સૂતા પછી

જાગીને નમાઝ પઢવા માટે પણ સાચો છે એ જ પ્રમાણે શરૂઆતમાં જ નમાઝ માટે ઊંઘવાનું મુલતવી કરીને નમાઝ પઢવાનો ભાવાર્થ પણ સાચો છે, એટલા માટે તહજ્જુદની નમાઝ માટે પ્રથમ સૂઈ જવું કુર્આનની શરત પ્રમાણે દલીલ નથી પછી અમુક હદીષની રિવાયતો પણ તહજ્જુદના આ સામાન્ય અર્થ ઉપર દલીલ કરે છે.

ઈમામ ઈબ્ને કષીર (રહ.)એ હઝરત હસન બસરી (રહ.)થી તહજ્જુદની નમાઝની જે વ્યાખ્યા નકલ કરી છે તે પણ આ જ સામાન્ય અર્થ ઉપર સાક્ષી છે, તેના શબ્દો આ છે,

قَالَ الْحَسَنُ الْبَصرِىُّ هُوَمَا كَانَ بَعْدَ الْعِشَاءِ وَ يُحْمَلُ عَلٰى مَا كَانَ بَعْدَ النَّوْم (ابن كثير)

"હસન બસરી (રહ.) ફરમાવે છે કે તહજ્જુદની નમાઝ દરેક તે નમાઝ માટે હોવાનું સત્ય છે જે ઈશા પછી પઢવામાં આવે, અલબત્ત ખરેખરા અમલ (તઆમુલ)ના કારણે તેને થોડો સમય સૂઈ ગયા પછી અદા કરવામાં આવે."

(ઈબ્ને કષીર)

તેનો ખુલાસો એ છે કે તહજ્જુદની નમાઝના મૂળ ભાવાર્થમાં અમુક સમય સૂવું શરત સ્વરૂપે નથી અને કુર્આનના શબ્દોમાં પણ આ શરત મોજૂદ નથી પરંતુ સામાન્યતઃ રસૂલે કરીમ ﷺની પોતાની ખરેખર ટેવ અને સહાબએ કિરામ (રદિ.)ની પણ ટેવ એ જ રહી છે કે તહજ્જુદની નમાઝને અંતિમ રાત્રિમાં સૂઈને ઊઠ્યા પછી પઢતા હતા એટલા માટે તેનું શ્રેષ્ઠ સ્વરૂપ આ જ હશે.

તહજ્જુદની નમાઝ ફરજ છે કે પછી નફલ :

نَافِلَةً لَّكَ (નાફિલતલ્લક) શબ્દ نَفْل (નફલ) અને શબ્દ نَافِلَة (નાફિલહ)નો શાબ્દિક અર્થ "વધારો" થાય છે, એટલા માટે એવી નમાઝ અને સદકહ-ખ્યરાત વગેરેને "નફલ" કહેવામાં આવે છે જે શરીઅતમાં વાજિબ અથવા જરૂરી ન હોય જેને કરવામાં સવાબ અને ન કરવામાં કોઈ ગુનોહ ન હોય અને ન જ કોઈ પ્રકારની બુરાઈ. આ આયતમાં તહજ્જુદની નમાઝની સાથે نَافِلَةً لَّكَ (નાફિલતલ્લક)ના શબ્દોથી દેખીતી રીતે એવું સમજવામાં આવે છે કે તહજ્જુદની નમાઝ વિશિષ્ટ સ્વરૂપે રસૂલે કરીમ ﷺ માટે "નફલ" છે જ્યારે કે

તેના નફ્લ હોવામાં આપ ﷺ અને સમગ્ર ઉમ્મત બધા જ સામેલ છે, એટલા માટે અમુક મુફસ્સિરોએ આ સ્થળે "નાફિલહ"ને સુન્નતની ફરજ ઠરાવી તેનો ભાવાર્થ એ ઠરાવ્યો છે કે સામાન્ય ઉમ્મત ઉપર તો માત્ર પાંચ વખતની નમાઝો ફરજ છે પરંતુ રસૂલે કરીમ ﷺ ઉપર તહજ્જુદનો એક વધારે ફરજ પણ છે તો અત્રે શબ્દ "નાફિલહ" એ "વધારાના ફરજ"ના અર્થમાં ગણાશે અને સામાન્ય સ્વરૂપે "નફ્લ"નો જે અર્થ છે તે અર્થમાં નથી.

અને તેની સાચી તહકીક એ છે કે ઈસ્લામની શરૂઆતમાં જ્યારે સૂરએ મુઝ્ઝમ્મિલ નાઝિલ થઈ ત્યારે પાંચ સમયની નમાઝો તો ફરજ થઈ ન હતી, માત્ર તહજ્જુદની નમાઝ બધા ઉપર ફરજ હતી. આ જ ફરજનું વર્ણન સૂરએ મુઝ્ઝમ્મિલમાં છે, પછી શબે મેઅ્રાજમાં પાંચ નમાઝો ફરજ કરવામાં આવી ત્યારે તહજ્જુદની સામાન્ય ફરઝિય્યતને તો સામાન્ય ઉમ્મત ઉપરથી સર્વાનુમતે રદ કરવામાં આવી અને એ બાબતમાં મતભેદ રહ્યો કે રસૂલે કરીમ ﷺ ઉપર પણ તેનું ફરજ હોવું રદ થયું છે અથવા તે વિશિષ્ટ સ્વરૂપે તેમના માથે ફરજ રહ્યું? અને આ આયતમાં نَافِلَةً لَّكَ (નાફિલતલ્લક)નો એ જ અર્થ છે કે તહજ્જુદની નમાઝ રસૂલે કરીમ ﷺના માથે એક વધારાનો ફરજ છે પરંતુ તફસીરે કુર્તુબીમાં છે કે આ ઘણા કારણોના લઈ સાચું નથી, પ્રથમ એ કે ફરજને નફલ વડે ઓળખાવવાનું કોઈ કારણ ન હતું, અગર જો કહેવામાં આવ્યું હોત કે વધારાની ફરજ તરીકે છે તો એક વધારાનો ફરજ થશે જેની કોઈ વાસ્તવિકતા નથી, બીજું કે સહીહ હદીષોમાં માત્ર પાંચ ફરજ નમાઝોને ચોક્કસ નિશ્ચિત કરી ફરજ હોવાનું વર્ણન કર્યું છે અને એક હદીષમાં તેના અંતમાં એ પણ ઉપસ્થિત છે કે શબે મેઅ્રાજમાં જે પ્રથમ પચાસ નમાઝો ફરજ કરવામાં આવી હતી પછી તેમાં ઘટાડો કરી પાંચ કરી દેવામાં આવી તો જો કે સંખ્યા ઘટાડી દેવામાં આવી પરંતુ સવાબ પચાસનો જ મળશે અને પછી ફરમાવ્યું, لَا يُبَدَّلُ الْقَوْلُ لَدَيَّ એટલે કે, મારો કૌલ (નિવેદન) બદલાયા નથી કરતો, જ્યારે પચાસનો હુકમ આપ્યો હતો તો સવાબ પચાસનો જ આપવામાં આવશે, જો કે અમલમાં ઘટાડો કરી દેવામાં આવ્યો.

અને રિવાયતોનો ખુલાસો એ પણ છે કે સામાન્ય ઉમ્મત અને પોતે રસૂલે કરીમ ﷺ ઉપર પાંચ નમાઝો સિવાય કોઈ અન્ય નમાઝ ફરજ નથી, એક કારણ

એ પણ છે કે, نَافِلَةً (નાફિલહ)નો શબ્દ જો આ સ્થળે વધારાનું પ્રમાણ દર્શાવવાના અર્થમાં આવ્યો હોય તો ત્યાર પછીના શબ્દ لَكَ (લ-ક)ના બદલે عَلَيْكَ (અલયૂક) હોવો જોઈતો હતો જે વાજિબ હોવાનો ઈશારો કરે છે, પરંતુ શબ્દ "લ-ક" તો માત્ર જાઈઝ અને પરવાનગી દર્શાવવા માટે ઉપયોગ થાય છે.

એ જ પ્રમાણે તફસીરે મઝહરીમાં સાચું તેને જ ઠરાવ્યું છે કે જ્યારે તહજ્જુદની ફરજિય્યત ઉમ્મત ઉપરથી રદ કરી દેવામાં આવી તો રસૂલે કરીમ ﷺ ઉપર પણ રદ થઈ ગઈ અને સૌના માટે નફલ રહી ગઈ પરંતુ આ સ્વરૂપમાં એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે પછી તેમાં આપ ﷺની વિશેષતા ક્યાં છે ? નફ્લ હોવું તો દરેકના માટે સાબિત થયેલ છે પછી نَافِلَةً لَّكَ (નાફિલતલ્લક) કહેવાનો શું મતલબ છે ? જવાબ એ છે કે હદીષોના ખુલાસા સ્વરૂપે સમગ્ર ઉમ્મતની નવાફિલ અને બધી જ નફલી ઈબાદતો તેમના ગુનાહોનો કફ્ફારો અને જો ફરજ નમાઝમાં ઉણપ કે કમી રહી જાય તો તેની પૂર્ણતાનું કામ આપે છે પરંતુ રસૂલે કરીમ ﷺ ગુનાહોથી માસૂમ છે અને નમાઝના અદબોમાં ઉણપની પણ કોઈ સંભાવના નથી, એટલા માટે આપ ﷺ માટે નફ્લ ઈબાદત બિલકુલ વધારો જ છે જે કોઈ ઉણપ કે કોતાહીની પૂર્ણતા નથી બલકે માત્ર વધારાની નિકટતા પ્રાપ્ત કરવાનું માધ્યમ છે. *(કુર્તુબી અને મઝહરી)*

તહજ્જુદની નમાઝ નફ્લ છે અથવા સુન્નતે મુઅક્કિદહ છે :

સુન્નતે મુઅક્કિદહ માટે ફુકહાનો જે સામાન્ય નિયમ છે કે જે કાર્ય ઉપર રસૂલે કરીમ ﷺએ પોતે અમલમાં સાતત્ય જાળવ્યું હોય અને મજબૂરી વિના તેને છોડ્યું ન હોય તે સુન્નતે મુઅક્કિદહ છે તે સિવાય કે જેમાં શરઈ દલીલથી એવું સાબિત થઈ જાય કે એ કાર્ય રસૂલે કરીમ ﷺ માટે જ ખાસ હતું, સામાન્ય ઉમ્મત માટે ન હતું. આ નિયમનો તકાદો દેખીતી રીતે એ જ છે કે તહજ્જુદની નમાઝ પણ સૌના માટે સુન્નતે મુઅક્કિદહ ઠરાવવામાં આવે, ન કે માત્ર નફ્લ; કારણ કે રસૂલે કરીમ ﷺનું આ નમાઝ પઢવાની સુન્નત ઉપર સતત અમલ કરવું મજબૂત સ્વરૂપે (મુતવાતિર) સાબિત થઈ ગયું અને જો તે વિશિષ્ટ અમલ હોવાની કોઈ દલીલ ન હોય તો સામાન્ય ઉમ્મત માટે પણ તે સુન્નતે મુઅક્કિદહ હોવું જોઈએ, તફસીરે મઝહરીમાં તેને "મુખ્તાર" (ભારપૂર્વક પસંદ કરવામાં આવેલ બાબત)

અને "રાજેહ" (પ્રચલિત) ઠરાવ્યું છે અને તેના મુઅક્કિદહ હોવા ઉપર હઝરત ઈબ્ને મસઊદ (રદિ.)ની આ દલીલ પણ રજુ કરે છે જેમાં રસૂલે કરીમ ﷺએ એક વ્યક્તિ વિશે જે પ્રથમ તહજ્જુદ પઢ્યા કરતો હતો પછી છોડી દીધી આ ઈરશાદ ફરમાવ્યો કે તેના કાનમાં શયતાને પેશાબ કરી દીધો છે. આ પ્રમાણેની ચેતવણી માત્ર નફ્લમાં નથી હોઈ શકતી, તેનાથી જાણ થઈ કે આ સુન્નતે મુઅક્કિદહ છે.

અને જે લોકોએ તહજ્જુદને માત્ર નફ્લ ઠરાવી છે તેઓ તેના સાતત્ય અને નિત્યક્રમને રસૂલે કરીમ ﷺની ખાસ વિશિષ્ટતા ઠરાવે છે તથા તહજ્જુદ પઢનારને તહજ્જુદ છોડવા ઉપર જે ઠપકાયુક્ત ચેતવણીના શબ્દો ફરમાવવામાં આવ્યા છે તે વાસ્તવમાં સદંતર છોડી દેવા માટે નથી, બલકે પ્રથમ ટેવ પાડ્યા પછી છોડી દેવા ઉપર છે, કારણ કે વ્યક્તિ જે નફ્લની ટેવ બનાવી લે ઉમ્મતના ઈજ્માઅ્ (સહમતી) પ્રમાણે તેના ઉપર સાતત્ય જાળવવું જોઈએ અને આદત પડી ગયા પછી છોડી દેશે તો તે ટીકાપાત્ર થશે, કારણ કે આદત પછી વિના કારણે છોડી દેવું એક પ્રકારનો વાંધો ઉઠાવવાની નિશાની છે અને જો શરૂઆતમાં ટેવ ન હોય તો તેની કોઈ ટીકા કે નીંદા નથી. વલ્લાહુ અઅ્લમુ.

તહજ્જુદની રકા'તોની સંખ્યા :

સહીહ બુખારી અને મુસ્લિમમાં હઝરત આયશા સિદ્દીકા (રદિ.)ની રિવાયત છે કે, રસૂલે કરીમ ﷺ રમઝાનમાં અથવા રમઝાન પછી ક્યારેય અગિયાર રકા'તથી વધારે પઢ્યા ન હતા. આ અગિયાર રકા'તોમાં હનફીઓ સમીપ ત્રણ રકા'તો વિત્રની હતી અને તહજ્જુદની નમાઝની આઠ રકા'તો અદા કરતા હતા.

તહજ્જુદની નમાઝનું સ્વરૂપ :

જાહેર હદીષની રિવાયતોથી જે સાબિત છે તે એ છે કે શરૂઆતમાં બે રકા'તો ટૂંકી અને હલકી કિરાઅત સાથે પઢે પછી બાકીની રકા'તોમાં કિરાઅત પણ લાંબી કરે અને રુકૂઅ્-સિજ્દહ પણ લાંબા હોય અને આ લંબાણ અમુક વખતે વધારે થઈ જતું હતું અને અમુક વખતે ઓછું. (આ ખુલાસો હદીષની તે રિવાયતોનો છે જે આ સ્થળે તફસીરે મઝહરીમાંથી નકલ કરવામાં આવી છે).

મકામે મહમૂદ :

રસૂલે કરીમ ﷺને આ આયતમાં "મકામે મહમૂદ"નો વાયદો કરવામાં આવ્યો છે અને આ સ્થળ બધા જ અંબિયા (અલૈ.)માં માત્ર આપ ﷺની વિશેષતા છે, તેની તફસીરમાં વિવિધ નિવેદનો આવ્યા છે પરંતુ સાચું તે છે જે સહીહ હદીષોમાં પોતે રસૂલે કરીમ ﷺથી નકલ થયું છે. આ સ્થળ "શફાઅતે કુબરા"નું છે એટલે કે મેદાને હશ્રમાં જે સમયે બધી જ માનવજાત એકઠી થશે અને દરેક નબી અને પયગમ્બરને શફાઅતની દરખાસ્ત કરશે તો બધા જ અંબિયા (અલૈ.) ઉઝર રજુ કરશે, માત્ર રસૂલે કરીમ ﷺને એ પ્રતિષ્ઠા અર્પણ થશે કે બધી જ માનવજાતની શફાઅત કરશે, તેનો ખુલાસો હદીષની રિવાયતોમાં લાંબો છે જે આ સ્થળે ઈબ્ને કષીર અને મઝહરીમાં લખ્યો છે.

અંબિયા (અલૈ.) અને નેક લોકોએ કરેલ ઉમ્મતની શફાઅત (સિફારીશ-Intercession) સ્વીકાર્ય હશે :

ઈસ્લામી ફિરકાઓથી ખવારિઝ અને મોઅ્તઝિલા અંબિયા (અલૈ.)ની શફાઅતના ઈન્કારી છે, તેઓ કહે છે કે ગુનાહે કબીરહ કોઈની શફાઅતથી મા'ફ થતો નથી પરંતુ મુતવાતિર હદીષો એ બાબતની સાક્ષી છે કે અંબિયા (અલૈ.)ની બલકે ઉમ્મતના સુલહા (નેક લોકો)ની પણ સિફારસ ગુનેહગારોના હકમાં સ્વીકાર્ય હશે, ઘણા બધા લોકોના ગુનાહો સિફારસથી મા'ફ કરી દેવામાં આવશે.

ઈબ્ને માજહ અને બયહકીમાં હઝરત ઉસ્માન (રદિ.)ની રિવાયત નકલ થઈ છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, "કયામતના દિવસે પ્રથમ અંબિયા (અલૈ.) ગુનેહગારોની સિફારસ કરશે, પછી ઉલમા અને ત્યારબાદ શહીદો"; અને દયલમીએ ઈબ્ને ઉમર (રદિ.)ની રિવાયતથી નકલ કર્યું છે કે, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, "આલિમને કહેવામાં આવશે કે તમે પોતાના શાગિર્દો (વિદ્યાર્થીઓ)ની સિફારસ કરી શકો છો ભલે તેમની સંખ્યા આસમાનના તારાઓ જેટલી હોય !"

અબૂ દાવુદ અને ઈબ્ને હય્યાને અબી દરદહ (રદિ.)ની રિવાયતથી નકલ કર્યું છે કે, "શહીદની સિફારસ તેના કુટુંબના સિત્તેર વ્યક્તિઓ વિશે સ્વીકાર કરવામાં આવશે."

મુસ્નદે અહમદ, તબરાની અને બયહકીએ સહીહ સનદ દ્વારા હઝરત અબૂ ઉમામહ (રદિ.)થી રિવાયત કર્યું છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, "મારી ઉમ્મતના એક વ્યક્તિની સિફારસ ઉપર કબીલા રબિયા અને મુઝર બધા જ લોકોથી વધારે વ્યક્તિઓ જન્નતમાં દાખલ કરવામાં આવશે."

એક પ્રશ્નનો ઉત્તર :

અત્રે એ સવાલ પેદા થાય છે કે જ્યારે પોતે રસૂલુલ્લાહ ﷺ સિફારસ કરશે અને આપ ﷺની સિફારસથી કોઈ મો'મિન દોઝખમાં ન રહી જશે નહીં તો પછી ઉમ્મતના ઉલમા અને સુલહાની સિફારસ કોના માટે અને શા માટે હશે ? તફસીરે મઝહરીમાં છે કે લગભગ સ્વરૂપ એ હશે કે ઉલમા અને સુલહા ઉમ્મતના જે લોકોની સિફારસ કરવા ઈચ્છશે તે પોતાની સિફારસ રસૂલે કરીમ ﷺની સેવામાં રજુ કરશે, પછી રસૂલે કરીમ ﷺ અલ્લાહ તઆલાની બારગાહમાં સિફારસ ફરમાવશે.

ખુલાસો :

એક હદીષમાં છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, شَفَاعَتِى لِأَهْلِ الْكَبَائِرِ مِنْ أُمَّتِى એટલે કે, "મારી શફાઅત (સિફારસ) ઉમ્મતના તે લોકો માટે હશે જેમણે કબીરહ ગુનાહ કર્યા હતા." તેનાથી દેખીતી એ જાણ થાય છે કે કબીરહ ગુનાહ કરનારાઓની શફાઅત રસૂલે કરીમ ﷺ સાથે વિશિષ્ટ સ્વરૂપે જોડાયેલ છે, કોઈ ફરિશ્તો અથવા ઉમ્મતનો કોઈ અન્ય વ્યક્તિ કબીરહ ગુનોહ કરનારાની સિફારસ કરી શકશે નહીં, ઉમ્મતના નેક લોકોની સિફારસ સગીરહ (નાના ગુનાહ)વાળાઓ માટે હશે.

તહજ્જુદની નમાઝને સિફારસનું સ્થાન પ્રાપ્ત થવામાં ખાસ દખલગીરી છે :

હઝરત મુજદ્દિદ અલફે ષાની (રહ.) ફરમાવે છે કે આ આયતમાં રસૂલે કરીમ ﷺને પ્રથમ તહજ્જુદની નમાઝનો હુકમ આપવામાં આવ્યો, પછી "મકામે મહમૂદ" એટલે કે "શફાઅતે કુબરા"નો વાયદો કરવામાં આવ્યો, તેનાથી જાણ થાય છે કે તહજ્જુદની નમાઝને સિફારસનું સ્થાન પ્રાપ્ત થવામાં ખાસ દખલગીરી છે.

.....وَقُلْ رَّبِّ اَدْخِلْنِىْ પાછલી આયતોમાં પ્રથમ મક્કાના કાફિરોની પીડા પહોંચાડવાની બાબત તથા તેમની ચાલબાજીઓ અને યોજનાઓનું વર્ણન હતું જેઓ તે રસૂલે કરીમ ﷺને તકલીફ પહોંચાડવા માટે કરતા હતા, તેની સાથે એ પણ વર્ણન થયું કે તેમની આ ચાલબાજીઓ કે ષડયંત્રો સફળ થશે નહીં અને તેના મુકાબલામાં રસૂલે કરીમ ﷺને અસલ તદ્બીરના દરજ્જામાં પાંચ વખતની નમાઝો કાયમ કરવાની અને તહજ્જુદની નમાઝ અદા કરવાની સૂચના અને પ્રેરણા આપવામાં આવી, ત્યારબાદ આખિરતમાં આપ ﷺને બધા અંબિયા (અલૈ.) કરતા શ્રેષ્ઠ સ્થાન એટલે કે મકામે મહમૂદ અર્પણ કરવાનો વાયદો કરવામાં આવ્યો જે આખિરતમાં પૂરો થશે. પ્રસ્તુત આયત وَقُلْ رَّبِّ માં અલ્લાહ તઆલાએ આ જ દુનિયામાં પ્રથમ આપને કાફિરોના ષડયંત્રો અને પીડાઓથી મુક્તિ અપાવવાની યુક્તિ સ્વરૂપે મદીનાની હિજરતનો હુકમ આપ્યો અને ત્યારબાદ મક્કા ફતેહ થવાની ખુશખબરી وَقُلْ جَآءَ الْحَقُّ માં ઇરશાદ ફરમાવવામાં આવી.

જામેઅ્ તિરમિઝીમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત છે કે નબીએ કરીમ ﷺ મક્કએ મુઅજ્જમહમાં હતા, પછી આપને મદીનાની હિજરતનો હુકમ આપવામાં આવ્યો તેના ઉપર આ આયત નાઝિલ થઈ, وَقُلْ رَّبِّ اَدْخِلْنِىْ مُدْخَلَ صِدْقٍ وَّاَخْرِجْنِىْ مُخْرَجَ صِدْقٍ તેમાં શબ્દ مُدْخَلَ (મુદ્ખલ્) અને مُخْرَجَ (મુખ્રજ) દાખલ થવાના અને બહાર નીકળવાના સ્થળે "ઇસ્મે ઝર્ફ" છે અને તેની સાથે સિફતે સિદ્ક વધારવાનો ભાવાર્થ એ છે કે આ નીકળવું અને દાખલ થવું બધું અલ્લાહની મરજી મુજબ ભલાઈની સાથે હોય, કારણ કે સિદ્ક વિશેષણનો ઉપયોગ અરબી ભાષામાં દરેક એવા કામમાં કરવામાં આવે છે જે જાહેરમાં અને અંદરખાને યોગ્ય અને ઉત્તમ હોય, કુર્આનમાં قَدَمَ صِدْقٍ (કદમ સિદ્ક-૧૦:૨) તથા لِسَانَ صِدْقٍ (લિસાન સિદ્ક-૨૬:૮૪) અને مَقْعَدَ صِدْقٍ (મક્અદ સિદ્ક-૫૪:૫૫)ના શબ્દો આ જ અર્થમાં ઉપયોગ થયા છે.

પ્રવેશ પામવાના સ્થળથી ભાવાર્થ મદીના અને નીકળવાના સ્થળનો ભાવાર્થ મક્કએ મુકર્રમહ છે, અર્થ એ થયો કે, "યા અલ્લાહ ! મદીનામાં મારો પ્રવેશ ભલાઈ અને ખૂબી સાથે થઈ જાય, ત્યાં કોઈ સ્વભાવ વિરુદ્ધ અથવા અપ્રિય સ્વરૂપ સામે ન આવે અને મક્કએ મુકર્રમહથી મારું નીકળવું ભલાઈ અને ખૂબી

સાથે થઈ જાય કે વતન અને ઘરબાળની મહોબ્બતમાં આ નીકળવાથી દિલ ઉલઝેલું (મશ્ગૂલ) ન રહે." આ આયતની તફસીરમાં અમુક અન્ય નિવેદનો પણ આવ્યા છે પરંતુ આ તફસીર હઝરત હસન બસરી (રહ.) અને કતાદહથી નકલ થયેલ છે, ઈબ્ને કષીરે તેને જ વધારે સહીહ નિવેદન કહ્યું છે, ઈબ્ને જરીરે પણ તેને જ અપનાવ્યું છે. ક્રમનો તકાદો અસ હતો કે પ્રથમ નીકળવાનું અને પછી પ્રવેશ થવાનું વર્ણન થયું હોત પરંતુ અહીંયાં પ્રવેશ પામવાને અગ્રસ્થાને રાખી નીકળવાને પાછલા સ્થાને રાખવામાં કદાચ એ તરફ ઈશારો હોય કે મક્કએ મુકર્રમહથી નીકળવું પોતે કોઈ મકસદ કે હેતુ ન હતો, બલકે બયતુલ્લાહને છોડાવવું અત્યંત આઘાતની બાબત હતી પરંતુ ઈસ્લામ અને મુસલમાનો માટે સલામતીનું સ્થળ શોધવાનો મકસદ હતો જે મદીનામાં પ્રવેશ દ્વારા પ્રાપ્ત થવાની આશા હતી, એટલા માટે જે મૂળ હેતુ હતો તેને અગ્રસ્થાને રાખવામાં આવ્યો.

ખુલાસો :

મહત્ત્વની હેતુપ્રાપ્તિ માટેની સ્વીકાર્ય દુઆ :

મદીનાની હિજરતના સમયે રસૂલે કરીમ ﷺને અલ્લાહ તઆલાએ એ દુઆની સૂચના અને પ્રેરણા આપી કે મક્કાથી નીકળવું અને પછી મદીનામાં પહોંચવું બંને ભલાઈ અને આફિયત સાથે હોય. આ જ દુઆના ફળ સ્વરૂપે હિજરત સમયે પીછો કરનારા કાફિરોની પહોંચથી અલ્લાહ તઆલાએ તેમને દરેક કદમ ઉપર બચાવી લીધા અન મદીના તય્યિબહને જાહેર અને અદષ્ય રીતે રસૂલે કરીમ ﷺ અને બધા જ મુસલમાનો માટે અનુકૂળ બનાવ્યું, એટલા માટે અમુક ઉલમાએ ફરમાવ્યું કે આ દુઆ દરેક મુસલમાને પોતાના બધા જ હેતુઓની પ્રાપ્તિ માટેની શરૂઆતમાં યાદ રાખવી જોઈએ અને દરેક મકસદ માટે આ દુઆ લાભદાયક છે, આ જ દુઆની પૂર્ણતા પછી આ વાકય છે, وَاجْعَلْ لِّي مِنْ لَّدُنْكَ سُلْطَانًا نَّصِيرًا હઝરત કતાદહ (રદિ.) ફરમાવે છે કે, રસૂલે કરીમ ﷺને એ ખબર હતી કે રિસાલતના હોદ્દાની ફરજોની અદાયગી તથા દુશ્મનોના ઘેરામાં કામ કરવું પોતાના બસની વાત નથી એટલા માટે અલ્લાહ તઆલા પાસે વિજય અને સહાયની દુઆ કરી જે સ્વીકારવામાં આવી અને તેની અસર સૌની સામે જાહેર થઈ ગઈ.

وَقُلْ جَآءَ الْحَقُّ وَزَهَقَ الْبَاطِلُ આ આયત હિજરત પછી ફત્હે મક્કા વિશે નાઝિલ થઈ. હઝરત ઈબ્ને મસ્ઊદ (રદિ.) ફરમાવે છે કે મક્કા વિજયના દિવસે રસૂલે કરીમ ﷺ મક્કામાં દાખલ થયા ત્યારે તે સમયે બયતુલ્લાહની ફરતે ૩૬૦ મૂર્તિઓના પૂતળાં ઊભા હતા, અમુક ઉલમાએ આ ખાસ સંખ્યાનું કારણ એ બતાવ્યું છે કે મક્કાના મુશ્રિકો વર્ષભરના દિવસોમાં દરેક દિવસની એક મૂર્તિ અલગ રાખતા હતા, તે દિવસે તેની પૂજા કરતા હતા. (કુર્તુબી) રસૂલે કરીમ ﷺ જ્યારે ત્યાં પહોંચ્યા તો આ આયત તેમની જીભ મુબારક ઉપર હતી جَآءَ الْحَقُّ وَزَهَقَ الْبَاطِلُ અને પોતાની લાકડીથી એક-એક મૂર્તિની છાતીમાં મારતા જતા હતા. *(બુખારી અને મુસ્લિમ)*

અમુક રિવાયતોમાં છે કે આ લાકડીના છેડા ઉપર ધાતુનું અથવા લોખંડનું ખોરું (કડી-કવર) લગાડેલું હતું, જ્યારે રસૂલે કરીમ ﷺ કોઈ મૂર્તિની છાતીમાં મારતા તો તે ઊંધી પડી જતી હતી, એટલે સુધી કે આ બધી મૂર્તિઓ પડી ગઈ અને રસૂલે કરીમ ﷺએ તેને તોડી નાંખવાનો હુકમ આપ્યો.

(કુર્તુબી બ હવાલએ કાઝી અયાઝ વ કુશયરી)

કુફ્ર અને શિર્ક તથા જૂઠા રિવાજોની નિશાનીઓને મિટાવવું વાજિબ છેઃ

ઈમામ કુર્તુબીએ ફરમાવ્યું કે આ આયતમાં એ બાબતની દલીલ છે કે મુશ્રિકોની મૂર્તિઓ અને બીજી શિર્કયુક્ત નિશાનીઓને મિટાવવું (નાશ કરવું) વાજિબ છે અને બધા જ તે જૂઠા બાતિલ સાધનો કે જેનો ઉપયોગ માત્ર ગુનાહો માટે થતો હોય તે પણ આ જ હુકમમાં છે. ઈબ્ને મુંઝરે ફરમાવ્યું કે, તસવીરો અને પૂતળાંઓ જે લાકડાં અથવા પિત્તળ વગેરેની બનાવવામાં આવે છે તે પણ મૂર્તિઓના હુકમમાં સામેલ છે, રસૂલે કરીમ ﷺએ તે પડદાને ફાડી નાંખ્યો હતો જેના ઉપર (સજીવની) તસ્વીરો નકશીકામ અને રંગથી બનાવવામાં આવી હતી, તેનાથી સામાન્ય (સજીવની) તસવીરો (ફોટાઓ-ચિત્રો)નો હુકમ પણ જાણ થઈ ગઈ. હઝરત ઈસા (અલૈ.) અંતિમ જમાનામાં તશરીફ લાવશે તો સહીહ હદીષ પ્રમાણે સલીબ (ક્રિશ્ચિયનોના ક્રોસ)ને તોડી નાંખશે, ડુક્કરને કતલ કરશે અને આ બધી બાબતો તે બાબતની દલીલ છે કે શિર્ક અને કુફ્ર તથા બાતિલના જેટલાય સાધનો છે તેને તોડવા અથવા તેનો નાશ કરી નાંખવો વાજિબ છે.

وَنُنَزِّلُ مِنَ الْقُرْاٰنِ مَاهُوَ شِفَآءٌ કુર્આને કરીમનું દિલો માટે શિફા (ઉપચાર) હોવું તથા કુફ્ર-શિર્ક અને અધમ કૃત્યો તથા રૂહાની બીમારીઓથી નફ્સના છુટકારાનું માધ્યમ હોવું ખુલ્લું છે. આ વાત જગજાહેર છે અને સમગ્ર ઉમ્મત તેના ઉપર સહમત છે તથા અમુક ઉલમા સમીપ કુર્આન જે પ્રમાણે રૂહાની બીમારીઓનો ઉપચાર છે એ જ પ્રમાણે જાહેર બીમારીઓની પણ શિફા છે કે કુર્આનની આયતો પઢીને બીમાર ઉપર દમ (ફૂંક) કરવામાં આવે તથા તાવીજ બનાવી ગળામાં લટકાવવામાં આવે તો શારીરિક બીમારીઓથી પણ છુટકારો મળે છે, હદીષની રિવાયતો તેના ઉપર ગવાહ છે. બધી જ હદીષની કિતાબોમાં હઝરત અબૂ સઈદ ખુદરી (રદિ.)ની આ હદીષ મોજૂદ છે કે સહાબએ કિરામ (રદિ.)ની એક જમાઅત મુસાફરીમાં હતી, કોઈ ગામના માલદારને વીંછીએ ડંખ માર્યો હતો, લોકોએ સહાબા (રદિ.)ને પૂછ્યું કે તમે તેમનો ઈલાજ કરી શકો છો ? તેમણે સાત વખતે સૂરએ ફાતિહા પઢીને તેના ઉપર દમ કર્યો, બીમાર સારો થઈ ગયો, પછી રસૂલે કરીમ ﷺની સામે તેનો ઉલ્લેખ થયો તો આપ ﷺએ સહાબા (રદિ.)ના આ અમલને જાઈઝ ઠરાવ્યો.

એ જ પ્રમાણે હદીષની અન્ય અનેક રિવાયતોથી પોતે રસૂલે કરીમ ﷺનું "મુઅવ્વઝતય્ન" પઢીને દમ કરવું સાબિત છે તથા સહાબા (રદિ.) અને તાબિઈન (રદિ.)થી પણ "મુઅવ્વઝતયૂન" તથા કુર્આનની અન્ય આયતો દ્વારા બીમારોનો ઈલાજ કરવો અથવા તેને ગળામાં લટકાવવું સાબિત થયેલ છે, તેને આ આયત હેઠળ કુર્તુબીએ વિગતવાર લખ્યું છે.

وَلَا يَزِيْدُ الظّٰلِمِيْنَ اِلَّا خَسَارًا થી જાણ થાય છે કે, કુર્આને કરીમને જ્યારે શ્રદ્ધા અને સન્માનપૂર્વક પઢવામાં આવે છે તો તેનું શિફા હોવું જે રીતે ઉઘાડું અને સાબિત થયેલ બાબત છે એ જ પ્રમાણે કુર્આનનો ઈન્કાર કરવો અને તેની બેઅદબી કરવી નુકસાન આફતોનું કારણ બને છે.

આયતો : (સૂરએ બની ઇસ્રાઈલ : આયત નં. ૮૩-૮૪)

وَاِذَآ اَنْعَمْنَا عَلَى الْاِنْسَانِ اَعْرَضَ وَنَاٰ بِجَانِبِهٖ ۚ وَاِذَا مَسَّهُ الشَّرُّ كَانَ يَـُٔوْسًا ﴿٨٣﴾ قُلْ كُلٌّ يَّعْمَلُ عَلٰى شَاكِلَتِهٖ ؕ فَرَبُّكُمْ اَعْلَمُ بِمَنْ هُوَ اَهْدٰى سَبِيْلًا ﴿٨٤﴾ ع

તરજુમો :

અને જ્યારે અમે માનવી ઉપર આરામ મોકલીએ છીએ તો ટાળી જાય અને પોતાનું પડખું બચાવે (અળગો થઈ જાય) અને જ્યારે તેને કોઈ બુરાઈ પહોંચે તો હતાશ થઈને રહી જાય. (૮૩) તમે કહો, દરેક પોતાની ઢબ ઉપર કામ કરે છે, બસ તમારો પરવરદિગાર સારી પેઠે જાણે છે કોણે સીધો માર્ગ પામી લીધો! (૮૪)

તફસીર :

અને અમુક લોકો (એટલે કે કાફિરો એવા હોય) છે કે તેમને અમે નેઅ્મત અર્પણ કરીએ છીએ તો (અમારાથી અને અમારા હુકમોથી) મોઢું ફેરવી લે છે અને પાસું ફેરવી લે છે અને જ્યારે તેને કોઈ તકલીફ પહોંચે છે (તો રહમતથી બિલકુલ) નાઉમ્મીદ બની જાય છે (અને આ બંને બાબતો અલ્લાહ તઆલાથી સંબંધ ન હોવાની દલીલ છે અને આ જ આધાર છે દરેક કુફ્ર અને ગુમરાહીનો) તમે ફરમાવી આપો કે (મો'મિનો અને કાફિરો તથા ભલાઈ અને બુરાઈમાંથી) દરેક વ્યક્તિ પોતાના તરીકા ઉપર કામ કરી રહ્યો છે (એટલે કે પોત-પોતાની સાચી બુદ્ધિ ઉપર અને તર્ક ઉપર કાયમ છે તથા જ્ઞાન અથવા જહાલતની બુનિયાદ ઉપર વિવિધ તરીકાઓથી કામ કરે છે) તો તમારો પરવરદિગાર તેને સારી પેઠે જાણે છે જે વધારે ઠીક અને સીધા માર્ગ ઉપર છે (એ જ પ્રમાણે જે સાચા રસ્તા ઉપર ન હોય તેને પણ જાણે છે અને દરેકને તેના અમલ પ્રમાણે બદલો અથવા સજા આપશે, એવું નથી કે જેનું દિલ ઇચ્છે તે વિના દલીલે પોતાને સીધા માર્ગ ઉપર સમજવા લાગે).

મસ્અલા અને બોધપાઠ :

كُلٌّ يَّعْمَلُ عَلٰى شَاكِلَتِهٖ માં શબ્દ شَاكِلَة (શાકિલહ)ની તફસીરમાં પુરોગામી ઇમામોના વિવિધ નિવેદનો નોંધવામાં આવ્યા છે. સ્વભાવ, ટેવ, કોઠાસૂઝ, નિય્યત, રૂઢિ વગેરે અને આ સૌનો ખુલાસો એ છે કે દરેક મનુષ્ય પોતાના માહોલ અને ટેવો તથા રસમો-રિવાજના આધારે પોતાની ટેવો અને સ્વભાવમાં વણાય જાય છે, તેનો અમલ તેના જ તા'બે રહે છે. (કુર્તુબી) તેમાં મનુષ્યને એ બાબતે ચેતવણી આપવામાં આવી છે કે ખરાબ મહોલ, ખરાબ સોબત અને ખરાબ આદતોથી બચવામાં આવે, નેક લોકોની સોબત અને સારી

ટેવોને અપનાવે. (જસ્સાસ) કારણ કે પોતાના માહોલ અને સોબત તથા સમાજના રસ્મો-રિવાજથી મનુષ્યનો એક પ્રકારનો સ્વભાવ વણાઈ જતો હોય છે, તેની દરેક પ્રવૃત્તિ તેના આધીન જ ચાલે છે. ઈમામ જસ્સાસ (રહ.)એ આ સ્થળે شَاكِلَةٌ (શાકિલહ)નો એક અર્થ "હમશકલ"નો પણ કર્યો છે, તેના અર્થના આધારે આયતનો ભાવાર્થ એ થશે કે દરેક વ્યક્તિ પોતાના સ્વભાવ પ્રમાણે બીજા વ્યક્તિ તરફ ઢળે છે, નેક વ્યક્તિ નેક તરફ આકર્ષાય છે અને ખરાબ વ્યક્તિ ખરાબ તરફ; તેના જ તરીકા ઉપર ચાલે છે અને તેને જ અલ્લાહ તઆલાએ આ રીતે ફરમાવ્યું છે, اَلْخَبِيْثَاتُ لِلْخَبِيْثِيْنَ અને وَالطَّيِّبٰتُ لِلطَّيِّبِيْنَ (૨૪:૨૬) એટલે કે, ખબીષ (બદ્કાર) સ્ત્રીઓ ખબીશ પુરુષો માટે અને પવિત્ર સ્ત્રીઓ પવિત્ર પુરુષો માટે છે, તેનો ભાવાર્થ એ છે કે દરેક પોતાના સ્વભાવ પ્રમાણે પુરુષ અથવા સ્ત્રી તરફ આકર્ષાય છે અને તેના ભાવાર્થનો ખુલાસો એ વાતની ચેતવણી પણ છે કે મનુષ્યએ ખરાબ સોબતો અને ખરાબ ટેવોથી હંમેશા બચવું જોઈએ.

આયતો : (સૂરએ બની ઇસ્રાઈલઃ આયત નં. ૮૫ થી ૮૯)

وَيَسْـَٔلُوْنَكَ عَنِ الرُّوْحِ ۖ قُلِ الرُّوْحُ مِنْ اَمْرِ رَبِّيْ وَمَاۤ اُوْتِيْتُمْ مِّنَ الْعِلْمِ اِلَّا قَلِيْلًا ﴿٨٥﴾
وَلَئِنْ شِئْنَا لَنَذْهَبَنَّ بِالَّذِيْۤ اَوْحَيْنَاۤ اِلَيْكَ ثُمَّ لَا تَجِدُ لَكَ بِهٖ عَلَيْنَا وَكِيْلًا ﴿٨٦﴾ اِلَّا
رَحْمَةً مِّنْ رَّبِّكَ ۚ اِنَّ فَضْلَهٗ كَانَ عَلَيْكَ كَبِيْرًا ﴿٨٧﴾ قُلْ لَّئِنِ اجْتَمَعَتِ الْاِنْسُ وَالْجِنُّ
عَلٰۤى اَنْ يَّاْتُوْا بِمِثْلِ هٰذَا الْقُرْاٰنِ لَا يَاْتُوْنَ بِمِثْلِهٖ وَلَوْ كَانَ بَعْضُهُمْ لِبَعْضٍ ظَهِيْرًا ﴿٨٨﴾
وَلَقَدْ صَرَّفْنَا لِلنَّاسِ فِيْ هٰذَا الْقُرْاٰنِ مِنْ كُلِّ مَثَلٍ ۫ فَاَبٰۤى اَكْثَرُ النَّاسِ اِلَّا كُفُوْرًا ﴿٨٩﴾

તરજુમો :

અને તમને "રૂહ"નું પૂછે છે, કહી આપો ! "રૂહ" મારા પરવરદિગારના હુકમથી છે અને તમને થોડુંક જ જ્ઞાન આપવામાં આવ્યું છે. (૮૫) અને જો અમે ઈચ્છીએ તો તે વસ્તુને લઈ જઈએ જે અમે તમને વહી મોકલી, પછી તમે પોતાના માટે તેને લાવી આપવાને અમારા ઉપર કોઈ જિમ્મેદાર ન પામો. (૮૬) પરંતુ તમારા પરવરદિગારની મહેરબાનીથી તેની તમારા

ઉપર મોટી બખ્શીશ છે. (૮૭) કહો, જો મનુષ્ય અને જિન્નાત એના ઉપર ભેગા થાય કે આવું કુર્આન લાવે; કદાપિ આવું કુર્આન લાવી શકશે નહીં અને ભલે એકબીજાની મદદ કર્યા કરે. (૮૮) અને અમે આ કુર્આનમાં લોકોને દરેક દષ્ટાંત ફેરવી-ફેરવીને સમજાવ્યું, બસ ઘણા લોકો નાશુક્રી કર્યા વિના નથી રહેતા. (૮૯)

તફસીર :

(હે મુહમ્મદ ﷺ !) અને આ લોકો તમને (કસોટી કરવા માટે) "રૂહ"(ની હકીકત) વિશે પૂછે છે, તમે (જવાબમાં) ફરમાવી આપો કે "રૂહ" (વિશે બસ સામાન્ય રીતે એટલું સમજી લો કે તે એક વસ્તુ છે જે) મારા પરવરદિગારના હુકમથી બની છે અને (બાકી તેની વિગતવાર હકીકત વિશે અલબત્ત) તમને ઘણું થોડું જ્ઞાન (તમારી સમજ અને આવશ્યકતા અનુસાર) આપવામાં આવ્યું છે (અને "રૂહ"ની હકીકત જાણવી કોઈ આવશ્યક વસ્તુ નથી અને ન જ તેની વાસ્તવિકતા સામાન્ય રીતે સમજમાં આવી શકે છે એટલા માટે કુર્આન તેની હકીકત વર્ણન કરતું નથી).

અને જો અમે ઈચ્છીએ તો જે પ્રમાણે તમારા ઉપર અમે વહી મોકલી છે (અને તેના દ્વારા તમને જ્ઞાન આપ્યું છે) બધું (છીનવીને) લઈ જઈએ, પછી તે (વહી)ને (પાછી લાવવા) માટે તમને અમારા મુકાબલામાં કોઈ હિમાયતી પણ ન મળશે પરંતુ (આ) તમારા પરવરદિગારની જ રહમત છે (કે એવું કર્યું નહીં) બેશક ! તમારા ઉપર તેની ઘણી મહાન બખ્શીશ છે (મતલબ એ છે કે મનુષ્યને "રૂહ" વગેરે દરેક વસ્તુની હકીકતનું જ્ઞાન તો શું હોય તેને જે થોડું જ્ઞાન વહી દ્વારા અલ્લાહ તઆલા તરફથી આપવામાં આવ્યું છે તે પણ કોઈ તેની જાગીર નથી, અલ્લાહ તઆલા ઈચ્છે તો તેને એ જ્ઞાન આપ્યા પછી પણ છીનવી લઈ શકે છે પરંતુ તે પોતાની રહમતથી એવું કરતો નથી, તેનું કારણ એ છે કે આપ ﷺ ઉપર અલ્લાહ તઆલાની ઘણી મોટી મહેરબાની અને બખ્શીશ છે) તમે ફરમાવી આપો કે જો સઘળા મનુષ્ય અને જિન્નાત બધા એ વાત માટે એકઠા થઈ જાય કે આવું કુર્આન બનાવી લાવે તો પણ તેઓ એવું કરી શકશે નહીં, ભલે એકબીજાના મદદગાર પણ બની જાય (એટલે કે તેમનામાંથી દરેક અલગ-અલગ પ્રયત્ન કરીને તો શું સફળ થાય બલકે બધા જ એકબીજાની સહાયતાથી કાર્ય કરીને પણ

કુર્આન જેવું બનાવી શકતા નથી) અને અમે લોકોને (સમજાવવા માટે) આ કુર્આનમાં દરેક પ્રકારના ઉત્તમ વિષયો પ્રકારે–પ્રકારે વર્ણન કર્યા છે તો પણ ઘણા લોકો ઈન્કાર કર્યા વિના ન રહ્યા !

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતોમાંથી પ્રથમ આયતમાં કાફિરો તરફથી "રૂહ" વિશે એક સવાલ અને અલ્લાહ તઆલા તરફથી તેનો જવાબ ઉપસ્થિત છે. શબ્દ "રૂહ" શબ્દકોષ અને રૂઢિપ્રયોગમાં વળી કુર્આને કરીમમાં અનેક અર્થો માટે ઉપયોગ થયો છે, પ્રચલિત અને પ્રખ્યાત અર્થ એ જ છે જે સામાન્ય રીતે સમજવામાં આવે છે, એટલે કે "પ્રાણ અથવા જીવ" જેમાં જીવન અને હયાત કાયમી છે. કુર્આને કરીમમાં આ શબ્દ હઝરત જિબ્રઈલ અમીન (અલૈ.) માટે પણ ઉપયોગ થયો છે. نَزَلَ بِهِ الرُّوْحُ الْاَمِيْنُ عَلٰى قَلْبِكَ (૨૬:૧૯૩–૧૯૪) અને હઝરત ઈસા માટે પણ ઘણી આયતોમાં ઉપયોગ થયો છે અને પોતે કુર્આન અને વહીને પણ "રૂહ"ના શબ્દ વડે ઓળખાવવામાં આવેલ છે. اَوْحَيْنَآ اِلَيْكَ رُوْحًا مِّنْ اَمْرِنَا (૪૨:૫૨)

"રૂહ"નો ભાવાર્થ શું છે ? :

અત્રે પ્રથમ બાબત વિચારપાત્ર એ છે કે પ્રશ્ન કરનારાઓએ "રૂહ" વિશે સવાલ કયા અર્થ આધારે કર્યો હતો ? અમુક વિવરણકાર લોકોએ વર્ણનશૈલી આધારે આ પ્રશ્ન વહી અને કુર્આન લાવનાર ફરિશ્તા હઝરત જિબ્રઈલ (અલૈ.) વિશે પૂછ્યો હોવાનું ઠરાવ્યું છે, કારણ કે તેનાથી પહેલાં પણ نُنَزِّلُ مِنَ الْقُرْاٰنِ માં કુર્આનનું વર્ણન હતું અને પછીની આયતોમાં ફરી કુર્આનનું જ વર્ણન છે. આ વર્ણનશૈલી એ યોગ્ય સમજી કે આ પ્રશ્નમાં પણ "રૂહ"નો ભાવાર્થ વહી અથવા કુર્આન અથવા હઝરત જિબ્રઈલ (અલૈ.) જ છે અને આ સવાલનો અર્થ હેતુ એ હતો કે, આપ ﷺ ઉપર વહી કઈ રીતે આવે છે અને કોણ લાવે છે ? કુર્આને કરીમે તેના જવાબમાં એટલું કહેવાને પૂરતું સમજ્યું કે અલ્લાહના હુકમથી વહી આવે છે, જે સવાલ હતો તે પ્રમાણે વિગતવાર ખુલાસાઓ અને તેના સ્વરૂપો વિશે બતાવ્યું નહીં.

પરંતુ પ્રચલિત સહીહ હદીષોમાં જે આ આયતનો શા'ને નુઝૂલ (આયત ઊતરવાની પૂર્વભૂમિકા) બતાવવામાં આવેલ છે જે લગભગ આ બાબતે સ્પષ્ટ છે કે, સવાલ કરનારાઓએ "રૂહે હયવાની" (સજીવના પ્રાણ)નો પ્રશ્ન કર્યો હતો

અને સવાલનો મકસદ "રૂહ"ની હકીકત જાણવાનો હતો કે તે શું વસ્તુ છે ? મનુષ્યના શરીરમાં કઈ રીતે આવે-જાય છે ? અને કઈ રીતે તેનાથી પશુ અને માણસ સજીવન થઈ જાય છે ? સહીહ બુખારી અને મુસ્લિમમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.)થી રિવાયત છે કે હું એક દિવસે રસૂલુલ્લાહ ﷺની સાથે મદીનાના નિર્જન વિસ્તારમાં ચાલી રહ્યો હતો. રસૂલુલ્લાહ ﷺના હાથ મુબારકમાં ખજૂરની એક ડાળીની લાકડી હતી, આપ ﷺ અમુક યહૂદીઓ પાસેથી પસાર થયા તો એ લોકો પરસ્પર કહેવા લાગ્યા કે મુહમ્મદ ﷺ આવી રહ્યા છે તેમને રૂહ વિશે પ્રશ્ન કરો, બીજાઓએ મનાઈ કરી પરંતુ પ્રશ્ન કરનારાઓએ પ્રશ્ન કરી જ નાંખ્યો, આ પ્રશ્ન સાંભળીને રસૂલે કરીમ ﷺલાકડીનો ટેકો લગાવી મૌન ઊભા રહ્યા જેનાથી મને અંદાજો થયો કે આપ ﷺ ઉપર વહી નાઝિલ થવાની છે, અમુક સમય પછી વહી નાઝિલ થઈ તો આપ ﷺએ આ આયત પઢીને સંભળાવી, وَيَسْـَٔلُوْنَكَ عَنِ الرُّوْحِ અહીંયાં દેખીતું છે કે કુર્આન અથવા વહીને "રૂહ" કહેવું તે કુર્આનની એક ખાસ પરિભાષા હતી, આ લોકોના પ્રશ્નને તે બાબતના સંદર્ભમાં જોવું ઘણી દૂરની વાત છે, અલબત્ત સજીવની તથા મનુષ્યની રૂહ (પ્રાણ)નો મા'મલો એવો છે કે તેનો પ્રશ્ન દરેક વ્યક્તિના દિલમાં પેદા થાય જ છે, એટલા માટે જમહૂર મુફસ્સિરીન ઈબ્ને કષીર, ઈબ્ને જરીર, કુર્તુબી, બહરે મુહીત, રૂહુલ મઆની બધાએ એને જ સાચું ઠરાવ્યું છે કે સવાલ સજીવની "રૂહ"ની હકીકત વિશે હતો, રહી એ વાત કે કુર્આનની વર્ણનશૈલી પ્રમાણે વર્ણન કુર્આન વિશે ચાલી રહ્યું છે, વચ્ચે "રૂહ"નો સવાલ-જવાબ તેના સંદર્ભ વિનાનો લાગે છે તો તેનો જવાબ સ્પષ્ટ છે કે આનાથી પહેલી આયતોમાં કાફિરો અને મુશ્રિકોના વિરોધ અને કષ્ટદાયક વાહિયાત સવાલોનું વર્ણન આવ્યું છે જેનો હેતુ રસૂલે કરીમ ﷺની રિસાલત વિશે કસોટી કરવાનો હતો, આ પ્રશ્ન પણ આ જ ક્રમની એક કડી સ્વરૂપે છે એટલા માટે તે સંદર્ભ કે અનુસંધાન વિનાનો નથી, ખાસ કરીને શા'ને નુઝૂલ વિશે એક બીજી સહીહ હદીષ નકલ થઈ છે તેમાં આ વાત વધારે ખુલાસાથી આવી છે કે સવાલ કરનારનો મતલબ રસૂલુલ્લાહ ﷺની રિસાલતની પરીક્ષા લેવાનો હતો.

મુસ્નદે અહમદમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત છે કે મક્કાના કુરૈશીઓ જેઓ વખતે કવખતે (વ્યર્થ) સવાલો રસૂલે કરીમ ﷺને

કરતા રહેતા હતા, તેમને વિચાર પેદા થયો કે યહૂદીઓ જ્ઞાનવાળા છે, તેમની પાછલી કિતાબોમાં પણ ઇલ્મ છે, તેમના પાસેથી અમુક સવાલો પ્રાપ્ત કરવામાં આવે જેના દ્વારા રસૂલે કરીમ ﷺની પરીક્ષા લેવામાં આવે, એટલા માટે કુરૈશે યહૂદીઓને પૂછવા માટે પોતાનો વ્યક્તિ મોકલ્યો, તેમણે કહ્યું કે તમે તેમને "રૂહ" વિશે પ્રશ્ન કરો. (ઇબ્ને કષીર) અને હઝરત ઇબ્ને અબ્બાસ (રદિ.)થી આ આયતની તફસીર આ પણ નકલ થઈ છે કે, યહૂદીઓએ રસૂલે કરીમ ﷺને પ્રશ્નમાં એવું પણ કહ્યું હતું કે આપ ﷺ અમને એ પણ બતાવો કે "રૂહ" ઉપર અઝાબ કઈ રીતે થાય છે ? એટલા માટે તે સમયે આપ ﷺએ તાત્કાલિક જવાબ ન આપ્યો, પછી હઝરત જિબ્રઈલ (અલૈ.) આ આયત લઈને નાઝિલ થયા قُلِ الرُّوْحُ مِنْ اَمْرِ رَبِّىْ *(ઇબ્ને કષીર)*

સવાલ કરવાની ઘટના મક્કામાં બની હતી અથવા મદીનામાં :

આનાથી પહેલાં અત્રે એક વાત ધ્યાનપાત્ર છે કે શા'ને નુઝૂલ વિશે જે બે હદીષો ઇબ્ને મસ્ઊદ (રદિ.) અને ઇબ્ને અબ્બાસ (રદિ.)ની ઉપર નકલ કરવામાં આવી છે તેમાંથી ઇબ્ને મસ્ઊદ (રદિ.)ની રિવાયત પ્રમાણે આ પ્રશ્ન કરવાની ઘટના મદીનામાં બની હતી અને એટલા જ માટે અમુક વિવરણકારોએ આ આયતને "મદની" ઠરાવી છે, જો કે સૂરએ બની ઇસ્રાઈલનો મોટો ભાગ "મક્કી" છે અને હઝરત ઇબ્ને અબ્બાસ (રદિ.)ની રિવાયતનો સંબંધ મક્કએ મુકર્રમહની ઘટના સાથે છે, એ પ્રમાણે આ આયત પણ સંપૂર્ણ સૂરતની જેમ મક્કી બાકી રહે છે, એટલા માટે ઇબ્ને કષીર (રહ.)એ આ સંભાવનાને વધારે વજનદાર ઠરાવી છે અને ઇબ્ને મસ્ઊદ (રદિ.)ની રિવાયતનો જવાબ એ આપ્યો છે કે એ શક્ય છે કે આ આયતનું ઉતરાણ મદીનામાં બીજા વખતે થયું હોય જેમકે કુર્આનની ઘણી બધી આયતો પુનરાવર્તિત સ્વરૂપે નાઝિલ થવાનું ઉલમા નજીક સર્વસ્વીકાર્ય છે અને તફસીરે મઝહરીએ હઝરત ઇબ્ને મસ્ઊદ (રદિ.)ની રિવાયતને વજનદાર ઠરાવીને મદીનાની ઘટના આધારે આ આયતને મદની ઠરાવી છે જેના બે કારણો બતાવ્યા છે, એક એ કે આ રિવાયત સહીહૈનમાં છે અને તેની સનદ હઝરત ઇબ્ને અબ્બાસ (રદિ.)ની રિવાયત કરતા વધારે મજબૂત છે, બીજું એ કે તેમાં પોતે ઘટના સાથે સંલગ્ન વ્યક્તિ હઝરત ઇબ્ને મસ્ઊદ (રદિ.) પોતાની ઘટના વર્ણન કરી રહ્યા છે, તેનાથી વિપરીત હઝરત ઇબ્ને અબ્બાસ

(રદિ.)ની રિવાયતમાં દેખીતું એ જ છે કે હઝરત ઇબ્ને અબ્બાસ (રદિ.)એ આ વાત કોઈ અન્ય પાસેથી સાંભળી છે.

પ્રસ્તુત પ્રશ્નનો ઉત્તર :

કુર્આને કરીમે આ પ્રશ્નનો ઉત્તર આ આપ્યો છે, قُلِ الرُّوۡحُ مِنۡ اَمۡرِ رَبِّىۡ આ જવાબના ખુલાસામાં વિવરણકાર વિદ્વાનોના શબ્દો અને વ્યાખ્યાઓ વિવિધ પ્રકારના છે, તેમાં સૌથી વધારે નિકટવર્તી અને સ્પષ્ટ તે છે જે તફસીરે મઝહરીમાં હઝરત કાઝી ષનાઉલ્લાહ પાનીપતી (રહ.)એ અપનાવ્યું છે, તે એ છે કે આ જવાબમાં જેટલી વાત બતાવવી આવશ્યક હતી અને જે સામાન્ય લોકોની સમજમાં આવવાપાત્ર છે માત્ર તે બતાવવામાં આવ્યું અને "રૂહ"ની સંપૂર્ણ હકીકત જેના વિશે સવાલ હતો તેને એટલા માટે બતાવવામાં ન આવ્યું કે તે સામાન્ય લોકોની સમજથી ઉપર હતું અને તેની કોઈ આવશ્યકતા પણ નથી અને તેના સમજવા ઉપર કોઈ બાબત અવલંબિત પણ ન હતી. અત્રે રસૂલુલ્લાહ ﷺને એ હુકમ થયો કે તમે તેમના જવાબમાં એટલું ફરમાવી આપો કે "રૂહ મારા પરવરદિગારના હુકમમાંથી છે." એટલે કે તે સામાન્ય મખ્લૂકની જેમ નથી જે ભૌતિક તત્ત્વ અને પદાર્થો દ્વારા અથવા તો તેના મિશ્રણ અને સંયોજન દ્વારા અસ્તિત્વમાં આવે છે, બલકે તે સીધે-સીધી અલ્લાહ તઆલાના હુકમ "કુન" (થઈ જા)થી પેદા થનારી વસ્તુ છે. આ જવાબે તે સ્પષ્ટ કરી દીધું કે "રૂહ"ને સામાન્ય ભૌતિક પદાર્થો ઉપર અનુમાનિત કરી શકાતી નથી જેનાથી તે બધી જ શંકાઓ નિર્મૂળ થઈ ગઈ જે રૂહને સામાન્ય ભૌતિક પદાર્થો સાથે સરખામણી કરવાના પરિણામે ઉપસ્થિત થાય છે અને મનુષ્ય માટે રૂહ વિશેનું આટલું જ જ્ઞાન પૂરતું છે તેનાથી વધારે જ્ઞાનની સાથે તેનું કોઈ દીની અથવા દુનિયવી કામ અટકેલું નથી, એટલા માટે સવાલનો તે વિભાગ વ્યર્થ અને ફુઝૂલ ઠરાવીને તેનો જવાબ આપવામાં આવ્યો નથી, ખાસ કરીને તેની હકીકતને સમજવી સામાન્ય લોકો માટે તો શું મોટા-મોટા બુદ્ધિજીવીઓ, ફિલોસોફરો અને સાયન્ટિસ્ટો માટે પણ સરળ નથી.

દરેક પ્રશ્નનો જવાબ દેવો જરૂરી નથી, પ્રશ્ન કરનારના દીની દષ્ટિકોણને નજર સમક્ષ રાખવો જરૂરી છે :

ઈમામ જસ્સાસ (રહ.)એ આ પ્રશ્નના જવાબમાં એ મસ્અલો કાઢ્યો કે

મુફતી અને આલિમના માથે એ જવાબદારી નથી કે પ્રશ્ન કરનારના દરેક પ્રશ્ન અને તેની દરેક શંકાનો જવાબ ચોક્કસ આપે, બલકે દીની હિતને નજર સમક્ષ રાખી જવાબ દેવો જોઈએ. જો જવાબ સવાલ કરનારની સમજથી ઉપરવટ છે અથવા તેને કોઈ ગેરસમજમાં પડી જવાનો ભય છે તો તેને જવાબ ન આપવો જોઈએ, એ જ પ્રમાણે વિના જરૂરતે અથવા વ્યર્થ સવાલોના જવાબ પણ આપવા જોઈએ નહીં, અલબત્ત જે વ્યક્તિને કોઈ એવી ઘટના બને જેના વિશે અમુક અમલ કરવો જરૂરી છે અને તે પોતે આલિમ નથી તો મુફતી અને આલિમે પોતાના જ્ઞાન પ્રમાણે તેનો જવાબ આપવો જરૂરી છે. (જસ્સાસ) ઈમામ બુખારી (રહ.)એ "કિતાબુલ ઈલ્મ"માં આ મસ્અલાનો એક આગવો વિષય (તરજુમતુલ બાબ) રાખીને બતાવ્યું છે કે જે સવાલના જવાબથી ગેરસમજમાં સપડાવવાનો ભય હોય તેનો જવાબ આપવો જોઈએ નહીં.

"રૂહ"ની વાસ્તવિકતાનું જ્ઞાન કોઈને હોઈ શકે છે અથવા નહીં ? :

કુર્આને કરીમે આ પ્રશ્નનો જવાબ સંબોધકની જરૂરિયાત અને સમજદારી અનુસાર આપી દીધો, રૂહની હકીકત કે વાસ્તવિકતા વર્ણન કરી નહીં પરંતુ તેનાથી એ જરૂરી નથી બની જતું કે રૂહની વાસ્તવિકતા કોઈ મનુષ્ય સમજી જ નથી શકતો અને એ પણ જરૂરી નથી કે પોતે રસૂલે કરીમ ﷺને તેની હકીકતની જાણ ન હતી, સાચી વાત એ છે કે આ આયત ન તો એ બાબતનો નકાર કરે છે અને ન જ તેનું સમર્થન કરે છે, જો કોઈ નબી અથવા રસૂલને વહી દ્વારા અથવા કોઈ વલીને કશ્ફ અથવા ઈલ્હામ દ્વારા રૂહની હકીકતની જાણ થઈ જાય તો તે આ આયતથી વિપરીત નથી, બલકે બુદ્ધિ અને ફિલસુફીની રૂએ પણ તેના ઉપર કોઈ ચર્ચા અને સંશોધન કરવામાં આવે તો તેને નિરર્થક બાબત તો કહી શકાય છે પરંતુ તેને નાજાઈઝ કહી શકાતું નથી, એટલા માટે ઘણા બધા પુરોગામી અને અનુગામી, આગલા અને પાછલા વિદ્વાનોએ રૂહ વિશે આગવા પુસ્તકો લખ્યા છે, આધુનિક યુગમાં અમારા ઉસ્તાદ મોહતરમ શયખુલ ઈસ્લામ હઝરત મવલાના શબ્બીર અહમદ ઉસ્માની (રહ.)એ એક નાની પુસ્તિકામાં આ મસ્અલાને ઉત્તમ શૈલીથી લખ્યો છે અને તેમાં જેટલા પ્રમાણમાં સામાન્ય મનુષ્ય માટે હકીકત સમજવા માટે યોગ્ય અને શક્ય છે તે સમજાવી દીધું છે, તે એક ભણેલા-ગણેલા કેળવણી પામેલ માનવી માટે પૂરતું છે અને તેનાથી તે શંકાઓ અને વાંધાઓથી બચી શકે છે.

ખુલાસો :

ઈમામ બગવી (રહ.)એ આ સ્થળે હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)થી એક વિગતવાર રિવાયત આ પ્રમાણે નકલ કરી છે કે, આ આયત મક્કએ મુકર્રમહમાં નાઝિલ થઈ. જ્યારે મક્કાના કુરૈશી સરદારોએ ભેગા થઈને મશ્વરો કર્યો કે મુહમ્મદ (ﷺ) આપણા અંદર પેદા થયા અને યુવાન થયા, તેમની પ્રમાણિકતા અને નિષ્ઠા તથા સચ્ચાઈમાં ક્યારેય કોઈને શંકા નથી થઈ અને ક્યારેય તેમના વિશે જૂઠું બોલવાનો આક્ષેપ પણ કોઈએ નથી લગાવ્યો અને તે છતાં હવે તે જેઓ નુબુવ્વતનો દા'વો કરી રહ્યા છે તે આપણી સમજમાં આવતો નથી, એટલા માટે આપણે એવું કરો કે પોતાનું-એક પ્રતિનિધિમંડળ મદીના તય્યિબહના યહૂદી ઉલમા પાસે મોકલીને તેમની પાસેથી એના વિશે તહકીક કરો, એટલા માટે કુરૈશનું એક પ્રતિનિધિમંડળ યહૂદના વિદ્વાનો પાસે મદીના પહોંચ્યું, યહૂદી આલિમોએ તેમને મશ્વરો આપ્યો કે અમે તમને ત્રણ વસ્તુઓ બતાવીએ છીએ, તમે તેમને ત્રણ પ્રશ્નો કરો જો તે ત્રણેનો જવાબ આપી દીધો તો તેઓ નબી નથી, એ જ પ્રમાણે જો ત્રણેમાંથી કોઈનો જવાબ ન આપ્યો તો પણ નબી નથી અને જો બેનો જવાબ આપ્યો, ત્રીજી વસ્તુનો જવાબ ન આપ્યો તો સમજી લો કે તે નબી છે. તે ત્રણ સવાલો આ પ્રમાણે બતાવ્યા કે એક તો તે લોકોની પરિસ્થિતિ વિશે પૂછો જેઓ પ્રાચીન યુગમાં શિર્કથી બચવા માટે કોઈ ગુફામાં સંતાઈ ગયા હતા, કારણ કે તેમની ઘટના આશ્ચર્યજનક છે, બીજું તે વ્યક્તિની હાલત વિશે પૂછો જેણે પૃથ્વીની પૂર્વથી પશ્ચિમ સુધી મુસાફરી કરી કે તેની શું ઘટના છે ? અને ત્રીજું, રૂહ વિશે પૂછો.

આ પ્રતિનિધિ મંડળ પાછું આવ્યું અને ત્રણે પ્રશ્નો રસૂલુલ્લાહ ﷺની સામે રજુ કરી દીધા. આપ ﷺએ ફરમાવ્યું કે, હું તેનો જવાબ કાલે આપીશ પરંતુ તેના ઉપર ઈન્શાઅલ્લાહ કહ્યું નહીં, તેનું પરિણામ એ આવ્યું કે અમુક દિવસો સુધી વહીનો ક્રમ સ્થગિત રહ્યો, બાર-પંદરથી લઈને ચાલીસ દિવસો સુધીની વિવિધ રિવાયતો છે કે જેમાં વહીનો ક્રમ બંધ રહ્યો, મક્કાના કુરૈશીઓને કટાક્ષ કરવાનો અને ઠઠ્ઠો કરવાનો મોકો મળી ગયો કે કાલે જવાબ આપવાનું કહ્યું હતું આજે આટલા દિવસો થઈ ગયા અમને ઉત્તર મળ્યો નથી, રસૂલે કરીમ ﷺને પણ પરેશાની થઈ, પછી હઝરત જિબ્રઈલ (અલૈ.) આ આયત લઈને નાઝિલ થયા, وَلَا تَقُولَنَّ لِشَيْءٍ إِنِّي فَاعِلٌ ذَٰلِكَ غَدًا إِلَّا أَن يَشَاءَ اللَّهُ

(૧૮:૨૩-૨૪) જેમાં આપને એ તાકીદ કરવામાં આવી કે હવે પછી કોઈ કામ કરવાનો વાયદો કરવામાં આવે તો "ઇન્શાઅલ્લાહ" કહીને કરવામાં આવે અને ત્યાર પછી રૂહ વિશે આ આયત સંભળાવી જે ઉપર વર્ણન થઈ છે અને ગુફામાં સંતાનારાઓ વિશે "અસ્હાબે કહફ"ની ઘટના તથા પૂર્વથી પશ્ચિમ સુધીની મુસાફરી કરનાર "ઝુલ્કરનૈન"ની ઘટના સંપૂર્ણ વિગત સાથે જવાબમાં વર્ણન કરી અને રૂહ વિશે કે જેની શું હકીકત છે જે સવાલ હતો તેનો જવાબ આપ્યો નહીં. (જેનાથી યહૂદીઓની બતાવેલી નુબુવ્વતની સાચી નિશાની જાહેર થઈ ગઈ). આ ઘટના તિરમિઝીએ પણ ટૂંકમાં વર્ણન કરી છે. *(મઝહરી)*

સૂરએ હિજ્રની આયત ૨૯ نَفَخْتُ فِيْهِ مِنْ رُّوْحِيْ હેઠળ "રૂહ" અને "નફ્સ" વગેરેની હકીકત વિશે એક સંશોધન તફસીરે મઝહરીના હવાલાથી અગાઉ આવી ચૂક્યું છે જેમાં રૂહના પ્રકારો અને દરેકની એક હકીકતને એક મર્યાદા સુધી સ્પષ્ટ કરવામાં આવી છે.

وَلَئِنْ شِئْنَا لَنَذْهَبَنَّ પાછલી આયતમાં રૂહના પ્રશ્ન ઉપર આવશ્યકતા પ્રમાણે જવાબ આપીને રૂહની હકીકત પૂછવાના પ્રયત્નને એવું કહીને અટકાવવામાં આવ્યો હતો કે માનવીનું જ્ઞાન કેટલુંય વધારે થઈ જાય પરંતુ દરેક પદાર્થોના સામૂહિક સંશોધનના અનુસંધાનમાં તે ઘણું અલ્પ જ રહે છે, એટલા માટે બિનજરૂરી ચર્ચાઓ અને સંશોધનોમાં ઉલઝેલા રહેવું પોતાના સમયને બરબાદ કરવા સમાન છે, આયત وَلَئِنْ شِئْنَا આ રીતે એ તરફ ઈશારો કરે છે કે મનુષ્યને જેટલા પ્રમાણમાં પણ જ્ઞાન મળે છે તે પણ તેની વ્યક્તિગત જાગીર નથી, અલ્લાહ તઆલા ઇચ્છે તો તેને પણ છીનવી લઈ શકે છે એટલા માટે તેણે પોતાના જ્ઞાન માટે અલ્લાહનો શુક્રિય્યહ અદા કરવો અને વ્યર્થ તથા બિનજરૂરી સંશોધનોમાં પોતાનો વખત બરબાદ ન કરવો જોઈએ, ખાસ કરીને ત્યારે જ્યારે કે આવા સંશોધનનો હેતુ કોઈ તહકીક કરવાનો ન હોય બલકે માત્ર કોઈની પરીક્ષા કરવાનો હોય, તેને નીચો દેખાડવાનો હેતુ હોય, જો તેણે એવું કર્યું તો કંઈ અશક્ય નથી કે આ ખોટી દાનતના પરિણામે જેટલું જ્ઞાન તેને પ્રાપ્ત થયું છે તે પણ તેની પાસેથી છીનવી લેવામાં આવે, આ આયતનું સંબોધન જો કે નબીએ કરીમ ﷺને કરવામાં આવ્યું છે પરંતુ તેને ઉમ્મતને સંભળાવવાનો મકસદ છે કે જ્યારે રસૂલે કરીમ ﷺનું જ્ઞાન પણ તેમના અધિકારમાં નથી તો પછી બીજાઓ વિશે તો કહેવું જ શું !?

قُلْ لَّئِنِ اجْتَمَعَتِ الْاِنْسُ وَالْجِنُّ આ વિષય કુર્આને મજીદની અમુક આયતોમાં આવ્યો છે જેમાં સમગ્ર માનવજાતિને સંબોધન કરીને એ દા'વો કરવામાં આવ્યો છે કે જો તમે કુર્આનને અલ્લાહનું કુર્આન નથી માનતા બલકે કોઈ મનુષ્યનું ઘડી કાઢેલું માનો છો તો તેનું ઉદાહરણ (મિસાલ) બનાવીને બતાવી આપો. આ આયતમાં આ દા'વાની સાથે એ પણ કહેવામાં આવ્યું કે માત્ર મનુષ્ય જ નહીં જિન્નાતને પણ પોતાની સાથે મેળવી લો અને પછી તમે બધા મળીને કુર્આનની એક સૂરત બલકે એક આયતનું ઉદાહરણ પણ બનાવી નહીં શકો.

આ વિષયને આ સ્થળે વર્ણન કરવું શક્ય છે કે એવું બતાવવા માટે હોય કે તમે જે અમારા રસૂલ ﷺથી વિવિધ પ્રકારના પ્રશ્નો રૂહ વગેરે વિશે તેમની રિસાલત અને નુબુવ્વતની કસોટી માટે કરો છો શા માટે આ ફુઝૂલ બાબતોમાં અડયા છો ? પોતે કુર્આને કરીમને જોઈ લો, આપ ﷺની નુબુવ્વત અને રિસાલતમાં કોઈ શંકા કે સંદેહની સંભાવના બાકી રહેશે નહીં, કારણ કે જ્યારે સમગ્ર દુનિયાના જિન્નાતો અને મનુષ્યો તેની એક નાની સરખી મિસાલ બનાવવાથી લાચાર છે તો તેના અલ્લાહના કલામ હોવામાં શું શંકા બાકી રહે છે અને જ્યારે કુર્આને કરીમનું અલ્લાહનું કલામ હોવું આ હિદાયત (માર્ગદર્શન)થી સાબિત થઈ ગયું તો આપ ﷺની નુબુવ્વત અને રિસાલતમાં કોઈ શંકા કે સંદેહની સંભાવના ક્યાં બાકી રહે છે ?

અંતિમ આયત وَلَقَدْ صَرَّفْنَا માં એ બતાવવામાં આવ્યું કે જો કે કુર્આને કરીમનો મોઅ્જિઝો એટલો ખુલ્લો છે કે તેના પછી કોઈ પ્રશ્ન, શંકા કે સંદેહની કોઈ સંભાવના બાકી નથી રહેતી પરંતુ થઈ એવું રહ્યું છે કે લોકો અલ્લાહની નેઅ્મતોનો શુક્ર અદા નથી કરતા, કુર્આનની નેઅ્મતની પણ કદર નથી જાણતા એટલા માટે ગુમરાહીમાં ભટકતા રહે છે.

આયતો : (સૂરએ બની ઇસ્રાઈલઃ આયત નં. ૯૦ થી ૯૫)

وَقَالُوْا لَنْ نُّؤْمِنَ لَكَ حَتّٰى تَفْجُرَ لَنَا مِنَ الْاَرْضِ يَنْۢبُوْعًا ﴿٩٠﴾ اَوْ تَكُوْنَ لَكَ جَنَّةٌ مِّنْ

نَّخِيْلٍ وَّعِنَبٍ فَتُفَجِّرَ الْاَنْهٰرَ خِلٰلَهَا تَفْجِيْرًا ﴿٩١﴾ اَوْ تُسْقِطَ السَّمَآءَ كَمَا زَعَمْتَ عَلَيْنَا كِسَفًا

اَوْ تَاْتِيَ بِاللّٰهِ وَالْمَلٰٓئِكَةِ قَبِيْلًا ﴿٩٢﴾ اَوْ يَكُوْنَ لَكَ بَيْتٌ مِّنْ زُخْرُفٍ اَوْ تَرْقٰى فِي السَّمَآءِ ؕ وَلَنْ نُّؤْمِنَ

لِرُقِيِّكَ حَتّٰى تُنَزِّلَ عَلَيْنَا كِتٰبًا نَّقْرَؤُهٗ ؕ قُلْ سُبْحَانَ رَبِّيْ هَلْ كُنْتُ اِلَّا بَشَرًا
رَّسُوْلًا ﴿۹۳﴾ وَمَا مَنَعَ النَّاسَ اَنْ يُّؤْمِنُوْۤا اِذْ جَآءَهُمُ الْهُدٰۤى اِلَّاۤ اَنْ قَالُوْۤا اَبَعَثَ اللّٰهُ
بَشَرًا رَّسُوْلًا ﴿۹۴﴾ قُلْ لَّوْ كَانَ فِي الْاَرْضِ مَلٰٓئِكَةٌ يَّمْشُوْنَ مُطْمَئِنِّيْنَ لَنَزَّلْنَا عَلَيْهِمْ
مِّنَ السَّمَآءِ مَلَكًا رَّسُوْلًا ﴿۹۵﴾

તરજુમો :

અને બોલ્યા, અમે તારું કહ્યું માનીશું નહીં જ્યાં સુધી તું અમારા માટે જમીનથી એક ઝરણું ન વહાવી દે. (૯૦) અથવા તારા માટે એક બાગ ખજૂર અને દ્રાક્ષનો થઈ જાય, પછી તું એની વચ્ચે નહેરો ચલાવીને વહાવે. (૯૧) અથવા અમારા ઉપર આસમાન પાડી દે જેમકે તું કહ્યા કરે છે, ટૂકડા-ટૂકડા; અથવા સામે લઈ આવ અલ્લાહને અને ફરિશ્તાઓને. (૯૨) અથવા તારા માટે એક સોનેરી ઘર થઈ જાય અથવા તું આસમાનમાં ચઢી જાય અને (છતાં) અમે તારા ચઢવાને માનીશું નહીં જ્યાં સુધી તું અમારા ઉપર એક કિતાબ ઉતારી ન લાવે જેને અમે પઢી લઈએ, તમે કહો ! સુબ્હાનલ્લાહ હું કોણ છું પરંતુ એક માનવ છું મોકલેલો. (૯૩) અને લોકોને ઈમાન લાવવાથી રોક્યા નથી જ્યારે તેમને હિદાયત પહોંચી પરંતુ એ જ વાતે કે કહેવા લાગ્યા, શું અલ્લાહે માનવીને સંદેશ આપીને મોકલ્યો ? (૯૪) કહો, જો જમીનમાં ફરિશ્તા ફરતા વસતા હોત તો અમે તેમના ઉપર આસમાનથી કોઈ ફરિશ્તો સંદેશ આપીને મોકલ્યો હોત. (૯૫)

તફસીર :

(પાછલી આયતોમાં કાફિરોના અમુક સવાલો અને જવાબોનું વર્ણન કરવામાં આવ્યું છે, પ્રસ્તુત આયતોમાં તેમના અમુક વાહિયાત સવાલો અને મ્હોં માથા વગરની વાતોનો ઉલ્લેખ કરી તેના જવાબનું વર્ણન કર્યું છે. -ઈબ્ને જરીર અને ઈબ્ને અબ્બાસ)

અને આ લોકો (કુર્આનની પ્રતિષ્ઠા દ્વારા તમારી નુબુવ્વત અને રિસાલત માટે પૂરતી હોવાની સ્પષ્ટ દલીલ અને સાબિતી મળી ચૂક્યા પછી પણ

દુશ્મનાવટના કારણે ઈમાન લાવતા નથી અને એવા બહાના કરી) કહે છે કે અમે તમારા ઉપર કદાપિ ઈમાન લાવીશું નહીં જ્યાં સુધી કે તમે અમારા માટે (મક્કાની) ભૂમિમાં કોઈ ઝરણું વહાવી ન આપો અથવા ખાસ તમારા માટે ખજૂર અને દ્રાક્ષનો કોઈ બાગ ન હોય પછી તે બાગની વચ્ચો-વચ્ચમાં સ્થળે-સ્થળે ઘણી બધી પાણીની નહેરો તમે વહાવી દો અથવા જેમકે તમે કહ્યા કરો છો તમે આસમાનના ટૂકડાં અમારા ઉપર કેમ પાડી ન દીધા (જેમકે આ આયત કુર્આનમાં વર્ણન થઈ છે إِنْ نَّشَأْ نَخْسِفْ بِهِمُ الْأَرْضَ أَوْ نُسْقِطْ عَلَيْهِمْ كِسَفًا مِّنَ السَّمَاءِ એટલે કે અમે ઇચ્છીએ તો તેમને જમીનની અંદર ધસાવી દઈએ અથવા તેમના ઉપર આસમાનના ટૂકડા પાડી દઈએ) અથવા તમે અલ્લાહને અને ફરિશ્તાઓને (અમારી) સમક્ષ લાવીને ઊભા ન કરી દો (કે અમે તેમને ખુલ્લમ-ખુલ્લા જોઈ લઈએ) અથવા તમારી પાસે કોઈ સોનાનું બનેલું મકાન ન હોય અથવા તમે આસમાન ઉપર (અમારી સામે) ચઢી ન જાઓ અને અમે તો તમારા (આસમાન ઉપર) ચઢવાનો ક્યારેય વિશ્વાસ કરીશું નહીં જ્યાં સુધી કે (ત્યાંથી) તમે અમારી પાસે એક કિતાબ ન લાવી આપો જેને અમે પઢી પણ લઈએ (અને તેમાં આપના આસમાન ઉપર પહોંચવાના સમર્થનની ખરાઈ લખેલી પણ હોય) તમે (આ બધી વાહિયાત બકવાસના જવાબમાં) કહી આપો કે સુબ્હાનલ્લાહ ! હું એક મનુષ્ય સિવાય કંઈ નથી (પરંતુ) રસૂલ છું મોકલેલો (કે તમારી ફરમાઈશોને પૂરી કરવી મારી શક્તિમાં નથી, એ શક્તિ તો માત્ર અલ્લાહ તઆલાની જ સિફત છે, મનુષ્ય તો પોતાની જાતમાં પોતે જ લાચાર અને અધિકારવિહોણો છે હવે, રહી રિસાલતની બાબત તો તે પણ તેની જ ઇચ્છાને આધીન છે અને રિસાલત માટે જરૂરી નથી કે અલ્લાહનો રસૂલ કોઈ વસ્તુ ઉપર સંપૂર્ણ અધિકાર ધરાવતો હોય બલકે, નુબુવ્વત અને રિસાલત માટે તો એટલી વાત પૂરતી છે કે રિસાલતની કોઈ સ્પષ્ટ અને ખુલ્લી દલીલ આવી જાય જેના ઉપર બુદ્ધિશાળીઓને કોઈ વાંધો ન હોઈ શકે અને તે દલીલ કુર્આનની પ્રતિષ્ઠા અને બીજા મોઅ્જિઝાઓના સ્વરૂપમાં વારંવાર રજુ કરાઈ ચૂકી છે એટલા માટે નુબુવ્વત અને રિસાલત માટે આ ફરિશ્તાઓની માંગણી માત્ર બેકાર અને વ્યર્થ બાબત છે, હા ! અલ્લાહ તઆલાને બધી જ શક્તિ છે, તે સર્વકાંઈ કરી શકે છે પરંતુ તેની પાસે કોઈ વસ્તુની માંગણી કરવાનો અધિકાર નથી જે વસ્તુને તે હિકમત પ્રમાણે જુએ છે જાહેર પણ કરી

આપે છે પરંતુ એ જરૂરી નથી કે તમારી બધી જ માંગણીઓ અને ફરમાઇશો પૂરી કરવામાં આવે) અને જે સમયે આ લોકો પાસે હિદાયત (એટલે કે રિસાલતની સત્ય દલીલ કુર્આનની પ્રતિષ્ઠા સ્વરૂપે) પહોંચી ચૂકી તે સમયે તેમને ઈમાન લાવવાથી એ સિવાય બીજું (ધ્યાન આપવાપાત્ર કારણ) અવરોધ સ્વરૂપ નથી બન્યું કે (તેમણે માનવી હોવાને રિસાલતના અવરોધ સ્વરૂપ સમજ્યું એટલા માટે કહ્યું) શું અલ્લાહ તઆલાએ મનુષ્યને જ રસૂલ બનાવીને મોકલ્યો છે ? (એટલે કે એવું નથી થઈ શકતું) તમે (જવાબમાં અમારા તરફથી) ફરમાવી આપો કે જો ભૂમિ ઉપર ફરિશ્તાઓ (રહેતા કે) ચાલતા વસતા હોત તો અમે અલબત્ત તેમના ઉપર આસમાનથી ફરિશ્તાને રસૂલ બનાવીને મોકલ્યા હોત.

મસ્અલા અને બોધપાઠ :

મ્હોં-માથા વિનાના વાહિયાત સવાલોનો પયગમ્બરી જવાબ :

પ્રસ્તુત આયતોમાં જે પ્રશ્નો અને ફરમાઇશો રસૂલે કરીમ ﷺને પોતાના ઈમાન લાવવાની શરત ઠરાવીને કરવામાં આવી તે બધું એવું છે કે દરેક માનવી તેને સાંભળીને એક પ્રકારનો ઠઠ્ઠો-મશ્કરી અને ઈમાન ન લાવવાના બેહૂદા બહાના સિવાય બીજું કંઈ સમજી જ શકશે નહીં. આવા પ્રશ્નના જવાબમાં મનુષ્યને સ્વાભાવિકપણે ક્રોધ અને ચીઢ ચઢે છે તથા જવાબ પણ તે જ અંદાજથી આપવામાં આવે છે પરંતુ આ આયતોમાં તેમના આવા બેહૂદા પ્રશ્નોનો જે જવાબ અલ્લાહ તઆલાએ પોતાના રસૂલે કરીમ ﷺને આપવાની સૂચના આપી તે દાદપાત્ર અને ઉમ્મતના સુધારકો માટે હંમેશા યાદ રાખવા લાયક છે તથા દષ્ટાંતરૂપ અમલ બનાવવાની વસ્તુ છે કે તે સૌના જવાબમાં ન તો તે સવાલોને તેમની બેવકૂફી અને મૂર્ખામી જાહેર કરવામાં આવી અને ન જ તેમના વાહિયાત સવાલો અને શરારત માટે તેમની સાથે કોઈ કઠોર ભાષાનો ઉપયોગ કરવામાં આવ્યો, બલકે અત્યંત સાદા શબ્દોમાં મૂળ વાસ્તવિકતાને સ્પષ્ટ કરવામાં આવી કે તમે લોકો કદાચ એવું સમજો છો કે જે વ્યક્તિ અલ્લાહનો રસૂલ થઈને આવે એ સમગ્ર ખુદાઈ અધિકારોનો માલિક અને દરેક વસ્તુ જાહેર કરવા ઉપર કાબૂ ધરાવનાર હોવો જોઈએ, આ માન્યતા સદંતર ખોટી છે. રસૂલનું કાર્ય માત્ર અલ્લાહના સંદેશને પહોંચાડવાનું છે, અલ્લાહ તઆલા તેમની રિસાલતને સાબિત

કરવા માટે ઘણા બધા મોઅ્જિઝાઓ પણ મોકલે છે પરંતુ તે બધું માત્ર અલ્લાહ તઆલાની શક્તિ અને અધિકારથી થાય છે, રસૂલને ખુદાઈ અધિકારો નથી મળતા, તે માત્ર એક માનવી હોય છે અને માનવ પ્રકૃતિની સીમા અને મર્યાદાઓથી ઉપરવટ નથી હોતા એ સિવાય કે અલ્લાહ તઆલા પોતાની મદદ વડે પોતાની અદશ્ય શક્તિનો કોઈ કરિશ્મો તેમનાથી જાહેર કરાવી આપે.

અલ્લાહના રસૂલ મનુષ્ય જ હોઈ શકે છે, ફરિશ્તા માણસો માટે રસૂલ નથી હોઈ શકતા :

સામાન્ય રીતે કાફિરો અને મુશ્રિકોનો વિચાર એ હતો કે બશર એટલે કે માનવી અલ્લાહનો રસૂલ ન હોઈ શકે, કારણ કે તે તો આપણી જેમ બધી જ માનવપ્રકૃતિની મર્યાદાઓથી બંધાયેલો હોય છે પછી તેને અમારા ઉપર શું શ્રેષ્ઠતા પ્રાપ્ત છે કે અમે તેને અલ્લાહનો રસૂલ સમજીએ અને પોતાનો આગેવાન અને અનુસરણ કરવાપાત્ર બનાવી લઈએ ?! તેમની આ માન્યતાનો જવાબ કુર્આને કરીમમાં કેટલાય સ્થળોએ વિવિધ વિષયો હેઠળ આપવામાં આવ્યો છે, અત્રે આયત مَا مَنَعَ النَّاسَ માં જે જવાબ આપવામાં આવ્યો છે તેનો ખુલાસો એ છે કે અલ્લાહના રસૂલ જે લોકો તરફ મોકલવામાં આવે તે તેમની જ પ્રજાતિમાંથી હોવો જરૂરી છે, જો તેઓ મનુષ્યો છે તો રસૂલ પણ માનવી જ હોવો જોઈએ, કારણ કે કોઈ અન્ય પ્રજાતિને પરસ્પર સાનુકૂળતા હોતી નથી અને સાનુકૂળતા વિના માર્ગદર્શન તથા શિખામણનો લાભ પ્રાપ્ત નથી થતો, જો મનુષ્ય તરફ કોઈ ફરિશ્તાને રસૂલ બનાવીને મોકલવામાં આવે જેને ન તો ભૂખની ઓળખ છે અને ન જ તરસની, ન તો તેનામાં જાતીય ઇચ્છાઓ કે આવેગો હોય છે અને ન જ તેને ઠંડી-ગરમીની અનુભૂતિ થાય છે અને ન જ તેને કોઈ મહેનતથી થાક લાગે છે તો તે મનુષ્યોથી પણ એવા જ કાર્યોની અપેક્ષા રાખશે, તેમની અશક્તિ અને મજબૂરીનો તેનામાં અહેસાસ જ નહીં હોય, એ જ પ્રમાણે મનુષ્ય જ્યારે એવું સમજશે કે આ તો ફરિશ્તો છે અમે તેના કાર્યોની નકલ કરવાની ક્ષમતા જ ધરાવતા નથી તો તેનું અનુસરણ કઈ રીતે કરવાના હતા ? આ સુધારણા અને માર્ગદર્શનનો લાભ માત્ર એવી જ પરિસ્થિતિમાં હોઈ શકે છે કે અલ્લાહના રસૂલ માત્ર મનુષ્યજાતિમાંથી બનાવવામાં આવે જે સમગ્ર માનવીય લાગણીઓ, સ્વાભાવિક મહેચ્છાઓ અને આવેગોને પોતે પણ અનુભવી શકે પરંતુ સાથે જ

તેની એક એવી ઉચ્ચ કક્ષાની શા'ન પણ પ્રાપ્ત થાય કે તે સામાન્ય માનવો અને ફરિશ્તાઓ વચ્ચે એક સેતુ અને માધ્યમનું કામ કરી શકે, વહી લાવનાર ફરિશ્તાઓ પાસેથી વહી પ્રાપ્ત કરે અને પોતાની સમાન પ્રજાતિના મનુષ્યોને તે સંદેશ પહોંચાડી આપે.

આ ચર્ચાથી એ શંકા પણ દૂર થઈ ગઈ કે જ્યારે મનુષ્ય ફરિશ્તાઓ પાસેથી બોધપાઠ નથી ગ્રહણ કરી શકતો તો પછી રસૂલ મનુષ્ય હોવા છતાં કયા પ્રકારે તેમની પાસેથી વહીનો લાભ પ્રાપ્ત કરી શકશે ?

રહી એ શંકા કે જ્યારે રસૂલ અને ઉમ્મત એક જ પ્રજાતિ એટલે કે મનુષ્ય હોવાની શરત છે તો પછી રસૂલે કરીમ ﷺને જિન્નાતોના રસૂલ કઈ રીતે બનાવવામાં આવ્યા ? જિન્નાત તો માણસની સમાન પ્રજાતિમાંથી નથી; તો જવાબ એ છે કે રસૂલ માત્ર એક માનવી નથી બલકે તેમનામાં એક પ્રકારની ફરિશ્તા સિફતની શા'ન પણ હોય છે એના કારણે જિન્નાતોને પણ તેમની સાથે સાનુકૂળતા હોઈ શકે છે.

અંતિમ આયતમાં એ ઈરશાદ થયો કે તમે મનુષ્ય હોવા છતાં જે એવી માંગણી કરી રહ્યા છો કે અમારા રસૂલ ફરિશ્તા હોવા જોઈએ, આ માંગણી તો બિલકુલ અયોગ્ય છે અલબત્ત જો આ ભૂમિ ઉપર ફરિશ્તાઓ વસવાટ કરતા હોત અને તેમના તરફ રસૂલ મોકલવાની જરૂરત ઊભી થઈ હોત તો અવશ્ય ફરિશ્તાઓને જ રસૂલ બનાવીને મોકલવામાં આવ્યા હોત અને તેમાં જે જમીન ઉપર વસવાટ કરનાર ફરિશ્તાઓનું એ લક્ષણ વર્ણન કરવામાં આવ્યું છે કે, يَمْشُوْنَ مُطْمَئِنِّيْنَ તે ફરિશ્તાઓ ભૂમિ ઉપર ઈત્મિનાન (સંતોષ) પામી હરતા-ફરતા હોત. તેનાથી જાણ થાય છે કે ફરિશ્તાઓ તરફ ફરિશ્તાને રસૂલ બનાવીને મોકલવાની આવશ્યકતા તે જ સમયે હોઈ શકતી હતી જ્યારે કે પૃથ્વીના ફરિશ્તાઓ પોતે આસમાન ઉપર જઈ શકતા ન હોત બલકે જમીન ઉપર જ ચાલતા-ફરતા રહેતા હોત, નહિતર જો તેઓ પોતે આસમાન ઉપર જવાની શક્તિ ધરાવતા હોત તો ભૂમિ ઉપર રસૂલ મોકલવાની આવશ્યકતા રહી ન હોત.

આયતો : સૂરએ બની ઇસ્રાઈલઃ આયત નં. ૯૬ થી ૧૦૦

قُلْ كَفٰى بِاللّٰهِ شَهِيْدًا ۢ بَيْنِيْ وَبَيْنَكُمْ ؕ اِنَّهٗ كَانَ بِعِبَادِهٖ خَبِيْرًا ۢ بَصِيْرًا ﴿۹۶﴾ وَمَنْ
يَّهْدِ اللّٰهُ فَهُوَ الْمُهْتَدِ ۚ وَمَنْ يُّضْلِلْ فَلَنْ تَجِدَ لَهُمْ اَوْلِيَآءَ مِنْ دُوْنِهٖ ؕ وَنَحْشُرُهُمْ
النصف يَوْمَ الْقِيٰمَةِ عَلٰى وُجُوْهِهِمْ عُمْيًا وَّبُكْمًا وَّصُمًّا ؕ مَاْوٰىهُمْ جَهَنَّمُ ؕ كُلَّمَا خَبَتْ زِدْنٰهُمْ سَعِيْرًا ﴿۹۷﴾
ذٰلِكَ جَزَآؤُهُمْ بِاَنَّهُمْ كَفَرُوْا بِاٰيٰتِنَا وَقَالُوْٓا ءَاِذَا كُنَّا عِظَامًا وَّرُفَاتًا ءَاِنَّا
لَمَبْعُوْثُوْنَ خَلْقًا جَدِيْدًا ﴿۹۸﴾ اَوَلَمْ يَرَوْا اَنَّ اللّٰهَ الَّذِيْ خَلَقَ السَّمٰوٰتِ وَالْاَرْضَ
قَادِرٌ عَلٰٓى اَنْ يَّخْلُقَ مِثْلَهُمْ وَجَعَلَ لَهُمْ اَجَلًا لَّا رَيْبَ فِيْهِ ؕ فَاَبَى الظّٰلِمُوْنَ اِلَّا كُفُوْرًا ﴿۹۹﴾
قُلْ لَّوْ اَنْتُمْ تَمْلِكُوْنَ خَزَآئِنَ رَحْمَةِ رَبِّيْۤ اِذًا لَّاَمْسَكْتُمْ خَشْيَةَ الْاِنْفَاقِ ؕ وَكَانَ
ع ۸ الْاِنْسَانُ قَتُوْرًا ﴿۱۰۰﴾ ع

તરજુમો :

કહો, અલ્લાહ પૂરતો છે સત્ય સાબિત કરનારો મારી અને તમારી વચ્ચે, તે પોતાના બંદાઓથી સંપૂર્ણ જાણકાર, જોનાર છે. (૯૬) અને જેને અલ્લાહ માર્ગ બતાવે તે જ માર્ગ પામનાર છે અને જેને ભટકાવે પછી તું તેમના માટે અલ્લાહના સિવાય કોઈ મિત્ર ન પામે અને અમે તેમને કયામતના દિવસે ઉઠાવીશું, મોઢાંભેર ઊંધા ચાલશે અને ગૂંગા અને બહેરા, તેમનું ઠેકાણું દોઝખ છે, જ્યારે હોલવાવા લાગશે તેમના ઉપર વધારે ભડકાવી દઈશું. (૯૭) આ તેમની સજા છે એટલા માટે કે અમારી આયતોથી ઈન્કારી થયા અને બોલ્યા, શું જ્યારે અમે હાડકાં અને ચૂરેચૂરા થઈ ગયા, શું અમને નવા બનાવીને ઉઠાવશે ? (૯૮) શું નથી જોઈ ચૂક્યા કે જે અલ્લાહે આસમાન અને જમીન બનાવ્યા તે આવાઓને બનાવી શકે છે અને તેમના માટે નિશ્ચિત કર્યો છે એક સમય નિઃશંક; બસ, જાલિમોથી નાશુક્રી કર્યા વિના રહેવાતું નથી. (૯૯) કહો, જો તમારા હાથમાં મારા પરવરદિગારની રહમતના ખજાના હોત તો અવશ્ય બંધ કરી રાખતા હોત એ ડરથી કે ખર્ચ ન થઈ જાય અને માનવી દિલનો તંગ છે. (૧૦૦)

તફસીર :

(જ્યારે આ લોકો રિસાલત અને નુબુવ્વતની સ્પષ્ટ અને ખુલ્લી દલીલો આવી ગયા પછી તથા બધી જ શંકાઓ દૂર થઈ ગયા પછી પણ નથી માનતા તો) તમે (અંતિમ વાત) કહી આપો કે અલ્લાહ તઆલા મારા અને તમારા દરમિયાન(માં મતભેદોમાં) ગવાહ તરીકે પૂરતો છે (એટલે કે અલ્લાહ જાણે છે કે હું ખરેખર અલ્લાહનો રસૂલ છું, કારણ કે) તે પોતાના બંદાઓ(ના અહેવાલ)ને સારી પેઠે જાણે જુએ છે (તમારી દુશ્મનાવટને પણ જોઈ રહ્યો છે) અને અલ્લાહ જેને સીધા માર્ગ ઉપર લાવી આપે તે જ સીધા માર્ગ ઉપર આવ્યો છે અને જેને તે માર્ગ ભટકાવી દે તો અલ્લાહ સિવાય તમે કોઈને પણ તેવાઓના સહાયક પામશો નહીં (અને કુફ્રના કારણે તેઓ અલ્લાહની મદદથી વંચિત રહ્યા, મતલબ એ છે કે જ્યાં સુધી અલ્લાહ તઆલા તરફથી મદદ ન થાય, ન તો હિદાયત પ્રાપ્ત થઈ શકે છે અને ન જ અઝાબથી છુટકારો) અને અમે કયામતના દિવસે તેમને આંધળા, ગૂંગા, બહેરા કરીને મોંઢાભેર ચલાવીશું, તેમનું ઠેકાણું જહન્નમ છે (જેનું એ સ્વરૂપ હશે કે) તે (જહન્નમની આગ) જ્યારે થોડી ધીમી થવા લાગશે તે સમયે અમે તેમના માટે હજું વધારે ભડકાવીશું, આ છે તેમની સજા એ કારણે કે તેમણે અમારી આયતોનો ઇન્કાર કર્યો હતો અને એવું કહ્યું હતું કે શું અમે હાડકાંઓ અને (તે પણ) બિલકુલ ચૂરેચૂરા થઈ જઈશું તો શું અમે નવેસરથી પેદા કરીને (કબ્રમાંથી) ઉઠાવવામાં આવીશું ? શું તે લોકોએ એટલું જાણ્યું નથી કે જે અલ્લાહે આસમાન અને પૃથ્વીને પેદા કરી તે એ વાત ઉપર (દરેક રીતે) કાબૂ ધરાવે છે કે તે તેમના જેવા મનુષ્ય ફરીવાર (જેવા હતા તેવા) પેદા કરી આપે અને (ઇન્કારીઓને કદાચ એવી ભ્રમણા હોય કે હજારો-લાખો મૃત્યુ પામ્યા પરંતુ હજુ સુધી તો આ પુનઃજીવીત થઈને ઊઠવાનો વાયદો પૂરો થયો નથી તો તેનું કારણ એ છે કે) તેમને (ફરીવાર પેદા કરવા) માટે એક નિશ્ચિત સમય નિર્માણ કરી રાખ્યો છે કે એ સમય (આવવા)માં લેશમાત્ર શંકા નથી છતાં પણ જાલિમ લોકોથી ઇન્કાર કર્યા વિના રહેવાતું નથી, તમે ફરમાવી આપો કે જો તમે મારા પરવરદિગારની રહમત (એટલે કે નુબુવ્વત)ના ખજાનાઓ (એટલે કે વિશેષતાઓ)ના મુખ્તિયાર હોત (કે જેને ઇચ્છે આપો, જેને ઇચ્છે ન આપો) તો આ સ્વરૂપમાં તમે (તેને) ખર્ચ થઈ જવાના ભયે અવશ્ય હાથ રોકી લીધો હોત

(ક્યારેય કોઈને ન આપ્યું હોત જ્યારે કે આ વસ્તુ કોઈને આપવાથી ઘટતી પણ નથી) અને મનુષ્ય છે જ ઘણો તંગદિલ ! (એવો લોભિયો કે ન ઘટનારી વસ્તુને પણ આપવાથી ખચકાટ અનુભવે છે જેના કારણે રસૂલો સાથે દુશ્મનાવટ અને કંજૂસી ઉપરાંત કદાચ એ પણ હોય કે જો કોઈને નબી અથવા રસૂલ બનાવી લીધો તો પછી તેમના હુકમોનું પાલન કરવું પડશે, જેમકે કોઈ કોમ પરસ્પર સહમતી સાધીને કોઈને પોતાનો બાદશાહ બનાવી લે તો ભલે બાદશાહ તેમણે બનાવ્યો છે પરંતુ જ્યારે તે બાદશાહ બની ગયો તો હવે તેના હુકમોનું પાલન સૌએ કરવું પડે છે).

મસ્અલા અને બોધપાઠ :

અંતિમ આયતોમાં જે એવું ફરમાવવામાં આવ્યું છે કે જો તમે અલ્લાહની રહમતના ખજાનાના માલિક થઈ જાઓ તો પણ તમે કંજૂસી જ કરવાના છો, કોઈને આપવાના નથી એ ભયે કે જો લોકોને આપતા રહ્યા તો આ ખજાના પૂરા થઈ જશે, જો કે પરવરદિગારની રહમતના ખજાના ક્યારેય પૂરા થવાના નથી પરંતુ મનુષ્ય પોતાની પ્રકૃતિ પ્રમાણે તંગદિલ (લોભિયો, કંજૂસ) અને ઓછી ઇચ્છાશક્તિવાળો હોય છે, તેનામાં ઉદારતાથી લોકોને આપવાની હિંમત ઓછી હોય છે.

તેમાં પરવરદિગારના રહમતના ખજાના خَزَائِنَ رَحْمَتِ رَبِّ નો શબ્દ સામાન્ય રીતે તફસીરકારોએ માલ-દોલતના ખજાનાના ભાવાર્થમાં લીધો છે અને તેનો સંદર્ભ વિષય અનુરૂપ એ છે કે મક્કાના કાફિરોએ એવી ફરમાઈશ કરી હતી કે જો તમે ખરેખર સાચા નબી છો તો અમારા માટે મક્કાના સૂકા રણ પ્રદેશમાં નહેરો વહાવી તેને હર્યા-ભર્યા બગીચાઓમાં પરિવર્તિત કરી આપો, જેમકે મુલ્કે શામનો પ્રદેશ છે જેનો જવાબ પહેલાં આવી ચૂક્યો છે કે તમે તો જાણે મને અલ્લાહ જ સમજી લીધો કે અલ્લાહના અધિકારોની માંગણી મારી પાસે કરી રહ્યા છો, હું તો માત્ર એક રસૂલ છું, અલ્લાહ નથી કે જે ઇચ્છું કરું. આ આયત પણ જો એના જ વિશે ઠરાવવામાં આવે તો ભાવાર્થ એ થશે કે મક્કાની ભૂમિને નહેરોવાળી જમીન તથા હરીભરી બનાવવાની ફરમાઈશ જો મારી નુબુવ્વત અને રિસાલતની પરીક્ષા માટે છે તો તેના માટે કુર્આનની પ્રતિષ્ઠાનો મોઅ્જિઝો પૂરતો છે બીજી ફરમાઈશોની આવશ્યકતા નથી અને જો પોતાની કોમી અને પ્રાદેશિક આવશ્યકતા

દૂર કરવા માટે છે તો યાદ રાખો કે, જો તમારી માંગણી પ્રમાણે તમને મક્કાની ભૂમિમાં બધું જ કંઈ આપી પણ દેવામાં આવે અને તમને ખજાનાઓના માલિક બનાવી દેવામાં આવે તો તેનું પરિણામ પણ કોમ અને પ્રદેશની જનતાની ખુશહાલી અને સુખ નહીં હોય, બલકે મનુષ્યની સ્વભાવગત પ્રકૃતિ પ્રમાણે જેના કબ્જામાં આ ખજાનાઓ આવી જશે તે તેના ઉપર સાપ બનીને બેસી જશે, સામાન્ય લોકો ઉપર ખર્ચ કરવાથી ગરીબ થઈ જવાનો ડર તેનો માર્ગ અવરોધશે, આવી પરિસ્થિતિમાં અમુક મક્કાના ગણ્યા-ગાંઠયા રઈસો હજું વધારે સુખી અને ખુશહાલ થઈ જશે, તેનાથી સામાન્ય જનતાને શું લાભ થવાનો છે ? મોટા ભાગના વિવરણકારોએ આ આયતનો આ જ ભાવાર્થ ઠરાવ્યો છે.

સય્યિદી હઝરત હકીમુલ ઉમ્મત થાનવી (રહ.)એ બયાનુલ કુર્આનમાં આ સ્થળે "રહમતે રબ્બ"નો ભાવાર્થ "નુબુવ્વત અને રિસાલત" તથા "ખઝાઈને રહમત"નો ભાવાર્થ "નુબુવ્વતની વિશિષ્ટતાઓ" લીધો છે. આ તફસીર પ્રમાણે આ આયતોનો સંદર્ભ પાછલી આયતો સાથે એવો થશે કે તમે જે નુબુવ્વત અને રિસાલત માટે મ્હોં-માથા વગરની બેહૂદા માંગણીઓ કરી રહ્યા છો તેનો ખુલાસો એ છે કે તમે મારી નુબુવ્વતને માનવા નથી ઈચ્છતા તો પછી શું તમારી ઈચ્છા એ છે કે નુબુવ્વતની વ્યવસ્થા તમારા હાથોમાં આપી દેવામાં આવે ? જેને તમે ઈચ્છો નબી બનાવી લો અને જો એવું કરવામાં આવે તો તેનું પરિણામ એ હશે કે તમે કોઈને પણ નુબુવ્વત અને રિસાલત નહીં આપો, કંજૂસી કરીને બેસી જશો. હઝરત થાનવી (રહ.)એ આ તફસીરને નકલ કરીને ફરમાવ્યું છે કે, આ તફસીર અલ્લાહ તઆલાની અર્પેલી દિવ્ય ભેટ છે કે આ બાબત વસ્તુસ્થિતિ અને સ્થળ અનુરૂપ ખૂબ બંધ બેસતી છે, તેમાં નુબુવ્વતને રહમત સાથે ઓળખાવવું એવું જ થશે જેમકે આયત أَهُمْ يَقْسِمُونَ رَحْمَةَ رَبِّكَ માં સર્વાનુમતે "રહમત"નો ભાવાર્થ "નુબુવ્વત" જ છે. વલ્લાહુ અઅ્લમુ.

આયતો : સૂરએ બની ઇસ્રાઈલઃ આયત નં. ૧૦૧ થી ૧૦૯

وَلَقَدْ آتَيْنَا مُوسَىٰ تِسْعَ آيَاتٍ بَيِّنَاتٍ فَاسْأَلْ بَنِي إِسْرَائِيلَ إِذْ جَاءَهُمْ فَقَالَ لَهُ فِرْعَوْنُ

إِنِّي لَأَظُنُّكَ يَا مُوسَىٰ مَسْحُورًا ﴿١٠١﴾ قَالَ لَقَدْ عَلِمْتَ مَا أَنْزَلَ هَٰؤُلَاءِ إِلَّا رَبُّ السَّمَاوَاتِ

وَالْأَرْضِ بَصَائِرَ وَإِنِّي لَأَظُنُّكَ يَا فِرْعَوْنُ مَثْبُورًا ﴿١٠٢﴾ فَأَرَادَ أَنْ يَسْتَفِزَّهُمْ مِنَ الْأَرْضِ

فَأَغْرَقْنَاهُ وَمَنْ مَعَهُ جَمِيعًا ﴿١٠٣﴾ وَقُلْنَا مِنْ بَعْدِهِ لِبَنِي إِسْرَائِيلَ اسْكُنُوا الْأَرْضَ فَإِذَا

جَاءَ وَعْدُ الْآخِرَةِ جِئْنَا بِكُمْ لَفِيفًا ﴿١٠٤﴾ وَبِالْحَقِّ أَنْزَلْنَاهُ وَبِالْحَقِّ نَزَلَ وَمَا

أَرْسَلْنَاكَ إِلَّا مُبَشِّرًا وَنَذِيرًا ﴿١٠٥﴾ وَقُرْآنًا فَرَقْنَاهُ لِتَقْرَأَهُ عَلَى النَّاسِ عَلَىٰ مُكْثٍ وَنَزَّلْنَاهُ (وقف لازم)

تَنْزِيلًا ﴿١٠٦﴾ قُلْ آمِنُوا بِهِ أَوْ لَا تُؤْمِنُوا إِنَّ الَّذِينَ أُوتُوا الْعِلْمَ مِنْ قَبْلِهِ إِذَا يُتْلَىٰ

عَلَيْهِمْ يَخِرُّونَ لِلْأَذْقَانِ سُجَّدًا ﴿١٠٧﴾ وَيَقُولُونَ سُبْحَانَ رَبِّنَا إِنْ كَانَ وَعْدُ رَبِّنَا

لَمَفْعُولًا ﴿١٠٨﴾ وَيَخِرُّونَ لِلْأَذْقَانِ يَبْكُونَ وَيَزِيدُهُمْ خُشُوعًا ﴿١٠٩﴾ (السجدة)

તરજુમો :

અને અમે મૂસા (અલૈ.)ને ખુલ્લી નવ નિશાનીઓ આપી, પછી બની ઈસ્રાઈલને પૂછો જ્યારે તેઓ તેમની પાસે આવ્યા તો તેમને ફિરઔને કહ્યું, હે મૂસા (અલૈ.)! મારી ધારણા મુજબ તો તારા ઉપર જાદૂ થયો છે. (૧૦૧) બોલ્યા, તું જાણી ચૂક્યો છે કે આ વસ્તુઓ કોઈએ નથી ઉતારી પરંતુ જમીન અને આસમાનના માલિકે (માર્ગ) સુઝાડવા માટે અને હે ફિરઔન! મારી ધારણા મુજબ તું ગારત થવા (નાશ પામવા) ઈચ્છે છે. (૧૦૨) પછી (ફિરઔને) ઈચ્છયું કે બની ઈસ્રાઈલને તે ભૂમિમાં ચેન ન આપે, પછી અમે તેને, તેના સાથેવાળાઓને, સૌને ડૂબાડી દીધા. (૧૦૩) અને અમે તેમના પછી બની ઈસ્રાઈલને કહ્યું, તમે ભૂમિમાં આબાદ રહો પછી જ્યારે આખિરતનો વાયદો આવશે અમે તમને સમેટીને લઈ આવીશું. (૧૦૪) અને અમે આ (કુર્આન) સત્યની સાથે ઉતાર્યું અને સત્યની સાથે ઊતર્યું અને અમે તમને જે મોકલ્યા બસ ખુશખબરી અને ડર સંભળાવવા માટે. (૧૦૫) અને અમે કુર્આનને છૂટું છૂટું કરી પઢવાનું બનાવ્યું કે (જેથી) તમે તેને લોકોની આગળ થોભી થોભીને પઢો અને અમે તેને ઉતારવામાં ક્રમે ક્રમે ઉતાર્યું. (૧૦૬) કહો, તમે એને માનો અથવા ન માનો, જેમને એનાથી પહેલાં જ્ઞાન મળ્યું છે જ્યારે તેમની પાસે તેને પઢો (તો) હડપચીભેર

સિજ્દહમાં પડે છે. (૧૦૭) અને કહે છે, અમારો પરવરદિગાર પવિત્ર છે, બેશક ! અમારા પરવરદિગારનો વાયદો થઈને રહેશે. (૧૦૮) અને હડપચીભેર રડતાં(-રડતાં) પડે છે અને તેમને વિનમ્રતા (ખુશૂઅ)માં વધારે છે. (૧૦૯)

તફસીર :

અને અમે મૂસા (અલૈ.)ને ખુલ્લા નવ મોઅ્જિઝાઓ આપ્યા (જેનું વર્ણન નવમાં સિપારાના આઠમાં રુકૂઅ્માં પ્રથમ આયતમાં આવ્યું છે) જ્યારે કે તે બની ઈસ્રાઈલની પાસે આવ્યા હતા, બસ તમે બની ઈસ્રાઈલને (પણ ઇચ્છો તો) પૂછી જુઓ (અને કારણ કે હઝરત મૂસા અલૈ.ને ફિરઔન તરફ મોકલવામાં આવ્યા હતા અને ફિરઔન તથા ફિરઔનવાળાઓના ઈમાન ન લાવવાના કારણે તે અજાયબીઓ અને મોઅ્જિઝાઓ જાહેર કરવામાં આવ્યા હતા, એટલા માટે હઝરત મૂસા અલૈ.એ ફિરઔનને ફરીવાર ઈમાન લાવવા માટે યાદ અપાવ્યું અને આ ખુલ્લી નિશાનીઓથી ચેતવ્યો) તો ફિરઔને તેમને કહ્યું, હે મૂસા ! મારા ધારવા મુજબ તો જરૂર તમારા ઉપર કોઈએ જાદૂ કરી દીધું છે (જેનાથી તમારી બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ છે એટલા માટે આવી બહેકી-બહેકી વાતો કરો છો) મૂસા (અલૈ.)એ ફરમાવ્યું, તું (દિલથી) સારી પેઠે જાણે છે (બસ, હઠધર્મીના કારણે મૌખિક રીતે સ્વીકાર નથી કરતો) કે આ ખાસ અજાયબીઓ આસમાન અને જમીનના પરવરદિગારે જ મોકલી છે જે સમજાવવા માટે (પૂરતું) માધ્યમ છે અને મારા ધારવા પ્રમાણે અવશ્ય તારી કમ્બખ્તીના દિવસો આવી ગયા છે (અને યા તો ફિરઔનની એવી પરિસ્થિતિ હતી કે હઝરત મૂસા અલૈ.ની દરખાસ્ત ઉપર પણ બની ઈસ્રાઈલને મિસ્ર જવાની પરવાનગી આપતો ન હતો અને) ફરી (એવું થયું કે) તેણે (આ સંભાવનાથી કે ક્યાંક બની ઈસ્રાઈલ હઝરત મૂસા અલૈ.ના પ્રભાવ હેઠળ શક્તિશાળી ન બની જાય) ઇચ્છ્યું કે બની ઈસ્રાઈલના આ ભૂમિ ઉપરથી કદમ (મૂળિયાં) ઉખેડી નાંખવામાં આવે (એટલે કે તેમને દેશનિકાલો આપવામાં આવે) બસ, અમે (તે પહેલાં કે તે સફળ થાય પોતે) તેને અને જે તેની સાથે હતા બધાને ડૂબાડી દીધા અને (તે ડૂબાડ્યા પછી) અમે બની ઈસ્રાઈલને કહી આપ્યું કે (હવે) આ ભૂમિ (કે જ્યાંથી તે તમને કાઢવા ઇચ્છતો હતો તેના માલિક છો તમે જ તે)માં રહો સહો (ભલે શક્તિનો ઉપયોગ કરી અથવા એમ જ પરંતુ આ માલિકી

માત્ર દુનિયાની જિંદગી સુધી જ છે) પછી જ્યારે આખિરતનો વાયદો આવી જશે તો અમે સૌને એકઠા કરીને (કયામતના મેદાનમાં બધા જ બંદાઓને અમારા અધિકારથી) હાજર કરીશું, (આ શરૂઆત હશે પછી મો'મિનો અને કાફિરોને નેક અને ખરાબને અલગ-અલગ કરવામાં આવશે અને જે પ્રમાણે અમે મૂસા અલૈ.ને મોઅ્જિઝા આપ્યા એ જ પ્રમાણે અમે આપ ﷺને પણ ઘણા બધા મોઅ્જિઝાઓ આપ્યા જેમાં મહાન મોઅ્જિઝો "કુર્આન" છે કે) અમે આ કુર્આનને સત્યતા સાથે જ નાઝિલ કર્યું અને તે સત્યની સાથે (આપ ﷺ ઉપર) નાઝિલ થયું (એટલે કે જે પ્રમાણે માલિક પાસેથી ચાલ્યું હતું એ જ પ્રમાણે રસૂલ સુધી પહોંચ્યું અને વચ્ચે કોઈ ફેરફાર કે પરિવર્તન થયું નથી બસ તે માત્ર સત્ય અને સત્ય જ છે) અને (જે પ્રમાણે મૂસા અલૈ.ને પયગમ્બર બનાવ્યા હતા અને હિદાયત તેમના અધિકારમાં ન હતી એ જ પ્રમાણે) અમે તમને (પણ) માત્ર (ઈમાન ઉપર સવાબની) ખુશખબરી આપનારા અને (કુફ્ર ઉપર અઝાબથી) ડરાવનારા બનાવીને મોકલ્યા છે (જો કોઈ ઈમાન ન લાવે તો કોઈ ગમ ન કરો) અને કુર્આન(માં સત્યના ગુણો હોવા ઉપરાંત રહમતના તકાદા મુજબ એવી વિશિષ્ટતાઓ સાથે કાળજી રાખવામાં આવી છે કે તેનાથી હિદાયત સરળ બને એટલા માટે એક તો એ કે તે)માં અમે (આયતો વગેરેના) સ્થળે-સ્થળે પ્રકરણો રાખ્યા છે જેથી તમે તેને લોકો સામે થોભી-થોભીને પઢો (જેમાં તે સારી રીતે સમજી શકે કારણ કે, લાંબી ચર્ચા તથા સતત વર્ણન અમુક સમયે સમજમાં નથી આવતું) અને (બીજું એ કે) અમે તેને ઊતરવામાં પણ (ઘટના પ્રમાણે) ક્રમે-ક્રમે ઉતાર્યું (જેથી અર્થ પણ સારી પેઠે સમજી શકાય અને આ બધી બાબતનો તકાદો એ હતો કે આ લોકો ઈમાન લઈ આવે પરંતુ તેના ઉપર પણ ઈમાન ન લાવ્યા પરંતુ તમે કોઈ પરવા ન કરો બલકે સ્પષ્ટ) કહી આપો કે તમે આ કુર્આન ઉપર ભલે ઈમાન લાવો અથવા ઈમાન ન લાવો (મને કોઈ પરવા નથી બે કારણોથી; એક એ કે મને શું જરૂર ? બીજું એ કે તમે ઈમાન ન લાવો તો શું થયું ? અન્ય લોકો તો ઈમાન લઈ આવ્યા એટલા માટે) જે લોકોને કુર્આન(ના નાઝિલ થવા)થી પહેલાં (દીનનું) ઇલ્મ આપવામાં આવ્યું હતું (એટલે કે અહલે કિતાબના લેખકો અને વિદ્વાનો) આ કુર્આન જ્યારે તેમની સામે પઢવામાં આવે છે તો હડપચીભેર સિજ્દહમાં પડી જાય છે અને કહે છે, અમારો પરવરદિગાર (વાયદાનો ભંગ

કરવાથી) પવિત્ર છે બેશક ! અમારા પરવરદિગારનો વાયદો જરૂર પૂરો થાય જ છે (બસ જે કિતાબને જે નબી ઉપર નાઝિલ કરવાનો વાયદો પાછલી કિતાબોમાં કર્યો હતો તેને પૂરો કર્યો) અને હડપચીભેર (જે) પડે છે (તો) રડતાં(-રડતાં પડે છે) અને આ કુર્આન (એટલે કે તેમનું સાંભળવું) તેમની (દિલની) આજિઝી (વિનમ્રતા)ને ઔર વધારી દે છે (કારણ કે જાહેર અને બાતિનની વિનમ્રતા માણસને વધારે વિનમ્ર બનાવે છે).

મસ્અલા અને બોધપાઠ :

وَلَقَدْ اٰتَيْنَا مُوْسٰى تِسْعَ اٰيٰتٍ આ આયતમાં હઝરત મૂસા (અલૈ.)ને નવ ખુલ્લી નિશાનીઓ આપવાનું વર્ણન છે, اٰيٰت (આયત)નો શબ્દ "મોઅ્જિઝા"ના અર્થ તરીકે આવે છે અને કુર્આનની આયતો માટે પણ; એટલે કે અલ્લાહના હુકમોના અર્થ તરીકે પણ આવે છે, આ સ્થળે બંને અર્થ હોવાની સંભાવના છે એટલા માટે વિવરણકારોના એક સમૂહે આ સ્થળે اٰيٰت (આયાત)નો ભાવાર્થ "મોઅ્જિઝા" લીધો છે અને "નવ"ની સંખ્યાથી એ જરૂરી નથી કે નવથી વધારે ન હોય પરંતુ આ સ્થળે નવનું વર્ણન કોઈ ખાસ મહત્ત્વ દર્શાવવા માટે કરવામાં આવ્યું છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)એ આ નવ મોઅ્જિઝાઓ આ પ્રમાણે ગણાવ્યા છે. (૧) હઝરત મૂસા (અલૈ.)ની લાઠી જે સાપ બની જતી હતી. (૨) "યદે બયદાં" (ચમકતો હાથ) જેને ગરેબાનમાં નાંખીને કાઢવાથી તે ચમકવા લાગતો હતો. (૩) જીભ તોતડાથી હતી તે દૂર કરવામાં આવી. (૪) બની ઈસ્રાઈલને દરિયો પાર કરવા માટે દરિયાને ફાડીને તેના બે વિભાગો અલગ કરવામાં આવ્યા અને સામે પાર જવાનો રસ્તો આપવામાં આવ્યો. (૫) તીડોના ઝુંડનો અઝાબ અસામાન્ય પરિસ્થિતિમાં મોકલવામાં આવ્યો. (૬) તોફાન મોકલવામાં આવ્યું. (૭) શરીરના કપડાંમાં જૂ પેદા કરી દી જેનાથી બચવાનો કોઈ માર્ગ ન રહ્યો. (૮) દેડકાઓનો એક અઝાબ થોપવામાં આવ્યો કે દરેક ખાવા-પીવાની વસ્તુઓમાં દેડકાં આવી જતા હતા. (૯) લોહીનો અઝાબ મોકલવામાં આવ્યો કે દરેક વાસણ અને ખાવા-પીવામાં લોહી ભળી જતું હતું.

એક સહીહ હદીષના વિષયથી એ જાણ થાય છે કે અત્રે اٰيٰت (આયાત)નો ભાવાર્થ "અલ્લાહના હુકમો" છે, આ હદીષ અબૂ દાવુદ, નસાઈ, તિરમિઝી અને ઈબ્ને માજહમાં સહીહ સનદ સાથે હઝરત સફવાન બિન અસ્સાલ

(રદિ.) દ્વારા નકલ થઈ છે, તેઓ ફરમાવે છે કે એક યહૂદીએ પોતાના એક મિત્રને કહ્યું કે મને આ નબીની પાસે લઈ ચાલો, મિત્રએ કહ્યું કે નબી ના કહો ! જો તેમને ખબર થઈ જશે કે અમે પણ તેમને નબી કહીએ છીએ તો તેમની ચાર આંખો થઈ જશે, એટલે કે તેમને ગર્વ કરવાનો અને ખુશી કરવાનો મોકો મળી જશે, પછી તે બંને રસૂલે કરીમ ﷺની સેવામાં હાજર થયા અને પૂછ્યું કે હઝરત મૂસા (અલૈ.)ને જે નવ "આયાતે બય્યિનાત" (ખુલ્લા મોઅ્જિઝાઓ-નિશાનીઓ) આપવામાં આવી હતી તે કઈ-કઈ છે ? રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, (૧) અલ્લાહની સાથે કોઈને ભાગીદાર ન ઠરાવો, (૨) ચોરી ન કરો, (૩) વ્યભિચાર ન કરો, (૪) જે જીવને હણવું અલ્લાહે હરામ કર્યું છે તેની અન્યાયી હત્યા ન કરો, (૫) કોઈ નિર્દોષ ઉપર જૂઠો આક્ષેપ લગાવીને કતલ અથવા સજા માટે રજુ ન કરો, (૬) જાદૂ ન કરો, (૭) વ્યાજ ન ખાઓ, (૮) પવિત્ર સ્ત્રીઓ ઉપર બદ્કારીનું બોહતાન ન બાંધો, (૯) જિહાદના મેદાનમાંથી જીવ બચાવીને ન ભાગો અને હે યહૂદ ! તમારા માટે ખાસ કરીને એ પણ હુકમ છે કે "યવમે સબ્ત" (શનિવાર)ના જે ખાસ હુકમો તમને આપવામાં આવ્યા છે તેનો ભંગ ન કરો.

રસૂલુલ્લાહ ﷺની આ વાત સાંભળીને તે બંનેએ રસૂલે કરીમ ﷺના હાથો અને પગોને ચૂમ્યા (બોસો કર્યો) અને કહ્યું કે, અમે ગવાહી આપીએ છીએ કે તમે અલ્લાહના નબી છો. આપ ﷺએ ફરમાવ્યું કે તમને મારું અનુસરણ કરવામાં કઈ વસ્તુ અટકાવે છે ? કહેવા લાગ્યા કે હઝરત દાવુદ (અલૈ.)એ પોતાના પરવરદિગાર પાસે આ દુઆ કરી હતી કે તેમના વંશમાં હંમેશા નબી થતા રહે અને અમને ભય છે કે જો અમે તમારું અનુસરણ કરવા લાગીએ તો યહૂદીઓ અમને કતલ કરી નાંખશે.

આ તફસીર સહીહ હદીષથી સાબિત છે એટલા માટે ઘણા બધા મુફસ્સિરોએ તેને અગ્રિમતા આપી છે.

يَبْكُونَ يَزِيدُهُمْ خُشُوعًا તફસીરે મઝહરીમાં છે કે કુર્આનની તિલાવતના સમયે રડવું મુસ્તહબ છે, હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે, તે વ્યક્તિ જહન્નમમાં જશે નહીં જે અલ્લાહની બીકથી રડ્યો જ્યાં સુધી કે દોહેલું દૂધ ફરીવાર આંચળમાં પાછું ન વળી જાય.

(એટલે કે, જેવી રીતે દોહેલું દૂધ આંચળમાં પાછું નથી મોકલી શકાતું એ જ પ્રમાણે અલ્લાહના ડરથી રડનારનું જહન્નમમાં જવું અશક્ય છે.) એક રિવાયતમાં છે કે અલ્લાહ તઆલાએ બે આંખો ઉપર જહન્નમની આગ હરામ કરી દીધી, એક તે જે અલ્લાહના ડરથી રડી અને બીજી તે જે ઈસ્લામી સરહદની સુરક્ષા માટે રાત્રે જાગતી રહી. (બયહકી અને હાકિમ) અને હઝરત નજર બિન સઅ્દ (રદિ.) ફરમાવે છે કે, રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે જે કોમમાં અલ્લાહના ડરથી રડનારો હોય તે કોમને તેના કારણે આગથી છુટકારો અર્પણ કરાશે.

(રૂહ અન અલ હકીમુલ તિરમિઝી)

આજે સૌથી મોટી મુસીબત જે મુસલમાનો ઉપર પડી છે તેનું કારણ એ જ છે કે તેમનામાં અલ્લાહના ડરથી રડનાર ઘણાં ઓછા રહી ગયા, રૂહુલ મઆનીના કર્તાએ આ સ્થળે અલ્લાહના ડરથી રડવાની ફઝીલતો વિશે હદીષો નકલ કર્યા પછી ફરમાવ્યું છે وَيَنْبَغِىْ اَنْ يَّكُوْنَ ذٰلِكَ حَالَ الْعُلَمَاءِ એટલે કે, ઉલમાએ દીનની આવી જ હાલત હોવી જોઈએ, કારણ કે ઈબ્ને જરીર, ઈબ્ને મંઝર વગેરેએ અબ્દુલ અઅ્લા તયમી (રહ.)થી આ કથન નકલ કર્યું છે કે, "જે વ્યક્તિને માત્ર એવું જ્ઞાન મળ્યું હોય જે તેને રડાવતું નથી તો સમજી લો કે તેનું જ્ઞાન નફાકારક નથી."

આયતો : (સૂરએ બની ઇસ્રાઈલ : આયત નં. ૧૧૦-૧૧૧)

قُلِ ادْعُوا اللّٰهَ اَوِ ادْعُوا الرَّحْمٰنَ ؕ اَيًّا مَّا تَدْعُوْا فَلَهُ الْاَسْمَآءُ الْحُسْنٰى ۚ وَلَا
تَجْهَرْ بِصَلَاتِكَ وَلَا تُخَافِتْ بِهَا وَابْتَغِ بَيْنَ ذٰلِكَ سَبِيْلًا ﴿۱۱۰﴾ وَقُلِ الْحَمْدُ لِلّٰهِ الَّذِىْ
لَمْ يَتَّخِذْ وَلَدًا وَّلَمْ يَكُنْ لَّهٗ شَرِيْكٌ فِى الْمُلْكِ وَلَمْ يَكُنْ لَّهٗ وَلِىٌّ مِّنَ الذُّلِّ
وَكَبِّرْهُ تَكْبِيْرًا ﴿۱۱۱﴾

તરજુમો :

કહો, અલ્લાહ કહીને પોકારો અથવા રહમાન કહીને, જે કહીને પોકારશો બસ ખાસ્સા સારા નામો સઘળા તેના જ છે અને પોતાની નમાઝ (ખૂબ) મોટેથી ન પઢો અને ન જ (ખૂબ) ધીમેથી પઢો અને તેની વચ્ચે માર્ગ શોધી

લો. (૧૧૦) અને કહો, બધા જ વખાણ અલ્લાહના માટે છે જે સંતાન ધારણ કરતો નથી અને ન જ સલતનત (બાદશાહત)માં એનો કોઈ ભાગીદાર અને ન જ (નબળો છે કે) તેનો કોઈ મદદગાર નબળાઈ (ઝિલ્લત)ના લીધે અને તેની મોટાઈ વર્ણન કરો મોટો જાણીને. (૧૧૧)

તફસીર :

તમે ફરમાવી આપો કે ભલે અલ્લાહ કહીને પોકારો અથવા રહમાન કહીને પોકારો જે નામથી પણ પોકારશો (તે ઉત્તમ છે કારણ કે) તેના ઘણા સારા-સારા નામો છે (અને તેને શિર્કથી કોઈ સંબંધ નથી, કારણ કે તે એક જ પવિત્ર હસ્તીના કેટલાય નામો છે અને તેના કારણે તેની તવહીદમાં કોઈ ફરક નથી પડતો) અને પોતાની (ઝહ્‌રી) નમાઝમાં ન તો ખૂબ મોટેથી પઢો (કે મુશ્રિકો સાંભળે અને ખોટી બકવાસ કરે અને નમાંઝમાં દિલ પરેશાન થાય) અને ન જ બિલકુલ ધીમેથી પઢો (કે મુક્તદી નમાઝીઓને પણ ન સંભળાય, કારણ કે તેનાથી તેમની તા'લીમ અને કેળવણીમાં ઉણપ રહે છે) અને બંનેની વચ્ચેનો એક (મધ્યમ કક્ષાનો) માર્ગ અપનાવો (જેથી હિત પણ જળવાય રહે અને નુકસાન પણ ન થાય) અને (કાફિરોના રદિયા માટે ખુલ્લમ-ખુલ્લું) કહી આપો કે સઘળી ખુબીઓ તે અલ્લાહના જ માટે (ખાસ) છે જે ન તો અવલાદ રાખે છે, ન જ તેનો કોઈ બાદશાહીમાં ભાગીદાર છે અને ન જ નબળાઈના કારણે તેનો કોઈ મદદગાર છે અને તેની ખૂબ મોટાઈ વર્ણન કરો.

મસ્અલા અને બોધપાઠ :

આ સૂરએ બની ઈસ્રાઈલની અંતિમ આયતો છે, આ સૂરતની શરૂઆતમાં પણ અલ્લાહ તઆલાની પવિત્રતા અને તવહીદનું વર્ણન હતું અને આ અંતિમ આયતોને પણ તેના ઉપર જ પૂર્ણ કરવામાં આવી રહી છે. આ આયતોના નાઝિલ થવાની અમુક ઘટનાઓ છે. પ્રથમ એ કે રસૂલે કરીમ ﷺએ એક દિવસે દુઆમાં યા અલ્લાહ ! યા રહમાન ! કહીને પોકાર્યું તો મુશ્રિકોએ સમજ્યું કે આ તો બે ખુદાઓને પોકારે છે, તેઓ કહેવા લાગ્યા કે અમને તો માત્ર એકના સિવાય કોઈ અન્યને પોકારવાની મનાઈ કરે છે અને પોતે બે મઅ્બૂદોને પોકારે છે. તેમનો જવાબ આયતના પ્રથમ ભાગમાં આપવામાં આવ્યો છે કે અલ્લાહ જલ્લ શા'નુહૂના બે જ નહીં પરંતુ ઘણા બધા સારા-સારા નામો છે જે નામથી પણ

પોકારો ભાવાર્થ એક પવિત્ર હસ્તી છે અને તમારો ભ્રમ ખોટો છે.

બીજી ઘટના એ છે કે જ્યારે મક્કએ મુકર્રમહમાં રસૂલે કરીમ ﷺ નમાઝમાં મોટા અવાજે કુર્આનની તિલાવત કરતા હતા તો મુશ્રિકો ઠઠ્ઠો અને મશ્કરી કરતા હતા અને કુર્આન તથા જિબ્રઈલ અમીન (અલૈ.) અને પોતે અલ્લાહ તઆલાની શા'નમાં પણ ગુસ્તાખીભરી અપમાનજનક વાતો કરતા હતા. તેના જવાબમાં આ જ આયતનો અંતિમ ભાગ નાઝિલ થયો, તેમાં રસૂલે કરીમ ﷺને મોટા અવાજ તથા બિલકુલ ધીમા અવાજની વચ્ચેનો મધ્યમ માર્ગ અપનાવવાની સૂચના આપવામાં આવી કે જરૂરત તો મધ્યમ કક્ષાના અવાજથી પૂરી થઈ જાય છે અને મોટા અવાજના કારણે જે મુશ્રિકો તરફથી કષ્ટ આપવાનો મોકો મળે છે તેનાથી પણ છુટકારો થયો.

ત્રીજી ઘટના એ છે કે યહૂદ અને નસારા અલ્લાહ તઆલા માટે અવલાદ ઠરાવતા હતા તથા અરબો મૂર્તિઓને અલ્લાહના ભાગીદાર કહેતા હતા તથા શાબી અને અગ્નિપૂજકો કહ્યા કરતા હતા કે અલ્લાહ તઆલાના ખાસ નિકટવર્તી ન થવાથી તેની કદર અને સન્માનમાં ઉણપ આવી જાય છે, આ ત્રણે ફિરકાઓના જવાબમાં અંતિમ આયત નાઝિલ થઈ જેમાં ત્રણે વસ્તુઓના ઈન્કારનું વર્ણન કરવામાં આવ્યું છે.

દુનિયામાં જેનાથી મખ્લૂકને અમુક પ્રકારે શક્તિ પહોંચ્યા કરે છે તે ક્યારેક પોતાના કરતાં નાની હોય છે જેમકે અવલાદ અને ક્યારેક પોતાની સમકક્ષ હોય છે જેમકે પોતાનો કોઈ ભાગીદાર અને ક્યારેક પોતાનાથી મોટી હોય છે જેમકે કોઈ મદદગાર અને સહાયક. અલ્લાહ તઆલાએ આ આયતમાં આ ત્રણેનો પોતાના માટે ક્રમવાર નકાર કર્યો છે.

મસ્અલો :

પ્રસ્તુત આયતમાં નમાઝની અંદર તિલાવત કરવાની એ સભ્યતા બતાવવામાં આવી છે કે ઘણા ઊંચા અવાજે ન હોય અને ન જ બિલકુલ ધીમા અવાજે કે મુક્તદી પણ ન સાંભળી શકે. દેખીતું છે કે ઝહરી નમાઝો (જે નમાઝોમાં ઈમામનું મોટેથી તિલાવત કરવું જરૂરી છે જેમકે ફજ્ર, મગરિબ, ઈશા) માટે અને ઝુહ્ર-અસ્રની નમાઝોમાં તો બિલકુલ ધીમા અવાજે પઢવું મુતવાતિર (મજબૂત) સુન્નતથી સાબિત થયેલ છે.

ઝહ્રી નમાઝોમાં મગરિબ, ઈશા, ફજ્રની નમાઝો સામેલ છે અને

તહજ્જુદની નમાઝ પણ, જેમકે એક હદીષમાં છે કે એક વખતે રસૂલે કરીમ ﷺ તહજ્જુદની નમાઝના સમયે હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિ.) અને હઝરત ઉમર ફારૂક (રદિ.)ની પાસેથી પસાર થયા તો હઝરત અબૂબક્ર (રદિ.) તિલાવત ધીમેથી કરી રહ્યા હતા અને હઝરત ઉમર ફારૂક (રદિ.) તિલાવત ખૂબ મોટા અવાજે કરી રહ્યા હતા. રસૂલુલ્લાહ ﷺએ હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિ.)ને ફરમાવ્યું કે તમે આટલું ધીમું કેમ પઢો છો ? હઝરત સિદ્દીક (રદિ.)એ વિનંતી કરી કે જેને સંભળાવવું હતું તેને સંભળાવી દીધું, કારણ કે અલ્લાહ તઆલા તો દરેક ધીમાથી ધીમા અવાજને પણ સાંભળે છે. આપ ﷺએ ફરમાવ્યું કે થોડા મોટા અવાજે પઢયા કરો, પછી હઝરત ઉમર ફારૂક (રદિ.)ને ફરમાવ્યું કે તમે આટલા ઊંચા અવાજે કેમ પઢો છો ? હઝરત ઉમર (રદિ.)એ વિનંતી કરી કે, હું ઊંઘ અને શયતાનને ભગાડવા માટે ઊંચા અવાજે પઢું છું, આપ ﷺએ તેમને પણ એ હુકમ આપ્યો કે થોડા ધીમા અવાજે પઢયા કરો. *(તિરમિઝી અને મઝહરી)*

નમાઝમાં ન હોય એવી પરિસ્થિતિમાં કુર્આનની તિલાવતને મોટેથી અથવા ધીમા અવાજે પઢવા વિશેના મસ્અલાઓ સૂરએ અઅ્રાફમાં વર્ણન થઈ ચૂક્યા છે. અંતિમ આયત قُلِ الْحَمْدُ لِلّٰهِ વિશે હદીષમાં છે કે, "આયતે ઈજ્જત" આ જ આયત છે, اَلْحَمْدُ لِلّٰهِ الَّذِىْ.... (રવાહુ અહમદ વ તબરાની મિન મઆઝલ જહની કઝા ફિલ મઝહરી) આ આયતમાં એ સૂચના પણ છે કે કોઈ વ્યક્તિ અલ્લાહ તઆલાની કેટલીય ઈબાદત અથવા તા'રીફ કરે પરંતુ પોતાના અમલને અલ્લાહ તઆલાના ઈબાદત અને તા'રીફના હકના મુકાબલામાં ઓછી જ સમજે અને પોતાની ખામીનો સ્વીકાર કરવો તેના માટે જરૂરી છે. *(મઝહરી)*

હઝરત અનસ (રદિ.) ફરમાવે છે કે બની અબ્દુલ મુત્તલિબમાં જ્યારે કોઈ બાળક મોઢું ખોલવા (બોલતા શીખવા) પાત્ર થઈ જતું તો તેને આપ આ આયત શિખવાડતા હતા. قُلِ الْحَمْدُ لِلّٰهِ الَّذِىْ لَمْ يَتَّخِذْ وَلَدًا وَّلَمْ يَكُنْ لَّهٗ شَرِيْكٌ فِى الْمُلْكِ وَلَمْ يَكُنْ لَّهٗ وَلِىٌّ مِّنَ الذُّلِّ وَكَبِّرْهُ تَكْبِيْرًا *(મઝહરી)*

હઝરત અબૂ હુરયરહ (રદિ.) ફરમાવે છે કે એક દિવસે હું રસૂલે કરીમ ﷺ સાથે બહાર નીકળ્યો એ રીતે કે મારો હાથ આપ ﷺના હાથમાં હતો, આપ ﷺ એક એવા વ્યક્તિ પાસેથી પસાર થયા જે ખૂબ દુઃખી અને પરેશાન હતો તો આપ ﷺએ પૂછ્યું કે તમારી આ હાલત કઈ રીતે થઈ ગઈ ? તે વ્યક્તિએ

જવાબ આપ્યો કે બીમારી અને તંગદસ્તી (ગરીબી)એ આ હાલત કરી નાંખી. રસૂલે કરીમ ﷺએ કહ્યું કે હું તમને અમુક વાક્યો બતાવું છું તે તમે પઢશો તો તમારી બીમારી અને તંગદસ્તી દૂર થઈ જશે. તે વાક્યો આ હતા, تَوَكَّلْتُ عَلَى الْحَيِّ الَّذِىْ لَايَمُوْتُ اَلْحَمْدُ لِلّٰهِ الَّذِىْ لَمْ يَتَّخِذْوَلَدًا..... ત્યાર પછી અમુક સમયે ફરી રસૂલે કરીમ ﷺ તેના તરફ તશરીફ લઈ ગયા તો તેને સારી હાલતમાં જોયો, આપ ﷺએ ખુશી પ્રગટ કરી. તેણે વિનંતી કરી કે જ્યારથી તમે મને આ વાક્યો બતાવ્યા હતા હું પાબંદીથી તેને પઢું છું. *(અબૂ યઅ્લા વ ઈબ્ને સુન્ની અજ મઝહરી)*

تَمَّ تَفْسِيْرُ سُوْرَةِ بَنِىْ اِسْرَائِيْلَ بِعَوْنِ اللّٰهِ وَحَمْدِهٖ بَعْدَ الْعِشَاءِ لِعَاشِرِ جُمَادِى الْاُوْلٰى ١٣٩٠ھ فَالْحَمْدُ لِلّٰهِ اَوَّلَهٗ وَاٰخِرَهٗ.

લેખકની પોતાની આપવીતી :

આજે ૨૯ શાબાન સન હિજરી ૧૩૯૦ શનિવારના દિવસે અલ્હમ્દુલિલ્લાહ "મઆરિફુલ કુર્આન"ની પ્રતો ઉપર બીજા વખતની સિહ્હતનું કામ (પ્રુફ રીડીંગ) પણ પૂર્ણ થયું જેની જાહેર સ્વરૂપે કોઈ આશા ન હતી, કારણ કે રમઝાન ૧૩૮૮ના અંતમાં મુજ નાચીઝ એવી બીમારીઓમાં સપડાયો હતો કે લગભગ એક વર્ષ તો ખાટલા ઉપર જિંદગી અને મોતની ખેંચતાણમાં જ પસાર થઈ, તે સમયે મજબૂરી અને લાચારીની હાલતમાં વારંવાર એવો અફસોસ થતો રહેતો હતો કે અમુક લખાણોની હસ્તપ્રતો જે લગભગ પૂર્ણ થઈ ચૂકી હતી કાશ તેની પૂર્ણતા થઈ જાય ! "મઆરિફુલ કુર્આન"ના નામથી જે દર્સે કુર્આન લાંબા સમય સુધી રૅડિયો પાકિસ્તાન ઉપરથી પ્રસારિત થતો રહ્યો ઘણા મિત્રોના તકાદાથી તેના ઉપર બીજી નજર નાંખવાનું કામ અને વચ્ચે બાકી રહી ગયેલ આયતોની તફસીરની પૂર્ણતાનો જે ક્રમ ચાલી રહ્યો હતો કોઈ રીતે તે પૂર્ણ થઈ જાય તો કેવું સારું ! એ જ પ્રમાણે સય્યિદી હઝરત હકીમુલ ઉમ્મત થાનવી (રહ.)એ કુર્આને કરીમની બે મંઝિલો પાંચમી અને છઠ્ઠીને અહકામુલ કુર્આનમાં અરબી ભાષામાં લખવા માટે મુજ નાચીઝને નિયુક્ત કર્યો હતો તેનો પણ અંતિમ ભાગ લખવાનો બાકી રહી ગયો હતો, મોત અને જિંદગીની ખેંચતાણ, ઊઠવા-બેસવાની મા'ઝૂરીની પરિસ્થિતિમાં કદાચ આ હસરતની સુનાવણી બારગાહે રબ્બુલ ઇજ્જતમાં થઈ ગઈ અને એ વિચાર પ્રબળ બન્યો કે જેટલું થઈ

શકે તે કામ કરી લેવામાં આવે, એ ફિકર છોડી દીધી કે જે રહી જશે તેનું શું થશે? અને આ વિચારે એક મજબૂત ઈરાદાનું સ્વરૂપ ધારણ કરી લીધું. ખાટલામાં સૂતાં-સૂતાં જ તફસીર ઉપર બીજી નજર નાંખવાનું અને અહકામુલ કુર્આનની પૂર્ણતાનું કામ શરૂ કર્યું, કુદરતની અજાયબીમાંથી છે કે આ બીમારીના સમયમાં કામ એટલી ઝડપથી ચાલ્યું કે તંદુરસ્તીની હાલતમાં પણ આ ગતિ ન હતી અને પછી કદાચ તેની જ બરકતથી અલ્લાહ તઆલાએ આ મા'ઝૂર અને મજબૂર કરનારી બીમારીને પણ દૂર કરી દીધી અને એક હદ સુધી તંદુરસ્તીનું સ્વરૂપ પ્રાપ્ત થઈ ગયું તો હવે સમયની કદર જાણીને તે કામો ઉપર પોતાની ક્ષમતા અનુસાર સમય ખર્ચ કર્યો, એ માત્ર અલ્લાહ તઆલાની કૃપા અને ઈનામ જ હતું કે અહકામુલ કુર્આનની બંને મંઝિલોની પૂર્ણતા પણ થઈ ગઈ અને આ જ મુદતમાં આ બંને જિલ્દો છપાઈને પ્રકાશિત પણ થઈ ગઈ તથા તફસીરે મઆરિફુલ કુર્આનની બે જિલ્દો સૂરએ નિસાઅ્ સુધી છપાઈને પ્રકાશિત થઈ ગઈ છે અને ત્રીજી જિલ્દ સૂરએ અઅ્રાફ સુધી પ્રકાશન હેઠળ છે અને આજે અડધા કુર્આન સુધીની તફસીરની હસ્તપ્રતો ઉપર બીજી વખતની નજર નાંખવાનું કાર્ય પણ પૂર્ણ થઈ ગયું. (فَلِلّٰهِ الْحَمْدُ اَوَّلَهٗ وَاٰخِرَهٗ)

આ સમયે જ્યારે કે આ લખાણ લખી રહ્યો છું નાચીઝની જિંદગી ૭૫ વર્ષ પૂરા કરીને ૨૧ શાબાન સન હિજરી ૧૩૯૦ના દિવસે ૭૬મી મંઝિલ શરૂ કરી રહી છે. વિવિધ બીમારીઓમાં સપડાવાથી શારીરિક કમજોરી અને તેના ઉપર અનેક પ્રવૃત્તિઓ અને જવાબદારીઓનો ભાર છે, હવે આગળ કોઈ લખાણ કે સંપાદનની આશા રાખવી અશક્ય છે પરંતુ કુર્આનની સેવાના નામ ઉપર કંઈ પણ લખવું અને ગમે એટલી અધૂરી સેવા પણ સફળતા અને ઈનામ છે એ વિચારે મને એ બાબત ઉપર પ્રેર્યો કે સૂરએ કહફની તફસીર પણ અલ્લાહ તઆલાના નામથી શરૂ કરવામાં આવે અને બાકી જિંદગીમાં જે કંઈ થઈ શકે તેને ગનીમત સમજવામાં આવે, કારણ કે મકસદ કુર્આનને પૂર્ણ કરવાનો નથી પરંતુ પોતાની જિંદગી અને અશક્તિને કુર્આનની સેવામાં પૂર્ણ કરવાનો છે. وَاللّٰهُ الْمُوَفِّقُ وَالْمُعِيْنُ

-(હઝરત મવલાના) મુફ્તી મુહમ્મદ શફીઅ્ ઉસ્માની (રહ.)

સૂરએ બની ઈસ્રાઈલ પૂર્ણ થઈ, અલ્હમ્દુલિલ્લાહ !

તારીખ : ૧૫ નવેમ્બર ૨૦૦૯ મુતાબિક ૨૭ જિલ્કદ ૧૪૩૦ હિજરી.

અલ્હમ્દુલિલ્લાહ ! છઠ્ઠી જિલ્દ (ભાગ-૬) સમાપ્ત □□□□□□□□□□□

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

અનુક્રમણિકા

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

કિતાબનું નામ : **મઆરિફુલ કુર્આન (ગુજરાતી)**

ભાગ : ૬ (છ)

મૂળ લેખક : હઝરત મવલાના મુફતી મુહમ્મદ શફીઅ્ સા. (રહ.)

ગુજરાતી અનુવાદક : ઈલ્યાસ ગુલામમુહમ્મદ આદમ સાલેહ પટેલ (ખાનપુરી)
૪૬, રહમત નગર સોસાયટી,
આબાદ નગરની મસ્જિદ સામે,
બાયપાસ રોડ, મુ.પો. જંબુસર,
તા. જંબુસર, જિ. ભરૂચ –૩૯૨૧૫૦
ફોન નં. (૦૨૬૪૪) ૨૨૧૪૮૬, મો. ૯૮૯૮૭૯૭૩૯૪

પ્રત સંખ્યા : ૧૧૦૦ (અગિયારસો)

પ્રકાશક : હઝરત મવલાના ઈસ્માઈલ ભૂતા સાહબ (દા.બ.)

સ્થાપક તથા મોહતમિમ : જામિઅતુલ બનાત ટંકારીઆ,
મુ.પો. ટંકારીઆ, તા. જિ. ભરૂચ,
(ગુજરાત–ઈન્ડિયા)
ફોન નં.: (૦૨૬૪૨) ૨૭૦૩૩૦, ૨૭૦૯૩૨

પ્રેસિડેંટ : મજલિસે ખુદામુદ્દીન ઈન્ટરનેશનલઃ લંડન–યુ.કે.

પ્રેસિડેંટ : મજલિસે તહફ્ફુઝે અહલે સુન્નત વલ જમાઅત (લંડન–યુ.કે.)

પ્રકાશન વર્ષ : સપ્ટેમ્બર ૨૦૧૨, જિલ્કદ ૧૪૩૨ હિજરી

હદિયો :

ટાઇપ સેટિંગ : સફવાન ઈલ્યાસ પટેલ (ખાનપુરી)
સાલેહ પ્રિન્ટર્સ, મો. ૭૫૬૭૯૩૪૪૩૬

Printed By : Rabbani Offset Printers, Motia Park, Bhopal.
Mo. 09303137321, (O) (0755) 3064655

મેળવવાનું સ્થળ

:: ઇન્ડિયામાં ::

જામિઅતુલ બનાત ટંકારીઆ
મુ.પો. ટંકારીઆ, તા. જિ. ભરૂચ
ફોન નંબર :
(૦૨૬૪૨) ૨૭૦૩૩૦, ૨૭૦૯૩૨

:: ઇંગ્લેન્ડમાં ::

Maulana Ismail Bhuta
101, Windsor Road,
London E7 ORA (U.K.)
Ph. (Fax) 020 8471 7866



કુર્આનની સર્વગ્રાહી તફસીર (વિવરણ)

મઆરિફુલ કુર્આન


ગુજરાતી


મૂળ લેખક

હઝરત મવલાના મુફ્તી મુહમ્મદ શફીઅ્ સા. (રહ.)

અનુવાદક

ઈલ્યાસ ગુલામમુહમ્મદ આદમ સાલેહ પટેલ (ખાનપુરી)





પ્રકાશક

હઝરત મવલાના ઈસ્માઈલ વલી ભૂતા સા. (દા.બ.)

સ્થાપક તથા મોહતમિમ

જામિઅતુલ બનાત ટંકારીઆ

મુ.પો. ટંકારીઆ, તા. જિ. ભરૂચ, ગુજરાત (ઇન્ડિયા)